112393

પ્રજાબંધુ

~~708~~

આશ્રમનો પ્રાણ

જન્મ. **મગનલાલ ગાંધી** **મૃત્યુ.**

સંવત ૧૯૪૦ શ્રાવણ શુદ ૨) (સંવત ૧૯૮૪ વૈશાખ શુદ ૩

"એના તેજે હું પ્રકાશ્યો-ગાંધીજી".

સંપાદક :

નવીન ગાંધી

રૂપાયતન

રુપાયતનનો મુખ્ય આદર્શ જનતામાં લોકોપયોગી કલાનો પ્રચાર કરી સામાન્ય લોકોનાં જીવનમાં પણ સુરૂચિ અને આનંદનું સિંચન કરવાનો અને કરાવવાનો છે. આ ધ્યેયને સિદ્ધ કરવા હવે જમીનની વધુ આવશ્યકતા લાગે છે. ત્યાં આલીશાન મકાનો નહીં પણ કલાત્મક ઝૂંપડાંઓ હશે, ત્યાં બધા ગૃહઉદ્યોગો હશે, ત્યાં કલા હશે, ત્યાં સંગીત હશે. ત્યાં એ વાટે જ કેળવણી અપાશ, ત્યાંનું વાતાવરણ જ વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ જગાડી નવી પ્રેરણા આપશે. દરેક માણસમાં સર્જનાત્મક શકિત તો પડી જ હોય છે પણ એ સુષુપ્ત દશામાં હોય છે. એને પ્રગટ કરવા પ્રેરણાત્મક વાતાવરણ જ જોઇએ. આ વાતાવરણ બાપુ અને ગુરુદેવનાં શિક્ષણ અને સંસ્કારનાં મિલનથી જ ઉદ્‌ભવી શકે.

મનુષ્યને જીવન જીવવા માટે જેટલી આવશ્યકતા નિદ્રા, હવા અને ખોરાકની છે તેટલી જ આવશ્યકતા, સારું અને સાદું જીવન જીવવા માટે સૌંદર્ય પારખવાની પણ છે.

કળા જ્યારે પૂર્ણ સ્વરૂપે વિકસે છે, ટોચે પહોંચે છે ત્યારે તે પવિત્ર બને છે અને સમાજને એક દિવ્ય સંદેશ આપે છે.

અમારી આકાંક્ષા, અમારો આદર્શ અમે પૂ બાપુ અને પૂ. ગુરૂદેવનાં શિક્ષણ અને સંસ્કારમાંથી મેળવ્યાં છે. અને આ બંનેનાં શિક્ષણ અને સંસ્કારનાં મિલનમાંથી જ રૂપાયતનનો જન્મ થયો છે

ટુંકમાં રૂપાયતનનું ધ્યેય દરેક વ્યકિતની આંતરબુદ્ધિ જગાડવાનું અને સૌંદર્ય પારખવાની શકિત કેળવવાનું છે. આ તેને આનંદથી ભરી દેશે અને તેને નવું રચવાને માટે પ્રેરણા આપશે.

આ હેતુથી રૂપાયતનમાં હાલ જે ઉદ્યોગો ચાલે છે તેમાંથી બનતી બધી વસ્તુઓમાં સૌંદર્યની રેખા હશે. બીજાને તે જોવા માટે આમંત્રણ આપશે, અને આનંદ આપશે.

કળા, આમ દુનીયામાં સેવા અને સૌંદર્યના આનદનું પ્રતિનિધી બને છે. રૂપાયતન એ કળાનું નમ્ર સેવક છે.

પ્યારાબાપુ

આ માસિકમાં મુખ્યત્વે ગાંધીજીનાં તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓના લેખો, સંસ્મરણો, ગાંધીજી તથા ગુરૂદેવની વિચારશ્રેણીનો સમન્વય કરી બન્ને ઉપાસકોની આખરી ધ્યેયની સાધનાના મનનીય લેખો, ધર્મ, કલા અને સંસ્કૃતિનું સાહિત્ય, ગાંધીજીના અમૂલ્ય અપ્રગટ પત્રો, છબીઓ, ચિત્રો તેમજ આપણાં રોજીંદા જીવનનાં પ્રશ્નોને ચર્ચતી બોધક વાર્તાઓ ઇત્યાદિ વિભાગો દ્વારા ધ્યેયલક્ષી સામગ્રી આપવામાં આવશે.

સૂચનાઓ

* દર માસની ૧૨મી તારીખે અંક પ્રસિદ્ધ થશે
* પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
* સરનામાનો ફેરફાર તરત જણાવો, કે :જેથી અંક ગેરવલ્લે જાય નહિ.
* 'પ્યારાબાપુ'માંનાં સર્વ ચિત્રો અને છબીઓ કોપીરાઈટથી રક્ષિત છે.

લવાજમ

દેશમાં રૂપિયા છ

પરદેશમાં રૂપિયા સાડા સાત

છુટક નકલ દસ આના

'પ્યારાબાપુ' અંગેના સઘળા પત્રવ્યવહારનુ સરનામું :—

'રુપાયતન'
૪૫, નહેરૂ રોડ, વિલેપારલે.
મુંબઇ–૨૪

આફ્રિકામાં આ માસિકનું લવાજમ શ્રી: પ્રભુદાસ વજરાયા C/O. જે. પી. વજરીઆ પો. બો. ૧૨૬, નૈરોબી. એ ઠેકાણે ભરી શકાશે.

સાભાર – સ્વીકાર

શ્રી. ફુલચંદ લીલાધર શેઠ, મોટી પાનેલી તરફથી 'પ્યારાબાપુ'ના ૨૫ ગ્રાહકનાં લવાજમના રૂા. ૧૫૦) મળ્યા છે જે સાભાર સ્વીકારીએ છીએ.

પ્રકાશક અને મુદ્રક · **ધીરેન ગાંધી**
"રૂપાયતન" ૪૫, નહેરૂરોડ, વિલેપારલે (પૂર્વ)

મુદ્રણસ્થાન : **કનૈયાલાલ**, ઓરિયન્ટ પ્રિંટિંગ હાઉસ
નવીવાડી. મુંબઈ નં. ૨.

113373
112373

"અને હમેશાં શ્રદ્ધાવાન, નીતિમાન, બુદ્ધિશાળી અને કાર્યદક્ષ સખા કહો કે સેવક મળ્યા છે. પણ આ બધા સખા-સેવકોમાં મગનલાલ સર્વોપરિ હતા."
ગાંધીજી.

[illegible]

"મારૂં 'મહાત્માંપણું' પરાવલંબી છે, ઘણા સાથીઓની શોભાએ હું શોભ્યો છું પણ કોઈએ એ શોભમાં મગનલાલના કરતાં વધારે ભાગ નથી લીધો."
ગાંધીજી.

વર્ષ ૧ | ૧૨ મે ૧૯૪૮ | અંક ૪

વિષયસૂચિ

પૃષ્ઠ
૧ પૂ. બાપુના ઉદ્‌ગારો ૧
૨ બાપુનાં પ્રિય ભજનો ૨
૩ સ્વ પૂ. મગનલાલ ગાંધી ...નારણદાસ ગાંધી ૩
૪ આશ્રમનો પ્રાણ ... ... ગાંધીજી ૩
૫ શો વજ્રઘાત ... ચ. રાજગોપાલાચાર્ય ૫
૬ અપ્રતિમ સાધક ... ... મહાદેવ દેશાઇ ૫
૭ પૂ. મગનલાલભાઇ... ... વિનોબા ભાવે ૫
૮ કાલોપાસક મગનલાલભાઇ ... કાકા કાલેલકર ૬
૯ આશ્રમનો સ્તંભ પડ્યો વલ્લભભાઇ પટેલ. ૬
૧૦ ધન્ય મગનભાઇ ... ... દેવદાસ ગાંધી ૭
પૃષ્ઠ
૧૧ મારો સર્વોત્તમ સાથી ... ગાંધીજી ૭
૧૨ બાપુના પત્રો ૮
૧૩ રબિયા ... ... "અભ્યાસી" ૧૧
૧૪ બહેનો વચ્ચે ... ... ગાંધીજી ૧૩
૧૫ બોધામૃત ... ... ગાંધીજી ૧૫
૧૬ સૂક્તસુધા ૧૬
૧૭ નોંધારાં ... ... ગુ. મ. ૧૭
૧૮ વહાલાં પંખીડાં ... ... ગાંધીજી ૨૦
૧૯ ગાંધી-ગુરૂ ... ગુરૂદયાલ મલ્લિક ૨૧
૨૦ ગાંધીમાળા ... ... ગાંધીજી ૨૩

મગનલાલભાઈ ગાંધીના મૃત્યુદિને સાંજની પ્રાર્થનામાં

પુ. બાપુજીના ઉદ્‌ગારો

* " આશ્રમનો પ્રાણ એ હતો, હું નથી. "
* " એના તેજે હું પ્રકાશ્યો. "
* " તમારો આદર્શ મગનલાલ હતો, મારો આદર્શ પણ એ હતો. "
* " એના જેવો મને સરદાર મળ્યો હોત તો એણે મારી જેટલી સેવા કરી તેટલી મારાથી એની ન થાત. "
* " એનું જીવન સંપૂર્ણ હતું. "
* " આશ્રમનો પ્રાણ એ હતો. મેં તો રખડ્યા કીધું અને આશ્રમને બેવફા રહ્યો. એણે આશ્રમની સેવામાં કાયા નીચોવી નાંખી. "
* " હું મીરાંબાઇની જેમ ઝેરના પ્યાલા પી શકું એમ છું, સરપ કોઈ મારે ગળે વીંટાળે તો તે સહન કરી શકું એમ છું, પણ આ વિયોગ એ કરતાં વધારે આકરો છે. છતાં છાતી કઠણ કરી એનું ગુણકીર્તન કરી એની મૂર્તિને મેં ત્યાં સ્થાપી રાખી છે. "

બાપુનાં પ્રિય ભજનો

૫

રાગ સારંગ—દીપચંદી તાલ.

ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરીએ કોટિ ઉપાય જી;
અંતર ઊંડી ઇચ્છા રહે, તે કેમ કરીને તજાય જી ?–ધ્રુવ૦

વેષ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂર જી;
ઉપર વેષ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી....૧

કામ ક્રોધ લોભ મોહનું જ્યાં લગી મૂળ ન જાય જી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાય જી....૨

ઉષ્ણ રતે અવની વિષે, બીજ નવ દીસે બહાર જી;
ઘન વરસે વન પાંગરે, ઇન્દ્રિય વિષય આકાર જી....૩

ચમક દેખીને લોહ ચળે, ઇન્દ્રિય વિષય સંજોગ જી;
અણભેટ્યે રે અભાવ છે, ભેટ્યે ભોગવશે ભોગ જી....૪

ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અરથ જી;
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનરથ જી....૫
ભ્રષ્ટ થયો જોગભોગથી, જેમ બગડ્યું દૂધ જી;
ગયું ઘૃત મહી માખણ થકી, આપે થયું રે અશુધ્ધ જી....૬
પળમાં જોગીને ભોગી પળમાં, પળમાં ગૃહી ને ત્યાગી જી;
નિષ્કુળાનંદ એ નરનો, વણસમજ્યો વૈરાગ જી....૭

સ્વર્ગસ્થ પૂજ્ય

શ્રી. મગનલાલ ખુશાલચંદ ગાંધી



મગનલાલ ગાંધી.

—: દક્ષિણ આફ્રિકામાં :—

પૂ. મગનભાઈના દેહાંતને આ અખાત્રીજે વીસ વર્ષ પૂરાં થાય છે. પૂ. બાપુનાં મહાન્ જીવનનાં પ્રથમ પચીસ વર્ષમાં પહેલાં અને પ્રથમ પંક્તિના સેવકનું પદ મેળવી જીવન સફળ બનાવી ગયા.

૧૯૦૨ના નવેમ્બરમાં અમે બન્ને ભાઈઓ અમદાવાદમાં મેટ્રિકની પરીક્ષા આપી, સાન્તાક્રુઝ પૂ. બાપુજી પાસે ગયા. રાત્રે જમવા બેઠા કે પૂ. બાપુજી બોલ્યા, “કેમ મગન આફ્રિકા આવવું છે? હું આવતે અઠવાડીએ જાઉં છું.’ મગનભાઈએ તરત જ જવાબ આપ્યો, “તમો લઈ જાઓ તો જરૂર આવું.” સવારે પૂ. બાપુએ રાજકોટ મારા પિતાશ્રીને તાર કરી સંમતિ પણ મંગાવી લીધી. અને મગનભાઈ આફ્રિકા જવા ઉપડયા. તે તો આર્થિક કમાણીની દૃષ્ટિથી ગયા પણ દૈવે તેને માટે બીજી જ કમાણી નિર્માણ કરેલ. ત્યારે કોને ખબર કે બાર વર્ષ પછી તે મહાન વ્યક્તિ બની દેશમાં પાછા ફરશે? આફ્રિકામાં દોઢ વર્ષ વેપારમાં પડી ૧૯૦૪ માં પૂજ્ય બાપુજી કે જેઓ તે સમયે ફક્ત કાકા હતા તેની સાથે ફીનિકસ યોજનામાં પોતાનું નામ નોંધાવ્યું. અને ફીનિકસને શોભાવવામાં પોતાનું સર્વસ્વ આપ્યું. ૧૯૧૪ માં આફ્રિકાનો નિવાસ પૂરો કરી પૂ. બાપુ ઈંગ્લંડ થઈ દેશમાં આવવા નીકળ્યા ત્યારે મગનભાઇને ચૌદ બાળકોની ટુકડી સાથે હિન્દ તરફ રવાના કર્યા. હિન્દમાં આવીને પૂ. બાપુજીની મહાન્ કૃતિ સત્યાગ્રહાશ્રમ રચ્યું. પૂ. બાપુજી આવાં કાર્યો મગનભાઈની શકિતને આધારે શરૂ કરી દેતા તે સ્વમુખે કહેલ છે. આજનો વૃધ્ધ નેતાગણ તો મગનભાઇને પૂરી રીતે જાણે છે. પણ આજના યુવાન વર્ગને તેનો શું પરિચય હોય? યુવકવર્ગ તેનું જીવન જાણે, તેનો અભ્યાસ કરે અને તેનું અનુકરણ દ્રઢતાપૂર્વક કરે તે હેતુથી પૂ. બાપુજીએ મગનભાઈના દેહાંત પછી જે ચિત્ર આપ્યું તે “પ્યારાબાપુ” માટે મોકલું છું.

નારણદાસ ખુ. ગાંધી.

આશ્રમનો પ્રાણ

શ્રી. વલ્લભભાઇને જ્યારે મગનલાલ ગાંધીના દેહાંતના ખબર મળ્યા ત્યારે તેમણે તાર કર્યો: ‘આશ્રમનો પ્રાણ ચાલ્યો ગયો.’ આમાં અતિશયોકિત નહોતી. તેમના વિના સત્યાગ્રહાશ્રમની હસ્તી જ હું નથી કલ્પી શકતો. મારાં અનેક કાર્યોની ઉત્પત્તિનું કારણ મગનલાલની હસ્તીનું જ્ઞાન હતું. જો કોઇની વચ્ચે ને મારી વચ્ચે અભેદ હતો તો તે મગનલાલ અને મારી વચ્ચે. ‘અમુક વાતમાં એને દુઃખ લાગી જશે તો?’ એવો ભય આપણને દીકરાના વિષે, સ્વપત્ની વિષે પણ ઘણી વાર રાખવો પડે છે. મગનલાલને

વિષે આવો ભય મને કદી રાખવો જ પડયો નથી. તેમની પાસે અઘરામાં અઘરૂં કામ લેતાં મને સંકોચ નથી થયો. તેમને મેં અનેકવેળા કફોડી સ્થિતિમાં મૂકેલ છે. એ તેમણે મૂંગે મોઢે સહન કર્યું હતું. એક પણ કામ તેમણે હલકું નથી ગણ્યું.

જો મારામાં કોઈના ગુરુ થવાની લાયકાત હોત તો હું તેને મારા પ્રથમ શિષ્ય તરીકે ઓળખાવત.

જિંદગીભરમાં એકવાર એક ભાઇને મને ગુરુ ગણવાની મેં છૂટ આપી ને ગુરુપણાથી હું તૃપ્ત થઈ રહ્યો. એ તેનો દોષ નહોતો, પણ મારી અપૂર્ણતા એમાં હું જોઇ શકયો. જે ગુરુ થાય તેનામાં શિષ્યને જે કામ સોંપે તે કરવાની શકિત આપવાની કળા હોવી જોઇએ. તે મારામાં નહોતી, આજે પણ નથી.

પણ જો મગનલાલ શિષ્ય નહિ હતા, તો સેવક અવશ્ય હતા. કોઇ પણ સરદારને મગનલાલના કરતાં વધારે સારો, વધારે વફાદાર સેવક ન મળે એમ હું માનું છું. આ અનુમાન થયું. પણ એમના જેવો બીજો સેવક મને નથી મળ્યો, એ અનુભવનો પૂરાવો છે. મારાં સદ્‌ભાગ્ય એવાં છે કે મને હમેશાં શ્રદ્ધાવાન, નીતિમાન, બુદ્ધિશાળી અને કાર્યદક્ષ સખા કહો કે સેવક મળ્યા છે. પણ આ બધા સખા-સેવકોમાં મગનલાલ સર્વોપરિ હતા.

મગનલાલમાં જ્ઞાન, ભકિત અને કર્મની ત્રિવેણી સદાય વહેતી હતી. અને મગનલાલે પોતાનાં જ્ઞાન અને ભકિતને કર્મયજ્ઞમાં હોમી બધાને જ્ઞાન અને ભકિતનું ખરૂં સ્વરૂપ બતાવ્યું. અને તેમનું પ્રત્યેક કર્મ આમ ચેતન–જ્ઞાનમય ને શ્રદ્ધામય હોવાથી તેમનું જીવન સંન્યાસની પરાકાષ્ટાએ પહોંચ્યું હતું. મગનલાલે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. તેમનાં એકે કર્મમાં મેં કદી સ્વાર્થ નથી જોયો. નિઃસ્વાર્થ-નિષ્કામ-કર્મ એ જ ખરો સંન્યાસ છે એમ તેમણે એકવાર નહિ, ટૂંકી મુદતને સારૂ નહિ, પણ અનેકવાર, અનેક પ્રસંગોએ ચોવીસ વર્ષ લગી અખંડિત રીતે બતાવી આપ્યું હતું.

મગનલાલના પિતાશ્રીએ તેમના ચારે પુત્રોને એક પછી એક દેશસેવાને અર્થે મને સોંપ્યા. મગનલાલ મને ૧૯૦૩ માં પ્રાપ્ત થયા. દ્રવ્યોપાર્જન અર્થે તે મારી સાથે દક્ષિણ આફ્રિકા આવ્યા. બીજા મિત્રોને તેમ તેમને ૧૯૦૪ માં દેશસેવાને અર્થે ગરીબીનો સ્વીકાર કરવા મેં નોતર્યા. તેમણે શાંત ચિત્તે મારૂં કહેવું સાંભળી ગરીબીનો સ્વીકાર કર્યો. ત્યારથી માંડીને દેહાંત લગી તેમનો પ્રવાહ એક જ ગતિએ અખંડિત ચાલતો આવ્યો.

દિવસે દિવસે હું જોતો આવ્યો છું કે મારી શોભામાત્ર, મારૂં ‘મહાત્માપણું’ પરાવલંબી છે. ઘણા સાથીઓની શોભાએ હું શોભ્યો છું. પણ કોઇએ એ શોભામાં મગનલાલના કરતાં વધારે ભાગ નથી લીધો. મારી પ્રત્યેક બાહ્ય અને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં તેમણે મને જ્ઞાનપૂર્વક પૂરો સાથ આપ્યો છે. જેવું માન્યું છે તેવું કરવાના પ્રચંડ પ્રયત્નનો મગનલાલના કરતાં વધારે સારો નમૂનો મારી દ્રષ્ટિએ નથી આવતો. વિચાર ને આચારની સમાનતા સાધતાં, સાધવામાં મગનલાલે ચોવીસે કલાક જાગૃતિ રાખી હતી. તેમાં તેમણે તેમનું શરીર નીચોવી નાંખ્યું.

આ ચિત્રમાં કયાંયે જો જાણ્યે કે અજાણ્યે અતિશયોકિત ન હોય તો કહી શકાય કે જે દેશમાં ધર્મ આમ મૂર્તિમંત થઇ શકે તે દેશનો કે ધર્મનો જય જ છે. તેથી હું ઇચ્છું છું કે મગનલાલનાં જીવનનો અભ્યાસ પ્રત્યેક દેશસેવક કરે, ને તે તેને ગમે તો તેનું અનુકરણ દ્રઢતાપૂર્વક કરે. જે મગનલાલને સારૂ શકય હતું તે પ્રયત્નવાન મનુષ્યમાત્રને સારૂ શકય છે. મગનલાલ ખરા સિપાહી હતા તેથી તે ખરા સરદાર પણ થઇ શકયા. કેમકે જેઓ તેમનો તાપ સહન કરી શકયા છે તેમને હું મારી આસપાસ અત્યારે રડતા જોઇ રહ્યો છું.

આ દેશને તેમ જ જગતને સાચા સિપાહીનો ખપ છે. દેશસેવા, જગતસેવા, આત્મજ્ઞાન, ઇશ્વરદર્શન, એ નોખી વસ્તુઓ નથી, પણ એક જ વસ્તુનાં જુદાંજુદાં સ્વરૂપ છે. આનું દર્શન મગનલાલે પોતાનાં જીવનમાં કર્યું ને બીજાને કરાવ્યું. જેને જિજ્ઞાસા

થાય તે તેમનાં જીવનનો અભ્યાસ કરી એ જોઇ શકે છે. **મોહનદાસ કરમચંદ ગાંધી.**

(૧૯૮૪ વૈશાખ શુદ ૧૦)

શો વજ્રઘાત

બાપુની ઉપર શો વજ્રઘાત! ખાદી મંડળમાં એકપણ જણ મગનલાલભાઇની તોલે આવે તેવો નહોતો. મારો તો એને માટે પ્રેમ વધતો જ જતો હતો. ચારિત્રમાં તીર જેવા સીધા, બાળકના જેવા નિર્દોષ, એટલા તો સમજણવાળા અને મૃદુતા અને મીઠાશથી ભરેલા કે મારા જેવાની મજાક કરવાની ન રોકાય એવી વૃત્તિને પણ તે સાંખી લેતા.

આપણને સૌને માટે તે ભયંકર ખોટ છે.

બાપુને આશ્રમના દાદા ભલે કહીએ પણ મગનલાલભાઇ એ એક વડાપુત્ર સમા હતા અને માતાને તો પહેલા ખોળાના પુત્રનાં મૃત્યુ જેવી મોટી ખોટ કઇ, અને એવું બીજું દુઃખ કયું? મગનલાલભાઇ જ બાપુનો સાચો જમણો હાથ હતા અને તે ગયા. એમની જગા લેનાર કોઇ જ નથી. કોનામાં છે એમની શ્રદ્ધા, એમનું નિયમપાલન, એમની અચલ કર્તવ્યનિષ્ઠા, એમનાં ચારિત્રની સરલતા, એમની સમતા, એમની સ્વચ્છતા? **ચ. રાજગોપાલાચાર્ય.**

અપ્રતિમ સાધક

ગાંધીજીની ઉત્તમોત્તમ કૃતિ આશ્રમ એમ ગાંધીજી અનેકવાર કહે છે, એ વાત સાચી હોય તો ગાંધીજીએ ઘડેલ ઉત્તમોત્તમ વ્યક્તિ મગનલાલભાઇ એમ હું કહું. એ ઉત્તમ વ્યક્તિને જોઇને કોઇ ગાંધીજીની કિંમત કરે તો અમને ડરવાનું કારણ નહોતું. એ ઉત્તમ વ્યક્તિને આગળ ધરીને અમારો આશ્રમ ઢંકાતો, અમે ઢંકાતા, હવે અમને કોણ ઢાંકશે?

એમની અસાધારણ જાગૃતિ અને આત્મનિષ્ઠાની જ્યોત અખંડ રાખનારી એમની ધાર્મિકતા હતી......

રાજાજીએ તેમના મરણથી ત્રણ વજ્રઘાત પડેલા કહ્યા છે. આશ્રમ ઉપર–ગાંધીજી ઉપર–રેંટિયા ઉપર. તેમાં વધારે પડતી વાત નથી, પણ હાથમાંથી ખોયેલાં હીરા પાછળ પારખનું રૂદન રહેલું છે.

અને શી અનન્ય ઉપાસના! દિનરાત રેંટિયાને, પીંજણને, ચરખાને સુધારવાનું ચિંતન, તેના ઉપર જ સતત પ્રયોગો, તેને જ પ્રીત્યર્થે વિલક્ષણ શક્તિવાળા પોતાના પુત્રની શક્તિને વાળવાનો તેમનો આગ્રહ...

એમની કારીગરી, એમની મજૂરી, એમનો બધો ઉદ્યમ, એમનું બ્રહ્મચર્ય, એમનું ગાર્હસ્થ્ય, એ બધાં જ આશ્રમને અને દેશને અર્પયેલાં હતાં. નિત્ય નવા પ્રયોગ કરનાર ગાંધીજીના પ્રતિક્ષણના ભાવો અને વૃત્તિઓને ઝીલવાની તેમની તત્પરતા અને તેમના સિદ્ધાંતોનો અમલ કરવામાં તેમણે વેઠેલાં કષ્ટો, બળાપા અને ત્યાગો બધાં આશ્રમ પ્રીત્યર્થે હતાં. આ બધી સાધના કરી તેઓ ગાંધીજીના અપ્રતિમ સેવક બન્યા હતા, અપ્રતિમ ભક્ત બન્યા હતા......

આ સેવકાઈની સાધનામય તેમની જિંદગી હતી, અને તેમનું સાધક જીવન સૌને ચેતન આપનારૂં અને દિશા દાખવનારૂં છે. સાધના વડે સાધક કેટકેટલું સાધી શકે છે તેનો જ્વલંત પદાર્થપાઠ તેમનું જીવન હતું. એ સાધનામાં તેમની તોલે આવનાર સેવક કોઇ જાણ્યા નથી. **મહાદેવ દેશાઈ.**

પૂજ્ય મગનલાલભાઈ

મગનલાલભાઇનો સ્વભાવ નાળિયેરના જેવો હતો–ઉપરથી જોતાં કઠોર પણ અંતર બહુ પ્રેમાળ. આવા બન્યા વિના સાધકના ભુક્કેભુક્કા થઇ જાય. નાળિયેર જો ઉપરથી કઠણ ન હોય તો જલદી કોહી જાય. બહારનાં વાતાવરણની પ્રતિકૂળ અસર ન થાય એ સારૂ વૈરાગ્યનાં કઠોર કવચની અત્યંત જરૂર રહે છે, અને એ અંતરમાં પ્રેમ ભરપૂર ભર્યો હોવો જોઇએ. આમ થાય ત્યારે સાધનામાં ખરી મજા આવે છે. પ્રેમાળ માણસો વૈરાગ્ય વિનાના હોવાથી સંસારમાં તણાઇ ગયા જાણ્યા છે. એવા દાખલા મારી આંખ આગળ તર્યા કરે છે. મંગલ કાર્યોમાં નાળિયેરની પૂજા કરવાનો હિન્દુઓમાં રિવાજ છે. કઠોર વતના

કવચથી પ્રેમાળપણું રક્ષાયેલું હોય તો જ મંગલ કાર્યો પાર પડે છે, એ એનું રહસ્ય છે. મગનલાલભાઇનું જીવન મંગલ નીવડયાનું કારણ એમનો નાળિયેર જેવો સ્વભાવ.

હિન્દુસ્તાન એ સંતોની ભૂમિ છે, એ ભૂમિમાં અનાદિ કાળથી સંતો પાકતા આવ્યા છે. આજના આપણા પતિત કાળમાં પણ માતાએ હજી પોતાનું બિરદ છોડયું નથી. હજી પણ '**जगाचा कल्याणा संतांचा विभूति**' તે નિર્માણ કર્યે જાય છે.

આવી '**संतांचा विभूति**' માં મગનલાલભાઇને ગણવામાં મને જરા સંકોચ થતો નથી.

વધારે શું લખું? સંતોનાં ચરણો પર માથું મૂકીને સમાપ્ત કરૂં છું. **વિનોબા ભાવે.**

કાલોપાસક મગનલાલભાઈ.

આ દુનિયામાં અત્યંત મોંઘી વસ્તુ તે કાળ છે. દિન પર દિન ઘટતી મૂડી પર જિંદગીનો વેપાર કરવાનો હોય છે. એમાં એક ક્ષણ પણ કેમ બગાડાય? આ જાગૃતિ મગનલાલભાઇમાં અખંડ રહેતી. તેથી જ તેઓ આટલા અલ્પ કાળમાં આટલી તપસ્યા બતાવી શકયા. અને જાણે **अति दीर्घे जीविते को रमेत ।** કહી ચાલ્યા ગયા. કાળ એમને ન હરાવી શકયો.

કાકા કાલેલકર.

આશ્રમનો સ્તંભ પડયો.

મગનલાલનાં અકાળ અને ખેદજનક અવસાનનો તાર વાંચી આભો જ બની ગયો. આશ્રમ આખો દિલગીરીમાં ડૂબી ગયો છે. સત્યાગ્રહ આશ્રમનો થાંભલો પડયો. બાપુની ગેરહાજરીમાં એ એક જ પુરુષે આશ્રમ સાચવેલું, અને આશ્રમની બાહ્ય રચના તો બધી જ એમને આભારી હતી. આશ્રમ અને આખા ગુજરાતને તેમ દેશને ભારે ખોટ ગઈ છે.

ખાદીનો એ પ્રાણ કહીએ તો ચાલે. એમની ખોટ પૂરી થઇ શકે એમ નથી.

એ ખોટ મને તો ખૂબ સાલે છે. આ વખતે ગયા ત્યારે મારી રજા માગેલી તે હું નહોતો આપતો, કારણ કે મારે એમનું બહુ કામ હતું. એમનું કામ બીજાથી થઈ શકે એમ નહોતું. જ્યારે એમણે તુરત પાછા ફરવાની શરતે રજા માગી ત્યારે મેં લાચારીથી આપી. હજીયે એ ગયા એમ મારા માનવામાં આવતું નથી. હું આશ્રમમાં આવતો થયો ત્યારથી જ મારી આંખ એમના ઉપર ઠરી. અને હું અને એ બેઉ સગા અને સમોવડિયા ભાઇ હોઇએ એમ મને લાગવા માંડયું. જો કોઇ પણ વ્યકિત પ્રસંગે અપ્રસંગે જ્યારે જ્યારે હું જાઉં ત્યારે કંઇ ને કંઇ કામમાં રોકાયેલ હોય તો તે મગનલાલભાઈ. મેં એમને કોઈ વખત નવરા ભાળ્યા જ નથી. એમનું શરીર ખૂબ કસાયેલું અને વજ્ર જેવું હતું. પરંતુ છેલ્લાં બે ત્રણ વર્ષથી એમનાં શરીર ઉપર હદ ઉપરાંત બોજો ઉઠાવ્યાનાં અને કંઈક માનસિક ચિંતાનાં ચિહ્ન માલૂમ પડતાં હતાં.

આશ્રમ તો એમણે જ ઊભું કરેલું છે. આપનો બધો જ બોજો એ પોતે ઉઠાવી અથાગ મહેનત કરતા હતાં. અને આપ બે વર્ષ જેલમાં રહ્યા. ત્યારે તો બધો જ બોજો એમને માથે પડયો. આપનું તો સૌ માન પણ રાખે, કોઈ વાત ગમે કે ન ગમે તોપણ બધા કબૂલ રાખે, પરંતુ આપની ગેરહાજરીમાં આશ્રમનો બોજો ઉઠાવનારને કાંટાની પથારીમાં સૂવાનું હતું, અને એ તો મગનલાલ જેવા મજબૂત મનના ઉગ્ર તપશ્ચર્યા કરનારનું જ કામ, બીજાનું ગજું નહિ. દૂર રહ્યો રહ્યો કોઈ કોઈ વખત એમની આ સ્થિતિમાં કંઇક મનનો ભાર હલકો થાય તે સારૂ તેમની પાસે જઇ મીઠી મીઠી વાતો કરતો અને તેમનું મન કંઇક હળવું થતું.

આશ્રમમાં એમના જેટલું તપ કોઇએ કર્યું નથી અને આપના સિદ્ધાન્તોનો સર્વાંશે અમલ કરવાનો સતત પ્રયત્ન તો એમણે જ કરેલો એમ હું માનું છું. ખાદીનું બીજ આપે વાવ્યું પણ તે ઊગતાંની સાથે તેને પાળી પોષી સંભાળથી ઉછેરનાર તો એ જ હતા.

ગુજરાતના જાહેર હિતના કામમાં તેમણે મને અનેક પ્રસંગે અમૂલ્ય સહાય આપી છે. છેલ્લું રેલ

સંકટ વખતનું તેમનું કાર્ય તો અદ્ભુત હતું. વિઠ્ઠલપુર બાંધવાનું કામ તો અધૂરું મૂકીનેજ ગયા.

મને લાગે છે કે આપના સાથીઓ બધા જ અપૂર્ણ છે, અને તેથી હિંદુસ્તાનમાં આજે આપના સિદ્ધાન્તોનો અમલ થતો નથી; એટલે ઈશ્વરની ઇચ્છા જ એવી હશે કે બધા અપૂર્ણ સાથીઓ સાથે આપે ફરીથી જન્મ લેવો અને દેશનો ઉદ્ધાર કરવો, અને તેની ભૂમિકા તૈયાર કરવાને મગનલાલભાઇને આગળ મોકલ્યા હોય તો કોને ખબર છે? એને ગમ્યું એ ખરૂં. જે કરતો હશે તે સારાને માટે જ કરતો હશે.

આપનો તો આ ઉમ્મરે આધાર ગયો. પણ આપતો અમને સૌને દિલાસો આપનાર એટલે અમારે આપને શું લખવાનું હોય? હું હાલ તો અહીંનું કામ છોડી આવી શકું એમ નથી. બાકી એક વખત આ પ્રસંગે મળી જવાની ખૂબ ઇચ્છા થાય છે.

વલ્લભભાઇ પટેલ.

ધન્ય મગનભાઈ!

સ્વ. મગનલાલભાઈનું ગુજરી જવું આપને માટે એટલું ભયંકર છે કે તેની પૂરી કલ્પના નથી આવી શકતી. ગઇ કાલે રાતે હું ફીનિકસથી માંડીને સ્વ. મગનલાલભાઇ સાથેનો આખો સંબંધ મનમાં ઘોળી રહ્યો હતો. શાથી એ વિચારો આવ્યા એ કહી નથી શકતો. તેઓ પટણામાં બીમાર છે એવો ખ્યાલ પણ નહોતો, છતાં એકાએક 'મગનભાઇને ધન્ય છે' એમ મારા મોંમાંથી નીકળ્યું.

આશ્રમમાં અત્યારે ઉદ્વેગ વર્તી રહ્યો હશે. શોકાતુરની ગણત્રીમાં હું પણ આવી જાઉં, છતાં હજુ 'ધન્ય મગનભાઇ'નો ઉદ્ગાર નીકળ્યા કરે છે. તેમણે આપનાં કાર્યમાં જે શક્તિ રેડી એ બીજા કોઇએ નથી રેડી. તેમણે જે ઉપાડયું તે દીપાવ્યું અને પૂરૂં કર્યું. તેમના વિના આજે રેંટિયો ક્યાં હોત! તેમનો આદર્શવાદ આશ્રમના પાયામાં જડેલો. તેમનું એકે કામ અધૂરૂં નથી રહ્યું એ તેમના આત્માને શાન્તિ આપશે. હમણાં તેઓ કંઇક હતાશ હતા, પણ તેમનો આત્મા ઊંચે ચઢેલો હતો. આશ્રમમાં તેમની સાથે અહીં આવતા પહેલાં મારે વિગતવાર વાતો થયેલી એ ખ્યાલ મને આજે થોડોઘણો સંતોષ પમાડે છે. તેમનો સંયમકાળ મોટમોટાને પણ અદેખાઈ ઉપજાવે એવો હતો. અને તે દિવસે સાંજે તેમણે પોતાના અમૂલ્ય અનુભવો મને સંભળાવ્યા હતા. હું તેમનાં હૃદયમાં એ વાતચીત પછી વધુ પ્રવેશ પામ્યો, ત્યારે મારા હૃદયની તેમના પ્રત્યેની પૂજ્ય ભાવનામાં વધારા ઘટાડાનો સવાલ જ નહોતો રહ્યો. તેમનું મરણ મને નમ્રતા શીખવે છે. મરણ ગમે તેની આગળ ગમે ત્યારે આવી ઉભું રહે છે, એના દાખલાની મને જરૂર હતી તે મળ્યો. તે દરમિયાન તેમની જિંદગીનું અનુકરણ એજ સીધો અને સરળ માર્ગ છે. તેમના તપને કેટલા પહોંચી શકશું? આપણે સદ્ગતનું સ્મારક શું બાંધશું? આજે સૌએ ઉપવાસ તો કર્યો. આજે કોઇને અન્ન ભાવે જ કેમ? પણ આગળ? મને મારા સંયમના પ્રયત્નોમાં વધુ પ્રયત્નવાન થવાનું બળ મળ્યું છે. એ ઉપરાંત કશું કહી નથી શકતો. તેમના આત્માને જાગૃત રાખવાને આશ્રમ તો કંઈક કરશે જ. મારા જેવા બહાર રહેનાર તેમાં જે ભાગ આપી શકે અને જે માગણી થાય તે આપે. અત્યારે તો આજની તિથિ મારે માટે હમેશાં 'સંયમતિથિ' રહેશે, અને તે દિવસે ઉપવાસ નહિ પણ જેને સંયમનું વધું સારૂં લક્ષણ ગણાય તે અત્યંત અલ્પાહાર કરીશ. એક વર્ષ સુધી દર અઠવાડિયે હું 'સંયમતિથિ' પાળીશ. અને એ ઉપરાંત આશ્રમમાં જે થશે તેમાં ભાગ આપીશ.

દેવદાસ ગાંધી,

મારો સર્વોત્તમ સાથી.

એનું જીવન એ મારે માટે દીક્ષા સમાન છે; અધ્યાત્મના સિદ્ધાંતના સામર્થ્યનો પ્રત્યક્ષ પુરાવો છે. એણે થોડા દિવસને માટે નહિ, થોડા મહિના માટે નહિ, પણ ખાસ્સાં ચોવીસ વર્ષ સુધી—પણ એ મુદ્દત હવે કેટલી ટૂંકી લાગે છે!——એણે પોતાનાં જીવનથી સિદ્ધ કરેલું હું જોઈ શકયો કે દેશસેવા, જગતની સેવા અને આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરસાક્ષાત્કાર એ બધું એક જ છે.

મોહનદાસ કરમચંદ ગાંધી,

[illegible]
રવિવાર

ચિ. મગનલાલ,

તમારો કાગળ મળ્યો. શુદ્ધ
પ્રેમ [illegible]
હું તેનાં [illegible] રહ્યો છું.
તેથી [illegible]
[illegible] છું. [illegible] નિરાશ
પ્રવૃત્તિનો [illegible],
તે પ્રવૃત્તિને પવિત્ર કરી
[illegible] છે. શુદ્ધ પ્રેમ પોતાને
[illegible]



નથી રહેવા દેતો, પોતાને
ભૂલાવી પરગજુ કરી
મૂકે છે. શુદ્ધ પ્રેમ તે પરમ
અર્થ છે પરમ અર્થ તે પરમ
સત્ય છે. સત્ય શોધતાં
પ્રેમ હાથ આવે છે, પ્રેમ ખોળતાં
સત્ય ઝીલાય છે.
બાપુના આશીર્વાદ

લાહોર.
રવિવાર

ચિ. મગનલાલ,

તમારો કાગળ મળ્યો. શુદ્ધ પ્રેમ અજાયબી ભરેલી વસ્તુ છે. હું તેમા ડૂબકીઓ મારી રહ્યો છું. તેથી નિત્ય નવા અનુભવો મેળવ્યા કરૂં છું. તે કંઇ નિત્ય પ્રવૃત્તિમાં આડે નથી આવતો, તે પ્રવૃત્તિને તે પવિત્ર કરી મૂકે છે. શુદ્ધ પ્રેમ પોતાને વિષે વિચાર કરવાનો અવકાશ જ નથી રહેવા દેતો, પોતાને ભૂલાવી પરગજુ કરી મૂકે છે. શુદ્ધ પ્રેમ તે પરમ અર્થ છે. પરમ અર્થ તે પરમ સત્ય છે. સત્ય શોધતાં પ્રેમ હાથ આવે છે, પ્રેમ ખોળતાં સત્ય ઝીલાય છે.

બાપુના આશીર્વાદ.

ચિ. નવીન

આજે દુનિયાએ પુ. બાપુજીને મહાત્મા તરીકે ઓળખ્યા છે તેના ૪૦ વર્ષ પહેલાના ઉદ્ગારોમાં પણ તે જ પ્રભાવનું દર્શન કરાવનારો મારા ઉપરનો પત્ર "પ્યારા બાપુ" માટે મોકલું છું. પોતે અભયપદ કેટલી પરાકાષ્ટાએ પ્રાપ્ત કરેલ તે તો આખા વિશ્વે જોયું.

કોઈપણ જાહેર સેવા કરવા ઇચ્છનારને તેઓશ્રી જે મહામંત્ર આપતા તે ઉદ્ગારો—

અભયપણું સાધવું એ પહેલું જરૂરનું છે. જાહેર કામમાં જે ગૂંથાય તેણે તે ગુણ પ્રથમ સાધવો જોઈએ. આબરૂ વિષે, પૈસા વિષે, ન્યાત વિષે, સ્ત્રી વિષે, કુટુંબી વિષે અને મોત વિષે નિર્ભયતા આવે તોજ ખરી.

આ મંત્રથી અનેક અભયપદ પામ્યા છે.

“પ્યારા બાપુ” દ્વારા આ મંત્ર અનેક ને મળે એ હેતુથી આ પત્ર મોકલું છું.

નારણદાસના આશીર્વાદ

‘બોકસ’ ૬૫૨૨
Johannburg
ફાગણ વદ ૪ સં. ૧૯૬૬

ચિ. નારણદાસ.

તમારો કાગળ મને મળ્યો છે. મુરબ્બીશ્રીની રજા ન મળે તેથી તમે ન આવી શકો એ હું સમજી શકું છું. તેમની મરજીને આધીન રહેવું એ તમારો ધર્મ છે.

ત્યાં રહીને પણ તમે અહિંના ઉદ્દેશોને મદદ કરી શકો છો. સ્વરાજનાં લખાણને જપ્ત કર્યું એટલે હું જોઉં છું કે ત્યાં પણ લડત પુષ્કળ લેવી પડશે. આમ કરવાને સારૂ તમારૂં ચારિત્ર ઘડાવું જોઈએ. તમે આપણા ધર્મનાં મૂળ તત્ત્વો જાણો છો? કદાચ તમો કહેશો, હું તો આખી ગીતાજી મોઢે ભણી શકું છું, તેના અર્થ પણ આવડે છે. પછી મૂળ તત્ત્વોનું તે કાકા શું પૂછે છે? મૂળ તત્ત્વો જાણવા એટલે તે પ્રમાણે વર્તન કરવું એવો અર્થ હું કરૂં છું. દૈવી સંપતનો પહેલો ગુણ ‘અભય’ એ છે. એ શ્લોક તમને યાદ હશે. તમે ‘અભય’ પદને કંઇ અંશે પામ્યા છો? જે કરવું યોગ્ય હોય તે નિડર થઇ દેહ પડતાં પણ કરશો? જ્યાં સુધી એટલું પદ ન મળે ત્યાં સુધી તેનું સેવન કરી તે મેળવવા પ્રયત્ન કરજો. તો તમે ઘણું કરી શકશો. આ પ્રસંગે તમારે પ્રલ્હાદજી, સુધન્વા વિ૦ ના ચારિત્ર યાદ કરવાની જરૂર છે. આ બધી દંતકથા છે એમ ન માનજો. તેવાં કાર્યો કરનારા હિંદી પુત્રો થઇ ગયા છે તેથી જ આપણે તે આખ્યાનો મોઢે કરીએ છીએ. આજ પણ પ્રલ્હાદ અને સુધન્વા, હરિશ્ચંદ્ર અને શ્રવણ હિન્દુસ્તાનમાં નથી એમ નથી માનવાનું આપણે લાયક થઈશું ત્યારે તેનો મેળાપ પણ કરશું. તે કાંઇ મુંબઇના માળામાં જોવામાં નથી આવવાના, પથરાની જમીનમાં ઘઉંના પાકની આશા ન રખાય. વિશેષ નહીં લખું. દૈવી સંપતના ગુણો છે તેનો ફરી વિચાર કરજો. તેની સાથે આ કાગળ વાંચજો ને પછી તે પ્રમાણે વર્તન કરવા પ્રયત્ન કરજો. સ્વરાજ્યમાં સત્યાગ્રહ ઉપરનાં પ્રકરણ છે તે ફરીથી વાંચી જજો. ને વિચારજો. જ્યારે તમને ઉત્સાહ આવે ત્યારે કંઈ સવાલો પૂછવા હોય તો પૂછજો. મુંબઇમાં ભલે રહો છતાં મુંબઇ એ નર્કની ખાણ છે. એમ મનની સાથે દ્રઢાવજો. તેમાં કંઈ માલ નથી.

મોહનદાસના આશીર્વાદ.

"સત્ય કે દર્શન કે લિયે સંતો કા ચારિત્ર પઢના ઔર
ઉસકા મનન કરના આવશ્ક હૈ"—ગાંધીજી

રબિયા.

(અરબ--આઠમી સદી)

"અભ્યાસી"

આ વિભાગમાં વિશ્વના સંતો, ભક્તો અને શહીદોની જીવનગાથા આવશે. જીવનમાં એકવાર એક પળ આવી જાય છે જ્યારે મનુષ્ય પોતાનાં જીવનને ઊંચે લઇ જઇને આવતી પેઢીને જીવનમંત્ર આપતો જાય છે. આવી પળો બધા મનુષ્યોને એકવાર તો આવે છે. પણ તે પળ ને ઓળખવાની શકિત અને હિમ્મત જોઇએ.

યા અલ્લાહ, યા અલ્લાહ, હવે આ દુઃખ સહન નથી થતું. માથું ફાટી પડે છે. કોઇ બચાવો, બચાવો. આમ બૂમ પાડતો, માથે પાટો બાંધેલો એક માણસ નિરાશ વદને ઇશ્વર પર દોષારોપણ કરતો એક બાઇની પાસે ધ્રુસકે ધ્રુસકે રડતો આવ્યો. અને નંખાઇ ગયેલા આર્ત સ્વરમાં કહ્યું. "મારા દુઃખને શમાવો, માથામાં હથોડાના ઘા પડે છે. હવે તો આ દુઃખ નથી ખમાતું.

બાઇએ ધીર ગંભીર અવાજે સહાનુભૂતિ બતાવવા કહ્યું "ક્યારથી માથું દુઃખે છે? ભાઈ."

"કાલ રાતથી."

"એ પહેલાં તમને છેલ્લે આ દુઃખાવો કોઇવાર ઉપડયો હતો ખરો?"

"હાજી, એને ત્રીસ વરસ વહી ગયાં."

"એટલે ત્રીસ વરસ તો અલ્લાહે તમને તંદુરસ્ત રાખ્યા ખરું?"

"જી હાં."

"તો તે ત્રીસ વરસ દરમ્યાન કેટલીવાર તમે ભગવાનનો શુક્રાનો (ધન્યવાદ) કર્યો."

"એકે વાર નહિ."

"અને હમણાં જરા દુઃખ આવી પડયું એટલે માથે મોટો પાટો વીંટાળીને જગતને તમારા પર આવી પડેલી પીડાની વાત ધાંટા પાડીને જાહેર કરતા ફરો છો. અને યા અલ્લાહ, યા અલ્લાહ કરો છો. જરા પણ સબર નથી કરી શકતા. તમને ઉચિત તો એ ઘટતું હતું કે ત્રીસ વરસ આખા જગતને, ભગવાને તમને તંદુરસ્ત રાખ્યા તેને કોઇ પણ રૂપમાં ઢંઢેરો

પીટાવીને જાહેર કરવું જોઇતું હતું. તે બદલ જરા માથું દુઃખી આવ્યું તે વાત માથું પછાડીને, પાટા વીંટીને એને મોટું સ્વરૂપ આપીને શેરીએ શેરીએ, રસ્તે રસ્તે ફરીને બધાને જણાવીને ભગવાનને બદનામ કરી રહ્યા છો. એ તમારાં જેવા સજ્જન માણસને શોભતું નથી."

આવા જ્ઞાનભર્યાં અને આશ્વાસન રૂપ વચનો સાંભળી તે માણસને એક નવું જોર મળ્યું. થોડી સ્ફુર્તિ આવ્યા બાદ માથા પરથી પાટો ફેંકી દીધો અને પોતાનું અસહ્ય દુઃખ ભૂલીને તે ખૂબ શાંતિથી બોલ્યો. "સચ હૈ, જીસ હાલતમેં રબ્બ (ઇશ્વર) રખે, ઉસમેં હમેશા રાજી રહેતા ચાહિયે."

જે બાઈએ એને આ ગૂઢ સત્ય શીખવ્યું એનું નામ રબિયા હતું. તે અરબ દેશની હતી. આઠમી સદીમાં થઈ ગઈ. મુસલમાન ભક્તોમાં તે એક ઉચ્ચ કોટીની ભક્ત ગણાય છે.

ચોવીસે કલાક જેનાં હૈયામાં અલ્લાહનું નામ રહેતું હતું તે રબિયાને એક દિવસે કોઇએ પૂછ્યું: "તમે આખો દિવસ શું કરવા ભગવાનનાં ધ્યાનમાં અને રટણમાં ગાળો છો?"

રબિયા ચૂપ રહી પણ પછી જ્યારે પૂછનારે ફરી પૂછ્યું કે તમને બહિશ્ત (સ્વર્ગ) માં આરામ અને આનંદ મળે એટલા માટે જ પ્રભુનું રટણ કર્યાં કરતાં હશો. ખરૂં?

જરા રોષમાં આવીને રબિયાએ જવાબ આપ્યો. "કદી નહિ એ તો સ્વાર્થ થયો."

"તો પછી નરકના ભયથી ભજતા હશો?"

"તે પણ સ્વાર્થ થયો કહેવાય." થોડો વખત રહીને ફરી રબિયા બોલી, "પ્રેમમાં લેવું દેવું નથી હોતું. કેવળ દેવું જ હોય છે. હું પ્રભુને ચાહું છું, પ્રેમ કરૂં છું. માટે જ મારૂં દિલ પલ પલ એનું જ ધ્યાન કરવાં પ્રેરાય છે. પ્રેમમાં ન માગવાનું હોય, ન પૂછવાનું હોય, કેવળ પોતાને જ આપવાનું અને અર્પણ કરવાનું હોય છે. એટલે એના ગુણ ગાઇ ગાઇને ધીરે ધીરે પોતાનું અહમ્ ક્ષય કરૂં છું અને એનામાં લીન થઇ શૂન્યવત્ થવાની સાધના કરૂં છું."

રબિયાની દૃષ્ટિમાં ઇસ્લામ ધર્મનો :અર્થ અથવા સર્વ ધર્મનો અર્થ એક જ હતો–પ્રભુનું ગુણગાન. પ્રભુના સિવાય એને બીજું કંઈ સૂઝતું જ નહતું. અને એની ચેતનામાં સર્વદા પ્રભુનાં સ્મરણનો સંચાર રહેતો.

ઘણાં લોકો એમ કહે છે કે કુદરત અથવા પ્રકૃતિ એજ બધું છે. પુરૂષ કે પ્રભુ છે જ નહિ. પણ રબિયાએ એ બંનેનો સમન્વય સારી રીતે કર્યો હતો.

એકવાર વસંત ઋતુ પૂર બહારમાં ખીલી હતી. કુદરત જાણે પોતાનું બધું સૌંદર્ય આજ ઋતુમાં ભરી દેવા ન માગતી હોય એમ લાગતું હતું. આ ઋતુમાં કયો માણસ કુદરતથી જુદો રહી શકે! પણ રબિયા તો પોતાના પ્રભુમાં લીન થઇને એક ગુફામાં ધ્યાન ધરી રહી હતી. તે વખતે એની બાલ્યાવસ્થાની થોડી પ્રિય સખીઓ ત્યાં આવી પહોંચી. આજુબાજુની સૌંદર્યલીલાથી ઘેલી બનેલી સખીઓએ ગુફાની પાસે જઇને મોટેથી બૂમ પાડી. "રબિયા ઓ રબિયા, બહાર તો આવ. આ કાદરની કુદરત તો જો–પ્રભુની પ્રકૃતિ તો જો."

રબિયાએ અંદરથી જવાબ વાળ્યો. "પ્રિય સખીઓ અંદર આવો, અંદર આવો. કુદરતનો કાદર તો જો–પ્રકૃતિનો પ્રભુ તો જો."

ખરી વાત તો એ છે કે બહારની પ્રકૃતિ પોતાનાં સૌંદર્ય દ્વારા પ્રભુ જે માણસનાં દિલની અંદર છે, એનો ખ્યાલ આપે છે. એટલે જ દરેક જીજ્ઞાસુ પોતાનાં જીવનમાં એકવાર અનુભવ પ્રકૃતિની શોભા જોઇ જોઇને જ્યારે કરે છે અને એનું મન એક દિવસ ભરાઈ જાય છે. ત્યારે એનો અંતરાત્મા જોરથી પોકારી ઉઠે છે. "પ્રકૃતિથી મને પ્રકૃતિના તરફ લઇ જા."

જેમ નાના બાળકને રમકડાં આપીને અમૂક વખત સુધી મા સંતોષ આપા શકે છે. તેવી રીતે માણસને પણ બાહ્ય જગતની વસ્તુઓ કેટલી! સુંદર કેમ ન હોય થોડીક ક્ષણ સુધીજ સંતોષ આપી શકે છે. ને જેમ નાનો બાળક આખરે રમકડાંથી કંટાળી બૂમ પાડી ઉઠે છે. "ઓ બા, તું ક્યાં છે?" એવી રીતે માણસ પણ પ્રભુને વિહ્વળ થઇને પોકારે છે. "ઓ પ્રભુ તું ક્યાં છે?"



બહેનોની ઉન્નતિમાં બાપુએ પ્રથમથી જ રસ લઈ તેઓને દોરવણી આપેલી. સમાજમાં માનભર્યું સ્થાન અપાવ્યું. ઘરની દીવાલોમાં ગોંધાઈ રહેલી તે પ્રચંડ સ્ત્રી–શક્તિને દેશસેવાનાં પ્રત્યેક કાર્યમાં હિસ્સો અપાવી તેમનાં પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં. બહેનોમાં એક અનેરૂં ચેતન આવ્યું અને તેથીજ સર્વ પ્રકારની સ્ત્રીઓ સંકટ અને મૂંઝવણને પ્રસંગે બાપુજી પાસે દોડી જતી. બહેનોનાં જીવનનો એકેય પ્રશ્ન એવો નહોતો જે તેમની ઈચ્છા હોય તો તેઓ બાપુની સાથે પૂરેપૂરી છૂટથી ને કશા પણ અંતરપટ વિના ચર્ચી ન શકી હોય. આશ્રમની બહેનો ઉપર બાપુએ લખેલા આવા અપ્રસિધ્ધ અને અમૂલ્ય પત્રો દરેક બહેનને માર્ગદર્શક થઈ પડશે.

બહેનો,

બહેનો ગમે તેમ વર્તે પણ મારાથી વડીલ તરીકે એમની સામે કાંઇ સત્યાગ્રહ કરાય ? એ વિચારમાં મોટી ભૂલ છે અને સત્યાગ્રહના અર્થને વિષે ગેરસમજ છે. તમારા વાકયમાં તો સત્યાગ્રહનો અર્થ દુરાગ્રહ જેવો થયો. સત્યાગ્રહ નાના મોટા વચ્ચે, રાજારંક વચ્ચે, ભેદ નથી કરતો. પરમેશ્વર પણ આપણી સામે સત્યાગ્રહ કરે છે. એનો સત્યાગ્રહ તો નિરંતર ચાલુ જ છે, સત્યાગ્રહનો અર્થ મૂળ તો આટલો જ છે—સત્યનો આગ્રહ, અને ઇશ્વર જો સત્યનો આગ્રહ ન રાખે તો જગત એક ક્ષણમાં નાશ પામે. મતલબમાં સત્યાગ્રહ જેમ અધિકાર છે. તેમ ધર્મ પણ છે. હવે તમારો જ દાખલો લઉં. જો તમે મારા કાગળોને ચર્ચો નહીં અથવા એનો જવાબ ન આપો તો મારી પાસે રોજ રોજ ખરેખરૂં લખવાનું હોય જ નહીં એ લખવાની કશી કિંમત કે અસર પણ ન હોય. સત્યાર્થી લખવાને ખાતર કાંઈ લખે નહીં બોલવાને ખાતર કાંઈ બોલે નહીં, તેના લખવામાં કે બોલવામાં ખાસ કારણ હોવું જ જોઇએ. તેની સાધારણ સ્થિતિ મૌનની હોવી જોઇએ. ખરૂં જોતાં મારે તમને કે કોઇને કાંઈ કહેવાપણું હોવુંજ ન જોઇએ, અને તે પણ કેદ થયા પછી. કેદ થતાં છતાં બહારનાં જગતની સાથે અમુક મર્યાદોમાં સરકાર સંબંધ રાખવા દે છે, એટલે તેનો ઉપયોગ કરી લઉં છું. પણ તે ઉપયોગ કામસર લખવા પૂરતો જ હોવો જોઇએ. અને મારા જેવાને તો આચરીને જ કહેવાપણું હોય. મારા આચરણમાંથી જે કોઇ ન લઇ શકે તે મારા કહેણમાંથી શું લે ? આ સામાન્ય નિયમ થયો પણ એવા કેટલાક આશ્રમમાં છે, કેટલાક આશ્રમ બહાર છે જેઓ મારા આચારને પસંદ કરે છે તેથીજ મારી પાસેથી વધારે સમજવા ઇચ્છે છે, તેવાઓને લખવાનો મારો ધર્મ રહે છે ખરો. એમાં તમે આવી જાઓ છો, પણ એતો તો જ કે જો તમે કાંઈ પૂછો. એથી જ મેં લખ્યું કે જો તમે મને કાંઇ જવાબ ન લખો,

પૂછો નહીં, ચર્ચો નહીં તો મારે લખવાપણું શું હોય ?

તમારો સંકોચ હું જાણું છું; સ્વભાવ પણ જાણું છું. જે સૂઝે તે સેવા યથાશક્તિ કરી છૂટીને મૂંગા રહો છો એ બરાબર જ છે, એ જ શોભે. પણ એવી રીતે જીવન ઘડતાં છતાં એક બીજાને મળવાપણું તો રહે જ છે. આશ્રમમાં રહેવાનો અર્થ જ એ છે કે આપણે એક સમાજ થઈને રહીએ, એટલે સાથે મળીને રહીએ, સાથે મળીને ખાઈએ, બેસીએ, કામ કરીએ, વિચારીએ આ અર્થ જમતી વખતે જે મંત્ર આપણે બોલીએ છીએ તેનો છે. થોડી ઘણી સંઘશક્તિ પશુમાં પણ રહેલી છે પણ મનુષ્યમાં એ અમર્યાદિત છે અને અમર્યાદિત હોવી જ જોઈએ. કેમકે મનુષ્યનો ધર્મ જીવમાત્રની સાથે અદ્વૈત એટલે ઐક્ય સાધવાનો છે તે સંઘમાં રહેતાં ન આવડે તો સાધી શકે જ નહીં, તેથી તમારે જેમ તેમ કરીને આ સંઘશક્તિ મેળવવી જ રહી, અને તેથી હમણાં ઘણા કામોને અંગે એકસંઘ રૂપે ભેળાં ન થાઓ તો પણ મારી પાસેથી કાગળ મેળવવા પૂરતાં અને તેનો જવાબ આપવા પૂરતાં તમે મળો તો તેમાંથી આગળ જઈ શકાય. બાકી છૂટક છૂટક જે બહેન લખે છે તેને તો હું લખ્યાં જ કરૂં છું. પણ બહેનો માત્રને ઉદ્દેશીને લખવાની પ્રથા પડી ત્યારથી એ સમજાયું કે બહેનોના સંઘને અંગે મારે કાંઈકને કાંઈક લખવું, એ બહેનોએ ચર્ચવું અને એમાંથી જે પ્રશ્નો ઉભા થાય તેને વિષે મારે લખ્યાં કરવું. મને લાગે છે કે હવે હું જે કહેવા ઇચ્છું છું અને તમારી પાસેથી માગું છું એ સ્પષ્ટ થઈ ગયું છે. આ તો મારા કાગળની પસ્તાવના થઈ કહેવાય. ૦ ૦ ૦ ૦ ૦ બહેને એક પ્રશ્ન ઉઠાવ્યો છે તે બધી બહેનોને લગતો છે એટલે આજે તો એ ચર્ચું છું. એ પૂછે છે. “બહેનો (એટલે આશ્રમની નહીં પણ તેના અનુભવમાં આવેલી) મુડદાલ જેવી કેમ લાગે છે, એનામાં કેમ કાંઈ હોંશ નથી હોતી ?” જો કે બધી બહેનોને સારૂ આ અનુભવ લાગુ નહીં પડે છતાં...બહેનના અનુભવમાં તથ્ય છે. હું શોધી શક્યો છું તે કારણો આ છે. (૧) બહેનોનું અવ્યવસ્થિત જીવન (૨) ચિંતામયજીવન (૩) બચપણથી દોષિત ઉછેર (૪) વૈદકશાસ્ત્રના નિયમોથી વિરૂધ્ધ એવા સુવાવડ વખતેના ઉપચારો (૫) વ્યાયામનો અભાવ (૬) આરોગ્યને હાનિકારક હોય એવો ખોરાક (૭) ઘરમાં ભરાઈ રહેવાની ટેવ (૮) ન ખાવાનું ખાવાની ટેવ (૯) ઘણીવાર વિચાર વિકાર અને તેની ઉપર જ્ઞાનમય અંકુશ મૂકવાને બદલે બાહ્ય બળાત્કાર.

મારી નજરે આટલાં કારણો આવ્યાં છે. બધાયને બધાં કારણો લાગુ પડે છે એમ કહેવાનો ઉદ્દેશ નથી. સૌ બહેનોએ પોતાની મેળે પોતાને લાગુ પડતાં કારણો શોધી લેવાં જોઈએ. એક મોટામાં મોટો દોષ બહેનોમાં જોયો છે તે પોતાના વિચારો આખા જગતથી છૂપાવવાનો છે, તેથી તેનામાં દંભ આવી જાય છે અને અસત્ય જેનામાં ઘર કરે તેનામાંજ દંભ આવી શકે છે. દંભના જેવી ઝેરી વસ્તુ આ જગતમાં હું કાંઈ જાણુતો નથી અને તેમાં પણ હિન્દુસ્થાનની મધ્યમ વર્ગની સ્ત્રી જે સદાય દબાયેલી રહે છે તેનામાં દંભ આવે છે, એ તો તેને કાનખજૂરાની માફક કોતરી ખાય છે. ડગલે ને પગલે પોતાને ન ગમતું હોય એવું જ કહે છે અને કરવું પડે છે એમ તે માને છે. જરાક સમજી લે તો તે જાણે કે આ જગતમાં કોઈથી દબાવવાનું તેને કારણ નથી. તે જેવી છે તેવી આખા જગતની પાસે હિમ્મતપૂર્વક ઉભી રહેવાને તૈયાર થાય અને આ પહેલો પાઠ શીખી લે તો બીજા કારણો મેં જે બતાવ્યાં છે તેને પહોંચી વળે.

મારી દૃષ્ટિએ આ બહુ અગત્યનો કાગળ મેં લખ્યો છે એને ફરી ફરી વિચારજો તેમાંથી જે કાંઈ ન સમજાયું હોય તે પૂછજો. એ ત્રણવાર વાંચી જશો તો સહેલાઈથી સમજાઈ જાય એવો કાગળ છે.

બોધામૃત

હૃદયને હલાવનારાં બાપુના સૂત્રરૂપ વચનો—અનેક યુગો માટે અમર રહી જશે. અહીં તો એ મહાસાગરમાંથી થોડાંક જ બિંદુઓ એકઠાં કર્યા છે. બાપુની સાથે રહેનારા, તેમની લગોલગ જવાનું ભાગ્ય પામનારા આપણા કાન ઉપર આવાં વચનો અનેકવાર અથડાયાં હશે. કેટલા ગણ્યાંગાઠયાંમાં એ વાસો કરી બેઠાં હશે! અનેક કોટીમાંના કેટલા વિરલનાં જીવનમાં એ માંસ, રૂધિર અને આત્મા થઈ ગયા હશે! એ વિરલ વિભૂતિઓ તરશે અને તારશે, બાકી બીજાઓનાં નામતો સમુદ્ર કાંઠેની અગણિત છીપલીઓની જેમ રેતીમાં રખડતાં હશે, અને તેનો કોઈ ભાવે નથી પુછવાનું.

થોડાસા ઝુઠ ભી મનુષ્યકા નાશ કરતા હૈ જૈસે દૂધકો એક બૂંદ જહર ભી.

*

સહી ચીજ કે પીછે વક્ત દેના હમકો ખટકતા હૈ, નિકમ્મી કે પીછે ખુવાર હોતે હૈં ઔર ખુશ હોતે હૈં.

*

સંતોંકી વાણી સુનો, શાસ્ત્ર પઢો, વિદ્વાન હો લો, લેકિન અગર ઈશ્વર કો હૃદયમેં નહીં દિયા તો કુછ નહીં કિયા.

*

મુક્તિ તો હમ સબ ચાહતે હૈં, લેકિન ઉસકા અર્થ ઠીક ઠીક હમ શાયદ નહીં જાનતે હૈં. એક અર્થ તો યહ હૈ કિ જન્મ મરણસે છુટકારા પાના.

*

ભક્ત કવિ નરસૈંયો કહતે હૈં હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમ જનમ અવતાર રે' ઇસ દૃષ્ટિસે દેખેં તો મુક્તિ કુછ ઔર રૂપ લેતી હૈ.

*

અનાસક્તિ કી પરાકાષ્ઠા ગીતાકી મુક્તિ હૈ, ઔર વહી અર્થ હમ ઇશોપનિષદ કે પહલે મંત્ર મેં પાતે હૈં.

*

અનાસક્તિ કૈસે બઢે? સુખ ઔર દુઃખ દોસ્ત ઔર દુશ્મન, હમારા ઔર દૂસરોંકા,– સબ સમાન સમજને સે અનાસક્તિ બઢતી હૈ. ઇસલિયે અનાસક્તિ કા દૂસરા નામ સમભાવ હૈ.

*

સૂક્તિસુધા

જગતના અવતારી પુરુષોની ધર્મવાણી આપણે દરેક ધર્મના પવિત્ર ગ્રંથોમાંથી સાંભળતા આવ્યા છીએ. એ હજારો વર્ષ પુર્વે ઉચ્ચારેલી દિવ્ય અને મધુર વાણી હજુ પણ કેટલી પ્રેરણાત્મક છે? એ ધર્મવાણી 'સૂકિતસુધા'ને નામે દર અંકમાં પ્રસિદ્ધ થશે.

બીજો દ્વારપાળ: વિચાર

વસિષ્ઠજી કહે છે: હે રામ! શાસ્ત્રજ્ઞાનથી નિર્મળ થયેલી પરમ પવિત્ર બુદ્ધિ વડે શાસ્ત્રકુશળ ગુરૂની સાથે મનુષ્યે હમેશાં આત્માનો વિચાર કરવો જોઇએ. વિચારથી જ બુદ્ધિ તીક્ષ્ણ બનીને પરમ પદ જોઇ શકે છે. 'સંસારરૂપી આ દીર્ઘ રોગનું પરમ ઔષધ વિચાર જ છે. વિચારથી બુદ્ધિ અશુભ તજીને તરત શુભ તરફ વળે છે. યોગ્ય શું અને અયોગ્ય શું તે દર્શાવી આપનાર મહા દીપક સમાન, તથા ઇચ્છિત અર્થને સાધી આપનાર સદ્દવિચારનો આશ્રય લઇને, સંસાર સાગર તરવો જોઇએ. હૃદયમાં રહેલ વિવેક વગેરે કમળોને છુંદી નાખનાર મહા–મોહરૂપ મદમત્ત હાથીઓને વિચારરૂપી કેસરી ચીરી નાખે છે. રાજ્યો, ભોગો, ઉજ્જવળ સંપત્તિઓ અને શાશ્વત મોક્ષ, એ બધાં વિચારરૂપી કલ્પવૃક્ષનાં જ ફળ છે. મોટા પુરુષોની વિવેક વડે ઉજ્જવળ બનેલી બુદ્ધિઓ, પાણીમાં તુંબડાં ડૂબે નહીં, તેમ વિપત્તિમાં ડૂબતી નથી. વિચારનો ઉદય કરનારી બુદ્ધિ વડે જેઓ વ્યવહાર કરે છે, તેઓ ઉત્તમ ફળોનું પાત્ર બને છે. [૧૪/૧–૧૨]

હે રામ! અવિદ્યારૂપી નિદ્રા ભ્રાંતિ આદિ અનેક દોષો ઉત્પન્ન કરે છે. બાળકનાં મૂઢ મનમાં જેમ ખોટાં ભૂતો ઉભા થાય છે, તેમ વિચાર રહિત મૂર્ખ પુરુષોનાં મનમાં વજ્ર જેવા મિથ્યા સંસારનો ઉદય થાય છે, વિચાર વિનાનો અધમ પુરુષ દુ:ખની મોટી કેડી સમાન છે. અંધારામાં જેમ કેટલાંય ભૂતપ્રેત જોવામાં આવે છે, તેમ વિચાર ન કરવાથી કેટલીય દુષ્ટ પ્રવૃત્તિઓ દુષ્ટ આચારો, અને દુષ્ટ ચિંતાઓ ખડી થાય છે. આ જગતના સઘળા મિથ્યા પદાર્થો અવિચારથી જ સુંદર લાગે છે; તેઓ વિચારરૂપી શિલા ઉપર અફળાતાં ઢેફાની પેઠે શીર્ણ–વિશીર્ણ થઇ જાય છે. વિચારરૂપી ચમત્કાર પરમાત્મા રૂપ જ છે. મહા આનંદ સાધવાનો તે એક માત્ર ઉપાય છે. તેને એક ક્ષણભર પણ તજવો નહીં. અવિચારથી જેણે પોતાનો નાશ કરેલો છે, તે પુરુષ જેવું રૂદન કરે છે, તેવું રૂદન વિચાર યુક્ત માણુસ, મહારોગો કે સેંકડો અનર્થોથી હણાવા છતાં, કરતો નથી. કાદવમાં દેડકા રૂપે જન્મવું સારૂં, નરકમાં કીડારૂપે અવતરવું સારૂં, આંધળા સર્પનો અવતાર આવવો સારો, પણ અવિચારી મનુષ્યનો જન્મ સારો નહીં. અવિચાર એ સર્વ અનર્થોનું એક માત્ર સ્થાન છે. [૧૪/૧૫–૪૭]

હે રામ! "હું કોણ છું, મને સંસાર નામનો આ દોષ કેવી રીતે લાગ્યો"—એ પ્રકારે શાસ્ત્ર તથા ગુરૂએ નિર્દેશેલ માર્ગે સુક્ષ્મ છણાવટ કરવી તેનું નામ "વિચાર" છે. વિચારથી તત્ત્વ સમજાય છે, તત્ત્વ સમજાતાં મન નિશ્ચલ થાય છે, મન નિશ્ચલ થતાં શાંતિ પ્રાપ્ત થાય છે, અને શાંતિ પ્રાપ્ત થતાં સર્વ દુ:ખનો ક્ષય થાય છે. [૧૪/૪૯–૫૩]

હરિ ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

અંધારાં

ગુરુદયાલ મલ્લિક

(એક કરુણ સત્ય ઘટના)

ઉનાળાના દિવસો હતા. દિલ્હીનો ઉનાળો એટલે લુહારની ભઠ્ઠી. સૂર્ય પોતાની બધી શકિત એકઠી કરીને પૃથ્વીને બાળી નાખવી હોય એ નિશ્ચયથી તે આજે પોતાનાં કિરણો ફેંકી રહ્યો હતો. તે વખતના મધ્યાહ્નને એકવારનું સુખી પંજાબી કુટુંબ કોઇનાય આધાર વિહોણું ક્યાંક આશરો શોધતું ભટકતું હતું.

રસ્તો પણ નિરાશ્રિતોની જેમ ઝાડ વગરનો નિરાશ્રિત હતો. તેથી તે પણ તે નિરાશ્રિત કુટુંબને રાહત આપવાને બદલે હેરાન કરી રહ્યો હતો. અને વાદળાં યે સૂર્યના તાપથી ડરીને સંતાય ગયાં હતાં.

આમ ચારે તરફથી ક્યાંય કોઇપણ જાતનો આશરો કે વિશ્રાંતિ આ કુટુંબને મળતો નહોતો. ઈશ્વર ખરી કસોટી કરી રહ્યો હોય એમ લાગતું હતું. છતાંય આ ત્રણ માણસનું કુટુંબ–ડોસીમા, વહુ અને દિકરી—કંઇક આશાના તાતણે ધીમાં પગલાં પાડતું નવી દિલ્હી તરફ નજર નાખતું જઇ રહ્યું હતું.

કેટલાંય વખતથી આ ત્રણે પર શાંતિએ પોતાનું સામ્રાજ્ય જમાવ્યું હતું. ત્યાં એક નાનકડું ગલૂડિયું રસ્તાપરથી પસાર થયું ને ડોસીમાની નાનકડી બેટીએ શાંતિનો ભંગ કર્યો. વિસારે પાડેલી સ્મૃતિનાં પડો ઊથલાવતી બોલી ઊઠી. હેં, મા! આપણો કુતરો અત્યારે શું કરતો હશે ? તેને કોણ ખવડાવતું હશે ? આપણે તો બધું છોડીને ચાલી આવ્યાં. હવે તેને કોણ સંભાળતું હશે ? કોઇએ મારી તો નહિ નાખ્યો હોય ને ? દુશ્મનીના દાવાદળથી સળગેલા પાડોશીઓએ મારા પિતાશ્રી અને વહાલાં ભાઇઓને મારી નાખ્યા, તેઓએ તો કુતરાને મારી નહિ નાખ્યો હોય ને ? ના, ના. કુતરાં થોડાં હિન્દુ કે મુસલમાન હોય છે ! હેં મા, મનુષ્ય કરતાં આ પશુઓ ઉંચા નહિ ? કે જેઓ નાતજાત કશું ય સમજતાં જ નથી. ઇશ્વરે આપણને બુધ્ધિ આ રીતે નાતજાતના ભેદો પાડવા માટે આપી હશે ! કેમ મા, બોલતી નથી ?

દિકરીની બાલ સહજ છતાં બુધ્ધિયુકત વાતોથી માની આખમાં આંસુઓની ધારા વહેવા માંડી અને સખત ગરમીમાં ઠંડક રૂપે એ ધારા આશ્વાસન રૂપ બની ગઇ. પણ વિધવા વહુને દબાયેલી સ્મૃતિઓએ વલોવી નાંખી. અને પ્રખર સૂર્યના તાપથી એની આંસુની ધારાઓ સૂકાઇ ગઇ અને બેભાન થતાં જમીન પર ફસડાઇ પડી.

મા અને દિકરી આ જોઇ કંપી ઉઠયાં. બહાવરાં બનીને માએ વહુનું માથું ખોળામાં લીધું, દિકરી પગ પાસે બેસી પગ ઘસવા લાગી. થોડી ક્ષણ બાદ વહુએ શુધ્ધિમાં આવતાં આંખો ખોલી ત્યારે મા ધીર ગંભીર અવાજે બોલી. 'બેટા, હિમ્મત રાખ, આમ નરમ થયે હવે પાલવે એમ નથી. આપણે ત્રણે

એક બીજાના આશરા રૂપ છીએ. હવે કોણ આપણું રહ્યું છે કે જેની તરફ આપણે મીટ માંડી શકીએ. જે હતું એ બધું ચાલ્યું ગયું છે. હવે તો આપણે આપણા પોતાના પગ પર ઉભવાનું છે. માટે મારી વહાલી, દિલને દૃઢ રાખ.'

દિકરી બોલી ઉઠી. 'મા, તું આ શુ બોલી રહી છે ? શું હવે આપણો કોઇ આધાર જ નથી રહ્યો ? ઈશ્વર પણ નહિ ? ગાંધીજી તો પોતાની પ્રાર્થનામાં વારંવાર કહેતા હતા કે બધાંનો અને વિશેષ કરીને નિરાશ્રિતોનો આધાર અથવા આશરો તો એક ભગવાન જ છે. એ તું શું ભૂલી ગઇ ? '

એની ભાભી વચ્ચે જ ચીડાયેલા સ્વરમાં બોલી ઊઠી. 'ભગવાન ? ભગવાન ? ભગવાન કયાં છે ? જો ભગવાન હોય તો આ બધું શા માટે થવા દે. પોતાનાં બાળકોને આમ દુઃખી થતાં કયો માબાપ આ જોઇ શકે ! જેણે કોઇનું કદિ જરાય બગાડયું નથી, એને શા માટે આ દુઃખના દરિયામાં તણાવું પડે છે ? ઘર ગયું, ઘરવાળો ગયો, અને ચીંથરેહાલ લપાતાં છૂપાતાં પરધર્મીઓનાં હાથમાંથી છટકતાં ભાગી નીકળ્યાં. શું જેઓ નિર્દોષ, શ્રદ્ધાળુ હોય એની જ ભગવાન પરીક્ષા કરે છે ? ઓ મા, મને કશું જ સમજાતું નથી. કે ભગવાન આ દુનિયામાં કે બીજે કયાંયે વસે છે.

બુઢ્ઢીમાએ વહુને સોડમાં લીધી અને માથે પ્રેમથી હાથ ફેરવતી બોલી. 'બેટી, જ્યારે એક ઘરમાં આગ લાગે છે અને પવન ફૂંકાય છે ત્યારે આગ બાજુબાજુનાં બધાં ઘરોને પોતાના બાહુપાસમાં લઇ લે છે ને ભસ્મિભૂત કરી નાખે છે, ખાક કરી નાખે છે. તેમ આપણે મનુષ્ય જાતિ પણ એક બીજાની સાથે એક જ સૂત્રમાં બંધાયેલા છીએ તેનું આ પ્રમાણ મળે છે. અત્યારે આપણે એવાં આંધળાં બની ગયાં છીએ કે હમણાં તો કશું જોઈ શકવાનાં નથી. જ્યારે આંખ ખૂલશે ને જુદાઇનાં આ ઝેરની ખબર પડશે ત્યારે બધાં પોતાનાં પાપથી પસ્તાશે અને માથાં પછાડી ઇશ્વરનું શરણું લેશે.

અથડાતું કૂટાતું ચીંથરેહાલ બનેલું એ કુટુંબ એક નાનકડું ઝાડ આવતા હાશ કરીને બેઠું. જાણે કે પોતાનાં ઘરે ન આવ્યું હોય એ જાતનાં શ્વાસો ખેંચ્યાં અને જમીન પર ઢળી પડયું. અને બધાં દુઃખોને ભુલાવનારી સુખની રાણી નિદ્રાએ એ ત્રણેને પોતાના ખોળામાં લીધાં.

ઉંઘનાં ઘેનમાં છોકરી ભૂખની બૂમો પાડતી બબડતી હતી. ત્યારે એક મુસલમાન ખેડૂત શાક અને ફળોનું ભરેલું ગાડું હાંકતો શહેર તરફ જઇ રહ્યો હતો. તેનાથી આ દૃશ્ય ન જોવાયું. નીચે ઉતરી થોડાં ફળો અને શાક એક બાજુ પર ધીમેથી મૂકી જાણે કોઇનાં પાપો ધોતો હોય તેવી લાગણીથી પોતાનાં ગાડાં પર જઇ બેઠો અને બળદોને ડચકાર્યાં.

એ ત્રણ કલાક પછી જ્યારે ત્રણે ઉઠયાં ત્યારે છોકરી બોલી ઉઠી, મા, અરે ભાભી, જો આપણો ઇશ્વર હજુ જીવે છે. 'આવા સુંદર ફળો તેના સિવાય બીજું કોણ મૂકી જાય ? મા, ગાંધીજીનાં ભાષણમાં તને હવે તો વિશ્વાસ આવશે ને ? કે આપણો આધાર તો પ્રભુ જ છે. અને ભાભી, હવે તો તું યે માનીશ ને કે ભગવાન આ દુનિયામાં જ વસે છે. ચાલો એ પ્રભુનાં મોકલાવેલાં ફળો પ્રેમથી ખાઇએ.

આખરે આ નાનકડું કુટુંબ કંઇક મુશ્કેલીઓ અને યાતનાઓ વેઠતું છેવટે દિલ્હીની એક નિરાશ્રિત છાવણીમાં પહોંચ્યું. છાવણીના મુખ્ય સંચાલકે ડોસીમા તરફ ન જોતા વહુ અને દિકરીનાં રૂપમાં નહાવા લાગ્યો, અને બોલ્યો, 'રહેવાના ૧૦૦ રૂપિયા પડશે. અથવા આ છોકરીમાંથી એકને મૂકતાં જાઓ તો બધી સગવડતા સુંદર રીતે કરી આપીશ.

જેટલી વિનવણીઓ અને આજીજીઓ સભ્ય અને માયાળુ ભાષામાં થઇ શકે તેટલી ડોસીમાએ પેલા સંચાલકને કરી પણ જ્યાં વાસના સ્વાર થઇ હોય ત્યાં દુઃખીઓના ધબકારા સંભળાતા નથી હોતા. નિરાશ અને તૂટેલાં હૃદયે વહુ અને બેટીના ખંભે હાથ મૂકીને ડોસીમા બીજા આશરાની શોધમાં ચાલી નીકળી ત્યાં એક જુવાને આવી ડોશીમાને જરા દૂર

જઇને કહ્યું. 'આજી, તમે હવે કયાં ભટકશો ? રૂપિયા આપી દો. ખાવાપીવાનું મફત મળશે. રહેવાની સગવડતા મળશે. તમને શું કહીએ, છાવણીના મુખી જે કહે તે મૂંગે મોઢે અમે સહન કરીએ છીએ'.

પણ ડોસીમા તેનું કંઇ ન સાંભળતાં અકથ્ય વેદના સમાવતાં આગળ પગલાં ભરવાં મંડયાં સૂર્ય પણ છાવણીના સંચાલકનાં કામોથી શરમાઇ ગયો. પોતાનાં તેજથી બધું બાળી નાખવાની શક્તિ છતાં પણ આ દુષ્કર્મોને નથી બાળી શકતો એ ખ્યાલથી શરમીંદો બની, નિસ્તેજ બની, ક્ષિતિજમાં સમાઇ ગયો. અને ચારે બાજુ અંધકાર વ્યાપ્યો.

આવી સંધ્યાના સમયે છાવણીથી દૂર ડોસીમા અને તેનાં વહાલાં પંખીડાંઓએ એક ઝાડની છાયામાં આશરો શોધ્યો. વહુ અને બેટી થાકીને લોથ થઇ ગયાં હતાં. ડોસીમા બોલ્યાં, "વહુ, બેટા, તમે બંને જરા બેસો હું હમણાં ક્યાંયથી ખાવાનું શોધીને લાવું છું. ડોસીમા થોડે દૂર એક દુકાનમાં ગયાં. પોતાના પતિએ લગ્ન પ્રસંગે આપેલી વીંટી આંગળી પરથી ઉતારી. ઉતારતાં જાણે પોતાનું જીવન ઉતારી રહી હોય એમ એને લાગ્યું. વીંટી વેંચી, ખાવાનું લઇને, વહુ બેટી પાસે આવીને, ખાવાનું આપ્યું. વહુ બોલી. "મા, તું ખાય તો જ અમે ખાઇએ." ખૂબ રકઝક પછી માએ થોડું ખાધું.

અંધકાર વધુ ગાઢ બનતો હતો ઝાડની છાયા તળે ત્રણે જણા સૂતાં. પણ માને શાની ઊંઘ આવે ? એનું પવિત્ર હૃદય વલોવાતું હતું. એક ચિઠ્ઠી લખી. સાથે વધેલા ૯૦ રૂપિયા બાંધ્યા અને ડોસીમા અંધકારમાં મળી ગયાં.

સૂર્યનાં કિરણોએ આજે નક્કી કર્યું હતું કે મારા સખત તાપથી છાવણીના સંચાલકનાં પાપો બાળી નાખવા. તેથી તેણે ઉગતાની સાથે ખૂબ ઉગ્રતા ધારણ કરી. એ ઉગ્રતાના તાપથી નણંદ ભોજાઇની આંખ ખૂલી. પણ મા ન દેખાઇ. "ભાભી, મા કયાં ?" ભાભી બોલી હમણાં આવશે.

હમણાં આવશે, હમણાં આવશેનાં પરસ્પર આશ્વાસનમાં જ એક કલાક વીતી ગયો. ત્યાં ભાભીની નજર જરા દૂર ચિઠ્ઠી પર પડી. "બેન આ શું ? શેની આ ચિઠ્ઠી ?" બંનેએ ચિઠ્ઠી વાંચી. એ ચિઠ્ઠી વાચ્યા પછી એ બંનેને શું થયું, અને એ બંનેનું શું થયું; એ કહેવાની મારી શક્તિ નથી તેમજ મારી ઇચ્છાએ નથી. ફક્ત હું એટલું જ કહીશ કે જ્યારે આ ચિઠ્ઠી વંચાતી હતી ત્યારે નદીના કિનારા પર એક લાશ ઢસડાઇને આવતી હતી, સુર્યનાં કિરણો પેલા સંચાલકનાં પાપો બાળવામાં મસ્ત બન્યાં હતાં અને દૂર એક ફકીર નીચેનું ગીત ગાતો ત્યાંથી પસાર થતો હતો.

"જુદાઈ ઝહર હૈ સુન મેરે યાર,
વહ હૈ કાલા સાંપ, દે ઉસકો તું માર.
જબ ભી કહીં ઝગડતે હૈં દો ભાઈ,
ઉનકી જુદાઈ, પ્રભુકા દિલ હૈ દેતી ફાડ."



બાળકોના સહવાસમાં બાપુ જે આનંદ મેળવી શકતા હતા તેવો ભાગ્યે જ બીજા કોઇના સહવાસમાં મેળવતા. યરવડા જેલમાં હતા ત્યારે પણ દર અઠવાડિએ એકવાર આશ્રમનાં તેમનાં 'વહાલાં પંખીડાં'ને તેઓ અચૂક કાગળ લખતા. ત્યાં બેઠા બેઠા પણ ઝીણી ઝીણી વસ્તુઓ પર પત્રો દ્વારા ધ્યાન ખેંચે. બીજા બાળકોને પણ એમાંથી બોધપાઠ મળશે એમ ધારી દર અંકમાં આ અપ્રગટ પત્રો ક્રમશઃ પ્રસિદ્ધ કરશું.

બાળકાશ્રમને બાળકો,

તમે બધાં કે ઘણાં નોટબુકનાં પાનાં ઉપર કાગળ લખો છો એ બરોબર નથી. તેમાં નુકશાન છે ને અણઘડતા છે. લખવાના નોખા કાગળ ઉપર લખવું જોઇએ.

પ્રાર્થનામાં હજું જેને ઉંઘ આવતી હોય તે સંકોચ રાખ્યા વગર ઉભા થઈ જાય. બેઠાંબેઠાં પણ એકબે પ્રાણાયામ કરી નાખે તો ઉંઘ ઉડી જાય. ઉંઘતો માણસ પ્રાણાયામ કરી જ ન શકે.

મધપૂડા માસિક વિષે અહીંથી ન લખી મોકલાય એ હું લખી ચૂકયો છું.

આશ્રમનાં બાળકો માટે મોટપણમાં સેવાનો આદર્શ મેં કલ્પ્યો છે. તેનું સેવા ક્ષેત્ર જે તેને ઈશ્વર ઉપર વિશ્વાસ હશે તે જ નીમશે. ને જ્યાં મૂકશે ત્યાં શોભી નીકળવા જેટલી શકિત તેને આપી દેશે. ભક્તના યોગ ક્ષેમનો બોજો ઈશ્વર ઉપાડે છે. (ગીતા ૯–૨૨, ૧૦–૧૦) તમારૂં અક્ષરજ્ઞાન ધીમે ધીમે પણ વધી જ રહ્યું છે, જેને શોખ છે તે હજુ વધારી શકે છે. તમારી બુદ્ધિ તો પ્રત્યેક મહેનત, પ્રત્યેક કામ સમજ પૂર્વક કરો તેટલે અંશે તેજસ્વી થાય. અક્ષરજ્ઞાન લેતાં છતાં મૂઢ પણ રહે. આ બરોબર ન સમજાયું હોય તો મને ફરી લખજો. જે ચાલે છે તેથી મનમાં પણ અસંતોષ ન રાખજો. આટલું કરજો. પ્રત્યેક કામ જે તમારે હાથ આવે તે બુદ્ધિ પૂર્વક કરજો. પાયખાનું સાફ કરવામાં પણ બુદ્ધિની બહુ જરૂર છે. તે કેમ એ ન જાણતા હો તો લખજો.

બાપુના આશીર્વાદ

112373



ગાંધી ગુરુ

ગુરૂદયાલ મલ્લિક

“ કળા એટલે શું ?”

એકવાર એક અધ્યાપકે પોતાની આજુબાજુ વીટળાએલાં બાળકોને પૂછ્યું. સૌથી નાના બાળકે જવાબ આપ્યો. “કળા એટલે કાળ, આ.”

“ અને સુંદર એટલે શું ? ”

“જેનાથી અંદર સુ થાય એટલે સુંદર”

આ નાના બાળકના આ બે જવાબમાં કળાનું રહસ્ય સમાયેલું છે.

એક કળાકાર અમુક મૂર્તિ બનાવે છે. એની પાછળ એનો શો ઉદ્દેશ હોય શકે? ફક્ત એક જ કે જે વસ્તુ અથવા વ્યક્તિ કાળમાં વસે છે એને આવ્હાન કરે છે, નોતરે છે. અર્થાત એની અંદર જે સત્ય છે એને રૂપ આપીને અમર બનાવે છે, આકર્ષિત બનાવે છે. જેમ એક માનાં દિલમાં પોતાનાં શિશુ માટે પ્રેમ તો ભરેલો જ હોય છે. પણ અદૃશ્ય રૂપે. જ્યારે બાળક જોઇને એનો પ્રેમ ઊભરાય આવે છે અને એ બાળકને બચ્ચી ભરી લે છે ત્યારે તે બચ્ચીમાં પ્રેમને માએ રૂપ આપ્યું.

કળાકાર પોતાની કૃતિને શા માટે સુંદર બનાવે છે? એની પાછળ પણ કેવળ એક જ વસ્તુ હોઇ શકે કે પોતાની સુંદર કૃતિ જોઇને પોતાનું અંતર સુંદર બને. નહિ તો એ સૌંદર્ય એટલું ક્ષણિક બની જાય જેવી રીતે સુંદર ફટાકડામાં ચિનગારી ચાપીએ ને રાખ થઇ જાય.

ગાંધીજીનો જીવનમંત્ર હતો સત્યમ્, શિવમ, સુંદરમ્, અને ગુરૂદેવનો સુંદરમ્, શિવમ, સત્યમ્. પણ બંનેનો મેળાપ થયો શિવમ્‌ના તિર્થંધાટ પર.

પ્રભુ તો ત્રિમૂર્તિ છે. અથવા કહો કે એના ત્રણ આકારો છે. સત્યમ્–શિવમ્–સુંદરમ્. એટલે મનુષ્ય સત્યનો ઉપાસક હોય કે શિવમ્‌ના હોય કે સુંદરમ્‌નો. આખરે તો પ્રભુને પામે છે.

ગાંધીજીને કુદરતની કળા બહુ ગમતી હતી અને ગુરૂદેવને પણ. ગુરૂદેવને માણસની બનાવેલી કળા જો કૃતિ સુંદર રીતે બનાવેલી હોય તો ગમતી હતી. એમનો વિશ્વાસ હતો કે સૌંદર્ય દ્વારા માણસનું દિલ એક અજબ રીતે, ધીરે ધીરે શિવમ્‌ને ઓળખવાનું અને એને પોતાનાં જીવનમાં ઉતારવાનું શીખી લે છે.

ગાંધીજી જ્યારે કળાકારની સુંદર કૃતિ જોતાં તો સૌથી પહેલાં એમનાં દિલમાં એ પ્રશ્ન ઉઠતો કે આનું પ્રયોજન શું? શું આ કૃતિ મને મારા જીવનને વધારે ઉજજવળ બનાવવામાં મદદગાર થઇ શકશે? પણ આનો અર્થ એ નહિ કે જો ગાંધીજીએ શાલીગ્રામની સરસ પત્થરની મૂર્તિ જોઇ હોત તો તેઓ એવો પ્રશ્ન પૂછત કે શાલીગ્રામનો શો ઉપયોગ? શું હું એનાથી મસાલો વાટી શકીશ?–નહિ, તેઓ શાલીગ્રામની મૂર્તિનું સૌંદર્ય જોઇને તેમાં શાલીગ્રામનું ધ્યાન ધરી શકત અને તે દ્વારા પોતાનું જીવન વધારે ઉજજવળ કરી શકત. ને તેમના માટે એ મૂર્તિ સુંદર ગણાત.

આ રીતે ગાંધીજી અને ગુરૂદેવે કળાની જે એ બાજુ છે–સૌંદર્ય અને ઉપયોગિતા એ બંનેનો સમન્વય કર્યો.

એક બીજી રીતે પણ તેઓએ એવો સમન્વય કર્યો. કળાનો વિષય જીવન છે અને જીવનનો વિષય કળા છે. અથવા જીવન એટલે અમુક આદર્શો અથવા સત્યો. તે આદર્શો અથવા સત્યોને કોઇ પણ રીતે જ્યારે પોતાનાં જીવનમાં ઉતારે છે ત્યારે એ કળાકાર બની જાય છે. એટલા માટે ગુરૂદેવ ભાર મૂકીને વારંવાર એમ કહેતા કે કળા જીવન છે. અને ગાંધીજી કહેતા જીવન કળા છે. અથવા તેઓ દરેક જીવનની કૃતિમાં કળાનું કૌશલ્ય, સૌંદર્ય અને કંઇક શુભ છે તે ત્રણેનો સમાવેશ થયેલો જોવા ઇચ્છતા.

ગુરૂદેવની એક કવિતા જે ગીતાંજલિમાં છે તે યાદ આવે છે. સાંજનો સમય હતો. ગામડાંની એક નવવધુ એક દીવો લઇને નદી કાંઠે જઈ રહી હતી. રસ્તામાં ઘોર અંધારૂં હતું. રસ્તા પર ચાલનાર પથિકોએ તે વધુને પ્રાર્થના કરી કહ્યું અમને જરા દીવો બતાવો જેના પ્રકાશથી અમે રસ્તાપર બરાબર ચાલી શકીએ. વધુએ જવાબ આપ્યો. આજે નહિ, આજે આ મારો દીવો હું જે જ્યોતિર્મય છે, જે તારામંડળ આકાશમાં એક કંઠમાળા રૂપે છે એને જ અર્પણ કરવા નદીને કાંઠે જાઉં છું. ને મારાં નાનકડાં દીપકને નદીમાં હું એ તારાઓની છાયા તળે વહેતો મૂકીશ.

કળાનો અંતિમ અને શ્રેષ્ઠ ઉદ્દેશ પ્રભુને સર્વસ્વ અર્પણ કરવાનો છે. પણ અર્પણ કરતાં પહેલાં જે કાંઇ માણસને સત્ય, સુંદર અને શિવ લાગે છે એનું ધ્યાન કરવું પડે છે, લીન થવું પડે છે. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિનું ધ્યાન કરવું એટલે એના વારંવાર ગુણ ગાવા.

તેથી જ તો રસ્કીને એક જગ્યાએ કહ્યું છે. "All art is praise" બધી કળા પ્રસંશા કરે છે.

જે જીવનમાં સર્વશ્રેષ્ઠ છે. પવિત્ર છે એની દરેક સાચો કળાકાર પોતાની કૃતિદ્વારા પ્રશંસા કરે છે.

ગાંધીમાળા

મણકો-૧ લો-રેંટિયો.

પૂજ્ય બાપુના બધા લેખોના સંગ્રહમાંથી વીણેલાં મોતીઓને શું નામ આપવું ? મોતીઓનો તો હાર જ સુંદર લાગે ને ? તો આપણે આને ગાંધીમાળા નામ આપીએ તો ખોટું નહિ ગણાય. આ માળા આપણે શ્રધ્ધાથી ફેરવીશું તો તેમાં આપણે સાચાં સ્વરાજ્યનાં દર્શન કરી શકશું, ગીતાના કૃષ્ણના દર્શન કરી શકશું અને તુલસીદાસજીના રામ પણ આમાંથી જ જડશે. રેંટિયો, સ્વદેશી, અસ્પૃશ્યતા, હરિજન ઉધ્ધાર, હિંદુમુસલમાન ઐક્ય, પ્રાર્થના, બ્રહ્મચર્ય વગેરે આ માળાના મણકાઓ છે. આ બધા મણકા બાપુની દષ્ટિએ સરખા કિંમતી છે. બાપુ આ માળા ફેરવતા જ આપણને રામરાજ્યના દર્શન કરાવવાના હતા, પણ એક વિનાશમય પળ આવીને એ માળા ફેરવનારો ચાલ્યો ગયો. માળા રહી ગઈ. બાપુ પાછળ અંજલીઓ અને આંસુઓનાં ધોધમાં એ માળાને વહેવડાવી ન દેતા એને આપણે ફેરવતા શીખીએ. એ ફેરવવા મહેનતનાં, પરસેવાનાં ટીપાં પાડવા રહ્યાં. માટે ચાલો આપણે આંસુનાં ટીપાં સૂકવીને મહેનતનાં, પરસેવાનાં ટીપાં પાડીને એ માળાને ફરતી રાખીએ.

(૪૭)

"સ્વચ્છાઇથી રોટલો મળી શકે એવા ધંધાનો જે કોમ તિરસ્કાર કરે તે કોમે નાશનો રસ્તો પકડયો એમ સમજવું. કાંતવાની કળા સ્ત્રીઓની ખાસ હોય તો તેનું કારણ એટલું જ છે કે તેમને નવરાશ વધારે હોય છે, નહિ કે તે કળા હલકી છે."

૧૩-૧૧-૧૯૨૧.

(૪૮)

"સ્વદેશી વિના આપણાથી એક પણ ડગલું ન જઇ શકાય એવું મને ભાસ્યા જ કરે છે. તેમાં જ આપણી બધી શક્તિ ખીલી શકે છે. જ્ઞાનપૂર્વક નાશ અને જ્ઞાનપૂર્વક ઉત્પત્તિ તેમાં જ છે, પ્રજાનાં બધાં અંગને કસરત અને તેની પરીક્ષા પણ તેમાં જ છે. પ્રજા આજ લગી એક પણ કાર્યમાં તન્મય નથી થઇ. સ્વદેશીનો સફળ પ્રયોગ તન્મયતા વિના અસંભવિત છે. જે પ્રજા તન્મય થઇ તેને સ્વરાજ હથેળીમાં રહેલા આમળાની માફક છે; અને સ્વદેશી વિના સ્વરાજ આકાશપુષ્પ જેમ સમજવું."

૨૧-૭-૧૯૨૧.

૪૯

"જેણે ખાદી પહેરી લીધી છે તેણે બીજી ખાદી ઉત્પન્ન કરાવવામાં મચી જવું જોઇએ. તેમાં ઢીલ

: કરવી પાપ ગણાશે. જો પ્રજા પરદેશી કાપડનો સર્વથા ત્યાગ કરે તો જરૂર આપણને ખાદી ખૂબ જોઇએ. પરદેશી કાપડનો નાશ કરીએ છીએ કેમકે ખાદીનો ઉપયોગ વધારવો છે; ખાદીનો ઉપયોગ વધારવો છે કેમકે તે દ્વારા આપણે રેંટિયાની પ્રવૃત્તિ વધારી પ્રજાને ઉદ્યોગી બનાવીએ છીએ ને પ્રજાનાં ઝુંપડાંમાં બરકતનો પ્રવેશ કરાવીએ છીએ. પ્રત્યેક હિન્દુસ્તાનીની સરેરાશ વાર્ષિક આવક ૨૬ રૂપિયાની છે તેને બેવડાવવાનો આ સહેલામાં સહેલો રસ્તો છે. બીજો એકે રસ્તો કરોડોને સારૂ છે જ નહિ."

૨૧-૭-૧૯૨૧.

(૫૦)

"જો તમારી પાસે થોડા પણ વખતની બચત હોય તો તમે તે બધો વખત કાંતતાં શીખી લેવામાં, શીખ્યા હો તો સરખો તાર કાઢવામાં અને તેને સરખો વળ આપતાં શીખીને પ્રજાને સારૂ સૂતર પેદા કરવામાં આપજો."

૨૧-૭-૧૯૨૧.

(૫૧)

"સ્વદેશીની સફળતા સારુ આપણે પરદેશી કાપડનો સર્વથા ત્યાગ કરવો રહ્યો ને નવું કાપડ ઉત્પન્ન કરવું રહ્યું. નાશ કરતાં આપણે આજ લગી ડરતા હતા. હવે આપણને રેંટિયારૂપી રત્નચિંતામણી હાથ આવ્યો છે એટલે ઉત્પત્તિનો અકસીર ઇલાજ મળી રહ્યો છે."

૨૧-૭-૧૯૨૧.

(૫૨)

"ત્યાગ વૈરાગ્ય વિના ન ટકે એ અનુભવનું વાક્ય છે. આપણને પરદેશી કપડા તરફ એટલો વૈરાગ, એટલો અણગમો આવવો જોઈએ કે જેવો આપણને કંઇ પણ મેલી વસ્તુ તરફ આવે છે. એવો વૈરાગ પેદા ન થાય ત્યાં સુધી ફરી ફરી આપણું મન જાપાનની સાડી તરફ, માંચેસ્ટરના મલમલ તરફ ખેંચાયાં જ કરશે ને ત્યાં લગી આપણે તેના જેવી ચીજો માગીશું ને ત્યાં લગી તેના જેવી ચીજો આપનારા દગો દઇ તે જ ચીજો આપણને વહોરાવશે. તેથી અત્યારે તો તેના જેવા દુખાવની ચીજોને પણ આપણે ન અડકીએ. રખેને આપણે છેતરાઇ જઇએ એવો ભય આપણને લાગવો જોઇએ. આવો વૈરાગ ઉત્પન્ન થવા આપણને એમ પણ ચોખ્ખું જણાઈ જવું જોઇએ કે આપણી ગુલામીનું મૂળ પરદેશી કાપડ છે. બીજું બધું તેની પાછળ આવ્યું. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની કોઠી કાપડની પાછળ ને કાપડને સારૂ બંધાઈ."

૨૧-૭-૧૯૨૧.

(૫૩)

"આપણે આજે બધી સત્તા મેળવીએ છતાં જો સ્વદેશીને ન સમજીએ, હિન્દુમુસલમાનની એકતાની કિમ્મત ન જાણીએ ને આપણો કારભાર અંગ્રેજી મારફતે ચાલી શકે એવા મોહમાં રહીએ તે સુધારાનો ઉપયોગ આપણી સ્વતંત્રતા છીનવી લેવામાં થઇ શકે એમ હું જોઉં છું. સુધારા સાધન છે, સાધ્ય નથી. સ્વદેશી ઇત્યાદિ સાધન અને સાધ્ય બન્ને છે."

૨-૫-૧૯૨૦

(૫૪)

"સ્વદેશીમાં જ હિન્દની આર્થિક સ્વતંત્રતા અને નૈતિક ઉન્નતિ છે. તેથી હું તો ધારાસભામાં જનાર દરેક મેમ્બર પાસેથી વચન લઉં કે તે હિન્દુસ્તાનના ઉદ્યોગના રક્ષણાર્થે પરદેશી માલ પર જેટલો કર નાંખવો પડે તે નાંખતાં નહિ ડરે."

૨-૫-૧૯૨૦

(૫૫)

"હિન્દુસ્તાનનાં આર્થિક સ્વાતંત્ર્યનો આધાર રેંટિયો અને હાથશાળ પર રહેલો છે. જ્યાં આર્થિક સ્વતંત્રતા નથી ત્યાં બીજી સ્વતંત્રતાની આશા જ ફોકટ છે."

૧૮-૭-૧૯૨૦

–ધીરેન ગાંધી ચિત્રિત–



ધ્યાની–બાપુ

(ગુજરાતી આવૃત્તિ)

પ્રસ્તાવના

શ્રી. કાકાસાહેબ–કાલેલકર

‘ગાંધીજીની જીવન સાથેની ખૂબીઓ આ રેખાચિત્રમાં ચિત્રકાર ઘણે અંશે અંકિત કરી શકયો છે. એટલા માટે એ આપણા અભિનંદનને પાત્ર છે. અને મારે માટે તો એ સપ્રેમ શુભાશિષોને અધિકારી છે.” (પ્રસ્તાવનામાંથી)

“I hope it will be a teasure to those who are devoted to Mahatmaji.”

Nandlal Bose.

The Moods of A MAHATMA.

(*English Edition*)

Introduction by: **G. Vankatachalam.**

“Even as mere portraits these are as good as any so far drawn by any master astist. For one of his age and experience they are highly creditable achievements. His pencil work is soft and delicate: his lines are strong and sure. Modelling is superb especially where he treats those weak expressive lips. Dhiren has certainly proved a worthy pupil of a great master, the incomparable Nandlal Bose.”

(From introduction)



A GLIMPSE
Into GANDHI'S SOUL

(WOOD-CUT)

પ્રસ્તાવના.

શ્રી. ગુરૂદયાલ મલ્લિક

(યરવડાના છેલ્લા બંદીવાસ દરમ્યાનના ગાંધીજીના અપવાસના છ પ્રસંગ ચિત્રો)

“ The artist has given a happy habitiation to his vision. It is for the beholder to enter it and share with him the rapture. rhythm and radiance of his visualisation One has but to be silent in the presence of pictures, that they may speak.”

(*from introduction*)

“આ સુંદર ચિત્રગુચ્છ ભારતનાં ઘરોને સંસ્કાર અને પાવિત્ર્યનું વાતાવરણ આપશે.’

શ્રી રવિશંકર રાવળ

“These Wood-Cuts have achieved Greater heights in interpreting Gandhiji than mere words could ever achieve.”

“ Bharat Jyoti ”

કદ : ૧૧"×૧૫" કિંમત ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું. કદ : ૧૧"×૧૪" કિંમત ૩-૮-૦ ટપાલ ખર્ચ જુદું.

: પ્રાપ્તિસ્થાન :

“ રુપાયતન ” ૪૫ નહેર રોડ વિલેપારલે (પૂર્વ), મુંબઈ નં. ૨૮.

દર મહિનાની ૧૨ મી તારીખે પ્રગટ થતું

પ્યારા બાપુ



આવતા અંકમાં :

શ્રી. કાકા કાલેલકર.
શ્રી. નંદલાલ બોઝ.
શ્રીમતિ સોફિયા વાડીઆ.
શ્રી. વિનોબા ભાવે.
શ્રી. જુગતરામ દવે.
શ્રી. મહાવીરપ્રસાદ પોદ્દાર.

ના લેખો આવશે.

અંક
૫

ધરતી


BAPUJI
12.4.1930

બાપુજી] [નંદલાલ બ

સંપાદક
નવીન ગાંધી

रूपायतन

રૂપાયતનનો મુખ્ય આદર્શ જનતામાં લોકોપયોગી કલાનો પ્રચાર કરી સામાન્ય લોકોનાં જીવનમાં પણ સુરૂચિ અને આનંદનું સિંચન કરવાનો અને કરાવવાનો છે. આ ધ્યેયને સિદ્ધ કરવા હવે જમીનની વધુ આવશ્યકતા લાગે છે. ત્યાં આલીશાન મકાનો નહીં પણ કલાત્મક ઝૂંપડાંઓ હશે, ત્યાં બધા ગૃહઉદ્યોગો હશે, ત્યાં કલા હશે, ત્યાં સંગીત હશે. ત્યાં એ વાટે જ કેળવણી અપાશે, ત્યાંનું વાતાવરણ જ વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ જગાડી નવી પ્રેરણા આપશે. દરેક માણસમાં સર્જનાત્મક શકિત તો પડી જ હોય છે પણ એ સુષુપ્ત દશામાં હોય છે. એને પ્રગટ કરવા પ્રેરણાત્મક વાતાવરણ જ જોઇએ. આ વાતાવરણ બાપુ અને ગુરુદેવનાં શિક્ષણ અને સંસ્કારનાં મિલનથી જ ઉદ્‌ભવી શકે.

મનુષ્યને જીવન જીવવા માટે જેટલી આવશ્યકતા નિદ્રા, હવા અને ખોરાકની છે તેટલી જ આવશ્યકતા, સારું અને સાદું જીવન જીવવા માટે સૌંદર્ય પારખવાની પણ છે.

કળા જ્યારે પૂર્ણ સ્વરૂપે વિકસે છે, ટોંચે પહોંચે છે ત્યારે તે પવિત્ર બને છે અને સમાજને એક દિવ્ય સંદેશ આપે છે

અમારી આકાંક્ષા, અમારો આદર્શ અમે પૂ. બાપુ અને પૂ. ગુરૂદેવનાં શિક્ષણ અને સંસ્કારમાંથી મેળવ્યાં છે. અને આ બંનેનાં શિક્ષણ અને સંસ્કારનાં મિલનમાંથી જ રૂપાયતનનો જન્મ થયો છે

ટુંકમાં રૂપાયતનનું ધ્યેય દરેક વ્યકિતની આંતરબુદ્ધિ જગાડવાનું અને સૌંદર્ય પારખવાની શકિત કેળવવાનું છે. આ તેને આનંદથી ભરી દેશે અને તેને નવું રચવાને માટે પ્રેરણા આપશે.

આ હેતુથી રૂપાયતનમાં હાલ જે ઉદ્યોગો ચાલે છે તેમાંથી બનતી બધી વસ્તુઓમાં સૌંદર્યની રેખા હશે. બીજાને તે જોવા માટે આમંત્રણ આપશે, અને આનંદ આપશે.

કળા, આમ દુનીયામાં સેવા અને સૌંદર્યના આનંદનું પ્રતિનિધી બને છે. રૂપાયતન એ કળાનું નમ્ર સેવક છે.

પ્યારાબાપુ

આ માસિકમાં મુખ્યત્વે ગાંધીજીનાં તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓના લેખો, સંસ્મરણો, ગાંધીજી તથા ગુરૂદેવની વિચારશ્રેણીનો સમન્વય કરી બન્ને ઉપાસકોની આખરી ધ્યેયના સાધનાના મનનીય લેખો, ધર્મ, કલા અને સંસ્કૃતિનું સાહિત્ય, ગાંધીજીના અમૂલ્ય અપ્રગટ પત્રો, છબીઓ, ચિત્રો તેમજ આપણાં રોજીંદા જીવનનાં પ્રશ્નોને ચર્ચતી બોધક વાર્તાઓ ઇત્યાદિ વિભાગો દ્વારા ધ્યેયલક્ષી સામગ્રી આપવામાં આવશે.

સૂચનાઓ

* દર માસની ૧૨મી તારીખે અંક પ્રસિદ્ધ થશે.

* પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

* સરનામાનો ફેરફાર તરત જણાવો, કે જેથી અંક ગેરવલ્લે જાય નહિ

* 'પ્યારાબાપુ'માંનાં સર્વ ચિત્રો અને છબીઓ કોપીરાઈટથી રક્ષિત છે.

લવાજમ

દેશમાં રૂપિયા છ

પરદેશમાં રૂપિયા સાડા સાત

છૂટક નકલ દસ આના

'પ્યારાબાપુ' અંગેના સઘળા પત્રવ્યવહારનું સરનામું :—

'રૂપાયતન'
૪૫, નહેરૂ રોડ, વિલેપારલે.
મુંબઇ–૨૪

આફ્રિકામાં આ માસિકનું લવાજમ શ્રી. પ્રભુદાસ વજરીયા C/o. જે. પી. વજરીઆ પો. બો. ૧૨૬, નૈરોબી. એ ઠેકાણે ભરી શકાશે.

શ્રી. મોતીલાલ તુલસીદાસ સ્મારક તરફથી
પ્રકાશક અને મુદ્રક : ધીરેન ગાંધી
"રૂપાયતન" ૪૫ નહેરૂરોડ વિલેપારલે (પૂર્વ)

મુદ્રણસ્થાન : કનૈયાલાલ, ઓરિયન્ટ પ્રિંટિંગ હાઉસ
નવીવાડી. મુંબઈ નં. ૨.

[નવીન ગાંધી

એ મુક્તહાસ્ય.

“પોતાની ઓછામાં ઓછી આવ-
યકતા ઉપરાંત જે કંઈ પણ મનુષ્ય
લે છે, તે ચોરી કરે છે.”
ગાંધીજી.

આરાધ્ય

“મનથી આપણે કોઈની વસ્તુ
મેળવવાની ઇચ્છા કરી કે તેની ઉપર
એઠી નજર કરી, તે ચોરી છે.”
ગાંધીજી.

વર્ષ ૧ ૧૨ જુન ૧૯૪૮ અંક ૫

વિષયસૂચિ

પૃષ્ઠ
૧ નિવેદન ૭૩
૨ ચારે વર્ણ ગાંધીજીના જ ... કાકા કાલેલકર ૭૪
૩ શિવત્રિનેત્ર ! ... ગુરુદયાલ મલ્લિક ૭૪
૪ બાપુનાં પ્રિય ભજનો ૭૫
૫ ઈશ્વર અલ્લા તેરે નામ... વિનોબા ભાવે ૭૬
૬ એને અજવાળે ...મહાવીર પ્રસાદ પોદ્દાર ૭૭
૭ ગાંધીજીનો માનવધર્મ...શ્રીમતી સોફિયા વાડિયા ૮૦
૮ ગાંધી-ગુરૂ ... ગુરુદયાલ મલ્લિક ૮૩
૯ બાપુના પત્રો ૮૪
પૃષ્ઠ
૧૦ સંત ફ્રાન્સિસ ... “અભ્યાસી” ૮૭
૧૧ વહાલાં પંખીડાં ... ... ગાંધીજી ૯૦
૧૨ પગદંડી ... ... “યાત્રાળુ” ૯૧
૧૩ બહેનો વચ્ચે ... ... ગાંધીજી ૯૩
૧૪ વંદે માતરમ્ ...વાલજી ગોવિન્દજી દેસાઈ ૯૫
૧૫ શ્રી. નંદલાલ બસુ ૯૬
૧૬ બોધામૃત ... ... ગાંધીજી ૯૭
૧૭ બાપુજી ... (ચિત્ર) નંદલાલ બસુ-પૂઠું
૧૮ એ મુક્તહાસ્ય (છબી) નવીન ગાંધી

નિવેદન

વાચકને ખ્યાલ હશે કે આ માસિક શ્રી. મોતીલાલ તુલસીદાસ ગાંધીના સ્મારકની યોજનાના આધારે શરૂ કરવામાં આવેલ છે. તે રકમ શ્રી. માણેકલાલ અમૃતલાલ ગાંધી હસ્તક મળેલ પણ તેમના કુટુંબીજનોનાં દબાણને અંગે તે રકમ પાછી ખેંચી લીધી છે. આ પગલાંથી અમને દુઃખ પણ થયું છે અને મૂંઝવણ પણ થઈ છે. આ માસિકમાં પ્રાથમિક ઠીક ઠીક ખર્ચ થયું છે. પણ હવે ગ્રાહક થતા જાય છે અને તેને સારો આવકાર મળેલ છે તે મોટા સંતોષની વાત છે.

આ રકમ પાછી ખેંચાવા છતાં સ્વ. શ્રી. મોતીલાલ તુલસીદાસ ગાંધીનું નામ સ્મારકમાં જોડી રાખવા અમે સંકલ્પ કર્યો છે. આ પગલામાં પૈસા ગૌણ વસ્તુ માની છે. તે તો અમને મળી જ રહેશે તેવી આશા રાખીએ છીએ.

ચારે વર્ણ ગાંધીજીના જ

કાકા કાલેલકર

આપણા લોકોમાં સમાજના ચાર વર્ગો કલ્પ્યાં છે. કેટલાક હોય બ્રાહ્મણો, એમનું કામ વિદ્યા કેળવી ધર્મનું પાલન કરવું અને એનો ઉપદેશ કરવો. બીજો વર્ગ ક્ષત્રિયોનો એ પ્રજાનું રક્ષણ કરે, રાજ ચલાવે અને કશું ઉતરતું કામ ન કરે. ત્રીજો વર્ણ વૈશ્યનો, વૈશ્યો ખેતી કરે, ગાય બળદ વગેરે ઢોરઢાંખર રાખે, વણજારા થઈને માલની લેજા ચલાવે, અને વેપાર ખેડીને ધન કમાવે. વેપારી વિચારપુર્વક દાન કરી સમાજના બધા લોકોને મુશ્કેલીમાંથી ઉગારી લે. છેલ્લો વર્ણ શુદ્રનો, શુદ્ર મહેનત મજૂરી કરી અને દરેક રીતે સમાજ હિતમાં પોતાની જિંદગી ખપાવી દે.

થોડો વિચાર કરતાં જણાશે કે આ ચારે વર્ણ માણસની ઉન્નતિના ચાર પહેલુંઓ છે. બ્રાહ્મણમાં જો ક્ષત્રિયની વીરતા, વૈશ્યની વહેવાર કુશળતા અને શુદ્રની સેવા ન હોય તો બ્રાહ્મણનું જીવન અધૂરૂં જ ગણાય. એવી જ રીતે ક્ષત્રિય વૈશ્ય વિગેરે બધા વિષે કહી શકાય.

જો બ્રાહ્મણમાં બાકી ત્રણે વર્ણના ગુણ આવી જાય તો તો સોનામાં સુગંધ એજ રીતે બધા વર્ણોનું, સમજવું.

પૂજ્ય બાપુજીએ પોતાનાં જીવનમાં વૈશ્
છાજે એવી નમ્રતા ધારણ કરી હતી પણ પ
જોતાં એમનામાં બ્રાહ્મણનું ધર્મજ્ઞાન અને તપસ્તે
ક્ષત્રિયની વીરતા અને ઉદારતા, વૈશ્યની કુ
અને ચાતુર્ય અને શુદ્રની સેવાવૃત્તિ અને ન
બધા જ ગુણો એક સામટાં પ્રગટ થયા હ
અથવા ખીલ્યા હતા. બાપુજીનું જીવન આ
સર્વાંગીણ હતું તેથી જ બાપુજીને સર્વાંગ
–સમાજ પુરૂષ–કહીએ છીએ. એ પૂર્ણતાને ક
તેઓ આટલું કામ કરી શકયા અને ત
દુનિયાના વધારેમાં વધારે લોકો એમની અ
તળે આવી શકયા.

દરેક બાળકે અને યુવાને તેમજ બાળ
અને યુવતિએ મન સાથે સંકલ્પ કરવો જો
કે ગાંધીજીની પેઠે આપણે પણ સર્વાંગ સં
થઈ જઈએ. સર્વાંગ સંપૂર્ણ માણસની શ
અદ્‌ભૂત હોય છે. દુનિયાનું ભલું કરવ
અસાધારણ શકિત એનામાં આવી જાય છે.

શિવત્રિનેત્ર!

ગુરુદયાલ મલ્લિક.

હજી આ જગહૈયેથી અંધાર ઓસર્યો ન'તો,
તિમિરે તારકો સૌને લીધાં'તા આવરી, અને
શેરીના દીવડાઓ સૌ થઈ ગૂલ ગયા હતા,
અને માનવીને ગેહે દીપકો જલતા ન'તા.
વાયુ નૈરાશ્ય વાતો'તો, ગુંગળાતી ધરા હતી,
અને સૌ માનવી સૂતું અવાક્ કારુણ્ય ઓઅલે.
એવે ત્યાં ક્ષિતિપ્રાચીપે ઉદિતાર્ક મયુખ કૈં
ભાળ્યા ફૂટત તેવે હું ઊઠયો સાશ્ચર્ય ઓચરી.
"શિવત્રિનેત્ર!" — "ગાંધીજી!"



બાપુનાં પ્રિય ભજનો

પૂ. બાપુ તા. ૨૯ મી જાનેવારીની રાત્રે સૂતાં પહેલાં જે ગાયનની બે લીટીઓ બોલેલા તે ગાયન પૂરૂં અહીં આપ્યું છે.

હૈ બહારે બાગ દુનિયા ચંદ રોજ;
દેખ લો ઈસકા તમાશા ચંદ રોજ.

ઐ મુસાફિર! કૂચકા સામાન કર;
ઈસ જહાઁમેં હૈ બસેરા ચંદ રોજ.

પૂછા લુકમાઁસે, જિયા તૂ કિતને રોજ?
દસ્તે હસરત મલકે બોલા ચંદ રોજ.

બાદ મદફૂન કબ્રમેં બોલી કજા;
અબ યહાઁ પે સોતે રહના ચંદ રોજ.

ફિર તુમ કહાઁ ઔ' મૈં કહાઁ, ઐ દોસ્તો!
સાથ હૈ મેરા તુમ્હારા ચંદ રોજ.

ક્યોં સતાતે હો દિલે બેજુર્મકો;
જાલિમો, હૈ યે જમાના ચંદ રોજ.

યાદ કર તૂ ઐ નજીર કબરેં કે રોજ;
જિંદગીકા હૈ ભરોસા ચંદ રોજ,

ઈશ્વર અલ્લા તેરે નામ

વિનોબા ભાવે

ગાંધીજીનું બલિદાન બધા ધર્મોની શુદ્ધિ અને એકતાને માટે થયું છે. હિન્દુસ્તાનમાં અનેક પંથો અને વિચારોનો સમન્વય પ્રાચીન કાળથી થતો આવ્યો છે. હિન્દુ અને મુસલમાન બન્નેનો જ્યારથી સંબંધ થયો છે, બંનેનો સમન્વય કરવાનો પ્રયત્ન કબીર, નાનક આદી સંતોએ કર્યો છે. રામ રહીમ, કૃષ્ણ કરીમ એક છે આ તેઓનાં વચન છે. પણ હમણાં હમણાં મુખ્યત્વે રાજકીય કારણથી હિન્દુ મુસલમાનોમાં ભેદ ઉત્પન્ન કરાવાયો અને તેને વધારી દેવાયો છે. એટલે ફરીથી 'ઇશ્વર અલ્લા તેરે નામ,' ની પુકાર ગાંધીજીએ ચલાવી અને એનું પરિણામ તેમનું દેહ સમર્પણ છે. વચમાં જ્યારે ભેદ વધતો ગયો ત્યારે તે અનેક રીતે વધી ગયો. નહી તો વિચારોનો સમન્વય થઈ રહ્યો હતો. અને લોકોમાં ભાઇચારો પણ થતો હતો. લોકો એકબીજાના ઉત્સવોમાં ભાગ લેતા હતા અને બંને સમાજ એકરૂપ થઇ રહ્યા હતા. પણ હવે તો ભેદભાવના પ્રચારને લીધે એક બીજાનાં મનમાં ખોટી ગેરસમજણો ખૂબ વધી ગઇ છે. તે મટશે, મટવી જોઇએ. એને માટે 'ઇશ્વર અલ્લા તેરે નામ' આ મંત્ર સમર્થ છે. જે અધ્યયન કરી શકે છે. તે એક બીજાના ધર્મનું અધ્યયન કરે, અને સમન્વય પૂર્ણ થશે.

થોડા વર્ષ પહેલાં મને સૂઝયું કે હું કુરાનનું અધ્યયન કરૂં. એમ તો પહેલાં મેં કુરાનનો અંગ્રેજી અનુવાદ વાંચી લીધો હતો પણ એનાથી તૃપ્તિ થતી નહોતી કેમકે અરબી અને અંગ્રેજીની રચના અને શબ્દ–સૃષ્ટિમાં ખૂબ તફાવત છે. એટલા માટે મૂળ અરબીમાં જ કુરાન વાંચવાનું વિચાર્યું. મારો સ્વદેશી ધર્મ મને પવનાર છોડવા નહોતું દેતું. એટલે ત્યાં બેઠાં બેઠાં જેવું થઈ શકે તેવું અધ્યયન કર્યું. મેં કુરાનના શબ્દોનાં મૂળમાં જવાનો પ્રયત્ન કર્યો. આ બધાં પ્રયત્નોમાં મેં મારી આંખ; જે પહેલેથી જ નબળી હતી, વધારે બગડી. પણ માનસિક લાભ મેં ખૂબ મેળવ્યો. શ્રદ્ધા તો પહેલાં જ હતી કે બધા ધર્મમાં એકતા છે. કેમકે માનવ હૃદય એક છે. અને ધર્મોની સૃષ્ટિ રચવાવાળા ઊંચા હૃદયના હોય છે. પણ આ અભ્યાસથી
એ શ્રધ્ધાની સાક્ષાત અનુભૂતિ થઈ. જયારે મારૂં અ
યન ચાલુ હતું એક ભાઇએ, જે ખૂબ વિદ્વાન અને
ભાવના રાખવાવાળા પણ હતા, મને લખ્યું
' તમે કુરાનનું અધ્યયન કરી રહ્યા છો તો શું કુરાન
પણ અહિંસા આદિ વાતો છે ખરી ?' એટલે ખ
એ કે એ વાતોનું કુરાનમાં હોવું એક આશ્ચર્ય
વાત હોય.। કુરાનનાં અધ્યયને મને બતાવ્યું
ઈસ્લામ પણ અત્યંત સહિષ્ણુ ધર્મ છે. કે જે
ધર્મોને હોવું જોઇએ. કેમકે સત્યના પ્રચારને
જુલમ થઇ જ ન શકે, જે કુરાને ખુદ જાહેર
છે. કુરાનમાં મેં બીજુ રહસ્ય જોયું દુનિયાનો
એક છે, મજહબ જુદા જુદા છે. દીન–એટ
ધર્મ –છે સત્યને પંથે ચાલવું. આ સત્યની અભિમુ
ચાલવાનો પંથ જ મજહબ છે. તે અનેક અને જુ
જુદા હોય છે. પછી કહ્યું છે કે તમે બધા એક
ઉમ્મત છો, એક જ જમાત છો. રસ્મ અને રિવાજ
ફરકને લીધે જ ભેદ થયા છે, એનું કાંઇ મહ
નથી. કુરાનના એક અધ્યાયમાં જેમાં ઇસ્લામ
સાર આવી જાય છે. એમાં પૈગંબર કહે
કે અસ્ત થતાં સૂર્યની સાક્ષી રાખીને પ્રતિજ્ઞા—વાં
બોલું છું કે જેમ આ સૂર્ય અસ્ત–થવા પર
એમજ ઇન્સાનની જિંદગી પણ ક્ષણિક છે. માનો
કે બધા ઇન્સાન ખોટમાં છે જે પોતાની જિંદગી
સ્થાયી માની બેઠા છે. ફકત તે ખોટમાં નથી
ઇશ્વર પર ભરોસો રાખે છે, નેક કામ કરે છે,
એક બીજાને બોધ આપે છે હકકની રાહ પર ચાલવા
એટલે સત્ય–પાલનનો. અને સબ્ર અર્થાત શાંતિ
જયાં જયાં કુરાનમાં ઇશ્વર પર ભરોસો રાખવાનો
આવ્યો છે, ત્યાં નેક કામ કરવું એની સાથે સાં
જ દીધું છે. બંને મળીને એક વસ્તુ છે. એક આ
રક અને બીજી બાહ્ય. હક અને સબ્ર અર્થાત
અને શાંતિ આ થોડામાં ઇસ્લામ છે.' આ જ હિ
ધર્મ છે, આ જ ઈસાઇ ધર્મ છે આ જ બધા ધર્મ
એટલે 'ઇશ્વર અલ્લા તેરે નામ' આ નાનકડો મંત્ર
ધર્મોની શુદ્ધિ અને સમન્વયનો મંત્ર છે. એનો આ
લઇને જો આપણે સત્ય અને પ્રેમની નિષ્ઠા વધારી
તો આ બલિદાનથી એક નવો યુગ શરૂ થઇ શકે



સંસ્મરણો

મહાવીર પ્રસાદ-પોદ્દાર

नाम तेरा है जिंदगी मेरी,
काम मेरा है बंदगी तेरी।

ગઇ કાલની વાત છે. એક દિવસ મારા મિત્ર શ્રીનારાયણદાસ બાજોરિયાનો પત્ર લઈને એક ભાઇ આવ્યા. આજ અઢાર વર્ષ પછી પણ તેનો ચહેરો મને આબેહૂબ યાદ છે. કાળો રંગ, ઠીંગણું કદ, મોટું શરીર, પેટ આગળ નીકળેલું, દાંત મોટા, કપાળ પર U વાળું તિલક. પત્રમાં બાજોરિયાજીએ લખ્યું હતું કે શ્રી બાલુરામ જે ખાદી પસંદ કરે આપી દેજો. ચહેરા પરથી તે જરા વિચિત્ર જેવા લાગતા હતા, એટલે મેં પૂછ્યું, "કેમ બાલુરામજી, તમને ખાદી પહેરવાનો કયારથી રસ જાગ્યો." જવાબ મળ્યો, "ગાંધીજીના સંપર્કથી" મેં કહ્યું, તમે ત્યાં કયા હેતુથી પહોંચ્યા હતા ?"

તે બોલ્યા, તમે જાણતા હશો કે મને લોકો રામનામનો આડતિયો કહે છે. હું એક ચોપડી રાખું છું અને તેમાં લોકો પાસે લખાવું છું કે તે ભગવાનનાં નામની રોજ કેટલી માળા ફેરવશે. ફરતાં ફરતાં 'કરમ યોગથી હું વર્ધા ગાંધીજી પાસે જઇ પહોંચ્યો. ગાંધીજીને મળવાની રજા માગી. મહાદેવભાઇએ પૂછ્યું, "ગાંધીજી પાસે તમારે શું કામ છે?" મેં કહ્યું, "હું તેમને એકાંતમાં કહીશ." મારી તેઓની સાથે મુલાકાત થઇ. મેં તેઓની સામે ચોપડી ઉઘાડી, મારો વિચાર કહ્યો. તેઓને હજારો સહી માળા ફેરવવાળાઓની બતાવી. તેઓએ કહ્યું હું સહી નહીં કરૂં." હું હઠે ચડયો અને કહ્યું કે એક માળા તો લખી જ આપો ત્યારે ગાંધીજીએ ધીરેથી કહ્યું "સવાલ એક બે નો શું છે, હું તો ચોવીસ કલાક એજ કરૂં છું, બીજું મારી પાસે કંઇ કામ જ નથી."

મેં મારા માણસને કહી દીધું કે બાલુરામજીને ખાદી બતાવે. અને હું મનમાં વિચારવા લાગ્યો. ચોવીસ કલાક માળા ફેરવવાનો અર્થ તો નાનકના શબ્દોમાં આ જ થાય ને કે, 'जेता चलूं तेती परदखना' (પ્રદક્ષિણા), જે કંઈ કરૂં તે, 'પૂજા' અથવા આખું જીવન જ એ પ્રભુને માટે છે. ઉપરના ઉર્દુના શેરની અનુસારઃ–

नाम तेरा है जिंदगी मेरी,
काम मेरा है बंदगी तेरी।

શ્રી બાલુરામજીને જોઇને મારી એક સમસ્યા વધારે ઉકેલાઇ ગઇ. એની ચર્ચા પણ અહીં થોડી કામની થઇ શકે ખરી. મેં ગૂજરાતીમાં ગાંધીજીનો 'અનાસકિતયોગ" (ગીતાની ટીકા) નો હિન્દી અનુવાદ કર્યો. એમાં ભૂમિકામાં એક જગ્યાએ 'વેવલુ' ભકત' શબ્દ આવ્યો છે. 'વેવલુંનો ભાવ સમજવામાં આવ્યા છતાં

પણ અર્થ હિન્દીમાં બરોબર ન થયો. ગૂજરાતી કોશમાં પણ ન મળ્યો. હિન્દીમાં એનો કોઈ પ્રતિશબ્દ ન મળ્યો. પણ બાલુરામજી મને કોઇ રીતે એવા ભકતના ઉદાહરણ રૂપ લાગ્યા. ગાંધીજી એ વખતે યરવડા જેલમાં કેદ હતા, તેઓને પત્ર લખ્યો, એ શબ્દનો ખુલાસો માગ્યો. બીજા પણ પાંચ દશ શબ્દોના ય અર્થ માગ્યા હતા. જવાબ આવ્યો. 'વેવલુ" નો અર્થ આપ્યો 'જે બાહ્યાચારમાં લીન રહે છે અને શુધ્ધ ભાવથી માને છે કે આ જ ભકિત છે.'

(૨)

ગોભકત શું બીજા પ્રાણીઓની તરફ નિર્દય બને છે?

વર્ષાની વાત છે. હું ત્યાં ગોસેવાસંઘનાં અધિવેશનમાં ભાગ લેવા ગયો હતો. મહાત્માજી પણ સેવાગ્રામથી આ અધિવેશનમાં આવ્યા હતા. અધિવેશન પૂરૂં થતાં તેઓ સેવાગ્રામ પાછા ફરી રહ્યા હતા, હું પણ એક ટાંગો કરી સેવાગ્રામ કેટલાક મિત્રોને મળવા જઇ રહ્યો હતો. મારી સાથે મારા મિત્ર શ્રી સીતારામજી સેકસરિયાની ધર્મપત્ની શ્રી. ભગવાનદેવી અને તેનાં ત્રણ બાળકો હતાં. અમારો ટાંગો આગળ હતો. પાછળથી મહાત્માજીની મોટર આવી. મેં ટાંગાવાળાને ટાંગો રસ્તાના કિનારા પર લેવાનું કહ્યું, મોટર બાજુમાંથી પસાર થઈ નહિ, પણ ટાંગાની પાછળ ઉભી રહી. મારા કાનને આ શબ્દો બાપુજી કોઇને પૂછતા હતા તે સંભળાયા કે ટાંગામાં કોણ છે? એક ભાઇએ મારૂં નામ આપ્યું. બસ મોટર આગળ વધી, હું વિચારી ન શકયો કે મહાત્માજીને ટાંગામાં કોણ મુસાફરી કરે છે તે વિષે પૂછવાની જરૂર શા માટે થઇ. ખેર, પંદર મિનિટ પછી અમે સેવાગ્રામ પહોંચી ગયાં. શ્રી ભગવાનદેવીએ કહ્યું, ચાલો મહાત્માજીનાં દર્શન કરી આવીએ. બાળકો તો આ આશાથી જ આવ્યાં હતાં હું તો તે દીવસે એકથી વધારે વાર મહાત્માજીને મળી ચૂકયો હતો. તો પણ તેમનાં દર્શનથી તૃપ્તિ ક્યાં થતી હતી? મેં કહ્યું ચાલો, મારા મનમાં રસ્તામાં મોટર રોકીને નામ પૂછવાને વિષે જાણવાની પણ ઉત્સુકતા હતી. જેવો તેઓની પાસે ગયો ને સવાલ આવ્યો. "ટાંગામાં તમે હતા ને ?" મેં કહ્યું, "જી!" "તો ગોસેવક (એ વખતે ગોસેવાસંઘના મારા નિકટ સંબંધો તેઓના ધ્યાનમાં હતા.) શું બીજાં પશુઓની તરફ નિર્દય બને છે? તરતજ મારા ધ્યાનમાં આવ્યું કે ટાંગામાં ત્રણને બદલે પાંચ સવારોએ તેઓનું ધ્યાન ખેંચ્યું હતું. મેં ઉત્તર આપ્યો. " "બાપુ, પૂરા સવાર તો બે જ હતાં, ત્રણ તો બાળકો હતાં," મેં મારા મનમાં ત્રણને એક આખી સવારીનું વજન માનીને આ વાત કરી હતી. આ પર બાપુ ખૂબ હસ્યા ને બોલ્યા, "પણ આ બાળકોની મા તો બે સવારી બરાબર છે ને?" સાચે જ શ્રી ભગવાનદેવી અઢી મણથી ઓછાં તો ન હતાં. પછી એક વિદેશી અંગ્રેજનો દાખલો બાપુએ કહ્યો, કે જે સેવાગ્રામ જોવાને આવ્યો હતો. ગરમીના દિવસો હતા. ટાંગામાં તે એકલો જ હતો. સખત ગરમીને લીધે ઘોડાની મુશ્કેલીનો વિચાર કરીને તે ટાંગામાંથી ઉતરી ટાંગાની સાથે ઘણે દૂર સુધી ચાલીને આવ્યો. આનો મારી પાસે શું જવાબ હોય? મારી ભૂલ થઇ ગઇ તે મંજૂર કરીને હવે જે આજ્ઞા આપો તે કરૂં?

"કરો શું? પાછા જતી વખતે બધાં પગે ચાલીને જાઓ અને ગાડી ખાલી જાય." મેં કહ્યું "જેવી આજ્ઞા". મનમાં થયું કે ખૂબ સહેલાઇથી છુટકારો થયો.

સાંજના છ નો સમય હશે. અંધારૂં થઇ રહ્યું હતું. ચાર માઇલ પગે ચાલવાનું હતું પણ મારા માટે જરાય ચિંતા નહોતી, શ્રી. ભગવાનદેવીને માટે તથા બાળકોને માટે થોટી ચિંતા જરૂર હતી. વળી શ્રી ભગવાનદેવીને એ વખતે થોડો દમનો રોગ પણ થઇ આવતો હતો, પણ બાપુના હુકમ પછી બોલવાની હિમ્મત ન થઇ. પાંચ મિનિટમાં આશ્રમના ખાસખાસ લોકોમાં આ વાત પ્રસરી ગઇ. શ્રી. ભગવાનદેવી કેટલીક બહેનોને મળવા ગઇ તેની સાથે આ વાતની ચર્ચા થઈ. આથી– જ્યાં સુધી મને યાદ છે– શ્રી. ગોમતીબેન શ્રી. ભગવાનદેવીને સાથે લઇને મહાત્માજીની પાસે પહોંચ્યાં. અને તેમના રોગની વાત કરી, બાપુ બોલ્યા, "ઠીક, જ્યાં સુધી પગે ચાલી શકે ત્યાં સુધી

ચાલીને જાય. બાળકો પણ તેમજ કરે ને પછી ગાડીમાં બેસે." મારા માટે તો જે હુકમ નીકળી ચૂકયો હતો તે તો આખીર ફેંસલો જ હતો.

હું પહેલાં મારા ટાંગામાં કોઇ કોઈ વાર ત્રણ સવારથી વધારે પણ બેસાડવાનું સહન કરી લેતો હતો. પણ આ બનાવ પછી નિયમ કરી દીધો કે હાંકવા વાળા સિવાય ત્રણ સવારીથી વધારે ન બેસાડવા. કોઈવાર વધારે થાય તો સવારીમાંથી કોઇ હાંકે અથવા હું પગે ચાલું.

મહાત્માજીનું કથન ફકત ઘોડાને માટે જ નહીં મૂંગા પ્રાણી માત્રને માટે હતું.

(૩)

પોતાના કામને માટે બીજાને ન કહેવું.

એકવાર મારે ત્યાં એક નામધારી ભક્તજીનો અખાડો ચાલતો હતો, એમાં જાતજાતનાં જીવ આવતા જતા. એક 'લાલચંદ' નામના ભાઇ આવ્યા, સાંભળ્યું કે તે ગાંધીજીની પાસે ગયા હતા અને ગાંધીજીએ તેમને કંઇ લખીને આપ્યું છે. એક દિવસ મેં એને પકડયા, પૂછયું, "કહો લાલચંદજી! ગાંધીજીએ તમને શું લખીને આપ્યું?" આથી તેમણે એક જૂનાં કવરની ચબરખી બતાવી અને જણાવ્યું કે હું મહાત્માજીનાં દર્શને ગયો ત્યારે સોમવારનો દિવસ, મૌન હતું, તેઓ કાંઇ લખી રહ્યા હતા. હું સામે થોડે દૂર બેસી ગયો. તેઓએ ઈશારાથી પૂછયું, "કંઈ કહેવું છે?" મેં નિવેદન કર્યું કે મને ગુસ્સો ખૂબ આવે છે, કંઇ ઉપાય બતાવવાની કૃપા કરો. એના જવાબમાં આ ચબરખી મને મળી ગઈ." જેમાં લખ્યું હતું, ઉપાય–ઇશ્વરને યાદ રાખવો અને પોતાનાં કામને માટે બીજાને ન કહેવું.

લાલચંદજીએ મને કહ્યું કે આથી મને ખૂબ જ ફાયદો થયો છે. વાચક સમજે, આમાં દરેક ગુસ્સાનાં મૂળ જ કપાઇ ગયાં. તમે મને કોઇ કામને માટે કહેશો, હું નહીં કરૂં ત્યારે તો તમને ગુસ્સો આવશે? પોતાનું બધું કામ પોતે જ કરવાની ટેવ પાડી લે તો ગુસ્સાને માટે અવકાશ જ બહુ ઓછો રહે.

(૪)

મારાં જીવનમાં બીજું છે જ શું?

સાબરમતી આશ્રમની વાત છે, કોઇ આશ્રમવાસીની સાથે ગાંધીજી ત્રાકને વિષે વાત કરી રહ્યા હતા. મને એમાં કંઇ રસ નહોતો આવતો, તે પછી જ્યારે ફરવા ગયા ત્યારે મેં કહ્યું, "બાપુ, ત્રાક, રેંટિયાની વાત કરતા તો આપ થાકતા જ નથી." બાપુ બોલ્યા. "અરે! મારાં જીવનમાંથી રેંટિયો કાઢી નાખો તો બીજું છે જ શું?"

સાચું છે, રેંટિયો એમનું હૃદય હતું. *

---

* હિંદી 'આરોગ્ય'માંથી.

ગાંધીજીનો માનવધર્મ

શ્રીમતિ સોફિયા વાડિયા

કરોડો હિન્દીઓનાં તેમજ સમગ્ર વિશ્વનાં કોટયવધિ જનોનાં મન તેમજ હૃદય પર મહાત્મા ગાંધીજીના પ્યારા વ્યક્તિત્વની તેજસ્વિતા અને વિમલતાની, તેમજ તેમનાં આજીવન ધ્યેયનાં ઉજ્જવળ દૃષ્ટાંતની ઊંડી અસર થઈ છે. હિંસાના અવિચારી અને નિષ્ઠુર કૃત્યે બાપુના સ્થૂળ દેહને આપણી પાસેથી લઇ લીધો અને એમનાં વિશ્વાભિમુખ ધ્યેયને અલ્પાયુષી કરી નાખ્યું. પરંતુ જેમ જેમ દિવસો જતા જાય છે, તેમ તેમ આપણને વધારે ને વધારે પ્રતીતિ થતી જાય છે કે એમના આત્માની પ્રવર્તનશીલ અસર એમનાં જીવનકાળ દરમિયાન એમણે આરંભેલા અને જારી રાખેલાં કાર્યનું સાતત્ય જાળવવા એક જીવન્ત શક્તિરૂપે પ્રવર્તિ રહી છે.

न जायते म्रियते वा कदाचि—
न्नायं भूत्वा भविता वा न भूयः
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥

ના, ના, એથી પણ વિશેષ......એમના દેહનાં મૃત્યુએ મહાત્માના વિજયી આત્માને વિમુક્ત કરી; આ નાશવન્ત દેહનાં પિંજરમાં હજી પૂરાઈ રહેલાં આપણે ગ્રહણ કરી શકીએ અને જીવનમાં ઓતપ્રોત કરી શકીયે એવી યથાર્થ આશિષ આપણા પર વરસાવી છે

એ પ્રમાણે આચરવા આપણે વિચારપૂર્વક પ્રયત્નો કરવા જોઇએ, અને એજ રીતે આપણે મહાત્માજી પ્રત્યેનો આપણો ઉત્કટ આદરભાવ વ્યક્ત કરી શકીએ, કારણ કે આથી એમનાં મિશનને પૂર્ણ કરવા આપણે બુદ્ધિપૂર્વક અને કુશળતાથી કાર્ય કરવા સમર્થ થઈએ.

બાપુજીની ફિલસૂફીનું જ્ઞાન તેથી આવશ્યક છે, અને બાપુજીને ચાહનારા તેમજ એમને હાલ માન આપવા ઈચ્છનારા સૌને અમે વિનંતી કરીએ છીએ કે એમના જીવનમાર્ગનું, એમના ધર્મનું તેઓ મનન કરે.

ગાંધીજીનો ધર્મ એટલે એમને જન્મથી પ્રાપ્ય હિન્દુ ધર્મ, એવો સંકુચિત અર્થ અમે કરતા નથી; કારણ કે ગાંધીજી જન્મે હિન્દુ હોવા છતાં અને હિન્દુ ફિલસૂફીના સર્વોત્કૃષ્ટ આદર્શોને આત્મસાત્ કર્યા હોવા છતાં, તેઓ તો ધાર્મિક રૂઢિજડતાના સર્વ પ્રકારોથી પર હતા. તેમનો ધર્મ હતો માનવધર્મ. તેઓ એમના ધર્મની આ પ્રમાણે વ્યાખ્યા આપે છેઃ—

"મારૂં હિન્દુત્વ સંપ્રદાયિક નથી. ઇસ્લામ, ખ્રિસ્તી, બૌદ્ધ અને જરથોસ્તી ધર્મોમાં મને જે ઉત્તમ લાગે છે તે સૌનો એમાં સમાવેશ થાય છે. બીજી બધી બાબતોમાં થયું તેમ, રાજકારણમાં મેં ધાર્મિક જિજ્ઞાસાથી જ ઝંપલાવ્યું છે. સત્ય એ મારો ધર્મ છે, અને અહિંસા તેની ઝાંખી કરવાનો એક જ માર્ગ છે. મેં એકદા અને હંમેશને માટે તલવારના સિધ્ધાંતને તજી દીધો છે."

આજ ધર્મ એમની વ્યવહારનીતિ અને કાર્યક્રમનો પ્રાણરૂપ હતો.

મારો સ્વદેશ પ્રેમ મારા ધર્મને અધીન છે."

જ્યાં સુધી આપણે એમના ધર્મને પ્રેરિત કરનાર સિદ્ધાંતોને સમજવા પ્રયત્ન ન કરીએ, ત્યાં સુધી આપણે એમના ધર્મને બરાબર સમજી કે શોધી શકીએ નહિ.

સત્ય, અહિંસા અને સેવાના ત્રિવિધ આદર્શના પાયારૂપ કેટલાક સિધ્ધાંતો આ પ્રમાણે છે. પરંતુ પ્રથમ આપણે સત્ય, અહિંસા અને સેવા એ ત્રણ મહાન ભાવનાઓને લગતા એમના વિચારો સમજીએ.

"સત્ય' શબ્દ સતમાંથી છે. સત્ એટલે હોવું. સત્ય સિવાય બીજી કોઇ વસ્તુને હસ્તી જ નથી... અને જ્યાં સત્ય છે ત્યાં જ્ઞાન—શુધ્ધ જ્ઞાન—છે જ... અને જ્યાં સાચું જ્ઞાન છે ત્યાં આનંદ જ હોય.

"આ સત્યની આરાધનાને ખાતર જ આપણી હસ્તી. તેને જ કારણે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ અને જ કારણે આપણે પ્રત્યેક શ્વાસોશ્વાસ લઇએ."

અને સત્યનું સાધન શું છે?

"અહિંસા......અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે, અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે. જેમ સિકકાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ. તેમાં ઊલટી કઇને સૂલટી કઇ? છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ."

પ્રેમ જ દ્રૂષનો ઉપાય છે.

"દ્રૂષ સર્વદા મારે છે, પ્રેમ કદી મરતો નથી, બંનેમાં આટલો અગાધ તફાવત છે. પ્રેમથી જે પ્રાપ્ત થાય છે તે સર્વકાળ ટકે છે. દ્રૂષથી જે પ્રાપ્ત થાય છે તે ખરી રીતે ભારરૂપ બને છે. દ્રૂષ ઘટાડવો અને પ્રેમ વધારવો એ જ મનુષ્યનું કર્તવ્ય છે."

અન્યની સેવા એ જ સાચો ત્યાગ છે.

"ત્યાગનો ધર્મ મનુષ્યને પશુથી જુદો પાડે છે. ત્યાગ, શિષ્ટતા અને આત્મસંયમ વિના મુક્તિ નથી, આશા નથી."

ગાંધીજીનો સત્ય, અહિંસા અને સેવાનો ધર્મ આપણા સર્વ અહંભાવને ધોઇ નાખી વિશુદ્ધ થવા, સર્વદ્રૂષભાવને દૂર કરવા, માનવબંધુઓથી વિમુખ કરે એવી અસ્પૃશ્યતાની કલંકિત પરંપરાને તજી દેવા માટે આપણને આદેશ આપે છે. બાપુ કહે છેઃ—

"સાચો ધર્મ એ સંકુચિત સંપ્રદાય નથી, કેવળ બાહ્યાચાર નથી. બહોળા વ્યાપક અર્થમાં ધર્મ એટલે ઇશ્વર તત્ત્વ વિષે આપણી અચલિત શ્રધ્ધા, પુનર્જન્મ વિષે અચલિત શ્રધ્ધા, સત્ય અને અહિંસા વિષે આપણી સંપૂર્ણ શ્રધ્ધા."

ગાંધીજીનો ધર્મ બીજા બધા પંથોથી ઉચ્ચતર છે. સર્વ પક્ષોથી પર છે. સંપ્રદાયવાદ અને ધર્માંધતાના કુરૂપ વિભાગો કરતાં ઊર્ધ્વગામી છે.

"ધર્મનો વ્યાપક અર્થ લઇએ તો એમાં હિન્દુ, ઇસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મોનો સમાવેશ થાય છે. પણ તે સૌ ધર્મો કરતાં ચઢિયાતો છે. એને તમે સત્યને નામે ઓળખી શકો. આથડતી સંસ્કૃતિ નહિ પણ સર્વવ્યાપી જીવન્ત સત્ય જ સર્વ વિનાશ અને વિકારની સામે ટકી શકે છે.

"ધર્મ મને પ્રિય છે. અને મારી પહેલી ફરિયાદ એ છે કે હિન્દ હવે અધાર્મિક બનતું જાય છે. અહિ હું હિન્દુ અને ઇસ્લામ અથવા જરથોસ્તી ધર્મનો વિચાર નથી કરતો. પણ સર્વ ધર્મોના ભીતરમાં રહેલા ધર્મનો વિચાર કરૂં છું. આપણે ઇશ્વરથી વિમુખ થતા જઇએ છીએ.

"સર્વ ધર્મો સમાન છે અને મારા ધર્મ જેટલો જ બીજા ધર્મો પત્યે આદરભાવ રાખવો જોઇએ એ સ્થિતિ હું સ્વીકારૂં નહિ, ત્યાં સુધી મારી આસપાસ ભભૂકી રહેલા સંગ્રામ વચ્ચે હું રહી શકું નહિ. જો આપણે આ પાયાની સ્થિતિનો સ્વીકાર ન કરીએ, તો આધ્યાત્મિક શક્તિઓની ઉપરછલી એકતા નિષ્ફળ નીવડે. હું ગીતાનું પારાયણ કરૂં છું અને એમાંથી પ્રેરણા મેળવું છું. પરંતુ મારા ધર્મને સમૃધ્ધ કરવા હું બાઇબલ અને કુરાનનું પણ પઠન કરૂં છું. બીજા ધર્મોમાં જે શ્રેય છે તે સર્વનો સમન્વય કરૂં છું.:

"ધર્મનું વૃક્ષ એક સરખું જ છે. ડાળીઓ વચ્ચે અવશ્ય શારીરિક સમાનતા નહિ જડે. તેની વૃદ્ધિ થતી જાય છે, અને જે માણસની ડાળી વૃદ્ધિ પામતી હોય તેણે ફુલાઇ જઇ કહેવું ન જોઇએ, "મારી ડાળી સૌથી શ્રેષ્ઠ છે." કોઇ શ્રેષ્ઠ નથી, કોઇ પણ ડાળી અન્ય કરતાં ઉતરતી નથી.

"કોઇ ધર્મ એવો નથી જે સંપૂર્ણ હોય, બધા જ સરખી રીતે અપૂર્ણ છે અથવા વત્તા ઓછા પ્રમાણમાં સંપૂર્ણ છે. એ ઉપરથી એટલો બોધ લેવો જોઈએ કે મારા ધર્મ જેટલો ખ્રિસ્તી ધર્મ સત્ય છે, સારો છે. ઇસ્લામ, જરથોસ્તી અથવા યહુદી ધર્મની બાબતમાં પણ એમજ છે.

"ઇસ્લામનો અલ્લા એ ખ્રિસ્તી ધર્મના ગૉડ અને હિન્દુ ધર્મના ઇશ્વર સમાન જ છે, જેમ હિન્દુ ધર્મમાં ઇશ્વરના અસંખ્ય નામો છે. તેમ ઇસ્લામ ધર્મમાં પણ ઘણાં નામો છે. આ બધાં નામો ભિન્નભિન્ન ઇશ્વરરૂપો નહિ પણ તેના ગુણો સૂચવે છે, અને ક્ષુદ્ર માનવજીવે પોતાની અલ્પબુદ્ધિથી ગુણોનું આરોપણ કરી પરમેશ્વરને વર્ણવવા

પ્રયત્ન કર્યો છે, પણ ઇશ્વર તો ગુણાતીત છે, અવર્ણનીય છે, અમાપ છે. આ ઇશ્વરમાં જીવન્ત શ્રધ્ધા એટલે માનવ બંધુત્વભાવનો સ્વીકાર. એનો અર્થ સર્વધર્મ સમભાવ પણ થાય. જો તમને ઇસ્લામ ધર્મ પ્રિય છે, તો હિન્દુધર્મ મને પ્રિય છે, અને ખ્રિસ્તીઓને ખ્રિસ્તી ધર્મ પ્રિય છે. તમારો ધર્મ સર્વશ્રેષ્ઠ છે અને બીજા લોકોએ તમારો ધર્મ સ્વીકારવો જોઇએ એ વ્યાજબી છે એવી માન્યતા ખરેખર અસહિષ્ણુતાની પરાકાષ્ટા કહેવાય......અને અસહિષ્ણુતા હિંસાનો એક પ્રકાર જ છે.

"જો આપણે એક અવિભકત અને સર્વવ્યાપી ઈશ્વરમાં અથવા દેવતામાં માનતા હોઇએ, તો વિશ્વ બંધુત્વનો સ્વીકાર, સર્વધર્મ સમભાવ, વિચાર સ્વાતંત્ર્યના સ્વીકાર પર રચાયેલી સહિષ્ણુતા...... આ સર્વ આદેશોને જીવનમાં ઉતરવાની આવશ્યકતા છે"

જેમ ગાંધીજીની સ્વદેશભકિત એમના ધર્મને અધીન હતી તેમ એમના સમાજવાદ અને પ્રજાતંત્રવાદ પરમાત્માના આધ્યાત્મિક દર્શનમાંથી ઉદ્ભવ્યા હતા. ઇશોપનિષદ્‌ના પ્રથમ શ્લોકની એમના પર ઘણી ઉંડી અસર પડી હતી, તે પ્રત્યે આપણું લક્ષ ખેંચી મહાત્માજી પોતે જ આ પ્રમાણે કહે છે તે શ્લોક આ છેઃ—

ॐईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जी था मा गृधः कस्यस्विद्धनम्॥

આ શ્લોક પર વિવેચન કરતાં મહાત્માજી કહે છેઃ—

"હું તમને સૂચવું છું કે આ સૂત્રાત્મક શ્લોકમાં સમાયેલું સત્ય પ્રત્યેક માનવીની ઉત્કટ અભિલાષાઓ સંતોષવાને યોજાએલું છે......તે અભિલાષાઓ ઐહિક હોય કે પછી પારલૌકીક......આ મંત્ર મને કહે છે કે જે કંઇ ઇશ્વરનું છે તેને મારૂં પોતાનું છે એમ માનવું ન જોઇએ, અને જો મારૂં જીવન અને આ શ્લોકમાં માનનારા સર્વનું જીવન સંપૂર્ણ ત્યાગનું જીવન હોય, તો એનું તાત્પર્ય એ થયું કે એ જીવન આપણા માનવબંધુઓની નિરંતર સેવાનું જીવન છે."

આવા સંપૂર્ણ ત્યાગના જીવનને...અખંડ સેવાભાવી જીવનને...સભરતાથી આત્મસાત્ કરવા મહાત્માજી સફળ થયા. હા, એમના માનવ—બંધુઓની નિરંતર નિઃસ્વાર્થ સેવામાં એમનું જીવન વ્યતીત થયું. તેમણે ગામ તેમજ શહેરની, સ્ત્રી તેમજ પુરૂષની, નાના તેમજ મોટાની, શ્રીમંત તેમજ રંકની, તેમના દૈહિક માનસિક તેમજ આધ્યાત્મિક કૂટ પ્રશ્નો સહિત સેવા કરી. આ તો હિન્દની વાત થઇ. પરંતુ એથી પણ વિશેષ સમસ્ત માનવ જાતની એકતાના એમનાં દર્શનને લીધે મહાત્માજીએ વિશાલતર જનસમુદાય પ્રત્યે દુર્લક્ષ કર્યું નહિ અને તેમણે સમગ્ર વિશ્વના અભિન્ન વિભાગ તરીકે હિન્દની સેવા કરી. તેમની સેવા સફળ માનવ જાતની સેવા હતી.

તેમણે કહ્યું છેઃ—

"મારો ધર્મ ભૌગોલિક સીમામાં બધ્ધ નથી. જો એમાં મને જીવન્ત શ્રધ્ધા હોય, તો મારો પ્રેમ હિન્દને માટે જ ઊર્ધ્વગામી થાત."

અને એમણે ફરી એકવાર કહ્યું છેઃ—

એક જણને આધ્યાત્મિક રીતે લાભ થાય અને એની આસપાસના લોકોને સહન કરવું પડે એમ હું માનતો નથી. હું અદ્વૈતમાં માનું છું; હું મનુષ્યની તાત્ત્વિક એકતામાં માનું છું, તેથી એમાં સર્વ જીવોનો સમાવેશ થાય છે. માટે હું માનુ છું કે જો એક માણસને આધ્યાત્મિક રીતે લાભ થાય તો સમસ્ત વિશ્વને એની સાથે લાભ થાય, અને જો એક માણસ નિષ્ફળ નીવડે તો સમગ્ર વિશ્વને પણ એટલીજ નિષ્ફળતા મળે."

મહાત્માજીના જીવન્ત આત્માની પ્રેરણા અને માર્ગદર્શન તળે આપણી રાષ્ટ્રીય સેવાની આ આધુનિક પ્રેરક શકિત એમણે દર્શાવેલા અને ઔદાર્યથી અનુસરેલા માર્ગે—આત્મશુદ્ધિના માર્ગે—આપણને દોરવા સહાયરૂપ થજો. સત્યને શોધવા, સત્યને પ્રાપ્ત કરવા અને સત્યને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરી આપણે મહાત્માજીએ આપેલા મહાન બલિદાનને યોગ્ય બનીએ. એમનું પ્યારું સ્મરણ આપણાં હૃદયને પ્રેરો અને શાંતિમય શકિત અને આનંદમય સેવા પ્રાપ્ત કરવા આપણને શકિતશાળી કરો. *

---

* ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી. અનુવાદક : મુકુલભાઈ.



ગાંધી ગુરુ

ગુરુદયાલ મલ્લિક

જીવન સૂર્ય સમાન છે. કલા, સાહિત્ય દર્શન, વિજ્ઞાન વગેરે તે સત્યનાં રંગીન જુદાં જુદાં કિરણો છે એટલે દરેક પર જીવનની છાપ છે. ત્યારે જ તો તે હિતકારી થઇ શકે. ગાંધીજી અને ગુરૂદેવ સાહિત્યને પણ એવી દૃષ્ટિથી જોતાં એમ લાગે છે. કોઇએ તેમને પૂછયું હોત કે સાહિત્ય એટલે શું ? તો વખતે હસતા હસતા પણ ગંભીર અર્થની સાથે તેઓએ જવાબ આપ્યો હોત કે સાહિત્ય એટલે, તે કૃતિ કાલ્પનિક અથવા વાસ્તવિક, જેનો હેતુ બધાનું હિત અથવા કલ્યાણ છે. સાહિત્ય એટલે સહહિત.

એજ કારણ હતું કે ગાંધીજીએ અને ગુરૂદેવે મધ્યયુગના સંતોની જેમ પોતાની પ્રાંતિય ભાષા ગૂજરાતી અને બંગાળીને પંડિતોના પંજામાંથી છોડાવી જનસમાજ માટે સરલ અને સહજ બનાવી દીધી. સાચું સાહિત્ય પણ સત્યની જેમ સમાજવાદી છે. એ બધાને નોતરૂં આપે છે. એનાં જમણમાં કોઇ હરિજનની જેમ બહાર નથી ઉભું રહેતું.

બંનેને સાહિત્ય રચના કરવાની પ્રેરણા કોઇ રાજાના દરબારમાંથી અથવા કોઇ પૈસાવાળા તરફથી નથી મળી. તેઓ તો પોતાની ભાષાદ્વારા કેવળ તે જ વ્યકત કરતાં જે મનુષ્યજાતિની ચેતનામાં સ્ફુરે છે. તેઓ એ સ્ફુરણને બાહ્યરૂપ આપતા. માણસ પોતાનું સાચું રૂપ જેમ એક અરીસામાં જોઇ શકે તેમ. પોતાની કૃતિઓ દ્વારા તેઓ વાંચનારને એમં ન કહેતા હોય ભાઇ વાંચનાર, એ જે તું વાંચે છે એને તું પાતાને ઓળખવાનું નિમિત્ત બનાવે. અને એને નિમિત્ત બનાવવામાં કાંઇ મુશ્કેલી ન પડે એટલા માટે અમે અમારાં લખાણને આનંદદાયક પણ બનાવી દીધું છે, અને જ્યારે અમારાં લખાણ વાંચતાં તને કંઇ માઠું લાગે તો પણ એમ સમંજજે કે તે પણ તારાં કલ્યાણ માટે જ છે, કારણ કે અમારો હેતુ કેવળ એક જ છે. અર્થાત્ તું તારૂં સાચું હિત ઓળખી શકે.

કોઇ લોકો એમ કહી શકે છે કે ગુરૂદેવનું સાહિત્ય વધુ કાલ્પનિક અને ગાંધીજીનું ઓછું કાલ્પનિક હોવાને લીધે બંનેનાં સાહિત્યમાં ઘણો ફેર છે. પણ આ કહેવાનો અર્થ જો એમ હોય કે ગુરૂદેવ અને ગાંધીજી પોતાનાં લખાણમાં વાસ્તવિકતાનો ખ્યાલ નહિ રાખતા, તે ખોટું છે. તેઓની વાસ્તવિકતા એક જુદી જ જાતની વાસ્તવિકતા હતી. એમનો આધાર જીવનનું સત્ય હતું, અને સત્ય જાણવાને માટે નજીકની દૃષ્ટિ અને દૂરની દૃષ્ટિ બંને જોઇએ છે. ગુરૂદેવ કલ્પનાદ્વારા, (કલ્પના એટલે શેખચલ્લી જેવી નહિ પણ આત્માનું આસ્પંદન) અને ગાંધીજી બુધ્ધિદ્વારા (બુદ્ધિ એટલે મનની નહિ પણ જાગૃત આત્મા) દરેક વસ્તુને સમજતા, અને એની વ્યાખ્યા અથવા વર્ણન સંયમતાથી કરતાં. આજકાલનાં સાહિત્યમાં જેને વાસ્તવિકતા કહે છે તેના સંબંધમાં બંનેનો એક મત લાગે છે. તે જો ગુરૂદેવના શબ્દોમાં આપીએ તો Realism is animalism-વારતવિક હેવાનપણું છે.

એનો કહેવાનો અર્થ ફકત એ કે સત્ય અને વાસ્તવિકતામાં ઊંડો ફેર છે. એક ફોટોગ્રાફરને માટે એક વસ્તુનું સત્ય એની હૂબહૂ છબી લેવી, અને એક કલાકાર માટે તે વસ્તુની અંદર જે છૂપાયેલો અને મૂંગો પ્રાણ છે તેને બોલતો કરી દેવો.

ગાંધીજી અને ગુરૂદેવનું સાહિત્ય એક કલાકારની રચના હતી, નહિ કે ફોટોગ્રાફરની છબી,

પંચગની ૨૭-૭-૪૪

ચિ. મનુ,

[illegible]



કેટલાએ મૂઢ મેં જોયા છે
અને રાયચંદભાઈ જેવા
અભણ બાલ્યાવસ્થામાં
આત્મજ્ઞાન ધરાવતા હતા.
હું તને પેલીની રાતે કે બીજી
ની સવારે મળવાની આશ
રાખું છું. સાજી થઈ જાય
એટલે મારી પાસે આવી
જવાનો મારો આગ્રહ
છે. મને પકડી જાય તોય
તું આશ્રમમાં રહી શકશે
અથવા તો ફરી વિચાર કરજે.
બાપુના આશીર્વાદ

પંચગની, ૨૭-૭-૪૪

ચિ. મંજુ,

તારો કાગળ મળ્યો, ઇશ્વરની ઉપર પૂરો વિશ્વાસ રાખી તારા ભજનોની થાપણ વડે છેક નિશ્ચિંત થઇ જજે, તું વયે બાળક છો એટલે તું જ્ઞાની ન થઇ શકે એવો કશો નિયમ નથી. જ્ઞાની એટલે અંતરજ્ઞાન ને ઉમ્મરની સાથે અનિવાર્ય સંબંધ નથી. ઘરડાં અને બહુ ભણેલા કેટલાએ મૂઢ મેં જોયા છે અને રાયચંદ ભાઇ જેવા અભણ બાલ્યાવસ્થામાં આત્મજ્ઞાન ધરાવતા હતા. હું તને પેલીની રાતે કે બીજીની સવારે મળવાની આશા રાખું છું. સાજી થઇ જાય એટલે મારી પાસે આવી જવાનો મારો આગ્રહ છે, મને પકડી જાય તોય તું આશ્રમમાં રહી શકશે અથવા તો ફરી વિચાર કરજે.

બાપુના આશીર્વાદ

(૧૯૨૨ની સાલમાં પૂ. બાપુ પકડાશે એવો ડર ચારે તરફ હતો. આ સમયે સ્વ. જમનાલાલજીએ બાપુ પાસે કંઈક માર્ગદર્શન ઈચ્છેલું તેના જવાબમાં પૂ. બાપુએ નીચેનો પ્રેરણાત્મક પત્ર લખેલો. આ અપ્રગટ પત્ર શ્રીમતી મદાલસાબહેનના સંગ્રહમાંથી મળ્યો છે.)

ચિ. જમનાલાલ,

જેમ હું સત્યની શોધ કરતો જાઉં છું તેમતેમ મને ભાસે છે કે તેમાં બધું આવી જાય છે. અહિંસામાં તે નથી; પણ તેમાં અહિંસા છે એમ ઘણી વેળા ભાસે છે. નિર્મળ અંતઃકરણને જે સમે જે લાગે તે સત્ય, તેને વળગતાં શુદ્ધ સત્ય મળી આવે છે. તેમાં ક્યાંયે ધર્મસંકટ પણ નથી જોતો, પણ અહિંસા કોને કહેવી તેનો નિર્ણય કરતાં ઘણી વેળા મુસીબત આવે છે. જંતુનાશક પાણીનો ઉપયોગ એ પણ હિંસા છે. હિંસામય જગતમાં અહિંસામય થઈને રહેવાનું રહ્યું, તે તો સત્યને વળગવાથી જ થાય. તેથી હું તો સત્યમાંથી અહિંસા ઘટાવી શકું છું, સત્યમાંથી પ્રેમ મળે છે, સત્યમાંથી મૃદુતા મળે છે, સત્યવાદી સત્યાગ્રહી તદ્દન નમ્ર હોવો જોઈએ. તેનું સત્ય જેમ વધે તેમ તે નમતો જાય. આ હું ક્ષણે ક્ષણે અનુભવી રહ્યો છું. મને અત્યારે સત્યનો જેટલો ખ્યાલ છે તેટલો વર્ષ પહેલાં ન હતો અને અત્યારે મારી અલ્પતા મને લાગે છે તેટલી એક વર્ષ પહેલાં નહોતી લાગતી.

'બ્રહ્મ સત્ય, 'જગન્મિથ્યા' એ વાક્યનો ચમત્કાર મને દિવસે દિવસે વધતો જતો લાગે છે, તેથી આપણે હંમેશાં ધીરજ રાખવી.

ધીરજ રાખતાં આપણામાંથી કઠોરતા ચાલી જશે. કઠોરતા જતાં આપણામાં અહિંસા વધશે. આપણી ભૂલો આપણને પહાડ જેવડી લાગશે ને જગતની રાઈ જેવડી લાગશે. શરીરની સ્થિતિ અહંકારને લઈને સંભવે છે. શરીરનો આત્યંતિક નાશ એ મોક્ષ. અહંકારનો આત્યંતિક નાશ જેનામાં થયો છે એ તો સત્યની મૂર્તિ થઈ રહે છે. એને બ્રહ્મ કહેવામાંએ બાધ ન હોય; તેથી જ ઈશ્વરનું રૂડું નામ તો દાસાનુદાસ છે.

સ્ત્રી, પુત્ર, મિત્ર, પરિગ્રહ બધું એ સત્યને આધીન રહેવું જોઈએ. સત્યને શોધતાં એ બધાંનો સર્વથા ત્યાગ કરવા તત્પર રહીએ તો જ સત્યાગ્રહી થવાય.

આ ધર્મનું પાલન પ્રમાણમાં સહજ થઈ જાય એવા હેતુથી હું આ પ્રવૃત્તિમાં પડ્યો છું ને તમારા જેવાને હોમતાં અચકાતો નથી. તેનું બાહ્ય સ્વરૂપ હિન્દ સ્વરાજ છે. તેનું ખરૂં સ્વરૂપ તે તે વ્યક્તિનું સ્વરાજ છે. હજુ એક પણ એવો શુદ્ધ સત્યાગ્રહી નથી પાક્યો તેથી ઢીલ થાય છે. પણ તેથી ગભરાવાનું જરાએ કારણ નથી, તે તો વધારે પ્રયત્નનું કારણ છે... ....પણ હું લાયક બનવા પ્રયત્ન કરી રહ્યો છું. આ જવાબદારી કાંઈ જેવી તેવી નથી.........ઈશ્વર મને સહાય થાઓ ને હું તેવો લાયક આજથી જ બનું.

તા. ૧૭-૩-૨૨

બાપુના આશીર્વાદ

“સત્ય કે દર્શન કે લિયે સંતો કા ચારિત્ર પઢના ઔર
ઉસકા મનન કરના આવશ્યક હૈ”—ગાંધીજી

સંતો-ભક્તો-શહીદો

સંત ફ્રાન્સિસ.

(અસ્સીસી-ઇટલી—૧૨મી સદી)

“અભ્યાસી”

આ વિભાગમાં વિશ્વના સંતો, ભકતો અને શહીદોની જીવનગાથા આવશે. જીવનમાં એકવાર એક પળ આવી જાય છે જ્યારે મનુષ્ય પોતાનાં જીવનને ઊંચે લઇ જઇને આવતી પેઢીને જીવનમંત્ર આપતો જાય છે. આવી પળો બધા મનુષ્યોને એકવાર તો આવે છે. પણ તે પળ ને ઓળખવાની શક્તિ અને હિમ્મત જોઇએ.

સવારે ઉઠતાં વેંત જ ગુરૂએ પોતાના પ્રિય શિષ્યને કહ્યું, “વત્સ, આજે તું અને હું શહેરમાં ધર્મનો પ્રચાર કરવા જઈશું, માટે જલ્દી તૈયાર થઈ જા.”

શિષ્યે ગુરૂની આજ્ઞાનું તરત જ પાલન કર્યું અને થોડા વખતમાં ગુરૂનાં ચરણો સમીપે હાથ જોડીને કહ્યું, “ગુરૂજી, હું આવી ગયો છું”

ગુરૂ ને શિષ્ય મઠમાંથી બહાર નીકળી શહેર તરફ ઉપડયા. સવારથી સાંજ સુધી આખું શહેર ફર્યાં. લગભગ એ બાર કલાક દરમ્યાનમાં ગુરૂજીએ એકવાર પણ પોતાનું મોઢું ઉઘાડયું નહિ. અને કોઇને ઉપદેશ પણ કંઈ આપ્યો નહિ.

સાંજ પડી. બને મઠ તરફ પાછા વળ્યા. શિષ્યથી હવે રહેવાયું નહિ. એટલે મઠમાં પ્રવેશ કરતા પહેલાં ગુરૂજીને બહુ નમ્રતાથી પૂછ્યું. “ગુરૂજી, આપે તો સવારમાં કહ્યું હતું કે આજે શહેરમાં આપ ધર્મનો પ્રચાર કરશો, પણ આપ તો એક શબ્દ યે બોલ્યા નહિ.”

ગુરૂજીએ આ સાંભળીને જરા સ્મિત કર્યું અને ઘણા વહાલથી કહ્યું, “જ્યારે આપણે શહેરમાં ચાલતા હતા ત્યારે આપણે ધર્મનો પણ પ્રચાર કરતા જતા હતા. લોકોએ આપણી તરફ જોઇને આપણા ચહેરા પરથી, આપણા ચાલવા પરથી, આપણા વર્તન પરથી સમજી લીધું હશે કે આપણે કયા ધર્મના અનુયાયીઓ છીએ. દૈનિક

વ્યવહાર માણસના ધર્મનું સાચું પ્રતિબિંબ છે."

આ સાંભળી શિષ્ય આશ્ચર્ય તો પામ્યો પણ કંઈ વધારે પૂછ્યું નહિ. અને શાંત રહ્યો.

એ ગુરુજીનું નામ સંત ફ્રાન્સિસ હતું. એમનો જન્મ ૧૨મી શતાબ્દિની આખરમાં એસ્સીસ–ઇટલીમાં થયો હતો. એ ઘણા પૈસાવાળા બાપના બેટા હતા. નાનપણથી મોજ શોખના શોખીન હતા. અને જ્યારે મોટા થયા ત્યારે સોબત પણ એમને લહેરીલાલાઓની મળી હતી. લગભગ ૨૫ વરસની ઉમર સુધી પ્રેમરસના પ્રવાહમાં તણાયા હતા.

એક સાંજે કોઇને ત્યાં પોતાના મિત્રોની સાથે જમવા ગયા હતા. ત્યાં ખૂબ ખાધું પીધું અને ગાનતાનમાં મધ્ય રાત્રી સુધી વખત પસાર કર્યો. ઘરે પાછા ફરતા ઓચિંતા એમના મનમાં એક વૈરાગની ભાવના ઉત્પન્ન થઈ અને એમને લાગ્યું કે જગત મિથ્યા છે.

ઘરે પહોંચ્યા પછી પણ એ વૈરાગની ભાવના કાયમ રહી. અને વધુ મજબૂત પકડ પકડતી હતી. રાતના એક ક્ષણભર પણ ઉંઘ ન આવી. બેચેનીમાં રાત પસાર કરી. પરોઢિયું થતાં એકલા ઉઠીને ઘરથી દૂર એક નાનકડી ટેકરી પર ફરવા ગયા. જ્યારે ત્યાં બેઠા અને વિચારમાં ગરકાવ થયા ત્યારે કોઈ નેપથ્યમાં એમને કહેતું હોય કે "મારૂં પૂજાનું ઘર ભાંગી ગયું છે, તું એને બનાવ.'

આ શબ્દો સાંભળી સંત ફ્રાન્સિસ ચકિત થઈ ગયા. અને એમને થયું કે આ કોઈ દેવતાનો આદેશ છે. તે આદેશને પૂરૂં કરવાનું ત્યાં જ મનમાં નક્કી કર્યું.

જ્યારે સૂર્ય ઉદય પામી રહ્યો હતો ત્યારે તેઓ ઘર તરફ પાછા વળ્યા. એના પિતાજી હજુ ઉંઘતા હતા. આ તકને ઝડપીને ગોદામમાંથી કપડાંની ગાંસડી ઉપાડી, બજાર તરફ ગયા. ગાંસડી વેંચીને જે પૈસા મળ્યા તે એક પાદરીને આપી દીધા. અને કહ્યું, "શહેરની બહાર જે ટેકરી છે તેની પાસે એક ભાંગેલું દેવળ છે તેની મરામત માટે આ પૈસા હું આપને ભેટ આપું છું.

પાદરી આ ઓચિંતી ભેટ પામીને બહુ પ્રસન્ન થયા અને ફ્રાન્સિસને આશીર્વાદ આપ્યા.

તે દિવસ પછી સંત ફ્રાન્સિસે, જે મિત્રોની વચ્ચે રહેવામાં જ આનંદ માનતા, તે એકાંતપ્રિય બની ગયા. સવારને સાંજ કલાકોના કલાકો બાગમાં અથવા નદીના કાંઠે અથવા ટેકરી પર પોતાના ભાવ અને વિચાર દમન કરીને તે ગંભીર શાંતિ અનુભવ કરવા લાગ્યા. જેના સંબંધમાં એક ધર્મ પુસ્તકમાં કહ્યું છે. "શાંત થાઓ, અને જાણો કે હું પ્રભુ છું"

એક સાંજે ઘરે ફરતા રસ્તામાં એમને ઈશુની પ્રત્યક્ષ ઝાંખી થઈ. અને શું જુવે છે? ઈશુ ઉભા છે. એની ચારે બાજુ પિડીત લોકો ઘેરાયેલા છે. બધાંને તેઓ પ્રભુનું નામ દઇને આશીર્વાદ આપે છે અને બધાં તંદુરસ્ત થઇ જાય છે. લોકો હરખાતાં પાછા વળે છે. અને જ્યારે ઈશુ પણ પાછા ફરવા વળે છે ત્યારે એમની કૃપાળુ નજર ફ્રાન્સિસ પર પડી અને બોલ્યા, "મારા વહાલા દીકરા, જ્યારે હું જીવતો હતો ને જે કાંઈ કર્યું તે તું કરવા માંડ."

હવે ફ્રાન્સિસથી ઘરે ન રહેવાયું. તે રાત્રે જ ઘર છોડયું તેમના દીલમાં એક અજબ આનંદની લહેર વહેવા માંડી. તેઓ ભગવાનનાં

નામનું અને ઇશુનાં નામનું ગીત ગાવા લાગ્યા. જે કોઇને મળે, માણુસ હોય, પક્ષી હોય, જનાવર હોય, ઝાડ હોય, બધાંને ભ્રાતૃભાવના આવેશમાં આવીને, ભાઈ કહીને સંબોધન કરતા અને ભેટતા. આમ એક શહેરથી બીજા શહેર ફરવા લાગ્યા. પોતાની સાથે ઓઢવાનું, પહેરવાનું જે જે કપડાં અંગ પર હતાં તેનાથી વધારે કાંઈ નહોતું અને ખાવાનું મેળવવા દિવસના ભાગમાં કાંઇને કાંઈ કામ કરી લેતા.

થોડા વખત પછી એમનાં જીવનથી આકર્ષિત થઇને થોડા લોકો એમની સાથે ભળ્યા. અને જ્યાં જ્યાં તેઓ જતા એ લોકો પણ સાથે જતા.

આમ એવા ભક્ત લોકોની સંખ્યા વધતી ગઈ ત્યારે એમણે એક મઠ સ્થાપ્યો. દરેક શિષ્યને એક જ પ્રતિજ્ઞા લેવાની હતી. કે તે ગરીબાઇને વરશે.

સંત ફ્રાન્સિસે શિષ્યોની સામે એક જ આદર્શ રાખેલો, તે એ કેઃ—

પ્રભુ કે પ્રેમ ઔર આશીર્વાદ
કા હો સકતા હૈ વો હી પાત્ર।

જો કરતા હૈ સબસે સચ્ચા પ્રેમ
જો માંગતા હૈ નહિ બદલામેં પ્રેમ ।।

પ્રભુ કે પ્રેમ ઔર આશીર્વાદ
કા હો સકતા હૈ વો હી પાત્ર।

જો કરતા હૈ સબ કી સેવા
જો માંગતા હૈ નહિ બદલમેં સેવા ।।

પ્રભુ કે પ્રેમ ઔર આશીર્વાદ
કા હો સકતા હૈ વો હી પાત્ર।

જો કરતા હૈ સર્વ જગ કા ભલા
નહિ ચાહતા બદલમેં અપના ભલા ।।

(અનુસંધાન પૃ. ૯૨ થી ચાલુ)

સ્વતંત્ર કરીને પાછા ફરી રહ્યા છે. તેમાંથી કેટલાં મર્યાં, કેટલાં ઘવાયાં હશે તેની મને હમણાં જ તેઓનાં ઓછાં પગલાંઓથી ખબર પડી જશે. મારે જલદી, બહુજ જલદી તેઓની પાસે તમને મૂકી દોડી જવું રહ્યું. તેઓનાં વિયોગી મા બાપો કેટલા ઉચક મને પોતાનાં બાળકોની રાહ જોઇને બેઠા હશે. તેઓમાંથી કેટલાકે નિરાશ થવું પડશે. તેઓનાં બાળકોને મારે પહોંચાડવા રહ્યા અને તેઓની વેદનાઓ અને દુઃખો મારામાં સમાવીને તેઓને આંનદિત કરવા રહ્યા.

જરૂર કોઇવાર એકલતા વસમી લાગે છે ત્યારે હૃદય ભરાય આવે છે. પણ જયારે બીજાનાં સુખ દુઃખની હું ભાગીદાર છું એની કલ્પના કરૂં છું ત્યારે હું નાચી ઉઠું છું અને મારી એકલતાના દુઃખ માટે શરમિંદી બની જાઉં છુ. અને વિચારૂ છું કે બધામાં તારે સમાઇને બધાને તારા કરવા રહ્યા. એમાંજ જીવનની સુગંધી છે. એમાંજ જીવનની મીઠાશ છે. એમાં જ જીવનની સેવા છે. એમાં જ જીવનનો પ્રેમ છે.

અને જે પગલાંઓએ મને હૃદય સાથે ક્ષણિક સ્વાર્થી પ્રેમના પાઠો શીખવ્યા હતા તે પગલાંઓએ જ મને વૈરાગ્ય અને પ્રેમની વિશાળતાનું ભાન કરાવ્યું અને સેવાના પાઠોના મંત્રો ભણાવ્યા.

મારે હવે પગદંડીને છોડવી જ રહી ત્યાં ઉભો રહું તો બીજાને અડચણ કર્તા થઇ પડું. હું મનમાં જ પ્રણામ કરી ઘર તરફ બીજાને માર્ગ કરી આપવા ચાલવા લાગ્યો. ચાલતા ચાલતા વિચાર આવ્યો કે જીવન શા માટે? પોતાના સ્વાર્થ માટે કે બીજાની સેવા માટે?



બાળકોના સહવાસમાં બાપુ જે આનંદ મેળવી શકતા હતા તેવો ભાગ્યે જ બીજા કોઇના સહવાસમાં મેળવતા. યરવડા જેલમાં હતા ત્યારે પણ દર અઠવાડિએ એકવાર આશ્રમનાં તેમનાં 'વહાલાં પંખીડાં'ને તેઓ અચૂક કાગળ લખતા. ત્યાં બેઠા બેઠા પણ ઝીણી ઝીણી વસ્તુઓ પર પત્રો દ્વારા ધ્યાન ખેંચે. બીજા બાળકોને પણ એમાંથી બોધપાઠ મળશે એમ ધારી દર અંકમાં આ અપ્રગટ પત્રો ક્રમશઃ પ્રસિદ્ધ કરશું.

બાળકો અને બાળાઓ,

એક વાત વિલાયતનાં બાળકોમાં જોઈ તે આશ્રમમાં હું નથી જોતો. તમારામાંથી ઘણાંને કાગળમાં શું લખવું એ સૂઝતું નથી. આ બરાબર નથી. વિલાયતનાં બાળકો આ બાબતમાં તેજ હોય છે. આશ્રમ બહારનાં બાળકો તમારાં જેવાં જ હશે કે નહીં એ હું ચોકસ પણે ન કહી શકું. તમારે આ દોષ મટાડવો જોઈએ.

તમારી આસપાસ રોજ એટલું બધું બને છે કે તમે તેનું અવલોકન કરતા હોય તો તમે પાનાં ભરી મૂકો એટલું લખી શકો. જ્યારે મને કાગળ લખવા બેસો ત્યારે કેમ કંઈ સૂઝે નહીં? દિવસમાં જે કર્યું, જે જોયું, જે વિચાર્યું એ બધું લખાય. કોઇ દિવસ આનંદમાં જાય તો એ કેમ ગયો, દુઃખમાં જાય તો એ કેમ? કોઈ દિવસે સારા વિચારો આવ્યા કોઈ દિવસે ખરાબ આ બધું વર્ણવી શકાય. એવું પણ બનતું હશે કે આવું બધું કાગળમાં લખાય કે નહીં તેને જ વિષે તમને શંકા હોય તો જાણજો કે એવી શંકાનું કારણ જ નથી. જેમ મારી સાથે વાત કરતા હોય તેમ લખી શકાય. હવે હું જોઇશ કે આવતે અઠવાડિયે તમે કેટલા આગળ વધ્યા છો.

કાગળ લખવાની પણ કળા છે. આપણી બધી કળા સત્યની પૂજામાંથી નીકળે છે. મારે કાગળ લખવો છે, તેમાં સાચું જ લખવું છે તેમાં પ્રેમ જ રેડવો છે. આમ વિચાર કરી જે લખવા બેસે તે સરસ જ લખે. કેમકે સત્ય એજ ઈશ્વર છે ને સત્યને સાક્ષી કરી તેને આરાધીને આપણે જે કંઈ કરીએ કે લખીએ તેમાં કળા સહેજે આવી જાય.

ય.મં. ૧૩–૨–૩૨

બાપુના આશીર્વાદ

પગદંડી

"યાત્રાળુ"

મારે મારું દુઃખ કોની પાસે રડવું એ જ મારે માટે હવે મોટો સવાલ આવીને ઉભો રહે છે. અને વળી રોદણાં રોવાથી શું ફાયદો એ વિચારે પણ પાછી હું શાંત થઈ જાઉં છું. કદાચ તેથી જ હું કોઇને મિત્ર નહિ બનાવી શકતી હોઉં. આમ તો ઘણાં મારી પાસે આવે છે. પણ તેતો પોતાના સ્વાર્થ પૂરતાં જ.

કોઇવાર મને મારાં દુઃખનો ઊભરો ઠાલવવાનું મન થાય પણ કોઈ મારી પાસે બેસતું કે ઉભું રહેતું જ નથી. કારણ કે સહુને પોતાના સ્વાર્થની પડી છે. પોતાનું કામ પડે કે તરત મારી પાસે આવે, કામ પૂરૂં થયે રામ રામ પછી દર્શન પણ દુર્લભ.

આમ તો ઘણાંની સાથે હું ઘર્ષણમાં આવી છું છતાં આખરે તો મારે એકાંત જ ગાળવું પડે છે. ઘણીવાર એકાંત મને પીંખી નાખે છે. મારી પાસેના બીજા સાથીઓને પોતાના મિત્રો સાથે કિલ્લોલ કરતાં જોઉં છું ત્યારે અદેખાઇથી બળી મરૂં છું. મનમાં મનમાં વિચારૂં કે કોઇની શા માટે અદેખાઈ કરવી. અદેખાઇ કરવાથી કોને નુકશાન ? બીજાનાં સુખમાં હું શા માટે દુઃખી થાઉં ? હું શા માટે બીજાનાં સુખમાં નિરાંત ન અનુભવું ? આવા વિચારો તો એક ક્ષણવાર વંટોળિયાની જેમ આવી ને પસાર થઇ જાય છે.

એકલવાયું મન કેટલું મૂંઝાતું હશે એની કલ્પના તો જેને અનુભવ થયો હોય એ જ કરી શકે. મેં ઘણીવાર મિત્રો કરવાના પ્રયત્નો બધા સાથે કરી જોયાં. બધાં સ્વાર્થ પૂરતાં મિત્રો રહી મીઠી મીઠી વાતો કરી પસાર થઈ જાય. હું તો મારે મલકાતી તેઓની સાથે એવી ભળી જાઉં કે જુગજૂની દોસ્તી ન હોય. પણ જ્યારે મારું કામ પતી જાય એટલે જરાય દુઃખ વગર મને છોડતા તેઓ અચકાતા નથી.

જો કે હું મારી આત્મશ્લાઘા નથી કરવાની. પણ જ્યારે તમે એક કુતૂહલથી મારી વાત સાંભળવા ઉભા છો તો કહી દઉં. તમને ખબર હશે કે જ્યારે કોઈ દુઃખી હોય અને એનાં દુઃખમાં કોઇ જરા પણ સહાનુભૂતિ બતાવતું હોય ત્યારે એનું હૃદય નદીનાં પૂરની માફક વહેવા માંડે છે.

હું કેટલાંય વર્ષોથી અહીં પડી છું. મારા જન્મને કેટલાય વર્ષો વહી ગયાં. તમારા બાપદાદાઓનું બાલપણ મેં જોયું છે. પણ હું તમને બુદ્ધયુગમાં નહિ હડસેલી દઉં કારણ કે તમે જો અધીરા થઇને ચાલ્યા જશો તો મારી વાત અધૂરી રહી જશે. અને મારૂં દુઃખ વધુ દારૂણ સ્વરૂપ પકડશે.

મારાં દુઃખની કથા કેમ કહેવી એની મને સૂઝ પડતી નથી. હું જેને દુઃખ કહું છું તેને તમે દુઃખ કહેશો કે નહિ એ ભયે મને પાછું શાંત થઇ જવાનું મન થાય છે. અરે ના, તમે બહુ ધીરજથી હજુ ઉભા રહ્યા છો તે જોઈને મને આનંદાશ્રુ આવે છે. તમે આટલા લાગણીવશ થઈ કેમ ઉભા છો ? તમે શું મારા જેવા જ એકલવાયા તો નથી ને ? કે પછી કુતૂહલ પૂરતાં ઉભા છો ? અને મારાં દુઃખને હળવું કરવા દુઃખી બની ગયા છો ? ખેર ગમે તેમ હો તમે મારામાં આટલો બધો રસ લઇ રહ્યા છો તો સાંભળો.

જુઓ, થોડે દૂર પેલી નિશાળ દેખાય છે ને ? તેમાં કેટલાક તોફાની છોકરાઓ ભણતા હતા. ગામડાની નિશાળ એટલે પૂછવું જ શું ? મહેતાજીથી કંટાળીને રમવાનું સ્થાન ક્યાં શોધવું એ વિચારમાં કેટલાય નિશાળિયાઓ એક જગ્યા શોધતાં હતા. શોધતાં શોધતાં મને ઘસાઇને જૂનું જરજરિત મારી સાથે મળી જવા માગતું હોય એવું એક નાનકડું શિવાલય ઉભું છે. ત્યાં આવ્યા. અહિ તેઓને રમવાની અને તોફાન મસ્તી કરવાની

સારી ઠંડક મળી. પછી તો રોજ વખત મળે આવતા થયા. અને તેમના પગના ઘસારાથી મારો જન્મ થયો. જન્મ થયા પછી બધા મોટા થાય તેમ હું પણ મોટી અને રૂપાળી થવા માંડી. ને એકબીજા ગામને જોડતી સાંકળ બની ગઈ.

મને ઘસાતા પગોના ધબકારા સાંભળી સાંભળીને જ મને એકલવાયાંનું દુઃખ સાલવા માંડયું. કોઇ પગલાંના ધબકારામાં દેશદાઝ તો કોઇનાં પગલામાં વિરહ-વેદના તો કોઇનાં પગલામાં પૈસા કમાવાની તાલાવેલી તો કોઈનાં પગલાંમાં ભકિતનું સંગીત સાંભળતી. આમ જુદાં જુદાં ભાવોવાળાં પગલાં મારામાં એક રૂપ થવા લાગ્યાં, કંઈક આકારો આપવા લાગ્યાં, અને સાથે સાથે હૃદય પણ આપવા લાગ્યાં અને ત્યારથી જ મને સુખદુઃખ અનુભવવાની અને એકલાપણાનું ભાન થવા માંડયું. કેમ હસવું આવ્યું ? હસો, હસો. તમે બધા એમ માનો છો કે વિચારવાની, સુખદુઃખ અનુભવવાની શક્તિ ઇશ્વરે તમારામાં જ ભરી છે. પણ તમે દરેકનાં હૃદય ખોલી શોધવા માંડશો તો અરે, આ મારી બાજુમાં ઢળેલા પત્થરમાં કેટલી વેદના ભરી છે એ તો તમે એને મનાવી, પટાવી, ફોસલાવીને સાંભળશો તો ખબર પડશે. અને તમને મનુષ્ય જાતિને એક દિવ્ય સંદેશો પણ આપી જાય. એટલું યાદ રાખજો કે દરેક જીવ વગરની વસ્તુ જીવવાળાં પ્રાણી કરતાં દુનિયાનું વધુ ભલું કરે છે. અમે તો અમારા જીવનને નિચોવી તમારી મનુષ્ય જાતીને ઘણા સંદેશાઓ આપીએ છીએ. પણ તમે સ્વાર્થમાં એટલા રચ્યાપચ્યા રહો છો કે તમારી :પંડ સિવાય બીજું કાંઇ જ વિચારતાં કે જોતાં જ નથી. તમારી દૃષ્ટિ, તમારા કાન, જાગૃત રાખશો તો તમને આ ઝાડ, કુવો, પત્થર, નદી, આકાશ, તારા વગેરેમાંથી ઘણું શીખવાનું ને જાણવાનું મળશે.

માફ કરજો મારી બેઅદબી માટે. હું તો તદ્દન નિર્જીવ ને તમને બુદ્ધિશાળી, જીવંત માણસને ઉપદેશનાં વચનો કહેવા માંડી. તમે જરા એકવાર શાંત ચિત્તથી વિચાર કરશો કે સેવામાંજ સૌંદર્યની સુગંધી છે. જેમ હું તમારી હુંફ લઇને મોટી થઈ તેમ તમે અમારી હુંફ લ્યો તો કેવું સારૂં ?

પગદંડીની વાત પૂરી થઇ. હું ખુબ રસ અને પ્રેમથી તેની વાતમાં તરબોળ થઇ ગયો હતો. તેની વાતમાં મારે ઘણું શીખવાનું હતું સાચે જ આપણે મનુષ્ય આપસ આપસમાં નિસ્વાર્થી રહીએ તો પૃથ્વીને સ્વર્ગ ન બનાવી શકીએ ? પછી તો ભાઇ ભાઈ વચ્ચે વેર ઝેર પણ શાનું રહે !

આપણે જેને નિર્જીવ માની તુચ્છકારી કાઢીએ છીએ તેમાં કેટલાં સંદેશાઓ, અમૃત-વચનો ભર્યાં છે. તે વાંચતાં ને ઉકેલતાં આવડી જાય તો ઇશ્વરની મહિમાનું જ્ઞાન મળી જાય. મને પગદંડીને પ્રણામ કરવાનું મન થઈ આવ્યું. હું નીચો વળી પ્રણામ કરવા જતો હતો ત્યાં પગદંડી બોલી ઉઠી.

અરે, આ શું કરી રહ્યા છો. હવે વધુ પ્રેમ આપણી વચ્ચે સારો નહિ. તમે વધુ પ્રેમ કરશો તો વળી હું વધુ દુઃખી થઇશ. અને મારી ફરજ, મારી સેવામાં ઉણપ આવશે. અમારે તો પ્રેમી થયે પાલવે નહિ. સેવા એજ અમારો મૂંગો મંત્ર છે. બધાંને સરખાં ગણીને અમારૂં કામ કરવું રહ્યું. જો તમને પ્રેમ કરવા બેસી જાઉં તો બીજાને મારે ભૂલી જઇ તમને એકલાને મારા કરવા રહ્યા ને ? જો એમ કરૂં તો બીજાઓનું શું થાય તેનો વિચાર કર્યો છે ? અમારે તો પ્રેમને વિશાળ કરવો રહ્યો.

ચાલો ત્યારે, જુઓ, આ ભરવાડ પોતાના ઘેટાનું ટોળું લઈને આવ્યો. તેમની પાસે જઇને તેમને ઘરે પહોચાડું. પેલા દૂર મજૂરોનું જૂથ આવે છે. બિચારા, પોતાનું લોહી પૈસાદારોને આપી પરસેવો પોતાનાં શરીર પર લેતા આવતા હોય છે. તેમને જલદી ઘેર પહોંચાડીશ ત્યારે તેઓ કેટલી નિરાંત અને હાશની લાગણી અનુભવશે તેની કલ્પના છે ખરી ? દૂર દૂર પેલી ધૂળ ઉડે છે. ત્યાંથી કોણ આવે છે ખબર છે ? પોતાની માતૃભુમિને સ્વતંત્ર કરવાને કેટલાય મહિનાઓથી નીકળેલાં નાનકડાં ટાબુડીઆઓ આજે તેઓ આપણા દેશને

(અનુસંધાન પૃ. ૮૯ મે)



બહેનોની ઉન્નતિમાં બાપુએ પ્રથમથી જ રસ લઈ તેઓને દોરવણી આપેલી. સમાજમાં માનભર્યું સ્થાન અપાવ્યું. ઘરની દીવાલોમાં ગોંધાઈ રહેલી તે પ્રચંડ સ્ત્રી–શક્તિને દેશસેવાનાં પ્રત્યેક કાર્યમાં હિસ્સો અપાવી તેમનાં પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં. બહેનોમાં એક અનેરું ચેતન આવ્યું અને તેથીજ સર્વ પ્રકારની સ્ત્રીઓ સંકટ અને મૂંઝવણને પ્રસંગે બાપુજી પાસે દોડી જતી. બહેનોનાં જીવનનો એકેય પ્રશ્ન એવો નહોતો જે તેમની ઈચ્છા હોય તો તેઓ બાપુની સાથે પૂરેપૂરી છૂટથી ને કશા પણ અંતરપટ વિના ચર્ચી ન શકી હોય. આશ્રમની બહેનો ઉપર બાપુએ લખેલા આવા અપ્રસિધ્ધ અને અમૂલ્ય પત્રો દરેક બહેનને માર્ગદર્શક થઈ પડશે.

બહેનો,

બધી બહેનોને લખી શકું એવું તો કેમ જ બની શકે. જેને લખવાની જરૂર લાગે છે તેને વખત મળે છે તેમ લખી નાખું છું. પણ પહેલાં જેમ બહેનોને સારૂ એક કાગળ લખતો તેમ લખવાનો આ વખતે પણ વિચારતો છે જ.

અત્યારે જ્યારે બધાની કસોટી થઇ રહી છે ત્યારે તમને દ્રૌપદીની પ્રાર્થના મહા આશ્વાસન આપનાર થઇ રહો. ખરૂં જોતાં આપણે બધાં દ્રૌપદીની સ્થિતિમાં છીએ. આપણને ઢાંકનાર કોઇ મનુષ્ય ન હોઇ શકે એક ઇશ્વર જ હોય. તે મનુષ્ય મારફતે મદદો પહોંચાડે છે એમ બને છે. પણ મનુષ્ય તો તેના જાસૂસ બને છે. નિમિત્ત માત્ર છે. આટલું તો આ કઠિન કાળને લગતું.

હવે થોડું વિલાયતના અનુભવમાંથી. જે પ્રેમ મેં હિન્દુસ્તાનની બહેનો પાસેથી અનુભવ્યો છે તેવો જ લગભગ વિલાયતમાં પણ અનુભવ્યો એમ કહી શકાય. જેમ તમે મારી પાસે કંઇ છુપાવ્યું નથી તેમ વિલાયતમાં પણ પોતાનું હૃદય ઠલવનારી બહેનો ને ભાળી. બહુ દૂરથી સવારના મારા ભ્રમણમાં સાથ દેવાને ને વાતો કરવાને આવતી. એ ઉપરથી સાર તો મેં એટલો જ કાઢયો કે અહિંસા વ્યાપક વસ્તુ છે. અહિંસાના પેટામાં નિર્વિકારતા આવી જ જાય છે.

મેં એમ પણ જોયું કે હિન્દુસ્તાનની સ્ત્રીઓ યૂરોપની સ્ત્રીઓ કરતાં કોઇ પણ રીતે ઉતરતી નથી. હિન્દની સ્ત્રીઓમાં કેટલીક શકિત દબાએલી પડી છે. કેટલીકને પ્રગટ થવાનો અવકાશ જ નથી મળ્યો. જ્યાં જ્યાં વિલાયતની બહેનોમાં મેં વિશેષતા જોઇ ત્યાં ત્યાં તેના કારણો પણ જોઇ શકયો. તે કારણો આપણે ત્યાં ઉભા થાય તો અહીં પણ બહેનો તેવી જ થાય. તેમ છતાં ત્યાં બહેનોમાં જે વિશેષતા અનુભવવામાં આવે છે તે આપણે વિચારવાની તો છે જ. આપણામાં તે બધી છુપાયેલ છે એમ માનીને ફુલાઇ ન જઇએ,

ન સંતોષ માની બેસીએ. તેમનામાં સંગઠન શક્તિ છે, પુરુષોની જેમ એકત્રિત થઇને કામ સારી પેઠે કરી શકે છે. પોતાને અપંગ નથી માનતી પણ ગમે ત્યાં નિર્ભય પણે વિચરે છે. ત્યાં કોઇ બહેન એકલી હોય તો તેની સાથે રાત્રે કે દહાડે કોઇને મોકલવાની જરૂર નથી જોવામાં આવતી. ઇસ્પિતાલોમાં સેવાનું કામતો ખાસ સ્ત્રીઓનો જ ઇજારો થઇ પડયું છે. તે તે કામ તેઓ બહુ દીપાવે છે. કેટલીક બહેનોનો ત્યાગ અવર્ણનીય છે. મ્યુરીઅલ લેસ્ટર જે આપણે ત્યાં રહી ગએલ છે તે ધનિક મા બાપની દીકરી છે. મીરાંબહેનની જેમ તેણે પણ પોતાને ભાગે આવેલું બધું દ્રવ્ય પોતે સ્થાપેલા આશ્રમને આપી દીધું છે. તે અને તેની બહેન ડોરિસ બન્ને એ સેવામાં પોતાનું સર્વસ્વ અર્પ્યું છે. ડોરિસ બાળકોની નિશાળ ચલાવે છે. તેની પાસે દસેક શિક્ષિકાઓ છે. તે જૂજ પગાર લઇ કામ કરે છે. મ્યુરીઅલ, જ્યાં હું ઉતર્યો હતો તે આશ્રમ ચલાવે છે. રાત અને દિવસ બન્ને બહેનોને સેવા સિવાય બીજું રટણ નથી. બન્ને અખંડ કુમારિકા છે. હવે તો એવી ઉમ્મરે પહોંચી છે કે તેને વિવાહનો વિચાર પણ સામાન્ય રીતે ન જ આવે. બન્ને બહેનોની નિર્દોષતા તેના ચહેરામાં લખાએલી આપણે જોઇ શકીએ છીએ. મ્યુરીઅલના આશ્રમમાં ઊંચનીચનો કે કાળા ગોરાનો ભેદ હોય જ નહીં. મને રાખવામાં તો માનો કે તેને કંઇક મોટાઇ પણ મળે પણ તીલકમને તેણે સંઘર્યો તે કેવું? તીલકમને જ પૂછજો કે તેને એ આશ્રમમાં કેવી રીતે રાખવામાં આવ્યો હતો. તીલકમ તો સાવ ગરીબ તરીકે આવેલ તેને સારૂ ખર્ચ દેવાનું તો મેં કબૂલ કર્યું હતું. પણ તીલકમે તે આશ્રમમાં પૂરૂં કામ બીજાની જેમ આપ્યું એટલે તેના વતી એક કોડી પણ મને દેવા ન દીધી. તેને ત્યાં હબસીઓને પણ એટલાજ આદર અને પ્રેમથી રાખે છે ને મળે છે.

આવાં મીઠાં સ્મરણો તો ઘણાંએ છે. પણ આટલું આ વેળા તો બસ ગણશો ને?

બાપુના આશીર્વાદ

ય. મં. ૨૨-૧-૩૨ મૌનવાર

(અનુસંધાન પૃ. ૯૫થી)

તે દિવસે તિલ્લીમાનો દીકરો જો વેરાના પીઠાથી એક માઇલ દૂર પોતાને ઘેર હતો. એની વહૂને સુવાવડ આવે એમ હતી એટલે એ કામે ગયો નહોતો. પહેલાં એણે ઘરકામ કર્યું, પછી ૨-૩૦ વાગ્યે કોયલા મગાવ્યા હશે તે આવ્યા એટલે ૨-૪૫ વાગ્યે જો કોયલાને પોતાના ભોંયરામાં ઠેકાણે પાડતો હતો એમ ત્રણ પાડોશીઓએ સાક્ષી આપી.

પણ જોથી એક ભૂલ થઈ ગઈ હતી. ખૂનની એને ખબર નહિ, એટલે રાતવેળાએ એક જૂનો ઓળખીતો આવી ચડ્યો. ને પોતા ઉપર આપદા આવી પડી છે એમ કીધું, એટલે એને જોએ પોતાના ઘરમાં રાત રહેવા દીધો હતો. વળી એ માણસ મારે ત્યાં હતો એમ પણ જોએ પોતાના પાડોશીઓને વાત કરી, ને એક પાડોશીએ પોલિસને કહ્યું.

જોનું શરીર બંદુકધારીઓના વર્ણનને મળતું આવતું નહોતું. ભાગતા ખૂનીને જેણે જોયા હતા એવા બે માણસે કહ્યું કે જો એમાં નહોતો. વેરાએ પણ એજ કહ્યું પણ પછી પોલીસની શીખવણીથી તે ફરી ગઈ.

ન્યાયાધીશે જોને દોષિત ઠરાવ્યા પછી એણે કુટુંબીઓને કહ્યું હતું કે આ પ્રકરણમાં ગંભીર અન્યાય થયો છે.

પણ પ્રકરણ ફરી ઉઘાડી શકે તે પહેલાં તે મરી ગયો.

ટાઇમ્સવાળાએ વકીલ રાખ્યો, ને વકીલે કેસ તૈયાર કર્યો, તે સાંભળીને માફીમંડળે પૂરી તપાસ કરી તથા ગવર્નરને ભલામણ કરી કે જોને તરત છોડી મૂકવો.

૧૯૪૫ ના ઑગસ્ટની ૧૫મીએ જો જોલિએટ જેલને દરવાજેથી બહાર નીકળ્યો, અને પત્થરની ઊંચી ભીંતના છાયામાં ઊભેલી તિલ્લીમાએ એને હૈયા સરસો* ચાંપ્યો.

---

* 'રીડર્સ ડાઇજેસ્ટ'માં આવેલા એક લેખ ઉપરથી.

વન્દે માતરમ્

વાલજી ગોવિન્દજી દેસાઇ

૧૯૪૪ના ઑકટોબરની ૧૦મીના ડેઇલી ટાઇમ્સ (શિકાગો)માં નાનાં બીબાંવાળી ત્રણ લીટીની એક જાહેરખબર આમ આવી :

‘૫,૦૦૦ ડૉલરનું ઇનામ ઑફિસર લૂંડીને ૯ ડિસેમ્બર ૧૯૩૨ને દિવસે મારનાર માટે. મળો ગ્રો. ૧૭૫૮, ૧૨–૭ સાંઝના.’

તે વાંચીને તંત્રી વૉલ્શે મૅકગ્વાયર નામના નિવેદકને તપાસ કરવા કહ્યું. મૅકગ્વાયરે સમાચાર આણ્યા કે તિલ્લી મૅઝેક નામની સ્ત્રીએ જાહેરખબર આપી છે; તેનો દીકરો જો ૧૧ વર્ષ પહેલાં આ પોલિસવાળાને મારી નાખવા સારુ દોષિત ઠર્યો, અને તે હવે જોલિએટની જેલમાં ૯૯ વર્ષની ટીપ ભોગવે છે.

મૅકગ્વાયર તિલ્લીને મળવા ગયો ને જુએ છે તો એના કાળા મોવાળા ઉપર પળિયાંની છાંટ પડવા મંડી છે, અને આકરો શ્રમ કરીને એના ખંભા નમી પડ્યા છે. એણે મૅકગ્વાયરને બેસાડ્યો અને કહ્યું, “જો ભલો છોકરો છે. જોએ કોઇને માર્યો નથી.”

‘કાંઇ સાબિતી છે ?’ મૅકગ્વાયરે પૂછ્યું.

‘ના, ના, સાબિતી તે જ છે જે કામ ચાલતી વેળાએ ન્યાયાધીશે માની નહિ. એટલે તો મેં જાહેરખબર આપી કે લૂંડીનો ખૂની જડી જાય તો જો નિર્દોષ ઠરે. સત્ય માટે ૫,૦૦૦ ડૉલર દેવા હું તૈયાર છું.’

‘આટલા બધા પૈસા તમે કેવી રીતે ઊભા કર્યા ?’

‘હું ભોંયતળિયાં ઘસું છું, તે રાતવેળાએ ૧૧ વર્ષ થયાં જાઉં છું. મારો દીકરો જો ગયો તે દીથી.’

તિલ્લીનો વર બહુ કમાતો નહોતો, એટલે એની કમાણીમાંથી જોને છોડાવાય એમ હતું નહિ. એટલે તિલ્લીએ પોતાને જે એક કામ મળી શક્યું તે લીધું. તે રાતે આઠ કલાક ને અઠવાડિયે ૭ રાત ગોઠણ ને હાથભર ઑફિસના મકાનમાં ભોંયતળિયાં ઘસતી. ૧૧ વર્ષ ને ૩,૫૦૦ રાત્રિ એણે ઘસા ઘસ કર્યું. આરસપહાણના કોણ જાણે કેટલા એકર, સાબુવાળા પાણીના કેટલા સમુદ્ર, કેટલી પૃષ્ઠવેદના, કેટલી પેટબળતરા !

તો પણ તિલ્લીમાની ધીરજ ખૂટી નહોતી, ને અન્તે એણે ૫,૦૦૦ ડૉલર બચાવ્યા હતા.

મૅકગ્વાયરે આવીને વૉલ્શને વાત કરી એટલે વૉલ્શ કહે, ‘જો છોકરાને અન્યાય થયો હોય તો આપણે એને છોડાવિએ.’

દસ દસ મહિના લગી મૅકગ્વાયરે આંટા માર્યા, ને બધી વાત મેળવી :

૯ ડિસેમ્બર ૧૯૩૨ના બપોર પછી કરુણકથા મંડાણી. વેરા નામે બાઈ ગેરકાયદેસર દારૂ વેચતી, એની આગળ ૨–૪૫ વાગ્યે પોલિસવાળો લૂંડી નોકરીએથી ઉતરીને આવ્યો ને પીણું માંગ્યું, તે વેરાએ આપ્યું. લૂંડી ને બીજો એક ઘરાક હતા તે વાત કરે છે, કે ‘પોતાની બરફપેટીમાં વેરા કેટલાક હજાર ડૉલર રાખે છે તે કેવી મૂર્ખાઈ છે; આખું ગામ જાણે છે કે ત્યાં પૈસા છે. કોક દી…’

એ જ ક્ષણે બે બંદૂકધારી ઊંચા માણસ ત્યાં આવી ચડ્યા. પોલિસને જોઇને એ ચમક્યા. લૂંડીએ ઓવરકોટ પહેર્યો હતો ને એની પિસ્તોલ ઝટ હાથમાં આવે એમ નહોતું. એ પિસ્તોલ કાઢવા જાય છે ત્યાં બંદુકધારીઓએ એને ગોળીઓ મારી અને એને મરતો છોડીને ભાગી ગયા.

(અનુસંધાન પૃ. ૯૪ મે)

શ્રી. નંદલાલ બસુ

એમનો જન્મ દરભંગા રિયાસતમાં ખડકપુર શહેરમાં ૩ જી ડીસેમ્બર ૧૮૮૩ માં થયેલો. એમના પિતાજી દરભંગાના ઇન્જીનિયર હતા. જ્યારે પિતાજી મરણ શય્યા પર હતા ત્યારે પોતાનાં બચ્ચાંઓને બોલાવીને આદેશ કર્યો, "દિલના અને હાથના સાચા રહેજો" એમની માતાજી બહુ ધર્માળુ હતાં. નંદબાબુમાં કૌશલ્ય અને ધર્મ પરાયણતા બંને છે. આ એમને મોટામાં મોટો વારસો એમનાં મા બાપ તરફથી મળ્યો છે. જ્યારે તેઓ નવ વરસના હતા ત્યારે એમણે સૌથી પહેલું ચિત્ર દોર્યું, તે ચિત્ર શિવનું હતું. નંદબાબુનાં જીવનમાં પણ શિવની જેમ બીજાનું ભલું કરવું અને પોતે ખમી લેવું, એ ગુણ આવેલા છે.

મેટ્રીક પાસ કરીને કૉલેજમાં દાખલ થયા. ઇન્ટર સુધી ભણ્યા. પછી વેપારી જ્ઞાન શીખવાનું શરૂ કર્યું. પણ એમાં કાંઇ બહુ મન ચોટ્યું નહિ. એ અરસામાં કલકત્તામાં શ્રી અવનીન્દ્રનાથ ટાગોરને મળ્યા. તેઓએ એમનાં ચિત્રો જોઇને (જે તેઓ છાનાં માનાં દોરતાં) કહ્યું " ભણવાનું હવે પૂરું કર અને મારી પાસે આવી જા."

ત્યાર પછી થોડાં વર્ષ શ્રી અવનીબાબુનાં ચરણે પસાર કર્યાં. પછી લગભગ ૧૯૧૯ માં ગુરુદેવ રવિન્દ્રનાથ એમને શાંતિનિકેતન લઇ ગયા. જ્યાં એમણે કલાભવન સ્થાપન કર્યું.

કલકત્તામાં જ્યારે રહેતા ત્યારે ઘણીવાર દક્ષિણેશ્વર જતા. એમનાં જીવન પર શ્રી રામકૃષ્ણ પરમહંસની ઉંડી અસર પડી છે.

એકવાર તેઓ સિલોન (લંકા) ગુરુદેવ અને શાંતિનિકેતનના વિદ્યાર્થીઓની મંડળી સાથે ગયેલા ત્યારે એક પત્રકારે એમને પૂછ્યું, " તમારો કળાકાર નો ધર્મ શો છે?"

એમણે જવાબ આપ્યો, "અમે, જે અજાણ્યું છે તેની તરફ જઇએ છીએ. કારણ અમારા માટે ફકત વર્તમાન કાળની જ હસ્તી છે. ભૂતકાળ અને ભવિષ્ય કાળની નહિ.

"અમે ભારતવાસીઓ છીએ, કારણ કે અમે કોશિશ કરી રહ્યા છીએ કે ભારતીય સંસ્કૃતિ અમારી કૃતિઓમાં સુરક્ષિત રહે. જો કે અમારી પદ્ધતિ અને આકારો જુદાં જુદાં હોઇ શકે છે. અમે દરેક ચીજ, જેમાં પ્રાણ છે એનું સ્વાગત કરીએ છીએ. અને જે કાંઇ, જે કોઇ અમારાં સંસર્ગમાં આવે છે, અમને આપે છે, આદરથી સ્વીકારીએ છીએ.

"એ જ કારણ છે કે અમે પદ્ધતિને બહુ અગત્યની નથી ગણતા, અમે તો જે જીવિત છે, જેમાં પ્રાણ છે એની જ પૂજા કરીએ છીએ.

"કુદરત અમને ઉત્તેજીત કરે છે અને ભૂતકાળના અનુભવો અમને રસ્તો બતાવે છે.

"અમે પોતાની કૃતિઓમાં આનંદ વ્યત કરીએ છીએ, કારણ કે કલા આનંદને વ્યકત કરે છે."

ગુરુદેવે પોતાની એક કવિતામાં નંદબાબુને સંબોધન કરીને કહ્યું છે, "તમારો જન્મ એક ઓરડીમાં થયેલો જેની બહાર રંગનું રહસ્ય ચોકી કરે છે. તેમાં બેસીને તમે રૂપનો માળો બાંધો છો, જીવનના પંથપર થાકેલાં મુસાફરોના વિશ્રામ માટે.

"તમારી રેખામાં અનંત આશ્ચર્યને પકડો છો, તમારી પીંછી શિવની જટાની જેમ—જીવનનાં પ્રવાહનું મૂળ—ધામ."

બોધામૃત

હૃદયને હલાવનારા બાપુનાં સૂત્રરૂપ વચનો અનેક યુગો માટે અમર રહી જશે. અહીં તો એ મહાસાગરમાંથી થોડાંક જ બિંદુઓ એકઠાં કર્યાં છે. બાપુની સાથે રહેનારા, તેમની લગોલગ જવાનું ભાગ્ય પામનારા આપણા કાન ઉપર આવાં વચનો અનેકવાર અથડાયાં હશે. કેટલા ગણ્યાંગાઠયાંમાં એ વાસો કરી બેઠાં હશે! અનેક કોટીમાંના કેટલા વિરલનાં જીવનમાં એ માંસ, રુધિર અને આત્મા થઇ ગયા હશે! એ વિરલ વિભૂતિઓ તરશે અને તારશે, બાકી બીજાઓનાં નામતો સમુદ્ર કાંઠેની અગણિત છીપલીઓની જેમ રેતીમાં રખડતાં હશે, અને તેનો કોઈ ભાવે નથી પૂછવાનું.

બીમારી માત્ર મનુષ્યકે લિયે શરમ કી બાત હોની ચાહિયે. બીમારી કીસીભી દોષકી સૂચક હૈ, જીસકા તન ઔર મન સર્વથા સ્વસ્થ હૈ ઉસે બીમારી નહીં હોની ચાહિયે.

*

વિકારી વિચાર ભી બીમારીકી નિશાની હૈ ઈસલિયે હમ સબ વિકારી વિચાર સે બચતે રહે.

*

વિકારી વિચારસે બચનેકા એક અમોઘ ઉપાય રામ નામ હૈ, નામ કંઠસે નહિં કિન્તુ હૃદયસે નિકાલના ચાહિયે.

*

વ્યાધિ અનેક હૈં, ઉપચાર ભી અનેક હૈં, અગર વ્યાધિ કો એકહી દેખે ઔર ઉસકો મિટાને હારા વૈદ્ય એક રામ હી હૈ ઐસા સમઝે તો બહુતસી ઝંઝટોસે હમ બચ જાય.

*

આશ્ચર્ય હૈ વૈદ્ય મરતે હૈં દાક્તર મરતે હૈં, ઉનકે પીછે હમ ભટકતે હૈં લેકીન રામ જો મરતા નહિ હૈ, હમેશાં જીંદા રહતા હૈ ઔર અચૂક વૈદ્ય હૈ ઉસે હમ ભૂલ જાતે હૈં.

*

ઈસસે ભી આશ્ચર્ય યહ હૈ કિ હમ જાનતે હૈં કિ હમભી મરને વાલે તો હૈં હી, બહુત કરે તો વૈદ્યાદિકી દવાસે હમ શાયદ થોડે દિન ઔર કાટ સકતે હૈં ઔર ઈસલિયે ખુવાર હોતે હૈં.

*

ઈસી તરહ બૂઢે, બચ્ચે, જવાન, ધનિક, ગરીબ સબકો મરતે હુએ પાતે હૈં, તોભી સંતોષસે બૈઠનાં નહિ ચાહતે હૈં લેકીન થોડે દિન જીનેકે લિયે રામકો છોડ સબ પ્રયત્ન કરતે હૈં.

*

કૈસા અચ્છા હો કિ ઇતના સમઝકર હમ રામ ભરોસે રહકર જો વ્યાધિ આવે ઉસકીભી બરદાસ્ત કરેં ઔર અપના જીવન આનંદમય [illegible] વ્યતીત કરેં.

Reg. No. B. 5255.



ગુજરાત



પ્રાચીન વણાટ કળા] [બાબુજી હીરુર

અંક
૬

સંપાદક:
નવીન ગાંધી

रूपायतन

રૂપાયતનનો મુખ્ય આદર્શ જનતામાં લોકોપયોગી કલાનો પ્રચાર કરી સામાન્ય લોકોનાં જીવનમાં પણ સુરૂચિ અને આનંદનું સિંચન કરવાનો અને કરાવવાનો છે. આ ધ્યેયને સિદ્ધ કરવા હવે જમીનની વધુ આવશ્યકતા લાગે છે. ત્યાં આલીશાન મકાનો નહીં પણ કલાત્મક ઝૂંપડાંઓ હશે, ત્યાં બધા ગૃહઉદ્યોગો હશે, ત્યાં કલા 'શે, ત્યાં સંગીત હશે. ત્યાં એ વાટે જ કેળવણી અપાશે ત્યાંનું વાતાવરણ જ વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ જગાડી નવી પ્રેરણા આપશે. દરેક માણસમાં સર્જનાત્મક શકિત તો પડી જ હોય છે પણ એ સુષુપ્ત દશામાં હોય છે. એને પ્રગટ કરવા પ્રેરણાત્મક વાતાવરણ જ જોઇએ. આ વાતાવરણ બાપૂ અને ગુરુદેવનાં શિક્ષણ અને સંસ્કારનાં મિલનથી જ ઉદ્ભવી શકે.

મનુષ્યને જીવન જીવવા માટે જેટલી આવશ્યકતા નિદ્રા, હવા અને ખોરાકની છે તેટલી જ આવશ્યકતા, સારું અને સાદું જીવન જીવવા માટે સૌંદર્ય પારખવાની પણ છે.

કળા જ્યારે પૂર્ણ સ્વરૂપે વિકસે છે, ટોંચે પહોંચે છે ત્યારે તે પવિત્ર બને છે અને સમાજને એક દિવ્ય સંદેશ આપે છે.

અમારી આકાંક્ષા, અમારો આદર્શ અમે પૂ. બાપુ અને પૂ. ગુરૂદેવનાં શિક્ષણ અને સંસ્કારમાંથી મેળવ્યાં છે. અને આ બંનેનાં શિક્ષણ અને સંસ્કારનાં મિલનમાંથી જ રૂપાયતનનો જન્મ થયો છે.

ટુંકમાં રૂપાયતનનું ધ્યેય દરેક વ્યકિતની આંતરશુદ્ધિ જગાડવાનું અને સૌંદર્ય પારખવાની શકિત કેળવવાનું છે. આ તેને આનંદથી ભરી દેશે અને તેને નવું રચવાને માટે પ્રેરણા આપશે.

આ હેતુથી રૂપાયતનમાં હાલ જે ઉદ્યોગો ચાલે છે તેમાંથી બનતી બધી વસ્તુઓમાં સૌંદર્યની રેખા હશે. બીજાને તે જોવા માટે આમંત્રણ આપશે, અને આનંદ અપશે.

કળા, આમ દુનીયામાં સેવા અને સૌંદર્યના આનંદની પ્રતિનિધી બને છે. રૂપાયતન એ કળાનું નમ્ર સેવક છે.

પ્યારાબાપુ

આ માસિકમાં મુખ્યત્વે ગાંધીજીનાં તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓના લેખો, સંસ્મરણો, ગાંધીજી તથા ગુરૂદેવની વિચારશ્રેણીનો સમન્વય કરી બન્ને ઉપાસકોની આખરી ધ્યેયની સાધનાના મનનીય લેખો, ધર્મ, કલા અને સંસ્કૃતિનું સાહિત્ય, ગાંધીજીના અમૂલ્ય અપ્રગટ પત્રો, છબીઓ, ચિત્રો તેમજ આપણાં રોજીંદા જીવનનાં પ્રશ્નોને ચર્ચતી બોધક વાર્તાઓ ઇત્યાદિ વિભાગો દ્વારા ધ્યેયલક્ષી સામગ્રી આપવામાં આવશે.

સૂચનાઓ

* દર માસની ૧૨મી તારીખે અંક પ્રસિદ્ધ થશે.
* પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
* સરનામાનો ફેરફાર તરત જણાવો, કે જેથી અંક ગેરવલ્લે જાય નહિ.
* 'પ્યારાબાપુ'માંનાં સર્વ ચિત્રો અને છબીઓ કોપીરાઈટથી રક્ષિત છે.

લવાજમ

દેશમાં રૂપિયા છ
પરદેશમાં બાર શિલિંગ
છૂટક નકલ દસ આના

'પ્યારાબાપુ' અંગેના સઘળા પત્રવ્યવહારનું સરનામું :—

'રુપાયતન'
૪૫, નહેરૂ રોડ, વિલેપારલે.
મુંબઇ–૨૪

આફ્રિકામાં આ માસિકનું લવાજમ શ્રી. પ્રભુદાસ વજરીયા C/o. જે. પી. વજરીઆ પો. બો. ૧૨૬, નૈરોબી. એ ઠેકાણે ભરી શકાશે.

શ્રી. મોતીલાલ તુલસીદાસ સ્મારક તરફથી
પ્રકાશક અને મુદ્રક : ધીરેન ગાંધી
" રૂપાયતન" ૪૫, નહેરૂરોડ, વિલેપારલે (પૂર્વ)

મુદ્રણસ્થાન : કનૈયાલાલ, ઓરિયન્ટ પ્રિંટિંગ હાઉસ
નવીવાડી. મુંબઈ નં. ૨.

ચિંતક બાપુ [નવીન ખાર

“પરમાત્મા પરિગ્રહ કરતો નથી.
તેને ‘જોઇતી’ વસ્તુ તે રોજની
રોજ પેદા કરે છે.”
—ગાંધીજી.

પ્યારા બાપુ

“સહુ પોતાને જોઈતો જ સંગ્રહ
કરે તો કોઇને તંગી ન આવે ને
સહુને સંતોષ રહે.”
—ગાંધીજી.

વર્ષ ૧ ૧૨ જુલાઈ ૧૯૪૮ અંક ૬

વિષયસૂચિ

પૃષ્ઠ
૧ અલ્પતાનું દર્શન કરો... ગાંધીજી ૯૮
૨ નામ-મહિમા ... વિનોબા ભાવે ૯૯
૩ બાપુનાં પ્રિય ભજનો .... સૂરદાસજી ૧૦૦
૪ બહેનો વચ્ચે ... ... ગાંધીજી ૧૦૧
૫ ગૂજરાતી સાહિત્ય અને ગાંધીજી - કૃ. મો. ઝવેરી ૧૦૨
૬ ગાંધી–ગુરુ ... ગુરુદયાલ મલ્લિક ૧૦૬
૭ બોધામૃત ... ... ગાંધીજી ૧૦૮
૮ બાપુના પત્રો ૧૦૯
૯ વહાલાં પંખીડાં ... ... ગાંધીજી ૧૧૧
પૃષ્ઠ
૧૦ સાધુ સુંદરાસંઘ .. ... ‘અભ્યાસી’ ૧૧૨
૧૧ પ્રેમનો અભાવ કે ઊભરો ? ... ગાંધીજી ૧૧૪
૧૨ એને અજવાળે ... હેમંતકુમાર નીલકંઠ ૧૧૬
૧૩ ધર્મકથા ... ... દે. વા. ૧૧૭
૧૪ લોકતંત્રનું લક્ષણ ... વાલજી ગોવિંદજી દેસાઇ ૧૧૮
૧૫ ગાંધીમાળા ૧૨૦
૧૬ સૂક્તિસુધા ૧૨૨
૧૭ પ્રાચીન વણાટ કળા (ચિત્ર) બાબુજી હીરુર પૂઠું
૧૮ ચિંતકબાપુ ... (છબી) ... નવીન ગાંધી

........અલ્પતાનું દર્શન કરો.

ગાંધીજી

..........જે જેવું બોલે તેવું હૃદયમાં લાગવું જોઈયે. સૂરદાસ, તુલસીદાસ ઈ. પોતાને શઠ, કામી વિ. તરીકે ઓળખાવ્યા છે તે વિવેકની ભાષા ન હતી. અંતરના ઉદ્ગાર હતા. ખરૂં એ છે કે આપણાંમાં બન્ને ભાવના ભરી છે. અમૂર્છ સ્થિતિમાં આપણે બ્રહ્મરૂપ લાગીયે છીયે. મૂર્છિત સ્થિતિ તે દયાળુની પાસે આપણે દીન જેવા છીયે. જે પોતાને દીન ન લાગતા હોય પણ પૂર્ણ બ્રહ્મરૂપ લાગે તો છો કરૂણાયાચક ભજન ન ગણાય. આવા કરોડોમાંયે એકને હિસાબે નહીં મળે. પોતાની અલ્પતાનું દર્શન કરવું એ મહાન થવાનો આરંભ છે. વિખુટું પડેલું સમુદ્રબિંદુ પોતાને સમુદ્ર કહીને સૂકાઇ જાય. પોતાની બિંદુતા સ્વીકારે તો સમુદ્રભણી પ્રયાણ કરે ને તેમાં લય પામી સમુદ્ર બને...............

[એક અપ્રગટ પત્રમાંથી]

નામ--મહિમા

વિનોબા ભાવે

રામાયણમાં એક મહાન્ વિચાર છે. એમાં કહ્યું છે કે રૂપથી નામ મોટું છે. રૂપ તો થોડા દિવસને માટે હોય છે. તેથી જ નામ શાશ્વત છે. મતલબ એ કે એક વ્યકિત, ભલે રામચંદ્ર જેવો પણ હોય, જે કંઈ કરી શકે છે, એથી ઘણું વધારે કરવાની શકિત નામમાં હોય છે. રૂપ એટલે વ્યકિત, અને નામ એટલે વિચાર. વ્યકિત પણ મોટી હોય છે. કેમકે એમાં કંઈક વિશેષ વિચાર રહે છે. અર્થાત્ તે વ્યકિત એ વિચારના બાહ્ય પ્રકાશનનું નિમિત્ત બને છે. છતાંય શકિત તો વિચારમાં ભરી છે. એનો અનુભવ પણ થાય છે, વ્યકિતનું અસ્તિત્ત્વ કંઈક અંશોમાં વિચારને મદદરૂપ થાય છે. આમ તો એનાથી વિચારને હરકત પણ પહોંચી શકે છે. જ્યારે વ્યકિત ખસી જાય છે, ત્યારે શુદ્ધ વિચાર જ રહે છે, તેથી તુલસીદાસજીએ સમજાવ્યું કે રામથી પણ વધુ નામ છે. રામે જે પતિતોને તાર્યા એની તો ગણત્રી છે. પણ નામે જે તાર્યા છે, અને ભવિષ્યમાં પણ તારશે એની ગણત્રી જ નથી. આ વિચારનું સામર્થ્ય તુલસીદાસજીએ નામમહિમા દ્વારા આપણી સામે રાખ્યું છે. આખરે મનુષ્યને શાંતિ પણ વિચારથી, અને વિચાર–સૂચક નામથી જેટલી મળી શકે છે એટલી બીજી કોઈ વસ્તુથી નથી મળતી. એટલે નામ-સ્મરણની મહિમા ગવાઈ છે. નામ–સ્મરણથી સહજ હૃદય પરિવર્તન થઈ જાય છે. આ બધું વિચાર ચિંતનનું ફળ છે. એનાથી માર્ગદર્શન પણ મળી જાય છે. આપણે જોયું કે સંતોના જીવનકાળમાં તેઓ જેટલા સમર્થ નહોતા એનાથી કેટલાયે અધિક શકિતશાળી તેઓ જીવન સમાપ્તિ પછી બની ગયા. કેમકે સ્થૂળ રૂપ મટી ગયું અને એની સાથે જે ત્રુટી હતી તે પણ ચાલી ગઈ. પરિશુધ્ધ દિવ્ય અંશ જ રહી ગયો. પણ આપણને એક મોહ હોય છે. એને શું કહીએ? દર્શન-મોહ કહી શકીએ છીએ. એથી જ્યારે રૂપ મટી જાય છે તો એક ક્ષણને માટે અંધારૂં છવાય જાય છે. પણ પ્રકાશ મટતો નથી. આપણે પાટી પર અક્ષર લખીએ છીએ. અને પછી તેને ભૂંસી નાખીએ તો એનો અર્થ નથી ભૂંસાતો એ આપણે જાણીએ છીએ. એવી જ રીતે કોઈ વ્યકિતની દ્વારા જે વિચાર પ્રગટ થયો તે તે વ્યકિતના મટવાથી નથી મટતો. પણ વિચારનો પ્રકાશ વધારે સ્વચ્છ થાય છે.

બાપુના જીવન–કાળમાં એમના વિચારોમાં આપણી શ્રધ્ધા હતી. તે આ ઘટનાથી ઓછી થવાની નથી. પણ આપણી શ્રદ્ધામાં જે ત્રુટી હતી અને શંકા હતી તે મટી જવાની છે. અને કદાચ એટલા માટે આવી ઘટનાઓ ભગવાનની યોજનામાં રહ્યા કરે છે. 'કદાચ' એટલા માટે કહું છું કે, ઈશ્વરી યોજનાને આપણે નિશ્ચય પૂર્વક નથી ઓળખી શકતા. તે આપણી બુધ્ધિશકિતથી પર છે. તેથી આપણે તેની ચિંતામાં નહીં પડવું જોઈએ. આવી ઘટનાઓથી આપણને આંતરિક બળ શું મળી શકે છે એજ વિચારવું જોઇએ એવું વિચારીએ તો ઘણું મળી જાય.

राम एक तापस तिय तारी ॥ नाम कोटि खल कुमति सुधारी ॥ "રામાયણ"



બાપુનાં પ્રિય ભજનો

[આશ્રમમાં પ્રાર્થના સમયે ભજનનો અર્થ સમજાવવાનું કામ બાપુએ શ્રી. વાલજીભાઇ દેસાઇને સોંપેલું. ‘પ્યારાબાપુ’ માટે પણ તેઓએ આ બોજો આગ્રહને વશ થઇ ઉપાડી લીધો છે એ આપણાં બધાં માટે હર્ષની વાત છે.]

મો સમ કૌન કુટિલ ખલ કામી ॥

મારા સરખો વાંકો-આડે માર્ગે ચાલનારો-(કુટિલ), દુષ્ટ(ખલ) તથા વિષયલંપટ (કામી) કોણ છે? કોઇ નથી.

જિન તનુ દિયો તાહિ બિસરાયો ઐસો નિમકહરામી ॥

હું એવો ગુણચોર છું કે જેણે મને માનવદેહ (તનુ) આપ્યો તે ભગવાનનેજ વિસરી ગયો છું.

ભરી ભરી ઉદર વિષયકો ધાવૈં, જૈસે સૂકર ગ્રામી ॥

ગામડાના સૂવર(સૂકર)ની પેઠે હું વિષય પાછળ પેટ ભરીને હડિયાહડી કરું છું.

હરિજન છાઁડ હરીવિમુખનકી નિસિદિન કરત ગુલામી ॥

ભગવાનના ભક્તોને છોડીને ભગવાન સામેથી જે પોતાનું મુખ ફેરવી ગયા છે એવા લોકોની સેવા હું રાત(નિશ) ને દિવસ કરું છું.

પાપી કૌન બડા હૈ મોતેં સબ પતિતનમેં નામી ॥

મારાથી(મોતે) મોટો પાપી કોણ છે? હું સર્વ પાપિયામાં નામી—પ્રખ્યાત-છું.

સૂર પતિતકો ઠૌર કહાં હૈ, સુનિયે શ્રીપતિ સ્વામી ॥

પાપમાં પડેલા સૂરદાસને [તમારા વિના] ઠરવાનું ઠેકાણું ક્યાં છે? મારા અનાથના નાથ લક્ષ્મી(શ્રી)-પતિ [મારી અરજ] સાંભળો.



બહેનોની ઉન્નતિમાં બાપુએ પ્રથમથી જ રસ લઈ તેઓને દોરવણી આપેલી. સમાજમાં માનભર્યું સ્થાન અપાવ્યું. ઘરની દીવાલોમાં ગોંધાઈ રહેલી તે પ્રચંડ સ્ત્રી-શક્તિને દેશસેવાનાં પ્રત્યેક કાર્યમાં હિસ્સો અપાવી તેમનાં પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં. બહેનોમાં એક અનેરૂં ચેતન આવ્યું અને તેથીજ સર્વ પ્રકારની સ્ત્રીઓ સંકટ અને મૂંઝવણને પ્રસંગે બાપુજી પાસે દોડી જતી. બહેનોનાં જીવનનો એકેય પ્રશ્ન એવો નહોતો જે તેમની ઈચ્છા હોય તો તેઓ બાપુની સાથે પૂરેપૂરી છૂટથી ને કશા પણ અંતરપટ વિના ચર્ચી ન શકી હોય. આશ્રમની બહેનો ઉપર બાપુએ લખેલા આવા અપ્રસિધ્ધ અને અમૂલ્ય પત્રો દરેક બહેનને માર્ગદર્શક થઈ પડશે.

ચિ. જાનકીમૈયા,

'ક' વર્ગનો ખોરાક ખાઈને મરવાની ધાસ્તી તમારા જેવીને લાગે છે તેથી જ વગર ખાધે જીવવાનો રસ્તો મેં પકડયો છે. એ કાલથી જોઈ લેજો. ખાતાં ખાતાં તો આખું જગત મરે છે. 'અ' વર્ગનું ખાઇને કેટલું જીવશો એ જોઇ લઈશું. પણ અનશન કરતાં કરતાં જીવી જવાની કળા કેવી? એક શરત છે ખરી. બધી મૈયાઓએ જોગણી થઈને બહાર નીકળી પડવું પડશે ને અસ્પૃશ્યોને સ્પૃશ્ય બનાવી પોતે ઇશ્વરની શક્તિ હોવાનો દાવો સિધ્ધ કરવો પડશે. એટલું કરજો ને પછી 'અ' વર્ગનો જ ખોરાક ખાધા કરજો. પણ જો, કોઇ 'અ' વર્ગનો ન આપે તો 'ક' વર્ગના ખોરાકથી સંતોષ માનજો.

પણ ધારો કે જોગણીઓનું યે કંઈ ન ચાલ્યું તો ભલે આ માટીનું પુતળું હમણાજ પડી ભાંગે. હું તો જીવવાનો જ છું. જ્યાંસુધી એક પણ મૈયા મારૂં કામ કરતી હશે ત્યાં લગી કોણ કહેશે કે હું મરી ગયો? આપણે ભલે ગીતાનું તત્ત્વજ્ઞાન આત્માની અમરતા વિષેનું છોડી દઈએ. મેં બતાવી એ અમરતા તો આપણી ચામડાની આંખે પણ જોઈ શકાય એવી છે. એટલે ખબરદાર જરાયે ગભરાટમાં આવી પડયા તો. શોભજો. શોભાવજો. તન મન ધન ઈશ્વરને સોંપી સુખી થજો ને સુખી રહેજો. નખરાખોર ઓમને ને જ્ઞાની મદાલસાને આજ ન લખી શકાય.

આ તમારે બધાને સારૂ છે. એમ સમજી લેવું. અખંડ સૌભાગ્ય ભોગવજો.

ય. મં. ૧૯-૯-૩૨, બાપુના આશીર્વાદ.

(પૂ. બાપુએ ૩૨ની સાલમાં યરવડા જેલમાં હરિજનને હિન્દુ સમાજથી અલગ ગણુવાના સરકારના પગલાને અટકાવવા અનશન આદરી પોતાનો દેહ હોડમાં મૂકેલ, તે દિવસે આશ્રમવાસીઓને ૬૨ પત્રો લખેલા તેમાંનો આ એક છે.)

ગૂજરાતી સાહિત્ય અને ગાંધીજી

દીવાનબહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરી

રાજકીય ક્ષેત્રમાં ગાંધીજીની પ્રવૃત્તિઓએ અને બ્રિટિશ રાજસત્તામાંથી હિંદને સ્વતંત્ર કરવાના એમના પ્રયત્નોએ ગૂજરાતી સાહિત્યની એમણે કરેલી સેવાઓને વિસ્તાર પામતી અટકાવી. લેખકોની અભિજાત સાહિત્ય પ્રત્યેની જે વૃત્તિના પરિણામે સામાન્ય જનસમાજને સાહિત્યના હિતો અને ભાવોન્મેષોનો આસ્વાદ મળતો ન હતો, તે વૃત્તિ પર ગાંધીજી જે અંકુશ રાખતા હતા તેનો ખ્યાલ ગૂજરાત બહારના કોઇને પણ ભાગ્યેજ આવી શકે. મહાત્માજીની મહેચ્છા એ હતી કે ખેડૂત તેમજ ગામડિયો પણ સમજી શકે અને તેના પર અસર કરી શકે એવા સાહિત્યનું સર્જન થવું જોઇએ. એમનો સિદ્ધાંત આ પ્રમાણે હતો: 'લાખો જનોની સાથે સંપર્ક સાધી શકે એવી કળા અને ચિત્રકળા મને માન્ય છે.' વિદ્યાપીઠના શિક્ષણના ફળરૂપ સાક્ષરોએ સર્જેલું આડંબરભર્યું ગદ્ય અને પદ્ય આ ભોળા જનસમૂહ દુર્બોધ છે, અને તેથી જ તેમણે વિખ્યાત કવિ, વિવેચક અને સંશોધક સ્વ. નરસિંહરાવ ભોળાનાથ દિવટિયા જેવા લેખકોને એક સામાન્ય કોશિયાની બુદ્ધિ અને સમજશક્તિ સુધી પહોંચી શકે એવું સાહિત્ય સર્જવા ભાવભીની અપીલ કરી હતી. કોશિયો એટલે ચામડાના કોથળાને બાંધેલા દોરડાને જોડેલા બળદોને હાંકનાર. ઊંડા કૂવામાંથી પાણી બહાર કાઢવા માટે આ કોથળાને એમાં નાખવામાં આવે છે. ખેતરોમાં અને ગામડાઓમાં કૂવામાંથી પાણી ખેંચવા માટે આ જૂની હિંદી પદ્ધતિ છે. કોશિયો અન્ય ગામડિયાઓની પેઠે અશિક્ષિત અને અજ્ઞાન હોય છે.

ગૂજરાતી સાહિત્ય પરિષદ ગૂજરાતના વિદ્વાનોની પરિષદ છે, અને તે બે અથવા ત્રણ વર્ષે મળે છે. સાહિત્યના ક્ષેત્રમાં સર્વમાન્ય પ્રતિષ્ઠા પામનાર વિદ્વાનને અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવે છે. ગૂજરાતી સાહિત્ય સાથે સંબંધ ધરાવનાર સર્વે આ સ્થાનને સર્વોચ્ચ પ્રતિષ્ઠારૂપ માને છે. ગાંધીજીએ આ દુર્લભ માન ૧૯૩૬ ના ઓકટોબર–નવેંબર માસમાં અમદાવાદમાં ભરાયેલી બારમી પરિષદ વેળાએ પ્રાપ્ત કર્યું હતું. ગૂજરાતને માટે આ એક સંસ્મરણીય પ્રસંગ છે, છતાં જેમણે ગાંધીજીના જીવનના અગત્યના પ્રસંગો વિશે લખ્યું છે અને એમની દૂરગામી પ્રવૃત્તિઓની નોંધ કરી છે તેમણે ગૂજરાતે આવું પ્રસિદ્ધ સાહિત્યિક સન્માન એમને આપ્યું હતું તેનો એક વાકયમાં પણ ઉલ્લેખ કર્યો નથી. ગાંધીજીએ પરિષદમાં ભેગા થયેલા સુવિશાળ શ્રોતાવર્ગને સંતોષ થાય એ રીતે પોતાની જવાબદાર ફરજો પાર પાડી, અને એમના પૂર્વ તૈયારી વિનાના વ્યાખ્યાનમાં એમણે ૧૯૨૦ માં જે કહ્યું હતું તેનું પુનરુચ્ચારણ કર્યું હતું.

નરસિંહરાવ અને સર રમણભાઈ જેવા સર્જકોને એમણે જે અપીલ કરી હતી તે પર એમણે ભાર મૂકી કહ્યું હતું કે અંબાલાલ સારાભાઇ કે કસ્તુરભાઈ લાલભાઇ જેવા લક્ષાધિપતિઓને માટે નહિ પરંતુ ગરીબ કોશિયાઓ માટે જ સાહિત્ય હોય શકે. ગાંધીજીએ કહ્યું કે મૂંગા અશિક્ષિત ગામડિયાઓના પ્રતિનિધિ તરીકે તેઓ આવ્યા હતા, અને એમના શ્રોતાગણને એ વાત કહેવાની છે કે ગામડામાં જ સાચું પ્રજાતંત્ર છે, ખરૂં સ્વરાજ શું છે તે તેઓ ગામડિયા પાસેથી જ શીખ્યા, અને લેખકોએ તેથી ગામડામાં જઇ વસવાટ કરવો જોઇએ અને તેમને સુશિક્ષિત કરવા જોઈએ.

ડીન ફેરારે જ્યારે ઇશુનું જીવનચરિત લખ્યું; ત્યારે તેણે પેલેસ્ટાઇન જઇ વસવાટ કર્યો હતો, એ પ્રસંગનો ઉલ્લેખ પણ એમના વિચારોમાં સમાયેલો હતો. જોનસનના જેવી નહિ પરંતુ ડીકન્સના જેવી, સામાન્ય જનોને સરળ અને સુગ્રાહ્ય એવી ડીન ફેરારની સરળ અને સુશ્લિષ્ટ શૈલીની સૂચના કરી હતી.

સામાન્ય ગામડિયો પણ સમજી શકે એવી ભાષામાં એમણે કળા અને ચિત્રકળા પર સંભાષણ કર્યું હતું. એમનું અંગ્રેજી એંગ્લો-સેકસન અંગ્રેજીના જેવું સરળ અને મિથ્યા પાંડિત્યરહિત હતું. જેમ એમણે હિંદુ લેખકોની સંસ્કૃતમય ગૂજરાતીને, પારસી લેખકોની ફારસી ગૂજરાતીને અને મુસલમાન લેખકોની ઉર્દૂ અને ફારસી શબ્દોથી ભરપૂર ગૂજરાતીને નિવારવા વિનંતી કરી હતી તેમ જોન્સનિયન અંગ્રેજી પ્રત્યે પણ તેમણે એવું જ વલણ દાખવ્યું હતું. એમની સરળ શૈલી ઘણા યુવાન લેખકોને દીવાદાંડી-સમી હતી અને એ દિશામાં દોરવા માટે ગૂજરાત એમનું સર્વદા ઋણી રહેશે.

તેઓ શબ્દશુદ્ધિનો આગ્રહ રાખતા ન હતા. એક વખતે એવું બન્યું કે ગોવધ વિશે હિંદીમાં લખતાં એમણે 'ગવકશી' શબ્દો ગાયોના વધ માટે વાપર્યા. ખરા શબ્દો 'ગવકુશી' છે. 'કુશતાન' શબ્દ ફારસીમાં 'વધ' ને માટે વપરાય છે. ગાંધીજી સાથે મારો સારો પરિચય હતો અને મેં આ ભૂલ પ્રત્યે એમનું લક્ષ ખેંચ્યું. તેમણે ઉત્તર આપ્યો કે તેઓ એટલી શુદ્ધિનો આગ્રહ રાખતા નથી. માણસો 'ગવકશી' શબ્દ વાપરે છે, અને ગાંધીજી તો સામાન્ય જનો માટે લખતા હતા, શુદ્ધાત્મવાદીઓ માટે નહિ. તેથી એમણે સર્વસામાન્ય શબ્દો વાપર્યા હતા અને વાપરતા રહેશે, અને એમણે એ પ્રમાણે કર્યું પણ હતું.

સ્ત્રીઓના ઉદ્ધાર માટે તેઓ ખૂબ ઉત્સુક રહેતા, અને ખાસ કરીને જેમની સ્થિતિ મનુષ્ય કરતાં પશુને સમીપતર હતી એવી સ્ત્રીઓ પ્રત્યે એમને વધુ પક્ષપાત હતો. તેમણે સુશિક્ષિત બહેનોને ગામડામાં જઇને રહેવા માટે અને ત્યાંની બહેનોને સહાય કરવા નિમંત્રણ આપ્યું હતું.

તેમણે અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી અને ત્યાંના આચાર્યોને ગૂજરાતી શબ્દોની જોડણીના વિકટ પ્રશ્નનો સદાને માટે નિકાલ લાવે એવો કોશ રચવાને દિશાસૂચન કર્યું. પરિણામે જોડણી-કોશ પ્રકાશિત કરવામાં આવ્યો અને આજે વિદ્યાપીઠ અને અન્ય શિક્ષણ સંસ્થાઓએ એને માર્ગદર્શક તરીકે સર્વમાન્ય ગણ્યો છે. આ કોશ ગૂજરાતી સાહિત્યના આ અનિશ્ચિત પરંતુ અગત્યના અંગને નિશ્ચિત કરવાની એમની તીવ્ર ઇચ્છાના ચિરકાલીન સ્મરણચિન્હ રૂપ છે.

ગાંધીજી પત્રકાર પણ હતા. દક્ષિણ આફ્રિકામાં 'ઇન્ડિયન ઓપિનિયન'માં એમણે લખવાનું શરૂ કર્યું. હિંદ આવ્યા પછી, લોકમત જાગ્રત કરવાની એમને જરૂર જણાઇ. તેમણે તેથી 'યંગ ઇન્ડિયા'માં લખવા માંડયું અને પછી નવજીવનના તેઓ સ્થાપક થયા. જ્યારે રાજકીય કારણોને લીધે નવજીવન પ્રસિદ્ધ થતું બંધ પડયું, ત્યારે એમણે 'હરિજનબંધુ' અને પછીથી અંગ્રેજીમાં 'હરિજન' અને ગૂજરાતી સહિત કેટલીક પ્રાંતીય ભાષાઓમાં પ્રકાશનો પ્રસિદ્ધ કર્યાં. (તેમના અવસાન પછી થોડો સમય તે બંધ રહ્યા હતાં.) ગૂજરાતી હરિજનમાં તેઓ પ્રત્યેક અંકમાં નિયમિત લેખો આપતા, અને એમના આ લેખો એમની સરળ, અઘરા શબ્દો વિનાની છતાં ગૌરવશીલ અને અર્થસૂચક શૈલીનાં ઉદાહરણો છે. તાત્ત્વિક, વ્યાવહારિક-કાંતણ અને પિંજણ, ખાદી-ઉદ્યોગ, એનું વેચાણ-ધાર્મિક, સામાજિક અને રાજકીય એ સર્વ વિષયોનો એમના લેખોમાં સમાવેશ થાય છે. પરંતુ એમના વિચારોના વાહનરૂપ એમની ભાષાએ પોતાની અત્યાજય લાક્ષણિકતા-સરળતાને જાળવી રાખી હતી. એમણે આ વિષયની પરિભાષાનું સરળતામાં રૂપાન્તર કર્યું. એમની ભાષા વિષયને લગતી પરિભાષામાં ન પરિણમી, પરંતુ એમના સરળ શબ્દસંગ્રહને સંલગ્ન રહી પ્રાચીન ગૂજરાતના નરસિંહ, પ્રેમાનંદ અને દયારામ જેવા કવિઓ જેમ તત્ત્વજ્ઞાન, ભક્તિ, નીતિશાસ્ત્ર અને પ્રસંગોપાત્ત શૃંગારના સનાતન સત્યોનું વર્ણન કરતાં કાવ્યોમાં જેમ સર્વોચ્ચતાએ પહોંચે છે, તેમ એમણે પણ ઊર્ધ્વ-ગમન કર્યું છે.

નવજીવન અને હરિજનમાંના લેખો પરથી એટલું પ્રતિપાદિત થાય છે કે ગાંધીજીનું લખાણ વિપુલ છે. આ લેખો પુસ્તકાકારે સંગ્રહ કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. પરતુ એમણે પુસ્તકો પણ

લખ્યાં છે. એમની આત્મકથા–અથવા તેઓ કહે છે તેમ 'સત્યના પ્રયોગો'—દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન, એ એમના પ્રારંભકાળનાં સર્જનો છે. એ ઉપરથી એમનાં લખાણની શૈલીનો વિકાસ પ્રારંભમાં જ થયેલો દૃષ્ટિએ પડે છે. સરળતાની રીતિ એમાં છે અને તે પરિવર્તન પામી નથી.

ગાંધીજી ગૂજરાતી તેમજ અંગ્રેજી કાવ્યોના મહાન પ્રશંસક હોવા છતાં એમણે કાવ્યો લખ્યાં નથી. નરસિંહ મહેતાનાં કાવ્યોએ એમના પર ઊંડી અસર કરી હતી, અને નરસિંહનું ભજન 'વૈષ્ણવજન તો તેને કહીએ' ગાંધીજીને અતીવ પ્રિય હતું. આ ભજન પ્રત્યેક પ્રાર્થનામાં ગવાતું અને આજે તે જગવિખ્યાત થયું છે. એ જ પ્રમાણે અંગ્રેજી સ્તુતિકાવ્ય 'Lead kindly Light' નો એમણે સહાનુભૂતિ-દર્શક કવિ નરસિંહરાવ દિવટિયા પાસેથી ગૂજરાતીમાં ભાવાનુવાદ કરાવ્યો. એ ભાવાનુવાદની એમના પર પ્રબળ અસર થઇ હતી અને એને પ્રત્યેક સુયોગ્ય પ્રસંગે ગાવામાં આવતો હતો. જેમ ગાંધીજીએ કાવ્યો નથી રચ્યા, તેમ એમણે કલ્પિતકથા પણ લખી નથી.

ગાંધીજીએ ગીતામાં આધ્યાત્મિક, નૈતિક અને લૌકિક પ્રત્યેક કૂટપ્રશ્નના ઉકેલનું દર્શન કર્યું હતું. આ સર્વોત્તમ કૃતિના તેઓ પ્રખર અભ્યાસી હતા અને એમાંના અનેક ઉપદેશોના તાંતણા વડે એમનાં જીવનની અને લખાણની જાળ એમણે ગૂંથી છે. ભગવદ્દગીતા અને ઉપનિષદો એમના જીવનને સાંત્વન આપનારાં હતાં. સ્વામી નારાયણનાં કાવ્યોએ અને નિષ્કુળાનંદ જેવા કવિઓએ એમનાં જીવનની આપત્તિઓમાં એમને આશ્વાસન આપ્યું હતું.

ગૂજરાતી સાહિત્યમાં ગાંધીજીનો ફાળો એટલો મહાન અને મૂલ્યવાન છે કે એમને યુગપ્રવર્તક તરીકે સત્કારવામાં આવ્યા છે. ગૂજરાતી સાહિત્યના આધુનિક સમયને 'ગાંધીયુગ' કહેવામાં આવે છે. દલપત અને નર્મદથી પ્રારંભ પામેલી અને ગોવર્ધન તેમજ નાનાલાલ યુગ તરીકે ચાલુ રહેતી શ્રેણીમાં આ યુગ છેવટનો છે.

ગાંધીજીનો વિનોદભાવ એમના જીવનની અનેક મુશ્કેલીઓને પાર કરવા એમને સહાયરૂપ થતો હતો. એ જ વિનોદભાવના ઝબકારા એમનાં લખાણને ચેતનમય કરે છે.

ટોલ્સ્ટોયના જીવનની, એની જીવન–પ્રવૃત્તિઓની અને સાહિત્ય સર્જનની ગાંધીજીના જીવન, પ્રવૃત્તિઓ અને સર્જન પર અસર થઇ હતી. આ અસરનાં સૂચનો ગાંધીજીનાં સર્વ લખાણમાં સુયોગ્ય સ્થાને મળી આવે છે.

આવા મહાનુભાવ સર્જક પ્રકૃતિના નિયમાનુસાર કુશળ શિષ્યોને અને સેવાપરાયણ અનુયાયીઓને આકર્ષ્યા વિના રહે નહિ. ગાંધીજીના જીવન અને પ્રવૃત્તિરૂપ મહામૂલા રત્નને વિશ્રાંતિ આપે એવા પ્રકાશસમા સ્વ. મહાદેવ દેસાઇ એમાંના એક હતા. મહારાષ્ટ્રના વતની હોવા છતાં કાકા કાલેલકરે ગૂજરાતી ભાષાને સ્વકીય કરી અને ગૂજરાતીને પણ થંભાવી વિચાર કરતાં કરી મૂકે એવી સર્જનશક્તિ પ્રાપ્ત કરી છે. અતિશય ધાર્મિકમાનસશીલ લેખક કિશોરલાલ મશરૂવાળાએ ગાંધીજીની શૈલી આત્મસાત્ કરી છે અને પ્રત્યેક ક્ષેત્રમાં તે ગાંધીજીનું અનુસરણ કરે છે. નરહાર પરીખ, મગનલાલ દેસાઇ અને અન્ય વ્યક્તિઓ પણ છે, પરંતુ મહાદેવ દેસાઇ, કિશોરલાલ મશરૂવાળા અને કાકા કાલેલકર એ ત્રણે એમના સાહિત્યિક વારસદાર છે. મહાદેવ દેસાઇ અને ગાંધીજીનો સંબંધ એક રીતે બોસ્વેલ અને જોનસનના જેવો કહી શકાય.

આ લેખ સંપૂર્ણ કરતા પહેલાં, મુનશીએ 'ગૂજરાત એન્ડ ઇટસ લિટરેચર'માં ગાંધીજી વિશે એક સંપૂર્ણ પ્રકરણ લખ્યું છે, એમાંથી ઔદાર્યપૂર્ણ અવતરણ હું અહિ આપું છું. મુનશી એમના ફાળાને આ પ્રમાણે સંક્ષેપમાં મૂકે છેઃ—

"મહાત્મા ગાંધીજીએ ગૂજરાતી ગદ્યને નૂતન અસ્મિતા અર્પી છે. એમનો શબ્દસંગ્રહ ભિન્નભિન્ન ઉદ્દભવોમાંથી ઉદ્દધૃત કરવામાં આવ્યો છે. એમની શૈલી, કેટલીક વાર ભલે વાકયરચનામાં શિથિલ બની

જાય છે છતાં સરળ, વિશદ અને સુગ્રાહ્ય છે. એ એમના સ્પષ્ટ ચિંતન અને અલંકારશાસ્ત્ર તેમજ સત્યાભાસવાદના વિમાર્ગે દોરનાર ગલીકૂંચીથી દૂર રહેવાના એમના સતત પ્રયત્નનું પરિણામ છે. અમોઘ તારતમ્યભાવ, એમના આવિષ્કરણને અને કલ્પનાને વિવેકશીલ સંયમમાં રાખે છે. સાહિત્યલક્ષી તત્ત્વને સર્વદા લેખકના મુખ્ય હેતુ કરતાં ગૌણ સ્થાને મૂકવામાં આવે છે. વાચકના હૃદયના જીવન્ત તારને સ્પર્શવાનો અને તેને કાર્યમાં સચેતન કરવાનો એમનો મુખ્ય હેતુ છે. કેટલીક વાર અને ખાસ કરીને આત્મકથામાં :એમની શૈલી લાલિત્યપૂર્ણ બને છે.—...સુયોગ્ય શબ્દના સુયોગ્ય ઉપયોગથી તેમજ એમના વ્યકિતત્વથી એમની ઘોષણા ઉત્કટ ભવ્યતા પ્રાપ્ત કરે છે, એમની અપીલ હૃદયંગમ બને છે, એમનો સ્વીકાર તીક્ષ્ણતા મેળવે છે. કેટલીક વાર તેઓ પૂરેપૂરા વિનોદી અથવા રમતિયાળ બને છે.. ...એમના આવિષ્કરણની સુંદરતાને સત્યની વિનમ્ર સહચરી બનવું પડે છે. ઉત્કટ સંવેદનના આવેશમાં બાઇબલના જેવું સામર્થ્ય પ્રાપ્ત કરેલી એમની એકેએક લીંટીની સાદી, શુદ્ધ, હૃદયંગમ શકિતના આકર્ષણમાં વાચક સર્વદા ખેંચાય છે."

ઉપરના અવલોકનમાં રહેલી સત્યતાની પ્રતીતિ તો ગાંધીજીએ મૂળભાષામાં જે લખ્યું છે તેના વાચનથી જ થઇ શકે. અંગ્રેજી ભાષાન્તર એમના પ્રત્યેક શબ્દની પાછળ છૂપાયેલી પ્રવૃત્તિમય શકિતનો યોગ્ય ખ્યાલ ન જ આપી શકે. હવે, ૧૯૨૨માં ગુજરાતને એમણે કરેલી અપીલમાંથી કેટલીક લીંટીઓ અહિં આપવામાં આવી છે, તે પરથી એમની ભાષા કેટલી સંક્ષિપ્ત અને સરળ તેમજ એટલી જ પ્રબળ પણ છે એની જાણ થશે.

"જેની ઇચ્છા હોય તે ભલે આવે. જે આવી શકતા હોય તે ભલે ચળવળમાં જોડાય. બધાને નોતર્યા છે, પણ જેઓ ભૂખ્યા હશે તેઓ જ ઉજાણીમાં આવશે. બીજા ભલે આવે, પરંતુ તેમને નિરાશ થવું પડશે. જેને ભૂખ નથી, તે મિષ્ટાન્નનો પણ સ્વાદ ચાખી શકશે નહિ. ભૂખ્યો માણસ સૂકા રોટલાના ટુકડામાંથી પણ સ્વાદ લઇ શકશે. એ જ પ્રમાણે જેઓ અસહકારને સમજે છે તેઓ જ એને પડખે ઊભા રહી શકશે. જે સમજે છે તેને વસ્તુઓ સુલભ લાગે છે. જેઓ સમજી શકતા નથી તેઓને બધું જ દુર્લભ લાગે છે. આંધળાને આરસીની જરૂર શી?"

ગાંધીજીના દૈનિક જીવનને દોરનાર સત્ય, અહિંસા અને ઉગ્ર આત્મસંયમ એમની સાહિત્યિક કળાના કદિ ન ભુસાય એવા ગુણસમ થયા છે. એ ત્રણને હિંદના રાષ્ટ્રીય જીવનમાં ઊંડા રોપવાના હેતુથી જ તેઓ લખતા અને છેવટે એ દિશામાં સફળ થયા.

ગૂજરાતી સાહિત્યમાં ગાંધીજીએ પ્રાપ્ત કરેલું ઉચ્ચ સ્થાન, સામાન્ય મનુષ્યની અથવા ખેડૂતની ભાષામાં જ સાહિત્યની ભાષા નિમગ્ન થવી જોઇએ એમ ગાંધીજી ઇચ્છતા હતા એવો એમના વિરોધીઓના અભિપ્રાયને અસત્ય સાબીત કરે છે. એમની કૃતિઓ આવા અનુમાનને પુષ્ટિ આપતી નથી. તેઓ તો એટલું જ ઇચ્છતા હતા કે સામાન્ય જનસમાજ સમજી શકે એવું સાહિત્ય હોવું જોઇએ.

સાહિત્યના વિકાસને સહાયક બને એ અર્થે એમણે અમદાવાદમાં નવજીવન પ્રકાશન મંદિર સ્થાપ્યું. એ મંદિરે અતીવ ઉપયોગી કાર્ય કર્યું છે અને ગાંધીજીના અવસાન પછી પણ એ પ્રમાણે કાર્ય જારી રાખવાની આશા આપે છે. ગાંધીજીનું સ્મરણ આ રીતે જ જીવન્ત રહેશે. *

---

* " પી. ઇ. એન"નાં સૌજન્યથી. અનુવાદક : મુકુલભાઇ.



ગાંધી ગુરુ

ગુરુદયાલ માલ્લિક

એક વખત એવો હતો જ્યારે પશ્ચિમમાં અને પછી ભારતવર્ષમાં પણ શિક્ષાની વ્યાખ્યા કરતા એમ કહેવાતું કે શિક્ષાનો ઉદ્દેશ Three R's છે એટલે Reading—વાચન, Writing લેખન, Arithmetic ગણિત. અને સાથે સાથે શિક્ષકોનો પણ એવો વિશ્વાસ હતો કે વિદ્યાર્થી માર ખાધા વગર શીખી શકતો નથી. અને તેથી એજ કારણે ઘણાં વરસો સુધી યુરોપમાં આ કહેવત પ્રચલિત હતી.

A woman, a child, and a walnut, three the more you beat them, the better they be.

(સ્ત્રી. બાળક અને અખરોટનાં ઝાડને જેમ જેમ વધારે તમે એને પીટશો તેમ તેમ વધારે સારાં થશે.)

આ નિયમ અનુસાર જે શિક્ષણ પધ્ધતિ બનાવવામાં આવી હતી એમાં પ્રભુનું સ્થાન ક્યાંય નહોતું અને હોય પણ કેમ શકે ? કેમકે પ્રભુની દ્રષ્ટિયે તો સૌથી ઉત્તમ વાતાવરણ શીખવા માટે પ્રેમનું જ વાતાવરણ છે.

ભારતવર્ષમાં લગભગ ૧૦૦ વરસ સુધી એક શિક્ષિત માણસ એક કલમ બાબુ કહેવાતો. જેનું કામ ઑફિસમાં ફક્ત કાગળીયાં ઘસડવાનું હતું. અને જ્યાં વિચાર અને વિવેકશક્તિ હોવી ઘટે ત્યાં માનસિક ગુલામી હતી. એનાં પરિણામે એક શિક્ષિત માણસ, જે એના ઉપર હુકમ કરતો એનો જ એક રબર સ્ટેમ્પ બની જતો. અને પોતાની ઓળખાણ એવી કરાવવામાં હરખાતો કે "I am Mr. Ditto"

એવી સ્થિતિ જોઈ ગુરૂદેવે શાંતિનિકેતન સ્થાપન કર્યું હતું. વિદ્યાર્થીઓને કુદરતની સમીપમાં બેસાડીને, માણસની સેવા કરીને ભગવાનની ઝાંખી કરાવવી. પણ એવી ઝાંખી સહેલાઈથી ત્યારે થઈ શકે જ્યારે કળા અને સંગીતથી આનંદમય વાતાવરણ ઉભું કરી શકાય.

દૈનિક વહેવાર અને શિક્ષણ પધ્ધતિમાં વિદ્યાર્થીઓને એવી રીતે ગોઠવી દેવા કે એ લોકો પોતાનું કામ આપ મેળે કરી શકે. પોતાનાં ચારિત્રને સંયમના છંદથી ઘડી શકે. ટુંકમાં એમ કહી શકીએ કે શાંતિનિકેતનનો આદર્શ હતો Harmony of the three H's–of the heart, of the head and of the hand અર્થાત હૃદય, મગજ અને હાથનો સમન્વય, આ આદર્શમાં અને પશ્ચિમના આદર્શમાં તફાવત આપણે સહેલાઇથી જોઈ શકીએ છીએ.

પહેલાં બધો ભાર મૂકવામાં આવતો મગજ પર. હૃદય અને હાથને ખીલવવાની જગા

હતી જ નહિ. આજકાલના સમયમાં શિક્ષણનો ઉદ્દેશ પણ Three H's છે પણ જુદી રીતે. Hospitality to new idea, Hospitality to a stranger, and Hospitality to you ownself when you are alone.- અર્થાત્ શિક્ષિત માણસ તે-જે એક નવા વિચારનું આતિથ્ય કરી શકે છે, એક અજાણ્યાનો કાંઈ સંબંધ તેનું આતિથ્ય કરી શકે છે, અને જ્યારે એકલો હોય અને કાંઈ વિશેષ કામ નથી હોતું ત્યારે પોતાના એકલાપણાનું આતિથ્ય કરી શકે છે.

ગુરૂદેવ તો હતા કવિ એટલે જ્યારે શાંતિનિકેતન વિદ્યાલય સ્થાપન કર્યું ત્યારે કળા પર વધારે ભાર મૂકયો, પણ ગાંધીજી હતા કર્મયોગી એમણે ભાર મૂકયો કર્મ પર. એટલે જ્યારે બુનિયાદી તાલીમની યોજના ઘડી ત્યારે શિક્ષણનું કેન્દ્ર રાખ્યું ઉદ્યોગ. એમનો વિશ્વાસ હતો કે બચ્ચાંઓને વસ્તુઓ બનાવવામાં બહુ આનંદ પડે છે.

એવી રીતે ગુરૂદેવે અને ગાંધીજીએ આનંદ દ્વારા વિદ્યાર્થીઓને શીખવી શકાય એ તત્ત્વને અમલમાં મૂકયું. મૂળમાં તો Joy of singing songs and Joy of making things એક જ છે.

પણ ગાંધીજીનો બુનિયાદી તાલીમની યોજના ઘડવામાં લાગે છે એક ઉદ્દેશ બીજો પણ હતો. કે વિદ્યાર્થી, ચીજો બનાવી એના સંબંધનું જ્ઞાન મેળવી તે જ્ઞાનને પોતાના વાતાવરણની સાથે જોડી આત્મબોધ ગ્રહણ કરે. અને ગુરૂદેવ, એવું ઈચ્છતા કે વિદ્યાર્થી કુદરતનાં સૌંદર્યનાં સાન્નિધ્યમાં અને કળાની કૃતિઓ દ્વારા પ્રભુબોધ ગ્રહણ કરે.

બંનેનો એ પણ ઉદ્દેશ હતો એમ લાગે છે કે જે કાંઈ જ્ઞાન આપણે મેળવીએ છીએ. કોઈ પણ રીતે હોય, એનાથી પૂર્ણ ભાવે આપણે મનુષ્ય જાતિની સેવા કરી શકીએ છીએ. કારણ બંનેનો વિશ્વાસ હતો, જીવનનું સત્ય માણસના Self fulfilmentમાં નહિ. Successમાં અર્થાત્-આત્માના વિકાસમાં, આર્થિક ઉન્નતિમાં નહિ.

બંનેની કેળવણીમાં આખરે એકજ દ્વાંત નીકળતો કે માણસ અથવા વિદ્યાર્થી પોતાની જ્ઞાનશકિતને કેળવી સેવામાં પોતાની શકિત ખરચે અને પોતાની ઉન્નતિ પોતાના સ્વાર્થ પૂરતી ન વાપરતા જન કલ્યાણમાં વાપરતા શીખે. અને એવી રીતે પ્રભુ અને જગતની સાથે સાચું તાદાત્મ્ય અનુભવે.



બોધામૃત

હૃદયને હલાવનારાં બાપુનાં સત્રરૂપ વચનો અનેક યુગો માટે અમર રહી જશે. અહીં તો એ મહાસાગરમાંથી થોડાંક જ બિંદુઓ એકઠાં કર્યાં છે. બાપુની સાથે રહેનારા, તેમની લગોલગ જવાનું ભાગ્ય પામનારા આપણા કાન ઉપર આવાં વચનો અનેકવાર અથડાયાં હશે. કેટલા ગણ્યાંગાઠયાંમાં એ વાસો કરી બેઠાં હશે! અનેક કોટીમાંના કેટલા વિરલનાં જીવનમાં એ માંસ, રુધિર અને આત્મા થઈ ગયા હશે! એ વિરલ વિભૂતિઓ તરશે અને તારશે, બાકી બીજાઓનાં નામ તો સમુદ્ર કાંઠેની અગણિત છીપલીઓની જેમ રેતીમાં રખડતાં હશે, અને તેનો કોઈ ભાવે નથી પૂછવાનું.

જૈસે બિંદુકા સમુદાય સમુદ્ર હૈ ઈસી તરહ હમ મૈત્રી કરકે મૈત્રીકા સાગર બન સકતે હૈં, ઔર જગતમેં સબ એક દૂસરોંસે મિત્ર ભાવસે રહેં તો જગતકા રૂપ બદલ જાય.

જગત દ્વન્દ્વ સે ભરપૂર હૈ. સુખકે પીછે દુઃખ રહા હૈ, દુઃખકે પીછે સુખ, ધુપ હૈ તો છાયાભી હૈ, પ્રકાશ હૈ તો અંધેરાભી, જન્મ હૈ તો મૃત્યુભી, ઈસ દ્વંદ્વસે હટના અનાસક્તિ હૈ. દ્વન્દ્વકો જીતનેકા ઉપાય દ્વન્દ્વકો મિટાના નહીં હૈ, લેકિન દ્વન્દ્વાતીત, અનાસક્ત હોના હૈ.

યહ પીછે કા બતાતા હૈ કિ સબકી કુંજી સત્યકી આરાધના મેં હૈ. સત્યકી ઉપાસનાસે સબ ચીજ મિલતી હૈં.

તબ સત્યકી આરાધના કૈસે હો? સત્ય કૌન જાનતા હૈ? યહાં સાપેક્ષ સત્ય કી બાત હૈ. જિસે હમ સત્ય રૂપસે દેખે વહ સત્ય ઈતના સત્યભી બહુત કઠીન હૈ ઐસા અનુભવસે પ્રતીત હોતા હૈ.

જાનતા હુઆ આદમી સત્ય કહનેસે કયોં ઝિઝકતા હૈ? શર્મ કે મારે? કિસકી શર્મ? ઉપરી હૈ તો કયા? નૌકર હૈ તો કયા? બાત યહ હૈ કિ આદત આદમીકો ખા જાતી હૈ. હમ સોચેં ઔર બુરી આદતસે છૂટ જાંય.

ટેં નહીં તો સત્યકે રાસ્તે પર નહીં જા સકતે હૈં. બાત યહ હ કિ સત્ય કે લિયે સબકુછ કુરબાન કરેં—હમ હૈં ઐસા દિખના નહીં ચાહતે હૈં. લેકિન હ ઉસસે બહેતર દિખનાં ચાહતે હૈં, કૈસા અચ્છા હો અગર હમ નીચ હૈં તો નીચ દિખેં, અગર ઉંચા હોના ચાહેં તો ઉંચે કામ કરે, ઉંચા વિચારે, ઐસા ન હોસકે તો ભલે નીચ હી દિખેં, કોઈ રોજ તબ ઉંચે જાયેંગે.

જૈસે અનુભવ લેતા હું, પાતા હું કિ આદમી અપને આપ સુખ દુઃખકા કારણ હૈ.

ઐસા હોતે હુએ આદમી સુખી દુઃખી કયોં હોતા હૈ? બાત યહ હૈ કિ આદમી ઐસે વિચાર કરના નહીં ચાહતા ઈસલિયે માનતા હૈ, ઐસે વિચાર કરનેકી પુરસત નહીં હૈ.



ચિ. રમા -

તમારો [illegible] [illegible] થઈ રહેલ છો. [illegible] વિયોગનું દરદ [illegible] એ સ્વાભાવિક [illegible] ગણાવું જોઈએ. પણ આપણે વહાલાંના [illegible] વિયોગને દુઃખ માનવાની [illegible] [illegible] [illegible] પ્રયત્ન કરી રહ્યા છીએ. સંયોગ છે ત્યાં વિયોગ છે જ. એમ જાણતાં છતાં દુઃખ કરી [illegible] [illegible] એ [illegible] છતાં એ [illegible] આપણને રોજ પડે છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રોજ નથી. [illegible] [illegible] [illegible] વિયોગનું દુઃખ [illegible] [illegible] માનવાની [illegible] છે. [illegible] વિયોગનાં દુઃખ [illegible]



ચિ. રમા,

તમારી કસોટી સારી થઈ રહેલ છે. ઉમીના વિયોગનું દરદ થાય એ સ્વાભાવિક તો ગણવું જ જોઈએ. પણ આપણે વહાલાંના વિયોગને દુઃખ માનવાની પ્રથા ભૂલી જવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. સંયોગ છે તે વિયોગ છે જ એમ જાણતાં છતાં દુઃખ કેમ ભોગવતા હોઈશું ? એ સ્વાભાવિક લાગે છે કેમકે આપણને ટેવ પડી છે. કેટલીક જાતિઓ એવી છે કે જેમાં એ ટેવ નથી. મુસલમાનમાં મૃત્યુથી થતા વિયોગનું દુઃખ ઓછામાં ઓછું માન-

(અનુસંધાન પૃ. ૧૧૫ મે)



બાળકોના સહવાસમાં બાપુ જે આનંદ મેળવી શકતા હતા તેવો ભાગ્યે જ બીજા કોઇના સહવાસમાં મેળવતા. યરવડા જેલમાં હતા ત્યારે પણ દર અઠવાડિએ એકવાર આશ્રમનાં તેમનાં 'વહાલાં પંખીડાં'ને તેઓ અચૂક કાગળ લખતા. ત્યાં બેઠા બેઠા પણ ઝીણી ઝીણી વસ્તુઓ પર પત્રો દ્વારા ધ્યાન ખેંચે. બીજા બાળકોને પણ એમાંથી બોધ-પાઠ મળશે એમ ધારી દર અંકમાં આ અપ્રગટ પત્રો ક્રમશઃ પ્રસિદ્ધ કરશું.

બાલકૃષ્ણને બાપુના આ,

તમારો કાગળ મળ્યો. જેમ કોઠારમાં ને સફાઈમાં ઘણા કલાક તમે એકદમ બચાવી શકયા તેમજ બીજા કામોમાં પણ વિચાર કરવાથી બચાવી શકાય, એમાં સહુનો સહકાર જોઈએ.

સહુ એક થઇને પોતાની શક્તિ પૂરી વાપરીને કામ કરે તો ઘણું વધારે કામ થાય. આ વાત આખા જગતના જીવમાત્રને લાગુ પડે છે. તમે કીડી, મકોડાને જોશો તો તેની કૃતિમાંથીયે એજ પાઠ શીખાય છે.

મનુષ્યનો સ્વભાવ પ્રેમાળ, નિશ્ચયવાળો ને સત્યમય હોવો જોઈએ. મિત્ર બધાયને ગણીયે પણ કોઈ ખાસ મિત્ર હોય તો તે એવો હોય કે જે આપણને સીધે માર્ગેજ લઈ જાય.

તમારો ઝગડો સમજ્યો. એમાંથી સાર એ કાઢવો કે કોઈની સાથે અંગત સ્નેહ ન બાંધવો પણ બધાની સાથે એક સરખો સ્નેહ રાખવો. આથી જીવન સરળ થાય પછી કોઈની સાથે ઈટ્ટી કટ્ટી કરવાનું ન રહે.

આજે આટલું તો બહુ થયું ના?

ય. મ. ૧૧-૯-૩૨.

બાપુના આશીર્વાદ

“સત્ય કે દર્શન કે લિયે સંતો કા ચારિત્ર પઢના ઔર ઉસકા મનન કરના આવશ્યક હૈ”—ગાંધીજી

સંતો-ભક્તો-શહીદો

સાધુ સુંદરસિંઘ

(પંજાબી—૨૦મી સદી)

“અભ્યાસી”

આ વિભાગમાં વિશ્વના સંતો, ભક્તો અને શહીદોની જીવગાથા આવશે. જીવનમાં એકવાર એક પળ આવી જાય છે જ્યારે મનુષ્ય પોતાનાં જીવનને ઊંચે લઇ જઇને આવતી પેઢીને જીવનમંત્ર આપતો જાય છે. આવી પળો બધા મનુષ્યોને એકવાર તો આવે છે. પણ તે પળને ઓળખવાની શક્તિ અને હિમ્મત જોઇએ.

“એક હતો કલાકાર. એને મૂર્તિ બનાવવાનો અનહદ શોખ. એકવાર એણે બહુ જ સુંદર મૂર્તિ બનાવી. જે દિવસે એ મૂતિ પૂરી થઈ તે દિવસે રાતના ખૂબ સખત વરસાદ પડયો. એ રહેતો હતો એક ભાંગેલી ઝૂંપડીમાં. અને હતો એટલો ગરીબ કે એક ધાબળા સિવાય એની પાસે ઠંડીના દિવસોમાં ઓઢવા માટે બીજું કંઈજ નહોતું. જ્યારે વરસાદે માઝા મૂકી અને છાપરામાંથી પાણીનાં ટીપાં પડવા લાગ્યા ત્યારે એને બીક લાગી કે એની વહાલસોઇ મૂર્તિ બગડી જશે. તરતજ પોતાનાં શરીર પરથી ધાબળો કાઢીને મૂર્તિ પર વીંટાળી દીધો. એવી રીતે આપણાં દિલમાં ભાવનાની, પ્રેમની જે મૂર્તિ છે એ બગડે નહીં એ રીતે આપણે દુનિયામાં રહેવું જોઈએ.”

પંજાબના એક શહેરમાં એક ભાઈએ લોકોને ઉપર મુજબ ઉપદેશ કરતા કરતા કહ્યું. એ ભાઇ કદના બહુ ઉંચા, કપડાં ગેરૂવા અને ચહેરો હૂબહૂ ઈશુને મળતો. એમનું નામ હતું સાધુ સુંદરસિંઘ. એમનો જન્મ થયો હતો પતિયાલા રિયાસતનાં એક ગામડામાં ૧૮૯૯ માં.

એ હતા ચુસ્ત હિંદુ કુટુંબના. એમના પિતાજી વેપારી હતા. રોજ મંદિરે જતા. પણ સુંદરસિંઘને નાનપણથી પોતાના માબાપ સાથે મંદિરે જવાનું કોઈ દિવસ મન થયું નહોતું.

તેમજ ઉમળકો પણ આવ્યો નહોતો. નિશાળેથી ભણીને આવે ને ચુપચાપ ઘરના ઓરડાના એક ખૂણામાં બેસી જાય અને મૌન પ્રાર્થના કરવા લાગી જાય. કોઇ કોઇ વાર તો એવી રીતે કલાકોના કલાકો વીતી જતા. અને કોઈ જ્યારે એમને પૂછતું "પ્રાર્થનામાં બેસીને તમે શું કરો છો?" તેઓ જવાબ આપતા, "હું મારા મિત્રની સાથે વાતો કરૂં છું."

"પણ અમે તમને વાતચિત કરતા તો કોઇ દિવસ સાંભળ્યા નથી. તમે તો મૂંગા બેસી રહો છો."

સુંદરસિંઘે જવાબ આપ્યો, "જ્યારે બે પ્રેમીજન પાસે પાસે બેઠા હોય ત્યારે વાત કરવાની શી જરૂર હોય છે. દિલ દિલને સમજી લે છે."

"એ મિત્ર તમારો કોણ છે એ તો કહો?"

"ઇશુ."

જ્યારે આ વાતની ખબર એમનાં માબાપને કાને પહોંચી ત્યારે ખૂબ દુ:ખી અને ગુસ્સે થયાં. ઘણું સમજાવ્યું પણ સુંદરસિંઘે ઈશુની ભકિત મૂકી નહિ. તેઓ કહેતા કે મને પ્રત્યક્ષ ઈશુનું દર્શન થયું છે. હું તો હવે એનો થઈ ચૂકયો છું, હું એની બેવફાઈ કોઇ દિવસ નહિ કરૂં.

આ શબ્દો બોલી એ ઘરથી ચાલી નીકળ્યા. અને પંજાબના જુદાં જુદાં શહેરમાં, સિમલાના પહાડોમાં અને એકવાર તિબેટ પ્રદેશમાં પણ ઈશુનો સંદેશો લોકોને સંભળાવ્યો.

એમના સંદેશાનો મુખ્ય સાર અથવા સૂર એક જ હતો. જીવનમાં સૌથી વધારે અગત્યનો નિયમ પ્રેમ છે અને પ્રેમ કરવો એટલે પ્રાર્થના કરવી. પ્રાર્થના કરવી એટલે જેને આપણે ચાહીએ છીએ એનાં ગુણગાન ગાવા. એટલે માણસને પ્રેમ કરવો અને પ્રભુને પ્રેમ કરવો એક જ છે. કોઈ જાતનો ભેદભાવ પ્રેમમાં નથી રહી શકતો. પ્રેમ કરો, પ્રેમ કરો, પ્રેમ કરો.

તમે કીડીને જોઇ છે? એને જ્યારે ચોખાનો દાણો, ઘઉંનો દાણો, સાકર ગોળ કે બીજું કંઈપણ ખાવાનું મળે કે તે તરત જ બીજી કીડીઓને ખબર આપીને બોલાવી લાવે છે. અને પછી એક સાથે ખાવાનું ખાય છે. પ્રેમની વૃત્તિ કીડીના જેવી છે. ખરો પ્રેમીજન કોઈપણ વસ્તુ—સારી, સુંદર કે અમૂલ્ય—નો ભોગ એકલો નથી કરતો. પ્રેમ તો સમાજવાદી છે.

એકવાર સાધુ સુંદરસિંઘ કરાંચીમાં ફરતા ફરતા પહોંચી ગયા હતા. ત્યાંના ખાલિકદીન હોલમાં વ્યાખ્યાન આપીને એક સંધ્યાએ જ્યારે એકલા સમુદ્રને કાંઠે જઇ રહ્યા હતા ત્યારે એક ફકીરનું ગીત એમણે સાંભળ્યું. તે ગીતે એમને મુગ્ધ કર્યા. અને મોઢામાંથી શબ્દો સર્યા. "અરે, આ ગીતમાં તો મારા ઈશુનો સંદેશો છે." એ ગીત આ હતું.

તેરો પ્રેમ ભેદ મીટાવે,
આપસમેં સબકો મીલાવે,
પરસ્પરકે સંબંધ બનાવે,
કરે એક વર્ણ...........
તેરે પ્રેમસે સૂરજ ચંદ્ર
ચાંદ ચમકે, તારા ચમકે
નદી ઔર સમુદ્ર ઝલકે
કરે આકર્ષણ...........

પ્રેમનો અભાવ કે ઊભરો ?

ગાંધીજી

રામ, શંકર ભરત, ઈ. અવતારોને મેં એકવચનમાં સંબોધ્યા છે તેને વિષે મને એક વૈષ્ણવભાઇ પ્રેમાળ ઠપકો આપે છે. ‘રામ’ને મેં ‘શ્રી રામચંદ્ર પ્રભુ’ અને ભરતને ‘શ્રી ભરતસૂરી’ કહી નથી સંબોધ્યા તેથી તેમને દુઃખ થયું છે, અને હવે પછી તે પવિત્ર નામો માનપૂર્વક લેવાની મને વિનયપૂર્વક ભલામણ કરે છે. એ ભાઇને હું ખાનગી પત્ર દ્વારાજ જવાબ દેત પણ રખેને કોઈ બીજા વૈષ્ણવનું હૃદય દુભાયું હોય તેથી આ પ્રસંગનો વિચાર હું વાંચનાર સમક્ષ કરૂં છું. મને લખનાર ભાઈ કદાચ નહિ જાણતા હોય કે હું પોતે વૈષ્ણવ છું ને મારા કુટુંબના ઇષ્ટદેવતા શ્રી. રામચંદ્ર—પ્રભુ છે. પણ જોકે મેં રામને ‘શ્રી રામચંદ્ર પ્રભુ’ કેવળ આ ભાઇને સંતોષવા ખાતર અહીં એકવાર લખેલ છે, છતાં મને પોતાને તો રામ નામજ પ્રિય છે.

‘શ્રી રામચંદ્ર પ્રભુ’ મારાથી બહુ વેગળા લાગે છે; રામ તો મારા હૃદયમાં સામ્રાજ્ય ભોગવે છે. જે સ્થળે મેં રામ, ભરતાદિ પવિત્ર નામોનો ઉપયોગ કર્યો છે ત્યાં મારી દ્રષ્ટિએ કેવળ મારી ભકિતજ નીતરી રહી છે. જો આ વૈષ્ણવભાઇ એવો દાવો કરે કે રામ પ્રત્યેનો તેમનો પ્રેમ મારા કરતાં વધારે છે, તો હું તેમની ઉપર રામના દરબારમાં દાવો માંડું ને રામરાજ્યમાં મને ન્યાય મળે જ.

જે પ્રેમની પરીક્ષા હનુમાને આપી હતી તેવી પરીક્ષા આપવાની મને ઇચ્છા થાય. પ્રિયમાં પ્રિય વસ્તુ નિકટમાં નિકટ છે. તે તો ‘તું’જ હોય. ‘તમે’ અંતરાય સૂચવે છે. મારી માને મેં કોઇ દિવસ ‘તમે’ કહી બોલાવી જ નહોતી, ને મારાથી ભૂલ્યે પણ બોલાવાઈ જાત તો તે રોત કેમકે તેનો દીકરો તેનાથી વેગળો થયો એમ તે જાણત.

એવો અવસર મારી જીન્દગીમાં હતો કે જ્યારે હું રામને શ્રી. રામચંદ્ર રૂપે ઓળખતો. પણ એ અવસર વીતી ગયો છે. રામ તો મારે ઘેર આવ્યા છે. તેને ‘તમે’ કહું તો કટાક્ષ કરે એમ હું જાણું છું. મા નથી, બાપ નથી, ભાઇ નથી એવો હું છત્રહીન છું તેને રામ એ સર્વસ્વ છે. તેજ મા છે, બાપ છે, ભાઇ છે, સર્વસ્વ છે. તેનો જીવાડયો હું જીવું છું. તેને હું સર્વ સ્ત્રીને વિષે જોઉં છું, તેથી સર્વ સ્ત્રીને માતા કે બહેન સમાન સમજું છું. તેને હું સર્વ પુરુષોને વિષે જોઉં છું, તેથી બધાને વય પ્રમાણે બાપ ભાઈ કે દીકરા સમાન ગણું છું. તેજ રામને હું ભંગીમાં ને બ્રાહ્મણમાં જોઉં છું, તેથી બન્નેને વંદન કરૂં છું.

હજુ રામ મારી પાસે છતાં વેગળો જ હશે તેથી તેને તું કહીને બોલાવવો પડે છે, જ્યારે તે ચોવીસે કલાક મારી પાસેજ હશે ત્યારે તો મને ‘તું’ કરવાપણુંએ નહિ રહે. મારી માને બીજા ન તુંકારતા. બીજા તો અનેક માનનાં વિશેષણોથી તેને બોલાવતા. તેમજ જો રામ મારો ન હોત તો તો હું પણ જરૂર માર્યાદિત રહેત. પણ તે હવે મારો છે ને હું તેનો ગુલામ છું. એટલે વૈષ્ણવો તેનાથી વેગળા થવાનો બોજો મારી ઉપર ન મૂકે એમ માગી લઉં છું. ‘વિનયની પરણી’ માગે એ તે પ્રેમ હોય ?

બધી ભાષાઓમાં બધા ધર્મોમાં ઈશ્વર 'તું'જ સર્વનામે પંકાએલો છે.

દ્રાવિડ પ્રાંતમાં અંવ્વાઈ માઇ નામે મીરાંબાઈ જેવી કોઈ મહાતેજસ્વી ભકતાણી થઈ ગઇ. તે નિત્ય વિષ્ણુમંદિરમાં બેઠી રહેતી. કોઇવાર તેની પીઠ મૂર્તિની તરફ હોય તો કોઇવાર તે પોતાના લાંબા પગ બરોબર મૂર્તિની સામે પસારીને બેસે. કોઈ ભાવિક પણ બાળભકત એક વેળા ત્યાં દર્શને આવી ચઢયો. અંવ્વાઇ માઇનો ઇશ્વર સાથેનો ગાઢ સંબંધ આ ભકત નહોતો જાણતો તેથી રાતી આંખ કરીને તેણે તો અંવ્વાઈ માઇને થોડી અસત્યાગ્રહી ગાળો સંભળાવી !

અંવ્વાઇ માઈ તો ખડખડ હસી ઉઠયાં. તેના હાસ્યથી મંદિર ગાજી ઉઠયું. પણ મા પેલા ભકતને સંબોધીને બોલ્યાં. "આવ દીકરા ! અહીં બેસ. બાપુ! તું કયાંથી આવ્યો ? તેં મને તીખું કહ્યું. પણ એક વાત મને કહે. હું તો ઘરડી થઈ પણ મને એકેય જગ્યા ન મળી કે જ્યાં ભગવાન ન હોય. જ્યાં પગ પસારૂં ત્યાં તે સામો ને સામો જ. હવે તું કોઈ એવી જગ્યા બતાવે કે જ્યાં તે નથી તો તો જરૂર તે દિશામાં પગ પસારૂં !"

પેલો બાળભકત તો વિનયી હતો. અજ્ઞાનને લીધે અંવ્વાઇ માઇને ઓળખી નહોતો શકયો. એતો ગભરાયો. આંખે તો મોતી સરખાં આંસુ ચડયાંને દડદડ માના અંગુઠા ઉપર ટપકવા માંડયાં. માયે પગ ખેંચી લીધા. પેલાયે પકડી લીધા. "મા હું ભૂલ્યો, મને માફ કરો, મને ઉગારો" અંવ્વાઈએ પગ તાણી લીધાને પોતાના મોટા હાથવતી તેને પકડીને ચાંપ્યો, બક્કીઓ ભરી ને વળી ખડખડ હસીને બોલી ઉઠી, "જા, જા. વળી માફ તે શું કરવાનું હોય ? તું તો મારો દીકરો છે. મને તારા જેવા ઘણાએ દીકરા છે હો. તું ડાહ્યો દીકરો કે તારા મનમાં કંઈક શંકા આવી કે તુરત મને તેં કહી દીધી. જા, શ્રીરંગભગવાન તારી રક્ષા કરશે. પણ માને સંભારજે હો બેટા ?"

(અનુસંધાન પૃ. ૧૧૦ ચાલુ.)

વામાં આવે છે. એટલે વિયોગ દુઃખ આખા જગતનો કાયદો નથી. હિંદુ સમાજે માની લીધેલો કાયદો જોવામાં આવે છે ખરો. તે ગીતાના શિક્ષણની વિરૂધ્ધ હોઈ આપણે ભુલી જવો ઘટે છે. પહેલો અધ્યાય સ્વજન પરજનનો ભેદ રજુ કરે છે. ભગવાન તે ભેદ રદ કરે છે. આશ્રમમાં આપણે તે ભેદ કાઢવાનો પ્રયત્ન કર્યો છે. આ અવસર આપણા પ્રયત્નને સફળ કરવાનો ગણાવો જોઈએ. આશ્રમમાં રહેલાં બાળકો કોનાં છે ? તેની ઉપર પ્રેમ કરતાં, તેની સેવા કરતાં ઉમીનો વિયોગ નહિ ડંખે અને વાસનાઓનો ક્ષય થશે.

મૌનવાર. બાપુના આશીર્વાદ.



એને અજવાળે

હેમંતકુમાર નીલકંઠ

જેઓ સદા મનરિપુ જીતવા મથ્યા ને
હોમી દીધું જીવનયે જગશાંતિ અર્થે
હજાર વર્ષ મહીં જે કદી એક પાકે
તેવા તપસ્વી તમને મુજ શીર્ષ નામે.

નિઃશસ્ત્રીને દઈ દીધાં અતિ દિવ્ય શસ્ત્રો
નિર્માલ્યને વળી દીધાં બલવંત મંત્રો;
ને આદરી જગમહીં નવી યુદ્ધ રીતિ
તેને નમે જગ સહુ કહી વીર ગાંધી.

દુઃખીતણા દુખથકી સળગી સદાયે
હૈયામહીં ધગધગી અતિ ઝાળ હોળી;
કાર્યાબ્ધિમાં શમવી તેં પણ હોળીને એ
તેને નમું હું વડવાનલ–વારિધિને.

રત્નો સહુ દિશ થકી અણમૂલ શોધ્યાં
ને દેશકાજ મહીં તે સહુને પરોવ્યાં;
એ માળ માત–ચરણે મૂકી તેં સ્વહસ્તે
એ ગાંધીને હૃદય આ વદતું નમસ્તે.

ભક્તિ વસી રહી સદા હૃદયે પ્રભુની
ગીતાની વાણી સમજી થયું જ્ઞાન જેને;
તોયે કહે જગ બધું કયમ કર્મયોગી ?
તેથી ‘મહાત્મ’ પદ શું જગતે દીધું છે ?

વેર્યાં અનેક બીજ સત્કૃતિનાં જ્યહાં ત્યાં
વારી સિંચ્યાં ફરી ફરી ઉપદેશ કેરાં;
ફૂટી ઊગ્યાં અહિં તહિં ફણગા અનેક
તેને નમું હૃદયથી કૃષિકાર એક.

લાવી કહીં કહીં થકી તૂલ રાશિ કીધો
પોતે જ કાંતી ઉપજાવી અનેક સૂત્રો;
સેવાતણું પટ વણ્યું અદ્‌ભૂત જેણે
એવો ખરે વણકરો મહિં એક તું છે.

ના શૂદ્ર કે નહિ જ બ્રાહ્મણ, ક્ષત્રિયે તું
સંન્યાસી ના નહિં જ તેમ ગૃહસ્થયે તું;
તોએ ગુણો સહુ તણા વસતા સદા જ્યાં
વંદું મહાન વળી મોહનને જનોના.

ધર્મ કથા

૧

સાચો રાજા

યમનનો સુલ્તાન હ. બાયઝીદ એવી સાદી રહેણી રાખતો કે રાજભંડારમાંથી એ મહીને ૩૦–૪૦ રૂપૈયા જ લેતો, એટલું જ નહિ પણ કચેરીમાં ભારે લૂગડાં પહેરીને જાય, પણ ઘેર આવીને ભારે કપડાં ઊતારી નાખે ને પોતાનાં કપડાં પહેરી લ્યે.

એકવાર ઈદ આવી, પણ એના છોકરાઓ આગળ નવાં લૂગડાં ન મળે. હવે કરવું શું? તો બેગમ બોલી, 'રાજભંડારમાંથી પૈસા મગાવીને લૂગડાં કરાવી લેવાં.' પણ બાયઝીદે જવાબ દીધો, 'હું રાજનું કામ કરું છું તેનો પગાર લઉં છું. આ મહીનાનો પગાર આવી ગયો ને વપરાઈ પણ ગયો. હવે મારી આગળ નવાં કપડાં સીવડાવવા જેટલા પૈસા ક્યાં છે?'

બેગમ કહે, 'આગલા મહીનાના પગારમાંથી થોડાક મગાવી લ્યો પગાર થાય ત્યારે એટલા ઓછા લેજો.'

આ પ્રમાણે બાયઝીદે ખજાનચી આગળ માગણી કરી તો તેણે ઉત્તર આપ્યોઃ 'આપનો હુકમ હું માથે ચડાવું, પણ મને પગાર દેવાનો હુકમ છે, આગળથી કાંઇ દેવાનો હુકમ નથી. છતાં કાજી કહે તો દઈ દઉં.'

બાયઝીદે કાજીને કહ્યું, તો કાજી કહે, 'આપને પૈસા આગળથી અપાવું; પણ આપ આવતે મહીને જીવતા હશો ને રાજનું કામ કરતા હશો એટલો આપને વિશ્વાસ છે? આપને કાંઇ થાય તો આ પૈસા કોના પગારમાંથી કાપવા?'

બાયઝીદ કહે, 'સાચી વાત છે. મહીનાની વાત તો એક કોર રહી, પણ પૈસા હું માગું છું તે લઉં ત્યાં લગી મારો શ્વાસ ચાલશે એ પણ કોણ જાણે.'

* બાયઝીદે ઘેર આવીને બેગમને વાત કરી, અને બેગમ છોકરાઓનાં મેલાં વસ્ત્ર ધોવા બેસી ગઈ.

દે. વા.

---

* 'સબકી બોલી' ૩ ઉપરથી

લોકતંત્રનું લક્ષણ

વાલજી ગોવિંદજી દેસાઇ

[ગાંધીજીને પુણ્યપ્રતાપે ગયે વર્ષે આપણા લોકો હજારો વર્ષની પરતન્ત્રતા પછી સ્વતન્ત્ર થયા, અને લોકતન્ત્રની સ્થાપના થઈ. બુદ્ધના સમયમાં લિચ્છવિ આદિમાં ને સિકન્દરના કાળમાં માલવ આદિ ગણમાં લોકરાજ્ય હતું, પણ એ લોકરાજ્યની વિશેષ વિગત મળતી નથી, અને એની પરંપરા તો તૂટી જ ગઈ છે, એટલે લોકતન્ત્ર આજ આપણા દેશમાં નવી નવાઈ છે એમ કહિએ તો કાંઇ ખોટું નથી. અને વસ્તુસ્થિતિ એમ છે, તો પછી લોકતન્ત્ર એટલે શું એ આપણે પશ્ચિમના લોકો આગળથી જાણી લેવાનું છે. એટલે એ વિષે લિઑનાર્ડ વૂલ્ફ નામે લેખકે આપેલાં ભાષણનું નીચે ગુજરાતી કર્યું છે.] **દે. વા.**

૧

લોકતન્ત્ર વિષે ધ્યાનમાં રાખવાની પહેલી વાત એ છે કે તેનો આધાર સુખ વિષેની અને વિશેષે કરીને સાધારણ માણસોના સુખ વિષેની નવી કલ્પના ઉપર રહેલો છે. પહેલાંના લોકતન્ત્રવાદી આગ્રહપૂર્વક કહેતા કે સાધારણ માણસનું નિતનિતનું સુખ અત્યંત મહત્ત્વનું છે. એ માનતા કે રાજ્યવહિવટ-માત્રનો મુખ્ય હેતુ લોકોનું સુખ જ હોવો જોઇએ, અને એકેએક માણસને એક જ જાતનું સુખ ભોગવવાનો સમાન અધિકાર છે.

આ કલ્પના તમને દેખીતી તથા સાદી લાગશે, પણ તે ઘણી મહત્ત્વની છે. અઢારમા શતકમાં પહેલી રજુ થઈ ત્યારે તો તે પલટાકારી હતી. ફ્રેંચ રાજ્યપલટાનો, ને લોકતન્ત્રનો તે પાયો હતી. અમેરિકન તથા ફ્રેંચ રાજ્યપલટા પહેલાં કોઇ માનતું નહિ કે રાજ્યવહિવટનો મુખ્ય હેતુ બધા વર્ગ તથા બધાં માણસોનું સુખ હોવો જોઇએ. સોળમા શતકમાં ઘણા ખરા રાજ્યકર્તા માનતા કે પ્રજા સુખી થાય તે જોવું એમ નહિ પણ તે અમુક ધર્મ પાળે તે જોવું એ એની મુખ્ય ફરજ છે. વળી લોકતન્ત્રના જન્મ પહેલાં રાજ્યવહિવટનો હેતુ સાધારણ માણસોને સુખી કરવા એવો નહિ પણ ખાસ વર્ગોને અમુક અધિકાર ને હક ભોગવવા દેવો એવો હતો. ફ્રાન્સમાં અઢારમા શતકમાં ખેડૂતના સુખનું નહિ પણ શિકાર તથા પારેવાં પાળવાના અમીરોના અધિકારોનું મહત્ત્વ હતું. ઓગણીશમા શતક પહેલાં ઇંગ્લંડમાં લગભગ કોઇ એમ ન માનતું કે મૂલીના દીકરાને અમીર કે જમીનદારના દીકરાના જેવી જ વસ્તુ તથા સુખ ભોગવવાનો અધિકાર છે.

જ્યાં જ્યાં લોકતન્ત્ર નથી હોતું ત્યાં ત્યાં તમે જોશો કે બધા વર્ગોનું એકસરખું સુખ રાજ્યવહિવટનો મુખ્ય હેતુ હોવું જોઇએ આ સિદ્ધાન્તનો સ્વીકાર કરાતો નથી. પહેલા વિશ્વવિગ્રહ પહેલાં જર્મન ને રશિયન સરકારનો સિદ્ધાન્ત એવો હતો કે રાષ્ટ્રની સત્તા તથા પ્રતિષ્ઠા, લશ્કરી કીર્તિ અને લશ્કર તથા અમીરોના ખાસ હક ખેડૂત ને મજૂરના નિતનિતના સુખ કરતાં બહુ વધારે મહત્ત્વનાં છે. તેમજ ફાસિસ્ટ તથા કૉમ્યુનિસ્ટ બેય લોકતન્ત્રવિરોધી છે, અને માને છે, કે જનતાનું સુખ ફાસિસ્ટ કે કૉમ્યુનિસ્ટ રાજ્ય કરતાં ઊતરતી પંક્તિનું છે.

અને છેવટે આ એક દાખલાનો વિચાર કરો.

એકેએક લોકતન્ત્રવાદી કહેશે કે લોકતન્ત્રમાં એકેએક જણનું સુખ સરકારે રાજદ્વારી દૃષ્ટિએ સરખા મહત્ત્વનું ગણવું જોઇએ. પણ કૉમ્યુનિસ્ટ એમ માને છે કે વચલા વર્ગ (બુઝર્વા)ના સુખનું કાંઇ જ મહત્ત્વ નથી, અને ફાસિસ્ટ માને છે કે જે ફાસિસ્ટ નથી તેનું સુખ ફાસિસ્ટ સરકારને મન લેશમાત્ર મહત્ત્વનું નથી.

લોકતન્ત્રની આધારભૂત બીજી કલ્પના એ છે કે તેમાં રાજદ્વારી રીતે એકેએક જણને ફકત એક વ્યકિત

લેખે ગણવામાં આવે છે. ઓગણીશમા શતક ને લોકતન્ત્રના ઊગમ પહેલાં કોઈ સરકાર આમ ગણતી નહિ.

જો તમે ૧૭૫૦માં જન્મ્યા હોત તો સમાજમાં તમારું પદ તમારા વર્ગથી અને તમારા જન્મથી જ નક્કી થઈ જાત. તે દિવસોમાં કાંઇ રાજદ્વારી સત્તા તમે ભોગવતા હોત તો તે તમે તમારા બાપના દીકરા છો એટલે, અથવા તમે અમુક વર્ગના છો એટલે અથવા તમે અમુક ધનના ધણી છો એટલે ભોગવતા હોત. દાખલા તરીકે તમે અમુક વર્ગના અથવા વકીલ, વેપારી કે મજૂરના દીકરા હોત તો તમને મતદાનનો અધિકાર મળત નહિ, પણ જો તમે અમીરના દીકરા હોત તો તમે ઉમરાવોની સભામાં કાળે કરીને બેસત; જો તમે જમીનદારના દીકરા હોત તો આમની સભામાં બેસવાની તક તમને મળત; અને જો તમારી આગળ જમીન હોત તો તમે અમુક મત ઉપર અંકુશ રાખી શકત.

આ વ્યવસ્થા ફાસિસ્ટ ને કૉમ્યુનિસ્ટ પદ્ધતિના જેવી છે. ફાસિસ્ટ સરકાર ફાસિસ્ટને રાજદ્વારી સત્તા આપે છે અને તે સત્તા જે ફાસિસ્ટ નથી એને આપવાની ના પાડે છે. અને તમે કૉમ્યુનિસ્ટ પક્ષના સભ્ય છો કે મજૂર છો કે મધ્યમ વર્ગના છો એ જોઇને કૉમ્યુનિસ્ટ સરકાર એ પ્રમાણે તમારી સાથે નોખું નોખું વર્તન રાખશે. આથી ઉલટું લોકતન્ત્રમાં માણસને રાજદ્વારી હક આપતી વેળાએ વર્ગના તથા મિલ્કતના ભેદમાત્ર ભૂલી જવાય છે. માણસ માણસ છે એટલે જ એને લોકતન્ત્રમાં મતદાનનો ને રાજકાજમાં ભાગ લેવાનો અધિકાર મળી જાય છે.

આ મહત્ત્વનો ભેદ થોડા શબ્દોમાં દર્શાવવો હોય તો એમ કહેવાય કે લોકતન્ત્રમાં એકેએક જણ, સ્ત્રી કે પુરુષ, રાજકાજમાં વ્યક્તિ તરીકે અને એક સરખા રાજદ્વારી એકમ તરીકે ગણાય છે; અલોકતન્ત્રમાં લોકોની સાથે વ્યક્તિ તરીકે નહિ પણ નોખા નોખા વર્ગના સભ્ય તરીકે વર્તે છે, અને નોખા વર્ગમાં જન્મ્યા હોય, નોખા ધંધા કરતા હોય, કે નોખા રાજદ્વારી મત ધરાવતા હોય આ કારણથી એને નોખા રાજદ્વારી હક આપે છે.

(ચાલુ)

સંયમ તથા ઈંદ્રિયનિગ્રહ

કુરાન કહે છે: "શરીરના મૃત્યુ પહેલાં તમે મનનું મૃત્યુ કરો. તમારાં કુશરીરનો નાશ કરી નાખજો. તમારી કામનાઓને વશ કરો. તમારા ચિત્તનો સંયમ કરો. ઇંદ્રિયોનો નિગ્રહ રાખો. અને આ સર્વેને નિયમમાં રાખતાં જે અટકાવતું હોય તેનો નાશ કરો."

કઠોપનિષદ બોધે છે: "જેણે દુષ્કર્મોનો ત્યાગ કર્યો નથી, જે સંયમ શીખ્યો નથી, જેણે શાંતિ મેળવી નથી, જેનું મન ચંચળ છે, તે પુરુષ જ્ઞાન મેળવવા છતાં સ્વરૂપને જાણી શકતો નથી."

મનુ ભગવાન ઉપદેશે છે: "પ્રાણીઓને કષ્ટ આપો નહિ, પરવસ્તુની કામના કરો નહિ અંતઃકરણની શુધ્ધિ રાખો અને ઇંદ્રિયોને વશ રાખો. મનુ ભગવાન ચાતુર્વર્ણોને માટે આ આદેશ જણાવે છે."

મણકો-૧લો-રેંટિયો.

પૂજ્ય બાપુના બધા લેખોના સંગ્રહમાંથી વીણેલાં મોતીઓને શું નામ આપવું ? મોતીઓનો તો હાર જ સુંદર લાગે ને? તો આપણે આને ગાંધીમાળા નામ આપીએ તો ખોટું નહિ ગણાય. આ માળા આપણે શ્રદ્ધાથી ફેરવીશું તો તેમાં આપણે સાચાં સ્વરાજ્યનાં દર્શન કરી શકશું, ગીતાના કૃષ્ણના દર્શન કરી શકશું અને તુલસીદાસજીના રામ પણ આમાંથી જ જડશે. રેંટિયો, સ્વદેશી, અસ્પૃશ્યતા, હરિજન ઉધ્ધાર, હિંદુમુસલમાન ઐક્ય, પ્રાર્થના, બ્રહ્મચર્ય વગેરે આ માળાના મણકાઓ છે. આ બધા મણકા બાપુની દષ્ટિએ સરખા કિંમતી છે. બાપુ આ માળા ફેરવતા જ આપણને રામરાજ્યના દર્શન કરાવવાના હતા, પણ એક વિનાશમય પળ આવીને એ માળા ફેરવનારો ચાલ્યો ગયો. માળા રહી ગઈ. બાપુ પાછળ અંજલીઓ અને આંસુઓનાં ધોધમાં એ માળાને વહેવડાવી ન દેતા એને આપણે ફેરવતા શીખીએ. એ ફેરવવા મહેનતનાં, પરસેવાનાં ટીપાં પાડવા રહ્યાં. માટે ચાલો આપણે આંસુનાં ટીપાં સૂકવીને મહેનતનાં પરસેવાનાં ટીપાં પાડીને એ માળાને ફરતી રાખીએ.

(૫૬)

કેટલાક એમ માને છે કે રેંટિયો એ કેવળ સ્ત્રીઓની પ્રવૃત્તિ છે. પુરુષો આગળ રેંટિયાની વાત કરવી એ તેઓનું અપમાન કર્યા બરાબર છે. હું તેવું માનતો નથી, એટલું જ નહિ પણ એમ માનું છું કે જનસમાજને પોષનારી બધી પ્રવૃત્તિ બન્નેને માટે છે. સ્ત્રીઓથી પુરુષના જેટલી શારીરિક મજૂરી ન થાય ને સ્ત્રીઓ પુરુષના જેટલી છૂટથી બહાર જઇ કામ ન કરે એટલે રેંટિયાની પ્રવૃત્તિ મુખ્યત્વે સ્ત્રીઓને સારૂ મનાઈ છે એ યોગ્ય છે.

૨૦-૬-૧૯૨૦

(૫૭)

પણ જેમ રસોઇ મુખ્યત્વે કરીને સ્ત્રીઓ કરે છે તો પણ ઘણાની રસોઈ તો પુરુષો જ કરે છે. તેમ જોકે રેંટિયો સામાન્ય રીતે સ્ત્રીઓ ચલાવે, તોપણ પ્રસંગવશાત્ તો તે યંત્રનો ઉપયોગ પુરુષ પણ કરી શકે.

૨૦-૬-૧૯૨૦

(૫૮)

વકીલ, દાકતરો કલબોમાં જઈ પાનાં રમે છે કે બિલિયર્ડ રમે છે, તેથીં પોતાના મગજ તાજા કરતા હશે કે નહિ એ વિષે મને શક

છે. પણ તેઓ ઘેર જઈ સ્વચ્છ કોટડીમાં બેસી રેંટિયો ચલાવે તો તેમાંથી જેટલો નિર્દોષ આનંદ ભોગવાય તેટલો પાનાંમાંથી નહિ જ મળે એમ મારી ખાત્રી છે. સર જૉન લબકનો આરામ એક ઉપયોગી કામમાંથી બીજામાં પ્રવેશ કરવો એ હતો. તેનો વિનોદ કીડીઓની પ્રવૃત્તિનું અવલોકન કરવામાં હતો. લૉર્ડ સોલ્સબરી રસાયણના પ્રયોગો કરીને વિનોદ મેળવતા. ગ્લૅડસ્ટન લાકડાં કાપી આમની સભાનો બોજો હળવો કરતો. આવા ઉપયોગી આનંદોની જેટલી આપણને જરૂર છે તેટલી અંગ્રેજ પ્રજાને નથી.

તા. ૨૦-૬-૧૯૨૦

(૫૯)

દેશમાં અનાજ નથી, વસ્ત્ર નથી અથવા બંને બહુ મોંઘાં છે. દૂધઘીનો તો ઘણાને ત્યાગ કરવો પડે છે તે અવસરે મુખ્ય ધર્મ આ બે વસ્તુ પેદા કરવામાં ને પૂરી પાડવામાં સમાઈ જાય છે. ભૂખ્યાનું પેટ ભરવું ને નાગાને ઢાંકવા, પછી જ આપણે ખાઈએ, પહેરીએ તેમાં દયા ધર્મનો સમાવેશ થઈ જાય છે............હું નમ્રતાપૂર્વક સલાહ આપું છું કે તમારો બચતો વખત જો તમે ખેતર આદિમાં રોકાઇ શારીરિક શ્રમ ન કરી શકો તો ખચીત રેંટિયો મેળવી સૂતર કાંતવામાં રોકજો. તેથી ધર્મ અને અર્થ બન્ને સચવાશે."

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायने महतो भयात् ॥

૨૦-૬-૧૯૨૦

(૬૦)

"મારી સ્વદેશીની કલ્પનામાં માત્ર કાપડનો જ સમાવેશ છે; કેમકે પરદેશી કાપડનો ઉપયોગ થવાથી હિન્દુસ્તાનમાંથી લગભગ ૫૦ કરોડ રૂપિયા પ્રતિવર્ષ ચાલ્યા જાય છે. જો કે એ બધા રૂપિયા આપણે આપણા કારીગરોમાં જ વાપરી શકીએ છીએ. તેટલા કે તેથી ઓછા આપણે આગળ વાપરતા હતા. તે ધંધાની અવેજીમાં આપણા કારીગરોએ બીજો ધંધો ગ્રહણ કર્યો નથી અને અસંખ્ય ઓરતો જે પોતાના ઘરમાં નિરંતર થોડુંઘણું સૂતર કાંતી હિન્દુસ્તાનને ઢાંકતી હતી તે ઓરતોની દીકરીઓ અત્યારે પોતાની માનો પવિત્ર ધંધો ભૂલી ગઇ છે અને તેને બદલે બીજો ધંધો કશો યે કરતી નથી તેથી જ દેશમાં અત્યંત ભૂખમરો વધ્યો છે. અને ગમે તેવા બીજા પ્રયત્ન થાય તોપણ જ્યાંસુધી આ કારીગરો અને ઓરતો પોતાનો અસલી ધંધો ફરી ગ્રહણ નહિ કરે ત્યાંસુધી કદાચ હિન્દુસ્તાનમાં ચારગણી મીલો થઇ જાય તોપણ કરોડોની ગરીબાઈ કદી ઘટવાની જ નથી. એવા કારણથી મેં સ્વદેશીને ઉત્તમ ધર્મ માન્યો છે અને હજું માનું છું. સોય, હોલ્ડર ઈત્યાદિ દેશમાં પેદા થાય એ ઇચ્છવા જેવું છે. આપણે છેવટે એ સ્થિતિએ પણ પહોંચવું રહ્યું છે. પણ એની સરખામણી કાપડની સાથે થઇ જ નહિ શકે. આ ઉદ્યોગો આપણે નવા દાખલ કરવાના રહ્યા. તેમાં કરોડો જે કંગાલ થઈ ગયા છે તેઓને આપણે નહિં રોકી શકીએ. અને જે શકિત વડે આપણે ૬૦ કરોડનું નવું કાપડ અસંખ્ય સ્ત્રીઓ અને કારીગરોની મારફતે કઢાવી શકીશું તે શકિત આપણને આગળ પર કામ આવશે. ૬૦ કરોડ રૂપિયાની વાર્ષિક આવકનો ઉદ્યોગ હિન્દુસ્તાનમાં દાખલ કરવામાં ઘણો આત્મભોગ, યોજનાશકિત, બુદ્ધિ, પ્રમાણિકતા, દ્રઢતા ઈત્યાદિ ગુણોને ખૂબ કેળવવા પડશે. તે ગુણો જ્યારે ઘણા કેળવાશે ત્યારે જ આપણે મેં કલ્પેલી સંકુચિત લાગતી સ્વદેશીને મજબૂત પાયા ઉપર મૂકી શકીશું.

૩૦-૫-૧૯૨૦

સૂક્તિસુધા

જગતના અવતારી પુરુષોની ધર્મવાણી આપણે દરેક ધર્મના પવિત્ર ગ્રંથોમાંથી સાંભળતા આવ્યા છીએ. એ હજારો વર્ષ પુર્વે ઉચ્ચારેલી દિવ્ય અને મધુર વાણી હજુ પણ કેટલી પ્રેરણાત્મક છે? એ ધર્મવાણી ‘સૂકિતસુધા’ને નામે દર અંકમાં પ્રસિધ્ધ થશે.

ત્રીજો દ્વારપાળ: સંતોષ

શ્રી વસિષ્ઠ કહે છેઃ હે રામ! સંતોષ એ પરમ કલ્યાણ છે, સંતોષ એ સુખ છે. હે અરિસૂદન! સંતોષી પુરુષ જ પરમ વિશ્રાંતિ પામે છે. જે શાંત પુરુષો સંતોષરૂપા અમૃતના પાનથી તૃપ્તિ પામ્યા છે, તેઓને અતુલ ભોગશ્રી પણ ઝેર જેવી પ્રતિકૂળ લાગે છે. જેપુરુષ અપ્રાપ્ત વસ્તુની ઇચ્છા નથી કરતો, અને સંપ્રાપ્ત વસ્તુમાં હર્ષ-શોક નથી કરતો, તે મનુષ્ય સંતોષી કહેવાય છે. તેને ખેદ કે અખેદ જોવા પડતા નથી. [૧૫/૧-૬]

હે રામ! મન જ્યાં સુધી પોતાની મેળે પોતાની અંદર જ સંતુષ્ટ થતું નથી, ત્યાં સુધી મનરૂપી ખાડામાંથી આપદાઓ રૂપી લતાઓ ઉત્પન્ન થયા જ કરે છે. સૂર્યથી કમળ જેમ વિકાસ પામે, તેમ સંતોષથી શીતળ થયેલું ચિત્ત જ જ્ઞાનના શુદ્ધ વિચારોથી અત્યંત પ્રફુલ્લિત થાય છે. પરંતુ મેલા અરીસામાં જેમ મુખનું પ્રતિબિંબ પડતું નથી, તેમ સંતોષ વિનાના અને તેથી આશાને અધીન હોઇ પરવશ એવા ચિત્તમાં જ્ઞાન પણ પ્રતિબિંબિત થતું નથી.

[૧૫/૭-૧૦]

હે રામ! ક્ષીરસમુદ્રની પેઠે શુદ્ધ, પરિપૂર્ણ અને સંતોષથી અત્યંત તૃપ્ત થયેલા મહાત્મા પુરુષના મુખ ઉપર અદ્ભુત લક્ષ્મી બિરાજે છે. સંતોષ રૂપી અમૃતથી પરિતૃપ્ત થયેલા પુરુષનું મન, શાંત તથા શીતળ બુદ્ધિથી, પોતાની મેળે જ અવિનાશી સ્થિરતાને પામે છે. રાજાની પાસે જેમ દાસો જાય, તેમ સંતોષથી પુષ્ટ થયેલા મનવાળા પુરુષની પાસે સર્વ મોટી સંપત્તિઓ દાસ બનીને જાય છે. પુરુષ જ્યારે પોતની મેળે પોતાની અંદર સ્વસ્થ તથા સંતુષ્ટ થઇને સ્થિર થાય છે ત્યારે, વર્ષાૠતુ આવતાં ધૂળ બેસી જાય તેમ, તેની સૌ ચિંતાઓ આપોઆપ શાંત પડી જાય છે. [૧૫/૧૨-૧૮]

(શ્રી યોગવાસિષ્ઠમાંથી)

Reg No. B. 5255.

एतावान्हि प्रभोरर्थो यद्दीनपरिपालनम् ।
प्राणैः स्वैः प्राणिनः पान्ति साधवः क्षणभंगुरैः ॥

બળવાનનું કામ જ એ છે કે દીનનું પાલન કરવું. સાધુ પુરુષો પોતાના ક્ષણભંગુર પ્રાણ વડે પ્રાણીઓની રક્ષા કરે છે.

तप्यन्ते लोकतापेन साधवः प्रायशो जनाः ।
परमाराधनं तद्धि पुरुषस्याखिलात्मनः ॥

સાધુ પુરુષો મોટે ભાગે જગતને દુઃખે દુઃખ પામે છે. ભૂતમાત્રના આત્મા એવા પુરુષોત્તમની એ જ મોટામાં મોટી આરાધના છે.

[illegible]

રૂપાયતન
વિલે પારલે



॥ ઈશ્વર અલ્લા તેરે નામ,
॥ સબકો સન્મતિ દે ભગવાન.

रूपायतन

રૂપાયતનનો મુખ્ય આદર્શ જનતામાં લોકોપયોગી કલાનો પ્રચાર કરી સામાન્ય લોકોનાં જીવનમાં પણ સુરૂચિ અને આનંદનું સિંચન કરવાનો અને કરાવવાનો છે. આ ધ્યેયને સિદ્ધ કરવા હવે જમીનની વધુ આવશ્યકતા લાગે છે. ત્યાં આલીશાન મકાનો નહીં પણ કલાત્મક ઝૂંપડાંઓ હશે, ત્યાં બધા ગૃહઉદ્યોગો હશે, ત્યાં કલા હશે, ત્યાં સંગીત હશે. ત્યાં એ વાટે જ કેળવણી અપાશે, ત્યાંનું વાતાવરણ જ વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ જગાડી નવી પ્રેરણા આપશે. દરેક માણસમાં સર્જનાત્મક શકિત તો પડી જ હોય છે પણ એ સુષુપ્ત દશામાં હોય છે. એને પ્રગટ કરવા પ્રેરણાત્મક વાતાવરણ જ જોઇએ. આ વાતાવરણ બાપુ અને ગુરુદેવનાં શિક્ષણ અને સંસ્કારનાં મિલનથી જ ઉદ્ભવી શકે.

મનુષ્યને જીવન જીવવા માટે જેટલી આવશ્યકતા નિદ્રા, હવા અને ખોરાકની છે તેટલી જ આવશ્યકતા, સારું અને સાદું જીવન જીવવા માટે સૌંદર્ય પારખવાની પણ છે.

કળા જ્યારે પૂર્ણ સ્વરૂપે વિકસે છે, ટોંચે પહોંચે છે ત્યારે તે પવિત્ર બને છે અને સમાજને એક દિવ્ય સંદેશ આપે છે.

અમારી આકાંક્ષા, અમારો આદર્શ અમે પૂ. બાપુ અને પૂ. ગુરૂદેવનાં શિક્ષણ અને સંસ્કારમાંથી મેળવ્યાં છે. અને આ બંનેનાં શિક્ષણ અને સંસ્કારનાં મિલનમાંથી જ રૂપાયતનનો જન્મ થયો છે

ટુંકમાં રૂપાયતનનું ધ્યેય દરેક વ્યકિતની આંતરશુદ્ધિ જગાડવાનું અને સૌંદર્ય પારખવાની શકિત કેળવવાનું છે. આ તેને આનંદથી ભરી દેશે અને તેને નવું રચવાને માટે પ્રેરણા આપશે.

આ હેતુથી રૂપાયતનમાં હાલ જે ઉદ્યોગો ચાલે છે તેમાંથી બનતી બધી વસ્તુઓમાં સૌંદર્યની રેખા હશે. બીજાને તે જોવા માટે આમંત્રણ આપશે, અને આનંદ આપશે.

કળા, આમ દુનીયામાં સેવા અને સૌંદર્યના આનંદની પ્રતિનિધી બને છે. રૂપાયતન એ કળાનું નમ્ર સેવક છે.

પ્યારાબાપુ

આ માસિકમાં મુખ્યત્વે ગાંધીજીનાં તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓના લેખો, સંસ્મરણો, ગાંધીજી તથા ગુરૂદેવની વિચારશ્રેણીનો સમન્વય કરી બન્ને ઉપાસકોની આખરી ધ્યેયની સાધનાના મનનીય લેખો, ધર્મ, કલા અને સંસ્કૃતિનું સાહિત્ય, ગાંધીજીના અમૂલ્ય અપ્રગટ પત્રો, છબીઓ, ચિત્રો તેમજ આપણાં રોજીંદા જીવનનાં પ્રશ્નોને ચર્ચતી બોધક વાર્તાઓ ઇત્યાદિ વિભાગો દ્વારા ધ્યેયલક્ષી સામગ્રી આપવામાં આવશે.

સૂચનાઓ

* હર માસની ૧૨મી તારીખે અંક પ્રસિદ્ધ થશે.

* પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

* સરનામાનો ફેરફાર તરત જણાવો, કે જેથી અંક ગેરવલ્લે જાય નહિ.

* 'પ્યારાબાપુ'માંનાં સર્વ ચિત્રો અને છબીઓ કોપીરાઈટથી રક્ષિત છે.

લવાજમ

દેશમાં રૂપિયા છ
પરદેશમાં બાર: શિલિંગ
છૂટક નકલ દસ આના

'પ્યારાબાપુ' અંગેના સઘળા પત્રવ્યવહારનું સરનામું :—

'રૂપાયતન'
૪૫, નહેરૂ રોડ, વિલેપારલે.
મુંબઇ–૨૪

આફ્રિકામાં આ માસિકનું લવાજમ શ્રી. પ્રભુદાસ વજરીયા C/o. જે. પી. વજરીઆ પો. બો. ૧૨૬, નૈરોબી. એ ઠેકાણે ભરી શકાશે.

શ્રી. મોતીલાલ તુલસીદાસ સ્મારક તરફથી
પ્રકાશક અને મુદ્રક · ધીરેન ગાંધી
"રૂપાયતન" ૪૫. નહેરૂરોડ, વિલેપારલે (પૂર્વ)

મુદ્રક: કનૈયાલાલ પૃથ્વીરાજ શાહ
ઓરિએન્ટ પ્રિંટિંગ હાઉસ,
નવીવાડી. મુંબઈ નં. ૨.

"પાપને છૂપું ન રખાય.
મને તો કંઈજ છૂપું નથી."
—ગાંધીજી.

પ્યારા બાપુ

"ખરી શરમ–દોષ કરવામાં છે.
દોષ છુપાવવામાં તો દોષ બમણો
થાય છે."
—ગાંધીજી.

વર્ષ ૧ ૧૨ સપ્ટેમ્બર ૧૯૪૮ અંક ૮

વિષયસૂચિ

પૃષ્ઠ
૧ દોષ છુપાવશો નહીં. ... ગાંધીજી. ૧૪૮
૨ બાપુનાં પ્રિય ભજનો ૧૪૯
૩ ગાંધીજીના 'ગુરુ' કિશનસિંહ ચાવડા ૧૫૦
૪ ગાંધીજી અને વિશ્વ–સંસ્કૃતિ... ... શ્રીમતી સોફિયા વાડિયા ૧૫૨
૫ વહાલાં પંખીડાં ... ગાંધીજી ૧૫૫
૬ એને અજવાળે... સુશીલા મ. ગાંધી. ૧૫૬
૭ બાપુના પત્રો ૧૫૯
પૃષ્ઠ
૮ બહેનો વચ્ચે ... ... ગાંધીજી ૧૬૨
૯ લોકતન્ત્રનું લક્ષણ. વાલજી ગોવિન્દજી દેસાઇ ૧૬૩
૧૦ ગાંધી–ગુરુ ... ગુરુદયાલ મલ્લિક ૧૬૬
૧૧ પૂજ્ય કેદારનાથજી ... હરિભાઉ ઉપાધ્યાય ૧૬૮
૧૨ સત્યનો કરુણાંત ... ... ગુ. મ. ૧૬૯
૧૩ મહાદેવભાઇની ડાયરી. વાલજી ગોવિન્દજી દેસાઇ ૧૭૦
૧૪ સૂક્તિ સુધા ૧૭૨
૧૫ ઇશ્વિર અલ્લા તેરે નામ (ચિત્ર)... મૈત્રીદેવી શુકલ પૂઠું
૧૬ બિહારની વેદના (છબી) ... જગન મહેતા ...

દોષ છુપાવશો નહીં

ગાંધીજી

"તમે આત્મવિશ્વાસ ખોઇ બેસો તે બરાબર નથી. કુવિચારો માણસને ઘણીવાર આવે, પણ ઘરમાં જેમ કચરો ભરાય, તેને જે વખતોવખત કાઢયાં કરે છે તે સ્વચ્છ છે અને પોતાનું ઘર સ્વચ્છ રાખે છે એમ કહેવાય. એ જ રીતે કુવિચારોને જેવા આવે તેવા જ કાઢયાં કરે તેનો સદા જય જ છે. તે કદી દંભી ન કહેવાય. એ દંભમાંથી બચવાને સારુ મેં તો સુવર્ણ ઉપાય બતાવ્યો છે કે. એ વિચારોને આપણે કદી છુપાવવા નહીં, પણ જાહેર કરી દેવા. તેની દાંડી પીટવાની પણ જરૂર નહીં. કોઈક મિત્રને તો કહી જ દેવા જોઈએ. અને આખું જગત જાણે તોયે હરકત નહીં, એવી માનસિક સ્થિતિ હોવી જોઈએ. વિનોબાના વચન ઉપર શ્રધ્ધા રાખજો અને નિરાશ ન થજો."

★

બાપુનાં પ્રિય ભજનો

તેરા મકાન આલા જિત્થે કિત્થે
વસી ભી તૂં ॥

હલો તો આસમાન વેખૂં આગા હલી પસૂં ।
આસમાન મિઠ્ઠોહિ તારા, તારન જો
ચંડ ભી તૂં ॥

હલો તો બાજાર વેખૂં આગા હલી પસૂં ।
બાજાર મિઠ્ઠોહિ આદમ, આદમ જો
દમ ભી તૂં ॥

હલો તો મન્દિર વેખૂં આગા હલી પસૂં ।
મન્દિર મિઠ્ઠોહિ મૂરત, મૂરત જો
સૂરત ભી તૂં ॥

હલો તો દરિયા વેખૂં આગા હલી પસૂં ।
દરિયા મિઠ્ઠોહિ લહરુ, લહરન જો
લાલ ભી તૂં ॥

હલો તો કિશ્તી વેખૂં આગા હલી પસૂં ।
કિશ્તી મેં રહેથો સાહિબ, સાહિબ જો
સાહિબ ભી તૂં ॥

"તારું મકાન ઉમદા છે. તું સર્વ સ્થળે વસે છે. આકાશના તારાઓ સામું જોઉં છું, ત્યાં પણ તું જ નજરે પડે છે. આકાશના મેદાનમાં રમતો ચાંદો તું જ છે. બજારમાં લોકોની ભીડનો પાર નથી. તે સૌમાં ચેતનરૂપે રમનારો તું જ છે. મંદિરોની મૂર્તિઓમાં તું રહેલો છે. માણસો તને પથ્થરમાં પણ દેખે છે! દરિયાનાં ઊછળતાં મોજાંમાં તારો વાસ છે. વહાણના ટંડેલનો પણ તું ટંડેલ છે. તને સર્વ સ્થળોએ જોઇ માણસો તારી પૂજા ને તારું ભજન કરે છે. અને તારી પૂજા ને તારી ભક્તિમાં માણસની સર્વ આશા ફળે છે."

ગાંધીજીના 'ગુરુ'



કિશનસિંહ ચાવડા.

અમારી વાતચીત દરમ્યાન ગાંધીજીને જમાડવાનું સુભાગ્ય મને સાંપડયું. એ વખતે એમના મેજ પરની એક વસ્તુએ મારું ધ્યાન ખેંચ્યું. હતું તો એ માત્ર એક કાચનું રમકડું. મેં એને પહેલાં જોયું પણ હતું. બીજે ઠેકાણે એણે કોઈનું ધ્યાન પણ આકર્ષ્યું ન હોત. એ રમકડું ત્રણ વાંદરાનું હતું. ત્રણે વાંદરા એકબીજાની અડોઅડ બેઠા હતા. પહેલા વાંદરાએ બંને હાથ વડે પોતાનું મોઢું ઢાંકયું હતું. બીજાએ બે હાથે બે આંખો બંધ કરી હતી. ત્રીજાએ પોતાના બંને કાન દબાવી દીધા હતા. ગાંધીજી લગભગ જમી રહેવા આવ્યા હતા, અને અમારી મુલાકાતનો અન્ત આવતો હતો. એમના મેજ પર એ રમકડું જોઈને એનાં ઉપયોગિતા ને ઔચિત્ય વિષે એમને પૂછી જોવાની આતુરતા હું રોકી ન શકયો. એ રમકડાનો જે સામાન્ય અર્થ થાય છે તેટલા ખાતર એને અહીં સ્થાન મળ્યું છે, કે ગાંધીજીને મન એનું કંઈ વિશેષ મહત્ત્વ છે? મારાથી ન રહેવાયું, એટલે મેં પૂછયું:

'બાપુ, આ રમકડું કેમ મેજ પર રાખ્યું છે?'

તેઓ કોઇ ગંભીર પ્રશ્નનો ઉત્તર આપતા હોય તેમ બોલ્યા: 'એ મારા ગુરુઓ છે.'

ગાંધીજી પાસેથી ગમે તેવું આશ્ચર્ય સાંભળવા હું ટેવાયેલો છું. એટલે આ જવાબથી મને આંચકો ન લાગ્યો. પણ એ રમકડા વિષેનું એમનું દૃષ્ટિબિંદુ જાણવાની ઉત્કંઠા એથી વધુ જાગૃત થઈ. મારા ચહેરા પર જિજ્ઞાસાનો એ સ્પષ્ટ ભાવ નીરખી એમણે કહ્યું: 'આજે તો મને બરાબર યાદ નથી, પણ ઘણું કરીને આ વસ્તુ લાંબા વખત પહેલાં એક ચીનીએ સેવાગ્રામમાં મહાદેવને આપી હતી; અને મહાદેવ પાસેથી એ મારી પાસે આવી. ઘણી સારી અને મહત્ત્વની ચીજો હજુયે જૂની ચીની સંસ્કૃતિમાં જીવે છે. આ વસ્તુ પણ એવી જ એક સુંદર વસ્તુ છે. આ સાદું રમકડું પણ ઘણી મોટી વાત કહે છે, અને અતિશય મહત્ત્વનો સંદેશ આપે છે. અને રોજના જીવનમાં એ ઘણું ઉપયોગી છે.'

હું મૌન ધરીને સાંભળતો હતો, એટલે ગાંધીજીએ આગળ ચલાવ્યું: 'પહેલો વાંદરો જેણે પોતાનું મોઢું ઢાંકયું છે તે એમ કહે છે કે કદી જ અસત્ય ન બોલવું, અને કોઈ દિવસ કોઈની નિન્દા ન કરવી. જેણે પોતાની આંખો બંધ કરી છે એ બીજો વાંદરો કહે છે કે આપણી આંખે કદી પણ આપણે ખરાબ જોવું નહીં.' અહીં ગાંધીજી જરા થંભ્યા, અને પછી ધીરેથી બોલ્યા: 'જ્યારે હું ફરવા જાઉં છું ત્યારે હંમેશાં મારો હાથ કોઇને ખભે હોય છે હું એને કહી દઉં છું કે "જોજો, મારી આંખો બંધ છે; મારી સંભાળ રાખજો." અને મને એથી ઘણું બળ અને ઘણી શાન્તિ મળે છે.'

'અને ત્રીજો વાંદરો આપણને શીખવે છે,' ગાંધીજીએ એ જ ગાંભીર્ય અને શાન્તિથી કહ્યું, 'કે આપણે કોઇનું બૂરું અથવા કોઈની નિન્દા સાંભળવાં નહીં. એ કેટલો મોટો સંદેશ છે!

જ્ઞાનનો દુરુપયોગ માણસના મનની શાન્તિ હરી લે છે, અને હૃદયને માફ ન કરી શકાય એટલું અપરાધી ને અપવિત્ર બનાવે છે. આપણને સહુને જીવનમાં એકવાર તો આવો અનુભવ થયો જ હોય છે.'

ગાંધીજી જમી રહ્યા હતા. મેં હાથ ધોવડાવ્યા. હાથ લૂછતાં લૂછતાં એમણે કહ્યું: 'આ રમકડાને હું કલાની વસ્તુ કહું. એનું માત્ર બહારનું સ્વરૂપ સુન્દર અને ઘાટીલું છે એટલું જ નહીં, પણ એ જે અર્થ પ્રગટ કરે છે તે માનવજાતને માટે કેટલો લાભદાયક છે! જે કલા માણસજાતનું મંગલ ન કરી શકે, જે કલા માણસને નીચેથી ઊંચે આણીને એના આત્મા સાથે એકતાન ન કરાવી શકે, તે કલા નથી. કલા મનને શુધ્ધ કરે, હૃદયને પવિત્ર કરે, અને આત્માને ઉજ્જવળ બનાવે. આ વાંદરાઓને હું જ્ઞાનપૂર્વક ગુરુ કહું છું, અને જ્યાં જાઉં છું ત્યાં સાથે લઇ જાઉં છું. અને એ દરેક ક્ષણે એમની વાતો કહે છે.'

શુદ્ધ હૃદય અને સાધુ જીવન એ બે મોટી અને સૌથી અગત્યની બાબતો છે.

સ્વાર્થી અને આપમતલબના વિચારો અને કર્મો દુઃખ આણે છે. સત્યમાંથી ઉદ્દભવતા વિચારો અને કર્મો આનંદ આણે છે. જે રીતથી મન આ પ્રમાણે બદલાય છે અને રૂપાંતર થાય છે તે રીત એ છે: ચિંતન અને તેનો આચાર. શાંત ચિંતનથી સદ્દવર્તનનું મૂળ અને તે મુજબ વર્તવાનું કારણ શોધી કઢાય છે, અને આચારથી રોજ સત્કર્મ કરાય છે.

સત્યનું જ્ઞાન પુસ્તકથી, સૂક્ષ્મ તર્કથી, વાદવિવાદથી અથવા વિવાદયુક્ત ચતુરાઇથી મળતું નથી; તે તો સત્કર્મથી મળે છે.

સત્યનું જ્ઞાન કંઇ ચોપડીમાંથી મળતું નથી; તે તો તેને આચારમાં મૂકવાથી જ શીખી અને જાણી શકાય છે:



ગાંધીજી અને વિશ્વ-સંસ્કૃતિ

શ્રીમતી સોફિયા વાડિયા

હવે આપણે વિશ્વના નાગરિક તેમજ માનવ-જાતિના પ્રેમી તરીકે ગાંધીજીએ માનવ-સંસ્કૃતિને જે ફાળો આપ્યો છે, જેને આપણે સૌથી વધારે પ્રવર્તનશીલ ફાળો માનીએ છીએ, તેનો વિચાર કરીશું.

પરંતુ સંસ્કૃતિ એટલે શું? સંસ્કૃતિ એટલે મનુષ્યમાં રહેલ માનવતાનો આવિષ્કાર, તે માત્ર વિદ્યા કે કૌશલ્યની ઉત્પત્તિ નથી. તે બુદ્ધિમાંથી નહિ પરંતુ હૃદયના ઊંડાણમાંથી ઉદ્ભવે છે. એ તો આત્માની જ્યોતિમાંથી, સ્વર્ગમાંથી ઉતરી આવેલ વિદ્વત્તા છે. એ વિદ્વત્તાને જેમ્સ (James) 'નિર્મળ, શાંતિપ્રદ, અને સૌમ્ય......કારુણપૂર્ણ અને શ્રેયસ્કર ફળ, નિષ્પક્ષપાતી અને દંભરહિત' તરીકે વર્ણવે છે. વળી એનું વિધાન : "અને સત્યનિષ્ઠાનું ફળ જેઓ શાંતિ સ્થાપે છે તેમની શાંતિમાં રોપાય છે." એ ખરેખર ગાંધીજી વિશે પણ વાપરી શકાય. કારણ કે ગાંધીજીએ માનવતાના નૈતિક પુનરુદ્ધારાર્થે સત્યનિષ્ઠાના બીજને રોપવાના કાર્યને પોતાના જીવનની દીક્ષા શું નથી ગણી? ઉપદેશ અને ઉદાહરણ દ્વારા શાંતિના માર્ગનો, અહિંસાના માર્ગનો બોધ આપીને ગાંધીજીએ વિશ્વને પડકાર કર્યો છે, અને આપણને આપણા ખરા માનવ-ભાવિના અભિજ્ઞાન પ્રતિ જાગ્રત કર્યા છે.

મનુષ્ય-જાતિ એ કંઇ વરૂઓનું ઉત્તમ ટોળું નથી. એનો જીવનવ્યવહાર એથી જંગલી ન જ કહેવાય. આપણે તો એથીયે ઉચ્ચતર નીતિનું, આપણી આત્માનુગત પ્રકૃતિમાં કાર્ય કરી રહેલ નીતિનું, પ્રેમ અને બંધુત્વભાવની નીતિનું પાલન કરવાનું છે. "અહિંસા એ મનુષ્યજાતિની નીતિ છે."

ગાંધીજી કહે છે:–

"માનવીનું જીવનધ્યેય દિનપ્રતિદિન તેની ભૌતિક આશાઓમાં અને ભૌતિક વૈભવોમાં વૃદ્ધિ કરવાનું નથી, પરંતુ દિને દિને ઇશ્વરની વધારે સમીપ જવાનું એનું પરમ કર્તવ્ય છે."

વળી અન્ય સ્થાને તેઓ કહે છે:–

"આપણા અંતરમાં વાસ કરતા ઇશ્વરની ઝાંખી કરવા સારુ આપણે મનુષ્ય તરીકે જન્મ્યા છીએ એ ખરેખર માનવીનો અધિકાર છે અને એ તેને પશુથી જુદો પાડે છે. પરંતુ ઇશ્વરની ઝાંખી કરવી એટલે સર્વ જીવોમાં તેનું દર્શન કરવું, એટલે કે સમગ્ર સૃષ્ટિ સાથે એકતા અનુભવવી."

આ રીતે, ગાંધીજીનું અંતિમ ધ્યેય મનુષ્યજાતિને ઉચ્ચતર, નૈતિક અને આધ્યાત્મિક, ભૂમિકાએ લઇ જવાનું છે. તેમને મન, જીવન એ સત્યની પ્રગતિશીલ અનુભૂતિ છે, અને સત્ય એ ઇશ્વર છે, જેમ ઇશ્વર એ સત્ય છે. તેઓ કહે છે:—

"જીવન એ મહેચ્છા છે. એની દીક્ષા સંપૂર્ણતા માટે પ્રયત્ન કરવાની છે; સંપૂર્ણતા એટલે આત્મદર્શન. આપણી નબળાઇઓ અને અપૂર્ણતાને કારણે આ આદર્શને નીચે પાડવો ન જોઇએ. આ બંને અવગુણો મારામાં છે એનું મને દુઃખદ ભાન છે. મારી નબળાઈઓ અને અપૂર્ણતાને દૂર કરવામાં સહાયરૂપ થવા હું સત્યને દરરોજ મૂંગી રીતે પોકારું છું."

વળી થોડા આગળ જતાં તેમના મુખમાંથી ઉદ્ગારો સરી પડે છે:—"મારી પ્રત્યેક નિષ્ફળતા મને સિદ્ધિની વધારે સમીપ લઇ જાય છે."

ગાંધીજીના જીવન પરથી આપણે શ્રદ્ધા અને આશા મેળવી શકીએ. તેઓ આપણને જેવા આપણે બની શકીએ એ સ્વરૂપે સંપૂર્ણતઃ નિહાળે છે, અને તે શ્રદ્ધેય આર્ષદૃષ્ટિ દ્વારા તેઓ આપણામાં શક્તિનો સંચાર કરે છે અને વારંવાર પ્રયત્ન કરવા માટે આપણને પ્રેરે છે.

ગાંધીજીના જીવન અને ઉપદેશોની પાછળ આજ આત્મબળ રહેલું છે. માનવજાતિના અંતિમ ઉત્કર્ષમાં રહેલી એમની શ્રદ્ધામાંથી એ બળનો જન્મ થયો

છે; અને એ શ્રદ્ધા એમનો ધર્મ છે, એ ધર્મ હિંદુધર્મ કે કોઇપણ અન્ય 'વાદ' કરતાં ઉચ્ચતર છે.

તેઓ કહે છે:—

"હું ધર્મનો અર્થ શો કરું છું તે સમજાવું. એ ધર્મ કંઇ હિંદુધર્મ નથી……પણ એ હિંદુધર્મથી ઉચ્ચતર છે, માનવીના મૂળ સ્વભાવમાં પરિવર્તન આણે છે, અંતર્ગત સત્યની સાથે આપણને અતૂટ બંધને બાધે છે, આપણને સર્વદા નિર્મળ કરે છે. માનવસ્વભાવનું એ સનાતન તત્ત્વ છે, એ સંપૂર્ણ આવિર્ભાવ કરવા સારુ સર્વસ્વને હોમી દેવા સદા તત્પર રહે છે, અને જ્યાં સુધી તે પોતાના આત્માને ઓળખે નહિ, પોતાના સર્જનહારને જાણે નહિ, અને પોતાના આત્મા અને સર્જનહાર વચ્ચેના ખરા સંબંધની ખૂજ કરી શકે નહિ, ત્યાં સુધી પોતાના આત્માને સંપૂર્ણતઃ વ્યથિત કરે છે."

ધર્મનો કેવો સુન્દર અને પ્રવર્તનશીલ અર્થ છે! 'જે આપણને અંતર્ગત સત્યની સાથે અતૂટ બંધને બાંધે છે;' 'જે આપણને સર્વદા નિર્મળ કરે છે;' અને જ્યાંસુધી દિવ્ય આત્મા કે ઇશ્વર સાથે પુનર્યોગથી ઉદ્ભવતી શાંતિ ન મળે 'ત્યાંસુધી આત્માને સંપૂર્ણતઃ વ્યથિત કરે છે!'

એમના ધર્મના બોધમાં અને બાહ્ય નિયમોના પાલનમાં તેમજ ધાર્મિક વિધિઓ અને ક્રિયાઓના અનુષ્ઠાનમાં પરિણત પામતી આબદ્ધ અને સંકુચિત ધાર્મિક દૃષ્ટિમાં કેટલી ભિન્નતા છે! અહંકારી અને નિષેધક અસહિષ્ણુતાના તેમજ સ્વાર્થી અને નિર્દય બંધુત્વરહિતતાના દુર્ગોમાં પૂરાયેલા ધર્મચૂસ્તો ધ્રૂજી ઊઠે, અતિશય ગુસ્સે થાય એમાં આશ્ચર્ય શું?…પણ શાસ્ત્રોનું શું? એવો પ્રશ્ન તમને ઊઠે. ગાંધીજી શાસ્ત્રો પ્રત્યે કયી દૃષ્ટિએ નિહાળે છે? તેઓ પોતાને તો હિંદુ કહેવડાવે છે અને શું શાસ્ત્રોનો અસ્વીકાર કરે છે?

ગાંધીજી તત્ત્વતઃ સ્વતંત્ર વિચારક છે. તેઓ આત્માના માર્ગનું અનુસરણ કરે છે, તેથી તેઓ ધાર્મિક પરંપરા અને પક્ષપાતના બંધનને ન જ સ્વીકારે.

તેઓ કહે છે:—

"ભલેને કોઇપણ ઉપદેશ વિદ્વત્તાપૂર્ણ કેમ ન હોય, છતાં તેમાં જો બુદ્ધિને અને નૈતિક વિવેકને અવકાશ ન હોય તો તેનું બંધન મને ત્યાજ્ય છે."

વળી, અસ્પૃશ્યતાને વખોડી કાઢી, આ નિયમને તેઓ નિર્ભયપણે અમલમાં મૂકે છે અને ધર્મચૂસ્તો સામે પડકાર કરે છે.

"અસ્પૃશ્યતાને હું માનવતા વિરુદ્ધ પાપ ગણું છું……એને જારી રાખનાર પક્ષ સામે મારે દલીલ કરવાની ન હોય, અને આવી પાપમય સંસ્થાને ઉત્તેજન આપનારા શંકાસ્પદ લક્ષણવાળા શાસ્ત્રીય પ્રમાણને નકારવા હું લગારે અચકાતો નથી."

વળી:—

"સંસ્કૃતમાં જે કંઇ લખાયું હોય અને શાસ્ત્રમાં છપાયેલું હોય, તેનું આપણે પાલન કર્યા વિના છૂટકો નથી એવા મતને સ્વીકારી આપણે આપણી જાતને છેતરીએ નહિ. જે કંઇ નીતિના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ હોય, જે કંઇ કેળવાયેલી બુદ્ધિની વિરુદ્ધ હોય, તે ભલે કેટલુંયે પ્રાચીન હોય તોયે તેને શાસ્ત્ર તરીકે ન જ ગણી શકાય."

આમ, ગાંધીજીનો ધર્મ બંધુત્વનો ધર્મ છે, અને એ બંધુત્વ અધમમાં અધમ અને ગરીબમાં ગરીબ જીવ પર્યંત પ્રસરેલું છે, એમાં મૂગાં પ્રાણી અને અતિસૂક્ષ્મ જંતુઓનો પણ સમાવેશ થાય છે. વિશ્વની એકતાના એમના દર્શનનો એ ફલિત સિદ્ધાંત છે. ઇશ્વર ખરેખર સર્વવ્યાપી છે, અને જો એમ જ હોય તો આપણે સર્વ જીવોની સેવા કરીએ, સઘળા માણસોને આપણા ભાઈઓ અને બધી સ્ત્રીઓને આપણી બહેનો માનીએ તો તે પ્રભુની સેવા સમાન છે.

ગાંધીજીને હંમેશાં થતું કે એ પ્રેમ તો અંત પર્યંત મનુષ્યજાતિની નિઃસ્વાર્થપણે સેવા કરીનેજ દર્શાવી શકાય:

"હું તો મારી જાતને હિંદનો અને માનવતાનો નમ્ર સેવક માનું છું, અને આવી સેવા બજાવતાં મરવાનું મને ગમે."

આજે આપણે સૌ કોઇ જાણીએ છીએ કે તેમની એ મહેચ્છા પૂર્ણ થઇ છે અને તેઓ સ્વ–પ્રસ્થાપિત સેવાની ઉદાત્ત ફરજ બજાવતાં અવસાન પામ્યા.

માનવતાને તેઓ એક, અખંડ અને અવિભાજ્ય કુટુંબ ગણતા હતા, અને એમના જ શબ્દોમાં કહીએ તો તેઓ 'સગાં અને પરાયાંમાં, દેશી અને

પરદેશીમાં, ગોરી અને કાળી ચામડીવાળામાં, હિંદુ, અને મુસલમાન, પારસી, ખ્રિસ્તી કે યહૂદીમાં લગારે ભેદભાવ ' માનતા ન હતા.

સમગ્ર માનવજાતિ પ્રત્યેના આ સર્વ-સન્માન્ય પ્રેમે તેમને ગરીબ અને કચડાયેલા માનવોનો પ્રશ્ન હાથ ધરવા પ્રેર્યા, અરે, જેઓ દુઃખી અને કચડાયેલા છે તેમની સાથે એકરૂપ બની જવા પ્રેર્યા, અને એમને એ જ વાત કહી છે :

"મારે જો પાછો જન્મ લેવો પડે તો, અસ્પૃશ્ય તરીકે મારો જન્મ થાય એમ હું ઇચ્છું, જેથી હું તેમનાં દુઃખો, યાતનાઓ, અને અપમાનોનો સમભાગી થઇ શકું અને મારી જાતને અને તેમને એ દુઃખદ અવદશામાંથી મુકત કરવા મથું."

રાજકારણમાં એમને કરેલા અહિંસાના પ્રયોગનો વિચાર કરવો અહિં અસ્થાને છે, પરંતુ જો આપણે માનતા હોઇએ કે માનવીની ખરી પ્રગતિ આત્માના ઉત્કર્ષમાં રહેલી છે, તો પ્રત્યેક વ્યક્તિને માટે અહિંસાના પ્રયોગનો અહીં ઉલ્લેખ કરવો ઉચિત છે.

ગાંધીજી કહે છે :—

"આપણા દૈનિક જીવનના વ્યવહારમાં સત્ય, નમ્રતા, સમભાવ, કરુણા કેળવવી એ અહિંસાનું સૌથી પ્રથમ પગલું છે.'

વળી તેઓ આપણને ચેતવણી આપે છે:

"જ્યાં સુધી આપણે પૂરેપૂરા જાગ્રત, સર્વદા સાવધ, સતત પ્રયત્નશીલ ન રહીએ તો આપણે આમ ન જ કરી શકીએ."

ગાંધીજી સ્વાર્થ, સ્પર્ધા અને નિર્દયતાને પરસ્પરની ક્ષમા અને બંધુત્વભાવપૂર્ણ સહકારમાં પરિણમવા મથ્યા. એ પ્રમાણે વર્તીને ગાંધીજીએ પોતાને સાચા સુધારક તરીકે સ્થાપિત કર્યા, તેમજ નાના મોટા સાધુઓ અને સંતોની, પયગંબરો અને ભકતોની—જેઓ માનવજાતિના ઉત્કર્ષ માટે જીવ્યા અને મથ્યા તેમની—લાંબી હારમાળામાં તેમણે સ્થાન પ્રાપ્ત કર્યું. ગાંધીજીનું સેવાપરાયણ જીવન 'ઊંડા અંધારામાં' સ્વયંપ્રકાશ ફેલાવે છે, અને આજે આપણે સામાન્ય માનવીની પેઠે એકબીજા વચ્ચે તેમજ આપણી વચ્ચે હિંસા પર નિર્ભર એવી વૃદ્ધિ પામતી શ્રદ્ધાના મહન ભયોથી વિસંવાદિતા ચાલુ રાખવી કે પછી વાસના અને અહંકારને વિશુદ્ધ કરવા પ્રયત્ન કરીને માનવો વચ્ચે વધુ મિત્રભાવપૂર્ણ સંબંધો સ્થાપી અને છેવટે પ્રભુપ્રેરિત વિદ્વત્તા-તેમજ 'કરુણામય અને સફળદાયી, વિવાદ કે પક્ષપાત રહિત અને દંભ વિનાનો આત્મ-સંસ્કાર પ્રાપ્ત કરવો—આ બે માર્ગોમાંથી ગંભીરતાથી પસંદગી કરવાની છે એ વિશે કોણ શંકા લાવી શકે એમ છે?

ગાંધીજીએ આત્માના માર્ગે આપણને જે દોરવણી આપી છે તે એમનો સર્વોચ્ચ ફાળો છે, જેઓ કલહ અને ઇર્ષા, હિંસા અને વિસંવાદિતાથી સંતોષ માને છે, જેઓ, જેમ્સ કહે છે એ મુજબ, ભૌતિક, વાસનામય અને પાશવી વિદ્વત્તામાં આનંદ પામે છે, તેમને ગાંધીજીનો ઉપદેશ પ્રેરણા ન આપી શકે. ગાંધીજી 'આ લોકમાં જ આબધ્ધ' નથી, પરંતુ જ્યાં ન્યાય, કરૂણા અને પ્રેમની સત્તા સર્વોપરી હોય, જ્યાંથી સ્વાર્થ, બેપરવાઇ અને પાશવતા અદ્રશ્ય થાય એવા વિશ્વમાં આ જગત પરિણમે એવી તેઓ આકાંક્ષા સેવે છે. તેઓ તો સ્વર્ગના રાજ્યની ભાવના સેવે છે:-

"હું આ દુનિયાના નાશવંત રાજ્યની ઇચ્છા ન કરું. અધ્યાત્મિક મુક્તિ સમ સ્વર્ગના રાજ્યને માટે હું મથું છું. મારે સારું મુકિતનો માર્ગ મારા દેશ અને માનવતાની સેવાર્થે સતત પ્રયત્નમાં રહેલો છે. હું તો મારી જાતને સર્વ જીવો એકરૂપ કરવા ઇચ્છું છું ગીતાની ભાષામાં કહું તો હું મિત્ર અને અમિત્રની સાથે શાંતિથી રહેવા ઇચ્છું છું. તેથી મારો સ્વદેશપ્રેમ મારે સારુ સનાતન મુકિત અને શાંતિની ભૂમિ તરફ લઇ જતા મારા પ્રવાસની ભૂમિકા છે."

શાશ્વત મુકિત અને શાંતિની ભૂમિ તરફ આપણે પણ પ્રયાણ કરી રહ્યા છીએ, પણ આપણામાંથી ઘણા ઓછાને એની જાણ છે. ગાંધીજી આજે સદેહે નથી, પરંતુ એમનો આત્મા હજી આપણને પ્રેરી રહ્યો છે, અને જે માર્ગે થઇને એમણે પ્રયાણ કર્યું છે તે માર્ગે આગળ વધવા આપણને બોલાવી રહ્યો છે. જેઓ ગાંધીજીને ચાહે છે અને જેઓ તેમને સત્યશીલ રહેવા ઇચ્છે છે, તેમનાં હૃદયમાં, જે શકિત ગાંધીજીના જીવનમાં પ્રદિપ્ત હતી, તે શક્તિ જીવન્ત કેન્દ્ર બનો*

---

* 'પી. ઇ. એન,' ના સૌજન્યથી, અનુવાદક:-શ્રી. સુકુલ કલાર્થી.



બાળકોના સહવાસમાં બાપુ જે આનંદ મેળવી શકતા હતા તેવો ભાગ્યે જ બીજા કોઇના સહવાસમાં મેળવતા. યરવડા જેલમાં હતા ત્યારે પણ દર અઠવાડિએ એકવાર આશ્રમનાં તેમનાં 'વહાલાં પંખીડાં'ને તેઓ અચૂક કાગળ લખતા. ત્યાં બેઠા બેઠા પણ ઝીણી ઝીણી વસ્તુઓ પર પત્રો દ્વારા ધ્યાન ખેંચે. બીજા બાળકોને પણ એમાંથી બોધપાઠ મળશે એમ ધારી દર અંકમાં આ અપ્રગટ પત્રો ક્રમશઃ પ્રસિદ્ધ કરશું.

બાલકમંડળને બાપુના આ,

બહેન ભાઈને રાખડી બાંધીને તેનું ભલું ઇચ્છે છે. ને પ્રસંગ આવ્યે તેનાથી થાય તે સેવા કરવાનું સૂચવે છે. એકવાર જેને રાખડી બાંધી તે હમેશને સારૂ ભાઈ તો થયો જ. ભાઈ બહેનને સારૂ મરીને પણ તેની સેવા કરવા સારૂ બંધાય છે.

ય. મ. ૧૮-૪-૩૨

બધાંને સગાં ભાઈ બહેન જેવાં ન માનીએ ત્યાં લગી બધું કાચું સમજવું. સગાંને બીજાં વચ્ચે ભેદ કાં પડે? જેને સગાં ન હોય તેનું શું? વળી સગાં મરી જાય ત્યારે શું? જે બધાંને સગાં માને તેનાં સગાં તો મરતાં જ નથી, કેમકે તે અસંખ્ય છે. એજ સગપણ સાચું, બાકી ખોટું ને ક્ષણિક છે.

ય. મ. ૧૮-૪-૩૨

આશ્રમની એક બાળાએ પૂછયું: "બાપુ, શૂન્યવત થઇને રહેવું એટલે?" બાપુએ લખ્યું: "શૂન્યવત થઇને રહેવું એટલે સારું લેવામાં સૌથી છેલ્લા રહેવું. સહુની સેવા કરવી, ઉપકારની આશા ન રાખવી, કષ્ટ સહન કરવામાં પહેલ કરવી. આમ શૂન્યવત રહે તે પોતાના કર્તવ્યમાં નિમગ્ન રહે જ."

ય. મ. ૩-૭-૩૨

બાપુના આશીર્વાદ





એને અજવાળે

સુશીલા મણીલાલ ગાંધી

હસાવતું કોમળ મુક્ત હાસ્ય
આનંદ વર્ષા ઝડીઓ ઝરી રહે.
આંખે ભર્યો પ્રેમ તણો પ્રકાશ
ચમકાવતો માનવ મેદની વહે
અને અંતરેથી તપ વારી કેરા
અનેક ધારે ઊડતા ફુવારા.

એ પ્રેમળ મુક્ત હાસ્ય આપણી સમક્ષથી સદાને માટે લુપ્ત થયું. અને પંચ મહાભુતોમાં વિલીન થયું. મહાત્મા ગાંધીને જગતે ઘણી અંજલીઓ આપી. એમના જીવન કરતાં એમના બલિદાને એમને મહાન બનાવ્યા. એમની મહત્તા વધી. લોકોએ એમની મહત્તા જોઇજાણી હતી. એમનું જીવન ઉઘાડી કિતાબ હતું. જો કે ઘણા તેમના વિચારો, તેમના કાર્યો, લખાણો, સમજી નહોતા શકતા. છતાં સર્વેને મન તેઓ એક મહાન અદ્‌ભૂત વ્યક્તિ–મહાત્મા ગાંધી હતા.

બાપુને જેમ જગત મહાન યુગ પુરુષ માને છે તેમ અમે પણ માનીએ છીએ. બાપુ જ્યારે ટોળાંઓથી ઘેરાએલા હોય અથવા કામ કરતા હોય ત્યારે અમને એમ લાગતું કે બાપુ અમારાથી ઘણા દૂર છે—બાપુ મહાત્મા છે—તેઓ એવી ટોચ ઉપર છે કે જ્યાં જવું અમારે માટે અશક્ય છે. ત્યારે શ્રદ્ધાથી તેમના ચરણોમાં અમે બેસતાં, અને જ્ઞાન શ્રવણ કરતાં. પણ જ્યારે બાપુ સુવા જતા અથવા જમતા એકલા હોય ત્યારે અમે પાસે બેસતાં. પગ દાબતા, ત્યારે અમને લાગતું કે અમે અમારા બાપુ પાસે છીએ. ત્યારે અનેક મીઠી મશ્કરીઓ જેમ બાળક મા પાસે કરે તેવી કરતાં. અનેક લાડ કરતાં. આવે સમયે જ બાપુ પાસે રહેનાર ને બાપુનો મીઠો પ્રેમ મળતો.

ગાંધીજીના બે રૂપ હતા. એક મહાત્મા ગાંધીનું વિશાળ રૂપ અને બીજું અમારા વ્હાલસોયા બાપુનું સુક્ષ્મ રૂપ. મહાત્મા ગાંધીને ઘણાએ જાણ્યા છે. પણ બાપુને જાણવાનો લ્હાવો ઘણા થોડાને મળ્યો છે.

બાપુ અમારા બાળકોના પ્રેમાળ દાદા હતા. અંધકારમાં ઘેરાએલા માર્ગના તે માર્ગદર્શક દીપક હતા. અને અમારા કુટુંબના—અને કુટુંબ એટલે ફક્ત અમે જ નહીં પણ તેમનો વિશાળ પરિવાર–કે જેઓએ તેમને બાપુ માન્યા હતા તેમના–પૂજનીય વડીલ હતા.

બાપુ હમેશાં ઘણા કામમાં રહેતા. અમને વાતો કરવાનો ભાગ્યે જ વખત મળતો. ઘણીવાર અમને એવી ભ્રમણા થતી કે અમારા બાપુને જનતાએ અમારી પાસેથી ખૂંચવી લીધા છે. પણ તેમનો અમારા પ્રત્યેનો અતૂલ પ્રેમ—અમારે માટેની તેમની ચિંતા અમારી ભ્રમણા ભાંગતી. અસંખ્ય કામમાં પણ અમે ક્યાં જઈ રહ્યાં છીએ, શું કરીએ છીએ, અમારાં બાળકો કેમ ઊછરે છે, તેમના ખાવાપીવા–શરીર આરોગ્ય અને ભણતર વિગેરેની સતત કાળજી રાખતા. અને જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે ત્યારે અમને સલાહ, ઠપકો કે હિમ્મત આપતા. અમારા ખબરો જાણવા તેઓ હમેશાં આતુર રહેતા. નોઆખલીની યાત્રા

વખતે ઘણે લાંબે ગાળે મેં પત્ર લખ્યો. અને તેમાં ઘણે વખતે પત્ર લખ્યાનું કારણ જણાવ્યું કે "આપ ઘણા કામમાં રહો છો. પત્ર લખી તસ્દી આપવાની ઇચ્છા ન થઇ." તેના જવાબમાં બાપુએ લખ્યું કે "મારા ઉપર દયા ખાઇને કાગળ લખવામાં સંકોચ ન રાખવો. કોઇ બાપને મેં જાણ્યો નથી જે પોતાના દીકરા દીકરીના કાગળોથી કંટાળે. તમારા કાગળોથી અને તમને મળીને સ્વાભાવિક જ મને આનંદ થાય." આમાં તેમનો કેટલો પ્રેમ નીતરે છે? આજે એવા અસંખ્ય મીઠા પ્રસંગો આંખ આગળ તરે છે અને આંખ ભીની થાય છે.

સૌથી પહેલું મીઠું સ્મરણ મેં નવા સંબંધી તરીકે આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારનું આજે આંખ આગળ ખડું થાય છે. બાપુ સાથે સંકળાયલા મારા છેલ્લા એકવીસ વર્ષના જીવન સ્મરણો આંખ સામેથી ચિત્રપટની જેમ સરી જાય છે. અનેક કામમાં હોવા છતાં મેં જ્યારે નવવધુ તરીકે આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાંની બાફેલી રસોઈ મારે ગળે નથી ઊતરતી એ બાપુએ જોયું. મને નજીક બોલાવી પ્રેમભરી વાણીમાં જણાવ્યું: "સુશીલા, હું તારો સસરો નથી. બાપુ જ છું. તારે મને વગર સંકોચે તારી જરૂરીઆતો જણાવવી જોઇએ." મારા પતીને બોલાવી મીઠો ઠપકો આપતા કહ્યું, "મેં તને પરણાવ્યો. હવે તારે સુશીલાને સંભાળવી જોઇએ. પારકી દીકરી લાવ્યા છીએ. તે કોચવાય નહીં એ જોવાનું તારે રહ્યું." હું ક્ષણભર વિચારમાં પડી. બાપુને આ પ્રસ્તાવના કરવાની શી જરૂર પડી? ત્યાં બાપુએ મને કહ્યું, "હું જોઇ રહ્યો છું કે તું અહીં બરાબર ખાઇ નથી શકતી. તને આવું ખાવાની ટેવ નહીં હોય." પછી હાસ્ય સાથે વિનોદ કરતા કહ્યું, "તું તો મોટા ઘરની દીકરી. રોજ પંચ પકવાન ખાતી હશે. પણ મેં તો તને પહેલા જ જણાવ્યું છે ના કે હું ફકીર છું?" અને ગંભીર થતા ઉમેર્યું. "તને આ ન ફાવે એ હું સમજી શકું છું. અહીં જે ખાનગી રસોડાં છે તેમ તારી ગોઠવણ હું કરી દઇશ." મેં સંકોચ સાથે જણાવ્યું "બાપુ હું અહીં જ જમીશ. ધીમે ધીમે ભાવતું થશે." બાપુના ચહેરા ઉપર આનંદ ઝળહળી ઊઠ્યો. તેમણે સંતોષ સાથે કહ્યું "મને એ બહુ ગમ્યું." એમનો એ આનંદ, એ હાસ્ય, અમને ઘણા કામો કરવા પ્રેરતાં. અને એ બાફેલી રસોઇ મને મિષ્ટાન્નથી યે વધારે મીઠી લાગવા માંડી.

અમારાં બાળકોને પ્રેમથી પડખામાં બેસાડતાં. હાસ્ય વિનોદ કરતા, શીખામણો આપતા—ભલેને બે મિનિટ જ પણ અમને એ મિનિટો ધન્ય લાગતી. અમે હિન્દુસ્તાનમાં હતાં ત્યારે અમારા બે મોટાં બાળકો—સીતા અને અરૂણની—અભ્યાસની જાતે પરીક્ષા લીધી. અને શું શું સારું છે, શું શું સુધારવાની જરૂર છે એની નાની મોટી સૂચનાઓ આપી. અમારી સૌથી નાની દીકરી હમેશાં બાપુ પાસે દોડી જતી અને વિનોદ કરી આવતી. એક વાર બાપુ લખી રહ્યા હતા. ઇલાએ જઇ બાપુને પૂછ્યું, "બાપુજી, તમે નાના હતા ત્યારે પણ બધા તમને બાપુ કહેતા? બાપુ હસ્યા, અને રમુજથી કહ્યું. "ના, ત્યારે તો કોઇ મોહન કહે તો કોઇ મોહનિયો કહે." ઇલાને ખૂબ મજા પડી તેને તો "મોહનિયો, મોહનિયો" કહી નાચવા માંડયું. તેનો વિનોદ જોઇ બાપુનું હાસ્ય પણ ખીલી ઊઠયું.

આશ્રમમાં અમારાં એક બાળકને તાવ આવ્યો. બાપુને ખબર પડતાં જ મને બોલાવી. ઝીણી ઝીણી ખાવાપીવાની અનેક સૂચનાઓ આપી. તાવ સાવ સાધારણ હતો. છતાં બાપુની ચિંતા મેં જોઇ. તાવે તો બીજે જ દિવસે અરૂણને છોડયો. પણ બાપુના પંજામાંથી તે પાંચ છ દિવસ ન છૂટયો. તે પાંચ છ દિવસ ઉપવાસ કે અર્ધ ઉપવાસ ઉપર તેને રાખ્યો હતો. મહા મહેનતે કજીયા કરી છઠ્ઠે દિવસે બાપુના ખાખરામાંથી એક ખાખરો ખાવાની રજા તેને મેળવી. મેં વિનોદમાં બાપુને કહ્યું, "બાપુ હું જો માંદી પડું તો તમને તો જણાવું જ નહીં." બાપુએ ફકત હસતાં હસતાં ડોક હલાવી. જાણે કહેતા ન હોય, "જોઇ લઇશ."

બાપુ આજે આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે. આપણે ફરી કદી તેમને જોવા નથી પામવાના. તેમનો

પ્રેમાળ હાથ આશીર્વાદ આપતો કદી આપણા વાંસાને થપકારવાનો નથી છતાં બાપુ આપણાં હૃદયમાં સદા અમર જ રહેશે.

બાપુ પાસે રહેનારને હંમેશાં તલવારની ધારે ચાલવું પડતું. તેઓની ભૂલોનું પ્રાયશ્ચિત બાપુ પોતેજ કરતા. આવા અનેક પ્રસંગોએ સાથીઓને આંસુ પણ સારવા પડતા. સદ્‌ગત મહાદેવભાઇ જેવાને પણ આંસુ સારવા પડયા હતા. સાથીની ભૂલથી બાપુને ઘણું દુઃખ થતું. તેઓ કદી ગુસ્સે ન થતા. પણ તેમના દુઃખભર્યાં વેણ હૃદયમાં સોંસરવા ઊતરી જતાં અને માણસને હંમેશ જાગૃત રાખતા. પોતાની પાસે રહેનારની ઉપર તેઓ ખૂબ કડક રહેતા. એજ ન્યાય તેમને હિન્દુ–મુસ્લીમ ઐક્ય માટે લીધો. અને તે એમનો પ્રાણ હરનાર થઇ પડયો. મારનારે ધર્મની રક્ષા જરૂર કરી પણ તે હિન્દુ ધર્મની નહીં પણ કંસના ધર્મની.

શ્રીકૃષ્ણને બાળપણથી અનેક કાવતરાં કરી મારવાનો પ્રયત્ન થયો હતો. પણ અંતકાળે પારધીના બાણથી તેમનો દીપક બુઝાયો.

બાપુ માટે પણ તેમજ બન્યું. આ દેશમાં સેવા સ્વીકારી ત્યારથી તેમના ઉપર પ્રાણ હરનારા અનેક હુમલાઓ આ દેશમાં અને હિન્દમાં થયા. પણ આ બલિદાને તેમને કૃષ્ણ અને ઈશુની પંક્તિમાં બેસાડી તેમની અમરતા ઉપર મહોર મારી અને બાપુ અમર થયા. બાપુને અનેક રૂપે જનતાએ નિહાળ્યા એમ એક કવિ કહે છે.

"પિતા છો દિવ્ય ક્રાંતીના વિરાટ નવયુગના,
ને છો માતા, અહિંસાની ગોદે જગ લપેટતા.
બંધુ છો સૌ ગુલામોના, દેવ છો દુઃખીયા તણા,
આશા છો વિશ્વ આખાની, છો સર્વસ્વ જ હિંદના."

અમારા પણ સર્વસ્વ જ હતા. તે જતાં આજે અમે અનાથ થયાં છીએ.

એમના અનેક મીઠાં સ્મરણો અમારે માટે અને અમારાં બાળકો માટે એક અમૂલ્ય ખજાનો છે, તે સદા અમને બળ અને પ્રોત્સાહન આપતો રહેશે. અને અમારી શ્રદ્ધાને અચળ રાખશે. આવા યુગ પુરુષના યુગમાં જન્મવા માટે અને તેમની થોડી સેવા કરવા માટે અમે ખરે જ ભાગ્યશાળી છીએ. પણ ખરા ભાગ્યશાળી ત્યારે જ થશું જ્યારે તેમને બતાવેલે માર્ગે ડગ ભરતાં ભરતાં તેમના આશીર્વાદને લાયક થઇશું.

*

"જો તારું દિલ સાબૂત હોય તો પ્રાણીમાત્ર તારે માટે જીવનની આરસી અને ધર્મની ચોપડી બની રહે. એક પણ પ્રાણી એવડું નાનું કે એટલું ક્ષુદ્ર નથી, કે તેમાં ભગવાનની ભલાઇનાં દર્શન ન થાય. શુદ્ધ હૃદય તો સ્વર્ગ અને નરક બન્નેનો પાર પામી શકે છે."

હે-રામ



બાપુના પત્રો

ચિ. [illegible]

તમારો પત્ર મળ્યો છે.
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]
[illegible] મોકલી [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
ગઈ કાલે હું રાતે [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
ગઈ હતી. [illegible] [illegible]
કરી.

[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]

બાપુના
રવિવાર આશીર્વાદ

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]



ને તે પ્રયત્નમાં ગોમતી
ભળીને પોતાનું શરીર ઘડે,
આ અશક્ય નથી.
બાપુ
મૌનવાર

બજાજવાડી, વર્ધા
૧૪-૬-૪૯

ચિ. ધીરેન,

તમે મને બાપુના હાથનો કોઈ કાગળ તમને મોકલવા લખેલું. આ સાથે એક કાગળ તથા તેમાં ઉલ્લેખ કરેલો તાર છે. કાગળ પર તારીખ નથી, પણ બાજુ પર મને મળ્યાની તારીખ મેં નોંધેલી છે, તે પરથી એ ૨૫-૧૧-૨૮નો હશે એમ કહી શકાય. તાર ૨૬મી નો છે.

એ મારે મુંબઈની (વિલેપાર્લેની) રાષ્ટ્રીયશાળામાં કામ કરવા જોડાવાની બાબતમાં મેં પૂછેલી સલાહના જવાબમાં છે. એમાં નરહરિભાઈ અને કાકાસાહેબના મતોનો ઉલ્લેખ છે. પણ એ વિષે મને આજે કશું યાદ નથી.

કિશોરલાલના આશીર્વાદ.

ચિ. કિશોરલાલ,

તમારો પત્ર મળ્યો છે. તમને તાર આજે દેવા મોકલ્યો પણ ન લીધો હવે તો મોકલવાપણું નથી રહેતું. તમારા હાથમાં આ કાલે જ આવશે. ગઈ કાલે હું રાત્રે પહોંચ્યો. એકસપ્રેસ તો વહેલી નીકળી ગઇ હતી. અમારી ગાડી મોડી થઇ.

તમારે વિલેપારલા જવું ને શાળાને મદદ કરવી. આપણે હમેશાં બધી પ્રવૃત્તિ છેક નિઃસ્વાર્થી નથી શોધી શકતા. જે મળી છે તેમાં પુષ્કળ પરમાર્થ છે. નરહરિના વિચાર હું જાણું છું. પણ એમ આ વસ્તુને આપણે તૂટવા ન દેવી જોઈએ તમે તેમાં પડીને જે કરવું ઘટે તે કરો ને તેને જીવતી રાખી શકો તો સારૂં છે. શિક્ષકો પણ સારા છે. હમણા વધારે લખવા જેટલો સમય નથી રહ્યો.

તમારી તબીયત સારી રાખજો.

રવીવાર. બાપુના આશીર્વાદ.

આ કાગળ કાલે સુબૈયા કે પ્યારેલાલની ગફલતથી ટપાલમાં ન ગયો. એટલે આજે તાર કર્યો છે. નરહરિના વિચારમાં ને કાકાના વિચારમાં કંઈક ભેદ છે. તમે શાળામાં પડયા પછી બંધ કરવી કે ઉઘાડી રાખવી તમારે હાથ રહેશે. તમે માનશો કે તે નભવી જોઈએ ત્યાં લગી તેનું દ્રવ્ય કયાંકથી યે મળી રહેશે. તેથી તમે સ્વાર્થથી શાળામાં પડયા કે પરમાર્થથી એ વિચારના વમળમાં ન પડતાં, તેમાં પડ્યા છો એમ સમજી હવે તેને કયું રૂપ આપવું, તેને કેમ નિભાવવી એ જ વિચાર કરજો ને કાકાને તથા મને દ્રવ્ય બાબત દોરજો. આ શાળાને નિમિત્તે તથા કુટુંબને નિમિત્તે તમારૂં શરીર તમે ઘડી શકો તો કેવું સારૂં ? ને તે પ્રયત્નમાં ગોમતી ભળીને પોતાનું શરીર ઘડે. આ અશકય નથી.

બાપુ.

મૌનવાર.



[બહેનોની ઉન્નતિમાં બાપુએ પ્રથમથી જ રસ લઈ તેઓને દોરવણી આપેલી. સમાજમાં માનભર્યું સ્થાન અપાવ્યું. ઘરની દીવાલોમાં ગોંધાઇ રહેલી તે પ્રચંડ સ્ત્રી–શકિતને દેશસેવાનાં પ્રત્યેક કાર્યમાં હિસ્સો અપાવી તેમનાં પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં. બહેનોમાં એક અનેરૂં ચેતન આવ્યું અને તેથી સર્વ પ્રકારની સ્ત્રીઓ સંકટ અને મૂંઝવણને પ્રસંગે બાપુજી પાસે દોડી જતી. બહેનોનાં જીવનનો એકેય પ્રશ્ન એવો નહોતો જે તેમની ઈચ્છા હોય તો તેઓ બાપુની સાથે પૂરેપૂરી છૂટથી ને કશા પણ અંતરપટ વિના ચર્ચી ન શકી હોય. આશ્રમની બહેનો ઉપર બાપુએ લખેલા આવા અપ્રસિધ્ધ અને અમૂલ્ય પત્રો દરેક બહેનને માર્ગદર્શક થઈ પડશે.]

ચિ........

તારો કાગળ મળ્યો છે. ગજા ઉપરવટ થઈને મહેનત ન કર તો સારૂં બાકી તમને સૌને ઇશ્વર સંભાળનાર છે. સ્ત્રીઓની પ્રાર્થનાનો પહેલો શ્લોક યાદ કરજે. એ શ્લોક બધાંને લાગુ પડે છે. હજાર વર્ષ પહેલાં એ પ્રાર્થના થઇ એમ ન માનવું. આપણે બધાં દ્રૌપદી સમાન નિરાધાર છીએ. ઇશ્વરની પાસે નરનારી નથી. નર શરીરમાં અને નારી શરીરમાં રહેલ આત્મા એક જ છે. આપણે મોહમાં પડી શરીરની આકૃતિ નોખી જોઈ વિમાસણમાં પડીએ છીએ ને વિકારવશ પણ થઈએ છીએ. જે અંદર રહેલ જીવને ઓળખી લઈએ તો બધા જીવ એક જ છે, એમ સમજી બધાની સેવામાં ઓતપ્રોત થઇ રહીએ. એટલે પછી આજુંબાજુના વિચારો આપણી ઉપર હુમલો કરી આપણને હેરાન ન કરે.

બાપુના આશીર્વાદ.

સ્ત્રીઓની પ્રાર્થનામાંથી

गोविन्द द्वारिकावासिन् कृष्ण गोपीजनप्रिय ।
कौरवैः परिभूतां मां किं न जानासि केशव ।।

હે દ્વારિકાવાસી ગોવિન્દ, હે ગોપીઓને પ્રિય કૃષ્ણ, કૌરવોથી–દુષ્ટ વાસનાઓથી–ઘેરાયેલી મને તું કેમ નથી જાણતો ?

हे नाथ ! हे रमानाथ ! व्रजनाथार्तिनाशन ।
कौरवार्णवमग्नां मामुद्धरस्व जनार्दन ।।

હે નાથ, રમાના નાથ, વ્રજનાથ, દુઃખનો નાશ કરનાર જનાર્દન ! કૌરવરૂપી સમુદ્રમાં ડૂબેલી જે હું તેનો તું ઉધ્ધાર કર.

कृष्ण कृष्ण महायोगिन् विश्वात्मन् विश्वभावन ।
प्रपन्नां पाहि गोविन्द कुरुमध्येऽवसीदतीम् ।।

વિશ્વાત્મા ! વિશ્વને ઉત્પન્ન કરનાર મહાયોગી કૃષ્ણ ! કૌરવોની વચમાં હતાશ થયેલી અને તારે શરણે આવેલી મને બચાવ.

લોકતન્ત્રનું લક્ષણ.

કર્તા : લિઓનાર્ડ વૂલ્ફ. : અનુવાદક : દેસાઇ વાલજી ગોવિન્દજી

: ૨ :

સુખ

'મારો સુખી થવાનો રાજદ્વારી રીતે અધિકાર છે, અને સુખી થવાની બીજા લોકોના જેટલી જ તક મને મળે તે જોવું એ રાજકર્તાનો ધર્મ છે,' આમ આજ સૌ લોકો માને છે તે લોકતન્ત્રને પ્રતાપે થયેલો રાજદ્વારી ને સામાજિક ફેરફારોમાં એક બહુ મહત્ત્વનો અને ખળભળાટજનક ફેરફાર છે.

સુખની લોકતન્ત્રની કલ્પના એટલી સાદી છે કે એનું મહત્ત્વ આપણા ધ્યાનમાં પૂરું ન આવે. અમેરિકન રાજપલટાના નેતાઓ પહેલા લોકતન્ત્રવાદી અને આધુનિક લોકતન્ત્રના શોધક હતા. એ લોકોએ ઘડેલી 'સ્વતન્ત્રતાની ઘોષણા' લોકતન્ત્રના શાસ્ત્રમાં મહાવાક્ય જેવી છે. આમાં એણે જગતને જણાવ્યું કે સુખની સાધના સર્વ માણસોનો અહરણીય હક છે, અને બધા માણસોને એ હક ભોગવવાની સગવડ કરી આપવી એ રાજવહિવટનો હેતુ છે. આ કલ્પના સાદી છતાં ભારે પરિવર્તનકારી છે. એનો અમલ થાય તો પ્રત્યેક દેશનો રાજવહિવટ આ સિદ્ધાંત પ્રમાણે ચાલે કે 'સામાન્ય માણસોનું એટલે બધી વસ્તિનું નિતનિતનું સુખ એ રાજકર્તાનું મુખ્ય લક્ષ્ય છે, અને વિશેષમાં એકેએક સ્ત્રીપુરુષને બનતા લગી એક જ જાતનું સુખ ભોગવવાની તક આપવી જોઈએ.'

આ સિધ્ધાંતને અમલમાં મૂકવાના પ્રયત્નને પરિણામે થયેલા મોટા ફેરફારોના એક બે દાખલા તમને આપું. છેલ્લાં પચાસ વર્ષમાં યૂરપના બધા દેશોમાં જેને 'સામાજિક સુધારો' કહે છે તે થયેલો છે: એટલે કે, મજૂરીના કલાકોની મર્યાદા બંધાયેલ છે, મજૂરોને અઠવાડિયે અઠવાડિયે રજા મળે છે, મજૂરી ઓછામાં ઓછી કેટલી આપવી જોઇએ તે નકકી કરેલું છે. વળી 'સામાજિક સેવા' પૂરી પાડનારા કાયદા થયા છે, તેમાં ડાકટરના ઉપચાર, સૂવાવડશાળા; વધારે સારાં ઘર, પાણી નિકાસ, દીવા, ટ્રામ; વીમો; મફત ગ્રન્થશાળા (લાઇબ્રેરી); રમતગમતનાં મેદાન—આ બધાનો સમાવેશ થાય છે. વળી સાર્વજનિક કેળવણી અપાવા મંડી છે.

આ બધા કાયદા લોકતન્ત્રના ફલસ્વરૂપ છે.

કેળવણીનો દાખલો લઈને આ દૃષ્ટિએ એને તપાસો. લોકતન્ત્રવાદી આમ દલીલ કરશે કે નાનપણમાં માણસને જે જાતની કેળવણી મળે એના ઉપર એના સુખનો બહુ આધાર છે. એ મજૂર થાય કે કારકૂન કે વકીલડાકટર તે એને મળેલી કેળવણી ઉપરથી નક્કી થાય છે, એટલું જ નહિ પણ કઈ કઈ વસ્તુમાં તેને ધ્યાન ને રસ પડશે એનો પણ કેળવણીથી જ નિર્ણય થાય છે. દાખલા તરીકે જેને વાંચતાં જ

શીખવ્યું નથી તે માણસ એક મોટું સુખ ભોગવવા અશક્ત રહે છે. એટલે લોકતન્ત્રવાદી કહે છે, કે સાર્વજનિક કેળવણીની વ્યવસ્થા કરવી એ રાજકર્તાની પહેલી ફરજોમાંની એક છે, અને લોકતન્ત્રી દેશમાં રાજકર્તાએ જોવું જોઈએ કે ગમે તે વર્ગમાં છોકરું જન્મેલ હોય પણ એકેએક છોકરાને ઉત્તમ કેળવણી લેવાની સરખી તક મળે છે.

૧૮૦૭માં પ્રાથમિક નિશાળો સ્થાપવાની વાત પાર્લમેન્ટ આગળ આવી તો એક વિદ્વાન્ કહે, 'ગરીબ માણસોને કેળવણી આપશું તો તે સારા ખેડૂત બનવાને બદલે પોતાના ભાગ્યને ધિક્કારતાં શીખશે.' ૧૮૫૦માં પણ ઘણા લોકોને કાંઈ કેળવણી મળતી નહિ, ને કેળવણીમાં સરકાર દોઢ લાખ પાઉંડ જ ખરચતી. પણ ૧૯૦૦માં આ ખરચ વધીને ૨૭૦ લાખ પાઉંડ ઉપર આવ્યું, કેમ કે ત્યાં લગીમાં સાર્વજનિક પ્રાથમિકશાળાઓની સ્થાપના થઈ. ૧૯૦૦ને ૧૯૩૦ વચ્ચે પણ ઠીક પ્રગતિ થઈ છે, ને કેળવણીનું ખરચ પાછું ૩૦૦–૪૦૦ ટકા વધ્યું છે, જો કે દરેક બાળકને કેળવણીની સરખી તક છે એમ આજે પણ કહી શકાય એમ નથી જ.

કેળવણી ઉપરાંત બીજા એક બે એવા જ દાખલા તમને આપું. ૧૮૫૦માં ગરીબ લોકો 'રૂકરી' નામે વાસમાં રહેતા ત્યાં એને અઠવાડિયામાં બે દિવસ જ પીવાનું ને ન્હાવા ધોવાનું પાણી મળતું અને તે પણ ઘણું થોડું, પણ ૧૯૦૦ લગીમાં શેરીની સફાઈ, પાણી, દીવા વગેરેની સગવડ થઈ ગઈ. વળી છેલ્લાં ત્રીશ વર્ષમાં તો પાછી પ્રગતિ થઈ છે. રાજ્યકર્તા આવશ્યક વસ્તુ જ નહિ પણ વિનોદનાં સાધન પણ મહાજનને પૂરાં પાડે છે.

આનો એક દાખલો બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન છે જે વર્ષે દશ શિલિંગ ભરનારા લાખો લોકોને ગમત કરાવે છે ને જ્ઞાન પણ આપે છે. બીજો દાખલો જો તમે હાઈડ પાર્ક [લંડનનો એક બાગ] જાઓ અને ત્યાંની શોભન તળાવડી જુઓ તો તમારી સગી આંખે જોશો.

વળી લોકતન્ત્રને પ્રતાપે સ્ત્રીઓને મતાધિકાર મળ્યો છે; એ વકીલ ડાકટર બને છે, અને પુરુષો જેવું જીવન જીવવું હોય તો જીવે છે.

ટૂંકામાં સામાન્ય લોકોનાં સામાન્ય જીવન ત્રીશ વર્ષ પહેલાં કરતાં ઘણાં વધારે સુખી અને ૮૦ વર્ષ પહેલાં કરતાં તો અનન્તગણાં વધારે સુખી છે. વળી સૌ હવે માને છે કે અઠવાડિયામાં એક બે વાર ખાસ પ્રસંગે જ નહિ પણ બને તો સદા સર્વદા સુખી થાવું એ સારી વાત છે. આનું નામ તે લોકતન્ત્ર, અને એ દુનિયામાં પ્રમાણમાં નવી વસ્તુ છે....

લોકતન્ત્રે આપણને સૌને શીખવ્યું છે કે સુખી થવાનો આપણને અધિકાર છે, અને એણે એકંદર આપણને ઘણા વધારે સુખી કર્યા પણ છે. પણ આથી કરીને એક નવી સમસ્યા ઊભી થઈ છે. લગભગ બધા મહાન વિચારકો કહી ગયા છે કે નવરાશ મહત્ત્વનું સુખસાધન છે. લોકતન્ત્રને લીધે હવે અમીર કે સાહુકાર ન હોય એવા લોકોને પણ ઠીક ઠીક નવરાશ રહે છે, અને નવરાશવેળાએ ઉપયોગી રેડિયો, સાર્વજનિક ગ્રન્થાલય, પુખ્ત કેળવણી, બાગબગીચા, રમતના પટ,–એવાં એવાં સાધન ઊભાં થયાં છે.

પણ નવરાશ વેળાએ માણસ શું કરે છે તે ભારે મહત્ત્વનું છે. કોઈ છે તે દારૂ પીને

વઢવેડ કરશે, ને કોઇ વાંચશે ને પોતાની વાડીમાં કામ કરશે. લોકતન્ત્રની મુખ્ય સમસ્યામાં એક આ છે, કે લોકોને નવરાશનો સદુપયોગ કરવાનાં સાધન પૂરાં પાડવાં, અને એ સાધન વાપરતાં તેને શીખવવું.

લોકતન્ત્રના સુખના આ આદર્શના વિરોધી કોણ કોણ છે? રાષ્ટ્રવાદી, સામ્રાજ્યવાદી, સહિયારાવાદી (કૉમ્યુનિસ્ટ) અને ફાસિસ્ટ આ બધાના રાજદ્વારી મત લોકતન્ત્રની સુખની કલ્પનાના વિરોધી છે, લોકતન્ત્રને ને આ બધા વાદને ન બને.

લોકતન્ત્રમાં સામાન્ય માણસના સાધારણ સુખનો વિચાર થાય, પણ રાષ્ટ્રવાદી કે સામ્રાજ્યવાદીને મન વ્યક્તિઓના સુખ કરતાં રાષ્ટ્ર કે સામ્રાજ્ય ઘણું વધારે મહત્ત્વનું છે. સામાન્ય માણસના સુખ કરતાં કીર્તિ, પ્રતિષ્ઠા, સત્તા વગેરે કંઇક વસ્તુઓ એને વધુ મહત્ત્વની લાગે છે. રાષ્ટ્રવાદ ને સામ્રાજ્યવાદમાં લશ્કર ને નૌકાસૈન્ય ઉપર ‘સામાજિક સેવા’ કે કેળવણી કરતાં વધુ ધ્યાન અપાય છે.

રાષ્ટ્રવાદી ને સામ્રાજ્યવાદી ઉપરાંત કૉમ્યુનિસ્ટ ને ફાસિસ્ટ બે ય લોકતન્ત્રના શત્રુ છે. કૉમ્યુનિસ્ટ ને ફાસિસ્ટ પોતપોતાનાં તંત્ર સ્થાપવા સારુ અનેક લોકોના સુખનો ભોગ લેવા તૈયાર હોય છે.

બીજી બે વાતે પણ કૉમ્યુનિસ્ટ ને ફાસિસ્ટ એકમત હોય છે. બેય માને છે કે કૉમ્યુનિઝમ કે ફાસિઝમના વિરોધીઓના સુખનો વિચાર રાજકર્તાએ કરવાની જરૂર નહિ. બીજું બેયને મતે રાજ્યવહિવટ લોકોને સુખકર થાય તે કરતાં કાર્યસાધક હોય તે વધારે મહત્ત્વનું છે.

આ બધી રીતે કૉમ્યુનિઝમ ને ફાસિઝમ લોકતન્ત્રથી વિરુદ્ધ છે, અને તેથી કરીને યૂરપમાં લોકતન્ત્રનાં ને કૉમ્યુનિઝમ તથા ફાસિઝમનાં બળો વચ્ચે લડત ચાલુ છે. *

---

* ‘ધી મોડર્ન સ્ટેટ’ (ઍલન એંડ અનવિન)

રેંટિયાને આંટે આંટે શાંતિના, પ્રીતિના, ને બંધુભાવના તાર કંતાય છે.



ગાંધી ગુરુ

ગુરૂદયાલ મલ્લિક

સ્વરાજ એટલે 'સ્વ'નું રાજ. પણ આ 'સ્વ' કોણ? માણસનું અહમ્ નહિ; પણ એનો આત્મા. તેથી જ તો ગાંધીજીએ સ્વરાજ મેળવવાની સાધના અથવા શક્તિને આત્મબળનું નામ આપ્યું. અને ગુરુદેવે પણ એક સ્થળે કહ્યું છે કે સ્વતંત્રતાનો આત્મા, આત્માની સ્વતંત્રતામાં છે. એ પરથી આપણે અનુમાન કરી શકીએ કે બંનેના વિચારમાં સ્વરાજ એક આધ્યાત્મિક તત્ત્વ છે. આર્થિક ઉન્નતિ, સામાજિક ઉન્નતિ. સાંસ્કૃતિક ઉન્નતિ, એ બધા તે આધ્યાત્મિક તત્ત્વના જુદા જુદા વિકાસો છે.

ગાંધીજી કર્મયોગી હતા. ગરુદેવ કવિ. એકે આપણને સ્વતંત્રતા અથવા સ્વરાજ મેળવવા માટે પોતાની કૃતિઓ દ્વારા ઉત્તેજન આપ્યું. બીજાએ તે ઉત્તેજન સ્થાયી રૂપમાં કેવી રીતે રહે એની યોજના બતાવી. આધુનિક ભારતવર્ષ તેથી ગાંધીજી અને ગુરુદેવની એક સંયુકત કૃતિ છે એમ આપણે માનીએ તો એમાં જરાપણ અતિશયોક્તિ નથી. એ વાત સાચી છે કે દરેક મહાપુરુષ જે સમાજ કે મનુષ્યજાતિનાં જીવન પર એક સારી છાપ મૂકે છે એ પોતે પણ અમૂક ઐતિહાસિક પ્રવાહનું વાહન છે.

હવે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એ ઐતિહાસિક પ્રવાહ શું? અર્થાત્ ઇતિહાસ શું? આ પ્રશ્નનો સૌથી સુંદર અને સ્પષ્ટ જવાબ એકવાર એક નાના બાળકે આપ્યો હતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું ઇતિહાસ અર્થાત્ હિસ્ટરી (History) શી ચીજ છે? વિના વિચારે તરત ઉત્તર આપ્યો. "History" is His story. (ઇતિહાસ એની વાર્તા છે.) ફરીથી પૂછવામાં આવ્યું. "Whose story?" (કોની વાર્તા) જવાબ આપ્યો, "God's story." (ઈશ્વરની વાર્તા) એટલે ઇતિહાસ આપણે ઉંડાણથી તપાસીએ તો ભગવાનની ઇચ્છા કેવી રીતે જીવનમાં વિશેષ કરીને સમૂહ જીવનમાં વ્યક્ત થાય છે એનો એક વિસ્તાર અહેવાલ છે.

મનુષ્યના ઇતિહાસમાં આપણે જોઇએ છીએ કે દરેક દેશની ઉન્નતિ માટે બે વ્યક્તિઓની તો વિશેષ જરૂર પડે છે. એક કવિ, અને બીજો કર્મયોગી. એવી રીતે ભારતવર્ષે ગયા લગભગ ૮૦ વર્ષમાં સ્વરાજ મેળવવામાં જે લડત ચાલુ રાખી એમાં ઘણા દેશભકતોએ ફાળો આપ્યો. પણ સૌથી મોટો ફાળો ગાંધીજી અને ગુરુદેવનો. જો સ્વરાજ એક આધ્યાત્મિક સત્ય છે તો તે આધ્યાત્મિક સત્ય, આત્મા અથવા હૃદયદ્વારા માણસ સમજી શકે. અને આત્મા અથવા હૃદયને તો ફકત ગીત સ્પર્શ કરી શકે. કારણ કે ગીત પણ આત્માનો એક ઉદ્દગાર છે. પણ ગીતથી ઉત્સાહિત અને પ્રેરિત થઇ સાંભળનાર કંઇ સારું કામ કરવા ઇચ્છે છે. તે સારું કામ કેવી રીતે કરવું તે કર્મયોગી જ બતાવી શકે. એટલે જ ગાંધીજીએ આપણી સામે રચનાત્મક કાર્યક્રમ મૂકયો.

એક બીજી વાત, કે જેના પર ગાંધીજી અને ગુરુદેવ બંને ખાસ કરીને ભાર મૂકતા તે એ કે સ્વરાજ અથવા સ્વતંત્રતાનું મુખ્ય અંગ છે ધર્મ. અર્થાત્ જે સ્વરાજ ભોગવે છે એને પોતાનો શો ધર્મ છે તેનો વિચાર અને તે ધર્મનું પાલન કેવી રીતે કરી શકે છે એનો વિચાર એને હોવો જોઇએ. સ્વરાજથી એને શું મળશે? એવો વિચાર એને નહિ રાખવો જોઇએ. અને વાતે ય સાચી છે. જેમ ઉપર કહેવામાં આવ્યું છે કે સ્વરાજ એક અધ્યાત્મિક તત્ત્વ છે. અને અધ્યાત્મિક જીવનનો પ્રથમ નિયમ જ છે કે દેવું-લેવું નહિ.

સ્વરાજ એટલે આત્મ-સમર્પણ. આત્મા એક એવી અમૂલ્ય વસ્તુ છે કે એને સમર્પણ કરવા માટે એક યોગ્ય પાત્ર જોઇએ છે. એ યોગ્યપાત્ર મનુષ્યજાતિની નિષ્કામ સેવાથી બીજું કયું સારૂં હોય શકે? અને મનુષ્યજાતિની સેવા તો ભગવાનની સેવા થઇ, એ ભગવાન કોણ? આ પ્રશ્નના જવાબમાં એક અંગ્રેજ કવિની લીટી જ આપી દઉં.

"What is God ? you, I and we all" "ભગવાન કોણ? તું, હું અને આપણે બધાં."

એટલે સ્વરાજ કોઇ એક વિશેષ વ્યકિત અથવા જાતિનાં પોતાના સ્વાર્થ માટે નથી, પણ એ બધા માટે છે. સ્વરાજ આકાશની જેમ છે. જેવી રીતે એક જ આકાશ જુદા જુદા દેશો પર વિસ્તૃત પથરાયેલું છે એવી રીતે સ્વરાજનો સૂર્ય જ્યારે ચમકે છે ત્યારે એની જ્યોતિ અને એનો તાપ બધા માટે હોય છે.

★

अहो एषां वरं जन्म सर्वमानुषसेवनम्।

કૃષ્ણ અને બળરામ ગોવાળો જોડે ગાયો ચારતા ચારતા વૃંદાવનથી ઘણે દૂર નીકળી ગયા. તડકો સખત હતો. તડકામાં સરસ શીતળ છાયા આપતાં વૃક્ષોને જોઇ કૃષ્ણે સોબતીઓને બોલાવ્યા, ને કહ્યું : 'આ વૃક્ષો તો જુઓ. કેવાં ઉદાર છે! કેવળ પારકાને કાજે જીવે છે! પોતે પવન, વરસાદ, તડકો ને ટાઢ સહન કરે છે! તેઓ પ્રાણીમાત્રની સેવા કરે છે. અહો! કેવો સરસ એમનો જન્મારો છે!' અને પછી એમાંથી બોધ તારવે છે: 'આ જગતમાં પ્રાણીઓના જન્મનું સાફલ્ય એટલું જ છે કે તેઓ પોતાનાં પ્રાણ, ધન, બુદ્ધિ, વાણી એ સર્વ વડે સદા પ્રાણીઓનું કલ્યાણ જ કરે, નિરંતર તેમની સેવા જ કરે.' આજે જો શ્રીકૃષ્ણ હરિજનોને ટાઢ તડકા ને વરસાદમાં શહેરો ને ગામડાંની સફાઈ કરતા જુએ, પોતે મેલા થઇને પણ સમાજને સ્વચ્છ કરતા જુએ, તો તેમના મોંમાંથી જરૂર આ વચન નીકળી જાય કે 'આ કેવા માણસોની સેવા કરે છે! અહો! કેવો સરસ એમનો જન્મારો છે!'

"સત્ય કે દર્શન કે લિયે સંતો કા ચારિત્ર પઢના ઔર ઉસકો મનન કનરા આવશ્ક હૈ"—ગાંધીજી.

પૂજ્ય કેદારનાથજી

હરિભાઉ ઉપાધ્યાય

આ વિભાગમાં વિશ્વના સંતો, ભક્તો અને શહીદોની જીવનગાથા આવશે, જીવનમાં એકવાર એક પળ આવી જાય છે જયારે મનુષ્ય પોતાનાં જીવનને ઊંચે લઇ જઇને આવતી પેઢીને જીવનમંત્ર આપતો જાય છે. આવી પળો બધા મનુષ્યોને એકવાર તો આવે છે. પણ તે પળને ઓળખવાની શક્તિ અને હિમ્મત જોઇએ.

હું અને ભાઈ ઐજનાથજી અમદાવાદ હજુ આવ્યા જ હતા. સ્વામી આનંદ સંચાલિત "નવજીવન કલબ"માં રહેતા હતા. જે ઓરડામાં અમે રહેતા હતા. તેમાં એક દિવસે એક હષ્ટ-પૃષ્ટ, રંગે ગોરો જુવાન આવ્યો. જાડી ખાદીનું ધોતિયું, તેવું જ પહેરણ, ટોપી અને બગલમાં મોટો થેલો. ફક્ત એક જ દિવસ તે ત્યાં રહ્યો. એ દિવસોમાં સ્વયંસેવકોની ભરતી થઈ રહી હતી. અમે વિચાર્યું, કોઇ સ્વયંસેવક ગામડાંથી આવ્યો છે. એની વાતચીત, વ્યવહારથી કોઇ ખાસ વિશેષતાનો કંઈ આભાસ ન દેખાયો. ચહેરો અલબત્ત, શાંત અને તેજસ્વી હતો. એક તો તે અપરિચિત વ્યક્તિ, બીજું અમને તો અમારા કામથી કામ હતું અમે તેની તરફ ખાસ ધ્યાન ન આપ્યું. તેની સાથે સાધારણ સ્વયંસેવકના જેવો જ વ્યવહાર રાખ્યો. તેણે પણ અમારા આ વ્યવહારથી જરાય પોતાની નારાજી ન બતાવી, જરાય સંકેતમાં પણ ઉદાસીનતા ન દેખાડી.

એક બે દિવસ પછી સ્વામી આનંદે અમને કહ્યું:—"ચાલો આશ્રમમાં જઈએ. ત્યાં નાથજી આવ્યા છે." અમે પૂછયું, કે નાથજી કોણ છે ? તેમણે કહ્યું, કિશોરલાલભાઈના ગુરુ છે. અમારી શ્રદ્ધા વધી. સાબરમતી આશ્રમમાં કિશોરલાલભાઈના ઘરે અમે ગયા. ત્યાં એક પરમ શાંત અને તેજસ્વી વ્યક્તિ કે જેને ખૂબ આદર અને માન અપાઈ રહ્યું હતું, ને જોઈ. જોતાં જ અમે ડઘાઇ ગયા. અરે, આ તો એ જ વ્યકિત છે જેને અમે એક સાધારણ સ્વયંસેવક માની બેઠા હતા. અમારા શરીરનું લોહી ઉડી ગયું. અમે લજ્જિત થઈને તેઓની

ક્ષમા માગી તેઓએ કહ્યું, "તમે લોકોએ મને સાધારણ માણસ માન્યો તે બરાબર જ હતું. કિશોરલાલભાઈ મને ગુરુ માને છે તો શું હું બધાનો ગુરુ થઈ ગયો? અને ગુરુ થવું પણ કાંઈ મોટી વાત નથી. મને આધ્યાત્મિક વિષયોનો થોડો અનુભવ છે. જેનાથી કિશોરલાલભાઈને લાભ થયો, એમની ગુંચવણ ઊકલી ગઈ તો એમાં કઈ મોટી વાત છે? એમાં મેં કર્યું યે શું? જે સાધારણ મનુષ્યનું કર્તવ્ય એક બીજાને સહાયતા દેવી છે, એ જ તો મેં કર્યું. એમાં હું મારી કઇ વિશેષતાની બડાઈ સમજું. તમારે જરાય શરમાવાની જરૂર નથી." આ જાતના તેઓના ઉદ્‌ગારોએ તો અમારા હૃદય વધારે જીતી લીધા. બાપુના આશ્રમમાં આ તો બાપુ-જેવા જ વિનયશીલ અને માનવતાના બીજા પ્રતિકરૂપ જોવા મળ્યા. જ્યારે કયારેય આ પછી અમે પૂજ્ય નાથજીને મળ્યા છીએ અને આદરપૂર્વક નમીને પ્રણામ કર્યા છે તો તેઓએ એ પર ઉદાસીનતા જ બતાવી છે. જ્યારે અમે પાછા ફરીએ તો પોતે ઉઠીને દરવાજા સુધી આવતા. અમારી મના છતાં તેઓ આ નિયમ અથવા સ્વભાવનું પાલન હજું આજે પણ બરાબર પાળે છે. સાચી વિશેષતા તે છે જેનો બીજા અનુભવ કરે, પણ આપણે તેનાથી અજાણ રહીએ. મહમ્મદ પયગમ્બરના જીવન-ચરિત્રમાં મેં વાચ્યું છે કે જ્યારે તેઓ જમાતમાં બેસતા ત્યારે નવા આવનાર માણસને હજરત મહમ્મદ કયા છે તે ઓળખવા એકદમ મુશ્કેલ બનતું. આવો સાધારણ પહેરવેશ અને રહેણી-કરણી તેઓની. હતી. તેઓ પોતાના ઘુંટણ સંકોડીને બેસતા કે જેથી પાસેની વ્યકિત સંકોચથી સંકોચાઇને ન બેસે, એને બેસવાની પૂરી જગા મળે. આવી નમ્રતા, શાલીનતા અને સત્કારની એક અદ્‌ભૂત ઘટના બાપુની પણ આ સમયે યાદ આવી જાય છે.*

---

* હિંદી 'જીવનસાહિત્ય'માંથી.

સત્યનો કરુણાન્ત.

ગુ. મ,

એક સમયે, કમળોની ભૂમિમાં, કેટલાક મિત્રો રહેતા હતા. તેઓ પરસ્પર સત્યવાદીપણું અને વિશ્વાસ, તીવ્ર નિષ્કપટતા અને ઉન્નત સરળતા એ સૌ સ્નેહના સહાયકોનો આનંદ માણુતા હતા.

એક સંધ્યાકાળે તેઓ વિશ્વના પર્યટને પગપાળા ઉપડયા. ભૂરા આકાશમાં તારાઓ ધીમે ધીમે ઊગતા હતા. ત્યાં તો દૂરદૂરથી ઝાલરનો ધ્વનિ અને શંખનાદ સંભળાવા લાગ્યો. તેઓ સત્વર મંદિરને દ્વારે આવીને ઊભા અને પ્રવેશાજ્ઞા માગી. એમાંથી એકને પ્રવેશવાની રજા મળી, બાકી રહ્યા તેમને ના પાડવામાં આવી. પણ અનુગ્રહ પ્રાપ્ત કરનાર મિત્રે પોતાના સાથીઓને પ્રવેશાજ્ઞા ન મળે તો પ્રવેશવાની ના પાડી. માથે ટાલ પડેલા અને ભારે શરીરવાળા પૂજારીએ એ વાતનો સ્વીકાર કર્યો નહિ. મિત્રો તેથી આગળ વધ્યા.

પછી તેમણે એક પછી એક વિહારની, યાહુદી પ્રાર્થનાસમાજની, દેવળની અને દરબારની મુલાકાત લીધી અને પ્રવેશાજ્ઞા માગી. પરંતુ એનું કંઇ સારું પારણામ ન આવ્યું.

રાત પડી. પૂજાનાં સ્થાનો શાંતિથી બંધ થયાં. આખી નગરી નિદ્રામાં પોઢી ગઇ. એ મિત્રો એક ટેકરી પર ચઢયા અને નિઃશ્વાસભર્યા અને વ્યથિત હૃદયે ભૂમિશય્યા પર પોઢયા.

પ્રભાત થયું. તેઓ પ્રાર્થનામાંથી ઊઠયા. તેમનાં મુખ પર વ્યથાની ઘેરી છાયા પ્રસરી હતી અને ઉદય પામતા સૂર્યના તેજમાં મેં તેમનાં મુખ પર આ શબ્દો વાંચ્યા :

"અમે તેમને ગુલ આપ્યું, પણ જુઓ, તેમણે તેનું સુવર્ણ સાથે સાટું કર્યું."

મહાદેવભાઈની ડાયરી.

*પુસ્તક ૧લું

જનપદકલ્યાણીના ગાલ ઉપર ત્રાજવુ હોય તેમ આ ગ્રન્થમાં શુદ્ધિપત્રમાં સુધારવા જોગી ઠીક ઠીક ભૂલો છે ને વિષયસૂચિ છે નહિ, તો પણ આ ગ્રન્થ નથી પણ ગ્રન્થસાહેબ છે, અને જેમ ગીતા, બાઇબલ કે કુરાન વંચાય છે તેમ એટલું જ નહિ પણ તેના કરતાં વધારે રસપૂર્વક વંચાવાને સર્જાયેલ છે.

ગાંધીજીની રહેણીકરણીના વર્ણન ઉપરાંત પોતે લખેલા કાગળમાં તથા વાતચીતમાં ઝરેલી આર્ષવાણીનો આ ગ્રન્થમાં અપૂર્વ સંગ્રહ કરેલો છે; તેમાંથી થોડીક વાનકી અહિં આપી છે.

ગાંધીજીની રેંટિયા ઉપર કેટલી પ્રીતિ હતી તે તો સુપ્રસિદ્ધ છે. એ વિષે ૧૩-૪-'૩૨ ને દિને મહાદેવભાઈ લખે છે: 'બાપુના ડાબા હાથની કોણી ઉપરના હાડકામાં દરદ થાય છે, અને જમણા હાથના અંગૂઠા ઉપર દરદ છે. છતાં છેલ્લા ત્રણ દિવસથી તેમણે ૩૭૫ તાર કાઢવાની પ્રતિજ્ઞા કરી લાગે છે. દાકતર.... કહે છે કે આ બંને હાથને આરામ આપો, પણ બાપુ કહે, એ દરદ રેંટિયાથી વધતું નથી!....સામાન્ય રીતે ત્રણ વાગ્યે કાંતવાનું પતે છે. પણ આજે ત્રણે પતેલું નહીં, પણ સપ્તાહનો છેલ્લો દિવસ અને સાંજે ૫૦૦ ન કંતાય એ તો બરાબર નહીં એમ કરીને મંડ્યા રહ્યા અને ચાર વાગ્યે પૂરું કર્યું.' સત્તરમીએ ડાબે હાથે પૈડું ચલાવવાનો અને જમણે હાથે તાર ખેંચવાનો પ્રયોગ શરુ કર્યો, અને મેની છઠ્ઠી તારીખે 'મગન રેંટિયા ઉપર બેએક કલાક મહેનત કરી અને આખરે ૨૪ તાર કાઢ્યા ત્યારે તેમને શાંતિ થઇ.' દસમીએ મગન રેંટિયો કેમે ચાલે નહીં અને બાપુએ 'લગભગ પાંચ કલાક' મહેનત કરી.

૨-૪-'૩૨ ને દિવસે બાપુ કહે:

'[ફીનિકસની સ્થાપના પહેલાં જ] રસોઇયા વિના ચલાવવા માંડ્યું. રાંધવું, કપડાં ધોવાં, પાયખાનાં સાફ કરવાં અને દળવાનું બધું ઘરમાં જ હાથે કરી લેતાં હતાં....લોખંડની ઘંટી લીધી હતી. એક માણસથી ન દળાય પણ બે સુખેથી દળી શકે. મારે સવારના પહોરમાં ઊઠીને એ પહેલું કામ. ગમે તેને મારી સામે દળવા બેસાડી દઉં........'

બાપુના કર્મયોગ વિષે આ ગ્રન્થમાં કંઇક વિગત છે, પણ અહિં તો આટલી ઘણી.

હવે બાપુની આર્ષવાણીનો થોડોક પરિચય કરી લઈએ:

'ગાંધી કુટુંબ પાસેથી મારી આશા એ કે બધાં સેવાકાર્યમાં જ રોકાય, બને તેટલો સંયમ પાળે, ધનનો લોભ છોડી દે, વિવાહનો વિચાર છોડે, વિવાહિત હોય તે પણ બ્રહ્મચર્ય પાળે, સેવામાંથી પોતાની આજીવિકા મેળવે.'

'સબ પ્રારંભ આત્મશુદ્ધિસે હોતા હૈ.'

'નાતજાતમાં ધર્મ નથી. એને હિન્દુધર્મ સાથે કશો સંબંધ નથી.'

---

* નવજીવન પ્રકાશનમંદિર, અમદાવાદ. (કિમ્મત રૂ. સાડા ચાર, ટપાલ સહિત રૂ. પાંચ ને ત્રણ આના.)

'હિન્દુસ્તાન સૌથી વધારે વહાલો દેશ છે તેનું કારણ એ નથી કે એ મારો છે, પણ તેનું કારણ એ કે એમાં સૌથી વધારે સારાપણું ભાસ્યું છે.'

'આપણે તો સ્ત્રીને પરણવાનો વહેલામાં વહેલો કાળ ૨૧ વર્ષનો ગણ્યો છે.'

'ચોખા ઉપર શરીર બાંધી ન જ શકાય.'

'જો આંખ વાપરે તો તું મને ત્યાં જોયા વગર ન રહે. મારો આત્મા તો ત્યાં જ વસે છે. શરીર ભલે અહીં હો કે રાખમાં મળો.'

'કોઇ પણ જાતના વિકારી વિચાર ન થાય, કોઇ પણ પ્રકારનો ભય ન રહે અને નિત્ય પ્રસન્નતા રહે તો એ સૂચવે છે કે હૃદયમાં ભગવાન વાસ કરે છે.'

'જ્યાં સુધી જીવમાત્ર સાથે આપણે અભેદ અનુભવતાં ન શીખીએ ત્યાં સુધી આત્માને ઓળખી શકાતો નથી. [જીવોનો] એકંદર સરવાળો એ જ ઈશ્વર. એટલે જ આપણા દરેકમાં રહેલા ઈશ્વરને ઓળખવો એ જરૂરનું છે. આવું જ્ઞાન નિઃસીમ નિઃસ્વાર્થ સેવાદ્વારા પ્રાપ્ત થાય છે.'

'શૂન્યવત્ થઈને રહેવું એટલે સારું લેવામાં સૌથી છેલ્લા રહેવું, સહુની સેવા કરવી, ઉપકારની આશા ન રાખવી, કષ્ટ સહન કરવામાં પહેલ કરવી.'

'મુકિત=રાગદ્વેષથી છૂટવું તે. નરક=અસત્ય. મુકિતસાધન=અહિંસા.'

'ડાકૂમેં ભી હમકો વાસુદેવકા રૂપ દેખના હોગા. ઔર હમારે મેં વહ શકિત આ જાયગી તો ડાકૂ ડાકૂપન છોડ દેગા.'

'તું જેને અત્યારે સાચું માને તે સત્ય અને તે જ તારા પરમેશ્વર.'

'હું કહું છું કે હું જે લખું છું તે હું નથી લખતો, ઈશ્વર લખાવે છે એ અક્ષરશઃ સત્ય છે.'

પણ અમૃતની તૃપ્તિ ન હોય. અને આ અવલોકનને સારુ આંકેલી સીમા પણ આવી ગઈ.

દેસાઇ વાલજી ગોવિંદજી

★

બિહારની વેદના :—

આ છબી ભાઈ જગન મહેતાએ લીધેલી છે. જગન મહેતાની ઘણા વર્ષોની ઇચ્છા હતી કે પૂજ્ય બાપુના જીવનના પ્રસંગો છબીમાં ઝડપવા. પણ એ તક સાંપડતી નહોતી. છેવટે એક પુણ્ય ઘડીએ બિહારની પૂજ્ય બાપુની તા૦ ૨૬, ૨૭, ૨૮ માર્ચ ૧૯૪૭ની યાત્રામાં સામેલ થયા અને એમનાં દિલમાં સંઘરેલી વર્ષો-જુની ઇચ્છા ફળીભૂત થઇ. લગભગ ૪૦ છબીઓમાં બિહારની કરુણકથા આલેખી લીધી છે. આ આખી ચિત્રમાળા બિહારયાત્રાની સળંગ કથા રૂપે છે. તેમાંની થોડી છબીઓ દર અંકમાં આપવાની ઇચ્છા છે. જેઓને બાપુની સરસ છબીઓ સંગ્રહ કરવાનો શોખ અને રસ હોય તેમને આ યાત્રાનું એક સુંદર નાનકડું આઠ છબીઓનું સંપુટ 'રાષ્ટ્રપિતા ગાંધીજી'ના નામે પ્રગટ થયું છે તે સંઘરવા જેવું છે. પ્રસ્તાવના **શ્રી. કાકા સાહેબ કાલેલકરે** લખેલી છે.

પ્રાપ્તિસ્થાન :
'રૂપાયતન' ૪૫, નહેરુ રોડ, વિલેપારલે

કીમત રૂપયા ૩). ટપાલ ખર્ચ અલગ.

સૂક્તિસુધા

જગતના અવતારી પુરુષોની ધર્મવાણી આપણે દરેક ધર્મના પવિત્ર ગ્રંથોમાંથી સાંભળતા આવ્યા છીએ. એ હજારો વર્ષ પુર્વે ઉચ્ચારેલી દિવ્ય અને મધુર વાણી હજુ પણ કેટલી પ્રેરણાત્મક છે? એ ધર્મવાણી 'સૂકિતસુધા'ને નામે દર અંકમાં પ્રસિધ્ધ થશે.

પૂર્ણ નામનો બુદ્ધનો એક શિષ્ય હતો. એક દિવસ તે બુદ્ધ ભગવાન પાસે ગયો અને તેણે પોતાને સંક્ષેપમાં ધર્મોપદેશ કરવાની બુદ્ધને વિનંતિ કરી. ઉપદેશ પૂરો થયા પછી બુદ્ધ ભગવાને પૂછ્યું, "હે પૂર્ણ, હવે તું કયા પ્રદેશમાં જવાનો છું?"

પૂર્ણઃ-ભગવન્, આ આપના ઉપદેશને ગ્રહણ કરીને હું હવે સુનાપરંત નામના પ્રદેશમાં જવાનો છું.

બુદ્ધઃ-પૂર્ણ, સુનાપરંત પ્રાંતના લોકો બહુ કઠોર છે, બહુ જ ક્રૂર છે. જો તેઓ તને ગાળો દેશે કે તારી નિંદા કરશે તો તને કેવું લાગશે?

પૂર્ણઃ-હે ભગવન્, મને તે વખતે એવું લાગશે કે, આ લોકો ઘણા સારા છે; કારણ તેઓએ મારા પર હાથથી પ્રહાર કર્યા નથી.

બુદ્ધઃ-અને જો હાથથી પ્રહાર કરે તો?

પૂર્ણઃ-તો મને પથ્થરથી તેઓએ માર્યો નહિ, તેથી તેઓ સારા જ છે, એમ હું સમજીશ.

બુધ્ધઃ-અને પથ્થરથી મારે તો?

પૂર્ણઃ-તો મારા પર તેઓએ દંડપ્રહાર કર્યો નથી, તેથી તેઓ ઘણા સારા છે, એમ હું માનીશ.

બુદ્ધઃ-અને દંડપ્રહાર કરે તો?

પૂર્ણઃ-તો શસ્ત્રપ્રહાર કર્યો નથી, એ તેમની ભલમનસાઈ છે, એમ હું કહીશ.

બુદ્ધઃ-અને શસ્ત્રપ્રહાર કરે તો?

પૂર્ણઃ-તો મને ઠાર માર્યો નથી, એ તેમનું ભલાપણું છે, એમ હું સમજીશ.

બુદ્ધઃ-અને તને ઠાર મારે તો?

પૂર્ણઃ-ભગવન્, કેટલાક ભિક્ષુઓ આ શરીરથી કંટાળીને આત્મઘાત કરે છે. સુનાપરંતના રહેવાસીઓએ જો એવા શરીરનો નાશ કર્યો, તો તેમણે મારા પર ઉપકાર કર્યો છે અને તેથી તેઓ ઘણા સારા જ છે, એમ હું સમજીશ.

બુદ્ધઃ-શાબાસ, શાબાસ! આવા પ્રકારના શમદમથી યુક્ત થવાથી સુનાપરંત પ્રદેશમાં ધર્મોપદેશ કરવા તું સમર્થ થઈશ.

Reg. No. 5255

શ્રમ એટલે પ્રેમનું સાકાર સ્વરૂપ.

પણ જો તમે પ્રેમથી શ્રમ ન કરી શકતા હો, તો તો બહેતર છે કે તમારું કામ છોડી દઇ મંદિરનાં પગથિયાં પર બેસી, હર્ષપૂર્વક મહેનત કરનારાઓ પાસેથી ભીખને સ્વીકારી લો.

કેમકે, જો તમે બેદરકારીથી રોટલી શેકશો, તો તે કડવી થશે અને મનુષ્યની ભૂખને અડધી જ ભાંગશે........અને તમારો કંઠ ગંધર્વના જેવો હોય, પણ તમારા ગાનમાં તમને પ્રેમ ન હોય, તો તમે માત્ર દિવસના ઘોંઘાટથી અને રાત્રીના ઘોંઘાટથી માણસોના કાનને બહેરા કરી મૂકશો.

ખલિલ જિબ્રાન.

મારા બાપુ



સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

વિવેક અને સાધના: લે૦ **શ્રી. કેદારનાથ;** સંપા૦ **શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા અને શ્રી. રમણીકલાલ મોદી;** પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; કિં૦ રૂ. ૪-૦-૦; પૃ૦ ૫૨+૩૮૬

આદિકાળથી માનવહૃદયમાં એક જ આકાંક્ષા સતત સ્પંદતી રહી છે: "**અસતો મા સદ્ ગમય। તમસો મા જ્યોતિર્ગમય। મૃત્યોર્મા અમૃતમ્ ગમય।**" માનવમન આત્મા અને પરમાત્મા, જીવન અને મરણ, આદર્શ અને વ્યવહાર, નીતિ અને આધ્યાત્મિકતા, સંસાર અને મોક્ષ, પાપ અને પુણ્ય, જ્ઞાન અને અજ્ઞાન એવાં કેટલાંય દ્વન્દ્વોથી મૂંઝાતું હોય છે. શું સત્ય છે અને શું અસત્ય છે; શું આત્મોન્નતિકર છે અને શું આત્મઘાતી છે; શું શ્રેયસ્કર, જનહિતકારી, શાશ્વત છે અને શું પ્રેયસ્કર, અહંકારપોષક અને ક્ષણિક છે એનું વિવેકયુક્ત વિશ્લેષણ કરી જીવનની સાચી સાધના કરવા માટે માનવાત્મા હંમેશાં ઝંખે છે. તે જુએ છે કે: "જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિ: । જાનામિ અધર્મમ્ ન ચ મે નિવૃત્તિ: ॥" તેથી અંતરમાંથી એક જ સૂર સર્વદા ઊઠતા હોય છે: "ગુરુ બિન કૌન બતાવે વાટ !" આવી સાધના-કાળની વ્યાકુળ સ્થિતિમાંથી પસાર થનાર માનવી માટે પૂજ્ય કેદારનાથનું આ પુસ્તક અમૃતસમ બની રહે છે.

પૂજ્ય કેદારનાથજી આ પુસ્તકમાં દર્શાવેલા ઉદાત્ત અને પ્રેરક વિચારો વિશે કહે છે: 'શ્રદ્ધા અને ભાવિકતાની પરાકાષ્ઠા, તત્ત્વજ્ઞાન અને સંતવચનો પર અનન્ય નિષ્ઠા, ધર્મ, અધ્યાત્મ, ઈશ્વર વગેરેની બાબતમાં અપાર આસ્તિકતા, વગેરે બધી ભૂમિકાઓના અનુભવોમાંથી અને તે અનુભવો માટે અનેક પ્રકારે સહન કરીને હું અહીં દર્શાવેલા વિચારો પર આવ્યો છું. આધ્યાત્મિક હેતુને માટે મારે જેમ અજ્ઞાનને કારણે સહન કરવું પડ્યું તેવી રીતે કોઈને સહન કરવું ન પડે એ એક ઉદ્દેશ આ બધાં લખાણોની પાછળ મુખ્યત્વે છે. ઉદાત્ત હેતુની પાછળ પચાસ વર્ષ સાધનામાં અને પ્રત્યક્ષ સેવા-કાર્યમાં ગાળ્યા પછી અને અનેકોનાં જીવન પર તેમની સારી અસર થયેલી દેખાયા પછી જ મેં આ કામ હાથમાં લીધું છે.' તેથી આ પુસ્તકમાં પૂ૦ નાથજીના સાધનાપૂત જીવનનો નિચોડ આવી જાય છે અને એમને વ્યક્ત કરેલી સત્ય પ્રતિ દોરનારી અનુભૂતિ આપણા જીવનને પણ ખરેખર માર્ગદર્શકરૂપ બની રહે છે.

વળી શ્રી. કિશોરલાલભાઈએ તેમ જ શ્રી. રમણીકલાલભાઈએ પરિશ્રમ ઉઠાવી આ યુગપ્રવર્તક પુસ્તકનું સંપાદન કરી આપણી સમીપ ધર્યું છે એ બદલ એમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો જ છે. તેઓએ નિવેદનમાં યથાર્થ જ કહ્યું છે કે, 'મૂંઝવણોનો ઉકેલ શોધનારને આ પુસ્તક અતિશય મદદગાર થશે. તેની વિચારશક્તિને એ નવીન પ્રેરણા આપશે, તેની બુદ્ધિને સ્વતંત્ર બનાવશે, અને તેનાં મંતવ્યોનું શોધન કરાવશે....પશુના જેવો જ છૈયાં-છોકરાં ઉછેરવાવાળો, કામાદિ વાસનાઓથી પ્રેરાનારો, અને તે માટે ધન રળનારો રહેતાં છતાં ગૃહસ્થાશ્રમના ધર્મો પ્રત્યે વિમુખ થયેલા ભોગપરાયણ સંસારીને ઢંઢોળીને જાગ્રત કરે છે.'

આ પુસ્તકની બીજી વિશિષ્ટતા એ છે કે, 'સંપાદકોનું નિવેદન'માં શ્રી. કિશોરલાલભાઈનાં લખાણો પર પૂ૦ નાથની કેટલી ઊંડી અસર છે અને તેઓના જીવન-ઘડતરમાં પૂ૦ નાથનો કેટલો ફાળો છે તેનું સ્પષ્ટી-

[અનુસંધાન કવરપેજ ત્રીજું]

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૪   ૩૦ જાન્યુઆરી-૧૯૫૨   અંક ૧૨

જીવનનો આદર્શ

ગીતાએ એક તરફથી આપણને જીવનનો આદર્શ બતાવ્યો અને બીજી તરફ એ આદર્શ તરફ જતાં જતાં જીવન કેવી રીતે વ્યતીત કરવું જોઈએ એ બતાવ્યું અને તે એક વાકયમાં આ છે:-

'આદર્શને ધ્યાનમાં રાખતાં જે કર્તવ્ય સામે આવે તે યથાર્થ કર્યે જવું, અને ફળની ઇચ્છા ન કરવી.'

આવી વિચારશ્રેણીમાંથી ગીતાની ઉત્પત્તિ થઈ છે એમ મને લાગે છે. એ રીતે વર્તતાં જે કોયડાઓ આવી પડે તેનો ઉકેલ થાય છે. તેમાંથી જ મોક્ષનો માર્ગ જડે એમ છે. પ્રવૃત્તિમાત્ર બંધ કરીને બેસી જવું એ વિપરીત વસ્તુના કરવા કરતાં પણ વધારે ખોટું છે એ વિષે મને શંકા નથી. અને તેથી જ ગીતાકારે કહ્યું છે કે, પ્રવૃત્તિમાત્ર અગ્નિની પાછળ ધુમાડાનો દોષ રહ્યો છે તેમ કંઈક દોષથી ખરડાયેલી છે જ. એમ સમજીને મનુષ્ય નમ્ર બને અને પોતાને નસીબે આવેલા કર્તવ્યનું પાલન સેવાભાવથી કરે અને સમજે કે જે કાંઈ પરિણામ આવશે તેમાં પોતે તો પરમાત્માના હાથમાં નિમિત્તમાત્ર છે.

માણસે તો પોતાથી બને તે બધું કરી છૂટવાનું છે ને ફળને માટે ઈશ્વર પર ભરોસો રાખવાનો છે, કેમ કે જે લોકો જાતે મહેનત કરે છે તેમને જ ઈશ્વર સહાય કરે છે. સૌએ પોતપોતાની ફરજ બજાવી ફળ ઈશ્વરને સોંપી દેવાનું છે. તેની મરજી વિના પાંદડુંયે હાલતું નથી. માણસે તો માત્ર પોતાનો પુરુષાર્થ કરી છૂટવાનું છે. -ગાંધીજી



આશ્રમનાં ભજનો

સખિયો, હમ હું બલમાસી ॥

આયો જોબન, બિરહુ સતાયો,
અબ હમ જ્ઞાન-ગલી અઠલાતી ॥

જ્ઞાન-ગલીમેં ખબર મિલ ગયો,
હમેં મિલી પિયાકી પાતી ।

ઉસ પાતીમેં અજબ સંદેસો,
અબ હમ મરનેકો ભી ન ડરતી ॥

કહેં કબીર સુનો ભાઈ સાધો,
અબ હમ પાયો જન્મમરણ કો સાથી ॥

દરેક માણસના જીવનમાં એવો એક વખત આવે છે, જ્યારે તેને પ્રભુની જુદાઈ ઘણી સાલે છે. તે વખતે તે આત્મજ્ઞાનની શોધમાં જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં ભટકે છે. એક શુભ ઘડીએ તેને કોઈ ગુરુજન દ્વારા અથવા પ્રભુ-કૃપાથી પ્રભુને મળવાની દિશા મળી જાય છે. પછી એ દિશા પામીને હમેશ માટે ભયમુક્ત થઈ જાય છે, એટલે સુધી કે તેને મૃત્યુનો પણ ડર નથી રહેતો. ત્યારે જ તે પ્રભુ જે પ્રેમ છે, એને પામી શકે છે, કારણ કે જ્યાં ભય નથી ત્યાં ભક્તિ છે, ભગવાન છે.

—ગુ૦ મ૦

દાનનો અધિકારી

મહાસતી ઉજ્જવળ કુંવરજી

પ્રાચીન સમયની એક વાત છે: અમર નામનો એક કવિ હતો. તે અપરિગ્રહી હતો. તે કોઈની આગળ હાથ લંબાવતો નહીં. કોઈ પાસે માગવું એ તેને ગમતું નહિ. એક દિવસ તેનાં બાળકો ભૂખે ટળવળતાં હતાં. તેની પત્નીએ કહ્યું: "સ્વામી, શું આપની વિદ્વત્તાની એટલીયે કદર નથી થતી કે કોઈ આપને કંઈ આપે?"

અમરે કહ્યું: "આપે છે તો ઘણાં; પરંતુ કોઈ અહંકારથી આપે છે તો કોઇ સેંકડોને રોવડાવીને આપે છે. આવું દાન શી રીતે લેવાય? આવું દાન લેવા કરતાં મરવું યોગ્ય છે. કેમકે એવું દાન લેવાથી આપણી વૃત્તિ પણ ખરાબ થઈ જાય છે. દાનનો જે સાચો અધિકારી હોય તેની પાસેથી જ દાન લેવું યોગ્ય છે."

બન્ધુઓ, આજનું દાન પણ શું એવું નથી? 'એરણની ચોરી ને સોયનું દાન' એ કહેવત મુજબ આજે અપાતું દાન શું ન ગણી શકાય?

અમરની પત્નીએ તેને ખૂબ કાલાવાલા કર્યા એટલે અમર રાજદરબારમાં ગયો, જ્યાં યુવરાજ મહેન્દ્રનો રાજ્યાભિષેક થઇ રહ્યો હતો. બધા તેને આશીર્વાદ આપતા હતા. અમરે પણ આશીર્વાદ આપતાં કહ્યું: "હે રાજા, તું સિંહાસન પર બેસીને નહીં, પણ પ્રજાના હૃદય પર બિરાજીને રાજ્ય કરજે."

મહેન્દ્ર તેનો આશય સમજ્યો અને બોલ્યો: "અમર, જે જોઇએ તે માગ."

અમરે વિચાર્યું કે, શું માગું? પ્રજાના પરસેવા વડે આ ખજાનો ભરાયેલો છે. તેથી તેણે કહ્યું: "રાજા, અત્યારે રહેવા દો. ફરી કોઈ વાર માગીશ."

રાજા બોલ્યો: "ના, ના. અત્યારે કંઈક માગ."

અમરે કહ્યું: "આપની જાતમહેનત વડે કમાયેલો એક રૂપિયો મને આપો."

આ સાંભળી બધા લોકો ચકિત થઈ ગયા. પરંતુ મહેન્દ્રે કહ્યું: "કવિશ્રી, તમે જે ઉમદા દાન માગ્યું છે તે મારું ઉમદા દિલ સમજી શકયું છે. આજનો રાજ્યાભિષેક બંધ રહેશે અને હું પહેલાં મારી જાતમહેનતે કમાયેલા એક રૂપિયાનું દાન આપીશ. તે પછી જ રાજ્યાભિષેક થશે."

એમ કહી મહેન્દ્ર સિંહાસન પરથી ઊઠ્યો અને કોઈ તેને ઓળખી ન શકે એ રીતે રૂપિયો કમાવાની તજવીજ કરવા લાગ્યો. તેણે બહુ વિચાર્યું અને તપાસ કરી. પરંતુ તેને મજૂરી મળી નહિ. છેવટે તે એક લુહારની દુકાને ગયો અને લુહાર પાસે કામ હતું એટલે તેણે કહ્યું: "આ લોઢાને હથોડા વડે ટીપો અને મજૂરી મેળવો."

અમે ગ્રાહક-બંધુઓને વિનંતી કરીએ છીએ કે, કાગળ વગેરે સાધનોની મોંઘવારીને કારણે લવાજમ વધારવું ન પડે એ માટે આપ ઓછામાં ઓછો એક નવો ગ્રાહક બનાવી તેમનું નામ સાથેના કાર્ડમાં ભરીને મોકલી આપશો.

એ સહાય બદલ અમે આપનો આભાર માનીશું અને આપે ઉઠાવેલા પરિશ્રમની કદર કરી આપને અમે પ્રકાશિત કરેલ રંગીન સુંદર 'બાપુ-સ્મરણ' સપ્રેમ ભેટ તરીકે મોકલીશું.

રાજકુમારે હથોડો ઉપાડ્યો અને ટીપવું શરૂ કર્યું. જેમ જેમ તે હથોડા વડે ટીપવા લાગ્યો તેમ તેમ તેના હૃદયમાં ઊથલપાથલ થવા લાગી કે, પૈસો શી રીતે પેદા થાય છે!

લુહારે તેને વિચાર કરતો જોઈને કહ્યું: "ભાઈ, પૈસા કંઇ હરામના આવતા નથી. વિચાર કરવા બેસવું હોય તો ઘેર જાઓ. અહીં બરાબર કામ કરશો તો પૈસા મળશે."

રાજકુમારે સાંજ સુધી સખત મહેનત કરી ત્યારે તેને એક રૂપિયો મળ્યો. ઘેર જતાં જતાં તે વિચારવા લાગ્યો, કે આવી જે ખરી મજૂરી કરે છે તેની આપણે કેટલી કિંમત આંકીએ છીએ! જે લોકો માત્ર મોજ-શોખમાં લોકોની એક મહિનાની મજૂરીને એક જ કલાકમાં ઉડાવી દે છે તે માનવ છે કે દાનવ?

તે દિવસથી રાજકુમાર મહેન્દ્ર રાજવી મટી માનવી બની જાય છે. તે કવિ અમરને ઘેર જઈ પોતે જાતમહેનત વડે કમાયેલો એક રૂપિયો દાનમાં આપે છે.

કવિ તે લઇને પ્રેમથી આશીર્વાદ આપતાં કહે છે: "રાજા, તું સિંહાસન પર નહિ, પણ પ્રજાના હૃદયાસન પર બિરાજમાન થા."

કળા અને મનુષ્યત્વ

કળા જે પ્રસંગે અને જે ભાવોથી ઉત્પન્ન થાય છે તે પ્રસંગ અને ભાવોને તે આપણા ચિત્તમાં ચિરસ્થાન આપવાનો પ્રયત્ન કરે છે. અને તે પ્રસંગ અને ભાવ પવિત્ર હોય તો તેના સ્મરણથીયે આપણને કાંઈક બળ પ્રાપ્ત થાય છે, એ પરથી કળા ઉપયોગી થઈ શકે છે તે વાત ખરી જ. છતાં એટલી વાત તો નક્કી છે કે જ્યાં સુધી એ પ્રસંગ અને ભાવ મનુષ્યને પુરુષાર્થ એટલે પ્રત્યક્ષ આચરણમાં પ્રવૃત્ત ન કરી શકે ત્યાં સુધી એનું કાંઈ ખાસ પરિણામ થયું એમ કહી શકાય નહીં. અર્થાત્, કળા પ્રોત્સાહક થાય તો જ ઉત્કર્ષ કરવામાં મદદરૂપ થાય. પ્રત્યક્ષ જીવન પર શુભ પરિણામ કરે તો જ તેનું મહત્ત્વ. દાખલા તરીકે, એક ચિત્ર લઈએ. તે દયાભાવથી ભરેલું છે. તેને હું રોજ જોઉં છું; તે પ્રમાણે બીજાં ચિત્રો આલેખી પણ શકું છું. તે પરથી મારામાં કાંઈ ભાવો પણ ઊઠે છે. પરંતુ જગતમાં પ્રત્યક્ષ તેવા પ્રસંગો જોતાં મારામાં દયાનો ભાવ જ્યાં સુધી ઊઠતો નથી અને દુખી માણસને પ્રત્યક્ષ મદદ કરવાની વૃત્તિ મારામાં ઉત્પન્ન થતી નથી, ત્યાં સુધી ચિત્ર જોઇને કે આલેખીને મારામાં ઊઠેલા ભાવોનો ઉપયોગ શો અને તેની કિંમત શી? કવિઓ અને ચિત્રકારો ઘણે ભાગે એટલેથી જ સંતોષ માનતા નથી કે? એવે પ્રસંગે મદદ કરનારા તે લોકોમાંથી થોડા જ મળી આવે છે. આ જ સ્થિતિ રસિકોની. તે લોકો ફક્ત રસ લઈ જાણે છે. આ પરથી કળા તો આજ કેવળ ઉપભોગ્ય વસ્તુ બની ગઇ છે. એનો બીજો કશો જ ઉપયોગ દેખાતો નથી. જ્યારે માણસ તેને સાધ્ય ન માનતાં તેને પ્રેરક અને પ્રોત્સાહક સાધન તરીકે સમજશે ત્યારે તે જરૂર ઉન્નતિપ્રદ થશે એમાં શંકા નથી. ધ્યાનમાં રાખજો કે કોઈ પણ કળા એ સાધન છે; એનું સાધ્ય એમાંથી ઉત્પન્ન થનારા સદ્ભાવને પ્રત્યક્ષ કાર્યમાં ઉતારવું એ છે. એ કાર્ય સિદ્ધ થાય તો જ કળા સફળ થઈ એમ સમજવું. કળા એ ફેંકી દેવાની છે એમ હું સમજતો નથી. પણ હું એ પણ માનતો નથી કે કળાનો માણસના વિકાસ સાથે આથી કાંઈ વિશેષ સંબંધ હોય. દયા, ક્ષમા ઇત્યાદિ ગુણોનું જેટલું મહત્ત્વ છે તેટલું કેવળ કળાનું મને લાગતું નથી. —શ્રી કેદારનાથજી

સર્વોદયનો આત્મા

ગુરુદયાલ મલ્લિક

સૂર્ય એ સત્યનું વિશ્વમાન્ય પ્રતીક છે. તેથી સત્યની પ્રત્યેક બાજુમાં એક છેડે ઉજ્જવળતા અને નિઃસીમતાનો તેમ જ બીજે છેડે એકત્વ અને ઔદાર્યનો અંશ રહેલો છે.

સર્વોદય પણ સૂર્યની પેઠે; ગરીબ અને તવંગર, નિરક્ષર અને વિદ્વાન, ઊંચ અને નીચ, સ્વામી અને સેવક, સ્ત્રી અને પુરુષ, સંત અને પાપી, હિમાલયનાં ગગનચુંબી શિખરોથી માંડીને સમાજે હડધૂત કરેલા હરિજનોની ઝૂંપડી સુધી—એ સૌને માટે સમાન છે.

ન્યાય એ રીતે સૌનો અધિકાર અને જરૂરિયાત ગણી શકાય. કારણ કે, એક વિદ્વાન ઉપદેશકે કહ્યું છે, “સત્યનિષ્ઠ અને સંપૂર્ણ ન્યાય દુનિયા પર રાજ્ય ચલાવે છે.” માનવ-જીવનમાં ન્યાય બે રીતે પ્રવર્તતો હોવો જોઈએ. દરેક માણસને ન્યાય મળવો જોઈએ તેમ જ દરેક માણસે ન્યાયથી વર્તવું જોઈએ. ઘણું કરીને માણસો પહેલી વાત ઉપર જ ભાર મૂકે છે અને પોતાની ફરજ સૂચવતી બીજી વાત તરફ દુર્લક્ષ કરે છે. એ તો બાઈબલમાં આવતી બોધકથા જેવું થયું: જ્યારે માલિકે દેવાદાર નોકરને વેચવાનો, એની બૈરીને વેચવાનો, એનાં છોકરાંને વેચવાનો અને એની પાસે જે કંઈ હોય તે બધું વેચવાનો હુકમ કર્યો, અને એ રીતે એક હજાર સિક્કાનું લેણું વસૂલ કરવા તૈયાર થયો, ત્યારે પેલો નોકર પોતાના માલિકને પગે પડીને કરગરવા લાગ્યો: ‘મહારાજ, ધીરજ રાખો હું ધીમે ધીમે બધુંય ભરપાઈ કરી આપીશ.’ નોકરની એ દશા જોઈ પેલા માલિકને નોકર પર દયા આવી. તેણે તેને છૂટો કર્યો અને તેનું બધું દેવું માફ કર્યું. પરંતુ એ જ નોકરે બહાર જઈને બીજા નોકરને પકડ્યો. એની પાસે તેના સો સિક્કા લેણા હતા. તેણે એને પકડ્યો એટલું જ નહિ પણ તેની ગળચી પકડીને કહેવા માંડ્યું: “મારાં નાણાં ધરી દે.” પેલો નોકર તેને પગે પડ્યો, અને કરગરવા લાગ્યો. પણ પેલો તો એનું સાંભળે જ નહિ. દેવું ન પતે ત્યાં સુધી તેને કેદમાં રાખવાની તેણે તદબીર રચી! આ દુનિયામાં માણસો પણ આવું જ વર્તન કરી બેસે છે.

ન્યાયને વ્યવહારમાં મૂકવો એટલે માણસમાં રહેલા દિવ્ય તત્ત્વનો આદર કરવો. અને જેમ માનવી પોતાની પ્રતિષ્ઠા દ્વારા આંતરિક દિવ્યતાને પ્રગટ કરે છે, તેમ એના દરરોજના કામકાજ કે વ્યવહારમાં માનવીએ ન્યાયપૂર્ણ વર્તાવ રાખવો જોઈએ. માણસને માણસ તરફથી મળતો ન્યાય ધર્મ-ચક્રને પ્રવર્તતું કરે છે, જો કે એને પ્રવર્તતું તે જોઈ શકતો નથી. તેથી, એવું સિદ્ધ થાય છે કે, જે માનવીમાં સર્વોદયનું તત્ત્વ રહેલું છે તે પોતાના હકને બદલે પોતાની ફરજો માટે ખૂબ જાગ્રત રહે છે, અને બીજાને પ્રકાશ આપવા તે મીણબત્તીની પેઠે બળીને પોતે ખતમ તો થાય છે, પણ નૈતિક નિયમનું પાલન કરવામાં દિવ્ય તત્ત્વો એની સહાયમાં હંમેશાં છે એવી નિશ્ચલ શ્રદ્ધા એવા માણસમાં મૂર્તિમંત થયેલી હોય જ છે.

સુખનું સાધન

મુનિશ્રી સંતબાલજી

એકેએક માણસને સુખ મેળવવાની ઇચ્છા થાય છે, પણ એને તે મળતું નથી એનું કારણ શું ? આપણે આપણા અંતરને પૂછીએ કે સુખ માટેની તીવ્ર જિજ્ઞાસા જાગી છે ખરી ? જો ધન કમાવાની ઇચ્છા જાગે છે તો માણસ તેને માટે રાતદિન કેવો મથ્યા કરે છે ? ભૂખ અને ઊંઘ પણ જોતો નથી. છે આવી સુખની ઝંખના ? ખરું જોતાં આજે તો ક્યાંય સુખની ભૂખ જ નથી દેખાતી. એની જિજ્ઞાસા જ મરી ગઈ છે.

ગ્રીક તત્ત્વજ્ઞાની સોલન પાસે એક દુઃખી માણસ ગયો અને જઇને સુખની માગણી કરી, ત્યારે સોલને કહ્યું: ભાઈ! મારી પાસે સુખ નથી, પણ તને રસ્તો બતાવું. જા, તને કોઈ સુખી લાગે તેવા માણસનું પહેરણ લઈ આવ. પેલો માણસ તો રાજી થઈ ગયો. 'ઓહો ! એમાં શું ? ઘણાય સુખી માણસ છે. હમણાં લઈ આવું છું.' એમ કહેતાંની સાથે તે દોડ્યો. ગયો એક શહેરમાં. ત્યાં જઈને એક ખૂબ ધનાઢ્ય માણસનું ઘર શોધી કાઢ્યું. પણ ત્યાં શું જોયું ? સુખ નહોતું, કલેશ અને કંકાસ હતા. પોતાની જ પત્ની સાથે ઝઘડો ચાલતો હતો. આ ક્યાં સુખી છે ? એમ કહેતોક બીજે ગયો, પણ ત્યાં શારીરિક બીમારી હતી. ત્રીજે ગયો તો ત્યાં વળી બીજું જ કારણ દેખાયું. એમ ક્યાંય કોઈ સુખિયો માણસ ન દેખાયો. છેવટે કોઈએ કહ્યું : 'પેલા માણસ પાસે જા. સુખી છે.' દુખિયો તેની પાસે ગયો. પણ ત્યાં તો એના શરીર ઉપર પહેરણ જ ન હતું, એટલે શું માગે ? નિરાશ થઈને આખરે કોઈ યોગી પાસે ગયો. યોગીએ કહ્યું: "ભાઈ, જગતમાં એમ જ છે. જ્યાં પરિગ્રહ છે ત્યાં સુખ છે જ નહીં. સુખ માગ્યું મળતું નથી. કોઈ વસ્તુથી મળતું નથી. પણ આપણે જાતે ઉભું કરવું પડે છે. એનું નિવાસસ્થાન આપણા અંતરમાં છે." પહેલાં લોકો જંગલમાં જતા, કોઈ ધ્યાનમગ્ન યોગી પાસે બેસતા અને મૂક વાતાવરણમાંથી જ સુખનું સાધન મેળવી લેતા.

આજે જરૂરિયાતોનો ઘટાડો એ ત્યાગની દૃષ્ટિએ સુખનું સાધન છે. ખરી રીતે નીતિમય શ્રમની રોટી સુખ આપવામાં સૌથી મોટો ભાગ ભજવે છે. બહારથી માણસ ગમે તેટલું ધર્મધ્યાન કરે, પણ જ્યાં સુધી ધન અનીતિથી આવતું હોય, એ ધનનું અન્ન લેવાતું હોય અને એ અન્નનું લોહી બનતું હોય ત્યાં સુધી વિચારો શુદ્ધ રહી શકે કેવી રીતે ? અને વિચારો શુદ્ધ ના રહે ત્યાં સુધી શાન્તિ મળે ક્યાંથી ? અનીતિના પ્રકાર જુદા જુદા હોય છે. એને પારખવા માટે તો માણસ જાતે જ પોતાના અંતરમાં ડોકિયું કરે કે મારી આજની મહેનતના બદલામાં આટલું ધન બરાબર છે ? એટલે જ બાઈબલમાં ગરીબોની તારીફ કરી છે અને એટલી હદ સુધી કહી નાખ્યું છે કે, સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ જાય તો કદાચ માની શકાય, પણ એક ધનવાનને સ્વર્ગ મળે તે ન માની શકાય તેવી વાત છે. આમ દરેક શાસ્ત્રોએ એકી અવાજે કહ્યું છે કે, પરિગ્રહ એ જ સુખનો મહારિપુ છે અને અપરિગ્રહ સર્વ પ્રકારના સુખનો સાથી છે.

બાપુનું પાવનકારી સ્મરણ

મુકુલભાઈ

બાપુની પુણ્યતિથિના મંગળ દિને બાપુનું સ્મરણ થતાં હૃદય ભાવોદ્રેકતાથી ભરાઈ જાય છે. આજકાલની પરિસ્થિતિએ લોકોને એવા તો જકડી લીધા છે કે એ દશાથી પર રહીને બાપુએ દર્શાવેલા માર્ગે પ્રયાણ કરી જીવનોન્નતિ સાધવાને માટે સંયમ તેમ જ ધૈર્યની ખૂબ જ જરૂર આપણને રહે છે.



અરે, બાપુજી આપણી વચ્ચે હતા ત્યારે પણ એમને સમજવા તેમ જ એમને દર્શાવેલા માર્ગે પ્રયાણ કરવા પણ આપણે ક્યાં પૂરેપૂરા તૈયાર હતા! હજાર વરસે જગતમાં એકાદ વાર જન્મે એવા મહાપુરુષ આપણી ભૂમિ પર અવતર્યા; પણ આપણે નિદ્રાજડ અને અબુધ જનો એમની લોકોત્તર પ્રતિભાને સમજી શક્યા નહિ. વરસોથી આપણામાં ઘર કરી બેઠેલી નબળાઇઓ, સંકુચિતતા તેમ જ ધર્માંધતા એમનાં હૃદયની વિશાળતા અને ઉદાત્તતાને જીરવી ન શકી, અને અંતે એમનું બલિદાન લઈને જ તૃપ્ત થઈ!

એ બધું યાદ કરતાં એ કારમો ભૂતકાળ આંખ સામે તરી આવે છે. પરતંત્રતામાંથી મુક્તિ અપાવનાર, રાષ્ટ્રપિતાને નામે જગવિખ્યાત થનાર બાપુ જ આપણને અકારા થઈ પડ્યા!

એમની હત્યાને આગલે દિવસે ૨૯મીએ સાંજની પ્રાર્થના વેળાએ બાપુએ ઉચ્ચારેલા ઉદ્ગારોનું સ્મરણ જ્યારે જ્યારે થઈ આવે છે ત્યારે માથું શરમથી નીચું નમી જાય છે.

બાપુ પ્રાર્થનામાં બોલ્યા: "એક ભાઈએ મને કહ્યું; 'તમે બહુ ખરાબી કરી છે. શું એવી ને એવી ખરાબી કરવાનું ચાલુ રાખશો? એથી બહેતર છે કે અહીંથી તમે ચાલ્યા જાઓ. મોટા મહાત્મા છો તેથી શું થયું? અમારું કામ તો બગાડ્યા કરો છો! અમને તમે છોડી દો, અમને ભૂલી જાઓ. અહીંથી ભાગી જાઓ.' મેં પૂછ્યું કે, પણ હું ક્યાં જાઉં? તો તે ભાઈ કહે, 'હિમાલય જઈ બેસો.'"

બાપુજી આગળ જતાં બોલ્યા: "એ ભાઈએ મને ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું. કોઈ ગાળો સાથે લખે છે, તો કોઈ મને વિવેકથી લખે છે કે, 'અમારો કેડો છોડો. ભલે અમે દોજખમાં પડીએ. તમને અમારી શી પડી છે? તમે હવે જાઓ.' પણ કોઈના કહેવાથી મારાથી કેમ ભાગી જવાય? કોઈના કહેવાથી હું સેવક નથી બન્યો અને કોઈના કહેવાથી હું સેવક મટી નથી શકતો. ઈશ્વરની ઇચ્છાથી હું જેવો છું તેવો બન્યો છું. તેને જે કરવું

હશે તે કરશે. તેને ગમે તો મારી શકે. મારી સમજ પ્રમાણે હું હિમાલય કેમ નથી જતો? હા, ત્યાં રહેવાનું મને ગમે. એવું પણ નથી કે ત્યાં મને ખાવાપીવાનું ને પહેરવા ઓઢવાનું નહીં મળે. ત્યાં જવાથી શાંતિ પણ મળે. પણ હું અશાંતિમાંથી શાંતિ શોધું છું; અથવા એ અશાંતિની આગમાં બળી મરવા માગું છું. મારો હિમાલય અહીં જ છે, તમે બધા હિમાલય જાઓ તો મનેયે સાથે લઈ જજો!"

ખરેખર એ દિવસોમાં બાપુ તીવ્ર મનોમંથન અનુભવતા હતા. તેમને બધે અંધકાર છવાયેલો દેખાતો હતો. જાણે મૃત્યુના ભણકારા આખા વાતાવરણમાં અથડાતા હોય એમ લાગતું હતું. ૨૯મીને રાતે સૂવા જતા પહેલાં બાપુએ કંઈક બેચેની અનુભવતાં મનુબહેનને આ પંક્તિઓ સંભળાવી હતી:

"આશ્ચર્યભર્યું દિસે ખરે જગત આ...
તેમાં હશે ક્યાં સુધી આ રમત રમવાની મારે?"

બાપુએ લખેલા છેલ્લા પત્રમાં પણ બાપુ મૃત્યુની જ ફિલસૂફી સમજાવે છે: "મૃત્યુ મિત્ર સચ્ચા હૈ. હમારા અજ્ઞાન હમકો દુઃખ દેતા હૈ. આત્મા તો કલ થી, આજ હૈ, ભવિષ્યમેં રહેંગી. શરીરકો જાના હી હૈ. ફર્જ અદા કરનેમેં ઔર સાવધાન બનો."

વળી અવસાનના થોડા કલાક અગાઉ કોલંબિયા બ્રૉડકાસ્ટિંગ સિસ્ટિમનાં ખાસ ખબરપત્રી શ્રીમતી માર્ગરેટ બર્ક વ્હાઈટને મુલાકાત આપતાં બાપુએ કહેલું: "જગતમાં જે ભયંકર બનાવો બની રહ્યા છે, તેથી આવી અંધકારમય પરિસ્થિતિમાં હું જીવવા ઇચ્છતો નથી. મેં સવાસો વરસ જીવવાની આશા જ પડતી મેલી છે!"

આપણને જગતમાં અનેક એવા સવિનય સત્યાગ્રહને માર્ગે ઝૂઝતાં તેમ જ જગત જ્યારે હિંસાત્મક માર્ગે પોતાની સત્તાનું વર્ચસ્વ જાળવવા વધારે ને વધારે ભયંકરતા તરફ પ્રયાણ કરી રહ્યું હતું, ત્યારે આપણને સત્ય અને અહિંસાનો ઉપદેશ નિર્ભયપણે આપી એ પવિત્ર માર્ગે આપણને ચાલતાં બાપુએ શીખવ્યું અને છેવટે તેઓ પોતાની એક સિદ્ધિ—દેશની આઝાદી—સફળ કરવા શક્તિશાળી થયા અને ત્યાર પછી બાપુજી કયા પ્રકારનું 'હિંદ સ્વરાજ' સ્થાપવા માગતા હતા તેનો સુઅવસર આવી લાગ્યો હતો, ત્યારે જ આપણા દેશબાંધવોમાં રહેલી નબળાઈઓએ પોતાની કુરૂપતા પ્રગટ કરી. બાપુ તો વારે વારે કહેવા લાગ્યા: "જે લોકો જમાનાઓથી ભાઈ ભાઈની જેમ એકબીજાની સાથે રહેતા આવ્યા છે તે જ લોકો આજે એકબીજાના દુશ્મન કેમ બન્યા તે વિચારતાં મારી મતિ મૂંઝાઈ જાય છે. મારા શરીરમાં શ્વાસ લેવાની શક્તિ રહેશે ત્યાં સુધી હું કહેતો રહીશ કે આવું ન જ બનવું જોઈએ. મારા હૃદયની વ્યથાથી અકળાઈને હું દરરોજ, બલકે હર ઘડીએ ઈશ્વરને પોકારીને પ્રાર્થના કરું છું કે આ ભૂમિમાં શાંતિ કરી દે. અને જો શાંતિ થવાની ન હોય તો મારી પ્રાર્થના છે કે મને બોલાવી લે."

અરે, જગત જેમના આદેશ સમજવા મીટ માંડીને બેઠું છે એ બાપુજીને કહેવું પડયું હતું: "એક જમાનામાં હિંદુસ્તાન મારી વાત સાંભળતું. આજે હું પાછળ પડી ગયેલો મણાઉં છું.... એક જમાનામાં જનતા હું જે કંઈ કહેતો તેને અનુસરતી, મારો પડ્યો બોલ ઝીલી લેતી. આજે મારો સૂર તદ્દન એકાકી છે."

અરે, બાપુજીને આપણા 'રાષ્ટ્રપિતા' બનાવી જગતમાં ગૌરવભેર વિચરવા [અનુ॰ પૃ॰ ૩૧૬મે]



ગુરુદેવની ગીતાંજલિ

ગુરુદયાલ મલ્લિકજી

જાણી દેવ રહું હું આઘો, નિજ જાણી આદર નવ કરતો,
પિતા કહી ચરણે શિર નામું, બંધુ કહી તવ હાથ ન ધરતો.

પોતે તું અહિં સહજે જ્યાં જ્યાં,
પ્રેમે મુજ થઈ આવે ત્યાં ત્યાં,
સુખથી હૃદય સરીસો દાબી, સાથી કહી તુજને નવ ધરતો.

ભાઈ વિષે વસતો બની ભાઈ,
તો યે નજર જુએ નવ મારી,
ભાઈ સાથે ધન મુજ વહેંચી હાથ નહીં તારા કદી ભરતો.

વહાર કરી સૌનાં સુખદુખમાં
ઊભું નવ તારી સન્મુખમાં,
ક્લાંતિરહિત કાર્યે ઝંપાવી જીવનનાં જલમાં નવ પડતો.

[અનુ૰ નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું ૭૭મું કાવ્ય સમજાવતાં પૂ૰ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા:

ગુરુદેવે એક કવિતામાં કહ્યું છે કે, 'જગતના દરિયા-કિનારે બધાં બાળકો ભેગાં થાય છે.' વળી બીજી એક કવિતામાં પણ તેમણે દર્શાવ્યું છે કે, સૌ લોકોના સમાગમમાં પ્રભુનો સ્પર્શ અનુભવવો, એ આપણો સાચો માનવ-સ્વભાવ છે. તેથી જો આપણે પ્રભુના સ્પર્શનો અનુભવ કરવો હોય તો સૌની સાથે તાદાત્મ્યભાવ અનુભવવો જોઈએ, સૌની સાથે એકરૂપ બનવું જોઈએ.

બાળકની જેમ આપણો આત્મિક સ્વભાવ પણ બધાં સાથે સુમેળ સાધવાનો છે, જુદાઈનો નથી જ. જન્મીએ છીએ ત્યારે આપણે કોઈ હિંદુ નથી, મુસલમાન નથી, ઈસાઈ નથી, પારસી નથી; પણ માત્ર માનવ જ હોઈએ છીએ. આપણો આંતરિક સ્વભાવ જ એકતાનો છે. પણ મોટા થતા જઈએ તેમ જુદાઈ વધતી જાય છે.

પણ આત્મા તો સત્યને ઓળખવાની, સત્યને શોધવાની જ વૃત્તિ રાખે છે. રસ્તા પરથી પસાર થતા હોઈએ અને કોઈ માણસ મોટર તળે આવી જાય ત્યારે આપણે તરત જ તેની મદદે દોડી જઈએ છીએ. તે વખતે આપણે જોવા નથી બેસતા કે તે હિંદુ છે કે મુસલમાન, ખ્રિસ્તી છે કે પારસી. કારણ કે તે વખતે સાચો માનવપ્રેમ આપણામાં જાગ્રત થાય છે. અને દુઃખમાં તો ભેદભાવ ભૂલી જ જવાય છે.

ભેદભાવ જેમ વધતો જાય તેમ જીવનમાં સડો વધતો જાય. ફકીર લોકો જાતને ભૂલીને, 'હું હું'ને ભૂલીને 'તું તું'જ કહ્યા કરે છે. અને ત્યારે તેમના જીવનમાં સાચી માનવતાનું માધુર્ય પ્રગટે છે. એક વાર કોઈ માણસે કબીર સાહેબને પૂછ્યું: 'મૈના ગાય છે ત્યારે આટલું મીઠું કેમ લાગે છે?' કબીર સાહેબે કહ્યું: "કારણ કે એ 'મૈં ના' છે. એ પોતાને ભૂલીને ગાય છે: 'મૈં ના' એટલે 'હું નહિ.' અને બકરી તો 'મૈં મૈં મૈં' કરે છે એ ક્યાં મીઠું લાગે છે? કારણ કે 'મૈં' તો હમેશાં અહંથી ભરેલો જ હોય છે." અહંકારને પોષનારી વસ્તુ તે ભેદભાવ, જુદાઈનો ભાવ છે. ભેદભાવ કે જુદાઈની વૃત્તિ ઝેરસમાન છે.

તેથી સેવાનો માર્ગ ભેદભાવ ભૂલવા માટે છે. સેવા કરનારના મનમાં ભેદભાવ, ઊંચનીચ ભાવ, જુદાઈનો ભાવ ન જ હોય. ઇસ્પિતાલમાં નર્સ હોય છે તે તો બધી કોમના માણસોની સેવા-ચાકરી કરે છે, ભેદભાવ ભૂલીને સેવા કરે છે. કોઈ કહેશે કે, તે પેટની ખાતર સેવા કરે છે. એમ ભલે હોય; પરંતુ જેટલી હદ સુધી તે ભેદભાવ ભૂલીને સેવા કરે છે તેટલી હદે તે માનવતાને જ પ્રાપ્ત કરે છે. વળી તે પોતે થાકેલી હોય તોયે દરદીના આરામ માટે તેના દિલમાં ચિંતા રહે છે.

મેળામાં હજારો યાત્રાળુઓ જાય છે. જુદી જુદી ભાવનાવાળા, જુદા જુદા પ્રાંતના, જુદી જુદી કોમના માણસો ત્યાં હોય. પણ તે સ્થળની યાત્રાની બાબતમાં બધા યાત્રી જ કહેવાય. ત્યાં જુદાઈ ન સંભવે. જે ભેદભાવ રાખે તે મેળાનો અર્થ જ સમજતો નથી. ભેદભાવને ભૂલીને હળવું-મળવું એનું નામ જ મેળો. ભેદભાવ ભૂલીને ખુલ્લા દિલથી એકબીજાને મળવા માટે જ આપણા ધર્મમાં મેળાનું અનુષ્ઠાન છે.

જે સમાજમાં પૈસાથી જ માણસનું માપ કઢાય છે તે સમાજમાં કલજુગ પ્રવર્તે છે. માનો કે નિમાજ પઢતી વખતે કોઈ ફાટેલ-તૂટેલ કપડાંવાળો ભાઈ નિમાજ પઢવા આવ્યો અને તેની પછી ખુદ બાદશાહ આવે તોપણ પેલાને હઠાવીને બાદશાહને સ્થાન આપવામાં ન આવે. જ્યારે આપણે ત્યાં તો પૈસાદારનું સ્થાન આગળ કરીને તેના અહમ્‌ને આપણે પોષીએ છીએ!

આપણે તો રોજ એવી પ્રાર્થના કરવી જોઈએ કે જેથી બાળકના જેવો આપણો સ્વભાવ રહે; જેમાં મોટા-નાનાનો, નાત-જાતનો, પ્રાંતીયતાનો તેમ જ બીજા કોઈ પણ પ્રકારનો ભેદભાવ ન રહે. બાપુજીએ

પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું સ્વતંત્રતા માટે અને એકતા માટે. વળી બાપુજી તો ગાતા: 'વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે.' પીડ 'પરાઈ.' પોતાનું દુઃખ નહિ પણ પરાઈ પીડા જે જાણે તે જ સાચો વૈષ્ણવજન સાચો ધર્મી. સાચા દિલથી એકબીજાની સાથે ભળી શકો તો જ અહંકાર ઓછો થાય. તેનો પણ ગર્વ ન કરતા. અહંકારને કાઢવો સહેલો નથી. એ તો બહુરૂપી જેવો છે; બહુ સૂક્ષ્મ છે. અને તે રહે છે પણ માથાની ઉપર. તે માથાને નશાથી અને પાગલપણાથી ભરી દે છે. સત્ય જાણવાની ઇચ્છા હોય, પ્રભુનો પ્રેમ અનુભવવો હોય, તેનો ચરણસ્પર્શ કરવો હોય તો આ અહમથી ભરેલા માથાને કપાવ્યે જ છૂટકો છે.

સૂફી લોકોમાં એક વાત પ્રચલિત છે. પ્રભુનો એક ભક્ત હતો. જગતની સેવા કરીને તેણે અહમને બને તેટલું ગાળી નાખ્યું હતું. તેને તક મળી અને તે પ્રભુને દ્વારે પહોંચ્યો. અંદરથી કોઈએ પૂછ્યું: 'કોણ?' ભક્ત જવાબ આપ્યો 'હું છું.' પ્રભુનું દ્વાર ખુલ્યું નહિ! જંગલમાં તે પાછો ગયો; ધ્યાન, તપ, જપ, સેવા ફરીથી કરવા લાગ્યો. વળી તક મળી અને તે પ્રભુને દ્વારે પહોંચ્યો. અંદરથી પ્રશ્ન આવ્યો: 'કોણ?' ભક્તે ઉત્તર આપ્યો: 'તું.' અને તરત જ બારણું ખુલી ગયું! અહંભાવનો, હુંકારનો નાશ કર્યા વિના પ્રભુ કેવી રીતે મળે?

વળી પ્રભુની પાસે જવું હોય તો એકલા એકલા નહિ જવાય. એકબીજાની સાથે સાથે જવું જોઈએ. પ્રભુ તો કહે છે: 'એકલા નહિ બબ્બેની જોડીમાં આવો, સાથે સાથે આવો' કારણ કે, 'God creates souls in pairs'-પ્રભુ તો જોડિયા આત્માને સર્જે છે. તેથી સૌની સાથે ભેદભાવ તજીને એકબીજાને મદદરૂપ થઈ, એકલપણાનો ભાવ તજી દઈને, વ્યક્તિને બદલે સમષ્ટિની સાથે તાદાત્મ્યભાવ કેળવીને આપણે આપણું જીવન વ્યતીત કરીએ તો જ પ્રભુનો સાક્ષાત્કાર થાય અને જીવનની સાર્થકતા અનુભવી શકીએ.

ગ્રાહક બંધુઓને

ચોથા વર્ષની શરૂઆતથી થયેલા ગ્રાહકોનાં લવાજમ આ બારમા અંકે પૂરાં થાય છે. આવતા અંકથી નવું વર્ષ શરૂ થાય છે.

લવાજમ મનીઑર્ડરથી મોકલવાની સૂચના ગયા અંકમાં અમે આપી હતી એ અનુસાર ગ્રાહક બંધુઓ તરફથી નવા વર્ષ માટે લવાજમ મળવાનું શરૂ થઈ ગયું છે. પરંતુ હજી ઘણાખરા ગ્રાહક બંધુઓએ અમારી એ વિનંતી પર જરૂરી ધ્યાન આપ્યું નથી. આવતો નવો અંક તારીખ મુજબ સૌને વખતસર મળી રહે એ માટે સૌ ગ્રાહક બંધુઓ મનીઑર્ડરથી લવાજમ જલદી મોકલી આપે તો અમને પણ અંક મોકલવામાં સરળતા થશે.

જો આપ મનીઑર્ડરથી લવાજમ મોકલવા ઇચ્છતા ન હો તો વી.પી.થી અંક મોકલવા અમને લખી મોકલશો. આપનો પત્ર મળ્યે અમે આવતો અંક આપની ઇચ્છાનુસાર વી.પી.થી મોકલશું, તો એ વી.પી. સ્વીકારી લેવા વિનંતી છે.

કેટલાક ગ્રાહક બંધુઓ સાવ મૌન જ રાખે છે. તેઓને આ વર્ષે અમારી વિનંતી છે કે અમને પત્ર લખી પોતાનો શો વિચાર છે તે દર્શાવે, જેથી નવા ગ્રાહક નંબરો નોંધવામાં અને અંકો મોકલવામાં અમને સરળતા થાય.

ખાખાખાપુ

બાપુનું પાવનકારી સ્મરણ [અનુ. ૩૧૨થી ચાલુ]

સમર્થ થયેલા આપણને બાપુજીને જાતે જ કહેવાનો અવસર આવ્યો : “ મને સાચા દિલથી રાષ્ટ્રપિતા કહીને ઓળખવામાં આવે છે. પણ તેમાં તથ્ય એટલું જ છે કે ૧૯૧૫ની સાલમાં દક્ષિણ આફ્રિકાથી હું પાછો આવ્યો તે પછી કોંગ્રેસ જેવી બની તેના ઘડતરમાં મારો ઘણો હાથ હતો. એનો અર્થ એવો થયો કે, આપણી પ્રજા પર મારી મોટી અસર પડી હતી. પરંતુ આજે એવો જ પ્રભાવનો દાવો હું કરી શકું તેમ નથી.”

આમ ચારે પાસથી વિષમ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ હતી. અને બધે વિસંવાદિતા પ્રસરેલી હતી. આવી દુઃસ્થિતિમાં બાપુજી આપણી પાસેથી ચાલ્યા જાય એમાં આપણે બીજા કોને દોષ દઈએ? આપણે જાતે જ પોષેલી, પંપાળેલી અને અપનાવેલી સંકુચિતતામાં બંધાઈ રહ્યા, હૃદયની વિશાળતા કેળવી શક્યા નહિ અને બધે દ્વેષભાવ જ ફેલાવ્યો. આપણામાં રહેલાં દુરિતો સામે ઝઘડવાને બદલે આપણે સત્યને અને પ્રેમને કચડવા લાગ્યા. આવા અંધકારમાં પણ બાપુજીએ આપણને સત્ય પ્રતિ દોરવા સતત પ્રયત્ન કર્યા. વેરનો બદલો વેર નહિ પણ પ્રેમ છે, એમ પદે પદે કહ્યા કર્યું. પણ બધા ભાન ભૂલ્યા હતા. જેમ જેમ બાપુજી સત્ય અને અહિંસાને વહેવારમાં વધારે ને વધારે ઉતારતા ગયા, તેમ તેમ આપણો વિચારપ્રવાહ એ ગુણોની વિરુદ્ધમાં વહેવા લાગ્યો. અને આપણા આચરણની તો વાત જ શી કરવી? આપણામાંના ઘણાને એમ લાગવા માંડ્યું કે, સત્ય અને અહિંસા એ નકામી વસ્તુ છે, એ અવ્યવહાર્ય છે અને એનું મહત્ત્વ વધવા દેવું ન જોઈએ. ખલીલ જિબ્રાને સત્ય જ કહ્યું છે: “જો તમે અને હું નર્યું સત્ય અને કેવળ સત્ય જ પાંચ મિનિટ સુધી કહીશું તો આપણા સઘળા મિત્રો આપણને છોડી જશે; જો દશ મિનિટ સુધી, તો આપણને દેશમાંથી હાંકી કાઢવામાં આવશે; જો પંદર મિનિટ સુધી, તો આપણને ફાંસીએ ચડાવશે.”

ભગવાન ઈશુ, સોક્રેટિસ વગેરે સત્યવક્તા મહાત્માઓની એ જ સ્થિતિ થઈ હતી. બાપુજીનું પણ બલિદાન લેવામાં આવ્યું! બાપુજીએ જાણે આપણાં પાપોનું પ્રાયશ્ચિત કર્યું. હવે આપણને અંદરથી પ્રતીતિ થવા લાગી છે કે, આ મહત્પાપમાંથી શી રીતે છૂટી શકાય? આપણે પણ પ્રાયશ્ચિત કરવું જ રહ્યું. બાપુની પુણ્યતિથિ આ વાતના સ્મરણને વધારે જાગ્રત કરાવે છે અને ખરેખર એ પાવનકારી દિવસ આપણા પ્રાયશ્ચિત્તનો જ દિવસ બને છે. આ વાતનું ભાન થતાં ગુરુદેવના શબ્દો યાદ આવે છે:

“એકબીજાને તેઓ પૂછે છે, ‘કોણ આપણને માર્ગ બતાવશે?’

પૂર્વદેશનો વૃદ્ધજન બોલ્યો:
‘આપણે જેને માર્યો છે તે જ બતાવશે.’
સૌ કોઈ નિરુત્તર અને નતશિર થઈ ઊભા રહ્યા. વૃદ્ધજન ફરી બોલ્યો:

‘સંશયના માર્યા,
આપણે તેનો અસ્વીકાર કર્યો; ક્રોધના માર્યા આપણે તેની હત્યા કરી; હવે પ્રેમપૂર્વક આપણે તેનો સ્વીકાર કરીશું, કેમ જે, મૃત્યુ દ્વારા તે આપણા સૌના જીવનમાં સંજીવિત થયો છે: તે જ મહા મૃત્યુંજય છે!”

આપણે પણ પ્રાયશ્ચિત કરી વિશુદ્ધ થઈએ અને બાપુના જીવનકાર્યને સમજવા અને જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ બનીએ એવી પ્રભુને પ્રાર્થના.

પ્રા રા બા પુ



પુના
ચિ. બાબા, ૨૫-૩-૪૬

મોહનલાલ વિષેનો [illegible] બહુ આઘાતક [illegible] તને [illegible] [illegible]. હવે તું તો ત્યાં છો ને [illegible] બધું તું સાચવે છે. એની તબિયત કેમ? [illegible] [illegible] [illegible] તેં લખ્યું છે? જે માર્ગે મોહનલાલ ગયા તે વાટે, મારે [illegible] વગર છે. તેમાં [illegible] [illegible] [illegible] [illegible]?



તારે તો મોહનલાલનું
નામ દીપાવવું છે. તેમ
કરવાની યોગ્યતા તારામાં
છે. ન હોય તે મેળવ.
બેઠી થા, જાગ ને આંખ
ખોલીને જો. તારા કર્તવ્યનું
પાલન કર.
તમને બન્નેને
બાપુના
આશીર્વાદ

પૂજ્ય બાપુજી સૌના 'બાપુ' જ હતા. મરણ જેવા દુઃખદ પ્રસંગોએ પૂ. બાપુજીના ઉદાત્ત તેમ જ સ્નેહભર્યા હૃદયનું દર્શન થયા વિના રહેતું નહિં. મૃત પ્રિયજનના સ્વજનોને એમની હાજરીથી કે એમના પત્રથી તીવ્ર દુઃખને સહન કરવાનું બળ અચૂક મળતું.

મારા પૂજ્ય પિતાશ્રી શ્રી. મોહનલાલભાઈ ખંઢેરિયાના સ્વર્ગવાસના ખબર સાંભળી પૂજ્ય બાપુજીએ મને પત્ર લખ્યો હતો. તેમાં પૂ. બાપુજીએ જીવન અને મરણની પોતાની ફિલસૂફી સમજાવી છે. અને હિંમત અને આશ્વાસન પણ આપ્યાં છે. સાથે સાથે ફરજ પણ સમજાવી છે. 'પ્યારાબાપુ'ના વાચકોને એ પત્ર અવશ્ય પ્રેરણાદાયી થઈ પડશે એમ માનું છું.

—તારામતી જસાણી

ચિ૦ તારા,

મોહનલાલ વિષે મને સતીશે ખબર આપ્યા કે તરત તને વાંકાનેર કાગળ લખ્યો. હવે તું તો ત્યાં છો ને બહુ મૂંઝાય છે, એમ બાળ લખે છે. એવી નિર્બળ કેમ? કોઈનું કોઈ અમર થયેલ તેં જાણ્યું છે? જે માર્ગે મોહનલાલ ગયા તે તારે, મારે ને બધાયે જવું જ છે. તેમાં હર્ષ શો, શોક શો? સ્વાર્થનો કે? તારે તો મોહનલાલનું નામ દીપાવવું છે. તેમ કરવાની યોગ્યતા તારામાં છે. ન હોય તે મેળવ.

બેઠી થા, જાગ ને આંખ ખોલીને જો. તારા કર્તવ્યનું પાલન કર.

પટના, ૨૫-૩-૪૭

તમને બન્નેને
બાપુના આશીર્વાદ

જીવનનું રહસ્ય અને જીવનની સમૃદ્ધિ ....

દિલખુશભાઈ દિવાનજી



પ્રખ્યાત લેખક વીલા ડુરાંએ હિંદુસ્તાનમાં લાંબો વખત રહ્યા હતા. ૧૯૩૦–૩૧ની લડત અંગે 'કેઈસ ઑફ ઇન્ડિયા' નામે એક સરસ પુસ્તક તેમણે લખેલું. જીવન અને સમાજના ઊંડા અભ્યાસી તરીકે એમણે 'મીનીંગ ઑફ લાઈફ' નામે ઉત્તમ પુસ્તક વીસ વર્ષ પહેલાં પ્રગટ કરેલું. જગતના મહાન તેમ જ કેટલાક સામાન્ય મનુષ્યોને પણ તેમણે જીવનના રહસ્ય અંગે પ્રશ્નાવલિ મોકલેલી. પ્રશ્નો બહુ ટૂંકા છતાં મુદ્દાસર હતા. ૧૯૩૧માં બાપુને પણ તેમણે એ પ્રશ્નાવલિ મોકલેલી હતી. બાપુએ એના ટૂંકા છતાં રહસ્યપૂર્ણ જવાબ આપેલા.

વીલા ડુરાંએ બાપુને લખેલું: "તમે થોડો સમય કાઢી મને જણાવવા કૃપા કરશો કે :-

(૧) તમારે માટે જીવનનું રહસ્ય શું છે?

(૨) જો ધર્મ તમને કંઈક મદદરૂપ થઈ પડતો હોય તો તેમાંથી કઈ જાતની મદદ તમને મળે છે?

(૩) તમે કયા બળ પર જીવન ચલાવી રહ્યા છો?

(૪) તમારા જીવનમાં પ્રેરણા અને બળ ક્યાંથી મળી રહે છે?

(૫) તમારા જીવનની પ્રવૃત્તિઓનો હેતુ અથવા તેનું સંચાલન-બળ શું છે?

(૬) તમને જીવનમાં આશ્વાસન અને સુખ ક્યાંથી મળી રહે છે?

(૭) તમારા જીવનની સમૃદ્ધિ શામાં રહેલી છે?

ટૂંકમાં તમારે લખવું પડે તો ટૂંકમાં જ લખો. જો તમારાથી બની શકે તો ફુરસદથી લંબાણપૂર્વક જવાબ આપો. કારણ કે તમારા જવાબનો એકેએક શબ્દ મને બહુ કીમતી નીવડશે."

બાપુએ સાબરમતી આશ્રમથી જવાબ મોકલેલા. એ જવાબો 'મીનીંગ ઑફ લાઈફ' પુસ્તકમાં પ્રગટ કરતાં વીલા ડુરાં લખે છે:

"હવે હું એવા એક મહાન પુરુષના જવાબ ઉતારું છું જેમના જીવનમાં ધર્મ મૂર્તિમંત થયેલો દેખાય છે. એમના જીવનમાં રહેલું એ ધર્મનું બળ માનવ-વિકાસ તેમ જ લોક-કલ્યાણમાં ખૂબ અસર પહોંચાડી શકે છે."

આટલી પ્રસ્તાવના પછી બાપુનો વીલા ડુરાં પરનો પત્ર આપ્યો છે:

સાબરમતી, ૨૨–૭–૩૧

પ્રિય મિત્ર,

તમારો ૫મી જૂનનો પત્ર મળ્યો. હવે તમારા પ્રશ્નોનો જવાબ આપું છું.

(૧) મારે માટે જીવન એક મહાન સત્ય છે, કારણ કે જીવનને હું પરમાત્માના અંશ તરીકે ઓળખું છું.

(૨) લૌકિક નહિ પણ તેના વિશાળ અર્થમાં ધર્મની મદદથી હું પરમાત્માની ઝાંખી કરવા મથી રહ્યો છું. જ્યાં સુધી નૈતિક દૃષ્ટિનો પૂર્ણ વિકાસ નથી થયો હોતો ત્યાં સુધી એ ઝાંખી થઈ શકતી નથી. આથી મારે માટે ધર્મ અને નીતિ એક જ છે.

(૩) એ સંપૂર્ણ સાક્ષાત્કારના પ્રયત્નમાં જ મારું જીવન હું નભાવી રહ્યો છું.

(૪) મારામાં જે કંઈ પ્રેરણાનું બળ અને કાર્યશક્તિ રહેલાં છે તે આ પ્રયત્નનું પરિણામ છે.

(૫) જીવનના ધ્યેયનો ઉલ્લેખ તો આગળ જ કરેલો છે.

(૬) જીવમાત્રની સેવામાંથી જ મારું આશ્વાસન અને સુખ મને મળી રહે છે. કારણ કે જીવમાત્રમાં પરમાત્મા વ્યાપી રહ્યો છે.

(૭) અંધકાર અને આસુરી બળો સામે ઝૂઝવામાં જ જીવનની સમૃદ્ધિ મને મળી રહે છે.

જો બની શકે તો મારે નિરાંતે અને લંબાણથી લખવું એવી તમારી માગણી છે. મારે કમનસીબે મને નિરાંત મળતી નથી અને તેથી લંબાણથી લખવું મારે માટે અશક્ય છે.

તમારો

(સહી) મોહનદાસ ક. ગાંધી

બાપુના આ જવાબ વિશે વિવેચન કરતાં વીલા દુરાં લખે છે:

“આ કંઈ બહુ સંતોષકારક ન કહેવાય. પરંતુ એમના જેવા અતિશય વ્યવસાયી મહાપુરુષ પાસેથી આટલો પણ જવાબ મળે એ માટે આપણે એમનો ઉપકાર માનવો જોઈએ. એમને એક ખંડ જેવડા દેશની ચિંતા લઈને ફરવું પડે છે. ૩૨ કરોડની પ્રજાની સ્વતંત્રતા માટે એ મથી રહ્યા છે. સાબરમતી આશ્રમમાં સૂર્યોદય થતાં પહેલાં જે ભજનો તેઓ ગાય છે એમાં રહેલા ધર્મ કરતાં આમાં એમના ધર્મનું સ્વરૂપ કંઈક જુદું જ લાગે છે. હિંદુ ધર્મ તેમ જ ખ્રિસ્તી ધર્મમાં જે પુનર્જન્મવાદથી લોકોનાં મન વ્યથિત થતાં હોય છે એનો આમાં ઉલ્લેખ પણ નથી. ગાંધીજીના આ સામાન્ય અને આધુનિક લાગતા ધર્મ-તત્ત્વથી સાચે જ રૂઢિચુસ્ત બ્રાહ્મણો અને ભક્ત જૈન વર્ગ કંઈક ખળભળી ઊઠશે; કારણ કે એમને તો એ વર્ગો પોતાના નેતા અને સંતપુરુષ લેખે છે.”

* * *

કળા જો સાચી હોય તો તે આ ઇન્દ્રિયલોકમાં અતીન્દ્રિયની ઝાંખી કરાવે છે—વાણીમાં, મંત્રમાં, ધ્યાનમાં. અર્થાત જે જીવનમાં ગૂઢ જ રહે છે તેને પ્રગટ કરવું એ મહાન કળાનું કાર્ય છે.

દરેક સાચા સર્જન-કાર્યમાં એમ જ હોય છે. તે માણસને નીચેની સૃષ્ટિમાંથી ઊંચકીને ઉપરના ધ્યાનલોકમાં લઈ જાય છે. એ મુક્તિનું કામ છે—ચેતનાની મુક્તિનું. યોગમાં પણ એમ જ બને છે.

— શ્રી અરવિંદ

બમણું વરદાન

નાનાભાઈ ભટ્ટ

પ્રેમજી અને શિવલાલ બે સગા ભાઈઓ; શિવલાલ મોટો અને પ્રેમજી નાનો. માબાપ પ્રેમજીને ધાવણો મૂકીને મરી ગયાં એટલે શિવલાલે પ્રેમજીને મોટો કર્યો અને પરણાવ્યો. પ્રેમજી પરણીને જુદો થયો અને શિવલાલે બાપદાદાના ઘરનો અડધો ભાગ પ્રેમજીને કાઢી આપ્યો.

પ્રેમજી પોતાના ઘરનું માંડ માંડ માગી ભીખીને પૂરું કરતો. એક વાર એને તુક્કો સૂઝ્યો એટલે તપ કરવા માટે હિમાલય ચડ્યો. ને ત્યાં શંકરને પોતાની તપશ્ચર્યાથી પ્રસન્ન કર્યા. ભગવાન શંકર પ્રેમજી ઉપર પ્રસન્ન થયા એટલે પ્રેમજીએ વરદાન માગ્યું: 'હે ભોળાનાથ, હું મનમાં જે જે ઇચ્છું તે તે મને અનાયાસે મળે જ મળે એટલું મને વરદાન આપો.' શંકર 'તથાસ્તુ' કહીને અંતર્ધાન થઈ ગયા અને પ્રેમજી ઘેર આવ્યો.

ઘેર આવીને પ્રેમજીએ તો એક મહેલની, એક સારા એવા બાગની, ઘરની કિંમતી ઘરવખરીની અને એવી એવી ઇચ્છાઓ મનમાં કરી અને તેને ઇચ્છા પ્રમાણે બધું મળી પણ ગયું.

શિવલાલ પ્રેમજીની સ્થિતિમાં આવો અચાનક ફેરફાર જોઈને વિચારમાં પડ્યો અને તપાસ કરતાં તેને જણાયું કે આ તો શંકરના વરદાનનો મહિમા છે. એટલે શિવલાલને પણ તપ કરવાનું મત થયું. શિવલાલ પણ હિમાલય ગયો અને ત્યાં તપ કરીને શંકરને પ્રસન્ન કર્યા. વરદાન માગવાનો વખત આવ્યો ત્યારે શિવલાલે માગ્યું: 'હે શંભુ, મારા ભાઈ પ્રેમજીને જે જે મળે તે તે મને ઇચ્છા કર્યા વિના પણ મળે અને પ્રેમજીને મળે તેથી બમણું મળે એવી કૃપા કરો.' શંકર 'તથાસ્તુ' કહીને વિદાય થયા અને શિવલાલ ઘેર આવ્યો; ત્યાં તો બે મહેલો, બે બે બગીચાઓ, બમણી ઘરવખરી વગેરે જોયાં અને રાજી રાજી થઈ ગયો.

પ્રેમજી શંકરના વરદાનમાં મહાલતો હતો ત્યાં શિવલાલને આંગણે તેણે પોતાના કરતાં વધારે સમૃદ્ધિ જોઈ એટલે તપાસ કરી તો જણાયું કે શિવલાલે પણ મહાદેવને પ્રસન્ન કર્યા છે અને પ્રેમજીને મળે તે બધું જ શિવલાલને બમણું બમણું મળે એવું એને વરદાન મળ્યું છે.

આ જાણીને પ્રેમજી મૂંઝાયો. પ્રેમજી અને તેની વહુ બંનેએ એકઠાં મળીને ઘણો વિચાર કર્યો: 'જેઠાણી તો હંમેશાં મારાથી ચડિયાતાં ને ચડિયાતાં જ રહેવાનાં? રસ્તો તમે દેખાડ્યો પણ તમને માગતાંય ન આવડ્યું.' પ્રેમજીને સૂઝી આવ્યું, 'અરે તું ગભરા નહિ. હમણાં ભાભી ને મોટાભાઈ બંનેને હાથ ઘસવા પડે એવું કરી દઉં છું.'

પ્રેમજીએ મનમાં ઇચ્છા કરી: 'મારી એક આંખ ફૂટી જાઓ.' તરત જ પ્રેમજીની એક આંખ ફૂટી ગઈ અને શિવલાલની બંને આંખો ફૂટી ગઈ! બંને આંખોના કૂવા થયા. એટલે શિવલાલ તો ગભરાઈ ગયો અને મહાદેવને પ્રાર્થના કરી એટલે મહાદેવ હાજર થયા.

શિવલાલ ગળગળો થઈને બોલ્યો: 'ભોળાનાથ! મારું તો નખ્ખોદ જવા બેઠું છે, આ બે આંખો ગઈ; હવે કાન જાય, હાથ જાય, પગ જાય....બધું જશે. મારું વરદાન પાછું લઈ લ્યો; હું (અનુ૦ પૃ૦ ૩૨૭મે પાને)

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

જેને આપણે જોયું છે, જાણ્યું છે અને પોતાનું માન્યું છે તેની તરફ આપણું આકર્ષણ થાય એ સ્વાભાવિક છે. જેની સાથે પરિચય છે તેની તરફ દોડવાની ઇચ્છા થાય એ યોગ્ય છે. પરંતુ મનુષ્યનો સ્વભાવ એવો વિચિત્ર છે કે જેનું એણે કદી દર્શન કર્યું નથી, જેને વિશે કશું સાંભળ્યું નથી, જેનાં નામ-ઠામ કશાની જાણ નથી એવી કોઈ અજ્ઞાત વસ્તુની પણ તેને લગની લાગે છે. અને તે અજ્ઞાતને પોતાનું જીવન-સર્વસ્વ સમર્પિત કરીને તેને માટે તે પાગલ પણ બની જાય છે.

અને એક વાર ધૂન લાગી કે તેને એની એટલી આદત પડી જાય છે કે, પોતે ક્યાં જઈ રહ્યો છે, શું ચાહે છે, પોતાની પ્રવૃત્તિનો ઉદ્દેશ શો છે એની પણ શૂધ તેને રહેતી નથી. જો કોઇ તેને પૂછે, “અરે ભાઈ, તમે આમ શા માટે કરો છો?” તો તે કહેશે: “મને માલૂમ નથી. કોઈ વખત માલૂમ હશે, પણ હમણાં હું ભૂલી ગયો છું. હવે તો ‘પડિલે વળણ ઇન્દ્રિયાં સકલાં’ બધી ઇન્દ્રિયોને એ આદત જ પડી ગઈ છે. તેથી હું આમ કરું છું. હવે મારે માટે શક્ય એવું બીજું કશું રહ્યું નથી.”

નાનાં બાળકો એકાદ ધૂન લઈને હઠ પકડી રડવા લાગે છે. કેટલોક વખત પછી કઈ હઠ પકડીને તેઓ બેઠાં છે એ તેઓ ભૂલી જાય છે. પણ તેઓનું રડવાનું તો ચાલુ જ હોય છે. એક તરફ રડવું ચાલુ રાખીને સાથે સાથે બીજી ક્રિયાઓ પણ શરૂ થાય છે અને ચાલ્યા કરે છે. પરંતુ તેઓનું રડવાનું પૂરું થતું નથી.

મોટા મોટા સાધકો પોતાનાં ઘરબાર, કુટુંબકબીલો, વગેરે સર્વનો ત્યાગ કરીને ઉગ્ર સાધનામાં લાગી જાય છે, ભીષણ તપશ્ચર્યા કરે છે. તે તપસ્યા એટલી અલૌકિક હોય છે કે આખી દુનિયા આશ્ચર્યચકિત થઈ જાય છે. પરંતુ આગળ જતાં એ સાધનાની એવી આદત પડી જાય છે કે તે યંત્રવત્ ચાલ્યા કરે છે. પછી એમાં જરાયે દમ રહેતો નથી.

બાળકોને રડતાં રડતાં જ પોતાની હઠની યાદ આવી જાય છે અને હઠમાં પોતે ઢીલો પડી ગયો છે એનું ભાન થતાં જ તે પોતાની ઉપર ખીજાઇ છે અને મંદતાનો બદલો લેવા માટે ફરીથી જોરશોરથી રડવા લાગે છે. સાધકને પણ જ્યારે જાણ થાય છે કે, હું ઢીલો પડી ગયો છું, સુસ્ત બની ગયો છું, પોતાની તપસ્યાની અગ્નિ પર અનવધાનની રાખ એકઠી થઈ ગઇ છે, ત્યારે તે પોતાની ઉપર ગુસ્સે થાય છે અને ફરીથી પોતાની સાધના વધારે ઉગ્રતાથી ચાલુ કરે છે. ભક્તની બાબતમાં પણ એમ જ બને છે.

રવીન્દ્રનાથ ઠાકુરે, પારસમણિની શોધમાં નીકળેલા એક કીમિયાગરનું વર્ણન કર્યું છે. એની કમરમાં લોઢાની એક કટાર હતી,

આ રા આ ?

એને તે સોનાની કરવા માગતો હતો. જે પથ્થર નજરે પડતો, જે કંકર એના હાથમાં આવતો તેને ઉઠાવીને કમરે બાંધેલી કટારને ઘસીને જોવાનું તેણે શરૂ કર્યું. તે નાનો મટી મોટો થયો, જુવાન મટી વૃદ્ધ થયો, દેશ-દેશાંતરમાં રખડી આવ્યો, તોયે તેની એ આદત તો ચાલુ જ હતી. આગળ જતાં તેનું ધ્યાન એક બાજુ હોય અને બીજી બાજુ ક્રિયા યંત્રવત્ ચાલ્યા કરે, એવી સ્થિતિ થઈ. એમ કરતાં કરતાં વચ્ચે જ તેના હાથમાં પારસમણિ આવ્યો. તેણે એને પોતાની આદત પ્રમાણે લોઢાની કટાર પર ઘસીને ફેંકી દીધો. કટાર સોનાની થઈ ગઈ એ પણ તેના ધ્યાનમાં ન આવ્યું. કોણ જાણે કેટલા વખત પછી તેના ધ્યાનમાં આવ્યું કે કમરે પરની કટાર સોનાની બની ગઈ છે.

તે આશ્ચર્યચકિત થયો, આનંદિત પણ થયો, પરંતુ દુઃખ પામી રડવા લાગ્યો. તે કહેવા લાગ્યો: "મને પારસમણિ જડયો અને પાછો હું ખોઈ પણ બેઠો. મારી બધી સાધના એળે ગઈ. ફરક માત્ર એટલો જ પડ્યો કે પારસમણિ જેવી કોઈ ચીજ સાચેસાચ આ દુનિયામાં છે કે નહીં, એ બાબતમાં મને જે થોડો સંદેહ હતો તે હવે જતો રહ્યો. મને ખાતરી થઈ કે તે આ દુનિયામાં છે ખરો. પણ હવે તેને શી રીતે પ્રાપ્ત કરું? ચાલ, જે રસ્તે હું આવ્યો તે રસ્તે પાછો જાઉં. અને ફરી એક વાર દરેક પથ્થર અને કંકરને તપાસું. હવે પહેલાંની માફક ગફલત ન થવી જોઈએ." નિશ્ચય તો કર્યો, પરંતુ હવે પહેલાંની જિંદગી ક્યાંથી લાવવી? યશ હાથમાં આવ્યો પણ કામમાં ન આવ્યો.

પરંતુ શબરીનું એવું ન થયું. બચપણમાં તેને ઋષિઓએ કહ્યું હતું કે શ્રીરામચંદ્રજી કોઈ ને કોઈ વાર એ વનમાં આવવાના છે. શબરી શ્રદ્ધાથી પ્રતીક્ષા કરવા લાગી. એ પ્રતીક્ષા તેની સાધના બની ગઈ. તે નાની બાળકી મટી મોટી થઈ, તોયે તેની પ્રતીક્ષા ચાલુ જ રહી. આગળ જતાં જુવાની જતી રહી, વાળ ધોળા થયા, ચહેરા પર કરચલી પડી ગઈ, આંખો નિસ્તેજ બની ગઈ, પરંતુ તેની પ્રતીક્ષામાં ભંગ ન પડ્યો. છેવટે તેને શ્રીરામચંદ્રજીનાં દર્શન થયાં અને તે કૃતકૃત્ય બનીને, હવે જીવવાનો કશો અર્થ ન રહેવાથી વિદેહાવસ્થાને પામી.

આ સૃષ્ટિને આપણે જડ કહીએ છીએ, પરંતુ એમાં પણ અજ્ઞાતની 'અજ્ઞાત સાધના ચાલે જ છે. હરેક કળીને માલૂમ છે કે તેને પહેલાં કદી ન જોયેલા એવા પ્રકાશનું દર્શન થનાર છે. પહાડ પરના ઝરણાને ગીત ગાતાં કોણે શીખવ્યું? પરંતુ તેના આત્માને પહેલાં કોઈક વાર સાંભળેલી સિંધુગર્જનાનું સ્મરણ છે. અને તે એનું સ્મરણ કરી કરીને જેવું આવડે છે તેવું ગાય છે. ઝરણાને ભૂગોળ-વિદ્યાનું જ્ઞાન હોતું નથી. કઈ નદી ક્યાં અને કેવી રીતે વહે છે એનો પણ તેને ખ્યાલ હોતો નથી, તોયે તે જીવન-ધર્મને અનુસાર જ્યાં માર્ગ મળે ત્યાં વહે છે. અને આખરે સમુદ્રને જઈને મળ્યા પછી જ તેની સાધના પૂરી થાય છે.

સમુદ્રનો પણ ભરતી-ઓટના રૂપમાં શ્વાસોચ્છ્વાસ ચાલે છે. આપણું હૃદય જે રીતે સતત ધબક્યા કરે છે તે જ રીતે સમુદ્રનું પાણી પણ ઉપર આવે છે અને નીચે જાય છે. ભરતી-ઓટની એ સાધનાને અંતે સમુદ્રને શું મળવાનું છે તે એને પણ

માલૂમ નથી. તોયે તેની સાધના લાખો વરસ થયાં ચાલ્યા જ કરે છે.

કામરૂપિણી સૃષ્ટિ પણ સતી પાર્વતીની માફક અનંત રીતે શિવની પ્રાસિને માટે સાધનાવ્રત પાળે છે. ગંગા જે રીતે સાગરને મળ્યા પછી પણ પોતાનું વહેવું ચાલુ જ રાખે છે, તે રીતે શિવની પ્રાપ્તિ થઈ તોયે આ સતી સૃષ્ટિને પોતાની સાધના છોડવાની ઇચ્છા થતી નથી. કારણ કે એ સાધના-અનુનયનો જ એક પ્રકાર છે. અદ્વૈતનો સાક્ષાત્કાર થયા પછી પણ સાધક રહેવામાં જ તે આનંદ માને છે. આ બધી લીલા ક્યારથી ચાલે છે એ કોણ જાણે છે? ભગવાન કાલને પણ જો પૂછીએ તો તે કદાચ કહેશે:–

‘યો અસ્યા: અધ્યક્ષ: પરમે વ્યોમન્
સ: અંગ। વેદ યદિ વા ન વેદ।’

કબે આમિ બાહિર હલેમ તોમારિ ગાન ગેયે–
સે તો આજકે નય સે આજકે નય।

ભુલે ગેછિ કબે થેકે આસછિ તોમાય ચેયે
સે તો આજકે નય સે આજકે નય।

ઝ઼રના જેમન બાહિરે જાય,
જાને ના સે કાહારે ચાય
તેમનિ ક'રે ધેયે એલેમ
જીવનધારા બેયે
સે તો આજકે નય સે આજકે નય।

કતઇ નામે ડેકેછિ જે,
કતઇ છબિ એંકેછિ જે,
કોન્ આનન્દે ચલેછિ, તા'ર
ઠિકાના ના પેયે–
સે તો આજકે નય સે આજકે નય।
પુષ્પ જેમન આલોર લાગિ,
ના જેને રાત કાટાય જાગિ,
તેમનિ તોમારઆશાય આમાર
હૃદય આછે છેયે–
સે તો આજકે નય સે આજકે નય॥

તારું ગીત ગાતો હું બહાર નીકળ્યો એ કંઈ આજકાલની વાત નથી. કોણ જાણે ક્યારનો હું બહાર પડ્યો છું. તને હું ક્યારનો સતત જોતો આવ્યો છું તે હું ભૂલી જ ગયો છું. તે પણ કંઈ આજકાલની વાત નથી.

ઝરણું જે રીતે પોતાના ઉગમમાંથી બહાર આવીને વહેવા માંડે છે, અને તે પણ નથી જાણતું કે તે કોને ચાહે છે; એ જ રીતે હું પણ મારી જીવનધારામાં વહેતો વહેતો દોડું છું, એ પણ બહુ જૂની વાત છે. હજી સુધી મને તેનું નામ-ઠામ માલૂમ નથી, તોયે હું તેને અનંત નામે બોલાવતો આવ્યો છું, તેની મેં કેટલીયે છબી પાડી છે. હું કયા આનંદથી તેની તરફ દોડી રહ્યો છું? એ પણ કંઈ આજકાલની વાત નથી.

જે રીતે પુષ્પ પ્રકાશનું ધ્યાન કરીને અણજાણતાં આખી રાત જાગીને વિતાડે છે, એ રીતે તારી આશામાં મારું હૃદય ભરેલું છે તે પણ આજકાલની વાત નથી.

સનાતન કાળથી મારો આ અભિસાર ચાલુ જ છે.

‘પ્યારાબાપુ’ અંગેનો કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર લખવા ભૂલશો નહિ. આપના સરનામામાં કશો ફેરફાર થયો હોય તો તે સ્પષ્ટ અક્ષરે લખશો.

બૌદ્ધધર્મની કથાઓ

(૬)

પદ્મનાભ શ્રી. જૈની

ભગવાન બુદ્ધ સંબોધિ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી એક વખતે તેમના પિતા રાજા શુદ્ધોદનના નિમંત્રણથી કપિલવસ્તુ નગરીમાં ભિક્ષા અર્થે આવ્યા હતા. બીજે જ દિવસે તેમના કાકાના પુત્ર નંદકુમારના લગ્ન થયા. ભગવાન બુદ્ધ ત્યાં ભિક્ષાર્થે ગયા. આવા મંગળ અવસરે ભગવાનને આવેલા જોઈ નંદને અપાર હર્ષ થયો.



ભોજન થયા પછી ભગવાન બુદ્ધે નંદકુમારના હાથમાં પોતાનું પાત્ર જાણે લગ્નમંગળની ભેટ તરીકે આપતા હોય તેમ આપ્યું! મંગળ આશીર્વાદ આપી ભગવાન જવા નીકળ્યા. પણ એમણે નંદના હાથમાંથી પાત્ર પાછું લઇ લીધું નહીં. નંદ પણ ભગવાન પ્રત્યેના ગૌરવ અને માનને લીધે 'ભગવન્! આપનું પાત્ર લઈ લો.' એમ બોલી શક્યો નહીં. પરંતુ તે મનમાં વિચારતો હતો કે, 'હમણાં ભગવાન પગથિયાં ઊતરી રહેશે એટલે પોતે જ મારી પાસે પાત્ર માગશે.' પણ ભગવાને તો પાત્ર પાછું માગ્યું જ નહિ! પછી પ્રાસાદના આંગણામાં

આરામા પુ

ભગવાન પાત્ર લઇ લેશે એ આશાએ નંદકુમાર મૂગો મૂગો તેમની પાછળ આવ્યો. પરંતુ ભગવાને પાત્ર નહીં જ લીધું. કુમારને પાછા જવાની ખૂબ ઇચ્છા થાય પણ ભગવાનને તે શી રીતે જણાવાય? ભગવાન હમણાં પાત્ર લઈ લેશે, અહીં પાત્ર લઈ લેશે, અમુક દ્વાર સુધી ગયા પછી મને પાછા જવાની રજા આપશે, એમ વિચાર કરતો તે ભગવાનની પાછળ અનિચ્છાએ ચાલવા લાગ્યો.

તે વખતે ત્યાં ભેગા થયેલા લોકોએ આ દૃશ્ય જોયું. તેઓ તરત નંદની પત્ની જનપદકલ્યાણીની પાસે ગયા અને બોલ્યા: 'આર્યે! ભગવાન તો નંદકુમારને લઈ જ જાય છે. તેને તમારો વિયોગ કરાવે છે.' એ સાંભળી જનપદકલ્યાણી છૂટા કેશ એમને એમ રાખી એકદમ બહાર ધસી આવી અને આર્ત સ્વરે પોકારીને નન્દને કહેવા લાગી: 'જલદી આવજો આર્યપુત્ર! ત્વરાથી આવજો!' એ વચન નન્દના હૃદયમાં તીક્ષ્ણ બાણની જેમ પેસી ગયું. જનપદકલ્યાણીના અશ્રુપૂર્ણ

મુખને જોઈ એ વિહ્વળ બની ગયો. પણ ભગવાન તો નિશ્ચલ રહી નંદના હાથમાંથી પાત્ર લીધા વિના ચાલતા થયા.

જ્યારે તેઓ બંને વિહારમાં આવ્યા ત્યારે ભગવાન બોલ્યા: "કેમ નન્દ! તારે પ્રવ્રજ્યા લેવી છે?" બિચારો નન્દ શરમિંદો પડી ગયો. એનાથી ના પડાય એમ હતું નહીં, કારણ કે ભગવાન પ્રત્યે એને ખૂબ જ આદર હતો. 'હા ભગવન્!' એટલું કહીને તે સ્તબ્ધ ઊભો રહ્યો. ભગવાને એને પ્રવ્રજ્યા આપી અને નન્દકુમાર ભિક્ષુ બન્યો. એણે કેશ-મુંડન કર્યું અને કાષાય વસ્ત્રો ધારણ કર્યાં.

પરંતુ પરાણે ગ્રહણ કરેલા ભિક્ષુજીવનમાં નન્દને ક્યાંથી રસ પડે? કલ્યાણીના મિલનની તે ઉત્કંઠાથી રાહ જોતો હતો અને દિવસે દિવસે તે વધારે ને વધારે દુ:ખી થવા લાગ્યો. અને એક દિવસે તેણે પોતાના સાથી ભિક્ષુઓને કહ્યું, "આયુષ્માન! હું અહીં અસંતોષથી બ્રહ્મચર્યનું પાલન કરું છું. મારાથી હવે બ્રહ્મચર્યનું પાલન નહીં થાય. હું કદાચ હીનપણે વર્તન કરવા લાગી જઈશ એમ મને ખાતરીથી લાગે છે." ભગવાનના કાન પર આ વાત ગઈ. એટલે ભગવાને તેને બોલાવીને પૂછ્યું: "નન્દ! તું શા કારણે અસંતુષ્ટ છે? શાથી તું બ્રહ્મચર્યનો ભંગ કરવા તૈયાર થયો છે?"

નન્દ ખિન્ન વદને બોલ્યો: "ભન્તે! હું ઘેરથી નીકળ્યો ત્યારે જનપદકલ્યાણીએ આંસુ સારતાં કહ્યું હતું: 'જલદી આવજો આર્યપુત્ર! ત્વરાથી આવજો!' એની યાદમાં ભગવન્, હું પીડાઉં છું. મારું મન આ બ્રહ્મચર્યવાસમાં રમતું નથી અને ફરી ફરીને કલ્યાણીની યાદમાં જ રત થઈ જાઉં છું."

ત્યારે ભગવાને નન્દનો હાથ પકડ્યો અને પોતાના ઋદ્ધિબળથી તેઓ તુષિતસ્વર્ગમાં જવા ઉપડ્યા. માર્ગે એક વેરાન સ્થળમાં એક સુકાયેલા ઝાડ ઉપર એક કદરૂપી, ચક્ષુહીન અને રોગથી જર્જર બની ગયેલી મર્કટીને ભગવાને નન્દને બતાવી અને તરતજ સ્વર્ગલોકમાં પાંચસો અપ્સરાઓની વચ્ચે નન્દને લાવી ઊભો કર્યો. ભગવાને પૂછ્યું: "કેમ નન્દ! તેં જનપદકલ્યાણી જોઈ છે અને આ પાંચસો અપ્સરાઓને જો. એમાં વધારે સુંદર, અભિરામ અને દર્શનીય તને કોણ લાગે છે?"

નંદકુમાર તો અપ્સરાઓના સૌન્દર્યથી મુગ્ધ બની ગયો! તે બોલ્યો: "ભન્તે! આ અપ્સરાઓની તુલનામાં જનપદકલ્યાણી આપણે માર્ગમાં જોયેલી મર્કટી જેવી લાગે છે! આ અપ્સરાઓ સાથે એની તુલના શી રીતે થાય?"

ભગવાને નંદની મોહદશા જોઈને કહ્યું: "નન્દ! તું જે બ્રહ્મચર્યવાસમાં હમણાં રહીને ભિક્ષુજીવન ગાળે છે એમાં જ સંતોષથી જો તું રહેશે અને હું બતાવું એ રીતે શમ અને શાંતિથી જીવન વ્યતીત કરશે તો આવતે ભવે તને આ અપ્સરાઓ મળશે. એ માટે હું તને વિશ્વાસ આપું છું. સર્વ સંકલ્પ છોડી દઈને બ્રહ્મચર્યવાસનો સ્વીકાર કર."

નન્દ બોલ્યો: "ભગવાન! આપ પોતેજ આવું વચન આપો છો તો આ અપ્સરાઓને મેળવવા હું જરૂર બ્રહ્મચર્યવાસમાં રહીશ."

એટલે ભગવાન નંદને લઈ જેતવનવિહારમાં પાછા ફર્યા. નન્દ હવે અપ્સરાઓને મેળવવાના મોહમાં એક ચિત્તે વિહારમાં રહેવા લાગ્યો. આ જોઇને તેના સાથીદાર ભિક્ષુઓને તેની મૂઢતા પર અનુકમ્પા થઈ.

ભગવાનના આ પવિત્ર વિહારમાં ભિક્ષુ થઈને અપ્સરાઓ માટે જે ધ્યાન ધરે ને તપ આચરે તે મૂઢ જ કહેવાય ને! એટલે બધા ભિક્ષુઓ નંદની મશ્કરી કરવા લાગ્યા: 'અરેરે! આ નંદ તો ક્રીત છે! ભગવાને તેને વેચાતો લીધો છે. પાંચસો અપ્સરાઓની પ્રાપ્તિ માટે એ અહીં વિહારમાં રહે છે અને ભગવાનને એ માટે સાક્ષી રાખ્યા છે. ક્ષણભર સંયમ આચરવા ખાતર માણસને કેટલું મોટું આમિષ-કેટલો મોટો બદલો-જોઈએ છે!'

આવાં આવાં વચનો સાંભળી નંદનું મન ઉદ્વિગ્ન થઈ ગયું. એને પોતાને જ પોતાની પામરતાની જાણ હતી. તે પોતાને હવે ધીક્કારવા લાગ્યો. વિહારમાં બીજા ભિક્ષુઓનાં પવિત્ર સંકલ્પભર્યાં જીવનને નિહાળીને અને પોતાની પામર સ્થિતિ જોઈને તે લજ્જા પામતો, પોતાનો તિરસ્કાર કરતો અને મનમાં દુઃખી થતો. પરંતુ જેમ જેમ તે ભિક્ષુઓનાં વચનો સાંભળતો ગયો તેમ તેમ એ વધારે ને વધારે જાગૃત થતો ગયો અને છેવટે જે માટે કુલપુત્ર સર્વસ્વનો ત્યાગ કરી ભિક્ષુજીવન સ્વીકારે છે તે નિર્વાણની ભૂમિકાએ તે પહોંચી ગયો.

નિર્વાણની સિદ્ધિ પ્રાપ્ત થતાં નંદકુમારને અપૂર્વ આનંદ થયો. તે તરત જ ભગવાન પાસે ગયો અને બોલ્યો: "ભગવન્! આપ મને પાંચસો અપ્સરાઓ પ્રાપ્ત કરી આપવા માટે જિમ્મેદાર હતા, એ જિમ્મેદારીમાંથી હું આપને મુક્ત કરું છું. મને મારી મૂઢતાની જાણ થઈ છે."

ભગવાન નન્દનું અભિનંદન કરતા બોલ્યા: "નન્દ! તારા પવિત્ર સંકલ્પનું આ શુભ ફળ છે કે તેં ત્રિલોકવિજયી કામ પર વિજય મેળવ્યો. તારાથી અધિક બળવાન અને સુખી બીજો કોણ હોય?"

"નિબ્બાનં પરમં સુખં।"

(નિર્વાણ એ જ પરમ સુખ છે.)

બમણું વરદાન ... [અનુ૦ પૃ૦ ૩૨૧થી ચાલુ]

ભિખારી જ સારો હતો.'

શંકરે કહ્યું: 'તથાસ્તુ.' એટલે શિવલાલ પહેલાં હતો તેવી સ્થિતિમાં આવી ગયો.

શંકરે પ્રેમજીને પાસે બોલાવીને કહ્યું: 'અલ્યા પ્રેમજી, તને આપેલું વરદાન પણ આજથી બંધ થાય છે. મારાં વરદાન લોકકલ્યાણ માટે હોય છે એ તમે ભૂલી ગયા. તમારા જેવા ઇર્ષ્યાળુ બ્રાહ્મણો મારા વરદાનને શી રીતે પચાવી શકો? દૂધ પણ સર્પના મોંમાં તો ઝેર થાય છે.' આટલું બોલી શંકર અંતર્ધાન થઈ ગયા.

શિવલાલ, પ્રેમજી તથા દેરાણીજેઠાણી એકબીજાનાં મોં સામું જોઈ રહ્યાં.

પરદેશના ગ્રાહક-બંધુઓને

આપનું 'પ્યારાબાપુ'નું લવાજમ આ અંકથી પૂરું થઈ ગયું છે. ૧૯૫૨નું વાર્ષિક લવાજમ શિલિંગ ૧૨) કૃપા કરી પોસ્ટલ ઑર્ડરથી "PYARA BAPU" RUPAYATAN, GIRI VIHAR, JUNAGADH (Saurashtra) INDIA ને સરનામે તરત મોકલી આપવા વિનતી છે. આશા છે પરદેશમાં દૂર વસતા આપણા ભાઈઓ આ કાર્યમાં પૂરો સહકાર આપશે. પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય જણાવવો.

સરદારશ્રીની વાણી

સંકલનકર્તા : મુ૦ ક૦

મહાત્મા ગાંધીનો આદેશ છે કે સત્ય, અહિંસા અને આપભોગ એ જ આપણા રાષ્ટ્રની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુકૂળ છે.

* * *

સહિષ્ણુતા એ અહિંસાનો પ્રાણ છે.

* * *

અસ્પૃશ્યતા એ તો કેવળ મનનું કારણ છે.

* * *

અસત્ય જોઉં છું ત્યાં મારું હૃદય કંપે છે.

* * *

ગાંધીજીનો સંદેશો બધાના કાનમાં પડ્યો છે ખરો, પણ હજુ આપણી ઊંઘ ઊડી નથી. તેમનું કહેવું કરીશું ત્યારે આ દેશમાં દુકાળ નહીં રહે, લૂટફાટ નહીં રહે, ત્યારે આ દેશમાં રામરાજ્ય વર્તશે.

* * *

મહાત્માજીએ શીખવ્યું છે કે અસત્ય છોડો, ચોરી છોડો, અનીતિ અને અધર્મ છોડો; અને નિર્ભય બની સત્યને રસ્તે ચાલો.

* * *

કોઈને ગાળ દેવામાં કે માર મારવામાં મોટાઈ નથી, ધર્મને ખાતર દુઃખ સહન કરવામાં મોટાઈ છે. મહાત્માજીએ સત્યને ખાતર અનેક દુઃખો વેઠ્યાં, તેથી લોકો તેમને પૂજે છે.

* * *

દુરાગ્રહીના મતને લાચારીથી કબૂલ કરી લેવો એમાં મજા પડવાની નથી પણ જરૂર પછડાવાની છે.

* * *

આપણે મેળવ્યું કે આપણે સહ્યું તેમાં વિજય નથી; પણ આપણું અંતિમ ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઉત્તરોત્તર વધારે ને વધારે કષ્ટ સહન કરવાની તૈયારી આપણામાં આવે એ જ સાચો વિજય છે.

* * *

જીતની ઘડીએ આપણે વધારે નમ્ર થવું જોઈએ. હારજીત આપનાર ઈશ્વર છે. જીત્યા પછી ગુમાનમાં આવનાર ત્યાં ને ત્યાં જ હારી જાય છે. આપણે તો એટલી શ્રદ્ધા રાખીએ કે સાચા કામમાં ઈશ્વર આપણી સાથે છે, આપણને મદદ કરશે.

* * *

બંદૂકના રસ્તા ખોટા છે. જે મોતથી ડરે છે તેને માટે બંદૂક છે.

* * *

આપણી અરજી તો એક ઈશ્વરને જ છે કે, અમે સત્યને રસ્તે ચાલીએ છીએ, તું જ અમારી રક્ષા કરજે.

પ્યારા બાપુ

કુમારપ્પાની જીવનસૌરભ

મુકુલભાઈ

બાપુજીનાં દેશોદ્ધારનાં કાર્યોએ ઘણા વિચારશીલ માણસોને એમના પ્રત્યે આકર્ષ્યા છે. ડૉ. જે. સી. કુમારપ્પા પણ એમાંના એક સેવાનિષ્ઠ સેવક છે. ૧૯૨૯માં તે અમેરિકાથી પાછા ફર્યા ત્યારે તેમણે અંગ્રેજો હિંદ પર કરવેરા નાખીને તેનું શી રીતે શોષણ કરે છે એ વિશે એક નિબંધ લખ્યો હતો. એ નિબંધ ગાંધીજીને મોકલવાની તેમની ઇચ્છા હતી અને એમના સંપર્કમાં આવવાની પણ તેમને ઉત્કંઠા હતી. છેવટે સાબરમતી આશ્રમમાં બાપુ હતા ત્યારે તેમની મુલાકાત ગોઠવાય છે. મુલાકાતનો સમય ૯મી મે ૧૯૨૯ ને દિવસે ૨–૩૦નો નક્કી થયો. સાબરમતી આશ્રમમાં તેમને મહેમાનગૃહમાં ઉતારો આપ્યો. કુમારપ્પા તો અંગ્રેજી ફેશનનાં કપડાં પહેરી આવ્યા હતા. તેમને તો ખુરશી વગેરેની વ્યવસ્થા વિના ત્યાં અતડું લાગ્યું. તે તો મુલાકાતનો વખત ક્યારે પૂરો થાય એની અને ગાંધીજી સાથેનું કામ પતાવી જલદી ત્યાંથી રવાના થવાની રાહ જોતા બેઠા.

મુલાકાતના થોડા સમય પહેલાં તે બહાર નીકળ્યા અને ગાંધીજીના નિવાસસ્થાન તરફ જવા લાગ્યા. ત્યાં એક ઝાડ નીચે લીંપીને સાફ કરેલી જગ્યાએ એક વૃદ્ધ માણસને ચરખો કાંતતા તેમણે જોયા. કુમારપ્પાએ કદી ચરખો જોયો ન હતો, એટલે તે ત્યાં ઊભા રહી જોવા લાગ્યા. થોડી વાર પછી પેલા વૃદ્ધ માણસે આછું સ્મિત ફરકાવી કુમારપ્પાને પૂછ્યું: "તમે જ કુમારપ્પા છો કે?" કુમારપ્પા તરત સમજી ગયા કે એ બીજું કોઈ નહિ પણ ગાંધીજી જ છે! તે તરત જ એમને વંદન કરી એમની પાસે જમીન પર કપડાંની દરકાર કર્યા વિના બેસી ગયા.

વાતચીત થઈ રહ્યા પછી બાપુજીએ તેમને કહ્યું કે, ગુજરાતમાં જમીન-તપાસણીનું કામ લો તો સારું. તેમને ગૂજરાતી ભાષાની મુશ્કેલી તો હતી. પણ બાપુજીએ ગુજરાત વિદ્યાપીઠના અર્થશાસ્ત્રના અધ્યાપક અને વિદ્યાર્થીઓ તેમને સહાય કરશે એવી ખાતરી આપી. પછી તેમને કાકાસાહેબને મળવા બાપુજીએ વિદ્યાપીઠમાં મોકલ્યા.

કાકાસાહેબને થયું કે, આવો ફેશનેબલ માણસ આપણા ચોકઠામાં શી રીતે ગોઠવાઈ શકશે? વળી ભાષાની પણ મુશ્કેલી તો હતી જ.

પરંતુ બાપુજી તો સાચા નાડપારખુ હતા. તેમણે તો કુમારપ્પાને એ કાર્યમાં જોડ્યા. આ આખો પ્રસંગ યાદ આવતાં બાપુજી કુમારપ્પાને કહેતા: 'જોયું ને, કાકાસાહેબ તમને પહેલી મુલાકાતે બરોબર ઓળખી શક્યા ન હતા. જ્યારે મેં તમને પ્રથમ વાર જોયા એટલે તરત જ મને ખાતરી થઈ કે આ એક યુવાન છે જેને મારે ઝડપી લેવો જોઈએ."

પછી તો કુમારપ્પાના જીવન પર બાપુજીની ઊંડી અસર પડી. અને આજે કુમારપ્પા ગાંધીજીની દૃષ્ટિએ ગ્રામ-રચના કરવા તત્પર થયા છે. તે 'અખીલ ભારતીય ગ્રામોદ્યોગ સંઘ'ના પ્રમુખ છે.

કુમારપ્પાએ પોતાનું આખું જીવન સેવાકાર્યમાં સમર્પિત કર્યું છે. તે હજી એકલા જ છે. એનું કારણ એક ભાઈએ પૂછ્યું, ત્યારે તેમણે નવાઈ પમાડે એવો ઉત્તર આપ્યો:

"મારી મૂડી દસેક હજારની થાય પછી લગ્ન કરવાનો મારો નિર્ધાર હતો. પરંતુ એ વખત આવ્યો ત્યારે જ બાપુજીએ મને ઝડપી લીધા. અને હવે તો હું મારા કામમાં એટલો તલ્લીન બની ગયો છું કે, લગ્ન કરવાની મને ફુરસદ જ નથી." તેમને કદી અવિવાહિત હોવાનો અફસોસ થયો નથી. બાપુજી સાથે એક રમૂજી પ્રસંગ બન્યો હતો. જ્યારે 'અખિલ ભારતીય ગ્રામોદ્યોગ સંઘ'ની સ્થાપના થઈ ત્યારે બાપુજી મગનવાડીમાં આવીને રહ્યા હતા. ત્યાં એવો એક નિયમ હતો કે, બધાએ ભેગા મળી રાંધવાનાં મોટાં વાસણો પણ માંજીને સાફ કરવાં. બાપુજી પણ એ કામમાં સામેલ થયા. એવામાં કસ્તૂરબા ત્યાં આવીને બાપુને આવું કામ કરવા માટે ઠપકો આપવા લાગ્યાં. ગાંધીજી તો આભા જ બની ગયા. એક હાથમાં નાળિયેરનું છોડું અને બીજો હાથ માટીથી ખરડાયેલો એવી સ્થિતિમાં બાપુજી કુમારપ્પા તરફ જોઈને હસતા હસતા બોલ્યા: 'કુમારપ્પા, તમે સુખી માણસ છો. તમને પત્ની નથી જે તમારા પર આમ સત્તા ચલાવે. મારે તો ઘરની શાંતિ જાળવવા ખાતર મારા પત્નીનું સાંભળવું રહ્યું. તેથી હું આ કામ છોડીને જાઉં છું એ બદલ તમે મને માફ કરશો."

કુમારપ્પા અર્થનીતિની બાબતમાં ખૂબ જ ક્રાંતિકારી વિચારો ધરાવે છે. કાકા સાહેબે એક વાર યોગ્ય જ કહ્યું હતું: "કુમારપ્પાને અંગ્રેજી ભાષા જેટલી સરસ આવડે છે તેટલી હિંદી આવડતી હોત તો તેમણે ક્યારની દેશમાં આગ ફેલાવી દીધી હોત."

કુમારપ્પાજી પોતે હિંદી ખ્રિસ્તી છે. તેમનું ખ્રિસ્તી ધર્મનું જ્ઞાન ઊંડું છે. તેમણે એ વિશે બે પુસ્તકો પણ લખ્યાં છે. બાપુજીએ એ પુસ્તકોની ભલામણ કરતાં લખ્યું છે: "ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર દરેક વ્યક્તિ–ખ્રિસ્તી હો કે બીજા કોઇ ધર્મની હો–ને આ પુસ્તક વાચવાની હું ભલામણ કરું છું." એમ કહેવાય છે કે જો કુમારપ્પા જાહેર જીવનના કાર્યમાં ન પડ્યા હોત તો તે મોટા ક્રાંતિકારી ધર્મ–નેતા બન્યા હોત.

ગઈ ૪થી જાનેવારીએ તેમને ૬૦ વર્ષ પૂરાં થયાં. બાપુજીની પાછળ જે થોડા સેવકો સાચા દિલથી જનતાની સેવા કરી રહ્યા છે એમાંના કુમારપ્પા એક છે. આજે જ્યાં ત્યાં 'ખુરશી' મેળવવા લોકો પડાપડી કરી રહ્યા છે. એવા વખતમાં એ મોહમાં ન ફસાતાં પોતાનું સેવાકાર્ય મૂકપણે કરતા રહી સ્વતંત્ર ભારતના નવનિર્માણના ઉચ્ચ યજ્ઞમાં પોતાનો ફાળો આપતા થોડા સેવકોમાં કુમારપ્પાનું સ્થાન છે. તેમણે પોતાના જીવન-ધ્યેય વિશે સ્પષ્ટતા કરતાં પોતાના એક પુસ્તકમાં લખ્યું છે:

"I am not a politician in any sense of the term. My one and only interest in pubilc life has been to see social Justice meted out to the helpless." (હું કોઈ પણ અર્થમાં રાજનીતિજ્ઞ નથી. જાહેર જીવનમાં જો મને રસ હોય તો તે માત્ર એટલો જ છે કે, સામાજિક ન્યાય નિરાધાર લોકોને અવશ્ય મળવો જોઈએ.) કુમારપ્પા આપણા દેશના એક સ્વતંત્ર વિચારક (Free–thinker) છે. તેમણે બાપુજીની વિચારસરણીને આત્મસાત્ કરી છે અને તેનો પોતાના વિચારો સાથે સુમેળ સાધી મૌલિક સર્જન કરવા તે ઝંખે છે. આજે તે મગનવાડી છોડીને સેલડો નામના ગામમાં 'પનઈ આશ્રમ'માં નવા પ્રયોગો કરી રહ્યા છે. એ પ્રયોગોમાં તે સફળતા પામે અને આપણને નવું દર્શન કરાવવા શક્તિશાળી બને એવી આપણી અભિલાષા પૂર્ણ થાય તો ઘણું.

સ્વચ્છતાની ઇન્દ્રિય

બબલભાઈ મહેતા

સમાજમાં કરવાં જેવાં એ કામ છે. એક આપણી સ્વચ્છતા વધારો. જે પ્રજાની સ્વચ્છતા વધી ગઈ છે તેનો આપોઆપ માનસિક આધ્યાત્મિક વિકાસ થવાનો છે. આપણા દેશમાં સ્વચ્છતાનો શોખ મટી ગયો છે. ગંદકીથી માણસ ટેવાઈ ગયો છે. તે એટલે સુધી કે ગંદકીનું તેને ભાન જ હવે રહ્યું નથી. બીજા દેશોની સ્વચ્છતાની ટેવો એટલી ખીલેલી છે કે આપણે તેમને બહુ જ ગંદા લાગીએ છીએ. આપણાં જીવનમાં ગંદકી ભારોભાર વણાઈ ગયેલી છે. એક અંગ્રેજ લેખકે તો એટલે સુધી કહ્યું છે કે જંગલમાં ફરતાં જો ગંદકીની વાસ આવે તો સમજવું કે નજીકમાં ગામડું આવે છે. આમ આપણાં ગામડાં ઉકરડા બની ગયાં છે. ગામડાંની ભાગોળે પહોંચ્યા કે તરત તમને દુર્ગંધ આવે. આપણને ચાલવાનું ગમે નહિ. આપણે સ્વચ્છતાની ઇન્દ્રિય ખોઈ બેઠા છીએ. નહિ તો આપણું નાક અને આંખ આ બધું સહન ન કરી શકે. આપણામાં એક પ્રકારની જડતા આવી ગઈ છે. જેનામાં સ્વચ્છતા આવે તેનામાં બીજા ગુણો ખીલી ઊઠે છે એવો મારો અનુભવ છે. જંગલના લોકોમાં સ્વચ્છતાનો શોખ વધે છે તેની સાથે ચપળતા ચાલાકી વધી જાય છે. એ કાર્ય રાષ્ટ્રવ્યાપી છે. ગ્રામસેવામાં પડેલાઓએ આ કાર્ય પ્રત્યે સૌથી વધુ લક્ષ આપવાની જરૂર છે. આપણાં જીવનમાં એ એટલી ઊંડી ઊતરેલી હોવી જોઈએ કે આપણાથી ગંદકી સહન જ ન થાય. હું થામણા જાઉં ને ગંદકી ભાળું તો મારાથી સહન ન થાય. એટલે પહેલાં ગંદકી દૂર કરું છું. કોઈ મદદ કરે કે નહિ, પણ આપણું કર્તવ્ય કરવું. આવું દિલમાં થાય તો પ્રશ્નનો ઉકેલ આવે.

સ્વચ્છતા એટલે ઝાડુથી વાળ્યું એટલું પૂરતું નથી. વાળવાથી જીવનમાં સ્વચ્છતા આવી જાય છે એવું નથી. સ્વચ્છતા વિષે તેને પૂર્ણ કલ્પના હોવી જોઈએ. તેનું આખું શાસ્ત્ર તે જાણતો હોય. આખું વરસ તમે ગામ વાળો તેથી ગામ ચોખ્ખું થતું નથી, પણ પ્રજાના માનસમાં પરિવર્તન કરવું જોઈએ. સ્વચ્છતાનાં સાધનો આપણે ઊભાં કરવાં જોઈએ. ગંદકી ક્યાં થાય છે? કેવી રીતે થાય છે? તેની અવેજીમાં શું આપીએ તેનો વિચાર કરીએ તો ગંદકી દૂર થાય. હું જ્યાં બેઠો છું ત્યાં જાજરૂ ન હોય તે નહિ ચાલે, આ જાતનો ખ્યાલ પેદા થવો જોઈએ. એ જેટલો જોરમાં પેદા થાય તેટલા પ્રમાણમાં ગામડાંમાં એ એ પ્રવેશ પામશે. આપણને કોઈ ચોખલીઓ કહે તો ભલે, પણ એની પાછળ મંડીને કાર્ય કરવું જોઈએ. ટ્રેનમાં શું જુઓ છો? ગંદકી કરનારને ખબર જ નથી કે પોતે એક અસામાજિક કૃત્ય કરી રહ્યો છે. મહોલ્લામાં શું જોઈએ છીએ? રાત્રે પેશાબ કર્યો હોય તેના રેલા, મળ વગેરે! એ પેશાબવાળી માટીમાં બાળકો રમે અને વાસણો પણ એ જ માટીથી સાફ થાય!

આ બધું ચાલી આવ્યું છે. ત્યાં સ્વચ્છતાનો પવિત્ર ખ્યાલ આપણે પેદા કરવાનો

છે. લોકોને સ્વચ્છતા વિષેની કલ્પના આપવાની જરૂર છે. ગાંધીજીએ જીવનભર એ પાઠ આપ્યો છે. તેમની સ્વચ્છતાની ઇન્દ્રિય ઘણી જ તીવ્ર હતી.

સ્વચ્છતા આવે તો જીવનમાં સત્ય પ્રગટશે. શરીરની સ્વચ્છતા જ નહિ, પણ અંદરની સ્વચ્છતા પણ આવે છે. મન, વાણી, શરીર બધું સ્વચ્છ થશે. એનાથી માનવીનો આધ્યાત્મિક વિકાસ થવાનો છે. તેથી આપણે સૌએ સ્વચ્છતા પર આટલો ભાર મૂકવો જરૂરી છે.

ગાંધીજી

જગતના હૈયા પર અંધકાર એક દુઃસ્વપ્નની જેમ ચડી બેઠો હતો! તારાઓ પણ તેના ભયથી કોણ જાણે ક્યાંય છુપાઈ ગયા હતા. માર્ગ પરના બધા દીવાઓ બુઝાઈ ગયા હતા. અને માણસોનાં ઘરો પણ પ્રકાશ-વિહોણાં હતાં!

પવન નિરાશાનો નિઃશ્વાસ કાઢી રહ્યો હતો. ધરતી ગૂંગળાઈ રહી હતી. અને માનવજાતિ દુઃખથી નિઃશબ્દ બની ગઈ હતી.

તે જ વખતે પૂર્વ દિશામાં ક્ષિતિજની રેખા ઉપર અરુણોદય થતો દેખાયો અને તરત જ તે જોઈને મારો અંતરાત્મા આનંદથી અને આશાન્વિત બની પોકારી ઊઠ્યો:

“ઓહો! આ તો શિવનું ત્રીજું નેત્ર દેખાય છે! અરે, આ તો ગાંધીજી નિરાશામાં ડૂબેલા લોકોને આશ્વાસન આપવા આપણા જગતને કિનારે ઊભા છે!” – ગુ૦ મ૦

[પૃ૦ ૩૨૨ ‘મંગળ પ્રભાત’માંથી]

અનુક્રમણિકા

૩૦ જાન્યુઆરી ૧૯૫૨

પૃષ્ઠ
૧ જીવનનો આદર્શ … ગાંધીજી ૩૦૫
૨ આશ્રમનાં ભજનો … ગુ૦મ૦ ૩૦૬
૩ દાનનો અધિકારી … ઉજ્જ્વલ કુંવરજી ૩૦૭
૪ કળા અને મનુષ્યત્વ … કેદારનાથજી ૩૦૮
૫ સર્વોદયનો આત્મા … ગુરુદયાલ મલ્લિક ૩૦૯
૬ સુખનું સાધન … સંતબાલજી ૩૧૦
૭ બાપુનું પાવનકારી સ્મરણ … મુકુલભાઈ ૩૧૧
૮ ગુરુદેવની ગીતાંજલિ … ગુ૦ મ૦ ૩૧૩
૯ બાપુના પત્રો … … ૩૧૭
પૃષ્ઠ
૧૦ જીવનનું રહસ્ય અને સમૃદ્ધિ… દિલખુશભાઈ ૩૧૯
૧૧ અમણું વરદાન … નાનાભાઈ ભટ્ટ ૩૨૧
૧૨ રવીન્દ્ર મનન … કાકાસાહેબ ૩૨૨
૧૩ બૌદ્ધધર્મની કથાઓ પદ્મનાભ શ્રી. જૈની ૩૨૪
૧૪ સરદારશ્રીની વાણી … … મુ૦ કે૦ ૩૨૮
૧૫ કુમારપ્પાની જીવનસૌરભ … મુકુલભાઈ ૩૨૯
૧૬ સ્વચ્છતાની ઇન્દ્રિય … બબલભાઈ મહેતા ૩૩૧
૧૭ ગાંધીજી … … ગુ૦ મ૦ ૩૩૨
૧૮ ગ્રંથાવલોકન … … મુ૦ કે૦

ગ્રંથાવલોકન [અનુસંધાન કવરપેજ બીજાથી ચાલુ] કરણ કરવામાં આવ્યું છે અને પૂ૦ નાથના વિચારોને સમજવા માટે આવશ્યક માર્ગદર્શન પણ બતાવ્યું છે. વળી વાચકોને તેમ જ એમના પ્રત્યે માન અને આદર રાખનાર સૌને પૂ૦ નાથના જીવન વિશે જાણવાની જિજ્ઞાસા હમેશાં થતી હતી. એ જિજ્ઞાસા તૃપ્ત કરવા સંપાદકોએ પોતે નિવેદનમાં વ્યક્તિગત પરિચય આપ્યો છે તેમ જ પૂ૦ નાથજીએ પોતે 'આત્મપરિચય' લખ્યો છે. એ 'આત્મપરિચય' વાંચતાં પૂ૦ નાથજીએ સાધનકાળમાં કેવી વ્યાકુળતા અનુભવી હતી અને ધીમે ધીમે કેવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી હતી એની સ્પષ્ટ સમજ વાચકને આવે છે. તેથી પૂ૦ નાથજીના સાધનાશીલ જીવનનું અનુશીલન કરવાથી આત્માની ઉન્નતિ સાધવા ઇચ્છતા સાધકને યોગ્ય માર્ગદર્શન મળી રહે એમ છે.

અંતે, નવજીવન પ્રકાશન મંદિરે આવા ઉદાત્ત પુસ્તકને પ્રકાશિત કરી ગુજરાતની અમૂલ્ય સેવા બજાવી છે, એનો ઉલ્લેખ કરવો ઉચિત ગણાશે.

ગૂજરાતને ઘેરે ઘેર આ પુસ્તક પહોંચી જાય તો જ આ બધા શુભ પ્રયત્નો સાર્થક થયેલા લેખાશે.

મહારાજ અને મહાત્માજી : લે૦ અધ્યા૦ બિપીન જી. ઝવેરી; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ ૬-૪-૦

પૂજ્ય રવિશંકર મહારાજે બાપુજીના જીવનાદેશને આત્મસાત્ કર્યો છે; ગૂજરાતના ગ્રામ-જીવનને એમના પુનિત સ્પર્શથી સૌરભિત કરી મૂક્યું છે. ગુજરાતના તેઓ એક વડીલ રક્ષક સમાન જ છે. અધ્યા. બિપીનભાઈએ પૂ૦ મહારાજનો સંપર્ક સાધી એમની પાસેથી પૂ૦ બાપુજી વિશેના પિસ્તાલીસ પ્રસંગો સાંભળીને એનું સંપાદન કરવા જે શુભ પ્રયત્ન કર્યો છે એ બદલ તે ધન્યવાદને પાત્ર છે. બાપુજી જેવી મહાન વિભૂતિના જીવનમાં અવગાહન કરવા ઇચ્છતી સામાન્ય જનતાને આ પુસ્તક ઘણું સહાયરૂપ થઈ પડશે.

માનવતાનાં ઝરણાં : લે૦ ગણેશ વાસુદેવ **માવળંકર;** પ્ર૦ ભારતી સાહિત્યસંઘ લિ૦. અમદાવાદ; કિં૦ રૂ૦ ૨-૮-૦

શ્રી. દાદાસાહેબે પોતાના જીવનાનુભવમાંથી વીણેલા અગિયાર સત્ય પ્રસંગોને આ પુસ્તકમાં આલેખ્યા છે. એ સત્ય પ્રસંગો કાલ્પનિક વાર્તાઓ જેટલા જ સચોટ અને અસરકારક છે. તેથી વાચકના મન પર તે ઊંડી છાપ પાડી જાય છે. ભારતી સાહિત્ય સંઘે શ્રી. ઝવેરચંદ મેઘાણીના 'માણસાઈના દીવા' પછી એના જેવું જ આ બીજું પુસ્તક ગૂજરાતને ચરણે ધર્યું છે એ આવકાર્ય છે.

મુ૦ ક૦

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.
પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.
લવાજમ. મ. ઑ.થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.
એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.
આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

'પ્યારાબાપુ' કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક: ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ

REG. NO. B. 5255



આરોગ્ય

સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

સૌરાષ્ટ્ર સરકારનાં પ્રકાશનો

સૌરાષ્ટ્ર સરકાર માહિતી–પ્રકાશન ખાતું, રાજકોટ; તરફથી જુદા જુદા વિષયો ઉપર નીચે મુજબ પુસ્તિકાઓ પ્રસિદ્ધ થઇ છે એ અતીવ આવકાર્ય છે. (પુસ્તિકાઓ ઉપર કિંમત લખી નથી) સૌરાષ્ટ્ર તેમ જ અન્ય સ્થળે રહેનારા અભ્યાસીઓને સૌરાષ્ટ્રની અનેકવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી શકે એવાં પ્રકાશનોની અનિવાર્ય જરૂરિયાત આ પ્રકાશન ખાતું પૂરું પાડશે એવી આશા રાખીએ. વળી સૌરાષ્ટ્રનું પુરાતત્ત્વ તેમ જ સૌરાષ્ટ્રના ગ્રામ–ઉદ્યોગો વગેરેમાં જે અનોખી કલાનું દર્શન થાય છે એ વિશે પણ માહિતીપૂર્ણ પુસ્તિકાઓ પ્રસિધ્ધ થાય તો ઘણું સારું.

૧) સૌરાષ્ટ્રમાં ખેતી વિકાસ: લે૦ શ્રી. **ઈસ્માઈલ નાગોરી**; પૃ૦ ૧૦.

શ્રી. ઇસ્માઇલભાઇએ સંક્ષેપમાં સૌરાષ્ટ્રમાં ખેતી વિકાસને લગતાં અગત્યનાં પાસાંઓને દર્શાવ્યાં છે. આ નાનકડી પુસ્તિકામાં સંપૂર્ણ માહિતી આપી શકાય એમ છે જ નહિ. પરંતુ ઇસ્માઇલભાઇએ એમાં જે ઉદાત્ત ભાવના સાથે પોતાનું મંતવ્ય દર્શાવ્યું છે એ સૌને પ્રેરણાદાયી થઇ પડે એમ છે. શ્રી. ઇસ્માઈલભાઇ આ દિશામાં ઊંડો રસ ધરાવે છે, તેથી ભવિષ્યમાં આ નાનકડી પુસ્તિકાને બદલે પૂર્ણ માહિતી દર્શાવતું પુસ્તક આપે તો કેવું સારું?

(૨) અનેકમાંથી એક: લે૦ ડૉ. **કૃષ્ણલાલ શ્રીધરાણી**; પૃ૦ ૧૦.

સૌરાષ્ટ્રનું એકમ થયું અને એ રીતે કેટલાય નાના નાના ભાગલાઓમાં વિભક્ત થયેલા સૌરાષ્ટ્રની એકતા સ્થપાઈ એનો ખ્યાલ આ નાનકડી પુસ્તિકામાં શ્રી. શ્રીધરાણીએ આપ્યો છે. સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય દૃષ્ટિએ આ એકમ કેટલું આશીર્વાદરૂપ બન્યું છે એનું અવલોકન વિદ્વાન લેખકે એમાં કર્યું છે.

(૩) સૌરાષ્ટ્રમાં સામાજિક અને આર્થિક પરિવર્તનો: લે૦ પ્રા૦ સી. એન. વકીલ; પૃ૦ ૯.

એકમ થયાં પછી સૌરાષ્ટ્ર સરકારે સૌરાષ્ટ્રમાં સામાજિક તેમ જ આર્થિક ક્ષેત્રોમાં કેવાં અમૂલ્ય પરિવર્તનો કર્યાં છે તેનો સંક્ષેપમાં પરિચય પ્રા૦ વકીલે આ પુસ્તિકામાં આપ્યો છે. આ પુસ્તિકા એમને આપેલા એક વાર્તાલાપને આધારે રચાઈ છે. સૌરાષ્ટ્ર સરકારે કેળવણી, સ્થાનિક સ્વરાજ, જમીનદારીનો પ્રશ્ન, ઉદ્યોગવિકાસ, તેમ જ અન્ય બાબતોમાં સારી પ્રગતિ સાધી છે. કેળવણી વિશેના આંકડા પરથી સહેજે ખ્યાલ આવશે: 'પ્રાથમિક શિક્ષણ પાછળ અત્યારે રૂા. ૧,૨૫,૦૦,૦૦૦ ખર્ચાય છે, જ્યારે અગાઉનાં તમામ રાજ્યોનું કુલ ખર્ચ રૂા. ૬૨ લાખ જેટલું હતું.'

(૪) પાયાનું સ્વરાજ–ગ્રામ પંચાયત: લે૦ **શ્રી. નાનાભાઈ ભટ્ટ**; પૃ૦ ૭.

પ્રખર કેળવણીકાર નાનાભાઇનાં મંતવ્યો પ્રામાણ્ય ગણાતાં હોઈને એમને આ પુસ્તિકામાં ગ્રામપંચાયત વિશે સંક્ષેપમાં દર્શાવેલા વિચારો નવવિધાન તરફ પ્રયાણ કરતા સૌરાષ્ટ્રને અતીવ ઉપયોગી થઇ પડે એમ છે. વળી એમના એ વિશેના વિચારો સર્વગ્રાહી હોવાથી એ માર્ગે પ્રગતિ કરતા સૌને માર્ગદર્શકરૂપ થાય એમ છે.

એક વાર્તાલાપ [અનુસંધાન કવરપેજ ત્રીજું]

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫]　　૨૯ ફેબ્રુઆરી-૧૯૫૨　　[અંક ૧

બાનો મોટામાં મોટો ગુણ

જે કારણે બાએ જનતામાં આટલું બધું આકર્ષણ પેદા કર્યું હતું, તેની જડ જો હું શોધી શકું તો શોધું. બાનો મોટામાં મોટો ગુણ સહજ પોતાની ઇચ્છાથી મારામાં સમાઈ જવાનો હતો. આ કંઈ મારા આગ્રહથી થયું ન હતું. પરંતુ સમય આવતાં બાની અંદર જ આ ગુણનો વિકાસ થઈ ગયો હતો. મને ખબર ન હતી કે બામાં આ ગુણ છુપાયેલો હતો. મારા શરૂ શરૂના અનુભવ પ્રમાણે બા બહુ હઠીલી હતી. મારું દબાણ હોવા છતાંયે તે પોતાની ઇચ્છા પ્રમાણે જ કરતી. એ કારણે અમારી વચ્ચે થોડા સમય કે લાંબા સમય સુધી ખેંચતાણ પણ થયા કરતી; પરંતુ જેમ જેમ મારું સાર્વજનિક જીવન ઉજ્જવળ બનતું ગયું, તેમ તેમ બા ખીલતી ગઈ, અને પુખ્ત વિચારોની સાથે મારામાં અથવા મારા કામમાં સમાતી ગઈ. જેમ દિવસો વીતતા ગયા, તેમ મારામાં અથવા મારા કામમાં–સેવામાં–ભેદ ન રહ્યો. બા ધીમે ધીમે તદાકાર થવા લાગી. કદાચ હિંદુસ્તાનની ભૂમિને આ ગુણ વધારેમાં વધારે પ્રિય છે. કંઈ પણ હોય, મને તો બાની આ ભાવનાનું આ મુખ્ય કારણ માલૂમ પડે છે.

બામાં આ ગુણ પરાકાષ્ઠાએ પહોંચ્યો, તેનું કારણ અમારું બ્રહ્મચર્ય હતું. મારા કરતાં બાને માટે તે ઘણું જ સ્વાભાવિક સિદ્ધ થયું. શરૂમાં બાને એનું કશું જ્ઞાન પણ ન હતું. મેં વિચાર કર્યો અને બાએ તે વધાવી લઈ પોતાનો બનાવી લીધો. પરિણામે અમારો સંબંધ સાચા મિત્ર જેવો થયો. મારી સાથે રહેવામાં બા માટે ૧૯૦૬ પછી, ખરી રીતે ૧૯૦૧ થી, મારા કામમાં સામેલ થવા સિવાય બીજું કશું રહ્યું ન હતું. તે અલગ રહી શકતી ન હતી. અલગ રહેવામાં તેને કશી મુશ્કેલી ન હતી, પરંતુ તેણે મિત્ર બનીને પણ સ્ત્રી હોવાને કારણે તેમ જ પત્ની હોવાને કારણે મારા કામમાં સમાઈ જવામાં જ પોતાનો ધર્મ માન્યો. એમાં બાએ મારી પોતાની સેવાને અનિવાર્ય સ્થાન આપ્યું. તેથી અંત સુધી તેણે મારી સગવડ સાચવવાનું કામ છોડ્યું જ નહીં.

ગાંધીજી



પંથ તારો કાપ્યે જા..........

સંતબાલજી

પગલે પગલે સાવધ રહીને,
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળે વીરા!
પંથ તારો કાપ્યે જા.
કાંટા આવે કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે;
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના;
શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

'દસ સહસ્ર ભજન માણસ બોલી જાય એના કરતાં જે સંભાળીને ખેતરમાં બીજ વાવે તેને વધારે પુણ્ય થાય છે.'

ઝેંદ—અવસ્તા ગ્રન્થ ૧

'રામ રામ કરનારી જીભ કરતાં પરોપકાર કરનારા હાથ વિશેષ પવિત્ર છે.'

આર. જી. ઇંગરસોલ ('ધ ચિલ્ડ્રન ઑફ ધ સ્ટેઇજ')

'તારા ઘરમાં કોઈને શરીરે અસુખ છે કે? હા. તારી સારવારથી એને સારું લાગે એ તું નથી જાણતી? કથા સાંભળવા સારુ થઈને માંદાંને પડતાં મૂકીશ મા. તારે વર તથા છોકરાં છે ને? હા. તો એ સૌને સંભાળજે; એને મૂકીને વ્યાખ્યાન સાંભળવા ન આવતી. તારું ઘર ચલાવવામાં કરવું ઘટે તે બધું પ્રથમ કરજે ને પછી વ્યાખ્યાનમાં આવજે; કારણ તારા કુટુંબનાં આવશ્યક કામ તું ન કરે તો દેવદર્શન કરવા તું આવે એને સારુ હું તારાં વખાણ ન કરું.' સેંટ બર્નાર્ડિનો

કે૦ વા૦

પ્યારા બાપુ

પૂજ્ય બાની કર્મનિષ્ઠા

પ્રભુદાસ ગાંધી

આજે આપણી વચ્ચે નથી બાપુ, કે નથી બા. બાપુ અને બા આપણી વચ્ચેથી ચાલ્યાં ગયાં છે. આ અસહ્ય વિયોગને પણ છેવટે આપણે સહન કરી લીધો છે. આવા ઊંડા ઘાને પણ સમયના પ્રભાવે સ્વભાવતઃ થોડો ઘણો રુઝાવી દીધો છે અને તે એમને એમ રુઝાતો જશે. જૂના સંબંધો, જૂની સ્મૃતિઓ ધીમે ધીમે સ્મૃતિ–પટ પરથી ખસતાં જાય છે અને નવી સમસ્યાઓ તેમ જ નવી વાતોમાં આપણાં ચિત્ત રમવા લાગ્યાં છે. એટલે સુધી કે આપણા મનમાં ને મનમાં એવો ભય ઉત્પન્ન થાય છે કે આપણે કદાચ આપણાં પૂજ્ય બાપુ અને બાને ભૂલતાં તો નથી જતાં ને? સંભવતઃ આ એક મુખ્ય કારણ છે કે વર્ષભરમાં બે ચાર વાર તેઓનાં જન્મ મૃત્યુ આદિની ખાસ તિથિઓને નિમિત્ત બનાવીને આપણે પૂજ્ય બા અને બાપુજીનું સામૂહિક રૂપમાં સ્મરણ કીર્તન મનન આદિ કરીએ છીએ. પરંતુ આ રીતે પુણ્યતિથિ કે જન્મતિથિના અવસર પર કેવળ તેઓનું નામસ્મરણ કરવાથી આપણે પૂજ્ય બાપુજી અને બાને વિસ્મૃત થતાં બચાવી નહીં શકીએ. પૂજ્ય બાપુજી અને બાનું વાસ્તવિક સ્મરણ આપણે કેટલું કરીએ છીએ એ તો ફક્ત આ વાતનો વિચાર કરતાં જ સમજાશે કે આપણા દૈનિક જીવન પર બા અને બાપુજીનો કેટલો પ્રભાવ છે અને તેઓની શિખામણ અને ઉપદેશોને કેટલી હદ સુધી આપણે અમલમાં મૂકીએ છીએ અથવા અમલમાં મૂકવા પ્રયત્ન કરીએ છીએ.

આમ તો છાપાંમાં અને ભાષણોમાં પ્રત્યેક વ્યક્તિ હંમેશાં બાપુનું નામ લેતી નજરે પડે છે. તાત્પર્ય એટલું જ કે, બાપુનું મૌખિક સ્મરણ અને ઉપાસના આપણે પગલે પગલે પ્રત્યેક ક્ષણે કરતા રહીએ છીએ, પરંતુ એમની કર્મમય ઉપાસના–આપણા આચરણ દ્વારા તેમની યાદ–આપણે બહુ ઓછી કરીએ છીએ.

પરંતુ પૂજ્ય કસ્તૂરબાની બાબતમાં એવું નથી થયું. બાપુને જેટલા આપણે વીસરી ગયા છીએ તેટલા આપણે હજી બાને વીસરી નથી ગયા.

પૂજ્ય બા કોઈ પંડિતા ન હતાં; એમનામાં કોઈ વિશેષ ચમત્કાર કે દૈવી શક્તિ ન હતી. તેઓ સીધાં સાદાં માતા હતાં. એટલું તો સાચું છે કે પૂજ્ય બાપુના જીવનની સાથે સાથે પૂજ્ય બાના જીવનમાં પણ ક્રાંતિકારી પરિવર્તન થતું ગયું અને તેમનું જીવન પણ વધારે ને વધારે ત્યાગમય બનતું ગયું. પરંતુ એ બધું સહજ–સ્વાભાવિક અનાયાસે થયું હતું. કોઈ લોકોત્તર માર્ગને પાર કરવા માટે જે કઠોર સંકલ્પ કરવો પડે છે અને પોતાને જે વેદના તેમ જ વ્યથા સહન કરવી પડે છે, ચાબૂક મારી મારીને, આગળ વધવું પડે છે, એવો પરિશ્રમ કે મનઃક્લેશ બાપુની પેઠે બાને ભાગ્યે જ અનુભવવો પડ્યો હતો. જીવનની છેલ્લી ઘડી સુધી પૂજ્ય બાપુએ પોતાના તન મન પર એવો અંકુશ અને ભાર મૂક્યો હતો કે સાધારણ માણસને માટે એમ કરવુ ઘણું મુશ્કેલ છે.

આમ તો પૂજ્ય બાનું જીવન પણ છેલ્લી ઘડી સુધી ત્યાગમય અને તપોમય

રહ્યું. તેઓ પણ દિન પ્રતિદિન આગળ વધતાં હતાં. પરંતુ જાણી જોઈને-આગ્રહપૂર્વક-આવું આત્મ-દમન કરવાની અને કષ્ટોને નિમંત્રણ આપવાની પ્રવૃત્તિ બાએ અપનાવી ન હતી. બાપુજીએ કઠોર સાધનાના બળ પર જે પ્રગતિ અને આત્મોન્નતિ કરી એ પૂજ્ય બાએ કેવળ પોતાની નિષ્ઠાના બળથી પ્રાપ્ત કરી. એવું કરવામાં જ્યાં જ્યાં તપ અને ત્યાગની આવશ્યકતા ઊભી થઈ ત્યાં ત્યાં સહજ ભાવે તેમણે તેને અપનાવી લીધી. કોઈ પ્રકારનું મનોમંથન, તર્ક-વિતર્ક, પ્રતિજ્ઞા, ઘોષણા વગેરેની ઝંઝટમાં પડ્યા વિના જે વાતને બાએ પોતાનું કર્તવ્ય માન્યું તેનું પાલન કરવામાં પોતાની બધી શક્તિ વાપરી. પોતાના કર્તવ્યનો નિર્ણય કરવામાં બાને કદી પાંડિત્યનો આધાર લેવો પડયો ન હતો. પોતાના નિષ્પાપ હૃદયમાં કર્તવ્ય-અકર્તવ્યનો ધ્વનિ તેઓ સહજ અનુભવી લેતાં. જેને તેઓ પોતાનું કર્તવ્ય માનતાં એને પૂરેપૂરા મનોયોગથી કરવા મંડી જતાં.

પૂજ્ય બાપુએ જ્યારે કેટલાય મહેમાનોથી ઘર ભરી દીધું ત્યારે મહેમાનોના સ્વાગત સત્કાર કરવામાં પૂજ્ય બાએ પોતાનું મન પરોવ્યું. પૂજ્ય બાપુએ જ્યારે અનેક સત્યાગ્રહી અને દેશભક્ત લોકોનાં બાળકોને પોતાની સાથે રાખ્યાં ત્યારે બાએ પોતાના ચાર પુત્રોને વિશેષ લાડ-વહાલ ન કરતાં પરાયાં બાળકોને ખવડાવવા-પિવડાવવા, સુવાડવા તેમ જ સંભાળવા માટે દિનરાત પરિશ્રમ કર્યો.

જ્યારે બાપુએ ઉપવાસ, જેલયાત્રા, કઠિન અનુષ્ઠાન આદિ કર્યું ત્યારે બાએ પણ પોતાના આહાર-વિહારને સ્વલ્પ અને જીવન ટકાવવા પૂરતા કરી નાખ્યા. છેવટે કેવળ ત્યાગમય જીવનથી થાકીને તેમના પુત્રોએ સાંસારિક જીવનનો આશ્રય લીધો ત્યારે તે આરામની જિંદગીને બદલે બાપુના કઠિન કષ્ટમય જીવનના સાથી બનવામાં જ પૂજ્ય બાએ પોતાનો ધર્મ સમજ્યો.

સાર એટલો જ કે પૂજ્ય બાના જીવનનું આપણે સ્મરણ કરીએ છીએ ત્યારે કર્મ-નિષ્ઠાની સાક્ષાત્ મૂર્તિ આપણી સામે આવીને ખડી થાય છે. અને એની સાથે સાથે એ ભાવ પણ તીવ્ર બને છે કે, જો મનુષ્ય પોતાનાં દૈનિક કાર્યોને જ આળસ વિના અને પૂરા પરિશ્રમ નિષ્ઠાની સાથે કરતો રહે તો તે કેટલો ઊંચે આવી શકે છે.

પૂજ્ય બા નિત્ય કર્મ કરવામાં કેટલાં આગ્રહી, કેટલાં એકાગ્ર અને કેટલાં કુશળ હતાં તેનું વર્ણન લખીને કરી શકાય એમ નથી. એમના હાથ નીચે કામ કરવાનો જેઓને સુયોગ મળ્યો છે તેઓ જ આ વાત જાણે છે. ભલે સખત ઠંડી પડી રહી હોય, ભલે ગરમી ખૂબ જ હોય, ભલે લૂ વરસતી હોય, બાપુનું કામ કદી ધીમું પડતું ન હતું. રસોડામાં, ઓરડાની સફાઈમાં, કપડાં ધોવામાં કે ક્યાંય પણ બા થોડીય ઢીલ સહન કરી શકતાં ન હતાં. અને એ માટે તેઓ બીજાંને ભલું-બૂરું પણ કહેતાં ન હતાં. જ્યાં કામમાં શિથિલતા જુએ ત્યાં તેઓ જાતે પહોંચી જતાં અને ધીરે ધીરે તે કામને પોતાના હાથમાં લઈ લેતાં. જો કંઈ કહેવાનું થાય તો એટલું જ કહેતાં કે, 'તમારાથી ન થઇ શકતું હોય તો મને સોંપી દો, હું જલદીથી કરી નાખીશ.' બસ આટલા બે ચાર શબ્દોમાં જ બા નાનાં-મોટાં બધાં પર પોતાનું ગંભીર અનુશાસન ચલાવતાં હતાં. પૂજ્ય બાને સંતુષ્ટ કરવા માટે મોટામાં મોટી વ્યક્તિ પણ જેટલું

[અનુસંધાન ૧૯મે પાને]

ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ']

મુકુલભાઈ

[અંગ્રેજી સાહિત્યક્ષેત્રના એક વિખ્યાત સાહિત્યકાર કવિ જોન બનિયનની 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' નામની રૂપકાત્મક બોધપરાયણ ધર્મ-કથા વિશ્વસાહિત્યમાં અનોખું સ્થાન લે છે. તેની આ સંક્ષેપકથા છે. બાપુજી પણ આ પુસ્તકથી આકર્ષાયા હતા. જ્યારે તેઓ સાબરમતી આશ્રમમાં હતા ત્યારે આશ્રમમાં ભણતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને આ કથા પોતે ખૂબ રસપૂર્વક અને વિસ્તારથી કહેતા હતા. આ કથાનાં પાત્રોનાં નામ 'ભક્તરાજ', 'પોચટદાસ' બાપુએ જ આપેલાં હતાં તે વાપર્યાં છે. આખી કથા 'પ્યારાબાપુ'માં ક્રમવાર આપવામાં આવશે. વાચકોને તે રસમય અને બોધપ્રદ થઇ પડશે એમ માનીએ છીએ.]

આ જગતરૂપી જંગલમાંથી પસાર થતો થતો હું એક ધર્મશાળા પાસે વિસામો લેવા થોભ્યો. ઘડીભર સૂવા માટે મેં ત્યાં લંબાવ્યું અને થોડી વારમાં તો હું ઘસઘસાટ ઊંઘવા લાગ્યો. ઊંઘમાં મને એક સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં મેં એક માણસને જોયો. તેનાં કપડાં જર્જરિત દશામાં હતાં. તેના હાથમાં એક ધર્મ-પુસ્તક હતું અને તેના ખભા ઉપર ભારે ગઠડી હતી. તે થોડી થોડી વારે પોતાના ઘરથી દૂર નજર નાખીને વિમાસણમાં પડી જતો હતો. તેણે પુસ્તક ઉઘાડી વાંચવા માંડયું. વાંચતાં વાંચતાં તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં અને તરત જ તે ડૂસકાં ભરી રડતો રડતો બોલ્યો: "મારે હવે કરવું શું?"

એવી જ યાતના અનુભવતો તે પોતાને ઘેર ગયો. તેણે પોતાના દુઃખને મનમાં શમાવવા શક્ય એટલો પ્રયત્ન કર્યો, કારણ કે તેનાં બૈરીછોકરાં એ જોઈ જાય એ સારું ન કહેવાય. પરંતુ તે લાંબો વખત શાંત રહી શક્યો નહિ. છેવટે તેણે પોતાની પત્નીને તેમ જ બાળકોને ભેગાં કરીને કહ્યું: "તમે બધાં મારું સાંભળો! મારા ખભા ઉપરના આ બોજાથી હું ખૂબ ત્રાસી ગયો છું. વળી મને એવી ચોક્કસ માહિતી મળી છે કે, જે નગરીમાં આપણે રહીએ છીએ તે કુદરતના કોપથી બળીને ખાખ થઇ જશે. તેથી આપણે બધાં પણ નાશ પામીશું. જો આપણને એ આપત્તિમાંથી બચવાનો માર્ગ સૂઝે તો આપણે બચી શકીએ ખરા. પરંતુ એવું કંઈ મને ક્યાંય દેખાતું નથી!"

એ સાંભળીને બધાં નવાઈ પામ્યાં. એની વાતમાં કંઇક તથ્ય છે એમ સમજીને નહિ, પરંતુ એ લોકોને લાગ્યું કે એનું મગજ ખસી તો નથી ગયું ને? રાતનો વખત હતો, તેથી એ લોકોને થયું કે, રાતે એ ઊંઘી જશે એટલે આરામ મળતાં એનું મગજ સ્થિર થઇ જશે. પરંતુ રાત તો એને માટે ખૂબ જ દુઃખદાયક થઈ પડી. સૂવાને બદલે તેણે પથારીમાં પાસાં ફેરવ્યાં

કર્યા. એની આંખમાંથી ચોધાર આંસુ વહેતાં જ હતાં અને વચ્ચે વચ્ચે તે નિસાસા પણ નાખતો હતો. શું કરું અને શું નહિ, એની તેને સૂઝ પડતી ન હતી.

સવાર પડી. તેની સ્થિતિ તો રાત કરતાં પણ ખરાબ થતી જતી હતી. સૌને તે ભવિષ્યમાં આવનારી આપત્તિની ત્રાસજનક વાતો કહેવા લાગ્યો. એટલે ઘરનાં માણસો કંટાળી જઇને એની તરફ કડક વર્તાવ કરવા લાગ્યાં. તેઓએ વિચાર્યું કે એની સાથે કડકાઇથી વર્તીશું અને વારે વારે ઠપકો આપ્યા કરીશું તો આવો બકવાદ કરવાનું તે છોડી દેશે અને સીધો દોર થઈ જશે. પછી તો બધાં એની ઉપેક્ષા પણ કરવા લાગ્યાં. એટલે તે પોતાના ઓરડામાં ચાલ્યો જતો અને એ બધાં ઉપર પ્રભુ રહેમ કરે અને પોતાને પણ આશ્વાસન મળે એ માટે પ્રાર્થના કર્યા કરતો. એને જરાયે ચેન પડતું ન હતું. કોઈ વાર તે ખેતરમાં જઈ આંટા મારતો, તો કોઈ વાર પોતાની પાસેનું ધર્મ-પુસ્તક ઉઘાડી વાંચવા લાગતો અને કોઈ વાર એકલો બેસીને પ્રાર્થના કરતો. આ રીતે એણે કેટલાક દિવસો પસાર કર્યા.

એક દિવસ તે ખેતરમાં આંટા મારતો મારતો ધર્મ-પુસ્તક વાંચી રહ્યો હતો. એના મુખ પર ગ્લાનિ પ્રસરેલી હતી. વાંચતાં વાંચતાં એકાએક તે મોટેથી રડી પડ્યો અને બોલી ઊઠ્યો: "મારે આ આપત્તિમાંથી બચવા સારુ શું કરવું જોઇએ?"

પછી તે આમતેમ જોવા લાગ્યો. જાણે તે નાસી જવાનો મનસુબો ન કરતો હોય? પણ નાસીને જવું ક્યાં? એ તેને હજી સૂઝતું ન હતું.

એવામાં ધર્મદૂત નામે એક માણસ એની પાસે આવ્યો અને પૂછવા લાગ્યો: "કેમ ભાઈ, તું આમ શા સારુ કલ્પાંત કરે છે?"

પેલા માણસે કહ્યું: "આ ધર્મ-પુસ્તક વાંચતાં મને એવું જણાયું છે કે મારી અંત-ઘડી હવે નજીક આવી રહી છે. મારા મરણ પછી મને ભગવાનના દરબારમાં ઊભો કરવામાં આવશે. મને મરવાની તેમ જ દરબારમાં ઊભા રહેવાની ખૂબ જ બીક લાગે છે! હવે મારે કરવું શું?"

ધર્મદૂતે પૂછ્યું: "જીવન તો કેટલાંય અનિષ્ટોથી ભરેલું છે. તો પછી તું મરણથી શા માટે આટલો બધો ભય પામે છે?"

પેલો માણસ જેનું નામ ભક્તરાજ હતું તે બોલ્યો: "કારણ કે મને એવો ભય છે કે મારા ખભા પર જે આ બોજો છે તે મને નરકમાં ઢકેલી મૂકશે! અને ભાઈ, એ નરકાગારમાં રહેવા જેટલી તાકાત મારામાં નથી, તેથી મરણ પછી ભગવાનના દરબારમાં મને ઊભો રાખવાના વિચારમાત્રથી હું ધ્રૂજી ઊઠું છું! આ બધા વિચારો આવતાં મને રડવું આવે છે."

એટલે ધર્મદૂત કહેવા લાગ્યો: "જો તારી આવી દશા છે તો પછી તું અહીં શા માટે પડી રહ્યો છે?"

ભક્તરાજ—કારણ કે મને સમજાતું નથી કે મારે હવે ક્યાં જવું?

એટલે ધર્મદૂતે તેને ચામડાથી વીંટાળેલો એક વીંટો આપ્યો. તેમાં લખ્યું હતું: "જે કોપ તારે માથે વરસવાનો છે તેનાથી દૂર ભાગી જા."

ભક્તરાજે તે વાંચ્યું અને ધર્મદૂતને કાળજીપૂર્વક નિહાળતાં પૂછ્યું: "હું ક્યાં નાસી જાઉં?" એટલે

[અનુ૦ પૃ૦ ૨૪ મા

આ રાબાપુ

સર્વોદયની દૃષ્ટિ

વિનોબાજી

એક ભાઈએ કહ્યું, "આમ તો મારી સર્વોદય સમાજ સાથે પૂરેપૂરી સહાનુભૂતિ છે, પણ હું તેમાં એટલા માટે દાખલ નથી થતો કે તેમાં રાજકારણ નથી અને આ દિવસોમાં વગર રાજકારણે કોઈ સામાજિક ક્રાન્તિ થઈ નથી શકતી."

મેં કહ્યું:- આમાં તમે ત્રણ વાતો બતાવી છે અને એ ત્રણેના મૂળમાં ભ્રમ રહેલો છે. એક તો તમે એમ સમજ્યા કે સર્વોદય સમાજમાં દાખલ 'થવું' પડે છે, એવી વાત નથી. જે સર્વોદયવિચારમાં માને છે તે સર્વોદય સમાજમાં છે જ. જે નામ લખાવશે તે જ સર્વોદય સમાજનો 'સેવક' બનશે એવો કોઈ વિચાર રાખ્યો નથી. નામ તો લખાશે થોડા હજારોનું પણ અમે તો આશા રાખીએ છીએ કે તેના વગર-લખેલા સેવકો લાખો બનશે. જેણે નામ નહીં લખાવ્યું હોય છતાં કહેશે કે 'અમે સર્વોદય સમાજના છીએ' તો તે છે.

બીજી વાત, તમે એમ માન્યું છે કે સર્વોદય વિચારમાં રાજકારણ નથી. તેમાં ફક્ત સત્તાલોભી ટૂંકી દૃષ્ટિનું રાજકારણ નથી. કારણ કે તેવું રાજકારણ સર્વોદયકારી નથી હોતું; સ્વાર્થી કે સ્વકીયાર્થી (પોતાના માનેલાઓનું હિત જોનારું) હોય છે. તુલસીદાસજીનું એક અતિ માર્મિક વચન છે કે, 'પોતાનું ભલું ઇચ્છનાર તો બધા હોય છે, પોતાનાંનું ભલું ઇચ્છનાર પણ કેટલાક હોય છે, પણ બધાંનું ભલું ઇચ્છનાર તો હરિચરણનો દાસ જ હોય છે.' હરિચરણનો દાસ વિશિષ્ટ પક્ષના રાજકારણને પસંદ નહીં કરે. શક્તિનો નાશ કરનાર રાજકારણ, ફૂટ પાડનાર રાજકારણ તેમનું નથી હોતું; પણ બધાંને જોડનાર, બધાંની શક્તિમાં વધારો કરનાર રાજકારણ તેમનું હોય છે.

ઉપરાંત ત્રીજો તમારો વિચાર એવો જણાય છે કે અત્યારના સમયમાં સામાજિક ક્રાન્તિ રાજકારણના આધાર પર જ થઈ શકે છે. ભાવિ કાળને ન ઓળખનારનાં આ લક્ષણ છે. એક સત્તાના દિવસો ગયા, અલ્પસંખ્યાના દિવસો ગયા, અને હવે બધાની સત્તાના દિવસો આવી રહ્યા છે. જે જોઈ શકે છે તેને આ દેખાય છે. બધાની સત્તા એટલે બધાને મત આપવાનો અધિકાર નહીં, પણ હાર્દિક સહકાર. બધામાં હું છું અને મારામાં બધું છે. આ અનુભૂતિની સત્તાનો યુગ હવે આવી રહ્યો છે. તેને અનુકૂળ જો આપણે થઈશું તો આપણને યશ મળશે. નહીં તો આપણને છોડીને પણ તે આવશે જ. આ વિચારક્રાન્તિની વાત છે. વિચારક્રાન્તિ કોઈ પણ યુગમાં રાજકારણની દાસી નથી બનવાની, આ યુગમાં પણ નહીં. દેખાવમાં તો એમ લાગશે કે સત્તા હાથમાં આવી એટલે તરત ફેરફાર કરી નાખીશું, આપણી મરજી પ્રમાણે શિક્ષણ આપીશું ને બધાંના મગજ આપણા વિચારોથી ભરી દઈશું.



પ્યારાબાપુ

પણ આ નર્યો આભાસ જ છે. પત્તાંનો બંગલો બને છે કે તરત જ તૂટી પડે છે. જ્યાં રાજકીય સત્તાએ શિક્ષણ પર અધિકાર જમાવ્યો અને બધાને એક વિચારવાળા એટલે સ્વતંત્ર-વિચાર-રહિત બનાવ્યા, ત્યાં તે સત્તાના સંપૂર્ણ નાશની તૈયારી થઈ ચૂકી સમજવી. એક પવનનો સપાટો આવ્યો ને મિનાર તૂટી પડ્યો.

સર્વોદય વિચારની ખૂબી જ એ છે કે તે સ્વતંત્ર અને જુદા જુદા વિચારો માટે સ્થાન રાખે છે. એક ખાસ પ્રકારની વ્યવસ્થા કે તેવા કોઈ આકાર માટે તેમાં આગ્રહ નથી રાખ્યો. તેમાં બંધનને સ્થાન નથી રાખ્યું, કે ખરડા બનાવવાની પણ ઇચ્છા નથી રાખી. તે સંગઠનને શક્તિ નથી માની બેસતા પણ સત્યની શક્તિને જાણે છે. અશક્ત સંગઠિત થાય તો શક્તિ બની જાય એવા આભાસમાં તે નથી ફસાતા. તે તો શક્તિમાન બનવા માટે આળસુ લોકોએ શોધેલો રસ્તો છે. બીમારોનો સંગ્રહ કરવાથી જ જો આરોગ્ય મળતું હોત તો પછી ન વૈદ્યોની જરૂર રહે, ન દવાઓની કે ન પૌષ્ટિક ખોરાકની. હિંસાની અંદર આ બધું ચાલી જાય છે. દસ લાખની ફોજ તૈયાર કરી કે રાષ્ટ્ર બળવાન થઈ ગયું. સિપાઈઓની જીત થઈ તો કહે દેશની જીત થઈ. પણ સિપાઈઓને ભોજન મળ્યું તો એમ કેમ નથી કહેતા કે દેશને ભોજન મળી ગયું? કહે છે, 'સંઘે શક્તિઃ કલૌ યુગે' પણ સમજી નથી શકતા કે હવે કળિયુગ નથી હવે તો છે કૃતયુગ, કૃતિ-યુગ, સત્કૃતિયુગ. કળિયુગ તો ક્યારનોયે ખલાસ થઈ ગયો. જ્યારે હું જાગી ગયો તો કળિયુગ ક્યાં રહ્યો? આથી જ લડાઈ જીતીને અથવા ચૂંટણી જીતીને પણ આપણે સર્વોદય લાવીશું એવા ભ્રમમાં ન રહેવું જોઈએ.

વિનોબાની રીત

કિશોરલાલ મશરૂવાળા

વિનોબાની જેમ રચનાત્મક કાર્યકર્તાઓ અને કોંગ્રેસજનોએ ભૂદાન યજ્ઞને પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞાના પાલનમાં એક જરૂરી કદમ તરીકે સમજવો જોઈએ. અન્નના પ્રશ્નના ઉકેલમાં બીજા કોઈ એક બળ કરતાં આનો વધારે ફાળો મળશે. એક મહાન વિશ્વસમસ્યાના ઉકેલની એમાં ચાવી રહી છે. વિનોબાની રીત માણસમાં રહેલી ઉદાત્ત અને ઉચ્ચ વૃત્તિઓને જાગ્રત કરવાની છે. આ કામ બધી પક્ષબાજીથી પર છે. આમ તે સાચી રીતે રાષ્ટ્રીય સિદ્ધાંત—જેમાં સમગ્ર પ્રજા સહમત હોય એવો સિદ્ધાંત થઈ શકે એવો છે. રચનાત્મક કાર્યકર્તાઓની દૃષ્ટિથી આ એવું એક કામ છે, જે છેવટે બધાં રચનાત્મક કામને મજબૂત કરશે. વિનોબા કહે છે એમ ખરેખર જો આ કામની આ પળે ઉપેક્ષા કરાશે તો રચનાત્મક કાર્યકર્તાઓનાં બીજાં કામો પણ ભાંગી પડવા સંભવ છે.

* * *

વિદ્યાર્થીનો ધર્મ

રવિશંકર મહારાજ

ગુરુ શિષ્યને શરૂઆતમાં જ કહે છે:–

'યાનિ વંદ્યાનિ કર્માણિ, તાનિ સેવિતવ્યાનિ
નો ઇતરાણિ ।'

મારાં જે સારાં કર્મો છે તેની ઉપાસના કરજે, ને ગ્રહણ કરજે. બીજાં નહીં. આમ પ્રથમથી જ તેને સારું સારું લેવા અને ખોટું ખોટું છોડી દેવા જણાવે છે. ગુરુ પાસે જવા માટે પણ વિધિ રાખવામાં આવે છે, તેને ઉપનયન સંસ્કાર કહે છે.

ઉપ+નયન=પાસે જવું. ગુરુ પાસે જવું. એવો અર્થ થાય છે. ઉપવીત=ઉપ+વિ+ઇતિ =વિશેષ પ્રકારે ગયેલો તે. આ રીતે ગુરુ પાસે વિદ્યાર્થી જાય છે. પછી તેના શરીરને, મનને અને હૃદયને–આત્માને ઘડે છે.

શરીર ઘડતર માટે તેનાં બધાં અંગો મજબૂત થવાં જોઈએ. ટાઢ, તાપ સહી શકે તેવાં અને ધાર્યું કામ આપે તેવાં થવાં જોઈએ. એ માટે પોષાકમાં લંગોટી, પથારીમાં મૃગચર્મ અને રક્ષણ માટે દંડ આપવામાં આવે છે.

વળી તેને આજ્ઞા હોય છે—ખાટલા પર ન સૂવું, તેલ ન ચોળવું, વાળ બાંધી રાખવા, રોજ બે વખત સ્નાન કરવું, શરીર દબાવવું નહીં, અભ્યાસમાં પ્રમાદ ન કરવો, ક્રોધ ન કરવો, કોઈના શરીરનો સ્પર્શ ન કરવો–એ માટે સ્વતંત્ર પથારી રાખવી, વાહનમાં બેસવું નહીં વગેરે.

આમ આવી ક્રિયાઓ કરવાથી શરીર ખડતલ થાય છે અને મજબૂત બને છે.

એ માટે ખોરાક કેવો જોઈએ?–ખોરાક પાંચ પ્રકારનો છે. ઇન્દ્રિયો પાંચ છે. આંખ, કાન, નાક, જીભ અને ચામડી–આ પાંચે ઇન્દ્રિયો વાટે આપણે ખોરાક લઈએ છીએ. તેમાં એક ઇન્દ્રિયને સાત્વિક ખોરાક આપીએ અને બીજીને તામસિક ખોરાક આપીએ તો તેથી સાત્વિક અસર ન થાય.

જેમ કે જીભને સાત્વિક ખોરાક આપીએ પણ આંખને નાટકચેટક જોવાનો, કાનને બીભત્સ વાતો સાંભળવાનો ખોરાક આપીએ તો જીભના સાત્વિક ખોરાકની અસર મારી જશે. અને વધુમાં આંખ તથા કાનના ખોરાક નુકસાન કરશે. અન્નની જેમ તે પણ વિકાર ઉત્પન્ન કરશે. ચામડીને સ્પર્શ એવો ન થવો જોઈએ કે જે મન અને શરીરમાં વિકૃતિ પેદા કરે. આમ પાંચેય ઇન્દ્રિયોને સાત્વિક ખોરાક મળે તો જ સાત્વિક ખોરાક આપવામાં આવે છે એમ કહેવાય.

ખોરાક એટલે આહાર—આ+હૃ=લેવું તે. આવી જાતના ખોરાકની ટેવ પડે તો પછી તેને બીજા ગમે નહીં. આ ટેવ પાડવા માટે કેટલો સમય જોઈએ?

એક વિદ્યા પ્રાપ્ત કરવા માટે બાર વર્ષનું તપ કરવાનું વેદમાં જણાવ્યું છે. એવી રીતે વધુમાં વધુ ૪ તપ કરવાનાં હોય.

આમ ઓછામાં ઓછાં ૧૨ વર્ષ સુધી ટેવો પાડે તો તે ટેવો દૃઢ થાય. કોઈ કોઈ વખત ૧૨ વર્ષ વીતતાં છતાં પણ બધી ઇન્દ્રિયો ઘડાઈ ન હોય તો ગુરુ તેને વધુ વખત રાખે છે.

મહાભારતમાં એક કથા છે. ઉપમન્યુ વિદ્યાર્થી ધૌમ્ય ઋષિ પાસે ભણતા હતા. તે વિદ્યાર્થીને બધું જ્ઞાન થયું હતું, પણ જીભ પર અંકુશ આવ્યો ન હતો. એટલે ગુરુ તેને

સમાવર્તન સંસ્કાર આપતા ન હતા. ગુરુપત્નીએ ઘણો આગ્રહ કર્યો; પણ ગુરુને ખબર હતી કે ઉપમન્યુ જો જીભનો સંયમ કેળવ્યા સિવાય સમાજમાં જશે તો સફળ નહીં થાય. એને માટે તેને આકરી કસોટીમાં મૂકે છે. એ કસોટીમાં તેને જ્ઞાન થાય છે. એ કસોટી વખતે તો તેને એમ લાગે છે કે ગુરુ શા માટે મને ગાયો ચારવા મોકલતા હશે? અને શા માટે ખાવાનો ભાવ પૂછતા નથી? ગાયો ચારવામાં નવું શું શીખવાનું છે? આમ છતાં તે ગુરુની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરે છે. પણ જીભ તેને બારોબાર ભિક્ષા માગી લાવી ખાવા પ્રેરે છે. તેની મના થતાં ગાયનું દૂધ પીવા પ્રેરે છે. તેની મના થતાં વાછરડાં ધાવ્યા પછી ફીણ ચાટવા પ્રેરાય છે. અને છેવટે જીભ તેને પાંદડાં ખાવા પ્રેરે છે.

એમ જીભ કાબૂમાં નથી, તેથી તેને ગુરુની આજ્ઞાનું વિસ્મરણ થાય છે. શબ્દોનું પાલન કરે છે. પણ ભાવ સમજાતો નથી. તે જ્યારે ખાડામાં પડે છે ત્યારે તેને ભાન થાય છે. પોતાની જીભે તેને કેવાં કેવાં પાપ કરાવ્યાં તે સમજાય છે. ત્યારે ગુરુએ કરેલી કસોટીનું મહત્ત્વ પણ તે સમજે છે અને ત્યારે સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને ગુરુ તે જાણે છે એટલે અભ્યાસ પૂરો થવાનો સમાવર્તન સંસ્કાર તેને કરાવે છે.

શ્રી. રવિશંકર દાદા

આપણા સેવકો બે પ્રકારના છે; એક સ્વયં પ્રકાશ સેવકો અને બીજા પરપ્રકાશ સેવકો. સ્વયં પ્રકાશ સેવકો પોતાના જ તેજથી પ્રકાશે છે; તેમનું તેજ ઉગ્ર હો કે મંદ હો, તેમના તેજનો રંગ ધોળો હો કે રંગિત હો, પણ તેમનું તેજ તેમનું પોતાનું તેજ છે. બીજા કોઇનું ઊછીનું લીધેલું તેજ નથી. ગગનમાં જેમ અનેક સ્વયં પ્રકાશ સૂર્યો પડ્યા છે, તેમ જ દેશમાં આવા સ્વયં પ્રકાશ સેવકો પડ્યા છે. તેઓ પ્રકાશે છે, કારણ કે પ્રકાશવું એ એમનો સ્વભાવ છે, એ એમનું જીવન છે. એમના પ્રકાશવાની પાછળ બીજો કોઈ પણ ઉદ્દેશ હોતો નથી, એમના પ્રકાશથી બીજાનું કલ્યાણ થાય એ તો એમનો અવાન્તર લાભ છે; એ પોતે બીજાને લાભ કરવા માગે છે, એમ પણ નથી.

રવિશંકર દાદા ગુજરાતના આવા સ્વયંપ્રકાશ સેવક છે. એમના અનુભવો એમણે કોઈ પુસ્તકમાંથી ઉતાર્યા નથી, એમની વાણી કોઈ ભાષાશાસ્ત્રીએ ઘડી નથી; એમના વિચારો કોઈ મોટા સમાજશાસ્ત્રીએ એમને શીખવ્યા નથી. એમની પાસે તો કોઠાવિદ્યા છે. જે ધરતીને ધાવીને એ પોતે મોટા થયા છે, જે લોકોમાં રખડીને એમણે પોતાનું જીવન ગાળ્યું છે, જે જે મહાપુરુષોનો એમને સંગ થયો છે: એ બધાય પાસેથી એમને અનુભવો મળ્યા, ભાષા મળી, વિચારો મળ્યા.

આજના આપણા વિદ્યાર્થીઓ પોતાની કલ્પનાની સૃષ્ટિમાંથી નીચા ઊતરી રવિશંકર દાદાની સાથે રખડે તો આપણું વિદ્યાર્થી જીવન વધારે સમૃદ્ધ અને શક્તિશાળી થશે એમાં મને શંકા નથી.

— નાનાભાઈ ભટ્ટ

પ્યારાબાપુ

દુ:ખનું ઓસડ

ગુરુદયાલ મલ્લિકજી

જ્યારે માણુસને કંઈ દુ:ખ પડે છે, ત્યારે તેને દૂર કરવા માટે તે જાતજાતના રસ્તા શોધે છે; એટલે સુધી કે જ્યારે તેની બુદ્ધિ એનું દુ:ખ દૂર કરવાનો કોઈ રસ્તો શોધી શકતી નથી, ત્યારે તે જ્યોતિષ પર તેમ જ જંતર-મંતર પર આધાર રાખવાનું શરૂ કરી દે છે.

પરંતુ દુ:ખ દૂર કરવાની જે એક અકસીર દવા છે, તે એ અજમાવતો નથી. તે દવા છે દુ:ખને શાંતિથી, મૌનથી સહન કરવું. જ્યારે તેની બુદ્ધિ યુક્તિ-પ્રયુક્તિઓ શોધવાનું બંધ કરી દે છે, ત્યારે એની બુદ્ધિની પાછળ જે ભગવાન છુપાયેલો છે તે બહાર આવે છે, અને એ દુખી માણુસને આશ્વાસન આપે છે.

શાંતિમાં, મૌનમાં બેસવાથી માણુસનું ઉદ્વિગ્ન થઈ ગયેલું મન ધીમે ધીમે સ્વસ્થ બનતું જાય છે, સરળ બનતું જાય છે. અને એ સ્વસ્થતામાં, સરળતામાં એક અજબ શક્તિ રહેલી છે; કારણુ કે જ્યાં સુધી માણુસ પોતાના દુ:ખનો જ વિચાર કર્યા કરે છે અને તેને કોઈ પણુ હિસાબે દૂર કરવાનો રસ્તો શોધ્યા કરે છે, ત્યાં સુધી એનો 'અહમ્' કુક્કાની જેમ મોટો ને મોટો થતો જાય છે. એનું પરિણામ છેવટે એવું આવે છે કે તે એક જાતની ભૂલભુલામણીમાં અટવાઈ જાય છે.

પરંતુ મૌન સેવવાથી મનને લાંબા વખત સુધી કશો ખોરાક મળતો નથી. તેથી મન સૂક્ષ્મ બનતું જાય છે. પછી પ્રભુ જે સર્વજ્ઞ છે તે માણુસને રસ્તો બતાવે છે; જેમ કે, ઘણી વાર હોડી ચલાવનાર ખલાસી હલેસાં મારવાનું છોડી દઈ બધું રામભરોસે મૂકી દે છે, અર્થાત હવા-જે પ્રભુનો પ્રાણુ છે-ને આધારે હોડી સહેલાઈથી તુફાનમાં પણુ પાણી કાપતી આગળ ચાલે છે.

'તું-પ્રભુ જે કરે તે ખરું!' એ જ જીવનનો સાચો મૂળ મંત્ર છે. તેથી દુ:ખમાં પ્રભુ જે કરવા ઈચ્છે છે તે એને કરવા દઈએ. તેમાં જ

આપણું ભલું રહેલું છે. પણ પ્રભુને એનું કામ કરવા માટે અવકાશ તો મળવો જોઈએ ને? અને તે અવકાશ છે માણસના મનની શાંતિ.

'ગીતાંજલિ' કાવ્ય-૯૯

સુકાન જવ છોડીશ હું તવ તું લેશે નિજ કર જાણું,
થનાર એની મેળે થાશે, મિથ્યા હું આ તાણું.
છોડી દે, ઓ રે છોડી દે,
વણ બોલ્યે કેવળ જોતી રહે,
જ્યાં બેઠી છે ત્યાં બેસી રહે, ભાયગ એમાં માનું.
મારા આ દીવડા બુઝાતા, ફરી ફરી પેટવતી,
સદાય એની પૂઠે હું તો નિશદિન મંડી રહેતી.
હું તો અવ અંધારે ભવને
બેઠી છું પાથરી પાલવને,
જયાર ખુશી આવીને લેજે આસન એ પોતાનું.

[અનુ૦ નગીનદાસ પારેખ]

આપણું કર્તવ્ય

સાધારણ જનસમાજ આગળ ઉચ્ચ તત્ત્વજ્ઞાન કે વેદાંત મૂકવાની જરૂર નથી. તે જિજ્ઞાસુ શોધકોનો વિષય છે. આપણે બધા તત્ત્વજ્ઞાનની પાછળ લાગ્યા તેનાં દુષ્પરિણામ આવ્યાં છે. તત્ત્વજ્ઞાનથી લોકો કાંઈ સુખની ઉપેક્ષા કરનારા તો ન જ બન્યા. પરંતુ ઊલટું તત્ત્વજ્ઞાનનો આશ્રય લીધેલો હોવાને લીધે ભ્રમ, દંભ, પ્રમાદ, આળસ વગેરે દુર્ગુણો સમાજમાં પોષાયા છે.

બુદ્ધે કહ્યું છે તે પ્રમાણે મને આ બાબતમાં લાગે છે કે, આત્મા છે કે નહીં, તે અવિનાશી છે કે નાશવંત, અથવા જગત અનંત છે કે સાંત, એ વાદવિવાદમાં પડવાની કોઈનેયે જરૂર નથી. આપણું શરીર નાશવંત છે એ તો આપણે રોજના અનુભવ પરથી જાણીએ છીએ; તેનાં પરિણામ બાહ્ય જગતમાં શું થાય છે તે પણ આપણે જોઈએ છીએ. તે બધા પરથી આપણે એ જ વિચાર કરવો જોઈએ કે મારે મારું કર્તવ્ય મારા અંતરને શાંતિ મળે એ રીતે-ઉત્તમોત્તમ પ્રકારે-કરવું જોઈએ. આ દૃશ્ય-જગતમાં શાંતિ રહે, સુખ વધે એવાં જ કામો કરવામાં મારે મગ્ન રહેવું જોઈએ. આ રીતે સંપૂર્ણ જીવન ગાળીને મરણ આવ્યા પછી આગળ જે કાંઈ હોય તે ભોગવવાને આપણે તૈયાર રહેવું જોઈએ.

આવો વિચાર આપણે બધા કરતા થઈએ તો તેમાં બધાનું કલ્યાણ છે. સાધારણ જનસમાજ આ કરતાં અધિક પચાવી શકે નહીં. માટે તે આચરી શકે અને આચરવાથી ઉન્નત થાય એવા શબ્દોમાં કુટુંબ, સમાજ વગેરે બાબતમાં તેનું કર્તવ્ય શું છે તે તેને સમજાવવું જોઈએ. જગત વિષે પ્રેમ ઉત્પન્ન થઈ તે બાબતનું કર્તવ્ય કરવાની વૃત્તિ તેના મનમાં ઉત્પન્ન થાય એવા જ ત્રિચાર તેની આગળ મૂકવા જોઈએ.

લોકોના મનમાં પરલોક વિષે કાલ્પનિક આશાઓ કે ભય ઊભો કરવાની જરૂર નથી. ઈશુ ખ્રિસ્તે જેટલું કહ્યું છે તેટલું બસ છે કે, 'જેવું વર્તન બીજાઓ તારી તરફ રાખે એમ તું ઇચ્છે છે, તેવું જ વર્તન તું પણ તેમના તરફ રાખ.' આ સિવાય બાકીની અનેક આશાઓ કે ભય છે તેમાં સત્ય વિચારનો અંશ નથી. માટે તેવી કલ્પનામાં સમાજનું કલ્યાણ નથી.

–કેદારનાથજી



ચિ.

તું [illegible] [illegible] [illegible] રહી શકે એ મને તો જરૂર ગમે. પણ ઘણાં ઘણાં છોકરા અને છોકરીઓને પોતાને ઘેર રહવા નો [illegible]. જેને પૂરી [illegible] આપ્યું છે તેનામાં પૂરી [illegible] જોઈએ, તો શું છુપાવો નહિં અને [illegible] આટલું [illegible] [illegible] [illegible] જોઈએ. [illegible] [illegible] [illegible] ને મારો વાત છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] નહિં પણ [illegible] છે [illegible] [illegible] અને [illegible] [illegible]



ન હોય તે ન જ કરે. આમ ખાવા
પીવાની બેસવા ઊઠવાની પહેરવા
ઓઢવાની બધી ક્રિયા થાય.
આ બધું કરવાની તારામાં
શક્તિ હોય તો બહુ સારું. ન હોય તો
નગ્નપણે તે કબૂલ કરી લેવું ને જેમ
અસંખ્ય છોકરીઓ કરે છે તેમ
તારે પણ કરવું. તેમાં કંઈ દોષ
નહિં ગણાય. શક્તિ ઉપરાંત
કંઈ ન થાય.
બાપુ
૨૫ જુલ

[ઘણી વાર બાપુજી ઓછા શબ્દોમાં જીવનનું સાચું માર્ગદર્શન કરાવતા હતા. કોઈ વ્યક્તિ અમુક નિશ્ચય કરવા તત્પર થાય અને બાપુજીને એની જાણ થાય તો એ વ્યક્તિને હતાશ ન કરતાં કે ખોટું પ્રોત્સાહન ન આપતાં તેના એ પગલાનું ગાંભીર્ય તેને એવી માર્મિકતાથી બાપુજી સમજાવતા કે, એ વ્યક્તિ એમાંથી પ્રેરણા મેળવી પોતાના નિશ્ચય વિશે સ્વસ્થતાથી વિચાર કરતી થઈ જાય અને પોતાના નિશ્ચયની યથાર્થતા તેમ જ પોતાની શક્તિની મર્યાદા સમજવા પ્રયત્ન કરે. બ્રહ્મચર્ય જેવા નાજુક તેમ જ જટિલ વિષયને પણ બાપુજી કેવી સરળતાથી અને સૂક્ષ્મતાથી સંક્ષેપમાં સમજાવી શકતા હતા તેનો ખ્યાલ આ પત્ર પરથી સહેજે આવી શકે એમ છે.]

ચિ૦

તું અખંડિત કુમારિકા રહી શકે એ મને તો જરૂર ગમે. પણ ઘણા છોકરા અને છોકરીઓને પોતાને છેતરતા મેં જાણ્યા છે. જેને પૂર્ણ બ્રહ્મચર્ય પાળવું છે તેનામાં પૂર્ણ સત્ય જોઈએ, તે કશું છુપાવે નહીં અને બ્રહ્મચર્ય એટલે શું એનું પૂરું જ્ઞાન હોવું જોઈએ. વિકારને વશમાં રાખવા એ મોટી વાત છે. એમ કરવા ઇચ્છે તેણે ભોગો માત્રનો ત્યાગ કરવો જોઈએ. એટલે કે જે જે કરે તે ભોગને સારુ નહિ પણ આવશ્યક છે એમ જાણીને અને તેથી જે આવશ્યક ન હોય તે ન જ કરે. આમ ખાવા-પીવાની બેસવા-ઊઠવાની, પહેરવા-ઓઢવાની બધી ક્રિયા થાય. આ બધું કરવાની તારામાં શક્તિ હોય તો બહુ સારું, ન હોય તો નગ્નપણે તે કબૂલ કરી લેવું ને જેમ અસંખ્ય છોકરીઓ કરે છે તેમ તારે પણ કરવું. તેમાં કંઈ દોષ નહીં ગણાય. શક્તિ ઉપરાંત કંઈ ન થાય.

૨૫-૮-૩૨ બાપુ

શાંતિનું સ્થાન

મહાસતી ઉજ્જવળ કુંવરજી

એક સમયની વાત છે. કાશીના રાજાએ પોતાને ત્યાં એક મોટી સભા યોજી. સભામાં દેશદેશના વિદ્વાનો આવ્યા હતા અને રાજા મહારાજાઓની પણ હાજરી હતી. જનતા પણ મોટા પ્રમાણમાં આ સભામાં હાજર થઈ હતી.

નિયત સમયે રાજાએ ઊભા થઈને કહ્યું: "બંધુઓ, દુનિયામાં દરેક મનુષ્ય શાંતિ ચાહે છે. પરંતુ તે શી રીતે મળે? એ પ્રશ્નની વિચારણા કરવા માટે આ સભા યોજવામાં આવી છે. આ પ્રશ્ન અંગે પોતપોતાના વિચારો દર્શાવવાનું પંડિતોને મારું નિમંત્રણ છે. અને શાંત રહીને સાંભળવાની સૌને વિનંતી છે."

વિદ્વાનોએ આ પ્રશ્ન પરત્વે પોતપોતાના વિચારો દર્શાવવા શરૂ કર્યા. અંતે આખી સભા સર્વાનુમતે જે નિર્ણય પર આવી તે નિર્ણય જાહેર કરવા રાજપુરોહિત ઊભો થયો અને બોલ્યો: "વેદાભ્યાસથી મનુષ્યને શાંતિ મળે છે. માટે દરેકે વેદાભ્યાસ કરવો જોઈએ." આ સાંભળીને સૌને આનંદ થયો અને 'વેદાભ્યાસ'ના જયનાદથી સભા ગાજી ઊઠી. એટલામાં એક યુવાન તપસ્વી ઊભો થયો અને બોલ્યો: "વેદાભ્યાસથી શાંતિ મળે છે એમ કોણ કહે છે? આ તદ્દન ખોટી વાત છે. વેદાભ્યાસથી કદી શાંતિ મળી શકે નહિ."

રાજાને આ સાંભળી આશ્ચર્ય થયું. સભા પણ વિચારમાં પડી ગઈ. રાજાએ પૂછ્યું: "ત્યારે શાંતિ શી રીતે મળે? શાંતિનું સ્થાન ક્યાં? શાંતિનો માર્ગ કયો છે? તે આપ બતાવવા કૃપા કરો."

તપસ્વીએ કહ્યું: "રાજન્! વેદાભ્યાસથી શાંતિ મળતી નથી, જ્ઞાન મળે છે. પરંતુ સાચી શાંતિ સંયમથી જ મળે છે."

રાજાને તેમ જ આખી સભાને આ વાતનું સત્ય સમજાયું. સૌએ એકમતે જાહેર કર્યું કે, "સંયમથી શાંતિ મળે છે."

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે શાંતિ સંયમથી ઉદ્ભવે છે. માટે ખરી શાંતિ મેળવવા માટે સંયમી બનવાની જરૂર છે. જેમનામાં સંયમ હોય છે તે ઓછામાં ઓછું લઈને સમાજને વધુમાં વધુ આપે છે. આ છે સંયમી જીવનની કસોટી. મન, વચન અને કાયાને અશુભમાંથી પાછાં વાળીને રોકવાં તેનું નામ છે સંયમ; અને એ છે શાંતિનો રાજમાર્ગ.

આરંભ અને અંત

અંત કહે: 'એક દિવસ બધાનો અંત આવવાનો છે, માટે હે આરંભ! તારો અહંકાર વ્યર્થ છે!'

એ સાંભળી આરંભ કહે: 'ભાઈ, જ્યાં અંત આવે છે ત્યાં આરંભ થાય છે એ તું શીદ ભૂલે છે?'

—ગુરુદેવ

ગીતા - આપણું પ્રેરક બળ

બબલભાઈ મહેતા

ગીતામાં કહ્યું છે કે માણસના દુશ્મનો ત્રણ છે. તે કામ, ક્રોધ અને લોભ છે. કામ અને ક્રોધ એક જ કહેવાય. કામમાંથી ક્રોધ ઉદ્ભવે છે. કામની તૃપ્તિ થતી નથી ત્યારે તે ક્રોધ રૂપે પણ પ્રગટે છે. કામ અને ક્રોધ એ એક જ ડાળની બે શાખાઓ જેવા છે. લોભ પણ પ્રબળ હોય છે. ન હોય ત્યાંથી એ સળવળાટ કરતો આવે છે. એવી છૂપી રીતે આવે છે કે માણસને એની ખબર પડતી નથી.

એ ત્રણેને પોષવા જતાં આપણાં સિદ્ધાંતોને છોડવા પડે છે. જે પાપ થાય છે તેમાં લોભ પણ હોય છે. અને પાપને છુપાવવામાં બીક કામ કરતી હોય છે. બીક પાપોમાં વધારો કરાવે છે. તેથી અભયને ગીતામાં પ્રથમ સ્થાન આપેલું છે. જેનામાં અભય આવે તે ભારે કાર્યો કરી શકે છે. પણ એ સ્થિતિ પ્રાપ્ત કરવી અઘરી છે. ભય અનેક પ્રકારના છે. કેટલાક અતિસૂક્ષ્મ હોય છે. તે બધામાંથી બચવું એ સામાન્ય માણસ માટે ઘણું મુશ્કેલ છે. તે માટે સદા જાગૃતિ જોઇએ. એ જાગૃતિ રાખવામાં ગીતા આપણને મદદ કરે છે. ગીતા સીધો ઉપદેશ કર્યા વિના શ્રધ્ધાળુને ઘણું જ્ઞાન આપે છે. તેથી ગીતાનું વાંચન નિયમિત થવું જોઈએ. ગાંધીજીએ ગીતાને ગુજરાતીમાં ઉતારી છે અને ક્યાંક ક્યાંક તેના રહસ્ય અને અર્થો અંગે નોંધ પણ લખી છે. તે 'અનાસક્તિયોગ' નામે પ્રગટ થઈ છે. તેનાથી વધુ સરળ રીતે તેમણે 'ગીતાબોધ' લખી છે. તેમાં દરેક અધ્યાયનો સાર આપવામાં આવ્યો છે. સંસ્કૃત ન જાણનાર આ ચોપડીઓનો નિયમિત ઉપયોગ કરે. શરૂઆતમાં મને ગીતા વાંચવામાં રસ પડતો ન હતો. પણ ગાંધી સાહિત્ય વાંચ્યા પછી ગીતા વાંચવાનો આગ્રહ રાખ્યો. પછી ક્યારે એમાં રસ શરૂ થયો એ કહી શકું નહિ. હવે હું કલાકો સુધી ગીતાજીને રસપૂર્વક વાંચું છું. એ એવો ગ્રંથ છે કે જેટલી વાર વાંચીએ તેટલી વાર નવીન જ્ઞાનની ઝાંખી થતી જ હોય છે. જૂના જમાનામાં સમજાય કે ન સમજાય પણ ગીતા કંઠ કરતા. ગાંધીજી પણ ગીતા કંઠ કરવાનું કહે છે. તે વિષે 'આશ્રમવાસી પ્રત્યે'માં એમણે લખ્યું છે અને તેના લાભો પણ જણાવેલા છે.

એ ગીતાજીનું સાંનિધ્ય કામ ક્રોધ લોભના ઉપર વિજય મેળવવામાં મદદ કરે છે. તેના વાંચનથી સતત જાગ્રતિ રહે છે. ગીતા એ આપણું પ્રેરકબળ છે. એનું નિરંતર રટણ કરીએ.

ગીતા એ મારે માટે એક શાશ્વત માર્ગદર્શિકા છે. મારા દરેક કૃત્યને માટે ગીતામાંથી હું આધાર શોધું, ન મળે તો તે કાર્ય કરતો અટકું અથવા અનિશ્ચિત રહું.

જ્યારે જ્યારે મને મારાં કુટુંબીઓનાં કે સ્નેહીઓનાં મરણના પ્રસંગ આવ્યા ત્યારે ત્યારે મેં ગીતાને જ યાદ કરી છે. અને ગીતામાંથી એ જ વસ્તુ મળે છે કે મૃત્યુનો શોક હોય જ નહીં. મારી આંખમાંથી કોઈ વાર આંસુ નીકળ્યાં હશે તો તે કેવળ નબળાઈને લીધે, અનિચ્છાએ.

— ગાંધીજી

ક્ષમાયાચના

પદ્મનાભ શ્રી. જૈની



એક વખતે ભગવાન બુદ્ધ શ્રાવસ્તીમાં વિહાર કરતા હતા, ત્યારે આયુષ્માન ભિક્ષુ સુધર્મ મચ્છિકાસણ્ડ નામના ગામમાં ચિત્ર નામે ગૃહપતિએ બંધાવેલા આશ્રમમાં રહેતો હતો. જ્યારે ચિત્ર ગૃહપતિ કોઈ ભિક્ષુને આમંત્રણ આપવા ધારે ત્યારે પહેલાં ભિક્ષુ સુધર્મને પૂછીને જ પછી નિમંત્રણ આપતો.

એકવાર આયુષ્માન સારિપુત્ર, આનંદ વગેરે ઘણા ભિક્ષુઓ કાશીમાં વિહાર કરી તે સ્થળે આવ્યા. ચિત્ર ગૃહપતિએ જ્યારે સાંભળ્યું કે સંઘના જ્યેષ્ઠ ભિક્ષુઓ નગરમાં આવ્યા છે, ત્યારે તે ત્યાં ગયો અને પ્રણામ કરી આયુષ્માન સારિપુત્રને કહેવા લાગ્યો: "ભન્તે! અહીં પધારેલા ભિક્ષુઓને હું મારે ત્યાં આવતી કાલે ભોજન લેવા નિમંત્રણ આપું છું."

નવા આવેલા બધા ભિક્ષુઓએ મૌનથી ચિત્ર ગૃહપતિના આમંત્રણનો સ્વીકાર કર્યો. એટલે ચિત્ર ગૃહપતિ પ્રસન્ન ચિત્તે સુધર્મ પાસે ગયો અને પ્રણામ કરીને બોલ્યો: "ભન્તે! આર્ય સુધર્મ પણ આવતી કાલે નવા આગન્તુક ભિક્ષુઓ સાથે મારે ત્યાં જ ભોજન માટે આવે એવી વિનંતિ છે."

એ સાંભળી આયુષ્માન સુધર્મે વિચાર્યું કે, આ ચિત્ર ગૃહપતિ કોઈને નિમંત્રણ આપતો ત્યારે તે પહેલાં મને પૂછતો હતો અને આજે મને જણાવ્યા વિના જ એણે બીજા ભિક્ષુઓને નિમંત્રણ આપ્યું. નક્કી એ મારી તરફ બેપરવા થયો છે. પછી તે ચિત્ર ગૃહપતિને કહેવા લાગ્યો: "ના ગૃહપતિ! હું તમારું નિમંત્રણ સ્વીકારતો નથી.'

ચિત્ર ગૃહપતિએ એ ત્રણ વાર વિનંતી કરી, પ્રાર્થના કરી, પણ આયુષ્માન સુધર્મે હા ન પાડી. ત્યારે 'આયુષ્માન સુધર્મ મારું નિમંત્રણ ન સ્વીકારે તો મારે શું? એ મને શું કરવાના છે?' એમ વિચારી તેને અભિવાદન કરીને ચિત્ર ગૃહપતિ પોતાને ઘેર ગયો.

બીજે દિવસે સવારે ચિત્ર ગૃહપતિએ ભિક્ષુઓ માટે સરસ ભોજન બનાવ્યું. આયુષ્માન સુધર્મને થયું કે, 'ચાલો, એણે ભિક્ષુઓ માટે કેવી તૈયારી કરી છે એ જરા જોઈ તો આવું.' તે તરત જ વસ્ત્ર ધારણ કરી બહુ જ વહેલો હાથમાં પાત્ર લઈને ચિત્ર ગૃહપતિને ઘેર ગયો. ચિત્ર ગૃહપતિએ એનું અભિવાદન કર્યું અને એની પાસે તે બેઠો. પછી આયુષ્માન સુધર્મ બોલ્યો: "ગૃહપતિ, તેં ખાવાની ઘણી વસ્તુઓ તૈયાર કરી છે, પણ એમાં તલનો લાડુ નથી."

ચિત્ર ગૃહપતિ એ સાંભળીને બોલ્યો:

"ભન્તે ! બુદ્ધવચનમાં ઘણાં બોધરત્નો ભરેલાં છે, છતાંય આર્ય સુધર્મને ભાષણ કરવા આ તલનો લાડુ જ યાદ આવ્યો ! ભન્તે, પૂર્વકાલમાં દક્ષિણ દેશના વેપારીઓ પૂર્વદેશમાં વેપાર માટે આવ્યા અને ત્યાંથી એક મરઘી લેતા આવ્યા. પછી એ મરઘીનો કાગડા સાથે સહવાસ થયો. એનું બચ્ચું જ્યારે કાગડાની બોલી બોલવા ઇચ્છે ત્યારે 'કાક-કુક્કુટ' કહે અને જ્યારે મરઘીની બોલી બોલવા ઇચ્છે ત્યારે 'કુક્કુટ-કાક' કહે ! એ જ રીતે ભન્તે, બુદ્ધવચનમાં અનેક રત્નો ભરેલાં છે તોયે આર્ય સુધર્મને ભાષણ કરવા માટે તલનો લાડુ જ યાદ આવ્યો !"

એટલે આર્ય સુધર્મે ગુસ્સે થઈને કહ્યું: "ગૃહપતિ! તું મારી નિંદા કરે છે, મારો પરિહાસ કરે છે. લે આ તારું ઘર, હું આ ચાલ્યો !" એમ કહી તે ઊભો થઈ ગયો.

ચિત્ર ગૃહપતિએ કહ્યું: "ભન્તે! હું આર્ય સુધર્મની નિંદા કરતો નથી, પરિહાસ પણ નથી કરતો. ભન્તે, આર્ય સુધર્મ મચ્છિકાસણ્ડ આશ્રમમાં ભલે રહે. ત્યાં સુંદર આમ્રવન છે. હું આર્ય સુધર્મને માટે જોઈતાં વસ્ત્ર, ભોજન, આસન, ઔષધ ઇત્યાદિ સર્વ સાધનોની વ્યવસ્થા કરીશ."

પણ આર્ય સુધર્મ તો ગુસ્સામાં ને ગુસ્સામાં ઊભો થઈ ચાલવા લાગ્યો. એટલે ગૃહપતિએ પૂછ્યું: "ભન્તે ! આપ ક્યાં જશો?"

"ગૃહપતિ ! હું ભગવાનનાં દર્શન કરવા શ્રાવસ્તી જઈશ."

"ત્યારે ભન્તે! જે આપે મને કહ્યું અને જે મેં આપને કહ્યું, એ બધું ભગવાનને કહેજો."

આર્ય સુધર્મ શ્રાવસ્તી નગરીમાં આવી ભગવાનને મળ્યો અને બધી વાત ભગવાનને કહેવા લાગ્યો.

એ સાંભળી ભગવાન બોલ્યા: "અરે મોઘપુરુષ! આ તેં શું કર્યું ? તેં ચિત્ર ગૃહપતિ જેવા પ્રસન્ન અને શ્રદ્ધાળુ ધર્માનુરાગી સેવકનું નિષ્કારણ અપમાન કર્યું. તેં બહુ જ ખોટું કર્યું છે!"

પછી ભગવાને ભિક્ષુસંઘને ભેગો કરી કહ્યું: "ભિક્ષુઓ! તમે બધા મળીને એક પ્રસ્તાવ કરો કે ભિક્ષુ સુધર્મ ચિત્ર ગૃહપતિ પાસે જઈ ક્ષમાયાચના કરે."

એટલે સંઘના ભિક્ષુઓ ભેગા થયા. એક વૃદ્ધ ભિક્ષુ ઊભો થઈને બોલ્યો: "ભન્તે! સંઘ મારું સાંભળે. આ સુધર્મ ભિક્ષુએ નજીવા કારણસર ચિત્ર ગૃહપતિ જેવા ધર્માનુરાગીનું મન દુભવ્યું છે. જો સંઘને ઉચિત લાગે તો સંઘ એને આજ્ઞા આપે કે તે ચિત્ર ગૃહપતિ પાસે જઈ પોતાના અપરાધની ક્ષમાયાસના કરે. અહીં ભેગા થયેલા જે ભિક્ષુઓને એ વાત માન્ય હોય તો તેઓ મૌન રહે, જેનો વિરોધ હોય તે ઊભા થઈને બોલે." ત્યારે આખો સંઘ મૌન રહ્યો. એટલે વૃદ્ધ ભિક્ષુએ કહ્યું: "ભિક્ષુ સંઘને આ પ્રસ્તાવ માન્ય છે એમ સૌના મૌન ઉપરથી હું માનું છું." પછી આખો સંઘ વિસર્જન થયો.

સંઘ તરફથી આજ્ઞા મળતાં આર્ય સુધર્મ ચિત્ર ગૃહપતિ પાસે ક્ષમાયાચના કરવા ગયો. પણ એક ગૃહપતિની ક્ષમા માગવી એમાં એને લજ્જા લાગી. એ મૂક થઈ પાછો ફર્યો. ત્યારે ભિક્ષુઓએ પૂછ્યું: "ભન્તે! આપે ચિત્ર ગૃહપતિની ક્ષમા માગી?"

"ભન્તે હું ત્યાં ગયો પણ ક્ષમા માગી શક્યો નહિ!"

ત્યારે ભગવાને આજ્ઞા કરી કે, આર્ય સુધર્મ સાથે એક ભિક્ષુને મોકલવો. પછી ભગવાન બોલ્યા :

"તમે મચ્છિકાસણ્ડમાં જઈ ચિત્ર ગૃહપતિને કહેવું કે, 'ગૃહપતિ! આર્ય સુધર્મને ક્ષમા કરો. હું વિનંતી કરું છું.' એટલું કહેવાથી તે માને તો ઠીક છે, પણ ન માને તો કહેવું, 'ગૃહપતિ! સંઘના વચનથી હું ક્ષમાની ભિક્ષા માગું છું.' એટલું કહેવાથી તે ન માને તો આર્ય સુધર્મે જમીન પર બેસી, મસ્તક નમાવી, હાથ જોડી ચિત્ર ગૃહપતિને કહેવું કે, 'ગૃહપતિ! મારા દોષ માટે મને પશ્ચાત્તાપ થાય છે. મને ક્ષમા કરો!'"

ત્યાર પછી આર્ય સુધર્મ પેલા ભિક્ષુ સાથે મચ્છિકાસણ્ડ ગયો ને ચિત્ર ગૃહપતિ પાસે ક્ષમાયાચના કરતો બોલ્યો: "ગૃહપતિ હું અપરાધી છું. મને ક્ષમા કરો."

ચિત્ર ગૃહપતિએ નત મસ્તકે આર્ય સુધર્મને પ્રણામ કરી કહ્યું: "ભન્તે, ચિત્ર ગૃહપતિ આપને અભિવાદન કરે છે."

બાની કર્મનિષ્ઠા [અનુ૦ પૃ૦ ૪થી ચાલુ]

બની શકે એટલું કરવાને માટે હંમેશ તત્પર રહેતી. પૂજ્ય બાની શારીરિક શક્તિ ક્ષીણ થઈ જતાં આશ્રમનાં બીજાં કાર્યોમાં સાથ આપવાનું સામર્થ્ય તેમનામાં ન રહ્યું, તોયે એમનું કર્મમય જીવન તો ચાલુ જ રહ્યું. સેવાગ્રામના પોતાના ઓરડામાં બેસીને વૃદ્ધાવસ્થાની એ દુર્બળતામાં પણ તેઓ દરરોજ બે બે આંટી સૂતર કાંતતાં હતાં. અમે લોકો એમની પાસે જઈને વારંવાર કહેતા કે, 'બા હવે તો તમારે થોડો આરામ કરવો જોઈએ; રેંટિયા પર આટલો શ્રમ ન કરવો જોઈએ.' ત્યારે બા તરત જવાબમાં કહેતાં કે, 'મને કાંતવામાં જ આરામ મળે છે. હાથમાં કંઈ કામ ન હોય તો જીવ નથી લાગતો.'

આગાખાન મહેલમાં પણ તેમના દેહોત્સર્ગ પહેલાં જ્યાં સુધી એમનામાં ઊઠવા બેસવાની શક્તિ હતી, ત્યાં સુધી બા બરાબર કાંતતાં રહ્યાં અને કામ વિના કદી ખાલી બેસી રહેતાં નહીં.

લોકોએ તો બાપુની 'કર્મવીર' તરીકે પ્રશંસા કરી છે, પરંતુ એ ગુણ પૂજ્ય બામાં પણ કંઈ ઓછા પ્રમાણમાં ન હતો. વળી જે કર્મનિષ્ઠાનું બાએ પાલન કર્યું એવી કર્મનિષ્ઠાની ભાવનાનું દર્શન આપણા દેશની હજારો માતાઓ અને બહેનોમાં આપણે હમેશ કરીએ જ છીએ, તેથી બાને 'કર્મવીર'નું વિશેષણ આપવાની બાબતમાં કોઇનું ધ્યાન ન ગયું. એમની કર્મનિષ્ઠા બધા લોકોને એક સામાન્ય વાત લાગી. એમાં કોઈ સંદેહ નથી કે બાએ બહુ કષ્ટ ઉઠાવ્યાં, પોતાનાં બાળકોની માફક બીજાં બાળકો પર પણ પ્રેમ વરસાવ્યો અને આત્મ-ત્યાગ દ્વારા પોતાને ઊંચે આણ્યાં. પરંતુ એ સૌથી ચડી જાય એવી વસ્તુ બાએ એ કરી કે સતત સેવાના કામમાં પોતાની જાતને પૂરેપૂરી હોમી દીધી. આ જ એમની મોટાઇનું કારણ હતું. બાએ જે આદર્શ સ્થાપિત કર્યો તે અલૌકિક તથા દુઃસાધ્ય ન હતો. તેથી એનું અનુશીલન કરવું અને તેને આચરણમાં ઉતારવું સાધારણ વ્યક્તિને માટે સહજ સુલભ છે. બાપુના નામસ્મરણથી આપણે પ્રભાવિત અવશ્ય થઇએ છીએ, પરંતુ એમના જેવી સાધના કરવાનો વિચાર કરતાં જ ધ્રૂજી જઇએ છીએ. પરંતુ બાની કર્મનિષ્ઠા આપણને સૌને અત્યંત સુલભ લાગે છે. આશા રાખીએ કે, આપણે બાની કર્મનિષ્ઠાનું અનુસરણ વધારે ને વધારે પ્રમાણમાં અને વધારે વ્યાપક ક્ષેત્રમાં કરવા પ્રયત્નશીલ બનીએ.

બળ અને તાકાતનો ઉપયોગ

શ્રી. રાજેન્દ્રપ્રસાદ

માણસે રાક્ષસ જેટલું બળ અને તાકાત પ્રાપ્ત કર્યાં છે, અથવા તો કોઈ પણ રાક્ષસમાં કદી પણ કલ્પવામાં આવેલ બળ અને તાકાત કરતાં પણ વધુ બળ અને તાકાત પ્રાપ્ત કર્યાં છે; પરંતુ તેમનો સદુપયોગ કરવાની આવડત હજુ તેણે મેળવી નથી. બળ અને તાકાતનો જો સદુપયોગ કરવામાં ન આવે, તો તેમનું પ્રમાણ જેમ વધતું જાય તેમ તેમની વિનાશક શક્તિ પણ વધતી જાય છે; અને માનવજાત જો પોતાનું જ્ઞાન તથા તે જ્ઞાન દ્વારા પ્રાપ્ત થયેલ શક્તિને અંકુશમાં રાખતાં તથા તેમનો સદુપયોગ કરતાં નહીં શીખે, તો તેનો પોતાનો જ વિનાશ તેની સામે આવીને ઊભો છે, એમ આજે કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

આ મુદ્દાના ઉદાહરણ તરીકે હું પુરાણોની એક કથા કહી બતાવું. ભસ્માસુર નામે એક રાક્ષસ હતો. તેણે ભારે કઠોર તપશ્ચર્યાઓ કરી; એટલે શિવજી પ્રસન્ન થઈને તેની સામે પ્રગટ થયા અને તેને તેની ઇચ્છા મુજબનું વરદાન માગવાનું કહેવા લાગ્યા. પેલાને એવું વરદાન જોઈતું હતું કે, તે જેના માથા ઉપર હાથ મૂકે તે તરત બળીને ભસ્મ થઈ જાય. (તેની કલ્પના એવી હતી કે, આ રીતે પોતાના માર્ગમાં આવતા સર્વ કોઈનો નાશ કરી આખા જગતના એકમાત્ર અધિપતિ બનવું.) શિવજી મોંએ બોલી બેઠા હોવાથી ના પાડી શક્યા નહીં અને તેમણે તેને એ જાતની શક્તિ આપી. હવે પેલા અસુરે આખા જગતનું તથા શિવજીની સુંદર પત્ની પાર્વતીનું સ્વામિત્વ પ્રાપ્ત કરવા માટે શિવજીનો જ નાશ કરવાનું વિચાર્યું. તેનો આવો વિચાર જાણી શિવજી નાઠા. પેલા અસુરે તેમનો પીછો પકડ્યો. શિવજીને નાસી છૂટવાનું અને બચવાનું કોઈ સ્થાન ન જડ્યું. તેમની એ વલે જોઈ પાર્વતી તેમની મદદે આવ્યાં. તે પેલા અસુર આગળ પોતાની પૂર્ણ મોહકતા અને સૌંદર્ય સાથે પ્રગટ થયાં અને તેને કહેવા લાગ્યાં કે, તું મને મેળવવા માટે શિવજીનો નાશ કરવા ઇચ્છે છે, તો હું પોતે જ તને પ્રાપ્ત થવા તત્પર છું. પણ શરત એ કે, તારે અમુક નૃત્ય વડે મને પ્રસન્ન કરવી જોઈએ. મદ અને અભિમાનમાં મત્ત એવો પેલો અસુર તરત તેમ કરવા કબૂલ થયો અને નૃત્ય કરવા લાગ્યો. એ નૃત્યમાં એક ભંગ એવો આવતો હતો કે જેમાં તેનો પોતાનો હાથ પોતાના માથા ઉપર મૂકવો પડે. એટલે જેવું તેણે એમ કર્યું, કે તરત જ તેનો આપમેળે નાશ થયો.

આજના દેવોએ પણ માણસના હાથમાં વિનાશની અમર્યાદ સત્તા મૂકવાનો ખેલ રચ્યો છે; અને માણસ પોતાના જ્ઞાનના ગર્વમાં જેને સુંદર અને ભવ્ય માને છે તેનું મોહક આકર્ષણ તેઓ તેની સામે ધરી રહ્યા છે. માણસ પોતાના જ વિનાશનું નૃત્ય નાચવાના મોહમાં ન ફસાય એટલી જ આપણે આશા રાખીએ અને પ્રાર્થના કરીએ. એને એમ કરતો કેમ કરીને રોકી શકાય? આપણે એવી આશા રાખીએ અને એવી પ્રાર્થના કરીએ કે, જે વિદ્યાની દેવીએ માનવજાતના હાથમાં બળ અને તાકાત મૂક્યાં છે, તેમનો સાચો ઉપયોગ પણ તે જ તેને શીખવશે; જેથી કરીને અત્યારે જે વસ્તુને લીધે વિનાશનો ભય તોળાઈ રહ્યો છે, તે વસ્તુને માણસ પોતાનું હિત વધારવામાં વાપરી શકે; અને વિનાશ થાય તો તેનાં અનિષ્ટોનો થાય, તેનાં બળ અને તાકાતનો નહીં.

પ્યારાબાપુ



પીડ પરાઈ જાણે રે ...

બાળકોના બાપુ

મોટા માણસોમાં એક ગુણ ખાસ જોવા મળે છે. તેઓ હંમેશાં બીજાના દુઃખનો વિચાર પહેલાં કરે. પોતાને કંઈ દુઃખ થતું હોય તો તેને મોટું રૂપ આપીને દુઃખી થવાને બદલે પોતાના કરતાં પણ જેની દશા બૂરી છે, દુઃખી છે, તેઓનો વિચાર તેઓ કરે છે. અને એ બિચારા દીન દુઃખી માણસો કરતાં આપણી દશા તો કેટલીય સારી છે, એમ સમજી પોતાના દુઃખને તુચ્છ ગણી બીજાનું દુઃખ, બીજાની દીન દશા શી રીતે દૂર કરીએ એનો જ વિચાર તેઓ કરવા લાગે છે.

બાપુનું હૈયું પણ એવું સુવિશાળ હતું. દેશની ગરીબી એમને અકળાવતી હતી. આપણા દેશના ગરીબ લોકોની કેટલી ખરાબ સ્થિતિ છે તે બાપુજી બરાબર જાણતા હતા.

એક વાર શ્રી. ભુલાભાઈ દેસાઈ સાથે બાપુજી ખરે બપોરે જતા હતા. માથા પર સૂરજ તપતો હતો અને પગ નીચે ધરતી બળુંબળુ થઈ રહી હતી. તે વખતે બાપુજીના પગમાં પગરખાં ન હતાં. એ જોઇને ભુલાભાઇએ કહ્યું : "બાપુજી, તમારા પગ દાઝતા હશે. મારા ચંપલ તમે પહેરી લો."

તે સમયે સામેથી એક ગરીબ ડોસો માથા પર ભાર ઉપાડી હાંફતો હાંફતો આવતો હતો. એના શરીર પર પહેરણ સુધ્ધાં ન હતું. પરસેવાના રેલા ઊતરતા હતા. પગ પણ ઉઘાડા હતા.

બાપુજીએ ભુલાભાઇને કશો જવાબ ન આપતાં આંખ વડે જ પેલા ગરીબ તરફ જોવાનું કહ્યું.

બાપુજીએ જાણે મૌનમાં જ ઉત્તર આપ્યો :– આ બાપડા ગરીબના તો જરા હાલ જુઓ! એના કરતાં તો મારી સ્થિતિ હજારગણી સારી છે. આવા લાખો ગરીબોનો વિચાર કરતાં શીખીએ તો આપણું જીવન કેટલું સાદું અને સહનશીલ હોવું જોઇએ એનો ખ્યાલ આવે.

—મુકુલભાઈ

સોટીનો પ્રતાપ!

કાકાસાહેબ

પ્રાથમિક શાળામાં શિક્ષકોને સોટી વાપરવાની ટેવ હોય છે. બાળકોનું જીવન સનાતન કાળથી જે ઢબે ચાલતું આવ્યું છે તેનો ખ્યાલ નહિ હોવાથી શિક્ષક પોતાની સંસ્કારી કે અસંસ્કારી મરજી મુજબ બાળકો માટે ઘાટ ઘડવાનો પ્રયત્ન કરે છે. બાળકો એ ઘાટમાં બેસે નહિ એટલે એ ચિડાય છે. એને લાગે છે કે શાળામાં એનું રાજ્ય તૂટ્યું, એને ક્રોધ ચડે છે; ક્રોધ સ્વભાવે હિંસક હોવાથી એને બાળકોને મારવાનું મન થાય છે. બાળકોને મારીને ધરાય ત્યારે જ એ શાન્ત થઈ શકે છે; એટલે કે બાળકના હિતને માટે નહિ પણ પોતાના ક્રોધનો વેગ શમાવવા માટે એ બાળકોને મારે છે. માર અસહ્ય થવાથી બાળકો ડરી જાય છે. અને શિક્ષક કહે તે પ્રમાણે કરવા તૈયાર થઈ જાય છે. શિક્ષક જુએ છે કે માર એ એક અસરકારક ઇલાજ છે. એક ઈલાજ હાથમાં આવ્યો એટલે બીજો કોઈ પણ ઈલાજ શોધવા કે અજમાવવાની તરખડમાં એ પડે જ શાનો? જો વર્ગના વિષયો ભણાવતી વખતે બાળકોનું ધ્યાન એકાગ્ર ન હોય તો પોતાનું અધ્યાપન વધારે આકર્ષક કરવાને બદલે તે બાળકોને કહે છે કે 'અલ્યા, હું કહું છું એ તરફ બરાબર ધ્યાન આપજે; નહિ તો પંજરીપાક મળશે.' બાળકો તરત જ ધ્યાન આમ તેમ દોડતું અટકાવી એકાગ્ર કરે છે. પણ તે વિષય તરફ નહિ પણ પંજરીપાક તરફ. વિષય સાથે બિચારાઓને શું લેવા દેવા! પંજરીપાક એમને મન વધારે નક્કર સત્ય હોય છે. તેથી તેઓ એનો જ વિચાર કરે છે. પરિણામે વિચારશક્તિ અને ગ્રહણશક્તિ બુઠ્ઠી થાય છે. હવે પંજરીપાક ટાળવો હોય તો કંઇક ઈલાજ શોધી કાઢયે જ છૂટકો. ગ્રહણશક્તિ બહેર મારી ગએલ હોવાથી તે મદદ કરી શકે નહિ એટલે સોટી જેટલો જ યાંત્રિક ઈલાજ શોધી કાઢવો જોઈએ. એ હોય છે ગોખણપટ્ટીનો. ચિત્ત ગમે ત્યાં જતું હોય, મોઢું ચાલી શકે છે; અને અમુક પ્રયત્ન પછી પ્રશ્નોનો જવાબ ઊંઘમાં પણ આપી શકાય છે. મારની બીકે માણસ જવાબો મોઢે કરતો થઈ શકે છે એ અનુભવની વાત છે, પણ મારની બીકે કોઈની બુદ્ધિનો કે નીતિમત્તાનો વિકાસ થયો છે એવો તો અનુભવ નથી. આગળ જતાં વિદ્યાર્થીઓની આંખો જરાક આમ તેમ ગઈ કે શિક્ષકની સોટી બાળકના સાથળ ઉપર ચપ દઇને પડી જ છે. સોટીના ઉપયોગથી ટેવાયેલો શિક્ષક પછી માનસશાસ્ત્ર કે શિક્ષણશાસ્ત્ર શા માટે ખેડે?

પણ મારે દાખલો આપવો છે તે એથીય અદ્ભુત છે અને તે મેં પૂનામાં નૂતન મરાઠી વિદ્યાલયમાં જાતે અનુભવેલો છે. શુદ્ધ કેમ બોલવું અને શુદ્ધ કેમ લખવું, તેમ જ અમુક પ્રયોગો શુદ્ધ કેમ છે અને અમુક પ્રયોગો અશુદ્ધ કેમ છે એ વ્યાકરણ શીખવાથી સમજાય છે. એ વ્યાકરણની 'વ્યાખ્યા' મોઢે કરતાં મુશ્કેલી નહિ આવી, પણ નામ અને વિશેષણ વચ્ચેનો ભેદ સમજીને પાઠમાં અમુક શબ્દ વિશેષણ છે અને અમુક નામ છે એ ભેદ જ્યારે વિદ્યાર્થી બતાવી ન શકે ત્યારે એને ચપાચપ સોટી પડતી. કોઇને એકી માટે જવું હોય તો એ સોટીની સ્ટેમ્પ ફી ભરીને એકીયે જવાય. ઘેરથી મહિનાની ફી બાળક ન લઇ આવે તો ત્રીજી તારીખ પછી બાળકોને વખતે ક્રમે સોટી ખાવી પડતી, એવી નિશાળો પણ મેં જોઈ છે. સોટીનો ઇલાજ એટલો સહેલો અને એટલો અસરકારક હોય છે કે એ હાથમાં આવ્યા પછી શિક્ષક પોતાનું ભેજું, જીભ કે મહેનત શા માટે કામમાં લાવે?

પ્રા શા આ

ઇશ્વર-નિષ્ઠા

મુકુલભાઈ

કેરમાનના બાદશાહના રાજપુરુષને પોતાને આંગણે આવેલો જોઈ તપસ્વી શાહસુજાને આશ્ચર્ય થયું! બાદશાહને મારા જેવા ફકીરનું શું કામ પડયું હશે, એના વિચારમાં શાહસુજા હતા, ત્યાં તો આગંતુકે એમના હાથમાં એક ચિઠ્ઠી મૂકી.

ચિઠ્ઠી વાંચીને શાહસુજા બોલ્યા: "ઠીક. બાદશાહને કહેજો કે હું આપને ત્રણ દિવસ પછી આ ચિઠ્ઠીનો જવાબ આપીશ."

સલામ ભરી પેલો રાજપુરુષ ઘોડા ઉપર સવાર થઈ ચાલ્યો ગયો. શાહસુજા વિચાર કરતા ત્યાં જ બેસી પડયા. બાદશાહે પોતાની પુત્રી માટે માગું કર્યું હતું. શાહસુજાની એ ધર્મપરાયણ પુત્રી સંસારના ભોગોમાં રાચતા બાદશાહને પરણે એ શાહસુજા જેવા તપસ્વી સંતને જરાયે પસંદ ન હતું. પોતાની સાધ્વી પુત્રીને પણ એ ન ગમે. તે તો બીજે દિવસે એમની પુત્રીને, બહાર કામે જાઉં છું, એમ કહીને બહારગામ જવા નીકળ્યા. તે મસીદે મસીદે ફરવા લાગ્યા અને સારા સાધુચરિત માણસની શોધ કરવા લાગ્યા. પરંતુ કયાંય એવો માણસ તેમની નજરે ન પડ્યો! ત્રીજે દિવસે ખૂબ થાકેલી દશામાં તે એક મસીદમાં જઈ બેઠા અને પોતાને આ કસોટીમાંથી પાર ઉતારે એવી ખુદાને અરજ કરવા લાગ્યા.

એવામાં તેમની નજર ત્યાં નમાજ પઢતા એક જુવાન ફકીર પર પડી. તે તરત એની પાસે ગયા અને બોલ્યા: "હે ભાઈ, તેં શાદી કરી છે કે નહિ?"

પેલા જુવાન ફકીરે નકારમાં માથું હલાવ્યું, એટલે શાહસુજાએ તેને પોતાની સાથે આવવા કહ્યું અને પોતાની પુત્રી સાથે તેનાં લગ્ન કર્યાં.

લગ્ન થયા પછી જુવાન ફકીર શાહસુજાની પુત્રીને લઇને તે જ દિવસે પાછો ઘેર આવ્યો. ઝૂંપડીમાં પગ મૂકતાં જ શાહસુજાની ગુણિયલ પુત્રીએ બધે નજર ફેરવી જોઈ. એક ખૂણામાં પાણી પીવાના કૂજા ઉપર રોટલાના ટુકડાને જોઈને તે વિચારમાં પડી ગઈ. તે બોલી: "તમે આ રોટી શા માટે અહીં રાખી છે?"

પેલો જુવાન ફકીર બોલ્યો: "ગઇ કાલે રોટી ખાતી વખતે મને થયું કે આટલી રોટી રહેવા દઉં તો કાલે કામ આવશે. એ આજને માટે રાખી હતી. પણ ખુદાએ તો આજે મારા પર ભારે રહેમ કરી!"

શાહસુજાની પુત્રી તરત જ ઊભી થઇ પોતાને ઘેર જવાની તૈયારી કરવા લાગી. તે બોલી: "મારા અબ્બાજાને ભારે ભૂલ કરી છે. મારા અબ્બાજાન તો મને કહેતા હતા કે, 'ખુદા પર જે પૂરો ભરોસો રાખે છે અને ખુદાની ઇચ્છાને વશ થઇ જીવન જીવતો હશે એવા સાધુપુરુષ સાથે જ તારાં લગ્ન કરીશ.' પણ તમે તો હજી આવતી કાલનો વિચાર કરીને ચાલનારા છો તો તમારા જેવા સાધુપુરુષમાં હજી ઇશ્વરપરાયણતાની આટલીય ઊણપ જોઇને મને દુઃખ થાય છે. તમે ફકીરનું જીવન ગાળો છો તોયે એક રોટલા ટુકડા પૂરતો તમને ખુદા પર ભરોસો નથી?"

બિચારો જુવાન ફકીર તપસ્વી શાહસુજાની આવી ધર્મપરાયણ પુત્રીનાં વચન સાંભળી ખૂબ શરમાઈ ગયો. તેને પોતાની કચાશનું ભાન થયું. તે નત મસ્તક રાખી બોલ્યો: "ખરેખર, મને મારી નબળાઇ જાણી ખૂબ શરમ આવે છે! હું તમારે લાયક જરાયે

નથી. પણ તમે મારા જીવનને સન્માર્ગે દોરો એવાં છો. શું તમે અહીં રહો એવો એકેય રસ્તો મારે માટે નથી?"

શાહસુજાની સદ્‌ગુણી પુત્રી બોલી: "આજ પછી આવી રીતે રોટલાનો ટુકડો અહીં ન હોય કે હું નહીં હોઉં."

તરત જ પેલા યુવાને એ રોટલાના ટુકડાને બહાર ફેંકી દીધો.

ગુપ્ત પ્રગટ હૈ, એકૈ દૂધા,
કા કો કહીએ, બ્રાહ્મણ શૂદ્રા.

* * *

ઔર કે છિએ લેત હૈ છિંચા,
તુમ સોં કરહુ, કૌન હૈ નીચા? —(કબીર સાહેબ)

જીવ માત્રમાં મૂળ સ્વરૂપે જોઇએ તો આત્મા એક છે. બાહ્ય દૃષ્ટિએ જોઈએ તો ઈશ્વરે સરજેલાં માણસ માત્ર એક છે. આમાં કોને બ્રાહ્મણ કહેવો અને કોને શૂદ્ર કહેવો?

જે બીજાને અડવાથી અભડાય છે અને પોતાના ભાઈ સમાન માનવીને નીચો ગણે છે, તેનાથી વધુ નીચ બીજું કોણ?

— રા૦ ના૦ પાઠક

ભક્તરાજ........[અનુસંધાન પૃ० ૬થી ચાલુ]

ધર્મદૂતે આંગળી વડે બતાવતાં કહ્યું: "ત્યાં દૂર દૂર દરવાજો દેખાય છે કે?"

ભક્તરાજ—ના. મને તો કશું દેખાતું નથી!

ધર્મદૂત—ત્યાં દૂર દૂર પ્રકાશ જેવું દેખાય છે?

ભક્તરાજ—હા; એવું કંઈક દેખાય છે ખરું.

એટલે ધર્મદૂતે કહ્યું: "તે પ્રકાશને ધ્યાનમાં રાખજે અને ત્યાં જવા પ્રયત્ન કર. આગળ જતાં તને દરવાજો દેખાશે. ત્યાં જઈને દરવાજો ઠોકજે. એ પછી તારે શું કરવાનું છે એ વિશે તને ત્યાં સૂચના આપવામાં આવશે." એમ કહીને ધર્મદૂત ચાલ્યો ગયો.

ભક્તરાજ તો વધુ વિચાર કરવા થોભવાને બદલે એ પ્રકાશ તરફ દોડવા લાગ્યો. એને આમ નાસી જતો જોઇને એની પત્નીએ અને બાળકોએ તેને પાછો ઘેર આવવા બૂમો પાડી. પણ ભક્તરાજે તો કાનમાં આંગળી નાખી દોડતા દોડતા કહ્યું: "જીવન! જીવન! સનાતન જીવન!" તેણે પાછા ફરીને પણ જોયું નહિ. અને ખુલ્લાં ખેતરોને વટાવતો તે આગળ ને આગળ દોડતો રહ્યો.

આસપાસના પાડોસીઓ પણ તેને દોડતો નાસી જતો જોઇને ઘરની બહાર ધસી આવ્યા. કેટલાક તેની મશ્કરી કરવા લાગ્યા તો કેટલાક હસવા લાગ્યા, કેટલાક એને ગભરાવવા લાગ્યા તો કેટલાક એને પાછો ફરવા કહેવા લાગ્યા. એ સૌમાં બે એવા નીકળ્યા જેઓ તેને બળજોરી કરીને પણ પાછો ઘેર લઈ આવવા તૈયાર થયા! તેમાંના એકનું નામ હતું હઠદાસ અને બીજાનું નામ હતું પોચકીદાસ.

(ચાલુ)

પ્યારાબાપુ



ત્રિવેણી સંગમ

સંકલનકર્તા : મુ૦ ક૦

['૩૨ની સાલમાં પૂજ્ય બાપુજી યરવડા જેલમાં હતા ત્યારે એમની સાથે સરદારશ્રી વલ્લભભાઈ પટેલ અને શ્રી. મહાદેવભાઈ દેસાઈ પણ હતા. આ ત્રણ મહાનુભાવોનો 'યરવડા મંદિર'માં થયેલો સંગમ ત્રિવેણીસંગમ જેવો પાવનકારી છે. ત્યાં એમની વચ્ચે જે સ્નેહભીની પ્રેમળતાની સૃષ્ટિ સર્જાઈ હતી એનું સુરેખ આલેખન 'મહાદેવભાઈની ડાયરી'માં થયેલું છે. એવા વિનોદભર્યા પ્રસંગોનું એ ડાયરીને આધારે કરેલું આ સંકલન સૌને બાપુના આ વહાલા પરિવારનું મધુરું સ્મરણ કરાવશે.]

(૧)

બાપુજીને '૩૨ની સાલમાં યરવડા જેલમાં રાખ્યા હતા ત્યારે વલ્લભભાઈ એમના સાથે હતા. પછી મહાદેવભાઈને પણ બાપુજી પાસે રાખવામાં આવ્યા. મહાદેવભાઈએ સવારે ચા પીવાની હા કહી હતી. તેમણે વલ્લભભાઈને પૂછ્યું: "કેમ, તમે ચા પીવાની બંધ કરી છે?"

વલ્લભભાઈ કહે: "અહીં બાપુની સાથે આવીને હવે શું ચા પીવી? આપણે તે એ જે ખાય તે ખાવું એમ ઠરાવી દીધું. ચોખા છોડયા, શાક બાફવાનું ઠરાવ્યું, અને બે વખત દૂધ રોટી ઠરાવી. બાપુ પણ રોટી ખાય છે."

ચા વિના ન ચલાવનારા વલ્લભભાઈના આ નિશ્ચયથી મહાદેવભાઈને પ્રોત્સાહન મળ્યું. તેમણેય ચા પીવાનું બંધ કર્યું અને રોજના ક્રમમાં તે ભળી ગયા.

જેલમાં બાપુને માટે સોડા બનાવવો, ખજૂર સાફ કરવું, દાતણ બનાવવું એ બધું વલ્લભભાઈએ પોતે જ માથે લઈ લીધું હતું.

વલ્લભભાઈ મહાદેવભાઈને હસતાં હસતાં કહે: "મને ક્યાં ખબર હતી કે અહીં સાથે રાખવાના છે. ખબર હોત તો કાકાને પૂછી લેત કે બાપુનું શું શું કામ કરવાનું હોય છે? આ તો બાપુ કશું કહે નહીં એટલે ખબર ન પડે. કપડાં ધોવાનું તો બાપુએ રાખ્યું જ નથી. અંદરથી ધોઈને જ નીકળે પછી કરવું શું?"

ખારા બાપુ

(૨)

એક દિવસે વલ્લભભાઈએ બાપુને પૂછ્યું: "કેટલાં ખજૂર ધોઉં?"

બાપુ કહે: "પંદર."

એટલે વલ્લભભાઈ કહે: "પંદરમાં અને વીશમાં ફેર શું?"

બાપુ કહે: "ત્યારે દશ. કારણ કે દશમાં અને પંદરમાં ફેર શું?"

(૩)

જમી રહ્યા પછી વલ્લભભાઈ હંમેશની જેમ દાતણ કૂટીને તૈયાર કરવા બેઠા. વલ્લભભાઈ કહે: "ગણ્યાગાંઠ્યા દાંત રહ્યા છે તોપણ બાપુ ઘસ ઘસ કરે છે. પોલું હોય તો ઠીક પણ સાંબેલું વગાડ વગાડ કરે છે."

મહાદેવભાઈએ વિનોદમાં કહ્યું: "'૩૦માં આપણું સાંબેલું સાંબેલું પણ વગડ્યું સરસ."

બાપુએ હુકારદર્શી સ્મિત કર્યું. વલ્લભભાઈ કહે: "આ વખતે પણ એમ જ છે. પણ શું કરીએ, Caravan passes! (કારવાં – સંઘ આગળ ચાલ્યો જાય છે!)"

(૪)

બાપુ બધી વસ્તુમાં 'સોડા' નાખવાનું કહેતા એટલે વલ્લભભાઈને એ એક મોટો મજાકનો વિષય થઈ પડ્યો. કંઈક અડચણ આવે એટલે વલ્લભભાઈ કહે: "સોડા નાંખોની!"

(૫)

એક દિવસ સવારે પોણાચારે ઊઠવાને બદલે બાપુ ત્રણ વાગ્યે ઊઠી પડ્યા. મહાદેવભાઈએ કહ્યું: "બાપુ, ટકોરા તો ત્રણ જ સંભળાયા છે." બાપુને ઘડિયાળ જોતાં માલૂમ પડ્યું કે ત્રણ જ વાગ્યા છે, એટલે બાપુ બોલ્યા: —

"ઊઠ્યા છીએ ત્યારે પ્રાર્થના કરી લઈએ એ જ ઠીક છે."

દાતણપાણી અને પ્રાર્થના કરી રહ્યા પછી ચાર થયા. લીંબુનું પાણી અને મધ પીધાં. દરરોજ ચાર સાડાચારથી સાડાપાંચ વાગ્યા સુધી બાપુ અને વલ્લભભાઈ ચાલવાનું રાખતા. બાપુએ તે દિવસે સરદારને ચિઠ્ઠી ઉપર લખ્યું: "તમે બાકીની ઊંઘ પૂરી કરો."

વલ્લભભાઈ કહે: "નહીં, આપણે તો તમારી પાછળ પાછળ જ ચાલવાના!" (ક્રમશઃ)

બાપુનું ઋણ

જ્યાં જોઇએ ત્યાં કોઇ સાચું કાર્ય એવું નથી જોવામાં આવતું જેમાં બાપુનો હાથ ન હોય. કોઈ કાર્ય શરૂ કરતી વખતે એમની સલાહ અને એમના આશીર્વાદ લીધા વગર કોઇને સંતોષ નહોતો થતો તેમ આત્મવિશ્વાસ નહોતો આવતો. એ કાળરાત્રિએ પંડિત જવાહરલાલે કહેલું કે મને દરેક કામમાં બાપુની સલાહ લેવાની એવી આદત પડી ગઈ હતી કે જ્યારે હું એમને સ્મશાનમાં લઈ જવાની યોજના વિચારવા લાગ્યો ત્યારે, ચાલો બાપુની સલાહ લઇએ, એમ કરીને ઊભો થઈ ગયો; પણ તરત ભાન આવ્યું કે હવે બાપુ કયાં છે?

અર્જુને ભગવાનને પૂછ્યું હતું, "તમારું નિત્ય ચિંતન કરતો કરતો તમને હું કઇ રીતે ઓળખી શકું?" ભગવાને કહ્યું હતું, "મારી વિભૂતિઓનો અંત નથી; જે કંઈ પણ વિભૂતિમાન, લક્ષ્મીવાન અથવા પ્રભાવશાળી છે તે મારા તેજના અંશથી થયેલું જાણ."

બાપુને વિશે પણ બરાબર એવું કહી શકાય. એમની વિભૂતિઓની, એમનાં કાર્યોની, એમની સેવાઓની, એમના ત્યાગ અને તપસ્યાની ગણતરી નથી. તેઓ ન હોત તો કોણ જાણે આપણે કેટલાં વરસો સુધી ગુલામીની જંજીરોમાં જકડાયેલા રહેત. આપણી સ્વતંત્રતાના દાતા અને આરાધ્ય દેવ બાપુ નહીં તો બીજા કોણ છે? જે કંઈ વિભૂતિમાન, લક્ષ્મીવાન અથવા પ્રભાવશાળી છે, એ બધું એમની જ ભેટ છે, એમની જ તપસ્યાનું પરિણામ છે. એમના એક અંશમાત્ર પર આ આખો હિન્દસંઘ ઊભો છે. આજે અહીં જેટલા આગેવાન અને કાર્યકર્તા છે તે બધા એમના તેજથી પ્રકાશે છે. તેઓ સાચા અર્થમા આપણા રાષ્ટ્રનિર્માતા ને રાષ્ટ્રપિતા હતા.

—બ્રજકૃષ્ણ ચાંદીવાલા
પ્યારા બાપુ

મણકો ૩ જો —અહિંસા

સંકલન કર્તા ::: ચંદુલાલ બ. પટેલ

આજ ઉપવાસ રાખીને તેમ જ પ્રાર્થના કરીને પોતાને પવિત્ર બનાવવાની આપણને ઘણી જ જરૂર છે. ૧૯૧૯ના એપ્રિલની ૬ઠ્ઠી તારીએ પૂરેપૂરી ખુશી માનવાનું કારણ હતું; કેમકે તે વખતે સારાયે દેશમાં જાગૃતિ ફેલાઈ ગઇ હતી અને ત્યારે હિંદુ મુસલમાન કે એવો કોઇ ભેદભાવ રહ્યો નહોતો અને સૌ કોઈ અંદરોઅંદર પ્રેમભાવથી હળીમળીને રહ્યા હતા. છતાં તે વખતે પણ મેં લોકોને પ્રાર્થના કરવાની ને ઉપવાસ રાખીને ચરખા ચલાવીને ઉત્સવ માનવાની સલાહ દીધી હતી. આજે તો આપણે આપણા ભગવાન આગળ શીર નમાવીને પ્રાર્થના કરવાનાં તેથીયે વધુ સબળ કારણો મોજુદ છે; કેમકે આજે ભાઇભાઈઓ એકબીજા અંદરોઅંદર લડી રહ્યા છે; અન્ન અને વસ્ત્રની પણ ભયંકર તંગી છે. દેશના નેતાઓ ઉપર જુમ્મેદારીનો એટલો બધો બોજો આવી પડ્યો છે કે ભગવાનની કૃપા વિના મજબૂતમાં મજબૂત આદમીની કમ્મર પણ તૂટી પડે એમ છે.

હિંદુસ્તાન કરોડો લોકોનો રાષ્ટ્ર છે. એનો અવાજ કોઈએ સાંભળ્યો નથી. અલગ ધર્મોને માનવાવાળા લોકોનો આ દેશ એક અખંડ રાષ્ટ્ર બન્યો છે. એ સર્વ લોકોને હિંદુસ્તાનના નાગરિક બનવાનો-હોવાનો એક સરખો હક્ક છે. બહુમતવાળી જાતિનો લઘુમતીવાળી બીજી જાતિને દબાવવાનો કોઈ હક્ક નથી. સંખ્યાબળ કે તલવારની તાકાત સાચો હક્ક નહિ મનાય. ન્યાયથી મળેલ હક્ક એ જ સાચી તાકાત ગણાય; પશુબળ કે બળજબરી એ તાકાત નથી જ.

એક હૈદરાબાદી ભાઈ ત્રિરંગા રાષ્ટ્રીય ઝંડાના સંબંધમાં લખે છે કે: “ત્રિરંગી ઝંડો અમારા આંદોલનોનું એક પ્રતીક હતો. તેમાંથી ચરખો કાઢી નાખીને સહુથી મોટો અપરાધ કર્યો છે. નવા ચક્રનો કે પુરાણા અશોકના ચક્રનો ગાંધીજીના ચરખા સાથે કોઈ સંબંધ નથી; પરંતુ એ બન્ને પરસ્પર વિરોધી છે. ગાંધીજીનો ચરખો ધર્મથી, મજહબથી પર છે; જ્યારે નવું ચક્ર હિંદુધર્મનું પ્રતીક છે. ગાંધીજીનો ચરખો ‘અહિંસક પરિશ્રમ’નું પ્રતીક છે; જ્યારે નવું ચક્ર ‘સુદર્શન ચક્ર’નું પ્રતીક છે. સુદર્શન ચક્ર હિંસાનું પ્રતીક છે. આ રીતે નવા ઝંડાથી

હિંદુધર્મના નામે રાષ્ટ્રની હિંસાવૃત્તિને ઉત્તેજન મળશે." મુનશીજીએ ઝંડાનો જે અર્થ કર્યો છે તે અર્થ હોય તો રાષ્ટ્રીય ઝંડો ખતમ થયો ગણાય;- પણ અશોકનું ચક્ર કોઈ પણ હાલતમાં હિંસાનું પ્રતીક નથી બની શકતું. મહારાજ અશોક બૌદ્ધ હતા, અહિંસાના પૂજારી હતા. સુદર્શન ચક્રનો તો ઝંડાના ચક્ર સાથે કોઈ મેળ ખાતો નથી. સુદર્શન ચક્ર મારી દૃષ્ટિથી અહિંસાની નિશાની છે; પણ એ તો મારી માન્યતા છે. સાધારણ રૂપથી સુદર્શન ચક્ર હિંસાનું સાધન મનાય છે. એમાં શક નથી કે નવા ઝંડાથી અથવા જે ઉપર જે ચર્ચા થઈ છે તે ઉપરથી એમ તો કહી શકાય કે ચરખાનું મૂલ્ય જો કે ગયું નથી; પણ તે જરૂર ઓછું તો થયું છે. અશોકનું ચક્ર અને સૂતર કાંતવાનો ચરખો એ બેય એક છે કે નહિ તે તો આખરે લોકોના આચરણ ઉપરથી નક્કી થશે.

સૌ...કોઇ...વાંચે....

'રૂપાયતન' સંસ્થા ધીમે ધીમે પોતાના કાર્યનો વિસ્તાર કરતી જાય છે. અમે થોડા વખતથી 'બાલમંદિર' શરૂ કર્યું છે. અમારા કાર્યનો વિસ્તાર થતાં અમારી સાથે કામ કરવા માટે અમને મિત્રોની જરૂર રહે છે. તેથી બાલમંદિરના કામમાં રસ હોય અને 'રૂપાયતન'ની ઇતર પ્રવૃત્તિઓમાં ભળવાનો ઉત્સાહ ધરાવતા હોય એવા ભાઈઓ પોતાની આર્થિક જરૂરિયાત દર્શાવી અમારી સાથે પત્રવ્યવહાર કરે એવી અમારી વિનંતી છે. પત્રવ્યવહાર 'પ્યારાબાપુ'ને સરનામે કરશો.

★ વધુ ગ્રાહક બનાવી 'બાપુ-સ્મરણ' મેળવો ★

અનુક્રમણિકા... ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૨

પૃષ્ઠ
૧ બાનો મોટામાં મોટો ગુણ ... ગાંધીજી ૧
૨ પંથ તારો કાપ્યે જા ... સંતબાલજી ૨
૩ કેટલાંક સૂત્રો ... ... દે૦ વા૦ ૨
૪ પૂજ્ય બાની કર્મનિષ્ઠા ... પ્રભુદાસ ગાંધી ૩
૫ ભક્તરાજ ... ... મુકુલભાઈ ૫
૬ સર્વોદયની દૃષ્ટિ ... ... વિનોબાજી ૭
૭ વિનોબાની રીત ... ... કિ૦ ધ૦ મ૦ ૮
૮ વિદ્યાર્થીનો ધર્મ ... રવિશંકર મહારાજ ૯
૯ રવિશંકર દાદા ... ... નાનાભાઈ ભટ્ટ ૧૦
૧૦ દુ:ખનું ઓસડ ... ગુરુદયાલ મલ્લિક ૧૧
૧૧ આપણું કર્તવ્ય ... ... કેદારનાથજી ૧૨
૧૨ બાપુના પત્રો ૧૩

પૃષ્ઠ
૧૩ શાંતિનું સ્થાન ... ઉજ્જવલ કુંવરજી ૧૫
૧૪ ગીતા... ... ... બબલભાઈ મહેતા ૧૬
૧૫ ક્ષમાયાચના ... પદ્મનાભ શ્રી. જૈની ૧૭
૧૬ બળ અને તાકાતનો ઉપયોગ શ્રી. રાજેન્દ્રપ્રસાદ ૨૦
૧૭ બાળકોના બાપુ ... ... મુકુલભાઈ ૨૧
૧૮ સોટીનો પ્રતાપ! ... ... કાકાસાહેબ ૨૨
૧૯ ઇશ્વરનિષ્ઠા ... ... મુકુલભાઇ ૨૩
૨૦ ઊંચ-નીચ ભાવ ... રા૦ ના૦ પાઠક ૨૪
૨૧ ત્રિવેણી સંગમ ... ... મુ૦ કે૦ ૨૫
૨૨ બાપુનુ ઋણ ... બ્રજકૃષ્ણ ચાંદીવાલા ૨૬
૨૩ ગાંધી માળા ... ... ચંદુલાલ બ. પટેલ ૨૭
૨૪ ગ્રંથાવલોકન ... ... મુ૦ કે૦

ગ્રંથાવલોકન [અનુસંધાન કવર પેજ બીજાથી ચાલુ] ઉપરથી આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. ખરી રીતે આવા પુખ્ત વિદ્વાન અને કેળવણીકાર પાસેથી આ વિષય પર દળદાર પુસ્તકની આશા સૌરાષ્ટ્ર સરકારે સેવવી જોઇએ.

(૫) **સૌરાષ્ટ્રની જળસંપત્તિ**: લે૦ **શ્રી. ઉપેન્દ્ર ભટ્ટ**; પૃ૦ ૧૧.

કુદરતની અખૂટ સંપત્તિઓમાં જળસંપત્તિ અગત્યને સ્થાને છે. તેથી એ સંપત્તિનું નિયમન કરી તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો મનુષ્યોને ખૂબ રાહત મળે એમ છે. આ નાનકડી પુસ્તિકામાં સૌરાષ્ટ્ર સરકાર જળસંપત્તિનો શી રીતે સદુપયોગ કરવા ઇચ્છે છે એની આછી રૂપરેખા આપવામાં આવી છે.

(૬) **સૌરાષ્ટ્રમાં જમીન સુધારણા ધારાઓ**: લે૦ **શ્રી. બળવંતરાય મહેતા**; પૃ૦ ૧૨.

સૌરાષ્ટ્રના એકમ પછી ખેડૂતોની સ્થિતિ સુધારવા સૌરાષ્ટ્ર સરકારે જે સુધારાઓ કર્યા એનો આંકડા સહિત સંક્ષેપમાં આ નાનકડી પુસ્તિકામાં શ્રી. બળવંતરાયભાઇએ જરૂરી ખ્યાલ આપ્યો છે.

(૭) **સૌરાષ્ટ્રમાં વીજળીકરણ**: લે૦ **શ્રી. ત્રીકમલાલ શાહ**; પૃ૦ ૧૧.

વીજળી એ સુધરેલી સંસ્કૃતિનું પ્રતીક છે. વીજળી આજે દુનિયામાં ઘેર ઘેર પહોંચતી જાય છે. સૌરાષ્ટ્રમાં પણ એ દિશામાં કેવા પ્રયત્નો થઈ રહ્યા છે એની ટૂંકમાં માહિતી આપવામાં આવી છે.

(૮) **સૌરાષ્ટ્રમાં કામદારોની ઉન્નતિ**: પૃ૦ ૩૪.

આ પુસ્તિકામાં એકમ રચના પછી સૌરાષ્ટ્રમાં કામદારોની ઉન્નતિ અંગે શી શી પ્રવૃત્તિઓ ચાલી રહી છે એનું અવલોકન કરવામાં આવ્યું છે.

(૯) **સૌરાષ્ટ્રના કામદારો**: લે૦ **શ્રી. ઘનશ્યામભાઈ ઓઝા**; પૃ૦ ૯.

આ પુસ્તિકામાં સૌરાષ્ટ્રમાં કામદારોની એકમ પછી શી સ્થિતિ છે અને તેમાં જરૂરી સુધારાઓ દાખલ કરવા શા શા પ્રયત્નો થઈ રહ્યા છે તેની માહિતી આપવામાં આવી છે.

(૧૦) **સૌરાષ્ટ્રનો ઉદ્યોગ વિકાસ**: લે૦ **શાંતિલાલ મંગળદાસ શેઠ**; પૃ૦ ૧૧.

સૌરાષ્ટ્રમાં ઔદ્યોગિક વિકાસનો પ્રશ્ન અગત્યનો બન્યો છે. એકમ પહેલાંની અને એકમ પછીની પરિસ્થિતિમાં ખૂબ જ ફેર છે. પરિસ્થિતિ બદલાતાં અને નવા સંજોગો ઊભા થતાં આ પ્રશ્ને સૌરાષ્ટ્ર સરકારનું ધ્યાન કઈ કઈ બાબતોમાં અને કયા કયા ઉદ્યોગોમાં કેંદ્રિત કર્યું છે, એ આ પુસ્તિકામાં દર્શાવવા લેખકે પ્રયત્ન કર્યો છે.

(૧૧) **સૌરાષ્ટ્રની ખનીજ સંપત્તિ**: લે૦ **શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ**; પૃ૦ ૧૨.

કુદરતની માનવોને અમૂલ્ય બક્ષિસોમાં ખનીજ સંપત્તિ એક મહત્ત્વની બક્ષિસ છે. સૌરાષ્ટ્રની સરકાર એ સંપત્તિનો પણ સારામાં સારો અને પૂરેપૂરો ઉપયોગ શી રીતે કરવો તે વિચારી રહી છે અને એ પ્રમાણે સૌરાષ્ટ્ર ભવિષ્યમાં ઉત્તરોઉત્તર સમૃધ્ધ થતો જશે એવી આશા રાખીએ.

(૧૨) **સૌરાષ્ટ્રમાં કેળવણીનો વિકાસ**: લે૦ **શ્રી. હરભાઈ ત્રિવેદી**; પૃ૦ ૧૦.

એકમ પહેલાં થોડા અપવાદો સિવાય સૌરાષ્ટ્ર કેળવણીની બાબતમાં અંધકારયુગમાં હતો એમ કહી શકાય. હવે કેળવણીની દિશામાં ઝડપી વિકાસ થઈ રહ્યો છે. વળી સૌરાષ્ટ્રમાં કેળવણીનાં ક્ષેત્રોમાં ઉત્સાહ પણ ખૂબ જ દેખાય છે. થોડા વખતમાં સૌરાષ્ટ્ર કેળવણીનો વિકાસ સાધવામાં ખૂબ પ્રગતિ કરશે એમ કહી શકાય.

— **મુ૦ ક૦**

રજી૦ નં૦ બી૦ ૫૨૫૫

સાભાર સ્વીકાર

સ્મરણ યાત્રા (સંક્ષિપ્ત): લે૦ કાકાસાહેબ કાલેલકર; સંક્ષિપ્તકાર: સોમભાઈ પટેલ; પ્ર૦ વોરા એન્ડ કંપની, મુંબઈ ૨; કિં૦ રૂા. ૧-૨-૦. પૃ૦ ૯૬.

તપસ્વી બાપુ (કાવ્યસંગ્રહ): લે૦ માણેકચંદ્ર ખોના; પ્ર૦ માણેકચંદ્ર ખોના, નલીયા (કચ્છ); કિં૦ આઠ આના; પૃ૦ ૨૬.

સર્જાતાં હૈયાં ('વિશ્વવાત્સલ્ય'નું પાંચમું ભેટ પુસ્તક): લે૦ નવલભાઈ શાહ; પ્ર૦ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ; કિં૦ અઢી રૂપિયા; પૃ૦ ૨૧૮.

પ્રેમાવતાર ઈશુ (ગાંધી સાંકળચંદ નરસિંહદાસ સ્મારકમાળા પુ૦ ૮): લે૦ દેસાઈભાઈ પટેલ; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૨૭.

ઇંધણ ઓછાં પડ્યાં: લે૦ ચુનીલાલ મડિયા; પ્ર૦ એન. એમ. ત્રિપાઠી લિ. મુંબઈ ૨; કિં. ૫-૮-૦; પૃ૦ ૪૮૮.

વ્યાજનો વારસ: લે૦ ચુનીલાલ મડિયા; પ્ર૦ એન. એમ. ત્રિપાઠી લિ. મુંબઈ ૨; કિં૦ રૂા. ૪-૪-૦; પૃ૦ ૩૨૮.

સુસંવાદ (શ્રી કેદારનાથજી સાથેના કેટલાક વાર્તાલાપો): સંગ્રા૦ નંલકંઠ ઈશ્વરદાસ મશરૂવાળા; પ્ર૦ રમણીકલાલ મગનલાલ મોદી, શાંતિનગર નં ૧૭, આશ્રમ રોડ, અમદાવાદ; કિં૦ પાંચ આના; પૃ૦ ૪૮.

"પ્યારા બાપુ"

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.
પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.
લવાજમ. મ. ઑ.થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.
એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.
આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર-વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

'પ્યારાબાપુ' કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક: ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ

આરાધ્ય



સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

સર્જાતાં હૈયાં : લે૰ **નવલભાઈ શાહ;** પ્ર૰ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઈની વાડી, અમદાવાદ; કિં૰ અઢી રૂપિયા; પૃ૰ ૧૦+૨૧૮.

'વિશ્વવાત્સલ્ય'નું આ પાંચમું ભેટપુસ્તક હોઈ મુનિશ્રીની વિચારસરણી પ્રત્યે પ્રીતિ ધરાવનાર સૌ કોઇને એ વાચવાનું મન અવશ્ય થાય. મુનિશ્રીના સાન્નિધ્યમાં રહી નવલભાઈ પણ પોતાનો વિકાસ સાધી રહ્યા છે. આ પુસ્તકમાં એમના ઘડાતા –સર્જાતા– વિચારોનો પણ સહેજે પરિચય થાય એમ છે.

આ વાર્તાકાર 'નવલકથા' નામથી ભડકતા તો નથી ને ? વિશ્વસાહિત્યના અભ્યાસીને સાહિત્યમાં નવલકથા કેવું અપ્રતિમ સ્થાન પામી શકે છે એનો ખ્યાલ હશે જ. 'નવલકથા' એ સાધ્ય નથી, પણ સાધન છે. જો સર્જકમાં પોતાની અંદર ઊંડાણ હોય, પોતાને કંઈક વ્યક્ત કરવાની અદમ્ય વૃત્તિ હોય તો જરૂર એને હાથે ઉત્તમ નવલકથાનું સર્જન થઈ શકે છે. ટૉલ્સ્ટૉય, ડોસ્ટોયેવ્સ્કી, વિક્ટર હ્યુગો, આનાતોલ ફ્રાંસ વગેરે સાહિત્ય સ્વામીની કૃતિઓ આ વાતનું સમર્થન કરે એવી અવશ્ય છે.

આ કૃતિ વિશે શ્રી. કાકાસાહેબ 'યુગ-પરિવર્તન'માં કહે છે: "'સર્જાતાં હૈયાં' ગુજરાતી નવલસાહિત્યમાં નવી જ ભાત પાડે છે." પરંતુ એ કથન સાથે સાહિત્યક્ષેત્રના વિવેચક વિદ્વાનો કેટલા સંમત થાય છે એ એ વિચારવું રહ્યું. એક દ્રષ્ટિએ જોતાં આ પુસ્તક નવલકથા તરીકે કચાશભર્યું છે. કાકાસાહેબનું આ કથન પણ વિચાર માગી લે છે: "જેટલું વાંચ્યું તેટલા પરથી હું જોઈ શક્યો છું કે નવલકથાકારની સ્વભાવચિત્રણ, સંવાદ અને ઘટનાવર્ણન બધી શક્તિઓ તમે સરસ ખીલવી છે." વળી મુનિશ્રી સંતબાલજી 'પ્રાસંગિક'માં કહે છે: "ભાઈ નવલભાઈએ જે હથોટી બતાવવા પ્રયત્ન કર્યો છે, તેનું મૂલ્ય નવલકથાના સિદ્ધહસ્ત લેખકો કેટલું આંકશે, તે મારે મન બહુ અગત્યનો પ્રશ્ન નથી; પરંતુ સામાન્ય વાચકવર્ગ એમાંથી શી પ્રેરણા ઝીલશે, એ મારે મન ઘણી મહત્ત્વની વસ્તુ છે." મુનિશ્રીનું આ વિધાન પણ વિચારણા માગી લે છે.

'સર્જાતાં હૈયાં'નાં શરૂઆતનાં પ્રકરણો મુગ્ધ કરે એવાં અવશ્ય છે. ચંદુભાઈ ચીંથરીઆ –દાદાની–ની દાન આપવાની ઉદાત્ત રીત બાઈબલના વચન–તારો જમણો હાથ શું આપે છે તેની જાણ તારા ડાબા હાથને થવા ન દે–ની સ્મૃતિ તાજી કરે છે. દાદા વાર્તાના નાયક શંભુના જીવન પર ઊંડી અસર પાડે છે. પરંતુ વાર્તાનો પ્રવાહ આગળ જતાં દાદાનું એકદમ વિસ્મરણ થાય છે. શંભુ લગ્નની વાત પોતાના મોટાભાઈ સાથે કરવા રામપુર આવે છે. પરંતુ આવા ગંભીર પ્રસંગ વખતે પોતે ગુરુ તરીકે જેને માનતો હતો એવા દાદાની સલાહ લેવાનું એને સૂઝતું જ નથી! અરે, એ જેમની સાથે કામ કરે છે એ 'ભાઇ'ની પણ સલાહ લેવાનું રહી જાય છે! આમ આમાંના ઘણા પ્રસંગોનો વિચાર કરતાં 'દાદા'નો ખપ પૂરતો જ ઉપયોગ વાર્તાકારે કર્યો છે. (વાર્તાકારમાં આ ત્રુટી પ્રાધાન્યપણે જણાઈ આવે છે. શંભુનાં બા રામપુર જાય છે ત્યાર પછી એનું શું ? બહેન વિધવા થઇ ત્યાર પછી જાણે કે એને બહેન હોય જ નહિ એવું વર્તન શંભુનું દેખાય છે. થોડા વચ્ચે કરસન પગીને મુખે બહેનનો ઉલ્લેખ આવે છે ત્યારે [અનુ૦ : પૃ૦ ૫૫ મે]



"બાપુ પ્રત્યેની વફાદારીમાં ખાન સાહેબને ચડે એવો હું તો કોઇને જાણતો નથી." — સરદાર પટેલ.

આરાધનમ્

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫]　　૩૦ માર્ચ-૧૯૫૨　　[અંક ૨

મહાત્માજીકી ખિદમતમેં

આપકી ખિદમતમેં મેરી યહ અરજ હૈ કિ આપ મેરે હકમેં કોઇ ફિકર ન કરેં. મૈં ખુદાકા એક નાચીઝ બંદા હૂં. અગર ઉસને મેરી વજહસે અપની મખલૂકકી (= ખુદાએ પેદા કરેલી સૃષ્ટિની) કુછ ખિદમત લેની હૈ તો ઉસકે લિયે મુઝે તંદુરસ્ત રખેગા. મહાત્માજી, હકીકત યહ હૈ કિ મુઝમેં બહુતસી કમજોરિયાં, જિસકો બાહર મૈં મહસૂસ કરતા થા લેકિન ઉસકી બરદાશ્ત મજબૂરીસે કરતા થા, અબ મૈં દેખ રહા હૂં કિ યહાં જેલમેં આહિસ્તા આહિસ્તા બરદાશ્ત હો રહી હૈં. મેરા બદન કમજોર હો રહા હૈ લેકિન મેરી રૂહાની તાકત બઢ રહી હૈ.

મૈં કભી કભી આપકો ખ્વાબમેં દેખા કરતા હૂં. એક દફા મૈંને દેખા કિ આપ ઔર મૈં અકેલે જા રહે હૈં. આપકે પાસ બકરીકા બચ્ચા હૈ. આગે એક બહુત ગહરા પાનીકા નાલા આતા હૈ. મૈંને આપકો કહા કિ આપ થક ગયે હૈં, અબ બચ્ચા મુઝે દેં. આપને દે દિયા. જબ નાલા પાર કરકે ઊપર ચઢે તો સામને એક શહર નઝર આયા. દોનોં ઉસમેં દાખલ હુએ. મૈંને આપસે નમાઝકી ઇજાજત લી, ઔર જબ નમાઝસે ફારેગ હોકર આપકે પાસ વાપસ આતા થા તો આંખેં ખુલ ગઈં.

મહાત્માજી, મુઝે અપની દુઆમેં યાદ રખેં કિ ખુદાવંદ તાલા મુઝે સબર (= ધીરજ) ઔર ઇસ્તકલાલ (= દૃઢતા) દે ઔર ઇસ લાયક બના દે કિ ઉસકી મખલૂકકી ખિદમત કર સકૂં.

અપની બંદગીમેં મુઝે યાદ રખેં, ઔર દિલસે દુઆ દે કિ મેરી દુન્યવી ખ્વાહિશેં સબ દબ જાય, ઇસ નાચીઝ બદનકે લિયે મુઝે કોઈ પરવા ન રહે, ઔર મેરી રૂહાની તાકત હમેશા બઢતી રહે.

અબ્દુલ ગફારખાન



કૈસા નાતા રે

મન ફૂલા ફૂલા ફિરૈ જગતમેં કૈસા નાતા રે॥
માતા કહૈ યહ પુત્ર હમારા, બહન કહૈ બિર મેરા।
ભાઈ કહૈ ભુજા યહ મેરી, નારિ કહૈ નર મેરા॥
પેટ પકરિ કૈ માતા રોવૈ, બાંહ પકરિ કૈ ભાઈ।
લપટ ઝપટિ કૈ તિરિયા રોવૈ હંસ અકેલા જાઈ॥
જબ લગિ જીવૈ માતા રોવૈ બહિન રોવૈ દસ માસા।
તેરહ દિન તક તિરિયા રોવૈ ફેરી કરૈ ઘર બાસા॥
ચાર ગજી ચરગજી મંગાયા ચઢા કાઠકી ઘોરી।
ચારોં કોને અગિનિ લગાઈ ફૂંક દિયો જસ હોરી॥
હાડ જરૈ જસ લાકડી કો કેસ જરૈ જસ ઘાસા॥
સોના ઐસી કાયા જર ગઈ કોઈ ન આયો પાસા॥
ઘરકી તિરિયા ઢૂંઢન લાગી ઢૂંઢ ફિરિ ચહું પાસા।
કહૈ કબીર સુનો ભાઈ સાધો છાંડો જગ કી આશા॥

આ સંસારનો સંબંધ આપણા જીવતર લગીનો જ હોય છે. આપણે જીવતાં હોઈએ ત્યાં સુધી જ 'આ મારાં બહેન,' 'આ મારા ભાઈ,' 'આ મારાં માતાપિતા' વગેરે સંસારી સંબંધોથી આપણે એકબીજા સાથે જોડાયેલાં હોઈએ છીએ. પરંતુ જયારે આપણે મૃત્યુ પામીએ છીએ ત્યારે એ બધા સંબંધો–આ બધો સંસાર–છોડીને એકલા જવું પડે છે. આ સંસારના સંબંધીઓ થોડો વખત રોકકળ કરે છે પછી સૌને પોતપોતાના જીવન અનુસાર ગોઠવાઈ જવું પડે છે.

કબીર સાહેબે આ ભજનમાં સ્વજનના મૃત્યુને વખતે કેવી રોકકળ થાય છે અને પછી બધાં કેવાં પોતપોતાના વ્યવસાયમાં ગોઠવાઈ જાય છે એનું આલેખન કર્યું છે. ભજનનું તાત્પર્ય એ છે કે, આ સંસારના સંબંધો એ તો આ જગત પૂરતા મર્યાદિત છે. માટે એ સૌ સંબંધીઓ સાથે નિર્મોહી સ્થિતિમાં રહી આત્મના વિકાસ પ્રત્યે જ મનુષ્યે પોતાના જીવનનો સદુપયોગ કરવાની વૃત્તિ કેળવવી જોઈએ.

પ્યારા બાપુ

સરહદના ગાંધીનું એક ઉજ્જ્વળ સંસ્મરણ

ગુરુદયાલ મલ્લિક

સરહદની અદાલતમાં ન્યાયાધીશ સાહેબ પોતાની સત્તાના આસન પર બેઠા છે. એમની પાછળ એક પઠાણ પટાવાળો ઊભો છે. ન્યાયાધીશ સાહેબની ખુરશી પાસે એક તરફ સરકારી વકીલ ઊભા છે અને બીજી તરફ અદાલતનો એક કારકૂન. સામેની બાજુએ લોઢાના પિંજરામાં એક કદાવર પઠાણ નાળિયેરના ઝાડની જેમ સીધા ટટાર ઊભેલા દેખાય છે. પિંજરાની ચારે કોર થોડા સિપાઈઓ ગોળી ભરેલી બંદૂકોથી સજ્જિત થઈ ગોઠવાયેલા છે.

ટીન......ટીન......ટીન......ઘંટડી વાગે છે. ન્યાયાધીશની પાછળ ઊભેલો પટાવાળો મોટેથી બૂમ પાડીને કહે છે: “ખામોશ!”

પછી ન્યાયાધીશ સાહેબ હુકમ કરે છે: “અદાલતકા કામ શુરૂ કરો.”

ન્યાયાધીશનો એ હુકમ સાંભળી સરકારી વકીલ પોલીસ ઈન્સ્પેકટરને કહે છે: “સરકારી ગવાહ પેશ કરો! (સરકારી સાક્ષીને હાજર કરો.)”

ત્યાર બાદ એક પછી એક સરકારી સાક્ષીઓ આવી, ન્યાયાધીશ સાહેબને સલામ ભરી, પિંજરામાં ઊભેલા પઠાણની વિરુદ્ધમાં સાક્ષી આપે છે.

એ બધા લોકોની આવી અસત્યથી ભરેલી જૂઠી સાક્ષી સાંભળીને તેનું મોં લાલચોળ થઇ જાય છે. જે વાતો એને સ્વપ્નેય મનમાં ઊઠી ન હોય અને જે કામ એણે કદી કર્યું પણ ન હોય એ બધું પોતાને વિષે સાંભળીને એનો સત્યશીલ આત્મા આગની જેમ ભડભડ પ્રજળી ઊઠ્યો. અત્યાર સુધી તે પથ્થરના પૂતળાની માફક મૌનમાં, આંખો બંધ કરીને—કોણ જાણે તે મૌનમાં પોતાના માલિકને યાદ કરી રહ્યો હોય—ઊભો હતો. પણ હવે તો અસત્યોની કારમા તીર સમાન વર્ષાથી તે અશાંત બની ગયો. તેનાથી આ બધું હડહડતું જુઠાણું સહેવાતું ન હતું. તેથી તે ઊંચોનીચો થવા લાગ્યો.

એને આમ અસ્વસ્થ જોઇને અંગ્રેજ પોલીસ સારજંટ ગુસ્સે થઇ બોલી ઊઠ્યો: “સીધા ખડા રહો!”

આ સાંભળી તે પઠાણ પાછો ટટાર ઊભો રહ્યો, પણ તેના મોંમાંથી શબ્દો નીકળી પડે છે: “અગર વહ મલંગને (પ્રભુના પ્યારાએ) હમકો નહિ રોકા હોતા તો........”

એવામાં પેલો સારજંટ રોષમાં બોલ્યો: “તો તુમ કયા કરતા?”

“કયા કરતા?” પઠાણે સામો પ્રશ્ન કર્યો. પછી તેણે પોતાના હાથના બળથી લોઢાના પિંજરાના બે સળિયા વાંકા કરી દીધા!

આ જોઈને સારજંટ હેબતાઈ જ ગયો. તે ધીમેથી બોલ્યો: “ઇતની તાકત! ઔર ઉસ પર ઈતના કાબુ!!”

ન્યાયાધીશ સાહેબ પણ એ દૃશ્ય જોઈ જ રહ્યા. તેમને લાગ્યું કે પઠાણના આવા વર્તાવથી કચેરીના ગંભીર કાર્યક્રમમાં ભંગ પડી રહ્યો છે. તેથી તેમણે પોતાની પાછળ ઊભેલા પટાવાળાને ઈશારો કર્યો. પટાવાળો સમજી ગયો અને જોરથી બોલી ઊઠ્યો: “ખામોશ!”

અદાલતમાં પાછી શાંતિ પ્રસરી ગઈ. પણ ન્યાયાધીશ આગળ કામ ચલાવી શકયા નહિ. એમના મનમાં જાત જાતના વિચારો આવવા લાગ્યા. તેથી તેમણે હુકમ કર્યો:

"અદાલત કા કામ આજ કે લીએ બંદ રખા જાતા હૈ!"

પછી ન્યાયાધીશ સાહેબ ખુરશી પરથી ઊઠયા અને પોતાના ઓરડામાં ચાલ્યા ગયા. કચેરીનું કામ તે દિવસે બંધ રહ્યું.

પિંજરામાં ઊભેલો સત્યપ્રિય પઠાણ કોણ હતો?

તે હતા આપણા સરહદના ગાંધી — ખાનસાહેબ અબ્દુલ ગફારખાન!

અને તે 'મલંગ' કોણ હતો જેણે એમને એમની સિંહ જેવી શારીરિક તાકાતને અંકુશમાં રાખવાનું શીખવ્યું હતું?

તે હતા આપણા પરમ પૂજ્ય ગાંધીજી, આપણા યુગના અહિંસાના અવતાર!

દિલની ઉદારતા

એક દિવસ ઇમામ હુસન સાહેબ મદીનાની બહાર ફરવા ગયા. રસ્તામાં એક ખજૂરનો બગીચો આવ્યો. એ બગીચામાં હુસન સાહેબે એક સીદી ગુલામને નીચે બેસી રોટલો ખાતો જોયો. એની પાસે એક કૂતરો ઊભો હતો. ગુલામ પોતે રોટલો ખાતો જાય અને બીજો કકડો કૂતરાને આપતો જાય.

ઈમામ સાહેબ આ જોઇને નવાઈ પામ્યા. તેમણે પેલા સીદી પાસે જઇને પૂછ્યું, "અરે, ભલા માણસ, તારી પાસે તારું માંડ માંડ પેટ ભરાય એટલો રોટલો છે. એમાંથી તું આ કૂતરાને શા માટે અરધોઅરધ ભાગ આપી દે છે?"

પેલા ગુલામે કહ્યું, "સાહેબ, હું સારું એકલાનું પેઠ ભરતો રહું અને અહીં આવેલું આ મૂક પ્રાણી ઊભું ઊભું મારું મોં જોયા કરે, એથી તો હું લાજી મરું. ભલે મારું પેટ ન ભરાય, પણ આ બાપડા કૂતરાની આંતરડી સંતોષ અનુભવે એ મારે માટે કંઈ જેવી તેવી વાત નથી."

આ સાંભળીને ઈમામ સાહેબ વિચારમાં પડી ગયા કે, આટલો નેક માણસ આવી ગુલામ સ્થિતિમાં સબડે છે એ ખરેખર બહુ અયોગ્ય કહેવાય. તેમણે ગુલામને પૂછ્યું, "ભાઈ, તારા માલિકનું નામ શું છે?" ગુલામે પોતાના માલિકનું નામ કહ્યું.

ઈમામ સાહેબ તરત જ એના માલિક પાસે ગયા અને બોલ્યા, "તમને મારી એક વિનંતી છે એ તમે કબૂલ કરશો?"

માલિક બોલ્યો, "હે ઈમામ સાહેબ, આપ શું બોલ્યા? આપ જે ફરમાવશો તે મારે કબૂલ છે."

ઈમામ સાહેબે કહ્યું, "તમારો પેલો ખજૂરનો બાગ અને એમાં રહેતો ગુલામ એ બંને મને વેચાતા આપો. એની જે કિંમત તમે કહેશો તે હું આપવા તૈયાર છું."

માલિકે તો ઈમામ સાહેબ પાસેથી એક પાઈ સુદ્ધાં લેવાની ના પાડી. પણ ઈમામ સાહેબ એ શી રીતે કબૂલ કરે? છેવટે માલિકે યોગ્ય કિંમત લઈ બાગ અને ગુલામ એમને સોંપ્યા.

પછી ઈમામ સાહેબ પેલા સીદી ગુલામ પાસે આવીને બોલ્યાં, "ભાઈ તારા દિલની ઉદારતા જોઇને હું તારા પર ખુશ થયો છું. તારા માલિક પાસેથી તને અને આ બાગને મેં ખરીદી લીધા છે. હું તને આ બાગ બક્ષિસ આપું છું અને તને તારી ગુલામીમાંથી છૂટો કરું છું. અલ્લા તારા જેવા નેક-દિલ માણસ પર હંમેશાં રહેમ રાખજો."

પ્યારા બાપુ

ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ']

મુકુલભાઈ

ભક્તરાજ તો કેટલાંય ખેતરોને વટાવતો આગળ ને આગળ ઝડપથી જવા લાગ્યો. આ તરફ હઠદાસ અને પોચકીદાસ બંને જણ દોડીને ભક્તરાજની સાથે થવા પ્રયત્ન કરવા લાગ્યા. થોડી વારમાં તેઓ ભક્તરાજ પાસે પહોંચી ગયા. ભક્તરાજે તેઓને પોતાની પાછળ આવેલા જોઇને પૂછ્યું: "મિત્રો, તમે આ તરફ ક્યાંથી આવ્યા?"

તેઓએ કહ્યું: "તમને પાછા ઘેર લઈ જવા સમજાવવા આવ્યા છીએ."

ભક્તરાજ—એ કોઇ રીતે બની શકે એમ નથી. આપણે બધાં વિનાશની નગરીમાં રહીએ છીએ. મોડો વહેલો એ નગરીનો નાશ થવાનો છે. આખી નગરી આગ અને ઉલ્કાપાતથી બળીને ખાખ થઈ જશે. એની સાથે સાથે આપણો પણ નાશ થઈ જશે અને આપણે અધોગતિને પામીશું. માટે મારા મિત્રો, તમે સમજુ છો અને મારું માની મારી સાથે ચાલો.

હઠદાસ—શું કહ્યું? અમે તમારી સાથે આવીએ? અને બધાં મિત્રોને, સ્વજનોને તેમ જ સુખ-સગવડને તજી દઇએ?

ભક્તરાજ—હા. કારણ કે મને જે કંઈ હવે પછી મળવાનું છે એની તુલનામાં એ બધી વસ્તુ સાવ તુચ્છ છે. અને જો તમે મારી સાથે આવશો અને એ નિશ્ચયમાં અડગ રહેશો તો તમને પણ મારી માફક લાભ થશે. હું જ્યાં જઈ રહ્યો છું ત્યાંની સમૃદ્ધિ અખૂટ અને અમાપ છે. માટે મારી સાથે ચાલો અને મારાં વચનમાં વિશ્વાસ રાખો.

હઠદાસ—તમે તો આખો સંસાર તજીને જઈ રહ્યા છો, તો પછી તમે એવી તે કંઈ વસ્તુ મેળવવા મથો છો?

ભક્તરાજ—હું એવા જીવનને માટે મથું છું જે પવિત્ર છે, મોહરહિત છે, અમૃતમય છે. એ સ્વર્ગમાં પામી શકાય અને ત્યાં જ એ સુરક્ષિત છે. અને જે માણસ સાચા દિલથી એ મેળવવા પ્રયત્ન કરે છે તેને અમુક નિશ્ચિત સમયે એ પ્રાપ્ત થાય છે. મારા ધર્મ-પુસ્તકમાં એ પ્રમાણે લખ્યું છે. તમારે વાંચવું હોય તો એમાંથી વાંચો.

હઠદાસ—ઊહ! એ થોથાને બાજુએ મૂકો! તમારે અમારી સાથે પાછા ઘેર આવવું છે કે નહિ?

ભક્તરાજ—ના, ના, મારે નથી આવવું. કારણ કે હવે હું મારે ખરે માર્ગે જઇ રહ્યો છું, હવે મારાથી પાછા ન ફરાય.

ભક્તરાજની આ વાત સાંભળીને હઠદાસ પોચકીદાસને કહેવા લાગ્યો: "ચાલો પોચકીદાસ, આપણે અહીંથી પાછા ફરીએ અને એમના વિના ઘેર જઇએ. આ દુનિયામાં

ધ્યા રાખા પુ

એવા ભેજાગેબ માણસો પડેલા છે જે એક વાર કોઈ વાતનું પૂછડું પકડે તે કદી છોડે જ નહિ અને પોતાને બીજાના કરતાં ડાહ્યા ગણે. આપણે કેટલુંયે કહીએ તોયે એ લોકોના ભેજામાં ઊતરતું નથી!”

એટલે પોચકીદાસ બોલ્યો : “આમ એમને ઠપકો ન આપ. જો ભક્તરાજ કહે છે એ વાત સાચી હોય, તો એ જે વસ્તુઓ મેળવવા માગે છે તે આપણી દુન્યવી વસ્તુઓ કરતાં ઘણી સારી છે. મને તો એમની સાથે જવાનું મન થાય છે.”

હઠદાસ—શું કહ્યું? તું પણ એમની સાથે મૂર્ખ બનતો જાય છે? હવે મારું માન અને પાછો ફર. આવો ધૂની માણસ તને ક્યાં ભટકાવી મારશે એ કોને ખબર છે? ચાલ હવે પાછો. ડાહ્યો થઈને મારું માની જા અને પાછો ફર.

ભક્તરાજ—ના, ના, તમે પણ પોચકીદાસની સાથે આવો તો સારું. મેં તમને જે વસ્તુઓની વાત કરી તે ત્યાં છે, અને એ ઉપરાંત બીજી કેટલીય સમૃદ્ધિ છે. જો તમને વિશ્વાસ ન આવતો હોય તો આ ગ્રંથમાં જરા વાંચી જુઓ. અને એમાં જે વાત કહેલી છે એ સત્ય જ છે, કારણ કે ભગવાને જ એ દર્શાવેલી છે.

પોચકીદાસ—ઠીક ત્યારે, હઠદાસ, હું તો એવા નિશ્ચય પર આવ્યો છું કે મારે પણ ભક્તરાજ સાથે જવું. નસીબમાં જે થવાનું હશે તે થશે. પણ હે ભલા ભક્તરાજ, તમે જે જગ્યાએ જવા માગો છો એની તમને બરોબર જાણ છે ને?

ભક્તરાજ—મને ધર્મદૂત નામના એક સજ્જને એ માર્ગે જવા સૂચવ્યું છે. આપણી સામે જે દરવાજો દેખાય છે ત્યાં સત્વર પહોંચવા કહ્યું છે અને ત્યાં આપણને કયે માર્ગે જવું તેની માહિતી આપવામાં આવશે.

પોચકીદાસ—ત્યારે ભક્તરાજ, ચાલો આપણે એ માર્ગે જઈએ.

ભક્તરાજ અને પોચકીદાસ જવા ઊપડયા, એટલે હઠદાસ બોલ્યો: “હું તો પાછો મારે ઘેર એકલો જઈશ. ખોટે રસ્તે દોરાઇ જતા આવા ધૂની માણસનો મારે સાથ નથી કરવો.” એમ કહી તે ત્યાંથી ઘર તરફ જવા પાછો ફર્યો. ભક્તરાજ અને પોચકીદાસ એ સ્વર્ગીય ભૂમિની વાતો કરતા આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં ભક્તરાજે કહ્યું: “ચાલો, ભાઇ પોચકીદાસ. તમને મારી સાથે આવવું ગમે છે કે નહિ? તમે મારી સાથે આવવા તૈયાર થયા એટલે હું ઘણો ખુશી થયો છું. જો હઠદાસ આપણી માફક જે અગમ્ય છે તેની અનંત શક્તિ અને પ્રભુત્વને સમજ્યો હોત તો આ રીતે આપણને છોડીને પાછો ફર્યો ન હોત.”

પોચકીદાસ--ભાઈ ભક્તરાજ, અહીં આપણા સિવાય બીજું કોઇ નથી. હવે મને ત્યાં કઈ કઇ વસ્તુઓ છે, તેનો કેવી રીતે ઉપભોગ કરવો, અને આપણે ક્યાં જઈ રહ્યા છીએ એ સૌ વિષે આગળ સમજાવો.

ભક્તરાજ—હું એ સૌ બાબતોને મનથી બરાબર સમજું છું, પણ તેને શબ્દોમાં મૂકી શકતો નથી. તોયે તમે એ વિશે જાણવા ઉત્સુક છો, માટે મારા આ ધર્મ-ગ્રંથમાંથી તમને વાંચી સંભળાવું.

પોચકીદાસ—અને તમે માનો છો કે આ ગ્રંથમાં જે કંઈ લખ્યું છે એ સાચું જ છે?

ભક્તરાજ—અવશ્ય. કારણ કે ભગવાને જ એ બધું વ્યક્ત કર્યું છે અને ભગવાન તો સત્ય-સ્વરૂપ છે.

[અનુસંધાન પૃ૦ ૫૩ મે]

અધ્યાત્મ વિષે ચોખ્ખી સમજ

કેદારનાથજી

આધ્યાત્મિક હેતુ માટે શ્રેયાર્થીએ મુખ્યતઃ કઈ બાબતોમાં નિઃશંક થવું જોઈએ, અર્થાત્ એ દૃષ્ટિએ કઈ બાબતો મહત્ત્વની છે એ તમને જણાવું છું. તે પર તમે વિચાર કરશો તો કોઈ પણ સાધકને તમે ઉપયોગી થઈ શકશો. આ વિષયમાં સાધકના મનમાં આપણી પરંપરાગત વિચારસરણીને લીધે કેવા કેવા પ્રશ્નો ઊઠે છે તે થોડા જણાવું છું. દા. ત. પ્રવૃત્તિ શ્રેષ્ઠ કે નિવૃત્તિ? ઈશ્વરપ્રાપ્તિ માટે ચાલુ સાંસારિક કર્મો છોડવામાં કોઈ દોષ છે શું? ઈશ્વરપ્રાપ્તિ કે આત્મપ્રાપ્તિ માટે રોજ કેટલો સમય અભ્યાસ કરવો જરૂરી છે? કેવળ સામાજિક કે કૌટુંબિક કાર્યો કરતા રહેવામાં કાળાંતરે મનની સ્થિતિ યંત્રવત થઈ જાય છે ત્યારે તે સ્થિતિમાં આનંદ જણાતો નથી. તે વખતે શું કરવું? ત્યારે બધું છોડીને ઈશ્વરપ્રાપ્તિ માટે સમય ગાળવામાં આવે તો તેમાં કોઈ દોષ છે શું? 'આપણે જ આત્મા છીએ' એ ભાવનામાં હમેશાં સ્થિર રહેવાનો અભ્યાસ કરીએ તો તેથી આત્મસિદ્ધિ થશે કે નહીં? શાંતિ સ્વયંભૂ જ છે એમ કેટલાક કહે છે. તેથી કશો વિચાર ન કરતાં તે જ શાંતિ રાખવાનો પ્રયત્ન રાખીએ તો? શાંતિની અભિલાષા કરવાને લીધે તેનો ભંગ થાય છે તો તે વિષે કોઈ પ્રયત્ન કરવામાં જ તેનો ભંગ થતો નહીં હોય ને? પોતાને વેદાંત વિચારસરણી પ્રમાણે માનીને મસ્તી ઉત્પન્ન કરવાથી અને તેને વધારતા રહેવાથી આત્મસ્થિતિ પ્રાપ્ત થશે કે? ઇશ્વરનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે છે? આ પ્રશ્નોના યથાર્થ ઉત્તર ન મળવાથી જીવનના કાર્યમાં સાધકને સંતોષ જણાતો નથી.

અનેક પ્રકારના ઊલટાસૂલટા સંસ્કારો, અનેક પ્રકારની ખરી ખોટી સમજણ, કલ્પના અને શ્રદ્ધા–એ બધાને લીધે આ વિષય ઘણો ગોટાળાવાળો થયેલો છે. વિવેકી મનુષ્ય સાથે જિજ્ઞાસાપૂર્વક કેટલોક સમય સોબત રાખવાથી આમાંથી માર્ગ નીકળવો કઠણ નથી, કારણ કે આ વિષય બીજા વિષયની જેમ સરલ હોઇ અભ્યાસ અને અનુભવથી સમજવા જેવો છે. આમાં અંતર્મુખવૃત્તિ, વિવેક, સંયમ, દૃઢતા, ચિત્તશુદ્ધિ, આત્મપરીક્ષણ, ધૈર્ય, ચીવટ, સદ્ગુણો વિષે સ્વાભાવિક રુચિ, પ્રયત્નશીલતા વગેરે બાબતોની ખાસ જરૂર છે એ એની વિશેષતા છે.

માનવી–જીવનનો ખરો હેતુ શો છે? તે હેતુની સત્યતાની પરીક્ષા કયા આધારે અને કઈ રીતે કરવાની? આ વાત શ્રેયાર્થીએ સમજવી જોઇએ. જીવનનો હેતુ કેવળ કાલ્પનિક માની લીધેલો ન હોવો જોઈએ. પ્રત્યક્ષ પ્રમાણથી તેની સત્યતા સ્વીકારેલી હોવી જોઈએ. ઇશ્વર-પરમેશ્વર, આત્મા-પરમાત્મા, બ્રહ્મ-પરબ્રહ્મ; પ્રકૃતિ-માયા, ત્રિગુણ, પ્રવૃત્તિ-નિવૃત્તિ વગેરેની યથાર્થ સમજ તેને થયેલી હોવી જોઇએ. તે જ પ્રમાણે તે વિષેના જ્ઞાન-અજ્ઞાનનો માનવી સુખદુઃખ, આશાતૃષ્ણા, વાસના, બંધન, શાંતિ-અશાંતિ, ઉન્નતિ-અવનતિ વગેરે સાથે પરસ્પર સંબંધ શો છે? ખરેખર કોઈ સંબંધ છે કે છે એવું આપણે ભૂલભરેલી સમજણથી માનતા આવ્યા છીએ તેનો નિર્ણય થવો જોઇએ. વ્યક્તિ અને સમાજનો શો સંબંધ છે? સાધકને તેમ જ વ્યક્તિ અને સમાજ–બધાને તે કેવા પ્રકારનો હોવો કલ્યાણપ્રદ અને શ્રેયસ્કર છે? બંધ અને મોક્ષનું સ્વરૂપ શું છે?

આ પ્રશ્નોની યથાર્થ સમજ કેવળ ગ્રંથ પરથી નહીં પણ કોઈ અનુભવી અને વિવેકી પુરુષ પાસેથી શ્રેયાર્થીએ કરી લેવી જોઈએ. તેમ થાય તો આ માર્ગના ઘણા ગોટાળા અને પરસ્પર વિસંગતિ સહેજે છૂટી જશે અને તેનો રસ્તો સરળ થશે. અનુભવી પુરુષ પાસેથી સાધારણ બુદ્ધિમાન માણસ આ વિષય થોડા જ દિવસોમાં સારી રીતે સમજી શકે છે. સમજ થયા પછી તેને યોગ્ય સાધનમાર્ગની જરૂર છે. તે મળે તો તેનું જીવન ઉત્તરોત્તર સહેજે ઉન્નત થતું જશે.

આવી રીતે જે પોતાનો માર્ગ કાઢે અને ચલાવે તેને તે સરલ થશે એમાં શંકા નથી. પછી તેના ધ્યેયમાં, વિચારમાં અને આચારમાં ક્યાંયે વિસંગતતા નહીં રહે. તેને ક્યારેયે ગોટાળામાં પડવાનું કારણ નહીં રહે. મુખ્ય બાબત એ છે કે સાધકનું ધ્યેય કાલ્પનિક ન હોઈ સત્ય અને સ્પષ્ટ હોવું જોઈએ. તેમ જ તેનું સાધન સરળ અને પવિત્ર હોવું જોઈએ. જીવનનો હેતુ સિદ્ધ કરતાં તેમાં સંકુચિતતા અને એકાંગીપણું ન આવવાં જોઈએ. સાધકનું જીવન ઉત્તરોત્તર વ્યાપક, પવિત્ર અને ઉદાત્ત થતું જવું જોઈએ. અને તે સાથે તેનો જેમની જેમની સાથે વિશેષ સંસર્ગ આવે તેમના પર પણ તે વ્યાપકતાનું, પવિત્રતાનું અને ઉદાત્તતાનું પરિણામ સહેજે થતું રહેવું જોઈએ. તેની પોતાની શાંતિ અને પ્રસન્નતા વધતી રહેવી જોઈએ.

માણસને પૂર્ણતા સુધી લઈ જવાનું સામર્થ્ય કર્મયોગમાં જ છે. તે સિવાય બાકીના બધા યોગો કે માર્ગો તેને સહાયરૂપ અને તેની પૂર્તિ કરનાર છે. મનુષ્યનો ખરો વિકાસ અને તેની પરીક્ષા કર્મયોગમાં જ થાય છે. આ યોગ દ્વારા જીવનસિદ્ધિ સાધવા માટે કોઈવાર તેને એકાંતમાંયે અભ્યાસ કરવો પડે તો તે અભ્યાસ કેવળ સાધન છે, સાધ્ય નથી. કર્મયોગીનું જીવન કર્તવ્યથી ભરેલું હશે. તત્ત્વજ્ઞાન, વિચાર, ભક્તિનો કોઈ પણ પ્રકાર, અનુસંધાન, ધ્યાન, સમાધિ એ પૈકી કોઈ પણ બાબત સાધન થઈ શકે છે. કર્મયોગમાં મસ્તીની આવશ્યકતા નથી. તેમાં તેને સ્થાન નથી. તે સાધ્ય નથી કે સાધન પણ નથી. કર્મયોગ અને વિવેકની દૃષ્ટિએ જોતાં કલ્પનાની મદદથી પોતામાં એક પ્રકારનો તેટલા વખત પૂરતો નશો લાવવાનો તે પ્રયત્ન છે.

કર્મયોગમાં પ્રવૃત્તિ છોડવાની જરૂર નથી. પણ તેને શુદ્ધ કરવાની જરૂર છે. કર્તવ્ય છોડવાની જરૂર નથી પણ તેને જ્ઞાનપૂર્વક, દૃઢપણે સુચિત્તપણે કરતા રહેવાની જરૂર છે. ઉદાત્તપણે, કુશળતાથી અને નિર્દોષપણે તે કરતાં આવડે તે માટે જરૂરી એવા શારીરિક, બૌદ્ધિક અને માનસિક ગુણોના વિકાસની તેમાં જરૂર છે. જે બાબતો કર્તવ્ય કરી શકતી નથી અને જે અવનતિ તરફ લઈ જનારી છે તે કેવળ પરંપરા કે ખોટી સમજ અને શ્રદ્ધાને લઈને આપણામાં ગમે તેટલી દૃઢ થઈ ગઈ હોય તોપણ તે છોડી દેવા માટે જોઈતા ધૈર્યની અને ઉન્નતિ માટેની વ્યાકુળતાની આમાં જરૂર છે.

જીવન

ચાલવું એટલે પગ ઊંચો કરવો ને નીચો કરવો.
તેવી રીતે જીવન એટલે જન્મ અને મૃત્યુ! — ગુરુદેવ

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

ગણિતની એકાદ અઘરી સમસ્યાનો તોડ લાવવાનો હોય તો કેટલાક વિદ્યાર્થીઓ એમ વિચારે છે કે, 'આપણાથી એ ઉકેલી શકાશે નહીં' અને તરત જ પ્રયત્ન કરવાનું પડતું મૂકે છે. તેઓ ગુરુજીની પાસે જઇને કહે છે: 'ગુરુજી, આ સમસ્યા અમને આવડતી નથી, તમે જ એ સમસ્યા સમજાવો.' આવી રીતે કરવાથી તેઓને કદી ગણિત આવડતું નથી અને ગણિતમાં પડતો આનંદ પણ મળતો નથી.

જે લોકોનું ગણિત તરફ વલણ છે, તેઓ અઘરા દાખલાઓને જોઇને હિંમત હારતા નથી. દાખલાનો ઉકેલ લાવવા માટે તેઓ પૂરેપૂરી કોશિશ કરે છે. એવી કોશિશોની બાદ પણ જો સમસ્યાનો ઉકેલ ન આવે, તોયે તેઓને ગણિતનું સ્વરૂપ પૂરેપૂરું સમજાય છે ખરું. એમાં મુશ્કેલી કયાં છે એ પણ તેઓની જાણમાં આવે છે. અને એવા વિચાર પર આવે છે કે થોડીક સહાયતા મળી જાય તો આખી સમસ્યાનો ઉકેલ પોતે જ શોધી શકશે. ગણિતની સમસ્યાનો ઉકેલ શોધતાં પહેલાં તેને સમજી લેવી જરૂરી છે. એમ પણ કહી શકીએ કે ગણિતનો ઉકેલ લાવવા કરતાં તેને સમજવું વિશેષ મહત્ત્વનું અને ઉપયોગી છે. સ્વ-પ્રયત્નથી જો ગણિત સમજાય તો જ ગણિતના ઉકેલનો સાચો આનંદ આપણે અનુભવી શકીએ. તેથી વિદ્યારસિક ગણિતોપાસક પહેલાં પોતે શકય હોય એટલો પ્રયત્ન કરે છે.

પ્યારાબાપુ

પૂરી કોશિશ કર્યા પછી જ, જ્યારે તેને અનુભવ થાય છે કે એનો ઉકેલ તે શોધી શકે એમ નથી, ત્યારે તે ગુરુજીની પાસે જઇને તેમની સહાયતા માગે છે. પરંતુ તે જડ બનીને એમ નહીં જ કહે કે, 'ગુરુજી, તમે જ આ સમસ્યાનો ઉકેલ કરો.' પરંતુ તે કહે છે, 'કોશિશ કરતાં કરતાં આ સમસ્યાની ખૂબી કયાં છે, તેની મને સમજ પડી છે. હવે આ એક વાતમાં તમે થોડીક સહાયતા આપો. બાકીનું હું જોઈ લઈશ.'

માની લો કે ગુરુજીએ એટલી સહાયતા કરી, પરંતુ તે પૂરતી ન થઇ. તો વિદ્યાર્થી ફરીથી ગુરુજીની પાસે જઇને કહેશે, 'તમારી સૂચનાની મદદથી હું અહીં સુધી આવી પહોંચ્યો છું. હવે અહીં જરા આટલું સમજાવી દો. આગળનું હું મારી મેળે કરી લઈશ.'

શું એમ કહેવાની જરૂર છે કે ગુરુજીને આવા જ વિદ્યાર્થીઓ ગમે છે? આવા વિદ્યાર્થીઓ ગણિતને ટાળવા નથી માગતા, પરંતુ ગણિતના આનંદનો પૂરેપૂરો અનુભવ લેવા ઇચ્છે છે. વિશેષ તો એ છે કે એવા વિદ્યાર્થી જ ગુરુની અલ્પસ્વરૂપ સહાયતાની પણ કદર કરી શકે છે. અને ગુરુને અથવા એમની ગણિતશક્તિને બરોબર સમજીને તેમના સાચા ભક્ત બને છે. જેણે પોતે કોશિશ નથી કરી, તે ગણિત પણ સમજી શકતો નથી, અને ગુરુની શક્તિનો પણ તેને ખ્યાલ આવતો નથી.

જે ગણિતથી કંટાળી ગયો છે, જે ગણિતની સમસ્યાને ટાળવા માગે છે, તેને ગણિતનો સાક્ષાત્કાર કદી થતો નથી.

જે વાત ગણિતની છે, તે જીવનની પણ છે. જે માણસ જીવનને ટાળવા માગે છે, વિરક્તિ યા નિવૃત્તિને નામે જીવન-વિમુખ થવા માગે છે અને અનન્યશરણાગતિનો દાવો કરીને આળસને પોષે છે, તેની ગુરુભક્તિ યા ઈશ્વરનિષ્ઠા તેને માટે પોષક બનતી નથી. હા, ઈશ્વર પાસે ભલે તે માગતો રહે, પરંતુ જરૂરી હોય એટલું જ માગે.

દ્રૌપદીના ચારિત્ર્યની ઉજ્જ્વળતા જોઈને ખુશ થઈ એના સસરાએ એને વર માગવા કહ્યું, ત્યારે તેણે વધારેમાં વધારે માગવાનો લોભ ન કરતાં ઓછામાં ઓછી અને અત્યંત જરૂરી એવી જ ચીજ માગી લીધી. દ્રૌપદીએ કહ્યું, 'જુગારમાં હારીને મારા પતિ દાસ બની ગયા છે, તેઓને મુક્તિ આપો. બાકીનું અમને જે જોઈએ છે તે અમે અમારા પરાક્રમથી મેળવીશું.' જ્યારે તેને વધારે માગવાનો આગ્રહ કરવામાં આવ્યો, ત્યારે તેણે આત્માભિમાન સાથે જવાબ આપ્યો, "હું કંઈ લોભી પામર નથી. હું ક્ષત્રિય-કન્યા છું, ક્ષત્રિય-પત્ની છું. માગવાથી જે મળે છે તે આપણું પોતાનું નથી બની શકતું, અને સત્ત્વનું હરણ થાય છે. તેથી હું વધારે કશું માગતી નથી."

ભલે ઈશ્વરની પાસે હોય, પરંતુ જેટલું આવશ્યક છે તેટલું જ માગવું જોઈએ. જો બધું મફતમાં મળી ગયું તો જીવન-રસ બાકી શો રહ્યો? જીવન એક નિત્ય નવા નવા રૂપે પ્રગટ થનારી સમસ્યા છે. આવશ્યક હોય એટલી જ મદદ ભગવાન પાસે માગવી શોભાસ્પદ છે; કારણ કે એટલાથી ન તો જીવનાનંદ સુકાઈ જાય છે, ન તો પુરુષાર્થનો અસ્ત થાય છે.

વિપદે મોરે રક્ષા કરો,
એ નહે મોર પ્રાર્થના,
વિપદે આમિ ના જેન કરિ ભય ।
દુઃખ તાપે વ્યથિત ચિત્તે
નાઇ બા દિલે સાન્ત્વના,
દુઃખે જેન કરિતે પારિ જય ।
સહાય મોર ના જદિ જુટે
નિજેર બલ ના જેન ટુટે,
સંસારેતે ઘટિલે ક્ષતિ
લભિલે શુધુ બઞ્ચના
નિજેર મને ના જેન માનિ ક્ષય ।

આમારે તુમિ કરિબે ત્રાણ
એ નહે મોર પ્રાર્થના,
તરিতে પારિ શકતિ જેન રય ।

આમાર ભાર લાઘબ કરિ
નાઇ બા દિલે સાન્ત્વના,
બહিতে પારિ એમનિ જેન હય ।

નમ્ર શિરে સુখેર દিনে
તોমারি મુખ લઇબ ચિનে,
દુখের રাতে નিখিল ধরা
જে দিন করে বঞ্চনা
তোমারে জেন না করি সংশয় ॥

કવિ કહે છે: "સંકટના સમયે મારી રક્ષા કરો, એવી મારી પ્રાર્થના નથી. પરંતુ સંકટને જોઈને ભય ન પામું, એ જ હું ચાહું છું. હું એ પણ નથી ચાહતો કે દુઃખ-તાપથી જો મારું ચિત્ત વ્યથિત થઈ જાય તો તું મને સાંત્વના આપ. પરંતુ દુઃખો પર હું જય મેળવી શકું એટલી શક્તિ મને આપ, એટલું જ હું ચાહું છું. જરૂરી મદદ મને ન મળે તો હું હિંમત ન હારું, મારું બળ ક્ષીણ ન થઈ જાય, એટલું જ હું ચાહું છું. વ્યવહારમાં મને નુકસાન થાય અને લોકો મને લૂંટી લે તોયે મને પરવા નથી. પરંતુ હિંમત હારીને 'હવે શું'

[અનુ૦ પૃ૦ ૫૪ મે]

બાપુની પ્રતિમા

મુકુલભાઈ

કેટલોક વખત પહેલાં ગૂજરાતના એક ગામડામાંથી પસાર થતી વખતે અમે ગામને પાદરે દૂરથી એક પૂતળાને જોયું. અમને એ પૂતળું જોવાનું કુતૂહલ થયું. પાસે જઇને જોઇએ તો બાપુજીની કુરૂપ કરી મૂકેલી પ્રતિમા!! કોઇએ એ પ્રતિમાનાં નાક, કાન, મોં એ બધું પથરા મારી મારીને છૂંદી નાખ્યું હતું! એ જોતાં હૃદય દ્રવી ઊઠ્યું. બાપુની પ્રતિમાના આવા હાલ કોણે કર્યા હશે? બાપુજીના બલિદાન પછી પણ એમના પ્રત્યેની કેટલાક લોકોની ઉશ્કેરાયેલી લાગણી શું હજીય તૃપ્ત ન થઈ કે એમની આ નિર્જીવ પ્રતિમાને પાદરે સ્થાપીને એની આવી અપમાનસૂચક દુર્ગતિ કરી? એવા કેટલાય વિચારો અમને આવ્યા. અમે ગામના મુખીને ઘેર ગયા. મુખી ભલો માણસ લાગ્યો. તેણે કહ્યું: “ભાઇઓ, ગામના છોકરાઓ ખૂબ તોફાની છે. એ ભામટાઓએ નિશાન મારવાની રમત રમતાં એ પૂતળાને નિશાન તરીકે લઇ પથરા માર્યા અને એના આવા હાલ કરી દીધા છે!”

અમે પૂછ્યું: “એ વાતને કેટલા દિવસ થયા?”

મુખી કહે: “બહુ દિવસ નથી થયા. એકાદ વાર એ મૂર્તિને પાછી સુધારી પણ હતી. પણ એ પ્લાસ્ટર પણ ટક્યું નહિ અને ખરી પડ્યું.”

અમે કહ્યું: “ત્યારે મુખી, તમે એમ કરો: એ મૂર્તિ પર કપડું વીંટાળી દો અથવા એને ખસેડી લો. આ તો ગામને લજવાવે એવું કહેવાય.”

મુખીની વાત ભલે સાચી હોય કે ખોટી, પરંતુ ખરેખર અમને એટલું મનમાં થઈ આવ્યું કે, કોઈ પણ મહાન પુરુષ તરફ આપણને માન કે પ્રેમ હોય તેની આવી રીતે જાહેરમાં પ્રતિમા ખડી કરી લાગણી બતાવવાની ઘેલછાને આપણે રોકવી જોઇએ. કારણ કે જાહેર જનતા એ તો ગાડરિયા પ્રવાહ જેવું પણ વર્તન કોઈ વાર કરી બેસે છે અને ઉશ્કેરાઈ જઈ કંઇનું કંઈ કરવા તૈયાર થઈ જાય છે. વચ્ચે એક વાર મુંબઈમાં એવી વાતો પ્રચાર પામી હતી કે ત્યાં મુખ્ય રસ્તાઓ ઉપર અંગ્રેજ અધિકારીઓનાં પૂતળાં છે તેઓને ખસેડી લઈ આપણા નેતાઓનાં પૂતળાં ગોઠવી દેવાં! પણ એ વસ્તુ અમલમાં ન આવી એ સારી વાત છે. ધર્મસ્થાનોમાં એ પ્રમાણે થયેલા ફેરફારો જોઈને એકબીજા ધર્મીઓને તે કેવા દુ:ખરૂપ થઈ પડે છે એ સૌ સમજુ માણસ જાણે છે. ‘One man’s meat is another man’s poison’—ઊંદરનો જીવ જાય અને બિલાડીનો ખેલ થાય—એના જેવી એ વાત છે. માટે કોઈ પણ આદરપાત્ર વ્યક્તિની પ્રતિમા જાહેરમાં સ્થાપતી વખતે જનતાને માથે એક મોટી જવાબદારી આવી પડે છે. આજકાલ પૂજ્ય બાપુજી, વલ્લભભાઈ પટેલ વગેરે લોકપ્રિય વ્યક્તિઓની પ્રતિમાઓ જાહેરમાં મુકાતી જાય છે. પણ આવી ઘેલછા–લાગણીની ઉદ્રેકતા–ને વ્યાપક બનતી અટકાવવી જોઇએ.

ખરી રીતે જે લોકોને એવી વ્યક્તિઓ પ્રત્યે માન છે, પ્રેમ છે તેઓ વ્યક્તિગત રીતે જ તે મહાપુરુષોની પ્રતિમાને ઘરમાં

સ્થાપીને પોતાની એવી લાગણી વ્યક્ત કરવા માગતા જ હોય તો ભલે એમ કરે. એમાં એવા મહાપુરુષોનું માન પણ જળવાય અને ભક્તોના મનનું પણ સમાધાન થાય. એક ભાઈ યુરોપની મુસાફરીએ ગયા હતા. તેમણે વર્ણવેલો પ્રસંગ આ વાતનું સમર્થન કરે એવો છે. તે ભાઇ ઓસ્ટ્રીઆમાં હતા ત્યારે ત્યાં એક વાર એમના મિત્ર સાથે તે કાચનાં વાસણ અને જૂનીપુરાણી ચીજો વેચતી એક દુકાનમાં ગયા. ત્યાં તરેહતરેહનાં બીજાં પૂતળાંની વચ્ચે બેઠેલી બાપુજીની કાચની મૂર્તિ તરફ એમનું ધ્યાન ખેંચાયું. એ જોઇને તેમના આનંદ તેમ જ આશ્ચર્યનો પાર ન રહ્યો.

તેમને એ પ્રતિમા ધારી ધારીને નીરખતા જોઇને દુકાનનાં વ્યવસ્થાપક બાઈ એમની પાસે આવ્યાં ને ગંભીર, પ્રસન્ન મુખે બોલ્યાં: “આ દુકાનમાં એ એક જ વસ્તુ વેચવા માટેની નથી.”

એ સાંભળીને પેલા ભાઇને ભારે નવાઈ લાગી. એટલે એમનું કૌતુક શમાવવા બાઇએ જ સામેથી ખુલાસો કર્યો: “આ દુકાનનાં માલિક બાઇનું ઘર તેમ જ દુકાન લડાઈ દરમિયાન બોંબમારાથી નાશ પામ્યાં હતાં. લડાઈ પછી જર્મની ગયાં. ત્યાં ગાંધીની આ પ્રતિમા તેમણે ક્યાંક જોઈ અને તરત એ મેળવી લીધી. એ જોઈને એમને સાંત્વન અને શ્રદ્ધા સાંપડ્યાં, એવું એ પોતે કહે છે. અહીં આવીને આ દુકાન એમણે નવેસર બાંધી, અને પહેલા જ દિવસથી એ પ્રતિમાને આ માનભર્યે સ્થાને રાખી મૂકી છે. અમારે મન ગાંધી એ પ્રેમ—શાંતિના પ્રતીક છે. જયાં સુધી આ દુકાન અહીં ઊભી છે ત્યાં સુધી ગાંધીની એ મૂર્તિ પણ અહીં જ રહેશે.”

આ સત્ય ઘટના ઉપરથી બાપુજીના દેશમાં વસતાં આપણે સૌ બોધપાઠ લઈએ તો મૂર્તિપૂજા પ્રત્યે ઢળતી આપણી સંસ્કૃતિને ધર્માંધતા કે પ્રેમઘેલછાની કળણમાં અટવાઈ જતી અવશ્ય બચાવી શકીએ.

સરદારશ્રીની વાણી

સત્યને માર્ગે વળવું હોય તો બૂરાઈનો ત્યાગ કરવો જોઈએ, ચારિત્ર્ય સુધારવું જોઈએ.

× * ×

ભગવાં પહેરનારા તે જ સાધુ નહીં, જેઓ પ્રજાની સાચી સેવા કરે તે સાધુ.

× * ×

ખોટા પુરાવાથી સરકારી અદાલતમાં અન્યાયનો ન્યાય થતો હશે, પણ સત્યની અદાલતમાં તો ખોટા પુરાવાથી અન્યાય એ બેવડો અન્યાય જ બને છે.

× * ×

આપણે પોતે જ અન્યાયી થઈએ તો બીજા પાસે આપણાથી ન્યાય ન મંગાય.

× * ×

જેમનામાં નબળાઈ છે, તેઓ આપણી ભલમનસાઈથી સુધરશે. એમને સારા કરવા હોય તો આપણે વધારે સારા થવું જોઈએ.

× * ×

આપણું બળ વિના કારણે ગુમાવવું ન જોઈએ.

× * ×

પ્રથમ અંધારું થાય, વાવાઝોડું થાય, કડાકા થાય ત્યારે છેવટે વૃષ્ટિ આવે. દુઃખ સહન કર્યા વિના નિકાલ આવે જ નહિ.

× * ×

જે સત્યને ખાતર ખુવાર થવા બેઠા છે તે જ આખરે જીતવાના છે.

(ચાલુ)

× * ×



ચિ. કુસુમ,

તારો કાગળ ઘણે દહાડે મળ્યો
[illegible] પણ [illegible]. 'તેને કહ્યું'
નહિ પણ 'તેણે' લખાય. તેને બીજી
વિભક્તિ છે. કર્મ છે. હિંદીમાં 'उसको'
સંસ્કૃતમાં 'तम्'. તેણે કર્તા, ત્રીજી
વિભક્તિ છે. હિંદી 'उसने' સંસ્કૃત 'तेन'.
આ ભેદ સમજી કે? તમારી બધાની
પાસેથી હું શુદ્ધ [illegible]
[illegible] આશા રાખું છું. [illegible]
[illegible]
મારું [illegible] હું [illegible] માનું છું.

[illegible]

બાપુના આશીર્વાદ

ચિ૰ કુસુમ,

તારો કાગળ ઘણે દહાડે મારી ટીકણી પછી મળ્યો છે. 'તેને કહ્યુ' નહિ પણ 'તેણે' જોઈએ. તેને બીજી વિભક્તિ છે, કર્મ છે. હિંદીમાં 'ઉસકો' સંસ્કૃતમાં 'તમ્'. તેણે કર્તા, બીજી વિભક્તિ છે. હિંદી 'ઉસને' સંસ્કૃત 'સઃ'. આ ભેદ સમજી કે? તમારી બધાની પાસેથી હું શુદ્ધ વ્યાકરણની અને જોડણીની આશા રાખું છું. એમાં મારા કરતાં બધા ચઢી જવા જોઈએ. મારું જ્ઞાન હું અધુરું માનું છું.

૭–૮–૩૨ ય. મં. બાપુના આશીર્વાદ

બાપુજીની પ્રવૃત્તિ સર્વાંગીણ હતી. જીવનવ્યવહારના એકેએક અંગમાં તેઓ પોતાના લક્ષને કેંદ્રિત કરતા હતા. સાથે સાથે બાપુજી પોતાની મર્યાદા પણ બરોબર સમજતા હતા. પોતાનામાં શી કચાશ છે, એ કચાશ કોઈમાં ન આવે એ માટે નાનપણથી દરેકને કેવું માર્ગદર્શન મળતું રહેવું જોઈએ એવી ઝીણી ઝીણી બાબતમાં તેઓ પોતાનું મન પરોવી શકતા હતા. વ્યાકરણ જેવા શુષ્ક લેખાતા વિષય પ્રત્યે પણ બાપુજી પોતાની મર્યાદામાં રહીને કેવી પ્રેમળતાથી અન્યનું ધ્યાન ખેંચતા એનું ઉદાહરણ આ વખતનો પત્ર પૂરું પાડે છે.

વળી બાપુજી ભાષાઓના તુલનાત્મક અભ્યાસમાં પણ કેવો રસ લેતા હતા એનો ખ્યાલ પણ આ પત્ર પરથી સહેજે આવે છે. 'મહાદેવભાઈની ડાયરી'માંથી પણ એવાં ઘણાં ઉદાહરણો મળી શકે એમ છે; એમાંથી એક અહીં આપીએ છીએ :

મીરાબહેનને કાગળ લખતાં લખતાં પૂછ્યું: "Inexhaustibleની જોડણી શી? એમાં 'h' છે કે નહીં? મેં 'h' લખ્યો છે." મનેયે શંકા ગઈ. ડિક્શનેરી જોઈ, અંદર 'h' નીકળ્યો. પછી બાપુ કહે : "એનો ધાતુ જુઓ એટલે સમજાશે." ધાતુ જ 'h'થી શરૂ થતો હતો : haus to draw. પછી બાપુ કહે : "પણ એવા બીજા કેટલાક શબ્દો છે જેમાં 'h' નથી આવતો. એ કયા?" મેં કહ્યું : "exonerate" બાપુ કહે : "ના, ના, એમાં તો 'h' છે જ." મેં કહ્યું : "નથી જ; એમાં મૂળ onus છે." બાપુ કહે : "ના ના, એમાં honour મૂળ હોવું જોઈએ."

મેં કહ્યું : "આમાં તો આપણે શરત કરીએ એમ છીએ. અને હું જીતવાનો છું." ડિક્શનેરી કાઢી અને હું જીત્યો. પછી બીજો શબ્દ inexorable નીકળ્યો. એટલે રાજી થઈ કહે : "એમ લેટિન ધાતુઓ જાણવામાં બહુ અર્થ રહેલો છે. કોઈ પણ ધાતુ જાણો કે અનેક અપરિચિત શબ્દોના અર્થની ખબર પડે." આજે સવારે 'ધન્ય' શબ્દનો ધાતુ પૂછતા હતા. જેમ 'મન્ય,' 'ગણ્ય' એ 'મન્' અને 'ગણ્' ધાતુમાંથી છે તેમ જ 'ધન્ય' 'ધન્' ધાતુમાંથી હશે? તો 'ધન્'નો અર્થ શો?

અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે. તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ.

—ગાંધીજી

મૃત્યુ-દૂત

ગુરુદયાલ મલ્લિક

મૃત્યુ એક ભૂત નથી જેનાથી માણસે બીવું જોઈએ. તે પણ ભગવાનનું એક સ્વરૂપ જ છે. તેથી મૃત્યુ જ્યારે આવે છે—અને મૃત્યુ કોને નથી આવતું ?—ત્યારે માણસે એનું આતિથ્ય કરવું જોઈએ.

આપણે મહેમાન સામે જે કંઈ સારી વસ્તુ આપણા ઘરમાં હોય તે ધરીએ છીએ અથવા જે એને ગમી જાય એવી હોય તે એને આપીએ છીએ; કારણ કે આપણે એ રીતે એને આપણી એક ઓળખાણ આપવા ઇચ્છીએ છીએ. તેવી રીતે જ્યારે મૃત્યુ—જે ઈશ્વરનો એક દૂત છે— આપણે આંગણે આવે છે ત્યારે જે એને સારું લાગે છે અને જે એને જોઈએ છે તે એને આપીએ.

એવું કરવામાં આપણને દુઃખ તો અતિશય થશે, પણ જે કંઈ આપવાથી આપણને દુઃખ થાય છે તે પ્રભુને એક ભેટ તરીકે એના દૂત દ્વારા—મૃત્યુ દ્વારા—મોકલીએ છીએ. જ્યારે એવો વિચાર આપણે કરીશું ત્યારે તરત જ આપણું એ દુઃખ દાન કરવાથી અથવા આપણા પ્રિય જનને ભેટ આપવાથી આનંદ ઉદ્ભવે છે એમાં બદલાઈ જશે. જેમ એક મહેમાનને આપણા ઘરમાં જે સૌથી સારી વસ્તુ છે તે આપતાં આપણને પહેલાં દુઃખ થાય છે; પણ જ્યારે આપણે જોઈએ છીએ કે તેને એ વસ્તુ બહુ જ ગમી ગઈ છે, ત્યારે આપણું દુઃખ કોણ જાણે ક્યાંય ગુમ થઈ જાય છે.

ધારાબાહુ

ઈશ્વરનો આ દૂત—મૃત્યુ—દરેકનું આતિથ્ય માગે છે. એને કોઈ પર દબાણ કરવાનું રુચતું નથી. તેથી જો આપણે સ્વેચ્છાથી અને શ્રદ્ધાપૂર્વક એનું આતિથ્ય કરીશું તો એને આપણા ઉપર કંઈ દબાણ કરવું નહિ પડે અને આપણને પણ કંઈ દુઃખ સહન ન કરવું પડે.

મૃત્યુ એ પ્રભુનો એક બુરખો—Mask—છે, જેમ માણસ તેનો એક બુરખો—Persona-mask—છે. તેથી માણસ અને મૃત્યુ બન્ને સહોદર છે, એમ આપણે કહી શકીએ. તો પછી ભાઈ જ્યારે ભાઈને મળવા આવે ત્યારે

આનંદોત્સવ ઊજવાવો જોઈએ, નહિ કે ભાઈને પોતાના ભાઈ સાથે મળતાં રોકકળ શરૂ થઈ જવી જોઈએ.

'ગીતાંજલિ' કાવ્ય – ૮૬

મૃત્યુદૂતને આજે તેં તો મોકલિયો મુજ દ્વારે,
તવ આવાહન લઈને આવ્યો પાર થઈ આ પારે.
આજે રજની તિમિર ભરેલી ભયભારાતુર હૈયું,
તો યે દીપ લઈ હું વધાવું ખોલી નાંખું દ્વારે.
મૃત્યુદૂતને આજે તેં તો મોકલિયો મુજ દ્વારે.
પૂજીશ તેને જોડી બે કર, વ્યાકુલ નયનજલે હું,
પૂજીશ તેને સોંપી ચરણે, મોંઘું પ્રાણધને હું.
પાલન કરી આદેશ જશે તે પ્રભાત મુજ અંધારી,
શૂન્ય ભવનમાં બેસી અર્પીશ મુજને ચરણે તારે.
મૃત્યુદૂતને આજે તેં તો મોકલિયો મુજ દ્વારે.

[અનુ૦ નગીનદાસ પારેખ]

ઈશ્વરનું દર્શન

કોઈ વાર રાત્રે કડાકાભડાકા સાથે વરસાદ તૂટી પડે છે, ત્યારે આપણે બહાર સૂતા હોઇએ તો ઊઠીને દોડાદોડ કરવા મંડી પડીએ છીએ. પણ અનેક ગરીબોનાં ઝૂંપડાં ઊડી ગયાં હોય છે તેની આપણને ખબર પડતી નથી. આવા પ્રસંગે આપણે કેટલા ક્ષુદ્ર–નાના–છીએ તેનો ખ્યાલ આવે છે. રાજકારણના મોટા દાવો ખેલનાર, મોટાં પ્રલયકારી યુદ્ધોમાં વિજય મેળવનાર કે ગર્વથી મૂછો આમળનાર આવા પ્રસંગે મગતરાં જેવા લાગે છે. વીજળી પડે અને ઘરો બાળી નાખે, ધરતીકંપો થાય, જળરેલથી પ્રલય થાય. એવા પ્રસંગે તેના નિવારણનો ઈલાજ જડતો નથી. જેવી કુદરતની મરજી એમ કહી આપણે સંતોષ અનુભવીએ છીએ.

ઈશ્વર એ કેવી મહાન શક્તિ છે એનું ભાન માણસ નમ્રપણે ધ્યાન આપે તો ક્ષણે ક્ષણે થાય છે. આ લીમડાનાં પાંદડાં તરફ જુઓ. કેવી સુંદર કુમળી એની કુંપળો છે! આપણા શરીરનો વિચાર કરીએ તો એની અદ્ભુત રચનાનું રહસ્ય મોટા યંત્રવિદોને પણ સમજાતું નથી. જેવી ચમત્કારી રચના આપણા દેહમાં છે એવી એકેએક પશુ પક્ષી વૃક્ષમાં રચના પડેલી છે. ઇશ્વરની આવી યોજના કડાકાભડાકા વેળા રુદ્ર સ્વરૂપે દેખાય છે. ઈશ્વર એવા મહાન છે એની આપણને આવી પળે પ્રતીતિ થાય છે. પણ એની મહત્તા જો માનવી જાગ્રત હોય તો ક્ષણે ક્ષણે દેખાયા કરે છે. માનવીનો અહંકાર માનવીને ઈશ્વરની આ મહત્તાનાં દર્શન કરવામાં આડો આવે છે. તેથી તે એમ માને છે કે “હું કરું છું,” “આ મેં કર્યું.” આવા પ્રસંગો માનવજાત માટે ઉપકારક છે. જાગૃત માનવીને તે વધુ બળ આપે છે. આફત તેને ઉપકારક લાગે છે.

ગાંધીજી જ્યારે કુદરતને નિહાળતા ત્યારે એ ઘડી એમનું દિલ નાચી ઊઠતું. એમના રસો જુદા હતા. આપણા રસો સ્વાદિષ્ટ ખાવામાં, સારાં કપડાં પહેરવામાં, મોજમઝા તરફ વળેલા છે. ગાંધીજીના રસો ઈશ્વરી કાર્યો કરવામાં હતા. રસનો નાશ થતો નથી એવું ગીતાજી કહે છે. એ તો “પરમ”નો સાક્ષાત્કાર થાય પછી જ નાશ પામે. તેથી રસોનું ઊર્ધ્વીકરણ થવું જોઈએ. ગાંધીજીને કોઈ કહે ચાલો હિમાલય જોવા. તો તે કહેશે કે મારો હિમાલય અહીં જ છે. હિમાલયનાં દર્શન ગાંધીજી એમાં કરતા. બધે જ ઈશ્વર છે એવું તેમને ભાન હતું. એ દ્વારા જ–જનસેવા દ્વારા જ–ઈશ્વરપ્રાપ્તિ થાય એવું તે માનતા. આવાં દૃશ્યો તે જોતા ત્યારે ઈશ્વરના ભિન્ન સ્વરૂપને જોતા. આકાશ–દર્શન પણ તે આવા ભાવોથી જ કરતા. એ ભાવો આપણામાં પણ આવો. —બબલભાઈ મહેતા

મધ્યમ માર્ગ

પદ્મનાભ શ્રી. જૈની



એક વખતે ભગવાન બુદ્ધ રાજગૃહના ગૃધ્રકૂટ પર્વત પર વિહાર કરતા હતા. તે સમયે મગધરાજ શ્રેણિક બિંબિસાર એંસી હજાર ગામો પર રાજ્ય કરતો હતો. ચંપાનગરીમાં કરોડાધિપતિ સોણ નામનો એક સુકુમાર શ્રેષ્ઠીપુત્ર રહેતો હતો. તે એટલો સુકુમાર હતો કે તેના પગનાં તળિયાં પર પણ રોમાવલિ હતી.

એક દિવસે રાજ્યના મુખ્ય લોકો પાસેથી શ્રેણિક રાજાએ સોણ વિષે સાંભળીને તેને રાજસભામાં નિમંત્રણ આપ્યું. સોણના પિતાએ સોણને રાજસભામાં મોકલતી વખતે કહ્યું : "તાત સોણ ! તું રાજાના તરફ પગ ફેલાવીને બેસતો નહિ; રાજાની સામે પલાંઠી વાળીને બેસજે. જેથી રાજા તારા પગનાં તળિયાં જોઈ શકે."

રાજાએ જ્યારે સોણના પગનાં તળિયાં પર રોમાવલિ જોઈ, ત્યારે તે નવાઈ પામ્યો. પછી રાજાએ એંસી હજાર ગામોના મુખીઓને કહ્યું : "હવે તમે સૌ ભગવાનની સેવામાં પધારો. ભગવાન તમને જન્મજન્માન્તરના હિતનો ઉપદેશ આપશે."

એટલે બધા મુખીઓ ગૃધ્રકૂટ પર્વત પર ગયા. તે વખતે આયુષ્માન સ્વાગત ભગવાનનો નિરંતર સેવક હતો. દર્શનાર્થી લોકોએ આયુષ્માન સ્વાગત પાસે જઈને પ્રાર્થના કરી : "ભન્તે ! અમે એંસી હજાર ગામોના પ્રતિનિધિઓ અહીં ભગવાનનાં દર્શન માટે આવ્યા છીએ, ભગવાનનાં દર્શનના ઉત્સુક છીએ."

"તો આયુષ્માનો ! તમે ઘડીભર અહીં જ થોભો. ભગવાન પાસે વિનંતી કરી આવું." એમ કહી આયુષ્માન સ્વાગત ભગવાન પાસે ગયો. ભગવાને કહ્યું : "સ્વાગત ! વિહારની છાયામાં આસન કર." પછી ભગવાન વિહારમાંથી નીકળી આંગણામાં આવીને બેઠા. સામે બેઠેલા એંસી હજાર ગામોના પ્રતિનિધિઓનું મન જાણી લઈ એમની સામે ભગવાને દાનની, શીલ અને સંયમની કથા કરી. કામભોગોના દુષ્પરિણામ વિશે, હૃદયની મલિનતા વિશે કથા કહીને કામભોગથી રહિત થવાનો કલ્યાણમય માર્ગ બતાવ્યો. અને જ્યારે ભગવાને જોયું કે તેઓનાં ચિત્ત હવે મૃદુ થયાં છે, ખુલ્લાં થયાં છે, આહ્લાદક થયાં છે, પ્રસન્ન અને ભવ્ય થયાં છે, ત્યારે જન્મજન્માન્તર માટે કલ્યાણકારી એવાં ચતુઃસત્યનો ઉપદેશ તેઓને આપ્યો. દુઃખ એટલે શું ? દુઃખનાં કારણો કયાં ? એનો નાશ કેમ થાય ? અને દુઃખના નાશનો માર્ગ કયો ? એ સઘળું વિસ્તારથી સમજાવ્યું. જેવી રીતે સફેદ સ્વચ્છ વસ્ત્ર રંગને જલદી પકડી લે છે, તેવી રીતે તે એંસી હજાર મુમુક્ષુઓને ત્યાં જ ધર્મચક્ષુ પ્રાપ્ત થયાં. તેઓને જ્ઞાન થયું કે, 'જે કાંઇ

સ્વારા બાપુ

ઉત્પન્ન થયું છે એ નાશ પામશે.' એ રીતે ધર્મ જાણીને સંદેહ વિરહિત, વાદવિવાદ વિરહિત થઈ અત્યંત નિષ્ઠાથી તેઓએ ભગવાનને કહ્યું: "આશ્ચર્ય! ભન્તે, આશ્ચર્ય! જેમ કોઇ અવળાને સવળું કરે, ઢાંકેલાને ઉઘાડે, ભૂલી ગયેલાને માર્ગ દેખાડે, અંધારામાં દીપક રાખે જેથી આંખવાળો માણસ જોઈ શકે; એવી જ રીતે ભગવાને અનેક પ્રકારે ધર્મનું દર્શન કરાવ્યું. ભન્તે! અમે આજથી ભગવાનનું શરણ લઈએ છીએ, ધર્મનું શરણ લઇએ છીએ, સંઘનું શરણ લઇએ છીએ. આજથી ભગવાન અમને અંજલિબધ્ધ શરણાગત ઉપાસક તરીકે સ્વીકારે."

આ બધું જોઇને સોણને થયું: 'જેમ જેમ હું ભગવાનના ઉપદેશને સમજતો જાઉં છું તેમ તેમ મને થાય છે કે સર્વથા પરિશુધ્ધ, શંખ સમાન ધવળ અને ઉજ્જવળ પવિત્ર જીવનની સાધના ઘરમાં કરવી શક્ય નથી. જો હું કેશમુણ્ડન કરી કાષાય વસ્ત્ર પહેરી ભગવાનના સંઘમાં જોડાઈ જાઉં તો કેવું સારું!'

જ્યારે એંસી હજાર મુખીઓ ભગવાનને પ્રણામ કરી વિદાય થયા ત્યારે એકાંતમાં શ્રેષ્ઠીપુત્ર સોણે ભગવાન પાસે પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. ભગવાને એનો ખુશીથી સંગ્રહ કર્યો.

ભિક્ષુ થયા પછી આયુષ્માન સોણ સીતવનમાં વિહાર કરતો હતો. એ બહુ જ ઉદ્યોગ–પરાયણ, સતત પરિશ્રમી રહેવા લાગ્યો. જરાયે આરામ કર્યા વિના સદા ધ્યાન, ચિન્તન અને તપસ્યામાં વખત ગાળતો. એની સતત ઉદ્યોગ-પરાયણતાને લીધે તેના સુકોમળ પગ ફાટી ગયા અને તેમાંથી લોહીની ધારા વહેવા લાગી. એક દિવસે તે દુઃખ અનુભવતો એકાંતમાં બેઠો હતો ત્યારે અચાનક તેને વિચાર આવ્યો: 'ભગવાને જેટલા ઉદ્યોગ–પરાયણ ભિક્ષુઓ કહ્યા છે તેટલો હું પણ છું; છતાં મારું મન કેમ નિર્મળ બનતું નથી? મારા ઘરમાં કરોડો રૂપિયાનો વૈભવ છે. ત્યાં રહીને હું ભોગ પણ ભોગવી શકું અને પુણ્ય પણ કરી શકું. તો પછી હું પાછો ઘેર જાઉં તો શું ખોટું?'

ભગવાને સોણના મનની વાત જાણી એટલે જ્યાં સોણ ચિંતામગ્ન થઈ બેઠો હતો ત્યાં ભગવાન ગયા અને બોલ્યા:–

"કેમ સોણ, એકાંતમાં બેઠા બેઠા તારા મનમાં ઉદ્ધેગ પેદા થયો? ઘેર પાછા ફરવા જેટલી ગ્લાનિ તારા મનમાં આવી ગઇ?"

"હા ભન્તે!"

"તો શું સોણ! તું જ્યારે ગૃહસ્થ હતો, ત્યારે કોઈ વખતે તું વીણાવાદન કરતો હતો?"

"હા, ભન્તે!"

"તો સોણ! જ્યારે તારા વીણાના તાર વધારે ખેંચેલા રહેતા ત્યારે તારી વીણામાંથી મધુર સૂર નીકળતા હતા? શું તે વખતે વીણા વગાડવા લાયક હતી?"

"ના, ભન્તે! તાર વધુ ખેંચેલા હોવાથી તાર તૂટવાનો ખૂબ જ ભય રહેતો!"

"અને સોણ! જ્યારે તારી વીણાના તાર અત્યંત ઢીલા, શિથિલ રહેતા, ત્યારે શું તારી વીણામાંથી મીઠા સ્વર નીકળતા હતા? એ વગાડવા લાયક બનતી હતી ખરી?"

"ના ભન્તે!"

"તો તને શું લાગે છે સોણ! જ્યારે તારા વીણાના તાર વધારે ખીંચેલા પણ નહોતા રહેતા અને વધારે ઢીલા પણ નહોતા રહેતા, ત્યારે તારી વીણા મીઠા સ્વર કાઢતી હતી કે?"

"હા, ભન્તે!"

"એ જ રીતે સોણ! વધારે પડતી ઉદ્યોગ-પારાયણતા ઉદ્ધતાઇને ઉત્પન્ન કરે છે,

અત્યંત શિથિલતા શારીરિક આળસને ઉત્પન્ન કરે છે. એટલા માટે હે સોણ! તું ઉદ્યોગ કરવામાં સમતાને ગ્રહણ કર, ઇંદ્રિયો પાસે કામ લેવામાં સમતા કેળવ અને હર વખતે આમ કરવાનું કારણ ધ્યાનમાં રાખ, જેથી તારામાં સર્વદા સમતા રહે.”

“સારું ભન્તે!” એમ કહી સોણે ભગવાનને પ્રણામ કરી એમનો ઉપદેશ ગ્રહણ કર્યો. પછી તે દિવસથી સોણ પોતાના નિત્ય ઉદ્યોગમાં સમચિત્ત થયો, સમ-ઉત્સાહી થયો અને અનુદ્વિગ્ન મનથી રહેવા લાગ્યો. અને એ રીતે ઉપાસના કરી એકાંતમાં પ્રમાદરહિત, ઉદ્યોગપરાયણ અને આત્મનિગ્રહી બનવાથી એને મહાન ક્ષણનો સાક્ષાત્કાર થયો જેને માટે કુલપુત્રો ઘરબાર તજીને ભિક્ષુ બની પવિત્ર જીવનની સાધનામાં વિહાર કરે છે. આ જ જન્મમાં તેને સત્ય જ્ઞાન થયું, પુનર્જન્મનો ક્ષય થયો, બ્રહ્મચર્યવાસની પૂર્ણતા થઈ; જે પામવાનું હતું તે પામ્યો, જે તજવાનું હતું તે તજી દીધું. અહો શાંતિ! અહો સુખ!

“અચ્ચારદ્ધવિરિયં ઉદ્ધચ્ચાય સંવત્તતિ ।
અતિલીનવિરિયં કોસજ્જાય સંવત્તતિ ॥
વિરિયસમથં અનુયુઞ્જ,
ખિપ્પં હોહિસિ અનાસવો ॥

(અત્યારબ્ધ વીર્યથી [વધારે પડતા પુરુષાર્થથી] ઉદ્ધતતા પ્રાપ્ત થાય છે, અતિલીન વીર્યથી આળસ પેદા થાય છે; ઉપાસનામાં સમતા કેળવજો, જેથી જલદીથી ચિત્ત નિર્મળ થશે.)

દૃષ્ટિ

દેશળજી પરમાર

દૃષ્ટિ ન હોય ને કહીએ કે દર્શન કરો. એ કેમ બને? આ તો સ્થૂળ દૃષ્ટિની વાત થઈ. સ્થૂળ દૃષ્ટિ હોય પણ સૂક્ષ્મ દૃષ્ટિ ન હોય તો? સૂક્ષ્મ દૃષ્ટિ એટલે મનશ્ચક્ષુ. ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે ને કે ‘દિવ્યં દદામિ તે ચક્ષુઃ’? હું એ દિવ્ય ચક્ષુની વાત કરું છું. એ ન હોય તો સૂક્ષ્મ તત્ત્વનું દર્શન થઈ ન શકે. દૃશ્ય ભલે આપણી સામે હોય પણ તેનું દર્શન કરવાની દૃષ્ટિ જોઈએ. આંધળો દોડવા જાય તો તે કાં તો અથડાય, કાં તો પડી જાય. વધારે વિશાળ અર્થમાં સમજીએ તો પેલી અંગ્રેજી કહેવત છે તેમ ‘Where there is no vision, the people perish.’ અને આ દૃષ્ટિ વિના એક નહીં પણ એકથી વધારે પ્રજાઓ નાશ પામી છે અને હજુયે નાશ પામશે.

પાંચ કર્મેન્દ્રિયો પૈકી આંખ એક કર્મેન્દ્રિય છે. દરેક કર્મેન્દ્રિય સાધન તરીકે છે. જોવાને વસ્તુયે હોય, પણ પ્રકાશ જ ન હોય તો? પ્રકાશ વગર આંખ શી રીતે જોઈ શકવાની છે? આંખ સુંદરતા જુએ અને અસુંદરતા પણ જુએ. વસ્તુતઃ અસુન્દર કહીએ એવું કંઈ નથી. સુંદર અને અસુંદરનો સઘળો આધાર મન અને હૃદય ઉપર છે. મનની વૃત્તિઓ અને મનની લાગણીઓ સુંદર તો બધું સુંદર: એ અસુંદર તો બધું અસુંદર. Inner is the cause of the outer. સૂક્ષ્મ જ સ્થૂળનું બી છે. સ્થૂળ એ સૂક્ષ્મનું આવિષ્કરણ છે.



બાપુજીની મીઠી વાતો - ૧

સાને ગુરુજી

નાનાં બાળકો એટલે આનંદ; નાનાં બાળકો એટલે જગતની આશા. બાળકો એટલે નિર્મળતા; બાળકો એટલે ઉત્સાહ. મુક્ત પુરુષોમાં એક પ્રકારની બાળકોના જેવી વૃત્તિ હોય છે. મહાત્માજી બાળકો પ્રમાણે નિષ્પાપ હતા. તેથી તેમની વાતોનો બાળકોની જ વાત કહીને હું આરંભ કરું છું.

મહાત્માજીને બાળકો ખૂબ ગમતા. દુનિયાના બધાય ધર્માત્માને જુઓ. તેઓનો બાળકો ઉપર ખૂબ જ પ્રેમ હોય છે. મહંમદ પેગંબર સાહેબને રસ્તા પર બાળકોનો ભેટો થતો. તેઓ તેમને બાજુએ ખેંચી જતાં અને કહેતાં: 'કિસ્સો કહો.' કિસ્સો એટલે વાર્તા. ઈશુ ખ્રિસ્ત પણ બાળકોના મોટા પ્રેમી. અને આપણા ભગવાન ગોપાળ કૃષ્ણ, તે તો ગોવાળોનાં છોકરાંઓ સાથે જ રમતા. મહાત્માજી પણ બાળકોને જોઈ ઘેલા થઈ જતા. ફરવા જતી વખતે તેઓ બાળકોને સાથે લેતા જ. જુહુના દરિયા કિનારા પર બાળકની લાકડી પકડીને મહાત્માજી હસતા જઈ રહ્યા છે એવું ચિત્ર તમે જોયું જ હશે. પરંતુ હું જે વાત કહેવાનો છું તે સાબરમતી આશ્રમની છે.

નિયમ મુજબ આશ્રમમાંથી બાપુજી ફરવા નીકળ્યા. આશ્રમનાં બાળકો પણ એમની સાથે ફરવા નીકળ્યાં. હસતાં રમતાં ફરવાનું શરૂ થયું. ફરતાં ફરતાં મહાત્માજી સાથે પ્રશ્નોત્તર તો ચાલુ જ હોય.

"બાપુ, તમને એક વાત પૂછું?" એક છોકરાએ પ્રશ્ન કર્યો.

"હા બેટા."

"અહિંસા એટલે બીજાને દુઃખ ન દેવું, એવો અર્થ થાય ને?"

"બરોબર."

"તમે હસતા હસતા અમારા ગાલ આમળો છો. તે હિંસા કે અહિંસા?"

"અરે લુચ્ચા!" એમ કહીને મોટેથી હસીને બાપુએ તેના જોરથી ગાલ આમળ્યા. તાળી પાડીને "બાપુ ચિડાયા, બાપુ ચિડાયા!" એમ કહીને બાળકો હસવા લાગ્યાં. મહાપુરુષ પણ તે હાસ્યરસમાં રંગાઈ ગયા.

પ્યારા બાપુ

સમાજની સંસ્કારિતા

દાદા ધર્માધિકારી

કોઈ પણ સમાજની સંસ્કારિતાની અચૂક કસોટી એ છે કે, તેમાં સ્ત્રીઓ નિર્ભયતાપૂર્વક અને પોતાની ઇચ્છા અનુસાર વર્તી શકે. જો તેઓ આપણા જાહેર જીવનમાં નિર્ભય થઈને ભાગ નહીં લઈ શકે તો એમ જ માનવું પડે કે, હજી પણ પુરુષવર્ગ અસભ્યતા અને જંગલીપણાની સ્થિતિમાંથી આગળ નથી વધ્યો અને જેમ હોળીને દિવસે સભ્ય સ્ત્રીઓ માટે ઘરમાંથી બહાર નીકળવાનું અશક્ય થઈ જાય છે તે જ પ્રમાણે તેમને હમેશને માટે ઘરમાંથી બહાર નીકળવાનું અશક્ય થઈ જશે.

પહેલાં તો સ્ત્રીઓને ગુંડા ને લોફર માણસોનો જ ડર હતો; પણ હવે એ પ્રવૃત્તિ ભણેલા ગણેલા યુવાનો અને વિદ્યાર્થીઓમાં પણ વધતી જાય છે. એમાં ફેર એટલો જ છે કે, ગુંડાઓમાં જે શારીરિક હિંમત અને નીડરતા હોય છે તે આ લોકોમાં નથી હોતી. આથી એમની દુષ્ટતામાં ચોરીછૂપી ને છળ-કપટ, હલકટપણું ને હીનતા વધારે હોય છે. સમાજમાં નવા સુસંસ્કારો દાખલ કરવાની જેમની વિશેષ જવાબદારી છે તેઓ જ જો સમાજકંટક અને સમાજશત્રુ બનવા માંડે, તો પછી સામાજિક નીતિના વિકાસની આશા જ છોડી દેવી પડશે.

૧૯૨૧ની અસહકારની ચળવળના દિવસોમાં મુંબઈમાં હુલ્લડ થયું તે વખતે હિન્દુ મુસ્લિમ એકતા હતી, એટલે હિન્દુ સ્ત્રીઓને કશો ભય નહોતો. પણ એ હુલ્લડમાં પારસી સ્ત્રીઓને એવી સતાવવામાં આવી કે આખરે ગાંધીજીને કહેવું પડ્યું કે, 'આ સ્વરાજ્યની દુર્ગંધ મારા નાકમાં ભરાઈ છે.' જ્યારે જ્યારે હિન્દુ-મુસ્લિમ રમખાણો થયાં છે ત્યારે ત્યારે સ્ત્રીઓની આબરૂ જોખમમાં આવી પડી છે. પાકિસ્તાન થયા પછી તો એનું અત્યંત રાક્ષસી રૂપ આપણે જોયું. બે રાષ્ટ્રો વચ્ચે યુદ્ધ થાય છે ત્યારે સ્ત્રીઓની આબરૂ હમેશાં જોખમમાં આવી પડે છે.

પ્યારાબાપુ

જ્યાં સુધી પુરુષોમાં સ્ત્રીને અભિલાષા અને આક્રમણનો વિષય માનવાની આદત રહેશે, ત્યાં સુધી સ્ત્રીને માટે સ્વતંત્રતા અને નાગરિકતા જીવનની સગવડો થવાને બદલે મહાન આફતો નીવડશે. સ્ત્રીને ભોગનો વિષય માનનારા પુરુષોની વચ્ચે સ્ત્રીઓને મુક્તપણે હરવફરવાના હક આપવાનું પરિણામ વરુઓના ટોળામાં ઘેટાંને છૂટથી ફરવાનો અધિકાર આપવાથી આવે તે જ આવશે. આપણે એક બાજુએ સ્ત્રીઓને મતાધિકાર તો આપ્યો છે, પણ બીજી બાજુએ તેમને સમાજમાં નિર્ભયતાથી વર્તવાની પરિસ્થિતિ નિર્માણ નથી કરી, એટલે તેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ નહિ કરી શકે.

સ્વતંત્રતાનો જન્મ સંયમની કૂખે થાય છે. સમાજમાં જ્યાં સુધી સ્ત્રીઓની પવિત્રતા સહેજે સુરક્ષિત નહીં રહે, અનાયાસે સુરક્ષિત નહીં રહે, ત્યાં સુધી કોઇ પણ પ્રકારની વાસ્તવિક નીતિમત્તાનો વિકાસ થવો અસંભવિત છે. આ બાબતમાં, સ્ત્રીઓનાં માન આબરૂ સાચવવા માટે કુલીન અને ચારિત્ર્યવાન યુવાનોનાં દળ ઠેકઠેકાણે સ્થપાય અને તેઓ જાતિ, સંપ્રદાય કે વર્ગનો વિચાર કર્યા વગર તમામ સ્ત્રીઓની પ્રતિષ્ઠા સાચવવા હમેશાં જાગ્રત અને તત્પર રહે એ આવશ્યક છે. આ યુવાનો સમાજમાં સ્ત્રીત્વ અને સ્ત્રીમાત્ર પ્રત્યે આદરનો ભાવ જાગ્રત રાખવા માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ શરૂ કરે અને એ રીતે સમાજમાં સ્ત્રીઓના નાગરિકત્વનો નક્કર પાયો નાખે.

વેરનો બદલો

ઘોર અંધારી રાત હતી. બધે શૂનકાર વ્યાપી ગયો હતો. દૂર દૂરના વેરાન પ્રદેશમાંથી જંગલી પશુઓનો ભયંકર અવાજ વારે વારે શાંતિને ખળભળાવી જતો હતો.

યુસુફ દીવો બુઝાવી પોતાના તંબૂમાં સૂવાની તૈયારી કરતો હતો ત્યાં તો એક અજાણ્યો માણસ તંબૂના દ્વાર આગળ આવીને ઊભો અને દીન વાણીમાં આજીજી કરતો બોલ્યો: "યુસુફ, યુસુફ, રહેમ કરો. હું એક તજાયેલો મુસાફર છું! આપ તો ઉમદા અને ખાનદાન કુટુંબના નબીરા છો. મારી પાછળ દુશ્મનો પડ્યા છે. મને કોઈ આશરો આપે એમ નથી. હું ભૂખ્યો-તરસ્યો જીવ બચાવવા દોડતો અહીં આવ્યો છું. મારું રક્ષણ કરો. ખુદા તમારું ભલું કરશે."

યુસુફ નત મસ્તકે શાંત ઊભો હતો. તે બોલ્યો: "ભાઈ ખુદા સૌનું ભલું કરો. આ તંબૂ મારો છે, પરંતુ મારા કરતાં અલ્લાહનો તે વધારે છે. એ જ એનો સાચો માલિક છે. અંદર આવ અને શાંત થા. હું જેમ અહીં રહું છું તેમ તું પણ ખુશીથી અહીં રહે, આરામ કર અને ખુદાનો અહેશાન માન. ખુદાએ આપણને સૌને પેદા કર્યા છે. એ જ મારનાર અને તારનાર છે. આપણે એની આગળ કોણ માત્ર? આ તંબૂમાં તને આવતાં રોકનારો હું કોણ? આવ અને સુખેથી રહે."

પછી યુસુફે એ ભૂખ્યા-તરસ્યા મહેમાનનું સ્વાગત કર્યું, પેટ ભરીને જમાડ્યું અને હુંફાળી પથારી કરી આપી. યુસુફ ખુદાનું નામ લઈ સૂઈ ગયો.

રાતનો છેલ્લો પહોર હતો ત્યારે તે ઊઠ્યો. પેલા અજાણ્યા માનવીને પણ જગાડ્યો. પછી યુસુફ બોલ્યો: "ભાઈ, આ સોનું લે. વળી મારો આ તેજી ઘોડો પણ તૈયાર જ છે. સૂરજ ઊગે એ પહેલાં અહીંથી નાસી જા. દુશ્મનો તને નહિ દેખે."

એવામાં તો પેલા અજાણ્યા માણસે ઘૂંટણિયે પડી પોતાનું માથું યુસુફના ખોળામાં મૂકી રડતાં રડતાં કહેવા માડ્યું: "અરે ભલા યુસુફ! મને માફ કરો. તમને તમારા આ ભલા કામનું ફળ આપીને જ હું હવે જઈશ. યુસુફ, યુસુફ, ધ્યાન દઈ ને સાંભળ. જેણે તમારા પ્યારા પુત્રને હણી નાખ્યો હતો અને જેને મારવા માટે તમે તલપી રહ્યા હતા તે જ ઇબ્રાહીમ હું છું."

યુસુફ તો આ સાંભળીને સ્તબ્ધ ઊભો રહ્યો. તેણે મક્કમ અવાજે કહ્યું: "ઈબ્રાહીમ, આ ત્રણ ગણું સોનું લે અને હમણાં ને હમણાં અહીંથી નાસી જા. ફરી કદી આ તરફ આવતો નહિ. મારામાં રહેલા સેતાનને પાછો જગાડતો નહિ. મેં મારા દુષ્ટ વિચારોને કાઢી નાખ્યા છે. જા, ઇબ્રાહીમ, જલદી ચાલ્યો જા. ખુદા તારું ભલું કરે!"

ઇબ્રાહીમ તરત જ મારતે ઘોડે ત્યાંથી અંધારામાં વિલીન થઈ ગયો. યુસુફ એકીટશે એ દિશામાં જોઈ રહ્યો. થોડી વાર પછી ધીમે ધીમે તે પોતાના પ્યારા પુત્રની કબર પાસે ગયો અને બોલ્યો:–

"મારા પ્યારા બેટા! હું તારા ખૂનીને જાનથી મારીને તારા ખૂનનો બદલો લેવા તલસતો હતો. પણ બેટા, ખુદાનો ઈન્સાફ ન્યારો છે. બેટા, આજે મેં તારા ખૂનનું વેર લીધું- ખૂનીને મારીને નહિ, પણ જ્યારે તે સંકટમાં હતો ત્યારે તને મદદ કરીને! બેટા, ખુદાનું એ જ ફરમાન હતું. હવે તું શાંતિથી પોઢી જજે."

પ્યારાબાપુ



ત્રિવેણી સંગમ



સંકલનકર્તા : મુ૦ ક૦

(૬)

તે વખતે બા બારડોલી તાલુકામાં ગયાં હતાં. મહાદેવભાઈએ એ ખબર બાપુને આપતાં કહ્યું : "આ વખતે બાને છ મહિના મળશે."

બાપુ કહે : " 'સી' કલાસ મળે અને મજૂરી મળે તો નવાઈ નહીં. બાને 'સી' કલાસ મળે એ સરસ કહેવાય."

ત્યાં તો સાંજે છાપામાં એવા જ ખબર આવ્યા! એ ખબર સાંભળીને બાપુના આનંદનો પાર ન રહ્યો. ખડખડાટ હસ્યા, પછી માત્ર એટલું બોલ્યા : "સાઠ વર્ષની ડોસીને સખત મજૂરી આપતાં એને શરમ નહીં આવી હોય!" પછી વલ્લભભાઈને હસતાં હસતાં કહે : "તમને 'સી' મળવો જોઈતો હતો."

એ સાંભળી વલ્લભભાઈ બોલ્યા: "મને કૅમ્પ જેલમાં મોકલે તો બહુ રાજી થાઉં."

(૭)

શ્રીમતી સરોજિની નાયડુને જેલમાં 'સી' કલાસ મળે તો શું થાય ? એની વાત થતી હતી, એટલે બાપુ કહે: "એને વિશે એમ ન કરે. એટલા ઝેરીલા એ લોકો ન થાય."

વલ્લભભાઈ કહે: "જુઓને જેમણે બાને 'સી' કલાસ આપ્યો તેને વિષે પણ તમે કહો છો કે એટલા ઝેરીલા ન થાય. તમે તો 'ન્યાયદર્શી' રહ્યા ને?"

(૮)

એક દિવસ અનેક ચોપાનિયાં આવ્યાં. તેમાંથી ખૂબ હસવાનું મળ્યું. 'જ્ઞાન કિરણો' નામની અનેક પત્રિકાઓ એક મોટા તાવ ઉપર છાપેલી હતી. તેને કાપી સીવીને વલ્લભભાઈએ એક ચોપડી બનાવી, ને બાપુને કહે : "વાંચવા જેવી છે, પણ જ્ઞાન વધી જશે તો !"

પછી બાપુએ તે વાંચવા લીધી અને એક એક લીટી વાંચીને ખડખડ હસે. ખાસ કરીને 'દીવો ન બાળો' એ પત્રિકા વાંચીને.

વલ્લભભાઈ કહે: "એ પત્રિકા લૅમ્પને દીવે બેસીને લખી હશે!"

બીજા હસાવનારા તો અનેક ભાગો હતા. બાપુ કહે : "બિચારા સૌ પોતાની મતિ પ્રમાણે જેટલું થાય તેટલું કરી રહ્યા છે."

(૯)

બાપુને તે દિવસોમાં કોણી ઉપરના હાડકામાં અને જમણા હાથના અંગૂઠામાં બહુ દરદ રહેતું. બાપુ કહે : "એ ઘડપણનાં ચિહ્ન છે. એ દુઃખનો વિચાર જ છોડી દેવો જોઈએ. એ અનિવાર્ય સમજીને એની આળપંપાળ છોડવી જોઈએ."

વલ્લભભાઈ કહે : "પેલા હઠયોગીની જેમ !"

(૧૦)

દર અઠવાડિયે આશ્રમની ટપાલ જે જાડા પાકીટમાં આવતી, તેની ઉપર અહીં પારસલો વગેરે ઉપર આવેલા બ્રાઉન પેપર ચોડીને નવાં પાકીટ કરવામાં આવતાં. મહાદેવભાઈ કહેતા હતા કે, "આ પાકીટ આપણને બ્રાઉન પેપરની કિંમતે પડી રહે છે."

બાપુ કહે: "હા, પણ પેલી ગુંદરની બાટલી ખૂંચે છે. પ્રથમ તો લાહી કરીને પછી તેમાં કંઈક મિશ્રણ નાખવાનું શોધવાનો વિચાર કર્યો, પણ પછી એમાંથી ચિત્ત ખેંચી લીધું, અને મધ્યમ માર્ગ પસંદ કર્યો."

એ સાંભળી વલ્લભભાઈ કહે: "મધ્યમ માર્ગવાળા તો લખતરમાં જઈને બેઠા છે."

(૧૧)

રોજ સવારે ચાર વાગ્યે પ્રાર્થના પછી લીંબુ અને મધનું પાણી પીવાનું રાખ્યું હતું. ઊકળતું પાણી આવે તે મધ અને લીંબુના રસની ઉપર રેડવામાં આવે, પછી પાણી પીવા જેવું થાય ત્યાં સુધી વાટ જોતા કેટલીક મિનિટ બધા બેસી રહેતા, અથવા બેઠા બેઠા વાંચતા.

બાપુએ પોતાના પાણી ઉપર કપડાનો કટકો ઢાંકવા માંડયો. બાપુએ મહાદેવભાઇને પૂછયું: "મહાદેવ, આ કટકો કેમ ઢાંકું છું ખબર છે? નાનાં નાનાં જંતુઓ હવામાં હોય છે કે તે પાણીની વરાળને લીધે અંદર પડવાનો સંભવ છે, એમાંથી બચી જવાય છે."

વલ્લભભાઈ હમેશની રીતે બોલ્યા: "એટલી હદ સુધી આપણાથી અહિંસા ન પળાય".

બાપુએ હસીને કહ્યું: "અહિંસા ન પળાય, પણ સ્વચ્છતા પળાય ના!" [ક્રમશઃ]

★ નિર્લોભવૃત્તિ ★

પશ્ચિમના દેશનો બાદશાહ પાયરસ એક વાર યુધ્ધ કરવા જઇ રહ્યો હતો, ત્યારે તેને એક ફિલસૂફે પૂછયું: "મહારાજ, આપ ક્યાં જઈ રહ્યા છો?"

બાદશાહે જવાબ આપ્યો: "હું ઈટાલી જીતવા જઈ રહ્યો છું."

ફિલસૂફે ફરી પૂછયું: "ઈટાલી જીતીને શું કરશો?"

"પછી આફ્રિકા જીતીશ."

"અને પછી?"

બાદશાહે કહ્યું: "પછી આરામ કરીશ."

તત્ત્વવેત્તાએ એ સાંભળી કહ્યું: "તો પછી તમો અત્યારથી જ આરામ કેમ નથી કરતા? યુદ્ધ કર્યા બાદ તમો આરામ કરી શકશો ખરા?"

આજે પણ મનુષ્યની આવી જ સ્થિતિ માલૂમ પડે છે. મનુષ્ય પણ આજે પૈસા મેળવવાની ધમાલમાં પડી ગયો છે અને તે મેળવ્યા બાદ આરામ કરવાની વાત કરે છે. પરંતુ વિચારવાનું એ છે કે તે વડે આરામ મેળવી શકાશે ખરો? આરામની વાત તો બાજુએ રહી, પરંતુ તે પૈસાની ચિંતામાં જ ડૂબી જાય છે. જ્યાં જુઓ ત્યાં ઉતાવળ અને ધમાલ જોવામાં આવે છે; આરામનું તો કયાંય નામ નથી.

મનુષ્ય પૈસામાં સુખ અને આરામ સમજે છે. પરંતુ ખરું જોઇએ તો પૈસો આરામ અને સુખને લૂંટી લે છે. આરામ મેળવવા માટે તો નિર્લોભવૃત્તિ અપનાવવી જોઈએ. સોનું હીરા વગેરે ધૂળ જ છે. લોકો ભલે તેને સોનું અને હીરા સમજે. પરંતુ ખરું જોતાં તો તે ધૂળ જ છે. આજે સારી દુનિયા આ ચમકતી ધૂળની પાછળ પોતાની અમૂલ્ય જિંદગી બરબાદ કરી રહેલ છે, આ કેટલી બધી અજ્ઞાનતા છે? જરૂરી પ્રમાણમાં સંગ્રહ કરવાની વૃત્તિ મનુષ્યમાં ભલે હોય, પરંતુ આખી જિંદગી તેની પાછળ જ વ્યતીત કરવી તેમાં જરા પણ ડહાપણ નથી. તેથી મનુષ્યે નિર્લોભવૃત્તિ અવશ્ય અપનાવવી જોઈએ અને જીવનમાં શાંતિ સ્થાપીને અમરતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ.

— ઉજજવળ કુંવરજી

[અનુસંધાન પૃ૦ ૩૪ થી ચાલુ]

ભક્તરાજ. ....

પોચકીદાસ–ઠીક ત્યારે. એ કઈ વસ્તુઓ છે?

ભક્તરાજ—ત્યાંનું રાજ્ય અનંત છે અને સનાતન જીવનની આપણને ત્યાં પ્રાપ્તિ થશે, જેથી આપણે એ સુરાજ્યમાં હંમેશને માટે નિવાસ કરી શકીશું.

પોચકીદાસ—તમે બહુ જ સારી વાત કહી! બીજું ત્યાં શું શું છે?

ભક્તરાજ—ત્યાં આપણને કીર્તિનો મુગટ પહેરાવવામાં આવશે અને એવાં વસ્ત્રો આપણને આપવામાં આવશે, જેથી આકાશમાં સૂર્ય જેમ પ્રકાશે છે તેમ આપણે પણ પ્રકાશવા લાગીશું.

પોચકીદાસ—તો તો ખૂબ જ મજા પડે; અને એ સિવાય બીજું ત્યાં નવું શું છે?

ભક્તરાજ—વળી ત્યાં રડવાનું ન હોય, દુઃખ ન હોય; કારણ કે પ્રભુ આપણી આંખોમાંથી આંસુ લૂછી નાખશે.

પોચકીદાસ—અને ત્યાં આપણને કોણ સાથ આપશે?

ભક્તરાજ—ત્યાંનો વૈભવ, પશુપંખી એ સૌ તમારી આંખને આંજી દે એવાં છે. વળી આપણા કરતાં પહેલાં ગયેલા અગણિત લોકોનો આપણને ત્યાં ભેટો થશે. ત્યાં કોઇ પણ આપણને હાનિકર બનશે નહિ, બધાં જ પ્રેમાળ અને પવિત્ર છે. પ્રત્યેક જણ ઈશ્વરને નજર સામે રાખીને વર્તે છે અને ઈશ્વરનું અસ્તિત્વ બધે સર્વદા રહે છે એમ માનતા હોય છે. ત્યાં વળી એવા માણસો પણ રહે છે જેઓ ઈશ્વરના આદેશને અનુસરતા હોવાથી તેઓનો આ દુનિયામાં વધ કરવામાં આવ્યો છે, તેઓને જીવતાં બાળી મૂકવામાં આવ્યા છે, તેઓ પશુઓનો ભોગ બન્યા છે, તેઓને સમુદ્રમાં ડુબાડી દેવામાં આવ્યા છે. પણ એ સૌ ભક્તજનો અહીં હેમખેમ છે અને અમૃતમય જીવન જીવે છે.

પોચકીદાસ—આટલું વર્ણન સાંભળીને કોઇનેય ત્યાં જવાનું મન થઇ જાય! પરંતુ શું ખરેખર આ બધી વસ્તુઓનો આનંદ આપણે માણી શકીશું ખરા? આ વસ્તુઓના સહભાગી આપણે શી રીતે થઈ શકીએ?

ભક્તરાજ—ભગવાને આ ધર્મ-ગ્રંથમાં કહ્યું છે કે, જે કોઈ આ સ્થિતિ માટે સાચા દિલથી ઝંખે છે તેને એ વસ્તુ અવશ્ય પ્રાપ્ત થાય છે.

પોચકીદાસ—ભક્તરાજ, મને આ બધું સાંભળીને ખૂબ આનંદ થાય છે. ચાલો, આપણે જલદી જલદી રસ્તો કાપીએ.

ભક્તરાજ—ભાઇ, હું તમારી માફક ઝડપથી ચાલી શકું એમ નથી, કારણ કે મારા ખભા પર ભારે બોજો છે!

તેઓ આમ વાતો કરતા આગળ જતા હતા તેવામાં તેઓ 'નિરાશાની કળણભૂમિ' નામે ઓળખાતા પ્રદેશ પાસે આવી પહોંચ્યા. એ પ્રદેશમાં ચારેકોર કાદવ ફેલાયેલો હતો. જરા ગફલતમાં રહીએ તો ઊંડા કળણમાં પડી ખૂંપી જવાય એવું હતું. ભક્તરાજ અને પોચકીદાસને એની જાણ ન હોવાથી બંને જણ કાદવમાં પડ્યા અને ઊંડે ઊંડે ખૂંપવા લાગ્યા! તેઓ બહાર નીકળવા પ્રયત્ન કરવા લાગ્યા. પણ કાદવમાં તેઓ વધારે ને વધારે ફસાઇ જવા લાગ્યા. ભક્તરાજને ખભે મોટો બોજો હોવાથી એ તો કળણમાં વધારે ઊંડે ખૂંપવા લાગ્યો. પોચકીદાસનો જીવ તાળવે ચડી ગયો. એ તો હાંફળો ફાંફળો થઇ જઇને ભક્તરાજને કહેવા લાગ્યો: "અરે, ભક્તરાજ, આપણે ક્યાં છીએ?"

ભક્તરાજ—ભાઈ, ખરું પૂછો તો મને એની જરાયે ખબર નથી!

પોચકીદાસ આ સાંભળી ગુસ્સે થઇને ભક્તરાજને ઠપકો આપતાં કહેવા લાગ્યો:

"અરે ભલા માણસ, આખે રસ્તે તેં જેની મોટી મોટી વાતો કર્યા કરી તે આ જ સુખ કે? હું તારી સાથે અહીં ક્યાં ફસાઈ પડ્યો! શરૂઆતમાં જ આવી મુશ્કેલી વેઠવી પડતી હોય તો પછી આગળ જતાં આપણા માર્ગ વચ્ચે કોણ જાણે કેવીય ભયાનક મુશ્કેલીઓ આવશે! મને એક વાર આ કળણમાંથી બહાર તો નીકળવા દે; પછી તું ભલે આ સુખના રાજ્યનો એકલો માલિક થજે." એમ કહી પોચકીદાસે ખૂબ જોરથી બહાર નીકળવા પ્રયત્ન કર્યો અને ઘર ભણી જતા રસ્તા તરફની બાજુએ તે મહામહેનતે કાદવમાંથી બહાર નીકળી શક્યો. પોચકીદાસે તો જરાયે થોભ્યા વિના જીવ લઇને પોતાના ઘર તરફ દોટ મૂકી. કળણ ભરેલી કર્દમ ભૂમિમાં ઊડે ઊંડે ખૂંપતો જતો ભક્તરાજ એને જોઈ રહ્યો. અને થોડી વારમાં તો પોચકીદાસ દૂર દૂર અદૃશ્ય થઈ ગયો. (ચાલુ)

‘બાપુ-સ્મરણ’ અંગે

કોઈ ગ્રાહક-બંધુ નવા ગ્રાહકો બનાવી આપી ‘પ્યારાબાપુ’ને આર્થિક મુશ્કેલીમાંથી તેમ જ લવાજમ વધારવાની પરિસ્થિતિમાંથી મુક્ત કરે તો અમે ‘બાપુ–સ્મરણ’ આપવાનું જાહેર કર્યું છે. એ અંગે કેટલાક મિત્રોના કાગળ આવે છે. કેટલાક એમ માને છે કે એ પુસ્તક હશે, કેટલાક એમ માને છે કે આલબમ હશે. આ રીતે ગેરસમજૂતી ઊભી થવાનો સંભવ રહે છે. તેથી અમે ગ્રાહક-બંધુઓને જણાવીએ છીએ કે, બાપુજીના એક ફોટા સહિત બાપુજીના હસ્તાક્ષરમાં લખાયેલાં સુવચનોને પુસ્તિકારૂપે મુદ્રિત કરી એ નાનકડી પુસ્તિકાને ‘બાપુ–સ્મરણ’ નામે પ્રસિદ્ધ કરવા વિચાર્યું છે.

ગ્રાહકોએ મોકલાવેલા નવા ગ્રાહકોનાં નામ જ્યારે નવા ચાલુ વર્ષમાં નોંધાઇ જાય અને તેઓ ગ્રાહક બનવા સંમત થાય ત્યાર પછી સૌને એક સાથે ‘બાપુ–સ્મરણ’ મોકલીએ તો અમને પોસ્ટ કરતાં સરળતા પડે. માટે અમે ગ્રાહકોને વિનંતી કરીએ છીએ કે, તેઓ થોડા વખત થોભી જાય; નવા મોકલાવેલા ગ્રાહકોનાં નામ નોંધાઈ જાય પછી તરત જ અમે ‘બાપુ–સ્મરણ’ અમારી યોજના અનુસાર મોકલીશું.

રવીન્દ્ર મનન : [અનુ૦ પૃ૦ ૩૮ થી ચાલુ] કરું? મારું સર્વસ્વ ગયું" એમ કહી રડવા ન બેસું એટલું જ હું ચાહું છું.

વિનાશના પ્રવાહમાં હું ઘસડાઈ જાઉં તો ‘તું મારી રક્ષા કર, મને બચાવી લે’ એવી પ્રાર્થના હું નહિ કરું. પરંતુ એ પ્રવાહમાં તરવાનું મારું બાહુબળ કાયમ રહે એટલું જ હું તારી પાસે માગીશ. મારા પર જે બોજો છે તે હલકો થાય, એવી મદદ હું નહિ ચાહું. પરંતુ જેટલો બોજો મારા પર આવશે એને ઉઠાવવાની શક્તિ મને આપ, એ જ હું ચાહીશ. સુખના સમયે ગર્વિષ્ઠ ન બનીને નમ્રતાથી હું તને ઓળખી શકું અને જ્યારે દુઃખની રાત્રિ આવશે, બધે અંધારું છવાઈ જશે અને જ્યારે પગ તળેની ધરતી પણ વંચના કરશે, એવા સમયે પણ તારી બાબતમાં, તારી હસ્તીની બાબતમાં અને તારી કૃપાની બાબતમાં મનમાં લેશમાત્ર પણ સંદેહ ન થાય, એટલું જ હું ચાહું છું.

સરોજિની નાયડુ

ગુ૦ સ૦

ગિરિશૃંગો અને વન-પ્રદેશનાં હે ગાયિકા! ઉચ્ચ સ્થાને ઊભાં રહીને તમારાં ગીતોના આહ્લાદક ગુંજનથી તારલાઓનાં અન્તરમાંથી કયાં રહસ્યો તમે ચૂંટી લો છો! ખીણોમાંથી પસાર થતાં થતાં તમે તમારી આકર્ષક બંસરી વડે માનવતાનું -આર્ત અને માધુર્યપૂર્ણ- કયું સંગીત વહેતું મૂકો છો!

તમારા સ્વર્ગીય સ્થાનમાંથી, કુમુદ-વનના પ્રદેશમાંથી તમને કયો કીમિયાગર નીચે લઇ આવી વસુન્ધરાનાં વહાલાં દવલાં-સમા દબાયેલા માનવસમુદાય સાથે ભેળવી દે છે?

હે સદ્ભાગી ગાયિકા! અહિંસક સંગ્રામમાં તમારી બંસરીના સ્વરો કાયરમાં શૌર્યનું, અબળાઓમાં ઓજસનું, યુવાનોમાં ઉચ્ચતમ પુરૂષાર્થનું, તેમ જ વૃદ્ધજનોમાં સ્વદેશના ભાવિ વિષેનાં તેઓનાં સ્વપ્નાંને ફલિત કરવાની આકાંક્ષાનું સિંચન કરતા હતા; જેથી ભેદપૂર્ણ મહાલયો અને દુઃખદાયક જેલોની, તેમ જ ગર્વિષ્ઠ ન્યાયાલયો અને નિર્દય સભાગૃહોની દીવાલો ધ્રૂજી ઊઠી અને ધૂળમાં રગદોળાઈ ગઈ; અને સૂર્યકિરણોને તેમ જ પ્રેમ અને આઝાદીના સુખદ તરંગોને વહેતાં મૂકયાં; પોતાની જન્મભૂમિ પ્રત્યેનો પ્રેમ અને સમાનતાના સ્વર્ગે લઈ જનારી મનોભાવના જગાડનારી આઝાદીને સર્વ જનોનાં અન્તરમાં સ્પંદિત કરી.

ગ્રંથાવલોકન કવર પેજ બીજાથી ચાલુ] શંભુભાઈ તે 'સ્થિતપ્રજ્ઞ' જેવા જ રહે છે! એ જ પ્રમાણે 'ભાઇ'નું પણ વિસ્મરણ કરવામાં આવે છે!) જ્યારે દાદા મૃત્યુની ઘડી ગણતા હોય છે ત્યારે દાદા જ એને ચિઠ્ઠી લખીને બોલાવે છે અહીંના પ્રસંગે દાદાનું પાત્ર ઝાંખું પડતું જણાય છે. દાન વિશે આટલા સભાન દાદા કયાંથી થઈ ગયા? આવી આસક્તિ શા માટે? પહેલાનું દાદાનું રેખાચિત્ર ઝાંખું પડે છે!

પ્યારાબાપુ

વળી લેખક પર સામ્યવાદની પણ જરા અસર છે, (કે પછી એમને માનેલા સર્વોદયની?) એ વાર્તામાં બેત્રણ ઠેકાણે જણાઈ આવે છે. દાદાને મુખે દાન વિશે કહેવડાવે છે: "દાન એ બીજું કાંઈ નથી, પણ મૂડીવાદી અર્થ-વ્યવસ્થાનો એકમાત્ર બચાવ છે........" શંભુ પોતે પણ ઉશ્કેરાયેલી દશામાં (જુઓ પાનું ૧૮૧) બોલવા મંડે છે: "જો સાચી વસ્તુ તમારી સામે મૂકવાથી હું સામ્યવાદી બની

જતો હોઉં, તો મને એવા સામ્યવાદી કહેવડાવવામાં ડર નથી. સામ્યવાદ કોઈ ખોટી વસ્તુ તો નથી ને? એક માણુસ બીજા માણુસને ચૂસે એ ક્યાં સુધી ચલાવી લેવું?..........."

'રમતારામ'નું પાત્ર પણ એવું કચાશભર્યું છે. લેખકે એની નબળાઈ બતાવવામાં હદ કરી છે! એક તરફથી આપણે બીજા નવલકથાકારો પ્રણય-લાલસાની કે કામોત્તેજક વસ્તુની વાતો કરે છે ત્યારે આવું કુરૂપ વસ્તુ જનતા આગળ મૂકવા બદલ આપણે તે લોકો સામે ઊભરો કાઢીએ છીએ, જ્યારે આપણે સુધારાને કે સેવાને કે પછી આપણી મનસ્વી ભાવનાને નામે જુગુપ્સાકારક નબળાઈ વાર્તામાં ત્રાહિત વ્યક્તિમાં દર્શાવી શાનો બચાવ કરીએ છીએ? જો આપણે કહીએ કે, 'આવું તો દુનિયામાં જોવા મળે છે. જે છે એ દર્શાવવામાં શો વાંધો?' તો પછી વિકારોત્તેજક વસ્તુ આલેખતા લેખકો પણ એ દલીલ પોતાના કથનના સમર્થનમાં કાં ન મૂકે? માણુસ નબળાઇ લઈને જ જન્મ્યો છે. પણ તેમાંથી બહાર નીકળવામાં જ માણુસનો પુરુષાર્થ છે. કેટલીક નબળાઇઓ ભલે વાસ્તવિક રીતે અસ્તિત્વ ધરાવતી હોય તોયે સાહિત્યમાં તેઓને સ્થાન ન જ હોવું ઉચિત છે. ઉચ્ચ સાહિત્ય એટલી મર્યાદા માગી જ લે છે. એક તરફથી 'રમતારામને' મુખે મોટી ફિલસૂફી વ્યક્ત કરવી છે અને પછી તેમાં નબળાઇ બતાવી તરત તેને ત્યાજ્ય ન ગણતાં તેને લાંબા વખત સુધી ચૂંથ્યા કરવી એ ખરેખર જુગુપ્સાકારક લાગે છે. 'ગાડીના ડબ્બામાં' નામક પ્રકરણમાં લેખક સ્વપ્ન દ્વારા કેવું વિચિત્ર અને નિરંકુશ આલેખન કરે છે! અરે, લગ્ન જીવનના પ્રથમ મિલન પછી પણ 'રમતારામ'નું કેવું Grotesque —વિલક્ષણ સ્મરણ લેખક આલેખે છે! (આ વાર્તા શી રીતે સર્જાઈ તેનું આલેખન લેખકે 'બે બોલ'માં કર્યું છે. તેમનાં પત્ની હૉસ્પિટલમાં હતાં....તે વખતે કાંઈક વાંચવું અને....બપોરે લખેલું રોજ તેમને વાંચી સંભળાવવું.......'માંદગીમાં પણ આ લખાણે તેમને આનંદ

★ નવા ગ્રાહક બનાવી 'બાપુ-સ્મરણ' મેળવો ★

અનુક્રમણિકા.. ..... ૩૦ માર્ચ ૧૯૫૨

પૃષ્ઠ
૧ મહાત્માજીકી ખિદમતમેં ...અબ્દુલ ગફ્ફાર ૨૯
૨ કૈસા નાતા રે ... . કબીર સાહેબ ૩૦
૩ સરહદના ગાંધી ...... ગુરુદયાલ મલ્લિક ૩૧
૪ દિલની ઉદારતા ૩૨
૫ ભકતરાજ ... ... મુકુલભાઈ ૩૩
૬ અધ્યાત્મ વિષે યોગ્ય સમજ ...કેદારનાથજી ૩૫
૭ રવીન્દ્ર મનન ... ... કાકાસાહેબ ૩૭
૮ બાપુની પ્રતિમા ... ... મુકુલભાઈ ૩૯
૯ સરદારશ્રીની વાણી ... ...મુ૦ ક૦ ૪૦
૧૦ બાપુના પત્રો ૪૧
પૃષ્ઠ
૧૧ મૃત્યુ–દૂત ... ... ગુરુદયાલ મલ્લિક ૪૩
૧૨ ઈશ્વરનું દર્શન...... બબલભાઈ મહેતા ૪૪
૧૩ મધ્યમ માર્ગ ..... પદ્મનાભ શ્રી. જૈની ૪૫
૧૪ દષ્ટિ ... ... દેશળજી પરમાર ૪૭
૧૫ બાપુજીની મીઠી વાતો ... સાને ગુરુજી ૪૮
૧૬ સમાજની સંસ્કારિતા .. દાદા ધર્માધિકારી ૪૯
૧૭ વેરનો બદલો ૫૦
૧૮ ત્રિવેણી સંગમ ... ... મુ૦ક૦ ૫૧
૧૯ નિર્લોભવૃત્તિ ... ... ઉજ્જવળ કુંવરજી ૫૨
૨૦ સરોજિની નાયડુ ... ... ગુ૦ મ૦ ૫૫

આપ્યો.' પરંતુ રમતારામનું ચિત્રણ શું ખરેખર આનંદ આપે એવું છે ખરું? ઊલટું એનાથી માનસિક ત્રાસ જ ઉત્પન્ન થાય એમ છે. સુજ્ઞ લેખક ફરીથી આ લખાણને નિરાંતે —In tranquility—વાંચી જાય તો સારું.) 'રમતારામ'ની નબળાઇ શંભુ આગળ પ્રગટ થતાં તે શરમાઇને ભાગે છે. પણ જાણે તેના પર માનવજાતે ભારે અન્યાય કર્યો હોય એવાં વચનો તેના મુખમાં મૂકવામાં આવે છે. નર્મદાતટે વનસ્પતિસૃષ્ટિમાં એકરૂપ થઈ ગયેલા 'રમતારામ'ને કેટલાંય વર્ષો વીતી ગયાં તોયે એવા જ ડંખીલા બતાવ્યા છે. તે કહે છે: "તે રાતે મેં ખૂબ મંથન અનુભવ્યું, અને સાથે સાથે મારા દિલમાં ઝેર પણ રેડાયું. મને થયું: માનવજાત મોટાઈની, પ્રેમની, સેવાની ગમે તેટલી વાતો કરે છતાં તે સ્વાર્થી જ છે, અને તે જ દિવસે મેં માણસજાત સાથે વેર લેવાનો સંકલ્પ કર્યો. ....જ્યારે તું પહેલવારકો મારા આશ્રમે આવ્યો, ત્યારે તને ધક્કો મારી બહાર કાઢી મૂકવાનું મન થયું........" ખરી રીતે જોઇએ તો આવા દુઃખદ અને લજ્જાસ્પદ પ્રસંગ પછી 'નૈત્ર કુર્યાંમ્ પુનરિતિ'—હવે તો આવું ન જ થાય—એવો સંકલ્પ કરી શુદ્ધિને માર્ગે વળવું જોઇએ. અને એમાં માનવજાત પ્રત્યે ધૃણાની વાત જ શી છે? વળી એક તરફથી 'પ્રેમ'ની ફિલસૂફીની વાત રમતારામ કરે છે અને જે વ્યક્તિએ પોતાનું શરમભર્યું વર્તન જોયું હતું તે આવતાં પેલા પ્રસંગનું સ્મરણ તાજું થતાં શરમાવું જોઇએ કે તેને ધક્કો મારવાની વૃત્તિ જાગવી જોઇએ? આમ 'રમતારામ'ના પાત્રસર્જનમાં લેખક એકરાગતા જાળવી શકતા નથી અને વિરોધાભાસ ઉત્પન્ન કરે એવાં વિધાનો એમના મુખમાં મૂકે છે. વળી 'રમતારામ' મહારાજના વેશમાં નર્મદાતટે હોય છે ત્યારે શંભુ એની સાથે એ વર્ષ ઉપરાંત રહે છે તોયે એને ઓળખી શકતા નથી એ આશ્ચર્ય પમાડે એવું છે. વળી જ્યારે મહારાજ પોતાની ઓળખાણ છેવટના પ્રકરણમાં આપે છે અને પોતે જ 'રમતારામ' છે એમ કહે છે ત્યારે શંભુ તેને પગે પડી કહે છે: "મને ક્ષમા કરો!........" એમાં ક્ષમા માગવાની શી જરૂર! એ કંઈ બરાબર સમજાતું નથી. ટૂંકમાં કહીએ તો લેખક સ્વભાવચિત્રણમાં કચાશ બતાવે છે. પાત્રોનો વિકાસ બરાબર દર્શાવી શકતા નથી. શાંતા પણ પિયેરથી પાછી આવે છે એટલે એકદમ બોલકી થઈ જાય છે. અને એક રીતે શંભુ અને શાંતા પછી વાત વાતમાં 'લેકચરબાજી' કરવા લાગી જાય છે. શંભુ શાંતા સાથે વાતો કરતાં જે ભાષા વાપરે છે એવી જ સાક્ષરી ભાષા ગ્રામવાસીઓ સાથે બોલતાં પણ વાપરે છે! બધે સંવાદમાં એકધારાપણું આવે છે.

અહીં આટલું દર્શાવી બીજે પક્ષે કહી શકાય કે શ્રી. નવલભાઇ પાસે કહેવા જેવું ઘણું છે. માત્ર એ વસ્તુ કેમ મૂકવી એની હથોટી હજી એમનામાં આવી નથી. જો આ જ નવલકથાને ફરી વાર બરાબર તપાસી જઈ ફરીને લખવામાં આવે તો આ જ વસ્તુમાંથી સારું સર્જન થઈ શકે એમ છે.

એકંદરે આ વાર્તા વાંચવી ગમી જાય એવી છે અને આપણી પાસે વિવેકબુદ્ધિ હોય તો એમાંની કચાશને ગાળીને એનું વસ્તુ સમજવા પ્રયત્ન કરીએ તો જરૂર એ નવયુગના એક પાસાનું સુંદર દર્શન કરાવે એવી છે. શ્રી. નવલભાઇ થોડી વધુ મહેનત લઇને સાહિત્યનાં ઉચ્ચ તત્ત્વોનો અભ્યાસ કરે તો જરૂર એમને હાથે ગૂજરાતને ઘણું મળી શકે એમ છે.

— મુ૦ ક૦

રજી૦ નં૦ બી૦ ૫૨૫૫

સાભાર સ્વીકાર

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૯

મહાદેવભાઈની ડાયરી પુસ્તક પાંચમું : સં૦ નરહરિ પરીખ, કિં૦ સાત રૂપિયા; પૃ૦ ૯+૬૦૭.
બાપુની સેવામાં : લે૦ વ્રજકૃષ્ણ ચાંદીવાલા; અનુ૦ કરીમભાઈ વોરા; કિં૦ બે રૂપિયા; પૃ૦ ૧૭૯.
ગ્રામવિદ્યાપીઠની ભૂમિકા : સંપા૦ નરહરિ પરીખ ઇત્યાદિ; કિં૦ ચૌદ આના; પૃ૦ ૭૬.
બાળપોથી : લે૦ ગાંધીજી; કિં૦ ત્રણ આના; પૃ૦ ૩૦.
પ્રેમપંથ ૩ : ગોજક-દેસાઈ વાલજી ગોવિન્દજી; કિં૦ ચાર આના; પૃ૦ ૬૦.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ

બાળકોની રીતભાત (શાળોપયોગી આવૃત્તિ) : લે૦ સોમાભાઈ ભાવસાર; કિં૦ ચાર આના; પૃ૦ ૩૦.
સિંદબાદનાં સાહસો : લે૦ કૃષ્ણાબહેન; કિં૦ ચાર આના; પૃ૦ ૮૬.
સદ્બોધ વાટિકા : સં૦ સોમાભાઈ ભાવસાર; કિં૦ ત્રણ આના; પૃ૦ ૩૮.
ઠંડા પહાડની વાતો : લે૦ હરરાય દેસાઈ; કિં૦ બાર આના; પૃ૦ ૯૫.

એલીટ બુક સર્વીસ, અમદાવાદ

ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન ખંડ ૧ લો : લે૦ અધ્યા. કે. કા. શાસ્ત્રી; કિં૦ સાડા ત્રણ રૂપિયા; પૃ૦ ૨૦૮.
કેસરિયો ગઢ જીત્યો રે : ગોલ્ડસ્મીથના 'શી સ્ટૂપ્સ ટુ કોન્કર'નું ગુજરાતી રૂપાન્તર કરનાર પ્રફુલ્લ પ્રા. ઠાકોર; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૦૨.
પડઘા-(બાર એકાંકી) : લે૦ પુષ્કર ચંદરવાકર; કિં૦ અઢી રૂપિયા; પૃ૦ ૧૬૦.
માનવીનું મૂલ (ત્રિઅંકી) : લે૦ ચંદ્રભાઈ ભટ્ટ; કિં૦ બાર આના; પૃ૦ ૪૮.
પ્રાણીઘર : લે૦ પુષ્કર ચંદરવાકર; કિં૦ છ આના; પૃ૦ ૩૨.

……

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું. પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે. લવાજમ. મ. ઑ. થી મોકલતાં મ. ઑ.ની કૂપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

'પ્યારાબાપુ' કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક : ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ

આરામ

સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

નિત્ય મનન: લે૰ ગાંધીજી; નવજીવન કાર્યાલય, અમદાવાદ; કિં૰ એક રૂપિયો; પૃ૰ ૧૫૯.

પૂજ્ય બાપુજીનું જીવન આપણને અવશ્ય પ્રેરણાદાયી થઈ પડે છે. એમનાં વ્યાપક જીવનકાર્યોમાંથી એમને જે જીવનદર્શનની અનુભૂતિ થઇ હતી તે આપણા જીવનને પણ પ્રકાશ આપે એવી છે. તેથી જેઓ પોતાનો ઉત્કર્ષ સાધવા ઇચ્છતા હોય તેઓએ બાપુના મનનીય વિચારોનું અનુશીલન કરવું જોઇએ અને એમાંથી પોતાના જીવનને અનુરૂપ માર્ગદર્શન મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

રોજ મનન કરવા યોગ્ય સુવિચારો તા. ૨૦-૧૧-’૪૪ થી બાપુ રોજ એક એક લખતા હતા. તેમણે લગભગ બે વર્ષ સુધી એ મુજબ જારી રાખ્યું હતું. આ પુસ્તિકામાં તા. ૨૦-૧૧-’૪૪ થી ૧૯-૪-૪૫ સુધીના વિચારો મૂળ હિંદી સાથે ગૂજરાતીમાં અનુવાદ કરીને પ્રસિદ્ધ કર્યા છે. બાપુજી પ્રત્યે પ્રેમ અને આદર રાખનાર સૌએ આ પુસ્તિકાને પોતાની પાસે રાખવી જોઇએ. એમાંથી તેઓને જીવન-પાથેય અવશ્ય મળી રહેશે.

અસહકારનો વિચાર: લે૰ મથુરાદાસ ત્રિકમજી; પ્ર૰ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; કિં૰ આઠ આના; પૃ૰ ૯૬.

પૂજ્ય બાપુજી સદેહે આપણી વચ્ચે રહી આપણા યુગને પોતાની દેશોન્નતિકર યુગ-પ્રવર્તક વિચારસરણી તેમ જ પોતાનાં ઉત્સાહ-પ્રેરક, આદર્શપાત્ર જીવનકાર્યો દ્વારા ઘડી રહ્યા હતા. પરંતુ હવે બાપુજીનો કાળ ભૂતકાળ તરફ પ્રયાણ કરી રહ્યો છે. બાપુજીના નિકટ સાન્નિધ્યમાં રહી પોતાના જીવનને ઘડનારા મુરબ્બીજનો પણ હવે જાણે પોતાનું જીવનકાર્ય પૂરું થતું જતું હોય એમ આપણને છોડીને ચાલ્યા જવા લાગ્યા છે! એવા મુરબ્બીજનો આપણને બાપુજીનો તેમ જ એમનાં કાર્યોનો, આદર્શોનો અનુભવગમ્ય ખ્યાલ આપી શકવા જેટલા સમર્થ છે એટલું ભાવિ પેઢી સામર્થ્ય દાખવી ન શકે. ત્યાર બાદ તો એ આદર્શો જે મૂર્ત સ્વરૂપે એની પાસે હશે તે પર જ ધ્યાન ધરવું રહ્યું. એ કારણે બાપુજી સાથે એમનાં કાર્યોમાં શીશ સમર્પવાની તૈયારી કરીને કટીબદ્ધ થયેલા મરજીવા સમા એ સૌ મુરબ્બીજનો બાપુજીનાં જીવનકાર્યો ઇત્યાદિનો ઇતિહાસ આપણને વારસામાં આપી જાય એ ખરેખર આશીર્વાદરૂપ થઈ પડે.

શ્રી. મથુરાદાસભાઇની આ નાનકડી પુસ્તિકા એ દૃષ્ટિએ બહુ અગત્યની કહી શકાય. બાપુજીના અંતરમાં અસહકારનો વિચાર શી રીતે સ્ફૂર્યો, તે બીજને પોષનાર, વિકસાવનાર કેવા કેવા સંજોગો ઉપસ્થિત થયા અને એમાંથી અસહકારનું પરિપકવ સ્વરૂપ શી રીતે ફલિત થયું એનો સુરેખ ખ્યાલ આપણને આ પુસ્તિકા આપે છે અને બાપુની અસહકારની વિશ્વવ્યાપી ભાવનાને સમજવા અતીવ ઉપયોગી નીવડે છે.

આ પુસ્તિકાનું બીજું મહત્ત્વ એ છે કે, એમાં સદ્ગત શ્રી. મથુરાદાસભાઇએ બાપુજીના અસહકારના વિચારો દર્શાવવાની સાથોસાથ બાપુનું પાવનકારી વ્યક્તિત્વનું રેખાચિત્ર પણ જાણે આલેખતા હોય એમ સૂત્રાત્મક વાક્યો દ્વારા બાપુની મનનીય ગુણપ્રશસ્તિ નિરૂપી છે.

રામનાં રખોપાં: લે૰ સાને ગુરુજી; અનુ૰ જયન્ત પરમાર; પ્ર૰ ભારતી સાહિત્ય સંઘ લિ૰, અમદાવાદ; કિં૰ ચાર રૂપિયા; પૃ૰ ૨૫૬.

શ્રી. જયન્ત પરમાર સાને ગુરુજીનાં એક પછી એક અનુવાદ ગુજરાતને ચરણે ધરતા જાય છે. સાને ગુરુજી મહારાષ્ટ્રના સંત સ્વભાવના જાણીતા સર્જક છે, સુધારક છે. ગુરુજીનાં સર્જનો ખૂબ ભાવભરી રીતે સૌ કોઈ વાંચવા પ્રેરાય છે. “શ્યામચી આઈ” તો ખરેખર મનનીય ગ્રંથ છે. [અનુ૰ કવરપેજ ૩]



મને પૂજવો હોય તો મારાં કાર્યોને પૂજો.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫] ૩૦ એપ્રિલ - ૧૯૫૨ [અંક ૩

સાચી પૂજા

લાખો લોકો મારી પૂજા કરે છે ત્યારે હું ગૂંગળાઈ મરું છું. એ પૂજામાં મને આનંદ થયો હોય અથવા પૂજાને લઈને હું પૂજાને યોગ્ય છું એમ મને લાગ્યું હોય એવું કદીય બન્યું નથી. પણ માત્ર મારી અયોગ્યતાનું મને ભાન રહ્યું છે. માનની ભૂખ મને કદી લાગી હોય એવું મને યાદ નથી. પણ કામ કરવાની ભૂખ માત્ર મને છે ખરી. માન આપનારા પાસેથી કામ લેવા માટે હું હંમેશ ઇંતેજાર રહ્યો છું. અને જેણે કંઈ કામ આપ્યું નથી તેના માનથી હું હંમેશ દૂર ભાગ્યો છું.

મને પૂજવો હોય તો મારાં કાર્યોને પૂજો, મારાં કાર્યોને આચરો. કોઈ પણ માણસના કાર્યની બહાર તેને વિષે મોહ રાખવો એ આંધળો મોહ છે. મારી કૃતિને વિષે અશ્રદ્ધા હોય તો મારે વિષે અશ્રદ્ધા આવવી જ જોઈએ. માણસની કિંમત માણસની કૃતિની બહાર આપણે નથી આંકી શકતા.

જો હું મુરબ્બી હોઉં તો મારાં કહેણ સ્મરણમાં રાખીને સદ્વર્તન રાખવું. અત્યારે છૂટ લઈને તમે ગમે તેમ વર્તન કરો; પણ હું ગયો ત્યારે તો તેમ થાય જ નહીં.

ગાંધીજી



ભાવ નિદ્રા

મુનિશ્રી નાનચંદ્રજી

(રાગ :–બિલાવલ અથવા આશાવરી)

સોવત સોવત રૈન ગંવાઈ, નરભવ કી કછુ શુદ્ધિ ન પાઈ. ટેક
સ્વપન સમાન સભી વ્યવહારોં, ઉસ ઝગડે બિચ ઝૂક મચાઈ. સો૦
પીયા જહરી મોહ મદિરા, ઝૂઠકા સાંચ દિયા સમુઝાઈ. સો૦
સમઝ બિના સુખ કે સબ સાધન, અતિ દારુણ ભયે દુખદાઈ. સો૦
પાયે સમયકો નહિં પહિચાના, ગાફિલ નિશદિન ગોદ બિછાઈ. સો૦
ઘોલ-ઘોલ વિષ ઘટમેં ડાલત, અમૃત કો દેતે છટુવાઈ. સો૦
'સંતશિષ્ય' જાગો જન તબ લગિ, જબ લગ દીપ ન જાત બુઝાઈ. સો૦

આ પદમાં જાગ્રત થયેલ સાધકે, જુદી જુદી દશામાં પોતાના જીવનની આલોચના કરી છે:

જ્યાં સુધી આત્મા નિજભાનમાં આવ્યો નથી હોતો ત્યાં સુધી જીવનમાં ઘોર અંધકાર જ હોય છે. અને એ અંધકાર એટલે જીવનની રાત્રિ. મોંઘામાં મોંઘો માનવજન્મ (નરભવ) મળવા છતાં, જીવનનો ઉદ્દેશ–ધ્યેય સમજાય નહિ એટલે જે વ્યવહારો કોડીની કિંમતના હોય–સ્વપ્ન જેવા હોય તેને મહત્ત્વના અને કીમતી ગણી તેની ખાતર આત્મા જીવનભર ઝગડ્યા કરે છે. એ જ દશામાં મોહરૂપી મદિરાનો કેફ તેને જૂઠમાં સાચનું અને સાચમાં જૂઠનું દર્શન કરાવે છે....અને પછી જ્યારે ભાનમાં આવે છે ત્યારે ખરેખર શોચ કરતાં આત્માને એમ લાગે છે કે માત્ર સાચી સમજના અભાવે મેં કેવી દારુણ દુ:ખની પરંપરા ઊભી કરી! સુવર્ણ જેવો કીમતી સમય મેં કેવો એશઆરામમાં ગુમાવી દીધો! અમૃત જેવાં સદ્ અનુષ્ઠાનોને છોડી, ઝેર જેવા સંસારના રગડા ઘૂંટી ઘૂંટીને મેં કેવા ઘટમાં ભર્યાં! ખરેખર હવે તો જ્યાં સુધી જીવનદીપ બુઝાઈ ન જાય ત્યાં સુધી 'સંત'નું શરણ સ્વીકારી મારે મારી જીવન-જ્યોતને વધુને વધુ ચેતનાવંત રાખવી ઘટે.

પ્યારાબાપુ

સરળ અને સ્પષ્ટ તત્ત્વજ્ઞાન

કેદારનાથજી

['પ્યારાબાપુ'ના વાચકોને જણાવતાં અમને આનંદ થાય છે કે, મુ. શ્રી. રમણીકભાઈ મોદી તરફથી પૂજ્યશ્રી કેદારનાથજીના અપ્રગટ પત્રો ક્રમે ક્રમે 'પ્યારાબાપુ'માં પ્રસિદ્ધ કરવા માટે ગયા અંકથી મળતા રહે છે. જીવનનો વિકાસ સાધવા ઇચ્છતા સૌ જિજ્ઞાસુને ખૂબ સહાયરૂપ થઈ પડશે.]

આત્મસંતોષ, શાંતિ, આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન, મોક્ષ વગેરે બાબતોમાં હું કઇ દૃષ્ટિએ વિચાર કરું છું તે તમે જાણો છો. સાત્વિકતાની–સદ્‌ગુણોની વૃદ્ધિ થતી રહેવી એમાં જ માનવતા છે એમ લાગે છે. માણુસ–માણુસમાં મૈત્રી, બંધુભાવ, વાત્સલ્ય અને સમભાવની વૃદ્ધિ થતી રહે તેમાં જ મનુષ્ય માત્રનું કલ્યાણ છે. માનવીજીવનની સિદ્ધિ આમાં જ છે. તે સિદ્ધ કરવા માટે જ વાચન, મનન, તેમ જ સંયમ, ભક્તિ, ત્યાગ, યોગ, જ્ઞાન, વગેરે સાધનોની જરૂર છે. આ વાત જો મનુષ્યની બુદ્ધિને સ્વીકાર્ય થાય તો કેટલીયે ભ્રામક કલ્પનાઓ, નિષ્કારણ આડંબર અને ત્રાસ નાશ પામે અને તેથી થતો આયુષ્ય, દ્રવ્ય અને શક્તિનો વ્યય એ બધામાંથી મનુષ્ય છૂટી જાય.

તમારો કાગળ મેં ફરીને વાંચી જોયો. તે પરથી કંઈક લખવું જરૂરી લાગે છે. જૂના ગ્રંથોમાંથી પોતાને સંમત થાય એવા અર્થો કાઢવાની બાબતમાં મારો મત તમે જાણો છો. તત્ત્વજ્ઞાનની બાબતમાં સરળ અને જીવનોપયોગી વિચારો આપણને સૂઝતા નથી. એક વેળાએ તાત્ત્વિક અને ધાર્મિક માનેલી વિચારસરણીને જ ઉલટાવી-સુલટાવીને અથવા તેને રસમય અને રંજનાસ્પદ કરીને કે તેને જુદું રૂપ આપીને પોતાનું અને બીજાઓનું સમાધાન કરી લેવાનો આપણો પ્રયત્ન હોય છે. આપણા વિચાર, આચાર, માનવજીવન વિષેનો અંતિમ સિદ્ધાંત અને માનવજાતિનું કલ્યાણ–આ બધા વિષેના વિચારોમાં આપણને કાંઈ સુસંગતતા લાવતાં આવડે કે? એ જ આપણી સમક્ષ આ વિષેનો મુખ્ય પ્રશ્ન છે. તે માટે માનવીજીવનનો હેતુ નિશ્ચિતપણે આપણા લક્ષમાં આવવો જોઇએ અને તે જ હેતુ મુખ્ય અને સત્ય કેમ માનવો તે વ્યવસ્થિત, સ્પષ્ટ અને સુસંગત વિચારસરણીથી આપણે સમજવું જોઇએ અને બીજાઓને સમજાવતાં આવડવું જોઇએ. તે હેતુ લક્ષમાં આવે તે માટે જીવનનો સર્વ બાજુએથી સૂક્ષ્મ વિચાર કરતાં આપણને આવડવું જોઇએ. મને લાગે છે કે આ બધી વાતોનો સમાવેશ તત્ત્વજ્ઞાનમાં થઈ શકે. તત્ત્વજ્ઞાનમાં અધિક ગૂઢતા ન જોઈએ. કેવળ તર્ક અને અનુમાનની સૂક્ષ્મતા, કલ્પનાનું ઉડ્ડયન અથવા કલ્પનાનો મનોરમ વિહાર–એના ઉપર તત્ત્વજ્ઞાન રચાવું ન જોઇએ. આપણી વિચારસરણી સરળ જોઇએ, સ્પષ્ટ જોઇએ. સમજવામાં સુલભ હોઇ તે અનુભવજન્મ જોઇએ. સદાચારયુક્ત જીવનમાંથી આપણા અંતિમ હેતુ અને સિદ્ધાન્તોનાં દર્શન અને ઓળખ આપણને સદૈવ થતાં રહે–તેની સત્યતા દરરોજના જીવનમાં આપણને થતી રહે એટલો આપણો આચારધર્મ અને જીવનનું અંતિમ સાધ્ય એ બેમાં મેળ જોઈએ. સદ્‌ભાવનાયુક્ત કર્માચરણ અને તેને લઇને માનવીજીવનનો મૂળ હેતુ કેમ સાધી શકાય છે એ બતાવનારું તત્ત્વજ્ઞાન એ બંને આપણી વિચારસરણીમાંથી નિર્માણ થવાં જોઇએ.

તમે મળ્યા હતા ત્યારે મેં કહ્યું હતું કે

સર્વસાધારણ લોકોનો તત્ત્વજ્ઞાન સાથે સંબંધ આવતો નથી. જે વિચારશીલ હોય છે તેમનામાં કંઈક જિજ્ઞાસા હોય છે. તેમને જ તેમની જરૂર લાગે છે. સર્વ સાધારણ લોકોને સદાચારનું મહત્વ ગળે ઊતરે એટલું પૂરતું લાગે છે. પરંતુ ઉપર કહ્યું છે તે પ્રમાણે ધર્મ અને તત્ત્વજ્ઞાનનો વિચાર કરવામાં આવે તો તેવા પ્રકારનું તત્ત્વજ્ઞાન સર્વ સાધારણ લોકો સુદ્ધાં સમજી શકશે. આપણા તત્ત્વજ્ઞાનમાં વિશેષતઃ સૃષ્ટિ કેમ થઈ તે વિષેનો વિચાર હોઈ આત્મા અને બ્રહ્મનું નિરૂપણ કરેલું જણાઈ આવે છે. તે નિરૂપણકર્તાઓ માનવી સુખદુઃખ સાથે આ નિરૂપણનો સંબંધ માને છે તેટલો છે એમ મને લાગતું નથી. કોઈ 'તું કોણ' એ જાણવા પર ભાર આપે છે તો કોઇ આત્મનિષ્ઠા, કોઈ બ્રહ્મનિષ્ઠા, કોઇ ભક્તિ, કોઈ જ્ઞાન, કોઈ મોક્ષ એ પૈકી ગમે તે પર ભાર મૂકે છે. પરંતુ મને આમાંની એકેયે વાત સંપૂર્ણ લાગતી નથી. મને લાગે છે કે શરીર, બુદ્ધિ અને મનનો યોગ્ય વિકાસ, સદ્ભાવના અને સદ્ગુણોનો ઉત્કર્ષ, વ્યવસ્થિત અને સર્વ બાજુએ ઉપયોગી એવી કાર્યક્ષમતા એટલે કર્તૃત્વ, ચિત્તશુદ્ધિ અને વિવેકશીલતા વગેરે બધી બાબતો આપણા જીવનમાં આવે—જ્ઞાન, સદ્ભાવના અને ઉચિત કર્મ એ બધાનો સુમેળ આપણને સાધતાં આવડે તો જ માનવજીવન સફળ થઇ શકશે. તેમાં જ જીવનની પૂર્ણતા છે. તે માટે સુસંગત અને સ્પષ્ટ વિચારસરણીની જરૂર છે. તેમાં માનવજાતિના કલ્યાણનો વ્યાપક દૃષ્ટિએ વિચાર કરેલો હોવો જોઈએ. તેમાંનો વિચાર જીવનના અનુભવમાંથી નીકળેલો હોવો જોઈએ. હું આ પ્રકારની ઇચ્છા રાખી રહ્યો છું.

એક વાર કૉન્ફૂશિયસને તેમના એક શિષ્ય ઝયુકુંગે નમન કરીને પૂછ્યું: "ગુરુજી, હું હવે ખૂબ થાકી ગયો છું! મારે શાંતિ જોઇએ છે."

કૉન્ફૂશિયસ બોલ્યા: "આ જીવનમાં તો શાંતિ જેવી વસ્તુની આશા રાખતો મા."

શિષ્યે પૂછ્યું: "તો શું મને કોઇ દહાડો શાંતિ મળશે જ નહીં?"

એટલે સ્મશાન તરફ આંગળી ચીંધીને કૉન્ફૂશિયસ બોલ્યા: "તને શાંતિ જરૂર મળશે. પેલી કબર દેખાય છે ને? એ તું જો તો ખરો! આવી એક કબરમાં શાંતિ જરૂર મળશે."

એ સાંભળી શિષ્ય બોલ્યો: "ઓહો! મરણમાં કેવું અદ્ભુત રહસ્ય રહેલું છે! એ જ કારણે જ્ઞાની શાંતિ પામે છે, સંસારી ડૂબે છે!"

કૉન્ફૂશિયસે કહ્યું: "બેટા! તું મારું કહેવું સમજ્યો છે ખરો. ઘણા લોકો જીવનને કુદરતની એક મહાન બક્ષીસ માને છે. પરંતુ તેઓ સમજતા નથી કે જીવન એ તો એક મોટું બંધન છે. ઘડપણને તેઓ દુર્બળતા માને છે; પણ તેઓ સમજતા નથી કે ઘડપણ એ શાંતિનો કાળ છે. મરણને તેઓ મોટી આફત માને છે; પણ તેઓ સમજતા નથી કે મરણ એ જ પરમ શાંતિ છે."

શિષ્ય એ સાંભળી બોલ્યો: "મરણ વિષેની આપણા પૂર્વજોની કેવી ભવ્ય કલ્પના! તેથી જ પુણ્યવાન તરે અને પાપી ડૂબે. મરણ પછી દરેક જણ જ્યાંથી આવ્યો હોય ત્યાં જાય છે. તેથી જ આપણા વડવાઓએ મરણને ગૃહગમનની સાથે સરખાવ્યું છે, જીવનને ગૃહવિયોગ સાથે સરખાવ્યું છે. અને જે લોકો પોતાના પ્યારા ઘરને ભૂલી જાય છે તે અટવાઈ મરે છે અને જીવનમાં પણ તે હડધૂત થાય છે."

પ્યારા બાપુ



ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ']

સુકુલભાઈ

ભક્તરાજ બિચારો એકલો કાદવમાં અટવાવા લાગ્યો. પણ તેણે તો પોતાના ઘરથી દૂર તરફની બાજુએ અને વાડ પાસેના દરવાજા ભણી જ નીકળવાનો પ્રયત્ન જારી રાખ્યો. પરંતુ તેના ખભા પરના ભારે બોજાને લીધે તે કંઈ ફાવ્યો નહીં અને વધારે ને વધારે કાદવમાં ફસાતો ગયો. તેવામાં મદદગાર નામે એક માણસ ત્યાં આવ્યો અને તેને પૂછવા લાગ્યો : "અરે, તમે અહીં શું કરો છો ?"

ભક્તરાજ—ભાઈ, મને ધર્મદૂત નામના એક ભલા માણસે પેલી દૂર દેખાતી વાડના દરવાજા ભણી જવા સલાહ આપી છે, જેથી મારા પર જે સંકટ આવવાનું છે એમાંથી હું બચી શકું. તે તરફ જતાં હું અહીં કાદવમાં ફસાઈ પડ્યો છું !

મદદગાર— પણ અરે ભલા માણસ, તમે પગથિયાં જોયાં નહિ ?

ભક્તરાજ—હું ભયથી એવો તો ઘેરાયેલો હતો કે આ તરફ દોડતાં અહીં અટવાઈ પડ્યો !

મદદગાર—ઠીક ત્યારે. તમારો હાથ મને આપો.

ભક્તરાજે પોતાનો હાથ આગળ કર્યો એટલે મદદગારે તેને કાદવમાંથી બહાર ખેંચી કાઢયો અને રસ્તા ઉપર લઈ જઈ વાડ ભણીના રસ્તે જવા કહ્યું. પણ ભક્તરાજે તેને પૂછ્યું : "આ રસ્તો 'વિનાશની નગરી'થી તે વાડ પાસેના પેલા દરવાજા સુધી જાય છે. તો પછી આ કળણવાળી જમીનને સમારવામાં શા માટે નથી આવતી ?"

મદદગાર બોલ્યો : "આ કળણભૂમિને સુધારી શકાય એમ નથી ! જગતમાં જે પાપ દરરોજ થઈ રહ્યાં છે તેને લીધે અહીં બધી ગંદકી, કાદવ વગેરે ભેગું થતું જાય છે. એટલે જ તો આ ભૂમિને 'નિરાશાની કળણભૂમિ' કહેવામાં આવે છે ને ? કારણ કે પાપીને તેની સાચી સ્થિતિનું ભાન કરાવવામાં આવે છે ત્યારે તેના અંતરમાં ભય, કુશંકા, નિરાશા ઉત્પન્ન થાય છે. એ બધું અહીં ભેગું થતું જાય છે; એ કારણે આ ભૂમિ આવી ખરાબ થઈ ગઈ છે. આ ભૂમિના સ્વામીને ગમતું તો નથી કે આ પ્રદેશ આવો ખરાબ રહે. તેણે પોતાના સર્વસત્તાધીશ પ્રભુના બાંધકામ ખાતાના માણસોની સહાય લઈ કેટલાંય વર્ષોથી એને સુધારવાનું જારી રાખ્યું છે; સારામાં સારી જાતની માટી વગેરે હજારો ગાડાં ભરીને અહીં નાખીને પૂરણી કરી છે. પરંતુ હજી એ ભૂમિ એવી ને એવી જ રહી છે અને કોણ જાણે કેટલોય વખત સુધી એવી જ રહેશે.

"પણ એટલું તો સાચું છે કે અહીંના નિયામકની સૂચના અનુસાર અહીં મજબૂત પગથિયાં રાખ્યાં છે. પણ આ પ્રદેશ કાદવથી

એવો તો ભરપૂર છે કે એવા નિરાશા અને ભયના સમયે એ પગથિયાં કોઇને દેખાતાં નથી! પરંતુ એક વાર આ પ્રદેશમાંથી બહાર નીકળ્યા પછી તો વાડ સુધીનો રસ્તો સારો આવે છે."

હવે બીજી તરફ એટલા વખતમાં પોચકીદાસ ઘેર પહોંચી ગયો. આસપાસના પડોસીઓ તેને મળવા આવ્યા. કેટલાક તે પાછો ઘેર આવ્યો એ ઠહાપણભર્યું કર્યું એમ કહેવા લાગ્યા; જ્યારે કેટલાક ભક્તરાજને આ રીતે મુશ્કેલીમાં એકલો છોડીને ચાલ્યો આવ્યો માટે તેને મૂર્ખ કહેવા લાગ્યા; વળી કેટલાક તો એની કાયરતાની મશ્કરી કરતા બોલ્યા : "એક વાર જવાનું નક્કી કર્યા પછી આવી રીતે થોડીક મુશ્કેલી માર્ગ વચ્ચે આવે એટલે હું તો પાછો કદી ભાગી ન જ આવું." એથી પોચકીદાસ બિચારો એ સૌની વચ્ચે ભોંઠો પડીને હેઠે બેસી ગયો. આમ બધા પોચકીદાસની ઠેકડી કરવા લાગ્યા.

ભક્તરાજ પાસેથી મદદગાર ચાલ્યો ગયો એટલે તે પોતાને રસ્તે એકલો જવા લાગ્યો. એટલામાં સામેના ખેતર પાસેથી કોઈ ઝડપથી એની તરફ આવતું દેખાયું. અને બે રસ્તા ભેગા થાય ત્યાં પેલો અજાણ્યો માણસ તેને સામો મળ્યો. તે માણસનું નામ દોઢડાહ્યો હતું. તે 'વિષયનગર'માં રહેતો હતો. ત્યાં તેને ભક્તરાજ વિષે થોડી બાતમી મળી હતી. એટલે તે દોડતો એની પાસે આવીને કહેવા લાગ્યો : "અરે ભલા માણસ, આમ આટલો ભારે બોજો ઉપાડીને હાંફતો, નિસાસા નાખતો ક્યાં જઇ રહ્યો છે?"

ભક્તરાજ—ભાઇ, સાચે જ હું ઢોરની માફક ભારે બોજો વહન કરતો જઇ રહ્યો તો છું જ! અને હું ક્યાં જાઉં છું, એમ તમે પૂછો છો? હું તો પેલી વાડ પાસે જે દરવાજો દેખાય છે ત્યાં જાઉં છું. કારણ કે મને એમ કહેવામાં આવ્યું છે કે, ત્યાં મને એવે માર્ગે દોરવામાં આવશે જેથી આ ભારે બોજાને હું દૂર કરી શકીશ.

દોઢડાહ્યો—તારે બૈરીછોકરાં છે કે?

ભક્તરાજ—હા; પણ હું આ બોજાથી એવો તો અકળાઈ ગયો છું કે મને પહેલાં એ લોકોમાં જેવો આનંદ પડતો હતો એવો હવે રહ્યો નથી. હવે તો હું એમ જ માનું છું કે મારે કોઈ જ નથી.

દોઢડાહ્યો—જો હું તને સાચી સલાહ આપું તો મારું માનશે ખરો?

ભક્તરાજ—જો એ બરોબર હશે, તો શા માટે ન માનું? મારે તો સાચી સલાહની જ ઘણી જરૂર છે.

દોઢડાહ્યો—તો હું તને જરૂર સલાહ આપીશ, જેથી તું થોડા જ વખતમાં આ બોજામાંથી મુક્ત થઇ શકશે. ત્યાં સુધી તને શાંતિ મળવાની નથી; અને પ્રભુએ જે આપણા ઉપર મહેરબાની કરી છે તેની મજા પણ તું ચાખી ન શકે.

ભક્તરાજ—મારે પણ એ જ જોઈએ છે. કોઇ પણ હિસાબે આ બોજાના ભારમાંથી મુક્ત થાઉં તો બસ. પણ એમાંથી શી રીતે મુક્ત થવું એ મને સમજાતું નથી! વળી મારા દેશમાં એવો કોઈ માણસ પણ નથી જે મને એ બાબતમાં મદદ કરી શકે. તેથી તો હું આ બાજુ જઈ રહ્યો છું.

દોઢડાહ્યો—તને આ તરફ જવાનું કોણે કહ્યું છે?

ભક્તરાજ—ભલો અને ઉમદા દેખાતો એક સજ્જન માણસ મને મળ્યો. એ ભલા માણસે મને એ રસ્તો બતાવ્યો. [અનુ૰ પૃ૰ ૮૧]

જીવન-ક્રીડા

ગુરુદયાલ મલ્લિકજી

જીવન એક અજબ શેતરંજ (chess)ની રમત છે. એમાં પ્રભુ અને માણસ નિરંતર ભાગ લે છે. પણ આ રમતમાં જીત હમેશાં પ્રભુની જ થાય છે. માણસ કેટલીય ચતુરાઈ કે કુશલતા વાપરે તોપણ કોઇ દિવસ પ્રભુને પરાજય આપી શકશે નહિ. કવિશ્રી નરસિંહરાવભાઇએ કહ્યું છે ને :—

‘દાવ રમીએ નવનવા,
સોગટાં જ બચાવવા;
ગૂઢ શક્તિ સમર્થ એ,
ના કંઈ દે ફાવવા!’

પરંતુ માણસને પ્રભુને હાથે પરાજિત થવામાં એક પ્રકારનો સ્વર્ગીય આનંદ થાય છે. કારણ કે કબીર સાહેબે એક ભજનમાં કહ્યું છે:

‘પ્રભુ જીતે તો મૈં પ્રભુકી;
પ્રભુ હારે તો પ્રીતમ મેરે.’

આધ્યાત્મિક જીવનનું આ એક મુખ્ય સત્ય છે; જો કે માણસ તે વારંવાર ભૂલી જાય છે.

એક બીજી દૃષ્ટિએ પણ પ્રભુને હાથે હાર મેળવવામાં જ માણસનું કલ્યાણ રહેલું છે. તેને ધીમે ધીમે એવું ભાન થાય છે કે, પ્રભુ જ ‘સકલ કર્મ કરતારા’ છે; એ પોતે, અર્થાત માણસ, પ્રભુના હાથનું એક ઓજાર છે. તેથી જીવનમાં જેટલી ‘હારો’ (defeats) એને મળી હોય એ બધી ‘હારો’ને એક હારમાં પરોવીને પ્રભુના ગળામાં પહેરાવવામાં આવે છે. એવી ભેટથી પ્રભુ અતિશય પ્રસન્ન થાય છે. કારણ કે ત્યારે પ્રભુને એમ લાગે છે કે, “જીવનમાં જે કંઈ મારા દીકરાને મળ્યું છે તે મને હવે સમર્પણ કરે છે. આટલા દિવસ સુધી તે પોતાને મારાથી દૂર રાખતો હતો, અલગ રાખતો હતો, એમ જાણીને કે હું એના પર અપ્રસન્ન છું, નાખુશ છું; કેમકે તેણે જીવનમાં કોઇ જીત નથી મેળવી. પણ તે ભૂલી ગયો હતો કે તેને વારંવાર પરાજિત કરવામાં મારી એક યુક્તિ હતી, જે યુક્તિથી હું તેને મારી પાસે લાવવા ઇચ્છતો હતો. આજે મારી એ ઇચ્છા પૂર્ણ થઈ છે.”

સત્ય તો એ છે કે જીવનમાં હાર જેવું કાંઈ છે જ નહિ. કારણ કે આખો વખત રામજી રમે છે અને આપણે તેની રમત જોઈએ છીએ, અને કોઈ કોઈ વાર એ રમતમાં આપણે પણ તેના ભાગીદાર બનીએ છીએ.

(અંગ્રેજી 'ગીતાંજલિ' કાવ્ય ૯૮)

આરોપીશ તુજ કંઠે મારી હાર તણો આ હાર,
દૂર ક્યાં સુધી રહીશ મારા બલ છલને આધાર?
જાણું હું જાણું અભિમાને જાશે,
નિબિડ વ્યથાથી પ્રાણો ફાટી જાશે,
શૂન્ય હૃદય-બંસી જવ ગીતો ગાશે,
પાષાણો પણ જશે પીગળી નયનજલે ચોધાર.
થોકે થોકે શતદલ-દલ ખૂલી જાશે,
એના મધુકોષોયે ખુલ્લા થાશે.
ગગનતલે કો નયન એક ઊઘડશે,
'ઘરની બહાર ચલો' મુજને સૂચવશે,
કશુંય તે દિન કશું ન બાકી રહેશે,
પરમ મરણ હું પામીશ તારા ચરણતલે તે વાર.

[અનુ૦ નગીનદાસ પારેખ]

સર્જનનું પ્રેરક તત્ત્વ

ગુરુદેવ

કલાવાન ગુણીજનો પણ જ્યાં સાચા ગુણી હોય છે, ત્યાં તેઓ તપસ્વી છે; ત્યાં સ્વેચ્છાચાર નભી શકે નહીં, ત્યાં તો ચિત્તની સાધના અને સંયમ જ હોય. એવા સંપૂર્ણ રીતે શક્તિશાળી મનુષ્યો ઘણા જ થોડા હોય છે, જેઓ પોતાના ધર્મબોધને સોળે આના આચરણમાં ઉતારી શકે. કાંઈ ને કાંઈ ભ્રષ્ટતા આવી જ પડે છે. કારણ કે આપણે બધા હીનતામાંથી પૂર્ણતા તરફ પ્રસ્થાન કરી રહ્યા છીએ, હજુ ચરમ અવસ્થાએ આવી પહોંચ્યા નથી. પરંતુ જીવનમાં જે કાંઈ મહાન વસ્તુ સ્થાયી સ્વરૂપે આપણે ઘડી શકીએ છીએ, તે આપણા અંતરની ધર્મબુદ્ધિની સહાયતા વડે જ, નહિ કે ભ્રષ્ટતાની સહાયતાથી. જ્યાં જ્યાં ગુણીજનોએ પોતાની કલારચના સ્થાપિત કરી છે, ત્યાં ત્યાં તેમનું ચરિત્ર જ વ્યક્ત થયું છે; જ્યાં જ્યાં જીવનને નષ્ટ કર્યું છે, ત્યાં ત્યાં ચરિત્રનો અભાવ જ વ્યક્ત થયો છે. આમ નષ્ટ થતી વખતે તેમના મનમાં ધર્મનો જે એક સુંદર આદર્શ હોય છે, તે અંદરના રિપુઓના આકર્ષણથી ભુલાઈ જવાય છે અને પરિણામે પોતે પીડિત થાય છે. કાંઈ પણ ઊભું કરવામાં સંયમની જરૂર છે, તેને નષ્ટ કરવામાં અસંયમ રહેલો હોય છે. ધારણ કરવામાં સંયમ જોઈએ, માત્ર મિથ્યા સમજણમાં અસંયમ રહેલો હોય છે.

આપણાં ધર્મશાસ્ત્રો પણ જણાવે છે કે કેવળ ધર્મને માટે નહિ, સુખને માટે પણ સંયત થવું જોઈએ: સુખાર્થી સંયતો ભવેત્. અર્થાત જો ઇચ્છાની ચરિતાર્થતા ચાહતા હો, તો ઇચ્છાને વશમાં રાખો; જો સૌન્દર્યભોગ ચાહતા હો, તો ભોગલાલસાનું દમન કરીને પવિત્ર થાઓ, શાંત થાઓ.

ઉત્તમમાં ઉત્તમ માણસ પણ સંયમ નથી સમજતા;
શરીરની સગવડનો જરાયે ભોગ નથી આપી શકતા!
આપણી અવદશા છે.
—ગાંધીજી



બાપુજીની મીઠી વાતો - ૨ .... સાને ગુરુજી

દોસ્તો, મહાત્માજીના જીવનરામાયણમાંની એક બીજી વાત આજે હું તમને કહીશ. મને વધારે વખત મળતો નથી. તેથી હું તો તમને નાની નાની વાતો જ કહીશ. મોટી વાતો તમે મોટાં થશો ત્યારે વાંચજો, ખરું ને?

બેળગામમાં ૧૯૨૪ની સાલમાં રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન હતું. શ્રી. ગંગાધરરાવ દેશપાંડે અને બીજા કાર્યકર્તાઓએ કેટલી વ્યવસ્થા કરી હતી, કેટલું સુશોભન કર્યું હતું! બધાં લોકો ખુશી થયાં, આનંદ પામ્યાં. મહાત્માજી તો કાર્યમગ્ન હતા. તેઓ જ ત્યાંની કૉંગ્રેસના પ્રમુખ હતા. કૉંગ્રેસની બેઠક પૂરી થઈ. બધાં ઘેર જવા ઊપડ્યાં. કેટલાક તો આજુબાજુનાં કુદરતી સૌન્દર્ય–ધામો જોવા નીકળી પડ્યા. એક કાર્યકર્તા ગાંધીજી પાસે જઈને કહેવા લાગ્યા:

"ગાંધીજી, ગેરસપ્પાનો ધોધ તમે જોવા આવશો? હિંદુસ્તાનમાં જ નહિ પણ આખી દુનિયામાં એ સૌથી ઊંચામાં ઊંચો ધોધ છે. આઠસો ફૂટની ઊંચાઈથી તે પડે છે. એ દૃશ્ય બહુ ભવ્ય હોય છે. આવશો ને? મહાદેવભાઈ, કાકાસાહેબ એ લોકોને પણ આવવાની ઇચ્છા છે. તમે આવશો તો તેઓ આવશે. ના ન પાડશો."

"હું શી રીતે આવી શકું? મારાથી હવે આમ સ્થળો જોતાં ઓછું ફરાય એમ છે? કેટલું કામ પડ્યું છે! મહાદેવ પણ ન આવી શકે. કાકાને ભલે લઈ જાઓ."

"ગાંધીજી, આટલી ઊંચાઇ પરથી પડતો આ ધોધ ખરેખર જોવાલાયક છે. કેવાં ફોરાં ઊડે છે, કેવાં ઇંદ્રધનુષો થાય છે! કેટલી ઊંચાઈ પરથી પાણી પડે છે! જાણે આપણે ગંભીર નિસર્ગની, મૂર્તિમંત અનંતતાની એકદમ નજીક હોઇએ એમ લાગે. તમે એવો એકેય ધોધ જોયો છે ખરો? ઊંચેથી પડનારો?"

"હા; કેટલીય વાર જોયો છે."

"ગેરસપ્પા જેટલો ઊંચો?"

"અરે, એનાથીયે ઊંચો."

"ગેરસપ્પાના ધોધ કરતાં ઊંચો ધોધ આખી દુનિયામાં નથી. અમે ભૂગોળમાં વાંચ્યું નથી."

"ભૂગોળમાં નહીં હોય, પણ મેં તો મારી આંખે કેટલીયે વાર જોયો છે. અને તમેય જોયો તો છે જ. કેટલે ઊંચેથી એ પાણી પડે છે!"

"એ નદી કઈ? એ પાણી કયું? અમે તો કદીય જોયું નથી."

"વરસાદનું પાણી! પર્જન્ય-ધારા કેટલે ઊંચેથી પડે છે! એ પાણી ગેરસપ્પાના ધોધ કરતાં શું ઊંચેથી પડતું નથી? મેં સાચું કહ્યું કે નહીં?"

બધાં હસ્યાં. મહાત્માજી પણ હસ્યા. કાકાસાહેબ અને બીજા સાથીઓ ધોધ જોવા ગયા. મહાત્માજીએ તેઓને જવા કહ્યું. પરંતુ પોતે તો પોતાના કાર્યમાં મગ્ન રહ્યા.

મહાદેવભાઈ ઘણા દિવસો પછી એક વાર કામ અંગે મૈસૂર ગયા હતા ત્યારે તેમને ધોધ જોઈ આવવા બાપુજીએ કહ્યું હતું અને તે અંગે વ્યવસ્થા પણ કરી હતી.

વહાલાં પંખીડાં

જવાહરલાલ નેહરુ

બાળકો, આજે દુનિયામાં ઝઘડા થાય છે તેનું કારણ શું? કારણ કે બચપણમાં વાંચેલી કથાઓ બધાં ભૂલી જાય છે. નહિ તો ઝઘડા શાના થાય? તમે ભગવાન બુદ્ધની કથા શીખશો; અશોકની કથા શીખશો; મહાત્મા ગાંધીજીની કથા શીખશો. મહાત્માજી પણ એક વખત બાળક જ હતા ને! તેઓ એ વખતે શું કરતા હતા, કેમ રહેતા હતા અને મોટા થયા પછી એમણે શું શું કર્યું એ બધાનો દાખલો લો. એમનો આદેશ શાંતિનો હતો.

બાળકો, તમે એ કથા ભૂલી ન જતા અને ઝઘડાઓમાં પડી ન જતા. આજે તો લોકો મોટા થતા જાય છે તેમ મૂરખ થતા જાય છે. બચપણમાં સાંભળેલી કથાઓ ભૂલી જાય છે. સાંભળેલી કથાઓના મહાપુરુષોની જેમ વર્તતા શીખે તો બધાય મહાન થઈ શકે.

વળી બાળકો, મોટા થયા પછી તમે ફક્ત ધન કમાવામાં ન પડી જતા. ધન કમાવું એ કંઈ જીવન નથી. તમે ધનિક થશો તો જીવનની કળા અને જીવનની સાર્થકતાથી વંચિત જ રહેશો. તમે ઇતિહાસમાં વીર પુરુષોની કથાઓ વાંચો છો, પણ ક્યાંય ધનિકની કથા છે ખરી? ધનિકની કથા તો ક્યારની ભૂંસાઈ જશે.



શ્રદ્ધા

મહાસતી ઉજજવળકુંવરજી

બુદ્ધદેવે સાત પ્રકારનાં ધન બતાવેલ છે તેમાં સૌથી પ્રથમ કહી છે 'શ્રદ્ધા.' આપણી પાસે આ ધન છે કે નહિ તે જોઈએ. આજની શ્રદ્ધા આપણી સાચી શ્રદ્ધા નથી. શ્રદ્ધા એટલે દૃઢ વિશ્વાસ. 'અગ્નિમાં હાથ નાખવાથી હાથ બળી જાય છે; સર્પ કરડવાથી મનુષ્ય મરી જાય છે' – આ કથનમાં આપણને જેટલી શ્રદ્ધા છે તેટલી જ શ્રદ્ધા 'રાગ અને દ્વેષ, વિષય અને કષાય મનુષ્યને મારી નાખે છે, – એ કથનમાં હોવી જોઈએ; પરન્તુ આજના જીવન પરથી સાબિત થાય છે કે મનુષ્યને તે કથન પર વિશ્વાસ નથી. જો મનુષ્યને શ્રદ્ધા હોત તો દાઝી જવાની કે મરી જવાની બીકે તે અગ્નિ અને સર્પથી દૂર રહે છે તેવી જ રીતે રાગ અને દ્વેષથી, વિષય અને કષાયથી દૂર રહેવા પ્રયત્ન કરત.

શ્રદ્ધા માનવ જીવનમાં જરૂરી છે. શ્રદ્ધા વિના મનુષ્ય ગમે તેટલો બુદ્ધિશાળી હોય, તોપણ તેનું જીવન વિપરીત દિશામાં દોરવાઈ જાય છે.

યુરોપમાં માઇકેલ એંજિલો નામનો એક ચિત્રકાર હતો; તેની ચિત્રકલા બહુ પ્રખ્યાત હતી. તેની લોકપ્રિયતાની એક બીજા ચિત્રકારને અદેખાઈ આવી. તેને થયું, 'હું પણ ચિત્રકાર છું, છતાં લોકો મારાં વખાણ કેમ કરતા નથી? એક વાર હું એવું ચિત્ર બનાવું કે લોકો માઇકેલ એંજિલોને ભૂલી જાય અને હું જ લોકોની જીભે ચડી જાઉં.' એમ વિચારીને તેણે એક સ્ત્રીનું ચિત્ર બનાવવું શરૂ કર્યું. દેશ વિદેશમાં ફરીને સુંદર સ્ત્રીઓનું નિરીક્ષણ કર્યું અને વિવિધ અવયવોની સુંદરતાનો સમન્વય કરીને એક સુંદર ચિત્ર દોરવા માંડયું. જ્યારે ચિત્ર પૂરું થઈ ગયું, ત્યારે દૂર જઇને તે એનું નિરીક્ષણ કરવા લાગ્યો. ચિત્રમાં તેને કંઈક ખામી દેખાવા લાગી. પરન્તુ ખામી ક્યાં હતી? તે તેને સમજાયું નહીં.

એક દિવસે માઇકેલ તે રસ્તેથી જઈ રહ્યો હતો. જ્યારે તેની નજર એ ચિત્ર પર પડી, ત્યારે તેને એ ચિત્ર બહુ સુંદર લાગ્યું, પરન્તુ તેમાં જે ખામી રહી ગઈ હતી તે તેની નજરે પડી. આથી તે પેલા ચિત્રકારના ઘરમાં ગયો અને કહેવા લાગ્યો: "ભાઈ, તમારું ચિત્ર છે તો બહુ સુંદર; પરન્તુ તેમાં એક ખામી રહી ગઈ છે."

ચિત્રકારે કહ્યું," ખામી છે એમ તો મને પણ લાગે છે. પરન્તુ કઈ ખામી છે તે જ ખબર પડતી નથી!"

માઇકેલે કહ્યું, "તારી પીંછી જરા મને દે. હું તે ઠીક કરી દઉં."

ચિત્રકારે કહ્યું, "નહીં, ભાઈ; તું મારું ચિત્ર બગાડી દે તો મારી બધી મહેનત પાણીમાં જાય."

માઇકેલે કહ્યું, "તમે તમારી પીંછી આપો તો ખરા, હું ચિત્ર ખરાબ નહીં કરું."

ચિત્રકાર ચિત્રમાં આંખોની કીકી કાળી કરવાનું જ ભૂલી ગયો હતો! માઈકેલે બંને આંખોમાં બે ટપકાં લગાવી દીધા. પછી તો તે ચિત્ર જાણે જીવંત કેમ ન હોય તેવું લાગવા માંડયું!

ચિત્રકારે આભારની લાગણી અનુભવતા કહ્યું, "ભાઈ, તમારું નામ શું?" માઇકેલે પોતાનું નામ કહ્યું ત્યારે ચિત્રકારે તેની ક્ષમા માગતાં કહ્યું, "ભાઇ, તમે જ ખરા ચિત્રકાર

છો. મેં તમારી ઈર્ષા કરી તે બહુ ખોટું કર્યું છે.”

આપણા જીવનમાં પણ શ્રદ્ધાનું સ્થાન આંખની કીકી સમાન છે. આંખો હોય પરન્તુ કીકી ન હોય તો આંખ હોવા છતાં પણ કંઈ દેખાતું નથી; તેવી જ રીતે શ્રદ્ધા વિનાનું જીવન પણ સૂનું બની જાય છે. શ્રદ્ધા વિના કોઈ કામ થઈ શકતું નથી. આજે તમે ટપાલ પેટીમાં પત્ર નાખો તે ત્રણ દિવસે અમુક સ્થાને પહોંચી જશે – એ વાતમાં તમને શ્રદ્ધા છે; બેંકમાં જમા પડેલ પૈસા જોઇશે ત્યારે મળશે – એ વાતમાં તમને શ્રદ્ધા છે; તે મુજબ અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરેનું પાલન કરવાથી તેનું ફળ પણ અવશ્ય મળશે એવી આપણને શ્રદ્ધા હોવી જોઇએ. પરન્તુ આજે મનુષ્યના મોટા ભાગને તેમાં શ્રદ્ધા રહી નથી. તેથી જ લોકો પૈસા ખાતર અમૂલ્ય સત્ય વેચી નાખે છે. માનવનું આ લક્ષણ જોઇને જ શાસ્ત્રકારોએ કહ્યું છે: ‘શ્રદ્ધા પરમ દુર્લ્લભા’ અર્થાત્ શ્રદ્ધા પણ બહુ દુર્લભ છે; શ્રદ્ધા એ જ સાચું ધન છે.

સરદારશ્રીની વાણી

મોક્ષનો માર્ગ તો આપણા જ હાથમાં છે. કંઈક સંયમો શીખવાના છે, કંઈક પાપો ધોવાનાં છે, કંઈક મિથ્યાભિમાન હોય તે છોડવાનાં છે.

× * ×

આપણી પોતાની જ મૂર્ખાઈથી આપણે બહુ જ દુઃખી થઈએ છીએ; આપણે પોતે જ આપણાં દુખો માટે જવાબદાર છીએ, તો તે સામે શું આપણે ન લડીએ? તે સારુ તો રાતદિવસ જંગ માંડવો જોઈએ.

× * ×

કેળવણી બે પ્રકારની છે: એક કેળવણી માણસની માણસાઈ લઇ લે છે, બીજી માણસને માણસાઈનું ભાન કરાવે છે; એક માણસને મદમાં ચકચૂર કરે છે, બીજી માણસને -- પુરુષ અને સ્ત્રીને – તેના ધર્મ પ્રત્યે જાગ્રત કરે છે. આ બીજી તે જ સાચી કેળવણી.

× * ×

કર્તવ્યનિષ્ઠ પુરુષ કોઇ દિવસ નિરાશ થતો નથી.

× * ×

દુનિયામાં આપણે સૌ ઓછેવત્તે અંશે ગુનેગાર છીએ; પણ જે માણસ પરસેવો પાડી ખેતરમાં કામ કરે છે, અને જગતને માટે અન્ન અને વસ્ત્રની સામગ્રી પકવે છે તે માણસ દુનિયામાં ઓછામાં ઓછો ગુનેગાર છે.

× * ×

બધી ઉન્નતિની કૂંચી જ સ્ત્રીની ઉન્નતિમાં છે.

× * ×

ખેડૂતોની સેવા કરવી હોય, દરિદ્રનારાયણના દર્શન કરવાં હોય તો ખેડૂતોનાં ઝૂંપડાંમાં જાઓ.

× * ×

બહુ બોલવાથી લાભ નહીં, પણ હાનિ થાય છે.

× * ×

કુરબાનીના ક્ષણિક આવેશમાં પોતાની જાતને રાજીખુશીથી હોમી દેવી એમાં બહાદુરી ભલે હોય; પણ કોઇ પણ જાતની પક્ષાપક્ષીમાં પડ્યા વિના કેવળ અજ્ઞાત રહી અખંડ શ્રમ અને શિસ્તવાળું સેવામય જીવન ગાળવું એમાં વધારે બહાદુરી છે. ક્ષણિક આવેશમાં આવીને કરેલાં બલિદાનો આપણને નથી જોઈતાં; પણ સતત કષ્ટ વેઠીને, ત્યાગ કરીને કરેલાં કામોની આપણને જરૂર છે.

[ક્રમશઃ]

પ્યારા બાપુ



ચિ. કુસુમ,

તારો કાગળ [illegible] હું [illegible]
કામ કરી રહ્યો છું.

[illegible]

[illegible]

નિભાવે તેમ પાસે રહી ગણું.

તને જાણી પાસે ન જ રાખવી અથવા તને બીજુ દોરવી એવું મને છેજ નહિં. તું ગામે ત્યાં ફરે છતાં મારી પાસે જ રહી ભણવુ કૂદીને કરે છે. મારી સાથે ફરવાનાં મને ખાસ મોહ તેવા સંવાદનો છે. તારા ભણતરના વખતમાં ફરતી મારી સાથે તારું રહેવાનું ઘણું થશે. પણ તેમ જ ન થઈ શકે તોય તને દરેકના લાભ તો મળતા રહેશે.

મનું ઠીક ચાલે છે. મને નિયમસર લખજે.

બાપુના આશીર્વાદ

૨૨/૫/૪૬

[વડીલજનતુલ્ય પૂજ્ય બાપુજીની સલાહ જીવનને સુપથે દોરવા ખૂબ જ સહાયરૂપ નીવડતી. સ્ત્રી અને પુરુષ એકબીજાને વિકાસમાં સહાયક બને એમ હળતાંમળતાં થાય એ માનવજીવનને ઉન્નત કરનારું બને. એ રીતે સ્ત્રી કે પુરુષ એકબીજાને નાનાં કે મોટાં ન માને: સ્ત્રી પોતાને પુરુષ કરતાં ઊતરતી ન માને અને પુરુષ પોતાને સ્ત્રી કરતાં ચડિયાતો ન માને. જરૂર પડે તો સ્ત્રી પણ પુરુષને શીખવી શકે; પુરુષનો ગુરુ થઈ શકે. યુવાન સ્ત્રીપુરુષ આમ મર્યાદા તેમ જ વિવેક જાળવીને એકબીજાને મદદરૂપ થાય એમાં જરાયે અજુગતું કશું નથી. અવશ્ય કોઈ વાર આપણા જૂના વિચારોના વડીલોને આવું નયે ગમે. તો આપણે આપણા વિવેકભર્યા, મર્યાદાશીલ, શિસ્ત વર્તનથી વડીલોને નિર્ભય કરવા પ્રયત્ન કરવો જોઈએ; ઉદ્ધતાઈ બતાવી તેઓની અવગણના ન જ કરવી જોઈએ. વળી જીવનની પવિત્રતા જાળવવા માટે માત્ર બાહ્ય બંધન કે દાબ આવકાર્ય નથી; એમાં પવિત્રતાની સાચી કસોટી પણ નથી થતી. પરંતુ આપણાં સંતાનોમાં ઉચ્ચ સંસ્કારનું સિંચન કરી તેઓ સૌ વચ્ચે રહીને પ્રતિકુળ વાતાવરણમાં પણ વિવેક અને પવિત્રતા જાળવી શકે એટલી નિર્ભયતા તેમ જ જીવનવ્યવહારની સ્વાભાવિકતા તેઓમાં આવે એ જ માનવવિકાસની સાચી પારાશીશી છે. પૂજ્ય બાપુજી આ જીવનદર્શન સૂત્રાત્મક વાકયોમાં કેવી પ્રેમાળતાથી દર્શાવી શકતા હતા એનું ઉદાહરણ આ વખતનો પત્ર પૂરું પાડે છે. તદુપરાંત આ પત્રમાં સ્નેહાળ વડીલજનની સતત જાગરૂકતા પણ નજરે પડે છે.]

ચિ. કુસુમ,

મને ધાસ્તી છે કે તું ગજા ઉપરવટ કામ કરી રહી છો.

મચ્છરને સારુ મચ્છરદાની રાખવી જોઇએ. એમાં કંઈ ખર્ચ નથી અને શરીર બચે છે. બહાર સૂવાનું મળે તો બહુ સારું. નવયુવકોને શીખવે તેમાં માણેકલાલને સંકોચ થાય એ સમજું છું. પણ અનુભવે એ સંકોચ તું દૂર કરજે. પુરુષો સ્ત્રીને શીખવે તો સ્ત્રી પુરુષને કાં ન શીખવે? તું બેધડક થઇને શીખવજે ને વડીલોને નિર્ભય કરજે. મને જરા પણ સંકોચ નથી. તને પીંજરામાં પૂરીને પવિત્ર રાખવાનો લોભ નથી. તું સ્વતંત્રપણે તારી પવિત્રતા નિભાવે તો જ પાસ થઇ ગણું.

તને મારી પાસે નથી રાખવી અથવા તને નથી દોરવી એવું મને છે જ નહીં. તું ગમે ત્યાં હોય છતાં મારી આંખ તારી ઉપર ફર્યા જ કરે છે. મારી સાથે ફેરવતાં મને ભય માત્ર તારા શરીરનો છે. તારા ને મારા નસીબમાં હશે તો મારી સાથે તારું રહેવાનું પણ થશે. પણ તેમ ન થઈ શકે તોય તને દોરવાનો લોભ તો મને રહેશે જ.

મારું ઠીક ચાલે છે. મને નિયમસર લખજે.

૨૧–૧–૩૪ બાપુના આશીર્વાદ

પત્રપ્રસાદ

દે. વા.

(૧)

ચિ. માવો,

તારો પત્ર મળ્યો. તું રોજ ફરવા જાય છે કે? તારા જેવા બાળકોને સારૂ મેં રંગીન કાપલીઓ સંઘરી છે. તને કયો રંગ ગમે?

૧૯–૨–૩૩ બાપુના આશીર્વાદ

[આના ઉપર જેલરના રાતી સીસાપેનના આદિઅક્ષર છે. દે. વા.]

(૨)

............તારે અક્ષર ચીતરવા જોઈએ. સીધી લીટી, ત્રિકોણ અને કુંડાળાં આટલું તું ચીતરી શકે પછી જ અક્ષર ચીતરાય; કેમ કે અક્ષર ચીતરવા પેલાં ત્રણ ચિત્ર ચીતરવા કરતાં કઠણ છે. આ વાત તારે ગળે કઈ રીતે ઉતારાય?

૨૧–૩–૩૩ બાપુના આશીર્વાદ

(૩)

....વિલાયતી કે બીજા દેશોનાં રમકડાં ન જ લઇયે. આપણા દેશનાં મળે તેથી સંતોષ માનીયે.

૨૯–૯–૩૪ બાપુના આશીર્વાદ

(૪)

તા. ૧૯–૧૦–૪૭
ન. દિલ્લી

ચિ. વિક્રમ,

તારું પત્તું મળ્યું. તારે અક્ષર મોટા લખવા જોઇયે. લીટી દોરે છે તો સરખી દોરવી, અંતર એક જ રાખવું. મોટા અક્ષર કઢાય એટલું અંતર રાખવું. અક્ષર મોતીના દાણા જેવા કાઢવા. તું ક્યાં ભૂલાય એવો છે?

બાપુના આશીર્વાદ

જીવનની સાચી સંપત્તિ

વસંત બહેન મરચંટ

ઈશ્વરે સૃષ્ટિ રચી, એમાં માનવનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું. સૌ પ્રાણીને પોતપોતાનું કર્તવ્ય-વર્તુલ હોય છે. જીવનમાં દરેકને કંઈ ને કંઈ કાર્ય કરવું જ રહ્યું. ઉચ્ચ ભાવનાઓ સેવવી અને આશાના મહેલ રચવા એ અત્યંત સહેલું છે. પરંતુ ભાવના કરતાં કર્તવ્ય અનેકગણું ઉચ્ચ છે. આપણા જીવનનું સાચું મૂલ્ય કર્તવ્યથી જ અંકાય છે.

પશુના જેવું જીવન જીવવું એ માનવધર્મ નથી. પશુજીવનની સંપત્તિ એટલે ખાવું, પીવું, સંતતિ વધારવી, મોજમજા કરવી. પરંતુ માનવજીવનમાં એનાથી કંઈક ઉચ્ચ સંપત્તિ હોય છે.

સંપત્તિના અનેક અર્થ થાય છે: સ્થૂળ અને સૂક્ષ્મ. વ્યાવહારિક દૃષ્ટિવાળો, વ્યાપારી માનસવાળો માનવી સંપત્તિનો અર્થ માત્ર પૈસો જ કરશે. ધન ભેગું કરવું એ જ એને મન સાચી સંપત્તિ છે. તે જીવનનું સર્વસ્વ સંપત્તિને માટે હોડમાં મૂકવા તત્પર થશે. એક રીતે તે પૈસાનો દાસ બની જાય છે. તે તો ‘ પૈસો મારો પરમેશ્વર અને હું તેનો દાસ’ એમ કહેવામાં ગૌરવ લેશે. વળી એ ધનલોલુપ લોકો એમ માનતા હોય છે કે, જે ધનવાન હોય તેના બધા દુર્ગુણો ઢંકાઈ જાય છે.

પરંતુ સંપતિનો ગૂઢ-સૂક્ષ્મ-અર્થ જુદો જ થાય છે. ઉચ્ચ સંસ્કાર, ભાવના અને તદનુસાર કર્તવ્ય એ જ માનવજીવનની સાચી સંપત્તિ છે. એ કારણે બાળપણથી જ બાળકોમાં ઉચ્ચ સંસ્કાર રોપવા જરૂરી છે. ધ્રુવ, પ્રહ્લાદ જેવા અનેક ભક્તોનાં ઉદાહરણ એ દૃષ્ટિએ આપી શકાય.

માનવીએ જીવનું શિવ સાથે મિલન કરવાનું છે. એ અર્થે પ્રાર્થના, સ્તવન, રામનામ ખૂબ સહાયરૂપ થાય છે. પ્રભુ-સ્મરણ એ આત્માનો ખોરાક છે. ‘જેમ ખાવું, પીવું જેટલું જરૂરનું છે તેટલું જ જરૂરનું આત્માને ખોરાક આપવાનું છે.’ બાપુજીએ આપણને એ પાઠ શીખવ્યો જ છે.

સાથે સાથે જીવનને સત્યશીલ કરવું અત્યાવશ્યક છે. સત્ય એ જ પરમેશ્વર છે, એનું રહસ્ય જીવનમાં બાળપણથી જ સ્થાપવું જોઈએ. બાપુજી પર સત્યવાદી હરિશ્ચંદ્રની કેટલી ઊંડી અસર પડી હતી એ સુવિદિત છે. વળી આપણામાં માનવધર્મ સેવા રૂપે-પ્રાણી માત્રની સેવા રૂપે મૂર્ત થવો જોઈએ. માબાપની સેવા, પડોસીની સેવા, દેશબાંધવોની સેવા, જગતના સર્વ માનવીની સેવા, પશુપંખીની સેવા એમ સેવાને જેટલી વ્યાપક કરીએ તેટલી જીવનની સાર્થકતા આપણે પામી શકીએ.

એ જ પ્રમાણે આપણે ઐહિક ઉપભોગ પર, ઇંદ્રિયોના સુખ પર પણ સંયમ કેળવવો જોઈએ. મન એ જ મનુષ્યનો મિત્ર બની શકે છે અને શત્રુ પણ બની શકે છે. માટે મનને સુપથે દોરવા માટે, પ્રેયસ્ કરતાં શ્રેયસ્ પ્રત્યે અભિમુખ કરવા માટે, જીવનું શિવ સાથે મંગલમય મિલન કરવા માટે, ઇંદ્રિયનિગ્રહ, મનનો સંયમ મુખ્ય સ્થાને આવી શકે.

આ રીતે ઉત્તરોત્તર શુદ્ધ થઈ, વિકાસ સાધી માનવીએ ઉચ્ચતમ સમૃદ્ધિ પ્રાપ્ત કરતા જવું જોઈએ. આપણને થવું જોઈએ કે,

‘એષા અસ્માકમ્ પરમા સંપત્।’

આ જ અમારી પરમ સંપત્તિ છે; માનવજીવનની સાચી સંપત્તિ છે.

પ્યારાબાપુ

સેવાધર્મ

પદ્મનાભ શ્રી. જૈની



એક વખતે એક ભિક્ષુને કંઈ રોગ થયો હતો. તે અત્યંત અશક્ત થઈ જઈ મળમૂત્રથી ખરડાયેલો બાપડો એક ખૂણામાં પડ્યો હતો! એવામાં ભગવાન બુદ્ધ એમના શિષ્ય આનન્દને લઈ ફરતા ફરતા ત્યાં જઈ પહોંચ્યા. એ વિહારમાં આ રીતે ભિક્ષુને એક બાજુએ આવી દુર્દશામાં પડેલો જોઈ ભગવાન એની પાસે ગયા અને બોલ્યા :

"ભિક્ષુ! તને શાની બીમારી છે?"

"પેટમા વિકાર છે, ભગવન્!"

"ભિક્ષુ! તારી સેવા કરવા માટે કોઈ પરિચારક તારી સાથે નથી?"

"ના, ભગવન્!"

"કેમ? શા માટે કોઈ ભિક્ષુ તારી પરિચર્યા કરતો નથી?"

"ભન્તે! હું કોઈનું કશું કામ કરતો ન હતો. એટલે કોઈ મારી સેવા કરતા નથી!"

એ સાંભળીને ભગવાને આનન્દને કહ્યું : "જા આનન્દ! પાણી લઈ આવ. આ ભિક્ષુને આપણે સ્નાન કરાવીશું."

"સારું ભન્તે!" એમ કહી આનન્દ થોડી વારમાં પાણી લઈ આવ્યો. ભગવાને ભિક્ષુના દિલ પર પાણી રેડ્યું; આનન્દે એને ધોઇ સાફ કર્યું. પછી ભગવાને અને આનન્દે મળીને તેને ઉપાડીને પથારી પર સુવાડ્યો.

પછી ભગવાને એ વિહારના ભિક્ષુઓને ભેગા કરી પૂછ્યું : "ભિક્ષુઓ! આ વિહારમાં કોઈ ભિક્ષુ બીમાર છે?"

"હા, ભન્તે!"

"ભિક્ષુઓ! એ કયા રોગથી પીડાય છે?"

"ભગવન્! તેને પેટનો વિકાર છે."

"ભિક્ષુઓ! એની પાસે કોઈ રહે છે કે?"

"ના, ભન્તે!"

"અને તમારામાંથી કોઈ પણ ભિક્ષુ એની પરિચર્યા નથી કરતા? શા માટે તમે એને સહાય કરતા નથી?"

"ભન્તે! એ ભિક્ષુ અમારું કશું કામ કરતો નહોતો. એટલે અમે શા માટે એની સેવા કરીએ!"

"ભિક્ષુઓ! અહીં તમારી નથી માતા કે નથી પિતા, જે તમારી સેવા કરી શકે! જો તમે પોતે જ એકબીજાની સેવા ન કરશો તો તમારી સેવા બીજું કોણ કરશે? અને ભિક્ષુઓ! જે મારી સેવા કરવા ઇચ્છે છે તે આવા રોગીની સેવા કરે. જો ઉપાધ્યાય માંદો હોય તો ઉપાધ્યાયની; જો આચાર્ય માંદો હોય તો આચાર્યની; જો આચાર્યનો શિષ્ય માંદો હોય તો શિષ્યની, જ્યાં સુધી તે સારો ન થાય ત્યાં સુધી સેવા કરવી જોઇએ. ભિક્ષુઓ! આટલું ધ્યાનમાં રાખજો : જે મારી સેવા કરવા ઉત્સુક હોય તે રોગીની સેવા કરે."

પ્યારાબાપુ

જીવનની સ્વાભાવિકતા

બબલભાઈ મહેતા

આસપાસની પરિસ્થિતિનું અવલોકન કરતાં એક એવું અનુમાન તારવવાનું મળે છે કે જે ભાઈઓ સેવાકાર્યમાં પડેલા છે તેઓનાં બાળકો મોટે ભાગે રાષ્ટ્રસેવાથી વિમુખ, પ્રત્યાઘાતી, ઉદ્ધત, નબળાં પેદા થતાં હોય છે. એમાં અપવાદો હોય છે. પણ મુખ્યતઃ આવું જોવાનું મળે છે. એનાં કારણો વિચારું છું ત્યારે લાગે છે કે તેઓ વિચારપૂર્વક જીવતા નથી. કેટલાક આવેગને લીધે રાષ્ટ્રસેવામાં ખેંચાઈ આવેલા હોય છે. પણ સમગ્ર જીવન કેમ જીવવું તેવી તેમની પાસે કલ્પના નથી; કોઈ દર્શન પણ નથી. એમાં તેમનો દોષ કાઢીએ છીએ એવું નથી. તેઓ અસાધારણ સંજોગોમાંથી પસાર થયેલા હોય છે.

દરેક રાષ્ટ્રને આવા અસાધારણ સંજોગોમાંથી પસાર થવું પડે છે. કંઈ કંઈ આસમાની સુલતાની જોવી પડે છે. હું વિદ્યાર્થીઓને કહેતો કે દેશ ગુલામ છે ત્યાં ભણવાનું શું? ભણતર છોડો. આમ કહેવાથી કેટલાકે છોડી પણ દીધું. કોઈક પસ્તાતા પણ હશે! પણ એ એક એવો કાળ હતો કે ખૂબ શાંતિથી વિચારવાનો સમય ન હતો. એમ કરવા બેસીએ તો સ્વરાજ માટેનું આંદોલન ન ચલાવી શકીએ. પણ એવા સંજોગો હંમેશાં નથી આવતા. આમાં કોઈ કાર્યકર્તાનો દોષ કાઢવા કરતાં પરિસ્થિતિનો દોષ કાઢીએ. હવે એ પરિસ્થિતિ રહી નથી. હવે રાષ્ટ્રસેવાના કામમાં પડેલાઓએ પોતાના બાળકની કેળવણીનો વિચાર કરવો જોઈએ. તેના ચારિત્ર–ઘડતરનો પણ વિચાર કરવો જોઈએ. એ ન કરીએ તો સ્વદેશી ધર્મ ભૂલ્યા ગણાય.

અસાધારણ સંજોગોમાં લોકો ભલે અસાધારણ જીવન જીવે. પણ હવે આપણે સ્વાભાવિક જીવન જીવતા થવું જોઈએ. કાલે ધરપકડ થશે ૨૦ વરસની સજા થશે તોયે આજે સ્વસ્થ ચિત્તે જે પોતાનાં કાર્યો કર્યે જાય છે તે સ્વાભાવિક જીવન જીવે છે. ગાંધીજી એવું જીવન જીવતા. હું નાનો હતો ત્યારે એવી ઝંખના થતી કે સાધુ થઈ જાઉં. સાધુના સમાગમમાં આવતો. સાધુઓએ મને ખેંચવાનો પ્રયત્ન કરેલો. પણ એ બધા અનેક જાતના સાધુઓને માપવાનો ગજ કયો? મેં એક ગજ નક્કી કર્યો: જેનામાં જેટલી અસ્વાવિકતા બધારે તેટલો તે નાલાયક. જે જાદુ ડોળ દમામ કરે તેટલું તેના જીવનમાં ઢીલું પોચું છે.

સ્વાભાવિકતા માણસના વિકાસનું લક્ષણ છે. અસ્વાભાવિકતા હોય ત્યાં સામાન્ય જનોનું આકર્ષણ વધી જાય છે. એ કેટલીક વાર જીવનમાં જોશ પૂરનારી હોય છે; ભલે તે થોડા કાળ માટે આવે. પણ હંમેશ માટે તો સ્વાભાવિકતા જ જોઈએ. મને પોતાને હું ધૂની છું એવું લાગે છે. ગાંધીજીને સત્યશોધનની ધૂન હતી. ધૂન એટલે તાલાવેલી. એમ છતાં તાલાવેલી પર જઈને સ્વાભાવિકતા જળવાઈ રહેવી જોઈએ. ગાંધીજીનું જીવન વ્રતો પર બંધાયેલું હતું. જે ગાંધીજીને પોતાનો આદર્શ નેતા કલ્પે તેના જીવનમાં વ્રતો આવે જ. વ્રતો વિકાસમાં મદદ કરે છે. એનાથી આત્મવિશ્વાસ વધે છે. પણ એ ધીમેધીમે સમજાય છે. એથી મેં એવું તારવ્યું કે માણસની સ્વાભાવિકતા જળવાઈ રહે અને વ્રતો દ્વારા વિકાસ થાય એ સારું છે.

પ્યારા બાપુ

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

સાધક અને સિદ્ધની ‘રહેણી-કરણી અને વિચારસરણી’માં જમીન-આસમાનનું અંતર હોય છે. જે મોટા વૃક્ષની સાથે આપણે મોટા મોટા હાથીઓ બાંધીએ છીએ, જ્યારે તે નાનો છોડ હોય છે ત્યારે ઘેટાંબકરાંથી તેનું રક્ષણ કરવા માટે તેની આસપાસ વાડ કરવી પડે છે અને બધી રીતે તેની સંભાળ રાખવી પડે છે.

પવનનો થોડો ઝપાટો લાગતાં દીવો તરત જ બુઝાઈ જાય છે. તેથી તેને ખૂબ સાવધાનીથી શાંત જગ્યાએ રાખવો પડે છે. પરંતુ એ જ જ્યોતિ જ્યારે જંગલના ઘાસને કે સૂકાં પાંદડાંને કે લાકડાંને લાગે છે, ત્યારે પવનની બાધા તેને નથી રહેતી, ઊલટું પવનના જોરથી તે આખા જંગલમાં ફેલાઈ જાય છે અને પવન એને નવા નવા ખાદ્ય લાવીને આપે છે. આ ઉપરથી એમ કહી શકાય કે જ્યારે સામર્થ્ય હોય છે ત્યારે જે વસ્તુ પોષક ગણાતી હોય, તેજ વસ્તુ સામર્થ્યના અભાવને લીધે બાધિત સાબિત થાય છે.

વનાનિ દહતો વહ્નેઃ સખા ભવતિ મારુતઃ।
સ એવ દીપ-નાશાય —

માણસ જ્યારે તરતાં શીખે છે, ત્યારે તેને જે નિયમોનું પાલન કરવું પડે છે, તે નિયમો બરોબર તરતાં શીખી ગયા પછી છોડી શકે છે. સાધકની દશામાં બીમારની માફક અનેક પથ્ય પાળવાં પડે છે. સિદ્ધ થયા પછી તેઓની બાધા રહેતી નથી.

દૂધ પાણીથી ખૂબ ડરે છે. દૂધમાં પાણી ભળવાથી તે બેસ્વાદ થઈ જાય છે. પરંતુ એ જ દૂધનું જ્યારે માખણ બને છે, ત્યારે તે પાણીમાં સારી રીતે તરે છે; એટલુંજ નહિ, પાણીમાં રહેવાથી જ તે સારું રહી શકે છે. સિદ્ધાવસ્થા આવ્યા પછી અપથ્ય એ કંઇ અપથ્ય રહી શકતું નથી.

તેથી માણસે નબળા સમય વખતે પોતાની ખૂબ સંભાળ રાખવી જોઇએ. શક્તિનો સંચાર થયા પછી, સામર્થ્યને જોરે જે કંઈ પણ કરે તે પોષક અને ઉપકારક જ થાય છે.

બચપણમાં માણસ પરતંત્ર હોય છે. શું ખાવું જોઇએ, ક્યારે ખાવું જોઇએ; ખાવું જોઇએ કે નહિ, એની બાળકને સમજ હોતી નથી. માબાપ જે પ્રમાણે રાખે તેમ રહેવું અને દુનિયાની દયા પર જીવવું એ જ છે બાળકોનો નિયમ. એ જ બાળકો જ્યારે મોટાં થાય છે ત્યારે તેઓનું પરતંત્રપણું ધીમે ધીમે ઓછું થતું જાય છે. તેઓને થોડો થોડો વિદ્રોહ કરવાનું પણ મન થાય છે. ધીમે ધીમે બધા ઉપદ્રવો તે હજમ કરી શકે છે. અને છેવટે જે માબાપે તેઓને જન્મ આપ્યો, પાળીપોષીને મોટાં કર્યાં, તેઓને એ લોકો પોતાની મુઠ્ઠીમાં રાખવા લાગે છે. હવે તેઓ પોતે પિતા બને છે; અને ભગવાન તેઓને બિલકુલ અસહાય બાળકો આપી દે છે. જ્યારે એ બાળકોનો પણ વખત આવે છે, ત્યારે આ નવાં બાળકો પણ મોટાં થઈ તેઓના આ પિતાને સંભાળવા લાગે છે.

દુનિયાનું વ્યવહાર-ચક્ર જ એવું છે. સામર્થ્ય હોય છે ત્યારે જે વસ્તુ પોષક બને છે, તે જ સામર્થ્યના અભાવને લીધે બાધક થાય છે.

જત કાલ તુઇ શિશુર મતો
રઇબિ બલહીન
અન્તરેરિ અન્ત:પુરે
થાક્ રે તતદિન ।
અલ્પ ધાયે પડબિ ઘુરે,
અલ્પ દાહે મરબિ પુડે,
અલ્પ ગાયે લાગલે ધુલા
કરએ જે મલિન—
અન્તરેરિ અન્ત:પુરે
થાક્ રે તતદિન ।
જખન તોમાર શકિત હએ
ઉઠએ ભ'રે પ્રાણ,
આગુન-ભરા સુધા તાઁહાર
કરબિ જખન પાન,
બાહિરે તખન જાસ રે છુટે,
થાકબિ શુચિ ધુલાય લુટે,
સકલ બાઁધન અંગે નિયે
બેડાબિ સ્વાધિન,—
અન્તરેરિ અન્ત:પુરે
થાક્ રે તતદિન ॥

'જ્યાં સુધી તું નાના બાળકની પેઠે બળહીન હશે, ત્યાં સુધી (અંતર્મુખ થઇને) પોતાના હૃદયના અંત:પુરમાં પડી રહેજે; એ જ તારે માટે યોગ્ય છે. જ્યાં સુધી થોડાક ઘાથી તું પડી જતો હોય, થોડાક દાહથી તું બળી મરતો હોય, તારા શરીરને થોડીક ધૂળ લાગવાથી તું મલિન થઈ જતો હોય, ત્યાં સુધી અન્ત:કરણના—હૃદયના અન્ત:પુરમાં સુરક્ષિત પડી રહેવું એ તારે માટે સારું છે.

પરંતુ જ્યારે તારામાં શક્તિ આવશે, અંગ-પ્રત્યંગમાં પ્રાણ ભરાશે; જ્યારે અગ્નિના જેવી સળગતી સુધા હળાહળની પેઠે પી જવાની શક્તિ તારામાં આવશે, ત્યારે નિર્ભય થઈને અંત:પુરની બહાર આવજે અને સ્વતંત્રતાથી ઘૂમવા લાગજે. કારણ કે ત્યારે ધૂળમાં આળોટવા છતાંયે તું શુદ્ધ રહી શકશે. સર્વ પ્રકારનાં બંધનો પોતાના પર વહન કરીને પણ તું સ્વાધીનતાથી બધે ઠેકાણે ફરી શકશે.

આવી શક્તિ તારામાં નથી, ત્યાં સુધી તો અન્ત:કરણના અં:તપુરમાં પડી રહેવું તારે માટે સારું છે.'

શ્રમ અને આરામ

કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

પરિશ્રમ—યંત્રવત્ અથવા બુદ્ધિયુક્ત બંને—અને અહિંસા સગાં ભાઈબહેન છે. પરિશ્રમનો અણુગમો કેળવીએ તો સાથે સાથે અસમાનતા અને તેને નભાવનારી હિંસાની મનોવૃત્તિ કેળવ્યા વિના નહીં ચાલે. બેશક, માણસને આરામની જરૂર રહે છે, પણ આરામનું સ્થાન જેવું હૃદયની ક્રિયામાં હોય છે તેવું હોવું જોઇએ. હૃદય દરેક વખતે ફૂલે છે અને સંકોચાય છે તેની વચ્ચે તેને કેટલોક વખત આરામ લેવો પડે છે. પણ વિચાર કરો કે કોઈ હૃદય પોતાની આરામની ક્ષણોનો જ આદર કરે અને ફૂલવા-સંકોચાવાની ક્રિયાનો તિરસ્કાર કરતું થઈ જાય તો તેના માલિકની શી દશા થાય? એ જ પ્રમાણે જે સમાજ આરામને જીવનનું ધ્યેય બનાવી દે અને પરિશ્રમ તરફ કંટાળાની જ નજરે જુએ તેને આખરે મરવું જ રહેશે.

ધ્યા રા બાપુ

ગુરુદેવની ચિંતા

મુકુલભાઈ



ઘણાં વર્ષો આ વાતને વીતી ગયાં છે. બાપુજી દિલ્હીમાં હરિજનવાસમાં ઊતર્યા હતા. એ જ દિવસોમાં ગુરુદેવ પણ 'વિશ્વભારતી' માટે ફંડ એકઠું કરવા નીકળ્યા હતા. તેઓ પણ દિલ્હી આવી પહોંચ્યા. ગુરુદેવનો કાર્યક્રમ એ હતો કે તેઓ સ્થળે સ્થળે પોતાની નાટ્યકલા લોકોને દાખવે અને પછી લોકો પાસેથી 'વિશ્વભારતી' માટે ફાળો ઉઘરાવે.

આ વાતની બાપુજીને જાણ થઈ ત્યારે એમનું હૃદય દ્રવી ઊઠ્યું! ગુરુદેવ જેવી વંદનીય મહાન વિભૂતિ વૃદ્ધાવસ્થામાં ફાળો એકઠો કરવા ફરે – અને તે પણ માત્ર સાઠ હજાર રૂપિયા માટે – અને પોતાની નાટ્યકલા અને નૃત્યકલાનું પ્રદર્શન કરે એ વાત બાપુને અસહ્ય થઇ પડી. જ્યારે એમની એ વેદના અદમ્ય થઈ ગઈ ત્યારે તેમણે મહાદેવભાઈ પાસે પોતાનું હૃદય ઠાલવ્યું. મહાદેવભાઈ પણ બાપુની દર્દભરી અંતરવેદના સાંભળી વ્યાકુળ થઈ ગયા.

રાતનો એક પહોર વીત્યો હતો. શ્રી. ઘનશ્યામદાસ બિરલા પથારીમાં પડ્યા પડ્યા નિદ્રાવશ થવાની તૈયારીમાં હતા. ત્યાં તો અચાનક કોઈના પગરવથી જાગી ઊઠ્યા અને તેમણે પૂછ્યું: "કોણ છે?"

મહાદેવભાઈએ કહ્યું: "એ તો હું છું."

મહાદેવભાઈ ચુપચાપ બિરલાજીના પલંગ પાસે જઇને બેઠા. બિરલાજીએ પૂછ્યું: "મહાદેવભાઈ, તમે? રાત્રે કેમ? છે તો બધું કુશળને?"

"હા, બધું કુશળમંગળ છે. થોડી વાતચીત કરવી છે."

પછી મહાદેવભાઈએ બાપુજીની મર્મવેદના ભાવવાહી શબ્દોમાં કહી સંભળાવી. ગુરુદેવને વૃદ્ધાવસ્થામાં નાની રકમ માટે આમ ઠેર ઠેર પોતાની કલાનું પ્રદર્શન કરતા ફરવું પડે એ કેટલી દુર્ભાગ્યની વાત કહેવાય? છેવટે તેમણે ઉમેર્યું: "બાપુએ કહ્યું છે કે, 'ઘનશ્યામદાસને કહો કે તેઓ પોતાના શ્રીમંત મિત્રોને લખે અને છ જણ મળીને દસ દસ હજારની રકમ ગુરુદેવને આપી હિંદુસ્તાનને આ શરમમાંથી બચાવી લે અને ગુરુદેવને નિશ્ચિંત કરીને શાંતિનિકેતન પાછા મોકલી આપે.' "

ગુરુદેવની પાવનકારી જીવનસાધનાના પ્રતીકસમી 'વિશ્વભારતી' માટે ગુરુદેવે પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દીધું હતું. કવિહૃદય રવીન્દ્રનાથને કાવ્યક્ષમ કલ્પનાની આનન્દમયી આહ્‌લાદક સૃષ્ટિ છોડીને 'વિશ્વભારતી' માટે ભેખ લેવો પડ્યો હતો. 'વિશ્વભારતી' એ જાણે ગુરુદેવનું જીવનસર્વસ્વ બની ગઈ હતી. 'વિશ્વભારતી' સંસ્થા હંમેશાં વિકાસ સાધતી રહે અને ગુરુદેવના ગયા પછી પણ તેની પ્રગતિ અટકે નહિ, એ જ એક મહેચ્છા

ગુરુદેવને સર્વદા રહેતી. મૃત્યુનું મુક્તકંઠે ગાન કરનાર મહાકવિ રવીન્દ્રનાથ ઠાકુર ‘વિશ્વભારતી’ના ગુરુદેવ તરીકે જુદા જ તરી આવે છે. પ્રેમાળ ગુરુજનને પોતાના ઘરની જેવી ચિંતા થાય છે, જાણે એવી જ ચિંતા ગુરુદેવને ‘વિશ્વભારતી’ માટે હતી.

ગુરુદેવ જ્યારે છેલ્લી માંદગીમાંથી પસાર થતા હતા ત્યારે તેઓ તેમનાં એક સ્વજન મૈત્રેયીદેવીને ત્યાં મંગપુ નામના ગિરિપ્રદેશમાં થોડો વખત આરામ લેવા ગયા હતા. ગુરુદેવની તબિયત દિવસે દિવસે લથડતી જતી હતી. ત્યાં એક વાર ગુરુદેવને ઊંડા વિચારમાં ડૂબેલા જોઇને મૈત્રેયીદેવીએ તેમને એનું કારણ પૂછ્યું. એટલે ગુરુદેવે પોતાના હૃદયની મહેચ્છા વ્યક્ત કરતાં કહ્યું :—

“જીવન માટે મને વધુ ચિંતા નથી, પરવા નથી. ઇચ્છા ફક્ત એક જ મનમાં રહ્યા કરે છે, અને તે શું એ તું જાણે છે? આ જે ‘વિશ્વભારતી’ને આટલો પરિશ્રમ કરીને આ સ્થિતિએ પહોંચાડી છે, તેનું મારી ગેરહાજરીમાં શું કંઇ જ મૂલ્ય નહિ રહે? એની પાછળ મેં કેવો પરિશ્રમ કર્યો છે તેની તને ક્યાંથી ખબર હોય? કેવા દુઃખમાં એ દિવસો વિતાવ્યા છે, જ્યારે નાની વહુનાં (ગુરુદેવનાં ધર્મપત્ની) ઘરેણાં સુદ્ધાં મારે લઈ લેવા પડ્યાં હતાં! કરજ ચારે બાજુથી વધ્યે જતું હતું. વિદ્યાર્થીઓને પદરનું ખવરાવી-પહેરાવીને રાખવા પડતા, કારણ આમ તો કોઈ પોતાનાં બાળકોને મોકલે જ નહિ, ઊલટાનાં પંડનું ગાડીભાડું ખરચી બીજાંઓને ના પાડી આવે. આવી જાતની મદદ મને મારા દેશવાસીઓ તરફથી મળી છે; અને બીજી બાજુથી ત્યારે જ એક પછી એક મૃત્યુશોકના પ્રસંગો આવ્યા કરતા; એ દુઃખનો ઇતિહાસ પૂરેપૂરો લુપ્ત થઇ ગયો છે. લોકો જાણતા કે, હું-અમે શોખીન શ્રીમંત છીએ. હકીકતમાં હું પૂરેપૂરો નિરાધાર બન્યો હતો. મારા સંસારમાં-ઘરમાં જરાયે શ્રીમંતાઈ ન હતી. નાની વહુને ઘણો ભાર વહેવો પડતો. જો કે એ વિષે તે કદીયે કંઈ મનમાં પણ ન લાવતી. પરંતુ જો આટલાં વિઘ્નો દેશવાસીઓ તરફથી ઊભાં ન કરાત, તો માત્ર અર્થાભાવે આટલું સહેવું ન પડત. સહાય ન મળતી એ તો સામાન્ય વાત હતી, પરંતુ શું વિરોધ-વિઘ્નો!

“ખેર, જવા દો એ વાતને! થવાનું હતું તે થઈ ગયું. પણ હવે આટઆટલી મહેનતે જે ‘વિશ્વભારતી’ ઊભી કરી છે, એનું મારી ગેરહાજરીમાં જો કંઈ જ મૂલ્ય ન રહે, તો આટલા દિવસનો આ બધો પરિશ્રમ નકામો જશે, અને રથી (ગુરુદેવના પુત્ર) વગેરે જીવશે, પણ શું લઇને? એમની ચારે બાજુ જે એક વિશાળ કર્મક્ષેત્ર તૈયાર થઈ ગયું છે, તે ભાંગી પડતાં એ અસહાય થઈ પડશે! મૃત્યુ વિશે વિચારતાં આ એક જ વાત મને મૂંઝવે છે અને તે મારી ‘વિશ્વભારતી’ સંસ્થાની — બીજી કોઇ જ નહિ.”

ગુરુદેવની જીવન-તપસ્યાના મૂર્ત સ્વરૂપ સમી ‘વિશ્વભારતી’ માટે એમને કેવી ઊંડી ચિંતા હતી એનું દર્શન ગુરુદેવના આ ઉદ્ગારોમાં આપણને થાય છે. એ શબ્દોનું સ્મરણ થાય છે ત્યારે ‘વિશ્વભારતી’ દૃષ્ટિ સમીપ આવીને ખડી થાય છે. ગુરુદેવનો આત્મા હજીય એ સંસ્થાના વિકાસને ઝંખતો ત્યાં ક્યાં ન ફરી રહ્યો હોય? જો ગુરુદેવ પ્રત્યે આપણને પ્રેમ અને આદર હોય તો ‘વિશ્વભારતી’ને ગુરુદેવના વિચાર અનુસાર વિકસાવવી જોઇએ. ત્યારે જ ગુરુદેવના આત્માને સન્મતિ શાંતિ મળશે. પ્રભુ આપણને એટલી સન્મતિ આપે એવી અભ્યર્થના.

પ્યારાબાપુ

ત્રિવેણી સંગમ



સંકલનકર્તા : મુ૦ ક૦

(૧૨)

‘ક્રોનિકલ’માં અનેક પ્રકારની હરીફાઈ આવતી. એક દિવસ કેટલાંક ચિત્રોથી સૂચવાતા ધંધાનાં નામોની હરીફાઈ હતી. બાપુ કહે: “ચાલો વલ્લભભાઈ, નામો સૂચવવા લાગો, ઇનામ લેવું છે ના?”

અને સાચે જ કાગળો લખાવતા હતા તે કામ મૂકીને બાપુ આ વિનોદમાં પડયા. બધાં નામો લખ્યાં, અને પછી મહાદેવભાઇને બાપુએ કહ્યું: “મહાદેવ, તમે ‘એક્સ વાય ઝેડ’ને નામે એ મોકલો.” સાંજે મહાદેવભાઇએ બાપુને પૂછયું: “બાપુ, સાચે જ તમે ઇચ્છો છો કે આ મોકલવું?”

બાપુ કહે: “એમાં શું? એમાં થોડો બુદ્ધિનો ઉપયોગ છે અને નિર્દોષ ગમ્મત રહેલી છે.”

(૧૩)

એક વાર એક સરકારી પેન્શનરનો કાગળ હતો: ‘૭૦ વર્ષની ઉંમર થઈ છે, પણ દમનો ઉપદ્રવ બહુ પીડે છે. તમે અનેક પ્રયોગો કરેલા છે, અને કુદરતી ઉપાયે દર્દો સારાં કર્યાં છે તો મને કાંઈ ન સૂચવો?’

બાપુને મહાદેવભાઇએ કહ્યું: “આવા કાગળના કયાં જવાબ આપતા ફરશો?”

બાપુ કહે: “ભલે.” એમ કહીને કાગળ ફાડયો. એટલે સરદાર કહે: “અરે, લખોની કે ઉપવાસ કર, ભાજી ખા, કોળું ખા, સોડા પી.”

બાપુ ખડખડાટ હસી પડયા. અને છેવટે પોતાની રીત મુજબ પત્ર લખાવ્યો.

(૧૪)

એક દિવસ એવલીન રેન્ચ તરફથી Fors clavigera (ફૉર્સ ક્લેવિજેરા)નાં પુસ્તકો આવ્યાં. બાપુ એ ચાર પુસ્તકો જોવામાં ગરકાવ થયા. એની પાછળની વિષયસૂચિથી આશ્ચર્યચકિત થયા અને એ જોવામાં અર્ધો કલાક આપ્યો.

વિષયસૂચિ જોતાં જોતાં બાપુ કહે:–

“‘બ્રિટિશ બાઈબલ’ એ શું હશે?”

એ સાંભળીને વલ્લભભાઈએ પૂછયું: “બ્રિટિશ બાઈબલ એટલે?”

બાપુ કહે: “એટલે બ્રિટિશ લોકોનું બાઈબલ એ શું?”

એટલે તરત જ વલ્લભભાઇએ જવાબ આપ્યો: “પાઉંડ શિલિંગ અને પેન્સ.”

પુસ્તકમાં ખરેખર પાઉંડ શિલિંગ અને પેન્સ એ બ્રિટિશ બાઈબલ એમ જ લખેલું હતું!

વલ્લભભાઇ કહે: “જુઓ, આવું આવું મને આવડે છે ના?”

(૧૫)

જેલમાં બાપુ આગળ છાપું વાંચવાનો વલ્લભભાઈનો ઇજારો. વાંચતાં એમનાં ઘણા ઉચ્ચારોમાં ભૂલો હોય તેની એમને જરાય પરવા નહીં. ખાસ કરીને મદ્રાસ તરફનાં નામોના ઉચ્ચાર તો એમને કેમે કરી મોંએ ચડે જ નહીં. આરોગ્ય સ્વામી મુદલિયારને અંગ્રેજીમાં Arokia swami લખેલું. વલ્લભભાઈ ‘આરોકિયા’ બોલે અને મહાદેવભાઇને હસવું આવે. એટલે પછી વલ્લભભાઇ તેમને ચિડાઇને

કહે: "તને હસવું આવે છે, પણ આમાં તો જે લખાણું તે વંચાણું."

બાપુ કહે: "પણ વલ્લભભાઈ, તામિલમાં 'ક' અને 'ગ'ની વચ્ચે ફેર નથી."

એટલે વલ્લભભાઈ કહે: "પણ અંગ્રેજીમાં તો 'જી' છે ના? તે શા સારુ નથી લખતા?"

(૧૬)

કલકત્તાના Royalists (રૉયલિસ્ટ્સ)ને માટે તૈયાર કરેલો બેન્થોલનો ખાનગી અહેવાલ છાપામાં આવ્યો. તેની ઉપર છાપાંની ટીકા વંચાતી હતી. એમાં Gandhi's constructive vacuities (ગાંધીની રચનાત્મક ગફલતો) એવા શબ્દો આવતા હતા. મહાદેવભાઈએ બાપુને પૂછ્યું "બાપુ, રચનાત્મક ગફલત એ કેવી થતી હશે?"

એટલે વલ્લભભાઈ કહે: "આજે તારી દાળ બળી ગઈ હતી ને, તેવી."

બાપુ ખડખડાટ હસ્યા.

નવો કૂકર આવેલો. વલ્લભભાઈ સારી દાળ વિના ત્રણ મહિના થયા રહેલા અને તે દિવસે સારી દાળની આશા રાખતા હતા. ત્યાં પહેલે જ દિવસે પાણી ઓછું હોવાને લીધે અને દેવતા વધારે હોવાને લીધે દાળ બળી ગઈ હતી!

પ્રતિષ્ઠાનો આદર

આજની શિક્ષણ દુનિયામાં વિદ્યાર્થીના જીવનઘડતરને માટે અનેક પ્રકારના પ્રયોગો થઈ રહ્યા છે. એ બધા પ્રયત્નો દ્વારા વિવેક અને સંયમ લાવવા માટે પણ શિક્ષક અને વડીલો આતુર હોય છે. આપણે ભૂલી જઈએ છીએ કે, વિદ્યાર્થી પુસ્તકમાંથી કે શિક્ષકના શિક્ષણમાંથી જે શીખે છે તેના કરતાં તો અનેકગણું શિક્ષકના કે વડીલના સાક્ષાત જીવનમાંથી અને પોતાની આસપાસના વાતાવરણમાંથી શીખતો હોય છે. વિદ્યાર્થી સમાજનું એક વિવેકભર્યું અંગ બની રહે એમ આપણે ઇચ્છતા હોઈએ તો એ વસ્તુ શિક્ષકના જીવનમાંથી પ્રતિબિંબિત થવી જોઈએ અને વાતાવરણ એ તત્ત્વથી ભરપૂર બનેલું હોવું જોઈએ. કોઈ પણ પ્રકારના અવિવેકી વર્તન માટે કે અસંયમી વ્યવહાર માટે વિદ્યાર્થીને પોતાને જ મનમાં ક્ષોભ થાય અને જે સમાજમાં પોતે જીવી રહ્યો છે તે સમાજમાં પોતાની અપ્રતિષ્ઠા થશે તેવું તેને ભાન થાય તે પ્રકારનું શિક્ષણસંસ્થાનું વાતાવરણ હોવું જોઈએ.

અપ્રતિષ્ઠાના ભયને બદલે પ્રતિષ્ઠા માટેનો આદર વિદ્યાર્થીના જીવનમાં ઊભો કરી શકાય તો આખી પરિસ્થિતિ જ બદલાઈ જાય. આદરમાંથી ભય જન્મતો જ નથી. અપ્રતિષ્ઠાનો હંમેશાં ભય સેવવાને બદલે વિદ્યાર્થી પ્રતિષ્ઠા માટેનો આદર સેવતો થઈ જાય તો વાતાવરણમાં એક પ્રકારની નવીન શુદ્ધિ આવે. આમ કરવા માટે આખું વાતાવરણ નવેસરથી રચાવું જોઈશે. શિક્ષકે પણ પોતાના જીવનમાં ધરમૂળથી ફેરફાર કરી નાખવો જોઈશે. પોતે અપ્રતિષ્ઠાનો ભય ન સેવે, ન વિદ્યાર્થીઓ પાસે સેવરાવે. પોતે પ્રતિષ્ઠાનો આદર કેળવે અને વિદ્યાર્થીઓ પાસે કેળવાવે.

આમ કરીશું ત્યારે ભય પણ જશે, પ્રતિષ્ઠાવાળા સામાજિક જીવનનું વાતાવરણ પણ પેદા થશે અને એ રીતે આપણે ઇચ્છીએ છીએ તેવો શિક્ષણમાં ફેરફાર સહેલાઈથી કરી શકાશે.

— હરભાઈ ત્રિવેદી

પ્યારા બાપુ

ભક્તરાજ [અનુસંધાન પૃ૦ ૬૨ થી ચાલુ]

એ માણસનું નામ છે ધર્મદૂત.

દોઢડાહ્યો—હું તો એવા માણસની સલાહ કદી ન લઉં. તને જે રસ્તે જવા તેણે કહ્યું છે એના કરતાં વધારે ભયાનક અને મુશ્કેલીભર્યો બીજો એકેય રસ્તો આ દુનિયામાં નથી. તું એવું માનીને આગળ તો જા, પછી તને જાતે એ વાતનો અનુભવ થશે. તને થોડીક મુશ્કેલી રસ્તામાં પડી હોવી જોઈએ; તારાં કપડાં ગંદાં થયેલાં છે એ ઉપરથી દેખાઈ આવે છે. પરંતુ એ કળણવાળી ભૂમિ તો હજી દુઃખોની શરૂઆત જ કહી શકાય. જરા મારું બરોબર સાંભળ; હું તારા કરતાં મોટો છું. તને હવે પછી રસ્તામાં થાક, પીડા, ભૂખ, આપત્તિ, ટાઢ, તાપ, સિંહ, સાપ, ઘોર અંધકાર અને એક જ શબ્દમાં કહું તો મોત સામે આવીને મળશે; અને બીજી પારાવાર મુશ્કેલીઓની તો વાત જ શી કરવી? તને કદાચ મારી વાતમાં વિશ્વાસ ન આવતો હોય. પણ મારી પાસે એના જોઈએ એટલા પુરાવા મોજૂદ છે. અને માણસ આમ શા માટે બેફામ બની જઈ અંધારામાં ભૂસકો મારતો હશે અને આવા રખડતા માણસનું માનતા હશે?

ભક્તરાજ—પણ ભાઈ, તમે જે બધી ભયંકર મુશ્કેલીઓ બતાવી તેના કરતાં પણ મારા ખભા પરનો બોજો મને વધારે ભયંકર અને ત્રાસદાયક લાગે છે! રસ્તામાં શી અડચણો આવશે તેની મને જરાયે પડી નથી. ભલેને મારું મોત આવે તોયે મને એની પરવા નથી. પણ આ બોજો મને અસહ્ય થઈ પડે છે!

દોઢડાહ્યો—પણ અલ્યા, તારે માથે આ બોજો શી રીતે આવી પડ્યો?

ભક્તરાજ—આ ધર્મ-ગ્રંથ વાંચતાં મને એનું ભાન થયું.

પ્યારાબાપુ

દોઢડાહ્યો—મને પણ એ જ વિચાર આવ્યો હતો. તારી માફક જ કાચા મનના બીજા માણસો પોતાને વિશે વધારે પડતું માની બેસે છે અને પછી આમ બીજાના ચડાવવાથી અવળે પાટે ચઢી જાય છે! પણ એ રીતે તેઓ પોતાની માણસાઇ જ ગુમાવી બેસતા નથી પરંતુ ભયાનક સાહસો કરવા અંધારામાં ભૂસકો મારવા તૈયાર થઇ જાય છે. એ મૂર્ખ લોકોને પોતાને જ ભાન હોતું નથી કે તેઓ શા માટે આમ કરી રહ્યા છે!

ભક્તરાજ—મને શું મળવાનું છે એ હું બરોબર જાણું છું; આ બોજો હલકો કરવા માટે જ આ માર્ગ મેં લીધો છે.

દોઢડાહ્યો—પણ તારા માર્ગ વચ્ચે આટલી બધી મુશ્કેલીઓ આવવાની છે એ જાણ્યા છતાં તું શી રીતે બોજાને હલકો કરી શકશે? જો મારું સાંભળવાની ધીરજ હોય તો તું જેની ઇચ્છા રાખે છે તે મેળવવા માટે માર્ગ-સૂચન કરું. જો તું મારું માનશે તો તને આ રસ્તે જે મુશ્કેલીઓ આવવાની છે તેમાંથી તું મુક્ત થઈ શકશે. એનો ઉપાય તારા હાથમાં જ છે. વધુમાં તને જણાવું છું કે હું જે માર્ગ બતાવું છું એ માર્ગે મુશ્કેલીઓ ન આવશે એટલું જ નહિ પણ ત્યાં તને આશરો મળશે, મિત્રો મળશે અને તને સંતોષ પણ પૂરતો મળશે.

ભક્તરાજ—ભાઈ, મહેરબાની કરી મને એ માર્ગ બતાવો!

દોઢડાહ્યો—અરે, એમાં શી મોટી વાત! બાજુના જ ગામમાં ન્યાયશાસ્ત્રી નામે મોટો કાયદાબાજ માણસ રહે છે. તે બહુ જ પ્રખ્યાત માણસ છે. તારા જેવા ખભા પર ભારે બોજો વહન કરતા માણસોને એ બોજામાંથી મુક્ત કરવાની કુશળતા એમનામાં છે. મને જેટલી ખબર છે તે પરથી હું કહી શકું કે

તેમણે ઘણા માણસોને એ રીતે મદદ કરી છે. તું એમની પાસે જા; એ જરૂર તને મદદ કરશે. જો તે ઘેર ન હોય તો એમનો છોકરો પણ તને મદદ કરી શકશે. હું તો તને ત્યાં જ જવાની સલાહ આપું છું. ત્યાં તારો બોજો જરૂર દૂર થશે. વળી જો તારી ઇચ્છા પાછા તારે ઘેર જવાની ન હોય તો –હું તો જાણે તને પાછા ઘેર જવાની સલાહ ન જ આપું–તારાં બૈરીછોકરાંને આ ગામમાં બોલાવી શકે છે. એ ગામમાં ઘણાં મકાન ખાલી જ પડ્યાં છે. બહુ જ ઓછી કિંમતે એમાંનું એક તું ખરીદી લેજે. વળી અહીં અનાજ વગેરે પણ ખૂબ સસ્તાં અને સારાં મળે છે. પણ તને તારું જીવન વધારે સુખમય ત્યારે લાગશે, જ્યારે તું જોશે કે ત્યાં તારાં બધાં પાડોશીઓ પ્રામાણિક, ભલાં અને સંસ્કારી છે.

ભક્તરાજ દોઢડાહ્યાની વાત સાંભળીને વિચારમાં પડી ગયો. પછી તેણે વિચાર કર્યો કે, 'જો આ ભલા માણસે જે કંઈ કહ્યું છે એ ખરું જ હોય તો એમની સલાહ માનવામાં જ ડહાપણ રહેલું છે.' એમ વિચાર કરી તે બોલ્યો: "ભાઈ, તમે જે માણસને ઘેર જવા કહો છો એમને ત્યાં જવા માટે કયે રસ્તે જવું જોઈએ?"

દોઢડાહ્યો—તને પેલી દૂર ઊંચી ટેકરીઓ દેખાય છે કે?

ભક્તરાજ—હા; બરાબર દેખાય છે.

દોઢડાહ્યો—એ ટેકરીઓ તરફ તું જજે અને જે પહેલું મકાન આવે એ જ ઘેર પૂછજે.

એટલે ભક્તરાજે ન્યાયશાસ્ત્રીને ઘેર જવાનો માર્ગ પકડ્યો. પણ જ્યારે તે ટેકરીઓ પાસે પહોંચ્યો ત્યારે તેણે જોયું કે ત્યાંથી પસાર થતો રસ્તો ઘણો ઊંચો અને મુશ્કેલ હતો. અને વળી એક બાજુએ મોટી ભેખડ આગળ ધસી આવેલી હતી; તે ક્યારે તૂટી પડે એ કહેવાય એમ નહોતું. ત્યાંથી પસાર થવું ભયભરેલું હતું. એટલે ભક્તરાજ તો ત્યાં જ થંભી ગયો! હવે શું કરવું, એની તેને સમજ પડી નહિ. વળી તેનો બોજો જે થોડો હળવો થયો હતો તે હવે વધારે ભારે થતો જતો હતો! તદુપરાંત, એ ટેકરીઓમાંથી આગના ભડકા નીકળવા લાગ્યા; તેથી ભક્તરાજને બીક લાગી કે તે બળી તો નહિ મરે ને! દોઢડાહ્યાનું માનીને તે આ રસ્તે આવ્યો એ સારુ તે હવે પસ્તાવા લાગ્યો. તેના આખા શરીરે પરસેવો છૂટવા લાગ્યો, શરીર ધ્રૂજવા લાગ્યું અને તે ભયથી બેબાકળો બની ગયો. હવે તેને માથે શી આફત આવી પડશે એ તેને સમજાયું નહિ! (ચાલુ)

કયે માર્ગે ?

અન્નસંકટ ક્યાં નથી? સંકટ તો એ છે કે બધા લોકો આળસુ બની ગયા છે. અન્નસંકટ કહે છે પણ જરા સરખુંયે અન્ન પેદા કરતા નથી. ખેડૂત તો બિચારો અનાજ પેદા કરે જ છે. તેનું અનાજ જરૂરિયાતને સ્થાને નથી પહોંચતું એ તેનો દોષ નથી. એ બધાંનો ઇલાજ તો એ જ છે કે જરૂરિયાતોની બાબતમાં સ્વાવલંબી બનવું જોઈએ. અને સૌએ કંઈ ને કંઈ પેદાશ વધારવાનું વ્રત લેવું જોઈએ. ગાંધીજીએ કહ્યું, ઓછામાં ઓછું રેંટિયો તો કાંતો. તો લોકો કહે છે કે સ્વરાજ્ય આવ્યા પછી હવે રેંટિયો કાંતવાની શી જરૂર છે? જે સાધનોથી સ્વરાજ્ય મળ્યું છે તે છોડીને હવે જાણે સ્વરાજ્ય ગુમાવવાનો કાર્યક્રમ શરૂ કરવાનો હોય નહીં!

— વિનોબાજી

પ્યારા બાપુ

મણકો ૩જો - અહિંસા

સંકલનકર્તા ::: ચંદુલાલ બ. પટેલ

અમેરિકન મિત્રો લખે છે કે : “ આપના દેશની દુર્દશાને કારણે આપને જે ભારે દુઃખ થઈ રહ્યું છે તેનો દિલાસો આપતાં આપને યાદ કરાવીએ છીએ કે આપના સુંદર અને પ્રેરણાભર્યા શબ્દો સારીયે દુનિયામાં ખૂણે ખૂણે પ્રસરી રહ્યા છે. એ તો સ્વાભાવિક વાત છે કે આ દુઃખભરી ઘટનાથી આપને નિરાશા થાય; પણ તેથી આપે નાહિમ્મત તો ન થવું જોઈએ. બીજ કદીયે એકદમ સુંદર અને ખુશબોદાર ફૂલનું રૂપ નથી લઈ શકતું. એને માટે તો પ્રથમ બીજે સડવું પડે છે, પછી ઊગવું પડે છે અને પછી તેનો ક્રમે ક્રમે વિકાસ થાય છે. વિકાસ દરમ્યાન વચ્ચે કદી કંઈ પણ અડચણ આવે છે તો માળીએ હાજર રહીને તે અડચણ દૂર કરવી પડે છે. એ રીતે આપ દુઃખી ભાઈઓની સેવા કરીને તેઓનાં દુઃખો દૂર કરવામાં સાથ આપી રહ્યા છો. અમે આપને પ્રાર્થના કરીએ છીએ કે આપ દુનિયાના બધા દેશોના જુદા જુદા વર્ગો, ધર્મો અને લોકોનો ખ્યાલ કરો. તેઓ સર્વ પણ આજ આપની સાથે શાંતિ અર્થે ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે. અમે સર્વ કે જેઓને આપની શાંતિમય અહિંસક પ્રવૃત્તિ અને તેના લોહી વિનાના વિજયથી બળ અને નવું જોમ મળ્યું છે તે સાથે મળીને પ્રાર્થના કરીએ છીએ કે ભગવાન આપને આશીર્વાદ દે અને આપના ગૌરવવંતા કામની પરિપૂર્ણતા કરવા માટે દીર્ઘાયુ કરે!” હોઈ શકે છે કે આ મિત્રોનું કહેવું સાચું ઠરે! આજ લગી હિંદુસ્તાનમાં પાગલપણાથી જે રક્તપાત થઈ રહ્યો છે તે હવે શાંત પડતો જાય છે. આ રક્તપાત ઇતિહાસમાં અસાધારણ ન હો! જો કે આજ હિંદુસ્તાનમાં જે ગુજરી રહ્યું છે તેને હું તો અસાધારણ માની રહ્યો છું. આપણે એમ માનીએ કે હિંદુસ્તાને જે આઝાદી મેળવી છે તે અહિંસાને આભારી છે તો મારે કહેવું જોઈએ કે હિંદુસ્તાનની અહિંસક લડાઈ કેવળ નામની જ હતી; કેમકે વસ્તુતઃ તે કમજોરોનો નિષ્ક્રિય પ્રતિરોધ હતો. આ વાતની સત્યતા હિંદુસ્તાનની આજની ઘટનાઓમાં પ્રત્યક્ષ દેખાઈ રહી છે.

મેજર જનરલ કરિઅપ્પાએ અહિંસાના સંબંધમાં લખ્યું છે કે : “આજની હાલતમાં હિંદુસ્તાનને અહિંસાથી કંઈ ફાયદો નહિ થાય.” મને ડર છે કે અહિંસાના સંબંધમાં

ઉપરની વાત કરીને બીજા કેટલાક વિશેષજ્ઞોની માફક જનરલ કરિઅપ્પા પોતાના ક્ષેત્રની બહાર ચાલ્યા ગયા છે; અને જાણેઅજાણે પણ એમણે અહિંસાની તાકાત આંકવામાં ગંભીર ભૂલ કરી છે. જીવનભર અહિંસાનો પ્રયોગ કરવાના કારણે અહિંસાનો નિષ્ણાત હોવાનો હું દાવો કરું છું; છતાં મારે કહેવું જોઈએ કે હું તેમાં ઘણો જ અપૂર્ણ છું. સ્પષ્ટ અને નિશ્ચિત શબ્દોમાં હું એમ કહેવા ચાહું છું કે, જેમ જેમ વધારે ને વધારે અહિંસાનો અમલ કરતો જાઉં છું તેમ તેમ મને વધારે ને વધારે સ્પષ્ટ જણાતું જાય છે કે હું મારા જીવનમાં અહિંસાને પૂરી રીતે ઓતપ્રોત કરવામાં હજુ ઘણો પછાત છું. આ સત્ય ઘટના આત્મનિરીક્ષણથી જાણવી એ દુનિયાના સર્વ માનવીઓનો મુખ્ય ધર્મ છે; પણ એની પૂરી સમજ વિના જનરલ કરિઅપ્પાએ એમ કહ્યું છે જે આજના જમાનામાં હિંસાની સામે અહિંસા કંઈ પણ કરી શકતી નથી. પરંતુ હું તો હિમ્મતથી એમ કહું છું કે આ અણુબૉમ્બના જમાનામાં શુદ્ધ અહિંસા જ એક એવી તાકાત છે કે જે હિંસાની બધીયે ચાલબાજીને નિષ્ફળ કરી શકે છે.

★ નવા ગ્રાહક બનાવી 'બાપુ-સ્મરણ' મેળવો ★

સુધારો

ગયા માસના 'પ્યારાબાપુ'માં બાપુજીના હસ્તાક્ષરવાળા પત્રની ટાઈપ નકલમાં (પાનું ૪૨, પહેલી કૉલમ છઠ્ઠી લીટી) 'બીજી વિભક્તિ' છપાયું છે; તે અમારી છાપભૂલ છે. 'બીજી વિભક્તિ'ને બદલે 'ત્રીજી વિભક્તિ' વાંચવા વાચકોને વિનંતિ છે.

(ફોટોબ્લૉક હિંદી માસિક 'આરોગ્ય'ના સૌજન્યથી)

અનુક્રમણિકા.. ... ૩૦ એપ્રિલ ૧૯૫૨

પૃષ્ઠ
૧ સાચી પૂજા ... ... ગાંધીજી ૫૭
૨ ભાવ નિદ્રા ... ... મુનિશ્રી નાનચંદ્રજી ૫૮
૩ સરળ અને સ્પષ્ટ તત્ત્વજ્ઞાન ... કેદારનાથજી ૫૯
૪ ભક્તરાજ ... ... મુકુલભાઈ ૬૧
૫ જીવન–ક્રીડા ... ... ગુરુદયાલ મલ્લિકજી ૬૩
૬ સર્જનનું પ્રેરક તત્ત્વ ... ... ગુરુદેવ ૬૪
૭ બાપુજીની મીઠી વાતો ... સાને ગુરુજી ૬૫
૮ વહાલાં પંખીડાં ... જવાહરલાલ નેહરુ ૬૬
૯ શ્રદ્ધા ... ... ઉજ્જવળ કુંવરજી ૬૭
૧૦ સરદારશ્રીની વાણી ... ... મુ૦ કે૦ ૬૮
૧૧ બાપુના પત્રો ૬૯

પૃષ્ઠ
૧૨ પત્રપ્રસાદ ... ... દે૦ વા૦ ૭૧
૧૩ જીવનની સંપત્તિ ... વસંતબહેન મરચંટ ૭૨
૧૪ સેવા ધર્મ ... ... પદ્મનાભ શ્રી. જૈની ૭૩
૧૫ જીવનની સ્વાભાવિકતા...બબલભાઈ મહેતા ૭૪
૧૬ રવીન્દ્ર મનન ... ... કાકાસાહેબ ૭૫
૧૭ શ્રમ અને આરામ ... ... કિ૦ ઘ૦ મ૦ ૭૬
૧૮ ગુરુદેવની ચિંતા ... ... મુકુલભાઈ ૭૭
૧૯ ત્રિવેણી સંગમ ... ... મુ૦ કે૦ ૭૯
૨૦ પ્રતિષ્ઠાનો આદર ...... હરભાઈ ત્રિવેદી ૮૦
૨૧ કયે માર્ગે? ... ... વિનોબાજી ૮૨
૨૨ ગાંધી માળા ... ... ચંદુલાલ બ. પટેલ ૮૩

ગ્રંથાવલોકન: [અનુ૦ કવરપેજ બીજાથી ચાલુ]

આ પ્રસ્તુત પુસ્તક પણ સાને ગુરુજીનું હોઈ વાંચવાનું મન સ્વાભાવિક રીતે થાય જ. પણ આ નવલકથા વાંચતાં મન જરા વિમાસણમાં પડે છે! પૂજ્ય ગુરુજી આજે હયાત નથી. એટલે એ મૂંઝવણ દૂર થવાનો કશો માર્ગ નથી. નહિ તો સ્વાભાવિક રીતે પૂછવાનું મન થાય કે સંત તરીકે પૂજાપાત્ર ગુરુજી પણ બીજા નવલકથાકારોની પેઠે પ્રણયજીવનનું આવું અસંયમી આલેખન કરી શકે ખરા કે? અથવા શું આપણા સમાજમાં આટલી વિકૃતિ આવી ગઈ છે? જો વિકૃતિ આવી હોય તો શું આવું નિરૂપણ તેને દૂર કરવા સફળ બને ખરું? સંત તરીકે આદરપાત્ર સર્જક પાસે આવા આલેખનની આશા રાખી શકાય ખરી? અસ્તુ.

આખી વાર્તા સામાન્ય કક્ષાની છે. છેવટના ભાગમાં પ્રચારક પણ બની જાય છે. સ્વભાવચિત્રણમાં પણ અત્રતત્ર કચાશ છે. જેમ કે, ઉદયની ઓરડીમાં રહેનારો નવો વિદ્યાર્થી મધુ સરલા જ્યારે ત્યાં આવે છે ત્યારે કેવી બેશરમ રીતે બોલે છે અને ઉદય જ્યારે ઘણા વખત પછી આવે છે ત્યારે લાંબી ફિલસૂફી વ્યક્ત કરવા બેસી જાય છે અને એ જ ઉદયને નવા જીવનમાર્ગે દોરવા પ્રેરણારૂપ થાય છે. આ જરા વિરોધાભાસ ઉપજાવે છે. સાને ગુરુજી પ્રચારક, સમાજ-સુધારક પણ છે. તેથી ઘણી વાર વાર્તાને એ દિશાએ પણ ઘસડી જાય છે. દુઃખમાંથી માંડ માંડ બહાર આવેલી સરલા સનાતનીઓની સભામાં અસ્પૃશ્યતા નિવારણ પર લાંબું વ્યાખ્યાન આપે છે એ જરા વિચિત્ર લાગે છે.

એકંદરે, સાને ગુરુજીના સર્જનના અભ્યાસીને આ પુસ્તક જરૂરી થઈ પડશે.

માનવતાનું મીઠું જગત: ભાગ ૧ તથા ૨; અને ભાગ ૩; પ્રવચનકાર: નાનચંદ્રજી; સંપા૦ સંતબાલજી; પ્રાપ્તિસ્થાન: પૂજ્ય શ્રી દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલય, ઠે૦ ચોરાપા, લીંબડી, (સૌરાષ્ટ્ર); કિં૦ અનુક્રમે અઢી રૂપિયા અને એક રૂપિયો; પૃ૦ અનુક્રમે ૪૧૮ અને ૨૦૦.

માનવ સમાજનું ઘડતર કરવામાં, તેને સુપંથે દોરવામાં, અધોગતિની ઊંડી ફળણમાંથી ઉગારવામાં તેમ જ અજ્ઞાન-નિદ્રામાંથી જાગ્રત કરવામાં સાધુસંતોનો ફાળો નાનોસૂનો નથી. આપણી સંસ્કૃતિ એક રીતે સંત સંસ્કૃતિ જ ગણાય છે. પ્રેયસ્ કરતાં શ્રેયસ્‌ને, સ્વાર્થને બદલે પરમાર્થને, ઐહિક સુખભોગને બદલે જીવનોન્નતિકર મંગલમય શાશ્વત આનંદને જીવનમાં પ્રાધાન્ય આપતી એ સંત સંસ્કૃતિને જ માનવાત્મા સર્વદા ઝંખતો હોય છે. એનું આકંઠ પાન માનવ સમાજને પ્રતિભાશીલ સાધુસંતો પ્રાચીન કાળથી કરાવતા આવ્યા છે.

'માનવતાનું મીઠું જગત'ના બંને ગ્રંથો એવા જ એક હિતચિંતક મુનિશ્રીની પ્રસાદી છે. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજની દૃષ્ટિ વ્યાપક છે. જૈન, જૈનેતર ધર્મગ્રંથોનો અભ્યાસ, અદ્યતન કાળનાં સામાજિક, નૈતિક તેમ જ રાજકીય પરિબળોનું ઊંડું અનુશીલન અને એ સૌને આવરી લેતી વિશ્વકલ્યાણની સુવિશાળ ભાવના એ સર્વને લીધે આ ગ્રંથોની બોધકિંમત બહુ જ મોટી ગણાય.

મુનિશ્રી જીવનના ગૂઢ પ્રશ્નોને પણ સરળ શૈલીમાં રજૂ કરી શક્યા છે. વચ્ચે વચ્ચે પોતાના વક્તવ્યને વધુ બોધગમ્ય કરે એવાં સરળ દૃષ્ટાંતો પણ તેમણે આપ્યાં છે.

મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ જૈન મુનિ હોવા છતાં એમની સર્વધર્મલક્ષી વિશાળ દૃષ્ટિને લીધે આ વ્યાખ્યાનો જૈન તેમ જ જૈનેતર સૌ ભાવિક જીવાત્માને પ્રેરણાદાયી થઈ પડશે.

સુસંસ્કારી એકેએક કુટુંબમાં આ મૂલ્યવાન ગ્રંથોનું વાચન, મનન થતું રહે અને માનવતાનું મીઠું જગત આપણે સર્જવાને શક્તિશાળી થઈએ તો પૂજ્ય મુનિશ્રીનો મંગળ પ્રયત્ન સફળ થયેલો ગણાય. — મુ૦ ક૦

રજી૦ નં૦ બી૦ ૫૨૫૫

સાભાર સ્વીકાર

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૯

નિત્ય મનન: લે૦ ગાંધીજી; કિં૦ એક રૂપિયો; પૃ૦ ૧૫૯.

અસહકારનો વિચાર: લે૦ મથુરાદાસ ત્રિકમજી; કિં૦ આઠ આના; પૃ૦ ૫૬.

ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ ૧

માનવતાનાં ઝરણાં: લે૦ ગણેશ વાસુદેવ માવળંકર; કિ૦ અઢી રૂપિયા; પૃ૦ ૧૩૪

આલબેલ: લે૦ કરસનદાસ માણેક; કિં૦ બે રૂપિયા; પૃ૦ ૧૧૨.

મહારાજ અને મહાત્માજી: લે૦ બિપિન ઝવેરી; કિં૦ સવા રૂપિયો; પૃ૦ ૯૯

રામનાં રખોપાં: લે૦ સાને ગુરુજી; અનુ૦ જયન્ત પરમાર; કિં૦ ચાર રૂપિયા; પૃ૦ ૨૫૬.

કાશીનું કરવત: લે૦ ઈશ્વર પેટલીકર; કિં૦ સાડા ત્રણ રૂપિયા; પૃ૦ ૨૪૦.

ચાતુરીની વાતો: લે૦ નિરંજન વર્મા, જયમલ્લ પરમાર; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૧૨.

ગદલ અને બાદલ: લે૦ વૃજલાલ ત્રિવેદી; કિં૦ દશ આના; પૃ૦ ૫૧.

કાશ્મીરની રાજકુમારી: લે૦ 'દોસ્ત' કિં૦ એક રૂપિયો; પૃ૦ ૭૮.

મિયાં ફુસકી અને છનિયો: લે૦ જીવરામ જોષી; કિં૦ બાર આના; પૃ૦ ૬૦.

બે ચતુર: લે૦ જીવરામ જોષી; કિં૦ બાર આના; પૃ૦ ૭૪.

ચતુર બીરબલ: લે૦ જીવરામ જોષી; કિં૦ બાર આના; પૃ૦ ૫૮.

નંદવાયેલાં હૈયાં: લે૦ પુષ્કર ચંદરવાકર; કિં૦ ત્રણ રૂપિયા; પૃ૦ ૧૮૬.

પૂજ્ય શ્રી દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલય.

ઠે. ચોરાપા, લીંબડી (સૌરાષ્ટ્ર)

માનવતાનું મીઠું જગત ભાગ ૧ તથા ૨: પ્રવચનકાર કવિવર્ય મહારાજ શ્રી નાનચંદ્રજી સ્વામી 'સંતશિષ્ય'; સં૦ સંતબાલજી; કિં૦ અઢી રૂપિયા; પૃ૦ ૪૧૮.

માનવતાનું મીઠું જગત ભાગ ૩; કિં૦ એક રૂપિયો; પૃ૦ ૨૦૦.

ભજનપદપુષ્પિકા: લે૦ મુનિશ્રી નાનચંદ્રજી; મૂળ કિં૦ બાર આના, ઘટાડેલ કિં૦ છ આના; પૃ૦ ૨૫૫.

પ્રાર્થના મંદિર: સંયોજક–મુનિશ્રી નાનચંદ્રજી 'સંતશિષ્ય'; વેચાણ કિં૦ છ આના; પૃ૦ ૧૯૬.

આધ્યાત્મિક પ્રબંધાવલી: લે૦ છોટાલાલ હરજીવન સુશીલ; સં૦ મુનિશ્રી નાનચંદ્રજી; કિં૦ રૂ. ૧-૧૨-૦; પૃ૦ ૨૫૬+૧૬૮+૬૪.

ઇન્ડિયન નેશનલ થિયેટર પ્રકાશન

એકાંકી: (એકાંકી નાટકોનું સામયિક) તંત્રીઓ – ગુલાબદાસ બ્રોકર અને જયંતિ દલાલ; વ્યવસ્થાપકો – નિરંજન ભગત અને સુશીલ ઝવેરી; વાર્ષિક લવાજમ રૂ. બે.

પ્રકાશક અને મુદ્રક: ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ

ચારાધાય



સંપાદક : નવીન ગાંધી

ગ્રંથાવલોકન

માનવતાનાં ઝરણાં: લે૦ ગણેશ વાસુદેવ માવળંકર; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં૦ અઢી રૂપિયા; પૃ૦ ૧૩૪.

'માનવતાનાં' આ 'ઝરણાં'નું આચમન કરતાં ઘણો આનંદ થયો. એ તીર્થનાં જળ હોઈ એનામાં વિશેષ મહત્ત્વ અને પાવિત્ર્ય છે. સ્વ. મેઘાણીએ લખેલી ચોપડી 'માણસાઇના દીવા' વાંચ્યા પછી જે સંતોષ અનુભવ્યો હતો, તે જ સંતોષ અને શુચિતા આ ચોપડીએ આપ્યાં છે, ફરક એટલો કે ત્યાં શ્રી. રવિશંકર મહારાજના અનુભવને શ્રી. મેઘાણીએ શબ્દરૂપ આપ્યું હતું, અહીં શ્રી. દાદાસાહેબે મહારાજના જેવા જ, પોતાના અનુભવો પોતે લખી કાઢ્યા છે.

ધાતુનું વાસણ ગમે તેટલું મેલું હોય તોય તેજાબ આગળ એ તરત મેલ છોડી ઊજળું બને છે, મરણ પણ ઘણી વાર એ જ રીતે તેજાબનું કામ કરે છે. મરણનું એ માહાત્મ્ય, આ ચોપડીમાં જોવાને મળે છે.

ઉપનિષદના ઋષિ કહે છે કે 'સત્યનું મોઢું સોનાના ઢાંકણથી ઢંકાયેલું હોય છે. ભગવાન સૂર્યનારાયણ જ એને ઉઘાડી શકે છે.' આપણે અહીં જોઈ શકીએ છીએ કે સહાનુભૂતિ જ્યારે નિઃસ્વાર્થ સેવાનું રૂપ લે છે, ત્યારે એનો તેજસ્વી પ્રકાશ સૂર્યનારાયણનું કામ કરે છે. અને દરેક હૃદયને 'સત્ય હૃદયથી જ ઓળખી શકાય છે.' 'હૃદયેન હિ સત્યં જાનાતિ।'

શાસ્ત્રધર્મ, પ્રતિષ્ઠાધર્મ, કાયદાકાનૂન અને એની સજાઓ જે ન કરી શકે તે સહાનુભૂતિ કરી શકે છે.

રવિશંકર મહારાજના અને દાદાસાહેબના અનુભવો વાંચીને વાચકોનું મન દ્રવિત અને અંતર્મુખ થાય છે. પણ તેમ થાય એટલું બસ નથી. આપણે મનુષ્યજીવન અને એની વિવિધ પ્રેરણાઓનું ફરી વાર અધ્યયન કરી, આપણા કાયદાકાનૂન, આપણું ધર્મશાસ્ત્ર, આપણી રૂઢિઓ અને આખું સમાજશાસ્ત્ર નવે પાયે રચવાં જોઇએ. આ દિશામાં પણ આપણી લોકસંસદના અધ્યક્ષે પહેલ કરવા જેવી છે. આ કામમાં અસંખ્ય સમાનધર્મા સેવકોનો સાથ ખાત્રીથી મળશે.

—કાકા કાલેલકર

બાપુની સેવામાં: લે૦ વ્રજકૃષ્ણ ચાંદીવાલા; અનુ૦ કરીમભાઈ વોરા; પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; કિં૦ બે રૂપિયા; પૃ૦ ૧૯૯.

પૂજ્ય બાપુજીના પાવનકારી સાન્નિધ્યમાં જીવનને સૌરભિત કરનારી ભાગ્યશાળી વ્યક્તિઓ બાપુજી જતાં એમનાં સંસ્મરણો દ્વારા પોતાની હૃદયવીણાના તારને સ્પંદિત કરી તેમાંથી વહેતા ભક્તિભાવપૂર્ણ સંવેદનોને મૂર્ત સ્વરૂપ આપી રહ્યા છે એ ખરેખર આપણે માટે આશીર્વાદ રૂપ છે. વીસમી સદીના પ્રથમ ચાર દસકામાં જન્મેલાં ઘણાં ખરાં બાળકો પર બાપુજીનાં જીવનકાર્યોની એક યા બીજી રીતે અસર પડી જ છે. અરે, ૧૯૪૮ ની જાનેવારી માસની ૩૦ મી સુધી—બરોબર કહીએ તો ફેબ્રુઆરી માસની ૧૨ મી સુધી—જન્મેલાં ઘણાં ખરાં બાળકો પર પૂજ્ય બાપુજીની સૂક્ષ્મ અસર પડેલી છે. મને ૧૯૪૮ ની ૩૦ મી જાનેવારીનો દિવસ યાદ આવે છે. અમે બધાં વિવાદમય દશામાં બેઠાં હતાં. સૌની આંખમાં આંસુ હતાં. બાપુજીની વાતો ચાલતી હતી. એક બા નાનકડી બેબીને ધવડાવતાં હતાં; પણ એમની આંખમાં આંસુ હતાં અને બાપુજીની વાતો કર્યે જતાં હતાં; વારે વારે પાલવ વડે આંખો લૂછતાં હતાં. નાનકડી પણ સમજુ બેબી ધાવવાનું છોડી બાના મુખ સામે તાકીને જોઇ રહી હતી! એવાં કેટલાંયે બાળકોએ માનાં ધાવણ દ્વારા પણ બાપુજીની સ્મૃતિને પોતાના લોહી સાથે ભેળવી દીધી હશે.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫] ૩૦ મે - ૧૯૫૨ [અંક ૪

ત્રીજો ચમત્કાર

ચમત્કારો ત્રણ પ્રકારના કહેવાય; અને તે ત્રણે પ્રકારના ચમત્કારો હું બરોબર જાણું છું. જેમ કે:

૧ સિદ્ધિઓરૂપી ચમત્કાર;

૨ અન્યના મનની વાતો જાણી લેવારૂપી ચમત્કાર.

આ બંને પ્રકારના ચમત્કારો કરવામાં હું દોષ જોઉં છું; તેથી તે પ્રત્યે મને ઘૃણા, લજ્જા અને તિરસ્કાર છે.

પરંતુ ત્રીજો ચમત્કાર તે શિક્ષણનો ચમત્કાર છે. તેના વડે માણસોને બતાવી શકાય છે કે, આ કામ કરો, આ કામ ન કરો; આવો નિશ્ચય કરો, આવો ન કરો; આનો ત્યાગ કરો, આનો સ્વીકાર કરો. એના વડે જ સામા માણસને ઠસાવી શકાય છે કે, આદિ, અંત અને મધ્યમાં કલ્યાણકારી એવું સત્ય આ છે, તથા તેને અનુરૂપ આચાર આ છે.

આ ચમત્કાર વડે પરમાર્થ સત્ય વિષે સમજ પ્રાપ્ત કરીને, પછી લોકો મન-વાણી-કાયાથી કુશલ કર્મો કરનારા બને છે, શીલયુક્ત બને છે, ઇંદ્રિયનિગ્રહી બને છે, અને જાગ્રત બને છે.

કોઈ ગુલામ પરાધીન દશા ભોગવતો હોય; તેને મરજી મુજબ હરવા ફરવાની કે બોલવા ચાલવાની છૂટ ન હોય; અમુક વખત બાદ તે ગુલામીમાંથી મુક્ત થાય, અને મરજી મુજબ હરવા ફરવાની યોગ્યતાવાળો થાય, ત્યારે પહેલાંની ગુલામ દશાની તુલનામાં પોતાની સ્વતંત્ર દશાથી તેને જેવી હાશ વળે છે—

તેમ જ્યાં સુધી આપણા ચિત્તના દોષો દૂર થયા નથી હોતા, ત્યાં સુધી આપણે જાણે દેવાના બોજા નીચે કચડાતા હોઈએ, બીમાર દશામાં હોઇએ, ગુલામીમાં હોઇએ કે માર્ગ ભૂલા પડયા હોઇએ, તેવી દશા ભોગવીએ છીએ. પણ જ્યારે આપણા ચિત્તના દોષો દૂર થઇ જાય છે, ત્યારે આપણે જાણે દેવામાંથી, રોગમાંથી, ગુલામીમાંથી કે ભુલભુલામણીમાંથી મુક્ત થયા હોઇએ, તેવા બનીએ છીએ.

શિક્ષણનો ચમત્કાર આવો છે!

ભગવાન બુદ્ધ



પ્રેમ સગાઈ

સૂરદાસ

સબસે ઊંચી પ્રેમ સગાઈ ।
દુર્યોધન કો મેવા ત્યાગો સાગ વિદુર ઘર પાઈ ॥
જૂઠે ફલ સબરી કે ખાયે બહુવિધિ પ્રેમ લગાઈ ।
પ્રેમ કે બસ નૃપ-સેવા કીન્હીં આપ બને હરિ નાઈ ॥
રાજસુયજ્ઞ યુધિષ્ઠિર કીનો તામેં જૂઠ ઉઠાઈ ।
પ્રેમ કે બસ અર્જુન–રથ હાંક્યો ભૂલ ગયે ઠકુરાઈ ॥
ઐસી પ્રીતિ બઢી વૃન્દાવન ગોપિન નાચ નચાઈ ।
સૂર ક્રૂર ઈસ લાયક નાહીં કહું લગી કરૌં બડાઈ ॥

પ્રેમની સગાઈથી વધારે ચડિયાતું કે વધારે મજબૂત બંધન બીજું એકે નથી. સુદામાના પ્રેમને વશ થઈ ભગવાન શ્રીકૃષ્ણે તેની ચીંદરડીમાં બાંધેલા તાંદુલના ભાંગેલા દાણાની ભેટ હોંસથી સ્વીકારી હતી, અને દુર્યોધનના ઘરના ભાતભાતના મેવા છોડી વિદુરના પ્રેમને વશ થઈ તેના ઘરની તાંદળજાની ભાજી આરોગી હતી. વળી અર્જુનની પ્રેમાળ ભક્તિથી રાજી થઈને તે પોતાનું રાજત્વ વીસરી ગયા અને તેમણે તેના સારથિ થઈ તેના રથના ઘોડા હાંક્યા; અને આપણને જણાવવામાં આવ્યું છે કે, અર્જુનના વિજયમાં તેના ધનુષની અસાધારણ શક્તિના કરતાં ભગવાન શ્રીકૃષ્ણની અશ્વવિદ્યાની કુશળતાનો ફાળો વધારે હતો. આ જગતમાં આપવા જેવી સેવામાં પ્રેમથી કરેલી સેવાથી ચડિયાતી બીજી નથી. પ્રેમની સેવામાં બદલાની કે વળતરની માગણી હોતી નથી. પ્રેમ બદલાની કે વળતરની માગણી કરે ત્યારે બહુ હલકી જાતનું સાટું બની જાય છે, ને ભ્રષ્ટ થાય છે. આપમેળે ખુશીથી કરેલી પ્રેમભરી સેવાથી માણસ ચોખ્ખો થાય છે ને ચડે છે.

ગાંધીજી

અવૈર-વૃત્તિ

પદ્મનાભ શ્રી. જૈની



એક સમયે ભગવાન બુદ્ધ કપિલવસ્તુ નગરીમાં વિહાર કરતા હતા. તે વખતે કપિલવસ્તુમાં શાક્ય લોકો રહેતા હતા અને એ નગરીની પાસે જ કોલિયનગરમાં કોલિય લોકો રહેતા હતા. કપિલવસ્તુ અને કોલિયનગરની વચ્ચે થઇને રોહિણી નામની નદી વહેતી હતી. શાક્ય અને કોલિય એ બંને જાતિના લોકો એ નદીમાંથી પોતાનાં ખેતરો માટે પાણી લેતા હતા. પણ એક બાર બંને લોકો રોહિણી નદીનો પ્રવાહ પોતાની જ નગરીને માટે ઉપયોગમાં આવે એવો પ્રયત્ન કરવા તત્પર થયા. તેથી તેઓ નદીના પ્રવાહને પોતાના નગર તરફ વાળવા મથવા લાગ્યા. જ્યારે જેઠ મહિનો આવ્યો ત્યારે બંને નગરીના કામદારો નદીને કિનારે ભેગા થયા. શાક્ય લોકોને ઉદ્દેશીને કોલિય લોકોએ કહ્યું: “અરે શાક્ય લોકો, આ નદીનું પાણી કંઈ તમારા એકલા માટે નથી કે તમે એનો પ્રવાહ તમારા નગર તરફ વાળવા તૈયાર થયા છો. અમે પણ નદીને તીરે રહીએ છીએ તો એનું પાણી અમનેય શા માટે ન મળે?”

શાક્યોએ સામો પડકાર કરતાં કહ્યું: “અરે કોલિય લોકો, તમે આ નદીના પ્રવાહને બંધ બાંધીને તમારા નગર પૂરતો ઉપયોગમાં લેવા તૈયાર થયા છો તો શું અમે અમારી તિજોરી ખાલી કરીને તમારે ત્યાં અન્નની ભીખ માગવા આવીએ? શું અમને ખેતરો નથી, અમને પેટ નથી?”

પ્યારા આપુ

એ રીતે બોલાચાલી કરતાં કરતાં મોટો ઝઘડો થયો. વાતવાતમાં મારામારી શરૂ થઇ ગઈ અને બંને વચ્ચે મોટો કલહ ઉત્પન્ન થયો. એકમેકને તેઓ ગાળો દેવા લાગ્યા. ધીમે ધીમે એ લોકોનો વિખવાદ ઉગ્ર સ્વરૂપ પકડતો ગયો. છેવટે બંને ગામના સૈનિકો અને લોકો નદીના કિનારે આવીને યુદ્ધ કરવા તૈયાર થયા.

ભગવાન બુદ્ધને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ અસ્વસ્થ થઈ ગયા. તે દિવસે સવારે મંગળ પ્રભાતમાં ભગવાન વિચારવા લાગ્યા કે, ‘આજે જો હું એ યુદ્ધક્ષેત્ર પર ન જાઉં તો આ બંને જાતિઓ લડી મરશે; બંનેનો વિનાશ થશે.’ તેથી ભગવાન એકલા જ રોહિણી નદીને તીરે જઈને બેઠા. રોહિણી શાંત પ્રવાહમાં વહી જતી હતી. તેને જાણે ખબર જ ન હોય કે થોડા વખત પછી એમાં લોહીની નદી ભળવાની છે!

થોડા વખત પછી બંને પક્ષના શસ્ત્રસજ્જ સૈનિકો રણક્ષેત્ર ભણી આવવા લાગ્યા. પરંતુ ભગવાનને ત્યાં પ્રશાંત બેઠેલા જોઇને

તેઓની યુદ્ધ કરવાની મતિ ન ચાલી. પોતાનાં શસ્ત્રો એક બાજુએ મૂકી દઈ તે સૌ ભગવાનને પ્રણામ કરી ઊભા રહ્યા. ભગવાને રાજાને પૂછ્યું: "હે રાજા, આ કલહ શાનો? શા માટે તમે સૌ શસ્ત્રસજ્જ થઇને આવ્યા છો?"

રાજા યુદ્ધનું કારણ આપતા શરમાયો. તેણે સેનાપતિને આગળ કર્યો. પણ સેનાપતિને પણ શરમ આવી. એટલે તેણે એક સૈનિકને આગળ કર્યો. પરંતુ સૈનિક પણ શરમાઇને મૂગો ઊભો રહ્યો. છેવટે એક ખેડૂતે આગળ આવીને ભગવાનને કહ્યું: "ભન્તે! રોહિણી નદીના પાણી માટે આ કલહ થયો છે."

"આ પાણીની કિંમત કેટલી હશે?"

"ભન્તે! પ્રાણીની તે શી કિંમત હોય?"

"તમે અહીં બધા ભેગા થયા છો એ યોદ્ધાઓની શી કિંમત છે?"

"ભન્તે! માનવ-પ્રાણ તો અમૂલ્ય છે. પાણી સાથે માનવીની સરખામણી શી રીતે થાય?"

"તો પછી આવા તુચ્છ પાણી માટે અમૂલ્ય માનવજીવનનો ભોગ આપવો, આત્મનાશ અને પરનાશ કરવા પ્રવૃત્ત થવું એ તમને શોભે ખરું? આ પગલું તમને યોગ્ય લાગે છે? આમ કરવામાં તમારું કલ્યાણ છે ખરું?"

ભગવાનનાં વચનો સાંભળી રાજા, સેનાપતિ, લોકો બધા જ સ્તબ્ધ થઈ ગયા, મૂક થઈ ગયા.

ભગવાન બોલ્યા: "ગ્રામજનો! આજે હું ન હોત તો તમે રોહિણી નદીના પાણીને ખાતર લોહીની નદી વહાવી હોત, ખરું ને? તમે લોકો વેરથી કામ લેવા માગો છો, જ્યારે હું અવેરથી કામ લેવા કહું છું. ક્લેશથી ઉશ્કેરાઇને તમે વાત કરો છો, જ્યારે હું શાંત હૃદયથી વાત કરવા કહું છું. કેવળ પોતાના સ્વાર્થથી પ્રેરાઇને તમે કામ કરો છો, જ્યારે હું તમને બીજાનો ખ્યાલ પ્રથમ રાખવા કહું છું.

"જો તમે સૌ પણ એવી ઇચ્છા કરો કે અમે સૌ નિર્વૈર થઈ, ક્લેશરહિત થઇ, સહૃદય થઇ સૌ સુખેથી જીવીએ, તો કેટલું મંગળ થાય?"

ભગવાને યુદ્ધ અટકાવ્યું, ઝઘડો પતાવ્યો, દુશ્મનાવટ દૂર કરી. કોઇનો ન થયો જય કે ન થયો પરાજય. બધાનો જીવન-પ્રવાહ રોહિણી નદીની જેમ પ્રશાંતપણે આગળ વહેવા લાગ્યો.

"જયં વેરં પસવતિ ।
દુક્ખં સેતિ પરાજિતો ॥
ઉપસન્તો સુખં સેતિ ।
હિત્વા જયપરાજયં ॥"

(જય વેરને જન્મ આપે છે; પરાજય પામેલો માણસ દુઃખે સૂએ છે; જયપરાજયનો ત્યાગ કરીને શાન્ત થયેલો માણસ સુખે સૂએ છે.)

રસ્તો સાફ કરનારા એક હરિજનને સંબોધીને એક ફિલસૂફે કહ્યું: "મને તારી ખૂબ દયા આવે છે! તારું કામ સૌથી ગંદું અને સૌથી અઘરું છે."

હરિજને કહ્યું: "ધન્યવાદ; પરંતુ આપ કયું કામ કરો છો, એ જણાવશો?"

ફિલસૂફ બોલ્યો: "હું માણસનું મન, તેનાં કાર્યો અને તેની વાસનાઓનો અભ્યાસ કરું છું."

હરિજને રસ્તો સાફ કરવા માંડ્યો અને હસતાં હસતાં કહ્યું: "મને તારી દયા આવે છે!"

—ખલિલ જિબ્રાન

ધર્મનો પ્રાણ

કાકા કાલેલકર

કોઇ દાનવીર રાજાએ જાહેર કર્યું હતું કે કોઈ મારી પાસે જે કાંઇ માગવામાં આવે તેની હું ના કહેવાનો નથી! આવી પ્રતિજ્ઞા એક વાર કર્ણે કરી હતી અને તેને પોતાના પ્રાણસમા કૂંડલો આપવાં પડ્યાં હતાં. શ્રી હરિશ્ચંદ્રે સ્વપ્નમાં એક બ્રાહ્મણને રાજપાટ આપી દેવાનું વચન આપ્યું, અને તે વચન જાગૃતિમાં પાળવા ખાતર તેણે કેટલી ભયાનક વિટંબણાઓ વહોરી લીધી તે આપણે જાણીએ છીએ. રાજા બળિએ પણ વામનને ત્રણ ડગલાં ભૂમિ આપવાનું વચન આપી સર્વસ્વનો નાશ કર્યો હતો. આપણા દાનવીર રાજાની તેથીયે વધારે આકરી કસોટી થઇ હતી. કોકે એની પાસેથી બે વસ્તુ માગી. રાજાએ વગરવિચારે તરત હા પાડી. પેલાએ કહ્યું, "મને તારું રાજત્વ (રાજલક્ષ્મી) અને તારું ચારિત્ર્ય આ બે વસ્તુ આપ." લોકકથામાં રાજાએ બંને વસ્તુ આપી અને પછી એનો બાહ્ય અને આંતરિક બંને રીતે નાશ થયો એવું કંઈક હશે. ચારિત્ર્ય ગયું એટલે બધું જ ગયું. લોકવાર્તા મારે લખવી હોત—એટલે કે જો લોકવાર્તાનો રાજા હું હોત—તો હું જુદો જ જવાબ આપત.

"જો ચારિત્ર્ય જ જવાનું હોય તો અત્યારથી જ હું વચનભ્રષ્ટ કેમ ના થાઉં? અને વચન તોડીને પણ જે કંઈ ચારિત્ર્ય બચી જશે તે, અને મારું રાજત્વ હું કેમ ન બચાવું? ચારિત્ર્યભ્રષ્ટ થવા માટે ચારિત્ર્યપાલન, વચનપાલન કોઈ કરતું હશે?"

હરિશ્ચન્દ્ર પણ કહી શકત કે, 'રાજ મારું નથી પણ પ્રજાનું છે. મારી પત્ની અને મારા દીકરા મારી માલિકીની વસ્તુઓ નથી કે તેમને હું વેચી શકું. જે મારું નથી તેનું દાન હું કેમ જ કરી શકું?' અને સ્વપ્નમાં આપેલું વચન સ્વપ્નસૃષ્ટિમાં જ પળે. સ્વપ્નસૃષ્ટિમાં વિવેક શિથિલ થયેલો હોય છે અને વિકાર, આંધળી ભાવના અને મોહ પ્રબળ હોય છે. સ્વપ્નસૃષ્ટિનું રાજ જાગૃત સૃષ્ટિ ઉપર ન જ ચાલવું જોઇએ. બળિ કહી શકત કે વામનમૂર્તિને મેં ત્રિપાદ ભૂમિ આપી હતી; ત્રિવિક્રમને આપી ન હતી.

ધારાબાપુ

એક પુરાણી વાર્તા સાંભળી હતી. શ્રી રામચંદ્રને વનવાસની આજ્ઞા આપ્યા પછી દશરથે રામચંદ્રને બોલાવીને કહ્યું કે, "વચનબદ્ધ થવાથી મેં એ આજ્ઞા આપી છે. રાજહિતનો વિચાર કરીને નથી આપી. હું વચનબદ્ધ છું, તું સ્વતંત્ર છે. મારી આજ્ઞા તોડીને તું રાજપાટનો કબજો લે. પ્રજાનું કલ્યાણ કર." રામચંદ્રે કહ્યું કે, "પહેલી આજ્ઞા આપે ધર્મવશ થઇને કરી હતી, બીજી આજ્ઞા આપ મોહવશ થઇને કરો છો. પહેલી આજ્ઞા ધર્મપરાયણ રાજાની છે, બીજી આજ્ઞા મોહવશ પિતાની છે. પ્રજાનું કલ્યાણ તો ભરત પણ મારા જેટલું જ સારી રીતે કરી શકશે. એટલે આપની પહેલી આજ્ઞાનું હું પાલન કરીશ. બીજી આજ્ઞાનું પાલન કરી શકતો નથી."

રામચંદ્રજીએ ધર્મબુદ્ધિ સાથે વિવેકબુદ્ધિ પણ જાગૃત રાખી હતી. યુધિષ્ઠિર—ધર્મરાજે દ્યૂત પહેલાં જો આવી જ વિવેકબુદ્ધિ જાગૃત રાખી હોત તો ભારતીય યુદ્ધ અને તેમાંથી નિપજેલો સર્વનાશ વખતે ટળ્યો હોત!

ધર્મ આપણું સર્વસ્વ છે, પણ ચારિત્ર્ય એ જ ધર્મનો પ્રાણ છે. ચારિત્ર્યને કોઈ કાળે ગૌણ સ્થાન ન અપાય. વિવેક અને ચારિત્ર એ જ વ્યકિતગત તેમ જ સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં સર્વોપરિ હોવાં જોઇએ.

આદર્શ અને જીવનસંગ્રામ

મુનિશ્રી સંતબાલજી

આપણો આદર્શ મહાન હોવો જોઇએ. એક વખત કોઇએ મહાત્માજીને પૂછ્યું કે, બાપુ! જે આદર્શને પહોંચી ના શકાય એવા મોટા આદર્શને પકડી રાખવાથી શું ફાયદો? ત્યારે તેમણે જવાબ આપ્યો કે આવો વિચાર જ પુરુષાર્થહીનતા સૂચવે છે. આદર્શ કદી ઢીલો ના હોવો જોઈએ. આપણું નિશાન સ્પષ્ટ હોવું જોઈએ. નિશાન સામે હશે તો ખાડા-ટેકરા વટાવીને પણ આપણે ધારેલા સ્થળે પહોંચી શકીશું. જેમ આકાશનો અંત નથી તેમ આદર્શનો અંત ના હોય. આ વાત જેમ વ્યક્તિને લાગુ પડે છે તેમ સમાજને પણ લાગુ પડે છે. મોટા સમૂહો પણ જો સત્ય નીતિથી આગળ વધવા માગતા હોય તો તેમણે વિચારવું જોઇએ કે અમારા આદર્શો ભલે દૂરના હોય પણ અમે તેની સામે નજર રાખીને પગ માંડીશું.

ઇશુએ કહ્યું હતું: 'ઓ દરિદ્રીઓ! સ્વર્ગ તમારા માટે છે.' આ કહેવા પાછળ એક ગૂઢ ભાવ ભરેલો હતો; તે એ કે દરિદ્રતામાં વૈભવ-વિલાસ ઓછો હોય છે. બહુ ઓછી જરૂરિયાતથી જીવવાનું હોય છે એટલે એને કોઈ પાપ કે કોઇનું શોષણ કરવું પડતું નથી.

દરિદ્રતા એટલે માત્ર ખાવાનું કે ઓઢવાનું ના મળે તે નહીં, પણ વસ્તુઓ મળવા છતાં સંયમી રહે, ત્યાગ કરીને ભોગવતો હોય, જેનું હૃદય આર્દ્ર હોય તે સાચો અકિંચન છે.

આપણા મનને તપશ્ચર્યા (વ્રતો–નિયમો) થી ઘસવામાં ના આવે તો મન ઢીલું થતું જાય છે. પણ જો એને વારંવાર તાવવામાં આવે તો તેજસ્વી બને છે અને ધારેલું કામ આપી શકે છે. રામચંદ્રજી રાજકારણમાં રહેતા છતાં એક સંત હતા એ તેમણે સિદ્ધ કરી બતાવ્યું છે. કૈકેયીમાતામા જે દોષ હતા, ઇર્ષા, લોભ, વહેમ, પાખંડ પેસી ગયાં હતાં તેને કાઢવા માટે તેમણે જુદી જ રીત અજમાવી. એ માતાનું બહુ માન કર્યું; તેમની આજ્ઞા શિરોમાન્ય કરી.

રામ પાસે કોઇ રિદ્ધિ સિદ્ધિ હતી માટે મહાન નહોતા પણ બીજાના દોષો પોતા પર ઓઢી લેતા એટલે મહાન ગણાયા. માણસ ગમે તેવો દુષ્ટ લાગતો હોય, દોષો આવી ગયા હોય તો પણ ઇશ્વર બેઠેલો છે એ ભાવ બરાબર સમજાઈ જાય તો સમાજગત અને વ્યક્તિગત સંગ્રામમાં આપણે મનદુઃખ સિવાય જીત મેળવી શકીએ અને પ્રેમ પણ જાળવી શકીએ. આજના યુગમાં ગાંધીજી આવો સંગ્રામ કરી ગયા. બ્રિટિશોને તેમણે વૈરી ના ગણ્યા, મિત્રો ગણ્યા. પરિણામે એનાં મીઠાં ફળ આજે પણ ચાખવા મળે છે.

વિરાટદર્શનમાં પ્રભુએ બતાવ્યું કે અર્જુન અને દુર્યોધન, પાંડવો અને કૌરવો બધા જ ભેગા છે. જીવન અને મરણ તે પણ એક જ સિક્કાની બે બાજુ બતાવી, પણ વૃત્તિઓ જુદી હોવાને કારણે સંગ્રામ અનિવાર્ય બને છે. આપણું આખું જીવન પણ સંગ્રામથી ભરેલું છે. ખોરાક પચાવવામાં પણ કેટલાંય તત્ત્વો સામે લડાઈ કરવી પડે છે. નકામી વસ્તુઓને મળ-મૂત્ર રૂપે બહાર ફેંકે છે અને સારી વસ્તુ પચાવે છે. એવો જ સંગ્રામ આજે અંદર-બહાર બધે જ ચાલી રહ્યો છે. એમાં જીત અને હારનારનો પ્રેમ બન્ને સાચવી રાખવાનાં છે. આદર્શને વળગી રહેનારનું છે. એ માટે કાળને વશ નહીં થતાં આપણી વૃત્તિઓ ઉપર વિજય મેળવીશું તો જીવન સફળ બનાવી શકીશું એ નક્કી છે.

પ્યારા બાપુ



ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ']

મુકુલભાઈ

ભક્તરાજ પસ્તાવો કરતો નિરાશ થઈને બેઠો હતો એવામાં તેણે ધર્મદૂતને તેની પાસે આવતો દીઠો. તેને જોઇને ભક્તરાજ પોતાની ગફલત માટે શરમાવા લાગ્યો.

ધર્મદૂત તેની પાસે આવીને કડક અને ઠપકાભરી રીતે તેની તરફ જોઇને પૂછવા લાગ્યો: "કેમ, ભક્તરાજ, તું અહીં ક્યાંથી?"

ભક્તરાજને શો જવાબ આપવો એ સૂઝ્યું નહિ. તે એમની સામે અવાક્ ઊભો રહ્યો પછી ધર્મદૂતે પૂછ્યું: "'વિનાશની નગરી'ની બહાર રોકકળ કરતા માણસને મેં જોયો હતો એ શું તું જ છે કે?"

ભક્તરાજ—હા જી; હું એ જ માણસ છું!

ધર્મદૂત—મેં તને વાડ તરફના દરવાજા ભણી જવા નહોતું કહ્યું?

ભક્તરાજ—જી; આપે કહ્યું હતું.

ધર્મદૂત—તો પછી તું આટલી જલદી કેમ બીજે રસ્તે ચડી ગયો? તું હવે ખોટે રસ્તે જઇ રહ્યો છે.

ભક્તરાજ—'નિરાશાની કળણભૂમિ'માંથી બહાર નીકળ્યા પછી મને એક ભાઈ રસ્તે મળ્યા. તેમણે મને સલાહ આપી કે બાજુના ગામમાં એક માણસ રહે છે તે મારો બોજો દૂર કરવામાં મને સહાય કરી શકશે.

ધર્મદૂત—એ ભાઇ કોણ હતા?

ભક્તરાજ—તે બહુ ભલા માણસ જેવા દેખાતા હતા. તેમણે મને એવી રીતે સમજાવ્યું કે તેમનું મારે માનવું જ પડ્યું! તેથી હું આ તરફ આવ્યો છું. પણ જ્યારે મેં આ ભેખડને મારા માથા પર ધસી આવતી જોઇ એટલે હું અહીં થંભી ગયો. મને થયું, રખેને તે મારા માથા પર પડે!

ધર્મદૂત—એ માણસે તને શું કહ્યું હતું?

એટલે ભક્તરાજે આખી ઘટના ધર્મદૂતને કહી સંભળાવી અને કહ્યું: "હે ધર્મદૂત, મારે હવે શું કરવું એ કંઈ સૂઝતું નથી!"

એ સાંભળી ધર્મદૂત બોલ્યો: "અહીં જ શાંતિથી ઊભો રહે. હું તને પ્રભુનો આદેશ સમજાવું છું. આ દુનિયામાં આપણને કોઈ કંઇ કહે તો રખેને તેને ખોટું લાગી જશે એમ માનીને આપણે તેને એકદમ ના પાડતા નથી. જો એમ કરીએ તો તે માણસની નારાજી વહોરી લેવી પડે છે. તો પછી પ્રભુએ આપણને જે આદેશ આપ્યો હોય તેની અવગણના કરીએ તો પ્રભુ નારાજ થાય કે નહિ? ભગવાને તો કહ્યું છે કે, 'જે લોકો મારામાં વિશ્વાસ રાખી જીવન જીવે છે તેઓને હું સન્માર્ગે દોરું છું. પરંતુ જેઓ મારાથી વિમુખ માર્ગે જાય છે તેઓને દોરવાનું મને મન થતું નથી.' એ પ્રમાણે તું પણ હાથે કરીને આ આપત્તિમાં આવી પડ્યો છે અને પ્રભુએ નિર્દેશેલા શાંતિના માર્ગને છોડીને

મૃત્યુના મુખમાં ધકેલી મૂકે એવા વિનાશને પંથે જવા તેં સાહસ કર્યું છે."

એ સાંભળીને ભક્તરાજ ધર્મદૂતને પગે પડી રડતો રડતો કહેવા લાગ્યો: "મને ધિક્કાર હજો! મોત વિના હવે મારો છુટકો નથી!"

એટલે ધર્મદૂતે તેને હાથ ઝાલી ઊભો કર્યો અને કહ્યું: "માણસના કોઈ પણ જાતના પાપ કે કલંકને પ્રભુ માફ કરે છે. અશ્રદ્ધાળુ ન બનો, શંકાશીલ ન બનો, પણ શ્રદ્ધાળુ બનો."

ધર્મદૂતનાં આ વાકયો સાંભળીને ભક્તરાજને કંઈક શાતા વળી. અને તે પહેલી વારની જેમ કંપતો ઊભો રહ્યો.

પછી ધર્મદૂતે આગળ કહ્યું: "હું તને જે કહું તે બરોબર ધ્યાનમાં રાખજે. દોઢડાહ્યા જેવા માણસોની આ દુનિયામાં ખોટ નથી. એ લોકો સંસારી સુખમાં રાચતા હોય છે અને પ્રભુએ નિર્દેશેલો ધર્મપરાયણ માર્ગ તેઓને રુચતો નથી. એ લોકોને વિષયસુખ ગમતાં હોવાથી, મેં તને જે સુપંથ બતાવ્યો છે એ માર્ગ સાચો હોવા છતાંયે તેઓ એ માર્ગે જનારને અવળે રસ્તે દોરવા હંમેશાં તત્પર રહે છે. આ માણસની સલાહમાં ત્રણ વસ્તુ રહેલી છે: એક તો તને તારા માર્ગેથી ખોટે માર્ગે વાળવાની; બીજી પ્રભુ પ્રત્યે તારો જે ભાવ છે તે મોળો પાડવાની વૃત્તિ; અને ત્રીજી વાત એ કે તને એવે રસ્તે દોરવો જેથી તારો વિનાશ થાય!

"વળી તને બાજુમાં આવેલા ગામમાં રહેતા ગૃહસ્થની વાત કરી એ ગૃહસ્થ તેમ જ એનું આખું કુટુંબ જ સંસારનાં બંધનમાં જકડાયેલું છે, તો પછી એ તને શી રીતે આ બોજામાંથી મુક્ત કરી શકવાનો હતો?

દોઢડાહ્યો અને તેના સાથીઓ બધા ઠગ લોકો છે. એ લોકો મોટી મોટી ડંફાસની વાતો કરીને અને ખોટી આશા આપીને તને ખોટે રસ્તે – અધોગતિને રસ્તે – દોરી જનારા છે. માટે એવા લોકોનું કદી સાંભળતો નહિ."

ધર્મદૂતે આમ કહ્યું પછી તરત જ ભક્તરાજ જે ટેકરી પાસે ઊભો હતો ત્યાંથી આગ ઝરવા લાગી અને ગડગડાટ થવા લાગ્યો.

ભક્તરાજ તો જાણે મોત સામે આવીને ઊભું હોય એવા ભયથી ધ્રૂજી ઊઠ્યો! તે દોઢડાહ્યાને શાપ દેવા સંડ્યો. આવા માણસની વાત માનવા માટે તે પોતાને મૂરખનો સરદાર કહેવા લાગ્યો. દોઢડાહ્યા જેવો માણસ માત્ર ઉપરછલ્લી વાતો કરીને સાચો માર્ગ છોડાવીને ખોટે માર્ગે દોરી જવા સફળ થઈ શકે એ ભક્તરાજને પોતાને ખરેખર શરમભરેલું જણાયું.

આથી તે ધર્મદૂતને પાછો વિનંતી કરતો કહેવા લાગ્યો: "હે ભલા ધર્મદૂત, તમે શું ધારો છો? શું મારે માટે હવે કશી આશા રહી નથી? શું હું અહીંથી પાછો ફરીને વાડ પાસેના દરવાજે જઈ શકીશ ખરો? આવા માણસની સલાહ મેં માન્ય રાખી એ માટે મને હવે ખૂબ પસ્તાવો થાય છે; પણ મારા આ દોષની મને માફી મળશે ખરી?"

ધર્મદૂત—તેં બે ભારે દોષ કર્યા છે: એક તો તેં સારા માર્ગનો ત્યાગ કર્યો અને બીજું એ કે જે રસ્તે જવાની તને મનાઈ કરી હતી તે રસ્તો તેં ગ્રહણ કર્યો. તોયે દરવાજા પાંસે ગયે તો માણસ તારો સ્વીકાર કરશે; કારણ કે તે સૌનું કલ્યાણ ચાહે છે. પણ હવે એટલી ખબરદારી રાખજે કે રસ્તે કોઈનું માનીને ખોટે માર્ગે ન જતો, નહિ તો તારો નાશ થયેલો સમજજે.

આટલું કહીને ધર્મદૂતે ભક્તરાજને આશીર્વાદ આપીને વિદાય કર્યો. ભક્તરાજ ઝડપથી પાછો મૂળ રસ્તે જવા ઊપડ્યો. [અનુ. પૃ૦ ૧૦૯ મે]

ધીરજની મહત્તા

ગુરુદયાલ મલ્લિકજી

પ્રકૃતિના અંતરમાં શાંતિ છે; એનું કારણ શું છે? એનું એક જ કારણ છે કે, તે ધીરજ રાખવાનું સારી પેઠે જાણે છે. તેના કામમાં એક જાતની નિયમબદ્ધતા છે, છંદ છે, જે સાચવીને તે પોતાના ધ્યેયમાં અર્થાત પ્રત્યેક કૃતિમાં પૂર્ણતા મેળવવા સફળ થાય છે. અને જે કોઈ પોતાના જીવનનું ધ્યેય અને તે ધ્યેયના વિકાસની પદ્ધતિ જાણે છે તે ધીરજ રાખી શકે છે; તે શાંત રહી શકે છે.

પણ માણસની પ્રવૃત્તિઓમાં ઘણી વાર ચંચળતા, ઉતાવળ જોવા મળે છે. એનું કારણ છે તેની પોતાની અધીરાઈ. તે ઇચ્છે છે અને એવી આશા પણ રાખે છે કે, તેનું દરેક કામ જેમ બને તેમ જલદી સફળ થાય. પરંતુ તે ભૂલી જાય છે કે જેમ એક બીજ પોતાની રીતે, પ્રકૃતિની રીતે, અમુક સમયમાં જ ફલીભૂત થાય છે. તેમ માણસની દરેક પ્રવૃત્તિ પણ અમુક સમયમાં જ સફળ થશે.

જેમ પ્રકૃતિના રાજ્યમાં, તેમ જ આધ્યાત્મિક જીવનના ક્ષેત્રમાં પણ, જે વ્યક્તિ ધીરજ રાખવાનું જાણે છે તે જ સત્યને આખરે ઓળખી શકે છે. એટલા માટે જ એક મહાપુરુષે કહ્યું છે કે, જેઓ ધીરજ રાખી શકે છે ફક્ત તેઓ જ સ્વર્ગમાં પ્રવેશ કરવાનો અધિકાર મેળવી શકે છે. તેથી જ ધર્મનું એક અગત્યનું અંગ છે–ધીરજ રાખવાની શક્તિ અને તે શક્તિ કેવી રીતે કેળવવી એની પદ્ધતિ.

માણસની એક ભૂલભરેલી માન્યતા છે કે ધીરજ રાખવામાં તેનો સમય નકામો બરબાદ થઈ જાય છે. ખરી રીતે જેઓ ધીરજ રાખવાનું જાણે છે તેઓના જ સમયની વૃદ્ધિ થાય છે, એમ એક કહેવત છે. ધીરજ રાખવાથી બાહ્ય દૃષ્ટિથી સમયનો જે નાશ થતો દેખાય છે, તે અંતરદૃષ્ટિથી પૂર્ણતા તરફ એક વધારે પગલું ભર્યા બરોબર છે.

જીવનનું સાચું ધ્યેય તેનો સર્વાંગી વિકાસ

છે. એ સર્વાંગીપણામાં જ તેની સંપૂર્ણતા છે. અને જે કંઈ સંપૂર્ણ છે તે છંદમય છે; અને જે છંદમય છે તેના વિકાસના વાતાવરણમાં અવકાશ છે. એ જ અવકાશનું એક અગત્યનું રૂપ છે ધીરજ ધરવી તે.

(અંગ્રેજી 'ગીતાંજલિ' કાવ્ય ૮૨)

હે રાજેંદ્ર, તારા હાથમાં કાલ અનંત છે. કોઈ ગણતું નથી. રાત્રિ અને દિવસ આવે છે અને જાય છે. યુગયુગાંતરો પુષ્પની પેઠે ખીલે છે અને ખરે છે. નથી તને મોડું થઈ જતું. નથી તને કશી ઉતાવળ. રાહ જોતાં તને આવડે છે. એક પુષ્પની કળીને ખીલવવા માટે તું સૈકાનાં સૈકાં ધીરજપૂર્વક સાધના કર્યા કરે છે.

અમારી પાસે વખત નથી. એટલે અમે બધા ટોળે વળી હોંસાતોંસી કરીએ છીએ. વિલંબ કોઈથી સહેવાતો નથી.

આથી બીજા બધાની સેવા પહેલાં પતાવતાં પતાવતાં જ સમય વહી જાય છે, અને તારી પૂજાનો થાળ ખાલી જ પડી રહે છે.

આખરે મોડો મોડો, રખેને તારા મંદિરનાં દ્વાર વસાઈ ગયાં હોય, એ બીકે ફડફડતો, દોડતો આવું છું. પણ આવીને જોઉં છું તો તારો વખત વહી ગયો નથી હોતો.

[અનુ૦ નગીનદાસ પારેખ]

સરદારશ્રીની વાણી

તમે ગમે તેવી કેળવણી લો, પણ એવા ન બની જજો કે ગરીબ ખેડૂતોના બળદ જેમ મોટર જોઇને ભડકે છે તેમ ખેડૂતો તમને જોઇને ભડકે ને ભાગી જાય!

× * ×

વકીલ અને કોર્ટની પાસે જવું તેના કરતાં જમરાજાને ત્યાં જવું બહેતર છે. દુનિયામાં ભગવાનને નામે જેટલાં જૂઠાણાં અદાલતોમાં બોલાય છે તેટલાં બીજે ક્યાંય ન બોલાતાં હશે.

× * ×

જ્યાં જ્યાં અન્યાય લાગે ત્યાં ત્યાં સામે થાઓ.

× * ×

મને જુવાનોના ખેલ ખેલવાનું મન થાય છે, પણ વૃદ્ધોનો અનુભવ મને સંયમ પણ શીખવે છે.

× * ×

અસ્પૃશ્યની વ્યાખ્યા તમે જાણો છો? પ્રાણીના શરીરમાંથી જ્યારે પ્રાણ નીકળી જાય છે ત્યારે તે અસ્પૃશ્ય થાય છે. મનુષ્ય શું કે પશુ શું, જ્યારે પ્રાણ વિનાનું થઈને, શબ થઈને પડે છે ત્યારે તેને કોઈ અડતું નથી અને તેને દફનાવવાની અથવા અગ્નિસંસ્કારની ક્રિયા થાય છે. પણ જ્યાં સુધી મનુષ્ય કે પ્રાણીમાત્રમાં પ્રાણ છે ત્યાં સુધી તે અસ્પૃશ્ય નથી. એ પ્રાણ તો પ્રભુનો અંશ છે, અને કોઈ પણ પ્રાણીને અસ્પૃશ્ય કહેવું એ પ્રભુના અંશનો, પ્રભુનો તિરસ્કાર કરવા બરોબર છે.

× * ×

જાતે ધન પેદા ન કરતાં બીજાનું ધન લેવાની બુદ્ધિ ચલાવે એને હું બુદ્ધિનો વ્યભિચાર કહું છું.

× * ×

સાચા ત્યાગ અને આત્મશુદ્ધિ વિના સ્વરાજ ન આવે એ ખચીત માનજો.

× * ×

અદાલતો અને શરાબખાનાં શેતાનનાં ઘરો છે.

× * ×

ખરું જોતાં સરદારીમાં નહીં પણ સિપાહીગીરીમાં જ સુખ રહેલું છે.

(ક્રમશઃ)

પ્યારાબાપુ

પ્રતિકારનો માર્ગ

મહાસતી ઉજ્જવળકુંવરજી

વિવેકી પુરુષને ગમે તેટલા બાહ્ય પરિષહ આપવામાં આવે તોપણ તે જરાયે ક્રોધ કરતો નથી, પરન્તુ બધું સમતાથી સહન કરે છે. પાપ, હિંસા, વગેરે અધર્મમાં સાચું બળ નથી; સાચું બળ છે અહિંસા અને સત્યમાં. પાપ અથવા હિંસા તો ક્ષણિક છે; એક દિવસે તે નાશ પામનાર છે. તેમ છતાં પાપ અને હિંસાનો સામનો પણ તેવા જ બળથી કરવામાં આવે તો તે થોડો વખત ટકે છે. દાખલા તરીકે એક માનવના હૃદયમાં દ્વેષ ભાવના આવી અને સામા માણસે પણ તેનો સામનો દ્વેષ ભાવનાથી કર્યો; તો આ પરિસ્થિતિમાં દ્વેષ થોડો સમય ટકી રહે છે. દ્વેષનો પ્રતિકાર દ્વેષથી થાય તો ટેકો મળે છે, પ્રેમથી થાય તો દ્વેષ નાશ પામે છે. આ સૌ કોઈના અનુભવની વાત છે.

ક્રોધ કરનારની સામે જો ક્ષમા ધારણ કરવામાં આવે તો ક્રોધ નાશ પામવાનો જ; પરન્તુ ક્રોધનો પ્રતિકાર ક્રોધથી કે હિંસાનો પ્રતિકાર હિંસાથી કરવામાં આવે તો ક્રોધ અને હિંસાને ટેકો મળે છે અને તેથી તે થોડો વખત ટકી રહે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના બીજા અધ્યાયની ટીકામાં કહ્યું છે: એક વાર કૃષ્ણ મહારાજ બળદેવ, સત્યક અને દારુકની સાથે જંગલમાં ફરવા ગયા. ફરતાં ફરતાં તે બહુ દૂર નીકળી ગયા; ત્યાં જ રાત પડી ગઈ; પાછા ફરી શકાય તેમ ન હતું અને તેથી રાત જંગલમાં ઝાડ નીચે જ પસાર કરવાનો તેઓએ વિચાર કર્યો. વારા ફરતી જાગવાનું બધાએ નક્કી કર્યું.

સૌથી પહેલાં દારુકનો જાગવાનો વારો હતો. એટલે તેમણે પહેરો રાખવા માંડ્યો. બાકીના બધા સૂઈ ગયા હતા. દરમ્યાનમાં એક રાક્ષસ તેમની સામે આવ્યો અને બોલ્યો, "મને બહુ જ ભૂખ લાગી છે. માટે મને આ ત્રણ માણસોને ખાવા દે."

દારુકે કહ્યું, "એ કેમ બને? હું તેમની રક્ષા માટે ઊભો છું, એટલે મારા દેખતાં તેમને તું કેમ ખાઇ શકે?"

દારુકે ના પાડી; એટલે રાક્ષસે પહેલાં તેના ઉપર જ હુમલો કર્યો. દારુકે તેનો સામનો કર્યો. બંને વચ્ચે લડાઈ ખૂબ ચાલી. પરન્તુ દારુક રાક્ષસને હરાવી શક્યો નહીં. તેટલામાં દારુકનો સમય પૂરો થઈ ગયો અને સત્યકનો જાગવાનો વારો આવ્યો.

સત્યક જાગ્યો, એટલે થાકેલો દારુક કંઇ પણ બોલ્યા વિના સૂઈ ગયો. થોડા સમય બાદ રાક્ષસ ફરીથી આવ્યો અને સત્યકને પણ તે જ વાત કહી. સત્યકે કહ્યું, "મારા દેખતાં તું કોઈને ખાઇ શકીશ નહીં. પહેલાં મને હરાવ અને પછી તેમને ખા." સત્યક પણ રાક્ષસ સાથે લડ્યો, પરન્તુ રાક્ષસને તે હરાવી શક્યો નહીં. તે પણ દારુકની જેમ થાકી ગયો.

ત્યાર બાદ બલદેવનો જાગવાનો વારો આવ્યો, ત્યારે તેની પણ તે જ સ્થિતિ થઇ. પરન્તુ રાક્ષસને હરાવવાનો તેમનો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો.

ત્યાર બાદ કૃષ્ણનો વારો આવ્યો; રાક્ષસે તેમને પણ એ જ વાત કહી. બંનેનું યુદ્ધ શરૂ થયું. કૃષ્ણ તો શાંત ઊભા રહ્યા; પિશાચ તો વધુને વધુ ચીડાવા લાગ્યો તેમ તેમ કૃષ્ણ શાંતિથી તેને કહેવા લાગ્યા, "શાબાશ, વીર શાબાશ; ધન્ય છે તારી માતાને કે તારા જેવો

પ્યારા બાપુ

વીર પુત્ર પેદા કર્યો!” પિશાચે જેટલું જોર હતું તેટલું અજમાવી જોયું અને આખરે તે થાકયો! જ્યારે તે થાકયો ત્યારે કૃષ્ણે તેને પકડીને પોતાની ઝોળીમાં નાખી દીધો.

આ એક રૂપક છે. ક્રોધ એ પિશાચ છે; તેને સામું બળ મળે તો તે ટકે છે, નહિ તો તે નિર્બળ બની જાય છે. કૃષ્ણ પાસે રાક્ષસ નિર્બળ બની ગયો. જ્યારે સવારમાં બાકીના ત્રણે ઊઠયા ત્યારે તેમનાં શરીર લાલઘૂમ માલૂમ પડયાં. કૃષ્ણે પૂછયું, ત્યારે તેઓએ વિગતવાર વાત કહી. કૃષ્ણે કહ્યું, “ભાઇઓ, પિશાચ ભયંકર નથી; જો તેને બળ ન મળે તો તે ટકી શકતો નથી. તેથી ઊલટું જો આપણે તેના પર ક્રોધ કરીએ તો તેને બળ મળે છે અને વધુ ભયંકર બને છે. તમોએ તેના પર ક્રોધ કર્યો, એટલે તમો તેને વશ કરી શકયા નહીં, તે મારી પાસે તો નિર્બળ બની ગયો કે મેં તેને મારી ઝોળીમાં પૂરી દીધો. હવે તો તે મારો દાસ બની ગયો છે.”

કહેવાનું તાત્પર્ય એ છે કે ક્રોધીનો પ્રતિકાર ક્રોધથી ન કરવો જોઈએ; ક્ષમાથી તે વશ કરી શકાય છે. ધૂળ ઊડતી હોય ત્યારે કોઇ પાણી નાખવાને બદલે તેના પર ધૂળ નાખે તો શું ધૂળને દાબી શકાશે? તેવી જ રીતે ક્રોધ પર ક્ષમાનું પાણી નાખવામાં ન આવે તો તેને દાબી શકાશે નહીં.

હૃદયપલટો

જૂના વખતની વાત છે. યુરોપમાં સ્પાર્ટા નામે પ્રદેશમાં લાઈકરગસ નામે ઘણો જ વિચારવંત માણસ થઈ ગયો. હંમેશાં લોકોનું ભલું થાય એવાં કામો તે કર્યા કરતો. તોયે કેટલાક અદેખા માણસો તેની કનડગત કર્યા કરતા.

એક દિવસ એક માણસ લાઈકરગસ પાસે આવ્યો અને મન ફાવે તેવું બોલવા લાગ્યો. લાઈકરગસે બધું શાંતિથી સાંભળ્યું અને પછી તેને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ પેલો માણસ સમજવા માગતો જ ન હતો. તે તો વધારે ઉશ્કેરાઇને લાઇકરગસને ગાળો ભાંડવા લાગ્યો. લાઇકરગસ પોતાને ઘેર જવા ઊપડયો. પેલો માણસ પણ એની સાથે ચાલવા લાગ્યો અને ગાળો દેવા લાગ્યો. એવામાં લાઇકરગસનું ઘર આવ્યું. લાઇકરગસે પેલા માણસને કહ્યું: “ભાઈ, હવે તું મારે ઘેર જ રહી જા. તારે મને ગાળો ભાંડવા ફરીને પાછો ધક્કો ખાવો ન પડે.”

પેલો માણસ તો સાચેસાચ લાઈકરગસને ઘેર રહેવા તૈયાર થયો. પણ ત્યાં રહીને લાઇકરગસનું પવિત્ર અને ઉચ્ચ જીવન જોઇને ખૂબ જ શરમાઇ ગયો. પછી તો તે ત્યાં રહીને લાઈકરગસ સાથે કામ કરવા લાગ્યો. એક દિવસે લાઈકરગસે પેલા માણસને કહ્યું: “કેમ ભાઇ, હવે તો તારે ઘેર જવું છે કે નહીં?”

પેલો માણસ તો જવાબ આપ્યા વિના મૂંગો ઊભો રહ્યો. એટલે લાઈકરગસ બોલ્યો: “હજી તારે કંઈ મને કહેવાનું બાકી છે? હોય તો કહી નાખ.”

પેલો માણસ બોલ્યો: “મને હવે તમે અહીં જ રહેવાની રજા આપો.”

લાઇકરગસે કહ્યું: “તને અહીં રહેવા તો દઉં. પણ તારે મારી એક શરત કબૂલ કરવી પડશે: હું કંઈ પણ ખોટું કરું એમ તને જણાય, તો તારે મને ગાળો દેવી. બોલ, કબૂલ છે ને?” આ સાંભળી પેલા માણસની આંખમાં પ્રેમનાં આંસુ ઊભરાયાં!



ચિ. ....   તારો કાગળ મળ્યો.

મારા પત્રની તારે ગણવા રહ્યું જ નથી.
તારો ધર્મ પુરતો આરામ લઈ તારું
શરીર બાંધવાનો છે. આથી બે વધુ શું
લખું? છોકરીઓએ માંદી પડવું ક્યારેય
પરણેલી હોવાની વાત કરાવનાર ગણાય
છે. પરણેલી સમજણવાળી ઓરતો માંદી રહે છે
તેમ ન માંદી કુમારિકા કાંપણ ન
રહેતી. આ તો છોકરાઓની સાથે
રહેનારાઓની કહી તે પણ બરાબર છે.
છતાં અનેકવારનો આપણો દોષ
અરજી કરવાને માંદા બનવું. માંદા
ન બનવા સારુ મેં લખ્યું છે તેવા
નિયમો પાળવાની જરૂર તો છે. કુમારિકા
નાં શરીર ચપળ ને સુંદર હોવાં જોઈએ
તેવાં જ કુમારિકાનાં. આપણે
બધાં બધું જોતાં માંદા રહેવા
રહ્યે છે. પણ એ ક્યાં સુધી ચાલે



બાપુના આશીર્વાદ

[આ પત્રમાં બાપુજીએ લગ્ન-જીવનની ગૂઢ સમસ્યાની એક બાજુનું સરળ અને સમજવાલાયક નિરૂપણ કર્યું છે. કુટુંબમાં આ પ્રશ્ન ઘણાને મૂંઝવતો હોય છે. કોઇ કોઇ વાર એવું અનિચ્છનીય પરિણામ પણ આવે છે. ખાસ કરીને છોકરીઓ ઉમરલાયક થાય અને તેની તબિયત જરા નરમગરમ રહેતી હોય તો ઘણાં ખરાં માબાપને એમ જ લાગે છે કે હવે છોકરીને ક્યાંક ઠેકાણે પાડી દઇએ તો એની તબિયત આપોઆપ સારી થઇ જશે. આવી સમસ્યાને સહાયરૂપ થાય એવા વિચારો પૂજ્ય બાપુજીએ વડીલતુલ્ય સહાનુભૂતિથી આ પત્રમાં દર્શાવ્યા છે.]

ચિ.

તારો કાગળ મળ્યો. મારા વ્રતથી તારે ગભરાવાનું નથી. તારો ધર્મ પૂરતો આરામ લઈ તારું શરીર બાંધવાનો છે. આ વિષે વધુ શું લખું? છોકરીઓ માંદી પડે એટલે પરણાવી દેવાની વાત કાઢનાર અજ્ઞાની છે. પરણેલી સ્ત્રીઓ જેટલી માંદી રહે છે તેટલી માંદી કુમારિકા ક્યાંયે નથી રહેતી. વળી તેં છોકરાઓની સાથે સરખામણી કરી તે પણ બરાબર છે. છતાં એ મહેણાનો આપણે સીધો અર્થ કરવો ને માંદા જ ન પડવું. માંદા ન પડવાને સારુ મેં લખ્યું છે તેવા થોડા જ્ઞાનની જરૂર તો છે જ. કુમારિકાનાં શરીર વજ્રસમ હોવાં જોઈએ; તેવાં જ કુમારોનાં. અત્યારે

ચંડાળ કોણ?

ગોપાલદાસ જી૦ પટેલ

એક વખત ભગવાન બુદ્ધ શ્રાવસ્તી નગરીમાં ગામ બહાર રહેતા હતા. ભિક્ષાકાળે ભિક્ષા માગતા માગતા તે એક દિવસ ભારદ્વાજ બ્રાહ્મણના બારણા આગળ આવી પહોંચ્યા. તે વખતે ભારદ્વાજ હોમ કરતો હતો. બુદ્ધને આવતા જોતાં જ તે મોટી બૂમ પાડીને બોલ્યો: 'અલ્યા મૂંડિયા! ચંડાળ! ત્યાં છેટો જ ઊભો રહે! પાસે ન આવતો!'

બુદ્ધે કહ્યું: 'હે બ્રાહ્મણ! ચંડાળ કોણ કહેવાય તે તું જાણે છે ખરો?'

બ્રાહ્મણ બોલ્યો: 'ના, મને ચંડાળના ગુણોની શી ખબર? તું જ તે કહે!'

બુદ્ધ બોલ્યા: 'વારંવાર ગુસ્સે થનાર, વેરવૃત્તિ રાખનાર, અને પાપથી ખરડાયેલો અશ્રદ્ધાળુ મનુષ્ય ચંડાળ કહેવાય.

'જે મનુષ્ય અન્ય પ્રાણીઓની હિંસા કરે છે, જેના અંતઃકરણમાં દયા નથી. જે લૂંટફાટ અને ચોરી કરે છે, તે ચંડાળ કહેવાય.

'જે મનુષ્ય બીજાનું દેવું કરી, પેલો પાછું માગે ત્યારે નાસી જાય છે કે આડું બોલે છે, તે ચંડાળ કહેવાય.

'જે પોતા માટે, પારકા માટે, કે પૈસા માટે ખોટી સાક્ષી પૂરે છે, તે ચંડાળ કહેવાય.

'જે મનુષ્ય પોતાનાં વૃદ્ધ માતાપિતાની સેવાચાકરી કરતો નથી, માબાપ – ભાઈ – બહેન – સગાંવહાલાં સૌને ગાળો દે છે કે મારે છે, તે ચંડાળ કહેવાય.

'જે મનુષ્ય પોતે કરેલાં પાપકર્મ છુપાવવાનો પ્રયત્ન કરે છે, તે ચંડાળ કહેવાય.

'હે બ્રાહ્મણ! મનુષ્ય જન્મથી જ ચંડાળ કે બ્રાહ્મણ પાકતો નથી; પરંતુ પોતાનાં કર્મથી જ ચંડાળ થાય છે કે બ્રાહ્મણ થાય છે. માણસ ચંડાળના કુળમાં ઉત્પન્ન થયેલો હોય, પણ તે સદાચારી હોય, તો તે શ્રેષ્ઠ છે; પરંતુ બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થયેલો માણસ જો દુરાચારી હોય, તો તે ચંડાળ જ છે.'

બુદ્ધનો આ ઉપદેશ સાંભળી ભારદ્વાજ શરમાઈ ગયો. તે બોલ્યો: "હે ભગવન્! આપનો ઉપદેશ ઘણો સરસ છે. જેમ કોઈ માણસ ઢાંકેલી વસ્તુ ઉઘાડી કરીને બતાવે, અથવા દેખતાને અંધારામાં મશાલ ધરીને બતાવે, તે જ પ્રમાણે આપે ધર્મને ઉત્તમ રીતે સ્પષ્ટ કરીને સમજાવ્યો છે."

બંને ખરું જોતાં માંદાં સાજાં રહે છે. પણ બેઉ પરણ્યાને ઘણે ભાગે વધારે માંદાં રહે છે. જો ઉમીયા, રૂખી. હરિઇચ્છા. રૂખીને વિવાહ ફળ્યો એમ કંઈક લાગ્યું ખરું; ત્યાં તો પાછી માંદી પડી જ છે. એટલે છોકરીઓએ એવો અર્થ પણ ન કરી નાખવો કે પરણે એ માંદા પડે જ. આટલું ખરું છે કે જે કુમારિકા વિકારથી બળે છે તેનો છુટકારો તો પરણ્યે જ થાય. કેમ કે તેના વિકાર તેને ખાય છે. પણ એનો અર્થ તો એ થયો કે એ પરણ્યા વિના પરણેલી સ્ત્રીની જેમ વર્તે છે તેથી વ્યભિચારિણી છે. મનથી પણ જે સ્ત્રી કે પુરુષ વિકારને પોષે છે તે વ્યભિચારી છે.

પ્યારા બાપુ

૧૮-૯-૩૨ ય૦ મં૦

બાપુના આશીર્વાદ

જિંદગીની મહત્તા

જવાહરલાલ નેહરુ

કોઈ કોઈ વાર દુનિયાનાં દુઃખદર્દોથી, એમાં ચાલી રહેલી જંગલિયતથી આપણા શ્વાસ રુંધાઇ જાય છે. અને આપણને કોઈ રસ્તો, કોઈ ઉગાર દેખાતો નથી. મેથ્યુ આર્નોલ્ડની જેમ આપણે પણ કહેવા માંડીએ છીએ કે, હવે આ દુનિયામાં કોઈ જ આશા નથી રહી; અને આપણે વધારેમાં વધારે એટલું જ કરી શકીએ કે એકબીજાની તરફ સચ્ચાઈ રાખીએ.

પણ જો આપણું વલણ આવું નિરાશાજનક બની જાય તો આપણે જીવનનો કે ઇતિહાસનો કોઈ પણ બોધપાઠ બરોબર શીખ્યા ન કહેવાઈએ. કારણ માનવીની જિંદગી ઉન્નત–નિઃશંક ઉન્નત બનવાની શકયતા એ જ ઇતિહાસનો સૌથી મોટો બોધપાઠ છે.

જીવતમાં અનન્ય સુંદરતાઓ અને નિરવધિ વિવિધતાઓ સભરપણે ભરેલી છે. કદાચ કોઈ ઠેકાણે ત્યાં કાદવ હશે, કીચડ હશે. પણ ત્યાં મહાસાગર અને ગિરિમાળાઓ પણ છે, હીમ અને હીમપર્વતો પણ છે; તારાભરી રાત છે. અને સ્વજનોનો સ્નેહ છે, દોસ્તોનાં દિલ છે. ને સંગીત, સાહિત્ય અને કલાનાં નિરવધિ સ્થાનો પણ છે.

વિશ્વના સૌંદર્યનું ગાન કરવું અને કલ્પનાની – ભાવનાની સૃષ્ટિમાં જીવવું ઘણું સરળ છે, પરંતુ બીજાઓની યાતનાઓથી અળગા રહેવું અને તેમના ઉપર શું શું વીતી રહ્યું છે, એની કંઈ જ પરવા ન કરવી એમાં કોઇ મર્દાનગી અથવા બંધુત્વની ભાવના રહી નથી. કોઈ પણ કલ્પના જો એ યોગ્ય હોય તો એને વ્યવહારમાં મૂકવી જ જોઇએ. આપણા દોસ્ત રોમાં રોલાંએ કહ્યું છે તેમ, 'વિચારોનું પરિણામ કાર્યમાં આવવું જ જોઈએ. જે વિચાર કોઈ પણ કાર્ય તરફ દોરતો નથી એ બિચાર એક પ્રકારનો દ્રોહ છે, દુર્વિપાક છે. જો આપણે વિચારોના દ્રષ્ટા છીએ તો કાર્યોના કર્તા થવું જ જોઇએ.

પરંતુ વિચારોના દ્રષ્ટા હોવા છતાંયે સૌ કાર્ય કરવા તરફ ઉદાસીન જ રહેવાનું ઇચ્છે છે. કારણ કે એમાંથી જાગનારાં પરિણામોથી, કાર્યો કરવાને લીધે આવી પડતી આફતોથી એ સૌ ડરી રહ્યા હોય છે. કાર્યનો અર્થ જ જોખમ અને સંકટ છે. સંકટ દૂરથી જ ભય પમાડી રહે છે. છતાં અનુભવથી એ એટલું ભયજનક નથી રહેતું. ખરેખર, આફત એ મજાનો દોસ્ત છે, એ જિંદગીની મોજને, આનંદને વધારે છે. હરહંમેશની સામાન્ય જિંદગી ધીરે ધીરે બેસ્વાદ બની જાય છે. ઘણીય વાતો આપણે એમ ને એમ જ જાણી લઈએ છીએ–માની લઈએ છીએ અને પછી એમાં આપણને કોઈ રસ, આનંદ રહેતાં નથી. પણ કોઈક દિવસ જ્યારે એ નાનકડી વાતોથી પણ વંચિત રહીએ છીએ ત્યારે જ એની સાચી કિંમત આપણે જાણી શકીએ છીએ.

બનાવટી હીરો ગર્વથી કહેવા લાગ્યો : "અરે, જરા જુઓ તો ખરા! હું કેવો મોટો છું!"

એ સાંભળીને ખરીદનાર બોલ્યો : "એટલે જ મને શંકા પડે છે કે તું સાચો હીરો નથી!"

—ગુરુદેવ

નિરાગ્રહનું કારણ

કેદારનાથજી

અનેક સંસ્કાર અને વિચારસરણી વિષે મેં પહેલાં પત્ર લખ્યો હતો. તે પરથી અને અહીં તમે આવ્યા હતા ત્યારે આપણી જે વાતચીત થઇ તે પરથી તમે ઘણો વિચાર કરો છો એમ જણાય છે.

મારામાં તમારા વિષે આગ્રહ-વૃત્તિ નથી તોપણ તમારા કલ્યાણની ઇચ્છા નથી એવું નથી. તમારામાં તીવ્ર જિજ્ઞાસા છે તે જ પ્રમાણે જીવનમાં સર્વોચ્ચ ધ્યેય સિદ્ધ કરવાની તમારા હૃદયમાં વ્યાકુળતા છે એ હું જાણું છું. મારામાં આગ્રહ નથી એનું એ પણ એક કારણ હશે કે મારી વિચારસરણી કરતાં જુદી વિચારસરણીને હું ક્યારેય એકદમ અમાન્ય કરતો નથી. કોઈ પણ વિચારસરણી ન્યાય-પ્રધાન હોવી જોઇએ, સારાસાર વિચારને–વિવેકને તેમાં મહત્ત્વ હોવું જોઈએ, જીવનમાં ઉત્સાહ અને પ્રસન્નતા, કર્તૃત્વ અને સમાધાન, જ્ઞાન અને તેજસ્વિતા, કર્મ-કૌશલ્ય અને વિરાગ, ભાવના અને અલિપ્તતા વગેરે બધાંની વૃદ્ધિ કરનારી તે હોવી જોઈએ એટલો જ મારો આગ્રહ છે.

માણસ જ્યારે ઉદ્વિગ્ન થાય છે, ઉદાસીન-નિરાશ થાય છે ત્યારે વિચારમાં કે આચારમાં તે ક્યાંયે ભૂલતો હોવો જોઇએ ખરો એવો મને તર્ક થાય છે. તે ભૂલ–દોષ કાઢી નાખ્યા વગર કુંઠિત થયેલો તેનો માર્ગ મોકળો થાય એ શક્ય નથી. તે ભૂલ શોધી કાઢવા માટે તે વ્યક્તિનો થોડો સહવાસ અને તેના મનના શોધનની જરૂર છે. એવો યોગ આવ્યા વગર હું તેની બાબતમાં કશું કહી શકતો નથી. એટલે જ ત્યાં સુધી હું નિરાગ્રહપણે વર્તું છું. હું એકદમ કોઇ પણ બાબતમાં આગ્રહ બતાવતો નથી.

ભિન્ન સંસ્કાર અને વિચારસરણી વિષે મેં લખ્યું છે તે પરથી તમે પોતાનું નિરીક્ષણ કરીને, શોધીને જુઓ. હું મારા તરફથી પ્રયત્ન કરીશ જ. તમારી બાબતમાં હું ઉદાસીન નથી. એકાદ વિષય એવો હોય છે કે જેમાં મને કશો અનુભવ નથી હોતો. કેવળ તર્ક–કલ્પના અને બીજાઓની સ્થિતિ જોઈને અને સાંભળીને કરેલાં અનુમાન હોય છે. તે પરથી વિચારોનો કાંઈક મેળ બેસાડવો પડે છે. તેને એકદમ પૂર્ણ સત્ય માની શકાય નહીં.

મારા લખવાથી કે બોલવાથી તમારું દુઃખ ન વધો. મારા અનુભવ અને બુદ્ધિનો પૂરો ઉપયોગ કરીને તમારી શાંતિનો માર્ગ શોધવામાં તમને મદદ કરવી એ મારો હેતુ સદૈવ કાયમ છે. (એક અપ્રગટ પત્ર)

* * *

તમને પૂછે તેને નમ્રતાથી જવાબ આપજો.
તમને ગાળો દે તેને મીઠાં વચન કહેજો.
તમને રંજાડે તેનું ઈશ્વર ભલું કરે એમ કહેજો.

— કારણ કે પ્રભુના કામને માટે જેને નિંદા ખમવી પડે છે તેની પ્રભુના દરબારમાં વધારે કિંમત છે. કોઈ ઉપર તમે મહેરબાની કરો તે ભૂલી જજો. કોઈ તમારી ઉપર મહેરબાની કરે તે યાદ રાખજો.

— સોક્રેટીસ

મોટાઈનું માપ

બબલભાઈ મહેતા

જેવી રીતે જીવન અને ચારિત્ર્યના જુદા જુદા ગજો હોય છે તે છોડી નવા ગજો સ્થાપવા માગીએ છીએ તેવી જ રીતે મોટાઇના પણ બે ગજો છે. આપણે માનીએ છીએ કે મોટા પૂજાય છે. તેને માન મળે છે. આજે મોટાનાં કામો જુદાં થઇ ગયાં છે. મોટા માણસોએ મોટાં કાર્યો કરવાં જોઇએ. પણ મોટાં એટલે દેખાવમાં મોટાં એવું માનવામાં આવે છે. મોટાથી શરીર–કામ ન થાય. મોટાની રહેણીકરણી, ખાનપાન જુદાં; નાનાની રહેણીકરણી, ખાનપાન જુદાં; એમ મનાય છે.

મોટા પ્રત્યેના પૂજ્યભાવની કલ્પના શુભમાંથી પેદા થઈ. પતિવ્રતા સ્ત્રી પતિને પ્રેમથી જુએ તે માટે પોતે સહન કરે, ઓછું ખાય. પતિને સર્વસ્વ અર્પણ કરે. પણ પતિ એવું માનતો થઈ ગયો કે આ બધાંનો તે અધિકારી છે. પત્નીએ તો સેવા જ કરવી જોઈએ એવી તેના મનમાં ગાંઠ બંધાઈ ગઈ છે. મોટા ગણાતા પુરુષોની બાબતમાં આવું જ બન્યું. મૂળ એ આદરમાંથી આવેલો ખ્યાલ છે. પણ હવે ચીલો પડી ગયો છે. નાના બાળકને મોટા થવું હોય તો તે આવું કરે.

આપણે મોટાઈની કલ્પના બદલવા માગીએ છીએ. મોટા એ કે જે કષ્ટો વેઠે છે, સહન કરે છે, બીજા માટે ઘસાય છે, જે કોઈ ન સ્વીકારે તે મારું એ ભાવથી કાર્ય કરે છે. આમ તેની મહત્તા જોઈ બધા તેને મોટા તરીકે માને એ જુદી વાત. તેથી તેના પ્રત્યે આદર થાય. પણ મારા પ્રત્યે સૌને આદર હોવો જોઈએ એ ભાવથી તે વર્તે તો ખોટું. તેથી સહેજે દિલમાં લાગણી થાય કે જે વિશેષ હક મળે તેનો ત્યાગ કરવો. એમ છતાં કોઇક જગ્યાએ વિવેક કરવો પડે છે. બદલાઇ ગયેલા ત્રાજવાને આપણે સ્થિર કરવું છે. તેથી નાના મોટાના ભેદો કાઢવા પડશે.

જેમ આપણા વહેવારોમાં, જીવનનાં મૂલ્યાંકનોમાં ધન આગળ આવીને બેસી ગયું તેમ આ મોટાઈ આવીન બેસી ગઇ. તેથી આપણાં વિદ્યાર્થીઓ, બાળકો, જનતામાં આ નવી ભાવનાનો ફેલાવો કરવાની જરૂર છે. એમ થશે તો જ આપણું કામ સારું થશે અને તેમાં મીઠાશ આવશે. આપણે જોઇએ છીએ કે મુખ્ય માણસ કામમાં સાથે હોય તો કામમાં ઝમક આવે છે. તે ન હોય તો કામમાં ઠેકાણું રહેતું નથી. બાપુજીએ આપણને આ માર્ગ બતાવ્યો છે. પોતાને માથે આવે છે ત્યારે માણસ ખસી જાય તો વિષ્ણુભગવાનને યજ્ઞમાં સોમું માથું જોઈતું હતું તે ન ધરતાં નારદજી બીજાને શોધવા નીકળ્યા અને તેની જે દશા થઈ તેવી આપણી થાય. આપણા બોલ પર, આપણા જીવન પર શ્રદ્ધા નહિ બેસે.

વિનોબાજીએ 'ગાદી ખાદીની લડાઇ' પર લેખ લખ્યો છે. ગાદીનો અર્થ બેઠા બેઠા ખાવું. ખાદીનો અર્થ શ્રમ કરીને ખાવું. આપણે ગાદીની ઇચ્છા નહિ રાખીએ. આપણે શા માટે નીકળ્યા તેનું સ્પષ્ટ દર્શન હોવું જોઇએ. મોટાઇનો આ નવો ખ્યાલ હશે તો સમાજમાં પરિવર્તન કરી શકીશું.

તમે કેમ બેસો છો, કેમ વાત કરો છો, કેવી રીતે કપડાં પહેરો છો, ઇત્યાદિ તમારા વર્તનની નાનામાં નાની વિગતમાં પણ સંસ્કારિતા તરી આવવી જોઇએ, જેથી કોઈ માણસ તમને જોતાંવેંત જાણી શકે કે તમે કેળવાયેલાં છો.

—ગાંધીજી

પ્યારા બાપુ



ત્રિવેણી સંગમ

સંકલનકર્તા : સુ૦ ક૦



(૧૭)

કૂકરમાં દાળ બરોબર ન થઈ. એટલે બાપુ કહે એનાં કારણો શોધો. પાણી ઓછું હતું એ તો સ્પષ્ટ છે જ, પણ પછી બાપુએ એમના સ્વભાવ પ્રમાણે એની રચના વિષે સવાલો કર્યા.

પછી કૂકરની રચના જોઈને બાપુએ મહાદેવભાઈને કહ્યું : "નીચેના દાળના વાસણમાં દાળ મૂકવાને બદલે એકલું પાણી જ મૂકો અને દાળ ઉપલા વાસણથી શરૂ કરો એટલે ત્રણ વાસણનો ઉપયોગ કરવાને બદલે ચારનો ઉપયોગ કરો, અને સૌથી નીચેનાની વરાળે બધું પકાવો."

એ સાંભળી વલ્લભભાઈ કહે : "એટલે મને સારી દાળ મળતાં ચારપાંચ દિવસ તો આ અખતરાઓમાં વીતી જશે."

(૧૮)

એક દિવસે સરસ્વતીચંદ્રના લેખક ગોવર્ધનરામની વાતો નીકળી. બાપુ કહે : "પહેલા ભાગમાં એમણે પોતાની શક્તિ ઠાલવી. નવલકથાનો રસ પહેલામાં ભરેલો છે. ચરિત્રચિત્રણ એના જેવું ક્યાંય નથી; બીજામાં હિંદુ સંસાર સરસ ચીતરાયો છે; ત્રીજામાં એમની કળા ઊડી ગઈ; અને ચોથામાં એમને થયું કે હવે મારે જગતને જેટલું આપવું છે તે આ પુસ્તક દ્વારા જ આપી દઉં તો કેવું સારું."

મહાદેવભાઈ બોલ્યા : "એમનામાં ટૂંકી વાર્તા લખવાની કળા નહોતી. એમણે લખી નથી. પણ લખવા ધારત તોય ન લખી શકત. એ કળા અને સાથે જ નવલકથાની કળા ટાગોરે સાધી."

બાપુ કહે : "ટાગોરની ક્યાં વાત કરીએ? એણે શું નથી સાધ્યું? સાહિત્યનું એકે ક્ષેત્ર એણે છોડ્યું છે? અને બધાયમાં સર્વોપરિતા — એવી અલૌકિક શક્તિનો માણસ આપણે ત્યાં તો નથી જ, પણ જગતમાંયે હશે કે કેમ એ વિષે શંકા છે."

પછી વલ્લભભાઈ કહે : "પણ એમનું 'શાંતિનિકેતન' ચાલશે? એ તો વૃદ્ધ થયા, અને એમની જગ્યા લેનાર કોઈ રહ્યું નથી."

બાપુ કહે : "મુશ્કેલ વાત છે ખરી. પણ એ તો કેમ કહેવાય! ભગવાને આટલી અસાધારણ પ્રતિભાવાળો માણસ પેદા કર્યો તેનું કામ એમ ને એમ બંધ થઈ જાય એમ તો ન જ ઇચ્છ્યું હોય."

વલ્લભભાઈ—"એ તો ઠીક. પણ એની જે બધી અસાધારણતાઓ છે એ કોણ કયા ક્ષેત્રમાં આણી શકવાનું હતું?"

મહાદેવભાઈ—"નંદલાલ બોઝ, અસિત હલધર જેવા ઉત્તમ ચિત્રકળાકાર ત્યાં પક્યા છે. વિધુશેખર શાસ્ત્રી છે."

વલ્લભભાઈ—"ચિત્રકળા તો ઠીક. એમની શાળા તો કેટલી ચાલે? આપણી તો ખાદી ને રેંટિયો. એને માટે બાપુ થોડા જ જોઈએ? એ તો બાપુ ન હોય તો દૂધાભાઇયે આવીને ચલાવ્યાં કરે. લોકો ઉપાડી લઈ શકે એવી કોઈ વસ્તુ એમણે નથી આપી જે અખંડ ચાલ્યાં જ કરે."

મહાદેવભાઈ—"એક મહાત્મા કહેતા હતા કે ગાંધીજીની બધી વાતો લોકો ભૂલશે ત્યારે પણ ખાદી અને દારૂનિષેધ એ શાશ્વત રહેવાનાં છે."

બાપુ—"એનું કારણ જ એ છે કે એ સામાન્ય લોકોને રુચે છે, અને એ સામાન્યમાં સામાન્ય માણસ પણ ચલાવ્યાં કરી શકે."

આ સાંભળી મહાદેવભાઈ મનમાં વિચારવા લાગ્યા કે, 'આશ્રમનાં અસિધારાવ્રતો ઘોકો અને ધડકી લઈને સંભળાવનારા અને દિનરાત એને વિષે જાગ્રત રહેવાનું કહેનારા કોણ? અનેક પ્રકૃતિનાં, અનેક પ્રદેશનાં, અનેક રુચિ અને શક્તિનાં સ્ત્રીપુરુષો અને બાળકોનો આપણો માળો બાપુ પછી કોણ ચલાવશે? ઈશ્વર. અહિંસા અને સત્યમાં શ્રદ્ધા રાખનારાં અને એને માટે મરનારાં અજ્ઞાત માણસો એટલાં બધાં પડ્યાં છે કે આપણી પોતાની ન્યૂનતા છતાં અવિશ્વાસને સ્થાન નથી હોતું.'

પછી મહાદેવભાઈએ કહ્યું: "ટાગોરને વિષે એમ કહેવાય કે આજ સુધી એમને ત્યાં અસાધારણ પ્રતિભાવાળા માણસો ન ખેંચાયા હોય તે કદાચ હવે તેમનું કામ ચાલુ રાખવાને માટે જોડાય. શાંતિનિકેતન એમના આદર્શ પ્રમાણે જ ચાલુ રાખવાને નવા માણસો કેમ ન જોડાય?"

બાપુ કહે: "બરોબર છે. આજે એમની પ્રચંડ શક્તિથી ઘણા આકર્ષાતા ન હોય તો ભવિષ્યમાં એમ બને જ. આજે પણ શામાનંદ ચેટરજી જેવા તો છે જ, અને ઈશ્વરકૃપા હોય તો બીજા પણ આવે. અને એમનું શ્રીનિકેતનનું કામ છે તે તો ચાલુ રહેશે. એમહર્સ્ટ જેવો માણસ વિલાયત છોડીને એ ચલાવવા માટે ચાલ્યો આવે તો મને આશ્ચર્ય નહીં થાય."

વલ્લભભાઈ કહે: "પણ મને તો આપણું કામ ધકચાં કરશે એમ સ્પષ્ટ વિશ્વાસ છે. એમાં ઝાઝું વિચારવાપણું અને સમજવાપણું ન મળેને!"

બાપુ: "દેવદાસે એક સચોટ વાક્ય કાંતવા વિષે 'લીડર'માં લખેલું તે મને યાદ આવે છે—It is too simple to command attention and belief. રેંટિયાની વાત એટલી બધી સાદી છે કે લોકોનું ધ્યાન અને શ્રદ્ધા તે આકર્ષી શકે નહીં."

કાચ અને દર્પણ

શાહુકારીનો ધંધો કરતો એક વૃદ્ધ યાહુદી ધનનો બહુ જ લાલચુ હતો. એક વાર એ પોતાના ધર્મગુરુ પાસે ગયો. ધર્મગુરુએ એનો હાથ પકડ્યો અને તેને ખડકી પાસે લઈ આવ્યો. ધર્મગુરુએ કહ્યું: "બહાર જો, અને મને કહે, તને ત્યાં શું શું દેખાય છે?" યાહુદીએ જવાબ આપ્યો: "મને કેટલાંક પુરુષો, સ્ત્રીઓ અને નાનાં નાનાં બાળકો દેખાય છે."

પછી ધર્મગુરુ એને અરીસા પાસે લઈ ગયા અને પૂછવા લાગ્યા: "હવે તને શું દેખાય છે?" યાહુદી કહે, "હવે તો માત્ર હું મારી જાતને જ જોઇ શકું છું."

ધર્મગુરુ બોલ્યા: "જો, ખડકીમાં પણ આડો કાચ હતો અને આ દર્પણ પણ કાચનો જ બનેલો છે. પરંતુ ફેર એટલો છે કે દર્પણના કાચ પર થોડીક ચાંદી લગાડેલી છે અને એ ચાંદીને કારણે જ તું બીજાઓને જોઈ શકતો નથી, ફક્ત તારી જાતને જ જોઈ શકે છે!"

પ્યારાબાપુ



બાપુજીની મીઠી વાતો - ૩

સાને ગુરુજી

આજે હું જરા ગંભીર વાત કરીશ. મહાત્માજીએ પોતાના જીવનમાંથી બધા પ્રકારનો ભય કાઢી નાખ્યો હતો. તેઓ નિર્ભય બન્યા હતા. નિર્ભયતા એટલે જ મોક્ષ. સંસ્કૃતમાં એક વચન છે:

"આનન્દં બ્રહ્મણો વિદ્વાન્ ન બિભેતિ કદાચન।"

એનો અર્થ એવો થાય છે કે, 'જેણે બ્રહ્મનો આનંદ જાણ્યો છે તેને ક્યાંય ભય લાગતો નથી.'

મહાત્માજી ચરાચરમાં પોતાના આત્માને જોતા. તો પછી જ્યાં પોતાનો જ આત્મા દેખાતો હોય, ત્યાં કોણ કોનાથી ગભરાય? સાચી વાત છે ને?

હું જે પ્રસંગ કહેવા માગું છું તે આ રહ્યો:

રોલેટ કાયદા વિરુદ્ધ મોટી ચળવળ ગાંધીજીએ આખા દેશમાં ઉપાડી. તેમાંથી જ જલિયાનવાલા બાગનો બનાવ બન્યો. તેમાંથી અસહકાર, કાયદાભંગ આગળ આવવાના હતા. સ્થળે સ્થળે પ્રવાસ કરીને થાકી ગયેલા મહાત્માજી આશ્રમમાં આરામ લેવા આવ્યા હતા. તે વખતે આશ્રમ નાનો હતો. એને સ્થાપવાને હજી ત્રણચાર વર્ષ જ થયાં હતાં. વિનોબાજી જેવા, અપ્પાસાહેબ પટવર્ધન જેવા તેજસ્વી, ધ્યેયાર્થી સાધકો આશ્રમમાં આવીને રહ્યા હતા. અને ૧૯૧૯ની બીજી ઓક્ટોબરનો દિવસ આવ્યો. ગાંધીજીને પચાસ વર્ષ પૂરાં થતાં હતાં અને એકાવનમું વરસ શરૂ થવાનું હતું. આશ્રમવાસીઓએ નાનકડો આનંદ-સમારંભ ઊજવવાનું ઠરાવ્યું. માળા, હાર, તોરણો લગાડીને બધે શોભા કરવામાં આવી. સમારંભનો વખત થયો. ગાંધીજી આવીને બેઠા. સમારંભમાં સત્યાર્થીઓનો મેળો મળ્યો હતો. જાણે ચંદ્રની આસપાસ તારાઓ, સૂર્યની આસપાસ કિરણો, કમળની આસપાસ ભમરાઓ! ગાંધીજી બોલ્યા:–

"મને આજે પચાસ વર્ષ પૂગાં થયાં. હવે થોડાં વર્ષો બાકી રહ્યાં. મને એકાવનમું વર્ષ બેઠું છે. પચાસ પૂરાં થયાં અને વનપ્રવેશ શરૂ થયો એટલે તમે આનંદ દાખવો છો. સારું એકાવનમું વર્ષ શરૂ થયું માટે તમે

ખૂબ આનંદમાં આવી ગયા છો. પ્રભુને તમે ધન્યવાદ આપો છો. સારી વાત છે. અને આ માળા, આ હાર! એનો મને કંઈ મોહ નથી. પરંતુ તમે પ્રેમથી આ બધું કર્યું છે. તમારી ભાવના હું સમજી શકું છું. ઠીક છે. પરંતુ મારે તમને એક વાત કહેવાની છે તે વીસરી જતા નહિ. તમે મારો જન્મદિન જેટલા આનંદ ઊજવો છો તેટલા જ આનંદથી મારા મૃત્યુનો દિવસ પણ ઊજવજો. આજે જે પ્રમાણે પ્રભુનો આભાર માનો છો તે જ પ્રમાણે પ્રભુએ મને પોતાની પાસે બોલાવી લીધો એ માટે પણ તેનો કૃતજ્ઞતાપૂર્વક આભાર માનજો. જીવન અને મરણ એ બંને તેની મંગળ ભેટ છે. નહિ તો મારા મરણ વખતે જો તમે રડતાં બેસશો તો આ વિનોબા અહીં હંમેશ ગીતા વાંચે છે તેનો શો ઉપયોગ?”

મહાત્માજીએ મરણભય પોતાના મનમાંથી આફ્રિકામાં હતા ત્યારથી સંપૂર્ણપણે કાઢી નાખ્યો હતો. તેઓ મુક્ત પુરુષ હતા.

શિક્ષણ અને લલિતકળા

કિશોરલાલ ઘ. મશરૂવાળા

નાટક, નાચ, સંગીત, ચિત્રકળા આદિ લલિતકળાઓ બે રૂપે ખીલવી શકાય: એક સ્વસંતોષાર્થે, અને બીજી ધંધાર્થે. ધંધાર્થે ખીલવનારાઓનાં પદ્ધતિ અને ધોરણ આશ્રયદાતાઓની રુચિનો ખ્યાલ કરીને અને તેમની પોતાની કળા મોહક લાગે એ રીતે ગોઠવાય છે. એમાં ઉત્તેજક હાવભાવ, શૃંગાર, શોભા વગેરેની સાથે જ કળાને મેળવેલી હોય છે. ઘણી વાર કળા ગૌણ હોય છે અને કૃત્રિમ શોભા અને મદ ઉત્પન્ન કરનારી સામગ્રી અને ચેષ્ટાઓ જ વધારે હોય છે. આને પરિણામે બાપડાં કળાકારોનાં જીવન ચારિત્રમાં અત્યંત ઊતરી જાય છે. ઉદરપોષણાર્થે એમને લોકોની હીન રુચિઓને ઉત્તેજવી અને પોષવી પડે છે અને તેના ભોગ પોતાનેયે બનવું પડે છે.

શાળાઓમાં ઊજવવાનાં નાટકો અને નૃત્યોનું પ્રયોજન ધંધાર્થે તેનું શિક્ષણ આપવાનું નથી. આથી સિનેમા, રંગભૂમિ, નૃત્યશાળા વગેરેના યોજકો શાળાના ગુરુજનો ન થવા જોઇએ. એટલે કે શાળાના નાટ્ય સમારંભોમાં એમનું અનુકરણ કરવાનો વિચાર જ ન હોવો જોઈએ, મોહ તો રખાય જ ક્યાંથી? ઊલટું, બને તો શાળાના કળાગુરુઓનો એ આદર્શ હોવો જોઇએ કે સાદામાં સાદાં સાધનોથી અને અત્યંત શિષ્ટ અને અને સંયમપૂર્ણ અભિનયથી પણ કળાને પૂર્ણપણે ખીલવી શકાય છે અને પૂરેપૂરો આનંદ અનુભવી શકાય છે એમ સિદ્ધ કરી બતાવવું, અને રાજસવૃત્તિના કળાકારો તથા પ્રેક્ષકોને શુદ્ધ રુચિનો સ્વાદ ચખાડવો.

નાટક, નાચ, સંગીત વગેરે સર્વે ભોગવૃત્તિ સાથે સંબંધ ધરાવનારી કળાઓની બાબતમાં આપણે આ કદી ન ભૂલવું જોઇએ કે રાષ્ટ્રોનું ભાવિ સંયમી પ્રજાઓના હાથમાં છે. આથી, આપણી કળાની ખિલવણીની રીત સંયમવૃત્તિને પોષક જ હોવી જોઇએ. એક ભોગ બીજી ભોગવૃત્તિઓને ઉશ્કેરે છે. આથી બાળકના નાટકના લેબાસમાં અને મંડનમાં એને ફાંકડા બનવું પડે એવું ન યોજવું જોઇએ.

બદબો અને અસ્વચ્છતા

મુકુલભાઈ

બાહ્ય જીવનમાં આપણે બદબો કે અસ્વચ્છતાને સહન કરી શકતા નથી. જરાયે ખરાબ ગંધ આવે કે તરત જ આપણે નાક પર હાથ મૂકી દઈ એ જગ્યાએથી દૂર નાસીએ છીએ. સ્વચ્છ વાતાવરણમાં રહેવાની ટેવ હોય તો જરાયે અસ્વચ્છતા જણાય કે આપણે અકળાઈ ઊઠીએ છીએ.

પણ આ તો થઈ બહારના જીવનની વાત. આપણી એક આંતરિક સૃષ્ટિ પણ રહેલી છે. એની વ્યાખ્યા પણ જુદી જ હોય છે. આંતરિક સૃષ્ટિમાં આત્માએ નક્કી કરેલાં મૂલ્યો હોય છે. માણસને બાહ્ય જગતમાં જે સુખરૂપ જણાતું હોય તે એના આંતરિક જગતમાં દુઃખનું કારણ બને છે. આંતરિક જગતમાં અસત્યને સ્થાન નથી; અશુદ્ધિને સ્થાન નથી; દાંભિક પ્રતિષ્ઠાને સ્થાન નથી. એ મુજબ બદબો અને અસ્વચ્છતાની કલ્પના પણ આપણા આંતરિક જગતમાં જુદી જ હોય છે. આ વિષે મને એક વાત યાદ આવે છે:

એક ફકીર હતો અને એક સાધુ હતો. બંને જણ ગામેગામ સાથે જ ફરે, ભજન ગાય, ખુદાનું નામ લે અને બધાને સારો ઉપદેશ આપે. આ બંનેનાં ભક્તિપરાયણ જીવનની અસર બધા ગામલોકો પર પડતી અને બધે એમનાં ગુણગાન થવા લાગતાં.

એક દિવસે એ બંને જણ ફરતા ફરતા એક નાનકડા શહેરમાં આવ્યા. ત્યાંના એક મોટા વેપારીને એમના આગમનની ખબર પડી. તે દોડતો દોડતો એમની પાસે ગયો અને અરજ કરવા લાગ્યો :

“ફકીર બાબા, તમે મારે ઘેર ઉતારો કરો.”

ફકીર કહે, “ના ભાઈ, તારે ત્યાં તો બધે બદબો છે. મારાથી ત્યાં ન રહેવાય.”

વેપારી વિચાર કરવા લાગ્યો કે હું મારા ઘરને એટલું ચોખ્ખું રાખું છું કે ત્યાં બદબો હોય જ ક્યાંથી! પછી તેણે સાધુને અરજ કરી.

સાધુ બોલ્યા, “ના ભાઈ, તારે ત્યાં તો બધે અસ્વચ્છતા છે. મારાથી ત્યાં પગ ન મુકાય.”

વેપારી તો હેબતાઈ જ ગયો! પણ તેણે તો જ્યાં આ બંને જણ જાય ત્યાં જવાનો નિશ્ચય કર્યો.

સાધુ અને ફકીર તો ચાલતા ચાલતા એક કસાઇની દુકાને આવીને ઊભા રહ્યા. કસાઈ આ બે સંતોને પોતાને બારણે આવેલા જોઇને ભક્તિઘેલો બની ગયો અને તેમના પગમાં ઢળી પડ્યો. પછી તેણે બહુ ભાવથી એમનું સ્વાગત કર્યું.

વેપારી તો આસપાસ માંસ પડેલું જોઈ એની બદબોથી અકળાઈ ગયો અને નાકે રૂમાલ ધરવા લાગ્યો.

થોડી વારમાં તો પેલા કસાઇએ દુકાન બંધ કરી. પોતાને બારણે આવા સંતપુરુષ આવ્યા હોય પછી એને કામ કરવાનું ક્યાંથી મન થાય? એ બંનેને લઈ પોતાને ઘેર ગયો. વેપારી પણ સાથે જ ગયો. ત્યાં પણ કાપેલાં પશુનાં હાડકાંચામડાં પડેલાં હતાં અને બધું અસ્વચ્છ દેખાતું હતું.

વેપારી તો વિચારમાં જ પડી ગયો!

ત્યાં થોડી વાર બેઠા પછી સાધુ અને ફકીર એ ભાવિક કસાઇની રજા લઈ બીજે જવા ઊઠ્યા. વેપારી તો વિચારમાં ડૂબ્યો હતો. સાધુ અને ફકીર શહેરનો દરવાજો ઓળંગી બીજે ગામ જવા લાગ્યા. વેપારી તરત જ એમને પગે પડ્યો અને કરગરીને બોલ્યો :

ખારાબાપુ

"સાધુજન, મને સમજાવો કે તમે મારે ત્યાં શા માટે ન આવ્યા?"

ફકીર બોલ્યો: "તારે ત્યાં બદબો આવે છે. તું અપ્રમાણિકપણે વેપાર કરે છે, ખોટી રીતે પૈસા ભેગા કરે છે. તેથી તારે ત્યાં પ્રભુના પ્રેમની સુવાસ નથી, સેતાનની બદબો છે. તેથી અમે તારે ત્યાં આવીએ તો, જેમ તેં કસાઈની દુકાને નાકે રૂમાલ ધર્યો હતો તેમ અમને નાક બંધ કરવું પડે. પેલો કસાઈ ભલે કેવો પણ ધંધો કરે છે તોયે તે પોતાના ધંધામાં પ્રામાણિક છે. તે ખુદાની બંદગી કરે છે. તેથી ત્યાં બધે ખુદાની સુવાસ ફેલાયેલી છે."

પછી સાધુ બોલ્યો: "તારે ત્યાં બધે અસ્વચ્છતા છે. કારણ કે તું કેટલાયે લોકોનું લોહી ચૂસીને ધન કમાયો છે. કેટલાયે ગરીબ લોકોનાં મોંમાંથી રોટલો ઝૂંટવી લઈને તું મોજ માણે છે. તેથી અમને તો ત્યાં બધે લોહી, ગરીબની હાય અને તેઓનાં છૂપાં રુદન જ દેખાય. એ બધું તારા ઘરના વાતાવરણને મલિન કરી દે છે. પેલા કસાઇને ત્યાં ભલે જેવું તેવું પડ્યું હોય તોયે ત્યાં મહેનતની વિમળતા નજરે પડે છે. બધે પ્રભુનું ગીત સંભળાય છે. બધે આનંદ નજરે પડે છે. તેથી જો અમે તારે ત્યાં આવીએ તો જેમ તું કસાઇને ઘેર અકળાઈ ગયો હતો તેમ તારે ત્યાં અમે અકળાઈ મરીએ."

સાધુ અને ફકીરની વાત સાંભળીને પેલો વેપારી તો બાપડો અવાક બની ગયો!

પછી સાધુ અને ફકીર પ્રભુનું ભજન ગાતા ગાતા ત્યાંથી આગળ ચાલ્યા.

'દોનોં હાથ ઉલીચિયે'

વિનોબાજી

કેટલાક લોકો પાસે હજાર, બે હજાર, ચાર હજાર એકર જમીન પડી છે અને કેટલાક લોકો પાસે બિલકુલ જમીન નથી. આવો ભેદ કેવી રીતે ચાલશે? એથી હિંદુસ્તાન કેવી રીતે ટકી શકશે? તમે એ જરા વિચારો. જુઓ, પાણી શું કરે છે? કૂવાનું પાણી જુઓ. એમાંથી એક ડોલ ભરીને પાણી લઇ લઇએ તો તમે જોશો કે એ કૂવામાં એક ડોલ જેટલો ખાડો નથી પડતો. ચારે બાજુએથી પાણીનાં બિંદુઓ જોરથી આવી જશે અને જ્યાંથી પાણી લઈ લેવામાં આવ્યું હતું ત્યાં ખાડો પડવા નહીં દે. તો સમાજ પાણીના જેવો હોવો જોઈએ. જેમ પાણી પોતાનામાં ખાડો પડવા નથી દેતું તે જ રીતે સમાજમાં ખાડો ન પડવો જોઈએ. સમાજના લોકોને એની ફિકર રહેવી જોઈએ.

છેવટે હું તમને કબીરનું એક વચન સમજાવીશ. 'પાની બાઢો નાવમેં' હોડીમાં પાણી વધી ગયું, 'ઘરમેં બાઢો દામ' ઘરમાં પૈસા વધી ગયા. જેમ હોડીમાં પાણી ભરાય એ જોખમ છે તે જ રીતે ઘરમાં પૈસા વધી જાય એ જોખમ છે. પાણી જોઇએ પણ તે હોડીની અંદર નહીં, પણ હોડીની બહાર જોઈએ. પૈસા સમાજમાં જોઈએ, ઘરમાં નહીં. ઘરમાં જો પૈસા વધી જાય તો જોખમ સમજો. પછી શું કરશો? 'દોનોં હાથ ઉલીચિયે' બંને હાથો વડે પાણી બહાર ફેંકી દો. તો જેના ઘરમાં પૈસા ભરાઈ ગયા છે તેની હોડીમાં પાણી ભરાયું છે. પોતાની હોડી સમુદ્ર તરી જાય એમ જો તે ઇચ્છે તો તેણે પાણી હોડીમાંથી કાઢી નાખવું જોઈએ.

પ્યારાબાપુ

ભક્તરાજ [અનુસંધાન પૃ૦ ૯૨ થી ચાલુ]

રસ્તે મળનાર કોઈની સાથે પણ તે જરાયે બોલ્યો નહિ. કોઇ એને રસ્તે સવાલ પૂછતું, તોયે તેને જવાબ આપ્યા વિના નીચું ઘાલી એ પોતાને રસ્તે જવા લાગ્યો. છેવટે જ્યાં દોઢડાહ્યો એને મળ્યો હતો એ જગ્યાએ તે આવી પહોંચ્યો. પછી ત્યાં કંઇક છુટકારાનો દમ લઈ તે દરવાજા ભણી ઉતાવળે ડગ ભરવા માંડ્યો અને થોડા વખતમાં તે નિર્દેશેલા દરવાજા પાસે આવી પહોંચ્યો. ત્યાં દરવાજા ઉપર લખ્યું હતું: 'બારણું ઠોક અને તે તારા માટે ઊઘડશે.'

એટલે ભક્તરાજે બે ત્રણ વાર બારણું ઠોક્યું અને આખરે ગંભીર મુખાકૃતિવાળા માણસે આવીને બારણું ખોલ્યું. તે માણસનું નામ 'કલ્યાણ' હતું. તેણે ભક્તરાજને ત્યાં આવવાનું કારણ પૂછ્યું.

એટલે ભક્તરાજ બોલ્યો: "હું તો ભારથી લદાયેલો પાપી માણસ છું અને હું 'વિનાશની નગરી'માંથી આવું છું. ત્યાં ભવિષ્યમાં થનારા ભયંકર ઉલ્કાપાતમાંથી બચવા માટે હું આ તરફ આવ્યો છું. મને એમ જણાવવામાં આવ્યું છે કે એ આપત્તિમાંથી બચવાનો રસ્તો મને અહીં બતાવવામાં આવશે. તેથી હું અહીં આવ્યો છું. આપ મને અંદર દાખલ કરશો કે?"

કલ્યાણે કહ્યું: "જરૂર; ખુશીથી તમે અંદર આવી શકો છો." એમ કહી તેણે બારણું ઉઘાડ્યું. પરંતુ જેવો ભક્તરાજ દાખલ થવા ગયો કે તરત જ એક માણસે તેને ઝડપથી અંદર ખેંચી લીધો. આ જોઇને ભક્તરાજે પૂછ્યું: "તમે આમ શા માટે કર્યું?"

કલ્યાણે કહ્યું: "અહીંથી થોડે દૂર એક મજબૂત ગઢ બાંધીને અસુર લોકો રહે છે એ અસુર લોકો અહીં દાખલ થનારને મારી નાખવા ત્યાંથી બાણ છોડે છે. તેથી તને આમ ઝડપથી ખેંચી લીધો."

ભક્તરાજને પછી કલ્યાણે પૂછ્યું: "તને અહીં આવવા કોણે સૂચવ્યું હતું?"

ભક્તરાજ—ધર્મદૂતે મને અહીં આવવા અને બારણું ઠોકવા સૂચવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે, હવે પછી મારે શું કરવું એ વિશેની માહિતી પણ આપ આપશો.

કલ્યાણ—આ બારણાં તારે માટે હંમેશ ખુલ્લાં જ છે, અને કોઈ પણ એ બંધ કરી શકશે નહીં.

ભક્તરાજ—હમણાં સુધી જે મુશ્કેલીઓ વેઠી, હવે તેનું ફળ મને મળતું લાગે છે.

કલ્યાણ—પણ તું એકલો જ શી રીતે આવ્યો? તારી સાથે કોઈ આવવા તૈયાર ન થયું?

ભક્તરાજ—ના; કારણ કે મારા પડોસીઓ ભવિષ્યમાં જે આપત્તિ આવવાની છે તે મારી માફક જોઇ શક્યા નહિ.

કલ્યાણ—તું અહીં આવ્યો છે એ વાત કોઇ જાણે છે ખરું?

ભક્તરાજ—હા જી. મારી પત્નીએ તેમ જ છોકરાઓએ મને પહેલાં અહીં આવતો જોયો અને તેઓ મને પાછો ફરવાનું કહેવા લાગ્યાં; વળી કેટલાક પડોસીઓ પણ સાદ પાડીને મને પાછો બોલાવવા લાગ્યા. પણ મેં તો કાનમાં આંગળી ખોસીને આ તરફ જ દોડવા માંડ્યું.

કલ્યાણ—ઠીક, પણ તેઓમાંથી કોઇ તારી પાછળ પડીને તને ઘેર પાછો લઈ જવા તૈયાર નહોતું થયું?

ભક્તરાજ—હા જી; હઠદાસ અને પોચકીદાસ એ બંને જણા આવ્યા હતા ખરા; પરંતુ જ્યારે તેઓને ખાતરી થઇ કે હું નમતું આપું એમ નથી, એટલે હઠદાસ પાછો

ચાલ્યો ગયો; પણ પોચકીદાસ થોડેક સુધી મારી સાથે આવ્યો હતો ખરો.

કલ્યાણ—પણ એ તારી સાથે અહીં સુધી કેમ ન આવ્યો?

ભક્તરાજ—'નિરાશાની કળણભૂમિ' સુધી એ મારી સાથે આવ્યો. પણ એમાં અમે બંને પડીને ખૂંપવા લાગ્યા. એટલે પોચકીદાસ ગભરાઈ ગયો અને તેણે આગળ આવવાની હિંમત ન કરી! એ ત્યાંથી જ દોટ મૂકીને ઘેર ભાગી ગયો.

કલ્યાણ—અરેરે, બાપડાને સ્વર્ગીય સુખની મહત્તા સમજાઇ નહિ કે તે આટલી મુશ્કેલી વેઠી ન શક્યો અને જીવ વહાલો ગણી નાસી ગયો?

ભક્તરાજ—મેં પોચકીદાસ વિષે તમને સાચી હકીકત કહી; અને એ જ રીતે મારી પણ સાચી હકીકત તમને જણાવું તો મારામાં અને પોચકીદાસમાં કશો ફરક જણાશે નહીં. એ વાત સાચી કે પોચકીદાસ પોતાને ઘેર ભાગી ગયો; પરંતુ દોઢડાહ્યાની દુન્યવી સુખની વાતો સાંભળીને ભોળવાઇ જઈ હું પણ મોતને રસ્તે ચડી ગયો હતો!

કલ્યાણ—અરે, શું તું પણ એની જાળમાં ફસાઈ પડ્યો હતો? એ લોકો તો મોટા ઠગારા છે. તેં પણ એનું કહ્યું માન્યું? અને ખોટે માર્ગે ચડી ગયો?

ભક્તરાજ—અરે, મારી મૂર્ખાઇની શી વાત કહું! એ તો ભગવાનની કૃપાથી ધર્મદૂતે મને એ મોટી આફતમાંથી બચાવી લીધો. નહિ તો મારું આવી જ બન્યું હોત!

કલ્યાણ—ચાલો, હવે જે થયું તે થઇ ગયું. કેટલીયે ભૂલ કરનાર જો આ સન્માર્ગે આવવાનો પ્રયત્ન જારી રાખે અને અહીં આવી પહોંચે તો તેનાં બધાં સ્ખલનો ક્ષમ્ય છે. અહીં સુધી તું આવ્યો એ જ તારી મોટી સિદ્ધિ છે. હવે ભક્તરાજ, તું મારી સાથે આવ; તારે હવે જે રસ્તે જવાનું છે એ વિશેની સૂચના તને આપું છું. એ બધું તું બરોબર ધ્યાન દઈને સાંભળજે. તારું જરૂર કલ્યાણ થશે.

સામેની બાજુએ જો; તને પેલો સાંકડો રસ્તો દેખાય છે કે? એ જ રસ્તે તારે જવાનું છે. સંતોએ, મહાત્માઓએ, પયગંબરોએ, શહીદોએ એ રસ્તો બનાવ્યો છે. એ રસ્તો સીધેસીધો પસાર થાય છે. એ સીધા તેમ જ સાંકડા રસ્તે તારે જવાનું છે.

ભક્તરાજ—અજાણ્યા પ્રવાસીને ભુલાવામાં નાખી દે એવા વળાંક તેમ જ ખુણાખાંચા એ રસ્તે શું નથી આવતા?

કલ્યાણ—હા, એવા ઘણા રસ્તા આસપાસથી આવીને એને મળે છે. તે રસ્તાઓ પહોળા અને વળાંકવાળા છે. પણ તને ખરો તેમ જ ખોટો માર્ગ ઓળખતાં આવડવું જોઇશે. ખરો માર્ગ હંમેશાં સીધો અને સાંકડો હોય છે.

પછી ભક્તરાજે કલ્યાણને પૂછ્યું: "ભાઇ, મારા ખભા પર આ જે ભારે બોજો છે તે દૂર કરવા આપ મને મદદ ન કરી શકો? હું તો ખરેખર આ ભારથી ત્રાસી ગયો છું!"

કલ્યાણ—જ્યારે તું તારી મુક્તિને સ્થાને પહોંચી જશે ત્યારે તે આપોઆપ તારા ખભા પરથી હેઠો પડી જશે.

પછી ભક્તરાજ આગળ જવા માટે કમર કસીને તૈયાર થઇ ગયો. કલ્યાણે તેને કહ્યું: "ભક્તરાજ, આ દરવાજેથી થોડે દૂર જતાં 'દર્શક' નામના સજ્જનનું ઘર આવશે. તેનું બારણું તું ઠોકજે. તને તે ઉત્તમ વસ્તુઓ બતાવશે."

પછી ભક્તરાજ કલ્યાણના આશીર્વાદ લઇ આગળ પ્રયાણ કરવા લાગ્યો. (ચાલુ)

પ્યારાબાપુ

ગાંધીમાળા

મણકો ૩જો - અહિંસા

સંકલનકર્તા ::: ચંદુલાલ બ. પટેલ

અહિંસા, મારા નમ્ર મત પ્રમાણે, રીતસર સમજવામાં આવે તો તે ઐહિક તેમ જ પારલૌકિક સર્વ દુઃખોને મટાડવા માટે ચિંતામણિરૂપ છે. તેનું અતિશય સેવન કરવું શક્ય નથી. અહિંસા બીજા ગુણોના સેવનની આડે નથી આવતી. પરંતુ અહિંસાનું પ્રાથમિક રૂપે પણ સેવન થઈ શકે તે પૂર્વે બીજા ગુણોનું સેવન આવશ્યક છે. મહાવીર અને બુદ્ધ સૈનિકો હતા; તેમ જ ટૉલ્સ્ટૉય પણ હતા. તેઓને જ પોતાની પ્રવૃત્તિનું ગંભીર સ્વરૂપ યથાર્થ રીતે ખ્યાલમાં આવ્યું હતું. તેઓ જ યોગ્ય, સુખી, ઉદાત્ત અને દૈવી જીવનનું રહસ્ય મેળવી શક્યા હતા. આપણે આ ઉપદેશકોના સહભાગી બનશું, તો આપણો દેશ ફરીથી પાછો દેવોનું નિવાસસ્થાન બનશે.

રિચર્ડ ગ્રેગ સાહેબ મને લખે છે કે: "હું બહુ જાણતો નથી, તેથી અચકાઉં છું, પણ આપને એક વિચાર દર્શાવવાનું સાહસ કરું છું. હિંદુસ્તાનની આજની અંદરોઅંદરની જાતીય લડાઈનો વિચાર કરતાં લોકોનો નૈતિક દોષ તેમાં બહુ નજરે આવતો નથી. એ હિંસા જાતીય ઘૃણા અથવા એકબીજામાં એટલો બધો અવિશ્વાસ નથી બતાવતી; કેમ કે જનતાનો ગુસ્સો અને એની ઉપરની સદીઓથી લદાતી આવેલી પીડા જોતાં એ કંઈ વિશેષ ન ગણી શકાય. મનોવિજ્ઞાન આપણને શીખવે છે કે બચપણની અંદર દબાઈ રહેલ ગુસ્સા, અવિશ્વાસ આદિની ચિનગારીઓ જીવનમાં પ્રસંગ મળતાં ભભૂકી ઊઠે છે; અને તે હિંસા, લડાઈ આદિનું રૂપ સ્વતઃ લે છે. યહૂદીઓ પર યુરોપમાં જે જુલ્મ થયો હતો ને તેના પરિણામે હિંસક કામોની જે જડ જામી હતી તે અમે સમજી શકીએ છીએ. એ રીતે હિંદુસ્તાનમાં આજે ગુસ્સો હિંસારૂપ ભયાનક શક્તિરૂપે ફૂટી નીકળ્યો છે. સર્વ મુલકોના ઇતિહાસમાંથી જાણી શકાય છે કે જ્યારે રાજસત્તા એક હાથમાંથી બીજા હાથમાં જાય છે ત્યારે થોડી ઘણી ખૂનખરાબી થાય છે. એ વખતે જનતા કોઈ કોઈના જુલ્મનો શિકાર તો બને છે; અને તેથી તેના દિલમાં છૂપી રીતે દબાયેલ પુરાણો ગુસ્સો જ્યારે સત્તા એક હાથથી બીજાના હાથમાં જાય છે ત્યારે અથવા કોઈ સ્વાર્થી નેતા તેનો લાભ ઉઠાવવા માગે છે ત્યારે, હિંસારૂપે તેનો ભડકો

થાય છે. વળી હિંદુસ્તાનની જાતીય લડાઈ કે એક બીજી કોમ પ્રત્યે અવિશ્વાસની વૃત્તિ એટલી બધી તીવ્ર નથી. આથી એમ માનું છું કે જ્યારે આપ આપના લોકોને ગ્રામપંચાયત અથવા સમ્મિલિત કુટુંબ જેવી કલ્યાણકારી સંસ્થાઓ તરફ આકર્ષશો ત્યારે લોકોની શક્તિ હિંસામાંથી પાછી વળીને ઉપરના સર્વોદય-કામમાં લાગી રહેશે. તેમ જ ખાદીના કાર્યમાં શરણાર્થીઓને જોડી દેવાથી તેઓની શક્તિ એ કલ્યાણકારી કામમાં લાગી રહેશે. આપ તરફ અને હિંદુસ્તાન તરફ પ્યાર હોવાથી આ લખી રહ્યો છું." ઘણા માનસશાસ્ત્રીઓએ મને મનોવિજ્ઞાનની વિદ્યા શીખવાનું કહ્યું છે; પણ સમય ન મળવાને કારણે મને દુઃખ થાય છે કે તે હું કરી શક્યો નથી. ગ્રેગ સાહેબનો પત્ર મારી સમસ્યા નથી ઉકેલી શકતો અને વળી તે પત્ર મારા દિલમાં મનોવિજ્ઞાન જાણવાની પ્રેરણા પણ નથી કરતો. તેથી મારી શંકાનું સમાધાન થવાને બદલે ઊલટી ગૂંચ વધે છે. 'ભવિષ્યને માટે આશા' તો મેં કદીયે ખોઈ નથી અને કદી ખોવાનો પણ નથી; કેમકે તે તો મારા અહિંસાના અમર વિશ્વાસમાં જ છે. હા, મને ચોકસ જણાયું છે કે-સંભવ છે કે અહિંસા અમલમાં મૂકવાની મારી કલામાં કોઈ દોષ છે. વાસ્તવિક રીતે તો અંગ્રેજી રાજ્ય દરમ્યાન ત્રીશ વર્ષની અહિંસક લડાઈમાં અમે અહિંસાને પૂરી સમજ્યા નહિ. આથી આજે શાંતિ જનતાએ બહુ ધીરજથી આ લડાઈમાં રાખી, તે શાંતિ અંદરની નહિ; પણ ઉપરની હતી. જે વખતે અંગ્રેજી રાજ્ય ગયું તે વખતે દિલનો ગુસ્સો બહાર નીકળ્યો. એ કુદરતી જ હતું કે તે ગુસ્સો જાતીય ઝઘડામાં ફાટી ઊઠ્યો; કેમકે એ ગુસ્સો અત્યાર સુધી અંગ્રેજોની બંદૂકોથી દબાવી દીધો હતો. મારી અહિંસા અમલમાં મૂકવાની કળા નિષ્ફળ થઈ; તો તેથી શું? તેથી અહિંસામાંથી વિશ્વાસ થોડો ઊઠી જઈ શકે? ઊલટું તેથી એમ જણાય કે મારા જોવામાંયે કોઈ દોષ હોઈ શકે છે. મારો વિશ્વાસ સંભવ છે કે વધારે દૃઢ થઈ જાય છે.

★ નવા ગ્રાહક બનાવી 'બાપુ-સ્મરણ' મેળવો ★

અનુક્રમણિકા .... ૩૦ મે ૧૯૫૨

પૃષ્ઠ
૧ ત્રીજો ચમત્કાર ... ... ભગવાન બુદ્ધ ૮૫
૨ પ્રેમ સગાઈ ... ... સૂરદાસ ૮૬
૩ અવૈર-વૃત્તિ ... ... પદ્મનાભ શ્રી. જૈની ૮૭
૪ ધર્મનો પ્રાણ ... ... કાકા કાલેલકર ૮૯
૫ આદર્શ અને જીવન સંગ્રામ ... સંતબાલજી ૯૦
૬ ભક્તરાજ ... ... મુકુલભાઈ ૯૧
૭ ધીરજની મહત્તા ... ગુરુદયાલ મલ્લિકજી ૯૩
૮ સરદારશ્રીની વાણી ... ... મુ૦ કે૦ ૯૪
૯ પ્રતિકારનો માર્ગ ... ઉજ્જ્વળ કુંવરજી ૯૫
૧૦ હૃદયપલટો ... ... મુ૦ ૯૬
૧૧ બાપુના પત્રો ૯૭
પૃષ્ઠ
૧૨ ચંડાળ કોણ? ... ... ગોપાળદાસ પટેલ ૯૯
૧૩ જિંદગીની મહત્તા જવાહરલાલ નેહરુ ૧૦૦
૧૪ નિરાગ્રહનું કારણ ... ... કેદારનાથજી ૧૦૧
૧૫ મોટાઈનું માપ ... બબલભાઈ મહેતા ૧૦૨
૧૬ ત્રિવેણી સંગમ ... ... મુ૦ કે૦ ૧૦૩
૧૭ કાચ અને દર્પણ ૧૦૪
૧૮ બાપુજીની મીઠી વાતો ... સાને ગુરુજી ૧૦૫
૧૯ શિક્ષણ અને લલિતકળા .. કિ૦ ઘ૦ મ૦ ૧૦૬
૨૦ બદબો અને અસ્વચ્છતા ... મુકુલભાઈ ૧૦૭
૨૧ દોનોં હાથ ઉલીચિયે ... વિનોબાજી ૧૦૮
૨૨ ગાંધી માળા ... ચંદુલાલ બ. પટેલ ૧૧૧

ખરેખર, સ્વરાજ મળ્યા પહેલાંના અને સ્વરાજ મળ્યા પછી બાપુજીના અવસાન સુધીના દિવસોનું સ્મરણ કરતાં આપણું માથું લજ્જાથી નીચું નમી જાય છે. જાણે આપણા દેશમાં બધે માનવતાવિહીન પાગલપણું જ વ્યાપી ગયું હતું! સદ્ગત રમણભાઇ નીલકંઠે યોગ્ય જ કહ્યું છે કે,

'દુર્વૃત્તિઓ જે જગવે જનોની,
તે ખેલ માંડે ભયનો ભરેલો;
ભર્યાં તળાવોતણી પાળ તોડી,
રોકી શક્યું છે જળધોધ કોણ?'

અને ખરેખર આપણા દેશબાંધવોમાં વ્યાપેલા કોમી ઝેરે જંગલીપણાનું જ દુઃખદ દર્શન કરાવ્યું. બાપુજીનું હૃદય શતધા વિદીર્ણ થઈ જતું હતું. એક વાર બાપુજીનો પડ્યો બોલ ઝીલનાર ભારતવાસીઓ બાપુજીની અવગણના કરવા લાગ્યા. બાપુજીને વારંવાર કહેવું પડતું: "મારું ક્યાં ચાલે છે!"

બાપુજીની સ્થિતિ મહાભારતમાં ભગવાન વ્યાસ કહે છે:

'ઊર્ધ્વબાહુર્વિરૌમ્યેષ ન ચ કશ્ચિચ્છૃણોતિ મે ।'

(ઊંચા ઊંચા હાથ કરી કરીને હું વારંવાર પોકારું છું પણ કોઈ મારું સાંભળતું નથી) એના જેવી થઈ ગઈ હતી! એ શરમજનક દુઃખદાયક ભૂતકાળનું તાદૃશ વર્ણન આ પ્રસ્તુત પુસ્તકમાં શ્રી. બ્રજકૃષ્ણભાઇએ કર્યું છે. તે વખતના કેટલાક પ્રસંગો ખરેખર આપણા હૃદયના મર્મને ભેદી જાય એવા છે. એકાદ ઉદાહરણ લઇએ. એ પ્રસંગ આજે પણ એટલો જ મહત્ત્વનો લાગે એવો છે.

"રેંટિયાબારસ આવી. સવારમાં બાપુ હમેશની જેમ ફરતા હતા. કોઇએ એમને કહ્યું કે ધ્વજવંદન પછી રાજેન્દ્રબાબુ મીઠાઇ વહેંચશે. આ વાત સાંભળીને એમને જેટલું દુઃખ થયું તેટલું કદાચ કદીયે કોઈ વાતથી નહીં થયું હોય. નય્યરજી પર અને મારા પર તૂટી પડ્યા: 'દેશમાં દુકાળ પડ્યો છે, લોકો ભૂખે મરે છે, ખાવા અનાજ મળતું નથી અને તમે મીઠાઇ વહેંચાવશો? મારી પાસે રહીને તમે આ શીખ્યા? મારા અંતરમાં આગ સળગે છે, તેમાં આથી ઘી હોમાશે. મારે શું કરવું તેનો વિચાર કરવો પડશે.' વળી પાછા ગંભીર થઇને કહેવા લાગ્યા: 'આ રીતે મારાથી એકસોપચીસ વરસ કેમ જિવાય? મારામાં સંપૂર્ણ અનાસક્તિ નથી. તેથી મને આટલું લાગે છે, નહીં તો મારા પર આ વસ્તુની આટલી અસર કેમ થાય? તમે નથી હરિજનોની કે નથી સ્વયંસેવકોની સેવા કરતા. હરિજન ભિખારી નથી કે તેમને જરા કંઈક વહેંચો. તમે મારો દિવસ બગાડ્યો!'"

આવા કેટલાક મનનીય પ્રસંગો આ પુસ્તકમાં શ્રી. બ્રજકૃષ્ણભાઈએ વર્ણવ્યા છે. આ અમુલ્ય પુસ્તકમાં લેખકે ૧૯૧૯ થી તે બાપુજીના અંતીમ કાળ સુધીના અગત્યના પ્રસંગો તારીખવાર ઉલ્લેખ સહિત સરળ અને પ્રવાહી શૈલીમાં આપણા હૃદયને સ્પર્શી જાય એ રીતે વર્ણવ્યા છે.

ખરેખર, આ પુસ્તકને વાંચતાં આપણને એક વિદ્વાનના કથનનું સ્મરણ થાય છે: 'This is not a book. Who touches it touches a man.'— આ કંઈ જડ પુસ્તક નથી. જે કોઇ એને સ્પર્શે છે તે માનવને જ સ્પર્શે છે.—'બાપુની સેવામાં' એ પુસ્તક તો પાવનકારી ગાંધી-તીર્થ-ઉદક છે; એક મૂક સેવકની બાપુ-પ્રેમ-ગાથા છે; નમ્ર હૃદયનું ઉદાત્ત દર્શન છે; બાપુના જીવનની સ્મરણસંહિતા છે; ભક્તાત્માનો જીવનનિચોડ છે.

'બાપુની સેવામાં' એ મૂળ પુસ્તક હિંદીમાં છે. શ્રી. કરીમભાઈએ તેનો ગુજરાતી અનુવાદ કર્યો છે અને નવજીવન પ્રકાશન મંદિરે તેને ગુજરાતને ચરણે ધર્યું છે એ બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

— મુ૦ ક૦

સાભાર સ્વીકાર

દેસાઈ એન્ડ કંપની, ઘોઘા જંકશન, સૌરાષ્ટ્ર

અના કેરેનિના: (ભાગ પહેલો અને બીજો) લે૦ ટોલ્સ્ટોય; અનુ૦ ભોગીલાલ ગાંધી; કિં૦ અનુક્રમે ૪-૮-૦ અને ૪-૧૨-૦; પૃ૦ અનુક્રમે ૨૪૦ અને ૨૫૦.

વોરા એન્ડ કંપની, પબ્લિશર્સ લિમિટેડ, મુંબઈ-૨

મારી શ્રેષ્ઠ વાર્તા: ગુજરાતના સિદ્ધહસ્ત લેખકોની સત્તર વાર્તાઓ; સંપાદક: મનસુખલાલ ઝવેરી; કિં૦ ૩-૮-૦; પૃ૦ ૨૬૨.

એલીટ બુક સર્વિસ, અમદાવાદ.

કલગી; લે૦ નગીનદાસ પારેખ; કિં૦ ૦-૬-૦; પૃ૦ ૬૨.

◆

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.
પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.
લવાજમ મ. ઑ.થી મોકલતાં મ. ઑ.ની કૂપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.
એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.
આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે

'પ્યારાબાપુ' કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક: ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ

આરામાય



સંપાદક : નવીન ગાંધી

ગ્રંથાવલોકન

મારી શ્રેષ્ઠ વાર્તા: સં॰ મનસુખલાલ ઝવેરી; પ્ર॰ વોરા એન્ડ કંપની, મુંબઇ–૨; કિં॰ સાડા ત્રણ રૂપિયા; પૃ॰ ૮+૨૬૨.

શ્રી. મનસુખલાલ ઝવેરીએ ગુજરાતના સિદ્ધહસ્ત લેખકોની સત્તર વાર્તાઓનો આ સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે એ આવકાર્ય છે. 'મારી શ્રેષ્ઠ વાર્તા'ની આમ તો પહેલી આવૃત્તિ ૧૯૩૮માં બહાર પડી હતી. પરંતુ ત્યાર પછીના તેર વરસના ગાળામાં આપણા દેશમાં તેમ જ પ્રાન્તમાં અમુક પરિવર્તનો થવા પામ્યાં, તેથી એ પરિસ્થિતિને લક્ષમાં લઇને આ બીજી આવૃત્તિ વેળાએ શ્રી. મનસુખલાલભાઈએ ઉચિત ફેરફારો કર્યા છે. વળી ધીમે ધીમે વાચકવર્ગ વધતો જાય છે અને શાળા, મહાશાળાઓમાં ગુજરાતી ભાષા તેમ જ સાહિત્યનો અભ્યાસ પણ વિકાસ પામતો જાય છે. તેથી કિશોરવર્ગ આગળ સારી વાર્તાઓ ધરવામાં આવે અને તેઓને ટૂંકી વાર્તાઓનાં ઉત્તમ તત્ત્વોનો ખ્યાલ આપવામાં આવે તો તેનામાં સારા વાચનની ભૂખ ઉઘડે અને હીન સાહિત્યથી એ દૂર રહી શકે, એ દૃષ્ટિ પણ સંપાદકે પોતાની નજર સામે રાખીને આ વાર્તાઓ તરુણ વિદ્યાર્થીઓના હાથમાં નિર્ભયપણે મૂકી શકાય અને તેનું વર્ગમાં અધ્યાપન કરતી વેળા શિક્ષક કે વિદ્યાર્થીને સંકોચ અનુભવવો ન પડે એ રીતે જ વાર્તાઓની પસંદગી કરવામાં આવી છે એ ખરેખર અભિનંદનીય છે. આવી મર્યાદા સંપાદકે સ્વીકારેલી હોવાથી એકાદ બે અપવાદ સિવાય આ સંગ્રહમાંની વાર્તા લેખકને પોતાની વાર્તાઓમાંથી જે શ્રેષ્ઠ લાગી છે તે અહીં પ્રસિદ્ધ કરવામાં આવી છે. આમ લેખકોએ જ પોતાની શ્રેષ્ઠ વાર્તાઓની પસંદગી કરેલી હોવાથી લેખકના માનસના અભ્યાસીને આ સંગ્રહ ઉપયોગી થઇ પડે એવો છે, એ પણ આ સંગ્રહની એક વિશિષ્ટતા છે.

આ પ્રસ્તુત સંગ્રહમાં શ્રી. રામનારાયણભાઇની છૂટ-અછૂટ કે ભણેલ-અભણના ભેદ ન સ્વીકારતી પ્રેમભાવનાનું ઉચ્ચ ચિત્ર આલેખતી અને નીચ ગણાતી જ્ઞાતિમાં પણ પતિ-પત્ની વચ્ચેના દૃઢ અને અતૂટ પ્રેમસંબંધ તેમ જ પ્રસન્નમંગલ દાંપત્યનું આલેખન કરતી વાર્તા "ખેમી" છે; શ્રી. મુનશીની વૃદ્ધલગ્નનો ઉપહાસ કરતી હાસ્યપ્રધાન પ્રખ્યાત વાર્તા "શામળશાનો વિવાહ" છે; 'સાસુ એટલે સાસુ' એવા પૂર્વગ્રહો વહુઓમાં સાસુ વિશે બંધાઈ ગયેલા હોવાથી તેની ભોગ બનતી અને વહુઓની ખુશામત કરવા પણ તૈયાર થઈ જતી બાની પણ કેવી કરુણ સ્થિતિ થાય છે તેનું હૃદયસ્પર્શી આલેખન કરતી શ્રી. ધનસુખલાલ મહેતાની વાર્તા "બા" છે; માતૃભાવ જ સ્ત્રીત્વની સુંદરમાં સુંદર, મધુરમાં મધુર અને મંગળમય સિદ્ધિ છે અને માતૃત્વની ઉચ્ચતામાં માનવજીવનનાં બધાં જ મલિન તત્ત્વો વિલીન થઈ જાય છે એવા પતિતપાવન માતૃભાવનું નિરૂપણ કરતી ધૂમકેતુની "હૃદયપલટો" છે; દીન કંગાળ પરિસ્થિતિને લીધે કંટાળીને બૂરાઇને માર્ગે વળતા પતિને પત્ની પોતાના સ્નેહાળ તેમ જ વાત્સલ્યભરપૂર માતૃહૃદયની સુકુમારતા દ્વારા કેવી બચાવી લે છે એનું રમણીય ચિત્ર આલેખતી શ્રી. ઝવેરચંદ મેઘાણીની "બૂરાઈના દ્વાર પર" છે; બે મિત્રો અને રૂપાં એ ત્રણ વચ્ચે અણજાણ રીતે પ્રણયત્રિકોણ રચાયેલો હોવા છતાં એ ભોળાં હૃદયો એમાંથી કેવું મંગળ પરિણામ નિપજાવે છે એનું ભાવનામય, કાવ્યમય આલેખન કરતી શ્રી. સ્નેહરશ્મિની વાર્તા [અનુ॰ કવરપેજ ત્રીજું]



માણસની કિંમત માણસની રહેણી ઉપર છે, તેની પદવી ઉપર નથી.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫] ૩૦ જૂન - ૧૯૫૨ [અંક ૫

માણસની કસોટી

માણસની કિંમત માણસની રહેણી ઉપર છે, તેની પદવી ઉપર નથી. આવી રહેણીની પરીક્ષા તેનાં બહારનાં કામોથી નથી થતી પણ તેની અંતરવૃત્તિ જાણવાથી જ થાય છે. એક માણસ ગરીબ માણસને પોતાની નજરેથી દૂર કરવાને સારુ રૂપિયો આપે. બીજો તેની દયા ખાઈ હેતથી અરધો રૂપિયો આપે. અરધો રૂપિયો આપનાર માણસ તે ખરો નીતિવાન છે અને રૂપિયો આપનાર માણસ તે પાપી છે.

જે માણસ પોતે શુદ્ધ છે, દ્વેષ કરતો નથી, ખોટો લાભ કોઇનો લેતો નથી, હમેશાં પવિત્ર મન રાખી વર્તે છે, તે જ ધાર્મિક છે, તે જ સુખી છે, અને તે જ પૈસાદાર છે. તેઓનાથી જ માણસજાતની સેવા બની શકે છે. જે દીવાસળીમાં દેવતા નહીં હોય તે બીજાં લાકડાં કેમ સળગાવી શકશે? જે માણસ પોતે નીતિ નથી પાળતો તે બીજાને શું શીખવશે? પોતે ડૂબતો બીજાને કેમ તારી શકે?

નીતિનું આચરણ કરતો માણસ દુનિયાની સેવા કેમ કરવી એમ કદી સવાલ ઉઠાવતો નથી, કેમ કે એ સવાલ તેને ઊઠતો નથી.

મેથ્યુ આરનોલ્ડ એમ કહે છે કે, “ એક દહાડો મારા મિત્રને સારુ હું તંદુરસ્તી, જીત અને કીર્તિ ઇચ્છતો; હવે તેવું ઇચ્છતો નથી. કેમ કે તે હોય યા ન હોય તેની ઉપર મારા મિત્રનાં સુખદુઃખનો આધાર નથી. તેથી હવે હું સદાય એમ ઇચ્છું છું કે તેની નીતિ હમેશાં અચળ રહે.”

ઈમર્સન કહે છે: “ભલા માણસનું દુઃખ તે પણ તેઓનું સુખ છે; અને ભૂંડાને તો પૈસો, તેની કીર્તિ તે પણ તેઓને અને દુનિયાને દુઃખરૂપ છે.”

ગાંધીજી

વિરલા

મુનિશ્રી નાનચંદ્રજી 'સંતશિષ્ય'

(રાગ પીલુ, બિલાવલ, આશા)

આતમ દરશન વિરલા પાવે, દિવ્ય પ્રેમ વિરલા પ્રગટાવે. ટેક૦
એ મારગ સમજે જન વિરલા, વિરલાને એમાં રસ આવે. આ૦
સદ્‌ગુરુ સંગ કરે કોઈ વિરલા, અમૃત ફલ કોઈ વિરલા ખાવે. આ૦
અંતરમાં જાગે જન વિરલા, કર્મ દળોને વિરલા હઠાવે. આ૦
તજવાનું ત્યાગે કોઈ વિરલા, જ્ઞાન-નદીમાં વિરલા ન્હાવે. આ૦
આતમ રમણ રમે કોઈ વિરલા, અમર બુટ્ટી વિરલા અજમાવે. આ૦
સમજે આતમસમા સહુ વિરલા, ધ્યાન પ્રભુનું વિરલા ધ્યાવે. આ૦
અર્પી દે પ્રભુ અર્થે વિરલા, 'સંતશિષ્ય' વિરલા સમજાવે. આ૦

વિરલાનું તત્ત્વજ્ઞાન સમજવા જેવું છે. જડ અને જીવ બંન્ને સૃષ્ટિમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકાર હોય છે. જડસૃષ્ટિમાં જે પદાર્થ ઉત્તમ હોય તે રત્ન કહેવાય છે. જીવસૃષ્ટિમાં પણ ઉત્તમ ગુણધારી જીવને રત્નની ઉપમા આપે છે. એવાં રત્નો જગતમાં વિરલ હોય છે. વિરલ એટલે ગણ્યાં ગાંઠયાં–શોધ્યાં ન મળે તેવાં.

એવા વિરલ માનવ રત્નોની આ પદમાં ગુણલક્ષી ઓળખ આપી છે :—

★ આત્માની માત્ર વાતો કરનાર, કેવળ શુષ્ક જ્ઞાનીઓ જગતમાં ઘણા હોય છે. એટલું જ નહિ પણ પોતાને આત્મદર્શન થયું છે એમ માનનારા–મનાવનારા પણ ઘણા હોય છે. પરંતુ આત્મદર્શન–આત્મસાક્ષાત્કાર પામેલ વ્યક્તિ તો વિરલ જ હોય,

★ સ્નેહ, રાગ અને મોહની આંધીમાં અટવાઇ ગયેલ જીવો અસંખ્યની ગણતરીમાં હોય છે. પરંતુ જેના સમગ્ર જીવનવ્યવહારમાં એક માત્ર 'દિવ્યપ્રેમ'–લોકોત્તર પ્રેમનો પ્રવાહ વહેતો હોય એવા આત્મા તો વિરલ જ હોય.

★ જીવન જીવવાની પદ્ધતિઓ–માર્ગો અનેકવિધ અને નિરનિરાળા હોય છે. પરંતુ તેમાંય આત્મલક્ષી–આત્મનિષ્ઠ જીવન–વહેણ સમજનારા તો વિરલ જ હોય.

★ એવા માર્ગમાં રસ લેનાર પણ વિરલ હોય છે. રસ લેવો એટલે એવા માર્ગને ઉમંગથી અપનાવવા મન-બુદ્ધિનો ઉપયોગ કરવો.

એવી જ રીતે સદ્‌ગુરુનો સંગ કરવો, આત્મજ્ઞાનરૂપી અમૃતનું આસ્વાદન કરવું, અંતર્મુખ વૃત્તિને સુજાગ રાખવી, અંતરના દુશ્મનોને નાશ કરવા, જ્ઞાન અને શક્તિનો ઉપયોગ કરવો, આત્મ-વિકાસમાં બાધક વસ્તુનો ત્યાગ કરવો, પ્રતિદિન પ્રજ્ઞાને પ્રકાશિત રાખી તેમાં જ અવગાહન કરવું, ભોગ-વિલાસ અને વિષયોનાં આકર્ષણોને દૂર કરી એક આત્મભાવમાં જ રમણતા કરવી, જે કીમિયાથી આત્મભાવ સતત બની રહે એ કીમિયારૂપી બુટ્ટીનો પ્રસંગે પ્રસંગે ઉપયોગ કર્યા કરવો–આ બધુંય વિરલ આત્માઓથી જ બનતું હોય છે.

ટૂંકામાં, જગતના તમામ જીવોને આત્મ સમાન ગણનાર, એક પરમાત્માનું જ અહોનિશ ધ્યાન ધરનાર અને પરમાત્મા અર્થે સર્વસ્વ અર્પણ કરનાર વિશ્વમાં વિરલ હોય છે.

ધ્યા રા બા પુ

કર્મોમાં અપ્રમાદ

કેદારનાથજી

તમે સંક્ષેપમાં લખ્યું તે હું સમજ્યો. જે બાબતો તમે લખેલી છે તે વિષે મેં પહેલાં પણ લખ્યાનું તમને યાદ આવતું હશે. પહેલેથી જ સાવધપણું એટલે જાગૃતિ વિષે હું તમને કહેતો આવ્યો છું. 'ગુણોનો વિકાસ', 'પ્રેમ અને વૈરાગ્ય', 'વ્યક્તિ અને સમાજનો અભેદ્ય સંબંધ', 'કોઈપણ અતિરેકનો નિષેધ' વગેરે બાબતો વિષે હું આજ સુધી કહેતો આવ્યો છું. પોતાની ઉન્નતિ પણ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, મનુષ્યજાતિ વગેરે બધાના કલ્યાણને અવિરોધી હોવી જોઈએ. ન્યાય માર્ગે જ આપણે આગળ વધતા રહેવું જોઇએ એ પણ હું કહેતો આવ્યો છું. એટલી વાત સાચી છે કે આજે જે વ્યવસ્થિત રીતે કે જે પદ્ધતિથી કેટલીક બાબતો પર વિશેષ ભાર આપીને કહું છું તે પ્રમાણે પૂર્વે કહ્યું ન હતું. પ્રસંગ પ્રમાણે જ હું કહું છું. જે મનમાં હોય તે કહેતાં જ રહેવું એવો મારો સ્વભાવ નથી. બીજાની તીવ્ર જિજ્ઞાસા જોઇને મને કંઇક કહેવાની વૃત્તિ થાય છે; અથવા હવે ન કહેવાથી બીજાનું નુકસાન થવાનો સંભવ છે એમ લાગે ત્યારે અથવા મારા પર વિશ્વાસ રાખીને મારા વિચારો એ જ જીવનનો માર્ગ છે એમ કોઈએ નિશ્ચિત કર્યાનું મને સમજાય ત્યારે કંઇક કહેવાની ઇચ્છા મને થાય છે.

સાવધપણું, દક્ષતા, તત્પરતા વગેરે ગુણો પર હું પહેલેથી જ ભાર આપતો આવ્યો છું. કોઈ પણ કર્મ અસાવધપણે આપણાથી ન થવું જોઇએ. પોતાની ઇન્દ્રિયોના વ્યાપાર વિષે આપણે અસાવધ રહીએ તો તેમાં આપણું કલ્યાણ નથી. બધી ઇન્દ્રિયોમાં યોગ્ય રીતે શિસ્ત, વ્યવસ્થિતપણું અને કૌશલ્ય હોય તો આપણાથી કોઇ પણ કર્મ અસાવધપણે કે ગાફેલપણે કદી નહીં થાય. પોતાનાં નાનાં કે મોટાં કામો સાવધપણે અને નિર્દોષપણે થવાં જોઈએ. કર્મો અનાવશ્યક હોય તો તે છોડી દેવાં, પણ આવશ્યક કર્મો વ્યવસ્થિતપણે અને કુશળતાથી કરતાં આવડવું જોઇએ. તે જેમ તેમ કરેલાં આપણને ચાલતાં હોય તો આપણી મનોરચનામાં, સંસ્કારમાં, અને સ્વભાવમાં કોઈ દોષ હોવો જોઇએ એમાં શંકા નથી. અને તે દોષ આપણામાં રહેશે ત્યાં સુધી નાનાં કે મોટાં કામોમા તે આપણને કઇ રીતે અને કેમ બાધક થશે તેનો ભરોસો ન કહેવાય. પોતાનો દોષ સહન કરવામાં આપણે બેવડા દોષી બનીએ છીએ એ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ. દોષ સહન કરવામાં અહંકાર કે જડતા એ પૈકી કોઇ પણ દુર્ગુણ જ કારણ છે. હું કેવળ કર્મનો આગ્રહી ન હોઈ તેમાં કોઇ પણ પ્રકારે, શારીરિક, બૌદ્ધિક કે માનસિક દોષ ન હોવો જોઇએ એ વિષે પણ આગ્રહી છું.

(એક અપ્રગટ પત્ર)

ચાળીસ વરસની વયે પહોંચેલો એવો એકાદ તો ચારિત્ર્યશાળી માણસ શોધી કાઢજો, જેને જિંદગીમાં કોઈ ને કોઇ પ્રકારે સખત ફટકા ન ખાવા પડયા હોય. એવા સખત ફટકા જ માણસના ચારિત્ર્યનું ઘડતર ઘડે છે. હથોડાના ઘા ખાધા વિના ધાતુના સુંદર આકારો ઘડાતા નથી; ટીપણીના ઘા પડયા વિના વાસણો પાકાં થતાં નથી. માણસના ચારિત્ર્યને ઘડવાને અને પાકું કરવાને માટે જીવનના ફટકા જરૂરના છે. એ જ તેને મહાન બનાવે છે.

પ્યારાબાપુ

સુખનું કારણ

પદ્મનાભ શ્રી. જૈની



એક સમયે ભગવાન બુદ્ધ અનુપ્રિયા નગરીમાં આમ્રવનમાં વિહાર કરતા હતા. તે વખતે આયુષ્માન ભદ્રિય અરણ્યમાં કે વૃક્ષની નીચે કે પર્વતની ગુફામાં જ્યાં હોય ત્યાં આનંદિત થઇ બોલી ઊઠતો: “અહો! આ કેટલું મોટું સુખ છે! અહો! હું કેટલો સુખી છું!”

એની સાથેના બીજા ભિક્ષુઓને આયુષ્માન ભદ્રિયનાં આવાં વચન સાંભળીને થયું: “નિઃસંશય આ આયુષ્માન ભદ્રિય પોતાના ગૃહસ્થ-જીવનમાં જે સુખો હતાં તેનું સ્મરણ કરીને આમ ઉલ્લસિત થયો છે; નહીં તો આમ ગાંડાની માફક ‘અહો સુખ! અહો સુખ!’ શા માટે કરે છે?”

એ ભિક્ષુઓએ આ વાત ભગવાનની પાસે જઈને કહી. એટલે ભગવાને ભદ્રિયને બોલાવીને પૂછ્યું: “આયુષ્માન ભદ્રિય! શા કારણે તું ‘અહો સુખ! અહો સુખ’ એમ કહ્યા કરે છે? એ તે કયું સુખ છે જેથી તું આટલો બધો ભાવવિવશ બની જાય છે?”

એ સાંભળી ભદ્રિય બોલ્યો: “ભન્તે! પહેલાં જ્યારે હું ગૃહસ્થ હતો ત્યારે મોટું રાજ્યસુખ ભોગવતો હતો. તે વખતે મારા અન્તઃપુરમાં અને અન્તઃપુરની બહાર પણ મારું રક્ષણ કરનારાઓ હંમેશ રહેતા. નગરની અંદર કે બહાર, રાષ્ટ્રની અંદર કે સીમાઓ પર ડગલે ને પગલે સંરક્ષક દળ મારો બચાવ કરવા માટે હું રાખતો. આમ સુરક્ષિત હોવા છતાંય હે ભન્તે! હું હંમેશાં ડરતો, મનમાં શંકા આવવાથી ઉદ્વિગ્ન ચિત્તે હું ખાવામાંય સંશય કરતો, સૂતી વખતે પણ શંકિત રહેતો હતો! પણ ભન્તે, અહીં હું ખુલ્લા અરણ્યમાં હોઉં કે વૃક્ષની છાયામાં બેઠો હોઉં કે શૂન્ય ગુહાઓમાં બેસું તોય હું એકલો, નિર્ભય, અનુદ્વિગ્ન, નિઃશંક બની વનમૃગના જેવું જાણે મારું ચિત્ત ન હોય એમ હું હરુંફરું છું. ભન્તે! એથી વધારે સુખ તે બીજું શું હોય?”

એ સાંભળી ભગવાને આયુષ્માન ભદ્રિયને અભિનંદન આપ્યું:—

‘યસ્સન્તરતો ન સન્તિ કોપા
ઇતિ ભવાભવતઞ્ચ વીતિવત્તો।
તં વિગતભયં સુખિં અસોકં
દેવા નાનુભવન્તિ દસ્સનાયા”તિ ॥’

(જેના અન્તરમાં કોપ નથી, ‘આમ થશે કે ન થશે’ એવા વિતર્કોથી જે પર છે એવા વિગતભય, અશોક અને સુખી માણસનું દર્શન દેવોને પણ દુર્લભ છે.)

પ્યારા બાપુ



ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ']

મુકુલભાઈ

ભક્તરાજ દર્શકના ઘર પાસે આવી પહેંચ્યો. તે ત્યાં બારણું ઠોકવા લાગ્યો. એટલે એક માણસે આવીને બારણું ઉઘાડ્યું અને પૂછ્યું: "તમે કોણ છો?"

ભક્તરાજે કહ્યું: "ભાઇ, હું મુસાફર છું. મને કશો લાભ થાય એ સારુ અહીં રહેતા સજ્જનને મળવા માગું છું. મારે આ મકાનના માલિકનું કામ છે."

એટલે પેલો માણસ અંદર ગયો અને થોડી વારમાં મકાનનો માલિક બારણે આવ્યો અને પૂછવા લાગ્યો: "તમે ક્યાંથી આવો છો?"

ભક્તરાજ—ભાઈ, હું 'વિનાશની નગરી'નો રહેવાસી છું. આ માર્ગ પર વાડ પાસે આવતા ઘરમાં રહેતા ભાઈએ મને કહ્યું કે, આપ ઉત્તમ વસ્તુઓ બતાવશો જે મને મારા માર્ગમાં ઉપયોગી થઈ પડશે.

દર્શકે કહ્યું: "અંદર આવ. તને લાભદાયક વસ્તુઓ બતાવું." એમ કહી દીવાને અજવાળે ભક્તરાજને તે અંદરના ભાગમાં આવેલા ખાસ ઓરડામાં લઈ ગયો. પછી તેણે ત્યાંના માણસને બારણું ઉઘાડવા કહ્યું.

અને ભક્તરાજે ભીંત પર એક ખૂબ ગંભીર મુખાકૃતિવાળા માણસનું ચિત્ર લટકતું જોયું. તેણે આકાશ ભણી દૃષ્ટિ કરી હતી, તેના હાથમાં કીમતી પુસ્તકો હતાં અને તેના માથા પર સુવર્ણનો મુગટ હતો. તેના મુખ પર સત્યશીલતા દેખાઇ આવતી હતી. તેના ખભા પર દુનિયા ટેકવેલી હતી.

ભક્તરાજે દર્શકને પૂછ્યું: "આનો અર્થ શો?"

દર્શક—આ ચિત્રમાં જે માણસ છે એવા માણસો આ દુનિયામાં ઘણા ઓછા હોય છે. તારે માર્ગે જે જે મુશ્કેલીઓ આવવાની છે ત્યાં આ જ માણસ તને સાચે રસ્તે દોરશે. માટે એને તું બરોબર નિહાળી લે અને યાદ રાખજે.

પછી દર્શક ભક્તરાજને એક બીજા ઓરડામાં લઈ ગયો. તે ઓરડો ધૂળથી ભરાયેલો હતો, કારણ કે તે કદી સાફ જ કરવામાં આવ્યો નહોતો. થોડી વાર પછી દર્શકે એક માણસને ઓરડો સાફ કરવા કહ્યું.

હવે જ્યારે તે ઓરડો સાફ કરવા લાગ્યો ત્યારે ચારે બાજુ ધૂળ ઊડવા લાગી; અને ભક્તરાજનું ગળું પણ રુંધાઈ ગયું. પછી દર્શકે તેની પાસે ઊભેલી બાઇને કહ્યું, 'પાણી લઈ આવ અને અહીં છાંટ.' અને જ્યારે એ પ્રમાણે કરવામાં આવ્યું ત્યારે ઓરડો બરોબર વાળી શકાયો અને સ્વચ્છ થયો!

ભક્તરાજ પૂછવા લાગ્યો: "આનું રહસ્ય શું છે?"

દર્શક—આ ઓરડો એ માણસનું હૃદય છે, જે ધર્મગાથાના મધુર સ્પર્શથી કદી સંમાર્જિત કરવામાં આવ્યું નથી. ધૂળ એ

તેનાં પાપકર્મો છે, જે માણસને મલિન કરે છે. જે એને પહેલાં સાફ કરવા લાગ્યો તે 'નીતિનિયમ' છે; પણ જેણે પાણી લઈ આવીને છાંટ્યું તે 'ધર્મગાથા' છે. તેં જોયું કે જ્યારે પેલો માણસ વાળવા લાગ્યો ત્યારે બધે ધૂળ ઊડવા લાગી. તેનાથી ઓરડો સાફ થઈ શકયો નહિ અને તું પણ ધૂળથી ગૂંગળાઈ ગયો. આ પ્રસંગમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે નીતિનિયમ પાપમાંથી સ્વચ્છ કરવાને બદલે તે પાપને છંછેડીને ઉશ્કેરે છે અને હૃદયમાં ધમાલ મચાવી મૂકે છે. તે પાપને જોઈ શકે છે, તેને વધતા અટકાવવા પ્રયત્ન કરે છે; પરંતુ પાપો પર તે વિજય મેળવી શકતો નથી. વળી તેં જોયું હશે કે જ્યારે પેલી બાઈએ પાણી છાંટયું ત્યારે એ ઓરડાને સુખેથી સાફ કરી શકાયો. એ દર્શાવે છે કે, જ્યારે ધર્મગાથા આવે છે ત્યારે તેની મધુર અસર હૃદય પર પડે છે. જેમ ધૂળ શાંત થઈ ગઈ અને ઓરડો સાફ કરી શકાયો, તેમ પાપો પણ પરાસ્ત થઈ જાય છે અને ધર્મગાથા પ્રત્યેની શ્રદ્ધાને બળે હૃદય પણ સાફ થઈ જાય છે.

પછી દર્શક ભક્તરાજનો હાથ પકડીને તેને બીજા નાના ઓરડામાં લઈ ગયો. ત્યાં બે નાની બાળકી બેઠી હતી. મોટી બાળકીનું નામ 'વાસના' હતું અને નાનીનું નામ 'ધીરજ' હતું. વાસના ખૂબ જ અસ્વસ્થ હતી અને ધીરજ શાંતિથી બેઠી હતી.

ભક્તરાજે પૂછ્યું: "આ વાસના કેમ અસંતુષ્ટ લાગે છે?"

દર્શકે કહ્યું: "આવતા વર્ષની શરૂઆત સુધી એ લોકોને એમને જોઈતી ઉત્તમ વસ્તુઓ માટે થોભવાનું એમના સંરક્ષકે કહ્યું છે. પણ વાસનાને બધું હમણાં જ જોઈએ છીએ; જ્યારે ધીરજ તે દિવસની રાહ જોતી બેઠી છે."

થોડી વાર પછી એક જણાએ વાસના પાસે આવીને એની સામે વસ્તુઓનો ભંડાર ઠાલવી દીધો. વાસના ખૂબ આનંદ પામી અને એ વસ્તુઓ સાથે રમવા લાગી. પરંતુ થોડી વારમાં તો તેણે એ બધી વસ્તુઓને ભાંગી-તોડી નાખી અને બધે ટુકડે-ટુકડા કરી મૂકયા!

આ જોઈને ભક્તરાજ બોલ્યો: "આનો અર્થ શો થાય છે એ મને સમજાવો."

દર્શક—વાસના એ આ દુનિયાના માણસોમાં વસેલી છે. એ બધું આ જન્મમાં જ અને અબઘડીએ જ પામવા તલસે છે. જ્યારે ધીરજ એ દૈવી ગુણ છે. એને કશી વાતની ઉતાવળ નથી. એની બધી તૈયારી ભાવિ જીવન માટેની છે. એ થોભવાનું સમજે છે. ભક્તરાજ, તેં જોયું કે, વાસનાને બધી મનગમતી વસ્તુઓ જ્યારે અહીં જ મળી ગઇ ત્યારે તેનો સદુપયોગ કરતાં તેને ન આવડ્યો; અને બધી વસ્તુઓને તોડી-ફોડી નાખી. આવી જ દશા આ દુનિયાના માણસોની પણ થાય છે. એ લોકોમાં વાસનાનું બળ એટલું બધું હોય છે કે, બધી વસ્તુઓ આ જ જન્મમાં મેળવવા મથે છે અને અંતે બધું જ ગુમાવી બેસે છે. એ લોકોમાં જરાયે ધીરજ હોતી નથી.

ત્યાર પછી દર્શક ભક્તરાજને બીજે સ્થળે લઈ ગયો. ત્યાં એક ભીંતની અડોઅડ અગ્નિ સળગી રહ્યો હતો અને એક માણસ એની નજીક ઊભો રહીને અગ્નિને બુઝાવવા પાણી રેડ્યા કરતો હતો; પણ એમ કરવાથી અગ્નિ વધારે ને વધારે સળગતો હતો. પછી દર્શક ભક્તરાજને ભીંતની

[અનુ૦ પૃ૦ ૧૩૭

આપણી માતૃભાષા અને રાષ્ટ્રભાષા

બબલભાઈ મહેતા

ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમમાં ખાદી, ગ્રામ-ઉદ્યોગ, નયી તાલીમ વગેરે અંગો ગણાવેલાં છે. તેવી જ રીતે રાષ્ટ્રભાષા અને માતૃભાષા એ પણ રચનાત્મક કાર્યોનાં જ બીજાં અંગો છે. અને તેના પર પણ તેમણે ઘણો ભાર મૂકેલો છે. ગાંધીજીએ તરત જોઈ લીધું કે હિંદના માણસો પર અંગ્રેજી રાજ્યની જેટલી અસર છે તેના કરતાં અંગ્રેજી ભાષાની વધારે પ્રબળ અસર છે. અંગ્રેજી ભાષા પ્રધાન સ્થાને હોવાથી આપણી રાષ્ટ્રભાષા વિકસી જ નથી અને માતૃભાષા ઘણી નબળી પડી ગઈ છે. આપણામાં એવી માનસિક ગુલામી પેદા થઈ કે જેને લીધે પરદેશી એ સારું અને આપણું એ ખરાબ-ઊતરતું એવી વૃત્તિ ઉત્પન્ન થઈ.

આ વૃત્તિ અભણ લોકો કરતાં ભણેલા વર્ગમાં વિશેષ જોવામાં આવી. તેથી લઘુગ્રંથી દેશમાં પેદા થઈ. ભણેલી પ્રજા પ્રત્યે ગામડાની પ્રજાનું આકર્ષણ થવા લાગ્યું અને પોતાની સારી ચીજ છોડી તે શહેરી ફૅશન અપનાવવા લાગી.

આજે સવારમાં દૂધ-રોટલાનો નાસ્તો ગયો અને તેને સ્થાને ચા આવી છે. દૂધ ન હોય તોયે ચા, પાણી અને ગોળનું મિશ્રણ બનાવી લોકો પીએ છે! તેવી રીતે બીડી, દાંતિયા વગેરે આવ્યા.

આમ પરદેશી ફૅશનનું અનુકરણ ગામ સુધી પહોંચ્યું અને ગામડું પરાવલંબી થયું, એમાં અંગ્રેજી ભાષાનો ફાળો મોટો છે. તેણે આપણને ઘણું જ નુકસાન કર્યું છે. તેણે આપણી રાષ્ટ્રભાષને ઊભી જ થવા ન દીધી.

આપણી રાષ્ટ્રભાષા કઈ? તે વખતે દેશમાં એવું કહેનારા પંડિતો અને રાજકીય પુરુષો પડેલા હતા કે, આપણી રાષ્ટ્રભાષા અંગ્રેજી જ થઈ શકે. ગાંધીજીએ દેશના રોગો જોઈ લીધા હતા. તેથી આફ્રિકાથી હિંદના કિનારે આવતાં પહેલાં જ તેમણે પોતાનાં પોષાક, ભાષા વગેરેનું નક્કી કરી રાખ્યું હતું. મુંબઇમાં તેમને માનપત્ર અપાયું ત્યાં ગુજરાતીમાં ઉત્તર આપીને ક્રાંતિનું ચક્ર ગતિમાન કર્યું. તેમાં તેમણે પોતાનું દર્દ ઠાલવ્યું.

ધારાબાપુ

ગુજરાતી ભાષાને તેજસ્વી બનાવવી હોય તો આપણે પોતે તેને વાપરવી જોઈએ. ટાગોરે બંગાળીમાં જ લખવાનો આગ્રહ રાખ્યો હતો તેથી એની અસર બંગાળી ભાષા પર પડી. ગાંધીજીએ પોતાના વિચારો ગુજરાતી દ્વારા કહ્યા. એ ભાષામાં એવાં તેજસ્વી લખાણો લખ્યાં કે ભાષા બેઠી થવા લાગી.

આમ માતૃભાષાનું ગૌરવ ગાંધીજીએ ઊભું કર્યું અને વધાર્યું. તે જ પ્રમાણે તેમણે રાષ્ટ્રભાષા આપી તે હિંદી. પાછળથી રાષ્ટ્રભાષાના સ્વરૂપનો પોતાનો ચોક્કસ ખ્યાલ વ્યક્ત થાય તે માટે તેનું નામ હિંદુસ્તાની રાખ્યું. હાલમાં હિંદી-હિંદુસ્તાનીનો ઝઘડો પણ ચાલી રહ્યો છે. આપણા બંધારણમાં 'હિંદી' શબ્દ આપણે વાપર્યો છે.

આમ અંગ્રેજી રાષ્ટ્રભાષા ન થઈ શકી. અંગ્રેજી રાજ ગયું; પણ અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ બહુ જ છે. પંદર વરસ સુધી હજી તે ચાલવાની છે. આમાં પણ અંગ્રેજી ભણેલાનું માનસ આપણને નડ્યું. એ બદલાય નહિ ત્યાં સુધી રાષ્ટ્રભાષાનો પાયો મજબૂત નહિ થાય. ભલે સ્વરાજ આવ્યું, પણ રાષ્ટ્રભાષા અને માતૃભાષાના યોગ્ય સ્થાન માટેની ઝુંબેશ

ચાલુ રાખવી પડશે. નબળા હોઈશું તો અંગ્રેજી પાછલે બારણેથી ઘૂસી જવાનો સંભવ છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં અંગ્રેજી ચાલે છે. વિજ્ઞાન પણ અંગ્રેજીમાં લખાયું છે. તેના પારિભાષિક શબ્દો તૈયાર કરવામાં પણ મુશ્કેલી છે. માટે અંગ્રેજીને જ રાષ્ટ્રભાષા તરીકે રાખો એવું બોલનારા છે. તેઓ ફાવી ન જાય તેની ચોકી આપણે કરવી પડશે. તેથી રાષ્ટ્રભાષા આપણે બધાએ સારી રીતે શીખી લેવી જોઈએ. રાષ્ટ્રભાષાનું અધ્યયન પણ સુંદર હોય જ એ કહેવાની જરૂર નથી. અને ભાષાની શુદ્ધિ પર ચારિત્ર્યની શુદ્ધિ પર જેટલો ભાર મૂકીએ તેટલો જ ભાર મૂકવો જોઈએ. કાર્યકર્તાને ભાષા સાથે શું લેવાદેવા? એ તો સાહિત્યકારોનું કામ છે; એવું વિચારી ભાષાશુદ્ધિની અવગણના ન થઈ શકે. ભાષા આપણી છે. તેના પર દેશના ઘડતરનો ઘણો જ આધાર છે. તે સુધરેલી ન હોય તો તેની માઠી અસર દેશ પર પડશે જ. માટે રાષ્ટ્રભાષા અને માતૃભાષાનું અધ્યયન કરો અને તેને વધુ તેજસ્વી બનાવો.

'તમે પહેલાં અમે પછી'

રામનારાયણ ના૦ પાઠક

આફ્રિકામાં અંગ્રેજ અને બોઅર લોકો વચ્ચે લડાઇ થઈ. ગાંધીજી અંગ્રેજોની મદદે ચડયા. ૧૧૦૦ હિંદીઓની ટુકડી ઊભી કરી. ઘાયલ સિપાઇઓને ડોળીઓમાં ઘાલી ઇસ્પિતાલે પહોંચાડવાનું કામ ગાંધીજીની ટુકડીને સોંપાયું હતું.

વીસ વીસ પચીસ પચીસ માઈલની મજલ, ગાંધીજી અને તેમની ટુકડી ડોળીઓ ખભે લઈ કાપતી હતી. કેટલીક વાર તો તોપગોળા પડતા હોય એવી જગ્યાએ પણ જવું પડતું. "હિંદીઓ સ્વાર્થી, મતલબી, એકલપેટા છે." એવી વાતો કરનારા અંગ્રેજો, હિંદી ટુકડીની બહાદુરી અને સેવાભાવ જોઈ મોંમાં આંગળાં નાંખી ગયા.

એક વાર ગાંધીજીની ટુકડી એક મોટા અમલદારને મરણ-ઘા પડેલો જોઇ તેને ઉઠાવી જતી હતી. લાંબો પંથ કાપીને ટુકડી આવતી હતી. પાણીની તરસ બધાને ખૂબ લાગી હતી. બધા 'પાણી' 'પાણી' કરતા હતા. માથે ધોમ ધખતો હતો.

એવામાં એક નાનકડો પાણીનો ઝરો દેખાયો. ઉતાવળે સૌ ઝરાને કાંઠે જઇ પહોંચ્યા પણ ઝરામાં પાણી થોડું હતું. એક જગ્યાએ વીરડા જેટલું પાણી ભરેલું હતું. એક સાથે સૌ પી શકે તેમ ન હતું એટલે મુંઝવણ ઊભી થઈ.

પહેલું કોણ પીએ? ટુકડીમાં હિંદીઓ તથા અંગ્રેજો બન્ને હતા.

અંગ્રેજ ટુકડીના નાયકે કિનારે ઊભા રહી જતાં કહ્યું:

"તમે પહેલાં પીઓ."

ગાંધીજીએ દઢતાથી ઉત્તર વાળ્યો:

"નહિ, તમે પહેલાં અમે પછી!"

આચરણનું મહત્ત્વ

મહાસતી ઉજ્જવળકુંવરજી

સંસ્કૃતમાં કહ્યું છે, આચાર: પ્રથમો ધર્મ: અર્થાત્ આચાર જ સૌથી પહેલો ધર્મ છે. આપણે કોઇ શાસ્ત્ર વાંચીએ અગર સાંભળીએ, પણ તેને જીવનમાં ન ઉતારીએ તો તેથી શું લાભ થાય? પશુઓ પર ગમે તેટલાં શાસ્ત્રો લાદવામાં આવે, પરન્તુ તે તેને સમજતો નથી, તેથી તેને ભારરૂપ જ લાગે છે. આપણે પણ શાસ્ત્રો વાંચીએ, પરન્તુ તેને જીવનમાં ન ઉતારીએ તો તે પણ ભારરૂપ જ લાગે છે. શાસ્ત્રકારોએ એક ઘણું રોચક દૃષ્ટાંત આપતાં કહ્યું છે કે–ગધેડા પર ચંદનનાં લાકડાં ગમે તેટલાં ભરવામાં આવે તોપણ તે તો તેનું કેટલું વજન છે તે જ જુએ છે! તેવી જ રીતે કોઇ પણ વિદ્વાન હોય, પરન્તુ તેમણે પોતાનું જ્ઞાન આચારમાં ન મૂકયું હોય ત્યાં સુધી તેને તે જ્ઞાનની કિંમત સમજાતી નથી; ત્યાં સુધી તે જ્ઞાન તેને ભારરૂપ જ લાગે છે; આટલા માટે જ આચારની મહત્તા બતાવવા માટે તેને પહેલો ધર્મ કહ્યો છે.

પેરિસમાં મિ. પૉલ નામનો એક પુરુષ થઇ ગયો, જે ઘણો પ્રમાણિક હતો. તેમની સ્થિતિ પહેલાં સારી હતી, પરન્તુ પાછળથી ખરાબ થઇ ગઈ. તેની પત્ની મેરી ઘણી સમજદાર અને સુંદર હતી. તે હંમેશાં પોતાના પતિને રુચે તેવું કામ કરવા કાળજી રાખતી હતી. પૉલ સારો લેખક અને વક્તા પણ હતો. તેમના ઘરમાં લખવા માટે એક નાના ટેબલ સિવાય કશું સાધન નહોતું. તે મ્યુનિસિપલ કમિટીનો સભ્ય પણ હતો.

એક દિવસે જ્યારે તે મોડો ઘેર આવ્યો ત્યારે તેની પત્ની મેરીએ તેને હસતાં હસતાં કહ્યું, "તમો મ્યુનિસિપલ કમિટીના સભ્ય હોવા છતાં પણ ઘેર મોડા કેમ આવો છો? ચાલો જલદી જમી લો, પછી મારે લિલામમાં એક જાકીટ ખરીદવા માટે જવું છે."

પોતાની પત્નીને જાકીટ ખરીદવા જવું પડે છે, એ જાણીને તેને દુ:ખ થયું. પરન્તુ મેરીએ આ વાત ભુલાવીને તેને સ્નેહથી ભોજન કરાવ્યું. ભોજન બાદ પૉલ તેમની સાથે જવા તૈયાર થયો, ત્યારે મેરીએ કહ્યું, "તમે તમારો લેખ પૂરો કરો; હું હમણાં જ જાકીટ લઇને આવતી રહીશ."

પૉલ લેખ લખવા બેઠો તેટલામાં કોઇએ દરવાજો ખખડાવ્યો. પૉલ ઊઠયો અને બારણું ઉઘાડયું. તેણે આવનારને પૂછયું, "બોલો શું કામ છે?" આવનારે કહ્યું, "આપ મ્યુનિસિપાલીટીના સભ્ય છો, એટલે આપની સલાહ લેવા આવ્યો છું. આપ મને સલાહ આપશો?"

પૉલે કહ્યું, "આપને જે પૂછવું હોય તે ખુશીથી પૂછો."

આવનારે કહ્યું, "મારો એવો ખ્યાલ છે કે મ્યુનિસિપાલીટી પોતાની રેલવે ચલાવે તો તેથી તેને તેમ જ ફ્રાન્સની જનતાને ઘણો ફાયદો થશે. આપ આ બાબતમાં હું ધારું છું કે સહમત થશો."

રેલવે કમિટીના કુલ સાત સભ્યો હતા –જેમાંથી ત્રણ રેલવે ચલાવવાના મતના હતા. હવે માત્ર પૉલનો અભિપ્રાય બાકી હતો અને મહત્ત્વનો પણ હતો; કેમકે તેમના અભિપ્રાય પર બહુમતિનો આધાર હતો.

પૉલે કહ્યું, "ભાઈ, હું તેની વિરુદ્ધ છું. રેલવે લાઇનથી પ્રજાનું ભલું નહીં, પરન્તુ અહિત જ થશે. તેથી રેલવે લાઇન શરૂ કરવાની સંમતિ હું આપી શકતો નથી."

આવનારે તેમના હાથમાં કાગળ આપતાં કહ્યું, "આ પ્રથમ જુઓ અને પછી તમારો અભિપ્રાય આપો."

પૉલે જોયું તો રૂા. ૫૦,૦૦૦/નો ચૅક હતો. આવનારે કહ્યું, "તે ચૅક આપ રાખો અને રેલવે લાઈન શરૂ કરવા બાબતમાં આપ આપનો અભિપ્રાય આપો." આ સાંભળીને પૉલ વિચારમાં પડી ગયો.

આવનારે તેમને લલચાવતા કહ્યું, "સાહેબ, પ્રમાણિકતા માટે આપ આપના જીવનમાં દુઃખનો અનુભવ કરી રહ્યા છો; આપની પત્નીને જાકીટ લેવા લિલામમાં જવું પડે તે ઠીક નથી. આપ જેવા માટે આ મકાન પણ રહેવા યોગ્ય નથી. માટે મહેરબાની કરીને આ ચૅક લઇ લો અને આપની સંમતિ અને આપી દો."

પૉલ હજુ તો વિચારમાં જ છે. ત્યાં મકાન-માલિક આવે છે અને પૉલને કહે છે, "સાહેબ, મ્યુનિસિપાલિટીના સભ્ય થઇને પણ વખતસર ભાડું નથી આપતા તે આપને માટે ઠીક નથી." પરન્તુ પૉલની પાસે તો તે સમયે પૈસા નહોતા, એટલે તેને વિદાય કર્યો.

આવનારે આ પ્રસંગનો લાભ લેતા કહ્યું, "સાહેબ, આપની પાસે ભાડું ચૂકવવા પૈસા પણ નથી! આપને આ રીતે દુઃખ શા માટે સહન કરવું જોઇએ? આ ચૅક લઈ લો, એટલે તમારી મુશ્કેલી દૂર થઈ જાય અને મ્યુનિસિપલ સભ્યને યોગ્ય રહેણીકરણીથી આપ રહી શકો."

પૉલ રૂા. ૫૦,૦૦૦/નો ચૅક જોઇને વિચારમાં જ પડી ગયો હતો; તેટલામાં તેની પત્ની આવી; પૉલે પોતાની પત્નીને બધી વાત કરી અને કહ્યું, "હવે તું જ કહે કે મારે શું કરવું?"

પૉલે ચૅક ન લેવાનો નિર્ણય કરી લીધો હતો, પરન્તુ પોતાની પત્ની જે સ્થિતિ પસાર કરી રહી હતી તે સ્વેચ્છાએ–સહર્ષ પસાર કરી રહી હતી કે પરાણે? તેની વિશેષ ચકાસણી કરવા પૉલે પોતાની પત્નીની આ બાબતમાં સલાહ માગી.

મેરીએ બધી વાત સાંભળીને કહ્યું, "અમારી સચ્ચાઈ અને પ્રામાણિકતા ધનથી ખરીદી શકાય તેવી વસ્તુ નથી, માટે તમે તમારો ચૅક પાછો લઈ જાઓ; અમારે અમારી કિંમત અંકાવવી નથી."

બહેનો, શું તમો આજે તમારા પતિને પણ આ જાતની સલાહ આપશો ખરા? તમો 'મેરી' જેવા સાથીદાર બનશો તો તમારું ગૃહસ્થાશ્રમી જીવન ગરીબાઈમાં પણ સુખરૂપ અને આનંદમય બનાવી શકશો.

આપણે જ્યારે આચારધર્મને જીવનમાં ઉતારીશું ત્યારે જ આપણે આપણું કલ્યાણ સાધી શકીશું.

◆

આપણે શું માનવું? આપણી પ્રશંસા કે નિંદા? બંને ખોટી હોઇ શકે. ત્યારે આપણો ઇન્સાફ આપણે જ કરીએ? એમાં પણ ઘણી ભૂલ જોવામાં આવે છે. આપણે કેવા છીએ એ તો એક ઈશ્વર જ જાણે છે, પણ તે તો આપણને કહેતો નથી. એટલે સારું તો એ છે કે આપણે વિશે કંઇ જાણીએ નહીં, માનીએ નહીં. જેવા છીએ તેવા છીએ. જાણવાથી ને માનવાથી આપણને કશો લાભ નથી થતો. ખરી મુદ્દાની વાત આપણું ધર્મપાલન છે.

— ગાંધીજી

પ્યારા બાપુ

પ્રભુનું આગમન

ગુરુદયાલ મલ્લિકજી

પ્રભુનો સ્પર્શ માણસને તેના અંતરાત્મામાં તો નિરંતર થયા કરે છે. પણ તે સ્પર્શને પોતાની બાહ્ય ચેતનામાં અને તે ચેતના-પ્રેરિત દરેક પ્રવૃત્તિમાં તે અનુભવે, એવો પ્રયોગ કરવા માટે તેને જીવન પ્રદાન કરવામાં આવ્યું છે. 'જીવ'ને 'શિવ' થવું છે, એ જ જીવનનું સાચું ધ્યેય અને ધર્મ છે.

પરંતુ કોઈ કોઈ વાર પ્રભુનો સ્પર્શ આપણી ચેતનામાં જરા વધારે વેગથી થાય છે; અને આપણને એવું ભાન પણ થાય છે. પણ તરત જ માણસનું મન, જે જાત-જાતની શંકાઓથી ભરેલું છે, શક કરવા લાગે છે કે, એ સ્પર્શ સાચો છે કે કેવળ કલ્પિત છે? જો તે છેવટ સુધી પોતાની શંકાઓને દૂર કરવા માટે તૈયાર હોય તો તેને ખાતરી થઈ જશે કે જે તેના અંતરાત્મામાં સ્ફૂર્યું છે એ સત્ય છે. પણ ઘણી વાર તેનું મન એ સ્વીકારવા માટે તૈયાર હોતું નથી; અથવા એને તે સ્વીકારવા ઇચ્છતો નથી.

અને જો માણસ પ્રભુના સ્પર્શની સત્યતા સ્વીકારવા કોઈ વાર રાજી પણ થાય છે, તો એની સામે તે વખતે એક બીજી મુશ્કેલી આવીને ઊભી થાય છે. તે વિચારવા લાગે છે: "હેં! પ્રભુ મારે આંગણે પધાર્યા છે અને મેં તેનું યોગ્ય સ્વાગત કરવા માટે કશીય તૈયારી નથી કરી? પણ જે થયું તે થયું. હવે જલદી જલદી તેના સ્વાગત માટે મને જે વસ્તુઓની – અર્ધ્ય, નૈવેદ્ય વગેરેની – જરૂર છે તે મેળવવા માટે તૈયાર થઈ જાઉં."

પણ જ્યારે માણસ પ્રભુના સ્વાગતની તૈયારીમાં લાગી જાય છે, ત્યારે પ્રભુ – જે તેના આંગણે આવીને ક્યારનો ઊભેલો છે તે – પાછો ચાલી જાય છે. કારણ કે પ્રભુ વિચારે છે કે, "હું તો એને મળવા આવ્યો હતો. એ મારું સ્વાગત કેવી રીતે કરે છે તેનો શણગાર કે તેની શોભા જોવા નહોતો આવ્યો. એ ક્યારે સમજશે કે હું તો એને સાહું છું, એની વસ્તુઓને નહિ?"

તેથી માણસે જ્યારે પણ પ્રભુ તેના પ્રાંગણે પધારે એ માટે સ્વાગત કરવાની તૈયારી રાખવી જોઈએ.

(અંગ્રેજી 'ગીતાંજલિ' કાવ્ય ૫૧)

રાત તણો અંધાર છવાયો, પૂર્ણ થયાં સહુ કાજ,
મનમાં એમ અમે ધાર્યું'તું, નહિ આવે કો અ.જ.
ગામ તણે ઘર ઘર બારણિયાં
રાત પડંતાં સૌ દેવાયાં,
એક જણા ધીમે બોલ્યા'તા, 'પધારશે મહારાજ.'
અમે હસીને એમ કહ્યું'તું, 'નહિ આવે કો આજ.'
દ્વારે કંઈક ટકોરા સરખું સાંભળિયું અમ સરવે,
'પવન હશે એ' બોલી ઊઠ્યા સઘળા ત્યાં એકરવે.
ઘર ઘરના દીવા બુઝાવી,
સૂતા'તા આળસ ઉર લાવી,
એક જણા ધીમે બોલ્યા'તા, 'દૂત હશે અથવા એ.'
અમે હસીને એમ કહ્યું કે 'દ્વાર હલ્યું'તું વાએ.'
માઝમ રાતે ગભીર ઘેરો અવાજ કાને પડિયા,
ઊંઘ તણે ઘેને ધાર્યું'તું, મેઘ હશે ગડગડિયો.
ક્ષણ ક્ષણ ઉર ચેતના જગાવી,
થરથર ધરતીને કંપાવી;
એક જણા ધીમે બોલ્યા'તા, 'રથ આવે ઘર્ઘરતો.'
અમે હસીને એમ કહ્યું કે 'મેઘ હશે ગડગડતો.'
રાત તણો અંધાર ન હટિયો ત્યાં ગડગડતી ભેરી,
કોઈ પુકારે, 'જાગો સર્વે, હવે કરો ના દેરી!'
હાથ બેઉ હૃદયા પર ચાંપી
અમે ઊઠ્યા સૌ ભયથી કાંપી,
એક જણા બોલ્યા કાનોમાં, 'ધ્વજ રાજાનો પેખું.'
જાગી ઊઠી અમે બોલિયા 'વિલંબ અવ નવ દેખું.'
ક્યાં છે દીપ? કહો ક્યાં માળા? ક્યાં છે રે આયોજન?
રાજા મારા દેશ પધાર્યા, ક્યાં છે રે સિંહાસન?
હાય નસીબ! હવે ક્યાં આરો?
ક્યાં દરબાર? ક્યહાં શણગારો?
એક જણાએ કહ્યું કાનમાં, 'નિષ્ફળ આ સૌ ક્રન્દન
ખાલી હાથે સૂના ઘરમાં કરો કરો અભ્યર્થન!'
દ્વાર ઉઘાડો, દ્વાર ઉઘાડો, શંખ બજાવો વાજાં,
ગભીર રાતે આવ્યા અંધારા ઘર કેરા રાજા!
વજ્ર ગગનતલમાં ગડગડતું,
લખ લખ વીજળી તેજ ઝબકતું;
આંગણ આજ સજાવો ફાટલ કંથા ખેંચી આણો,
ઝંઝા સાથ અચાનક આવ્યો દુઃખ રજનિનો રાણો.

[અનુ૦ નગીનદાસ પારેખ]

સરદારશ્રીની વાણી

તમે એક પણ ચોપડી ન વાંચો તો ચાલે. ચારિત્ર ખીલ્યું હશે તો બુદ્ધિ ખૂબ ખીલવાની છે. ચોપડીઓ વાંચનારા હંમેશ સારા ચારિત્રવાન હોય છે એમ નથી. વિદ્યાવિલાસીઓ ચારિત્રમાં પડેલા હોય છે, તેઓ ભોગવિલાસી પણ હોય છે એવો મારો અનુભવ છે. ચારિત્રશુદ્ધિ અઘરું કામ છે, પણ ઉદ્યમી જીવન ગાળનારને ચારિત્રભંગના પ્રસંગ ઓછા આવે છે.

× * ×

સરકારની જેલ એ તે કંઈ જેલખાનું છે? ખરું જેલખાનું તો માયાનું બંધન છે. આ આપણા આત્માને જે મોહ, માયા ને કામક્રોધનાં બંધનો છે એ જ ખરું જેલખાનું છે. જે માણસે એ બંધનો સ્વેચ્છાથી તોડ્યાં છે એ માણસને આ જગત પરનું બળવાનમાં બળવાન એવું કોઈ પણ સામ્રાજ્ય બંધનમાં રાખી શકવાનું નથી.

× * ×

હું તો સમજી ગયો છું કે માણસોનાં દિલ સુંદર વ્યાખ્યાનોથી હલાવી શકાતાં નથી; અને હલાવી શકાય તોપણ ક્ષણ માટે જ. જો કાંઈક ભારે કામ આપણે કરવું હોય તો કરીને જ આપણે બતાવી શકીએ.

× * ×

પ્રાણ લેવાનો અધિકાર તો ઈશ્વરને છે.

ગ્યારશબાપુ



चि. कमलाबेन

इच्छा शुद्ध है. रखनी:- सेवा
करो. सेवाकार्य बहार मिले
या आश्रम में होतो शुद्ध
समजो. जो चीज अपनी
इच्छानुसार होनेसे हि
आनंद मिले उसे सेवा
नहिं कह सकते हैं. इसका
अर्थ सेवा नहिं परंतु स्वेच्छा
चार हुआ. इसमें कुछ शंका भी
नहीं. तुमारे दर्द की बात
काशीनाथने लिखी है
तुमारे कटी स्नान की आवश्यकता
है. चित्त शुद्धि करते हैं हि. न,
मन निफिकर रखने की
चेष्टा करो.

बापुके
आशिर्वाद

११ ३/७

[બાપુજીએ સેવાનું માહાત્મ્ય આત્મસાત્ કર્યું હતું. અને તેમણે આપણને સેવાનો સાચો અર્થ સમજાવ્યો છે. સેવા અને ઇચ્છાનુસાર આનંદનો ભેદ બાપુએ અવારનવાર દર્શાવ્યો છે. સેવા એટલે સેવા. એમાં વ્યકિતગત આનંદને સ્થાન નથી. શુન્યવત્ થઈને કરેલી સેવા જ સાચી. વિનોબાજીએ પણ એની સરસ વ્યાખ્યા આપી છે :

$$\text{સેવા} = \frac{\text{ભકિત}}{\text{અહંકાર}}$$

અહંકારને વિગલિત કરી દઈને અન્ય પ્રત્યે દર્શાવેલી ભકિત એ સેવા કહેવાય. સેવાભાવી માણસે ક્યાંય પણ સેવાનો અવસર આવે (ઘરમાં કે બહાર) તો સાચા દિલથી બદલાની કે ઇચ્છાનુસાર આનંદની આશા રાખ્ય. વિના સેવા કરવા સર્વદા તત્પર રહેવું જોઈએ. આ વખતના પત્રમાં બાપુજીએ આ વાત સરળતાથી સમજાવી છે.

વળી, શારીરિક સ્વાસ્થ્ય જાળવવા માટે આંતર તેમ જ બાહ્ય શુદ્ધિની આવશ્યકતા છે. શરીરને તંદુરસ્ત રાખવામાં મનની શુદ્ધિની પણ ઘણી જ જરૂર છે. મન જો નિર્વિકાર હોય, શુદ્ધ હોય તો શરીરના દર્દને મટાડવામાં ઘણી સુગમતા થઈ પડે છે. તેથી સ્ત્રી તેમ જ પુરુષ બંનેએ મનને નિર્વિકાર રાખવાની કાળજી લેવી જોઈએ. બાપુજીએ આ ગૂઢ વાત સૂત્રાત્મક રીતે આ પત્રમાં દર્શાવી છે.]

ચિ. કલાવતિ,

ઇચ્છા એક હિ રખની–સેવા કી. સેવાકાર્ય બહાર મિલે તો યા આશ્રમમેં દોનો એક સમજો. ચીજ અપની ઇચ્છાનુસાર હોનેસે હિ આનંદ મિલે ઉસે સેવા નહિ કહ સકતે હૈં. ઇસકા અર્થ સેવા નહિં પરંતુ સ્વેચ્છાચાર હુઆ. હમમેં યહ કભી ન હો. તુમારે દર્દકી બાત કાશીનાથને લિખી હૈ. તુમારે કટીસ્નાનકી આવશ્યકતા હૈ. ચિત્તશુદ્ધિ કી તો હૈ હિ. મન નિર્વિકાર રખનેકી ચેષ્ટા કરો.

૧૧–૭–૩૦ બાપુ કે આશીર્વાદ

મનોનુકૂળ-પ્રવૃત્તિ અને ધર્મ

કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

દરેક માણસ પોતાના મનને અનુકૂળ હોય એવી જ પ્રવૃત્તિમાં રાતદિવસ લાગી શકતો હોય અને તે દ્વારા પોતાની આજીવિકા પણ ચલાવી શકતો હોય તો કેવું સારું! પણ જે જાતના સંસારમાં આપણે પડયા છીએ તેમાં એવી અનુકૂળતા સૌને પ્રાપ્ત નથી થતી; ઘણા ઓછાને પ્રાપ્ત થાય છે. એથી ઉદાસ થયે, નિરાશ થયે, બડબડાટ કર્યે કશું વળે નહીં. એથી જ ધર્મ એ મનોનુકૂળ પ્રવૃત્તિઓનો માર્ગ મનાયો નથી, પણ કર્તવ્યનો માર્ગ મનાયો છે. તેથી મનોનુકૂળતા કરતાં કર્તવ્યને આપણે પહેલો આદર આપતાં શીખીએ–એ પ્રથમ ધર્મ છે, અને મનોનુકૂળ પ્રવૃત્તિને આજીવિકા માટે નહિ પણ શોખ માટે, નિવૃત્તિ માટે વૈયક્તિક વિકાસ માટે રાખીએ–એ બીજો ધર્મ છે.

* * *

સૌન્દર્યબોધ

ગુરુદેવ

ઘણી વાર બને છે કે સૌન્દર્યને આપણે સમગ્ર સત્યમાંથી અળગું કરીને જોઈએ છીએ, અને આ રીતે એક નવો સંપ્રદાય ઊભો કરીએ છીએ. યુરોપમાં સૌન્દર્યચર્ચા, સૌન્દર્યપૂજા નામની એક ધૂન ચાલી રહી છે. જાણે કે સૌન્દર્યનું કોઇ વિશેષભાવે અનુશીલન મોટું બહાદુરીનું કાર્ય ન હોય, એ રીતે એક સંપ્રદાય પોતાનો વિજયવાવટો ફરકાવી રહ્યો છે!

ટૂંકમાં, સૌન્દર્યને ચારે બાજુથી પોતાનું કરી લઇને અને જગતની બીજી બધી વસ્તુઓને વહેતી મૂકીને, તેની જ પાછળ ફર્યા કરવું એ સંસારના પંદર આની માણસોનું કાર્ય હોય છે.

જો સૌન્દર્યનું આકર્ષણ માનવમનને આ પ્રકારે બળપૂર્વક અળગું કરી દેતું હોય, જો તેની વાસનાને તેની ચારે બાજુની સાથે મેળ ન ખાવા દેતું હોય, જે પ્રચલિત હોય તેને તુચ્છ ગણીને, જે હિતકર હોય તેને ગ્રામ્ય ગણીને ઉપહાસ કરતું હોય,—તો ધિક્કાર છે તે સૌન્દર્યને! આ તો દ્રાક્ષને જાણે પીસીને તેની સઘળી કાંતિ અને રસગંધ જતી કરીને માત્ર તેના અલ્પ મદને જ ગાળી લેવા જેવું થયું!

સૌન્દર્યને કોઈ જાત નથી, એ તો બધામાં રહેલું છે. તે આપણા ક્ષણકાળમાં ચિરંતનને, સામાન્ય મુખને આશ્ચર્ય રીતે ઉજ્જવલ કરી દેખાડે છે. સૌન્દર્ય સમસ્ત ચરાચર જગતના મૂળ સૂરને આપણા મનમાં ખડો કરે છે, અને તેની સહાયતાથી સમસ્ત સત્યને આપણે ગાઢ રીતે જોઈ શકીએ છીએ.

ફાગણ માસનો એક દિવસ હતો. દિવસ અંત થવાની તૈયારીમાં હતો. તે વેળા એક ગામને રસ્તે થઇને હું જઈ રહ્યો હતો. ચારે બાજુનાં ખેતરોમાંથી ખીલેલા સરસવની ગંધ આવી રહી હતી, પગથી વાંકીચૂકી ચાલી જતી હતી, તળાવડીને કિનારે થઇને તે પગથી જતી હતી. એ બધાં દૃશ્યો તે ઉજ્જવલ સંધ્યાની સાથે મારા હૃદયમાં હમેશનું સ્થાન પામ્યાં છે. જેને ચાહીને જોતો નહિ, તે વિશેષભાવે જોયું; જેને ભૂલી જતો, તે સ્મરણપટમાં અંકાઈ ગયું. સૌન્દર્યને આપણે જ્યાં જોઇએ છીએ, ત્યાં જ માત્ર નહિ, પરંતુ તેને યોગે આસપાસનાં બધાંને આપોઆપ જોઈએ છીએ. મધુર ગાન, જળ, સ્થળ, આકાશને તો શું, પરંતુ અસ્તિત્વ માત્રને પ્રત્યક્ષ કરે છે.

પરંતુ જ્યારે મનુષ્યમાં વિકૃતિ થાય છે, ત્યારે સૌન્દર્યને તેની મર્યાદામાંથી અલગ કરીને ઊંધે ઠેકાણે લગાડવાનો પ્રયત્ન તે કરે છે. માથાને શરીરથી જુદું કરીએ, તો તે શરીરની જેમ વિરુદ્ધ જ જાય છે, તેમ સમગ્રમાંથી જુદું પડેલું સૌન્દર્ય સમગ્રનો વિરોધ જ કરતું જણાય છે. આમ કરવાથી સૌન્દર્ય સત્યનો ઘરશત્રુ બને છે અને તેની જ સહાયતાથી સામાન્ય તરફ આપણી ઉદાસીનતા જન્મે છે. ખરી રીતે તે વેળા તે વસ્તુ સૌન્દર્યનો યથાર્થ ધર્મ જ ગુમાવે છે. ધર્મ કહો, સૌન્દર્ય કહો કે ગમે તે કોઈ મહાન વસ્તુને વિષે કહો, પરંતુ જ્યારે જ્યારે તેને ઘેરી લઈને કોઈ વિશેષ રૂપ આપવાનો પ્રયાસ થાય છે, ત્યારે ત્યારે તેનું અસલ સ્વરૂપ નાશ પામે છે. નદીને મારી પોતાની છે એમ મનાવવાને જો તેને બાંધી લઇને

મારા ખેતરમાં વાળું તો તે નદી જ રહેતી નથી, માત્ર પાણીની નહેર બની જાય છે.

સંસારમાં આ પ્રમાણે સૌન્દર્યને સંકીર્ણ-ભાવે ભોગવિલાસ, અહંકાર, ઉન્મત્તતા વગેરેની સામગ્રી બનાવી લીધાથી, કેટલાક સંપ્રદાયવાળા સૌન્દર્યને વિપત્તિ તરીકે માની લે છે. તેઓ માને છે કે સૌન્દર્ય કેવળ સુવર્ણલંકાપુરીના નાશ માટે જ હોય છે.

ઈશ્વરની પ્રસન્નતામાં ક્યાં આફત નથી! જળ, સ્થળ, અગ્નિ, વાયુ, જ્યાં જાઓ ત્યાં આફત છે. આ આફત જ આપણને દરેક વસ્તુનો સાચો પરિચય કરાવે છે, તેનો યોગ્ય વ્યવહાર શીખવાડે છે.

કોઇ જવાબ વાળશે: જળ, સ્થળ, અગ્નિ, વાયુ વગેરે અમારે એટલાં બધાં ઉપયોગી છે કે એમના વિના અમારાથી એક પળ પણ ટકી ન શકાય. એટલે ગમે તેટલી આફત વેઠીને પણ તેમને તો સ્વીકાર્યે જ છૂટકો છે. પરંતુ સૌન્દર્યરસ અમારે અત્યંત જરૂરી નથી; અને વળી એ તો નરી આફત જ છે. એટલે અમને તો તેનો એક માત્ર ઉદ્દેશ્ય એ જ જણાય છે કે ઈશ્વર આપણા મનની પરીક્ષા કરવા માટે જ સૌન્દર્યના માયામૃગને આપણી સામે દોડાવે છે. તેના પ્રલોભનમાં આપણે સહેજ ગફલત ખાધી કે તરત જ આપણા જીવનનું ઉત્તમ ધન ચોરાઇ જાય છે!

માફ કરો! ઈશ્વર પરીક્ષક અને આ સંસાર જાણે કે પરીક્ષાસ્થળ, એવી બધી ફોકટ ભયાનક વાતો રહેવા દો! આપણા નકલી વિશ્વવિદ્યાલયની સાથે ઈશ્વરના અસલ વિશ્વવિદ્યાલયની તુલના કરો મા! તે વિશ્વ-વિદ્યાલયમાં નથી પરીક્ષા કે નથી તેનું કાંઈ પ્રયોજન. ત્યાં તો છે માત્ર શિક્ષણ, ત્યાં તો વિકાસ જ થઈ રહ્યો છે. આથી આપણી વિકાસસાધનાને માટે જ સૌન્દર્યબોધ આટલો પ્રબળ થતો જાય છે. આફત આવે, તો ભલે આવો, પરંતુ વિકાસનો માર્ગ છોડવામાં આપણું મંગલ નથી જ!

જબરી લૂંટ!

હું જેતલપુર હતો અને એક વેપારીની દુકાને બેઠો હતો. તેવામાં એક ભંગી દાતણ વેચવા આવેલો. તેને નફો કેટલો થતો હશે એ તો તે જાણે! પણ થોડી વાર થાય અને કાઢે ધોળી બીડી, થોડી વાર થાય અને સળગાવે ધોળી બીડી! એમ જ્યારે છ-સાત વાર થયું ત્યારે મેં પેલા વેપારી ભાઇને પૂછ્યું કે, 'ભઇ! આ પેલા દાતણવાળાને કેટલીક આવક હશે? છ વાર તેણે ધોળી બાડી, બેઠો છું એટલી જ વારમાં પીધી.' ત્યારે તે ભાઇએ કહ્યું કે, 'મહારાજ, એ તો આપે બીડીની વાત કરી; પણ તેને તો તેટલી જ ચા અને તેનાથી પણ વધારે પાન ચાવવા જોઇએ છે. આખો દહાડો તેનો ધંધો એ જ.'

મને થયું: આ ચા, પાન અને ધોળી બીડી પીતાં તેને શીખવ્યું કોણે? આપણે ભણેલાઓએસ્તો. તેને બિચારાને શી ખબર પડે? તે તો આપણું જોઇને સારું જાણી પોતે પણ તેમ કરે. એટલે આપણે લોકોએ તો તેમની ઉપર લૂંટ ચલાવી છે. તેમની સંસ્કૃતિનો આપણે નાશ કરીએ છીએ. તેમની સંસ્કૃતિ આપણે લૂંટી રહ્યા છીએ. અને એ રીતે અત્યારની સંસ્કૃતિ તે ભોળા ગામડિયાની સંસ્કૃતિ ઉપર જબરી લૂંટ છે!

—રવિશંકર મહારાજ



બાપુજીની મીઠી વાતો -૪

સાને ગુરુજી

મનની એકાગ્રતામાં વિલક્ષણ શકિત હોય છે મન એકાગ્ર કરીને જ એકલવ્ય ધનુર્વિદ્યા શીખ્યો. મન એકાગ્ર કરીએ તો બધા પ્રશ્નોનો ઉકેલ સૂઝતો જાય છે. સૂર્યનાં કિરણો બહિર્ગોળ કાચથી કેંદ્રીભૂત કરીને કપાસ પર પાડીએ તો તે સળગવા લાગે છે. વિખેરાઇ ગયેલાં કિરણોમાં એ શકિત નથી. મનની શકિત વિખેરાયેલી દશામાં હશે તો તમને જગતમાં સિદ્ધિ મળશે નહિ.

મહાપુરુષો પાસે એવી એકાગ્રતા હોય છે. પ્રયત્નથી, બ્રહ્મચર્યથી એ તેઓ મેળવે છે. વિવેકાનંદ અમેરિકામાં હતા ત્યારે તેમણે એક બાઇને તાવમાં તડફડતી દીઠી. તેઓ એની પાસે ગયા. એનો હાથ પોતાના હાથમાં લઇને તેઓ ધ્યાનસ્થ ઊભા રહ્યા. પછી આંખ ઉઘાડીને બોલ્યા: "તમારો તાવ હવે જતો રહ્યો છે." અને ખરેખર જ તે ગયો હતો! મનની આવી સંકલ્પશક્તિ, ઇચ્છાશક્તિ હોય છે. તેથી બીજાનું ભલું ચાહવું જોઇએ. આપણા મનના વિચારોનું જ પરિણામ જગત પર થાય છે. એકાગ્ર વિચારનું તો ઘણું જ થાય છે.

મારે તમને બાપુજીની એક વાત કહેવી છે. ૧૯૨૭નો પ્રસંગ છે. બાપુજી મદ્રાસ ગયા હતા. તેમને ખબર પડી કે, બ્રિટિશ મજૂર આગેવાન, પ્રસિદ્ધ સમાજવાદી ફેનર બ્રોકવે મદ્રાસની ઇસ્પિતાલમાં બીમાર છે. બાપુજીની વ્યાપક સહાનુભૂતિ તેમને શી રીતે સ્વસ્થ બેસવા દે? આવી બાબતમાં મહાત્માજી ઘણા જ ઇંતેજાર રહે છે. તેઓ ઇસ્પિતાલમાં ગયા. ફેનર બ્રોકવે ઘણા જ અસ્વસ્થ હતા. તે બેચેની અનુભવતા હતા.

"તમને મળવા આવ્યો છું." ગાંધીજી બોલ્યા.

"મહેરબાની થઈ." તેમણે કહ્યું.

"મહેરબાની પ્રભુની. તમને ખૂબ જ ત્રાસ થાય છે, ખરું ને?"

"ઘણી બેચેની થાય છે!"

"આમ શી રીતે થતું હશે?"

"ઊંઘ જરાયે આવતી નથી! જરા ઊંઘ

આવી જાય તો કેટલો આરામ મળે!”

“સાચું છે. ઊંઘ એટલે રસાયન.” એમ કહીને ગાંધીજી તેમના માથા પર પ્રેમથી હાથ રાખીને ઊભા રહ્યા. તેમણે આંખો બંધ કરી. મન એકાગ્ર થયું. તેમણે શું પ્રભુને પ્રાર્થના કરી? અથવા પોતાની શાંતિ એ તપ્ત માથામાં તેમણે રેડી? થોડી વાર પછી આંખો ઉઘાડીને તેઓ બોલ્યા: “હવે તમને ઊંઘ આવશે. સારું થઈ જશે. સુખી થાઓ!”

એમ કહીને ગાંધીજી ત્યાંથી ચાલ્યા ગયા. બ્રૉકવે પોતાની ‘પચાસ વર્ષના સમાજવાદી જીવનનો ઇતિહાસ’ નામની સુંદર આત્મકથામાં લખે છે: “શું આશ્ચર્ય! ગાંધીજી ગયા. અને થોડી વાર પછી મને ખરેખર જ ગાઢ નિદ્રા આવી ગઈ, અને જાગ્યો ત્યારે કેટલી સ્ફૂર્તિ લાગવા માંડી!”

એકાગ્રતામાં આવું અદ્ભુત સામર્થ્ય હોય છે.

નાના વિદ્યાર્થીઓને હું કહું છું કે

ખૂબ તોફાન કરો, દબાઈ નહિ જતા;
પ્રાણનો ખૂબ વિકાસ કરો; ખબ અખતરા કરો;
ટાઢતડકામાં ફરો; જંગલ, પાણી અને ઝાડ સાથે દોસ્તી કરો;
પુરુષાર્થ વધે એવું કંઈ કરો; અખાડામાં જઇને કમર કસો;
‘જબરો ગરીબને કનડે’ ત્યારે ગરીબનું ઉપરાણું લઇને મારવા જાઓ;
માબાપની સેવા જે નથી કરતો તે ચારિત્રશાળી નથી થઇ શકતો;
સેવા માબાપની કરવી અને આજ્ઞા ગુરુની માનવી;
ખૂબ મહેનત કરતાં શીખજો;
નવરાશ એ શરીરનો કાટ છે;
શરીર અને બુદ્ધિને કસરત આપતા રહેજો;
મુસાફરી કરજો, મુસાફરી કરવાથી અનુભવ મળે છે;
છેવટે, એક જ શબ્દ કહીશ કે તમે ઝટ પરણી ન બેસતા.

કાકા કાલેલકર



પ્યારા બાપુ

અનંતની આરાધના

મિયાં મંસૂર

તેનું નામ તો કંઈ બીજું જ હતું, પણ લોકોમાં, ખાસ કરીને તેના મિત્રમંડળમાં, તે અનંત નામથી ઓળખાતો હતો. આ નામ પાછળ એક નાનકડો ઈતિહાસ હતો. તેનો એક સિદ્ધાંત હતો કે પ્રેમનો ન તો આરંભ છે, ન તો એનો અંત; તે અનંત છે. તેથી આ અનંતની જ જીવનમાં આરાધના કરવી; અને એવી આરાધના જ કેવળ સાચી હોઈ શકે. આ સિદ્ધાંત કોઈ ગુરુજને એને શિખવાડયો હતો કે પછી જ્યારે એ પ્રજ્ઞાવશ હતો ત્યારે એની પોતાની ચેતનામાંથી કોઈ દિવસ જન્મ્યો હતો, એ કહેવું મુશ્કેલ છે. પણ એક વાત તો સાચી હતી: જ્યારથી એણે લોકોના સમાગમમાં આવવાનું શરૂ કર્યું ત્યારથી જ એનો આચાર વ્યાપક પ્રેમથી પ્રભાવિત બની ગયો હતો.

પણ જ્યારે અનંત ઉમરમાં આવ્યો ત્યારે એક મોટી મુશ્કેલી ઊભી થઈ. તેણે જોયું કે સમાજની અનેક વ્યક્તિઓ એની સામે નિંદાની આંગળી વારંવાર ચીંધતી. કોઈ કોઈ તો એને સ્પષ્ટ સંભળાવી પણ દેતી: “આટલો મોટો થયો પણ ભાઈસાહેબમાં અક્કલ પાઈ ભારની પણ ન મળે. કાંઇ સંકોચ, શરમ જ ન મળે! હમેશ સ્વચ્છંદતાથી વર્તવાનું જ જાણે. ન કંઈ લાજ, ન કંઈ શરમ. વહાલથી ઊભરાઈને દરેકના—છોકરો હોય કે છોકરી, પ્રૌઢ હોય કે વૃદ્ધ—ખભા પર અથવા પીઠ પર હાથ મૂકીને જાણે કે પોતાના પ્રેમનું પ્રમાણ આપતો હોય; એવો છે એનો આચાર, શિષ્ટાચાર!”

પણ અનંત પર લોકોની ટીકાની કાંઇ જ અસર પડી નહિ. પરંતુ જ્યારે તેનું ભણતર પૂરું થયું અને એ પોતાના ગુજરાન માટે કામ કરવા લાગ્યો અને પછી પરણ્યો ત્યારે લોકોએ એવી આશા જરૂર રાખેલી કે, હવે તે પોતાના આચારને સંયમિત બનાવશે. પરંતુ લોકોની એ આશા પણ નિષ્ફળ નીવડી. લગ્ન પછી છોકરાંછૈયાં થયાં, તોપણ અનંતનું પાગલપણું અનંત જ રહ્યું; કશો ફેરફાર તેનામાં દેખાયો નહિ.

પ્યારાઆપુ

વર્ષો વીતી ગયાં. તેનાં છોકરાં મોટાં થયાં. તેની આવકમાં વધારો થયો. તેનું કૌટુંબિક જીવન સંસારની દૃષ્ટિએ બધી રીતે સુખી હતું. પરંતુ થોડા વખતથી તેનું જીવન અશાંતિ ભરેલું લાગતું હતું. આ જોઇને એક દિવસે તેના એક મિત્રે વ્યંગમાં તેને પૂછ્યું: “કેમ અનંત, આજકાલ તમારા દિલમાં અનંતની અનંતતા અનુભવવા માટે અશાંતિ, ઉત્સુકતા, ઉમંગ જરા વધી ગયાં લાગે છે?”

“હા, ભાઈ,” અનંતે ઉત્તર આપ્યો, “પણ આ અશાંતિ અનંતની અર્થાત ભગવાનની અનંતતા અનુભવવા માટે નથી, પણ પ્રેમની અનંતતા અનુભવવા માટે છે.”

“પણ તે તો તમે વર્ષોથી અનુભવતા આવ્યા છો, એમ તમે પોતે જ કેટલીય વાર અમને કહ્યું છે.”

અનંતે કહ્યું: “એ વાત સાચી. પણ હમણાં થોડા વખતથી હું એક મૂંઝવણમાં સપડાયેલો છું. વાત એમ છે, ભાઇ રમેશ, કે ચારેક મહિના પર મારા એક મિત્રે જમવાનું નિમંત્રણ આપ્યું હતું. એનું લગ્ન એક અઠવાડિયા પહેલાં જ થઈ ગયું હતું. જ્યારે હું એને ઘેર ગયો ત્યારે એણે એની પત્ની સાથે મારી ઓળખાણ કરાવી. પ્રભુ

જાણે કેમ તેને જોતાં જ મારા હૈયાની અંદર પ્રેમનો પ્રવાહ પ્રબળ થઇ ગયો. ત્યાર પછી કોઇ કોઇ વાર મારા મિત્રના ઘેર હું પોતે જ તેને અને તેની પત્નીને મળવા જતો.

એક દિવસ બપોરે જ્યારે હું ત્યાં ગયો ત્યારે તેની પત્ની એકલી જ હતી. પહેલાં તો હું અંદર જવા માટે જરા સંકોચ કરવા લાગ્યો. પણ આખરે દાખલ થયો. તેની પત્નીએ મને દીવાનખાનામાં બેસવા કહ્યું. અને પોતે 'હમણાં જ હું આપને માટે ચા લઇ આવું છું,' એમ કહીને તે રસોડામાં ચાલી ગઈ.

તેને ચા લાવતાં દસેક મિનિટ થઇ હશે. તે દરમિયાન હું મારા મનમાં જાતજાતના વિચાર કરી રહ્યો હતો. પણ એક વિશેષ વિચાર વારંવાર મારા મગજમાં ભમતો રહ્યો, 'હું મારા મિત્રની પત્ની તરફ કેમ વધારે ને વધારે આકર્ષિત થતો જાઉં છું? આ આકર્ષણ પાછળ પ્રેમ છે, કામ છે, મોહ છે, શું છે?'

એટલામાં તો મગનલાલની પત્ની દીવાનખાનામાં દાખલ થઈ અને તેણે મારી સામે મેજ હતી એના પર ચાનો એક પ્યાલો મૂક્યો. એ જોઇને મેં સહજ ભાવે પૂછ્યું: 'પણ આપનો પ્યાલો ક્યાં? શું આપ ચા નહિ પીઓ? હું જ એકલો પીઉં?'

પ્રમીલાએ જવાબ આપ્યો: 'મેં આપના આવ્યા પહેલાં જ ચા પી લીધી હતી. આપ પીઓ, નહિ તો ચા ટાઢી પડી જશે.'

પછી મેં ચા પીધી અને પ્રમીલાએ ખાલી પ્યાલો ઊચક્યો અને એક બાજુએ મૂક્યો.

મેં કહ્યું: 'તો હવે હું જાઉં.' એમ કહી હું જવા માટે ઊભો થઇ ગયો.

પ્રમીલાએ કહ્યું, 'પણ ઉતાવળ શી છે? આપ થોડી વાર તો બેસો. 'એ' આવતા જ હશે.'

મેં કહ્યું: 'પણ પાડોસીઓ શું કહેશે? એક વિવાહિત સ્ત્રી એક પારકા પુરુષની સાથે એકલી બેસીને દીવાનખાનામાં વાતો કરે છે?'

પ્રમીલા બોલી: 'તેમાં શુ? મનમાં કંઈ પાપ હોય તો બીક રાખવી; પણ શિષ્ટાચાર કંઇ ગુનો નથી.'

મેં પ્રત્યુત્તર આપ્યો: 'પણ સમાજના લોકો તો એમ નથી સમજતા ને.'

'શું સમાજ જ આપણો ભગવાન છે?'

'ભગવાનનું એક રૂપ તો છે.'

'પણ એનાં તો અનેક રૂપ છે. તેમાં એક છે પરસ્પર પ્રીતિ. તો એકબીજાને આપણે પ્રીતિથી મળીએ, એ વધારે સારું નથી? સમાજ તો આજે એક નિયમ ઘડે છે અને એનું અનુસરણ કરે છે. વળી કાલે બીજો નિયમ ઘડશે અને એનું અનુસરણ કરશે.'

આ બધું સાંભળીને હું વિચારમાં પડી ગયો. પ્રમીલાની વાત તો સાચી હતી. એટલામાં દરવાજા પર ઠકઠક અવાજ થયો. પ્રમીલાએ ઊઠીને બારણું ખોલ્યું. તેણે પોતાના પતિને કહ્યું: 'આપણા અનંતભાઇ આવ્યા છે. દીવાનખાનામાં બેઠા છે. તમે ત્યાં જાઓ. હું તમારે માટે ચાહ લઇ આવું છું.'

મગનલાલ દીવાનખાનામાં દાખલ થયા એટલે મેં કહ્યું: 'આવો, ભાઈ મગનલાલ.'

'તમે અહીંયાં ક્યાં?'

'આ રસ્તેથી હું જ્યારે કામેથી પાછો ફરતો હતો ત્યારે મનમાં થયું કે લાવને અહીં જરા ડોકિયું કરતો જાઉં અને તમને મળતો જાઉં.'

'આવ્યા તો બહુ સારું કર્યું, તમને અહીં આવ્યાને ઘણી વાર થઈ છે કે?'

'અર્ધોએક કલાક થયો હશે.'

'પ્રમીલાએ કાંઈ ચા-બા પાઇ કે નહિ?'

'ફક્ત 'ચા' જ નહિ, પણ ચાહ પણ!'

'એટલે?'

'એટલે ઘણા પ્રેમથી આતિથ્ય કર્યું અને ચા પાઇ.'

'વળી તમારી ફિલસૂફી કાઢી કે? ચાહ, ચાહ અને ચાહ. હવે તો ઘરડા થવા આવ્યા તોપણ ચાહની ચાહ અને ચાહ નથી મૂકતા કેમ?'

'તે તો અનંત જ રહેશે. કેમ, ભૂલી ગયા છો કે, મારું નામ અનંત છે?'

'વાહ રે અનંત, તમારું પાગલપણું સદા અનંત રહે. પણ કોઇ કોઈ વખતે મને એમ લાગે છે, અનંત, કે સમાજનું ચાલતું હોય તો તમને ગાંડાઓની ઇસ્પિતાલમાં પૂરી દે! કેમ, વાત સાચી છે ને?'

ત્યાં તો પ્રમીલા ચાનો પ્યાલો લઇને હાજર થઈ અને તેણે પ્યાલો મગનલાલને આપ્યો. જ્યારે મગનલાલ ચા પીતા હતા ત્યારે મેં કહ્યું: 'મારા સંબંધમાં તો હું શું કહું? પ્રમીલા બહેનને પૂછો.'

'પણ વાત શી છે તે તો પહેલાં કહો?' પ્રમીલા બોલી ઊઠી.

મગનલાલે એને બધી વાત કહી. એ સાંભળી પ્રમીલાએ કહ્યું: 'જો મારું ચાલતું હોત તો હું આખા સમાજને ગાંડાઓની ઇસ્પિતાલમાં પૂરી દેત. અને અનંતભાઇને ત્યાંના ડાક્તર બનાવત.'

'ગાંડાઓની ઇસ્પિતાલનો ડાક્તર પણ ગાંડો જ હોય ને!' મગનલાલે ખડખડાટ હસતાં કહ્યું. હું અને પ્રમીલા પણ હસી પડ્યાં.

એટલામાં કોઈ પાડોસીએ અમને ખડખડાટ હસતાં સાંભળી બરાડો પાડ્યો: 'કેમ, કાંઈ ગાંડા-બાંડા થઈ ગયા છો કે?'

તે સાંભળી મગનલાલે જોરથી કહ્યું: 'તમારે પણ ગાંડા થવું હોય તો અહીં આવો.'

એટલામા તો ઘડિયાળમાં સાતના ટકોરા પડ્યા અને હું જવા ઊઠ્યો.

'કેમ, અનંતભાઈ, જાઓ છો?' પ્રમીલાએ પૂછ્યું.

'હા બહેન, મોડું થઈ ગયું. આવજો, મગનલાલ.'

'આવજો, આવજો.' પ્રમીલાએ અને મગનલાલે સાથે મળીને કહ્યું અને પછી બંને બારણું બંધ કરીને દીવાનખાનામાં પાછાં ફર્યાં.

'તો હવે હું રસોડામાં જાઉં અને રાંધું' પ્રમીલાએ કહ્યું. અને તે ચાલી ગઈ. મગનલાલ સાંજનું છાપું વાંચવા લાગ્યો. છાપું વાંચતાં વાંચતાં તે એકદમ ચમક્યો. પાસેના ઘરમાં રેડિયો પર કોઇ ગાઈ રહ્યું હતું:

'આજ તેરે ઘર પ્રીતમ આયા,
ઉસ કે દિલ કી ચાહ મિટા.'

મગનલાલને એ સાંભળીને જરા ચીડ ચડી. તે બોલ્યો: 'વળી ચાહ ને ચાહ ને ચાહ! એમ લાગે છે કે અનંતે આખી દુનિયાને ગાંડી બનાવી દીધી છે.'

એક શિયાળે પ્રભાતને સમયે પોતાના પડછાયા પર નજર નાખી કહ્યું: 'ભોજન માટે આજે તો મને એક ઊંટ મળવું જોઇએ.'

સવારનો બધોયે સમય ઊંટની તપાસમાં ઘૂમવામાં એણે વિતાવ્યો. બપોરે બીજી વાર પોતાનો પડછાયો એણે જોયો ત્યારે કહ્યું: 'નહિ, નહિ, ઊંટ નહિ, એક ઉંદર પણ મારે માટે પૂરતો છે!'

—ખલિલ જિબ્રાન

પારાબાપુ

સદ્ભાગ્ય—કમભાગ્ય

મુકુલભાઈ

આપણે ઘણું કરીને કોઇ પણ બનાવને ઊંડા ઊતરીને વિચારતા નથી. આપણને લાભ થાય એવું કંઇક બને ત્યારે આપણે આપણને સદ્ભાગી માનીએ છીએ. આપણને ગેરલાભ થાય એવું કંઇક બને તો આપણે આપણને કમભાગી કે અભાગી માનીએ છીએ. પણ જરા ઊંડા ઊતરીને વિચાર કરીએ તો જણાય છે કે લાભ કે ગેરલાભ, સુખ કે દુઃખ એ બધું મનનું જ પરિણામ છે. કોઇ વાર લાભ પણ દુઃખરૂપ બને છે અને કોઇ વાર ગેરલાભ પણ સુખરૂપ બને છે. તેથી આવા પ્રસંગોએ જો આપણે એથી ઊલટી બાજુનો જ વિચાર કરી એને સહજપણે ભોગવીએ તો લાભ કે ગેરલાભ, સુખ કે દુઃખ આપણે સરખાં ગણતાં શીખીએ.

ચીનના એક ફિલસૂફ લીત્ઝેની એક વાર્તા છે: એક ડોસો હતો. તે પોતાના એક દીકરા સાથે રહેતો હતો. એક દિવસે તેનો ઘોડો ખોવાઇ ગયો. પાડોસીઓને એની જાણ થઇ. તેઓ ડોસાને દિલાસો આપવા આવ્યા. ડોસો કહે, "ભાઇઓ, આ મારું કમભાગ્ય છે એમ તમે શી રીતે જાણ્યું?"

થોડા દિવસ પછી એવું બન્યું કે તેનો પેલો ઘોડો બીજા પંદર વીસ જંગલી ઘોડાઓને સાથે લઇને આવ્યો. પાડોશીઓને આ વાતની ખબર પડી. તેઓ તો ડોસાને મુબારકબાદી આપવા લાગ્યા. ડોસો તો પહેલાંના જેટલી જ સ્વસ્થતાથી બોલ્યો, "અરે ભાઇઓ, તમે શી રીતે જાણ્યું કે આ મારું સદ્ભાગ્ય છે?"

હવે તો ડોસા પાસે ઘણા ઘોડા થયા. એટલે ડોસાનો દીકરો ઘોડા પર બેસી દૂર દૂર ફરવા જવા લાગ્યો. એક દિવસે તે ઘોડા પરથી પડી ગયો અને તેનો પગ ભાંગ્યો. પાડોશીઓ પાછા આવીને દિલાસો આપવા લાગ્યા. ડોસો કહે, "ભાઇઓ, મારા દીકરાનો પગ ભાંગ્યો એ મારું કમભાગ્ય છે એ તમે શી રીતે જાણ્યું?"

બીજે વરસે એવું બન્યું કે ચીન દેશમાં યુદ્ધ ફાટી નીકળ્યું. ઘેર ઘેરથી જુવાન દીકરાઓને લડાઇમાં લઇ જવામાં આવ્યા. પરંતુ ડોસાના દીકરાનો પગ લંગડો થયો હતો એટલે તેને લડાઇમાં જવું ન પડ્યું!

કેટલાક માણસો પોતાના સુખદુઃખને કેવળ અંગત ન ગણતાં બીજા લોકોની સાથે ભોગવે છે. તેઓ પોતાના ભાગ્યને દોષ દઈને માથે હાથ મૂકી બેસતા નથી. અહીં મને લોકમાન્ય તિલકના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે.

એક વખતે પૂના શહેરમાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો. લોકમાન્ય તિલકનો જુવાન પુત્ર એ પ્લેગનો ભોગ બન્યો. વળી તેજ અઠવાડિયામાં એમના એક પિતરાઈ ભાઈ અને ભાણેજ પણ પ્લેગના ભોગ થયા. લોકમાન્ય તિલક પર ભારે દુઃખ આવી પડેલું જોઇ એમના એક મિત્ર એમને દિલાસો આપવા આવ્યા.

લોકમાન્ય તિલકે મનની શાંતિ જાળવી કહ્યું: "ભાઈ, ગામની હોળી સળગે ત્યારે દરેક ઘરવાળાએ છાણાં આપવાં પડે એમ આમાં પણ થયું છે."

લોકમાન્ય તિલકની આવી ભયંકર આપત્તિમાં પણ હૃદયની આટલી વિશાળતા જોઇને પેલો માણસ મુગ્ધ બનીને એમની તરફ પ્રેમથી જોઈ રહ્યો.

પ્યારા બાપુ

ત્રિવેણી સંગમ

સંકલનકર્તા : મુ૦ ક૦

(૧૯)

એક દિવસ બાપુની એક વાતથી વલ્લભભાઈ અને મહાદેવભાઇ બંને ચોંક્યા. બાપુ કહેતા હતા કે થાક હજી ઊતરતો નથી, શરીરમાં જે સ્ફૂર્તિની આશા રાખું તે લાગતી નથી.

એટલે વલ્લભભાઈ કહે: "ખજૂર ખાવાનું છોડ્યું એટલે. તમે બરાબર ખાતા નથી. ખજૂર મંગાવીએ, ફળ મંગાવીએ. ખાધા વિના શી રીતે સ્ફૂર્તિ આવે?"

બાપુ કહે: "તમને સાચું કહું? મને તો એમ થયાં કરે છે કે દશવીશ ઉપવાસ કરી નાખું તો કેવું સારું?.... મને જરૂર લાગે છે કે એટલા ઉપવાસ કરું તો પાછી શરીરમાં નવી સ્ફૂર્તિ આવી જાય!"

મહાદેવભાઈ તો એ સાંભળી ધ્રૂજી જ ગયા.

(૨૦)

અંગ્રેજ અધિકારી ઇમર્સનને બાપુએ મહાદેવભાઈ પાસે કાગળ લખાવ્યો. મહાદેવભાઈએ પૂછ્યું: "કાગળની ઉપર 'અંગત' એમ લખવું જોઈએ કે નહિ?"

બાપુએ 'હા' કહી. એટલે સરદાર કહે: "ન લખ્યું તોપણ શું થયું? કોઈ વાંચી જશે તેમાં શું થવાનું છે? જે વાંચશે તે કહેશે કે આ લોકો જેવા નાગા કોઈ નહીં—જેલમાં ગયા છે તોયે જંપે છે?"

(૨૧)

તે વખતના ભાવિ રાજબંધારણમાં ભાગ લેવા વિષે એક વાર બાપુએ કહ્યું: "એ તો જોઇને કહી શકાય. વિલાયતમાં પણ મેં કહેલું અને અહીં પણ કહું છું કે જો એમાં કશી સત્તા મળતી જ ન હોય તો તેનો કારમો વિરોધ કરજો, અને સત્તા મળી હોય તો ધારાસભાઓનો કબજો લેજો. હું ન હોઉં તો એટલું તો કહી જ જાઉં."

વલ્લભભાઈ એ સાંભળી બોલ્યા: "અહીં સુધી સાથે લાવ્યા અને એમ કાંઇ એકલા ચાલ્યા જવાશે?"

(૨૨)

બાને પહેલાં જેલમાં 'સી' કલાસ મળ્યો, પછી 'એ' મળ્યો અને કરાંચીની એક ૮૦ વરસની બાઇને પકડી, એની ઉપર પોલાકે 'લીડર'માં કડક લખ્યું હતું, એ વિશે વાત નીકળતાં બાપુ કહે: "બસ આ તો ફિરોજશાહ મહેતાના જેવું થયું. એને દક્ષિણ આફ્રિકાની લડતને માટે કશી પડી નહોતી, પણ જ્યારે બાને પકડ્યાની ખબર સાંભળી ત્યારે એ ધગી ગયો અને ટાઉન હૉલનું પ્રસિદ્ધ ભાષણ કરેલું. પોલાકનાથી બાનું સહન ન થયું એટલે આ લખ્યું છે."

વલ્લભભાઈ: "બાનું તો કોઇને પણ લાગે તેમ છે. બા તો અહિંસાની મૂર્તિ છે. એવી અહિંસાની છાપ મેં બીજી કોઈ સ્ત્રીના મુખ ઉપર જોઇ નથી. એમની અપાર નમ્રતા, એમની સરળતા, કોઇને પણ હેરત પમાડે તેવાં છે."

બાપુ: "સાચી વાત છે વલ્લભભાઈ. પણ મને બાનો સૌથી મોટો ગુણ એની હિંમત અને બહાદુરી લાગે છે. એ આડાઈ કરે, ક્રોધ કરે, અદેખાઈ કરે, પણ એ બધું જાણ્યા પછી

આખરે દક્ષિણ આફ્રિકાથી આજ સુધીની એની કારકિર્દી લઈએ તો એની બહાદુરી શેષ રહે છે."

(૨૩)

'આત્મકથા'ની સંક્ષિપ્ત આવૃત્તિનાં પ્રૂફ તપાસતાં મહાદેવભાઈએ બાપુને પૂછ્યું: "તમારી માતાનાં કઠણ વ્રતો: એકાદશી, ચાતુર્માસ, ચાંદ્રાયણ વગેરેની વાત કરી છે, પણ આપે તો શબ્દ Saintliness (પવિત્રતા) વાપર્યો છે. અહીં પવિત્રતા કરતાં તપશ્ચર્યા આપ કહેવા નથી ઇચ્છતા? તો શબ્દ austerity ન લખાય?"

બાપુ કહે: "ના, મેં પવિત્રતા હેતુપૂર્વક વાપર્યો છે. તપશ્ચર્યામાં તો બાહ્ય ત્યાગ, સહનશક્તિ અને આડંબર પણ હોઈ શકે. પણ પવિત્રતા એ આંતરગુણ છે. મારી માતાના આંતરજીવનનો પડઘો એની તપશ્ચર્યામાં પડતો. મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે મારા પિતાની નથી, પણ મારી માતાની છે. મારી માતા ચાલીસ વરસે ગુજરી ગયેલાં એટલે મેં એની ભરજુવાની જોઇ છે. પણ કદી એને ઉછાંછળી કે ટાપટીપવાળી કે કાંઇ પણ શોખ કે આડંબર કરનારી મેં જોઈ નથી. એની પવિત્રતાની જ છાપ હંમેશને માટે મારા ઉપર રહી ગઇ છે.'

(૨૪)

વલ્લભભાઈ રોજ રસથી છાપાં વાંચે. બાપુ તે રસથી સાંભળે, કાંઇ નહીં તો રસથી સાંભળે એમ બતાવે. કોઇ વાર બાપુ કાંઇ લખતા હોય કે વાંચતા હોય તો વલ્લભભાઇ રોકાઇ રહે. વારંવાર જુએ કે બાપુ પોતાનું કામ પૂરું કરી રહ્યા કે નહીં?

એટલે બાપુ કહે: "કેમ વલ્લભભાઇ, 'હરે' કહું કે? એટલે તમારી કથા શરૂ થાય? તો ભલે 'હરે'."

એક વખત કબીરજીને મળવા એક સંત આવ્યા. તે વખતે કબીરજી કપડું વણતા હતા. કબીરજીને આવી મહેનત મજૂરી કરતાં જોઇ અને ઘરની સ્થિતિ સામાન્ય જોઇ સંતે મનમાં વિચાર કર્યો કે, "આમને કાંઇ આપીને ગુજરાનની સગવડતા કરી આપું કે જેથી સદાકાળ પ્રભુભક્તિ કરી શકે."

આમ વિચારીને કબીરજીને કહ્યું, "થોડું તાંબુ હોય તો લાવો." કબીરજીએ કહ્યું. "હે પ્રભુ! તે લાવવા મારી પાસે પૈસા નથી, પરંતુ ઘરમાં એક તાંબાનું વાસણ છે તે આપું." એમ કહી વાસણ લાવી આપ્યું.

ત્યાર પછી તે સંત જંગલમાં ગયા અને ત્યાંથી કેટલીક વનસ્પતિ લઇ આવ્યા અને બે ત્રણ દિવસ મહેનત કરીને તાંબાનું સોનું બનાવ્યું ને કબીરજીને તે આપીને કહ્યું, "આમાંથી ખાવાપીવાની વસ્તુઓ લાવો અને થોડું વધારે તાંબુ લાવી આપો તો તેનું વધારે સોનું બનાવી આપતો જાઉં કે જેથી આપને આવી મહેનત ન કરવી પડે ને પ્રભુભક્તિ કરવાનો વધારે સમય મળે."

આ સાંભળી કબીરજી હસવા લાગ્યા ને બોલ્યા: "હે પ્રભુ! મને પણ તે બનાવવાનો થોડો ઘણો કીમિયો આવડે છે. પણ સોનું બનાવીને નિર્વાહ કરવો એ આપણો ધર્મ નથી. મને તો પ્રભુભક્તિ સિવાયનો કોઇ કીમિયો પ્રિય લાગતો નથી. હું કીમિયામાં લલચાઉં તો પ્રભુ મારાથી દૂર રહે." એમ કહીને બતાવવા ખાતર એક બીજું નાનું તાંબાનું પાત્ર લાવી સહજ વારમાં તેનું સોનું બનાવી દીધું ને સંતની આગળ મૂક્યું અને કહ્યું, "મારા બધા કીમિયા પ્રભુચરણમાં સમાઇ જાય છે." આથી સંત શરમાઈ ગયા.

પ્યારા બાપુ

ભક્તરાજ [અનુસંધાન પૃ૦ ૧૧૮ થી ચાલુ]

પાછળના ભાગમાં લઈ ગયો. ત્યાં એક માણસના હાથમાં તેલનું વાસણ હતું, અને તે અગ્નિમાં છાની રીતે તેલ સતત રેડ્યા કરતો હતો.

ભક્તરાજે પૂછ્યું: "આ વસ્તુનું તાત્પર્ય શું છે?"

દર્શકે કહ્યું, "આ અગ્નિ એ આપણા હૃદયમાં કામ કરતી પ્રભુની કૃપા છે. એ પાવક-જ્વાળા ઉપર પાણી રેડનાર સેતાન છે. તે પ્રભુના અગ્નિને બુઝાવવા મથે છે. પરંતુ તેં જોયું કે ભીંત પાછળથી એક માણસ છાનોમાનો તેલ સતત રેડીને અગ્નિને પ્રજ્વલિત કરે છે. તે માણસ દિવ્યાત્મા છે. દરેક માણસના હૃદયમાં પ્રભુના પ્રેમ-પંથની પાવક-જ્વાળા દિવ્યાત્માની સહાયથી સતત સળગ્યા કરે છે. સામાન્ય માણસ એ પાવકજ્વાળાથી અકળાઇ જાય છે! જે સાચા શૂરા હોય છે તેજ એ પાવકજ્વાળાને જીરવી શકે છે.

ત્યાર બાદ દર્શક ભક્તરાજને એક મહેલ પાસે લઈ ગયો. ત્યાં મહેલના દરવાજે ઘણા માણસો અંદર જવા માટે ઊભા હતા. પણ દરવાજા પાસે શસ્ત્રસજ્જ મજબૂત પહેરેગીરો ઊભા હતા, તે એ લોકોને અંદર દાખલ થવા દેતા ન હતા. વળી ભક્તરાજે જોયું કે દરવાજાની અંદરની બાજુએ એક માણસ બેઠો હતો. તેની પાસે ધર્મગ્રંથો પડ્યા હતા અને તેના હાથમાં કલમ હતી. થોડી વાર પછી એક માણસ હિંમત કરીને પહેરેગીરોના હાથમાંથી છટકીને પેલા માણસ પાસે ગયો અને બોલ્યો: 'મારું નામ ચોપડામાં નોંધી લો. હું આ યોદ્ધાઓ સાથે લડવા તૈયાર છું.' પછી પેલો એકલો માણસ બધા બળવાન યોદ્ધાઓ સામે ઝઝૂમ્યો. છેવટે લાંબી રસાકસી પછી તે બધા યોદ્ધાઓને હરાવીને વિજયી થયો!

ભક્તરાજ આ આ જોઇને બોલ્યો: "હા; આ વાત મને સમજાઇ ખરી. હિંમતપૂર્વક રસ્તામાં આવતી બધી ભયંકર મુશ્કેલીઓ સામે ઝઝૂમીએ તો જરૂર વિજય મળે."

દર્શકે કહ્યું: "ભક્તરાજ, તને મેં જે જે વસ્તુઓ બતાવી છે તે તું બરોબર ધ્યાનમાં રાખજે. હવે તું તારે રસ્તે જા. પ્રભુ તને જરૂર સહાય કરશે."

એટલે ભક્તરાજ દર્શકની રજા લઈ તેને નમન કરી પોતાને રસ્તે જવા લાગ્યો. (ચાલુ)

ભગવાન કૃષ્ણને માર્ગે

વિનોબાજી

ગામની જેટલી જમીન હોય તે બધા ગામવાળાઓની માનો. આજે કાયદાથી એ જમીન અલગ અલગ માલકીની છે. પણ આપણે હોળીનો તહેવાર ઊજવીએ છીએ ને? એ દિવસે સાચી હોળી ઊજવો અને એ બધા દસ્તાવેજો અગ્નિમાં સ્વાહા કરી દો, કૃષ્ણાર્પણ કરી દો. એ કાનૂની માલકીના કાગળો તમારા દિલના ટુકડે ટુકડા કરી રહ્યા છે. દિલોને ડંખી રહ્યા છે. જે દિલ આ રીતે ડંખાતું હોય તે જીવતું કેવી રીતે રહી શકે? આથી જરાસંધની પેઠે એ કાગળોને ફાડીને ફેંકી દો અને બધી જમીનની ખેતી સૌ એકઠા મળીને કરો. પછી જુઓ કે ભાઇચારો કેટલો વધે છે, પ્રેમ કેટલો ફેલાય છે! ભગવાન કૃષ્ણે આખા ગોકુળને આ રીતે એક કુટુંબ બનાવ્યું હતું. કહી દીધું હતું કે આપણે બધા ભાઇઓ સાથે રહીશું, સાથે ખાઈશું, સાથે રમીશું, ગાઇશું, નાચીશું. તો જે કામ ભગવાન કૃષ્ણે કર્યું તે જ હું નમ્રતાપૂર્વક કરવા ઇચ્છું છું.

પ્યારા બાપુ

મણકો ૩જો - અહિંસા

સંકલનકર્તા ::: ચંદુલાલ બ. પટેલ

મેડમ એડમંડ પ્રિવેટક લખે છે કે; "આજ મને લાગે છે કે હું આપને બતાવી દઉં કે હિંદુસ્તાનની પાછલી મહાન ઘટનાઓની અમારી ઉપર કેવી ચમત્કારી અસર થઇ છે. અહીં મારી મતલબ હિંદુસ્તાનની આઝાદીથી અમોને થએલ આનંદ પ્રદર્શિત કરવાની છે. હા, હું જાણું છું કે આપને હિંદુસ્તાનને આઝાદી મળવાથી કંઈ આનંદ થયો નથી; પણ બાપુ! આપ હિમ્મત ન હારો. વિચારો, જરૂર વિચારો કે અમો પશ્ચિમવાસીઓને એનું મહત્ત્વ કેટલું બધું છે? હિંદુસ્તાને પોતાના વિરોધીઓનું ખૂન વહેવરાવ્યા વિના આ ક્રાંતિ કરી અને તેના પરિણામે તે આઝાદ થઇ ગયું. ભૂતકાળનો વિચાર કરતાં આ ક્રાંતિકારી ઘટના જબરજસ્ત પ્રગતિ માલૂમ પડે છે. હિંદુસ્તાનનો રક્તવિહોણો આ વિજય એટલો ઉચ્ચ ને દિવ્ય છે કે તેનો જોટો બીજો નથી મળતો.

"ઓ બાપુ! ખૂનની હોળી ખેલીને હાલમાં જ બહાર નીકળેલ અમ લોકો માટે આપ એ નથી જોઈ શકતા કે હિંદુસ્તાનનું નૂતન પ્રભાત અમોને કેટલું ચમકીલું, કેટલું પ્રલોભન અને કેટલું અલૌકિક માલૂમ પડે છે? ઓ અમારી અનોખી આશાના પ્રતીક બાપુ! આપ અમારી ખાતર ધીરજ રાખો, હિંમત રાખો અને દ્રઢ બનો. અમે આપને માત્ર અમારા આધ્યાત્મિક નેતા જ નથી માનતા, પણ એક એવા આદમીના જીવતા જાગતા ઉદાહરણ સમજીએ છીએ કે જેણે સમતોલ પ્રસન્નતા ખોયા વિના પોતાના રોજના વર્તનમાં પોતાની પર સંપૂર્ણ વિશ્વાસ રાખીને અહિંસાનો અમલ કર્યો છે. શું આપે પણ અમને આપના ધર્મનો એ કીમતી સંદેશ નથી દીધો કે ફળની આશા રાખ્યા વિના પૂરા ભાવથી આપનું કામ કરો; બાકીનું બધું ભગવાનને ભરોસે છોડી દો? આપે જે કંઇ કર્યું છે તે પૂરી શ્રદ્ધા ને હિમ્મતથી કર્યું છે. હવે ભગવાન અમોને એ દેખાડે છે કે અહિંસા કે જે અનોખી આશાની જનની છે તે જ અમારી સભ્યતાને રક્ષવાનું એક-માત્ર સાધન છે.

"કદાચ આપ એમ દલીલ કરશો કે હિંદુસ્તાનની આઝાદીની લડાઈમાં જે અહિંસાનો ઉપયોગ કરાયો છે, તે હંમેશાં પરિપૂર્ણ નહોતી; પરંતુ એટલો તો મને પાકો વિશ્વાસ છે કે આપથી પ્રેરણા પામેલા આપના ભલા

પ્યારા બાપુ

લોકોએ એના માટે ઇમાનદારીથી કોશિશ જરૂર કરી હતી. હું આશા રાખું છું કે એક વાર ફરી મંદ વિરોધ અને અહિંસાના બુનિયાદી ભેદ વચ્ચેનો તફાવત જાણવા માટે તે સંબંધનો આપનો દૃષ્ટિકોણ જાણવાની તક મળે. આ સંબંધમાં હું જેમ જેમ વધુ વિચાર કરું છું તેમ તેમ મને સ્પષ્ટ જણાય છે કે લોકો આ ભેદને નથી સમજતા—નહિ સમજી શકે. તેઓ મંદ વિરોધનો પ્રયોગ કરે છે; પણ તે સફળ નહિ થતાં તેઓ નિરાશ થઈ જાય છે; છતાં તેઓ પોતાની કોશિશમાં પૂરેપૂરા ઇમાનદાર રહે છે.

પહેલાં લોકો કહ્યા કરતા હતા કે શેતાન આપણાં દિલમાં બેસીને આપણને બૂરા રસ્તા પર ખેંચી જવાનો ખેલ ખેલ્યા કરે છે; એથી આપણે સાવધાન રહેવું. આજકાલ હવે સત્યને પામવા માટે લોકો વધુ વૈજ્ઞાનિક રીતે પ્રયાસ કરે છે; આ રીતે લોકો વધુ જાગ્રત બને છે અને એ જાગૃતિ ઈમાનદારીથી કોશિશ કરવાથી એને અહિંસાનો સાચો ઉપયોગ કરવાને લાયક બનાવે છે.”

હું જોઈ શકું છું કે આપ મંદ વિરોધ અને અહિંસક વિરોધનો બુનિયાદી ભેદ સમજી ગયાં છો. વિરોધ બન્ને રૂપોમાં છે, પણ જ્યારે આપણો વિરોધ મંદ વિરોધ હોય છે ત્યારે વિરોધ કરવાવાળાની કમજોરીના પરિણામે આપણને એની બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે.

યુરોપે ઈશુની બહાદુરી, હિમ્મત અને બુદ્ધિપૂર્વક કરેલ વિરોધને મંદ વિરોધ સમજવાની ભૂલ કરી; યુરોપે એમ માન્યું એ કોઈ કમજોરનો વિરોધ છે. મેં પહેલી વાર ‘નવા કરાર’ વાંચ્યા ત્યારે પણ તેમાં ક્યાંયે ઈશુના ચરિત્રમાં કોઇ નિષ્ક્રિયતા, કોઇ કમજોરી માલૂમ પડી નહિ; અને જ્યારે મેં ટૉલ્સ્ટૉયની તેમ જ બીજાની એ સંબંધની બીજી પુસ્તિકાઓ વાંચી ત્યારે તે હકીકત તદ્દન સ્પષ્ટ થઈ ગઇ. શું ઈશુને મંદ વિરોધ કરવાવાળા સમજવાની ગલતીને કારણે પશ્ચિમને બહુ મોટી કિંમત નથી ચૂકવી પડી? સારોયે ઈશાઇ દેશ આ મહાયુદ્ધોને માટે જુમ્મેદાર છે.

મારા પોતાના અનુભવ પ્રમાણે હું કહીશ કે અમોને મંદ વિરોધથી રાજનૈતિક આઝાદી મળી છે; કે જેથી આપ અને આપના પતિ જેવા પશ્ચિમનાં શાંતિપ્રિય લોકો આટલાં ઉત્સાહિત થયાં છો. અથવા એમ કે ખરું કહીએ તો મેં મંદ વિરોધને અહિંસક વિરોધ માની લેવાની જે ભયંકર ભૂલ કરી છે તેની ભારે કિંમત અમો રોજ ચૂકવી રહ્યા છીએ. અથવા તો તે ભૂલ ન કરી હોત તો અમારા એક કમજોર ભાઈના હાથે બીજા કમજોર ભાઈને વગર વિચાર્યે જંગલી રીતે મારવાનાં શરમજનક દૃશ્ય ન જોવાં પડત.

હું માત્ર એવી આશા રાખું ને પ્રાર્થના કરું છું કે અહીંના અને દુનિયાના બીજા ભાગોના રહેવાવાળા મિત્રો પણ મારી સાથે પ્રાર્થના કરે કે આ ખૂનની હોળી જલદી ખતમ થાય અને તેમાંથી—કદાચ ખૂનખરાબીમાંથી—નીકળીને એક નૂતન અને મજબૂત હિંદુસ્તાન બને! એ નૂતન હિંદુસ્તાન પશ્ચિમની બધીયે ભયંકરતાઓની નકલ કરનાર યુદ્ધપ્રિય હિંદુસ્તાન નહિ હોય. એ તો પશ્ચિમની સારી સારી વાતો શીખનાર અને માત્ર એશિયા કે આફ્રિકા જ નહિ પણ સારીયે દુઃખી દુનિયાના આશાકેન્દ્ર સમું હિંદુસ્તાન બને! મારે માનવું જોઇએ કે આ તો દુરાશા-

માત્ર છે; કેમકે આજે અમે ફોજમાં અને પશુબળની તાકાતમાં વિશ્વાસ રાખવા માંડયા છીએ. અંગ્રેજી હકુમતમાં હથિયારો પર કરવાના ભારે ખર્ચનો વિરોધ બે પેઢીઓ સુધી અમે કરતા હતા. આજે રાજનૈતિક ગુલામીથી અમારો છુટકારો થયો છે; પણ અમારું ફોજ પાછળનું ખર્ચ વધી ગયું છે; અને ભય છે કે તે હજીયે વધુ ને વધુ વધશે; અને તેથી અમે અભિમાન લઇએ છીએ! એની વિરુદ્ધ અમારી ધારાસભાઓમાં એક પણ અવાજ નથી ઊઠતો છતાં પણ મને તેમ જ બીજા ઘણાને ઉમેદ છે કે આ ગાંડપણ અથવા પશ્ચિમની ખોટી નકલ કરવાની કુટેવથી બચી જઇને હિંદુસ્તાન આ મોતના મુખમાંથી છૂટી જશે અને ૧૯૧૫ની સાલથી આજ સુધીની ૩૨ વર્ષની અહિંસાની તાલીમ લીધા પછી હિંદુસ્તાને જે નૈતિક ઊંચાઇ પર પહોંચવું જોઇએ ત્યાં તે પહોંચી જશે.

“પ્યારાબાપુ”

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.
પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.
લવાજમ મ. ઑ. થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.
એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.
આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર-વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે

‘પ્યારાબાપુ’ કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

★ નવા ગ્રાહક બનાવી ‘બાપુ-સ્મરણ’ મેળવો ★

અનુક્રમણિકા................................ ૩૦ જૂન ૧૯૫૨

પૃષ્ઠ
૧ માણસની કસોટી ... ... ગાંધીજી ૧૧૩
૨ વિરલા ... મુનિશ્રી નાનચંદ્રજી ૧૧૪
૩ કર્મમાં અપ્રમાદ ... કેદારનાથજી ૧૧૫
૪ સુખનું કારણ ... પદ્મનાભ શ્રી. જૈની ૧૧૬
૫ ભકતરાજ ... ... મુકુલભાઈ ૧૧૭
૬ માતૃભાષા અને રાષ્ટ્રભાષા... બબલભાઈ ૧૧૯
૭ ‘તમે પહેલાં અમે પછી’ રા૦ ના૦ પાઠક ૧૨૦
૮ આચરણનું મહત્ત્વ ... ઉજ્જવળ કુંવરજી ૧૨૧
૯ પ્રભુનું આગમન ... ગુરુદયાલ મલ્લિકજી ૧૨૩
૧૦ સરદારશ્રીની વાણી ... ... મુ૦ કે૦ ૧૨૪
૧૧ બાપુના પત્રો ૧૨૫

પૃષ્ઠ
૧૨ મનોનુકૂળ પ્રવૃત્તિ ... કિ૦ ઘ૦ મ૦ ૧૨૬
૧૩ સૌંદર્યબોધ ... ... ગુરુદેવ ૧૨૭
૧૪ જબરી લૂંટ! ... રવિશંકર મહારાજ ૧૨૮
૧૫ બાપુજીની મીઠી વાતો ... સાને ગુરુજી ૧૨૯
૧૬ નાના વિદ્યાર્થીઓને ... કાકાસાહેબ ૧૩૦
૧૭ અનંતની આરાધના ... મિયાં મંસૂર ૧૩૧
૧૮ સદ્ભાગ્ય–કર્મભાગ્ય ... મુકુલભાઇ ૧૩૪
૧૯ ત્રિવેણી સંગમ ... ... મુ૦ કે૦ ૧૩૫
૨૦ ભગવાન કૃષ્ણને માર્ગે ... વિનોબાજી ૧૩૭
૨૧ ગાંધી માળા ... ચંદુલાલ બ. પટેલ ૧૩૮
૨૨ આ માસની છબી ... નવીન ગાંધી

ગ્રંથાવલોકન [અનુસંધાન કવરપેજ બીજાથી ચાલુ]

“માછી કન્યા” છે; પોતાના પુત્ર તરફના અખૂટ વાત્સલ્યને લીધે તેના પર પત્ની પોતાનું વર્ચસ્વ ન જમાવી બેસે એવી માનવસુલભ પરિગ્રહવૃત્તિને લીધે ઇર્ષ્યાના અંધ આવેશમાં ઘરને કેવું દુઃખરૂપ કરી મૂકે છે, પણ સ્નેહનું આર્દ્ર સિંચન ફરી તે ઘરને કેવું હરિયાળું કરી દે છે એનું સુરેખ ચિત્ર આલેખતી શ્રી. કરસનદાસ માણેકની વાર્તા “ગોમતી મા” છે. ગરીબમાં ગરીબ અને ભીખ માગીને જીવતા લોકોમાં પણ પોતાના જીવન વિશેનું કેવું ગૌરવ હોય છે અને પોતાના જીવનનાં મૂલ્યો પણ કેવાં ભિન્ન હોય છે એનું નિરૂપણ કરતી તેમ જ એ વર્ગ તરફ મમતા અને સહાનુભૂતિ પ્રેરતી શ્રી. સુન્દરમ્‌ની “માજા વેલાનું મૃત્યુ” છે; મનનું ઊંડાણ કોણ માપી શકે? અત્યારે આપણી સાથે સારી રીતે વર્તનાર વ્યક્તિ બીજી જ ઘડીએ કેવુંય વર્તન કરી બેસશે એ કોણ સમજી શકે? આવો જ રહસ્યાત્મક કોયડો આપણી આગળ મૂકી જતી શ્રી. કિશનસિંહ ચાવડાની વાર્તા “અસમત” છે; આપણને બહારથી સામાન્ય જેવા લાગતા પ્રસંગમાં પણ જીવનને હચમચાવી મૂકે એવા ગૂઢાગૂઢ પ્રવાહો વહી રહ્યા હોય છે તેનું આલેખન કરતી શ્રી. ગુલાબદાસ બ્રોકરની ‘ધૂમ્રસેર’ છે; માનવસર્જી અનાજતંગી અને ભૂખમરાનું કોઇ પણ પાત્રનું નિરૂપણ કર્યા વિના માત્ર વર્ણન દ્વારા ઉઠાવદાર ચિત્રનું આલેખન કરતી શ્રી. જયંતિ દલાલની “મૂઠી ચોખા” છે; માનવહૃદયમાં અદમ્ય ઝંખના રહી જાય અને આશાનિરાશાનાં મોજાં પર માનવનું હૃદય કેવા હિંચોળા ખાય છે તેનું આલેખન કરતી શ્રી. ઉમાશંકર જોષીની “પગલીનો પાડનાર” છે; માનવહૃદયનો સૌથી વિશેષ નિર્મળ અને કાવ્યમય પ્રેમ ભાઈબહેનનો જ. એનું કલાત્મક આલેખન કરતી શ્રી. દુર્ગેશ શુક્લની “કંકાવટી” છે. યુદ્ધના વખતમાં ભોળાં અને અભણ માનવીઓને પણ કેવો ત્રાસ અનુભવવાનો વખત આવી જતો તેનું આલેખન કરતી તેમ જ નિરક્ષરતા એ કેટલી દયામણી સ્થિતિ છે એ દર્શાવતી શ્રી. પન્નાલાલ પટેલની ‘નેશનલ સેવીંગ” છે; સ્ત્રીનું હૃદય કુસમથી કોમળ છે. પરંતુ જ્યારે તે ઇર્ષ્યાથી વિફરે છે ત્યારે વજ્રથી પણ કઠોર બની શકે છે તેનું હૃદયદ્રાવક આલેખન કરતી શ્રી. ચુનીલાલ મડિયાની વાર્તા “નીલાંજસા” છે; જીવનમાં પણ કેવાં કેવાં પરિબળો કામ કરી રહ્યાં હોય છે અને ભૂતકાળમાં સરી જતું જીવન કેટલીય સ્મૃતિઓથી વ્યાપ્ત બની ગયેલું હોય છે એનું નિરૂપણ કરતી શ્રી. જયંત ખત્રીની “યાદ અને હું” છે, અને માના હૃદયનું ઉચ્ચતમ અને કારુણ્યપૂર્ણ મંગળ દર્શન કરાવતી શ્રી. ઈશ્વર પેટલીકરની પ્રખ્યાત વાર્તા ‘લોહીની સગાઇ” છે.

આમ આ પુસ્તકમાં સત્તર સુંદર વાર્તાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વળી શ્રી. મનસુખરામભાઇએ પ્રારંભમાં ટૂંકી વાર્તા વિશે માહિતીપૂર્ણ નિબંધ આપ્યો છે, એ આ પુસ્તકની મુલ્યવત્તામાં વૃદ્ધિ કરે એવો છે. ગૂજરાત આ સંગ્રહને અવશ્ય આવકારશે.

— મુ૦ ક૦

સાભાર સ્વીકાર

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

સરદાર વલ્લભભાઈ (બાપુના પત્રો—૨) : સં૦ મણિબહેન પટેલ; કિં૦ ત્રણ રૂપિયા; પૃ૦ ૩૯૪.
સેવા (સુધારેલી વધારેલી ત્રીજી આવૃત્તિ) : લે૦ ગાંધીજી; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૨૬૪.

પ્રકાશક અને મુદ્રક: ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ

રજી૦ નં૦ બી૦ ૫૨૫૫



પ્યારાબાપુ



સંપાદકઃ નવીન ગાંધી

ગ્રંથાવલોકન

મહાદેવભાઇની ડાયરી (પુસ્તક પાંચમું): સં૦ નરહરિ પરીખ; પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૯; કિં૦ સાત રૂપિયા; પૃ૦ ૯+૬૦૭.

'મહાદેવભાઇની ડાયરી'એ આપણા સાહિત્યને યુગપુરુષ પૂજ્ય બાપુજીના જીવન-પ્રેરક ઉચ્ચ વિચારોથી સમૃદ્ધ કરવામાં મહામૂલો ફાળો આપ્યો છે. મહાદેવભાઈ બાપુજી જોડે રહેવા લાગ્યા ત્યારથી તેમણે પોતાના જીવનને બાપુજીનાં જીવનકાર્યો સાથે એકરૂપ કરી દીધું હતું. તેઓ જાણે બાપુજીના એક અંગ રૂપ જ બની ગયા હતા. બાપુજીનું એકેએક કાર્ય ઉપાડી લેવું, એમાં જરાયે કચાશ ન આવે એ રીતે જાગ્રત સેવાપરાયણ જીવન ગાળવા મથવું અને આવી બહોળી વ્યવસાયશીલ દિનચર્યામાંથી સમય કાઢી વિસ્તૃત નોંધપૂર્ણ ડાયરી લખવી એ કંઈ જેવી તેવી સાધના ન જ કહેવાય. બાપુજીના વ્યાપક જીવનકાર્યની મહત્તા મહાદેવભાઇ બરોબર સમજી ગયા હતા અને આપણામાં એક સુભાષિત છે ને કે, 'સદ્‌ભિસ્તુ લીલયા પ્રોક્તં શિલાલિખિતમક્ષરમ્।' (સંતા વડે સહેજમાં બોલાયેલું વચન શિલાલેખ સમ ચિરંજીવી બને છે.) એટલે બાપુજીના રોજબરોજના વ્યવહારમાં બનતા એકાએક પ્રસંગોની સત્યાભિમુખ નોંધ લેવાનું મહાદેવભાઈ ચૂકતા નહોતા. વળી મહાદેવભાઇને એવી પ્રતીતિ પણ થઈ હતી કે, બાપુજીનું પ્રેરણાત્મક પ્રયોગશીલ જીવન ભાવિના ઘડતરમાં અગત્યનો ફાળો આપી શકે એમ છે. અને બાપુજીનું વિસ્તૃત જીવનચરિત લખવાને સારુ પ્રમાણિક (Authoritative) નોંધની અત્યંત આવશ્યક્તા છે. તેથી મહાદેવભાઈ બાપુજીની એકેએક પ્રવૃત્તિની નોંધ રાખવા અચૂક પ્રયત્ન કરતા હતા. આ વાતની એમના અંતેવાસીઓને ખબર હતી. તેથી કોઈ કોઈ વાર તેઓ વાતવાતમાં કહેતા: 'મહાદેવભાઇ, તમે થોડું થોડું પ્રસિદ્ધ કરતા રહો.' ત્યારે મહાદેવભાઈ ગમ્મતમાં કહેતા: 'હમણાં કંઈ થઈ શકે નહિ. ડોસા જાય પછી વાત.' પણ ભગવાનની લીલાની કોને ખબર છે? બાપુજીનું જીવનચરિત લખવાને માટે સુયોગ્ય એવા મહાદેવભાઈ બાપુજી પહેલાં જ ચાલ્યા ગયા! 'ઇશ્વરેચ્છા બલીયસી।'

એટલે હવે 'મહાદેવભાઇની ડાયરી' વાંચીને જ બાપુજીનાં તત્કાલીન કાર્યોનો પરિચય કરવો રહ્યો. એ સૌ નોંધોને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું આશિષરૂપ કાર્ય શ્રી. નરહરિભાઇએ પોતાની નાદુરસ્ત તબિયતમાં પણ જારી રાખ્યું છે એ બદલ આપણે સૌ એમના આભારી છીએ.

આ પ્રસ્તુત પાંચમું પુસ્તક ચોથા પુસ્તકના અનુસંધાનમાં આગળ ચાલે છે. એમાં ૨૧-૧-'૧૯ થી -૬-'૨૧ સુધીની ડાયરી પ્રસિદ્ધ થઇ છે. '૧૯ થી '૨૧નો કાળ આપણા દેશના રાષ્ટ્રીય નવોત્થાનમાં મહત્વનો ગણાય છે. એ કાળ દરમ્યાન બાપુજી પાસે કેવા અગત્યના સવાલો ખડા થયા હતા અને દુનિયામાં અજોડ એવો અહિસાત્મક સંગ્રામ ચલાવવાની પ્રેરણા શી રીતે ઉપસ્થિત થઈ એ સૌ ઐતિહાસિક પ્રસંગોની માહિતી આ ડાયરી પૂરી પાડે છે. આ ડાયરીનું બીજું મહત્ત્વ એ પણ ગણી શકાય કે, એમાંના ઘણાખરા પત્રો બાપુજીની સવિનય સત્યાગ્રહની લડતનો સચોટ ખ્યાલ આપે છે. વળી ત્રીજું મહત્ત્વ તો એ છે કે, વચ્ચે વચ્ચે મહાદેવભાઇ પોતાની સાહિત્યિક શૈલીમાં કેટલાક પ્રસંગોની નોંધ આપે છે અને તત્કાલીન પ્રસંગનું સુરેખ ચિત્ર આપણી દૃષ્ટિ સમીપ ખડું [અનુ૦ કવરપેજ ત્રીજું]

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫]   ૩૦ જુલાઈ – ૧૯૫૨   [અંક ૬

ખરી સમસ્યા

જગતના મનુષ્યોનો ઉદ્ધાર કરવા માટે કોઈ માણસ વિશ્વ સમસ્યાના અંતિમ સમાધાન ઉપર પહોંચી જાય એટલું જ બસ નથી – પછી ભલેને તે માણસ ગમે તેટલો અસામાન્ય કેમ ન હોય. માત્ર પોતે અમૃતલોકમાં પહોંચે એટલું બસ નથી – વિશ્વમાનવે પણ અમૃતલાભના અધિકારી થવું જોઇએ. ખરી સમસ્યા જ આ છે.

માત્ર ઉપરનો પ્રકાશ ઊતરવા તૈયાર થાય એટલું બસ નથી – તે તો અવારનવાર ઊતરે પણ ખરો – પણ તેને આપણે સુપ્રતિષ્ઠિત નહિ કરી શકીએ જો નીચેનો આધાર-ગ્રહિતા આધાર ધારણ ન કરી શકે તો. એટલે આપણે તો માત્ર એટલું કરી શકીએ કે જે કાંઈ અનુભવ આપણને થયો હોય તે કેટલેક અંશે વહેંચી શકીએ – એટલે કે જેઓ થોડે ઘણે અંશે ગ્રહિષ્ણુ (receptive) હોય તેમને જ આપી શકીએ – જો કે આ પણ બહુ સહેલું ન માનવું.

તમે પોતે મેળવી શકયા એટલે કંઈ જે મળ્યું તે વહેંચી શકાય એમ નથી હોતું. કારણ કે ગ્રહણની શક્તિ જુદા પ્રકારની હોય છે, અને દાનની શક્તિ વળી જુદા જ પ્રકારની હોય છે. આપણે કહેવું હોય તો એમ કહી શકીએ કે આપી શકવું એ વિશેષ શક્તિ જ છે. કોઇ માણસ કદાચ ધારણ કરી શકે, પણ જે મળ્યું હોય તે વહેંચી નહિ શકે – કોઇ વળી એવો હોય છે જે કાંઈ મેળવવા માગે તોયે ધારણ ન કરી શકે. ટૂંકમાં, જે માણસો ગ્રહણ કરી શકે અને દાન પણ કરી શકે એવા માણસોની સંખ્યા ખૂબ ઓછી હોય છે.

એટલે જ હવે તમને સમજાયું હશે કે સમસ્યા મુદ્દલ સહેલી નથી. તમે કરો પણ શું? બધા જ થોડા આનંદ કે જ્ઞાન ઇચ્છે છે કે તમે આપશો! બધાંનો આંતરવિકાસ અથવા જ્ઞાન સરખાં નથી હોતાં. એટલે આ વિશ્વજગતના દુર્દૈવનું કોઇ સમાધાન અથવા રામબાણ ઔષધ ચમત્કાર કરીને ઝટપટ બતાવી દેવું અસંભવિત છે.

શ્રીઅરવિંદ



ઊંચ નીચ નહિ કોઈ.........................

દૂનિદાસ

પ્રભુ કે ઊંચ નીચ નહિ કોઈ
પ્રેમભક્તિ કર જો જન ધ્યાવે
ઉત્તમ કહીએ સોઈ પ્રભુ કે૦
કુલવંતા રાજા દુર્યોધન, તીસ ગૃહ પગ ના ધાર્યો;
જાય વિદુરકે ભાજી અર્પી, જાતિ ન જન્મ વિચાર્યો પ્રભુ કે૦
બ્રાહ્મણ એક કરત નિતપૂજા, તાકો ભોગ ન લીન્હા;
ધન્ને જાટ કે સોચ ન કોઈ, હોઈ પ્રગટ દૂધ પીના પ્રભુ કે૦
જાય પડે સબ આગે બૈઠે, ના કિસે હેત દિખાઈ;
નામદેવ કો દેહરા ફેર્યો, લીન્હો કંઠ લગાઈ પ્રભુ કે૦
ઊંચે જન્મ કર્મ કે તપસી ના કિસ મંદિર ધાવે;
મહા કુચિલ ભીલ કે કરતે, લે જૂઠે ફલ ખાવે પ્રભુ કે૦
પારબ્રહ્મ પૂરન અવિનાશી સબ ઘટ કી મતિ જાને;
દૂનિદાસ પ્રભુ ભક્તવત્સલ હૈ, કપટ હેતુ નહીં માને પ્રભુ કે૦

આપણે સૌ એક જ પ્રભુનાં સંતાનો છીએ. એમાં કોણ મોટું, કોણ નાનું? સૌ સરખાં જ. પરંતુ ધર્મને બહાને ઊંચનીચભાવને સમાજમાં દાખલ કરી દીધો! અને આપણા ઉદાત્ત ધર્મનાં ઉન્નત તત્ત્વોને કલંકરૂપ કરી મૂકયાં. એનું દુઃખદ પરિણામ સાધુસંતોએ જોઇ લીધું હતું. અને એ સૌ સમજુ લોકોએ સમાજમાંથી એ ભાવને દૂર કરવા માટે શકય એટલા પ્રયત્નો આદર્યા. અસ્પૃશ્યતા-નિવારણ માટે તેમ જ ઊંચનીચભાવને ટાળવા માટે સાધુસંતોએ અમુલ્ય ફાળો આપ્યો છે.

આ ભજનમાં ભકતકવિ આપણને સમજાવે છે કે, પ્રભુની નજરમાં સૌ લોકો સરખાં છે; કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. ભગવાન તો જે સાચા ભકતો છે તેને સહાય કરવા હંમેશ તત્પર છે. ભગવાન એમ જોવા બેસતા નથી કે, આ ઊંચ છે માટે એ મારી ભકિતનો પ્રથમ અધિકારી છે અને પેલો નીચ છે માટે એ ઊંચ કરતાં ઓછો અધિકારી છે. પ્રભુ તો 'ભકતવત્સલ' છે; જે કોઈ સાચા દિલથી પ્રભુનું સ્મરણ કરે છે તેની પાસે પ્રભુ સદા હાજર જ છે. સમાજ જેને હલકી વર્ણના ગણે છે એવા ભકતોને ભગવાને પોતાના ગણીને કેવા અપનાવ્યા છે એનાં ઉદાહરણો આપીને એ વસ્તુ આ ભજનમાં સમજાવી છે.

ભક્તિ અને તત્ત્વજ્ઞાનમાં કાલ્પનિકતા

કેદારનાથજી

સંત તુકારામના અભંગો પરથી તમે લખ્યું તે સમજ્યો. તુકારામ વગેરે સંતો પર અદ્વૈત મતની છાપ હતી. આત્મા નિત્ય, અજર, અમર છે અને તે જ હું છું; શરીર, મન, બુદ્ધિ, પ્રાણ એ સર્વ પ્રકૃતિનો ભાગ છે; પ્રકૃતિ નાશવંત છે, મરણ નાશવંતને છે, વિચારથી તેની અશાશ્વતતા સમજી લીધી; અને પ્રકૃતિ હું નથી પણ અમર આત્મા હું છું એ બોધની સ્વાનુભૂતિ પોતાને થઈ એવી સમજની ભૂમિકા પરથી તેઓ કહે છે:

'મરણ માઝેં મરોન ગેલેં।'

'દેહ જ હું'' એમ પહેલાં સમજતો હતો. તે ખોટી કલ્પના હવે નાશ પામી. આવી રીતે દેહ વિષેનું 'હુંપણું' મરી ગયું.

'આપલેં મરણ પાહિલેં મ્યાં ડોળાં।'

એમ કહેવામાંયે તે જ ભાવ છે. પ્રકૃતિનો સર્વ વ્યાપાર નાશવંત અને ખોટો ઠર્યા પછી જીવ-શિવનું ઐક્ય તેમને સમજાયું હશે. એ ભૂમિકામાં એક બાજુ આત્માના અમરપણાનો અને તે સાથે જ જીવ-શિવના ઐક્યનો એમ બંને અનુભવનો બોધ થતો હોવાનું તેઓ દર્શાવે છે. વિવેકદૃષ્ટિએ જોતાં આપણે પોતે જ આપણા ચિત્તની બનાવેલી આ બધી ભૂમિકાઓ છે. તેમાં કલ્પનાનો અને કેવળ માનેલો ભાગ ઘણો છે. તેમની વિચારપદ્ધતિથી જીવદશાની શુદ્ધિ કરવાનો આ માર્ગ સમજવામાં આવ્યો હશે. આપણે પોતાનું અમરત્વ જાણ્યું, જીવે પોતાનું શિવસ્વરૂપ જાણ્યું, એટલે જીવદશાની શુદ્ધિ થઇને જન્મ-મરણમાંથી માણસ મુક્ત થાય છે એવી તેમની શ્રદ્ધા હશે. પણ સાચું જોતાં આવી રીતે જીવદશાની શુદ્ધિ કરવાની જરૂર નથી.

ધારા ચાલુ

કર્મમાર્ગના આચરણથી માણસની ચિત્તશુદ્ધિ થતી રહે એ સરલ અને ઉચિત બાબત છે. સત્ય માર્ગ આ જ છે. ભક્તોએ પરમેશ્વરની પ્રાપ્તિનો અને ભક્તિનો એક જુદો જ માર્ગ કાઢ્યો. તેથી કોઈ કોઈ ગુણોનો ઉત્કર્ષ સહેજે થાય છે. એમાં પરમેશ્વરી પ્રેમના ઉદ્રેકમાં ભક્તોને આનંદની પ્રાપ્તિયે થાય છે એમાં શંકા નથી. પરંતુ આ માર્ગમાં કેટલાંયે અજ્ઞાન, ખોટી કલ્પનાઓ અને ભ્રમની વૃદ્ધિ પણ થઇ. તેના કરતાં પરમેશ્વરી પ્રેમનો અને ભક્તિનો આશ્રય લઇને માનવીગુણોની ઉપાસના અને સંવર્ધન થતાં રહે તો તેમાં ભ્રમ નિર્માણ થવાને અવકાશ નથી. કર્મયોગથી સંપૂર્ણ માનવતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા રહેવું એ માનવી જીવનનો મુખ્ય ઉદ્દેશ છે એમ સમજાય અને એ જ ખરી જીવનસિદ્ધિ છે એ વાત મનુષ્યને પૂર્ણપણે ગળે ઊતરી જાય તો કેટલાયે ભ્રમો દૂર થશે અને તેને લઇને જીવન સરલ કર્મમાર્ગી થશે. સંત તુકારામે સ્વીકારેલા ભક્તિમાર્ગમાં તેમને અનેક દુ:ખો સહન કરવાં પડેલાં તેનું કારણ તે માર્ગમાં અનેક ભ્રમો જ હતા. સગુણ-નિર્ગુણ, સાકાર-નિરાકાર, અવતાર, મૂર્તિમાં ઇશ્વરભાવના, ઈશ્વર-દર્શનસાક્ષાત્કાર એ બધી કલ્પનાઓ છે. આ કલ્પનાઓમાં આનંદ છે તેમ જ દુખ પણ છે. વિવેક જાગ્રત થાય, તેનું બળ વધતાં તેમાં કુશાગ્રતાયે આવે તો જ માણસ આ બધામાંથી છૂટી શકે છે. છૂટ્યા પછી પણ ચિત્તની સાત્ત્વિકતા અને પ્રેમવૃત્તિ નષ્ટ ન થતાં તેમાંથી તેને આનંદ પણ મળી શકે છે.

કર્મમાર્ગમાં જેમ જેમ નિરપેક્ષતા આવતી જશે તેમ તેમ બીજાઓ વિષે આપણા

ચિત્તમાં મૈત્રી, પ્રેમ, કરુણા, ઉદારતા વગેરે ભાવો વધતા જશે. જે પ્રમાણમાં કર્મમાં નિર્દોષતા વધશે તે પ્રમાણમાં ચિત્તની શુદ્ધ અવસ્થા કાયમ થશે. મૈત્રી, પ્રેમ વગેરે ગુણોથી જ સમભાવની પ્રતીતિ થાય છે. ચિત્તની શુદ્ધાવસ્થા અને સમભાવથી જ જીવદશાની શુદ્ધિ થાય છે અને શિવ સાથે આપણે એકરૂપતા સાધી શકીએ છીએ. જ્યાં સુધી ચિત્તની શુદ્ધિ અને સમભાવ આપણો સ્વભાવ બન્યો નથી ત્યાં સુધી મનુષ્યે પોતાને કેવળ અમર માનીને જીવ-શિવનું ઐક્ય સાધ્યું એમ માનવું તેમાં કલ્પનાનો ભાગ પુષ્કળ હોવાનો. તેના કરતાં ઉપર લખ્યા પ્રમાણે કર્મની નિર્દોષતા અને નિરપેક્ષતા સિદ્ધ થાય તો જીવભાવની સહજ જ પ્રત્યક્ષ શુદ્ધિ સાધીને સમભાવથી આત્મભાવનીયે પ્રત્યક્ષ વૃદ્ધિ થશે અને માનવતાની પરમ સિદ્ધિ સાધી શકાશે. આમાં કાલ્પનિકતા નથી.

આજ માનેલી કલ્પના આવતી કાલે છોડવાની જરૂર નથી. પોતાને ક્યારેક જીવ, ક્યારેક મનુષ્ય, ક્યારેક આત્મા, ક્યારેક ઈશ્વર, ક્યારેક મર્ત્ય, ક્યારેક અમર, ક્યારેક સગુણ, ક્યારેક નિર્ગુણ, ક્યારેક સાકાર, ક્યારેક નિરાકાર, એમ આપણે અનિશ્ચિતપણે કહેતા રહેવાની જરૂર નથી.

(એક અપ્રગટ પત્ર) — રમણીકભાઈ મોદી

જીવન અને મરણ

જુગતરામ દવે

જો જીવન સંયમનું હશે તો મરણ યાતનાનું નહીં પણ આનંદનું જ હોવાનું છે. જો જીવન સેવકનું ગાળ્યું હશે તો મરણ સેવકને શોભે એવું—એટલે કે માંદગીના ખાટલાનું નહીં પણ સ્વાર્પણ અને બલિદાનનું જ થવાનું છે. આપણે સાચા સેવક તરીકે, સત્યના આગ્રહી તરીકે જીવીએ તો મૃત્યુ એ આપણે માટે એક અજાણ્યા ચોર ડાકુ જેવું નહીં હોય. તે છેવટનું આવે તે પહેલાં તે આપણે કેટલીયે વાર તેના હાથમાં તાલી મારી આવ્યા હોઈશું, અને તેની સાથે બહુ જ નિકટનો પ્રેમસંબંધ બાંધી લીધો હશે. તેના વિષે આપણા હૃદયમાં કોઈ પ્રકારની ગભરાટની લાગણી રહી નહીં હોય.

સાચું જીવન જ ત્યારે ગણાય, જ્યારે મરણનો ભય કે ચિંતા ઉડાડી મૂકીએ. ‘જીવવું છે તો સિદ્ધાન્તોને સાચવીને જ જીવવું છે; તે ખાતર કોઇ પણ ક્ષણે મોતને ભેટવાને તૈયાર રહેવું છે,’ આવી પ્રતિજ્ઞા સાથે જીવવું એ જ જીવન. માત્ર ધમણની જેમ શ્વાસ લેવો અને ભઠ્ઠીની જેમ ભક્ષણ કરવું એ કંઈ જીવન નથી. સાચું જીવન તો મરણ ઉપર ડગલાં ભરતાં ભરતાં જ જીવવાનું હોય. આખરનું મરણ ક્યારે અને કેવું આવશે એની ચિંતા પરમાત્માને સોંપી આપણે તો નિર્ભયપણે સેવાજીવન ગુજાર્યા કરીએ, અને તેવું જીવન ગુજારતાં મૃત્યુને આપણા પ્રિય સાથી તરીકે સદા સાથે ને સાથે જ રાખીએ.

◆

તારી શુચિતાનો આધાર કોઇ બાહ્ય ક્રિયા પર રાખ્યા કરતાં તારા આંતરિક વિકાસ પર રાખતાં શીખ; કારણ કે, કર્મો આપણને પુનિત કરતાં નથી, પરંતુ આપણે કર્મને પુનિત કરીએ છીએ. જે મનુષ્ય પોતાના સૂક્ષ્મ અંતરતમ સ્વરૂપે બૃહત્ નથી, તે ગમે તેવાં કર્મો કરે, છતાંય કાંઈ પ્રાપ્ત કરતો નથી.

— માઈસ્ટર એક્હાર્ટ
પ્યારાબાપુ



ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ને આધારે]

મુકુલભાઈ

હવે ભક્તરાજ જે માર્ગે થઈને જતો હતો તેની બંને બાજુએ વાડ હતી અને તેની સાથે 'મુક્તિ' નામની દીવાલ પણ હતી. તે રસ્તે થઈને ભક્તરાજ ભારથી લદાયેલો હોવા છતાં ઝડપથી જવા લાગ્યો. તેના ખભા પર ભારે બોજો હોવાથી તે મુશ્કેલીએ દોડી શકતો હતો.

રસ્તે જતાં તે એક ઊંચી જગ્યાએ નાનકડા દેવાલય પાસે આવી પહોંચ્યો. તે દેવાલયની બાજુમાં ઊંડી ખીણ જેવું હતું. જેવો ભક્તરાજ દેવાલય પાસે આવ્યો કે તરત જ તેના ખભા પરનો બોજો હેઠો પડી ગયો અને પેલી ઊંડી ખીણમાં ગબડીને ક્યાંય અદૃશ્ય થઈ ગયો.

એ જોઈને ભક્તરાજ આનંદમાં આવી ગયો અને તેણે છુટકારાનો દમ લીધો. તે આનંદિત થઈ બોલી ઊઠ્યો: "પ્રભુની યાતનાએ મને વિશ્રાંતિ આપી અને પ્રભુના

પ્યારાબાપુ

આત્મ-સમર્પણે મને જીવન આપ્યું." તે દેવાલય સામે ભાવપૂર્વક એકીટશે કેટલાય વખત સુધી નિહાળી રહ્યો અને તેની આંખમાંથી અશ્રુધારા બહેવા લાગી. એવામાં ત્રણ દેવપુરુષો તેની પાસે આવ્યા. પહેલાંએ ભક્તરાજને કહ્યું: "તારાં બધાં પાપો વિગલિત થઈ ગયાં છે." બીજાએ તેનાં ફાટેલાં ચીંથરેહાલ કપડાં કાઢી નાખ્યાં અને તેને કંથા પહેરાવી. ત્રીજાએ તેના મસ્તકે તીલક કર્યું અને તેને એક વીંટો આપીને કહ્યું: "માર્ગે તને આશ્વાસન મળે એ માટે આ વીંટો ખોલીને એમાંનાં સુવચનોનું પઠન કરજે અને જ્યારે તું મોક્ષદ્વારે પહોંચી જાય ત્યારે ત્યાંના દ્વારપાળને આ આપજે." એમ કહીને તેઓ જતા રહ્યા. પછી ભક્તરાજ આનંદમાં આવી ગાતો ગાતો આગળ જવા લાગ્યો:

"તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ!
આજ લગી પ્રેમભેર;
નિશ્ચે મને તે સ્થિર પગલેથી
ચલવી પહોંચાડશે ઘેર."

આમ ભક્તરાજ ગાતો ગાતો ટેકરીની નીચે ઊતર્યો, ત્યાં તેણે ત્રણ માણસોને ખાઈની અડોઅડ સૂતેલા જોયા. તેઓના પગમાં સાંકળો હતી. ભક્તરાજે તેઓની આવી દશા જોઈને, તેઓની પાસે જઈને ધીમેથી ઢંઢોળીને જગાડ્યા. ભક્તરાજ બોલ્યો: "અરે ભાઈઓ, તમે આ ખાઈ પાસે સૂતા છો અને તેની નીચે સમુદ્ર ગર્જી રહ્યો છે. જો તમે જરા પડખું ફરત તો ખાઈમાં ગબડી પડી સમુદ્રમાં ડૂબી મર્યા હોત! માટે જાગો અને મારું માનીને મારી સાથે ચાલો. તમે બંધનમાંથી મુક્ત થશો. વળી જો તમે અહીં પડી રહેશો તો અહીં ફરતા સિંહો તમને ફાડી ખાશે."

આ સાંભળીને તેમાંનો એક બોલ્યો: "મને તો કશો ભય દેખાતો નથી." બીજો

બોલ્યો: "અરે, ભાઇ, થોડી વાર વધારે ઊંઘી લો ને!" ત્રીજો બોલ્યો: "ભાઈ, દરેક વાસણ પોતાના તળિયા પર જ ઊભું રહે છે. અમને બીજાની શિખામણની કંઈ જરૂર નથી." આમ કહીને તેઓ પાછા ઊંઘી ગયા.

ભક્તરાજ તો આ જોઇને વિચાર કરતો કરતો પોતાને રસ્તે જવા લાગ્યો: 'અરે, માણસો કેવા વિચિત્ર હોય છે! આ લોકોને આમ જગાડ્યા છતાં, ભયનું ભાન કરાવ્યા છતાં, બંધનથી મુક્ત થવાની બાંહેધરી આપ્યા છતાં તેઓ નિશ્ચિંત બની બેફામ ઊંઘવા પડ્યા! આ લોકોને કોણ બચાવી શકે?' આમ ભક્તરાજ મૂંઝાતો જઇ રહ્યો હતો તેવામાં બે માણસો દીવાલ પરથી ગબડીને સાંકડા રસ્તા પર આવી પહોંચ્યા અને ભક્તરાજ સાથે ચાલવા લાગ્યા. ભક્તરાજે તેઓને આ રીતે કૂદીને આવેલા જોઇને પૂછ્યું: "ભાઇઓ, તમે ક્યાંથી આવો છો, અને ક્યાં જઈ રહ્યા છો?"

તેઓ બોલ્યા: "અમે 'મિથ્યા-કીર્તિ' નામની નગરીમાંથી આવીએ છીએ અને સ્વર્ગધામ તરફ જઇએ છીએ."

ભક્તરાજ—તમે આ રસ્તાની શરૂઆતમાં દરવાજો છે ત્યાંથી કેમ ન આવ્યા? તમે શું જાણતા નથી કે, 'જે કોઈ દરવાજેથી આવતું નથી અને બીજી બાજુથી ચડીને દાખલ થાય છે, તે ચોર કહેવાય છે?'

તેઓ—અમારી નગરીના લોકોને દરવાજે થઇને આવવાનું ખૂબ લાંબું થઈ પડે છે. તેથી તેઓ હમેશાં આમ ટૂંકા રસ્તેથી જ જવાનું પસંદ કરે છે. એટલે અમે આમ દીવાલ કૂદીને આવ્યા છીએ.

ભક્તરાજ—પણ આ રીતે દાખલ થનારાઓ આ પ્રદેશના માલિકના ગુનેગાર શું ન ગણાય? આમ આપણે ભગવાનના પણ ગુનેગાર થઇએ છીએ ને?

તેઓ—એવી બાબતનો વિચાર કરી મગજને નકામી તકલીફ આપવામાં કશો અર્થ નથી. જે રિવાજ પડી ગયો છે તેને અમે અનુસરીએ છીએ અને એ માટે જો આધાર જોઇતો હોય તો હજાર ઉપરાંત વર્ષના પુરાવા અમારી પાસે મોજૂદ છે. રિવાજ પ્રમાણે કરવામાં જ સાર છે.

ભક્તરાજ—પરંતુ ભાઇઓ, એ કામ ઇશ્વરી નિયમની વિરુદ્ધ ગણાય કે નહિ?

તેઓ—જે વસ્તુ હજારો વર્ષથી ચાલી આવે છે તે સાચા ન્યાયની દૃષ્ટિએ કાયદેસર જ ઠરે છે. વળી તમે જ વિચારીને કહો ને કે, જો આપણને જે રસ્તે જવાનું છે એ રસ્તે અમે આવી ગયા છીએ, તો પછી કયે રસ્તે થઇને આવ્યા એની નકામી પંચાત કરવાની શી જરૂર? આપણે અંદર આવ્યા એટલું બસ છે. તમે દરવાજે થઇને દાખલ થઇને અહીં આવ્યા અને અમે દીવાલ કૂદીને આવ્યા, એમાં શો ફરક પડી ગયો? બંને આખરે એક જ રસ્તે છીએ ને!

ભક્તરાજ—ના, ના; હું પ્રભુના આદેશ અનુસાર દરવાજે થઇને આવ્યો છું, જ્યારે તમે તમારા મનમાં જે તુક્કા સૂઝ્યા તે પ્રમાણે રસ્તો કાઢીને આવ્યા છો. તમે એ રીતે ખોટી રીત અખત્યાર કરી છે. તેથી મને શંકા છે કે, તમને સાચા સલાહકાર આગળ જતાં મળશે નહીં. તમે પ્રભુના આદેશને ગણકાર્યા વિના તમારી બુદ્ધિ પ્રમાણે અહીં આવ્યા છો અને આખરે એ બુદ્ધિ પ્રમાણે જ અહીંથી વિમાર્ગે ચાલ્યા જશો. તમે મન ફાવે તેમ વર્તો છો તો પછી તમને પ્રભુ શી રીતે દોરી શકે?

આ સાંભળીને તેઓએ કશો જવાબ આપ્યો નહિ; પણ એટલું [અનુ૰ પૃ૰ ૧૬૫]

ત્યારાબાદ

અનંતની અખૂટ લીલા

ગુરુદયાલ મલ્લિકજી

પ્રભુ અનંત છે. તેથી માણસ જે મૂળમાં આત્મા છે, તેમાં પણ અનંતતાનો અંશ રહેલો છે. અનંતતાનું બીજું નામ છે સર્જનશક્તિ. એ શક્તિ અખૂટ છે. એટલે જ તો પ્રભુ પ્રાણીને વારંવાર જન્મ આપે છે અને પ્રત્યેક વખત એના આત્મિક રૂપમાં, અર્થાત એના આત્માના વિકાસમાં નવીનતા હોય છે. આ નાવીન્ય પણ અનંતતાનું એક રૂપ છે. તેથી પ્રભુનું એક નામ છે 'The Eternally New.' એટલે જે માણસની સર્જનશક્તિ ખીલી છે તે સર્વદા નવીનતાનો પૂજારી છે. વળી નવીનતામાં આનંદ છે. તેથી જે સર્જન કરવાની કલા જાણે છે તે શાશ્વત અને સાચા આનંદની ચાવી મેળવે છે, જેથી આનંદ-રાજ્યનાં બારણાં એને માટે હમેશાં ખુલ્લાં જ રહે છે.

માણસ પ્રભુની એક સૌથી ઉત્તમ કૃતિ છે. તે એના હાથમાં એક પાત્ર છે, જે પાત્રમાં તે પોતાનું પ્રભુત્વ–પ્રેમ–રેડ્યા જ કરે છે. તેના દાનની ધારા કોઈ દિવસ વિરામ પામતી નથી. પણ પ્રભુ કોઈ સાધારણ કુંભાર નથી; તે તો કલાકાર–કુંભાર છે. એ જે જે પાત્ર બનાવે છે તેના રૂપરંગ વારે વારે બદલવામાં અને તેને વધારે ને વધારે સુંદર બનાવવામાં એને અતિશય આનંદ થાય છે.

પણ માણસની એ સર્જનશક્તિ ત્યારે જ ખીલે છે જ્યારે તેના આત્માને અનંતતાનો, નવીનતાનો સ્પર્શ થાય છે. એ અનંતતા, નવીનતા જીવનમાં પગલે પગલે અને અણુએ અણુએ વ્યાપ્ત છે. એને જોવા માટે માણસની આંખ–શિવની આંખ–ઊઘડવી જોઈએ. તેથી જ તો જ્યારે માણસ કંઈ સર્જન કરે છે ત્યારે તે પોતાની કૃતિ દ્વારા તેનામાં જે અનંતતા બીજ રૂપે છુપાએલી છે તેનો સ્પર્શ અને આસ્વાદ પામે છે અને એવી શુભ ઘડીએ તેનો આત્મા અપાર આનંદથી લલકારી ઊઠે છે:–

"પ્રભુ અને હું એક છીએ; હું બ્રહ્મ છું;

હું સત્ય છું."

એવી રીતે પ્રભુ જે પ્રેમમય છે, તે પોતાના પ્રભુત્વનું દાન વધારે ને વધારે માણસને જન્મજન્માન્તર આપ્યા જ કરે છે; ન તો દરરોજ દેનારનું દાન ખૂટે, ન તો દાન લેનારની શક્તિ; એ તો અનંત કાળ સુધી અખૂટ જ રહે છે. એવી છે અનંતની, પ્રભુની અસીમ અખૂટ લીલા!

(અંગ્રેજી 'ગીતાંજલિ' કાવ્ય ૧)

તેં તો મને અશેષ બનાવ્યો એવી છે તવ લીલા,
ખાલી કરી આ પાત્રે ઢાળે નવ નવ જીવન રસીલાં.
કૈંક નદી તીરે ગિરિવર પર વિચર્યો લઈ મુરલી આ,
શી શી તાન બજાવી ફરી ફરી, કોને કહું એ લીલા?
તે તવ અમૃત-સ્પર્શ થતાં મુજ ઉર ભરપૂર ભરાયું,
હર્ષ મહીં સીમાઓ ભૂલ્યું, વાણી-ઝરણ ઊભરાયું.
મારી આ એક જ અંજલિમાં નિશદિન રેડે દાનો,
યુગ યુગ વીત્યાં અંત ન આવ્યો, ઊણો હું તો સદાનો.
[અનુ૦ નગીનદાસ પારેખ]

સરદારશ્રીની વાણી

જ્યાં પ્રજા જાગ્રત અને નિર્ભય નથી ત્યાં અતિશય સંયમ અને ધીરજની આવશ્યકતા છે.

× * ×

રાત દિવસ જેને પરનિંદા કરવાની ટેવ છે તેની સ્થિતિ દયાજનક થઈ જાય છે, તેને સાંભળનારની સ્થિતિ પણ દયાજનક થાય છે.

× * ×

આજનો ધર્મ બજાવશું તો કાલનું કામ કાલ પોતે જ કરશે.

× * ×

દિલની અંદરની સાચી વસ્તુને – આત્માને કોઈ હથિયાર અડકી શકતું નથી.

× * ×

માણસની સામે મોજમજા અને ત્યાગ એ બે વચ્ચે પસંદગી કરવાનો મોકો આવે ત્યારે વિચારપૂર્વક તે પહેલું છોડીને બીજું સ્વીકારે તો તેને બલિદાન આપ્યું અથવા તપ કર્યું કહેવાય છે.

× * ×

તમે આપેલા ઐહિક વસ્તુઓના આપભોગની સાથે સાથે તમારા અંતરમાં ત્યાગની ભાવના પેદા થઈ હશે તો દુન્યવી વસ્તુઓની તમારી ખોટ તમને નાસીપાસ કરવાને કે તમારા આત્માને કુંઠિત કરવાને બદલે તમારી આત્મશુદ્ધિનું સાધન બની જશે અને બીજાઓની સેવા માટે તમને વધુ સારા બનાવશે.

× * ×

સારું કામ યત્કિંચિત્ પણ કરશો તો હજારો ભાષણના કરતાં તે સારું ગણાશે.

× * ×

આજે કામ કરવાના ધર્મ સિવાય બીજો ધર્મ નથી.

× * ×

બહાદુર માણસોનું સ્વેચ્છાપૂર્વકનું કષ્ટસહન જ ફળદાયી થઇ શકે, કાયર અને લાચાર માણસોનું પરાણે વેઠેલું કષ્ટ નહીં. વળી એ સમજપૂર્વકનું હોવું જોઇએ.

× * ×

સાચું બલિદાન હંમેશાં પારમાર્થિક હોય છે. એમાં કશો નફાતોટાનો હિસાબ નથી હોતો, એમાં કશા બદલાની અપેક્ષા નથી હોતી અને એમાં કશી નાસીપાસી કે પસ્તાવાને સ્થાન નથી હોતું.

× * ×

આપણામાં તાલીમ અને વ્યવસ્થાની ખામી છે, સિપાઈગીરીની ખામી છે, આપણને હુકમ ઉઠાવવાની ટેવ નથી પડી. આ વ્યક્તિસ્વાતંત્ર્યના જમાનામાં આપણે સ્વચ્છંદને સ્વતંત્રતા માનીને બેઠા છીએ.

(ચાલુ)

પ્યારા બાપુ

પ્રમાદ અને ઇચ્છાનું બળ

પદ્મનાભ શ્રી. જૈની



એક સમયે ભગવાન કુણ્ડિયા નગરમાં વિહાર કરતા હતા. તે વખતે સુપ્રવાસા નામની કોલિય સ્ત્રી સાત વર્ષથી ગર્ભિણી હતી. તે અત્યંત તીવ્ર અને ત્રાસદાયક વેદનાથી પીડાતી હતી. પોતાના દુઃખમાં તેણે ભગવાન બુદ્ધનું સ્મરણ કર્યું: "ધન્ય છે એ ભગવાનને જે આવાં દુઃખોના વિનાશ માટે ધર્મોપદેશ આપે છે; ધન્ય છે એ ભિક્ષુ સંઘને જે આવાં દુઃખોના નિવારણ માટે પ્રયત્નો કરે છે અને ધન્ય છે એ નિર્વાણને જયાં આવું દુઃખ હોતું નથી।"

પછી સુપ્રવાસાએ પોતાના પતિને કહ્યું: "આર્યપુત્ર! જ્યાં ભગવાન વિહાર કરે છે ત્યાં જાઓ. ભગવાનને સાષ્ટાંગ પ્રણિપાત કરી તેમના આરોગ્ય અને સુખવિહારના કુશળ પ્રશ્નો પૂછીને કહેજો કે, 'ભન્તે! સુપ્રવાસા આપને, સંઘને તેમ જ નિર્વાણને ધન્યવાદ આપે છે.'"

સુપ્રવાસાના પતિએ ભગવાન બુદ્ધ પાસે જઇને પ્રણામ કરી સુપ્રવાસાનો સંદેશો કહ્યો. ભગવાને એ સાંભળી આશિષ આપી કહ્યું: "સુપ્રવાસા સુખી થાઓ, નીરોગી થાઓ અને નીરોગી બાળકને જન્મ આપો."

ભગવાનનાં વચન નીકળતાં જ સુપ્રવાસાએ એક નીરોગી પુત્રરત્નને જન્મ આપ્યો. ત્યારે સુપ્રવાસાએ પોતાના પતિને કહ્યું: "આર્યપુત્ર! ભગવાનનાં વચન મહાન છે! અને આ દુઃખમાંથી એમણે બચાવી છે. ભગવાનને સંઘસહિત સાત દિવસ સુધી હું ભોજન આપીશ. જાઓ અને ભગવાનને મારી વેનંતી કહો."

પ્યારાબાપુ

આર્યપુત્રે ભગવાનને જઇને નિમંત્રણ આપ્યું. એટલે બીજે દિવસે ભગવાન સંઘસહિત ત્યાં ભોજન માટે પધાર્યા. સુપ્રવાસાએ સાત દિવસ સુધી ભગવાન બુદ્ધને તેમ જ સંઘને પોતાને હાથે ભોજન પીરસ્યું અને તેઓને આહારથી પ્રસન્ન કરીને સાત વર્ષ સુધી ગર્ભમાં રહેલા પોતાના પુત્રને ભગવાનના ચરણમાં મૂક્યો. એમ કરતાં સુપ્રવાસાનું માતૃહૃદય ભરાઈ આવ્યું. એ જોઇને ભગવાને પૂછ્યું: "સુપ્રવાસે! શું તને આવા જ બીજા પુત્રની ઇચ્છા છે?"

"ભન્તે! આવા એક જ નહિ પણ સાત પુત્રોની હું ઇચ્છા કરું છું."

એ સાંભળીને ભગવાનના મુખમાંથી ઉદ્‌ગારો સરી પડ્યા:—

"અસાતં સાતરૂપેન
પિયરૂપેન અપ્પિયં।
દુક્ખં સુખસ્સ રૂપેન
પમત્તમતિવત્તતીતિ ॥"

(જે સુખકારક નથી તેને સુખમાં, જે અપ્રિય છે તેને પ્રિયમાં, જે દુઃખ છે તેને સુખમા પ્રમાદ અને ઇચ્છા પરિવર્તિત કરે છે.)

વર્ધા શિક્ષણનો એક નમૂનો

કિશોરલાલ મશરૂવાળા

મારા ઘરની બારી સામે એક સુકાઈ ગયેલા ઝાડનું થડ ઊભું હતું. ગઇ કાલે સવારે ઘરધણીના નોકરે એક સાથીની મદદથી તેને પાડ્યું, અને બપોરે બાર વાગ્યા સુધીમાં કરવતથી વાઢી તેના મોટા મોટા કડકા પાડ્યા. એની સાથે એની પત્ની અને પાંચેક વર્ષનો છોકરો પણ આવેલાં હતાં. પત્નીએ લાકડાં ઉપાડી જવામાં સાથ દીધો; બાર વાગ્યે પરવાર્યાં ત્યારે લાંબી કરવત પણ એ જ ઉપાડી ગઇ. જે ત્રણ ચાર કલાક આ કામમાં ગયા, તેટલો વખત પેલો છોકરો પણ સાથે રહી કાંઇક કાંઇક કર્યા કરતો હતો. નાનાં છોડિયાં ઊડતાં તે ઉપાડીને એ એક ઠેકાણે કરતો; સાથે કરવત ચાલતી તેની મજા પણ જોતો. બાર વાગ્યે નોકરે કરવત હાથમાંથી મૂકી કે તરત તેણે તેને બે હાથે ઘસડીને લાકડાના એક ગોળવા ઉપર ચડાવીને ટેકવી કરવતના દાંતા પહેલાં ઉપલી બાજુ રાખ્યા. પછી કાંઈક વિચાર આવ્યો, તેથી ફેરવીને નીચેની બાજુ પર કર્યા. વળી કાંઇક વિચાર આવ્યો, તેથી ગોળવા પરથી ઉતારી વ્યવસ્થિત રીતે જમીન પર સુવાડી. પછી પાસે પડેલી દોરીને હાથમાં લીધી, અને તેને વીંટાળીને હાથમાં લઇ લીધી. આ બધું એણે જાતે જ કર્યું, કોઈના કહેવાથી નહીં. ઊલટું, એ જ સાથે સાથે કાંઈક બોલતો જતો હતો.

એ આમ કરતો હતો, તેટલામાં નોકરે કરવતને પત્નીને માથે ચડાવી, અને એક મોટું લાકડું સાથીને માથે ચડાવ્યું. પછી સર્વે પોતાના ઘર તરફ વિદાય થયાં.

નોકર ને તેની પત્ની અભણ હતાં. બાળકને પોતાના કામ સાથે કાંઈક શિક્ષણ આપે એ એમને માટે શક્ય નહોતું. કાંઇક શીખશે એ દૃષ્ટિથી તેમણે એને સાથે આણ્યો જ નહિ હોય. એ તો માની પાછળ પાછળ આવ્યો હશે. પણ એને માબાપના કામમાં રસ પડ્યો. એ કામ એમના જીવન સાથે સંબંધ ધરાવે છે અને કોઈક રીતે જરૂરી છે એમ પણ એ કળી ગયો હશે જ. એટલે એણે માબાપના કામનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું, અને બાળસમજ પ્રમાણે તેમાં રસપૂર્વક ભાગ લીધો. આથી એ ત્રણ–ચાર કલાક માબાપને હેરાન કર્યા વિના ત્યાં ટક્યો એટલું જ નહીં, પણ ઊલટું પોતાની નાની નાની ક્રિયાઓ અને બોલીબોલી એણે માબાપનો શ્રમ પણ હર્યો.

આ જ વસ્તુને શાસ્ત્રીય રીતે ગોઠવીએ એટલે તે વિદ્યા બને, અને તેમાંથી વર્ધા શિક્ષણનું શાસ્ત્ર નિર્માણ થાય.

એક ઝવેરી હતો. તેના ઘરમાં રાત્રે ચોર આવ્યો. ત્યારે તેની પત્નીએ કહ્યું, 'અરે, જાગો છો કે ? ઘરમાં ચોર ભરાઇ ગયો છે!' ઝવેરી કહે, 'હું જાણું છું.'

થોડી વાર પછી પેલી બાઇ કહે, 'અરે, ચોર તો ઘરમાંથી બધું ઝવેરાત લઇને ગાંસડી બાંધી રહ્યો છે!' જવાબમાં તે બોલ્યો, 'એ તો હું જાણું છું.'

ઝવેરાત લઇને ચોર તો ઘરની બહાર ચાલ્યો ગયો. એટલે પેલી બાઈ કહે, 'અરે, ચોર તો બધું લઇને ચાલ્યો ગયો!' ઝવેરી બોલ્યો, 'હું જાણું છું.'

પેલી બાઈ ગુસ્સે થઈને કહેવા લાગી: 'જાણ્યું મારું કપાળ! તમારા જવાબમાં ધૂળ પડી! તમારું જાણવું ને ન જાણવું બંને સરખું જ છે!'

પ્યારાબાપુ

અનુકમ્પા

મહાસતી ઉજ્જવળકુંવરજી

પીડિતોને દુઃખી દેખીને હૃદય લાગણીથી ભરાઇ આવવું તેનું નામ છે અનુકમ્પા. તમારું હૃદય દુઃખીને જોઇને પીગળે છે ખરું? જો તમારું હૃદય ખરેખર પીગળતું હશે તો તમો દુઃખીઓના દુઃખ દૂર કર્યા વિના રહી શકશો નહિ. અનુકમ્પાશીલ માનવ કદી કોઇનું દુઃખ દેખી શકતો નથી. જ્યાં સુધી તેનું દુઃખ દૂર ન કરી શકે ત્યાં સુધી તેને નિરાંત વળતી નથી. બીજાની પીડા જોઇને જેનું હૃદય પીગળે નહીં તેને અનુકમ્પાશીલ કેમ કહી શકાય?

પંઢરપુર નામના મહારાષ્ટ્રના એક જિલ્લામાં મંગલવેઢા નામનું એક ગામ છે. તે ગામમાં દામાજી પંત નામનો એક સજ્જન રહેતો હતો. તે કોઇ પીડિતને જોતો તો તેનું દુઃખ દૂર કર્યા વિના રહી શકતો નહીં. તેનો એ પણ નિયમ હતો કે તે કોઇ અતિથિને પોતાને ત્યાં જમાડયા વિના જવા દેતો નહીં.

એક દિવસે તે એક અતિથિને પોતાને ઘેર લાવ્યો અને ભોજન કરાવવા લાગ્યો. અતિથિએ જ્યારે પોતાની સામે ભોજનની થાળી જોઇ, ત્યારે તેની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. દામાજી પંતે અતિથિને રોતો જોઇને પૂછ્યું, 'ભાઈ, તમને મારે ત્યાં તકલીફ પડી કે શું?'

અતિથિએ કહ્યું: 'ના'

'તો પછી આપને દુઃખ થવાનું કારણ શું છે?' પંતે ફરી પૂછ્યું.

અતિથિએ કહ્યું: 'ભાઈ મારા ગામમાં દુષ્કાળ પડેલ છે; મારાં બાળબચ્ચાં ભૂખ્યાં અધમૂઆં થઇ ગયાં છે અને અહીં હું ભોજન કરી રહ્યો છું! આ વિચાર આવતાં મારી આંખોમાં આંસુ આવ્યાં છે.'

પંતે કહ્યું: 'ભાઇ, તમે તે બાબતની ફિકર કરો નહીં. પહેલાં ભોજન કરી લ્યો, હું તમને અનાજ પણ આપીશ—જે તમે ઘેર લઇ જજો અને તમારાં બાળબચ્ચાંની ક્ષુધા પણ શાંત કરજો.' આ રીતે પંતે તેને ઘણા પ્રેમપૂર્વક વિદાય કર્યો.

અતિથિએ ઘેર આવીને પોતાના ગામના લોકોને કહ્યું કે, મંગળવેઢામાં દામાજી પંત નામનો એક દયાળુ પુરુષ રહે છે. તેની પાસે તમે જશો તો તે બધાને ખાવા માટે અનાજ આપશે.

આ સાંભળીને લોકોનાં ટોળે ટોળાં પંતના ઘર તરફ જવા લાગ્યાં. તેની પાસે અનાજના કોઠાર ભરેલા હતા; પરન્તુ તે બધા સરકારી કોઠાર હતા. આથી તે મૂંઝવણમાં પડી ગયો. આખરે તેને થયું કે, અનાજના સાચા અધિકારી તો ભૂખ્યા માણસો જ ગણાય. રાજાના કરતાં આ ભૂખ્યા માણસોનો આ કોઠાર પર વિશેષ અધિકાર છે. પંતના હૃદયે આ પ્રમાણે કહ્યું અને રાજાની શિક્ષાની પરવા કર્યા વિના તેણે કોઠારો ખોલી નાખ્યા. પંતે ભૂખ્યા લોકોને કહ્યું, 'જેને જેટલું અનાજ જોઇએ તેટલું લઈ જાય અને પોતાનું ગુજરાન ચલાવે.' લોકોનાં ટોળે ટોળાં એકઠાં થયાં હતાં, પરન્તુ દરેકને અનાજ આપવામાં આવ્યું.

રાજાને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તેણે પોતાના માણસોને મોકલ્યા અને પંતને પકડી લાવવાનો હુકમ કર્યો. જ્યારે એક ઉદાર શ્રીમન્તને આ વાતની ખબર પડી, ત્યારે તે રાજા પાસે ગયો અને તેણે કહ્યું, 'રાજન્! આપ આપના અનાજના જેટલા રૂપિયા થાય તેટલા લઈ લો અને દામાજી પંતને છૂટો કરો.' રાજાએ અનાજના

રૂપિયા લઇ લીધા અને દામાજી પંતને રાજાના હુકમથી માર્ગમાં જ છોડી મૂકવામાં આવ્યો.

આ વાતનો સાર એટલો જ છે કે માનવમાં જ્યારે અનુકમ્પા હોય ત્યારે તે બીજાનું દુઃખ દૂર કર્યા વિના રહી શકતો નથી. મેઘકુમારે હાથીના ભવે એક સસલાની દયા પાળી હતી; ભગવાન શાંતિનાથે મેઘરથ રાજાના ભવે એક કબૂતરની રક્ષા માટે પોતાનો જીવ અર્પણ કરી દીધો હતો. અનુકમ્પાનો માપદંડ એ જ છે કે અનુકમ્પાવાળો જીવ બીજાનું દુઃખ દૂર કર્યા વિના રહી શકતો જ નથી. આપણે પણ વિચારીએ કે આ જાતની અનુકમ્પા આપણામાં છે કે નહિ? પીડિતોને દેખીને, તેનું દુઃખ દૂર કર્યા વિના તમોને ચેન પડે નહિ તો સમજવું કે તમારામાં અનુકમ્પા જીવિત છે, નહિ તો મરેલી છે એમ સમજી લેવું.

મહાદેવભાઈનું સૌજન્ય

મુકુલભાઈ

૧૯૩૦ની વાત છે. શ્રી. મહાદેવભાઇને સજા થયા પછી પોલીસ તેમને જેલગાડીમાં લઈ જવા લાગી. બહાર લોકોનું ટોળું મહાદેવભાઈનું સ્વાગત કરવા ભેગું થયું હતું. પણ પોલીસ સાર્જંટને આ ગમ્યું નહીં, એટલે મહાદેવભાઇને જેલગાડીમાં બેસાડીને ઝડપથી ગાડી હંકારી મૂકી. આથી લોકો ઉશ્કેરાયા અને એક જણે પેલા સાર્જંટ તરફ તાકીને પથ્થર માર્યો. પથ્થર પેલા સાર્જંટને દાઢી પર વાગ્યો. તે એકદમ બૂમ પાડી ઊઠ્યો અને પથ્થર હાથમાં લઈ ગાળો દેવા લાગ્યો.

મહાદેવભાઇએ સાર્જંટને કહ્યું: 'તમે મોટર જરા થંભાવો. હું લોકોને સમજાવું અને તેમની આ ભૂલ માટે તમારી માફી માગવા કહું.'

પણ પેલા ગોરાએ માન્યું નહીં અને બબડ્યા કર્યું. એટલે મહાદેવભાઈ બોલ્યા: 'જે બન્યું છે તેનાથી મને ભારે વસમી ચોટ પહોંચી છે, પણ અહીં ગાડીમાં પુરાએલો હું શું કરું? મને અત્યંત શરમ ઊપજે છે, અને તમે કહો તે પ્રાયશ્ચિત્ત કરવા હું તૈયાર છું. તમે એ પથ્થરથી મને મારો. લાવો, એ પથ્થર મને આપો. જો તમારા હૃદયને શાંતિ થતી હોય તો એ પથ્થરથી હું મારી જાતને સજા કરું.'

મહાદેવભાઈના આવા પ્રેમાળ શબ્દો સાંભળીને પેલો સાર્જંટ શાંત થયો અને થોડી વારમાં તો તે મહાદેવભાઈ સાથે વાતો કરવા મંડી પડ્યો. મહાદેવભાઈએ સાર્જંટને આશ્રમ જોવા નિમંત્રણ આપ્યું અને તેમનું નામ પૂછ્યું. સાર્જંટે લખવા માટે કાગળની અબરખી કાઢી. મહાદેવભાઈએ લખવા પોતાની પેન આપી.

એટલામાં જેલનો દરવાજો આવી ગયો. ગોરાએ પેન મહાદેવભાઈને પાછી આપવા માંડી. એટલે મહાદેવભાઈ બોલ્યા: 'એ પેન આ પ્રસંગના સ્મરણ તરીકે ભલે તમારી પાસે રહી. અને પેલો પથરો મને આપી દો.'

સાર્જંટે પથરો તેમને આપ્યો. મહાદેવભાઈ તે પથરો ગાડી બહાર ફેંકતા બોલ્યા: 'આની માફક આ પ્રસંગની કડવી યાદ પણ ફેંકી દેજો.'

પેલો સાર્જંટ હસતાં હસતાં બોલ્યો: 'એ તો ક્યારનીય ફેંકાઈ ગઈ!'

પ્યારા બાપુ



ચિ. [illegible],

તમારા [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

ત્યાં [illegible] [illegible] [illegible] ત્યાં તો

બાળકનાં માતાપિતાની સાથ

[illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] ત્યાં [illegible] [illegible]

છે. [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]. 'અહિંસા

અને હિંસા' એ પ્રયોગ [illegible] [illegible]

[illegible]. તમારી પ્રવૃત્તિનું કેમ

[illegible] [illegible] [illegible] [illegible]

ઈશ્વર: પ્રકૃતિ [illegible] [illegible]

નવી આવી પડે ત્યારે શક્તિ વિચારી લેવી- જે છે તેને સુધારવી, દૃઢાવવી એજ બસ છે ને એમાંથી બધું ફળ નીપજાવી શકાય છે-

પ્રયાગ ૯-૨-૩૧

બાપુના આશીર્વાદ

[આત્મોન્નતિકર સુમાર્ગે જવામાં ઐહિક બંધનો બાધરૂપ નીવડતાં હોય તો એનો ત્યાગ કરવામાં જ માનવધર્મ રહેલો છે. આપણા સંતો-ભક્તોનાં જીવનમાં એવા કેટલાય પ્રસંગો વારેવારે ઉપસ્થિત થયેલા છે. પ્રહ્લાદે ભગવાનની ભક્તિની આડે આવનાર પિતા સામે બંડ ઉઠાવ્યું, નચિકેતાએ પણ પોતાના પિતાના અધર્માચરણ સામે માથું ઉઠાવ્યું હતું. મીરાં પણ સૌ સ્વજનોનો ત્યાગ કરવા સર્વદા તત્પર જ હતી. વળી આપણા સંતકવિઓએ પણ એ જ સૂર પોતાનાં પદોમાં ધ્વનિત કર્યો છે. નરસિંહ મહેતાએ પણ ગાયું છે ને:

'નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે;
કુળને તજીએ, કુટુંબને તજીએ,
તજીએ મા ને બાપ રે....'

એથી ધર્મને માર્ગે જતાં સ્વજનોનો સમજપૂર્વક કરેલો ત્યાગ અધર્મ ઠરતો નથી.

આપણા દેશમાં સ્વરાજના ધર્મયુદ્ધ વખતે ઘણા દેશહિતચિન્તકોને દેશ અને કુટુંબ એ દ્વંદ્વ ધર્મસંકટમાં મૂકી દેતું હતું. એવી જ મૂંઝવણમાં પડેલા શ્રી. કાશીનાથજીને બાપુજીએ આ વખતના પત્રમાં સરળ રીતે માર્ગ દર્શાવ્યો છે.

વળી ઘણી વાર આપણા સેવકો સેવાના ઉત્સાહમાં વધારે પડતી પ્રવૃત્તિ ઉપાડી લે છે અને પછી નાસીપાસ થઈ જાય છે અથવા બીજી મુશ્કેલીમાં આવી પડે છે. ઉપરાંત કેટલાક સેવકો અધીર બની સેવાક્ષેત્ર શોધવા મંડી પડે છે અને તેથી કોઈ વાર નિરાશા અનુભવે છે અથવા એમાં બરોબર ગોઠવાઈ શકતા નથી. આવે વખતે તેનો સેવા કરવાનો ઉત્સાહ મંદ પડી જાય છે. એવા સૌ સેવકોને આ પત્રમાં બાપુજીએ અગત્યનું માર્ગદર્શન કરાવ્યું છે.]

ચિ० કાશીનાથ,

તમારો ૨૫ મીનો કાગળ છેક રખડતો રખડતો આજે મળ્યો.

જ્યાં ધર્મ સ્પષ્ટ દેખાય ત્યાં તે આચરતાં માતપિતાની આપઘાત કરવાની કે બાવા થઈ જવાની ધમકીથી ડરવાનું કારણ નથી. એવી ધમકીનો અમલ ભાગ્યે જ થાય છે. પણ થાય ત્યાંયે કલ્યાણ જ છે. માતાજીની તબિયતમાં ખૂબ સુધારો થયો ગણાય. 'અહિંસાત્મક હિંસા' એ પ્રયોગ અશુદ્ધ જ ગણાય.

તમારી પ્રવૃત્તિનું ક્ષેત્ર તમારા ગજ ઉપરાંત ન જવા દેશો. પ્રવૃત્તિ શોધવી નહિ ને નવી આવી પડે ત્યારે શક્તિ વિચારી લેવી. જે છે તેને સુધારવી, દૃઢાવવી એ જ બસ છે ને એમાંથી બધું ફળ નિપજાવી શકાય છે.

પ્રયાગ ૯-૨-૩૧

બાપુના આશીર્વાદ
પ્યારાબાપુ

સાક્ષરતાનો મોહ

વિનોબાજી

કોઇ માણસના ઘરમાં ખૂબ બાટલીઓ ભરેલી હોય તો તે માણસ ઘણું કરીને રોગી હોવો જોઈએ, એવું અનુમાન આપણે કરીએ છીએ. આ શું અન્યાય નથી? બીજો ઇલાજ નથી એવું થાય ત્યાં સુધી બાટલી ન વાપરવી, એ જેમ આરોગ્યરક્ષણની પહેલી કલમ છે; તેમ જ, બને ત્યાં સુધી ચોપડીમાં માથું ન ઘાલવું યા માથામાં ચોપડી ન ઘાલવી (જે કહો તે), એ ડહાપણની પહેલી કલમ છે. બાટલી રોગગ્રસ્ત શરીરની નિદર્શક છે એમ આપણે માનીએ છીએ. ચોપડી પણ — પછી તે ભલે સંસાર-ચોપડી હો, યા તો પરમાર્થ-ચોપડી હો — રોગગ્રસ્ત મનની નિદર્શક મનાવી જોઇએ.

અનેક સૈકાંઓ વીત્યાં જેમના ડહાપણની સુગંધ હજી દુનિયામાં મહેકી રહી છે, તે લોકોનું લક્ષ જીવન સાક્ષર કરવા કરતાં સાર્થક કરવા તરફ જ વધારે હતું. સાક્ષર જીવન નિરર્થક હોઇ શકે છે એના દાખલાઓ આજના સુશિક્ષિત સમાજમાં વિના શોધ્યે પણ જડે તવા છે. એથી ઊલટું, નિરક્ષર પણ અત્યન્ત સાર્થક હોઈ શકે છે એ વિષેના અનેક દાખલાઓ ઇતિહાસે જોયેલા છે. ઘણી વખતે સુ-શિક્ષિત અને અ-શિક્ષિત એ બેની સરખામણી કરતી વખતે, 'અક્ષરાણામકારોસ્મિ' એ ગીતાના વચનમાં કહ્યા પ્રમાણે, 'સુ' અને 'અ' કરતાં 'અ' જ પસંદ કરવાનું મન થાય છે.

ચોપડીમાં તો અક્ષરો હોય છે; તેથી ચોપડીઓની સોબતથી જીવન સાર્થક બનાવવાની આશા વ્યર્થ છે. 'બોલાચી ચ કઢી બોલાચા ચિ ભાત। જેઉનિયાં તૃપ્ત કોણ ઝાલા' (બોલની જ કઢી અને બોલનો જ ભાત જમીને કોઈ તૃપ્ત થયું જાણ્યું છે?) કવિનો આ સવાલ માર્મિક છે. બીજા એક કવિએ કહ્યું છે તેમ, ચોપડીમાંનો કૂવો ડુબાવતો પણ નથી અને ચોપડીમાંની હોડી તારતી પણ નથી.

પારશબાપુ

કોઇ એક માણસ દવા પી પીને કંટાળી ગયો, કારણ જેમ દવાને પાસે આણે તેમ તેમ આરોગ્ય દૂર દૂર ભાગી જવા લાગ્યું. આખરે કોકની સૂચનાથી તેણે ખેતરમાં કામ કરવાનું શરૂ કર્યું. ખેતરના કામથી આરોગ્ય પ્રાપ્ત કરી થોડા જ વખતમાં તે સારી પેઠે તગડો બન્યો. અનુભવે સિદ્ધ થયેલી આરોગ્યની આ સાધના વિષે તે લોકોને કહેવા લાગ્યો. કોઈના હાથમાં બાટલી જુએ કે, 'બાટલીથી કશું વળવાનું નથી; કોદાળી લે, એટલે સાજો થઇશ,' એમ તે અંતઃકરણપૂર્વક ઉપદેશ કરતો. લોકો કહેતા: 'તમે બાટલીઓ પી પીને ધરાઈ બેઠા છો, એટલે હવે અમને દવાની બંધી કરો છો, ખરું ને?' દુનિયાનો ન્યાય આવો જ છે. બીજાના અનુભવથી બોધ લેવાની માણસને ઇચ્છા થતી નથી. તેને સ્વતંત્ર અનુભવ જોઈએ છે, સ્વતંત્ર ઠોકરો જોઈએ છે. હું જો એના ભલા માટે કહું કે, 'પુસ્તકોથી કશો લાભ નથી, નકામો પુસ્તકોમાં ફાંફાં ન માર;' તો તે કહેશે, 'તમે પુસ્તકો વાંચી ચૂકયા છો, અને હવે મને ઉપદેશ દો છો?'

'હા ભાઇ, હું પુસ્તકો વાંચી ચૂક્યો, પણ હવે તું ચૂકે નહિ તેટલા ખાતર જ તને કહું છું.'

તો તે કહે છે, 'મારે જાતે અનુભવ લેવો છે.'

'ઠીક છે, લે અનુભવ. ઠોકર ખાવાનું સ્વાતંત્ર્ય એ તારો જન્મસિદ્ધ હક છે!'

હરિનો મારગ

અનવર આગેવાન

હરિને મારગ જવા માટે શીલ, સંયમ ને સાધના આદિ કઠોર વ્રત અનિવાર્ય છે. એટલે જ ભક્તિના પંથને આપણા સંતોએ 'ખાંડા કેરી ધાર' કહ્યો છે. ભવસાગરમાં પોતાના તમામ વૈભવ-વિલાસોને હોમી દેનાર મરજીવો-માણીગર જ ભક્તિના મરમને જાણે છે. એ મરમ જાણ્યા પછી તો 'ભક્તિ ફૂલ કેરી પાંખડી'નો કોમળ ને મુલાયમ માર્ગ બને છે.

સોરઠી સંત-જમાતનાં સ્ત્રીસંત ગંગાસતી પોતાની શિષ્યા બનેલી પુત્રવધૂ પાનબાઈને ભક્તિનો મારગ બતાવે છે. એને પહેલે પગથિયે પગલું મંડાવે છે. સાદી ને સરળ શૈલીમાં કેવી સુંદર શિક્ષા આપે છે કે:—

મેરુ રે ડગે ને જેનાં મન નો' ડગે
મરને ભાંગી રે પડે ભરમાંડ રે;
વિપદ પડે રે પણ વણસે નહિ,
ઈ તો હરિજનનાં પરમાણ રે-મેરુ રે.

મેરુ ડોલી જાય, ચૌદ બ્રહ્માંડ રસાતળ જાય તોપણ ભક્તિને મારગ મહાલતાં, અનગળ આફતોને આવકારતાં જેનું મનડું લગીરે ડોલતું નથી એ જ સાચો હરિનો ભક્ત છે. એ જ એનાં પરમ પ્રમાણ છે.

હવે જુઓ, હરિ-ભક્તના અંતરની અમીચલ અવસ્થા: સુખની જેને આશા નથી ને દુઃખના જેને ઓરતા નથી. અને એ તો હંમેશાં આ જગતમાં વિચરતાં સુખ-દુઃખ, હર્ષ-શોક જેવાં દ્વંદ્વો પ્રતિ ઉદાસીન છે:

ભાઈ રે! હરખ ને શોકની ના'વે જેને હેડકી ને-
શીશ તો કર્યાં કુરબાન રે;
સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,
જેણે મેલ્યાં અંતરનાં માન રે-મેરુ રે.

હે ભાઈ! જેણે પોતાનાં મસ્તક ભક્તિના મારગડે ડૂલ કરી નાખ્યાં છે, અને એ સતગુરુના વચન પર શૂરા થઇ ચાલે છે તેને મનમાં માન-અપમાન, નિંદા-પ્રશંસા કે આનંદ કે આફતના ઓરતા નથી. હર્ષ કે શોકની પરવા નથી. એને મન તો બધુંય સરખું જ છે. અને એ તો —

ભાઈ રે! નિત્ય રે'વું સતસંગમાં ને-
જેને આઠે પો'ર આનંદ રે,
સંકલપ વિકલપ એકેય નહિ ઉરમાં
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે-મેરુ રે.

હે ભાઈ! જે હરરોજ સત-સંગે રહે છે એને તો આઠેય પહોર આનંદ-હર્ષના હિલોળા છે. માયાનાં પડળ જેણે પરહર્યાં છે તેને મન સંકલ્પ-વિકલ્પ જેવું કશુંય રહેતું નથી.

પણ હા, સત્‌વચનોમાંથી તમારી શ્રદ્ધા ન ડગે એ જોજો —

ભાઇ રે! ભગતિ કરો તો એવી રીતે
કરજો પાનબાઈ!
રાખજો વચનુંમાં વિસવાસ રે,
'ગંગાસતી' એમ બોલિયાં,
તમે થાજો સતગુરુના દાસ રે-મેરુ રે.

હે પાનબાઈ! ભકિત કરો તો સદ્‌ગુરુના દાસ બનીને રહેજો. એનાં વચનોમાં વિશ્વાસ ધરજો. આટલું તમને 'ગંગાસતી' કહે છે.

તમારા પોતાના સિવાય બીજું કોઈ તમને શાંતિ નહિ આપી શકે.
જીવનનો ઉદ્દેશ માણસને પોતાના આત્માની ઓળખ કરાવવાનો છે.
— રાલ્ફ વાલ્ડો એમર્સન

ભાઈનું હેત

મુકુલભાઈ

બધે આનંદ આનંદ છવાઈ ગયો હતો. રસ્તા પર લોકોની ભીડ હતી. સૌ કોઈ નાતાલના તહેવારની ખરીદી કરવા નીકળી પડયાં હતાં.

બધે આનંદ હતો. પણ જેસીના મુખ પર ઉદાસીનતા પથરાઈ ગઈ હતી. ગરીબ દશા અને ઘેર બહેન માંદી! તે પોતાની કંગાળ સ્થિતિનો અને બહેનની માંદગીનો વિચાર કરતો જઈ રહ્યો હતો. અને અરે, ઠંડી પણ કેવી સખત પડે છે! પહેરવા માટે નથી ગરમ ડગલો કે નથી ગરમ મોજાં! જેસીનું શરીર ઠંડીથી ધ્રૂજતું હતું. તેને મનમાં થતું હતું કે, ‘ગરમ ડગલો હોય તો કેવું સારું! અરે, ગરમ મોજાં હોય તોયે બસ છે!’ પણ ખરીદવાને પૈસા હોય તો ને? જેસીના પિતા પણ કેટલાય દિવસથી રોજગાર વિના ભટકતા હતા અને...બહેનની માંદગી!

‘અરે, પેટમાં તો જાણે આગ સળગી છે! ત્રણ ત્રણ દિવસ થયા કશું ખાવાનું મળ્યું નથી! બહેન પણ બિચારી ભૂખે તાવમાં તડફડે છે. હાય કમનસીબી!’

રસ્તે ચાલતાં ચાલતાં એક રમકડાંની દુકાન આવી. જેસી તો રમકડાં જોતો ઊભો રહ્યો. તેને થયું, ‘લાવને, બહેન માટે કશું લઈ જાઉં!’ ખીસામાં હાથ નાખ્યો. ખૂણામાં એક સિક્કો પડયો હતો. કાઢીને જુએ તો, ‘અરે! આ તો એક ફાર્ધિંગ જ છે! એક ફાર્ધિંગનું તો કોઈ રમકડું આપે ખરું?’

“તમારું નામ જેસી કે?”

તેણે ફરીને જોયું તો એક શ્રીમંત બાઇ તેની સામે ઊભી હતી. જેસીએ કહ્યું, “જી, બાનુ.” જેસી તો નવાઈ પામી પેલી બાઈની સામે જોઈ રહ્યો.

બાઇએ કહ્યું: “જુઓ, તમારું નામ શહેરનાં ગરીબ બાળકોની યાદીમાં છે. આવતી કાલે નાતાલ છે. એ માટે અમે એક ખાસ કાર્યક્રમ ગોઠવ્યો છે. આ પ્રવેશપત્ર લો. એ લઇને મારે ઘેર જરૂર આવજો.”

“પણ....મારે એક બહેન પણ છે. તે ઘેર માંદી છે. આવતી કાલે તો તે સારી થઇ જશે. તેને પણ લઇ આવું તો....”

“જુઓને, અમે દર વરસે એક ઘર દીઠ એક જ બાળકને નિમંત્રણ આપીએ છીએ. માટે મારાથી કશું થઇ શકે એમ નથી. તમારી બહેનને આવવા દઉં તો બીજા પણ એ પ્રમાણે કરવા તૈયાર થાય. માફ કરજો.”

એટલું કહીને પેલી બાઈ તો જતી રહી. જેસીને થયું, ‘ભલે, આ પત્ર લઇને બહેન જશે.’ પણ પ્રવેશપત્ર પર લખ્યું હતું: “આ પ્રવેશપત્ર ધરાવનાર જેસી જેમ્સ એકલાને જ દાખલ કરશો.” જેસીએ ઊંડો નિસાસો નાખ્યો.

બીજે દિવસે કાર્યક્રમમાં તે ગયો. ત્યાંના આનંદમાં અને બાળકોના સમૂહમાં તે પોતાનું બધું દુઃખ ભૂલી ગયો. તેણે પેટ ભરીને ખાધું, પીધું અને બાળકો સાથે રમત રમી આનંદ મેળવ્યો.

રમતગમત થઈ ગયા પછી નાતાલનું ઝાડ લૂંટાવવાનો સમય થયો. બધાં બાળકોને એક દીવાનખાનામાં એકઠાં કરીને કહેવામાં આવ્યું: ‘હવે દરેક બાળકને નાતાલના ઝાડ પરથી પોતાને ગમતી વસ્તુ આપવામાં આવશે.

જેનું નામ બોલાય તે પેલા ઝાડ પાસે જઈને પોતાને પસંદ પડે તે વસ્તુ માગે.'

બધાં બાળકો ઝાડ પરની વસ્તુઓ જોવામાં તલ્લીન થઈ ગયાં. જેસીની નજર એક લાલ એંજિન પર પડી. 'વાહ, આજે તો ખૂબ મજા પડશે! કેટલા વખતથી એંજિન ખરીદવાનો વિચાર કરતો હતો. બસ, હું તો એંજિન જ માગીશ.'

“જેસી જેમ્સ.” ઝાડ પાસે ઊભેલી બાઇએ બૂમ પાડી. જેસી દોડતો ત્યાં ગયો. જુએ છે તો પેલી જ બાઈ ત્યાં ઊભી હતી! બાઇએ કહ્યું: “જેસી, તમને કઈ વસ્તુ વધારે પસંદ છે?”

જેસીની નજર પેલા એંજિન પર પડી. ત્યાં તો તરત જ તેને જીન યાદ આવી. તેને થયું: 'જીન અહીં આવી શકી નહિ. પણ મારે તો એને માટે કશું લઈ જવું જોઇએ કે નહિ?'

“બોલો, જેસી! તમને સૌથી વધારે કઈ વસ્તુ ગમે છે?” પેલી બાઇએ ફરી વાર પૂછ્યું.

જેસી તો ઝાડ પર બધે જોઈ રહ્યો હતો. તેની નજર એક ઢીંગલી પર પડી. 'વાહ! પેલી ઢીંગલી બહુ મજાની છે! જીન તો એ જોઇને રાજી રાજી થઈ જશે. પણ... પણ... પેલું એંજિન પણ બહુ મજાનું છે! જવા દો એને! મારે એ ન જોઇએ.' પછી જેસી બોલી ઊઠ્યો: “મને પેલું લાલ એંજિન બહુ ગમે છે. પણ મારે તો પેલી ઢીંગલી જ જોઈએ છે.”

પેલી બાઈ તેના મનની સ્થિતિ સમજી ગઈ હતી. એટલે તેણે જેસીને ઢીંગલી આપી.

પણ બધાં છોકરાંઓએ તો બૂમાબૂમ કરી મૂકી: “જેસી. તો છોકરી છે છોકરી! તેને તો ઢીંગલી જ બહુ પસંદ પડી ગઈ ને! વાહ છોકરી, વાહ!”

જેસી તો ઢીંગલી લઇને મકાનની બહાર તરત જ દોડી ગયો અને ઘેર જઈને પોતાની માંદી બહેનને કહેવા લાગ્યો: “અરે, જીન, જીન, જરા જો તો ખરી! તારે માટે આ શું લઈ આવ્યો? તને ઢીંગલી બહુ ગમે છે ને?”

જીન તો ઢીંગલીને જોઇને ખુશ ખુશ થઈ ગઈ. બંને ભાઇ બહેન આનંદમાં તરબોળ થઈ ગયાં.

એટલામાં બારણાં પર ટકોરા પડ્યા. જેસીએ બારણું ઉઘાડ્યું. જુએ છે તો પેલાં ભલાં બાઇ આવ્યાં હતાં!

“જી, આપ....” જેસીને શું કહેવું એ સમજાયું નહિ!

પેલી બાઇ ઘરમાં આવી અને બોલી: “જેસી, તમને બીજાં બાળકોએ ખૂબ પજવ્યા એ માટે હું દિલગીર છું. તમે ગયા પછી મેં બધી વાત છોકરાંઓને કહી. તેઓ પણ પોતાના વર્તન માટે દિલગીર થયાં છે. તેઓના કહેવાથી આ ભેટ તમારે માટે લઇ આવી છું. રાત પડી ગઇ છે, એટલે હવે હું જાઉં છું.” એમ કહીને પડીકું જેસીને આપી એ બાઈ ચાલી ગઈ.

જેસીએ ખોખું ઉઘાડ્યું. તે આનંદમાં આવી જઈ બોલી ઊઠ્યો: “અરે, આ તો પેલું લાલ એંજિન!”

બંને ભાઇબહેનની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. ઘરમાં બધે આનંદ આનંદ છવાઈ ગયો.

(અંગ્રેજી વાર્તા પરથી)

* * *

મિત્રોની વિશ્વ પરિષદ

ગુરુદયાલ મલ્લિકજી

'ક્વેકર્સ' મિત્રોના મંડળની સ્થાપનાની અર્ધ-શતાબ્દી આ વર્ષના ઉનાળામાં આવતી હોવાથી ક્વેકર્સ મિત્રો ઑક્સફર્ડમાં ૨૯મી જુલાઈથી તે છઠ્ઠી ઑગસ્ટ સુધી એ મંડળની ત્રીજી વિશ્વ પરિષદ ભરવાના છે. પહેલી બે પરિષદો લંડનમાં ૧૯૨૦ની સાલમાં અને ફિલાડેલ્ફિયા નજીક ૧૯૩૭ની સાલમાં ભરવામાં આવી હતી. ઑક્સફર્ડ પરિષદમાં ૯૦૦ જેટલા પ્રતિનિધિઓ ભાગ લેશે એમ જણાય છે. તેઓમાંના અર્ધ જેટલા પ્રતિનિધિઓ ઉત્તર અમેરિકાના હશે અને બાકીના બધા દુનિયાના જુદા જુદા ભાગમાંથી આવશે. આ પરિષદ ભરવાનો મૂળ ઉદ્દેશ તો એ હોય છે કે. ભવિષ્યમાં ક્વેકર પ્રવૃત્તિ શી રીતે ચલાવવી તેની વિચારણા કરવી. કારણ કે કોઇ પણ પ્રવૃત્તિના મૂળભૂત સિદ્ધાંતો અને ઉદ્દેશોને જાળવી રાખવા હોય અને તે પ્રવૃત્તિને માત્ર નામની જ પ્રવૃત્તિ તરીકે સ્થગિત ન બનાવવી હોય તો તે વિશે અવારનવાર વિચારણા કરવી જરૂરી છે.

સૌ કોઇને જાણ છે જ કે ક્વેકર્સ મિત્રોના આ મંડળની સ્થાપના એવી માન્યતા ઉપર થએલી છે કે, અનાદિ કાળથી જ્યારે પેગંબરો અને ધર્મ ગ્રંથોનો પણ ઉદ્‌ભવ થયો નહોતો' તે સમયથી 'દિવ્ય જ્યોત' પ્રકાશી રહી છે જે અનાદિ છે; પ્રત્યેક માનવી પોતાની ઉપાસના દ્વારા, પોતાનાં કાર્યો દ્વારા, એ જ્યોતિનો પોતાના જીવનમાં આવિર્ભાવ કરી શકે છે અને તેને પોતાની શ્રદ્ધા તેમ જ જીવન-વ્યવસાયમાં માર્ગદર્શિકા રૂપ બનાવી શકે છે. તેથી આ મંડળનો દરેક સભ્ય પ્રથમ ઈશ્વરની આ જ્યોતિ તળે સૌનો મિત્ર છે અને ત્યાર પછી જ એ પોતપોતાના ધર્મનો અનુયાયી છે. આવો જ ઉદ્દેશ અને સંદેશ આ મંડળના સ્થાપક જ્યૉર્જ ફૉક્સે પોતાની દૃષ્ટિ સમીપ રાખ્યો હોય એમ જણાય છે.

ધારાબાપુ

આવી સનાતન જ્યોતિના અસ્તિત્વમાં શ્રદ્ધા, અને માનવ-જીવનમાં તેનો આવિર્ભાવ થાય છે એવો વિશ્વાસ માત્ર ક્વેકર્સ મિત્રોમાં જ હોય છે એવું કંઈ નથી. એકેએક ધર્મના સાચા ઉપદેશકો તેમ જ સત્યશોધકો પણ એવી જ માન્યતા પર આવ્યા છે અને તેઓ પોતાનું જીવન-ઘડતર એ અનુસાર જ ઘડે છે. આ રીતે ક્વેકર્સ મિત્રોએ પોતાનો અલગ સંપ્રદાય ઊભો કર્યો છે એમ ન કહી શકાય. (જો કે, તેઓ ઈશ્વરના અસ્તિત્વની આરાધના દર્શાવતા 'પંથ'ના ગણી શકાય ખરા.) ખરી રીતે તેઓ સત્ય-જ્યોતિ પ્રતિ પ્રયાણ કરતા યાત્રિકોના સાથી અને અખિલ વિશ્વના બંધુ તરીકે પોતાને જુએ છે.

આ મંડળ નાતજાતના તેમ જ ધર્મોના ભેદભાવમાં માનતું ન હોવાને કારણે જ્યારે જ્યારે પ્રસંગ ઊભો થાય ત્યારે ત્યારે સમજૂતિ તેમ જ રાહતના કાર્યમાં તે બહુ જ સફળતાપૂર્વક પોતાનો ફાળો કેટલાંય વર્ષોથી આપતું આવ્યું છે. વળી આ મંડળને પ્રતીતિ થઇ છે કે, આજે દુનિયામાં જે તંગ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે, એ કારણે સહકાર તેમ જ રાહતના પોંતાના કાર્યને વધારે વેગશીલ કરવાની જરૂર છે; અને આજના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે સનાતન જ્યોતિ પાસેથી નવી પ્રાણવંત પ્રેરણા મેળવવી જોઇએ.

ઑક્સફર્ડમાં મળનારી વિશ્વ પરિષદમાં નીચેના મહત્ત્વના પ્રશ્નોની વિચારણા થશે: પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો સંઘર્ષ; શ્રીમંત અને ગરીબ વચ્ચેની તંગદિલી; રંગભેદ; સ્ત્રી-પુરુષ વચ્ચેનું વૈષમ્ય; સેવા અને કાર્ય બાબત ઊભી થયેલી ગેરસમજ; હૃદય અને બુદ્ધિની ખેંચતાણ.

વળી આ પરિષદનો બીજો હેતુ ક્વેકર્સ મિત્રોનો અન્ય ખ્રિસ્તીઓની તેમ જ અન્ય ધર્મીઓની સાથે સંપર્ક સાધવાનો છે, અને સમાજના સુધરેલા નવા વિચારકોના આદર્શો અને કાર્યોનો તેમની દૃષ્ટિ અનુસાર પરિચય કરવાનો છે. ગ્રેટ બ્રિટનથી પરિષદે પોતાનો જે ખરડો મોકલ્યો છે એના ઉલ્લેખ પ્રમાણે:—

'મિત્રોને ખાસ કરીને એ સારુ એકઠા કરવામાં આવે છે કે, તેઓ આંતરિક અવાજને સાંભળી શકે, વૈયક્તિક તેમ જ સામૂહિક રીતે મંડળના આદેશોને અનુસરે અને સમય આવે ત્યારે માનવતાભરી રીતે ઈશ્વરના વૈશ્વિક પ્રેમના સત્યનું ઉદ્‌બોધન કરી શકે.'

જ્યારે આ મિત્રો પ્રભુની દૃષ્ટિ અનુસાર એકબીજાના તેમ જ સૌના મિત્રો બનશે ત્યારે જ તેઓ પ્રભુના સાચા સેવકો બની શકશે. અને ત્યારે જ એકબીજા વચ્ચે જે ભિન્નતાનો પડદો છે તે દૂર થઇ જશે તેમ જ સૌ એક બીજાનાં સ્વજનો હોય એમ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાથી હળીમળી શકશે.

આત્માની શુદ્ધિ

મુનિશ્રી નાનચંદ્રજી

પાંડવો તીર્થયાત્રા કરવા ગયા ત્યારે મહાત્મા શ્રીકૃષ્ણચંદ્રે ભલામણ સાથે કડવી તુંબડી આપીને એને પણ સર્વસ્નાનાદિ અભિષેકક્રિયા કરાવવાની કહી હતી. તે અક્ષરશઃ પાળીને પાંડવો પાછા વળ્યા અને દ્વારિકાધીશે મોટી સભા ભરી. તીર્થથી પાછા ફરેલા પાંડવોનું ભારે દબદબાપૂર્વક સન્માન કર્યું. ત્યાર પછી સભામાં જ પવિત્ર થયેલ કડવી તુંબડીને મંગાવી અને વઘેરી શેષ કરી. દરેકને એકએક શેષનો ટુકડો આપ્યો, ને પોતે પણ એક ટુકડો મોંમાં નાખ્યો, પણ ભારે કડવાશ લાગવાથી પાળામાં થૂંકી નાખી. કૃષ્ણ પાંડવોને કહેવા લાગ્યા: 'યુધિષ્ટિર! શું તમોએ તુંબડીને અભિષેક નથી કરાવ્યા?'

'અરે પ્રભુ! અભિષેકમાં જરાયે કચાશ નથી રાખી!'

'ત્યારે આ કડવાશ કેમ?'

'પ્રભુ! અંદરની કડવાશ ઉપરના અભિષેકથી કેમ જાય?'

'ત્યારે તમારા પાપની કડવાશ કેવી રીતે જાય? હે યુધિષ્ઠિર! જેમ તુંબડીની કડવાશ ગંગા જેવી પવિત્ર સરિતાઓનાં સ્નાનથી તેમ જ મંત્રોચ્ચારથી ન ગઈ, તેમ પાણીમાં નાહવા માત્રથી આત્મા શુદ્ધ ન થાય, ત્યારે આત્માની કડવાશ(પાપ) કેમ મટે?

આત્માનદી સંયમતોયપૂર્ણા સત્યાવહા શીલતટા દયોર્મિઃ।
તત્રાભિષેકં કુરુ પાણ્ડુપુત્ર ન વારિણા શુધ્યતિ ચાન્તરાત્મા॥

'આત્મારૂપી નદી સંયમરૂપી જલથી ભરેલી છે, સત્યરૂપ પ્રવાહવાળી છે, શીલરૂપ કાંઠાવાળી છે, અને દયારૂપ ઊર્મિઓ (મોજાં) વાળી છે. તે નદીમાં સ્નાન કરવાથી અંતરાત્મા શુદ્ધ થાય છે—માત્ર પાણીથી શુદ્ધિ ન થાય.'

યુધિષ્ઠિર કહે: 'પ્રભુ, ત્યારે અમને પ્રથમથી કેમ ન કહ્યું?' જવાબમાં કહે છે: 'અનુભવ વિના મારા કહેવાથી તે વખતે તમને ન સમજાત.'

ચ્યા રા બા પુ



બાપુજીની મીઠી વાતો - ૫

સાને ગુરુજી

૧૯૩૧ની સાલમાં કરાંચીમાં કૉંગ્રેસ ભરાઈ હતી. '૩૦ની સાલનો મીઠાનો સત્યાગ્રહ બંધ થયો હતો. સરકારની સામે ઝઝૂમીને હિંદી રાષ્ટ્ર વિજયી નીવડ્યું હતું. દુનિયામાં હિંદી રાષ્ટ્રની પ્રતિષ્ઠા વધી હતી. વાઈસરૉયે ગાંધીજી સાથે કરાર કર્યા હતા. અને મહાત્માજી ગોલમેજી પરિષદમાં ભાગ લેવા માટે લંડન જવાના હતા. કરાંચી કૉંગ્રેસે તેમને પોતાના એકલા પ્રતિનિધિ તરીકે ચૂંટ્યા હતા. ગાંધીજી વિલાયત જવા નીકળ્યા. તે જ કપડાં, તે જ સાદાઈ. એમની સાથેના માણસોએ વધારે કપડાં સાથે લીધાં હતાં. ગાંધીજીએ તે એડન બંદરેથી પાછાં મોકલી દીધાં. તેઓ બોલ્યા: "હું તો દરિદ્રનારાયણનો પ્રતિનિધિ છું." પોતડી પહેરીને ભારતના એ યોગીરાજ, મહાન નેતા, ઈશુના અવતાર લંડન પહોંચ્યા. મજૂરોની વસ્તીમાં તેઓ રહ્યા. તેમને ન નડી ઠંડી, કે ન નડ્યો બરફ. બાળકોના તેઓ ખૂબ લાડીલા બની ગયા હતા. બાળકોની સાથે તેઓ ફરતા, હસતા, બોલતા.

ગોળમેજી પરિષદનું કામ ચાલુ હતું. ચર્ચા, વ્યાખ્યાનો રોજ થતાં હતાં. પરંતુ ઝીણાસાહેબ કશું ચાલવા દેતા ન હતા. પરંતુ મારે એ બધી હકીકત અહીં કહેવી નથી. ગોળમેજી પરિષદ સિવાય મહાત્માજીને બીજે અનેક ઠેકાણે જવું પડતું. મુલાકાતો, એકબીજાને મળવા જવાનું, પ્રશ્નોત્તરો, પત્રકારોની પરિષદો, એમ એકધારું કંઈનું કંઈ ચાલ્યા કરતું.

એવી જ એક સભા હતી. મહાત્માજી ત્યાં બોલ્યા. તેમણે હિંદુસ્તાનના બ્રિટિશ રાજવહીવટનો કેવો બધી રીતે અધ:પાત થયો છે તેનું નિવેદન કર્યું. ભારતની ભીષણ દરિદ્રતાનું તેમણે કરુણગંભીર ચિત્ર ખડું કર્યું. સભા સ્તબ્ધ બની ગઈ હતી. પરંતુ એક જણે ઊભા થઈને પૂછ્યું:

"ગાંધીજી, બ્રિટિશ મૂડીવાદીઓ સત્તાને આધારે હિંદી જનતાને કચડી રહ્યા છે એ વાત સાચી. પરંતુ તમારા દેશના જ કારખાનાંવાળાઓ, જમીનદારો, ધનિકો જનતાનું

રક્તશોષણ શું નથી કરતા? તમારા મૂડીવાદીઓ પાપી નથી શું?"

મહાત્માજી બોલ્યા:

"દેશમાંના મૂડીવાદીઓ પણ પાપી છે. પરંતુ તેઓનાં પાપોનું મૂળ તમારામાં જ છે. હું જો હિંસાવાદી હોત અને ગરીબોને કચડનારા મારા દેશના જ માલિકોને મેં જો બે ગોળીઓ મારી હોત, તો બ્રિટિશોને મેં ચાર મારી હોત. હિંદુસ્તાનમાં તમારાં પાપ અપાર છે. સો–દોઢસો વર્ષની લૂંટ! પર્વત જેટલાં પાપ. હિંદી મૂડીવાદીઓનાં પાપની તો હજી શરૂઆત પણ નથી થઈ."

કેવો તેજસ્વી ઉત્તર ગાંધીજીએ આપ્યો? ગાંધીજી નિર્ભય અને નિ:સ્પૃહ હતા. જેમની પાસે સત્યનો આધાર છે તે જ આમ બોલી શકે.

નવસર્જન દ્વારા મુક્તિ

ગુરુદેવ

હું માત્ર એટલું કહું છું કે સારી વસ્તુને ચાહવી તે પણ મોહમુક્ત થઈને. બધી જાતનો મોહ વિનાશકારી હોય છે. તાજમહાલ મને સારો લાગે છે, એટલા માટે તાજમહાલની સ્થાપત્ય કલાના અનુકરણમાં દરેક રહેવાના ઘરને ઘૂમટ ચણાવવો જ જોઇએ એવું કદી હોય નહિ. હિંદુસ્તાની સંગીત ગમે છે એટલે કંઇ તેની હમેશાં પુનરાવૃત્તિ કર્યા કરવી એવું નથી. અજંતાનાં ચિત્રો ખૂબ સારાં છે એ કોણ નહિ માને? પણ એટલા માટે તેને ઘૂંટયા કરીને આપણા ચિત્રક્ષેત્રમાં મુક્તિ શોધવી જોઇએ એવું જો કોઈ કહે તો તે હાસ્યપાત્ર ઠરે.

ત્યારે પ્રશ્ન એ થાય છે કે અજંતામાંથી, તાજમહાલમાંથી, હિંદુસ્તાની સંગીતમાંથી આપણે શું લેવાનું? તો કહે, પ્રેરણા—ઇન્સ્પિરેશન. સુંદર વસ્તુનું એક મોટું કામ આ પ્રેરણા આપવાનું છે. શાની? તો કહે નવીન સર્જનની. તાનસેન અને અકબરશાહ તો ક્યારના મરીને ભૂત થઈ ગયા છે, પણ આપણે આજે પણ તેમના સૂરનું શ્રાદ્ધ કર્યા કરીશું? કદી નહિ. તાનસેનના સૂર શીખીશું, પણ શા માટે? તો કહે પોતાના પ્રાણમાં તમે જેને રેનેસાંસ કહો છો—નવજન્મ તેનું આવાહન કરવા માટે.

હું પણ એ જ વસ્તુ હમેશાં કહેતો આવ્યો છું કે નવસર્જનમાં ગમે તેટલી ત્રૂટી હોય—તોપણ મુક્તિ એ કાંટાળા માર્ગે જ મળવાની છે—બાંધેલી સડક ગુલાબની પાંખડી વડે ઢાંકેલી હોય તોપણ તે રસ્તો તો આપણને આખરે ચોરગલીમાં જ લઈ જાય છે. આપણે બધા જ મુક્તિપંથી છીએ. અને મુક્તિ કેવળ નવસર્જનને માર્ગે જ રહેલી છે. ગતાનુગતિકતાની નિષ્કલંક સાધનાને માર્ગે નૈવ નૈવ ચ.

ત્રિવેણી સંગમ

સંકલનકર્તા : મુ૦ ક૦

(૨૫)

એક વાર મહાદેવભાઈએ કહ્યું : "ભીડે શાસ્ત્રી ગીતાની સમતાનો એવો અર્થ કરે છે કે આપણે દુષ્ટને મારીએ અને સદાચારીને પૂજીએ એ સમત્વ છે, કારણ દુષ્ટને મારવામાં દયા અને ન્યાયબુદ્ધિ છે. આપણી વૃત્તિ કેવી છે એના ઉપર આધાર છે."

બાપુ કહે: "સ્ટૉઇક્સ પણ એમ માને છે એ તમે જાણો છો ના? હું કહું છું કે એવી રીતે દયાથી મારી જ ન શકાય."

વલ્લભભાઈ હસતાં હસતાં કહે: "વાછડાને દયાથી મરાય તો દુષ્ટને કેમ નહીં?"

બાપુએ વાત તો હસી કાઢી, પણ વલ્લભભાઈએ જ્યારે પૂછ્યું : "કોઈની મરવાની ઇચ્છા તે હોતી હશે?" ત્યારે બાપુએ કહ્યું : "જરૂર હોય; આપઘાત કરનારાઓ ઇચ્છા વિના આપઘાત કરતા હશે?"

(૨૬)

એક વાર વાત પરથી વાત નીકળતાં 'સર્વન્ટ્સ ઑફ ઇંડિયા'ની અસ્પૃશ્યો પ્રત્યેની વૃત્તિની વાત નીકળી. બાપુ કહે: "પ્રથમથી જ એ લોકોની આ વિષેની વૃત્તિ આજે આ પ્રશ્ને જે સ્વરૂપ લીધું છે તેને માટે જવાબદાર છે. હું તો ૧૯૧૫ માં ગોખલે ગુજરી ગયા ત્યારે પૂના સર્વન્ટ્સ ઑફ ઇંડિયા સોસાયટી હૉલમાં રહ્યો હતો ત્યારે જ એ મેં જોઈ લીધેલું. એ પ્રસંગ મને બરોબર યાદ છે. મેં દેવધરની પાસેથી એમની પ્રવૃત્તિઓની ટૂંકી નોંધ માગી, કે જેથી મને ખબર પડે કે મારે શું કામ ઉપાડવું. એ નોંધમાં અસ્પૃશ્યો વિષે હતું કે એમની પાસે જઇને ભાષણો આપવાં, એમના ઉપર કેવા અન્યાય થાય છે તે વિષે એમનું ભાન જાગ્રત કરવું ઇત્યાદિ. મેં તો દેવધરને કહ્યું કે, 'આ તો મેં રોટી માગી તેને બદલે પથ્થર મળે છે. આ રીતે અસ્પૃશ્યોનાં કામ શી રીતે થઈ શકે? આ સેવા નથી. આ તો સુરબ્બીવટ છે. અસ્પૃશ્યોના ઉદ્ધાર કરનારા આપણે કોણ? આપણે તો એ લોકો પ્રત્યેના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનું, ઋણ ફેડવાનું છે. એ તો એ લોકોને અપનાવીને થઈ શકે, એમની આગળ ભાષણ આપીને ન થઈ શકે.' શાસ્ત્રી અકળાયા અને બોલ્યા : 'તું આમ ન્યાયાસન ઉપર ચઢીને વાત કરશે એવી અમે આશા નહોતી રાખી.' હરિનારાયણ આપ્ટે પણ બહુ ચિડાયા. હરિનારાયણને મેં કહ્યું : 'તમે તો સમાજમાં બંડ કરાવશો એમ લાગે છે.' આપ્ટે કહે : 'હા, ભલે બંડ થાય, એ હું કરીશ.' આમ બહુ વિવાદ થયો હતો. મેં તો બીજે દિવસે શાસ્ત્રી, દેવધર, આપ્ટે બધાને કહ્યું : 'હું તમને દુઃખ આપીશ એવી મને કલ્પના નહોતી.' મેં માફી માગી એની એ લોકોના ઉપર સારી અસર થઈ. પછી તો અમને બની ગયું."

વલ્લભભાઈ આ સાંભળી કહે: "તમને તો બધાની સાથે બની જ જાય ને. તમારે શું? વાણિયા મૂછ નીચી!"

બાપુ કહે: "જુઓની, એટલે જ કતરાવી

નાખું છું ના?"

(૨૭)

એક વાર મહાદેવભાઈને રોટલી વણવાને માટે વેલણ જોઈતું હતું. ત્રણ ચાર વાર એને માટે માણસે વીશીમાંથી માગણી કરી અને ન આવ્યું એટલે વૉર્ડર કહે: "શીશીથી આજે રોટલી વણો, કાલ સુધીમાં બીજું આવી જશે."

વલ્લભભાઈ કહે: "અહીં તો શીશીથી રોટલી વણાવે તેવા પડ્યા છે."

બાપુ કહે: "પણ સાચે જ, વલ્લભભાઈ, શીશીથી રોટલી સારી વણી શકાય છે." એ અખતરો પણ બાપુ કરી ચૂકયા હતા.

મહાદેવભાઈ કહે: "ફીનિક્સ આશ્રમમાં ગયા ત્યાં સુધી રસોઇયો હતો ખરો?"

બાપુ કહે: "ના. એ પહેલાં રજા આપેલી. એક રસોઇયો બહુ સારો હતો, એ બ્રાહ્મણ હતો. તે ગયો પછી એક મતિયો આવ્યો. તે તો કહે: 'ભાઈસાબ, તમે મરચાં વગેરે ન વાપરવા દો એ તો અમારે ના પોસાય.' એટલે મેં કહ્યું: 'તો ભલે જાઓ.' ત્યારથી રસોઈયા વિના ચલાવવા માંડ્યું. રાંધવું, કપડાં ધોવાં, પાયખાનાં સાફ કરવાં અને દળવાનું બધું ઘરમાં હાથે જ કરી લેતાં હતાં. દળવાને માટે છ પાઉન્ડની કિંમતની લોખંડની ઘંટી લીધી હતી. એક માણસથી ન દળાય, પણ બે સુખે દળી શકે. મારે સવારના પહોરમાં ઊઠીને એ પહેલું કામ. ગમે તેને મારી સામે દળવા બેસાડી દઉં. એ ઘંટી ઊભા ઊભા દળવાની હતી. હાથો હલાવવાનો, પણ હલાવવાને બે માણસ જોઇએ. ૦ા કલાકમાં અમારા આખા ઘરનો આટો દળાઇ જતો. અને જેવો જોઇએ તેવો જાડોપાતળો."

મારી પ્રાર્થના

મહાદેવભાઇ દેસાઈ

મને હિંદુ તરીકે સર્વોત્તમ પ્રાર્થના હમેશાં આ લાગી છે:

સર્વેऽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ ન કશ્ચિદ્ દુઃખભાગ્ ભવેત્ ॥

આખો દિવસ કામ કરીને રાત્રે જ્યારે હું સૂઇ જાઉં છું ત્યારે આ પ્રાર્થના કરીને હું સૂઈ જાઉં છું. 'સર્વ'માં જેટલા આવતા હોય તે સૌને માટે એ પ્રાર્થના છે, અને એમાં હિંદુ ધર્મનું ગૌરવ છે.

યજ્ઞનો વ્યાપક અર્થ સેવા છે, અને એ યજ્ઞમાં આહુતિ આપવાની છે આપણા વિકારોની, આપણી ત્રુટિઓની, આપણી દુર્બલતાની, આપણા રાગદ્વેષોની. એની આહુતિ આપીને આપણે શુદ્ધ થઇએ તો આપણી પ્રાર્થના ફળે.

આપણી કઇ કામના શુદ્ધ છે અને કઇ અશુદ્ધ છે, કઇ શુભ છે અને કઇ અશુભ છે, તે આપણે હમેશાં કહી શકતા નથી. પણ પ્રભુ એ જાણે છે. એટલે હું જ્યારે પ્રાર્થના કરું ત્યારે મારી પ્રાર્થના એ રહે છે કે મારી શુભ અને શુદ્ધ કામના હોય તે જ ફળો, અશુભ કે અશુદ્ધ કામના નિષ્ફળ રહો.

વ્યા રા બાપુ

ભક્તરાજ [અનુસંધાન પૃ૦ ૧૪૬ થી ચાલુ]

જ કહ્યું કે, 'ભાઈ, તું તારું સંભાળ. બીજાની વાતમાં શા માટે નકામું માથું મારવું?' પછી તેઓ સૌ કોઈ સાથે બોલ્યા વિના મૂગા મૂગા ચાલવા લાગ્યા. પરંતુ થોડેક ગયા પછી તેઓએ ભક્તરાજને કહ્યું: "કાયદા અને નિયમોમાં અમે માનતા નથી એવું કંઈ નથી. પરંતુ જેમ તમે તમારો અંતરાત્મા સુઝાડે તેમ વર્તો છો એમ અમે પણ અમારી મતિ અનુસાર વર્તીએ છીએ. વળી તમે અમારાથી કઈ બાબતમાં જુદા પડો છો એ કંઈ સમજાતું નથી. અવશ્ય તમારી માફક અમે કંથા પહેરી નથી. એ અમે માનીએ છીએ કે તમારી કંગાળ દશા ઢાંકવા માટે તમારા પાડોશીએ આપી હોવી જોઈએ."

ભક્તરાજ—પણ સાચી રીતે જોઈએ તો તમે નિયમ અને કાયદામાંથી બચી શકો એમ નથી. કારણ કે તમે બારણેથી પ્રવેશ કર્યો નથી. અને આ કંથા મને આ ભૂમિના પ્રભુ તરફથી મળી છે. તમારી એટલી વાત અવશ્ય સાચી છે કે આ કંથા મારી કંગાલ દશા ઢાંકવા માટે જ મળી છે. કારણ કે મારા શરીર પર ચીંથરાં સિવાય કશું હતું નહિ. વળી મને એ મારા પ્રવાસમાં ખૂબ સરળ થઈ પડી છે. જ્યારે હું પરમ ધામમાં પહોંચી જઈશ, ત્યારે પ્રભુ મને આ કંથા પરથી તરત જ ઓળખી શકશે. વળી મારા કપાળ પર તીલક છે એ તમે જોયું નહિ હોય. જે દિવસે મારો ભાર ખભા પરથી ઊતરી ગયો તે દિવસે પ્રભુના માણસે મારા કપાળે એ તીલક કર્યું છે. વળી તેણે મને આ વીંટો પણ આપ્યો છે, જેથી માર્ગમાં તેમાંથી બોધવચનો વાંચીને હું આશ્વાસન મેળવી શકું. આ વસ્તુઓ તમારી પાસે હોય એમ લાગતું નથી. એ તમારી પાસે ક્યાંથી હોય? કારણ કે તમે ક્યાં દરવાજે થઈને આવ્યા છો?

ભક્તરાજની વાત સાંભળી તેઓ ચૂપ રહ્યા. પણ તેઓ એક બીજા તરફ જોઈને હસી પડ્યા અને પછી આગળ ચાલવા લાગ્યા. ભક્તરાજ વિચાર કરતો કરતો આગળ જતો હતો. વચ્ચે વચ્ચે તે દીર્ઘ નિસાસો નાખતો હતો અને આશ્વાસન મેળવવા વીંટો ઉઘાડીને વાંચતો હતો.

પછી તેઓ 'મુશ્કેલીની ટેકરી' પાસે આવી પહોંચ્યા. એની બાજુએ નીચેના ભાગમાં ઝરણું વહેતું હતું. વળી ત્યાંથી બીજા બે રસ્તા પણ ફંટાતા હતા. જે સાંકડી કેડી હતી તે સીધી ટેકરી પર લઈ જતી હતી. જ્યારે પેલા બે રસ્તાઓમાંથી એક રસ્તો ટેકરીની નીચેના ભાગમાં ડાબી બાજુએ અને બીજો જમણી બાજુએ જતો હતો. ભક્તરાજ ઝરણામાંથી થોડું પાણી પીને કેડીને રસ્તે આગળ ચાલ્યો.

પેલા બે જણાએ જોયું કે, ટેકરી પરની કેડી સીધી અને સપાટ હતી જ્યારે પેલા બે રસ્તા સગવડભર્યા હતા. તેથી બંને જણાએ જુદે જુદે રસ્તે જવાનું વિચાર્યું. એક જણાએ 'ભય' નામનો માર્ગ લીધો, જેથી તે ગાઢ જંગલમાં અટવાઈ ગયો; અને બીજાએ 'વિનાશ' ભણી લઈ જનારો રસ્તો પકડેલો હોવાથી તે અંધારા પર્વતો પર ભૂલો પડ્યો અને ઊંચેથી ગબડીને મરણ પામ્યો!

હવે ભક્તરાજ બહુ મુશ્કેલીથી ટેકરી ચડી રહ્યો હતો. રસ્તો ઘણો સીધો અને સપાટ હોવાથી તેને ઘૂંટણિયે પડીને બહુ સંભાળપૂર્વક ચડવું પડતું હતું. જો જરા ગફલત થાય તો ઊંડી ખાઈમાં જ ગબડી પડે! એવામાં રસ્તા પર એક વિરામસ્થાન આવ્યું. ત્યાં ભક્તરાજ થાક ખાવા બેઠો. તેણે જરા લંબાવ્યું અને વીંટો કાઢી વાંચવા માંડ્યું. પણ ભક્તરાજ ખૂબ થાકેલો હોવાથી એની આંખો ઘેરાવા લાગી અને થોડી વારમાં તો તે ઘસઘસાટ ઊંઘી ગયો. ઊંઘમાં ને ઊંઘમાં તેના હાથમાંથી વીંટો નીચે ગબડી પડ્યો! (ચાલુ)

મહાયોગી શ્રીઅરવિંદ

ઇચ્છુ દવે

હે દેવ! હે માનવમૂર્તિ દિવ્ય!
પ્રશાંતતાની, સ્થિતપ્રજ્ઞતાની,
તેજસ્વિતાની અતિમાનસિની,
તવ શાંત દિપ્ત, સ્થિત શાશ્વતિયે,
નમું નમું નાથ, ગુરો શરણ્યે!
હે દેવાધિદેવ! જગન્નિવાસ,
ઉદધિતણું ગીત શું ગાય બિંદુ?
સ્વરૂપ નિમજ્જન સાધુંતોયે,
વિરાટ વ્યાપે તવ વિશ્વરૂપે,
સાર્થક્ય સમજું મુજ જિંદગીનું.

પ્રભો! મહિમાન્વિત સ્થાન ઊર્ધ્વે
વિરાજી વિશ્વે, નિજ તેજ પુંજે
પ્રકાશી પૃથ્વીતણી સર્વ તામસી,
પ્રકૃતિ નિમ્ના તવ જ્ઞાન નેત્રે,
રહ્યા અને વ્યોમ ભરી રહ્યા ધરા,
અતિમાનસી દિવ્યપ્રભા સુચેતના
રૂપાંતરે સર્વ પદાર્થ માત્રને,
સ્વરૂપ વિભુને સુદિવ્ય સ્થાપવા.
પ્રભો! હું જાણું નહીં સૂક્ષ્મ માર્ગો,
કાર્યો, પ્રણાલિ તવ ગૂઢ ભાસે;
મારું શિશુ–માનસ કૈં ન સમજે,
દિગંત વ્યાપી તવ યોગ દૃષ્ટિ.
છતાં ભરોસો દૃઢ અંતરે જે
પૃથ્વીતણા આદિ ઉત્થાનમાં જે
હેતુ વિભુ ચિંતિત જે વસેલો
તવ જીવની કેવલ તેજ અર્થે;
પ્રભુ તણું કાર્ય વિકાસ સૃષ્ટિનું,
ઉત્ક્રાંન્તિનું, માનવ પૂર્ણતાનું,
પૃથ્વીપરે સ્વર્ગ સંસ્થાપવાનું,
નિશ્ચે થશે સિધ્ધ ન લેશ શંકા.
નિર્માણ એ ભૂત પદાર્થમાત્રનું
ઉત્પત્તિથી સર્વ વિરાટ વિશ્વની.
વિભોતણી એ છ સુસ્પષ્ટ યોજના;
નિયોજી દિવ્યા નિજ આત્મશક્તિ
નિર્માણ વિશ્વે નૂતને અનેરા
નિજ કાય સુવર્ણ મહીંથી ઘડીને
અરવિંદમૂર્તિ પૃથવી પ્રયોજી.
નિશ્ચિંત બેઠા પ્રભુ નિજ મૌને.
થશે થશે સર્વ સ્થળે પ્રકાશ
અંધાર ઘેરા મનકંદરાના
વ્યાપી જશે વિશ્વની માંય દિવ્ય
જ્યોત્સ્ના અનેરી અમૃતત્વ કેરી.
ત્યારે જશે મૃત્યુ, અંધાર રાત્રી
અજ્ઞાનની, દ્વેષ, સૌ બંધનોની.
નિર્બંધમુક્ત મનુચેતનાની
ગૂંજી જગે માનસ–વાંસળીઓ
વિશ્વે ભરી આનંદ, સંગતિને
સર્વ વ્યવહારમહીં સુસ્થાપશે.

પ્રભો! તમારું પરિપૂર્ણ થાશે
અવતાર કેરું પરમ સુકાર્ય;
ધન્યા થશે ભારતી માત ત્યારે,
વસુંધરાયે તવ કાર્ય ધન્યા.
વ્યાપો જગે દિવ્ય પ્રકાશ તારો

ભેદી વળો સૌ અંધકાર આત્મના.
અમારી નાની તરી જિંદગીની
અમેય તવ સાગરમાં તરી રહો
કરુણા તણા, પ્રેમ તણા પ્રકાશના
શક્તિ અને દીપ્તિ અનેરી કેરા.
અને સમાપ્તિ તરી જિંદગીની
નિમજ્જને સાગર વિશ્વવ્યાપી
ચિદાનંદ ચૈતન્ય સ્વરૂપ આપને
પામી બનો સાર્થક જિંદગાની.
નમું નમું માનવમૂર્તિ દિવ્ય,
નમું નમું નાથ મહેશ્વરાય;
નમું નમું સિદ્ધ ચરિતાર્થ પુરુષ,
નમું નમું પૂર્ણ યોગેશ્વરાય!

પ્યારા બાપુ

'અમેરિકન જીવન-પ્રણાલિ'

રતિલાલ અંધારિયા

અમેરિકાના મારા વસવાટ દરમિયાન પાંદડાંઓનો રંગ બદલાવતી પાનખર ઋતુની એ ખુશનુમા સવાર હું કદીયે નહિ ભૂલું. તે સવારે જેને આજે લોકો 'અમેરિકન જીવનપ્રણાલિ' કહે છે તેની પહેલીવહેલી ઝાંખી થઈ. 'પ્રાતઃસ્મરામિ'ના શ્લોકો ગણગણતો હું મારો સવારનો નાસ્તો તૈયાર કરતો હતો. 'ટક, ટક, ટક,' એમ ધીમા અવાજે ટકોરા સાંભળી મેં દરવાજો ઉઘાડ્યો.

'શુભ સવાર! આ સવારે આપના કામમાં દખલ કરવા બદલ અમને માફ કરશો.' એક ત્રીશેક વરસની બાઈ એના દસ વર્ષના બાળકને મારા તરફ દોરતાં દોરતાં ઉપરના શબ્દો બોલી.

'શુભ સવાર' મેં જવાબ આપતાં કહ્યું, 'આપને બન્નેને જોઈને હું ખૂબ જ ખુશી થયો. આપ અંદર નહિ આવો?'

'ના. આભાર. પણ હું મારા આ બાળકની ઓળખાણ કરાવવા આવી છું. તેનું નામ ફિલિપ છે. આ વર્ષે તે બીજું ધોરણ પસાર કરી ત્રીજા ધોરણમાં આવ્યો છે અને....'

'તમે કયું છાપું વાંચવાનું પસંદ કરો છો?' ફિલિપ એની ઓળખાણ આગળ વધતી અટકાવી વચ્ચે બોલી ઊઠ્યો. "સ્થાનિક સમાચાર માટે 'એઇમ્સ ડેઇલી' સારું છે. પણ તમે આંતરરાષ્ટ્રીય સમાચાર આપતું 'ડીમોઇન રજિસ્ટર' જ પસંદ કરશો એની મને ખાતરી છે."

શ્રીમતી બેન્ટલી (ફિલિપની મા)એ પોતાની વાત ચાલુ કરતાં કહ્યું, 'ફિલિપે ગયા વરસથી છાપાં વેચવાનું શરૂ કર્યું છે. એમાંથી એને જે નાની રકમ મળે છે, તે તેના અભ્યાસમાં, તેનાં બીજાં પરચુરણ કામમાં આવે છે.' મારે જોઈતાં છાપાં માટે મેં ફિલિપને મારું નામ નોંધાવ્યું. મારાં બે વરસ દરમિયાન એક પણ દિવસે છાપું પહોંચાડવામાં તેની અનિયમિતતા મેં જોઈ નથી. વરસાદ હોય, કે રૂના પોલ જેવા બરફના ગોઠણ સુધીના થર જામ્યા હોય પણ વહેલી સવારે દરવાજો ઉઘાડતાં છાપું પડ્યું જ હોય. અવારનવાર હું ફિલિપની સાથે તક મળતાં એના કુટુમ્બ વિષે વાતો પૂછતો. એના પિતા મિ. બેન્ટલી સુતારીકામ કરે છે. ફિલિપને એક નાનો ભાઈ અને એક બહેન છે. સુંદર મજાનું ઘર છે, ઘરમાં રેફ્રિજ-રેટર, ટેબલખુરશી, રેડિયો, બધુંય છે. એના પિતા ઠીક ઠીક કમાય છે. એની બા પણ કોલેજમાં ટાઇપીસ્ટ તરીકે કામ કરે છે. થોડા જ વખતમાં ફિલિપ અને એનાં ભાંડેરું માટે એના પિતા 'ટેલિવિઝન સેટ' ખરીદવાના છે, એ વાતથી ફિલિપનું હૈયું થનગની રહ્યું છે.

આવા પહોંચતા કુટુમ્બમાં જન્મેલા ફિલિપને પોતાની બાઇસિકલ માટે, શાળાની ફી માટે કે ચોપડીઓ ખરીદવા માટે આટલી સખત ઠંડીમાં હુંફાળી પથારીમાંથી ઊઠી છાપાં પહેચાડવા શા માટે જવું પડે? આ માત્ર ફિલિપ માટે જ નહિ, પણ મેરીઆ, જ્યોર્જ અને એનેટને પણ લાગુ પડે છે.

આના જવાબમાં મને જાણવા મળ્યું કે આ જ એ 'અમેરિકન જીવનપ્રણાલિ' છે. આ દેશમાં બાળકોને નાનપણથી જ પોતે પોતાનું કરી લે તેવી તાલીમ મળે છે. તેઓ સ્વાશ્રયી બને અને શ્રમનો મહિમા સમજે એવી

જાતના વાતાવરણમાં તેમનો ઉછેર થાય છે. પ્રાથમિક શાળામાં છાપાં વેચવાથી માંડીને હાઇસ્કૂલ કે કોલેજમાં છોકરા છોકરીઓ ઓરડાની સાફસૂફી, બાગને પાણી પાવાનું કે ગોંદરી કાપવાનું, ભોજનાલયોમાં વાસણ સાફ કરવાનું કે કોઇ કુટુંબમાં બાળકોને સાચવવાનું, આવું અનેક જાતનું નાનું-મોટું કામ કરી પોતાનો અભ્યાસ કરતાં હોય છે. હિન્દુસ્તાનમાં કોલેજમાં ભણતા મારા સાથીઓને માબાપ તરફથી માસિક મનિઓર્ડર આવતાં બે દિવસ મોડું થાય તો શતાપીળા થઇ જતા મેં જોયા છે; જ્યારે અહીં મુશ્કેલીમાં આવી પડતાં અકસ્માત પણ જો માબાપ પૈસા મોકલે તો વિદ્યાર્થી શરમથી નીચું જોઈ જાય છે.

આ કામ ઊંચું ને આ કામ નીચું એવા ભેદો આ દેશમાં છે જ નહિ. એટલે જ અમારી કોલેજના ઓરડા સાફ કરવા માટે પોતાની નવી મોટરમાં બેસીને આવતો ઝાડુવાળો અને અમને ભણાવતા પ્રોફેસરોની આંખમાં એક જ પ્રકારની ખુમારી મેં જોઈ. મૂડીવાદી અર્થરચનામાં અનેક અવગુણો હશે, પણ આ 'ખુમારીની એકતા' એ ગુણ સામે આંખમીંચામણાં કેમ થાય? (કોડિયું)

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું. પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે. લવાજમ. મ. ઑ.થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

અનુક્રમણિકા........................ ૩૦ જુલાઈ ૧૯૫૨

પૃષ્ઠ
૧ ખરી સમસ્યા ... ... શ્રીઅરવિંદ ૧૪૧
૨ ઊંચ નીચ નહિ કોઈ ... દૂનિદાસ ૧૪૨
૩ ભક્તિ અને... ... કેદારનાથજી ૧૪૩
૪ જીવન અને મરણ ... જુગતરામ દવે ૧૪૪
૫ ભક્તરાજ ... ... મુકુલભાઈ ૧૪૫
૬ અનંતની લીલા ગુરુદયાલ મલ્લિકજી ૧૪૭
૭ સરદારશ્રીની વાણી ... ... મુ૦ કં૦ ૧૪૮
૮ પ્રમાદ અને ઇચ્છાનું બળ પદ્મનાભજી ૧૪૯
૯ વર્ધા શિક્ષણનો નમૂનો કિ૦ ઘ૦ મ૦ ૧૫૦
૧૦ અનુકમ્પા ... ઉજ્જવળ કુંવરજી ૧૫૧
૧૧ મહાદેવભાઈનું સૌજન્ય ... મુકુલભાઇ ૧૫૨
૧૨ બાપુના પત્રો ૧૫૩

પૃષ્ઠ
૧૩ સાક્ષરતાનો મોહ ... વિનોબાજી ૧૫૫
૧૪ હરિનો મારગ ... અનવર આગેવાન ૧૫૬
૧૫ ભાઈનું હેત ... ... મુકુલભાઈ ૧૫૭
૧૬ મિત્રોની વિશ્વ પરિષદ ... મલ્લિકજી ૧૫૯
૧૭ આત્માની શુદ્ધિ મુનિશ્રી નાનચંદ્રજી ૧૬૦
૧૮ બાપુજીની મીઠી વાતો ... સાને ગુરુજી ૧૬૧
૧૯ નવસર્જન દ્વારા મુક્તિ ... ગુરુદેવ ૧૬૨
૨૦ ત્રિવેણી સંગમ ... ... મુ૦ કં૦ ૧૬૩
૨૧ મારી પ્રાર્થના ... મહાદેવભાઈ દેસાઈ ૧૬૪
૨૨ મહાયોગી શ્રીઅરવિંદ ... ઇચ્છુ દવે ૧૬૬
૨૩ અમેરિકન જીવન-પ્રણાલી ...૨૦ અં૦ ૧૬૭
૨૪ ગ્રંથાવલોકન ... મુ૦ કં૦ કવર પેજ

ગ્રંથાવલોકન [અનુસંધાન કવરપેજ બીજાથી ચાલુ]

કરવા સમર્થ બને છે.

બાપુજીના વ્યાપક જીવનકાર્યને સમજવા ઇચ્છતા સૌ ભાવુકજનોને આ ડાયરી સહાયરૂપ થઈ શકે એવી અવશ્ય છે.

બાપુના પત્રો – ૨ (સરદાર વલ્લભભાઈને): સં૦ મણિબહેન પટેલ; પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૯; કિં૦ ત્રણ રૂપિયા; પૃ૦ ૧૬+૩૭૮.

પૂજ્ય બાપુજીના જીવનનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે બાપુના પત્રો. દેશોન્નતિના અભૂતપૂર્વ આંદોલનની સાથે સાથે તેઓ અનેક વ્યક્તિઓને પત્રો લખતા રહ્યા છે. બાપુજીનું જીવન સર્વવ્યાપી હતું, તેથી માનવજીવનના વિવિધ પ્રશ્નોનું એમણે અનુભવગમ્ય માર્ગદર્શન કરાવ્યું છે. કોઇના જીવનમાં દુઃખદ પ્રસંગ બને, કોઇને જીવનમાં મૂંઝવણભરી ગૂંચ આવે, કોઇને 'કિં કર્તવ્ય મૂઢ' જેવી મનોમંથનભરી તાલાવેલી અનુભવવાનો પ્રસંગ આવે કે બીજી કોઇ પણ અકળાવી મૂંઝવનારી પરિસ્થિતિ ઊભી થાય તે વખતે બાપુજીના પત્રથી મળતું આશ્વાસન કે માર્ગદર્શન ખૂબ સહાયરૂપ થઈ પડતું. એ પત્રોમાં બાપુજીએ પોતાના અનુભવોનો નિચોડ વ્યક્ત કરેલો હોવાથી તેમ જ સામી વ્યક્તિને વ્યવહારમાં મૂકી શકાય એવું જ માર્ગદર્શન કરેલું હોવાથી બાપુના પત્રો એવી જ મૂંઝવણમાંથી પસાર થનાર કોઇ પણ વ્યક્તિને મદદરૂપ થઈ પડે છે.

શ્રી. કાકાસાહેબે તેથી બાપુના પત્રો – ૧ (આશ્રમની બહેનોને) સંપાદિત કરી પ્રકાશિત કર્યા હતા. સાબરમતી આશ્રમમાં રહેતી સામાન્ય બહેનોને એક એક ડગલું ચડાવતાં ચડાવતાં બાપુજીએ કેવી રીતે ઊંચે ચડાવી તેનો ખ્યાલ એ પત્રો પરથી મળે છે.

વળી મીરાબહેને પણ બાપુજીએ તેમને ૧૯૨૪ થી ૧૯૪૮ દરમ્યાન લખેલા પત્રોમાંથી ચૂંટેલા ૩૮૬ પત્રોનો સંગ્રહ પ્રસિદ્ધ કરી પ્રશંસનીય કાર્ય કર્યું છે.

હવે શ્રી. મણિબહેન પટેલે 'બાપુના પત્રો – ૨' બાપુજીએ સરદારશ્રી વલ્લભભાઈ પર લખેલા પત્રો પ્રસિદ્ધ કરી બાપુના પત્રોમાં મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે. આ સંપાદન કાર્યમાં શ્રી. નરહરિભાઇએ પણ મહત્ત્વની સહાય શ્રી. મણિબહેનને કરી છે એ નોંધપાત્ર છે. આ પત્રો બાપુજીએ એમના નિકટના સાથીને લખેલા હોવાથી અતીવ મહત્ત્વના ગણી શકાય.

આ પુસ્તકમં સંપાદક પત્રો સાથે નોંધ પણ પાને પાને આપતા રહ્યાં છે એ પત્રો સમજવામાં ખૂબ સહાયરૂપ થઈ પડે એવી છે. અવશ્ય કેટલીક નોંધ જરા બિનજરૂરી પણ જણાય છે. જેમકે, જવાહરલાલ નેહરૂ, રાજાજી જેવી વ્યક્તિઓની ઓળખ આપવા નોંધ લખવી એ આપણને શરમાવવા જેવું લાગે છે!

વળી અહીં એક સૂચન કરવું અનુચિત ન ગણાય. શ્રી. મણિબહેને નોંધમાં 'બાપુ' અને 'બાપુજી' એમ બે શબ્દ–પ્રયોગો કર્યા છે. 'બાપુ' તે સરદારશ્રી અને 'બાપુજી' તે ગાંધીજી. પરંતુ ઘણી વાર જરા સમજફેર થઈ જાય છે ખરી. તેથી એ ગૂંચવણ ટાળવા માટે 'બાપુ' શબ્દ નાગરીમાં આપવામાં આવે અથવા 'બાપુજી'ને માટે પૂ. ગાંધીજી વાપરવામાં આવે તો સરળતા થઇ પડે.

આ પત્રોની પેઠે નવજીવન પ્રકાશન મંદિરે બાપુજીના બીજા અમૂલ્ય પત્રોનું પણ પ્રકાશન કરવાનું વિચાર્યું છે એ ખરેખર અભિનંદનીય કાર્ય છે. એ બદલ આપણે સૌ એ પ્રકાશન સંસ્થાના આભારી છીએ. —મુ૦ ક૦

પ્રકાશક અને મુદ્રક: ધીરન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિવિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ.

[illegible]


સત્ય
અહિંસા
અભય

પ્યારા બાપુ



સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

Aesthetics (Abanindranath Tagore Memorial Number) : Editor R. C. Gupta; Published by Youth's Art and Culture Circle, Bombay 1: Pirce Two Rupees.

સ્વર્ગસ્થ શ્રી. અવનીન્દ્રનાથ ટાગોરની સ્મૃતિમાં 'Aesthetics'નો આ અંક આ મહાન કલાકારની પ્રશસ્તિરૂપે આપણું લક્ષ ખેંચે એવો છે. આ અંકમાં લામા અનાગારિકા ગોવિન્દ, નંદબાબુ, ગાંગોલી, મુકુન્દીલાલ, લી ગોતમી, ગુરુદયાલ મલ્લિકજી, નીકોલસ રોરિક ઇત્યાદિના મહત્ત્વપૂર્ણ લેખો શ્રી. અવનીબાબુની કલા તેમ જ જીવનને સમજવા માર્ગદર્શક સમાન છે. વળી આ અંકમાં અવનીબાબુનો 'Sadanga or the Six Limbs of Painting' એ મનનીય લેખ ચિત્રકળાનાં છ અગત્યનાં અંગો ('રૂપભેદા:', 'પ્રમાણાનિ', 'ભાવ', 'લાવણ્ય યોજનમ્', 'સાદૃશ્યમ્', 'વર્ણિકાભંગ') વિશે સંક્ષેપમાં સારી સમજણ આપે છે.

તદુપરાંત આ અંકમાં અવનીબાબુ, લી ગોતમી, મુકુલ ડે ઇત્યાદિ કલાકારોની ચિત્રકૃતિ હોવાથી આ અંકની શોભામાં વૃદ્ધિ થાય છે.

અવનીબાબુ પ્રત્યે માન અને આદર ધરાવનારાઓને તેમ જ કળાના અભ્યાસીઓને આ અવનીન્દ્રનાથ ટાગોર સ્મૃતિ અંક ઘણો ઉપયોગી થઈ પડશે. આવો અંક પ્રસિદ્ધ કરવા બદલ આપણે 'Aesthetics'ના આભારી છીએ. શ્રી. અવનીબાબુ જેવા વિશ્વવિખ્યાત કલાસ્વામીની ઉજ્જવળ પ્રતિભાની કદર કરવા માટે અવશ્ય આ તો નાનકડી પુષ્પાંજલિ જ છે. કારણ કે આવા પ્રતિભાસંપન્ન કલાકારની કલાની યોગ્ય કદર તો આ અંકના સંપાદક કહે છે એમ, એમની સમગ્ર કૃતિઓનું પ્રદર્શન ભારત સરકાર તરફથી આખા ભારત દેશમાં ઠેર ઠેર ભરવામાં આવે તો જે લોકોએ આ મહાન કલાવિદની ખ્યાતિનો માત્ર લેખો દ્વારા કે વ્યાખ્યાનો દ્વારા પરિચય સાધ્યો હોય તેઓને એમની કૃતિઓનું પ્રત્યક્ષ દર્શન થતાં સાચો ખ્યાલ આવી શકે.

કાશીનું કરવત: લે૦ ઈશ્વર પેટલીકર; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦ અમદાવાદ; કિં૦ સાડાત્રણ રૂપિયા; પૃ૦ ૨૪૦.

આ લાંબી ત્રણ વાર્તાઓના સંગ્રહની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે. આપણા સિદ્ધહસ્ત નવલિકાકારોમાં શ્રી. ઇશ્વર પેટલીકરનો સમાવેશ થાય છે. આજ સુધીમાં તેમના છ નવલિકા-સંગ્રહો પ્રકાશિત થયા છે.

આ સંગ્રહમાં ત્રણ વાર્તાઓ —'કાશીનું કરવત', 'અકળલીલા' અને 'દુ:ખનાં પોટલાં' — છે. પહેલી વાર્તા 'કાશીનું કરવત' હૃદયંગમ છે. ભોળા હૃદયના છગાભાઇનું સરળ જીવન મથુરભાઈ અને કિશાભાઈ જેવા જમાનાને ખાધેલ અને પોતાનું ધાર્યું પાર પાડવા તેમ જ બીજાના ઉચ્ચ આશયોને 'યેન કેન ઉપાયેન' મૃતપ્રાય કરી દેવામાં જરાયે નમતું ન આપનારા પ્રપંચી જ્ઞાતિભાઇઓને હાથે કેવા દુ:ખદ અંતમાં પરિણમે છે તેનું સુરેખ આલેખન આ વાર્તામાં થયેલું છે. કુટુંબો વચ્ચે કલહકંકાસ અને જ્ઞાતિજનો વચ્ચે ભૂંડાઈભર્યા કાવાદાવાનો ઊંડો અભ્યાસ શ્રી. ઈશ્વર પેટલીકરને છે, તેથી એને અનુરૂપ પ્રસંગો અને પ્રપંચો તે યોજી શકે છે. ગમ્મતમાં છગાભાઇનો જોષ જોવડાવતાં તેમના બીજી વાર લગ્ન થવાની તેમ જ પુત્રસુખની વાત જ્યોતિષને મોઢે નીકળતાં કેટલાંય વર્ષોથી સંસાર પ્રત્યે વિરક્ત ભાવે નીરખનાર પોચા દિલના છગાભાઇની કેવી વલે કરવામાં અને તે બાપડાની કાશીના કરવત જેવી — જતાંય

[અનુ૦ પૃષ્ઠ ૧૯૬]



Copy Right] [Jagan Mohta

‘ જ્યાં લગી હિંદુસ્તાન ને પાકિસ્તાન વચ્ચે દિલથી સમજૂતિ નહીં થાય ત્યાં સુધી આપણા બન્નેનું કામ [illegible] થવાનું નથી.’ —ગાંધીજી

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫]   ૩૦ ઑગસ્ટ – ૧૯૫૨   [અંક ૭

અંતરની એકતા

ગાંધીજી

આપણે સૌ આપણી મર્યાદામાં રહી આપણું માન સાચવીએ તો આખો ઝઘડો ટળી જશે. મહામહેનતે અને અનેક યાતનાઓ વેઠ્યા પછી આપણે આશીર્વાદ સમાન જે સિદ્ધિ મેળવી છે તે નકામી થઈ જાય એવું કશું આપણે ન કરીએ.

હિંદુસ્તાન અને પાકિસ્તાન પોતપોતાની ખામીઓ ને ભૂલો નહીં સુધારે તો બન્નેનો નાશ છે એમ ખચીત જાણજો. જો બન્નેએ મિત્ર બનવું હોય તો ભૂતકાળને વિસાર્યા વિના આરો નથી. બોલીને અને કામથી સામો બદલો લેવાનું બંને પક્ષો છોડે તો કાલના દુશ્મન આજે એકબીજાના દુશ્મન મટી દોસ્ત બને.

આપણે આખી ભૂમિમાં શાંતિ અને શુભેચ્છાનું સામ્રાજ્ય સ્થાપવાને પોતપોતાના હૃદયમાંથી વેર અને વહેમની લાગણી નાબૂદ કરવાની સૌની ફરજ છે. સૌને પોતાના દિલમાં હરિ વસેલા નહીં જણાય અને સૌ અંદર અંદરના નજીવા મતભેદ વીસરી નહીં જાય, તો કશો અર્થ સરવાનો નથી.

જ્યાં લગી હિંદુસ્તાન ને પાકિસ્તાન વચ્ચે દિલથી સમજૂતી નહીં થાય ત્યાં સુધી આપણા બન્નેનું દુઃખ દૂર થનારું નથી.

પાનીમેં મીન પિયાસી

સંત કબીર

પાનીમેં મીન પિયાસી।
મોહિ સુનિ સુનિ આવત હાંસી રે ॥ પાનીમેં૦
આતમ જ્ઞાન બિના નર ભટકૈ, કોઈ મથુરા કોઈ કાસી।
જૈસે મૃગા નાભિ કસ્તુરી; બન બન ફિરે ઉદાસી રે ॥ પાનીમેં૦
જલ બીચ કમલ, કમલ બીચ કલિયાં; તાં પર ભંવર નિવાસી
સો મન બસ ત્રૈલોક ભયો સબ, જતિ, સતી, સંન્યાસી રે ॥ પાનીમેં૦
જાકો ધ્યાન ધરે વિધિ હરિહર; મુનિજન સહસ અઠ્યાસી
સો તેરે ઘટમાંહિ બિરાજે પરમ પુરુષ અવિનાસી રે ॥ પાનીમેં૦
હાજિર હૈ તેહિ દૂર બતાવે દૂરકી બાત નિરાસી
કહૈ કબીર સુનો ભાઈ સાધો; ગુરુ બિન ભરમ ન જાસી રે ॥ પાનીમેં૦

પરમાત્માનો વાસ આપણા અંતરમાં છે. પ્રભુ તો સર્વવ્યાપી છે, તેથી તેનું અસ્તિત્વ બધે જ વ્યાપેલું છે. પ્રાચીન ઋષિઓ પણ એ કારણે જ કહેતા : ‘તદ્ દૂરે, તદ્વંતિકે’ તે દૂર પણ છે. અને સમીપ પણ છે. પરંતુ આપણા ઉપર મોહમાયાનો, અજ્ઞાનનો, અહંકારનો એવો અપારદર્શક પડદો પડી ગયો છે કે આપણે પ્રભુનું સાન્નિધ્ય અનુભવી શકતા નથી; અને પ્રભુની ખોજ કરવા માટે તીર્થસ્થાનો ઇત્યાદિ સ્થળોએ ભટકીએ છીએ. પરંતુ એક બાઉલ સાધુએ કહ્યું છે એમ: ‘**તોરિ ભીતર અતલ સાગર**’ તારામાં જ એ અતલ સાગર રહેલો છે, તેનું જ્ઞાન આપણને ન હોવાથી જ આપણી આવી સ્થિતિ થાય છે. એક ભક્ત કવિએ યથાર્થ જ કહ્યું છે: ‘**તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ!**’ આવી દશા સંસારી લોકોની જોઇને કબીર કહે છે કે, આ તો ભાઈ, પાણીમાં માછલી રહેતી હોવા છતાં તરસી રહે છે, એના જેવી હાસ્યાસ્પદ વાત થઈ। પ્રભુ તો કયાંક બહાર વસેલો છે, તેનું દર્શન કરવા ઘરબાર છોડીને દૂર દૂર જવું જોઇએ આ આપણો ભ્રમ સાચો ગુરુ મળે તો જ દૂર થાય છે. પ્રભુના સાન્નિધ્યનો અનુભવ ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલ સત્ય જ્ઞાન દ્વારા જ મળી શકે. એ સિવાય બધા પ્રયત્નો નિષ્ફળ છે.

પ્યારાબાપુ

ઈશ્વરનિષ્ઠાની પ્રાપ્તિનો ઉપાય

કેદારનાથજી

તમારો કાગળ મળ્યો. તેમાંનો પ્રશ્ન સમજ્યો. મારું લખવું તમને સમજાય છે તે માટે આનંદ થાય છે. સમજ્યા પછી આચરણમાં લાવવાનું બાકી રહ્યું. તે આચરણમાં લાવીએ તો જ તે સમજવાનો ઉપયોગ. નહીં તો, તેમાં બૌદ્ધિક ક્ષણિક આનંદ સિવાય બીજું કાંઈ મળશે નહી. સમજીને તે પ્રકારનું જીવન બનાવીએ તો સર્વ જીવન સાર્થક. તમે તે પ્રયત્નમાં હશો જ.

નિષ્ઠાની પ્રાપ્તિ કઇ રીતે કરવી? એવો તમારો પ્રશ્ન છે એમ હું સમજું છું. તે પ્રાપ્તિ માટે કોઈ એક નિશ્ચિત માર્ગ બતાવાય એવું નથી. પરંતુ ઈશ્વરનિષ્ઠા નિર્માણ થવા માટે કેવી જાતનું મન હોવું જોઇએ તે વિષે કંઇક કહી શકાય ખરું. ગમે તે માણસના ચિત્તમાં ઈશ્વરનિષ્ઠા નિર્માણ થઈ શકતી નથી. કેવલ ઇશ્વરનું નામ લેતા રહેવાથી કે તેના નિમિત્તે કાંઇ વિધિપાલન કરતા રહેવાથી પોતામાં ઇશ્વરનિષ્ઠા છે એમ કોઇ સમજતું હોય તો તે બરાબર નથી. ખરી નિષ્ઠા નિર્માણ થવા માટે માણસનું મન કંઇક અંશે સાત્ત્વિક હોવું જોઇએ; અને સાત્ત્વિક કર્મ તરફ તેનું સ્વાભાવિક વલણ હોવું જોઇએ. આવા જ માણસના મનમાં ઇશ્વરનિષ્ઠા જાગ્રત થઇ શકે છે, તે જાગ્રત રહી શકે છે અને તે વૃદ્ધિ પણ પામે છે. આ સૃષ્ટિમાં ઇશ્વરના કેટલાક કાયદા છે. પોતાની તાત્કાલિક લાભહાનિનો વિચાર ન કરતાં જે માણસની વૃત્તિ તે કાયદાઓનું પાલન કરવા તરફ સહેજે હોય છે તેનું મન સાત્ત્વિક હોવું જોઇએ એમાં શંકા નથી. દાસબોધના દશક ૨ સમાસ ૭ માં સત્ત્વ ગુણનાં લક્ષણો આપેલાં છે તે તમે જોશો. એટલે સાત્ત્વિકતાનાં અનેક લક્ષણો ધ્યાનમાં આવશે. પ્રેમ, દયા, ઉદારતા, ન્યાય, પરોપકાર, પ્રામાણિકતા, કર્તવ્ય વગેરે વૃત્તિઓનો અને સદ્ભાવનાઓનો કોઇ પણ અંશ જેના ચિત્તમાં છે અને તે અનુસાર જે આચરણ કરે છે તેનામાં સાત્ત્વિકતા છે એમ સમજવાને હરકત નથી. તેથી ઊલટું કેવળ સ્વાર્થ, દુષ્ટતા, કઠોરતા, ઈર્ષા, કપટ, અપ્રમાણિકતા અને ક્રોધની વૃત્તિઓ જેનામાં પ્રધાનપણે કામ કરી રહી હોય તેનામાં સાત્ત્વિકતા નથી, અને તે ઈશ્વરી કાયદાઓ એટલે ધર્મને માનતો નથી એમ પણ સમજવાને હરકત નથી. સાત્ત્વિક વૃત્તિનો માણસ પોતાની વૃત્તિથી ઇશ્વરી કાયદાઓ—ધર્મને પાળતો હોય તોપણ તેના સદ્વર્તનનો જવાબ બીજાઓ તરફથી દુષ્ટ રીતે અપાતો નથી, તેની સાથે કોઈ દ્વેષ કરતું નથી એવું નથી. આ વખતે સાધારણ સાત્ત્વિક મનુષ્ય પોતાના ધર્મ વિષે—સદ્વર્તન વિષે શંકિત થાય છે. પરંતુ તે વખતે તેના મનમાં તે જો ઇશ્વર વિષે નિષ્ઠા જાગ્રત કરે અથવા મૂલથી જ રહેલી નિષ્ઠા દૃઢ કરે તો જ તે નિષ્ઠાના બળ પર તે સાત્ત્વિક માર્ગે ટકી શકે છે. ધર્મ એ, તે આચરણ કરનારના તાત્કાલિક બાહ્ય લાભ માટે નહીં પણ પોતાના અને બીજાના કાયમના કલ્યાણ માટે છે—માનવ જાતિના કલ્યાણ માટે છે. અને આ હેતુ પર ટકી રહેવા માટે કોઇ પણ મહાન તત્ત્વ પર—શક્તિ પર પોતાની નિષ્ઠા હોવી જરૂરી છે, એમ જેને લાગતું હોય તેના જ ચિત્તમાં ઈશ્વરનિષ્ઠા જાગ્રત થશે, નિર્માણ થશે, ટકી શકશે અને તે વૃદ્ધિંગત થશે. વિપરીત પ્રસંગે સાત્ત્વિકતા ટકી રહેવા માટે કોઇ પણ મહાન ધર્મ પર, મહાન તત્ત્વ પર, જગતની મહાન

અજ્ઞાત શક્તિ પર મનુષ્યની નિષ્ઠા હોવી જોઇએ. તે સિવાય સાત્વિકતા ટકી ન રહે. પછી તે નિષ્ઠા ઇશ્વર તરીકે માનેલી મહાન શક્તિ પર હોય, પૂર્વકર્મ પર હોય કે જગતનું કલ્યાણ એ મહાન હેતુ પર હોય. પણ કોઈ પણ મહાન તત્ત્વ કે હેતુ પર નિષ્ઠા સિવાય પ્રતિકૂળ પ્રસંગે સાત્વિકતા ટકાવી રાખવા માણસ સમર્થ થઈ શકતો નથી. તે ટકાવવા માટે કોઈ પણ સ્થાને પવિત્ર અને દૃઢ નિષ્ઠા હોવી જ જોઇએ. એવી નિષ્ઠા જેનામાં નથી, અથવા પ્રતિકૂળ પ્રસંગે નિષ્ઠા જાગ્રત કરવાનું જેને સૂઝતું નથી કે જેઓ સાધી શકતા નથી એવા માણસો તે જ પ્રસંગે ખોટે માર્ગે વળેલા જગતમાં દેખાય છે. તેઓ પોતાની સાત્વિકતાને ગુમાવી બેસે છે. માટે માણસમાં દૃઢ નિષ્ઠા હોવી જોઈએ; અને નિષ્ઠા એ મહાન વસ્તુ પર જ બેસી શકે છે. આવી નિષ્ઠા સદ્‌વાચન, વિવેક, સોબત, અને જીવન વિષેના શુદ્ધ અને ઉદાત્ત હેતુથી આપણામાં જાગ્રત થઈ શકે છે અને કઠણ પ્રસંગે ધૈર્ય ધારણ કર્યાથી અને જીવન વિષેના ઉદાત્ત હેતુની મહત્ત્વાકાંક્ષાથી તે ટકી રહે છે અને વૃદ્ધિંગત પામે છે.

વાચન, મનન કરીને જીવન સદૈવ સુધારવાના પ્રયત્નમાં રહેજો. નિર્દોષતા પ્રાપ્ત કરવી એ પહેલેથી છેવટ સુધી દૃષ્ટિ રાખજો. પરમાત્મા તમારા શુધ્ધ હેતુમાં તમને યશ આપો.

(એક અપ્રગટ પત્ર) સં૦ રમણીકભાઈ મોદી

સાચો ધર્માત્મા

મુકુલભાઈ

એક વાર મુસ્લિમ સંત ઇબ્રાહિમને કોઈએ પૂછ્યું :

“સાંઈબાવા, આજ સુધીમાં આપને મોટામાં મોટો ધર્માત્મા કોણ મળ્યો છે?”

સંત ઇબ્રાહિમે કહ્યું : “મને મોટામાં મોટા ધર્માત્માનાં દર્શન એક હજામમાં થયાં છે.”

પેલો માણસ નવાઈ પામી પૂછવા લાગ્યો : “એ શી રીતે બને?”

સંત ઇબ્રાહિમ બોલ્યા : “એક દિવસ મેં એક હજામને કહ્યું : ‘ભાઈ, ખુદાની ખાતર મારી હજામત કર.’ તેણે ખૂબ પ્રેમભાવથી મારી હજામત કરી, જાણે બાદશાહ કે અમીરની ન કરતો હોય? હજામત પૂરી થઈ એટલે મેં તેને કહ્યું : ‘ભાઈ, તને આપવા જેવું મારી પાસે હમણાં કંઈ જ નથી. પણ મને સૌથી પહેલું જે કંઈ મળશે, તે હું તને આપીશ.’ એટલામાં મારો એક શિષ્ય મારી પાસે આવ્યો અને તેણે મને એક હજાર સોનામહોરોની થેલી ભેટ ધરી. હું તે થેલી પેલા હજામને આપવા લાગ્યો, ત્યારે તે બોલ્યો : ‘સાંઈબાવા, તમે નહોતું કહ્યું કે, ખુદાની ખાતર હજામત કર?’ મેં કહ્યું : ‘એ વાત તો સાચી છે. પણ જરા જો તો ખરો; આ તો એક હજાર સોનામહોરોની થેલી છે!’ પણ પેલા હજામે હસીને મને કહ્યું : ‘સાંઈબાવા, ખરી સોનામહોરો એ થેલીમાં રહેલી નથી, પણ ખુદાની ખાતર કામ કરવામાં રહેલી છે.’ બોલ ભાઈ, આ હજામને મોટામાં મોટો ધર્માત્મા કહેવો કે નહીં?”



ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ને આધારે]

મુકુલભાઈ

ભક્તરાજ આમ ઘસઘસાટ ઊંઘતો હતો એવામાં તેણે સાદ સાંભળ્યો: "કીડીઓની પાસે જા અને બોધ ગ્રહણ કર. તેનો ઉદ્યમ નીરખ અને શાણો થા." એ સાંભળીને ભક્તરાજ સફાળો બેઠો થઈ ગયો.

જ્યારે તે ટોચ પર પહોંચ્યો ત્યારે બે માણસો સામેથી દોડતા આવતા તેને મળ્યા. એમાંના એકનું નામ હતું ગડબડદાસ અને બીજાનું નામ હતું શંકાપ્રસાદ.

ભક્તરાજે પૂછ્યું: "ભાઈઓ, તમને શું થયું? આમ ખોટે રસ્તે ક્યાં દોડી રહ્યા છો?"

ગડબડદાસ ઉતાવળે બોલ્યો: "અમે સ્વર્ગધામ તરફ જતા હતા. અને એ મુશ્કેલ માર્ગે લગભગ પહોંચી પણ ગયા હતા. પરંતુ જેમ જેમ અમે આગળ જવા લાગ્યા તેમ તેમ મુશ્કેલીઓ વધવા લાગી! તેથી અમે પાછા ફર્યા અને ઘર ભણી પ્રયાણ કરીએ છીએ."

શંકાપ્રસાદ કહે: "હા ભાઈ, ગડબડદાસની વાત સાચી છે. જરા દૂર જતાં અમે બે સિંહને જોયા. જો અમે એની પાસે ગયા હોત તો તે અમને ફાડી જ ખાત!"

ભક્તરાજ એ સાંભળી બોલ્યો: "તમે મને ગભરાવી મારો તો છો જ. પરંતુ હું તો આગળ વધીશ." એમ કહીને ભક્તરાજ આગળ જવા લાગ્યો અને પેલા બે જણા પણ પોતાને રસ્તે પડ્યા.

ભક્તરાજ ચાલતાં ચાલતાં પેલા લોકોની વાત યાદ કરતો હતો. એવામાં તેને વીંટાનું સ્મરણ થયું. તે તો વીંટાને શોધવા લાગ્યો. પણ તેની પાસે વીંટો ક્યાંથી હોય? ભક્તરાજ ભારે મૂંઝવણમાં આવી પડ્યો. શું કરવું એ તેને સૂઝ્યું નહિ. છેવટે તેને યાદ આવ્યું કે એ જ્યાં સૂતો હતો ત્યાં એ ભૂલી તો નથી ગયો ને? એટલે એ તરત જ તે જગ્યાએ દોડતો ગયો. પણ દોડતી વખતે તે કેટલીય વાર નિસાસા નાખતો હતો, થોડી થોડી વારે આંસુ લૂછી નાખતો હતો, અને વારે વારે તે પોતાની મૂર્ખાઈ માટે પસ્તાવો કરતો હતો અને પોતાની જાત પર ચીડાતો હતો.

તે પોતાના ઊંઘણસીપણા પર ગુસ્સે થઈ ગયો: 'અરે, હું કેવો મૂર્ખ માણસ છું! દિવસે ઊંઘવાનું મને ક્યાંથી સૂઝ્યું? અરેરે, આવી ગફલત મારાથી શી રીતે થઈ ગઈ!'

એ સ્થિતિમાં તે પેલી જગ્યાએ પહોંચી ગયો અને ખૂબ કાળજીથી બધે શોધવા લાગ્યો. છેવટે ખૂબ શોધખોળ કર્યા પછી તેને વીંટો જડી ગયો. વીંટો મળતાં તેના આનંદનો પાર ન રહ્યો. વીંટો તો તેને માર્ગે આશ્વાસનરૂપ હતો. એ ખોવાઈ જાય એટલે થઈ જ રહ્યું!

પછી ભક્તરાજ પાછો ઝડપભેર ટેકરી ચડવા લાગ્યો. તે ટોચ પર પહોંચ્યો એવામાં

સૂર્યાસ્ત થઈ ગયો હતો. બધે અંધારું ધીમે ધીમે પ્રસરતું જતું હતું. ભક્તરાજને ગડબડદાસ અને શંકાપ્રસાદની વાતો પાછી યાદ આવવા લાગી. તે વિચારવા લાગ્યો: 'જો એ સિંહ મને રસ્તે મળશે તો મને જરૂર ફાડી જ ખાશે!' આમ તે બીકથી કંપી રહ્યો હતો ત્યાં તો તેની નજર દૂર દેખાતા 'સૌન્દર્યમહાલ' પર પડી. એટલે તેણે ઝડપથી મહેલના દરવાજે પહોંચવા દોટ મૂકી. પરંતુ રસ્તામાં ખૂબ જ સાંકડી કેડી આવી અને તેણે ત્યાં બે સિંહને જોયા! સિંહને સાંકળથી બાંધેલા હતા. પરંતુ ભક્તરાજને એ દેખાયું નહિ. તે તો ગભરાઈ ગયો અને નાસવાની તૈયારી કરતો હતો. એવામાં મહેલના દરવાને બૂમ પાડી: 'ગભરા નહિ. સિંહને સાંકળે બાંધેલા છે.'

એ સાંભળીને ભક્તરાજનો જીવ જરા હેઠો થયો. તે દરવાજા પાસે પહોંચી ગયો અને દરવાનને પૂછવા લાગ્યો: "ભાઈ, આ મકાન કોનું છે? હું અહીં રાતવાસો કરી શકું ખરો?"

દરવાને કહ્યું: "આ મકાન આ ટેકરીના સ્વામીએ બંધાવ્યું છે, જેથી યાત્રિકો નિર્ભયપણે ઉતારો કરી શકે."

પછી દરવાને ઘંટડી વગાડી એટલે એક સૌમ્ય અને સુંદર દેખાતી યુવતી બારણે આવી. તેનું નામ હતું વિચારમયી. દરવાને તેને બધી વાત સમજાવી એટલે તે ભક્તરાજને લઇને અંદર ગઈ. ભક્તરાજને આસન પર બેસાડી તે બોલી: "અહીં આપ બેસો. હું હમણાં બીજી બહેનોને આપની સાથે વાતચીત કરવા બોલાવી લાવું છું." એમ કહીને તે બીજા ઓરડામાં ગઈ અને થોડી વારમાં તે ડાહીગૌરી, ધર્મશીલા અને દયામયીને લઈને પાછી ફરી. ભક્તરાજને પાણી પાઇને વિચારમયી બોલી: "તમે આ બહેનો સાથે વાતચીત કરો. આ પ્રદેશના પ્રભુ વિશે તમને તેઓ માહિતી આપશે." એમ કહીને તે ભક્તરાજ માટે ભોજન તૈયાર કરવા જતી રહી.

ભોજન સુધી એ લોકોએ પ્રભુ વિશે તેમ જ ભક્તરાજ ત્યાં શી રીતે અને શા માટે આવ્યો તેની વાતચીતો કરી. ભોજન વખતે પણ પ્રભુ વિશે જ વાતો થઈ. ભોજન પતી ગયા પછી મોડી રાત સુધી ધાર્મિક વિચારોની આપલે કરીને છેવટે બધાં પ્રભુને સ્મરી સૂઈ ગયાં.

સવારે તેઓ બધાં વહેલાં ઊઠયાં. થોડી વાર વાર્તાલાપ કર્યા પછી તેઓ ભક્તરાજને શસ્ત્રાગારમાં લઈ ગયાં. ત્યાં તેને મજબૂત બખ્તર પહેરાવવામાં આવ્યું, જેથી માર્ગ વચ્ચે કોઇ શત્રુ સાથે સંગ્રામમાં ઊતરવું પડે તો તેનો બરોબર સામનો કરી શકાય.

ભક્તરાજ પોતાને માર્ગે જવા તૈયાર થયો. તે બારણે પહોંચ્યો એટલે તેણે દરવાનને પૂછ્યું: "આ રસ્તે થઇને કોઈ પસાર થયું છે ખરું?"

દરવાન — હા જી; થોડો વખત પહેલાં વિશ્વાસરાય નામે એક માણસ અહીંથી ગયો છે.

ભક્તરાજ — અરે, એ તો મારો ઓળખીતો છે! મારા જ ગામમાંથી એ આવે છે. હમણાં એ ક્યાં સુધી પહોંચી ગયો હશે?

દરવાન — હમણાં તે આ ટેકરી ઊતરી ગયો હશે.

પછી ભક્તરાજ ટેકરી ઊતરવા લાગ્યો. નીચેની ખીણ એવી સીધી અને સપાટ હતી કે જરા ગફલત થાય તો લપસી જવાય એવું હતું. ભક્તરાજ ખૂબ સંભાળપૂર્વક ઊતરતો હતો તોયે એક બે વાર તે લપસી પડ્યો હતો!

[અનુ૦ પૃ૦ ૧૯૩]

અહંકારનો પડદો

ગુરુદયાલ મલ્લિકજી

ગરીબ લોકો તો હમેશાં આપણી વચ્ચે છે જ, એવું એક વચન એક ધર્મપુસ્તકમાં છે. તેથી ગરીબ લોકો તરફ આપણી કંઇ ફરજ હોવી જ જોઇએ. આમ તો બધાં તરફ આપણી એક વિશેષ ફરજ છે, અને તે છે સર્વને પ્રેમ કરવો. પણ ગરીબ લોકો પ્રત્યે ઘણી વાર જાણે-અજાણે માણસનો પ્રેમ સહજ અને સરળ હોતો નથી.

એમ તો દરિદ્રની સેવા એ પ્રભુસેવા કહેવાય છે. પણ દરિદ્રમાં દેવ કેટલા સમાજ-સેવકો જોઇ શકે છે? ગાંધીજી જેવી કોઈક જ વ્યક્તિ વિરલે દરિદ્રમાં નારાયણનાં દર્શન કરી શકે છે; દરિદ્રની સેવામાં દેવની આરાધના સમાન આનંદ અને શાંતિ અનુભવી શકે છે. એનું કારણ ફક્ત એક જ હોઈ શકે છે, અર્થાત, માણસનો અહંકાર!

અહંકાર એક જાતનું આવરણ છે, જે પ્રભુના મુખને ઢાંકી તો દે જ છે, પણ આત્મા ઉપર પણ એક જાતનો પડદો નાખી દે છે જેથી માણસ પ્રભુને જોઈ શકતો નથી. પ્રભુ પર્દેનશીન છે અને માણસ પણ પર્દેનશીન છે. પરંતુ બંને જુદી જુદી રીતે: માણસનો પડદો —અહંકાર— માણસને એટલો આવરી લે છે કે તે પ્રભુને જોઈ જ શકતો નથી. જ્યારે પ્રભુનો 'અહમ્' તો એવો સૂક્ષ્મ છે કે તે પોતે પડદાની પાછળ એવી રીતે છુપાઈ જાય છે કે તે દરેક માણસને જોઇ શકે છે, પણ દરેક માણસ એને જોઈ શકતો નથી.

સમાજસેવકોને વારંવાર એમ કહેતા સાંભળીએ છીએ કે, તેમની વરસો સુધીની સેવા સફળ નથી થતી. એનું એક કારણ એ હોઇ શકે કે તેમની સેવા પાછળ હજી સુધી અહંકારનો ભાવ છે. એ અહંકા-રભાવવશ થઇ તેઓ જે વ્યક્તિની સેવા કરી હોય તેના સંબંધમાં કહેશે, 'મેં અમુક માણસને મદદ કરી.' તેઓ ભૂલી જાય છે કે દરેક દુઃખી દર્દી માણસોનો સાચો મદદગાર તો પ્રભુ જ છે. આપણે તો કેવળ એવા લોકોની સેવાના નિમિત્તરૂપ જ છીએ.

જે દિવસે આપણી સેવામાંથી અહંકારનો

પ્યારાબાપુ

ભાવ ઓછો થઇ જશે તે દિવસે આપણા નમસ્કાર પ્રભુને અને પ્રભુના પ્યારા ગરીબ લોકોને સાચા નિવડશે.

અંગ્રેજી 'ગીતાંજલિ' કાવ્ય ૧૦

જહાં વસે છે અધમ સહુથી દીનોમાં યે દીન
તહાં તમારાં ચરણકમલ પ્રભુ! રાજે—
સૌની પૂંઠે, સૌની નીચે, સૌ ભૂલેલાં માંહે.
તમને જ્યારે પ્રણમું હું શિર નામી,
પ્રણામ એ થંભી જાતા ક્યહીં, સ્વામી.
ચરણ તમારા વિરાજતા જ્યાં અપમાનોની નીચે,
ત્યાં તો મારા પ્રણામ પહોચે નાહીં—
સૌની પૂંઠે, સૌની નીચે, સૌ ભૂલેલાં માહીં.
અહંકાર તો પહોંચે ક્યાંથી જ્યાં જ્યાં તમે ફરો છો
ભૂષણવો'ણા દીન દરિદ્ર જ વેષે,—
સૌની પૂંઠે, સૌની નીચે, સૌ ભૂલેલાં માહીં.
સાથી બનીને રહો છો જ્યાં સાથીવો'ણાની સાથે
ત્યાં તો મુજ હૈયું પ્રભુ! પહોંચે ના રે,—
સૌની પૂંઠે, સૌની નીચે, સૌ ભૂલેલાં માંહે.

[અનુ૦ નગીનદાસ પારેખ]

ત્રીજો માર્ગ

કાકા કાલેલકર

હવે અહિંસા તથા સત્યની સાથે અપરિગ્રહ અને અસ્તેયને હાથમાં લેવાનો સમય આવી ગયો છે. શ્રી. વિનોબાએ જોયું કે આજના જમાનાનો મુખ્ય દોષ ધનનિષ્ઠા છે. તેને દૂર કરવા માટે ધનસંગ્રહના પ્રતીક પૈસાને જીવનમાંથી અપ્રતિષ્ઠિત કરવાની જરૂર છે. ઉપવાસપૂર્વક ચિંતન કરી તેઓ એક વિશેષ નિર્ણય પર પહોંચ્યા અને તેમણે ધનનું દાન લેવાનો ઇન્કાર કર્યો. ધન કમાવાની તો તેમની પાસે વાત જ નહોતી.

દુનિયામાં શ્રમ અને ધન બે તત્ત્વો છે. શ્રમથી બચવું હોય તો ધનસંગ્રહ કરવો જોઇએ. જ્યાં સુધી ધનની પ્રતિષ્ઠા છે ત્યાં સુધી શ્રમ ગમે તેટલો વધે તોયે તે પ્રતિષ્ઠિત થવાનો નથી. તેમણે ધનને અપ્રતિષ્ઠિત કર્યું અને શ્રમની પ્રતિષ્ઠા વધારી. આ પ્રમાણે જીવનમાં ફેરફાર કરવાથી હવે તેમને અપરિગ્રહવ્રત અથવા પરિગ્રહ ઓછો કરવાની દીક્ષા આપવાનો અધિકાર પ્રાપ્ત થયો. અને ભારતની જમીન, ભારતની પ્રજા, ધર્મની અસર કબૂલ કરવાની પોતાની પરંપરા ભૂલી નથી તેની સાબિતી કેટલાયે ભૂમિપતિઓએ આપી.

આપણે કહેતા આવ્યા છીએ કે રશિયાની પાસે એક રસ્તો છે, અમેરિકાની પાસે બીજો અને ભારતની પાસે ત્રીજો રસ્તો છે. પણ તેમાં આ ત્રીજા રસ્તાનું ચૈતન્ય આજ સુધી ઉત્કટ રૂપથી પ્રગટ નહોતું થયું. કાયદાથી કે સરકારની તાકાતથી જો તે પ્રગટ થાત તો તેને અમે ત્રીજો રસ્તો ન કહેત. જે ભૂમિદાન યજ્ઞના શ્રી. વિનોબાજી અધ્વર્યુ છે તે દાનમાં અને અમેરિકાનું મદદરૂપે જે દાન દુનિયામાં ફેલાઈ રહ્યું છે તેમાં આસમાન જમીનનું અંતર છે. બંનેમાં દીર્ઘદૃષ્ટિ છે. પણ એકમાં દ્રવ્યશક્તિ પર વિશ્વાસ છે. તે દ્રવ્યલોભની વીણા પર પોતાનો રાગ આલાપે છે. બીજા દાનના મૂળમાં આત્મશક્તિ છે. તેના હાથમાં ત્યાગની એકતારી છે. તેનું ભજન સાત્ત્વિક છે અને છેવટે તેનો જ વિજય થશે. સમ્રાટ યયાતિ અને સમ્રાટ અશોક બન્નેએ રાજ્યવૈભવનો અને રાજ્યસામર્થ્યનો અસાધારણ અનુભવ લીધા પછી નક્કી કર્યું કે ભોગ અને ઐશ્વર્યમાં નથી શાંતિ નથી વિશ્વનું કલ્યાણ. સંગ્રહ ઓછો કરો, ખર્ચ ઓછું કરો ત્યારે જ આત્મશક્તિ જાગ્રત થશે અને દુનિયામાં શાંતિ અને ભ્રાતૃભાવ ફેલાશે.

જીવનપરિવર્તનની પ્રેરક પ્રક્રિયા

વિનોબાજી

વિચારશક્તિની કોઇ હદ હોતી નથી. એક વિચાર એક માણસને સૂઝે છે કે એનાથી માણસના જીવનમાં ક્રાંતિ થઇ જાય છે. તમે જોયું છે કે કેટલક મહાપુરુષો એવા પણ હોય છે, જેમના વિચારમાં એવી શક્તિ હોય છે જે બીજાના જીવનને પલટી નાખે છે. તેથી વિચાર જાગ્રત કરવા માટે મેં આ ગરીબ પાસેથી પણ એક ગુંઠો જમીન લઇ લીધી. અને જ્યાં હું તે શ્રીમંતો પાસેથી જમીન લઈ રહ્યો છું, ત્યાં તેમના માથા પર મારો વરદ હસ્ત છે કે, "ભાઇઓ, તમારે હવે શહેરમાંથી ભાગી જવાની જરૂર નથી, ક્યાં સુધી ભાગતા રહેશો?" અથવા જ્યાં મેં શ્રીમંતો પાસેથી સો એકર જમીનનું દાન લીધું, ત્યાં મેં તેમના મનમાં એક સારો વિચાર જગાડ્યો. દરેક માણસના દિલમાં સારા-નરસા વિચારો હોય છે. હવે તેના હૃદયમાં એક લડાઇ શરૂ થાય છે, એક મહાભારત યુદ્ધ શરૂ થાય છે.

"સુવિજ્ઞાનં ચિકિતુષે જનાય
સચ્ચાડસચ્ચ વચસી પસ્પૃધાતે
તયોર્યત્ સત્યં યતરત્ ઋજીય
તદિત્ સોમોડવતિ હંતિ આ અસત્"

(જાણનારા જાણે છે કે દરેક માણસના હૃદયમાં સત્ અને અસત્‌ની લડાઈ હંમેશા ચાલતી હોય છે. જે સત્ છે, તેની રક્ષા થાય છે અને જે અસત્ છે, તેનો નાશ થાય છે.) તેથી દાતા ઢોંગી છે એમ માનવાને કારણ નથી. પરંતુ તેના દ્વારા અન્યાયનાં અનેક કામો થતાં હોય છે. અન્યાય વિના હજારો એકર જમીન કદી એકઠી થઇ શકે ખરી? અર્થાત્ જેમણે દાન દીધું છે, તે શ્રીમંતોના જીવનમાં કેટલીયે જાતના અન્યાય અને અનીતિ હોવાનો સંભવ છે, પરંતુ તેમના હૃદયમાં પણ એક ઝઘડો શરૂ થશે કે શું અમે જે અન્યાય કર્યો તે ઠીક છે? પરમેશ્વર તેમને બુદ્ધિ આપશે, તેઓ અન્યાય છોડી દેશે. પરિવર્તન આ રીતે થયા કરે છે.

મારી વિનંતી છે કે હવે આપવાનો જમાનો આવ્યો છે. તમે સૌ લોકો દિલ ખોલીને આપજો. આપવાથી એક દૈવી સંપદ નિર્માણ થાય છે, તેની સામે આસુરી સંપદ ટકી શકતી નથી. આસુરી સંપદ લૂંટાઈ જવા ઇચ્છે છે. તે મમત્વ-ભાવ પર આધાર રાખે છે, સમત્વ જાણતી નથી. દૈવી તો સમત્વ પર આધાર રાખે છે. દૈવી અને આસુરી સંપદની આ ઓળખ છે.

જ્યાં હું દાન લઉં છું, ત્યાં હૃદયમંથનની, હૃદયપરિવર્તનની, ચિત્તશુદ્ધિની, માતૃવાત્સલ્યની, ભ્રાતૃભાવનાની, મૈત્રીની અને ગરીબોને માટે પ્રેમની આશા રાખું છું. જ્યાં બીજાઓની ફિકરની ભાવના જાગે છે, ત્યા સમત્વ બુદ્ધિ પ્રગટ થાય છે, ત્યાં વેરભાવ ટકી શકતો નથી. વેરભાવનું સ્વતંત્ર અસ્તિત્વ જ હોતું નથી. પુણ્યમાં તાકાત હોય છે, પાપમાં કોઇ તાકાત નથી. પ્રકાશમાં શક્તિ હોય છે, અંધકારમાં કોઇ શક્તિ નથી. પ્રકાશને અંધકારનો અભાવ કહી શકીએ નહીં. પ્રકાશ વસ્તુ છે, અંધકાર અવસ્તુ છે. લાખો વરસોના અંધકારમાં પ્રકાશ લઇ જાઓ, એક ક્ષણમાં અંધકારનું નિવારણ થઇ જશે. એ પ્રમાણે આજે પુણ્યોદય થયો છે. તેની સામે વેરભાવ ટકી શકશે નહીં. આ ભૂદાન યજ્ઞ એક અહિંસાનો પ્રયોગ છે, જીવનપરિવર્તનનો

પ્રયોગ છે. હું તો નિમિત્ત માત્ર છું. તમે પણ નિમિત્ત માત્ર છો. પરમેશ્વર તમારી પાસેથી અને મારી પાસેથી કામ કરાવવા ઇચ્છે છે. આ કાલપુરુષની, પરમેશ્વરની પ્રેરણા છે, તેથી હું માગું છું ત્યારે તમે લોકો આપજો અને દિલ ખોલીને આપજો. જ્યાં લોકો એક ફૂટ જમીનને માટે ઝઘડે છે, ત્યાં મારા કહેવાથી લોકો સેંકડો હજારો એકર જમીન દેવાને માટે તૈયાર થાય છે, તો તમે સમજો કે આ પરમેશ્વરની પ્રેરણા છે, તેની સાથે થઇ જાઓ. તેના વિરોધમાં ન ઊભા રહો. આમાંથી ભલું જ ભલું થશે.

પહેલાં લડાઇઓ નાની નાની થતી હતી. જરાસંધ-ભીમ લડયા, કુસ્તી થઈ, પાંડવોને રાજ્ય મળ્યું, આખી પ્રજા ખૂનખરાબીથી બચી ગઈ. જો આ જમાનામાં એવી લડાઇઓ લડવામાં આવે તો એમાં હિંસા થવા છતાં પણ નુકસાન ઓછું છે, તેથી આ દ્વંદ્વ યુદ્ધ હું કબૂલ કરી લઈશ. જો હિટલર અને સ્ટાલીન કુસ્તી માટે તૈયાર થઈ જાય અને નક્કી કરે કે જે હારશે તે હાર્યો, અને જે જીતશે તે જીત્યો, તો હું એ કબૂલ કરી લઇશ અને જો દુનિયા તે દ્વંદ્વ યુદ્ધ જોવા આવે તો હું તેનો નિષેધ નહીં કરું, કારણ કે દુનિયાનું એમાં વિશેષ નુકસાન થશે નહીં. પરંતુ દ્વંદ્વ યુદ્ધનો જમાનો હવે વીતી ગયો છે. પહેલાં દ્વંદ્વ યુદ્ધ થતું હતું, પછી હજારો લોકો આપસમાં લડવા લાગ્યા. હજારોની લડાઈ પૂરી થઇ અને લાખો લડવા લાગ્યા. તેથી પણ પરિણામ આવ્યું નહીં. પછી શું? અહીં વીસ લાખ તો ત્યાં પચીસ લાખ અને અહીં પચીસ તો ત્યાં પચાસ લાખ, આ રીતે એ જમાનો આવ્યો કે હજારો લાખો નહીં પણ કરોડો લોકો આપસમાં લડવા લાગ્યા. માણસની સામે સવાલ એ છે કે કાં તો 'ટોટલ વૉર' (સર્વગ્રાસી યુદ્ધ)ની તૈયારી કરો અથવા હિંસા છોડો અને અહિંસા અપનાવો. હું સામ્યવાદીઓને એ સમજાવું છું કે ભાઇઓ, તમે લોકો બેચાર ખૂન કરો છો, કયાંક બેચાર મકાન બાળો છો, કયાંક કાંઈક લૂંટ ધાડ કરો છો, રાતમાં આવો છો, દિવસે પહાડીઓમાં છુપાઇ રહો છો. પણ હવે છુપાવાનો જમાનો ખલાસ થઇ ગયો છે. હવે એવી હરકતોથી કશો લાભ નથી. જો લડાઇ લડવી છે તો વિશ્વયુદ્ધની તૈયારી કરો અને તેની રાહ જુઓ. પણ જ્યાં સુધી કરોડોની સંખ્યામાં હિંસા કરવાની તૈયારી કરો નહીં ત્યાં સુધી નાની નાની લડાઇઓની આ પદ્ધતિ છોડી દો, અને તમને મત આપવાનો આજે અધિકાર મળ્યો છે, તેનો લાભ ઉઠાવો. પ્રજાને પોતાના વિચાર માટે તૈયાર કરો. વિશ્વયુદ્ધ યા પરિશુદ્ધ પ્રેમ, એવી સમસ્યા વિજ્ઞાને આપણી સામે ઊભી કરી છે.

તેથી જો પ્રેમની, અહિંસાની રીત અજમાવવા ઇચ્છતા હો તો આ જમીનનું મમત્વ છોડો, નહીં તો હિંસાનો એવો જમાનો આવનારો છે કે એમાં બધી જમીન અને એ જમીન પર રહેનારાં પ્રાણીઓ ખતમ થઇ જશે. એમ સમજો કે ભગવાને આ સમસ્યા આપણી સામે ઊભી કરી છે, માટે ભાઇઓ, નિરંતર દાન આપ્યા કરો.

ઈશ્વરનું કામ બજાવીએ તો તેની કૃપા મળે. તેથી તારે ઈશ્વરનું કામ કરવું. કોઈ વાર રેંટિયો ચલાવે છે? રેંટિયો ચલાવવો એ સૌથી મોટો યજ્ઞ છે. રોતો રોતો પણ તું રેંટિયો ચલાવ.

—ગાંધીજી

પ્યારા બાપુ



મનની દૃષ્ટિ

ગુરુદેવ

ચિત્રના વિષયમાં જે વ્યક્તિ અનભિજ્ઞ હોય છે, તે એક પટ પર સહેજસાજ રંગરોગાન કે ગોળગોળ આકૃતિઓ જોઈને જ ખુશ થઈ જાય છે. ચિત્રને તે વિશાળ ક્ષેત્રમાં જોઈ શકતો નથી. તેની ઇન્દ્રિયોની લગામ ધારણ કરનારી કોઈ ઉચ્ચતર વિવેકબુદ્ધિ તેનામાં જોવામાં નથી આવતી. પહેલી જ દૃષ્ટિમાં જે તેને તાણે છે, તેને જ તે વશ થઈ જાય છે. રાજમહેલના દરવાનનો રોનકદાર પોશાક અને બિલ્લો જોઇને તેને જ તે સર્વપ્રધાન વ્યક્તિ માનીને અંજાઇ જાય છે. દરવાજો પાર કરીને પેલી બાજુ સભામંડપમાં જવાનું તો તેને સૂઝતું જ નથી. પરંતુ જે માણસ આવો અજ્ઞાન ન હોય, તે આમ સહજમાં ભોળવાઈ ન જાય. તે તો સમજે છે કે દરવાનનો મહિમા એકદમ નજરે વળગે છે, કારણ કે નજરે વળગવાનો સાચો મહિમા તેનામાં હોતો નથી. રાજાનો મહિમા માત્ર નજરે ચડવા પૂરતો હોતો નથી, તેને તો મન દ્વારા પણ ઉપલબ્ધ કરવો પડે છે. આથી જ રાજાના મહિમામાં એક પ્રકારની શક્તિ, શાંતિ અને ગાંભીર્ય જણાય છે.

માટે જ જે વ્યક્તિ સમજદાર હોય છે, તે ચિત્રના રંગરોગાનની ઝાકઝમાળથી અંજાઈ જતી નથી. એ તો પ્રધાનનું અને ગૌણનું, મધ્યસ્થનું અને આસપાસનું, આગળનું અને પાછળનું સામંજસ્ય શોધે છે. રંગરોગાનથી આંખ આકર્ષાય છે ખરી, પરંતુ સામંજસ્યનું લાવણ્ય જોવાની મનને જરૂર છે. અને તેથી જ તેનો આનંદ ગભીરતર હોય છે.

આથી જ ઘણા રસજ્ઞો એવા પણ હોય છે, જેઓ બહારના ક્ષુદ્ર લાલિત્યને આશરો આપતા નથી. તેમની સૃષ્ટિમાં એક પ્રકારની કઠોરતા જણાય છે. તેમના ધ્રૂપદમાં ખ્યાલનું તાન હોતું નથી. તેની બાહ્ય શૂન્યતા જોઇને કોઈ અજાણ્યા લોક તેનો પરિત્યાગ પણ કરે; પરંતુ તે નિર્મળ શૂન્યતાનું ગભીરતર ઐશ્વર્ય જ વિશેષ પ્રકારના લોકોના ચિત્તને બૃહત આનંદ આપે છે.

તેથી જ જણાય છે કે માત્ર આંખની દૃષ્ટિ ઉપરાંત તેની પાછળ મનની દૃષ્ટિનો યોગ ન હોય, તો સૌન્દર્યનો મહિમા કળી શકાતો નથી. આ માનસિક દૃષ્ટિ મેળવવી એ વિશેષ પ્રકારની કેળવણીનું કાર્ય છે.

પ્યાશાબાપુ

દયા

મહાસતી ઉજ્જવળકુંવરજી

દયા વિના સત્યનું પાલન થઈ શકતું નથી. બીજાના ભલા ખાતર, આપણા સુખને અર્પણ કરી દેવું તેનું નામ દયા છે. દયાપૂર્ણ જીવન જ ખરું જીવન છે અને તેવું જીવન જીવનાર જ સત્યનું પાલન પણ કરી શકે છે.

એક સમયની વાત છે: એક રેલવે પુલની પાસે એક નાની સરખી ઝૂંપડી હતી, તેમાં એક વૃદ્ધ સ્ત્રી અને તેની એક નાની છોકરી રહેતાં હતાં. એક વાર એવો મૂશળધાર વરસાદ વર્ષ્યો કે પુલ પડી ગયો. રાત અંધારી હતી અને પવન જોસપૂર્ણ સૂસવાટા મારી રહ્યો હતો. અચાનક છોકરીની ઊંઘ ઊડી ગઇ. તેણે પોતાની ખડકીમાંથી જોયું તો પુલ તૂટેલો માલૂમ પડ્યો ગાડીનો આવવાનો સમય થઈ ગયો હતો. તેણે પોતાની માને ઉઠાડી અને કહ્યું, ‘મા, પુલ તૂટી ગયો છે અને ગાડી હમણાં આવશે; માટે હજારો માણસોના જાન બચાવવા આપણે કંઈક કરી છૂટવું જોઈએ.’

એક બાજુ વરસાદનું ભયંકર તોફાન હતું; ઘરની બહાર નીકળવાનું મન થાય તેવું નહોતું; બીજી બાજુ છોકરી કહેતી હતી કે, ‘મા, હજારો માણસોના જીવ બચાવવા માટે આપણે કંઇક કરવું જોઈએ.’

છોકરી ઘણી હોશિયાર હતી. તેણે પોતાના હાથમાં એક લાકડી લીધી અને તે પર કપડું લપેટીને તેને સળગાવ્યું; બીજા હાથમાં તેણે પોતાની લાલ સાડીનું ફાટેલું કપડું લીધું અને પોતાની માને કહ્યું, ‘મા, ચાલો; હવે આપણે ગાડી સામે ઊભાં રહીએ. ડ્રાઈવર આ લાલ કપડું જોશે કે તરત જ ગાડી ઊભી રાખી દેશે.’

મા અને દીકરી ભયંકર પવનના સૂસવાટાઓની દરકાર કર્યા વિના પુલ પાસે આવીને ઊભાં રહી ગયાં. ગાડી સમયસર આવી પહોંચી. ડ્રાઈવરે બળતા કપડાના અજવાળામાં જ્યારે લાલ કપડું ફરફરતું જોયું ત્યારે તેણે તેને ચેતવણીરૂપ સમજી ગાડી ઊભી રાખી દીધી. ચારે બાજુ ભયંકર તોફાન હતું. આવા ભયાનક જંગલમાં ગાડી ઊભી રહેતાં મુસાફરો વિચારમાં પડી ગયા અને નીચે ઊતરીને ગાડી ઊભી રહેવાના કારણની તપાસ કરવા લાગ્યા. ડ્રાઇવર નીચે ઊતર્યો; અને મા દીકરી પાસે આવીને તેણે પૂછ્યું, ‘આ લાલ કપડું કેમ બતાવ્યું?’

છોકરીએ કહ્યું, ‘અહીં પુલ તૂટી ગયો છે. ગાડી અહીંથી ચાલે અને હજારો માણસો માર્યા જાય – એ બીકે આ લાલ કપડું બતાવીને ગાડી ઊભી રખાવી છે.’

તપાસ કરતાં પુલ તૂટેલો માલૂમ પડ્યો અને ડ્રાઈવર તેમ જ મુસાફર આ ભયંકર અકસ્માતથી બચી જવા માટે હર્ષ પામ્યા. લોકો છોકરીની સમયસૂચકતા માટે પ્રશંસા કરવા લાગ્યા. સરકારે તેને ઈનામ પણ આપ્યું.

કહેવાનો ભાવાર્થ એ છે કે જીવનમાં આવી દયા પ્રગટે ત્યારે જ સત્યનું આચરણ થઇ શકે. તેના આચરણ વિના, સત્યનું પાલન અધુરું રહે છે અને તેની સ્થિતિ અપંગ જેવી થઈ જાય છે.

ઉદ્યોગનું શિક્ષણ દેખાવ કે પ્રદર્શન માટે નહિ પણ સાચી કેળવણી માટે તેમ જ બીજા વિષયોમાં પ્રગતિને ઉપકારક થઇ પડે તે માટે છે. — બાળાસાહેબ ખેર



ચિ. કુસુમ,

તારો કાગળ મને મળ્યો છે. તારી ઇચ્છા
[illegible] [illegible] [illegible]. [illegible] [illegible] વાત
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]. [illegible]
બીજા [illegible] [illegible] [illegible]
[illegible] છે. [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] છું.

[illegible] [illegible] [illegible] છે.
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
છે. [illegible] [illegible] [illegible] [illegible]. [illegible]
[illegible] [illegible] તોયે તું [illegible].

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] વાત
[illegible] [illegible] [illegible] [illegible]
હોય. [illegible] વસ્તુનું [illegible] [illegible] [illegible]
[illegible]. [illegible] [illegible] [illegible] [illegible],



નિરાશ ન જ થવું ને તેઓની સેવાના
પ્રસંગ શોધી લેવા. સેવાને ખાદીને સંબંધ
નથી છતાં સેવા પ્રેમ ઉત્પન્ન કરે છે ને જેની
ઉપર પ્રેમ પેદા થાય તેની વાત વહેલી
ગળે ઉતરે છે.

તારું સતારનું જ્ઞાન ખૂબ વધ્યું હશે.
તારને એકસૂર બરાબર કરી શકે છે?
અંગ્રેજીમાં શું વાંચે છે?

૨૫ ફેબ્રુ બાપુના આશીર્વાદ

[સેવાનું કાર્ય અત્યંત મુશ્કેલીભર્યું છે. એમાં ધીરજની પણ ઘણી જરૂર રહે છે. સેવાના કામમાં ઘણી વાર એવું બને છે કે જેઓની આપણે સેવા કરવા ઇચ્છીએ છીએ તેઓ અજ્ઞાનને કારણે અથવા ચાલી આવતા રીતરિવાજોને કારણે કે રહેણીકરણીને કારણે તેમ જ આળસ, મંદતા કે શિથિલતાને લીધે આપણે તેઓને કેટલીય સારી વસ્તુ કહીએ તોયે તેઓને એ વાત ગળે ઊતરતી નથી અને ઘણી વાર તેઓ સારી વસ્તુનો પણ વિરોધ કરવા લાગી જાય છે. એવે સમયે સેવકોએ બહુ ધીરજ ધરીને તેઓ પર જરાયે ગુસ્સે થયા વિના, બધો વિરોધ હસતે મુખે સહન કરીને તેઓની સાથે પ્રેમભાવથી વર્તવું જોઈએ. શુદ્ધ પ્રેમભાવ સામી વ્યક્તિના હૃદય પર અસર કર્યા વિના રહેતો જ નથી. અવશ્ય એ પ્રેમ બાહ્ય દેખાવ પૂરતો નહિ પણ હૃદયની સચ્ચાઈભર્યો હોવો જોઈએ. પ્રેમભાવે કરેલી સેવા જ શુભ ફળદાયી લાંબે ગાળે પણ બને જ છે. તેથી સેવકોમાં પ્રથમ પ્રેમભાવ અને તેમાંથી નીપજતો સેવાભાવ હોવો જરૂરી છે. આ સત્ય બાપુજીએ આ વખતના પત્રમાં સરળ અને સૂત્રાત્મક શૈલીમાં સમજાવ્યું છે.]

ચિ૰ કુસુમ,

તારો ઠપકો સાચો છે. તારો છેલ્લો કાગળ કાલે મળ્યો. સવારના ત્રણ વાગે લખાય તે લખાયા એમ ઘણી વાર ચાલે છે. તેમાં તારો કાગળ રહી જતો હતો. આજે બીજા મુલતવી રાખી તને લખવા બેઠો છું. આજે મૌનવાર છે. હરિજનનું થોડું બાકી છે. તે પછી કરીશ. આ લખી નાખું છું.

તારું વજન સરસ થતું જતું લાગે છે.

હરિજનને ત્યાંના જમણનું વર્ણન ઠીક આપ્યું છે. જ્યાં બને ત્યાં સેવા કર્યા કરજે. હું ન લખી શકું તોયે તું લખ્યા કરજે.

જે બાઈની સાથે તેં ખાદીની વાત કરી તેઓની સાથે એક જ જાતનો વહેવાર હોય. એ જ વસ્તુનું વિનયપૂર્વક સિંચન કર્યા કરવું. બીજાઓનાં ઉદાહરણ આપવા. નિરાશ ન જ થવું. ને તેઓની સેવાના પ્રસંગ શોધી લેવા. સેવા ને ખાદીને સંબંધ નથી છતાં સેવા પ્રેમ ઉત્પન્ન કરે છે ને જેની ઉપર પ્રેમ પેદા થાય તેની વાત વહેલી ગળે ઊતરે છે.

તારું સતારનું જ્ઞાન ખૂબ વધ્યું હશે. તારને એકસૂર બરાબર કરી શકે છે કે?

અંગ્રેજીમાં શું વાંચે છે?

તા. ૨૬-૨-૩૪

બાપુના આશીર્વાદ
પ્યારાબાપુ

કુદરતી ગળણીઓ

મુનિશ્રી નાનચંદ્રજી

જેમ તમારા બાહ્ય શરીરમાં ખરાબ પરમાણુઓ નાકમાં ન પેસી જાય તે માટે કુદરતે નાકની અંદર વાળની ગળણી રાખવાની યોજના કરી છે, તેમ તમારી આંતરિક રચનામાં પણ સર્વ સ્થળે 'સેફ્ટી વાલ્વ' રાખ્યા હોય છે. બહારનો કોઈ જાતનો કચરો દાખલ ન થાય તે સારુ અટકાયતની ચાવીઓ કુદરતે જ તમોને સોંપી છે; વિવેકબુદ્ધિની ગળણી આપી છે, નાકે નાકે ચોકીદારો બેસાડ્યા છે.

પણ જ્યાં ધણી જ નમાલો, ગમાર હોય ત્યાં બિચારા ચોકીદારો શું કરે? પરિણામને ગણકાર્યા વિના જેને તેને દાખલ જ કર્યા કરે, ત્યાં નોકરોનો શો ઉપાય? એમાંના કેટલાક વફાદાર ચોકીદારો અતિ નમ્રતાભરી ધીમી સૂચનાઓ કરે છે, 'ગરીબનવાજ! આ ચોરને દાખલ કરવા જેવો નથી.' પણ એ ગમાર માલિક તો ઊલટો તેને જ ધમકાવે, બળજબરીથી ઉપરવટ થઈને દાખલ કરવાનું બાદશાહી ફરમાન છોડે, અને કાં તો એ ખબર આપનારના જ માથામાં મારે. ત્યાં બીજો શો ઉપાય?

આ વાત તમોને વધુ સ્પષ્ટતાથી સમજાવું. મનુષ્યને પોતાના બાહ્ય શરીરની સ્પષ્ટ જાણ હોવા છતાં, આપણે જોઈએ છીએ કે પચે નહિ એવા અનેક પદાર્થો તે ખાય છે. નહિ ખાવાનું તે ખાય છે. પરાણે પરાણે ઠાંસી ઠાંસીને હોજરીમાં નાખ્યા કરે છે. પરિણામે હોજરીની પચાવવાની તાકાત ધીમે ધીમે ખવાઈ જાય છે, અને હોજરીની શક્તિ ક્ષીણ થતાં તે ખોરાકને પચાવવા માટે કુદરતને ગરમી ઉત્પન્ન કરવા તાવ લાવવો પડે છે. પણ એ મૂર્ખ માલિકે પોતે જ એ તાવને આમંત્રણ આપ્યું છે, એનું તેને ભાન રહેતું નથી. તે તાવ કાઢવાની ઊલટી મહેનત કરે છે. હોજરીમાં નથી પચ્યું, માટે તાવની જરૂર છે; એને તે સમજતો નથી. તેથી તેણે એ તાવને અનુકૂળ થવું જોઈએ, તેને બદલે પ્રતિકૂળ થાય છે. એ શરીરના ચોકીદારોને તો અંદર ભરાઈ ગયેલો કચરો કાઢી નાખવો છે, જ્યારે એ શરીરનો મૂર્ખ માલિક કૃત્રિમ ઉપાયો દ્વારા કચરાને અંદર સમાવવાનો પ્રયાસ કરે છે. જે માલિક પોતાની ભૂલનું પરિણામ તાવ છે એટલું સમજી તેને અનુકૂળ થાય છે, તેનું કાર્ય વહેલું પતી જાય છે. તે જાણે છે કે દશવીસ રતલ જેટલો મળ ભરાયો છે. તેને બાળીને ખાખ કરી કાઢવાનો છે. નવો મળ વધારવાનો નથી, ને તેથી જ કુદરતી ખાવાની ઇચ્છા થતી નથી. જરૂર વિના અંદર કશુંય પણ જવા દેવાને કુદરત ઇચ્છતી નથી, અને તે એટલી હદ સુધી કે તેમ ને તેમ દિવસોના દિવસો વીતી જાય. જેટલા પ્રમાણમાં મળ, એટલા વખતનો મુદતિયો તાવ. જેટલો ગુનો તેટલી જ શિક્ષા. નાનો ગુનો હોય તો નાની શિક્ષા, અને મોટો ગુનો હોય તો મોટી શિક્ષા! જ્યારે એ બધું સાફ થાય, ત્યારે જ દરવાજો ઊઘડે. ઓછામાં ઓછા સાત દિવસ, અને વધુમાં વધુ પિસ્તાળીસ દિવસ જેટલી લાંબી મુદત સુધી પણ ચાલે. કારણ કે મળનો ભરાવ અને તેથી આંતરડાં ખરાબ થયાં હોય છે.

આ જ રીતે સૂક્ષ્મ શરીરનું પણ સમજી લેવું. અંદર પાપનો ભરાવ થયો તે આસ્રવ, તેના દરવાજા બંધ થાય તે સંવર અને એ

પ્યારાબાપુ

મળ નીકળે અને સ્વસ્થતા આવે તે નિર્જરા.

જેમ સમજ્યા વિના શરીરમાં ખોરાક નાખવાથી તેની શિક્ષા વેઠવી પડે છે, તેમ મનુષ્ય જે તે વિચાર અને જે તે વર્તન કરી આસ્રવનાં દ્વારો ખુલ્લાં રાખે છે, તો એ ખુલ્લાં રહેવાથી પ્રવાહ ચાલ્યો આવે છે. અને જ્યારે તે ખૂબ ભારી થઈ જાય છે, ત્યારે તે જીવાત્મા નીચેની અધોભૂમિમાં કે નરક જેવાં સ્થાનોમાં જઈને તે કર્મની અકામ નિર્જરા (જ્ઞાનરહિત નિર્જરા) દ્વારા પરિમિત કાળ સુધી અતિ કષ્ટ વેઠીને દુષ્ટ કર્મોને ભોગવે છે.

ખરાબ અને ભારી ખોરાક લેવાથી ટાઇફોઇડ થાય છે. તે જ રીતે ખરાબ દશ્યો જોવાથી કે વિચારવાથી વૃત્તિની દુષ્ટતા ખોટું વર્તન કરાવે છે. અને તેને લઇને હઠીલાઇ, મમત્વ, વિષય, વિકાર. કષાયો વગેરે આંતરિક મળો એકઠા થાય છે. જેટલા પ્રમાણમાં મળ વધે તેટલા પ્રમાણમાં ધખારો વધે, અંતઃકરણની કોઠી ધખ્યા કરે. ક્રોધની માત્રા વધી એટલે આખી કોઠી લાલચોળ થઈ જાય. ધૂણી જેવી એ ધખ્યા કરે. પોતાથી એ સહન ન થાય. અને આસપાસના બીજાઓ પણ એથી દાઝે. સ્વાર્થનો રાક્ષસ તેને પીડયા કરે. મોટા કાવાદાવા, હરામખોરી વગેરે અનેક પાપોનો મળ ખુલ્લે બારણે આલ્યો આવે, મોટાં મોટાં ખાલી ગરનાળાં એકદમ છલોછલ ભરાઈ જાય. દુષ્ટ વિચારો બહારના બધા દુષ્ટ પરમાણુઓને અંદર આકર્ષે છે. કારણ કે સ્વજાતીય પદાર્થને આકર્ષવાનો સ્વજાતીય પદાર્થમાત્રમાં ગુણ હોય છે. પછી તો ડુંગળીની ગંધના પરમાણુઓ કરતાં પણ ઉગ્ર અને દુર્ગંધી ખરાબ વિચારના પરમાણુઓનો પ્રવાહ ચાલ્યો આવે. તે પ્રવાહ અતિ સૂક્ષ્મ છે. તે તો સૂક્ષ્મ દષ્ટિ પ્રગટે ત્યારે જ સમજાય. એટલે જ મહાપુરુષો કહે છે કે તમારી વૃત્તિના વેગને તપાસો, અને જેવો વેગ હોય તેટલી જ અનુપ્રેક્ષા પણ સજ્જડ કરો. આત્મનિરીક્ષણ કરવાની ટેવ પાડો.

સ્તુતિ અને શ્રદ્ધા

એક સદાચારી વિદ્વાન બ્રાહ્મણનો પુત્ર વિદેશમાં રહેતો હતો. અને તે પૂર્વજન્મના કર્મયોગે વિદેશમાં જઇ ચારિત્રહીન થયો. આ ખબર તેના પિતાને પડવાથી પુત્રને પત્ર લખ્યો કે, 'પ્રિય પુત્ર વામદેવ! મેં સાંભળ્યું છે કે તમે વિદેશમાં જઈ આપણા કુળનો જે સદાચાર છે તે છોડયો છે. જો આ વાત સાચી હોય તો તમે મોટું પાપ કર્યું છે. જે થયું તે ઠીક, પણ હવેથી તમારાં પૂર્વ કર્મનો પશ્ચાત્તાપ કરી તમે આપણા કુળધર્મના સદાચારનું આચરણ કરશો.' આવી રીતના પિતાના પત્રને વિદેશમાં રહેલો પુત્ર હૃદય સાથે ચાંપી નેત્રને સ્પર્શ કરાવતો હતો.

તે વખતે તેના સોબતીએ પૂછયું, 'તમે આ શું કરો છો?' તેણે હર્ષમાં આવી જઈ કહ્યું,'મારા પ્રિય પિતાજીનો આજ્ઞાપત્ર છે. તેનો હું મારા નેત્રોને સ્પર્શ કરું છું'

આમ તે પત્રનો તેણે એટલો બધો આદર કર્યો કે જાણે પિતાનાં વચનોમાં તેને કેટલીયે શ્રદ્ધા હશે, પરંતુ તેમાંથી એક પણ શબ્દ આચરણમાં મૂકયો નહિ. આવી રીતે શાસ્ત્રજ્ઞાનને જાણનારાં મનુષ્યો શાસ્ત્રોની ખૂબ સ્તુતિ કરશે, પરંતુ તેમાં શુદ્ધ શ્રદ્ધા નહિ રાખે.

સાચો ભિક્ષુ

પદ્મનાભ શ્રી. જૈની



એક સમયે ભગવાન બુદ્ધ શ્રાવસ્તી નગરીમાં જેતવનમાં વિહાર કરતા હતા. તે સમયે આયુષ્માન યશોજ અને તેમના સાથી પાંચસો ભિક્ષુઓ ત્યાં ભગવાનનાં દર્શન કરવા આવ્યા હતા. આ આગન્તુક ભિક્ષુઓના સ્વાગતમાં, તેઓના આદરસત્કારમાં, તેઓને માટે આસન અને પથારીની વ્યવસ્થા કરવામાં વિહારના બધા ભિક્ષુઓ મગ્ન હતા. વિહારના અને આગુન્તક એ સૌ ભિક્ષુઓ વાતચીત કરતા હોવાથી મોટો અવાજ થતો હતો. એટલે ભગવાને આયુષ્માન આનંદને પૂછ્યું: "આનંદ! આ આટલો મોટો અવાજ શાનો આવે છે? જાણે બજારમાં માછલાં વેચાતાં હોય!"

"ભન્તે! આયુષ્માન યશોજ અને તેમના પાંચસો સાથીઓ આપનાં દર્શન માટે આવ્યા છે, તેઓનો અવાજ છે."

"તો આનન્દ! તેઓને કહી આવો કે, ભગવાન તમને બોલાવે છે."

"સારું ભન્તે!" એમ કહીને આનંદ આયુષ્માન યશોજ અને બીજા પાચસો ભિક્ષુઓને બોલાવવા ગયો અને થોડી વારમાં એ સૌને લઇને પાછો ફર્યો. તેઓ સૌ ભગવાનને પ્રણામ કરી એક બાજુએ બેઠા. તેઓને ઉદ્દેશીને ભગવાન બોલ્યા: "ભિક્ષુઓ! તમે જ આટલો મોટો અવાજ કરતા હતા ને? જાણે બજારમાં માછલાં વેચાતાં ન હોય?"

એટલે યશોજે ભગવાનને કહ્યું: "ભન્તે! અમે પાચસો ભિક્ષુ અહીં આપનાં દર્શન માટે આવ્યા છીએ. અહીંના ભિક્ષુઓ સાથે અમે સંભાષણ કરતા હતા. એટલે મોટો અવાજ થયો હોવો જોઇએ."

"તમે જાઓ. તમારે મારી સાથે રહેવું ન જોઇએ."

"સારું ભન્તે!" એમ કહીને ભગવાનની આજ્ઞા માની બધા ભિક્ષુઓ ત્યાંથી ચાલ્યા ગયા અને અનુક્રમે વજ્જી ઇત્યાદિ પ્રદેશોમાં વિચરતા તેઓ વગ્ગુમુદા નદી તીરે આવ્યા. ત્યાં પર્ણકુટી બાંધીને ચાતુર્માસમાં રહેવા લાગ્યા. આયુષ્માન યશોજે ભિક્ષુઓને સંબોધીને કહ્યું: "આયુષ્માન ભિક્ષુઓ! આપણા હિતૈષી, અનુકમ્પક શાસ્તા ભગવાને આપણને ત્યાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી છે તે આપણને સુધારવા માટે જ. એટલે આપણે હવે એવી રીતે રહીએ કે જેથી ભગવાનનું ચિત્ત પ્રસન્ન થાય, એમની કૃપા થાય."

"સાધુ આયુષ્માન!" એમ કહીને બધા ભિક્ષુઓ દૃઢ ચિત્તથી, પરાક્રમથી, ધ્યાન અને ચિન્તન કરવા લાગ્યા. અને તેઓને ધીમે ધીમે

પારાબાપુ

ચિત્તની શાંતિ પ્રાપ્ત થઈ.

તે સમયે ભગવાન પણ વૈશાલીમાં નિવાસ પૂરો કરી મહાવનમાં આવ્યા. વલ્ગુમુદા નદી પાસે જ હતી. ત્યાં ધ્યાનપરાયણ ભિક્ષુઓને ધ્યાન–ચિન્તન કરતા જોઇને ભગવાન પ્રસન્ન થયા. ભગવાને આયુષ્માન આનન્દને કહ્યું: "આનન્દ! આ બધી દિશાઓ જાણે પ્રકાશથી અને પ્રસન્નતાથી ભરાઈ ગઈ હોય એમ લાગે છે! આ દિશાઓમાં વલ્ગુમુદા નદીને તીરે ભિક્ષુઓ ધ્યાન અને ચિન્તનમાં મગ્ન છે. આનન્દ! તું નદીતીરે જઇને બધા ભિક્ષુઓને કહી આવ કે, શાસ્તા તેઓનાં દર્શનની ઇચ્છા કરે છે."

આયુષ્માન આનન્દ ત્યાં ગયા અને સૌ ભિક્ષુઓને આ શુભ સંદેશો આપ્યો. ભિક્ષુઓએ હર્ષથી એને વધાવી લીધો.

જ્યારે એ બધા ભિક્ષુઓ આવ્યા ત્યારે ભગવાન નિશ્ચલ સમાધિમાં બેઠા હતા. આ જોઇને એ બધા પણ નિશ્ચલ સમાધિમાં સ્થિર થયા. આમ આખી રાત સુધી ચાલ્યું!

સવાર થતાં આનન્દે ભગવાનને કહ્યું: "ભન્તે! રાત્રિ પૂરી થઈ છે. પ્રથમ યામ વીતી ગયો છે. આ ભિક્ષુઓ ઘણા વખતથી આવીને અહીં બેઠા છે. ભન્તે! આપ આગન્તુક ભિક્ષુઓ સાથે કુશલપ્રશ્ન કરો."

પરંતુ ભગવાન સ્તબ્ધ અને મૌન રહ્યા. આનન્દે વારે વારે એ જ પ્રાર્થના કરી એટલે ભગવાન નિશ્ચલ સમાધિમાંથી ઊઠ્યા અને આનન્દને કહેવા લાગ્યા: "આનન્દ! તને એટલી તો ખબર હતી જ કે હું તેમ જ આ બધા ભિક્ષુઓ નિશ્ચલ સમાધિમાં બેઠા હતા! આવા આર્યમૌન જેવું સુન્દર બીજું શું છે?"

પછી ભગવાન બોલ્યા:–

"યસ્સ જિતો કામકણ્ટકો
અક્કોસો ચ વધો ચ બન્ધનં ચ
પબ્બતો વિય સો ઠિતો અનેજો
સુખદુક્ખેસુ ન વેધતિ ભિક્ખૂ।"

(જેનો કામકણ્ટક, આક્રોશ વધ અને બન્ધન વિજિત છે, જે સુખદુ:ખનો કમ્પ પામતો નથી, અને પર્વત પ્રમાણે અચલ રહે છે એ જ ભિક્ષુ છે.)

સરદારશ્રીની વાણી

બેપરવાઈમાં નથી કશી વીરતા કે નથી કશી ગૃહસ્થાઈ.

× * ×

જે પોતા પર બીજાને જીવવા દે છે તે માણસ નહીં પણ જાનવર છે.

× * ×

આપણને સ્વતંત્રતા જોઇએ છે. પણ સ્વતંત્રતા શું કરવાને માટે? ભૂંડની પેઠે કીચડવાળા ખાબોચિયામાં આળોટવા માટે? હું તમને કહું છું કે આપણા ગ્રામવાસીઓને આપણે વધારે સારી સ્વચ્છતાની ટેવો ન શીખવીએ, અને તેઓ ઢોરને માટેની કોઢ જેવાં લાગતાં ગંદાં અને કઢંગાં ઘરોમાં તેમનાં ઢોરો સાથે રહેવાનું ચાલુ રાખે તો સ્વરાજ આવવાથી પણ તેમનું કશું દળદર નહીં ફીટે.

× * ×

તાત્કાલિક ફળ જોઇએ તેનાથી ગ્રામ-સેવાનું કામ ન થઇ શકે.

× * ×

સત્યાગ્રહની લડાઇ હમેશાં બે પ્રકારની હોય છે: એક જુલમોની સામે અને બીજી પોતાની નબળાઇઓની સામે.

× * ×

સત્યાગ્રહ એ કાયરોનું હથિયાર નથી.

પ્યારાબાપુ



બાપુજીની મીઠી વાતો -૬ .... સાને ગુરુજી

તમે બે મિત્રો એકબીજા સાથે ભેટો થાય ત્યારે તમને કેટલો આનંદ થાય! અને ઘણાં વર્ષો પછી ભેગા થાઓ ત્યારે આ આનંદ સોગણો વધારે હોય છે. બે મિત્રોના મિલનમાં માધુર્ય હોય છે. કારણ કે ત્યારે નિર્મળ પ્રેમ હોય છે. પરંતુ બે મહાન પુરુષોનું પરસ્પર મિલન થાય છે ત્યારે એમાં અપૂર્વ માધુર્ય રહેલું છે. તે ગંગા યમુનાનું મિલન હોય છે; સૂર્યચંદ્રની એ ભેટ હોય છે; હરિહરનો એ મિલાપ હોય છે. સમર્થ રામદાસ અને તુકારામ એ બેની એવી જ ભેટ એક વાર થઈ હતી. એક નદીને તીરે આ બે સાધુઓ વચ્ચે શો વાર્તાલાપ થશે એ સાંભળવા હજારો માણસો ભેગાં થયાં હતાં. પરંતુ એકે પાણીમાં પથરો ફેંક્યો અને બીજાએ આકાશ ભણી આંગળી બતાવી. પછી બંને છૂટા પડ્યા. એનો અર્થ શો? એકે કહ્યું: "પાણીમાં પથરો ડૂબી જાય એમ આ લોકો સંસારમાં ડૂબી જાય છે." બીજાએ કહ્યું: "શું થઇ શકે એમ છે? પ્રભુની ઇચ્છા."

પરંતુ મારે તો તમને બાપુજીની વાત કહેવાની છે. યરોડા જેલમાં મહાત્માજીએ ૧૯૩૨ની સાલમાં ઉપવાસ શરૂ કર્યા હતા. હરિજનોને હિંદુસમાજથી હમેશને માટે અલગ પાડી દેવાની અંગ્રેજોની રમત હતી. મહાત્માજીને આ વાત અસહ્ય લાગી. શરીરનો એક ભાગ કરવતથી છૂટો પાડવાનું કોનાથી સહન થાય? અને હિંદુ સમાજની પણ એ કાયમની નામોશી થઈ હોત. તેથી મહાત્માજીએ ઉપવાસ શરૂ કર્યા હતા. ઇંગ્લંડના તે વખતના પ્રધાન મૅક્ડોનલ્ડે આપેલા ચુકાદાને બદલવા માટે તે ઉપવાસ હતો. દોડધામ શરૂ થઈ ગઈ. યરોડા જેલ ભારતનું રાજકીય-ચર્ચાક્ષેત્ર બની ગઇ. પંડિત મદન મોહન માલવીય આવ્યા. રાજાજી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર આવ્યા. છેવટે ડૉ. આંબેડકરને મંજૂર થાય એવો 'પુના કરાર' થયો. બધાં આનંદ પામ્યાં.

તે વખતે યરોડામાં ઉપવાસ છોડવાને વખતે કોણ કોણ હાજર હતું? દેશબંધુ

દાસનાં પત્ની વાસંતીદેવી આવ્યાં હતાં. સરોજિની દેવી હતાં. મદનમોહન હતા. અને ગુરુદેવ રવીન્દ્રનાથ હતા. તેઓ મહાત્માજી પાસે આવ્યા. આંબા નીચે મહાત્માજીનો ખાટલો હતો. રાષ્ટ્રપિતા ત્યાં સૂતેલા હતા. ઉપવાસ છોડવાનો સમય હતો. રવીન્દ્રનાથ મહાત્માજીની પાસે ગયા. એ મહાન કવિ ભાવનાથી પ્લાવિત બન્યા હતા. તેઓ નીચા નમ્યા. મહાત્માજીના ખોળામાં માથું મૂકીને એ કવીંદ્ર, એ ગુરુદેવ નાના બાળકની માફક રડી પડ્યા!

આ દૃશ્ય આંખ સામે આવતાં હું કેટલીય વાર ગદ્ગદિત થઇ ગયો છું! તમને શું આ પ્રસંગ અતિ પાવન અને મધુર નથી લાગતા? ભારતનું બધું સત્ય, શિવ, સુંદર તે વખતે યરોડા જેલમાં એકત્ર થયું હતું. મહાન પ્રસંગ! વંદન હજો એ પવિત્ર મંગળ પ્રસંગને!

આપણું અંગત જીવન

જુગતરામ દવે

ઘરમાં ગમે તેવા લંપટ થઈને વર્તવું એ સમાજમાં પ્રતિષ્ઠા પામ્યું, તેની અસર ગામડામાં વસતા મૂંગા કરોડો ઉપર પણ પડ્યા વિના રહી નથી. તેમનાં ભોળાં જીવનોમાં કામીપણું સ્વાભાવિક રીતે જ માપમાં રહે એવી અપેક્ષા રહે. પરંતુ ઉપરના વર્ગોએ એક આચાર એક વાર પ્રતિષ્ઠિત કર્યો, એટલે તેના અનુકરણની લાલચમાંથી તેઓ કેમ બચી શકે? આમ આપણાં ગામડાંઓ પણ કામાંધ અને અવિવેકી જીવનમાં ફસાયા છે. પરિણામે કમાણીની તાકાત નહીં અને ખાનારાં ઘણાં, એવી તેમની દશા થઈ ગઈ છે. જાણે માણસથી કોઈ નીચેની યોનિની હોય એવી આપણી પ્રજાની દીનદશા બની રહી છે.

આપણા સ્ત્રીસમાજની સ્થિતિ જોઈએ તો ત્યાં પણ આપણા લોકોના વિષયીપણાની છાપ દેખાયા વિના રહેતી નથી. તેઓને જીવનના કોઈ ઊંચા વિચારો કરવાની તક આપણે આપતા નથી. તેમનો આખો દિવસ આપણાં સુખસગવડો સાચવવામાં, અથવા બનીઠનીને આપણી મહેરબાની ટકાવી રાખવામાં જાય છે. તેઓ આપણી આંખ ઉપરથી સમજી જાય છે કે એમ વર્તવામાં જ તેમનાં સુખસલામતી છે. આપણે પોતે દેશસેવાનું જીવન સ્વીકાર્યું હશે તોપણ આપણે ગૃહજીવનનાં અંગત સુખો છોડવા તૈયાર હોતા નથી, અને તેથી સ્ત્રીઓ આપણી અંગત સેવા કરતી રહે એવું જ આપણું વલણ કુદરતી રીતે રહે છે. આપણા સેવાજીવનમાં તેમને ભાગીદાર કરવાના પ્રયત્નમાં આપણે અત્યંત ઢીલા છીએ, તેનો બીજો કોઈ ખુલાસો છે શું?

ઘડાનું પાણી કહેવા લાગ્યું :–
"અરે ઓ મહાસાગર! જો ને, હું કેવું સ્વચ્છ અને ઊજળું છું! તું તો સાવ મેલોઘેલો છે!"

એ જ રીતે ક્ષુદ્ર સત્ય પણ બોલી ઊઠે છે :–
"હું કેવું પટપટ બોલું છું! અરે ઓ મહા સત્ય, તને તો જીભ જ નથી!"

—ગુરુદેવ

ત્રિવેણી સંગમ

સંકલનકર્તા : મુ૦ ક૦



(૨૮)

તે વખતે બારડોલીમાં લોકોએ પૈસા બધા ભરી દીધા, ન ભરવાને માટે દિલગીરી બતાવી. કમિશનરને હારતોરા આપ્યા, અને 'સરકારકી જે' બોલાવી !!

વલ્લભભાઈ કહે : "હવે આપણે સરકારને લખીએ કે 'સરકારની જે' થઈ ગઈ છે; હવે અમને શા સારુ પૂરી રાખ્યા છે ?"

બાપુ : "બરોબર છે. આપણુને કબૂલ છે !"

(૨૯)

એક દિવસે લખેલા કાગળોની યાદી, મહાદેવભાઈ બાપુ પાસે હાજર ન હતા એટલે વલ્લભભાઈ પાસે બાપુએ રાત્રે બેસીને કરાવી. કાગળના ટુકડામાંથી અર્ધો બાકી રહ્યો તે વલ્લભભાઇએ કાપ્યો અને બાપુની સામે જોઇને તેઓ કહે : "એટલો શા માટે ન બચાવીએ ?"

બાપુ કહે : "મારો લોભ શીખો તો સારું જ તો !"

આ વાક્યમાં મીઠું કટાક્ષ હતું, એ વલ્લભભાઈ શેના જાણે ? એ વાક્યનો સંબંધ તે દિવસે સાંજે મહાદેવભાઇને એક વાક્યમાં બાપુએ કહી દીધું હતું તેની સાથે હતો : "મહાદેવ, આ વલ્લભભાઈ માટે નથી. તમને જ સૂચના કરી દઉં કે અહીં બહારથી જે વસ્તુ આવે તે ઉપર અંકુશ રાખજો હોં. હું જોઈ ગયો છું કે ધીમે ધીમે વધતું જ જાય છે. આ પૈસા આપણા જાય છે, એ ભાન મારા મનમાંથી કદી ખસતું નથી. જે વલ્લભભાઈના આરોગ્યને માટે આવશ્યક હોય એ અવશ્ય મંગાવવું, પણ મર્યાદા સમજી લેવી."

(૩૦)

સત્યાગ્રહ સપ્તાહ બીજે દિવસથી શરૂ થવાનો હતો, એટલે પીંજવાનું શરૂ કરવાનું હતું. મહાદેવભાઈ બાપુને પૂછવા લાગ્યા : "પીંજણની તાંત કેવી છે ? તમારાથી કેટલી વાર તૂટતી હતી ?"

બાપુ કહે : "જતન કરતાં આવડે તો કાંઇયે ન તૂટે. શંકરલાલ મારી પાસેથી લે કે તૂટે. કાકા મારી પાસેથી લે કે તૂટે. પણ મારી તો દહાડાના દહાડા સુધી ચાલતી. એ તો જતનનું કામ છે. જુઓની આ લંગોટ પહેરું છું. તે જાળવી જાળવીને પહેર્યા કરું છું. બીજાની પાસે તે હોય તો ક્યારનો ફાટી જાય."

વલ્લભભાઇ હસતા કહે : "એ તો પહેરતા જ ન હો, અને ખીંટી ઉપર સંભાળીને રાખી મૂક્યો હોય એવું લાગે છે."

બાપુ : "એમ જ છે."

બાપુની આ વાત સાંભળી મહાદેવભાઇ વિચારે ચડ્યા : '"જતન કરતાં આવડે તો" એ શબ્દમાં બાપુનું આખું જીવન આવી જાય છે એમ કહી શકાય. "દાસ કબીર જતન કર ઓઢી, જ્યોંકી ત્યોં ધર દીની ચદરિયાં" એ શબ્દ બાપુને જોઇને ઘણી વાર યાદ આવે છે. ૩૦-૩૫ વર્ષ થયાં શરીરની અને મનની શુદ્ધિનું જાગ્રત જતન એમણે જેવું કર્યું છે તેવું કોણે કર્યું હશે ?'

(૩૧)

એક વાર સવારે મહાદેવભાઈ બાપુએ તેમને પૂછેલી કહેવત ‘ધણીને સૂઝે ઢાંકણીમાં ને પડોશીને ન સૂઝે આરસીમાં’નો અર્થ વલ્લભભાઇને પૂછતા હતા. એટલે બાપુ કહે: “કેમ, એમની પરીક્ષા લો છો?”

મહાદેવભાઇએ કહ્યું: “વલ્લભભાઇ પાસે આવી કહેવતોનો ઠીક ભંડાર હોય છે. એટલે એમને કદાચ ખબર પડે.”

બાપુ કહે: “હા, એ તો હું જાણું છું, પણ અર્થ વિષે આપણે ક્યાં તકરાર છે? આપણે તો એની રચનાનો પ્રશ્ન છે. એ કહેવત ગોઠવી શી રીતે શકાય? અર્થ તો સ્પષ્ટ છે કે ધણીને જે અંધારામાં સૂઝે તે પારકાને ધોળે દિવસેયે ન સૂઝે. પણ એનો શબ્દાર્થ શી રીતે ગોઠવવો?”

આમ વાતો ચાલતી હતી ત્યાં બજારમાંથી કંઈ મંગાવવાની વાત ચાલી. બાપુનો તો એ વસ્તુઓના ઉપર કુદરતી રીતે જ કાપ પડે.

વલ્લભભાઈ કહે: “તમે બચાવશો તો જેલવાળા ખાઈ જશે. એ લોકો તો ગમે તે રીતે સોનો હિસાબ કરી મૂકવાના. ‘મિયાં લૂંટે મૂઠે અને અલ્લા લૂંટે ઊંટે.’”

બાપુ કહે: “લો જોઈ લો, તમારે માટે નવી જાણવાની કહેવત તૈયાર થાય છે.”

(ક્રમશઃ)

નિષ્ફળતામાંથી ઘડતર

દિલખુશ બ૦ દીવાનજી

બાદશાહખાન (અબદુલ ગફારખાન) ખાનદાન કુટુંબના છે. શાળામાં મૅટ્રિક સુધી અભ્યાસ કર્યો. પરંતુ પરીક્ષામાં નિષ્ફળ નીવડ્યા. એમના ભાઇ તો ડૉકટર થવા પરદેશ ગયા. બાદશાહખાન ન ગયા. એમની આ નિષ્ફળતા એમના જીવનમાં હાનિકારક ન નીવડી.

બાદશાહખાને સૈનિક થવાનો વિચાર કર્યો. પરંતુ એમાં પણ નિષ્ફળ ગયા. ઊતરતી પાયરીના અંગ્રેજ અમલદારે એમના મિત્રનું હડહડતું અપમાન કર્યું એ નજરોનજર બાદશાહખાને જોયું. એમનું દિલ સૈનિક જીવનમાંથી ઊઠી ગયું. આ નિષ્ફળતા પણ આખરે એમને લાભદાયક જ નીવડી.

વળી વધુ અભ્યાસ માટે પ્રયત્ન કર્યો. એમના પિતાશ્રી એમને ઇજનેર બનાવવા માગતા હતા. એમણે પરદેશ જવું એવું નક્કી થયું. પરંતુ એમનાં માતાજીને એમને દૂર મોકલવાનું ન ગમ્યું. માતૃપ્રેમ આગળ બાદશાહખાન નમી પડ્યા. પરદેશ જવાનો કાર્યક્રમ પણ નિષ્ફળ ગયો. આ નિષ્ફળતા પણ આખરે ઉપયોગી નીવડી.

ત્રણ પ્રયાસો નિષ્ફળ ગયા. કારણ કે ભગવાને એમને માટે જુદું જ ભાવિ નિર્માણ કરેલું. એમણે લોકસેવાનું કાર્ય કરવાનો જ આખરે નિર્ણય કર્યો. આ કાર્યમાં એઓ યશસ્વી નીવડ્યા. રાષ્ટ્રિય શિક્ષણના પ્રચારથી એમણે સેવાકાર્યનો આરંભ કર્યો. અહિંસાના અદ્‌ભુત તપસ્વી થયા. એમની એ તપશ્ચર્યા હજી અખંડિત રહી છે. દેશની આઝાદી માટે એમના જ ધર્મબંધુઓના રાજ્ય પાકીસ્તાનમાં એઓ હજી જેલજીવનનાં મૂંગાં કષ્ટ સહન કરી રહ્યા છે.

સામાન્ય જીવનની નિષ્ફળતાઓ સાચે જ મહાપુરુષોનું ઘડતર થઈ પડે છે.

ચ્યા રા બા પુ

'યોગઃ કર્મસુ કૌશલમ્'

કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

[પૂજ્ય ગાંધીજીએ ગીતાજીનો અનુવાદ કરેલ છે તે 'અનાસક્તિ યોગ'માં અ૦ ૯, શ્લો૦ ૨૨ ની નીચે નોંધમાં કર્મ કૌશલ વિના ભક્તિ અને સમત્વ બંને આભાસ માત્ર હોવાનો ભય છે, એવું જણાવ્યું છે. આવું કર્મ કૌશલ તે કઈ જાતનું? એવી મનમાં શંકા ઊઠવાથી પૂ૦ કિશોરલાલભાઈને એનો અર્થ ભૌતિક તેમ જ આધ્યાત્મિક રીતે સમજાવવા – એકાદ બે દાખલા સહિત – લખ્યું હતું. વળી પુછાવ્યું હતું કે, આવી કુશળતા ન આવવાનું કારણ? માણસમાં શાની ઊણપ કે ખામી હોય છે? એ પત્રનો જવાબ તેમણે તા. ૧૦ – ૭ – ૫૨ ને આપ્યો હતો. તેમાં તેમણે એનો ભૌતિક તેમ જ આધ્યાત્મિક અર્થ બહુ સરસ રીતે સમજાવ્યો છે. તે બધાંને બહુ ઉપયોગી થઇ પડશે. સૌ કોઇ એનો લાભ લઇ શકે એમ માની, પૂ૦ કિશોરલાલભાઇ પાસેથી 'પ્યારા બાપુ'માં પ્રસિદ્ધ કરવા અનુમતિ મેળવીને મોકલ્યો છે. 'પ્યારા બાપુ'ના વાચકોને તે અવશ્ય માર્ગદર્શકરૂપ થઇ પડશે. — પ્રેમુબહેન]

બજાજ વાડી, વર્ધા
(આજે આકોલાથી લખ્યો)
તા. ૧૦ - ૭ - ૫૨

શ્રીમતી પ્રેમુબહેન,

આપનો પત્ર મને પરમ દહાડે મળ્યો. આપનું મને બરાબર સ્મરણ છે.

'ગીતા મંથન' આપે વાંચ્યું છે, અને ફરી ફરી વાંચો છો. શ્રી વિનોબાજીનાં ગીતા પ્રવચનો પણ વાંચવા મારી ભલામણ છે. કેટલુંક મંથનમાં નથી તે એમાં સારી રીતે છે. તે ગુજરાતીમાં હજી બહાર પડ્યું નથી એ અડચણ છે.* પણ હિંદીમાં 'સસ્તા સાહિત્ય મંડળે' બહાર પાડ્યું છે તે વાંચી શકો એવું છે. મરાઠીમાં સમજી શકતા હો તો મરાઠીમાં એ છે જ.

કર્મકૌશલના બે અર્થો કરી શકાય. ભૌતિક અને આધ્યાત્મિક, ભૌતિક અર્થમાં પ્રત્યેક કામને સારામાં સારી રીતે કરવું તે કૌશલ છે. કામમાં ખામી, અવ્યવસ્થા, અણઘડપણું, ફૂવડપણું, અસ્વચ્છતા, બહુ શ્રમ ને ઓછું પરિણામ, સમયનો બગાડ વગેરે થતાં હોય તો તે કુશળતા ન કહેવાય. માણસને આવા પ્રકારના વિચારોથી ગમે તેમ કામ કરવાની ટેવ પડી જાય છે: આ કામ મહત્ત્વનું નથી; આટલામાં શું બગડી જાય છે? હમણાં ગમે તેમ કરી નાખો, પછી જોઈ લેશું; બહુ ચાપચીપ ન જોઈએ; અમે તો જાડા લોક, અમને જેવું હોય તેવું ચાલે; કોને બતાવવા જવું છે? વગેરે. વળી, કામ કરવામાં સાધનો કેમ વાપરવાં, કેમ ધરવાં, કેમ મૂકવાં, કેમ સારાં રાખવાં, એ બધાની સાચી અને ખોટી રીતો હોય છે. (ઉદાહરણ) પાણિયારી કૂવેથી પાણી ભરે અને બેડા પર બેડું મૂકી હાથ છૂટા રાખી ચાલે, તેનામાં જેવી કુશળતા હોય છે તેવી દરેક કામમાં જોઈએ. કૂવામાં ઘડો નાખતાં કે કાઢતાં ક્યાંય અફળાય નહિ તે ધ્યાનમાં રાખવાનું, માથા પર ચડાવ્યા હોય ત્યારે તોલ બગડે નહિ તે જોવાનું, રસ્તા પર પથરા-કાંકરા પડ્યા હોય તો સંભાળીને ચાલવાનું આવી કુશળતા તે ભૌતિક કુશળતા – કર્મ કૌશલ છે.

આ ન આવવાનું કારણ મોટે ભાગે નાનપણથી કેળવણીની ખામી, આળસ, ઘરમાં માબાપ તથા મોટાં ભાઈભાંડુની અવ્યવસ્થા એ મહત્ત્વનાં કારણો છે.

આધ્યાત્મિક અર્થમાં – કર્મ કૌશલ એટલે

---

* ગઈ તા. ૧૫ મી ઑગસ્ટે નવજીવન કાર્યાલયે એનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કર્યો છે. — સંપા૦

અનાસક્તિ, સમતાની બુદ્ધિ. સમત્વ એ જ યોગ છે. અને યોગ એ જ કર્મ કૌશલ છે, એમ ગીતામાં કહ્યું છે. આસક્તિથી કરેલું કર્મ કુશળ નથી. એ સુખી દુઃખી કરે છે; બંધન પણ કરે છે. એ કર્મ ઈશ્વરાર્પણ થઈ શકતું નથી.

આશા છે કે આટલેથી આ સમજાશે.

હું ૨–૩ દિવસમાં વર્ધા પાછો જઈશ. મારાં મોટાં ભાભી દેહત્યાગ કરી ગયાથી અહીં આવવાનું થયું છે.

લી૦ કિશોરલાલ મશરૂવાળાના
યથા યોગ્ય ઘટિત પ્રણામ વાંચશો.

દેશની સૌથી મોટી જરૂર

રાજ્યનું કામ સુધારવાને માટે સૌથી મોટી જરૂર બે વાતની છે–ખેતી અને ચારિત્ર્ય. આપણા દેશને માટે અત્યારે આ બે વસ્તુની જરૂર છે, અને એ પાયાની જરૂર છે. આપણી ખેતી સુધરવી જોઇએ અને આપણું ચારિત્ર્ય સંભાળવું જોઇએ. આ તદ્દન આવશ્યક છે. ખેતી સુધારો તો રાષ્ટ્રનો દેહ સારો થાય, અને ચારિત્ર્ય સુધારો તો પ્રજાનો આત્મા સારો થાય. ધારાસભ્યો તરીકે જે એક નીતિ આપણે યાદ રાખવાની છે તે એ છે કે, આ કે તે કામ કઢાવવા માટે અમલદાર પાસે જવાનું નથી, પરંતુ ખેડૂત સુખી કેમ થાય તે જોવાનું છે. 'વધુ અન્ન પેદા કરો' એ વાત અમલમાં આણવાની છે. તેનો પોકાર કર્યે જવાથી કે લોકોને માત્ર કહેવાથી તે નહિ બને; ખેડૂતોને એ કરવામાં આનંદ આવે, એમ કરવાથી તે વસ્તુ બનશે........... આપણે ખેતી તરફ ધ્યાન આપવું જ જોઇશે. મારું મન બીજે ક્યાંય જતું નથી. ઉદ્યોગોની પંચાત ન કરો; તે તો પોતાનું ફોડી લેશે. ખેતી અને ચારિત્ર્ય બે વાત જો સાચવી લો, તો સૌ સારાં વાનાં થઈ જશે..........

હું ઘરડો થયો છું. એટલે જુવાનિયા કરતાં ઈશ્વરમાં વધારે માનવા લાગ્યો છું. જુવાનિયા પોતાના શરીર અને લોહીના જોમ પર વધારે મુસ્તાક રહે છે. તેઓ એમ માને કે, દુનિયા એની મેળે ચાલે છે અને તેમાં ઇશ્વર-બીશ્વર નથી. એક છોડ કે ઝાડ એમ કલ્પે કે, માળી કે ખેડૂત તો કાંઈ નથી; એ તો બહુ તો ફળફૂલ લેવા આવે છે. પણ એ ખોટું છે. કેમ કે બધું ઠીક કરી, ઝાડનાં માવજતપાણી કરનાર માળી છે; તે તેમને ઉછેરે છે. તેમ જ જુવાનિયાઓ માને કે, ઇશ્વર છે નહિ, અમે જ અમારા શરીરને જોરે જાતે નભીએ છીએ. પણ એ મોહ છે. જેમ એક વિમાની વિમાન ચલાવે છે, તેમ બધું સર્વસમર્થ ઇશ્વર ચલાવે છે. તમે મને એકમતીથી તમારો નેતા ચૂંટ્યો છે તો હું તમારી પાસે માગું છું કે, ઇશ્વર બધે હાજર છે એ વાતને પણ તમે એકમતીથી સ્વીકારો. તમે તેને માટે તૈયાર છો? યાદ રાખો કે, ઇશ્વરની હયાતીની વાત માનો એમ હું નથી કહેતો; તેની હાજરીની વાત માનો એમ મારું કહેવું છે. તમે કોઇ કામને બીજાથી સંતાડી શકો, પણ ઇશ્વર તો તે જુએ છે. કાંઇ ખોટું કરીએ તો તેથી આપણે પડીએ જ છીએ, એમાં શંકા નથી........... તેથી સૌએ તેની હાજરી માનીને ચાલવું જોઇએ. તો દરેક પગલું સાચું પડે. બીકથી નહિ પણ પ્રેમથી વર્તીએ એમ હું ચાહું છું. કોઇ પણ માણસ પોતાની માતાની હાજરીમાં હલકું કામ કરે? તેમ જ ઈશ્વરને આપણી માતા માનવી જોઇએ અને યોગ્ય વર્તન રાખવું જોઇએ. તો સૌ સારું થશે.

— રાજાજી

પ્યારાબાપુ

ભક્તરાજ [અનુસંધાન પૃ૦ ૧૭૪ થી ચાલુ]

પણ આ ખીણમાં ભક્તરાજ સામે મોટું વિઘ્ન આવીને ઊભું રહ્યું. તેને ત્યાં પાપાસુર નામે એક ભયંકર રાક્ષસનો ભેટો થયો. ભક્તરાજ તો તેને જોઈને ધ્રૂજી જ ઊઠ્યો. નાસી જવું કે એ રાક્ષસનો સામનો કરવો એનો નિર્ણય તે એકદમ કરી શકયો નહિ. પણ તેને તરત જ યાદ આવ્યું કે, મેં જે બખ્તર પહેર્યું છે તે પીઠ પાછળથી ઉઘાડું છે. તેથી જો હું પીઠ ફેરવી નાસી જાઉં તો એ દુષ્ટ રાક્ષસ તીક્ષ્ણ બાણ વડે મારી પીઠ વીંધી જ નાખે. તેથી ભક્તરાજે છેવટે એ રાક્ષસ સાથે લડી લેવાનો નિર્ધાર કર્યો.

પાપાસુર બહુ ભયંકર દેખાવનો હતો. સામાન્ય માણસ તો તેને જોઈને ત્યાં જ મૃતપ્રાય થઈ જાય. જ્યારે તેણે ભક્તરાજને પોતાની સામે આવતો જોયો ત્યારે તે ભયાનક મુખાકૃતિ બતાવીને જોરથી પૂછવા લાગ્યો: "અરે ઓ કાળા માથાના માનવી! તું ક્યાંથી આવે છે અને ક્યાં જઈ રહ્યો છે?"

ભક્તરાજ — હું 'વિનાશની નગરી'માંથી આવું છું અને સ્વર્ગધામ ભણી જાઉં છું.

રાક્ષસ — અલ્યા, ત્યારે તું તો મારો સેવક છે. હું 'વિનાશની નગરી'નો માલિક છું. તો પછી તું આમ તારા રાજાના હાથમાંથી છટકીને ક્યાં જવાનો છે? જો તું મારી સેવા કરવાનું છોડીને નાસી જવા ઇચ્છતો હોય તો તને એક જ ઘાએ ભોંયભેગો કરવો પડશે.

ભક્તરાજ — અરે પાપાસુર, ભલે હું તારા રાજ્યમાં જન્મ્યો હોઉં પણ મને તારી સેવા ભારે થઈ પડે છે. કારણ તેનો બદલો એવો તુચ્છ છે કે માનવી ભાગ્યે જ પોતાનું જીવન ટકાવી શકે છે. પાપની સેવા કરવાનો બદલો મોત સિવાય બીજો શો હોય? હવે મારામાં પૂરેપૂરી સમજ આવી છે. મારે મોતને નાહક ભેટવું નથી. હું તો બીજા શાણા માણસોની પેઠે નિર્વાણને પામવા ઉદ્યત થયો છું.

રાક્ષસ — હવે રહેવા દે તારું ડહાપણ! હું કંઈ એવો મૂર્ખ નથી કે તને આમ મારા હાથમાંથી છટકી જવા દઉં. જો તને બદલો ઓછો પડતો હોય તો તને સંતોષ થાય એટલું આપવાની ગોઠવણ કરી આપું. માટે તું તારે ઘેર જઈને સુખેથી રહે.

ભક્તરાજ — ના ના; હું હવે પ્રભુને શરણે જવા ઇચ્છું છું. મારે હવે તારા રાજમાં ભલેને કેટલુંય સુખ મળે એમ હોય તોયે રહેવું નથી.

રાક્ષસ — હે મૂરખ, તું તારે હાથે જ તારા પગ પર કુહાડો મારે છે! તારી માફક કેટલાય લોકો લવરી કરતા હતા કે, અમે તો પ્રભુના સેવકો છીએ. પરંતુ છેવટે થાકીને મારે જ શરણે તેઓને આવવું પડ્યું છે. તારું દોઢડહાપણ બાજુએ મૂકીને મારું માની જા.

ભક્તરાજ — હવે એવું થઈ શકે એમ નથી. મેં પ્રભુને વચન આપ્યું છે. મારે વચનનો ભંગ કરી પાપમાં પડવું નથી.

રાક્ષસ — ઓહો, મોટો સતવાદી થઈ ગયો! મને દગો દઈને મારા રાજમાંથી ભાગી જતી વખતે તારું ડહાપણ ક્યાં જતું રહ્યું હતું? હજીય તને જવા દઉં છું. મારું માની જા અને પાછો ફર.

ભક્તરાજ — ભલે હું તારી ભૂમિમાં જન્મ્યો હોઉં પણ હું પ્રભુનો જ સેવક થવા ઇચ્છું છું. તે મારાં બધાં પાપ. બધી ભૂલો, બધાં સ્ખલનો ભૂંસી નાખશે. અને ઓ પાપાત્મા! સાંભળ. મને તો પ્રભુની જ સેવા ગમે છે, પ્રભુનો જ હું સેવક છું, મારે તો પ્રભુનું જ રાજ જોઈએ, મને પ્રભુનો જ સમાગમ ગમે છે અને તારા કરતાં પ્રભુનો દેશ મને ખૂબ જ પસંદ છે. માટે મને સમજાવવા પટાવવાનું

છોડી દે. હું તો પ્રભુનો સેવક છું અને તેને જ અનુસરીશ.

રાક્ષસ — હજી પણ તારે શાંતિથી વિચારવું હોય તો વિચારી લે. આગળ જતાં રસ્તે કેટલાંય વિઘ્નો આવશે એનું તને જરાયે ભાન છે ખરું? મારી વાત ન માનીને એ રસ્તે જનારા કેટલાય લોકોનો નાશ થઈ ગયો છે, કેટલાય માણસો મોતના મુખમાં ધકેલાઇ ગયા છે. તું હજીય તારી જીદ છોડતો નથી અને પ્રભુના સેવક બનવામાં ગૌરવ લે છે. પણ જરા મને બતાવ તો ખરો કે, તારા એ પ્રભુએ જાતે આવીને કેટલાને મદદ કરી છે? કેટલાની મુશ્કેલીઓને દૂર કરી છે? તારો પ્રભુ તો પોતાના સ્વર્ગધામમાં લહેર કર્યા કરે છે. જ્યારે હું તો જાતે આવીને સૌને સુખી કરવા, તેઓની ગમે તેવી ઇચ્છા તૃપ્ત કરવા અને તેઓ મને દગો દઇને નાસી જતા હોય તોયે સમજાવીને પાછા મારા પ્રદેશમાં સુખચેનમાં રહેવા બોલાવી લાવું છું. માટે હવે માથું ઠેકાણે રાખી મારી વાત માની જા. હું તને જરૂર મુક્ત કરીશ.

ભક્તરાજ — પણ અરે ઓ રાક્ષસ, પ્રભુ અમને દુઃખમાંથી પસાર કરી અમારી કસોટી કરે છે. અમે સંકટથી ગભરાઈ જઇ નાસીપાસ તો નથી થતાને અને આ દુન્યવી બંધનોની માયામાં ફસાઈ તો નથી પડતાને, એ જોવા ખાતર જ પ્રભુ તેના સેવકોના માર્ગમા મુશ્કેલી ઊભી કરે છે. તે તેના સાચા સેવકોને હંમેશાં મદદ કરે જ છે.

રાક્ષસ — પણ અલ્યા, તું ક્યાં એનો સાચો સેવક છે? તું પણ તેને ક્યાં આજ્ઞાંકિતં રહ્યો છે? તો પછી એ તને શી રીતે મદદ કરી શકશે?

ભક્તરાજ — શું હું પ્રભુની આજ્ઞાનું પાલન નથી કરતો?

રાક્ષસ — એટલા માટે જ તું કળણ-ભૂમિમાં ડૂબકાં ખાતો હતો ખરું ને? અને તારો બોજો હળવો કરવા માટે શું તેં ખોટો માર્ગ ગ્રહણ નહોતો કર્યો? રસ્તે દિવસે ઊંઘવાનું શા માટે મન થઈ ગયું હતું? અને સિંહને જોઈને કેમ ગભરાઈ ગયો હતો? જો તારો પ્રભુ તારા પર પ્રસન્ન હોત તો રસ્તે મુશ્કેલી શા માટે આવ? ખરી રીતે તું પ્રભુનો ભક્ત હોવાનો ખોટો ડોળ જ કરે છે. અંદરખાનેથી તો તું કીર્તિનો જ ભૂખ્યો છે!

ભક્તરાજ — અરે રાક્ષસ, મારાં જે સ્ખલનો થયાં છે એ મારે કબૂલ છે. પરંતુ એ તો તારા રાજમાં રહીને મારામાં જે નબળાઈઓ દાખલ થઈ ગઈ હતી તેનું દુષ્પરિણામ છે. કારણ કે તે નબળાઈઓનું મેં પાલન કર્યું હતું, મેં તેઓને વહાલી ગણીને મારા અંતરમાં સ્થાન આપ્યું હતું. આજે મને મારી ગફલત માટે પસ્તાવો થાય છે અને હું ખૂબ શરમાઉં છું. મારા પ્રભુની કરુણા અપાર છે. એ મને જરૂર આ બધાં સ્ખલનો માટે માફી આપશે.

રાક્ષસ આ સાંભળી ખૂબ ગુસ્સે થઇ ગયો. તે ત્રાડ પાડીને ગર્જી ઊઠ્યો: "તારી જબાન બંધ કર. તારા પ્રભુનો હું કટ્ટો દુશ્મન છું. એનું નામ મારી સામે લેતો નહિ. હું તેના ભક્તોને ધિક્કારું છું, તેના નિયમોને ધિક્કારું છું અને તેને પણ ધિક્કારું છું. હું તને ચલિત કર્યા વિના પાછો ફરવાનો નથી."

ભક્તરાજ — હે પાપાત્મા, તારું સાહસ રહેવા દે. તું એમાં જરાયે ફાવવાનો નથી. હું પ્રભુના પવિત્ર માર્ગે જઈ રહ્યો છું. તું મારો એક વાળ સુદ્ધાં વાંકો કરી શકે એમ નથી. પ્રભુ મારી સાથે છે, પછી મને શાનો ડર હોય?

આ સાંભળીને રાક્ષસ ધૂંધવાઈ ગયો. તે બરાડા પાડીને બોલ્યો: "અરે મગતરા, હવે છાનો મર. તારા જેવાને તો હમણાં પળ વારમાં મૂઠીમાં મસળીને ધૂળ ચાટતો ન કરી દઉં તો મારું નામ પાપાસુર નહિ. ખબરદાર! એક ડગલુંય આગળ ભર્યું છે તો. તારા દિવસો હવે ભરાઈ ચૂક્યા છે." એમ કહીને પાપાસુર ભક્તરાજ પર તૂટી પડ્યો.

(ચાલુ)

પ્યારા બાપુ

દાસી જીવણ

અનવર આગેવાન

જગા ઘેરે જીવણ જન્મ્યા, અલૌકિક થિયો અવતાર;
દાફડા ઘેર દિવો થિયો, એ રાધા અવતાર.

સંવત ૧૮૦૬ની ઊગતી ઉષાએ મસ્ત લોકનો મસ્ત મોરલો જીવણનો જન્મ ઘોઘાવદર ગામના મેતર જગા દાફડાને ઘેર થયો. માતા સામબાઇની કુંખે રાધા-અવતાર અવતર્યો. એ રાધા-અવતાર હતો એટલે એણે 'દાસી'ભાવે ભક્તિ કરી. એથી એના દરેક ભજનમાં "દાસી જીવણ" એવું નામચરણ આવે છે. એના ગુરુ ભીમદાસ હતા.

"દાસી જીવણ"નાં પદોમાં મીરાની મસ્તી-છાયા, કબીરની વેદાંતી છાંટ, ગોરખ ગેબીવાણીના સૂર ઊઠતા જણાય છે. એની વાણી ઘણી લોક-પ્રિયતાને વરી છે. એની વધુ મીમાંસાને અહીં અવકાશ નથી.

દાસી જીવણનું રૂપ ઘણા ભજનિકો વર્ણવે છે: વાંકી સેંથી ને લાંબા લાંબા રેશમિયા ઝૂલ્ફા. કાળી ભમર, અમી ઝરતી આંખડિયું, મરકતા મુલાયમ હોઠ. આવું તો એનું રૂપ! જ્યારે એ તન્મય બની ભજન ગાય ત્યારે ગાતો ગાતો એ ઊભો થઈ જાય. એ આંબલિયું ઝટાઝૂંડ ઝાડ વચ્ચે એ મોરલો ગહેકી ઊઠતો ત્યારે મોર! મોર'તો ગળકું કરવા લાગી જાય. એ જે જગ્યાએ ગાતો એ જગ્યા આજ પણ મોજૂદ છે, એની લૂંબઝુલ ઘટાઘોર આંબલિયાની પણ લીલી કુંજાર ઊભી છે. એમાંથી જાણે આજ પણ એની મત વાણીના ટહૂકારના ભણકારા વાગતા હોય તેમ લાગે છે. હવે જુઓ એના બે ત્રણ બોધપ્રદ પદો:

જેમણે સતગુરુ ચરણે સમગ્ર જીવન ન્યોચ્છાવર કરીને હરિને જીવન અર્પ્યું છે તેને મન પાર્થિવ-અપાર્થિવ કોઇ ભેદ નથા રહેતા. તેમને કોઈ બંધનો નડતા નથી. એનું આવાગમન ટળી જાય છે. આત્મા તો અજય ને અમર છે અને આ જન્મ-દેહ એ કેવળ સર્પની કાંચળી જેમ ક્ષણિક છે. એ સનાતન સત્યના ક્રમને દાસી જીવણે અહીં નિરૂપ્યો છે.

નૈ તો જાવે રે નર નૈ જાવે
જેણે સતગુરુ સાચને સંચ્યા નર ન જાવે—ટેક.
તન મન ધન જેણે રે, ગુરુજીને અરપ્યાં વા'લા;
દુવધા છોડીને રે'વું નિરગુણ દાવે—જેણે.
આવાગમણ રે એને કાંઈ નથી ચડતું વા'લા;
સરપ કાંચલડી જેમ દૂજી લાવે—જેણે.
'દાસી જીવણ' કે સંતો ભીમ કેરે ચરણે;
કર તો જોડીને દાસી ગુણ ગાવે—જેણે.

આ બીજા પદમાં માનવની અંધશ્રદ્ધા, દંભ અને પરંપરાગત માન્યતા, રૂઢિના પડદાને ભેદી દાસી જીવણ હરિનો સાચો માર્ગ ચીંધે છે. 'રામ'-નામનો સિદ્ધિ મંત્ર આપે છે, સાથોસાથ સાચા સાધુનાં લક્ષણ વર્ણવ્યાં છે.

રામ સુમર મન રામ રામ સૂમર લે,
અરે, મૂરખ કયોં મન સૂતા—ટેક.
જાગ્રત નગરી ચોર ન લૂંટે,
જખ મારેગા જમદૂતા—રામ.
જપ કર તપ કર કોટિ યજ્ઞ કર,
કાશી જઈ કરવત લેતા;
મૂવા પછી મુક્તિ નહિ હોવે,
રણમેં સરજે જમ-દૂતા—રામ.
જોગી હો કર જટા બઢાવે,
અંગ લગાવે ભભૂતા;
દમડી કારણે દેહી જલાવે,
સો જોગી નહિ જમ-દૂતા—રામ
જોગી હોય સો જંગમ રહેવે,
કામ ક્રોધ કૂં દે દંડા;
અધર તખત પર આપ બિરાજે,
સો જોગી હય અવધૂતા—રામ.
સૂતા સો નર ગયા ચોરાસી,
જાગ્યા સો નિરભે હોતા;
'દાસી જીવણ' ગુરુ ભીમને ચરણે,
અનુભવી અનુભવ લેતા—રામ.

આ ભજનમાં માનવ જીવનને વાડીના સ્વરૂપમાં નિરૂપીને દાસી જીવણે માનવ જીવનનો મહિમા ગાયો છે. આત્મ સ્વરૂપને પેખનારાઓને સરળ ને વેધક શૈલીમાં ઘણું ઘણું કહ્યું છે, ઉપદેશ્યું છે.

વાડી રે વેડીશ મા હો!
મારી રે વાડીના ભમરલા! વાડી વેડીશ મા!
મારી રે વાડીમાં માનસરોવર,
નાજે ધોજે પણ પાણીડાં ઢોળીશ મા!
મારી વાડીના.
મારી રે વાડીમાં ચંપો ને મરવો,
ફોરમું લેજે પણ કળીયું તોડીશ મા!
મારી વાડીના.
દાસી જીવણ કે સંતો ભીમ કેરે ચરણે,
અરખા સરખી જોડી રે તોડીશ મા!
મારી વાડીના.

ગ્રંથાવલોકન [અનુસંધાન કવરપેજ બીજાથી ચાલુ] વહેરે અને આવતાંય વહેરે!— દુર્દશા કરી મૂકવામાં મથુરભાઈ અને કિશાભાઈ જરાય મણા રાખતા નથી અને છેવટે છગાભાઇનો ફાંસો ખાઇને મરીને જ છૂટકારો થાય છે!

વાર્તા એકંદરે સફળ છે. પરંતુ એમાં સ્ત્રીઓ વચ્ચે થતા લઢવાડમાં તેમ જ પુરુષો ઉશ્કેરાઇને વાતો કરે ત્યારે અવારનવાર ચરોતરી ગ્રામ્ય બોલીનો ખૂબ જ છૂટથી ઉપયોગ કર્યો છે એ જરા ખૂંચે છે. એવે વખતે લેખક મર્યાદા જાળવી શકતા નથી.

બીજી વાર્તા 'અકળલીલા' આ સંગ્રહની નબળી વાર્તા કહી શકાય. જયંતિ જેવા જાહેર સેવાકાર્યોમાં ભાગ લેનાર કુશળ વકીલને ચંચળબહેન જેવાં અભણ પત્ની સાથે ઘરસંસાર માંડવો પડે છે. પરંતુ જયંતિ સમજુ છે અને ચંચળને જરાય દુઃખ ન થાય કે મનમાં ઓછું ન આવે એ રીતે પોતાનો ગૃહસંસાર સુખી બનાવી શકે છે. પણ અનાથાશ્રમના પ્રમુખ જયંતિભાઈ અને મંત્રી સુધાબહેન વચ્ચે એક વાર થતો વાર્તાલાપ ચંચળબહેન સાંભળી જાય છે —'આપને એમ નથી લાગતું કે ચંચળબહેનને બદલે કોઇ ડીગ્રીધારી પત્ની હોત તો આપને પ્રેરણાદાયી થઈ પડત?'—

અનુક્રમણિકા

૩૦ ઑગસ્ટ ૧૯૫૨

પૃષ્ઠ
૧ અંતરની એકતા ... ગાંધીજી ૧૬૯
૨ પાની મેં મીન પિયાસી ... કબીર ૧૭૦
૩ ઈશ્વરનિષ્ઠાની પ્રાપ્તિનો ઉપાય..કેદારનાથજી ૧૭૧
૪ સાચો ધર્માત્મા ... મુકુલભાઈ ૧૭૨
૫ ભક્તરાજ ... ... મુકુલભાઈ ૧૭૩
૬ અહંકારનો પડદો... ગુરુદયાલ મલ્લિકજી ૧૭૫
૭ ત્રીજો માર્ગ ... કાકાસાહેબ ૧૭૬
૮ જીવનપરિવર્તનની..પ્રક્રિયા... વિનોબાજી ૧૭૭
૯ મનની દૃષ્ટિ ... ગુરુદેવ ૧૭૯
૧૦ દયા ... ... ઉજ્જવળકુંવરજી ૧૮૦
૧૧ બાપુના પત્રો ૧૮૧
૧૨ કુદરતી ગળણીઓ ... નાનચંદ્રજી ૧૮૩
પૃષ્ઠ
૧૩ સ્તુતિ અને શ્રદ્ધા ૧૮૪
૧૪ સાચો ભિક્ષુ ... પદ્મનાભજી ૧૮૫
૧૫ સરદારશ્રીની વાણી ... મુ૦ કા૦ ૧૮૬
૧૬ બાપુજીની મીઠી વાતો ... સાને ગુરુજી ૧૮૭
૧૭ આપણું અંગત જીવન... જુગતરામ દવે ૧૮૮
૧૮ ત્રિવેણી સંગમ ... મુ૦ કા૦ ૧૮૯
૧૯ નિષ્ફળતામાંથી ઘડતર... દિવાનજી ૧૯૦
૨૦ યોગ: કર્મસુ કૌશલમ્... કિ૦ ઘ૦ મ૦ ૧૯૧
૨૧ દેશની સૌથી મોટી જરૂર ... રાજાજી ૧૯૨
૨૨ દાસી જીવણ ... અનવર આગેવાન ૧૯૫
૨૩ ગ્રંથાવલોકન ... મુ૦ કા૦
૨૪ આ માસની જમી ... જગત મહેતા

પ્યારા બાપુ

આખા વાર્તાલાપની અસર ચંચળબહેન પર ઊલટી જ થાય છે! ચંચળબહેનને મનમાં થઈ આવે છે કે, પોતાના પતિને સુધા જેવી ડીગ્રીધારી પત્ની હોત તો કેવું સારું? એ વચ્ચે જાણે પોતે કંટકરૂપ હોય એમ તેને લાગે છે! પછી લેખક વાર્તાને અવળે પાટે દોરી જાય છે. કેળવણીપ્રધાનને મુખે પણ લેખક અસંયત વાક્યો બોલાવે છે! અને પછી વાર્તાને મારીમચડીને લાંબી કરી મૂકવામાં આવે છે! છેવટે ચંચળબહેન જીવલેણ માંદગીમાં પટકાય છે અને સુલોચના જેવી 'ત્યાગમૂર્તિ, શ્રદ્ધાની મૂર્તિ અને પ્રેરણાની મૂર્તિ' પોતાના પતિને સોંપીને કાયમને માટે આંખો બંધ કરી દે છે! આખી વાર્તા વાંચતાં ચંચળે કરેલું આત્મસમર્પણ ઘેલછાભર્યું લાગે છે અને એના પ્રત્યે લેખક આપણામાં સહાનુભૂતિ જગવી શકતા નથી.

ત્રીજી વાર્તા 'દુઃખનાં પોટલાં' પણ કરુણાન્તિકા જ છે. વાલી પોતાના પુત્ર ગણેશિયા પર સંસારમાં સામાન્ય રીતે બને છે એમ તેની પત્ની મણિ વર્ચસ્વ જમાવી ન બેસે તેમ જ પુત્ર પોતાની માની અવગણના કરવા તો ન લાગેને અને તેથી પોતાની માનહાનિ સમાજમાં ન થાય, એ ભયે અને અભિમાનમાં, એક દિવસ પુત્ર અને તેની પત્ની તેને પૂછ્યા વિના લગ્નમાં ગયાં હોવાથી ઘર છોડીને ગુસ્સામાં ચાલી નીકળે છે. તે પોતાનાં સ્વજનોને ત્યાં જઇને રહે છે અને એવી આશા રાખે છે કે પોતાનો પુત્ર ભૂલ સમજાતાં પોતાને જરૂર તરત મનાવવા આવશે અને ઘેર તેડી જશે. પરંતુ એ જે જે ઘેર જઇને રહે છે ત્યાં બધે આસપાસ ઘરકંકાસનાં દુઃખનાં પોટલાં જુએ છે. તેના મનમાં ભય ઉત્પન્ન થાય છે કે, રખેને મારી પણ આ સૌ ઘરડાંઓના જેવી દુર્દશા તો ન થાયને! પણ તેનું અભિમાન તેને નમતું આપતાં રોકે છે અને તે પાછી ઘેર જતી નથી. સ્વજનોને પણ ઘેરથી એ શા માટે આવી છે એનું ઊલટું જ કારણ જણાવે છે. થોડા દિવસ પસાર થઈ જાય છે પણ તેના બે પુત્રોમાંથી કોઈ જ આવતું નથી! વાલીનો રોષ ઊતરી જાય છે. તે બહારથી તો તમાચો મારીને ગાલ રાતા રાખે છે. જ્યાં જ્યાં દુઃખનાં રોદણાં જુએ ત્યાં ત્યાં એ સૌને એમાંથી માર્ગ કાઢવાની શિખામણ આપતી રહે છે. પણ પોતે ઊભી કરેલી પરિસ્થિતિમાંથી એ માર્ગ કાઢી શકતી નથી! તે બીજાને શિખામણ દે છે કે, જુવાન છોકરાંને અનુરૂપ થઇને રહીએ અને જરા નમતું આપીએ તો એમાં કશું શરમાવા જેવું નથી; જમાનો ઓળખીને વર્તતાં શીખવું જોઇએ. જ્યારે એ પોતે જો પાછી ઘેર જાય તો પોતાની માનહાનિ થાય અને બહુ માથાભારે બની જાય એ બીકે અને અભિમાને ઘેર જતી નથી. છેવટે ઘેર જવાનું બહાનું કાઢી સ્વજનના ઘેરથી નીકળે છે અને રસ્તે ઊંચા ઝાડ પર ચડીને પડતું મૂકી આપઘાત કરે છે! આ આખું કરુણ ચિત્ર લેખકે સચોટ રીતે વર્ણવ્યું છે. વાલીને મૂંઝવી નાખે એવી આસપાસની પરિસ્થિતિનું આલેખન લેખકે કુશળતાથી કર્યું છે અને માનવીનો અહંકાર તેને ક્યાં જઇને પછાડે છે અને આસપાસની સાચી સ્થિતિને ઓળખવાની બાબતમાં તેને કેવો અંધ બનાવી દે છે એની સુંદર રજૂઆત આ વાર્તામાં થઈ છે.

આ ત્રણ વાર્તાઓનો સંગ્રહ આપણા સમાજનું, ઘરસંસારનું અને માનવમનમાં ઊઠતા વૈવિધ્યપૂર્ણ ભાવોનું, ગૂંચોનું અને અને તરંગોનું સુરેખ આલેખન કરે છે; શ્રી. પેટલીકરની વાર્તાકાર તરીકેની શક્તિનો સારો પરિચય કરાવે છે; અને 'દુઃખનાં પોટલાં' જેવી વાર્તા આપણા વાર્તાસાહિત્યને સમૃદ્ધ કરવામાં અગત્યનો ફાળો આપે છે. — મુ૦ ક૦

સાભાર સ્વીકાર

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૯

ગીતા પ્રવચનો: લે૦ વિનોબાજી; કિં૦ દોઢ રૂપિયો

જીવનનો આનંદ: [કળા અને કુદરતવિષયક લેખો] લે૦ કાકાસાહેબ કાલેલકર; કિં૦ ચાર રૂપિયા

ધર્મોદય: લે૦ કાકાસાહેબ કાલેલકર; કિં૦ સવા રૂપિયો

અહિંસાવિવેચન: લે૦ કિશોરલાલ ઘ૦ મશરૂવાળા; કિં૦ અઢી રૂપિયા

ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ ૧

ઇલા કાવ્યો, રતન અને બીજાં બધાં: લે૦ ચંદ્રવદન મહેતા, કિં૦ રૂ. ૪-૦-૦

પુણ્ય પરવાર્યું નથી: લે૦ ગુલાબદાસ બ્રોકર; કિં૦ રૂ. ૨-૮-૦

સાગરનાં છૈયાં: લે૦ અશોક હર્ષ; કિં૦ રૂ. ૩-૦-૦

કીમિયાગરો: લે૦ યશોધર ન૦ મહેતા; કિં૦ રૂ. ૨-૮-૦

ઘેલો બબલ: લે૦ ઉપર મુજબ; કિં૦ રૂ. ૧-૮-૦

હઠીલો કુંવર, વીર બેની: બન્નેના લે૦ જીવરામ જોષી, દરેકના કિં૦ રૂ. ૦-૧૨-૦

ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, મુંબઈ

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા—સ્વરૂપ અને કાર્યપદ્ધતિ: લે૦ ટોમ ગૅલ્ટ; કિં૦ આપી નથી

અમેરિકા: લે૦ સ્ટીફન વિન્સેન્ટ બેનેટ; કિં૦ આપી નથી

અમેરિકાની વિદેશ નીતિ: લેખકનું નામ નથી આપ્યું; કિં૦ રૂ. ૦-૮-૦

પ્રેમાયન, શિવરાજ ગઢ, સૌરાષ્ટ્ર

જયભેરી: લે૦ મકરંદ દવે; પ્ર૦ અનવર આગેવાન; કિં૦ રૂ. ૧-૪-૦

નવાં માનવી [માસિક]

તંત્રી મંડળ: નવલભાઇ શાહ, અંબુભાઇ દવે, જ્યોતિ દેસાઈ, સુરાભાઇ ભરવાડ, લલિતાબહેન શાહ

પ્રકાશક: નવલભાઈ શાહ, ગૂંદી;

લવાજમ: દેશમાં રૂપિયા અઢી. પરદેશમાં રૂપિયા સાડા ત્રણ

“પ્યારાબાપુ”

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું. પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.

લવાજમ. મ. ઑ.થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યાં પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર-વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે

‘પ્યારાબાપુ’ કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક: **ધીરન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ.**

ચારાવાયુ



સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

અહિંસાવિવેચન : લે૦ કિશોરલાલ ઘ૦ **મશરૂવાળા;** પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૯; કિં૦ અઢી રૂપિયા; પૃ૦ ૩૩૦.

સદ્‌ગત શ્રી. કિશોરલાલભાઈના જીવનકાળ દરમિયાન પ્રકાશિત થયેલું એમનું આ છેલ્લું પુસ્તક અહિંસામૂર્તિ પૂજ્ય બાપુજીના અહિંસા વિશેના વિચારોને સમજવામાં અમૂલ્ય ફાળો આપે એવું નોંધપાત્ર છે. શ્રી. કિશોરલાલભાઈ એક રીતે કહીએ તો બાપુજીના ભાષ્યકારોમાંના એક હતા. બાપુજીના વિચારોનો તલસ્પર્શી અભ્યાસ કરી જરાયે ઊર્મિલતામાં ઘસડાયા વિના તટસ્થપણે તેનું અવલોકન કરીને પોતાની રીતે તેને સમજાવવા તેઓ પ્રયત્ન કરતા હતા.

બાપુજીએ વહેતા મૂકેલા વિચારપ્રવાહોમાં અહિંસા વિશેનાં એમનાં મંતવ્યો ભલભલાને મૂંઝવી દેતાં હતાં. બાપુજીએ અહિંસા પોતાના જીવન સાથે એવી તો વણી દીધી હતી કે એમના વિચારોમાં જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ અહિંસા વિશેનાં — ખરી રીતે કહીએ તો એમના એકેએક સિદ્ધાંતો વિશેનાં — વિધાનોમાં કાલાનુસાર ફેરફારો થતા ગયા. બાપુજીના આ વિચાર-વેગને કિશોરલાલભાઈ જેવા વિચારજ્ઞો બરોબર સમજવા પ્રયત્ન કરતા હતા અને તેઓમાં રહેલી સ્વસ્થતા તથા બુદ્ધિ તેમ જ હૃદયની વિશાળતાને લીધે તેઓ બાપુજીનાં વિધાનોને વધારે સ્ફુટ કરી શકાય એ રીતે વ્યક્ત કરવા મથતા હતા. કિશોરલાલભાઈએ અહિંસાના સિદ્ધાંતનું પોતાની શક્તિ અનુસાર જે વિવેચન કર્યું છે તેનો સંગ્રહ પ્રસ્તુત પુસ્તકમાં કરેલો છે.

આ પુસ્તકને ચાર ખંડમાં વિભક્ત કરવામાં આવ્યું છે. પહેલા ખંડમાં મહાયુદ્ધ પહેલાં [૧૯૨૩ થી ૧૯૩૫]ના કાળનું, બીજા ખંડમાં મહાયુદ્ધ દરમ્યાન [૧૯૩૯ થી ૧૯૪૨ ઑગસ્ટ] થયેલા વિચારવિકાસનું, ખંડ ત્રીજામાં કસોટી [૧૯૪૨ ઑગસ્ટથી ૧૯૪૫] કાળનું, અને ચોથા ખંડમાં ચાલુ કાળ [૧૯૪૫-૪૬ થી ૧૯૪૭]નું અહિંસા-વિવેચન સમગ્ર કાળનો સુરેખ ખ્યાલ આપે એ રીતે નિરૂપાયેલું છે.

ભાઈશ્રી રમણીકભાઈ મોદીએ ખબ કાળજી અને શ્રમ લઈને આ સંગ્રહને પ્રસિદ્ધ કરવામાં જે પવિત્ર સેવા બજાવી છે તે બદલ આપણે સૌ તેમના આભારી છીએ. નવજીવન પ્રકાશન મંદિરે પણ કિશોરલાલભાઈના અહિંસા-વિષયક લેખોનું આ પુસ્તક પ્રસિદ્ધ કરી અભિનંદનીય સેવાકાર્ય કર્યું છે.

શરણાગતિ: લે૦ વલ્લભજી ભાણજી મહેતા; પ્રાપ્તિસ્થાન : વલ્લભજી ભાણજી મહેતા, મોરબી; કિં૦ રૂ. ૧-૮-૦; પૃ૦ ૨૧૬.

મોરબી જેવા રમ્ય સ્થળે જઈએ અને કવિરાજનો સંતસમાગમ ન સાધીએ તો આપણે એક સુઅવસર જ ગુમાવીએ. કવિરાજને જોતાં તેમને 'ભક્તકવિ' કહીને સંબોધવાનું જ મન થઈ જાય. તેઓ પોતે સુસંસ્કારી, સંત પ્રકૃતિના સજ્જન છે. તેઓએ અન્ય જનોમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરવામાં અગત્યનો ફાળો આપ્યો છે. વળી તેઓ કવિ હોવાને કારણે પોતાની આધ્યાત્મિક અનુભૂતિને કાવ્યો દ્વારા પણ મૂર્ત કરી છે. આજ લગી તેમનાં લગભગ ૧૪ પ્રકાશનો — 'કુંજવેણુ', 'ભાવનાના ભરત', 'અંતરની ઊર્મિઓ', 'પુષ્ટિ તત્ત્વ તરંગિણી,' 'પ્રેમનાં પુષ્પો', 'માનસનાં મોતી ભાગ ૪', 'જીવન જ્યોતિ', 'આધ્યાત્મિક પત્રો', 'ગુરુદ્વારે', 'વલ્લભ ભજનમાળા', 'ચિન્તવનની ચિનગારીઓ', 'વલ્લભવાણી',

[અનુસંધાન કવરપેજ ત્રીજું]



તમારા પ્રેમની મને કદર નથી એવું ન સમજશો.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫] ૩૦ સપ્ટેમ્બર – ૧૯૫૨ [અંક ૮

મારી સલાહ

ગાંધીજી

તમારા પ્રેમની મને કદર નથી એવું ન સમજશો. પરંતુ તમારો એ પ્રેમ વધારેપડતો ઊભરાઈ જાય અને વેવલાવેડામાં પરિણમે તેને બદલે મેં અનેક પ્રસંગોએ અને મારાં અનેક લખાણોમાં દર્શાવી છે તેવી દેશની કોઈક રચનાત્મક સેવાનું સ્વરૂપ લે એમ હું ઇચ્છું છું.

હું ચોક્કસ માનું છું કે માણસજાતને જીવવું હોય તો ક્રમે ક્રમે સત્ય અને અહિંસાનો પ્રભાવ અથવા અમલ સ્વીકાર્યા વિના તેનો છૂટકો નથી. એટલે આચારના આ બે પાયાના સિદ્ધાંતો નજરમાં રાખીને મારે અને તમારે કામ કરવાનું છે ને જીવવાનું છે.

સ્વતંત્રતા તો આપણે મેળવી, પણ દેશમાં આજે જે આંધી અગર તોફાન છે તેનું શું? આપણે રેંટિયો ફેરવ્યો ખરો પણ તેને અપનાવ્યો નહીં, પોતાનો કર્યો નહિ. સૌએ મારા પર મહેરબાનીની ખાતર રેંટિયા ચલાવ્યા. પણ મારે એવી મહેરબાની નથી જોઇતી. હજી અહિંસાની શક્તિ આપણે વધારવી હોય તો રેંટિયાને અપનાવ્યા વિના અને તેનો મર્મ સમજી લીધા વિના છૂટકો નથી. અહિંસા બહાદુરીની પારાકાષ્ઠા છે, શૂરાતનની છેવટની હદ છે. આપણે એ બહાદુરી બતાવવી હોય તો સમજીને બુદ્ધિપૂર્વક રેંટિયાને અંગીકારવો જોઇશે. રેંટિયામાં નીતિશાસ્ત્ર સમાયેલું છે, અર્થશાસ્ત્ર સમાયેલું છે અને અહિંસા પણ ભરી પડી છે.

તમે સૌ ધીરજથી મારી વાતો સાંભળો છો તે માટે હું તમારા સૌનો ઋણી છું, પણ એટલું જ પૂરતું નથી. મારી સલાહ કાને ધરવા જેવી લાગતી હોય તો તમારે સૌએ તેનો અમલ કરવો જોઈએ.

◆



કયા પ્રકાશે

ગુરુદેવ

કયા પ્રકાશે પ્રાણનો દીવો ચેતવીને
તમે ધરાએ આવો?
સાધક અરે, પ્રેમી અરે, પાગલ અરે,
ધરાએ આવો?

આ અકૂલ સંસારે
દુઃખ-આઘાત તમારે પ્રાણે
વીણા ઝંકારે,
ઘોર વિપદ માંહે
કોણ જનની-મુખે હાસ્ય જોઈને હસો?
તમે કોના સન્માને
સકલ સુખને આગ લગાડી
ભમતા આ ટાણે?
તમને વ્યાકુળ કરે
જે તમને રડાવે તેને અંતરે ચાહો!

તમને ચિંતા કશી ના
કોણ તમારો માર્ગે સાથી
એ કંઈ જાણું ના!
તમે મરણ ભૂલી
કોણ અનંત પ્રાણ-સાગરે આનંદે મ્હાલો?

[અનુ૦ મુકુલભાઈ]

પૂ૦ કિશોરલાલભાઈની પુણ્ય સ્મૃતિમાં

વિનોબાજી

છેવટની ઘડી સુધી કિશોરલાલભાઈ કર્તવ્ય બજાવતા ગયા. સજ્જનો અને સંત પુરુષોની સંગતિનો મેં ઘણો લાભ પ્રાપ્ત કર્યો છે, પરંતુ મેં એવો બીજો એકે માણસ નથી જોયો કે જેને રોજ આટલું તીવ્ર કષ્ટ સહન કરવું પડતું હોય. એમના દમના ઊથલાથી લોકો ગભરાઈ જતા. પણ તેઓ તો રાતની રાત રોગ સાથે બાથ ભીડતા હોય અને ઊથલો શમે કે તરત હસતા દેખાતા હોય. એવું એક અજબ દૃશ્ય જોવા મળતું. શરીરને તેઓ પોતાથી આમ અલગ જાણતા હતા.

જ્ઞાની પુરુષના આદર્શમાં એમ મનાયું છે કે સત્ત્વગુણથી પણ પર થયેલો જ્ઞાની પુરુષ આરોગ્યવાન હોય છે. બાપુએ પણ એમ જ કહેલું અને મને પણ તેવું જ લાગતું હતું. પરંતુ કિશોરલાલભાઈનો દાખલો જોઈએ તો એ કબૂલવું પડશે કે એવા પણ જ્ઞાનીઓ હોય છે જે શરીરને પોતાથી ભિન્ન કપડાની જેમ અલગ તરીકે પિછાણે છે. પરિપૂર્ણ જ્ઞાનીપણાનું આરોપણ તો કોના ઉપર કરી શકીએ? એમનો એવો દાવો પણ નહોતો. તેઓ તો પરમ નમ્ર હતા. નમ્રતાનો ઘણો મોટો ગુણ તેમનામાં હતો, તેમ છતાં મારા મનમાં તેમના પ્રત્યે જે ભાવ હતો તેને વિશે વિચારું છું ત્યારે જણાય છે કે એક પ્રતિભાશાળી પુરુષને માટે જે હોવું ઘટે તેવું તેમનામાં હતું.

પ્યારાબાપુ



જવાહરલાલ નેહરુ

ગાંધીજીના સંદેશને ચુસ્તપણે વળગી રહેનાર ઉમદા જૂથમાંના કિશોરલાલભાઈ એક રહ્યા હતા. એમના જવાથી આખા દેશને તેમ જ આપણને સૌને ભારે ખોટ પડી છે.

પંડિત સુખલાલજી

ગાંધીજીએ જે ગૃહસ્થ-સંન્યાસી કે ગૃહસ્થ-સંતનો પદાર્થપાઠ પોતાના જીવનથી આપ્યો તેને પચાવનાર એક નાનકડું પણ સમર્થ મંડળ દેશમાં તૈયાર થયું. એ મંડળમાં શ્રી કિશોરલાલ મશરૂવાળાનું સ્થાન મુખ્ય અને ઊંચું છે. તેઓ આખું જીવન રહ્યા તો ગૃહસ્થ, પણ સાથે સાથે એ જીવન સંન્યાસનું જ વિતાવ્યું. તેમણે ગૃહસ્થનાં યોગ્ય કર્તવ્યો પ્રત્યે ક્યારે પણ ઉપેક્ષા ન સેવી અને સંન્યાસના ખરા અર્થને જીવનમાં મૂર્ત કર્યો.

કિશોરલાલભાઈના પરિચયથી મને જે થોડો પણ દૃષ્ટિલાભ થયેલો તેને યાદ કરી મેં ૧૯૩૮ના મારા જીવલેણ ઑપરેશન વખતે કોઈ દ્વારા વર્ધા એવા સમાચાર કહેવડાવ્યાનું યાદ છે કે, હું આ ઑપરેશનમાંથી બહાર નહિ આવું તોપણ તમારા દ્વારા થયેલ દૃષ્ટિ-લાભનો મને ઊંડો સંતોષ છે. ત્યારબાદ તેમનું એક કાર્ડ તરત જ આવ્યું, જેમાં લખેલું કે અત્યારે મારી તબિયત કાંઈક ઠીક છે. હું શુશ્રૂષામાં થોડી પણ મદદ કરી શકતો હોઉં તો મને તરત સૂચવો.

મેં આ મારી અંગત વાત એ સૂચવવા લખી છે કે, એમની કર્મપરાયણ શુશ્રૂષાવૃત્તિ એ સહજ કરુણામાંથી પ્રગટેલી. જેના ચિત્તમાં યોગમાર્ગે કાંઈ પણ અસર કરી હોય છે તેના ચિત્તમાં મૈત્રી, કરુણા આદિ ભાવો સહેજે ફૂટી નીકળે છે. તેથી જ કિશોરલાલભાઈ સાચા અર્થમાં સર્વ-મિત્ર અને અજાતશત્રુ હતા.

નારણદાસભાઈ ગાંધી

ભાઈ કિશોરલાલભાઈ આવા દુર્બળ શરીરે આટલા લાંબા સમય સુધી પોતાની સેવા હિંદને ચરણે ધરી શક્યા તે માટે આનન્દ અનુભવવાનો હોય. તેના અવસાનથી શોક ન કરાય. તેના શરીરનો વિચાર કરીએ તો તેમાંથી મુક્ત થયા. આપણને કંઇ આપ્યા કરતા હતા તેવા વિચારે આ મુક્તિને માટે શોચ કરીએ તો ન શોભે. તેઓ આ ટૂંક જીવનમાં મોક્ષનો રસ્તો ઘણો વટાવી ગયા. તેટલું જ નહીં પણ અનેકને તેના તરફ વાળ્યા અને તેના પણ રસ્તાને સરળ બનાવ્યો.

તેનો દેહ ગયો પણ પોતે આપેલ ઊંચ કોટીના સાહિત્યથી તે આપણી વચ્ચે ચિરંજીવ છે. તે જીવતા તેનો લાભ મળતો હતો તેથી વિશેષ તેના જીવંત સાહિત્યથી મેળવવા પ્રયત્નશીલ રહીએ તો તેના આપેલ વારસાને લાયક ઠરીશું.

ગુરુદયાલ મલ્લિકજી

પૂજ્ય ભાઈ મશરૂવાલાજી ગયા! એક જ્યોતિ બુઝાઈ ગઈ.

મોરારજી દેસાઈ

સ્વભાવે તેઓ નમ્ર હતા અને તેમનું જીવન સાદું નિગ્રહશીલ હતું. તેઓ અનાસક્ત ભાવે કર્તવ્યપાલન કરવામાં માનતા હતા. તેમનો આત્મસંયમ અને તેમની તિતિક્ષા અપાર હતાં. મરણથી જેનો અંત આવતો નથી, પણ જે એ પછીથી પણ ટકી રહે છે અને જે માનવજીવનને એમ મહાન પુરુષાર્થ બનાવે છે એવી સાર્થકતા અને ગૌરવ તેમણે જીવનને અર્પ્યાં હતાં. સંસારની ઘણી બાબતો વીસરાઇ જશે ત્યાર પછીયે ઘણા લાંબા સમય સુધી તેમના ઉમદા ચારિત્ર્યની સ્મૃતિ ટકી રહેશે.

['હરિજન' પત્રના વાચકો સોલાપુરવાળા શ્રી. રામકૃષ્ણ જાજૂજીના નામથી પરિચિત હશે. તેમણે "હરિજનસેવક'ના ઓછામાં ઓછા પાંચ હજાર ગ્રાહક કરવાનો પુણ્ય સંકલ્પ કર્યો છે. એ કામ અંગે તેઓ પ્રવાસખર્ચ કે કશું કમિશન લેતા નથી; પોતાની ગાંઠનો ખર્ચ કરીને નિઃસ્વાર્થભાવે અને સ્વેચ્છાપૂર્વક 'હરિજનસેવક'ના પ્રચારકાર્ય માટે પ્રવાસ ખેડી રહ્યા છે. તેઓ સૌરાષ્ટ્રમાં આવતાં 'પ્યારાબાપુ' તેમ જ 'રૂપાયતન' સંસ્થાની ઇતર પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હોવાથી જુનાગઢ આ માસમાં આવ્યા હતા ત્યારે તેમણે કિશોરલાલભાઈ વિશે અંજલિરૂપે નીચે પ્રમાણે લખી આપ્યું હતું.]

પૂજ્ય કિશોરલાલજી બુદ્ધિયુક્તશ્રદ્ધાવાદી હતા. ધાર્મિક, સામાજિક, આર્થિક, આધ્યાત્મિક, વિચારિક જે ભાવ પ્રગટ કરતા હતા તે અનુભવિક અને ચૈતનમય હતા. બધા પ્રકારનાં વ્યસનો અને સિનેમાથી કેટલું નૈતિક પતન થાય છે—શારીરિક, આર્થિક નુકસાન થાય છે—એને માટે તેમના દિલમાં ઊંડું દુઃખ થતું હતું. 'હરિજન' પત્રો દ્વારા મહાત્મા ગાંધીજીની નીતિને તેમણે કાયમ રાખી હતી. તેમના જવાથી મનમાં બહુ જ ખેદ થયો છે, જેવો ખેદ એમની પ્રવૃત્તિઓ જાણનારાઓને થયો છે.

ભગવાનને પ્રાર્થના કરું છું કે, તે મહાત્મા ગાંધીજીના અને કિશોરલાલજીના કાર્યને ચાલુ રાખે તેમ જ તેમને પરમ શાંતિ આપે.

—રામકૃષ્ણ જાજૂ, સોલાપુર

પ્રભુના પ્યારા જમશેદ મહેતા

ગુરુદયાલ મલ્લિકજી

કરાચીના શ્રી. જમશેદ મહેતાનો ગઈ પહેલી ઑગસ્ટને દિને સવારે દેહત્યાગ થયો. તેઓ ઈટાલીના સંત ફ્રાંસિસ જેવા એક સાધુપુરુષ અને પ્રભુના પ્યારા હતા. તેમનું જીવન ઈશ્વર તેમ જ માનવી પ્રત્યેની ભક્તિભાવપૂર્ણ સેવાથી ઓતપ્રોત હતું.

જમશેદજીનો જન્મ એક લક્ષાધિપતિના કુટુંબમાં કરાચીમાં લગભગ સીત્તેરેક વર્ષ પહેલાં થયો હતો. જ્યાં સુધી તેમણે મેટ્રિકની પરીક્ષા પસાર કરી ન હતી ત્યાં સુધી તો તેઓ એશઆરામમાં જીવન પસાર કરતા હતા. પણ મેટ્રિક પછી તરત જ તેમના જીવનમાં એક અભૂતપૂર્વ ફેરફાર થઈ ગયો. એ ફેરફારનું ખરું કારણ તો કોઈ જાણતું નથી; પરંતુ એમ કહેવાય છે કે, એક રાતે તેમને સ્વપ્નમાં કોઈ મહાન વિભૂતિનાં દર્શન થયાં. એ મહાન વ્યક્તિએ એમને પ્રભુપરાયણ જીવન જીવવાનો આદેશ આપ્યો. વળી બેત્રણ વર્ષ પછી જ્યારે તેઓ એક વાર મુંબઈમાં હતા ત્યારે તેમણે શ્રીમતી એની બેસેન્ટને જોયાં. તેમને જોતાં જ જમશેદજીને અંદરથી એમ લાગ્યું કે, એની બેસેન્ટ એમના પૂજ્ય ગુરુજી છે. તેથી તેમણે એમની પાસે દીક્ષા લીધી અને થીઓસૉફિકલ સોસાયટીમાં જોડાયા.

કૉલેજનો અભ્યાસ પૂરો કરીને જમશેદજી પોતાના પિતાશ્રીની પેઢીમાં કામ કરવા લાગ્યા. કામ બરોબર સારી રીતે શીખી શકાય એ માટે તેઓ ધીરે ધીરે પટાવાળાના કામથી માંડીને અધ્યક્ષ સુધીનું કામ શીખ્યા. એ જ કારણે જ્યારે પેઢીના કામના તેઓ સૂત્રધાર બન્યા ત્યારે પેઢીના દરેક કારકૂનની મુશ્કેલીઓ તેઓ બરોબર સમજી શકતા અને તે દૂર કરવામાં સર્વદા સહાયતા અને સહાનુભૂતિ આપતા.

જે દિવસથી જમશેદજી પેઢીમાં કામ કરવા લાગ્યા તે દિવસથી એમને પોતાના મન સાથે એવું નક્કી કરી લીધું કે પોતાની આવકનો એક મોટો ભાગ તેઓ સમાજની સેવામાં વાપરશે. તેથી મહિનાની દર પહેલી તારીખે પરબીડિયામાં અમુક રૂપિયા બીડીને, પોતાનું નામઠામ કશુંય લખ્યા વિના, તેઓ ઇસ્પિતાલમાં, યતીમખાનામાં કે ગરીબ વિધવાઓને ત્યાં મૂકી આવતા. બીજી સખાવત પણ તેઓ કરતા, પરંતુ હંમેશાં ગુપ્ત ભાવે. એવી રીતે એમ કહેવાય છે કે તેમણે પોતાના જીવન દરમિયાન લગભગ પચાસ લાખ રૂપિયા દરિદ્રનારાયણની સેવામાં દાન કર્યા.

જમશેદજીનો દૈનિક કાર્યક્રમ તેમના જીવનના આદર્શો અને પ્રવૃત્તિઓનો સારો ખ્યાલ આપે છે. તેઓ બ્રાહ્મ મુહૂર્તે ઊઠીને સ્નાનાદિથી પરવારી, પ્રભુના ધ્યાનમાં બેસતા. સાત વાગ્યાને સુમારે તેઓ ધ્યાનમાંથી ઊઠી બહાર આવતા અને પોતાના ગુરુજી, જગતના પૈગમ્બરો, સ્વર્ગસ્થ માતુશ્રી તેમ જ બીજાં સગાંવહાલાંઓની છબીઓને નમન કરતા, જાણે કે તેઓના આશીર્વાદ માગતા ન હોય? પછી એક પ્યાલો ચા અથવા કાફી પીને જે જુદી જુદી સંસ્થાઓની સાથે તેમનો સંબંધ હતો (એક વખત તેઓ લગભગ સાઠ ઉપર સંસ્થાઓના મંત્રી, પ્રમુખ અથવા ખજાનચી હતા.) તેનાં કાગળપત્ર બરોબર ધ્યાનપૂર્વક જોઈ જતા. નવ વાગે તેઓ જે જે લોકો બીમાર હોય તેઓને મળવા જતા. સવારના દસ વાગ્યાથી બપોરે એક વાગ્યા

સુધી તેઓ પિતાશ્રીની પેઢીમાં કામ કરતા. પછી ઘેર જમવા જતા. તેઓ આજીવન શાકાહારી હતા. જમ્યા પછી થોડો આરામ કરતા. પછી જુદી જુદી સંસ્થાઓની કાર્યવાહી સભામાં હાજરી આપવા જતા. પાંચેક વાગે ચાનો એક પ્યાલો પી તેઓ દુઃખી મિત્રો અને સગાંવહાલાંઓ પાસે જતા અને નિયમિત સિવિલ ઇસ્પિતાલમાં એક–બે કલાક પસાર કરતા. પછી થીઓસૉફિકલ સોસાયટીની સભામાં ભાગ લઈ લગભગ નવને સુમારે ઘેર પહોંચતા. થોડું જમીને પોતાની ખાનગી ટપાલ લખતા અને એક સારી ચોપડીનો અભ્યાસ કરી અગિયારેક વાગે સૂઈ જતા. જમશેદજીને વાંચવા–લખવાનો બહુ શોખ હતો. તેઓ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જતાં મોટરમાં હમેશાં કોઈ ને કોઈ નવું પુસ્તક અથવા ચોપાનિયું વાંચતા. કરાચીનાં છાપાંઓ માટે વિવિધ વિષયો પર લેખ પણ લખતા.

જમશેદજી બધા ધર્મોનો અભ્યાસ કરતા અને પોતાના જીવનમાં ભ્રાતૃત્વનો આદર્શ એમણે સારી રીતે ઉતાર્યો હતો. તેથી જ તો તેઓ હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, શીખ, યહૂદી તેમ જ પૂર્વ અને પશ્ચિમના સૌ લોકોને એક સમાન રીતે જોતા અને બધા તરફ ઉદારતા અને મિત્રતાથી વર્તતા.

જમશેદજીની જીવન-સફળતાની બે ચાવીઓ હતી: એક એ કે જે કોઈ પ્રવૃત્તિમાં તેઓ રોકાયેલા હોય તે પ્રભુ ચરણે સમર્પણ કરતા. "In His name" —પ્રભુના નામે— એ તેમનો ચોવીસે કલાકનો મંત્ર હતો. અને બીજી ચાવી એ હતી કે, દરેક દુઃખી દરદીને જોઇને તેઓ કહેતા: "Somebody's child" —તે પણ કોઈનું બાળક જ છે. તેથી તેમનું હૃદય માતૃ-હૃદય જેવું હતું. અને આ બે ચાવીઓએ જાણે આનંદના રાજ્યનું દ્વાર ખુલ્લું ન મૂકી દીધું હોય, એમ સૌને લાગતું. કારણ કે તેઓ હમેશાં હસતા ને હસતા જ રહેતા અને કામ કરતા. એમ કહેવાય છે કે દેહત્યાગ કરવા પહેલાં તેમનો અહંભાવ એટલો વિગલિત થઈ ગયો હતો કે દરેક શ્વાસની સાથે તેઓ પ્રભુનો ચરણધ્વનિ સાંભળવા લાગી ગયા હતા. સાથે જ નદી સમુદ્રમાં મળી ગઈ હતી.

દેવાંશી જમશેદ મહેતા

કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

જો જગતમાં દેવાંશી પુરુષો કદી વિચરતા હોય તો શ્રી જમશેદ મહેતા એવા એક ગણાય એવા હતા. જરથુષ્ટ્રનો વિચાર, વાણી અને વર્તનની શુદ્ધિનો જે ઉપદેશ છે, તેને આચારમાં ઉતારવાને તેઓ સદા પ્રયત્નશીલ રહ્યા. અને જેઓ એમના અંગત સંપર્કમાં આવ્યા, તેઓ જાણે છે કે તેઓ કરુણા, નમ્રતા, પ્રસન્નતાની સાક્ષાત્ મૂર્તિ સમાન હતા. વિરોધીની સાથે શાંતિથી, મિત્રભાવે મનમેળ કરવાને તેમની સદા કોશિશ રહેતી, અને તેમનું હૃદય એટલું વિશાળ હતું કે સંકટમાં સપડાયેલાઓને હમદર્દી અને મદદ પહોંચાડવામાં ન્યાતજાત, ધર્મ-પંથ, દેશ વગેરે કશા ભેદભાવો આડે આવતા નહીં. માણસે પહેલાં ગમે તેટલી ભૂલો કરી હોય પણ જો તે મુશ્કેલીમાં હોય તો તેમની સહાનુભૂતિને પાત્ર જ થતો.

ખુદી અને ખાહિશો

ગુરુદયાલ મલ્લિકજી

માણસ જો પ્રભુનો એક અંશ છે, તો તે એને સહેલાઈથી કેમ પામી શકતો નથી? કેટલીય વાર આવો પ્રશ્ન પૂછવામાં આવે છે. પણ આ પ્રશ્નનો એક સહેલો જવાબ છે, જો કે માણસને તે જવાબ એટલી સહેલાઈથી સમજાતો નથી. “ખુદા ઔર ખુદી કે બીચ મેં ખાહિશ હૈ ઔર વહ હી સબ કામ બીગાડ દેતી હૈ.” એવું એક વાર એક ફકીરે કહ્યું હતું; અને એ વાત પણ સાચી છે.

માણસની વૃત્તિ ઘણા વખત સુધી એવી હોય છે કે તે જગતની જેટલી સુંદર, સ્વાદિષ્ટ અને સારી વસ્તુઓ હોય છે તેને પોતાના ભોગ માટે મેળવવા અને વાપરવાની ઇચ્છા તે રાખ્યા કરે છે. કોઈ દિવસે તેની ખાહિશોનો અંત આવતો જ નથી. તેને એમ લાગ્યા કરે છે કે, હજી એક વસ્તુ અથવા વિષય હજી પ્રાપ્ત કરવાનો રહી જ ગયો છે. અને અજબની વાત તો એ છે કે, જે વસ્તુને તે બાકી રહી ગયેલી વસ્તુ સમજે છે અને જેને પામવાથી તે માને છે કે તે શાંત અને સંતુષ્ટ થઇ જશે, પરંતુ એ વસ્તુ જો તેને મળી પણ જાય તો ઊલટો તે વધારે અશાંત અને અસંતુષ્ટ બની જાય છે. તેથી તો કામનો અંત કામથી નથી આવતો પરંતુ “નિષ્કામ”થી.

માણસના મનની શાંતિ કોણ રોજ રોજ ચોરી લે છે? તેની ખાહિશો, જે આવે છે તો એક એક કરીને, પણ થોડા જ વખતમાં માણસનું મન તેનાથી ભરપૂર થઈ જાય છે. તેથી જ્યારે તે મન-મંદિરમાં દાખલ થાય છે ત્યારે દરેક ખાહિશરૂપે તેની પાસેથી આતિથ્ય માગે છે. અને એનો આખો સમય ખાહિશરૂપી અતિથિઓની સેવા કરવામાં પસાર થઇ જાય છે, જેથી તેને જરા પણ શાંતિ મળતી નથી.

માણસની ખુદીને ખાહિશો પોષે છે, એટલે સુધી કે માણસ જે પ્રભુનો એક કેવળ પૃથ્વી પર ગુમાસ્તો છે, એ પોતે જ માલીક બની જાય છે. ખુદી ખાહિશોની એક ભારે પોટલી છે, જેને માથા પર મૂકીને માણસ કોઈ દિવસ સ્વર્ગ કે સુખ પામી ન શકે. તેથી

જે માણુસ ખાહિશો મૂકી દે છે તેની ખુદી ધીમે ધીમે ઓછી થતી જઇ મટી જાય છે. તે ખુદાને જોઈ શકે છે.

(અંગ્રેજી 'ગીતાંજલિ' કાવ્ય ૩૩)

દિવસની વેળાએ તેમણે મારા ઘરમાં આવીને કહ્યું હતું: 'અમે એક બાજુએ પડી રહીશું, દેવ-સેવામાં તમને મદદ કરીશું, અને પૂજા પછી જે મળશે તે પ્રસાદ લઇશું.'

એમ કહીને દરિદ્ર ક્ષીણ મલિન વેશે સંકોચ-પૂર્વક તેઓ એક ખૂણામાં આવીને રહ્યા.

રાતે જોઉં છું તો તેઓ પ્રબળ બનીને મારા દેવાલયમાં પેસે છે. અને પોતાને મલિન હાથે પૂજાનો બલિ હરી લે છે.

[અનુ૦ નગીનદાસ પારેખ]

સરદારશ્રીની વાણી

ગ્રામસેવકોએ એક વાત સમજી લેવી જોઇએ: સેવક મૂંગો હોય. બોલતાં આવડે તોયે જબાન બંધ રાખે. ભાષણને ચાળે ચઢેલા સેવક ગામડા માટે અયોગ્ય ગણાય. જેનું કામ જ બોલે છે તે ખરો સેવક થઈ શકે છે. એ મૂંગો હોય તો પણ એનું કામ એને બહાર લાવે છે. પ્રસંગ સિવાય બોલવાનો પ્રયત્ન સેવક નહીં કરે. પ્રસંગે બોલવું શોભે છે, પણ પ્રસંગ વિનાનું બોલવું મહા મહિનાના માવઠા જેવું નકામું છે. એથી ગ્રામસેવકનો મુખ્ય ધર્મ મૂંગી સેવા છે.

× * ×

ગ્રામસેવકે બે વાત જાણી લેવાની જરૂર છે: પહેલી એ કે વગર કારણે બોલવું નહીં; બીજી વાત એ કે પોતાના કામની જાહેરાત થાય એની ઇચ્છા રાખવી નહિ.

× * ×

સંગઠન વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય છે ત્યારે હવાના સપાટાથી પણ તૂટી જાય એવા કમજોર હોય છે. પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઇને મહોબત કરે છે, તાણાવાણામાં વણાઈને કાપડનું રૂપ લે છે ત્યારે એની મજબૂતી, સુંદરતા અને ઉપયોગિતા અદ્ભુત બની જાય છે.

મહેરબાનીની રાહે જે કંઈ મળે તે લઈને જીવવાની ઈચ્છા કરતાં પોતાના હક ખાતર મરતાં શીખવાનું હું વધારે પસંદ કરું છું.

× * ×

નજીવી વાતોમાં અંદર અંદર ઝઘડવું કે ઈર્ષાઅદેખાઇ કરવાને બદલે એકબીજા તરફ માયામહોબત રાખતાં અને મદદ કરતાં શીખવું જોઈએ.

× * ×

માતા જેમ બાળકને કડવી દવા પ્રેમપૂર્વક પાય છે, તેમ કડવી છતાં હિતકર વાતો મારે તમને કહેવી એ મારી ફરજ છે.

× * ×

જે કામ કાલે કરવાનું છે એની વાતોમાં જ આજનું કામ રખડી જશે. અને આજના કામ વિના કાલનું કામ થવાનું નથી. વળી આપણે ફરજમાંથી ચૂકીશું. આજનું કામ કરો. કાલનું કામ એની મેળે થઈ જશે.

× × ×

વિશ્વાસ રાખીને આળસ છોડી દો, વહેમો ફગાવી દો; ડર છોડો; કુસંપોનો ત્યાગ કરો; કાયરતા ખંખેરી નાખો; હિંમત રાખો; બહાદુર બનો; આત્મવિશ્વાસ રાખતાં શીખો. આટલું કરશો તો તમે જે ઇચ્છશો તે એની મેળે આવી મળશે. જગતમાં જેને માટે જે લાયક છે તે તેને મળે જ છે.

(ચાલુ)

પ્યારા બાપુ



ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ને આધારે]

મુકુલભાઈ

ભક્તરાજ તો પહેલેથી જ સાવધાન હતો. એટલે રાક્ષસે જ્યારે તેના પર હુમલો કર્યો ત્યારે તે તરત જ બાજુએ ખસી ગયો અને તેની સામે ઝઝૂમવા તત્પર થયો. રાક્ષસે તેના પર આગની વર્ષા વરસાવવા માંડી. પરંતુ ભક્તરાજ હિંમતભેર એનો સામનો કરી રહ્યો. સદ્‌ભાગ્યે તેણે અભેદ્ય દિવ્ય બખ્તર પહેરેલું હોવાથી તેમ જ પળે પળે પ્રભુનું સ્મરણ કરતો હોવાને કારણે તે રાક્ષસના કારમી હુમલાની સામે ટકી શક્યો. છેવટે ખૂબ રસાકસી પછી રાક્ષસ પરાસ્ત બની મરણને શરણ થયો. ભક્તરાજ થાકીને લોથપોથ થઈ ગયો હતો. તેને થયું, 'જો પ્રભુએ મને સહાય ન કરી હોત તો આવા ભયંકર રાક્ષસની સામે મારા જેવાનું શું ગજું? ભગવાને જ આજે મારી લાજ રાખી. એનું શરણું એ જ મારું પરમ જોમ હતું. ભગવાન, મારાં તને કોટિ કોટિ વન્દન હજો.' એમ

પ્યારાબાપુ

કહી ભક્તરાજે થોડી વાર શાંત બેસી ભગવાનનું સ્તવન કર્યું. પછી ભાથું ખાઇ, પાસે વહેતા ઝરણામાંથી ઠંડું પાણી પીને થોડી વાર વિસામો લઈ તે આગળ જવા ઊભો થયો. તે હવે ખૂબ સાવધ રહીને આગળ વધતો હતો, રખેને કોઇ બીજી આપત્તિનો તેને આથીયે વધુ મુશ્કેલીએ સામનો કરવો પડે?

હવે આ ખીણને છેડે એક બીજી ખીણ આવતી હતી. તેનું નામ હતું 'મૃત્યુછાયા'. એ ખીણમાંથી જ ભક્તરાજને પસાર થવાનું હતું. કારણ એ સિવાય દિવ્ય ધામમાં એ જઈ શકે નહિ. એ રસ્તે થઇને ત્યાં જવાય એમ હતું. આ ખીણ ઘણી જ નિર્જન અને વેરાન હતી. તે જાણે ગાઢ વન કે ઉજ્જડ રણ જેવી લાગતી હતી અને ત્યાં વચ્ચે વચ્ચે ઊંડા ખાડા પણ પુષ્કળ હતા. ત્યાં કોઈ માણસ રહી શકે એમ ન હતું. અહીં ભક્તરાજને રાક્ષસ સાથેના સંગ્રામ કરતાં પણ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવાનું હતું.

જ્યારે ભક્તરાજ એ ખીણની નજીક આવ્યો ત્યારે તેને બે માણસો સામા મળ્યા. તેઓ હાંફળાફાંફળા દોટ મૂકતા આવતા હતા. તેઓના જીવમાં જીવ નહોતો.

ભક્તરાજે તેઓને પૂછ્યું : "અરે ભાઈઓ, તમે ક્યાં જઈ રહ્યા છો?"

તેઓ બોલ્યા : "ભાગો, ભાગો! પાછા ફરો! જો તમને જિંદગી વહાલી હોય તો આગળ જશો મા."

ભક્તરાજ—પણ એવું તે છે શું કે આમ તમે ગભરાતા ભાગી રહ્યા છો?

માણસો—શું છે? અરે ભલા માણસ, અમે પણ તમે જે રસ્તે જવા માગો છો ત્યાં જવા મથતા હતા. પણ અમે જરા

આગળ ગયા હોત તો તમને આ સમાચાર આપવા જીવતા રહ્યા ન હોત.

ભક્તરાજ—પણ એવું તે તમને શું રસ્તામાં મળ્યું ?

માણસો—અરે, અમે તો મૃત્યુછાયાની ખીણના મુખમાં લગભગ પહોંચી ગયા હતા. પરંતુ સારા નસીબે અમે ત્યાં જરા ડોકિયું કર્યું તો જણાયું કે એ ઠેકાણે તો ભયાનક આપત્તિઓ ઠેર ઠેર પડેલી છે!

ભક્તરાજ—પણ ત્યાં શું જોયું એ તો જરા કહો?

માણસો—શું જોયું? અરે, ખીણમાં તો બધે ઘોર અંધારું વ્યાપેલું હતું! ત્યાં તો ભૂતાવળો નાચી રહી હતી અને ભયાનક પશુઓ કારમો અવાજ કરતાં હતાં. વળી મૃત્યુ પણ પોતાની પાંખ ફેલાવીને ત્યાં બેઠું હતું. એક જ શબ્દમાં કહીએ તો, એ ખરેખર ભયાનક છે, આપણને કશી સૂઝ જ ન પડે!

ભક્તરાજ—પરંતુ ભાઇઓ, આ રસ્તેથી જ મુક્તિધામે જવાય છે.

માણસો—તમારે જવું હોય તો ભલે જાઓ. અમારે એ રસ્તે નથી આવવું.

એમ કહીને તે બંને જણા ત્યાંથી ચાલ્યા ગયા. ભક્તરાજ આગળ વધ્યો. તે ખૂબ જ સાવધાનીથી ચાલતો હતો, રખેને કોઈ એના પર તૂટી પડે!

આ ખીણ ખૂબ દુર્ગમ હતી. રસ્તાની એક બાજુએ ઊંડી ખાઈ હતી. ત્યાં ડોકિયું કરતાં પોચા દિલના માણસને તો તમ્મર જ આવી જાય. અને અધૂરામાં પૂરું, એ રસ્તાની બીજી બાજુએ કળણભૂમિ હતી. જરા જો ગફલત થઈ જાય તો તેમાં ખૂંચી જઈએ તો પત્તો પણ ન લાગે. ભક્તરાજ ખૂબ વિમાસણમાં પડી ગયો. ખાઇમાં પડતાં બચવા પ્રયત્ન કરે તો કળણભૂમિમાં પડી જવાનો ભય હતો જ!

વળી એ કેડી પણ ઘણી સાંકડી હતી, તેથી ભક્તરાજ ઘણો અકળાઈ ગયો. ચારે બાજુ ઘોર અંધારું હતું. આવો વિકટ રસ્તો હેમખેમ પસાર થશે કે કેમ એની મૂંઝવણમાં ભક્તરાજ પડી ગયો.

આવા દુર્ગમ માર્ગ પરથી પસાર થતાં ભક્તરાજ ધ્રૂજી ઊઠતો હતો. તે વારે વારે ઊંડા નિસાસા નાખતો હતો અને પ્રભુના નામનું રટણ કર્યે જતો હતો. કારણ બીજી બધી મુશ્કેલીઓ ઉપરાંત અહીં બીજો ભય એ વાતનો હતો કે આસપાસ ઘોર અંધારું વ્યાપેલું હોવાથી જ્યારે તે આગળ જવા ડગલું ઉપાડતો હતો ત્યારે એ ક્યાં જઇને પડશે એની તે કલ્પના સુદ્ધાં કરી શકતો ન હતો! ત્યાં તો ખીણની વચ્ચોવચ્ચ તેણે જાણે કારમા નરકાગારનું જ દ્વાર જોયું!

ભક્તરાજ એ હૃદયદ્રાવક દૃશ્ય જોઇને કંપી ઊઠ્યો. તે વિચારવા લાગ્યો: 'હવે મારે શું કરવું? ક્યાં જવું? કશું સૂઝતું નથી! ભગવાનની કૃપાથી હું અહીં સુધી તો કેટલીય મુશ્કેલીઓ વટાવીને આવી પહોંચ્યો છું. પણ આ સ્થળ તો ખૂબ ભયંકર છે. અહીંથી હેમખેમ બહાર નીકળાશે કે કેમ? હે પ્રભુ, હું તો પામર માણસ છું. આવી ભયંકર આપત્તિઓની સામે ઝઝૂમવાનું મારામાં બળ નથી. હે પરમાત્મા! તું સર્વશક્તિમાન છે, પરદુ:ખભંજન છે. અને આ ભવસાગરમાંથી તું જ તારી શકે એમ છે. નહિ તો આ રસ્તે આવતી મુશ્કેલીઓમાં હું અટવાઈ જઈશ અને નાશ પામીશ. હે જીવનસ્વામી! તું જ મારો જન્મમરણનો સાથી છે. તારે આશરે હું આગળ ડગ ભરવા તૈયાર થયો છું. મને સહાય કરજે.' એમ પ્રાર્થના કરીને ભક્તરાજે આગળ ઝુકાવ્યું.

(ચાલુ)

પ્યારાબાપુ

'હું હરિજન છું'

કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

'તું હરિજન છે?'

શું જવાબ આપું? કહું કે હા, હું હરિજન છું, તો લોકો સમજશે કે હું અછૂત છું. પરંતુ હવે આપણો દેશ આઝાદ થયો છે. એટલે હિંદની સમગ્ર પ્રજાએ જાહેર કર્યું છે કે અમારા દેશમાં હવે પછી કોઇને અછૂત યા અસ્પૃશ્ય માનવામાં નહીં આવે. હવે મને કોઇ માણસ જ્યાં આગળ દેશની આમજનતાને જવાનો, બેસવાનો, અડકવાનો, નાહવાનો વગેરે અધિકાર છે એવી જગ્યાએ જતો, બેસતો, અડકતો કે નાહતો રોકી નહીં શકે. હવે કોઈ મને એમ ન કહી શકે કે, 'તું બાજુએ ખસી જા, હું અભડાઈ જઇશ. ત્યાં ન જા. એ હરિજનો, અછૂતો માટે બંધ છે.' અગર જો કોઇ મને રોકે તો તે ગુનો થાય છે, એટલે હવે હું અછૂત તો નથી રહ્યો.

તો હું એમ કહું કે 'એક સમયે હું હરિજન હતો, પણ હવે નથી.' એમ પણ કેવી રીતે કહું? એક વાત તો એ કે, કાયદાએ મને પ્રજામાં સમાનતાનો હક આપ્યો છે એ ખરું, પણ દેશનો કોઈ બ્રાહ્મણ, જમીનદાર, જાગીરદાર કે વાણિયો મારી સાથે અછૂતપણાનો વર્તાવ ન કરે એવો ભરોસો મને નથી. એમ કરવું એ કાયદાથી ગુનો થાય એ વાત સાચી. પરંતુ હું એક ગરીબ, અભણ, નિરાધાર માણસ છું. મોટા માણસોની સામે અદાલતમાં જવાની તાકાત હું ક્યાંથી લાવું? સમજુ લોકો પોતે જો મને પ્રેમથી ન અપનાવે તો કાયદો મને કેટલી મદદ કરી શકવાનો હતો? આખરે તો સમજુ લોકો જેટલા પ્રમાણમાં મને ન્યાય આપશે, મને છાતી સરસો ચાંપશે અને મને સરખો કરશે તેટલા પ્રમાણમાં જ મારું અછૂતપણું મટવાનું છે. તો પછી હું કેવી રીતે કહું કે હું હરિજન નથી?

વળી એ સવાલ પણ ઊઠે છે કે હું જો હરિજન ન હોઉં તો હું કોણ છું? શું હું મહાજન છું કે દુર્જન?

કયે મોઢે હું મને મહાજન કહું? મારી પાસે જમીન નથી, પૈસા નથી, વેપાર નથી. હું ભણેલોગણેલો માણસ પણ નથી. મારાં કપડાં ફાટ્યાંતૂટ્યાં અને મેલાં છે. મોટા લોકો મને તેમની બહુ નજીક નથી આવવા દેતા. પોતાની શેતરંજી કે ખુરસી પર નથી બેસાડતા. હું ઘરડો થાઉં તોયે મને 'તમે' 'કાકા' 'બાબા' નથી કહેતા. વીસ માણસ વચ્ચે મારું અપમાન કરવામાં આવે છે. 'પહેલી લાત અને પછી વાત' એ ન્યાયે મારી સાથે તેઓ વર્તે છે. શું કહું? કદી કદી મને જોડાથી પણ મારવામાં આવ્યો છે. વળી હું પૈસાપૈસા માટે લાચાર છું. કરજમાં ફસાયેલો છું. બીડી શરાબ વગેરેના નશામાં ડૂબેલો છું. મને નથી કોઈ વિદ્યા શીખવવામાં આવી કે નથી કોઈ હુન્નરઉદ્યોગ શીખવવામાં આવ્યો. હું કોઈ પ્રતિષ્ઠિત, સાફસૂથરો ધંધો કરી નથી શકતો, કેમ કે તે મને આવડતો જ નથી. નાનપણથી હું ગાળો સાંભળતો આવ્યો છું, એટલે એ જ મારી બોલી થઈ ગઈ છે. બચપણથી માર અને ગુસ્સો સહેતો આવ્યો છું. એટલે હું પણ મારાં બાળકો તેમ જ પત્નીને જરા જરામાં મારું છું, તેમના પર ગુસ્સો કરું છું. મને મોટાઓની

પતરાળી સાફ કરીને, એઠું બોટેલું ખાઇને, મુડદાલ માંસ ખાઈને, ગંદકી સાફ કરીને, મેલાં ફાટેલાં કપડાં માગીને અને પહેરીને ગુજારો કરવા ટેવ પાડવામાં આવી છે. નાહવું, ધોવું, સાફસૂથરા રહેવું એ બ્રાહ્મણો અને જાગીરદારોનો ધર્મ છે, અમારે માટે એ નથી એવું જ મને શીખવવામાં આવ્યું છે. આથી મારી આદત એવી જ થઇ ગઈ છે, એના પર મને જરાયે સૂગ નથી ચડતી. તમે સફાઈની વાત કરો છો, પણ મને એ ટેવ પાડવી હવે મુશ્કેલ લાગે છે. તો પછી કેવી રીતે કહું કે હું મહાજન છું?

તો શું હું દુર્જન છું? દુર્જન તો હું હરગિજ નથી જ. મહાજન બનવાની તો કદી કદી ઇચ્છા થઈ આવે છે. આપણા આંબેડકર અને જગજીવનરામ અમારામાંથી જ મહાજન થયા છે. હું પણ કેમ ન થાઉં? હૃદય તો આખરે સૌનાં સરખાં જ છે! બધાં માણસોમાં એક જ જાતની ઉમેદ પેદા કરે છે. એટલે કોઈ વાર રાષ્ટ્રપતિ બનવાની ઇચ્છા થઈ આવે છે. પણ દુર્જન બનવાની તો કદી ઇચ્છા નથી રાખતો. હું ભગવાનને માનું છું, અને ભગવાનને પ્રાર્થના કરું છું કે તે મને કદીયે દુર્જન ન બનવા દે. હું રોજ ભગવાનનું નામ લઉં છું. તેને હાથ જોડું છું અને માગું છું કે જે રસ્તે જવાથી ભગવાનની કૃપા થાય એ જ રસ્તો મને દેખાડજે, જે સંતોનો, ભગવાનના ભક્તોનો રસ્તો છે તે પર જ મને રાખજે. ખોટે રસ્તે જતો મને રોકજે, કેમ કે, તે દુર્જનોનો રસ્તો છે, અને એ રસ્તે જનારાઓ પર ભગવાન નારાજ થાય છે. ભગવાનનો ભક્ત થવામાં હું હજી સુધી સફળ નથી થયો. પરંતુ મારી શ્રદ્ધા તો હરિભક્તિમાં જ છે તો હું મને દુર્જન કેવી રીતે કહું?

વળી આપણા મહાત્માજી – ગાંધીજી-બાપુજીએ અમારે માટે ‘હરિજન’ નામ પસંદ કર્યું છે. તેમણે કહ્યું છે કે લોકો ભલે અમારી સાથે બૂરી રીતે વર્તે, અમને દૂર રાખે, પણ ભગવાન અમને છોડશે નહીં. અમે તેને છોડવા ઇચ્છીએ તોયે તે અમને છોડતો નથી. તે ગરીબ-નવાજ છે, દીન-દુખિયાંનો બેલી છે. પતિતપાવન છે. તે અમને તેની પાસે બોલાવે છે એટલા માટે મહાત્મા ગાંધીએ અમને ‘હરિજન’ નામ આપ્યું. તેમણે કહ્યું કે દુનિયામાંથી અછૂતપણું દૂર કરીને અને ઊંચ-નીચનું ગુમાન છોડી દઇને દરેક માણસે હરિજન બનવું જોઈએ. ભારતવર્ષની સમગ્ર જનતાએ હરિજન નામ ધારણ કરવું જોઇએ.

આ બધો વિચાર કરીને હું એ જ જવાબ આપું છું કે:

‘હા જી, હું હરિજન છું.’

માનવીનું જીવન મિત્રતાનો મહોત્સવ ઉજવવાને કાજે છે. મિત્રતાની કળા કેળવો. મિત્રતાને જ ધર્મ બનાવો. એની જ ઉપાસના કરો. કારણ મિત્રતા એ મધુર, સુંદર અને પુનિત આચરણ છે. જ્યાં બહુ જ ઓછી મૂલ્યવાન વસ્તુઓ રહી છે એવા સારવિહીન વિશ્વમાં સાચી મિત્રતાના સમંત વેદનો એ જ એક માનવીને મળેલી મહામોંઘી ભેટ છે, જ્યારે જીવનની વેદનાઓ આપણને મૃત્યુના દ્વાર ભણી ખેંચી જાય છે, એવી વેળાએ મિત્રતાની પવિત્રતા આપણને જીવનનો રાહ ચીંધે છે.

એપીક્યુરસ



ચિ. ......

તમે મને ભૂલી જવાના તોયે

[illegible] ? મારી

[illegible]

[illegible] રહ્યાં કરજો. ને

[illegible] કરું છું.

.... [illegible]

[illegible]

[illegible]

મન થઈ જાય. [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]



કલાક છે જ. પછી દુઃખ શું?
તમે બન્ને પોતપોતાના કામ
માં ગુંથાયેલાં રહો છો તેમાંથી
બીજા વિચારની નવરાશ પણ
ક્યાંથી હોય.
મારી પાસે આવવું હોય તો
આવી જજો. સરદારની આંખથી
ન ડરતા. એ આંખ દેખાડવાની જ
છે. મારા તે દિવસના બોલનું દુઃખ
હવે તો નથીના? બાપુના આશીર્વાદ

[બાપુજીનું વાત્સલ્ય માતાતુલ્ય હતું. પોતાનાં કેટલાંય અગત્યનાં કામોમાંથી પણ વખત કાઢી તેઓ બધાં ઉપર ધ્યાન રાખતા અને વારે વારે માર્ગદર્શન કરતા રહેતા. બાપુજી કોઈ વાર કેટલીક વાત સીધી રીતે નહિ પણ સમજુ માની પેઠે સાનમાં સમજાવી દેતા. આ કાગળમાં પણ એવો ઇશારો બાપુએ કર્યો છે. વળી બાપુજીનું કાર્યક્ષેત્ર એટલું વિશાળ હતું કે બધાંને પોતાની છત્રછાયા તળે રાખી શકતા ન હતા. તોયે એવી છાયાને ઝંખનારાં સૌને પોતાની પાસે આવવાને તેઓ હંમેશ નોતરતા. તદુપરાંત બાપુજી કોઈ વાર કોઈ વાત ભાર દઈને કહે અને સામા માણસ ઉપર તેની વધારે અસર થઈ જાય અને પછી પોતાનાથી તે જરા અળગા ન થઈ જાય એની પણ કાળજી બાપુજી સતત રાખતા હતા, તેનો ખ્યાલ પણ પ્રસ્તુત પત્ર પરથી આવશે.]

ચિ....

તમે મને ભૂલી જાઓ તોયે મારાથી કેમ એમ થાય? મારી આંખ તો તમે બધી જ્યાં જ્યાં છો ત્યાં રહ્યા કરે છે. જે આવે તેને ખબર પૂછયા કરું છું. .... લખે છે કે બીજી બહેનો પોતાના પતિની સાથે રહે છે તેથી તમને પણ એવું જ મન થઇ જાય. આમ થાય એ સ્વાભાવિક છે, પણ તેને દબાવજો. મીરાંનું ભજન ગાઓ: 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઇ.' અને એ તો તમારી પાસે ચોવીસે કલાક છે જ. પછી દુઃખ શું? તમે બન્ને પોતપોતાના કામમાં ગુંથાયેલાં રહો છો તેમાંથી બીજા વિચારની નવરાશ પણ ક્યાંથી હોય.

મારી પાસે આવવું હોય તો આવી જજો. સરદારની આંખથી ન ડરતા. એ આંખ દેખાડવાની જ છે.

મારા તે દિવસના બોલનું દુઃખ હવે તો નથીના?

બાપુના આશીર્વાદ

નમ્ર અને સ્નેહાળ કિશોરલાલભાઈ

મુકુલભાઈ

કિશોરલાલભાઇ જતાં સ્નેહાળ વડીલજનને ગુમાવ્યા જેટલું કારમું દુઃખ થાય છે. એમની સાથેના સહવાસથી તેઓ મારા એટલા નીકટના સ્વજન જેવા બની ગયા હતા કે તેમની સાથે સ્થપાયેલા હૃદયના સંબંધને લીધે તેઓ પ્રેમાળ ગુરુજન, પિતાતુલ્ય વડીલ જેવા જ બની ગયા હતા.

કિશોરલાલભાઇ સાથેના સહવાસથી મારા જીવનને આત્મોન્નતિકર વેગ મળ્યો. પરંતુ નમ્ર સ્વભાવના કિશોરલાલભાઇ એ વાત શાના કબૂલ કરે? તેઓ તો લખતા: "તમારી શ્રદ્ધા તમને ઊંચે લઈ જાય છે. અમે તમારી સેવાભાવનાનો ઉપયોગ કર્યો એટલું જ. તમારું તો કશું જ કરી શક્યા નહોતા. પણ હવે હિસાબ ક્યાં લખવા બેસશું?" બીજા એક પત્રમાં તેઓ લખે છે: "તમારી શ્રદ્ધા તમારી ઉન્નતિ કરો અને તેનું શ્રેય પ્રભુને મળો. તમને તેમાં હું નિમિત્તરૂપ લાગતો હોઉં તો તેમાં મારો કંઇ હાથ નથી. અનાયાસે બધું બની આવ્યું છે." આમ નિર્મળ નિરભિમાન વૃત્તિ દાખવી તેઓ પોતે યશના ભાર તળે કદી દબાતા જ નહિ.

તેમની નમ્રતા ખરેખર મને તો માર્ગદર્શિકા સમાન જ બની ગઇ છે. પૂજ્ય પંડિત સુખલાલજી સાથે મારો પરિચય થયા પછી મેં તેમને એ વિશે લખતાં કહ્યું હતું: "પૂજ્ય પંડિતજીનો સહવાસ આશીર્વાદરૂપ થઇ પડ્યો છે. પરંતુ તમારાથી દૂર રહેવાનું ગમતું નથી." તેના ઉત્તરમાં કિશોરલાલભાઇએ લખ્યું: "પંડિતજીના ગાઢ સંબંધમાં આવ્યા, એને જીવનનો મોટો લહાવો સમજજો. એ તમને મારા જેવા ચોવીસ શિક્ષક મળ્યાની ગરજ સારશે. એમની પ્રસન્નતા પ્રાપ્ત કરજો."

પ્યારાબાપુ

આમ તેઓ વિનમ્રભાવે પોતાને પશ્ચાદ્ભૂમાં જ મૂકી દેતા. એક વાર મેં એમની પાસે રહેવાની તીવ્ર ઇચ્છા બતાવી હતી ત્યારે તેમણે જે લખ્યું એમાં પણ એમની નમ્રતા જ દૃષ્ટિએ પડે છે: "તમે મારી પાસે રહેવાની ઝંખના બતાવો છો, અને જાણે તમારી નાલાયકીને લીધે તેમ કરી શકતા ન હો એવું માનો છો. આ તમારો ભ્રમ છે. તમે ત્યાં જે કામ કરી રહ્યા છો તેની તોળે આવે એવું મારી પાસે કોઈ કામ નથી, જીવન વ્યવસ્થા પણ નથી, સવારથી રાત સુધીનો કાર્યક્રમ નથી. મારી પાસે તો અહીં કેવળ મુંબઈ શહેરને મળતું જ જીવન છે. તમે પોતે તમારી સ્વયંસ્ફૂર્તિથી કાંઇ કામ ઉપાડવા પ્રયત્ન કરત તો જુદી વાત હતી. પણ તે જો હરિજન ઑફિસના રૂટીનથી અલગ રહીને કરી શકત તો જ થાત. અહીંની કોઈ સંસ્થામાં દાખલ થયા હોત તો એવું કાંઈક કરી શકત, પણ તેમાં મારાથી તો દૂર જ રહેવાનું થાત. એક વાર તમે અહીં આવીને અહીંનું મારું જીવન જોઇ લેશો તો તમારો મોહ દૂર થઇ જશે. આ તો હું મારી દૃષ્ટિએ લખું છું. પણ હમણાં જ મને એક નવો અનુભવ થયો છે. તે એ કે શ્રદ્ધાળુની જોવાની નજર જ જુદી હોય છે, તે પોતાની શ્રદ્ધાની આંખેથી ઘણું બીજાને ન દેખાય તેવું જુએ છે."

આ રીતે કિશોરલાલભાઇના સદ્ગુણોનો વિચાર કરતાં આરો આવે એમ નથી. મારા જેવાને એમના પિતાતુલ્ય સ્નેહનું જે પાન કરવા મળ્યું છે એ જીવનની એક મોટી ધન્યતા છે. અને આજે કિશોરલાલભાઇ જતાં કેટલાય પ્રસંગો યાદ આવે છે અને આંખ ભીની થઇ જાય છે. પરંતુ આજે એ સૌ

પ્રસંગોમાં એક પ્રસંગ આગળ તરી આવે છે જેમાં આપણને કિશોરલાલભાઈની પિતાતુલ્ય સ્નેહ માટેની ઝંખનાનું પાવનકારી દર્શન થાય છે. પૂજ્ય બાપુજીના અવસાન પછી કિશોરલાલભાઇને રેડિયો પર વાતચીત માટે નિમંત્રણ આપ્યું હતું. ત્યાં વ્યવસ્થાપકે તેમની શરૂઆતમાં ઓળખાણ કરાવી હતી. એ વાતના અનુસંધાનમાં તેઓ બોલ્યા હતા :

"પહેલાં તમે જે રીતે મારી અને મહાદેવભાઈની, નરહરિભાઈની વગેરેની ઓળખાણ આપી તેની પાછળ એક ભૂલ રહેલી છે, તે સમજાવવી જોઇએ. તે એટલા માટે નહિ કે તમારી એ ભૂલ છે, પણ એવી જાતની ભૂલ સામાન્ય રીતે જ સમાજમાં પેસી ગઈ છે. અને એને લીધે આપણે બાપુજીની જે વિશાળતા છે તેને ટૂંકી કરી નાખીએ છીએ. એટલા માટે એને સુધારવાની જરૂર છે.

"બાપુજીના અનુયાયી તરીકે તમે ચાર પાંચ નામો ગણાવ્યાં. સાચું પૂછતાં એ ચારમાંથી કોણ બાપુજીના અનુયાયી હતા કે છે તે ન કહી શકાય. અને મારે માટે તો ઓછામાં ઓછું કહી શકાય. બાપુજી ઘણી વાર કહેતા કે, 'મારો કોઈ શિષ્ય જ નથી. હું જ મારો શિષ્ય છું. મારા સિવાય કોણ મારો શિષ્ય હોય? હું જ મારો શિષ્ય બરાબર નથી થઈ શકતો, તો મારો બરાબર શિષ્ય કોણ થઈ શકશે? એટલે બાપુજીના કોઇ પણ શિષ્ય છે જ નહિ અને કોઈ પણ બાપુજીના સિદ્ધાંતોને પી ગયો છે કે પચાવી ગયો છે એમ દાવો કરે, તો એ પણ બરાબર ન કહેવાય. બધાએ બાપુનો લાભ વર્ષો સુધી ઉઠાવ્યો; અને મહાદેવભાઇ જેવા, જે એમની જ રીતે એમનો અંગત પરિચય કરીને જે રીતે એમનામાં ઓતપ્રોત થઈ ગયા, તેવા તો કોઇ જ થઇ શક્યા નથી અને એ દૃષ્ટિએ હું તો બહુ જ દૂર રહ્યો છું. એમની જોડે ત્રીસ વર્ષ સુધી અનેક રીતે કામો કર્યાં એ પણ સાચું; પણ તેમ છતાં તેમનો અનુયાયી થઈ શકું, એવો દાવો કોઈ દિવસ હું કરી શકું એમ નથી. અને એ વસ્તુ નરહરિભાઇ વિષે પણ કહી શકાય. વિનોબા વિષે પણ કહી શકાય. ભણસાળીભાઇ તો બાપુજીના અનુયાયી તરીકે પોતાને ઓળખાવવામાં વાંધો પણ ઉઠાવે. બાપુને હું જેવી રીતે જઈ મળ્યો, અને બાપુની સાથે મારું જીવન મેં જોડી દીધું તે પરથી આ વાત સમજી શકાય તેમ છે.

"મેં બાપુને એક ધર્મગુરુ તરીકે માન્યા નહોતા. તેમ બાપુની પાસે ગયો તે એટલા માટે નહિ કે તેઓ એક રાજકીય નેતા હતા. તેઓ રાજકીય નેતા તો ખરા. પણ મારે માટે વાત એમ હતી કે, મારા કુટુંબની અંદર મને મારા પિતાશ્રી જોડે જેટલો સંબંધ હતો તેટલો કોઇ સાથે ન હતો. કુટુંબની અંદર એમ તો બહુ મેળ હતો. મારા મોટાભાઇઓ મારા ઉપર બહુ જ હેત રાખતા હતા. હું પાણી માગું તો દૂધ લાવી આપે એવા હતા. પણ મારા પિતાશ્રીની ખોટ મને બહુ જ સાલતી હતી. અને ૧૯૧૬ના અંતમાં મારા પિતાશ્રીનું જ્યારે અવસાન થયું, ત્યારે મને સૂનું સૂનું જેવું લાગ્યું. તે વખતે ઇશ્વરકૃપાથી એવી પરિસ્થિતિ હતી કે, કુટુંબની ચિંતા જે પહેલાં ઘણી ભારે હતી તે હળવી થઈ ગઇ હતી. અને મારા મનમાં એવા વિચારો તો હતા કે, કાંઈને કાંઈ સેવાકાર્યમાં પડી શકાય તો સારું. પણ એ સેવાકાર્યમાં પડવાને માટે પાછા એક પિતા જોઇએ. એ પિતા મને ઓચિંતા ગાંધીજીની અંદર દેખાયા. અને જેમ એક પુત્ર પિતાને જઈ વળગી પડે એમ હું ગાંધીજીને વળગ્યો; અને એમની સાથે મારો જો કોઈ સંબંધ [અનુ૰ પૃ૰ ૨૧૬]

ત્યારે બાપુ

ત્રિવેણી સંગમ

સંકલનકર્તા : મુ૦ ક૦

(૩૨)

બાપુના ડાબા હાથની કોણીમાં દરદ થતું હતું. ડૉકટરનું કહેવું હતું કે હાથને આરામ આપવો જરૂરી છે. તેથી ડૉકટરનું કહેલું માનવાના હેતુથી—એટલે કે ડાબા હાથની કોણીના હાડકાને આરામ આપવાની એની સલાહ માનવાના હેતુથી—નવી જ યુક્તિ બાપુએ શોધી કાઢી. બારડોલીમાં બનેલો 'યરવડા ચક્ર' એવો છે કે જેની ત્રાક ઊલટાસૂલટી ચડાવી શકાય. ડાબા હાથે આ રેંટિયો ચલાવી શકાય એવી રીતે એની ઉપર ત્રાક ઊલટી ચડાવીને એ રેંટિયો બાપુએ ચલાવવા માંડ્યો. આમાં આરામ મળવાનો કેટલો સંભવ હશે તે સમજાય એમ નથી; કારણ ડાબા હાથે તાર ખેંચવાને બદલે ડાબો હાથ ચક્કર ચલાવે છે, અને જમણો તાર ખેંચે. બન્નેની ઉપર પડતી તાણ માત્ર અદલબદલ થાય. પણ બાપુએ તો પ્રયોગ શરૂ કર્યો! થોડી વાર તો તાર કાઢવો મુશ્કેલ પડ્યો. મહાદેવભાઇએ પણ નાશિકમાં એમનો જમણો હાથ બહુ દુઃખતો હતો ત્યારે આ યુક્તિ અજમાવી જોઈ હતી. પણ તે એકે તાર કાઢી શક્યા નહોતા, એટલે પડતી મૂકી હતી. પણ બાપુએ તો ચલાવ્યે જ રાખ્યું. કલાક દોઢેક તેના ઉપર પ્રયત્ન જારી રાખ્યો અને સાત પૂણી કાંતી. સાતમી પૂણીમાંથી તો હંમેશની જેમ તાર નીકળવા લાગ્યા! એટલે બાપુ મહાદેવભાઇને ખુશ થઇને કહે: "જો, ૯૫ તાર નીકળ્યા, એટલે મારા રોજના ૩૭૫ તો પૂરા થયા, કારણ ગઈ કાલના ૨૮૨ વધેલા છે."

પ્યારાબાપુ

મહાદેવભાઈ: "બાપુ આમાં આરામ તો ઓછો જ મળે છે."

બાપુ: "આરામ તો ટેવ પડશે એટલે મળશે. ન મળે તોયે એ ખોટનો વેપાર નથી, કારણ જમણો હાથ કોક વાર છેક ખોટકી પડે તો આ ટેવ પડેલી સારી છે!"

(૩૩)

બીજે દિવસે બાપુએ યરવડા ચક્રના મોઢિયામાં ફેરફાર કર્યા. કાલના રેંટિયાની ધરીઓ બરોબર નહોતી તેને લીધે પોતાનો જ રેંટિયો ઠીક કર્યો; અને ડાબા હાથનો પ્રયોગ ચાલુ રાખ્યો. પરિણામ કાલના કરતાં સારું હતું. કાલે ૯૫ તાર કરતાં ૩॥ કલાક લાગ્યા હતા, આજે ૮૫ તાર અઢી કલાકમાં નીકળ્યા.

આ જોઇને વલ્લભભાઈ કહે: "આમાં કાંઈ કાયદો ન થાય. પાકી કોઠીએ કાના ન ચઢે. આપણું જૂનું ચાલતું'તું તેમ ચાલવા દોની."

બાપુ: "કાલના કરતાં આજે પ્રગતિ સારી થઈ છે. એની કોઈ ના પાડી શકે તેમ નથી."

વલ્લભભાઈ કહે: "એ તો આશ્રમમાં કોઈ જાણશે તો ડાબા હાથે કાંતવાનું શરૂ કરી દેશે, અને એ પંથ ચાલશે."

બાપુ: "એ તો જાણવાના જ. આ વખતે લખીશ."

વલ્લભભાઈ જરા ગંભીર થઇને: "આના કરતાં તો બાળકોને જ બંને હાથે રેંટિયા

ચલાવતાં શીખવ્યા હોય તે સારું."

બાપુ કહે: "સાચી વાત. જપાનમાં તો બાળકોને બંને હાથ વાપરવાનું શીખવવામાં આવે છે જ."

(૩૪)

એક દિવસે નવો રેંટિયો મહાદેવભાઈએ ચલાવવા માંડ્યો અને એવો અવાજ નીકળવા માંડ્યો કે બાપુ આંતરડી કપાઈ જતી હોય તેવું મોં કરીને કહે: "કોઈ કલાકારને પોતાની કૃતિમાંથી બેહૂદો સૂર નીકળતો હોય અને દુઃખ થાય છે તેમ મને થાય છે."

પછી બાપુએ પોતે મોઢિયામાં અમુક ફેરફારો સૂચવીને જેલમાંના સુથાર પાસે નવું મોઢિયું કરાવ્યું અને એનું પરિણામ ડાબે હાથે પણ સરસ આવ્યું. બાપુ જાણે જન્મથી યંત્રશાસ્ત્રી હોય એવું ઘણી વાર જોઈ શકાય છે, તેમ જ વૈદ્ય. વલ્લભભાઈ માટે સલ્ફરનો પાક આવ્યો, બાપુએ તુરત જ એનું પૃથક્કરણ કરી આપ્યું. એટલે વલ્લભભાઈ કહે: "તમને એ બધું શી રીતે ખબર પડે?"

બાપુ: "હું એક વર્ષ કંપાઉન્ડર પણ હતો ના?"

(૩૫)

જેલમાં મગન રેંટિયો (બે હાથે ચલાવવાનો રેંટિયો) આવ્યો એટલે બાપુએ તેના ઉપર બેએક કલાક મહેનત કરી અને આખરે ૨૪ તાર કાઢ્યા ત્યારે તેમને શાંતિ થઈ. વલ્લભભાઇ આખો વખત હસતા હતા અને કહેતા હતા: "જેટલું કાઢશો તેથી વધારે બગાડશો."

બાપુ કહે: "એ તો મારા ડાબે હાથે કાંતવા વિષે પણ હસનારા તમે હતા ના! જુઓ આ તાર નીકળવા માંડ્યો. હવે તમે આ તરફ નહીં જોશો ત્યાં સુધી એ તાર નીકળ્યા જ કરશે."

(૩૬)

બીજે દિવસે મગન ચરખા ઉપર કાંતવા બાપુ ઉત્સાહથી બેઠા. પણ ચરખો કેમે ચાલે નહીં. વલ્લભભાઇને સવારનું કહી રાખ્યું હતું કે, "તમારા શાપ નહીં લાગે તો ચાલશે."

૯–૧૦ વાગ્યા સુધી ચલાવ્યું પણ પૂણી બગડ્યા ઉપરાંત કશું પરિણામ ન આવ્યું!

આ જોઇને વલ્લભભાઇ ગમ્મત કરતા બોલ્યા: "એક કોકડું ઉતારીને બીજું ભર્યું કે શું?"

બપોરે પણ એમ જ થયું! રેંટિયાનાં જોતરાં ટાઈટ કર્યાં, તેલ પૂર્યું, બધાં વાનાં કર્યાં. મહાદેવભાઇએ પણ ઘડીક વાર માથું માર્યું, પણ રેંટિયો ચાલે જ નહીં!

વલ્લભભાઈ ઊંઘીને ઊઠ્યા એટલે કહે: "કાંત્યું, હવે બંધ કરો."

બાપુ કહે: "કાંત્યું, કાંત્યું. અમારો સંઘ અટકી પડવાનો નથી. આખરે સેમ્યુઅલ હોરની પાસે બેસનારો હું રહ્યો ના!"

વલ્લભભાઇ: "નીચે બહુ કાંતેલું પડ્યું દેખાય છે."

સાંજે તો વલ્લભભાઈની પણ મશ્કરી ચલાવવાની વૃત્તિ નહોતી રહી. બાપુએ ડાબે હાથે શરૂ કર્યું. લગભગ પાંચ કલાક મહેનત કરી હશે. બાપુ તદ્દન થાકેલા હતા; લોથપોથ થઇને આઠ વાગ્યા પહેલાં પગ ચોળાવતા ચોળાવતા ઊંઘવા લાગ્યા. અને ઊઠીને તુરત સૂઈ ગયા. જતાં જતાં બાપુ વલ્લભભાઇને કહે: "જોજો, કાલે રેંટિયો જરૂર ચાલવાનો છે. શ્રદ્ધા મોટી છે."

વલ્લભભાઈ કહે: "આમાં પણ શ્રદ્ધા?"

બાપુ કહે: "હા, હા, શ્રદ્ધા તો ખરી જ."

પ્રભુ જ્યારે પોતાનું મંદિર પ્રેમનું સિંચન કરીને બાધવા શરૂ જોઈને બેઠો છે, ત્યારે માણસો ત્યાં પથરા લાવી લાવીને સીંચે છે!

— ગુરુદેવ
પ્યારાબાપુ



બાપુજીની મીઠી વાતો -૭

સાને ગુરુજી

બાપુજી દેખાતા હતા સાયકાંકલા. લોકો કહેતા કે બાપુજી એટલે મૂઠીભર હાડકાંનો માળો. પરંતુ તેઓ પોતાની તબિયતની અત્યંત કાળજી લેતા. બરાબર નિયમિત આહાર. ફરવું, માલિસ વગેરે હોય જ. શરીર એ સેવાનું સાધન છે. તેને સ્વચ્છ, સતેજ રાખવું એ આપણું કર્તવ્ય છે. દેહ એ પ્રભુનું મંદિર છે. તેને કાળજીપૂર્વક બળવાન રાખવો એ આપણું કર્તવ્ય છે. મહાત્માજી નબળાપણાના પૂજારી ન હતા. તેમને અશક્તપણું, પછી તે મનનું હોય કે શરીરનું, જરાયે ગમતું નહિ. ભરપૂર ખા, ભરપૂર સેવા કર એમ તેઓ કહેતા.

પૂજ્ય વિનોબાજીની તબિયત જરા અશક્ત થઈ હતી. વિનોબાજીને જ ૧૯૪૦ની સાલમાં મહાત્માજીએ પહેલા સત્યાગ્રહી તરીકે નીમ્યા હતા. વિનોબાજી જેવી સત્યઅહિંસાની મૂર્તિ આજે મહારાષ્ટ્રમાં, ભારતમાં જવલ્લે જ જોવા મળે. સાબરમતીના આશ્રમમાં જે સૌથી પહેલી સત્યાર્થી મંડળી આવી, તેમાં તરુણ વિનોબાજી હતા. અસ્તુ.

વિનોબાજી તબિયતની કાળજી લેતા નથી એવી ફરિયાદ સેવાગ્રામમાં ગાંધીજી પાસે કરવામાં આવી. ગાંધીજી એક દિવસે વિનોબાજીને કહેવા લાગ્યા: “તું તારી તબિયતની સંભાળ લેતો નથી. તને હવે મારે મારા તાબામાં લેવો પડશે. તારી તબિયત બરાબર કરવી પડશે.”

“મને ત્રણ મહિનાની મુદત આપો. એટલા વખતમાં એ બરાબર ન સુધરે તો પછી મને આપના તાબામાં લેજો.” વિનોબાજી બોલ્યા.

હિંદુસ્તાનનો સંસાર માથા પર રાખનારને પોતાની તબિયતની ચિંતા શા માટે એવું મનમાં લાવીને ઇચ્છાશક્તિના મેરુ સમાન વિનોબાજી પોતાની તબિયત તરફ ધ્યાન આપવા લાગ્યા. ત્રણ મહિનામાં તેમણે પોતાનું વજન ૨૫ પાઉંડ વધારી બતાવ્યું. મહાત્માજી આનંદ પામ્યા.

મહાત્માજીને હૃષ્ટપુષ્ટ માણસો જોઈતા હતા. દુબળા જોઈતા ન હતા. દુબળાપણું એટલે પાપ એ ધ્યાનમાં રાખજો.

કાર્યકર્તાઓને

કેદારનાથજી

કાર્યકર્તા એટલે સેવક. કાર્યનો સંબંધ કેટલો વિશાળ અને વ્યાપક છે, તે દરેક કાર્યકર્તા વિચારે. દવાનું કામ કરનારનો ઉદ્દેશ ફક્ત દવા આપવાનો જ ન હોય. ફરીથી દરદી બીમાર ન પડે તે તે જુએ. એ જ મુજબ, શિક્ષકોએ પોતાના કામ બાબતમાં વધારે વિચાર કરવો. માબાપ પોતાનાં છોકરાં આપણને સોંપે છે. શિક્ષકનું કામ મનુષ્યને તૈયાર કરવાનું છે. પોતાને જે તૈયાર કરી શકે, તે બીજાને તૈયાર કરી શકે. શીખવું સહેલું છે, શીખવવું અઘરું છે. તેને માટે કલાની જરૂર છે. સુસંસ્કાર દેવાનું કામ અઘરું છે. જેની પાસે ચારિત્ર્ય હોય, તે જ બીજાને ચારિત્ર્યવાન બનાવી શકે.

ખાદી પહેરનાર અને ખાદી ન પહેરનારના જીવનમાં ઘણો તફાવત હોય છે. ખાદીનો જીવન સાથે ગાઢ સંબંધ છે. ગાંધીજીને અહિંસક સમાજ સ્થાપવો હતો. એવા શોષણહીન સમાજ માટે શ્રમપ્રતિષ્ઠા, સ્વાવલંબન, હસ્ત-ઉદ્યોગ આવશ્યક છે. સ્વાવલંબન બધી બાજુથી કેળવવું જોઈએ. તમે સ્વાવલંબનનો આદર્શ સમાજ સમક્ષ મૂકી સમાજને શોષણહીન સમાજનો ખ્યાલ આપી શકો.

તમારી પાસે હું આશા રાખું છું કે તમે ખૂબ વિચાર કરશો. વિચારમાં નિશ્ચિતતા હશે, નિષ્ઠા હશે. તો અનેક રહસ્ય તમને સમજાશે. ગાંધીજી કહેતા, 'સમઝ બૂઝ કર કાંતો.' એમ તમે પણ સમજીને કામ કરો, તમારું કામ સુધારતા જાઓ. કામની ઉન્નતિ થશે સાથે તમારી પણ ઉન્નતિ થશે.

જે માણસ જીવનનું કલ્યાણ ઈચ્છે છે, તે અહીંયાં ટકી શકે. શરીરસુખ કરતાં વિશેષ કાંઇ પ્રાપ્ત કરવા જેવું છે, એવું માનનાર જ અહીં આવી શકે. અહીંયાં કામ કરનાર પોતાનું કામ અધિકાધિક કેમ સારું થાય તે વિચારે. જિંદગીભર તમે કાર્ય કરતા રહો. તમારા કાર્યથી સમાજની ઉન્નતિ થાય. તમારામાં સંસ્કાર આપવાની રુચિ હોય, પૈસાની દૃષ્ટિ ન હોય. મનમાં ઝીણી ઝીણી પણ નોકરીની ઈચ્છા હશે. તે અહીં ટકવાના નથી.

આપણા સામાન્ય વહેવારમાં અલગતા હોય છે. આશ્રમમાં તમે કુટુંબભાવના કેળવો.

કિશોરલાલભાઈ [અનુસંધાન પૃષ્ઠ ૨૧૨ થી ચાલુ]

રહ્યો તો તે પિતા–પુત્રનો જ રહ્યો હતો."

બાપુજીના અવસાનને ઘણા મહિનાઓ વીતી ગયા હતા. એક દિવસે સાંજે કિશોરલાલભાઇ એક બે મુરબ્બીજનો સાથે વાતચીત કરતા હતા. વાતવાતમાં બાપુજીની વાત નીકળી. કિશોરલાલભાઈ બોલ્યા : "ગાઢ અંધકાર હોય અને એકાએક વીજળીનો ચમકારો થાય તેથી બધે પ્રકાશ ફેલાઇ જાય. પરંતુ બીજી ક્ષણે વીજળી અદૃશ્ય થતાં, પહેલાં કરતાંયે વધારે ગાઢ અંધકાર હોય એમ આપણને લાગે છે. એવું જ બાપુજી જતાં અનુભવાય છે." અને આજે કિશોરલાલભાઇ, તમે જતાં અમારા જેવાની પણ એવી જ સ્થિતિ છે! તમારો ઉજ્જવળ આત્મા અમને પ્રેરણા આપતો રહે એ જ અમે માગીએ છીએ. અમારા જેવાના માર્ગમાં તમે પથદર્શિકા પ્રેમળ જ્યોતિ સમ હતા. એ દિવ્ય જ્યોતિ તો સનાતન પ્રકાશતી જ રહેશે. પરંતુ આજે તો અમને બધે અંધકાર જ ભાસે છે. હે જ્યોતિર્ધર ! 'તમસો મા જ્યોતિર્ગમય।' અમારી આ પ્રાર્થના સાંભળજો અને અમને સુપથે દોરજો. જેમ તમે અમારી વચ્ચે હાજર રહીને દોરતા હતા તેમ હવે પણ દોરતા રહેજો.

પ્યારા બાપુ

ગુરુજનોની ઊણપો

કાકા કાલેલકર

સદ્ભાગ્યે મારા બાળપણમાં સાવ ચારિત્ર્યહીન એવા શિક્ષક તળે ભણવાનું મારે ભાગે ન આવ્યું. એવા કોઈ હોય તો એ વિશે મારા કાન ઉપર કશી વાત આવી નહીં. લોકમાન્ય તિલકના મુરબ્બી સાથી વિષ્ણુશાસ્ત્રી ચિપલુણકરના ચરિત્રમાં મેં વાંચ્યું છે કે નાનપણમાં એ લોકો જ્યારે સળસકે નિશાળે જાય અને વર્ગમાં શિક્ષકને ન જુએ ત્યારે તેઓ પોતાના શિક્ષકને એમની વેશ્યાને ઘેર જઈને ઉઠાડીને લઈ આવે અને શિક્ષક પણ શરમાયા વિના, કોગળો કરીને, બાળકો સાથે નિશાળે આવે !

અમારા જમાનામાં બધા જ શિક્ષકો અમને નીતિનો ઉપદેશ કરતા અને તેથી પોતાના જીવનમાં અમુક ઊંચાઈએ રહેવાનો એમનો દાવો રહેતો. માટે સામાન્યપણે એમના પ્રત્યે મનમાં આદર રહેતો.

એક શિક્ષકે મારા પિતાશ્રી વિશે, “તેમને લાંચ મળતી હશે,” એવું કહ્યું ત્યારે મને કેટલું માઠું લાગેલું તે મેં નોંધી રાખ્યું છે. કારવારના એક અસંસ્કારી ઘનશ્યામ વાણી માસ્તર તરફની ચીડ પણ મેં ક્યાંક નોંધી હશે. એ બાપડાનું જીવનનું ધોરણ જ હલકું. એટલે જોકે હું મરાઠી બીજીમાં હતો તોયે મને એને વિશે મનમાં તિરસ્કાર જ જામ્યો.

મારા મનમાં શિક્ષકો પ્રત્યે જે આદરભાવ પ્રયત્નપૂર્વક રેડાયો હતો તેને આવા કેટલાક કિસ્સાઓથી ભારે આઘાત પહોંચવાથી મારું પારાવાર નુકસાન થયું એમ મને મોટા થયા પછી લાગતું. પણ આજે તટસ્થપણે વિચાર કરું છું ત્યારે એ અનુભવને લીધે મને લાભ જ થયો છે એ વિશે શંકા રહેતી નથી. શિક્ષકો તેટલા બધા સારા, પવિત્ર પુરુષો, ચારિત્ર્યના દીપસ્તંભ, એમ માનવાથી મનને સંતોષ જરૂર થતો, પણ એ વૃત્તિ પાછળ શ્રદ્ધા કરતાં ભોળપણ જ વધારે હતું. અને ભોળપણ કોઈ પણ રીતે આધ્યાત્મિક વૃત્તિ ન જ કહેવાય. રાજનિષ્ઠ પ્રજાજનમાં ખરાબ રાજા પ્રત્યે તિરસ્કાર હોવા છતાં રાજાની ગાદી પ્રત્યે જેમ ખરેખરી નિષ્ઠા હોઈ શકે છે તે જ પ્રમાણે શિક્ષક એ શિક્ષક છે એટલા માટે જ એમના પ્રત્યે મુરબ્બીભાવ કેળવવો ઘટે છે, અને એમના વ્યક્તિગત દોષો દરગુજર કરવાના હોય છે એ વસ્તુ હું છેક નાનપણમાં જ શીખ્યો. નિશાળના બીજા વિદ્યાર્થીઓમાં એ વિવેક ન હોવાથી શિક્ષક પ્રત્યેનો તિરસ્કાર વ્યક્ત કર્યા વગર એમનાથી રહેવાતું ન હતું. હું એ દોષમાંથી સ્વાભાવિક રીતે બચી ગયો, અને એ લાભ મને આખા જીવનમાં ઘણો જ મદદગાર નીવડ્યો છે.

બાળકોના મનમાં એ વિચાર ઊગી નથી શકતો કે પોતાનાં માબાપ પોતાને માટે અત્યંત પૂજ્ય વ્યક્તિ હોવા છતાં દુનિયા માટે તેઓ સામાન્ય વ્યક્તિ જ હોય છે. માબાપ પ્રત્યેનો પૂજ્યભાવ વ્યક્તિગત સંબંધને લીધે હોય છે. એમાં માબાપની યોગ્યતા-અયોગ્યતાનો સંબંધ હોતો નથી. એવો એ સૂક્ષ્મ ભેદ શિક્ષકોને લીધે હું સમજી અને કેળવી શક્યો એ, જિંદગીની મોટી મૂડી જ સમજવી જોઈએ. આને હું ધર્માનુભવ એટલા માટે કહું છું કે આવો ભેદ કરતાં શીખીને

ઘણી ગડમથલમાંથી અને મૂંઝવણમાંથી હું બચી ગયો. ત્યાર પછી માબાપોના કૌટુંબિક જીવનમાં નાનોમોટો સ્વાર્થ, પક્ષપાત કે એકાંગિતા જોયા છતાં અને ધાર્મિક વિચારોમાં પણ એમનું ભોળપણ નજરે ચડ્યા છતાં એમના પ્રત્યેનો આદરભાવ ઓછો થયો નહીં અને મારાં કર્તવ્ય વિશે પણ મૂંઝવણ પેદા થઇ નહીં. શિક્ષકો પ્રત્યે આદરભાવ કેળવવાના દિવસોમાં એમના હડહડતા દોષો તરફ ધ્યાન જવાથી ઠોકર વાગ્યા જેવું જે થયું તે અનુભવ સુખાવહ ન હતો, પણ મારા ઘડતરમાં એનો ફાળો હું મહત્ત્વનો ગણું છું.

આગળ જતાં, અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ગયો હતો ત્યારે, અમારી વાગ્વર્ધિની સભામાં એક વાર ચર્ચાનો વિષય નીકળ્યો હતો કે ‘દરેક યુવકે કોઈ વ્યક્તિને પોતાની નજર આગળ આદર્શ તરીકે રાખવી કે નહીં?’ મારી સામેના વિદ્યાર્થીનું કહેવું હતું કે વ્યક્તિને આદર્શ તરીકે સ્વીકાર્યા વગર માણસનો વિકાસ થઈ જ ન શકે. શિવાજી, નેપોલિયન વગેરે કેટલાય દાખલાઓ એણે ટાંક્યા. મેં કહ્યું કે શ્રેષ્ઠ પુરુષોના સદ્ગુણોની કદર તો હોવી જ જોઇએ. પણ પોતા માટે આદર્શ તરીકે કોઈ વ્યક્તિને સ્થપાય જ કેમ? એનામાં દોષો હોય, સંકુચિતતા હોય, એના જમાનાનું પછાતપણું હોય. આદર્શ તો તાત્ત્વિક ચિત્ર — abstract principle — જ હોય. આપણે એ ચિત્ર પણ અનુભવ અને ધ્યાન પ્રમાણે સુધારતા જઇએ.

મારી દલીલ મેં એટલી સચોટ રીતે રજૂ કરી હતી અને મારી બાજુ, મારી દૃષ્ટિએ એટલી સ્વયંસિદ્ધ હતી કે છોકરવાદથી ઊગરેલા અધ્યક્ષ સમારોપ કરતી વખતે મારી બાજુનું જ સમર્થન કરશે એવી મારી ખાતરી હતી. પણ અમારા કિત્તૂર માસ્તરે તેમ ન કર્યું. મારા તરફ જોઇને મને સમજાવતા હોય, મને અપીલ કરતા હોય એવી હોય એવી રીતે એમણે કહ્યું કે કોઈ વ્યક્તિને આદર્શ તરીકે સ્વીકાર્યા વગર છૂટકો જ નથી હોતો. એના વગર માણસ ચડી જ ન શકે. કિત્તૂર માસ્તર અમારા સંસ્કૃતના શિક્ષક. જેટલા કડક, તેટલા જ વિદ્યાર્થીવત્સલ. હું જ્યારે સંસ્કૃતમાં છંદોબદ્ધ રચના કરતો ત્યારે એક બાજુ મને વઢે કે વખત કેમ બગાડે છે, અને બીજી બાજુ, પોતાનો ઠીક ઠીક વખત બગાડીને મારી કવિતા સુધારી આપે. એમના પ્રત્યે આદર ઉપરાંત કંઇક ભક્તિભાવ પણ હું સેવતો હતો. એમની વાત સાંભળીને મને દુઃખ થયું. મને થયું, આટલી વાત પણ એ સમજી શકતા નથી કે વ્યક્તિ તો અપૂર્ણ જ હોય! અપૂર્ણ વ્યક્તિને ધ્યાનમૂર્તિ તરીકે સ્થપાય જ કેમ? હું તો પૌરાણિક દેવોની ભક્તિ કરતી વખતે પણ એમના દોષોથી મૂંઝાઉં છું ત્યાં કેવળ માનવીને આદર્શને સ્થાને શી રીતે સ્થપાય?

મેં મનમાં કહ્યું, “તમે ભલે ગમે તે કહો. મારી ખાતરી છે કે મારી ભૂમિકા જ બરાબર અને શ્રેષ્ઠ છે.”

કલ્યાણની પ્રાપ્તિને માટે માણસે બાહ્ય પરિસ્થિતિ સુધારવાની પંચાતમાં પડવાની જરૂર નથી. પોતાની જાતને જ સુધારવાની છે. પોતે કંઈ ખોટું કરતો હોય તો તે કરતાં અટકવું અને સારું ન કરતો હોય તો તે કરતાં થઈ જવું. માણસને સાચા કલ્યાણ તરફ લઈ જનારાં જે બારણાં છે તે હંમેશ પોતાની તરફ ઉઘાડવાનાં હોય છે.

— મહાત્મા ટૉલ્સ્ટૉય
ધ્યા રા બાપુ

ઉપશાન્ત કોણ?

પદ્મનાભ શ્રી. જૈની



એક સમયે ભગવાન શ્રાવસ્તીમાં વિહાર કરતા હતા. ભિક્ષુઓને સંબોધીને ભગવાન બોલ્યા :–

ભિક્ષુઓ! ભૂતકાળમાં આ શ્રાવસ્તીમાં વૈદેહિકા નામની એક શ્રીમંત ગૃહપત્ની રહેતી હતી. વૈદેહિકાની એવી કીર્તિ પ્રસરી હતી કે, "વૈદેહિકા નમ્ર, નિષ્કલહ અને ઉપશાન્ત છે."

વૈદેહિકાને ઘેર કાલી નામની દક્ષ, આલસ્યરહિત અને સરસ રીતે કામ કરનારી દાસી રહેતી હતી. એક દિવસે કાલી દાસીના મનમાં થયું : 'મારી સ્વામિનીની એવી કીર્તિ છે કે એ નમ્ર છે, નિષ્કલહ છે અને ઉપશાંત છે. તો શું ખરેખર મારી શેઠાણીના અંતરમાં ક્રોધ નથી એટલે એ ક્રોધી નથી કે પછી અંતરમાં ક્રોધ છે પણ હું સારી રીતે વર્તન કરું છું એટલે એ ક્રોધને બતાવતી નથી? આમાં સાચું શું છે? લાવને મારી સ્વામિનીની જરા કસોટી તો કરી જોઉં.' પછી હે ભિક્ષુઓ! કાલી દાસી દિવસ ઘણો ચડયો ત્યાર બાદ ઊઠી. એ જોઈ ને વૈદેહિકાએ કાલી દાસીને કહ્યું : "અરે, હે કાલી!"

"શું છે અય્યા?" (આર્યા=સ્વામિની)

"તું કેમ દિવસ ચડયા પછી ઊઠે છે?"

"અમસ્તી, અય્યા!"

"અમસ્તી! આ દાસી તો ભારે દુષ્ટ અને બહુ જ ચઢેલ છે!" એમ કહી શેઠાણીએ ક્રોધથી પોતાનાં ભવાં ચડાવ્યાં.

ત્યારે ભિક્ષુઓ! કાલી દાસીને થયું : 'ઓહો, મારી શેઠાણીના અંતરમાં ક્રોધ છે અને છતાં તે પ્રગટ કરતી હોતી. એના અંતરમાં ક્રોધ નથી એમ તો નથી જ! સારું, હું જરા વધારે પરીક્ષા કરીશ.'

ત્યાર બાદ હે ભિક્ષુઓ! કાલી દાસી ફરીથી મોડે મોડે દિવસ ચડ્યા પછી ઊઠી. શેઠાણીએ ફરીથી પ્રશ્ન કર્યો કે, 'મોડી કેમ ઊઠે છે?' કાલી દાસીએ પહેલાંની માફક જવાબ આપ્યો : 'અમસ્તી જ.' "વાહ રે વાહ! આ દુષ્ટ દાસી તો દિવસ ચડયા પછી ઊઠે છે!" એમ કહી વૈદેહિકાએ કટુ વચનો કહ્યાં. એ સાંભળી હે ભિક્ષુઓ! કાલી દાસીને થયું : 'ઠીક, શેઠાણીના અંતરમાં ક્રોધ છે જ. હું જ સારી રીતે વર્તતી હતી એટલે એ શાંત અને નમ્ર લાગતી હતી. હું ફરીથી એક વાર પરીક્ષા કરી જોઉં.'

આ પ્રમાણે વિચાર કરી કાલી ત્રીજી વાર મોડી ઊઠી. એ જોઈને વૈદેહિકાને ખૂબ ચીડ ચડી. તેણે ગુસ્સે થઈને, કટુ વચન બોલીને કાલી દાસીના માથા પર સાંકળથી પ્રહાર કર્યો. આથી કાલીનું માથું ફૂટી ગયું અને લોહી વહેવા લાગ્યું. તે માથું દબાવીને દોડતી પાડોસમાં જઈને કહેવા લાગી : "અરે જુઓ!

પ્યારાબાપુ

આ મારાં નમ્ર શેઠાણીના કામને જુઓ! જુઓ એનો ઝઘડો ન કરવાનો સ્વભાવ! જુઓ એ કેટલી ઉપશાન્ત છે તે! હું જરા મોડી ઊઠી એટલે તેણે મારું માથું ભાંગી નાખ્યું!"

ભિક્ષુઓ! વૈદેહિકાનું આવું કૃત્ય જોઈને બધા લોકો તેને આવા અપશબ્દો કહેવા લાગ્યા: "ધિક્કાર છે વૈદેહિકાને! એ તો અનમ્ર છે, કલહ કરે એવી છે અને બહુ કઠોર છે!"

એ જ રીતે હે ભિક્ષુઓ! અહીં કોઇ ભિક્ષુ ત્યાં સુધી જ નમ્ર રહે છે, નિષ્કલહ રહે છે, ઉપશાન્ત રહે છે, જ્યાં સુધી તેને કોઈ અપ્રિય શબ્દ કહેતું નથી પરંતુ જે ભિક્ષુ તેને કોઇ અપ્રિય શબ્દ કહે તોયે તે નમ્ર રહે ત્યારે જ તેને નમ્ર સમજવો, નિષ્કલહ સમજવો, ઉપશાન્ત સમજવો. ભિક્ષુઓ! હું તે ભિક્ષુને સુવચ, નમ્ર અને શાન્ત નથી માનતો જે કેવળ વસ્ત્ર, ભિક્ષાન્ન, શયન, આસન, ઔષધ અને એવી બીજી વસ્તુઓ મેળવવા ખાતર જ સુવચ થાય છે, મૃદુ ભાષણ કરે છે અને નમ્ર બને છે. પરંતુ ભિક્ષુઓ! જે ભિક્ષુ ધર્મનો ખ્યાલ રાખી, પોતાના વ્રતનો ખ્યાલ રાખી સુવચ રહે છે, સદા મૃદુ ભાષણ કરે છે તેને જ હું સુવચ કહું છું. એટલે ભિક્ષુઓ તમારે આ શીખવું જોઈએ :—

"ધમ્મં સક્કરોન્તો ધમ્મં ગુરુ કરોન્તો।
સુવચા ભવિસ્સામ, સોવચસ્સતં
આપજ્જિસ્સામાતિ॥"

(ધર્મનો સત્કાર કરી, ધર્મને જ શ્રેષ્ઠ માની, હું સુવચ થઈશ, મૃદુભાષિતાને પ્રાપ્ત કરીશ.)

વિદ્યાર્થીઓને

એચ૦ પી૦ મોદી

હું તમારી ફરજો અને જવાબદારીઓ તેમ જ જે કાર્યો તમારે કરવાનાં છે એ વિશે થોડુંક કહીશ. જીવનને સમૃદ્ધ કરે એવા કેટલાક સાદા સદ્ગુણો તમે કેળવો એમ હું ઇચ્છું છું. એવા સદ્ગુણો એકેએક યુવાન સ્ત્રી–પુરુષ કેળવી શકે એમ છે. હું તમને પ્રથમ એ કહેવા ઇચ્છું છું કે, તમારા પહેરવેશ તેમ જ વ્યક્તિગત ટેવાની બાબતમાં ફૂવડ બનતાં અટકો. એ માટે એકે બહાનું નથી; એ દેશહિતચિંતકની નિશાની નથી અને જીવનમાં સાદાઈ લાવવાની સાથે પણ એને કંઇ લેવાદેવા નથી. આ બાબતમાં આજે જે કંઇ શિથિલતા જોવા મળે છે, એ ઘણું કરીને એવા કોઇ ખ્યાલમાંથી પેદા થાય છે કે, પહેરવેશ, હલનચલન અને એવી બીજી બાબતો તુચ્છ છે, અને સ્વતંત્ર લોકોએ એમની વિશેષ પરવા ન રાખવી ઘટે. હું તમને આવી બધી ખોટી માન્યતાઓને તજવા કહું છું અને તમને ભલામણ કરું છું કે, તમે સારા બુદ્ધિશાળી માનવીની માફક વર્તતાં શીખો; તમે એ ભૂલશો નહીં કે, એક મોટા દેશના નાગરિક તરીકે તમારી પાસેથી એટલી અપેક્ષા રાખવામાં આવે જ છે.

ઘણાખરા માણસો માને છે એ પ્રમાણે આપણે માનવું મૂર્ખાઈભરેલું છે કે, પહેરવેશની સાથે આપણને કશી લેવાદેવા નથી. પહેરવેશમાં સુઘડતા એ માનસિક સદ્ગુણ તેમ જ આચરણનું એક સુલક્ષણ છે; અને જેઓ એ બાબતમાં બેદરકાર રહે છે, તેઓ આપણા જીવન-વ્યવહાર વિશેની ખોટી છાપ જ દુનિયા પર પાડે છે.

પ્યારાબાપુ

ગોરખનાથ

અનવર આગેવાન

ગોરખનો જન્મ ૧૦ મી શતાબ્દીમાં અયોધ્યા પાસેના 'જયશ્રી' નામક ગામમાં થયો હતો. એની ઉત્પત્તિ વિષે કેટલીક વિચિત્ર વાયકાઓ વહી રહી છે, પણ એ બધી વાતો અહીં અસ્થાને છે.

ગોરખનાથને હું સોરઠના સંત ગણું છું. કારણ કે એક વાર ગિરનારની ગેબી ગૂફાઓમાં ગોરખનાથના બેસણા હતા. અને આ ધરા એની વિહાર ભૂમિ બની હતી. ગોરખનાથ "ચોરાસી સિદ્ધો" માંહેના સૌથી પ્રતિભાશાળી અને લોકપ્રિય સિદ્ધપુરુષ હતા. નવનાથમાં એ અગ્રગણ્ય નેતા હતા, અને આદિ કવિ તરીકે સૌથી પહેલું નામ એમનું જ આવે છે. તેમની વાણીનાં ગૂંજનો સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, નેપાલ ને તિબ્બત સુધી ગૂંજે છે. એમની વાણીની વેધકતા રામબાણ જેવી છે. એનો પંથ પણ અગનનો પંથ છે. હવે જોઇએ તેની કલાત્મક—સર્જના.

વાવંગ ધરતી ને વાવંગ કાયા,
વા વાઈ વરસા વરસે;

મ્હારા મરઘા!

પારકે ખેતર સાધુ મત રે જાના—ટેક૦
પારકું તે રૂપ જોઈ દિલ ન ડગાવો,
જીતી બાજી હારી જાશો—મ્હારા૦
પારકું ખેતર જોઈ બીજ મત વાવો,
વાવીને પછે પસ્તાશો—મ્હારા૦
તાંબા પીત્તળની ઘાણીએ પીલાશો,
પાપી પામર પ્રાણી—મ્હારા૦
મછંદર પ્રતાપે જતિ ગોરખ બોલ્યા,
અનુભવ અમૃતવાણી—મ્હારા૦

ઉપરોક્ત પદમાં મન રૂપી મરઘાને સંબોધતાં કહે છે કે, આ સમસ્ત જીવન અને જગત અસ્થિર ક્ષણિક છે. હે સાધુ! પારકાની દિશે કદી ન ચડશો. પારકાં રૂપ જોઇને મન ચલિત ન કરશો, અને એ પારકા ખેતર રૂપી સ્ત્રીમાં વીર્ય રૂપી બૂંદના બીજ ન વાવશો. નહિતર પછે પસ્તાશો. આમ બ્રહ્મચર્યનો મહિમા ગોરખે પોતાની અમૃતવાણીમાં ગાયો છે.

આગળ જતાં જતિ ગોરખ કહે છે:

રજભર સુખિયા કોઈ ન દેખ્યા—ટેક૦
જ્યાં જોઉં ત્યાં સુખડું ન હોય મેરે લાલ—રજ૦
જમી બી દુખિણી આસમાન દુખિયા,
પવન પાણીને સુખ નવ કાંઈ મેરે લાલ—રજ૦
ચંદા બી દુખિયા સુરજ બી દુખિયા,
નવ લખ તારાને સુખ નવ કાંઈ મેરે લાલ—રજ૦
રાજા બી દુખિયા પ્રજા બી દુખણી,
નરનારીને સુખડું નવ કાંઈ મેરે લાલ—રજ૦
જોગી બી દુખિયા ભોગી બી દુખિયા,
તપસી સન્યાસી કૂં સુખ નવ કાંઈ મેરે લાલ—રજ૦
મછંદર કા પુત જતિ ગોરખ બોલ્યા,
ભજન કરે સોઈ નર સુખિયા મેરે લાલ—રજ૦

પ્યારા બાપુ

આ જગતમાં લગારે સુખડું નથી. ધરતીના કણે કણ દુ:ખથી ધલવલે છે એવું ગોરખ ભણે છે. સુખ જો હોય તો કેવળ નામ-સ્મરણમાં.

આ ત્રીજું પદ અર્ચન-પૂજન, વંદન-સંધ્યા, જેવી બાહ્ય આડંબરીના અસબાબ ઉતારી, અંધશ્રદ્ધાના ઓળા અળગા કરી નગ્ન સત્યનું દર્શન કરાવી આપે છે.

મનસા માલણી જી રે,
ગોરખ જાગતા નર સેવ—ટેક૦
જાગતા નર સેવ,
તુંને મળે નૂરીજન દેવ,—મનસા૦
પથ્થર પૂજે હર મિલે તો,
મૈં પૂજું ગિરિરાય;
ઓ પહાડકી ચક્કી બનત હે,
પીસ પીસ જગ ખાય—મનસા૦
માલણ લાવી ફૂલડાં,

એનો કળિયે કળિયે જીવ;
ઓ હી ફૂલ દેવન કૂં ચડતે,
દેવ જ પોતે શિવ—મનસા૦

માલણ લાવી ફૂલડાં,
તે ધર્યાં દેવની પાસ;
ઓ દેવનમેં સામ હોય તો,
કેમ ન આવે વાસ—મનસા૦

ટંકણ દઈ પથ્થર ઘડ્યો,
ધર્યો છાતી પર પાય;
એ દેવમાં જો સામ હોય તો,
ઘડનારાને ખાય—મનસા૦

ઈ પથ્થરના દેવને,
દિજે જલમાં ડાલ;
આપે બૂડે તે કોને તારે,
કોણ કરે સંભાળ—મનસા૦

પૂજારીના ઓશિયાળા,
ઠાકર ઠામે ઠામ;
બંદિવાન મંદિરના ઠાકર,
કે'વાના ભગવાન—મનસા૦
સેવ સુંવાળી રાંધીને,
ધરી દેવની પાસ;
જમનારો તો જમી ગયો,
ને દેવને ના'વી વાસ—મનસા૦
એક ભૂલ્યો દુજો ભૂલ્યો,
ભૂલ્યો સબ સંસાર;
એક ન ભૂલ્યા જોગી ગોરખ,
કરી ભજન આધાર—મનસા૦

ગોરખ જાગતા નર-ચૈતન્યને સેવવા આદેશ આપે છે. એ મંદિરની જડ-પાષાણ પ્રતિમાને પૂજવાથી કોઈ અર્થ સરતો નથી. ઊલટા એ મહાલયોમાં મહાલતા પ્રભુ પૂજારીના ઓશિયાળા છે. આમ પરાલંબી મનોવૃત્તિનો ત્યાગ કરી સ્વાલંબી થવા ગોરખ વિનવે છે.

રાજ્યનો સાચો સેવક

મુકુલભાઈ

રામશાસ્ત્રી નામે નીડર ન્યાયાધીશ મહારાષ્ટ્રમાં ખૂબ જ જાણીતા થઈ ગયા છે. તે શ્રીમંત માધવરાવ પેશવાના સમયમાં થઇ ગયા. રામશાસ્ત્રી ઘણા જ નિઃસ્પૃહ અને નિષ્પક્ષપાતી હતા.

શ્રીમંત માધવરાવે રામશાસ્ત્રીને બ્રાહ્મણોને દક્ષિણા વહેંચવાનો અધિકાર આપ્યો હતો. એક વાર રામશાસ્ત્રી દક્ષિણા વહેંચતા હતા. તે વખતે રામશાસ્ત્રીના મોટાભાઈ પણ દક્ષિણા લેવા આવ્યા. રામશાસ્ત્રીની બાજુમાં રાજ્યના મોટા મુત્સદ્દી નાના ફડણવીસ બેઠા હતા. તેમણે રામશાસ્ત્રીને સહજ ભાવે કહ્યું:

"શાસ્ત્રીજી, આ આપના મોટાભાઈને વીસ રૂપિયાની દક્ષિણા આપો."

રામશાસ્ત્રીએ મક્કમ અવાજે કહ્યું:

"ના જી. એ કાંઈ મોટા વિદ્વાન પંડિત નથી, જેથી તેમને વધુ દક્ષિણા આપું. મારા મોટાભાઈ હોવાથી મારે જો તેમને કંઈ આપવું હશે અને એવી જરૂર જણાશે, તો હું મારી પોતાની મૂડીમાંથી આપવા ચૂકીશ નહિ. અહીં હું રાજ્યના સેવક તરીકે મારી ફરજ બજાવું છું. એ કામમાં પક્ષપાત કદીય થઈ શકે નહીં. જો હું પક્ષપાત કરવા લાગું તો હું સેવકની ફરજમાંથી હેઠો પડું!"

જીવનની પરિમિતતા

વિનોબાજી

ચિત્તની એકાગ્રતા કરવામાં મદદગાર થાય એવી બીજી બાબત જીવનમાં પરિમિતતાની એટલે કે માપસરપણાની છે. માપસર રહેવું ને કરવું. ગણિતશાસ્ત્રનું રહસ્ય બધી ક્રિયામાં ગૂંથી લેવું. ઔષધની માત્રાના લિસોટા ગણીને લેવાના હોય છે. તેવું જ આહારનિદ્રાનું કરવું. બધે માપ રાખીને ચાલો. દરેક ઇંદ્રિય પર પહેરો બેસાડો. હું વધારે તો નથી ખાતો ને? વધારે ઊંઘતો તો નથી ને? આંખ આમતેમ ભટકીને ન જોવાનું જોતી તો નથી ને? આવું બધું ચોકસાઈથી ને ઝીણવટથી તપાસતા રહેવું જોઈએ.

એક ગૃહસ્થની બાબતમાં મને એક ભાઈ કહેતા હતા કે, “તે ગમે તેની ખોલીમાં જાય તો એક મિનિટમાં તે ખોલીમાં શું ક્યાં છે તે તેના ધ્યાનમાં આવી જાય.” મેં મનમાં કહ્યુંઃ “હે ઈશ્વર! આ મહિમા મારે માથે ન મારીશ.”

પાંચપચાસ ચીજોની મનમાં નોંધ રાખનારો હું કંઈ તેનો સેક્રેટરી થોડો છું? કે પછી મારે ચોરી કરવી છે? પેલો સાબુ ત્યાં હતો ને પેલું ઘડિયાળ પણે હતું એ બધું મારે શું કરવા જોઇએ? મારે એ બધું જાણીને કરવું છે શું? આંખનું આ વધારે પડતું ભટકવાનું મારે કાઢવું જોઈએ. એવું જ કાનનું. કાન પર ચોકી રાખો. કેટલાક લોકોને તો થાય છે કે, “કૂતરાના જેવા આપણા કાન હોત તો કેવું સારું! એક પળમાં ફાવે તે દિશામાં હલાવીને ફેરવી શકાત! માણસના કાનમાં ઈશ્વરે એટલી ખામી રાખી છે!” પણ કાનની આવી વધારે પડતી નકામી પ્રવૃત્તિ ન હોવી જોઈએ. તેવું જ આ મન પણ બહુ જોરાવર છે. જરા કંઈ ખખડ્યું કે ત્યાં પહોંચી જાય. જીવનમાં નિયમન અને પરિમિતતા કેળવો. નબળી વસ્તુ જોવી જ નહીં. ખરાબ ચોપડી વાંચવી જ નહીં. નિંદાસ્તુતિ સાંભળવી જ નહીં. દોષવાળી વસ્તુ ન જ ખપે. પણ નિર્દોષ વસ્તુનું સુદ્ધાં વધારેપડતું સેવન ન જોઈએ. ચટાકાબટાકા કોઈ જાતના ન જોઇએ. દારૂ, ભજિયાં, રસગુલ્લાં તો ન જ જોઇએ. પણ સંતરાં, કેળાં, મોસંબી વગેરે પણ વધારેપડતાં ન જોઈએ. ફળાહાર શુદ્ધ આહાર છે. પણ તોયે યથેચ્છ, ભરપટ્ટે ન હોવો જોઇએ. જીભનું યથેચ્છપણું અંદર બેઠેલા ધણીએ ચલાવી ન લેવું જોઈએ. વાંકાંચૂકાં ચાલ્યાં તો અંદર બેઠેલો માલિક સજા કર્યા વગર રહેવાનો નથી એવો બધી ઇંદ્રિયોને ધાક રહેવો જોઈએ. નિયમિત આચરણને જ જીવનની પરિમિતતા કહીને ઓળખાવ્યું છે.

દુનિયામાં ક્યાંયે અસ્પૃશ્યતા જેવા ઘોર પાપને હિંદુ સમાજે આપ્યું છે એવું ધર્મનું રૂપ નથી અપાયું. એક માણસ જન્મથી ઊંચો ને બીજો જન્મથી નીચો, એ વિચાર હિંદુ ધર્મના ખરા મર્મનો વિરોધી છે. હિંદુ ધર્મ તો સ્પષ્ટ ભાષામાં પોકારીને કહે છે કે ભૂતમાત્રનો આત્મા એક જ છે. આજે જગતના સર્વ ધર્મોની પરીક્ષા ને તુલના થઈ રહેલી છે. અને જો હિંદુઓ અસ્પૃશ્યતાને વળગી રહેશે તો હિંદુ ધર્મ અને હિંદુઓ બંને પૃથ્વી પરથી નામશેષ થઈ જશે. —ગાંધીજી

પ્યારાબાપુ

વિવિધ ધર્મો

શ્રી રામકૃષ્ણ પરમહંસ

ઈશ્વરની ઉપાસનાના અનેક માર્ગો છે. નદીમાં ઊતરવા માટે જેમ અનેક ઓવારા હોય છે તે જ રીતે આનંદના સાગર સમાન પરમાત્માની પાસે પહોંચવા માટે પણ અનેક ઓવારા છે. એમાંના કોઈ પણ એક ઓવારાથી ઊતરીને આપણે આરામથી એ સાગરમાં નાહી શકીએ છીએ. શુદ્ધ અંતઃકરણથી અને શ્રદ્ધા–ભક્તિથી પાળેલો કોઈ પણ ધર્મ આપણને પરમાત્મા પાસે પહોંચાડી શકે છે. દાદરથી, અથવા વાંસની નિસરણીથી કે દોરડાંની મદદથી પણ માળ પર ચડી શકાય છે. માર્ગો ભિન્નભિન્ન પ્રકારના હોવા છતાંયે આપણે ધારેલે મુકામે પહોંચીએ જ છીએ. અલગ અલગ જેટલા ધર્મો છે તે બધા પરમાત્મા પાસે પહોંચવાના માર્ગો જ છે. એથી સૌ પોતપોતાના ધર્મ પ્રમાણે ઇશ્વરની ઉપાસના કરે. ખ્રિસ્તીઓ ખ્રિસ્તી ધર્મની રીતે, મુસલમાનો ઇસ્લામની રીતે અને હિંદુઓ હિંદુ ધર્મશાસ્ત્રો અનુસાર ઇશ્વરની ઉપાસના કરે એમાં જ સૌનું ભલું છે.

સાચા ભક્તો બીજા ધર્મવાળાઓનો કદી પણ અનાદર કરતા નથી.

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.
પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.
લવાજમ. મ. ઑ.થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.
એક અંકના બાર આના. મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.
આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

અનુક્રમણિકા ...... ૩૦ સપ્ટેમ્બર ૧૯૫૨

પૃષ્ઠ

૧ મારી સલાહ ... ગાંધીજી ૧૯૭
૨ કયા પ્રકારે... ... ગુરુદેવ ૧૯૮
૩ પૂ૦ કિશોરલાલભાઈની પુણ્ય સ્મૃતિમાં ૧૯૯
૪ પ્રભુના પ્યારા જમશેદ મહેતા .. ગુ૦મ૦ ૨૦૧
૫ દેવાંશી જમશેદ મહેતા.... કિ૦ઘ૦મ૦ ૨૦૨
૬ ખુદી અને ખ્વાહિશો...ગુરુદયાલ મલ્લિકજી ૨૦૩
૭ સરદારશ્રીની વાણી ... મુ૦કે૦ ૨૦૪
૮ ભક્તરાજ ... મુકુલભાઈ ૨૦૫
૯ 'હું હરિજન છું'... કિશોરલાલ મશરૂવાળા ૨૦૭
૧૦ બાપુના પત્રો ૨૦૯
૧૧ કિશોરલાલભાઇ ... મુકુલભાઈ ૨૧૧
૧૨ ત્રિવેણી સંગમ... ... ... મુ૦કે૦ ૨૧૩
૧૩ બાપુજીની મીઠી વાતો ... સાને ગુરુજી ૨૧૫
૧૪ કાર્યકર્તાઓને ... ... કેદારનાથજી ૨૧૬
૧૫ ગુરુજનોની ઊણપો ..... કાકાસાહેબ ૨૧૭
૧૬ ઉપશાન્ત કોણ? : પદ્મનાભ શ્રી જૈની ૨૧૯
૧૭ વિદ્યાર્થીઓને ... એચ૦ પી૦ મોદી ૨૨૦
૧૮ ગોરખનાથ ... અનવર આગેવાન ૨૨૧
૧૯ રાજ્યનો સાચો સેવક ... મુકુલભાઈ ૨૨૨
૨૦ જીવનની પરિમિતતા ... વિનોબાજી ૨૨૩
૨૧ વિવિધ ધર્મો .. શ્રીરામકૃષ્ણ પરમહંસ ૨૨૪
૨૨ આ માસની છબી ... ... ધનુભાઈ મહેતા

ગ્રંથાવલોકન [અનુસંધાન કવરપેજ બીજાથી ચાલુ]

'આધ્યાત્મિક આચમન' — પ્રસિદ્ધ થયાં છે. આધ્યાત્મિક પથ પર પ્રયાણ કરવા ઇચ્છનાર જિજ્ઞાસુઓને તે જીવનપોષક ભાથું પૂરું પાડે એવાં છે.

પ્રસ્તુત પુસ્તક 'શરણાગતિ'માં કવિરાજે 'ત્વમેકમ્ શરણ્યમ્'ની આર્ત ભક્તવાણી વ્યક્ત કરી છે. આ સંસારમાં માનવી પ્રભુનું એક અને અનન્ય શરણું છોડી દઇને આપબળે માર્ગ જોઇને ચાલવા હામ ભીડે છે, છેવટે પડે છે, 'કિંકર્તવ્યમૂઢ' જેવો બની જઇને ખૂબ જ અકળાઈ જાય છે ત્યારે આખરે તે પ્રભુનું શરણું શોધે છે. ગીતાજીમાં પણ એ જ સૂર છે. અર્જુન જ્યારે 'શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્' કહીને ભગવાનનું શરણું લે છે ત્યારે તેને સાચો માર્ગ ભગવાન બતાવે છે. એવું જ માનવીને વિષે પણ સાચું છે. આ પ્રસ્તુત પુસ્તકમાં કવિરાજનું ભક્તિમય આર્ત હૃદય પ્રભુજીનું શરણું શોધવા મથે છે. આખું પુસ્તક ગદ્યમાં છે. પરંતુ એની પાછળ હૃદયની સંવેદના રહેલી હોવાથી એનું પઠન કરતાં એમાંથી કાવ્યના સૂર નીકળતા હોય એવો અનુભવ થાય છે.

સંસારની આંટીઘૂંટીથી મૂંઝાઇ ગયેલા જીવને આ પુસ્તક અવશ્ય આશ્વાસનરૂપ થઈ પડશે.

નંદવાયેલાં હૈયાં: લે૦ પુષ્કર ચંદરવાકર; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ ૧; કિં૦ ત્રણ રૂપિયા; પૃ૦ ૧૮૬.

આપણા એક ઉત્સાહી એકાંકી નાટ્યકાર ભાઇ શ્રી પુષ્કર ચંદરવાકરની આ નવલકથા સૌરાષ્ટ્રના ગ્રામજીવનનું સુંદર ચિત્ર આલેખે છે. નિર્મળા ખરેખર નિર્મળા જ છે. તેનો મુગ્ધ ગમરુ સ્વભાવ આપણા દિલમાં વસી જાય છે. કર્કશા અને પુત્રઘેલી સાસુનાં કારમાં મહેણાં સહી ન શકવાથી તે આવેશમાં ઘર છોડી પિયર ચાલી જાય છે. પણ ગામડાનું રૂઢિચુસ્ત માનસ વહેમાય છે. અને સાસુની ચાલબાજીથી બિચારી નિર્મળાને પણ શંકાશીલ દૃષ્ટિએ ગામલોકો જોવા લાગે છે. વળી નિર્મળાના પિતા વધારે ઊર્મિલ, અવ્યવહારુ અને સમાજભીરુ છે. તે પોતાની પુત્રીના નિર્મળ હૃદયને સમજવા અસમર્થ નીવડે છે. છેવટે પિતાને ચિંતામાંથી મુક્ત કરવા નિર્મળા પિતૃગૃહનો પણ ત્યાગ કરી ચાલી જાય છે. અમદાવાદ જેવા ગીચ વસ્તીવાળા અને આવી ભોળી નારીને કુમાર્ગે વાળવા મથનારા લોકોના અડ્ડા જેવા શહેરમાં પણ તે પવિત્રશીલા રહી શકે છે એ ખરેખર લેખકની કુશળ શૈલીનો પરિચય કરાવે છે. આમ નિર્મળાનું આખું જીવન દુઃખમય તો છે જ, પરંતુ લેખક છેવટે નિર્મળા અને તેના પતિ ખેમશંકરના મિલનમાં કથાનો સુખાન્ત લાવે છે.

નિર્મળાને જોઇને શરદબાબુની વિરાજવહુ યાદ આવી જાય છે. અવશ્ય વિરાજ જેવું સુરેખ તેમ જ હૃદયસ્પર્શી આલેખન નિર્મળાનું નથી જ. વળી નિર્મળાની ક્ષતિ જરા ખટકે છે. પોતાનો પતિ ખાટલામાં તાવથી પટકાયેલો હોય તે વખતે સાસુ મહેણાં મારે કે અપમાન કરે ત્યારે આર્યનારી શું એટલું સહન ન કરી શકે? પોતાના પ્રાણનાથને તાવમાં તડફડતો મૂકીને જવાનું નિર્મળા જેવી સંસ્કારી, સુશીલ અને પતિપરાયણા સ્ત્રીને ક્યાંથી મન થાય? લેખક આ કચાશને લીધે નિર્મળાના પાત્રને ઉઠાવ આપવા નિષ્ફળ નીવડ્યા છે. નિર્મળાના ગૃહત્યાગનો પ્રસંગ લેખક બરોબર આલેખી શક્યા નથી. આ એક ક્ષતિને લીધે આખી નવલકથા બિનઅસરકારક (flat) લાગે છે. અવશ્ય આ નવલકથા સૌ વાચકોને રસપ્રદ થાય એવી તો છે જ. માત્ર એની વધારે પડતી ઊર્મિલતામાં વાચક ઘસડાઈ નહિ જાય તો બસ છે.

—મુ૦ ક૦

પ્રકાશક અને મુદ્રક: ધીરન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ.

ફોર્મ નઃ આઃ ૧૨૫૫



આરાધાય



સંપાદક : નવીન ગાંધી

ગ્રંથાવલોકન

રામકૃષ્ણ ઉપનિષદ: લે૦ **રાજાજી**; અનુ૦ મણિભાઈ ભ૦ દેસાઈ; પ્ર૦ નવજીવન કાર્યાલય, અમદાવાદ ૯; કિં૦ દોઢ રૂપિયો; પૃ૦ ૧૦૨.

શ્રી. રાજાજીએ આ પુસ્તક મૂળ તામિલમાં લખ્યું હતું. તેનો હિંદી અનુવાદ તેમનાં પુત્રી શ્રી. લક્ષ્મીબહેન દેવદાસ ગાંધીએ કર્યો હતો. એ હિંદી અનુવાદ પરથી શ્રી. મણિભાઈએ ગુજરાતીમાં સરળ શૈલીમાં અનુવાદ કરી પુસ્તકાકારે તે પ્રસિદ્ધ કર્યો છે. આ ગુજરાતી અનુવાદ ‘લોકજીવન’માં ક્રમે ક્રમે પ્રસિદ્ધ થતો આવ્યો છે અને તે લોકપ્રિય પણ બન્યો છે.

આ પુસ્તકમાં રાજાજીએ ૩૫ લેખો દ્વારા શ્રીરામકૃષ્ણ પરમહંસના જીવનોન્નતિકર ઉપદેશને સરળ અને સુરેખ શૈલીમાં વ્યક્ત કર્યો છે. શ્રીરામકૃષ્ણના જીવનમાંથી માર્ગદર્શન મેળવવા ઇચ્છતા જિજ્ઞાસુને આ પુસ્તક અતીવ ઉપયોગી અને આશીર્વાદરૂપ થઈ પડે એવું છે.

આ પુસ્તિકાની ભૂમિકામાં શ્રી. રાજાજીએ જે વાત કહી છે તે સમજવા જેવી છે. આ ‘રામકૃષ્ણઉપનિષદ’ની અગત્યતા દર્શાવતા તેઓ અંતે કહે છે: “યમરાજે નચિકેતાને કહ્યું હતું તેમ પરમાત્માનું દર્શન કેવળ ધર્મશાસ્ત્રો વાંચવાથી નથી થતું. તેમ જ આત્મજ્ઞાન બુદ્ધિ, વિદ્યા અને તર્કવિતર્કથી જ નથી થઈ શકતું. એને માટે પરમાત્માની અસીમ કૃપા જોઈએ. ભાવ અને ભક્તિથી જ ઈશ્વરકૃપા માટેની પાત્રતા મળે છે. સંસ્કૃત ભાષાના ધુરંધર પંડિત બનો, ધર્મશાસ્ત્રોનો સંપૂર્ણપણે અભ્યાસ કરો, આચાર્યોની પેઠે શાસ્ત્રાર્થ કરવાની શક્તિ પ્રાપ્ત કરવી, એ બધું શક્ય છે. પરંતુ ધાર્મિક તથા યૌગિક જીવન જીવવું એ જુદી વાત છે. જે માણસના મનનો પૂરેપૂરો વિકાસ થયો ન હોય તેનું પાંડિત્ય અને શાસ્ત્રપ્રવચન નિરર્થક છે. માણસને જ્યાં સુધી જ્ઞાનનો અનુભવ ન થાય ત્યાં સુધી તેની વિદ્યા મદારીના ખેલની પેઠે મહત્ત્વ વિનાની રહે છે. તેમાં ગૂઢતા આવતી નથી. શ્રીરામકૃષ્ણનો ઉપદેશ સાચું જ્ઞાન મેળવવામાં મદદરૂપ થઈ શકે છે. બાળકો, પ્રૌઢ સૌ તેમના ઉપદેશો વાંચે અને લાભ ઉઠાવે.”

અહીં એક વાત કહેવી અનુચિત નહીં ગણાય. જીવનોપયોગી ધર્મનિષ્ઠ સાહિત્ય પ્રસિદ્ધ કરવું એ ઉત્તમ અને અનુપમ સેવાકાર્ય છે. પરંતુ તેની કિંમત પણ એવી રાખવી જોઈએ કે જેથી સામાન્ય સ્થિતિના માણસો પણ એવાં ‘સાચું જ્ઞાન મેળવવામાં મદદરૂપ’ થનારાં પુસ્તકો ખરીદી શકે અને તેનો લોકોમાં પ્રચાર કરી શકે. પ્રસ્તુત પુસ્તિકાનાં પાનાં ૧૦૨ છે અને તેની કિંમત દોઢ રૂપિયો રાખવામાં આવી છે! જ્યારે એ જ સમય દરમિયાન પ્રસિદ્ધ થયેલ વિનોબાજીના પુસ્તક ‘ગીતા પ્રવચનો’ની કિંમત પ્રસ્તુત પુસ્તિકા કરતાં પણ ઘણા નાના ટાઈપમાં છપાયેલું હોવા છતાં તેમ જ ૨૯૨ પાનાનું એ પુસ્તક હોવા છતાં દોઢ રૂપિયો રાખી છે. જેમ ‘ગીતાપ્રવચનો’નો પ્રચાર લોકોમાં વધારે પાનાં અને ઓછી કિંમતને લીધે સરળ થઈ પડે છે, તેમ પ્રસ્તુત પુસ્તિકા ‘રામકૃષ્ણ ઉપનિષદ’નો પ્રચાર કરવો જરા વિકટ જણાય છે. નવજીવન જેવી જનહિતકારી પ્રકાશન સંસ્થાએ સામાન્ય લોકોનો પણ ખ્યાલ રાખવો રહ્યો.

અંતે, નવજીવન પ્રકાશન મંદિરે શ્રી. રાજાજીના આવા બોધપ્રદ તેમ જ પ્રાણદાયી પુસ્તકનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કર્યો એ બદલ આપણે સૌ એ પ્રકાશન સંસ્થાના આભારી છીએ.

[અનુસંધાન કવર પેજ ત્રીજું]



હું તો માનું છું કે જેણે ઉત્તમ જીવી જાણ્યું તે જ ખરો કલાકાર.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫]
૩૦ નવેમ્બર - ૧૯૫૨
[અંક ૧૦

જીવન અને કલા

ગાંધીજી

હું તો કહું છું કે તપસ્યા એ જીવનમાં સૌથી મોટી કળા છે. સંગીતની વિરુદ્ધ તો હું હોઈ જ શેનો શકું? હું તો હિંદુસ્તાનના ધાર્મિક જીવનનો વિકાસ સંગીત વિના કલ્પી શકતો નથી. હું સંગીતનો તેમ જ બધી કળાનો શોખીન છું. કળાને નામે આજે અનેક વસ્તુઓ ચાલી રહી છે, તેની હું વિરુદ્ધ છું ખરો. એ કળાને માટે હૃદય જોઈએ, એ સમજવા માટે કાંઈક શિક્ષણ અને જ્ઞાન ન હોય. તમે સત્યાગ્રહ આશ્રમ જાઓ તો ત્યાં દીવાલો ખડબચડી, ચૂનાની ધોળેલી દેખાશે. પણ તેથી કાંઈ એમ નથી કે ત્યાં કળા નથી. કારણ એ છે કે દીવાલોનો ટાઢતડકાથી રક્ષણ કરવાનો હેતુ છે. મારે માટે તો જગકર્તાએ રચેલા નભોમંડળમાં કળાના અનંત ખજાના ભરેલા છે—તે જોઈને મારી આંખ કદી થાકતી નથી, દરેક વખતે કાંઈક નવું નવું જોવાનું મળ્યાં કરે છે. તમે ગમે તેવું ભવ્ય ચિત્ર કાઢો, પણ તે કાંઈ અગણિત તારકોથી જડેલા નભોમંડળની ભવ્યતાને આંટી શકવાનું હતું? એની અસર જ ઓર છે. ઈશ્વરની એ શ્રેષ્ઠ કલાકૃતિ આગળ મનુષ્યની તુચ્છ કળા શા હિસાબમાં છે?

જીવન સૌ કળાથી અદકું છે. હું તો માનું છું કે જેણે ઉત્તમ જીવી જાણ્યું તે જ ખરો કળાકાર. ઉત્તમ જીવનના પૃષ્ઠતલ વિના કળા શી રીતે ચીતરી શકાય? કળાની કિંમત જીવનને ઉન્નત બનાવવામાં રહેલી છે. જીવન જ કળા છે. કળા જીવનની દાસી છે, અને તેની સેવા કરવાનું જ તેનું કાર્ય છે. એ અર્થમાં કળાને હું માનું છું, કદર કરું છું. કળા વિશ્વ પ્રત્યે જાગૃત હોવી જોઈએ, કળા જીવન પ્રત્યે જાગૃત હોવી જોઈએ.



રામ-ચરણુ સુખ-દાયી……………

સંત તુલસીદાસ

(રાગ ભૈરવી – તીન તાલ)

ભજ મન રામ-ચરણુ સુખ-દાયી ॥ ધ્રૂ૦ ॥
જિહિ ચગ્નનસે નિકસી સુર-સરી સંકર-જટા સમાઈ ।
જટાસંકરી નામ પર્યો હૈ, ત્રિભુવન તારન આઈ ॥
જિત ચરનનકી ચરન-પાદુકા ભગ્ત રહ્યો લવ લાઈ ।
સોઈ ચરન કેવટ ધોય લીને તબ હરિ નાવ ચલાઈ ॥
સોઈ ચરન સંતન જન સેવત સદા રહત સુખદાઈ ।
સોઈ ચરન ગૌતમ-ઋષિ-નારી પરસિ પરમ પદ પાઈ ॥
દંડક-વન પ્રભુ પાવન કીન્હો ઋષિયન ત્રાસ મિટાઈ ।
સોઈ પ્રભુ ત્રિલોકકે સ્વામી કનક-મૃગા સંગ ધાઈ ॥
કપિ સુગ્રીવ બંધુ-ભય-વ્યાકુલ તિન જય-છત્ર ધરાઈ ।
રિપુકો અનુજ વિભિષણ નિસિચર પરસત લંકા પાઈ ॥
સિવ-સનકાદિક અરુ બ્રહ્માદિક શેષ સહસ મુખ ગાઈ ।
તુલસીદાસ મારુત-સુતકી પ્રભુ નિજ મુખ કરત બડાઈ ॥

માણસમાં આ જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરવાની દિવ્ય શકિત રહેલી જ છે. પરંતુ માણસને અનુભવથી એવું સમજાય છે કે માણસમાં ભલે અમુક સફળતા મેળવવાની શકિત હોય તોયે તે ફાવી શકતો નથી ! તેને સમજાય છે કે, જીવનરૂપી શેતરંજમાં

દાવ રમીએ નવનવા, સોગટાં જ બચાવવા;
ગૂઢ શકિત સમર્થ એ, ના કંઈ દે ફાવવા !

પરંતુ માણસને અમુક સમય પછી પોતાની નિષ્ફળતાનું સાચું કારણ સમજાય છે. અહંકાર જ તેના માર્ગને અવરોધતો હોય છે ! માણસ જો નિરહંકારી બની, પરમાત્માની અનંત શકિતમાં અનન્ય શ્રદ્ધા રાખી વર્તે તો તેને પરમાત્મા અવશ્ય સહાય કરે છે. આ ભજનમાં સંત તુલસીદાસ પ્રભુ-ચરણનું શરણું લઇને પાર ઊતરેલા ભકતોનાં ઉદાહરણ આપી 'રામ-ચરણ'નો મહિમા સમજાવે છે.

પ્યારા બાપુ

ઉચ્ચ અભિરુચિ

કાકાસાહેબ કાલેલકર

"મારી સમજમાં નથી આવતું કે આ અમીર લોકો પોતાના બંગલાની આસપાસ સારાં સારાં ફૂલોના બગીચા બનાવે છે, પરંતુ મેજ પર ફૂલદાનમાં કાગળનાં ફૂલ રાખે છે! અભિરુચિતું નામ સુદ્ધાં તેઓ જાણતા નથી."

"બધાને ત્યાં તો આવું જોવા મળતું નથી. કેટલાક લોકો બજારમાંથી સારાં સારાં મોટાં ફૂલો અને ઝાડનાં પાંદડાં ખરીદી લાવીને ઘણી ખૂબીથી ફૂલદાનમાં મૂકે છે. આજકાલની મહિલાઓ ફૂલદાન સજાવવામાં ઘણી કુશળ હોય છે. કયા રંગનું ફૂલ કયા રંગના ફૂલ સાથે રાખવાથી સારું લાગશે, કઈ ચીજ બંધબેસતી છે, કઈ નથી, એ બધું તેઓ જાણે છે."

"હા, અંગ્રેજોની દેખાદેખીથી આપણી સ્ત્રીઓ શીખી છે ખરી, પરંતુ આવી ઉચ્ચ અભિરુચિ દરેક પૂંજીપતિના ઘરમાં જોવા મળતી નથી."

"હા, હવે સમજાયું! પૂંજીપતિ પર તમે ગુસ્સે થયા છો. શ્રીમંતોની નિંદા કરવી એ દેશભક્તિનું લક્ષણ બની ગયું છે. આપણે ગરીબો માટે કશું ન કરી શકીએ, પરંતુ શ્રીમંતોની નિંદા કરવાથી જ આપણે લોકહિતૈષી બની જઈએ છીએ.

કોઈ બિચારાને ખ્યાલ સુદ્ધાં ન હોય અને ભડક રંગ જોઈને કાગળનાં ફૂલ લઇ આવ્યો હશે અને તેના પર તમે આમ બગડી ગયા."

"ના રે ના! ફૂલ તો ઘણાં સુંદર હતાં. પહેલાં તો હું પારખી પણ નહિ શક્યો કે એ કાગળનાં ફૂલો છે. પરંતુ અસલી ફૂલ મૂકીને એ નકલી કાગળનાં ફૂલ શા માટે રાખવામાં આવે? માત્ર પૈસા કમાવાથી માણસ થોડો કંઈ કલારસિક બની શકે છે?"

"હવે હું સમજી ગયો. કેટલાક દિવસ પર આવી જ દલીલ કરતી એક મરાઠી કવિતા પણ મેં વાંચી હતી. કવિના આત્માને આવાં કાગળનાં ફૂલ જોઇને ધક્કો વાગ્યો અને તેણે બહુ જ સુંદર કવિતા રચી દીધી. કવિના ભાવો સાથે હું સહમત નથી. પરંતુ એની કવિતા મને ગમી ગઈ."

"તો તમે કહેવા શું માગો છો?"

"જુઓ, આ બાબતમાં હું મારા કેટલાક ખાસ વિચારો રજૂ કરું છું. તમને પસંદ પડે કે ન પડે. પરંતુ સાંભળવા ઇચ્છતા હો તો જરૂર કહીશ."

કલા અને સૌંદર્ય એક જ વસ્તુ નથી. કલાકૃતિ માનવનિર્મિત હોય છે. કુદરતની યા ભગવાનની બનાવેલી કોઈ ચીજ કેટલીય સુંદર હોય તોયે તેને કોઈ કલાકૃતિ કહેતું નથી. કુદરત કહો, યા ભગવાન કહો, બધા કલાધરોના આદ્ય ગુરુ મનાય છે. કુદરતની બનાવેલી ચીજો ઘણી જ સુંદર હોય છે. કલાધર કુદરત પાસેથી સૌંદર્યની દીક્ષા લઈ શકે છે. કલાધરોને કુદરત પાસેથી કંઇ ઓછી પ્રેરણા મળતી નથી. ઇન્દ્રધનુષની ખૂબી જોઇને આપણે મુગ્ધ બની જઈએ છીએ. વાદળાંના આકાર અને રંગ કેટલા સુંદર હોય છે! પશુ–પક્ષી, ઝાડ–પાન, ફૂલ–ફળ, તળાવ, નદીઓ, પહાડ, તારાઓ, સમુદ્ર, એવી કઇ ચીજ છે જે પોતાની સુંદરતા, ભવ્યતા, યા તરલતાથી આપણને મોહિત નથી કરતી? પરંતુ આ ચીજોને કોઇ કલાકૃતિ કહેતું નથી.

કલા તો તે ચીજ છે જે મનુષ્યના હૃદયમાંથી પેદા થાય છે. કલાકૃતિનો બ્રહ્મદેવ સ્વયં

મનુષ્ય છે. સારાય વિશ્વનું દર્શન કરતાં કરતાં અથવા મનુષ્યજી-વનનુ મનન કરતાં કરતાં કલાકારના મનમાં એક અદમ્ય સિસૃક્ષા, નવું ઉત્પન્ન કરવાની ઉત્કંઠા જાગી ઊઠે છે અને તે કંઈ ને કંઈ નિર્માણ કરે છે; ત્યારે તે કલાકૃતિ કહેવાય છે.

એમાં પણ કુદરતનું કેવળ અનુકરણ કરવું એને ઉચ્ચ કલા માનવામાં આવતી નથી. પક્ષીઓનાં સુંદર ગાન સાંભળીને આબેહૂબ એના જેવો જ અવાજ આપણા ગળામાંથી કાઢવો એ કંઈ મામૂલી ખૂબી કે સિદ્ધિ ન કહેવાય. પરંતુ એવા માણસને આપણે કલાકાર નહીં કહીએ. જોઈએ તો આપણે તેને નકલ-નવીસ કહી શકીએ. પરંતુ એ જ માણસ ભિન્ન ભિન્ન પંખીઓના અવાજ શીખીને તેઓના મિશ્રણથી પંખીઓના સંગીતની એક અદ્‌ભુત સૂરાવલિ રચી દે તો આપણે કહી શકીએ કે તે કલાધર છે. કારણ કે તેણે પક્ષીઓના આલાપ લઈને એક નવનિર્મિતિ કરી છે. બગીચામાં માટીમાંથી રસ પીને, સૂર્ય ભગવાનનાં કિરણો પીને, પવનની સાથે આનંદથી ગેલ કરતાં ફૂલોને કઠોર આંગળીઓથી તોડવાં અને ફૂલદાનોની બંદીશાળામાં સુકાવા માટે રાખી દેવાં, એને શું તમે ઉચ્ચ અભિરુચિ માનો છો?

હરણના જેવાં ભોળાં પશુઓની પાછળ દોડીને તેઓને હેરાન કરવાં અને તેઓને મારીને તેઓનાં શીંગડાં પોતાની દીવાલ પર લગાવવાં અને તેઓનાં ચામડાં મેજ પર બિછાવવાં, એને પણ તમે કદાચ ઉચ્ચ અભિરુચિ કહેશો. તો પછી તમે તૈમૂરલંગ જેવા વિજયી વીરને, દુશ્મનનાં માથાં કાપતો જોઈને અથવા સાંભળીને અસ્વસ્થ શા માટે થાઓ છો? તેની પણ એ એક ઉચ્ચ અભિરુચિ હતી! તમે જ કહો છો કે દુનિયાનાં બધાં પશુ-પંખીઓ અને ફળ ફૂલોથી ચડિયાતી ક્યાંય પણ બીજી કોઇ સુંદરતા હોતી નથી. મનુષ્યના મુખની બે એવી સુંદર કૃતિઓ એકઠી કરીને એક ઊંચા મીનારમાં જડી દેવામાં આવે તો તમે તેની ઉચ્ચ અભિરુચિની કદર શા માટે નથી કરતા? ફૂલો તોડીને સજાવનારો આદમી, હરણનાં શીંગડાંથી દીવાનખાનું સજાવનારો શિકારી, અને મનુષ્યની મુખાકૃતિઓ – અથવા ચાહો તો શિર કમલ કહો – કોટના મીનારામાં જડનારો તૈમૂરલંગ કે ચંગીઝખાન કે નાદિરશાહ એ બધા એક જ અભિરુચિના ઉપાસક છે.

મનુષ્યનું ખૂન કરીને તેનું માથું મીનારામાં રાખનારો નાદિરશાહ તમારે મન પ્રશંસનીય નથી. અને પથ્થરમાંથી યા સંગેમરમરમાંથી મનુષ્યની આકૃતિઓ બનાવનાર તમારે મન સંસ્કૃતિનો આચાર્ય કલાગુરુ છે. બગીચાનાં સુંદર ફૂલો તોડીને ફૂલદાન ન સજાવીને કાગળનાં અથવા એવી જ કોઈ ચીજનાં ફૂલો બનાવનારી અને તેને પોતાના ટેબલ પર રાખનારી પરમ કારુણિક રસિક વ્યક્તિને તમે અભિરુચિના આચાર્ય શા માટે ન માનો?

જેની બાબતમાં તમે વાત કરી તેણે એક સારો બગીચો તો રાખ્યો જ છે. ઋતુકાલોદ્‌ભવ ફૂલોની બહાર પણ તમે તેના બગીચામાં જોઈ છે. તમે જ કહો છો કે કાગળનાં ફૂલો ઘણાં સુન્દર હતાં. તો પછી તમે જ બતાવો કે તેણે બિચારાએ અભિરુચિનો દ્રોહ ક્યાં કર્યો? અને તમે કદાચ ન જાણતા હોવ કે તેણે પોતાના શહેરના બધા લોકોને રજા આપી છે કે, જયારે ઇચ્છા થાય ત્યારે કોઇ પણ માણસ બગીચામાં આવીને બેસી શકે છે. એકાંતમાં બેસીને ધ્યાનને માટે

[અનુ૦ પૃ૦ ૨૭૬

રયા શા બા પુ



ભક્તરાજ

[જોન બનિયન કૃત ‘ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ’ને આધારે]

મુકુલભાઈ

ભક્તરાજ આમ હતાશ થઈને ઊભો હતો, એવામાં તેણે જોયું કે લોકોના સમુદાયની પાછળ સ્વર્ગના દૂતો વિમાન લઇને આવ્યા અને વિશ્વાસશાયના પુણ્યાત્માને તેમાં બેસાડીને બહુ જ ટૂંકે માર્ગે સ્વર્ગધામમાં લઈ જવા ઊપડી ગયા. આ અદ્ભુત દૃશ્ય જોઈને ભક્તરાજ ભગવાનની કૃપાદૃષ્ટિ પોતાને પણ આ આફતમાંથી બચાવી લેશે એવી શ્રદ્ધા સાથે પોતાની આગળ ઊભી થયેલી કટોકટી સામે હામ ભીડવા તત્પર થયો. પરંતુ એકાએક પેલા લોકો શાંત થઈ ગયા અને તેઓએ ભક્તરાજને જેલમાં પૂરી દીધો અને પછી પોતપોતાને ઘેર જવા તેઓ છૂટા પડ્યા.

હવે એ બંદીખાનામાં ભક્તરાજે બીજા એક ભક્તજનને પુરાયેલો જોયો. તેનું નામ આશાપ્રસાદ હતું. તેના મુખ પર આશાનાં કિરણો હતાં. તેને મનમાં અડગ શ્રદ્ધા હતી કે ભગવાન જરૂર તેને આ લોકોના હાથમાંથી છૂટો કરશે. અને એક દિવસ જ્યારે એ તુરંગના પહેરેગીરો પોતાની ફરજ બજાવવાને બદલે પ્રમાદી થઇને પડ્યા હતા ત્યારે ભક્તરાજ અને આશાપ્રસાદ બંને જણ ત્યાંથી બહાર નીકળીને પોતાને માર્ગે જવા દોટ મૂકીને નાઠા.

તેઓ જ્યારે એ માયાનગરીની બહાર નીકળ્યા ત્યારે એક માણસ એ જ રસ્તે થઈને જતો હતો તે એ લોકોની સાથે થઈ ગયો. તેનું નામ હતું ‘તકસાધુ.’ ભક્તરાજે તેને પૂછ્યું: “કેમ ભાઈ, તમે ક્યાંથી આવો છો અને આમ ક્યાં જાઓ છો?”

તકસાધુ — હું ‘મધુ-ભાષી’ નગરીમાંથી આવું છું. અને સ્વર્ગધામ તરફ જાઉં છું.

ભક્તરાજ — ‘મધુ-ભાષી’ નગરીમાંથી તમે આવો છો? ત્યાં કશું સારું હોય એવું છે ખરું?

તકસાધુ — કાં નહિ?

ભક્તરાજ — તમારું નામ શું છે?

તકસાધુ — ભાઈ, નામ જાણવાની શી જરૂર? આપણે સૌ એક જ માર્ગે જઇએ છીએ, એટલે તમારી સાથે જવાની મજા પડશે. તમે ન મળ્યા હોત તોય હું એકલો એકલો આગળ ગયો હોત.

ભક્તરાજ — પરંતુ મેં એવું સાંભળ્યું છે કે ‘મધુભાષી’ નગરી બહુ ધનાઢ્ય છે.

તકસાધુ — સાચી વાત. મારે પણ ઘણાં પૈસાદાર સગાંઓ છે.

ભક્તરાજ --- તમારાં કોણ કોણ સગાં ત્યાં છે?

તકસાધુ — લગભગ બધાં જ શ્રીમંત લોકો મારાં સગાં થાય. અમારું કુટુંબ ખૂબ આગળ પડતું છે.

ભક્તરાજ — તમે પરણ્યા છો ખરા?

તકસાધુ — હા, મારી પત્ની પણ ખૂબ

પૈસાદારની છોકરી છે અને એમનું કુળ બહુ ખાનદાન ગણાય છે. પણ ભાઇઓ, તમે નકામી ઝડપ કરો છો. જરા ધીમે ધીમે ચાલોને!

ભક્તરાજ—તમે આમ આગળ આવો છો ખરા, પરંતુ અમારી સાથે ચાલવું હોય તો મુશ્કેલીઓનો સામનો કરવાની તૈયાર છે ને? તડકીછાંયડી સહન કરવી પડશે, હાં કે?

તકસાધુ — તમે નકામા આમ ઉતાવળા થાઓ છો. આપણને તો મુશ્કેલીઓ ન ગમે. જ્યાં સુધી આમ સીધેસીધું ચાલ્યા કરતું હોય ત્યાં સુધી આપણે તો આગળ જઈશું. મારે કશી ઉતાવળ નથી. તક મળે તો આપણે ઝડપી લઇએ અને આપણું સાચવીને હેમખેમ આગળ જવાનું હોય તો જ જઇએ.

ભક્તરાજ — તો પછી તમારી સાથે અમને ન ફાવે. આમ કાયર બનીને આગળ ન જવાય. અમે તો ઝડપથી જઇએ છીએ.

એમ કહીને ભક્તરાજ અને આશાપ્રસાદ તેને પાછળ મૂકી ઝડપથી આગળ વધ્યા.

તેઓ થોડે દૂર ગયા ત્યાં એક નદી આવી. તેની બંને બાજુએ હરિયાળું ઘાસ ઊગેલું હતું. વળી નદીમાં સુંદર કમળો ખીલી રહ્યાં હતાં. ભક્તરાજ અને આશાપ્રસાદે નદીનું શીતળ જળ પીધું અને થોડી વાર શીળી છાયામાં વિસામો લેતા તેઓ ઊંઘી ગયા. થોડી વાર પછી જાગીને તેઓ થોડે દૂર ગયા એવામાં તેઓનો રસ્તો અને નદી છૂટાં પડવા લાગ્યાં. આવી રમણીય નદીથી દૂર જવાનું ભક્તરાજ તેમ જ તેના સાથીને ગમ્યું નહિ. પરંતુ છૂટા પડ્યા વિના છૂટકો ન હતો. જરા દૂર જઈને ભક્તરાજે જોયું તો ઘાસના બીડની બાજુમાં થઇને વાડ પસાર થતી હતી. અને એ વાડની બીજી બાજુ પર એક કેડી હતી. ભક્તરાજે કહ્યું: "મિત્ર, આપણે આ કેડીને રસ્તે જ જઇએ. એ પણ આપણા માર્ગ તરફ જ જાય છે."

આશાપ્રસાદ — પણ, મને એ બરોબર લાગતું નથી. એ આપણને બીજે ક્યાંક તો ન લઈ જાયને?

ભક્તરાજ — અરે, એવું કંઈ નથી! આ કેડી આ બીડની લગોલગ જ પસાર થાય છે.

આશાપ્રસાદ ભક્તરાજનું માનીને એની સાથે વાડ તરફની કેડીને રસ્તે જવા લાગ્યો. એ રસ્તો વધારે સુગમ જણાયો એટલે તેઓ ઝડપથી આગળ વધ્યા. એવામાં તેઓએ એક માણસને આગળ જતો જોયો. તેઓએ હાક મારીને તેને ઊભો રાખ્યો અને પછી તેને પૂછ્યું: "અરે ભાઈ, તમે ક્યાં જાઓ છો?"

માણસ કહે, 'હું સ્વર્ગધામ તરફ જાઉં છું.'

એ સાંભળી ભક્તરાજ પોતાના સાથીને કહેવા લાગ્યો: "જોયુંને? આપણે સાચે માર્ગે જ છીએ ને?"

પછી તેઓ એ માણસ સાથે આગળ ચાલ્યા. પરંતુ એવામાં રાત પડી ગઇ અને બધે અંધારું ફેલાઈ ગયું. તેથી તેઓ એકબીજાને દેખી પણ શકતા ન હતા. પેલો માણસ તો આગળ નીકળી જવા ઝડપથી ચાલવા લાગ્યો, પણ એમ કરતાં તે ઊંડા ખાડામાં ગબડી પડ્યો! ભક્તરાજ અને આશાપ્રસાદ એની કારમી ચીસ સાંભળીને થથરી ગયા.

આશાપ્રસાદે કહ્યું: "નક્કી આપણે ખોટે માર્ગે ચડી ગયા છીએ!"

ભક્તરાજને પોતાની ભૂલ સમજાઈ. પણ હવે શું થઇ શકે એમ હતું! એટલામાં તોફાન સાથે વરસાદ તૂટી પડ્યો. અને વીજળીના પણ ભયંકર કડાકા થવા લાગ્યા. માંડ માંડ તેઓ પાછા નદીને કાંઠે આવ્યા. પરંતુ નદીમાં તો ભારે પૂર એકાએક ચડી આવ્યું હતું! નદીને ઓળંગવી એ તો બહુ મુશ્કેલ કામ હતું.

(અનુ૦ પૃ૦ ૨૮૦)

પ્યારાબાપુ

સાચો જીવન-રસ

વિનોબાજી

એક તત્ત્વજ્ઞાનીને એક વખત લોકોએ જઈને કહ્યું, "ચાલો મહારાજ, શહેરમાં આજે મોટી રોશની છે." તે તત્ત્વજ્ઞાનીએ કહ્યું: 'રોશની એટલે શું ? એક દીવો, તેની પછી બીજો, તેની પછી ત્રીજો; એ પ્રમાણે લાખ, દશ લાખ, કરોડ, જોઈએ તેટલા દીવા છે એમ માનો. એ જ તમારી રોશની કે બીજું કંઇ ! મેં જોઇ લીધી તમારી રોશની.'

ગણિતની શ્રેણીમાં ૧+૨+૩ એમ અનંત સુધી સરવાળો મુકાય છે. સંખ્યા વચ્ચે રાખવાનું અંતર જાણ્યું ને સમજાયું પછી બધી સંખ્યા માંડી જવાની જરૂર રહેતી નથી. તેવી જ રીતે પેલા દીવા એક પછી એક મૂકી દીધા. પછી એમાં એટલું બધું તલ્લીન થઈ જવા જેવું છે શું ?

પણ માણસને એવી જાતના આનંદ લેવાનું ગમે છે. તે લીંબુ લાવશે, ખાંડ લાવશે, બંનેને પાણીમાં ભેળવશે ને પછી મોંમાં પાણી લાવી કહેશે, "શું મજાનું શરબત છે ?" જીભને ચાખ ચાખ કર્યા વગર બીજો ધંધો નથી. આને તેમાં ભેળવો તેને આમાં ભેળવો. આવાં બધાં ભેળ ને મિસળ ખાવામાં જ બધું સુખ !

નાનપણમાં એક વાર હું સિનેમા જોવા ગયો હતો. જતી વખતે સાથે ગૂણપાટ લેતો ગયો હતો. મારો આશય એ કે ઊંઘ આવે તો તેના પર સૂઈ જવું. પછી પડદા પર આંખને આંજી નાખનારી આગ હું જોવા લાગ્યો. બે ચાર મિનિટ સુધી તે ઝગઝગતી આગનાં ચિત્રો જોઇ મારી આંખો થાકી ગઈ. હું મારી મેળે ગૂણપાટ પાથરીને સૂઈ ગયો ને મેં કહ્યું કે પૂરું થાય એટલે ઉઠાડજો. રાતને પહોરે બહાર ખુલ્લી હવામાં આકાશમાંના ચંદ્ર ને તારા વગેરે જોવાનું છોડીને, તે શાંત સૃષ્ટિમાંનો પવિત્ર આનંદ છોડીને એ બંધિયાર થિયેટરમાં આગનાં ઢીંગલાં નાચતાં જોઇને લોકો તાળીઓ પાડે છે. મને પોતાને એ કંઈ સમજાતું નથી.

માણસ આટલો નિરાનંદ કેમ ? પેલાં નિર્જીવ ઢીંગલાં જોઇ આખરે બિચારો બહુ તો ક્ષણભર આનંદ મેળવે છે. જીવનમાં આનંદ નથી. એટલે પછી માણસો કૃત્રિમ આનંદ શોધતા ફરે છે ! એક વાર અમારી પાડોશમાં થાળી વાગવાનો અવાજ શરૂ થયો. મેં પૂછ્યું, "આ થાળી શેની વાગી ?" મને કહેવામાં આવ્યું, "છોકરો આવ્યો !" અલ્યા, દુનિયામાં તારા એકલાને ત્યાં જ છોકરો આવ્યો છે ? પણ છતાં થાળી વગાડીને દુનિયાને જાહેર કરે છે કે મારે ત્યાં છોકરો આવ્યો ! કૂદે છે, નાચે છે, ગીત ગાય છે ને ગવડાવે છે. શા માટે ? તો કહે છોકરો આવ્યો તેથી ! આવો આ નાદાનીનો ખેલ છે. આનંદનો જાણે કે દુકાળ છે. દુકાળમાં સપડાયેલા લોકો ક્યાંક ભાતના દાણા દીઠા કે ઝડપ મારે છે. તેમ છોકરો આવ્યો, સરકસ આવ્યું, સિનેમા આવ્યો કે આનંદ વગર લૂખા ને ભૂખ્યા રહેતા આ લોકો કૂદકા મારી નાચવા મંડી પડે છે !

પણ આ ખરો આનંદ છે કે ? ગાયનનાં સૂરનાં મોજાં કાનમાં પેસી મગજને ધક્કો આપે છે. આંખમાં રૂપ દાખલ થવાથી મગજને ધક્કો લાગે છે. આવા મગજને લાગતા ધક્કાઓમાં જ બિચારાઓનો આનંદ

સમાયેલો છે. કોઇ તંબાકુ વાટીને નાકમાં ખોસે છે. કોઇ વળી તેની બીડી મોંમાં ખોસે છે. એ તપકીરનો કે બીડીના ધુમાડાનો આંચકો લાગતાંની સાથે એ લોકોને જાણે આનંદની થાપણ મળી જાય છે! બીડીનું ઠૂંઠું મળતાં તેમના આનંદને જાણે સીમા રહેતી નથી. ટૉલ્સ્ટૉય ં છે, "એ બીડીના કેફમાં તે માણસ સહેજે કોઈકનું ખૂન પણ કરશે." એક જાતનો એ નશો જ છે.

આવા આનંદમાં માણસ કેમ તલ્લીન થઈ જાય છે? સાચા આનંદનો તેને પત્તો લાગ્યો નથી તેથી. માણસ પડછાયાથી ભૂલીને તેની પાછળ પડ્યો છે. આજે પંચજ્ઞાનેંદ્રિયોના આનંદનો જ તે ઉપભોગ કરે છે. જોવાની આંખની ઇંદ્રિય ન હોત તો તે એમ માનત કે દુનિયામાં ઇંદ્રિયોના ચાર જ આનંદ છે. કાલે મંગળના ગ્રહ પરથી છ જ્ઞાનેંદ્રિયોવાળો માણસ પૃથ્વી પર ઊતરે તો આ પાંચ જ્ઞાનેંદ્રિયોવાળાં દિલગીર થઇને રડતાં રડતાં કહેશે, "અરે! આને મુકાબલે આપણે કેટલા દૂબળા!"

સૃષ્ટિમાં રહેલો સંપૂર્ણ અર્થ પંચજ્ઞાનેંદ્રિયોને ક્યાંથી સમજાશે? તેમાંયે વળી પસંદગી કરી માણસ બિચારો તેમાં રમમાણ થઇ જાય છે. ગધેડાનું ભૂંકેલું કાનમાં પેસે છે તો કહે છે, અશુભ કાનમાં પેઠું! અને તારું દર્શન થવાથી તારું રૂપ જોઇ તે ગધેડાનું કંઇ અશુભ થશે ખરું કે નહીં? તને માત્ર નુકસાન થાય છે, તારે લીધે બીજાને નુકસાન નહીં થતું હોય? માની લે છે કે ગધેડાનું ભૂંકેલું અશુભ છે! એક વખત હું વડોદરાની કોલેજમાં હતો ત્યારે યુરોપિયન ગવૈયા આવ્યા હતા. સારા ગાનારા હતા. પોતાની કળા બતાવવામાં કમાલ કરતા હતા. પણ હું ત્યાંથી ક્યારે નાસવાનું મળે તેની વાટ જોતો હતો! તે ગાયન સાંભળવાની મને ટેવ નહોતી, એટલે તેમને મેં નાપાસ કરી નાખ્યા. એ જ રીતે જો આપણા ગવૈયા ત્યાં જાય તો કદાચ ત્યાં નાપાસ થાય. સંગીતથી એક જણને આનંદ થાય છે ને બીજાને થતો નથી. એટલે એ સાચો આનંદ નથી આ નકલી, છેતરનારો આનંદ છે. ખરા આનંદનું દર્શન નથી થયું ત્યાં સુધી આપણે એ છેતરનારા આનંદ પર ઝોલાં ખાતા રહીશું. સાચું દૂધ મળ્યું નહોતું ત્યાં સુધી અશ્વત્થામા પાણીમાં ભેગવેલો લોટ દૂધ સમજીને પી જતો. તે જ પ્રમાણે સાચું સ્વરૂપ તમે સમજશો, તેનો આનંદ એક વાર ચાખશો એટલે પછી બીજું બધું ફીકું લાગશે.

એ ખરા આનંદને શોધી કાઢવાનો ભક્તિ ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે. એ રસ્તે આગળ જતાં જતાં પરમેશ્વરી કુશળતા સમજાશે. તે દિવ્ય કલ્પના આવ્યા પછી બાકીની બીજી બધી કલ્પનાઓ આપોઆપ ઓસરી જશે. પછી ક્ષુદ્ર આકર્ષણ રહેશે નહીં. પછી જગતમાં એક જ આનંદ ભરેલો દેખાશે. મીઠાઈની સેંકડો દુકાનો હોય છતાં મીઠાઈનો પ્રકાર એકનો એક જ હોય છે. જ્યાં લગી સાચી વસ્તુ મળી નથી ત્યાં સુધી આપણે ચંચળ ચકલાંની માફક એક દાણો અહીંથી ખાશું, એક ત્યાંથી ખાશું ને એમ ને એમ કરતા રહીશું. વહેલી સવારે હું તુલસી-રામાયણ વાંચતો હતો. દીવાની પાસે જીવડાં એકઠાં થયાં હતાં. ત્યાં પેલી પરવલ્લી આવી. મારા રામાયણનું તેને શું? જીવડાં જોઈ તેના આનંદનો પાર નહોતો. તે જીવડું ઝડપી લેવા જતી હતી ત્યાં મેં જરા હાથ હલાવ્યો એટલે તે જતી રહી. પણ તેનું [અનુ૦ પૃ૦ ૨૭૬]

અહંકાર

મહાસતી ઉજજવળકુંવરજી

એક વાર નારદજી કોઈ એક જંગલમાં ફરી રહ્યા હતા. ત્યાં તેમણે એક તપસ્વી જોયો. તપસ્વીએ નારદજીને નમસ્કાર કર્યા અને પૂછ્યું, 'આપ ક્યાં જઈ રહ્યા છો?'

નારદજીએ કહ્યું, 'બ્રહ્મલોકમાં.'

તપસ્વીએ કહ્યું, "ત્યારે આપ જરા બ્રહ્માજીને પૂછતા આવશો કે મને મુક્તિ ક્યારે મળશે?"

નારદજી બ્રહ્મલોકમાં પહોંચ્યા અને તપસ્વીનો સવાલ બ્રહ્માજીને પૂછ્યો. બ્રહ્માજીએ ચોપડા બતાવતા કહ્યું, 'આ ચોપડા તપાસો, તેમાંથી તમારા પ્રશ્નનો જવાબ મળી આવશે. જ્યાં તે તપસ્વીનું નામ હશે ત્યાં તેની મુક્તિ વિષે પણ લખેલુ હશે.'

નારદજીએ આખો ચોપડો ફેરવી નાંખ્યો. પરંતુ તેમાં ક્યાંય તપસ્વીનું નામ જોવામાં આવ્યું નહીં. આખરે બ્રહ્માજીએ કહ્યું, 'તે તપસ્યા કરે છે. પરંતુ તેનો અહંકાર હજુ નાશ પામ્યો નથી. માટે તેને મોક્ષ મળી શકશે નહીં.'

નારદજી પાછા ફર્યા ત્યારે તે જંગલમાં ગયા અને તપસ્વીને વાત કરી, 'ભાઈ, મેં બધા ચોપડા ફેરવી જોયા, પરંતુ તેમાં ક્યાંય પણ તમારું નામ જોવામાં આવ્યું નહીં.'

તપસ્વીએ કહ્યું, 'તે બધા ચોપડા જૂઠા છે. મારા જેવા તપસ્વીનું નામ પણ તેમાં નહીં! તમારે તેનું કારણ તો પૂછ્યું'તું ને?'

નારદજીએ સવાલનો જવાબ આપતાં કહ્યું, 'તેમણે ખુલાસો કરતાં કહ્યું છે કે તે તપસ્યા કરે છે, પરંતુ તેનો અહંકાર હજુ નાશ નથી પામ્યો, એટલે તેને મુક્તિ મળી શકશે નહીં.'

તપસ્વીને પોતાની ખરી પરિસ્થિતિનું ભાન થયું. એકરાર કરતાં તેણે કહ્યું, 'નારદજી, વાત તો ખરી છે. હું અહંકાર તો કરું જ છું. હવે હું અહંકાર નહીં કરું.'

એટલામાં એક વિમાન આકાશમાંથી ઊતર્યું અને તપસ્વી પાસે આવીને ઊભું રહ્યું. નારદજીએ કહ્યું, 'આ વિમાન શા માટે આવ્યું છે?'

વિમાન ચલાવનાર દેવે કહ્યું, 'આ તપસ્વીને સ્વર્ગમાં લઈ જવા માટે.'

નારદજીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, 'હજુ હું હમણાં જ બ્રહ્માજીને મળી આવું છું. તેમના ચોપડા જોતાં, આ તપસ્વીનું તેમાં ક્યાંય નામ પણ હતું નહી. ત્યારે આ વિમાન કેમ આવ્યું? બ્રહ્માજીના રાજ્યમાં પણ અંધારું લાગે છે.'

વિમાન ચલાવનારે ખુલાસો કરતાં કહ્યું, 'તમો આવ્યા ત્યાં સુધી તેનું નામ ન હતું એ વાત ખરી છે. પરંતુ તેનું કારણ તપસ્વીજીનો અહંકાર હતો. તપસ્વીજીનો અહંકાર દૂર થાય તેટલી જ વાર વિમાન આવવાને હતી.'

આ સાંભળીને નારદજીના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે—આ કથાનો એટલો જ સાર લેવાનો છે કે અહંકાર વિનાના બનીને કરાયેલું તપ ફલદાયી બને છે.

મીઠી જીભ અને ખપ પૂરતું બોલવાની ટેવ પાડવી. નકામો વખત બગાડવો નહિ. હમેશાં ઘસાઈ છૂટવાની વૃત્તિ રાખવી. કોઈ આપણે માટે ઘસાય એવી ઇચ્છા કદાપિ કરવી નહિ.

— રવિશંકર મહારાજ

આત્મ શોધન અને પ્રાર્થના

બબલભાઈ મહેતા

આત્મ શોધન

માણસને જે કામ કરવાનું હોય છે તે કરતાં કરતાં વચ્ચે વચ્ચે આડા અવળા ચીલા આવે છે. આથી મૂળ કાર્ય રહી જાય છે, અને પાછળથી પસ્તાવો થાય છે. એટલે માણસે તટસ્થપણે કામને તપાસતા રહેવું જોઇએ.

વિનોબાજી કહે છે કે માણસ ગમે તેટલી પ્રવૃત્તિઓ કરતો હોય પણ આખા દિવસમાં પાંચ મિનિટ પણ એણે એ પ્રવૃત્તિઓથી પર રહી તટસ્થપણે આત્મ-શોધન કરવું જોઇએ.

ઉપાડેલી પ્રવૃત્તિમાં આગળ વધાય છે કે નહીં? આગળ વધાય છે તો એનાં સાધનોની શુદ્ધિ સચવાય છે કે નહિ? વ૦ વ૦ વિચારવું જોઇએ. આવી પાંચ મિનિટ તટસ્થભાવે વિચારવાની રીતથી ખોટે માર્ગે ચડી જવાયું હોય તો સીધે માર્ગે જવાય છે. ભૂલ થઇ હોય તો તરત જ સુધારો થાય છે.

વિનોબાજીનો આ વિચાર ખૂબ ધ્યાનમાં રાખવા જેવો છે. આમ કરવાથી પ્રવૃત્તિના તાવમાંથી બચી જઇએ છીએ.

જેટલી ઇશ્વર ઉપરની શ્રદ્ધાની જરૂર છે તેટલી જ આત્મશોધનની જરૂર છે. આત્મ-વિકાસમાં માનનાર દરેક વ્યક્તિએ આ ઢબે વિચારવું જોઇએ.

સમાજ વ્યક્તિઓમાંથી બનેલો છે. એટલે જેટલો વ્યક્તિઓનો વિકાસ થાય એટલો જ સમાજનો વિકાસ થાય. વ્યક્તિ-વિકાસ અને સમાજ–વિકાસનો મેળ મળવો જોઈએ.

પ્રાર્થના

પ્રાર્થનામાં કેટલાક શ્લોક કે ભજન બોલીએ છીએ તે શક્તિ આપે છે, કેમકે એ રચનાર સાધક હોય છે. એમાં અનુભવોનું નવનીત હોય છે. કેટલીક વખતે અર્થ ન સમજતા હોઇએ છતાં અવાજમાંથી પ્રેરણા મળે છે, પણ અર્થ બરાબર સમજીએ તો વિશેષ બળ મળે છે. દરેક ભજનનો અર્થ સમજવો જોઇએ.

ગાંધીજીનો આગ્રહ હતો કે પ્રાર્થના તો સંસ્કૃતમાં જ કરવી. સંસ્કૃત ભાષા પવિત્ર છે. આ વિચારમાં એમણે ધીમે ધીમે સુધારો કર્યો. સમજ્યા સિવાય પ્રાર્થના કરવાથી કંઈ ફાયદો નથી, એટલે સંસ્કૃતનો અર્થ સમજી લેવો જોઇએ અથવા સમજી શકાય તેવી ભાષામાં પ્રાર્થના કરવી જોઇએ. આ એમનો છેવટનો વિચાર હતો. આજે પ્રાર્થના દરેક પ્રાંતે જુદી જુદી થાય છે. આથી અનેક રંગ ઊભા થયા છે. ઘણા પ્રાંતના ભેગા થાય છે ત્યારે મુશ્કેલી પણ ઊભી થાય છે. પ્રાર્થના સામુદાયિક સંસ્કૃત ભાષામાં જ થતી હોય તો બધા પ્રાંતવાળા બોલી શકે.

પ્રાર્થનામાં સૂર પણ એક જોઈએ, નહિ તો એ કાનને ખટકવો જોઇએ. પ્રાર્થના સમજણપૂર્વક થાય તો આપણે બોલ્યા એને અને આપણા વર્તનને કેટલો સંબંધ છે એવો પ્રશ્ન પણ આપણા મનમાં ઊઠશે.

(નોંધ: ભગુભાઈ મહેતા)

નાવ પાણીની ઉપર જ રહે છે. પરંતુ પાણી જો નાવની અંદર આવવા લાગે તો નાવ બૂડી જશે. ગૃહસ્થ ઇશ્વરભક્તની પણ એ જ સ્થિતિ છે. સંસારના વહેવારોની વચ્ચે રહેતા હોવા છતાં મન પર દુનિયાદારીની ચિંતાનો અધિકાર જામવા દેવો જોઈએ નહિ. નહીં તો આપણે તેમાં જ બૂડી જઈશું.

— રામકૃષ્ણ પરમહંસ

પ્યારા બાપુ



વિરહભાવ

ગુરુદયાલ મલ્લિકજી

પ્રભુએ આ જગત શા માટે સર્જ્યું હશે, એ કોણ કહી શકે છે? કારણ કે જ્યારે એને જગતનું સર્જન કર્યું, ત્યારે એના સૃષ્ટિ-સર્જનનો કોઈ સાક્ષી ત્યાં હાજર ન હતો. માણસનો જન્મ તો સૃષ્ટિના જન્મ પછી થયો.

પણ કોઇ કોઇ વાર માણસને—જે કલ્પનાઓનું એક પૂતળું છે—એમ જરૂર લાગે છે કે, કદાચ પ્રભુને પોતાના હૃદયમાં જે પ્રેમની વૃત્તિ હતી, તેનો વિકાસ કેવી રીતે થાય છે, તે જાણવાની ઇચ્છા હતી. એ પોતે તો સ્વયંભૂ છે, એના ગુણો પણ તેવી રીતે સ્વયંભૂ છે. પ્રેમના વિકાસની પદ્ધતિ જાણવા માટે જ તેણે જગત અને માણસનું સર્જન કર્યું.

પ્રભુએ જ્યારે માણસને સર્જ્યો ત્યારે એમાં તેણે એક વિશેષ રીતે પોતાનો અંશ નાખ્યો. તેથી એના હૈયામાં વિરહભાવ જાગ્યો, જેમ માણસના હૃદયમાં, જ્યારે એ પોતાના પ્રભુ, પિતાથી જુદો થયો ત્યારે જાગ્યો. ત્યારથી જીવન અને જગત એક જાતનો વિરહ-વેદ રચી રહ્યાં છે.

વિરહની અવસ્થામાં દુઃખ તો લાગે છે, પણ એ દુઃખ એક અજબ આનંદ અને તદાત્મીયતા તરફ માણસને લઈ જાય છે. જ્યાં જે કંઈ એણે બાહ્યદૃષ્ટિથી અથવા અંતરદષ્ટિથી જોયું છે તેને એક કલાકાર કે કવિ રંગરૂપબદ્ધ કે છંદબદ્ધ કરવા જાય છે, ત્યારે જે પ્રેરણા અંદરથી એને મળે છે તેના મૂળમાં એક જાતનો વિરહભાવ હોય છે. જે એણે દીઠું છે, સાંભળ્યું છે, તેને એ ફરીથી અનુભવવા ઇચ્છે છે. તેથી જ તો વિરહભાવ એની કૃતિમાં રંગ અને છંદ પૂરે છે. એટલે જ તો દરેક સાચી કૃતિમાં પહેલાં તો સ્રષ્ટાના દિલમાં તદાત્મીયતા ઉદ્‌ભવે છે અને પછી જુદાઈનો ભાવ.

તો પછી ટૂંકમાં એમ કહી શકાય કે, સર્જનમાં—પ્રભુના, પ્રકૃતિના કે માણસના—બે ભાવ પ્રબળ હોય છઃ એક મિલનનો

ખારાબાપુ

ભાવ અને બીજો વિરહનો ભાવ. જેમ એક ઇંદ્રધનુષની સુંદરતા અને સાકારપણાનું કારણ તડકો તેમ જ વરસાદનો સંપર્ક અથવા સંયોગ છે.

(અંગ્રેજી 'ગીતાંજલિ' કાવ્ય ૮૪)

હેરું અહરહ વિરહ તમારો ભુવન ભુવનમાં રાજે હે,
કેંક રૂપ ધરી કાનનભૂધર સાગરગગને સાજે હે.
તારે તારે રાત ગગને
ઊભે નીરવ અનિમિષ નયને,
પલ્લવદલ પર શ્રવણ ધારે વિરહ તમારો બાજે હે.
ઘરઘર દુઃખ મહીં દેખાતો,
એ તવ વિરહ ગભીરો થાતો,
પ્રેમે પ્રેમે, સહુ ઇચ્છાએ, સુખદુખમાં ને કાજે હે,
જીવન સકલ ઉદાસ કરીને,
ગીતોમાં સુરરૂપ ઝરીને,
તારો વિરહ રહ્યો છે ઊભરી આ મુજ અંતર માંહે હે.

[અનુ૦ નગીનદાસ પારેખ]

સરદારશ્રીની વાણી

તમારો જો નિશ્ચય હશે તો કોઇ તમારી પ્રગતિ રોકી નહીં શકે.

× × ×

આપણું ધ્યેય શુદ્ધ હોય ત્યારે આપણી ત્રુટીઓ સુધારવાને આપણે હમેશાં પ્રયત્ન કરવો જોઇએ.

× × ×

આ દુનિયામાં સત્તાની પાછળ પડેલો મોટામાં મોટો રોગ કોઈ હોય તો તે ખુશામત છે.

× × ×

લોકજાગૃતિ થોડા માણસોના ભારે ભોગથી થાય છે.

× × ×

બીજા કોઈને દુઃખી કર્યા સિવાય આપણે જેટલું વધારે દુઃખ વેઠીએ તેટલી આપણી સિદ્ધિ વહેલી છે. એટલે તમે કોઈ ઉપર વેર નહીં રાખજો, કોઈ ઉપર રોષ ન કરશો.

× × ×

પાણીમાં તરનાર બૂડે છે ખરા અને કિનારે ઊભેલા બૂડતા નથી એ સાચું; પણ એવાઓ તરતા પણ નથી શીખતા.

× × ×

માણસમાં અનેક ઇન્દ્રિઓનું જ્ઞાન છે. જાનવરને એક જ ઇન્દ્રિયનું જ્ઞાન છે. જે પોતાની આંખમાં મેલ નથી રાખતો, કુદૃષ્ટિ નથી કરતો, જેણે સંયમ કર્યો છે એનો આત્મા છેવટે ઇશ્વરમાં ભળી જાય છે.

× × ×

જાગ્રત અવસ્થામાં આવીએ છીએ ત્યારે સ્વપ્નાં જૂઠાં લાગે છે.

× × ×

જેમ પાડોશી મરે અને આપણે સ્વર્ગમાં ન જઈ શકીએ એવું જ સ્વતંત્રતાનું છે. સ્વતંત્રતા જો આપણે જોઈતી હોય તો આપણે આપણા પગ ઉપર ઊભા રહેવું જોઇએ.

× × ×

સામે થયા વિના માર સહન કરે તો તેમાંથી ઇશ્વરભાવ પેદા થાય છે. આ જ સત્યાગ્રહનું રહસ્ય છે.

× × ×

કુદરતે માણસમાં ચેતનનો છાંટો નાખેલો હોય છે. તેનો વિકાસ કરે તો માણસ પ્રગતિ સાધી શકે છે.

× × ×

જેનું શરીર કેળવાય છે તેનું મગજ પણ સાથોસાથ ખીલે છે. બુદ્ધિનો એકલો વિલાસ નકામો છે. તેથી જગતને ફાયદો નથી. બુદ્ધિ સાથે શારીરિક શ્રમ માટેનો પ્રેમ ખીલવો જોઇએ

(ચાલુ)

પ્યારા બાપુ



ચિ· રતીલાલ,
તારો કાગળ જોઈ
આનંદ થયો· મેં તો
તને કહ્યું જ છે કે
ઈશ્વર તારી સંભાળ
રાખે છે· ચોરી થઈ
તેની ફિકર નહિં· એ
માલ ફરી વસાવવો જ
નહિં· આપણી પાસે
વધારે હોય ત્યારે
ચોરી પણ થાય
૨૧
૧૩ ૩૨ બાપુ

[બાપુજી કેટલીક વાર બહુ થોડા શબ્દોમાં જીવન-ઘડતરમાં સહાયરૂપ થાય એવો ઉપદેશ આપતા. આ વખતના પત્રમાં અપરિગ્રહ વ્રતની સંક્ષેપમાં પરોક્ષ રીતે સમજ આપી છે.]

ચિ૦ રતીલાલ,

તારો કાગળ જોઈ આનંદ થયો. મેં તો તને કહ્યું જ છે કે ઈશ્વર તારી સંભાળ રાખે છે. ચોરી થઈ તેની ફિકર નહીં. એ માલ ફરી વસાવવો જ નહિ. આપણી પાસે વધારે હોય ત્યારે ચોરી પણ થાય.

બાપુ

૧૩-૧૧-૩૨

ઈસ્લામી પ્રાર્થના

ઈસ્માઈલભાઈ નાગોરી

આપણી પાસે સંસ્કૃતમાં જેમ એક સુંદર પ્રાર્થના છે: '**તમસો મા જ્યોતિર્ગમય।**' તેમ અરબીમાં પણ એવી જ એક પ્રાર્થના છે: "**રબ્બના અખ્‌રિજના મિનઝ્ઝોલોમાતે એલન્ નૂર**"—હે વિશ્વવિધાતા અમને અંધકારોમાંથી પ્રકાશ તરફ લઈ જા. આ જ અભિપ્સા આપણે 'Lead Kindly Light' એ અંગ્રેજી ભજનમાં જોઈએ છીએ. કુરઆન આપણા બધા ધર્મગ્રંથોની કાવ્યાત્મક ભાષામાં કહે છે: "**અલ્લાહો નુરૂસ્સમાવાતે વલ્ અર્દ.**"—પરમેશ્વર પૃથ્વી અને બ્રહ્માંડોનો પ્રકાશ છે.—ને એ જ પ્રકાશ તરફની ઝંખના વ્યકત કરે છે. ઊગતા બીજનો અંકૂર જેમ જમીન સોંસરો માર્ગ કાઢે છે, સાગનો સોટો જંગલમાં વૃક્ષોનાં ઝૂંડથી ઊંચે વધી જેમ અજવાળાં માટે આકાશ તરફ ટોચ કાઢે છે, તેમ માનવમાત્રને આપણે જાણ્યેઅજાણ્યે, થોડાઘણા પ્રમાણમાં, મંદ કે તીવ્ર ભાવે આવી તલબ, આવી તડપ, આવી તાલાવેલી ને તૃષા અનુભવતો જોઈએ છીએ. અવિકસિત સ્થિતિમાંથી વિકસિત સ્થિતિમાં જવા, અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ પ્રયાણ કરવા, લઘુતામાંથી પ્રભુતામાં પ્રવેશવા આપણું હૃદય તલપાપડ થતું હોય છે. ઈનસાનના દિલની આ તમન્નાને કવિવર ટાગોરે "અંતર મમ વિકસિત કરો, અંતરતર હે" એ ભજનમાં રજૂ કરી છે. તુલસી, મીરાં, સૂર, કબીરનાં ભજનોમાં જ નહીં પણ દેશેદેશના, કાળેકાળના, કોમેકોમના ભકતજનોના અંતરના ઉદ્‌ગારોમાં એ જ અવાજ સંભળાય છે—એ જ આત્મસાક્ષાત્કાર તરફ આગળ ને આગળ જવાની મહેચ્છા વ્યકત થતી હોય છે.

શાંતિ ને જ્યોતિની આ શોધમાં સાધક પોતાના મનની કામનાઓ છોડી ઇશ્વરેચ્છા પર અવલંબન રાખતો થાય છે ને પ્રાર્થના કરે છે કે "**રબ્બના આતેના ફિદ્ દુનિયા હસનતઉં વફિલ આખિર તે હસનતઉં વકેના અઝાબન્ નાર**"—હે વિશ્વાધાર, આ દુનિયામાં ને આ પછીના જીવનમાં જે કલ્યાણકારી હોય એ આપ અને અમને (કામ, ક્રોધ, વગેરેની) અગ્નિ-વેદનાથી બચાવ.

પ્રાર્થનાનું સ્થાન જીવનમાં અરબ પિતામહ હ૦ ઈબ્રાહીમ–Abraham–કેવું સમજે છે તે એમની એક પ્રાર્થનાથી સમજાશે: "હે વિશ્વેશ્વર! પ્રાર્થનાને સદાય જીવંત રાખનાર મને બનાવ અને મારી પ્રજામાંથી પણ એવા જ બનાવ–આટલી અભ્યર્થના સ્વીકાર." પયગમ્બર સાહેબ કહેતા કે, "પ્રાર્થના એ એવું ઝરણું છે કે જે આપણને બાળક જેવા વિમલ બનાવે છે." પ્રાર્થના ન હોત તો ઘોડિયાથી તે ઘોર સુધીની ઘોડદોડમાં માણસ આંખો મીંચીને દોડયે જાત–રામ કે વિરામ કાંઈ ન રહેત. પ્રાર્થના ને સદાચાર પોતાનામાં જ નહીં પણ પોતાની પ્રજામાં પણ કાયમ રહે એવી બીજી પ્રાર્થના કરતાં એક પુરાતન કુટુંબના વડા માગે છે કે: "હે વિશ્વનાથ, અમારી વહુવારુઓમાં ને પ્રજામાં અમારી આંખોને ઠારનારાં આપ. અને અમને વિવેકીઓમાં, સદાચારીઓમાં અગ્રગામી કર."

કુરઆનમાં પયગમ્બરને સંબોધી કહેવામાં આવ્યું છે કે:– "મારી પ્રાર્થના, મારું બલિદાન, મારું જીવન, મારું મૃત્યુ વિશ્વોના પાલકપોષક પ્રભુ માટે છે." એવી જ મતલબની બીજી પ્રાર્થના છે કે, "હે પૃથ્વી અને સૃષ્ટિઓના મૂળરૂપ સ્વામી! તું જ મારો મિત્ર છે. મારું સર્વસ્વ તને અર્પણ કરી દીધું હોય એ સ્થિતિમાં મને મૃત્યુ દેજે અને સુંદર જીવન જીવનારાઓ સાથે મને જોડજે." (ચાલુ)

ભગવાનનો જાદુ

પદ્મનાભ શ્રી. જૈની



એક સમયે ભગવાન બુદ્ધ વૈશાલીમાં મહાવનમાં વિહાર કરતા હતા, ત્યારે લિચ્છવિ કુલનો ભદ્રિયકુમાર ભગવાન પાસે જઇને તેમને અભિવાદન કરી એક બાજુ પર બેઠો. પછી ભદ્રિયકુમારે ભગવાનને પૂછ્યું: "ભન્તે! મેં સાંભળ્યું છે કે, આપ ભગવાન શ્રમણ ગૌતમ માયાવી એટલે જાદુગર છો. શ્રમણ ગૌતમ પાસે આવર્તની નામની એક મંત્રવિદ્યા છે. એ જાદુ વડે બીજા ધર્મના અનુયાયીઓને મોહિત કરીને તેઓને ધર્માંતર કરાવી બૌદ્ધ બનાવો છો. શું ભન્તે! જેઓ આપને વિષે આમ કહે છે તેઓ સત્યભાષી છે ખરા? તેઓ ભગવાન ઉપર અસત્યનું આરોપણ તો નથી કરતા ને? શું તેઓ જેવું છે તેવું કહે છે? ભન્તે! સહધર્મીઓ વચ્ચે આવો પ્રશ્ન કરવો અસભ્ય મનાય છે. હું આપની બાબતમાં સત્ય જાણવા માગું છું. એટલે ભન્તે! આવો પ્રશ્ન મેં કર્યો છે."

એ સાંભળી ભગવાન શાંત ધીર અવાજે મૃદુતાથી બોલ્યા:—

"હે ભદ્રિય! અહીં કેવળ સાંભળવા પરથી, કેવળ 'પરંપરા'થી, કેવળ 'એમ હશે' એવી ભાવનાથી, કેવળ ધર્મગ્રંથોમાં કહ્યું છે એટલા પરથી, કેવળ તર્ક અને
'પારમ્પ્ર
હેતુથી, કેવળ ન્યાય અને નીતિશાસ્ત્રમાં એવું છે એટલા સારુ, કેવળ કારણોના અભ્યાસથી, કેવળ મિથ્યાદૃષ્ટિઓને પણ સહન કરી લેવાની વૃત્તિથી, કેવળ અમુક વ્યક્તિ ભવ્ય લાગે છે એટલા પરથી, કેવળ અમારા આ શ્રમણ અમને ગૌરવને સ્થાને છે એટલાથી તમે દોરાઈ જતા નહીં. પણ હે ભદ્રિય! જ્યારે તમે પોતે જ પોતાના વિવેકથી જાણશો કે આ ધર્મો અકુશલ છે અને આ ધર્મો કુશલ છે, આ ક્રિયાઓ પાપમય છે અને આ ક્રિયાઓ નિષ્પાપ છે, આ કૃત્યો વિદ્વાનોથી ગર્હિત છે અને આ કૃત્યો વંદિત છે, આ આચારોથી અહિત તેમ જ દુઃખ થશે અને આ આચારોથી હિત તેમ જ સુખ મળશે; ત્યારે હે ભદ્રિય! આવા અહિતકારી ધર્મોનો, કૃત્યોનો, આચારોનો ત્યાગ કરજો.

"ત્યારે તને શું લાગે છે, ભદ્રિય! લોભ જે સમયે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે ત્યારે શું એ લોભ હિત માટે કે અહિત માટે ઉત્પન્ન થાય છે?"

"અહિત માટે ભન્તે!"

"અને લુબ્ધ થઈને. હે ભદ્રિય! લોભથી અંધ થઈને મનુષ્ય હિંસા પણ કરે, પરસ્ત્રીગમન પણ કરે, જૂઠું પણ બોલે કે

બીજું એવું જ કૃત્ય કરે તેથી એને શું દીર્ઘકાલ સુધી અહિત થશે કે હિત?”

“અહિત થશે, ભન્તે!”

“તેવી જ રીતે, હે ભદ્રિય! મોહક્રોધને વશ થઈને જે કૃત્ય થાય છે તે અહિત માટે કે હિત માટે?”

“અહિત માટે, ભન્તે!”

“આવાં કૃત્યો સજ્જનોથી ગર્હિત છે કે વંહિત છે?”

“ગર્હિત છે ભન્તે!”

“અને આવાં કૃત્યો જે કરતો નથી, જે વીતલોભ, વીતદ્વેષ, વીતમોહ છે તે અહિત માટે કે હિત માટે?”

“હિત માટે, ભન્તે!”

“ત્યારે ભદ્રિય! જે તને હિતકારી લાગે છે, કુશલ લાગે છે, મંગલ લાગે છે, તે જ હું તને કરવા કહું છું; આવો જાદુ મારી પાસે છે!”

“ભન્તે, આપની આ માયા કલ્યાણકારી છે.” એમ કહી તેણે ભગવાનને પ્રણામ કર્યા.

સબ્બ પાપસ્સ અકરણં । (કોઇ પાપ ન કરવું.)
કુસલસ્સ ઉપસંપદા । (કુશલ કર્મો કરવાં.)
એતં બુદ્ધાન સાસનં । (આવું બુદ્ધનું શાસન છે.)

અધિકારીએ શાનો વિચાર કરવો જોઈએ?

એક વાર ચીન દેશના મહાન ફિલસૂફ મૅન્શિયસ લીઆંગ પ્રદેશના રાજાને મળવા ગયા હતા. રાજાએ કહ્યું: “આચાર્યશ્રી, આપ ઘણે દૂરથી અહીં પધાર્યા છો. માટે અમારા રાજ્યને ફાયદો થાય એવું કંઈક કહો.”

ફિલસૂફ મૅન્શિયસ બોલ્યા: “રાજાજી, તમે ‘ફાયદો’ શબ્દ શા સારુ વાપર્યો? તમારે તો એમ કહેવું જોઇએ કે, ‘રાજ્યને કલ્યાણકારી અને સચ્ચાઈભર્યું કશુંક કહો.’ કારણ કે મારી પાસે એવી જ વાતો હોય.”

થોડી વાર જરા અટકીને પછી મૅન્શિયસ કહેવા લાગ્યા: “જો રાજા એમ કહે કે, ‘રાજ્યને ફાયદો થાય એ માટે શું કરવું જોઈએ?’ તો મોટા અધિકારીઓ કહેશે, ‘અમારાં કુટુંબને ફાયદો થાય એ સારુ શું કરવું જોઇએ?’ અને નાના અધિકારીઓ કહેશે કે, ‘અમારાં ઘરને ફાયદો થાય એ માટે શું કરવું જોઇએ?’ મોટા તેમ જ નાના ત્યાર પછી એક બીજા પાસેથી પોતાને ફાયદો થાય એવું લઈ લેવા લૂટાલૂંટ શરૂ કરી દે અને આમ રાજ્ય ભયમાં આવી પડે. દશ હજાર રથવાળા રાજ્યમાં રાજાનું ખૂન કરનાર એક હજાર રથવાળો ઉમરાવ હશે; એક હજાર રથવાળા રાજ્યના અધિકારીનું ખૂન કરનાર સો રથવાળો માણસ હશે. દશ હજારની સંખ્યામાં હજાર અને એક હજારની સંખ્યામાં સો એ કંઇ બહુ નાનીસૂની સંખ્યા તો ન જ કહેવાય. પરંતુ જો સચ્ચાઈને છેવટે મૂકવામાં આવે અને ‘ફાયદા’ને પહેલું સ્થાન આપવામાં આવે, તો બધું જ ઝૂંટવી લેવામાં, પોતાની માલિકીનું કરવામાં બધા મંડી પડે અને બધું મેળવ્યા વિના તેઓને કદી સંતોષ થાય નહીં.

“જે માણસ પોતાનાં માતાપિતાની અવગણના કરે છે તે કદી કલ્યાણકારી બની શકતો નથી; જે માણસ રાજ્યના સારાસારનો વિચાર કરતો નથી તે ક સચ્ચાઈભર્યું વર્તન કરી શકતો નથી.

“એ જ રીતે રાજ્યાધિકારીએ પણ રાજ્યને જે કંઇ ‘કલ્યાણકારી અને સચ્ચાઈભર્યું’ હોય એનો જ વિચાર કરવો જોઇએ, ‘ફાયદા’ની વાત ન કરવી જોઇએ.” — મુકુલભાઈ
ચા રા બા પુ



બાપુજીની મીઠી વાતો - ૯

……………………………………સાને ગુરુજી

મહાત્માજીની પ્રત્યેક વાત હેતુપૂર્વક હોય. તેમના પહેરવેશમાં થયેલા ફેરફારો જોઇએ તો તેમના જીવનમાં આવેલી ક્રાંતિનો ખ્યાલ આવી શકે. તેઓ બૅરિસ્ટર હતા ત્યારે તેમનો પોશાક પૂરેપૂરો યુરોપિયન ઢબનો હતો. પછી તે જતો રહ્યો. આફ્રિકામાં સત્યાગ્રહી પોશાક હતો. હિન્દુસ્તાનમાં આવ્યા ત્યારે કાઠિયાવાડી પાઘડી, ધોતી એવો હતો. પરંતુ એક ફેંટામાંથી કેટલીય ટોપી બની શકે એ જોઈને તેઓ ટોપી – ગાંધી ટોપી – પહેરવા લાગ્યા. ત્યાર પછી સદરો, ટોપી, એનોયે ત્યાગ કરીને ફક્ત એક પંચિયું પહેરીને જ આ મહાપુરુષ રહેવા લાગ્યા. અને પંચિયું પહેરીને જ તેઓ સમ્રાટને લંડનમાં મળ્યા અને ચર્ચિલ તે વખતે ચિડાયો. ગરીબમાં ગરીબની સાથે એકરૂપ થવા માટે મહાત્માજીનો આત્મા તડફડતો હતો.

એક વાર એક શાળાની મુલાકાતે ગાંધીજી ગયા હતા. હાસ્યવિનોદ ચાલી રહ્યો હતો. એક છોકરો કંઈક બોલ્યો. માસ્તરે ગુસ્સામાં તે છોકરા તરફ જોયું. મહાત્માજી તેની પાસે ગયા અને બોલ્યા:

"તેં મને હાક મારી? તારે શું કહેવું છે? કહે, જરાયે ગભરાતો નહિ."

"તમે સદરો શા માટે પહેરતા નથી? હું મારી માને કહું કે? તે સદરો સીવી આપશે. તમે તે પહેરશો કે? મારી માના હાથનો સદરો તમે પહેરશો કે?"

"હા, પણ એક શરતે. હું એકલો નથી."

"પછી તમને કેટલા જોઇએ? મારી મા તમને એ સીવી આપશે."

"મારે ૪૦ કરોડ ભાંડુઓ છે. ચાલીસ કરોડનાં અંગ પર વસ્ત્ર આવે ત્યારે મને પણ સદરો ચાલશે. તારી મા ૪૦ કરોડ સદરા સીવી આપશે કે?"

મહાત્માજીએ છોકરાની પીઠ થાબડી. પછી તે ચાલ્યા ગયા. ગુરુજી અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રમાંના દરિદ્રનારાયણને આંખ સામે લાવીને ગંભીર બની ગયા. ગાંધીજી રાષ્ટ્ર સાથે એકરૂપ થઇ ગયા હતા. તેઓ રાષ્ટ્રની માવડી હતા.



ત્રિવેણી સંગમ

સંકલનકર્તા : મુ૦ ક૦



(૪૪)

ચરોડા જેલમાં રવિવારે બાપુ બપોરે ત્રણ વાગે મૌન લેતા હતા. એટલા માટે કે કોઇ અમલદારને મળવું કરવું હોય તો રવિ અને સોમ બંને દિવસે અમુક સમય તો દિવસના વાત કરવાનો રહે જ. એક રવિવારે ત્રણમાં બે ચાર મિનિટ રહી હતી. એટલે વલ્લભભાઈ કહે: “હવે પાંચ મિનિટ રહી છે. તમારે જે સોંપણ, નોંધણ કરવી હોય તે કરી નાખો.”

એ સાંભળી મહાદેવભાઈ બોલ્યા : “તમે તો જાણે વીલ કરવાને કહેતા હોય તેમ બોલો છો.”

બાપુ કહે : “લો ત્યારે કહી દઉં, કાંઈ ભૂલચૂક થઈ હોય તો માફ કરજો!” એમ કહીને ખડખડાટ હસ્યા.

બાપુ પોતે કરેલા વિનોદ ઉપર નહોતા હસ્યા, પણ એ તો તેમને એક મધુરું સ્મરણ હસાવતું હતું. એ તેમણે પોતે જ કહી બતાવ્યું : “બા બિચારી કહે, ‘ભૂલચૂક થઈ હોય તો માફ કરજો.’”

વલ્લભભાઇને ખબર નહોતી એટલે તેમણે પૂછ્યું : “ક્યારે ?”

ે : “અરે, મને પકડવા આવ્યા ત્યારે જ તો. આંખમાંથી આંસુ પડે અને કહે : ‘ભૂલચૂક માફ કરજો.’ એને તો બિચારીને થઈ ગયું હશે કે હવે આ જન્મે મળ્યાં કે ન મળ્યાં, અને માફી માગ્યા વિના મરી ગયાં તો શું થશે!”

સૌ ખડખડાટ હસી પડ્યા.

(૪૫)

એક વખત બાપુને ઉર્દૂ કોપી લખતા જોઈને સરદાર કહે: “એમાં જો જીવ રહી જશે તો ઉર્દૂ મુનશીનો અવતાર લેવો પડશે!”

થોડી વાર પછી કહે: “તમારું ચાલે તો પગે પણ કલમ ચલાવો.”

બાપુ કહે: “હાથ ખોટકી પડે તો તેવુંય કરવું પડે. તમને ખબર છે કે ધુમલી આગળ મૂળુ માણેક અને જોધા માણેક અંગ્રેજ સામે લડતા લડતા પડ્યા ત્યારે તેમણે પગ વતી બંદૂક ચલાવી હતી? ત્યારે જો પગ વતી ગોળી ચાલી તો પગ વતી કલમ ન ચાલે અને રેંટિયો નહિ ચાલી શકે? હા, પગ વતી પૂણી ન ખેંચી શકાય તે દુ:ખની વાત છે.”

(૪૬)

ટપાલમાં કેટલીક વાર બાપુને નાદાન અને બાલિશ પ્રશ્નો લોકો પૂછતા. એક વાર પ્રશ્ન એ હતો કે, ‘આપણું ત્રણ મણનું શરીર લઇને આપણે ધરતી ઉપર ચાલીએ અને અનેક કીડીઓ ચગદાઈ જાય એ હિંસા શી રીતે અટકાવીએ?’

સરદારે તુરત બાપુને કહ્યું, “એને લખોની કે પગ માથા ઉપર રાખીને ચાલે!”

(૪૭)

વલ્લભભાઈ જેલમાં પાકીટો બનાવતા, અનેક વસ્તુઓ સંઘરતા અને બીજા અનેક કિસ્સાઓ કરતા. એ જોઈને બાપુ એક વાર કહે, “સ્વરાજમાં તમને શેનું દફતર આપશું?”

વલ્લભભાઈ કહે: “સ્વરાજમાં હું લઇશ ચીપિયો અને તૂંમડી!”

(ચાલુ)

રયા શ બાપુ

સંત હોથી...

અનવર આગેવાન

એકોપાસનાનો આશક, પ્રેમ અને બંધુત્વનો સમર્થ હિમાયતી મસ્ત સંત હોથી જાતે મુસલમાન સિંધી હતો. પિતાનું નામ સિકંદર. ગુરુ મોરાર સાહિબ.

આ મુસલમાન–સિંધી સંત કેમ બન્યો એની એક દિલચસ્પ દાસ્તાઁ છે: નેકનામ ગામની મોરાર ભજનમંડળી સાથે હોથીની ઊઠબેઠ થતાં, ઉત્તરોત્તર એમાં એને રસ પડતો ગયો, તેમ તેમ એનું અંતર તદ્રૂપ થતું ચાલ્યું. આ જોઈને પિતાના દિલને આઘાત લાગ્યો. એને થયું કે ખાંડાના ખેલધારીને હાથ ખડગ જ શોભે, તંબુરો નહિ. સિંધી કોમ તો જવાંમર્દ! એની જુવાનીને સીને જંગે-મયદાની પસંદ હોય, એને હાથ આ ભગતડાના જંતરડા ન હોય. આમ પિતાના વધતા જતા આઘાત–પ્રકોપે હોથીને કાયર, બાયલો, નમાલો કહી નિત્ય મેણાંના માર પડવા લાગ્યા, તેમ તેમ તો એ સિંધી બચ્ચો ઘડાતો, દૃઢ થતો ગયો:

સુર્ખરુ હોતા હૈ ઈન્સાં, આફતેં આને કે બાદ;
રંગ લાતી હૈ હીના, પથ્થરસે પીસ જાને કે બાદ.

આમ મેણાંના મારે, રોજ રોજ હોથીના હૈયાની હીના પિતૃ–પ્રકોપના પથ્થરથી પીસાતી રહી. વખત જતાં હોથીને હૈયે ભક્તિ–હીનાના રંગ ચટક્યા. એને હૃદયે રામ પ્રગટ્યા. બસ એ ઘડીથી જ નાત–જાત, ઊંચ–નીચ, ધર્મ–પરધર્મના તમામ ભેદભાવના સીમાડા ગારત પામ્યા. અને હોથીએ તો હવે ઢેઢવાડે પણ આસનિયાં માંડ્યાં. હોથી છૂટથી ગાવા લાગ્યો. જોતજોતામાં હોથી દરેકને હૈયે રમી ગયો. પણ બાપથી આ બધું જોયું ન જવાયું એટલે એણે એક દિ' હોથીને બોલાવી કહ્યું, "લે હોથી, કાં તો તું પી ને કાં તો હું પીઉં. મારાથી આ નથી જોવાતું." આમ કહીને બાપે અફીણની પ્યાલી આગળ ધરી.

"તમે નાહક શું કામ પીવો? લાવો, હું જ પી જાઉં." એમ કહીને હોથી વખડાં ગટગટાવી ગયો, અને ઓરડો વાસી, કામળાની સોડ્ય તાણીને સૂઈ ગયો.

મોડી રાતે ભજન મંડળ વિખરાયું, ત્યારે રસ્તે ચાલ્યા જતાં શ્રોતાઓને મોંએથી સિકંદરે ઘરમાં બેઠા બેઠા સાંભળ્યું, "અરે ભાઈ, હોથીએ તો આજ કમાલ કરી. એનું ગળું તો બસ! ઈ ગાય એટલે તો હૈયા હુલી ઊઠે!" આ સાંભળી બાપ ઢેઢવાડે જાય છે, જુએ છે તો હોથી હાથમાં તંબુરો લઈ જાગૃત હાલતમાં બેઠો છે. આમ ઘેર અને અહીં બંને જગ્યાએ હોથીને જાગૃત ભાળીને સિકંદર એના પગમાં પડી ગયો. એ જ ઘડીએ સિકંદરનું સમગ્ર જીવન પલટી ગયું અને પોતે પણ એ ભક્તમંડળીમાં સામેલ થઈ ગયો.

આમ હોથી હિન્દુ–મુસ્લીમ જેવા સંકુચિત વાડાથી પર જઈ પહોંચેલો સંતપુરુષ હતો. એની વાણીમાં પણ અનામી 'એકોબ્રહ્મ'ની ઉપાસનાનો બોધ છે. એમાં ઈશ્વરના કોઈ નામવિશેષ, કે શાસ્ત્ર–ધર્મ, પંથ કે દેવ–દેવીઓ, તેમ જ પૌરાણિક ઘટનાઓ પ્રત્યેનો લેશ પણ ઈસારો જોવા મળતો નથી. બીજા સંતો કરતાં એની વાણીની આ એક વિશિષ્ટતા છે. તદુપરાંત એ વાણી સાદી, સીધી ને સચોટ છે, તેમ એની 'દાસ' ભાવનાને લઈ એની રચના નિરાડંબરી ને નેહભરી નિર્મળ છે. જુઓ આ રહી એ અમીયલ

પ્યારાબાપુ

વાણી-સર્જના :

હોથીની વૃત્તિ, એની સુરતા જ્યારે સંત સ્મરણમાં લાગે છે ત્યારે એની તમામ ભીતિ ટળી જાય છે. આમ કાયા-પલટ કરાવનાર ગુરુ મળે છે. એનું ચિત્ર નીચેના ભજનમાં ઉપસાવ્યું છે.

વૃત્તિ મારી સંતચરણમાં લાગી રે,
સુરતા મારી સાધુ ચરણમાં લાગી રે;
તેણે મારી ભે' ભાગી ભે' ભાગી.
સતગુરુએ મને શબ્દ સુણાવ્યો,
રણુકાર રઢ લાગી; તખત ત્રિવેણીના તીર ઉપર,
મોહન મોરલી વાગી રે—તેણે મારી૰
ઘણા દિવસ મન મસ્તાનું ફરતું,
દિલડે ન જોયું જાગી;
પુરુષ મળ્યા મને અમર અજિતા,
ત્યારે સુરતા સૂનમાં લાગી રે-તેણે મારી૰
દયા કરી મન ડોલતું રાખ્યું,
તૃષ્ણા મેલાવી ત્યાગી;
સતગુરુ આગળ શિશ નમાવ્યું,
ત્યારે બાવડી પકડી આગી રે-તેણે મારી૰
સતગુરુએ મને કરુણા કીધી,
અંતર પ્રેમ પ્રકાશી;
'દાસ હોથી' ગુરુ મોરાર મળિયા,
ત્યારે તૂટી જનમ કેરી ફાંસી રે-તેણે મારી૰

આ બીજા પદમાં જૂઠા જગની જૂઠી જંજાળ અને કળજુગની કૂડી કરામતની વચ્ચે 'સાહેબ, સનમુખ રહિબો' મતલબ કે, સતને પડખે રહેજો એવી અરજ અહીં સંત સાહેબને કરે છે:

સનમુખ રહિયો સાહિબ મેરા,
કૂડો કળિયુગ આયો રે;
હાહાકાર હુવો અવનિમેં,
સાધુ શોર મચાયો રે.—ટેક૰
દયા ધર્મકો નામ બિલાયો,
પાખંડ ઘોર છવાયો રે;
કામ, ક્રોધ, અહંકાર ગાઢો,
મત્સર, મોહ લુભાયો રે. ૧
ધૂતા અબધૂ ભેષ ધરત હૈ,
ઘર ઘર અલખ જગાયો રે,
અવધૂતા સોં યહા નહિ ઠાઢે,
જંગલ બાસ કરાયો રે. ૨
બ્રમ્મન કર્મ કાંડ નહિ જાનૈ,
યોગી ભોગ કમાયો રે;
પતિવ્રતા શિયળ નહિ સંચે,
અવર પુરુષ મન ભાયો રે. ૩
જૂઠે નરપતિ જૂઠી દુનિયા,
જૂઠ કી હોડ મચાયો રે;
'દાસ હોથી' ગુરુ મોરાર મિલિયા,
સાહિબ સાચ લિખાયો રે. ૪

અંતઃકરણની શુદ્ધ ભક્તિભાવના વગરની લૂખી ફિલસૂફી, જ્ઞાન નકામાં છે તેમ બાહ્ય કર્મ-ધર્મનો કોઈ અર્થ નથી એમ હોથી ભાખે છે:-

દિલડામાં દુબધ્યા, ભીતર ન ભીંજ્યા રે,
પીર થઈને પૂજાવે રે,
ગુરુગમ ક્યું પાવે, ક્યું પાવે.
ભક્તિ તો ભાવ વિના નવ આવે રે,
ગુરુગમ ક્યું પાવે, ક્યું પાવે.

ખરેખર, ભીતર ભીંજાય તો જગતની આ ભયાનકતા, કલુષિતતા સહેજે વિલય પામે. અને 'ગુરુ-ગમ'-સાચો રાહ મળે, સત્યની ઝાંખી થાય.

દયાએ કહ્યું : "અરે, તું છે કોણ? કશું બોલતી કેમ નથી?"
આંસુભીની આંખે ઉત્તર આપ્યો: "હું કૃતજ્ઞતા છું. હું બોલી શકતી નથી."

ગુરુદેવ

બાપુને

ભગવાનદીન

બાપુ, જો તમે અમને કમજોર, ગરીબ, અજ્ઞાની અને ગુલામ છોડીને જાત તો, જ્યાં સુધી અમે બળવાન, તવંગર, જ્ઞાની અને આઝાદ ન થયા હોત ત્યાં સુધી, ઓછામાં ઓછા ટક્ષા દિવસ અમે જરૂર તમારી અહિંસા પાળતા રહ્યા હોત. તમે હતા ત્યારે નિઃશંક અમે બેહદ મહેનત કરી, તકલીફો ઉઠાવી પણ એ સમજાતું નથી કે, એ તકલીફ ઉઠાવવાની પાછળ તમારો અમને ડર હતો કે સમાજનો ડર હતો અથવા તો બીજા દેશો અમને વઢશે કે તિરસ્કારશે એનો ખ્યાલ હતો. જો અમે દિલના ઉમંગથી એ પ્રકારની મહેનત કરી હોત, જેને આજે આપણે તપસ્યા કહીએ છીએ, તો અમે આજે આવી અવદશામાં ન હોત અને અમને પોતાને જ દોષિત ઠરાવવાની જરૂર ન રહેત. પોતાની મહેનતથી પ્રાપ્ત કરેલી ચીજોનો ઉપયોગ કંઇ જુદો હોય છે અને દાનમાં કે વારસામાં મળેલી ચીજોનો જુદો હોય છે. બાપે આપેલા દુશાલાથી પોતાની કમાઇમાંથી ખરીદેલા જોડા લૂછવાની વાત કોણ જાણતું નથી?

અમે લોકો પણ આજે તમારાં તપ, ત્યાગના બળથી મળેલા સ્વરાજની સાથે જે વ્યવહાર કરી રહ્યા છીએ, એ જોઇને બીજા લોકો જો અમારી તરફ આંગળી ચીંધે, તો કદાચ તમે પણ એ સહન ન કરી શકો. પરંતુ બાપુ, સાચી વાત તો એ છે કે, લોકો ભલે અમારી તરફ કેટલીયે આંગળી ચીંધે, તોયે અમે એની જરાયે પરવા કરતા નથી. તેથી તમે એમ ન માનશો કે અમે ચીકણા ઘડા જેવા છીએ અને અમારા પર ટીપાં બાઝી શકતાં નથી.

પ્યારા બાપુ

અમે તો જે કામમાં લાગ્યા છીએ તેમાં સાચા દિલથી લાગ્યા છીએ અને અમારી સામે હમેશ એ જ બે વાત રહે છે કે, કઈ રીતે અમે અમારા દેશને દુનિયાની નજરે ઊંચો લાવીએ અને કઇ રીતે, હે રાષ્ટ્રપિતા, તમને દુનિયામાં પૂજાપાત્ર બનાવીએ. આ બે કામ કંઇ ઓછા મહત્ત્વનાં નથી. એમાં લાગેલા હોવાથી જો અમે સત્ય અને અહિંસાને બિલકૂલ ભૂલી જઈએ તો અમે શું બૂરું કરીએ છીએ? સત્ય અને અહિંસાથી પણ એ જ થાય છે કે દેશ ખ્યાતિ પામે અને તમારું નામ જગતમાં ઉજ્જવળ થાય. પરંતુ આ બે કામ સત્ય અને અહિંસા વિના થઈ રહ્યાં છે તો પછી અમારી તરફ જે લોકો આંગળી ચીંધે છે તે એમની ભૂલ છે કે આંગળી ચીંધનારાઓની અમે પરવા કરતા નથી એ અમારી ભૂલ છે? બાપુ, હવે તમે જ સમજી લેજો કે, અમે ચીકણા ઘડા છીએ કે કોરા.

બાપુ, તમે અમને એક બહુ મોટા દેશનું રાજ્ય સોંપી ગયા, એક બહુ મોટી મજબૂત સરકારને હાંકી કાઢવાનો જશ આપી ગયા, સત્તર અબજની લેણદારીની શાહુકારી અમારા હાથમાં સોંપી ગયા, અને અમને આઝાદ બનાવી ગયા. એટલું જ નહિ પણ અમારા પગમાં ખૂંચનારા કાંટાઓનો પણ નાશ ન કરીને અમારા મકાનના એક ખૂણામાં નાખી ગયા, તો પછી તમે જ કહો કે, આ સિવાય અમે કયા કામમાં લાગી શક્યા હોત જેથી તમે સોંપી ગયેલાં આ બધાં સુખોનો પૂરેપૂરો આનંદ અનુભવી શકીએ? કયો બાપ પોતાના દીકરાઓને આ રીતે સુખ ભોગવતા જોઈને સુખી ન થાય? તો પછી કોણ જાણે કેમ

કેટલાક મૂર્ખ લોકો આખો વખત બળ્યા કરે છે.

બાપુ, આજે જો અમે ફાટેલાં કપડાં પહેરીને તૂટેલી ઝૂંપડીમાં રહેવા લાગીએ તો શું પેલા આંગળી ચીંધનારાઓ એમ કહીને અમને બદનામ ન કરત કે, જુઓ, આ લોકોનો બાપ એમને માટે આટલું બધું મૂકી ગયો છે તોયે તેઓ આવી બૂરી દશામાં રહે છે ? આવા ઉદાર બાપના આવા કંજૂસ દીકરાઓ ! એટલું જ નહીં પણ એ આંગળી ચીંધનારાઓ અમારાં ફાટેલાં કપડાં અને તૂટેલી ઝૂંપડી જોઇને એવો આક્ષેપ પણ કરે કે, જુઓ, આવા ભલા બાપના છોકરાઓ એવા પાકયા કે બાપની આંખ બંધ થતાં જ બધું ધન જુગારમાં ગુમાવી બેઠા અથવા બીજી કોઈ રીતે ઉડાવી દીધું. બાપુ, તમે તો એ જાણો જ છો કે, આ દુનિયા અમને કોઈ પણ રીતે જંપીને રહેવા દેશે નહિ. એટલે અમે એ સારું નથી કર્યું કે, અમે એમની કનડગત તરફ ધ્યાન જ આપતા નથી ?

બાપુ, તમે જ વિચારો કે, આ અબજોની સંપત્તિવાળા, અસંખ્ય મિલોવાળા, ભર્યાં ભર્યાં ખેતરોવાળા અને દૂધ ઘીની — ઘીની નહિ, બનાવટી ઘીની — નદીઓવાળા દેશમાં લોકો ભૂખે મરી રહ્યા છે એવો શોર મચાવવો, એ અમને બદનામ કરનારો નથી શું ? તમે આવા પાગલ લોકોની તરફ જરાયે ધ્યાન ન આપશો. તમે જ વિચારો કે, અમે દસ અબજ રૂપિયાની નોટો આખા હિંદુસ્તાનમાં ફેલાવી દીધી છે. હવે જો એને ઉઠાવવાની કોઈ તકલીફ પણ ન લે અને ભૂખે મરે તો એમાં અમારો શો દોષ ? બાપુ, તમે જ વિચારો કે, જો અમે કોઇને નાહવા માટે સમુદ્રમાં નાખીએ અને તેના પેટમાં પાણી ભરાઈ જવાથી તે મરવા પડે અને પછી તે ડૂબીને મરવાનો શોર મચાવે, તો એ જૂઠી વાત થશે કે નહિ ? એવી જ રીતે આ ભર્યાભાદર્યા દેશમાં આળસુ લોકો જ ભૂખે મરવાનો શોર મચાવે છે, મહેનતુ નહિ. તેમજ કાપડની અનેક મિલોવાળા દેશમાં નવસ્ત્રા રહેવાની શી જરૂર ? અથવા જો કોઈ એવી હાલતમાં રહે તો એમાં એનો જ દોષ છે. હાં, અમે એક બીજી વાત પણ કહેવા માગીએ છીએ કે જ્યારે અમારો દેશ અન્નથી ભરપૂર છે ત્યારે અમે બહારથી અનાજ શા માટે મગાવીએ છીએ ? એનું ખરું રહસ્ય તમે જાણો તો છો જ. પણ અહીં અમે અમારી તરફ આંગળી ચીંધનારાઓને માટે દર્શાવવા માગીએ છીએ કે, જે દેશોમાં અનાજ ન ખપવાથી બરબાદ થઈ જાય છે એમના પર દયા લાવીને અમે બહારથી અનાજ મગાવીએ છીએ અથવા એવી ગરજે મગાવીએ છીએ કે જો ત્રીજું બિશ્વયુદ્ધ ફાટી નીકળે ત્યારે એ અનાજ અમને ખૂબ કામમાં આવશે. આ વાત પેલા આંગળી ચીંધનારાઓ સમજતા કે વિચારતા નથી, ન તો તેઓ રાજ્યની કુનેહથી વાકેફ છે; માત્ર શોર મચાવવાનું અને આંગળી ચીંધવાનું જાણે છે.

બાપુ, જે ઘરમાં દરેકને મન ફાવે તે લઇને ખાવાની સ્વતંત્રતા હોય તે ઘર કેટલું સુખી હોવું જોઇએ ! બાપુ, તમે તો જેલમાં રહ્યા છો, તમે જાણો જ છો કે ત્યાં બીડીનું એક બંડલ એક શેતરંજીના બદલામાં મળે છે. અને એથી શું કોઈ કેદી દુઃખી થાય છે ? તે તો બે શેતરંજી આપીને પણ બીડીનું એક બંડલ ખરીદવા તૈયાર હોય છે. આજે ભારત એક ઘર જેવું બની ગયું છે. બધા જ ભારતના માલિક છે. આજે કોઈ બે ગણા કે ચાર ગણા દામ આપીને પોતાની જરૂરિયાતની ચીજ ખરીદે છે અને ખુશ થાય છે. અને ઘરોમાં શું એવું નથી થતું કે, બાપ પોતાના છોકરાને

એક રૂપિયો આપીને એક જલેબી લે છે અને મા બે રૂપિયા આપીને પોતાની દીકરી પાસેથી એક ઢીંગલી ખરીદે છે અને ભાઇ પાંચ રૂપિયા આપીને પોતાની નાની બહેન પાસેથી એણે બનાવેલી માટીની એક પૂરી વેચાતી લે છે? બસ, એ જ પ્રકારનો આનંદ આજે ભારત-ઘરમાં થઇ રહ્યો છે. કેટલાક પાગલ લોકો એને ચોરબજાર કે કાળાં બજાર કહે છે, જાણે કે એ લોકો બધો ઢંગ કળી ગયા હોય.

બાપુ, ઘરમાં જૂઠું બોલવું એ કંઇ જૂઠું બોલેલું કહેવાય? જૂઠી વાર્તાઓ સંભળાવીને અમે ખુશ થઇએ છીએ અને સાંભળનારાં બાળકો સાચું હસે છે અને કોઈ કોઈ તો એમાથી મોટી શિખામણ પણ લે છે. આવું જૂઠું બોલવું એ જૂઠું બોલેલું ન કહેવાય. એ સત્ય કરતાં પણ વધારે કામની ચીજ છે તેથી તે સત્ય જ છે. ઘરમાં કરેલી ચોરીને કોઈ ચોરી માને છે ખરું? માખણ-ચોર ભગવાનના દેશમાં આપસમાં કરેલી ચોરીને ચોરી કહેવી એ નાસ્તિકતા નહિ તો શું છે? બાપુ, અમારી તરફ આંગળી ચીંધનારા પાકા નાસ્તિક છે અથવા તો પાગલ છે.

બાપુ, હવે એ વાત કહેવાની બાકી રહી કે, અમારો કોઈ મોટો નેતા અથવા તમારી આસપાસ રહેલો કોઈ નેતા, કાળાં બજાર સામે શોર મચાવી મૂકે છે અને સાથે સાથે એમ પણ કહે છે કે, અમે કાયદા પસાર કરીને આ કાળાં બજારનો જલદી અંત લાવીશું. એથી તમે એમ ન માની બેસતા કે, ભારતમાં સાચેસાચ આવાં કાળાં બજારો ચાલી રહ્યાં છે જે બૂરાં છે અને જેનાથી દૂર રહેવું જોઈએ. પણ બાપુ, કૃષ્ણને દહીં ચોરતા જોઈને જસોદા શોર મચાવતાં હતાં અથવા આજેય હરેક ઘરમાં મા પોતાનાં બાળકોને છાનાંમાનાં કબાટ ખોલીને બિસ્કિટ ચોરતાં જોઇને શોર મચાવે છે, એને જેટલું મહત્ત્વ આપવામાં આવે એટલું જ મહત્ત્વ અમારા નેતાઓના શોરને તમે આપજો. ખરી રીતે આવા પ્રકારના શોર કે ગુસ્સાની પાછળ બેહદ પ્રેમ રહેલો હોય છે. આ વાત બાળકો પણ સમજે છે અને તમે તો જાણો જ છો. ભારતની આજની સરકાર કોઈ અંગ્રેજી સરકારની પેઠે ખોટાં માબાપ નથી બની. તે તો સાચા અર્થમાં માબાપ છે. તેથી તો અમે નીડર બનીને અમારી એ રમતમાં રચ્યાપચ્યા રહ્યા છીએ, જેને લોકો કાળાં બજાર કહે છે.

બાપુ, અમે તમારા અનુયાયી છીએ એટલે તમારી પાછળ રહેનારા છીએ. તમે જીવતજાગત જે કામ કરી ગયા તેની નકલ કરીને જો અમારામાંથી ઘણા એવું જ કામ કરે તો તે તમારા કરતાં આગળ વધી જાય. અને એવી બેઅદબી અમે શી રીતે કરીએ? અને તમે પણ કદાચ એવી બેઅદબીને સહી ન શકો. લોકો અમને વર્ણભેદ કરીને લગ્ન કરવા કહે છે, એથી તો અમે તમારાથી આગળ વધી જઇએ. જે તમે કરી ગયા અથવા જે તમારી સામે થઈ ગયું એ ઠીક છે, અમને એ કબૂલ છે. પરંતુ અમે પાછળ ચાલનારા હોવાથી, તમારા અનુયાયી હોવાથી તમારાથી આગળ શી રીતે જઇ શકીએ? કોણ જાણે કેમ, ભારતવાસીઓ આ નાનકડી વાતને શા માટે સમજી શકતા નથી અને આખો વખત અમને નિષ્કારણ પજવે છે.

બાપુ, તમે અમને સુખમય છોડી ગયા અને સુખ છોડીને હવે અમે દુઃખમાં પડીએ અને તમને દુઃખી કરીએ એવું અમારાથી ન થઈ શકે. આ આંગળી ચીંધનારા લોકો અમને દુઃખમાં ધકેલીને તમને દુઃખી કરવાની વાત વિચારી રહ્યા છે. અમને એટલો વિશ્વાસ તો છે જ કે, તમે એ લોકો તરફ જરાયે

ધ્યાન આપશો નહિ.

પરંતુ એટલાથી કામ ચાલશે નહિ. તમારે તમારી અનંત શક્તિથી એ લોકોનાં મન પણ બદલાવવાં પડશે અને એ લોકોને એવા બનાવવા પડશે કે તેઓ તમારી પૂજા કરતા કરતા અમારા પર એટલો પ્રેમ રાખતા હોય કે અમે આ દુનિયાને છોડીને જઇએ ત્યારે તમારાં ચરણ આગળ ક્યાંક અમને પણ જગા આપીને એ જ રીતે અમારાં ગીતો ગાતાં રહે, જેમ આજે અમે તમારાં ગાઇએ છીએ.

બાપુ, અમે નિર્દોષ છીએ. અમારું દિલ સાફ છે અને એટલી જ સચ્ચાઈથી અમે બોલીએ છીએ :

‘મહાત્મા ગાંધીજીની જય!’

સાચો જીવન-રસ [અનુ૦ પૃ૦ ૨૬૦ થી ચાલુ]

બધું ધ્યાન તે જીવડાંમાં ચોંટેલું હતું. મેં મારી જાતને પૂછયું, ‘અલ્યા, પેલું જીવડું ખાશે કે? એને જોઇને તારા મોંમાં પાણી આવે છે કે?’ મારા મોંમાં પાણી છૂટયું નહોતું. મને જે રસ મળ્યો હતો તેનો એ પરવલ્લીને થોડો જ ખ્યાલ હતો? એને રામાયણમાંનો રસ ચાખતાં આવડતું નહોતું. એ પરવલ્લીના જેવી આપણી દશા છે. તરેહતરેહના અનેક રસોમાં આપણે બૂડેલા છીએ, તલ્લીન થઈ ગયા છીએ. પણ સાચો રસ મળે તો કેવી બહાર આવે?

ઉચ્ચ અભિરુચિ [અનુ૦ પૃ૦ ૨૫૬ થી ચાલુ]

તેણે બગીચામાં કેટલીક ગુફાઓ પણ બનાવી છે. હા, તેની એકએ કસૂર જરૂર છે, કે તે ધન કમાય છે. અને પોતાને એ ધનનો માલિક સમજે છે. પણ ધનનો ઉપભોગ તો તે સૌને કરવા દે છે.

પરંતુ આ વિષયાંતર થયો. આપણે તો વાતો કરી રહ્યા હતા ફક્તઅભિરુચિની જ.”

કલ્યાણનો ખજાનો!

મુકુલભાઈ

શિવાજીના સૈનિકોએ કલ્યાણ પર ચઢાઈ કરી. ત્યાંનો સૂબો જીવ બચાવવા નાસી છૂટયો. સૈનિકોએ કલ્યાણને લૂંટયું. વળી તે લોકોએ સૂબાની યુવાન અને રૂપવતી પત્નીને પણ સાથે લઈ લીધી. સૈનિકો ખુશ થતાં વિચારતા હતા કે, શિવાજી આવી ખબસૂરત યુવાન સ્ત્રી જોઇને આપણને શાબાશી આપશે.

શિવાજી પાસે આવીને સેનાપતિએ કહ્યું, “મહારાજ, અમે આપને માટે આપે કદી ન જોયેલો એવો ‘કલ્યાણનો ખજાનો’ લઈ આવ્યા છીએ. માટે આપ એ જોવા પધારો.”

શિવાજી ત્યાં જઇને જુએ છે તો એક રૂપવાન સ્ત્રી નીચું મોં રાખી ઊભી છે. શિવાજી તરત એની પાસે ગયા અને પગે પડી બોલ્યા: “માતા, હું જો તારો પુત્ર હોત તો તારા જેટલો જ રૂપવાન હોત. માતા, મારા સૈનિકોનો અપરાધ માફ કરજે.”

પછી શિવાજીએ સૈનિકોને ઠપકો આપી કહ્યું, “મને લજવનારું આવું કામ તમે શી રીતે કર્યું? જ્યાં સુધી આપણે પરસ્ત્રીને માબહેન ન ગણીએ અને તેમને આદર ન આપીએ, ત્યાં સુધી આપણને ભગવાનની મદદ મળશે નહીં. આપણી જીતનો આધાર આવી મા-બહેનોના આશીર્વાદ પર જ છે.”

પછી શિવાજીએ કલ્યાણના સૂબાની પત્નીને માનભેર સૂબા પાસે મોકલી દીધી.

પ્યારા બાપુ

અહિંસાનો એક પદાર્થપાઠ

કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

બજાજ વાડીમાં એક હરિજન શાક વેચનારી વૃદ્ધા આવતી હતી. અહીંની સ્ત્રીઓ સાધારણ રીતે તેની પાસેથી શાકભાજી ખરીદવાનું પસંદ કરતી હતી. કેટલાક દિવસો પહેલાં તેના પતિનો સ્વર્ગવાસ થયેલો. તે વૃદ્ધાને કોઈ સંતાન નહોતું. હું મારી પત્ની સાથે તેને ઘેર તેને દિલાસો આપવાને ગયો હતો. અમને જોઇને તે કેટલોક સમય રોઈ.

શાન્ત થયા પછી તે બોલી, “તે ચાલ્યા ગયા તેનો મને શોક નથી. ઘણા જ નબળા પડી ગયેલા હતા; સારું થયું કે તેઓ શાંત થયા! મારા જીવતાં જ તેઓ ચાલ્યા જાય એમ તેઓ ઇચ્છતા હતા! હમેશાં કહેતા, જની [તે વૃદ્ધાનું નામ જનાબાઇ હતું] તું મારા પહેલાં જઇશ, તો મારી સ્થિતિ ઘણી જ ખરાબ થશે. મારી સંભાળ કોણ રાખશે ?”

“ પણ એક વાતનું દુઃખ મને અવશ્ય છે. તે દિવસે સવારથી જ એમનો જીવ ગભરાતો હતો. મેં કહ્યું, ‘ આજ હું શાક વેચવા નહીં જાઉં. ’ પણ તેમણે કહ્યું, ‘નહીં’, તું જા. ગભરાવાની કંઈ જરૂર નથી. ’

“ હું જલદી પાછી આવી. એમનું બોલવાનું બંધ થઇ ગયું હતું એમ મેં જોયું. વિદાય વખતે મારી સાથે એક મીઠો શબ્દ બોલ્યા હોત તો મને ઘણું સારું લાગત. પરંતુ તે પણ થયું નહીં તેનો મને શોક છે. ”

તે પછી બીજી વાતો થઈ. એક માણસની તરફ ઇશારો કરીને તેણે કહ્યું: “ આ મારો ભત્રીજો છે. એક વખત તેણે મારા પર હાથ ઉઠાવેલો, ત્યારથી તેઓ તેના પર નારાજ હતા કહેતા હતા, કે જેણે મારી જનીને પ્યારાબાપુ મારી, તેને મારા શબને અડકવા પણ ન દેશો. તેમના મર્યા પછી બીજા સગાસંબંધીઓ સાથે તેણે પણ તેમની અંતક્રિયામાં ભાગ લેવા ઇચ્છા રાખી. મેં વિચાર્યું, હવે તો તેઓ મરી ગયા. જૂના ઝઘડાઓને યાદ રાખવાથી શો ફાયદો ? મેં કોઈ જાતનો વાંધો ન લીધો. શું મેં ભૂલ કરી ? ”

અમે ગયા હતા દિલાસો આપવાને, પણ પાઠ શીખીને પાછા ફર્યા.

આપણી ઊંચા વર્ણની સ્ત્રીઓને માથાનું સિંદૂર અને કુંકુમતિલક સુરક્ષિત રાખવાનું એટલું મહત્ત્વનું લાગે છે કે તેઓ કયારેય પોતાના પતિ વિષે ‘તેઓ બહુ નબળા પડી ગયા છે, હવે તેમને લાંબો આરામ મળે તો સારું જ થશે ’ એવો વિચાર કરવાની હિંમત જ નથી કરી શકતી.

મેં મારી ઉંમરમાં ઊંચા વર્ણની સ્ત્રીઓમાં એવી એક જ સ્ત્રી જોઈ છે, જેણે મોઢેથી આ જાતનાં વચનો કાઢયાં હતાં ! સર રોબર્ટ પીલની સ્ત્રી વિષે પણ વાંચ્યું હતું કે તે ઈશ્વરને નિત્ય પ્રાર્થના કરતી કે તે તેને પોતાના પતિની અંતિમ ક્ષણ સુધી તેની સેવા કરવાની શકિત આપે.

અને પોતાના પતિના શબ સાથે કૌટુંબિક ટંટાઓનો પણ અંત લાવવાનું જ્ઞાન આ નિરક્ષર અછૂત વૃદ્ધાને કોણે આપ્યું ? માણસ ભલે મરી જાય પણ તેના પરંપરાગત ઝઘડા અમર રહે । જોઈએ એવું કૂલાભિમાન તો આપણા લોકોમાં જ હમેશાં ચાલતું રહે છે.

પણ અહીં આપણે શું જોઇએ છીએ? અમુક માણસને મારા શબને ન અડકવા

દેશો એમ મરનારો કહી ગયો છે. પણ તેની સમજદાર સ્ત્રીને એ વાતમાં કશો સાર જણાતો નથી અને તેને કંઈ પણ મહત્ત્વ આપવાનું તે ઇચ્છતી નથી.

આ સ્ત્રીને આપણે ભલે નિરક્ષર કહીએ પણ શું તેને અજ્ઞાની કહી શકાય ?

વાણીનો વિવેક

કેદારનાથજી

મારા બાળમિત્રો, તમારે પોતાની વાણી હમેશાં પવિત્ર રાખવી જોઈએ. તમારા મોઢામાંથી કદી પણ અભદ્ર, હલકા કે ગલીચ શબ્દો ન નીકળવા જોઇએ. નિંદા, કપટ, દ્વેષ, અસત્ય, અપ્રમાણિકતા, છેતરપિંડી, એ બધા દોષો તમારી વાણીમાં કદી ન આવવા જોઈએ. તેમાં મૃદુતા, મધુરતા અને સત્યતા સહેજે હોવી જોઈએ. દુખિયાનાં દુ:ખ હલકાં કરવાની તેમ જ સંકટમાં સપડાયેલાઓને તથા ભય પામેલાઓને હિંમત આપવાની શક્તિ તમારા શબ્દમાં હોવી જોઈએ.

તમારા સહેજે બોલવામાંય તમારા સદ્ગુણોનું દર્શન થવું જોઈએ. તમને સંગીત ન આવડે તોયે ચાલે; કારણ સંગીત તેટલા વખત પૂરતું મધુર લાગે છે. પરંતુ તમારા હંમેશના બોલવામાં જ તમે માધુર્ય રેડી શકો તો તેમાંથી તમારી વાચાસિદ્ધિ અને મનઃશુદ્ધિ હંમેશ પ્રગટ થતી રહેશે. ટૂંકમાં, પોતાની દરેક ઇન્દ્રિયમાં સબળતા, નિર્મળતા, ઉચિતતા અને વ્યવસ્થિતતા લાવીને તે દ્વારા જગતમાં પ્રેમ અને આનંદ ફેલાવતા રહેવાનો અત્યારથી જ તમારો સંકલ્પ અને પ્રયત્ન હોવો જોઇએ. પોતાના વિચારો યોગ્ય રીતે બીજા આગળ રજૂ કરવાની અને તેમને ગળે ઉતારવાની કળા તમારે અત્યારથી કેળવવી જોઈએ. મુખદુર્બલતા કે શરમાળપણું, બીકણપણું કે સંકોચશીલતા તમારામાં ન હોવી જોઈએ. તમારામાં સભાક્ષોભ ન હોવો જોઇએ. સ્પષ્ટ બોલવાની હિંમત હોવી જોઈએ. પણ ઉદ્ધતાઈ કે અવિવેક ન હોવાં જોઈએ. તમારા બોલવાનો કોઇને કંટાળો કે તિરસ્કાર ન આવવો જોઇએ. તેથી પરિમિત, વ્યવસ્થિત, સુસંગત અને પ્રસંગોચિત બોલવાની ટેવ પાડવી જોઈએ. બીજાઓને કંટાળો આવે તે પહેલાં તમારે પોતાની વાણીને રોકવી જોઈએ. બકબક કરનારો, ગપ્પાં હાંકનારો અથવા કરવા કરતાં બોલવાનું જ વધારે એમ પણ તમારે વિષે કહેવાનો કોઇને પ્રસંગ ન આવવો જોઈએ. એક સંતનું વચન છે કે,

અતિકા ભલા ન બોલના। અતિકી ભલી ન ચૂપ ।
અતિકા ભલા ન બરસના। અતિકી ભલી ન ધૂપ ॥

તેનું રહસ્ય તમે ધ્યાનમાં રાખશો. તે પ્રમાણે વર્તવા માટે તમારામાં વિવેક, તારતમ્ય, સમયજ્ઞતા વગેરે ગુણો હોવા જોઇએ. પોતાના કાર્યની પોતે જ પ્રશંસા કરવાની ટેવ તમને ન હોવી જોઈએ. ગર્વ તમને કદી ન થવો જોઈએ. તમે પોતે સદ્ગુણી થાઓ તોય બીજાને કદી પણ હીન ગણશો નહીં. પ્રેમથી બધાને પોતાના કરવાની વૃત્તિ તમારામાં હોવી જોઇએ.

★

મણકો ૩જો : અહિંસા

સંકલનકર્તા ::: ચંદુલાલ બ. પટેલ

અહિંસા એ યાંત્રિક ક્રિયા નથી. તે હૃદયનો સુંદરમાં સુંદર ગુણ છે અને સાધનાથી આવે છે. જ્યારે આવે છે ત્યારે તે કુદરતી લાગે છે, કેમ કે તે કુદરતી છે; અને તે ગુણ ધરાવનારને એ ગુણની પ્રાપ્તિમાં જરાયે શ્રમ પડ્યો છે એ વાતનું આશ્ચર્ય થાય છે. આપણામાં રહેલો પશુ કહે છે, ઘા સામે ઘા કરવો એથી વધુ કુદરતી શું હોઈ શકે? આપણામાં રહેલો મનુષ્ય કહે છે, ઘાનો બદલો ક્ષમાથી વાળવો એના કરતાં વધારે કુદરતી અથવા વધારે માનુષી શું હોઈ શકે?

× * ×

મારી અહિંસાભાવના તો મને સદાકાળ મારી એકેએક પ્રવૃત્તિમાંથી છૂટી જવા પ્રેરે છે, ત્યારે મારો આત્મા જ્યાં સુધી દુનિયામાં એક પણ અન્યાય કે એક પણ દુઃખના તેને અસહાય સાક્ષી થવું પડે છે ત્યાં સુધી સુખી થવાની ના પાડે છે. પણ મારા જેવા દુર્બળ અલ્પ જીવને દુનિયાનું દરેક દુઃખ મટાડવાનું અગર તો દેખું તે દરેક અન્યાયને વિષે મારું કરી છૂટવાનું સંભવતું નથી. આ બે ખેંચતાણમાંથી મુક્ત રહેવાનો માર્ગ છે, પણ તે સ્થિતિ બહુ ધીમે ક્રમે અને અનેક વ્યથાઓ પછી પ્રાપ્ત થઇ શકે છે. કાર્યમાં પ્રવૃત્ત થવાની ના પાડીને નહિ, પણ સમજપૂર્વક નિષ્કામ ઢબે કાર્ય કર્યાં જઇને જ તે મુક્તિ માટે મેળવવી રહી. અને આ લડતનું રહસ્ય જ આત્મતત્ત્વને મુક્ત અને પૂર્ણ સ્વાધીન કરવા સારુ શરીરતત્ત્વનો સતત યજ્ઞ કરવાના મુદ્દામાં રહેલું છે.

પ્યારા બાપુ

× * ×

હું સંપૂર્ણ અહિંસાનું પ્રતિપાદન કરનારો છું અને વ્યક્તિની વચ્ચે જ માત્ર નહિ પણ પ્રજા પ્રજા વચ્ચે પણ હું એને શક્ય માનું છું. મારી કલ્પના પ્રમાણેની અહિંસા, દુષ્ટતાની દુષ્ટતાથી થતા પ્રતિકાર કરતાં વધારે સક્રિય અને વધારે સાચો પ્રતિકાર છે. દુષ્ટતાથી થતો પ્રતિકાર તો કેવળ દુષ્ટતામાં વધારો કરે છે. હું તો અનીતિની સામે વિચારનો એટલે નીતિનો વિરોધ કલ્પું છું. માટે જાલિમની તલવારને તેની સામે વધારે તીક્ષ્ણ ધારની તલવાર અફાળી બૂઠી નથી કરવી. પણ હું તલવારથી મારો બચાવ કરીશ એવી તેની આશા નષ્ટ કરીને બૂઠી કરવા માગું છું. આત્મ-

બળનો જે પ્રતિકાર તેની સામે હું કરીશ તેની આગળ તેની મતિ કુંઠિત થશે. પહેલો તેથી તે અંજાશે અને આખરે તે નમશે. પણ તેના નમવામાં તેની અવનતિ ન થાય, ઉન્નતિ જ થશે.

ભક્તરાજ [અનુસંધાન પૃષ્ઠ ૨૫૮થી ચાલુ]

તોયે તેઓ બંને જણાએ હામ ભીડીને જેમતેમ કરી નદી ઓળંગવા એમાં ઝંપલાવ્યું. કેટલીય વાર પૂરનો વેગ તેઓને તાણી જતો હતો. પણ તેઓ હિંમત હાર્યા નહિ અને બહુ મુશ્કેલીએ તેઓએ નદી પાર કરી દીધી.

તેઓ થાકીને લોથપોથ થઈ ગયા હતા. ધીમે ધીમે તેઓ આગળ વધ્યા. એવામાં તેઓએ એક વિરામસ્થાન જોયું. ત્યાં જઈને જુએ તો એ ખાલી પડ્યું હતું. તેથી બંને જણાએ આખી રાત ત્યાં સૂઈને પસાર કરવાનો નિર્ધાર કર્યો. તેઓ એટલા તો થાકી ગયા હતા કે, થોડી વારમાં જ તેઓ ઘસઘસાટ ઊંઘી ગયા.

ત્યાં તો વહેલી સવારે એક રાક્ષસ ત્યાં આવી પહોંચ્યો. તે રાક્ષસનું નામ દુઃખાસુર હતું. તેણે આ બે જણાને પોતાની જગ્યામાં સૂતેલા જોઈને ત્રાડ પાડી: "અલ્યાઓ! આ કોના બાપની જમીનમાં આમ લાંબા થઈને સૂતા છો? કોની રજા લઈને અહીં દાખલ થયા છો?"

ભક્તરાજે કહ્યું, "અમે યાત્રાળુઓ છીએ. ભૂલા પડ્યા હોવાથી અહીં રાતવાસો કરવા રોકાઈ ગયા."

દુઃખાસુર: "ઓહો! જાણે તમારા બાપદાદાએ તમારે માટે આ જગ્યા રાખી નહિ હોય? તમે લોકોએ મારી માલિકીની જમીનમાં રજા વગર પગ મૂક્યો છે. માટે આ અપરાધની સજા ભોગવ્યા વિના તમારો છૂટકો નથી."

એમ કહીને પેલો બળવાન રાક્ષસ ભક્તરાજ અને આશાપ્રસાદને પકડીને લઈ ગયો. આ નવી આફત આવી પડેલી જોઈને ભક્તરાજ તો વિમાસણમાં પડી ગયો! (ચાલુ)

અનુક્રમણિકા.. ૩૦ નવેમ્બર ૧૯૫૨

પૃષ્ઠ
૧ જીવન અને કલા ... ... ગાંધીજી ૨૫૩
૨ રામચરણ સુખદાયી ... ... તુલસીદાસ ૨૫૪
૩ ઉચ્ચ અભિરુચિ ... કાકા કાલેલકર ૨૫૫
૪ ભકતરાજ ... ... મુકુલભાઈ ૨૫૭
૫ સાચો જીવનરસ ... ... વિનોબાજી ૨૫૯
૬ અહંકાર .. ... ઉજ્જવળકુંવરજી ૨૬૧
૭ આત્મશોધન અને પ્રાર્થના બબલભાઈ ૨૬૨
૮ વિરહભાવ ... ગુરુદયાલ મલ્લિકજી ૨૬૩
૯ સરદારશ્રીની વાણી... ... મુ૦ ક૦ ૨૬૪
૧૦ બાપુના પત્રો ૨૬૫
૧૧ ઇસ્લામી પ્રાર્થના ઇસ્માઇલભાઇ નાગોરી ૨૬૬
પૃષ્ઠ
૧૨ ભગવાનનો જાદુ .. પદ્મનાભ શ્રી. જૈની ૨૬૭
૧૩ અધિકારીએ .. ... મુકુલભાઈ ૨૬૮
૧૪ બાપુજીની મીઠી વાતો... સાને ગુરુજી ૨૬૯
૧૫ ત્રિવેણી સંગમ ... ... મુ૦ ક૦ ૨૭૦
૧૬ સંત હોથી ... અનવર આગેવાન ૨૭૧
૧૭ બાપુને ... ... ભગવાનદીન ૨૭૩
૧૮ કલ્યાણનો ખજાનો ... મુકુલભાઈ ૨૭૬
૧૯ અહિંસાનો પદાર્થ પાઠ...કિશોરલાલભાઈ ૨૭૭
૨૦ વાણીનો વિવેક ... કેદારનાથજી ૨૭૮
૨૧ ગાંધી માળા... ... ચંદુલાલ બ. પટેલ ૨૭૯
૨૨ ગ્રંથાવલોકન ... ... મુ૦ ક૦

★ ગ્રંથાવલોકન ★

બા **બાપુની શીળી છાયામાં:** લે૦ મનુબહેન ગાંધી; પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૯; કિં૦ સવા બે રૂપિયા; પૃ૦ ૨૩૯.

પૂજ્ય બાપુજી દિવંગત થયા પછી એમના સાન્નિધ્યમાં રહીને પોતાના જીવનનું ઘડતર કરનારી વ્યક્તિઓએ બાપુજીના જીવન પર પોતાની શક્તિ અનુસાર જે પ્રકાશ પાડ્યો છે તે બાપુજીના જીવનને સમજવા મથતા અને ગાંધીફિલસૂફીનો અભ્યાસ કરવા ઇચ્છતા અન્ય જનોને અતીવ સહાયરૂપ થઈ પડે છે. આ પ્રસ્તુત પુસ્તક બાપુજીના શિક્ષક–ભાવયુક્ત પિતાહૃદયનું મંગળ દર્શન કરાવે એવું છે. બાપુજી એક રીતે કહીએ તો ક્રાંતિકારી પ્રખર શિક્ષણશાસ્ત્રી હતા. તેમની આર્ષદૃષ્ટિએ શિક્ષણના સ્વરૂપનું જે અપૂર્વ દર્શન કર્યું તેના પરિપાકરૂપ 'વર્ધાશિક્ષણ યોજના' આપણા શિક્ષણના ઇતિહાસમાં ચિરકાલીન ફાળો આપી શકે એવી સમર્થ છે અને માનવતાને કેન્દ્રમાં રાખીને શિક્ષણપદ્ધતિ ઘડવા મથતા વિશ્વના કોઈ પણ વિચારકને તે માર્ગદર્શન કરે એવી છે.

બાપુજીને એ દૃષ્ટિ શી રીતે લાધી એનો જો વિચાર કરીએ તો એમના જીવન ઉપરથી એવા અનુમાન પર આવીએ છીએ કે બાપુજી પોતે જ રોજબરોજના જીવનવ્યવહારમાં સતેજ શિક્ષક સમાન જ હતા. પોતાના સંબંધમાં આવતી વ્યક્તિઓનાં જીવનને સુસંસ્કારી અને માનવતામય કરવા માટે તેઓ હંમેશ જાગ્રત રહી પ્રયત્ન કરતા હતા. એનો થોડો ઘણો ખ્યાલ પ્રસ્તુત પુસ્તક આપી શકે એવું છે. શ્રી. મનુબહેનના જીવનનું ઘડતર કરવામાં બાપુજી કેટલા પ્રયત્નશીલ હતા અને પિતાતુલ્ય વાત્સલ્યભાવથી તેમના જીવનને સંસ્કારી કરવામાં કેટલી કાળજી લેતા હતા તેનો સુરેખ ખ્યાલ આ પુસ્તક પરથી આવી શકે છે.

શ્રી. મનુબહેને આ પહેલાં બે પુસ્તકો 'બાપુ મારી મા' અને 'કલકત્તાનો ચમત્કાર' પણ પ્રસિદ્ધ કર્યાં છે. આ એમનું ત્રીજું પુસ્તક છે. આ પછી પણ બીજાં પુસ્તકો તેઓ પ્રસિદ્ધ કરવા ઇચ્છે છે. તેમના આ સુંદર ફાળા માટે આપણે સૌ એમના આભારી છીએ.

માત્ર એટલું કહેવાનું છેવટે મન થાય છે કે, બાપુજીએ જ શીખવેલા અને બાપુજીએ આત્મસાત્ કરેલા ઉદાત્ત સત્ય—'અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો'—ને લક્ષમાં રાખી તેઓ જો પ્રસંગ વર્ણવતાં રહેશે તો ભાવિ પેઢીને છેતરાવાનો પ્રસંગ ન આવે અને તેમનું લખાણ વધારે પ્રામાણ્ય બની શકશે. આમ તો સત્ય હકીકત જાણવી એ તો ખૂબ વિકટ કાર્ય છે. 'સત્યસ્ય રૂપમ્ નિહિતમ્ ગુહાયામ્।' એવી સ્થિતિ સત્યની છે. તોયે જો આવા મહાપુરુષના જીવનપ્રસંગોને વર્ણવવા વિવેક વાપરવામાં આવે અને સજાગતા જાળવવામાં આવે તો અવશ્ય તે જગતને તેમ જ એ વર્ણવનાર વ્યક્તિને પણ આશીર્વાદરૂપ થઈ પડે.

— મુ૦ ક૦

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂ. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું. પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રકાશક અને મુદ્રક: ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિવિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ.


સત્ય
અભય
અહિંસા

મારા બાપુ



સંપાદક: નવીન ગાંધી

પ્યારાબાપુના ગ્રાહક બંધુઓને

પ્યારાબાપુ-કાર્યાલય,
"રૂપાયતન"
ગિરિવિહાર,
જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

'પ્યારાબાપુ'નું આપનું લવાજમ આ પછીના અંક સાથે પૂરું થાય છે. તેથી નવા વરસનું લવાજમ મનીઑર્ડરથી જલદી મોકલવા વિનંતી છે. લવાજમ ૧૫મી જાન્યુઆરી સુધીમાં મોકલી આપો તો સારું, જેથી નવા વરસના અંકો મોકલવાનું ચાલુ જ રહે.

વળી પોસ્ટ ઑફિસ તરફથી એવો હુકમ બહાર પાડવામાં આવ્યો છે કે, જો ગ્રાહકે વી.પી.થી અંકો મોકલવાની લેખિત માગણી ન કરી હોય અને કોઈ વી.પી.થી અંક મોકલે; પરંતુ ગ્રાહક તેનો અસ્વીકાર કરે તો વી.પી. મોકલનારને રૂ. ૨૦૦) દંડ તરીકે આપવા પડે.

આવી પરિસ્થિતિ હોવાથી ગ્રાહક બંધુઓને વિનંતી કરીએ છીએ કે, તેઓ અમારી મુશ્કેલી સમજી મનીઑર્ડરથી જ લવાજમ મોકલવાનું રાખે.

ચાલુ વર્ષે આપે ગ્રાહક બની અમારા કાર્યને પ્રોત્સાહન આપતા જે સહાય કરી છે તે આવતે વર્ષે પણ ચાલુ રાખશો એવી આશાએ આપને આ વિનંતી કરીએ છીએ.

જે ગ્રાહકોએ બે નવા ગ્રાહકો બનાવી અમને ચાલુ વર્ષમાં મદદ કરી છે તેમને "બાપુ સ્મરણ" વર્ષ પૂરું થતાં પહેલાં ભેટ મોકલી આપવામાં આવશે. મદદ કરનાર મિત્રો કૃપા કરી પોતાનાં નામો ગ્રાહક નંબર સાથે વેળાસર મોકલી આપે.

સૌ કોઈ 'પ્યારાબાપુ'ને પોતાનું ગણી તેમાં વધારે ને વધારે રસ લેતા થાય તો અમારો આ પ્રયત્ન જરૂર સફળ થતો જશે. આપને આ માસિકમાં ક્યાંય ખામી લાગે અથવા કોઈ નવી સૂચના કરવાની ઇચ્છા થાય તો વિના સંકોચે આપ જણાવશો તો અમે એ સૂચના પર વિચાર કરીશું. આમ વિચારોની આપલે કરવાથી આપણે એકબીજાને વધુ સમજી શકીશું; અને 'પ્યારાબાપુ'ને વધારે સર્વાંગસુન્દર તેમ જ લોકપ્રિય બનાવવાની અમારી આ મહેનતને સહકાર પણ મળતો રહેશે.

[આફ્રિકાના મિત્રો ૧૨ શિલિંગ પોસ્ટલ ઑર્ડરથી મોકલી આપે.]

* * *



આ શરીર કામ કરતું અટકી જશે તેથી કાંઇ આત્મા અટકવાનો નથી.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૫]   ૩૦ ડીસેમ્બર - ૧૯૫૨   [અંક ૧૧

ત્વમેકમ્ શરણ્યમ્

ગાંધીજી

ગીતાના એક નહીં પણ અનેક શ્લોકમાં ભાવ એ છે કે જે કાર્ય ઇશ્વરને નામે તેની પ્રેરણાથી થાય છે તે એ જ પૂરાં કરાવે છે. કર્તાહર્તા તે જ છે, એટલે આપણે તો કોરા ને કોરા છીએ. જેમ કોઈ લાકડી વતી બીજાને મારે તો તે કામ લાકડીનું નથી પણ લાકડીના ધણીનું છે, તેમ જો આપણે આપણું શરીર ઇશ્વરને સોંપી દઇએ ને શરીર પાસે કંઈ કામ તે કરાવે તો તે શરીરનું નથી પણ ઇશ્વરનું છે. જશ અપજશ તેનો છે. ઈશ્વરની શક્તિ અપાર છે. તે ન ધારેલી વસ્તુઓ કરાવે છે. દૂબળો પાતળો હું, બીકણ, બોલતાં ન આવડે, પણ મારું ધકયે ગયું છે. મને કહેવાનો અધિકાર છે કે હું તો ઈશ્વરનો દોર્યો જ દોરાયો છું. જીવનમરણ આપણા હાથમાં નથી.

અને જીવવું એટલે શું? સફળ જીવવું. સેનાપતિ થવું હોય તો મરીને જીવવાનો મંત્ર બતાવવાનો છે. ઇશ્વરને જિવાડવો હોય તો જીવાડે, નહીં તો પળમાં પ્રાણ લે. એવું પણ હોય કે મારા જીવતાં કોઈ શક્તિ રૂંધાઇને બેઠી હોય અને મારો પ્રાણ જાય એટલે એ શક્તિ પ્રગટી ઊઠે. આ શરીર કામ કરતું અટકી જશે તેથી કાંઈ આત્મા અટકવાનો નથી. મરી ગયેલા માણસો આજે કામ નથી કરતા? પવિત્રતા આદિ ગુણો એ સત્યની પ્રજા છે. એનો નાશ નથી થતો. પવિત્ર હૃદયવાળાના વિચારો, અપવિત્ર હૃદયવાળાનાં શરીર જે કદી કરી શકતાં નથી તે કરી શકે છે. તમે સૌ સચ્ચાઈથી ને પ્રેમની ભાવનાથી કામ કરશો તો તમારો પ્રભાવ આખી દુનિયા પર પડશે.



ભેદ ન જાને કોઈ ……………………

સંત કબીર

ભેદ ન જાને કોઈ સાહેબ તેરો ભેદ ન જાને કોઈ,
સાબુ લેલે પાની લેલે મલમલ કાયા ધોઈ,
અંતર ઘટકો દાગ ન છૂટ્યો કૈસે નિરમલ હોઈ,
સાહેબ તેરો ભેદ ન જાને કોઈ.
આ ઘટ ભીતર અગન જલત હૈ, ધુવાં ન પરગટ હોઈ,
કે દિલ જાને આપનો કૈસે પ્રીતિ હોઈ,
સાહેબ તેરો ભેદ ન જાને કોઈ.
આ ઘટ ભીતર બૈલ બંધે હૈં નિરમલ ખેતી હોઈ,
સુખીયા બૈઠે ભજન કરત હૈં દુ ખીયા દીનભર રોઈ,
સાહેબ તેરો ભેદ ન જાને કોઈ.
જડ બીન બેલ, બેલ બીન તુંબા, બીન ફુલે ફલ હોઈ,
કહત 'કબીર' સુનો ભાઈ સાધો, ગુરુબીન જ્ઞાન ન હોઈ
સાહેબ તેરો ભેદ ન જાને કોઈ.

[કબીરસાહેબ એમની 'અગમ' વાણી માટે વિખ્યાત છે. ભગવાનની લીલા 'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ।' જેવી છે. ભગવાનની અગમ્ય લીલા સમજવા માટે બુદ્ધિનું કામ નથી, એ માટે તો ભકિતપૂર્ણ હૃદય જ જોઇએ. આપણે ભગવાનમાં મસ્ત બની જઈએ તો જ આપણે એની લીલાનો ભેદ સમજી શકીએ. વળી કબીર સાહેબ દૃઢતાથી માનતા હતા–આપણી સંસ્કૃતિ પણ એ જ વાત માને છે–કે સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે 'ગુરુ'ની અત્યંત આવશ્યકતા છે. જ્યાં સુધી આપણને સાચા ગુરુ ન મળે ત્યાં સુધી આપણને કદી સત્ય જ્ઞાન થતું નથી. કબીર સાહેબનાં ઘણાં ખરાં ભજનોનો ઝોક ગુરુમહિમા તરફ જ છે.]

જીવનોન્નતિનો માર્ગ

કેદારનાથજી

આપણી ઉન્નતિની આડે આવનારી ભ્રાંતિઓ પૈકી એક મહાન ભ્રાંતિ એ છે કે કેવળ બાહ્ય વિષયો વડે આપણે સુખી થઇશું એમ માણસને લાગે છે. તેને એટલું સમજાતું નથી કે, પોતાની સાથે જેનો ચોવીસે કલાક અખંડ સંબંધ છે તે શરીર અને મન સાજાં ન હોય તો બાહ્ય વસ્તુના સંયોગથી તે સુખી થઈ શકશે નહીં. નીરોગી, મજબૂત, ખડતલ ને બધી રીતે કાર્યક્ષમ શરીર અને પવિત્ર, સ્થિર, સ્વાધીન અને અનેક સદ્ગુણો ને સદ્ભાવનાઓથી યુક્ત મનના જેવાં સુખ ને સદ્ભાગ્યનાં બીજાં સાધનો નથી. આ બન્ને સાધનો જેની પાસે સારાં હોય તે વિદ્વાન અને ધનવાન હોય તો પોતાની વિદ્યાનો ને ધનનો યોગ્ય ઉપયોગ કરીને પોતાની સાથે બીજાઓની ઉન્નતિ પણ તે કરી શકશે. પણ એ બેને અભાવે માણસ પોતાનું જ કલ્યાણ કરી શકતો નથી, પછી બીજાઓના કલ્યાણની તો વાત જ શી? સારું શરીર અને સારું મન, બન્નેની વ્યક્તિના અને સમાજના હિતની દૃષ્ટિથી અત્યંત આવશ્યકતા હોવા છતાં આપણે અને આપણો સમાજ એ બાબતમાં કેટલા ઉદાસીન છીએ તે દરેકે પોતા પરથી અને આજુબાજુના સમાજ પરથી સમજી લેવું ઘટે. આપણે આપણા સમાજનાં ઘરોની તપાસ કરીએ તો તેમાં રહેનારના ગજા પ્રમાણે કીમતી વસ્ત્રો અને વાસણકૂસણ, સંસારોપયોગી જાતજાતની વસ્તુઓ, સુંદર સુંદર કોચો અને કબાટો, ખુરશીઓ, પલંગ, ગાદીતકીયા, બાળકોનાં રમકડાં–એટલું જ નહીં પણ કીમતી દાગીના, હીરામોતી, ઝવેરાત તેમ જ ગાયનવાદનનાં અને મનોરંજનનાં સાધનો પણ મળી આવશે. સંપત્તિની વિપુલતા હશે તે પ્રમાણમાં મોટર, ગાડીઘોડા વગેરે વૈભવનાં સાધનો પણ મળશે. પણ આ બધાં ઘરોમાંથી શરીર નીરોગી અને બળવાન બનાવવાનાં વ્યાયામનાં સાધનો સેંકડે કેટલાં ઘરમાં મળશે? તે જ પ્રમાણે જેના વચનથી મન પવિત્ર, સ્થિર અને સ્વાધીન રહી શકે એવાં પુસ્તકો કેટલાં ઘરમાં મળશે? એ જાતના સંસ્કારો બાળકોને આપવાની અને એવા અભ્યાસની સગવડ કેટલાં ઘરોમાં હશે? એની આપણે તપાસ કરીએ તો આ બાબતમાં ઘણી શોચનીય સ્થિતિ આપણી નજરે પડશે. આથી ઊલટું, સમાજમાં હજારે નવસો નવાણું લોકોની શ્રદ્ધા આપણે ધનથી સુખી થઈશું એવી હોય છે એમ તપાસને અંતે સમજાશે. પણ એ તેમની ભ્રાંતિ છે. કેવળ દરિદ્રતાને લીધે ભોગવવાં પડતાં દુઃખો ધનપ્રાપ્તિથી ઓછાં થાય છે; પણ ધન હોવા છતાં તે સાથે આરોગ્ય, બળ, વિવેક, સંયમ, ઉદારતા, સાવધતા અને યોગ્ય જગ્યાએ કરકસર, એ ગુણો ન હોય તો માણસ દુઃખી થાય છે એને જેમની પાસે ધન નથી હોતું તેમને ખબર હોતી નથી. ધનની મદદથી ધનવાન લોકો આરામ ને સુખના ખોટા દેખાવો કરી શકે છે. અને તેમના બહારના દેખાવ અને આડંબરથી બધા લોકો છેતરાય છે. પણ તેઓ સાચે જ સુખી એટલે તૃપ્ત હોત તો રોજ જુદાં જુદાં સુખોની પાછળ શું કામ પડત? તેમનામાં બળ છે એમ કહીએ તો શક્તિ અને પરિશ્રમનાં નાનાં નાનાં કામો કરવા માટે નોકરચાકરની તેમને કેમ જરૂર પડે છે? તે વિના તેમનું કેમ અટકી પડે છે?

તેઓ નીરોગી છે એમ કહીએ તો દર મહિને દાક્તર, વૈદ્ય અને દવાને નિમિત્તે સેંકડો રૂપિયાનું ખર્ચ તેમને કેમ કરવું પડે છે? તેમનામાં સહનશક્તિ છે એમ માનીએ તો જુદી જુદી ઋતુઓમાં તેમને સિમલા, દાર્જિલિંગ, ઊટી, મહાબળેશ્વર જેવી જુદા જુદી જગ્યાએ જઈને રહેવાની કેમ જરૂર પડે છે? ધનને લીધે પડેલી ખરાબ ટેવો અને વ્યસનો રોજ ને રોજ સંતોષ્યા વિના તેમને ચેન પડતું નથી. એ પરથી આપણે તેમને સુખી સમજીએ છીએ. પણ તેમની વાસ્તવિક સ્થિતિ આપણે જાણતા નથી. આખી જિંદગી સુખની પાછળ પડવા છતાં તે તેમને મળેલું હોતું નથી. તેથી તેમને તે રોજ શોધવું પડે છે. આવી જાતના જીવનમાં જ્યાં ઇન્દ્રિયજન્ય સુખથી સુખી થવાનો પ્રયત્ન ચાલુ હોય છે, ત્યાં માનસિક સ્થિતિ કેવી હોઈ શકે તેનો થોડો વિચાર કરતાં ખ્યાલ આવશે. ધનની સાથે નીતિ, સદાચાર, ન્યાયબુદ્ધિ, સંયમ, ઉદારતા, ધર્મનિષ્ઠા વગેરે સદ્ગુણ હોય તો જ ધનનો સદુપયોગ થવાનો સંભવ હોય છે. તે ગુણો ન હોય તો કેવળ ધન માણસના ચિત્તમાં આશા અને તૃષ્ણા વધારતું રહીને તેને દુર્ગતિ તરફ ઘસડી જાય છે. આ રીતે માણસના શરીર અને મનને ભ્રષ્ટ કરવાનું કારણ બનાવનાર ધનની માણસને બેહદ ઇચ્છા અને મોહ થવો એ માનવ જાતિનું દુર્દૈવ છે.

આ દુર્દૈવી અવસ્થામાંથી નીકળવા માટે આપણે વિવેક, સંયમ, અને પુરુષાર્થની જરૂર છે. શરીર અને મનને આપણે મજબૂત અને પવિત્ર કરી શકીએ તો આપણું ભાગ્ય આપણા હાથમાં છે. સુંદર માનવી શરીરના જેવી સુંદર જીવતી વસ્તુ જગતમાં બીજી મળે નહીં; અને નિર્દોષ માનવી મનના જેટલી પવિત્ર સચેતન વસ્તુ પણ જગતમાં બીજી મળે નહીં એ ધ્યાનમાં રાખીને આ બાબતમાં આપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ. આજે આપણે સૌંદર્યના ઉપાસક નથી. બહાર રંગ ચોપડીને આપણે સૌંદર્યનો દેખાવ કરીએ છીએ. તેનાથી સૌંદર્ય પ્રાપ્ત થતું નથી. આપણા શરીરમાં ભરપૂર લોહી નથી, લોહીમાં તેજસ્વિતા નથી, શરીરમાં તાકાત નથી, સ્ફૂર્તિ નથી. પછી આપણામાં સૌંદર્ય ક્યાંથી દેખાય? આપણે આપણું પોતાનું શરીર અને આપણાં સંતાનોનાં શરીર સુદૃઢ, નીરોગી, ચપળ, ખડતલ, કાર્યક્ષમ બનાવવાનો પ્રયત્ન કરીએ અને તે સાથે જ આપણાં મન શુદ્ધ, સ્થિર, સ્વાધીન, શાંત, પ્રસન્ન અને આનંદી કેમ રાખવાં તે શીખી લઈએ તો સૌંદર્યની સાથે માનવતાની ઉપાસના પણ આપણે હાથે થયા કરશે. સદ્ગુણો સિવાય કોઈ પણ ઉપાસના શક્ય નથી. તે માટે આપણે પરિશ્રમી બનવું પડશે, સંયમી થવું પડશે. ખાવાપીવામાં નિયમિત અને પરિમિત થવું પડશે. કામ, ક્રોધ, લોભને કાબૂમાં રાખવા પડશે. મન પવિત્ર, પ્રસન્ન અને આનંદી રાખવું પડશે. આપણે એ ચોક્કસ સમજી લેવું જોઈએ કે તાત્કાલિક કોઈ પણ ઇન્દ્રિયજન્ય સુખની પાછળ પડવાથી સાચું સુખ મળતું નથી. ફાવે તેવા ખાનપાનથી, સ્વૈર અને સ્વચ્છંદીપણે વર્તવાથી શરીર સારું રહેતું નથી. પુષ્કળ ખાવાથી બળ વધતું નથી. સંયમથી જ સુખ મળે છે, શરીર સારું રહે છે. ખાધેલું પચવાથી બળ વધે છે. તેથી સંયમ, સાદો ખોરાક, પરિશ્રમ, પરિમિતતા અને નિયમિતપણું, એ બધા પર આપણો ભાર હોવો જોઈએ. આ બધી બાબતમાં આપણે જ્ઞાનપૂર્વક અને વિવેકપૂર્વક વર્તીએ તો આપણી અવનતિ ટળશે ને ઉન્નતિ થશે એ વિષે શંકા નથી. પરમાત્મા આપણા પ્રયત્નને યશ આપ્યા સિવાય રહેશે નહિ. અને આપણે પોતે, આપણી ભાવી પેઢી, અને તે સાથે જ સમાજ પણ માનવતાને માર્ગે આગળ ગયા સિવાય રહેશે નહીં.

પ્યારા બાપુ

ભક્તરાજ

[જોન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ને આધારે]

મુકુલભાઈ

દુઃખાસુર રાક્ષસે ભક્તરાજ અને આશાપ્રસાદને ઉપાડીને પોતાના કિલ્લામાં પૂરી દીધા. અહીં તેઓ બંને ચાર દિવસ ગોંધાઈ રહ્યા. એ કારમા દિવસો દરમિયાન તેઓને રોટલાનો એક ટુકડોય મળ્યો ન હતો અને પીવાને પાણીનું ટીપું સુદ્ધાં આપવામાં આવ્યું ન હતું! એ અંધારા કિલ્લામાં તેઓ એકલા પડી રહ્યા. અને વધારામાં રાક્ષસે તેઓને અમાનુષી ત્રાસ આપ્યો તે જુદો!

રાક્ષસ એ બંનેને કિલ્લામાં પૂરી દઈને હરખાતો હરખાતો પોતાની પત્ની પાસે ગયો અને બોલ્યો: "અલી, સાંભળે છે કે? આજ તો બે માણસોને પકડી આણ્યા છે. આપણી જમીન પર લહેરથી સૂતા હતા. એટલે મારા હાથમાં સપડાઈ ગયા."

રાક્ષસી: "પણ તેને પકડીને કરશો શું? તેઓને મારીમારીને અધમૂઆ કરી મૂકવા જોઈએ. તો કંઈ જોવાની મજા પડે. આમ પૂરી રાખવામાં શી બહાદુરી? સમજ્યા કે, સવારે વહેલા જઈને તેઓને બરોબર મેથીપાક આપજો; તો મને જરા ટાઢક વળે."

એટલે રાક્ષસ સવારે પોતાનો દંડો લઈને કિલ્લામાં ગયો અને ભક્તરાજ તેમ જ આશાપ્રસાદને નિર્દય રીતે માર મારવા લાગ્યો. તેણે તેઓને એટલો તો માર માર્યો કે તેઓ બંને બેભાન બની ધરતી પર ઢળી પડ્યા! પછી રાક્ષસ હસતો હસતો ત્યાંથી ચાલ્યો ગયો.

એ રાતે તેણે પોતાની પત્નીને એ વાત કહી ત્યારે રાક્ષસી 'ખીખી ખીખી' કરી હસી પડી અને છણકો કરતી બોલી: "ઓહો, જાણે બહુ મોટી બહાદુરી કરી આવ્યા! અરે, એ લોકોને તો તેઓના હાથે જ મરી જતા દેખું ત્યારે તમારાથી તેઓ ત્રાસી ગયેલા કહેવાય. કાલે સવારે જઈને તેઓને કહેજો કે તેઓને હાથે જ તેઓ મરી જાય, સમજ્યા કે?"

તેથી બીજી સવારે રાક્ષસ ભક્તરાજ અને તેના સાથી પાસે જઈને ભયાનક અવાજે બોલ્યો: "મૂર્ખાઓ, નાહક શા માટે આમ દુઃખી થાઓ છો? આ ઝેર ખાઈને જિંદગીનો અંત લાવી દો ને? હું કંઈ તમને જીવતા જવા દેવાનો નથી. મારા હાથનો માર ખાઈ ખાઈને મરી જશો."

પરંતુ ત્રાસથી પીડાયેલા અવાજે ભક્તરાજ બોલ્યો: "અરે ભાઈ, અમારો આટલો ગુનો માફ કરો અને અમને છૂટા કરવા મહેરબાની કરો. ભગવાન તમારું ભલું કરશે."

આ સાંભળીને રાક્ષસ ખૂબ ગુસ્સે થઈ ગયો અને તેઓને મારી નાખવ તેઓ પર ધસ્યો, ત્યાં તો એકાએક તેને ચકરી આવી જવાથી તે ભોંય પર પટકાઈ પડ્યો; અને કશું કરી શક્યો નહિ. થોડી વાર પછી તે ઊઠીને બહાર ચાલ્યો ગયો.

સાંજ પડી એટલે રાક્ષસને થયું, 'લાવને, ઘેર જતાં જતાં પેલાઓને જોઈ આવું. મારી

સલાહ માનીને તેઓએ જિંદગીનો અંત આણ્યો હોય તો સારું.' પણ જઇને જુએ છે તો એ બંને જણા વેદનાની ચીસો પાડતા ભોંય પર પડ્યા હતા. નિર્દય માર અને ભૂખ-તરસથી તેઓ અધમૂઆ બની ગયા હતા અને માંડ માંડ શ્વાસ લઈ શકતા હતા!

રાત્રે રાક્ષસને તેની પત્ની કહેવા લાગી: "એ લોકો તો એ જ લાગના છે. આવતી કાલે એ લોકોને બહાર મેદાનમાં લઈ જજો અને ત્યાં તમે મારી નાખેલા બીજા કેદીઓનાં હાડકાં અને ખોપરી બતાવીને કહેજો કે એકાદ અઠવાડિયામાં તમને પણ ફાડી નાખીને આ દશાએ પહોંચાડીશ."

સવાર પડી એટલે રાક્ષસ કિલ્લામાં ગયો અને ભક્તરાજ તથા તેના સાથીને બહાર ઘસડી લઈ જઇ હાડકાં અને ખોપરી બતાવી બોલ્યો: "તમારા જેવા યાત્રિકોની આવી દશા મેં કરી છે, કારણ કે તેઓએ રજા વિના મારી માલિકીની જમીનમાં પગ મૂક્યો હતો. અને જયારે મને મન થશે ત્યારે તમને પણ આમ ચીરી નાખીશ. અઠવાડિયોમાં તમારા પણ આવા જ હાલ થવાના છે." એમ કહી તે બન્નેને મારતો મારતો કિલ્લામાં પાછો લઈ ગયો અને બંધ કરીને પોતાને ઘેર ચાલ્યો ગયો.

તે રાતે ભક્તરાજ અને તેનો સાથી પ્રભુને આર્જવ હૃદયે પ્રાર્થના કરવા લાગ્યા: "હે દયાળુ પરમાત્મા! તું જ અમારો એક આધાર છે. આ ત્રાસમાંથી અમને હવે મુક્ત કર...." આમ પ્રાર્થના કરતાં કરતાં મધરાત થઈ ગઈ અને સવાર પણ પડી ગઈ. એવામાં ભક્તરાજ એકદમ ઝબકીને બેઠો થઇ ગયો અને બોલ્યો: "અરે, હું કેવો મૂર્ખ છું! મારા ગજવામાં એક ચાવી છે. તેનો તો ઉપયોગ કરવાનું જ હું ભૂલી ગયો! લાવ, જરા અજમાવી તો જોઉં." એમ કહી તેણે કિલ્લાની એ ઓરડીના દરવાજાને લગાડી જોઈ ત્યાં તો બારણું ઊઘડી ગયું! બંને જણ ઝડપથી બહાર નીકળી ગયા. કિલ્લાના બહારનો દરવાજો પણ બંધ હતો, તે પણ એ ચાવીથી ઊઘડી ગયો. પરંતુ તે ઘણો સજજડ થઈ ગયેલો હોવાથી ઊઘડતી વખતે તેનો અવાજ મોટેથી થયો! એ અવાજ સાંભળીને રાક્ષસ જાગી ગયો અને પોતાનો દંડો લઇને તે ભક્તરાજ તથા તેના સાથીની પાછળ દોડ્યો. પણ એવામાં તેને એકાએક ચકરી આવી ગઇ અને તે ભોંય પર પટકાઈ પડ્યો.

આ તકનો લાભ લઈ ભક્તરાજ અને આશાપ્રસાદ ઝડપભેર રાક્ષસની ભૂમિમાંથી બહાર નીકળી ગયા અને પોતાના સાચા માર્ગે આવી પહોંચ્યા.

તેઓ આગળ ને આગળ જવા લાગ્યા. છેવટે તેઓ 'આનંદ પર્વત' પાસે આવી પહોંચ્યા. ત્યાં ઉપર જઇને જુએ છે તો બધે બાગબગીચા, મોટી મોટી વાડીઓ અને ખળખળ વહેતાં ઝરણાંઓ આંખને ઠારી દેતાં હતાં. ભક્તરાજ અને આશાપ્રસાદ આનંદથી પુલકિત બની ગયા. તેઓ બંને જણાએ ઝાડ પરથી ફળ તોડીને પેટ ભરીને ખાધાં, ઝરણાનું શીતળ જળ પીધું અને હાથપગમોં ધોઇને થોડી વાર વિસામો ખાવા તેઓ ત્યાં બેઠા.

તે પર્વત પર ભરવાડો રહેતા હતા. એ ભરવાડોએ એ બંને જણાનું સ્વાગત કર્યું અને અજાયબી પમાડે એવી વસ્તુઓ દેખાડી. પ્રથમ તેઓ તેમને એક ટેકરીની ટોચ પર લઈ ગયા. તેની એક બાજુ સીધી અને ઊંડી હતી. એ ખાઇમાં જોવા તેઓએ ભક્તરાજ અને આશાપ્રસાદને કહ્યું.

તેઓ બંને જણ ખાઇમાં જુએ છે તો નીચે તળેટીમાં કેટલાય માણસોનાં હાડકાંનો ઢગ પડ્યો હતો! એ બતાવીને ભરવાડે (અનુ૦ પૃ૦ ૩૦૩)

ધર્મનો વિવેક

પદ્મનાભ શ્રી. જૈની



એક વખતે ભગવાન બુદ્ધ શ્રાવસ્તીમાં વિહાર કરતા હતા, ત્યારે ભગવાને ભિક્ષુઓને સંબોધીને કહ્યું:-

“ભિક્ષુઓ! અહીં કેટલાક ભિક્ષુઓ મેં કહેલા ધર્મને સાંભળે છે. મેં તેઓને સૂત્ર, વ્યાકરણ, ગેય્ય, ગાથા, ઉદ્દાન, જાતક આદિ જુદી જુદી રીતે ધર્મનો ઉપદેશ આપ્યો છે. પણ ભિક્ષુઓ! તમારામાંથી અનેક આ ધર્મના અર્થને પારખી શકતા નથી, તેનો આશય સમજતા નથી અને તેને ધારણ પણ કરતા નથી. અને પાઠ કર્યા કરે છે, બીજાઓના ગુરુ થવા માટે એનું રટણ કર્યા કરે છે અને એ રીતે ધર્મને કેવળ પકડી રાખે છે. પણ એનો સાચો ઉપયોગ કરતા નથી.

“ભિક્ષુઓ! હું તમને પાર ઊતરવા માટે નાનકડા હોડકાની માફક ધર્મનો ઉપદેશ આપું છું, નહીં કે તેને માત્ર પકડીને બેસી રહેવા માટે. સાંભળો, હું તમને સમજાવું છું.”

“સારું ભન્તે!” ભિક્ષુઓએ સાંભળવાની તત્પરતા બતાવતાં કહ્યું.

ભગવાન બોલ્યા: “ભિક્ષુઓ! કોઈ એક માણસ પ્રવાસે જતાં એક મોટા જળાશયની પાસે આવી પહોંચ્યો. તે જે કિનારા પર ઊભો હતો એ ભાગ બહુ જ જોખમ અને સંકટથી ભરેલો હતો. જ્યારે સામેનો કિનારો ક્ષેમયુક્ત અને ભયરહિત હતો. પરંતુ એ સામે પાર લઈ જવા માટે ત્યાં ન હતી નાવ કે ન હતો પુલ. ત્યારે તે માણસને થઇ આવે: ‘ઓહો! આ તો મહાન જલાર્ણવ છે અને તેને પાર કરવા કશું સાધન પણ નથી! તો પછી હું ઘાસ, લાકડાં, પાંદડાં વગેરે ભેગાં કરીને શા માટે એક તરાપો ન બનાવી લઉં? અને એની મદદથી હાથ પગ હલાવીને મહેનત કરીને ક્ષેમ-કુશલ સામે પાર કાં ન જાઉં?’ ત્યારે હે ભિક્ષુઓ! તે માણસ તરાપો બનાવીને કુશળતા વાપરીને સામે કિનારે પહોંચી જાય છે. પોતાના કામમાં સફળ થયા પછી, પાર ઊતર્યા પછી તેના મનમાં થાય: ‘આ તરાપો મને ઘણો ઉપયોગી નીવડ્યો છે. એની સહાયથી હું પાર ઊતરી શક્યો. તો પછી હું આ તરાપાને માથા પર રાખી કે ખભે ઉપાડી લઇ જ્યાં જાઉં ત્યાં સાથે શા માટે ન લઈ જાઉં?’ તો હે ભિક્ષુઓ! આ પ્રમાણે કરનાર માણસને તમે કર્તવ્યનું પાલન કરનારો માનો ખરા?”

“ના, ભન્તે!”

“ભિક્ષુઓ! એ માણસ એમ કરવાથી —એ તરાપાને ઉપાડીને આગળ પ્રયાણ કરવા લાગે તો—નકામો હેરાન જ થશે. અને હે

ભિક્ષુઓ! તે ઉત્તીર્ણ, પારંગત માણસને જો એમ થાય: 'આ તરાપાએ મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. એની સહાયથી હું પાર ઊતર્યો છું. તો પછી આ તરાપાને હવે અહીં જ મૂકીને, પાણીમાં જ તરતો રાખીને આગળ જાઉં અને જે કામ માટે તે મને ઉપકારક થયો છે એ કામ સારુ હવે હું આગળ કાં ન પ્રયાણ કરું?' ભિક્ષુઓ! આ પ્રમાણે કરનારો યોગ્ય કર્તવ્ય બજાવનારો કહેવાય કે નહીં?"

"હા ભન્તે!"

"તેવી જ રીતે હે ભિક્ષુઓ! પાર જવા માટે જ મેં તમને ધર્મનો ઉપદેશ આપ્યો છે; નહીં કે તેને પકડી રાખવા માટે. ધર્મનો તમે નકામો બોજો ન ઉપાડશો; એનો ઉપયોગ કરજો."

"કુલ્લોપમો ભિક્ખવે મયા ધમ્મો
દેસિતો નિત્થરણત્થાય।"

(પાર જવા માટે, નહીં કે પકડી રાખવા માટે.)

કલાકારનું જીવન

કાકા કાલેલકર

ઇશ્વર પોતાનો સૌંદર્યનો સંદેશો ગમે તેની મારફતે આપી શકે છે; જેમ પેલા અમલને રાજાનો કાગળ આણી આપનાર ટપાલી ગમે તે હોઈ શકે છે. પણ શું દિવ્ય સંદેશ વહન કરનારને માથે કશી ફરજ ન જ હોય?

ખુદાની વહી વહન કરનાર નબીએ પોતાનું જીવન જેમ ભક્તિથી તરબોળ કરી મૂક્યું હતું તેમ કળાકાર પણ પોતાનું જીવન મનુષ્યહિતચિંતક, સેવામય, પ્રેરણાપ્રદ, નિર્મળ અને દીક્ષિત એવું કેમ ન કરી મૂકે?

એટલે જેનામાં કંઈ પણ કળાની શક્તિ છે, કળા તરફ જેનું કંઇ પણ સ્વાભાવિક વલણ છે તેણે 'કેવળ કળાકાર' થઇને સંતોષ ન માનતાં પોતાનું જીવન એ કળાના અવતારને ધારણ કરી શકે એવું ઉદાર, ઉદાત્ત અને ઉત્તુંગ કરવું જ જોઇએ, સંસ્કૃતિના સર્વ પાસા સાથે એનો સમભાવ હોવો જોઈએ. પુરાણ અને ઇતિહાસ બંને સાથે એની ઊંડી ઓળખાણ હોવી જોઈએ. સમાજશાસ્ત્રથી અને માનસશાસ્ત્રથી તે અપરિચિત તો ન જ હોવો જોઇએ. આટલા જ્ઞાન સાથે આવતી સંસ્કારિતા એ બગલાની સાધુતા જેવી ઉપરઉપરની ન હોય પણ એનું આખું જીવન કારુણ્યમય અને પરાક્રમમય હોય તો જ એની કળાકૃતિ માથું ઊંચું કરીને બોલી શકે, હાથ ઊંચા કરીને દુનિયાને આમંત્રણ દઈ શકે, અને અંતે એ જ હાથે જીવન-વીરોને આશીર્વાદ પણ આપી શકે.

હું માનું છું કે મને મારું જીવન, મારી બુદ્ધિ અને મારું જ્ઞાન મારા માનવબંધુઓને જ્ઞાન આપવા માટે જ મળેલાં છે. હું માનું છું કે મારુ સત્યજ્ઞાન એ પણ એક શકિત છે એને તે આજ હેતુ માટે મને ધીરવામાં આવેલી છે: એ શકિત અગ્નિ જેવી છે, અને એ અગ્નિ જ્યારે વપરાતો હોય છે ત્યારે જ અગ્નિ રહે છે. હું માનું છું કે મારા જીવનનો એક જ અર્થ છે કે મારે મારું જીવન મારા અંતરદીપની પ્રેરણા પ્રમાણે ગાળવું અને મારે એ દીપને માણસો આગળ ઊંચો ધરવો જેથી તેઓ એને જોઈ શકે.

—ટૉલ્સ્ટૉય



આત્માની શક્તિ

ગુરુદયાલ મલ્લિકજી

એમ કહેવાય છે કે નેપોલિયને, જેણે કેટલાય દેશોને પરાજિત કર્યા હતા, જ્યારે તે હારી ગયા પછી સૅન્ટ હેલિનામાં કેદી તરીકે હતો ત્યારે એક દિવસે આવા શબ્દો ઉચ્ચાર્યા હતા: “આખરે આજે મને ભાન થયું કે તલવાર કરતાં પણ અનેક ગણી તાકાતવાળી વસ્તુ માણસનો આત્મા છે.” આપણે કલ્પી શકીએ છીએ કે તેના આ શબ્દો પાછળ કેટલી શાંતિ અને આનંદ સમાયેલાં હશે. પરંતુ એને આ સત્યનું જ્ઞાન થયા પછી જો એ પોતાના દેશમાં પાછો ફર્યો હોત અને આ સત્યનો પ્રચાર લોકોમાં કરવા લાગ્યો હોત તો લોકોએ તેને તીરોની ઝડીથી વીંધી જ નાખ્યો હોત!

માનવ-ઇતિહાસ એ તેના આત્મા અને દેહ વચ્ચે ચાલતું એક સતત ‘મહાભારત’ છે. અન્તે જય તો આત્માનો જ થવાનો છે, પણ એ દરમિયાન તેનું શરીર જેટલી પોતાની હોશિયારી અને હિંમત બતાવી શકે એમ હોય તે બતાવશે. પરંતુ જેમ જેમ મનુષ્યજાતિ વધારે ને વધારે આત્મવશ થઈ પોતાનું જીવન ઘડશે અને ગાળશે, તેમ તેમ અહિંસાનો ઉદય જગતમાં વધારે ને વધારે થતો જશે.

જ્યારે માણસના આત્માનો સતત અને સભાન (Couscious) સંબંધ પ્રભુ સાથે થાય છે ત્યારે અખિલ બ્રહ્માંડની શક્તિ તેની પાછળ ઊભી રહે છે. દરેક વ્યક્તિને તેની લાંબી જીવનયાત્રામાં એક વાર એવું નક્કી કરવું પડે છે કે તે પોતાના કાયમના સાથી તરીકે ભગવાન શ્રીકૃષ્ણને ઇચ્છે છે કે શ્રીકૃષ્ણની સેનાને. પરંતુ પ્રથમ તો તેને તેની શારીરિક શક્તિમાં જે વિશ્વાસ છે અને એનો તેને જે એટલો મોહ છે એનો તેણે પોતાની સાધનાથી ક્ષય કરવો પડશે.

જુદા જુદા સમયે જે અવતારો આપણી વચ્ચે આવે છે તેઓના આવવાનો એક જ મુદ્દો હોવો જોઈએ—અર્થાત માણસને યાદ આપવાનો—કે તેની સાચી શક્તિ તેના આત્મામાં જ છે અને આત્મબળ જ સૌથી ઉત્તમ અને ઊંચી કોટીનું બળ છે. તેથી જ

તો આકાશના તારાઓ હરરોજ મધરાતે નિઃશબ્દ ભાષામાં આપણને એવો સંદેશો આપે છે કે: અહિંસા જ સત્ય અને સાચી સત્તાનો માર્ગ છે.

(અંગ્રેજી 'ગીતાંજલિ' કાવ્ય ૮૯)

પ્રભુગૃહમાંથી આવ્યું જે દિન વીરો કેરું દળ,
તે દિન ક્યહાં હતું છુપાયું વિપુલ વીરોનું બળ ?
ક્યહાં હતાં બખ્તર, ક્યાં ખાંડાં,
ક્ષીણ દરિદ્ર અતીશ બિચારાં,
ચોદિશથી વર્ષ્યાં'તાં માથે બાણો અનર્ગળ,
પ્રભુગૃહમાંથી આવ્યું જે દિન વીરો કેરું દળ.
પ્રભુગૃહ માંહે ફરિયું જે દિન વીરો કેરું દળ,
તે દિન ક્યહીં છુપાયું પાછું વિપુલ વીરોનુ બળ ?
ધનુષબાણ ખાંડાં ક્યાં ખસિયાં ?
શાંતિ કેરાં હાસ્ય વિકસિયાં,
ચાલ્યા ગયા મૂકીને આખા જીવન કેરાં ફળ,
પ્રભુગૃહ માંહે ફરિયું જે દિન વીરો કેરું દળ,

[અનુ૰ નગીનદાસ પારેખ]

સરદારશ્રીની વાણી

સંપીને રહેશો તો સુખી થશો.

× × ×

સાચો ગૃહસ્થ તે કહેવાય જે એક વિષયમાં પૂરેપૂરું જ્ઞાન મેળવે. દરેક વિદ્યાર્થીએ પણ કોઇ એક વિષયમાં પરિપૂર્ણ જ્ઞાન મેળવવું જોઈએ. બાકીના વિષયમાં અપૂર્ણ હોય તો ચાલે. પણ બધા વિષયમાં અપૂર્ણ રહે તો આ દુનિયામાં ન ચાલે.

× × ×

હાથપગનો ઉપયોગ થવો જોઈએ. મગજ અને હાથપગ વચ્ચે અંતર ન જોઈએ.

× × ×

જગતમાં તમારે તરવું હોય તો હાથપગ ઉપર ભરોસો રાખો; મહેનતની સાથે મહોબત રાખો.

× × ×

મફત ચીજ મળે તેની કિંમત ઓછી થઈ જાય છે. પરિશ્રમથી મેળવેલી વસ્તુની કિંમત બરાબર અંકાય છે.

× * ×

તમે તમારી શક્તિ પ્રમાણે મર્યાદા આંકો.

× * ×

જેને ખુશામત પ્રિય હોય છે તેને સાચી વાત મીઠી ભાષામાં કહે તે પણ કડવી લાગે છે.

આ યુગ શ્રમજીવીઓનો છે, બેઠા ખાનારનો નથી. બુદ્ધિવાદનો જમાનો ખતમ થયો છે.

× * ×

પ્રજા રાજ્યની ભૂલ જોયા કરે તેથી કંઈ નહીં વળે. તેણે પોતાનો ધર્મ પણ પાળવો જોઈએ.

× * ×

સેવાધર્મ કઠણ છે, કાંટાની પથારી પર સૂવા જેવો છે.

× * ×

સત્તામાં જેટલો મોહ છે, પડવાનાં જોખમ છે તેટલાં સેવાની સત્તામાં પણ પડેલાં છે.

× * ×

થોડો ત્યાગ કરનારને હિંદુસ્તાનમાં લોકો પૂજે છે. જ્યાં તો લાખો પાખંડીઓ પૂજાય છે. ભગવું પહેર્યું એટલે ભોળો હિંદુ તેને સાધુ માને છે. ભગવાંધારી એટલા સાધુ નથી. તેમ ધોળી ટોપી ને ધોળું કુડતું પહેર્યું એટલે ગાંધીનો માણસ નથી થઈ જતો.

× * ×

ગુલામી એવી ચીજ છે કે લાંબે ગાળે મીઠી લાગે છે. ગુલામને છૂટવું ગમતું નથી. પાંજરાના પક્ષીની જેમ સ્વતંત્રતાની ભાવના એનામાંથી ઊડી જાય છે. પણ ગુલામીમાં રાખનારને એનું કલંક, દોષ લાગે છે. (ચાલુ)

પ્યારા બાપુ

અહિંસાની સમજ

કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

એક વાર મારા મિત્ર, પોતાની પત્ની તથા છોકરાઓ સાથે નદીએ નહાવા ગયા હતા. સાથે હું તથા બીજા મિત્રો પણ હતા. મારે તથા બહેનને નહાવું નહોતું. તેથી અમે કિનારા પર બેસીને જોતાં હતાં. બીજા પણ બેચાર જોવાવાળા હતા. બાકી નદીમાં ઊતર્યા. મારા મિત્રના નાના છોકરાને તરતાં આવડતું નહોતું, અને તે દિવસે તે શીખવાનો પ્રયત્ન કરતો હતો. એ સોળેક વર્ષનો હતો. મારા મિત્ર એને કાળજીથી શીખવી રહ્યા હતા. ઊંડા પાણીમાં લઇ જાય તો સંભાળતા હતા. બીજાઓ તો ઊંડા પાણીમાં જઈ તરવાનો આનંદ લૂંટતા હતા.

થોડી વાર છોકરાને અભ્યાસ કરાવી મારા મિત્ર એને ઓછા પાણીમાં મૂકી બીજાઓની સાથે થઈ ગયા. એ એકલો છીછરા પાણીમાં તરવાનો અભ્યાસ કરતો રહ્યો. ઘાટ પરના સર્વે જોવાવાળાઓનું ધ્યાન મધ્ય પ્રવાહમાં મજા કરવાવાળાઓ પ્રત્યે હતું. માત્ર એમાં બે આંખો અપવાદરૂપે હતી. એ બે આંખો તો એ છોકરા ઉપર જ ચોંટેલી હતી. 'જોજે, ત્યાં પાણી વધારે છે', 'ત્યાં જરા સંભાળ', 'અરે, આ બાજુ આવી જાને!', 'કેવો મૂર્ખ છે તું!', 'કહ્યું કે એ બાજુ ન જઈશ તોયે તે બાજુ જ જાય છે!' વગેરે હુકમોની ધાર માના મોઢામાથી છૂટ્યા કરતી હતી. છોકરો ગભરાતો નહોતો. એને કંઈક એવુંયે થતું હતું કે હવે હું કંઈ નાનો નથી. મારી સંભાળ હું લઈ શકું છું. મા નકામી જ ચિંતા કરી ટોક ટોક કર્યા કરે છે. પણ મા થોડી જ તેને તેના જુવાનીના અભિમાનની દૃષ્ટિથી જોતી હતી? એના પતિ અને મોટો દીકરો પણ ત્યાં તરતા હતા. તેઓ ઊંડા પાણીમાં હતા. સાચું પૂછતાં, કાંઈ જોખમ હોય તો તેઓ ખેડતા હતા. પણ બહેનને વિશ્વાસ હતો કે તેઓ તો તરવામાં કુશળ છે, અને આ છોકરો નથી. એ ભલે સોળ વરસનો થયો હોય, પણ આ પાણીમાં તે એને ધાવણા બાળક જેવો જણાતો હતો. આથી જ્યારે બીજા પ્રેક્ષકોનું ધ્યાન તરનારાઓની ગમતો પર ફરતું હતું, ત્યારે માનું ધ્યાન આ છોકરાની હાલચાલ પર ચોટેલું હતું.

બીજા જોવાવાળા અને આ માની વચ્ચે શો ભેદ હતો? શું કામ એનું ધ્યાન એ છોકરાના નીરસ પ્રયત્નો પર જ એકાગ્ર થયેલું હતું? બીજાઓની જેમ તે પણ મોટાઓની ગમતોને કેમ કુતૂહલથી જોતી નહોતી?

જો કોઇ સ્ત્રી આ લેખ વાંચશે તો કહેશે કે આ તે શું સવાલ છે? આ તો બિલકુલ સ્વાભાવિક વાત છે. એની જગ્યાએ અમે હોત અને અમારો દીકરો ત્યાં હોત તો અમારી દશા પણ એવી જ થાત. અમને તો સમજાતું જ નથી કે આમાં સવાલ કરવા જેવું શું છે?

પણ સવાલ તો એમ ઊઠે છે કે તો પછી બધા જોવાવાળાઓની મનોદશા એવી કેમ નહોતી? જવાબ એ છે કે, બીજા જોવાવાળા માત્ર આંખોથી જોતા હતા, હૃદયથી—અને માના હૃદયથી—જોતા નહોતા. આથી આંખોને જે મજેદાર લાગતું હતું તે બાજુ તેમનું મન પણ ખેંચાતું હતું. માતાની દશા જુદી હતી. એની આંખો સ્વતંત્ર નહોતી. તે એના હૃદય જોડે બંધાયેલી હતી. અને એ હૃદય આ વખતે એ શિખાઉ છોકરા પર પ્રેમથી ચોંટેલું હતું.

જો વાચક માતાના અને બીજા પ્રેક્ષકોનાં હૃદય વચ્ચેના આ ભેદને સમજી શકે તો એ

અહિંસાને સમજી શકશે. સર્વે પ્રાણીઓ પ્રત્યે એ હૃદયથી જોવું, જે હૃદયથી આ મા પોતાના દીકરા પ્રત્યે જોતી હતી, એમાં જ અહિંસાની સમજ છે.

મોતનું કારણ

મુકુલભાઈ

એક વાર એક સૂફી બગદાદ જઈ રહ્યો હતો. એવામાં રસ્તામાં તેણે કાળા ઘોડા ઉપર સવાર થઈને જતો એક બિહામણો માણસ મળ્યો. સૂફીએ પૂછ્યું: "ભાઈ, તમે કોણ છો?"

"કાં, તમે મને ન ઓળખ્યો? હું તો પ્લેગ છું."

સૂફી કહે: "કેટલાક તમને મરકી તરીકે ઓળખે છે ખરું ને? આ તરફ તમારી સવારી ક્યાં જઈ રહી છે?"

પ્લેગ બોલ્યો: "હું દમાસ્કસ જાઉં છું. ત્યાં અસંખ્ય માણસોનો મેળો મળ્યો છે. એટલે ત્યાં મને પૂરતો ખોરાક મળી રહેશે."

સૂફી કહે: "ભાઈ, તમે જ્યાં જાઓ છો ત્યાં સત્યાનાશ વળી જાય છે! તમે માણસોને મારવામાં જરા પણ વિચાર કરતા નથી. કોઈ પણ કામને અમુક મર્યાદા તો હોય જ ને?"

પ્લેગ બોલ્યો: "હું પણ મારા શિકારની મર્યાદા નક્કી કરું છું. આ વખતે મારે દશ હજાર માણસો પૂરતા છે. દશ હજાર કરતાં એકેય વધારે ભોગ મને ન ખપે."

એ વાતને થોડા દિવસ વહી ગયા. પેલા સૂફીને ખબર કાઢતાં એવા સમાચાર મળ્યા કે, દમાસ્કસમાં ભયંકર પ્લેગ ફાટી નીકળતાં ત્રીસ હજાર માણસો માર્યા ગયા છે. સૂફીને થયું, "પ્લેગ મને જૂઠું કહીને ગયો છે. હવે અહીંથી પસાર તો થાય, પછી એની વાત છે!"

થોડા દિવસ પછી પેલા સૂફીને પ્લેગનો ભેટો થઈ ગયો. સૂફીએ કહ્યું: "કાં પ્લેગભાઈ, તમે તો ભારે જૂઠાબોલા છો. તમે તો ફક્ત દશ હજાર માણસોને જ મારવાની વાત કરતા હતા ને? તો પછી ત્રીસ હજાર માણસોનો શા માટે ભોગ લીધો?"

પ્લેગ કહે: "સાંઈબાવા, આમ ગુસ્સે થવામાં સાર નથી. મેં તો દશ હજારથી એક પણ વધારે માણસનો ભોગ લીધો નથી. તમને જૂઠું કહેવામાં શો લાભ?"

સૂફી એ સાંભળી જરા ચીડાઈને બોલ્યો: "તો પછી મને જે સમાચાર મળ્યા છે તે ખોટા અને તમે કહો છો એ સાચું, એમ તમારું કહેવું છે ને? દમાસ્કસથી કેટલાય લોકોએ મને ત્રીસ હજાર માણસો મરણ પામ્યાના સમાચાર આપ્યા છે; તો શું એ બધા માણસો ખોટા અને તમે એકલા સાચા, ખરું ને?"

પ્લેગ બોલ્યો: "સાંઈબાવા, જરા ધીરા પડો. સાચી હકીકત તો એ છે કે, મેં તો ફક્ત દશહજાર માણસોનો જ ભોગ લીધો છે; પરંતુ બીજા વીસ હજાર માણસો તો બીકના માર્યા જ મરણ પામ્યા છે! માણસો મોતની બીકથી ગભરાઈ જઈને પોતાને હાથે મરી જાય એમાં મારો શો દોષ?"



ભાઈ કમળાશંકર,

ઉપવાસો વિષે સામાન્ય
માં ઘણ ભ્રમ રહેલ છે.
જો શરીરનાં [illegible] વધુ
જાણતાં થાય તો
ઉપવાસને [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

મોહનદાસ
૨૪ [illegible] [illegible]

[બાપુજી અહિંસાના સિદ્ધાંતના કસૈયા હતા. જેમ કોઇ સોની સોનાની પારખ કરવા માટે કસોટી પર સોનાને કસી જુએ છે, તેમ બાપુજી પણ કોઈ પણ વાતને અહિંસાની કસોટી પર કસી જોતા હતા. (અવશ્ય એમનો અહિંસાનો સિદ્ધાંત સત્ય પર જ સંપૂર્ણતઃ અવલંબતો હોવાથી અહિંસાની એમની મીમાંસામાં સત્ય અનુસ્યૂત હોય જ.) આમ ઉપવાસ વિષે પણ વિચારતાં બાપુજી તેને અહિંસાની કસોટીએ કસી જુએ છે.

બાપુજી પોતાને કદી જરાયે મહત્ત્વ આપતા નહોતા. 'અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો' એવો તેમનો દૃઢ આગ્રહ હોવાથી પોતાના વિષે કોઇ જરાય વધારે પડતું કહે અથવા એમના ઉપર કોઈ ગુણનો વધારે પડતો ભાર મૂકે તો તેઓ પોતાની સાચી સ્થિતિ દર્શાવવાનું કદી ચૂકતા નહિ. તેઓ તો પોતાના નિર્દય આત્મપરીક્ષક (Severe Self-examiner) હતા, તદુપરાંત, બાપુજીમાં નમ્રતા ભારોભાર હતી. આ વાતની પ્રતીતિ આપણને આ વખતના પત્રમાં થાય છે, અને એ જોતાં આપણને સર આઈઝેક ન્યુટનનું પેલું જગવિખ્યાત વાક્ય યાદ આવે છે: 'મારી સામે વિસ્તરેલા વિશાળ મહાસાગરને તીરે કાંકરા વીણતા બાળક જેવો હું તો છું.']

ભાઈ પ્રભાશંકર,

ઉપવાસ વિષે આપણામાં મતભેદ રહેશે. જો અહિંસા જેવી વસ્તુ જગતમાં હોય તો ઉપવાસને નાનું સરખું પણ સ્થાન મનુષ્ય જીવનમાં છે. ગુણાતીત હોવાનો મેં કદી દાવો કર્યો નથી. એ સ્થિતિ ઇચ્છું છું પણ હજુ તો હજારો જોજન દૂર પડ્યો છું.

૨૪-૮-૩૪ મોહનદાસના વં૦ મા૦

બાપુની પાંચ ભેટ

બ્રજકૃષ્ણ ચાંદીવાલા

વહેવારુ દુનિયાને બાપુજીએ પાંચ મુખ્ય ભેટ આપી છે.

સામાજિક, રાજકીય ને આર્થિક પરિવર્તન માટે:

૧. એક નવું શસ્ત્ર—સત્યાગ્રહ. જેમાં "અમારી સર્વે પ્રકારનાં કષ્ટ સહન કરવાની શક્તિનો તમારી દરેક પ્રકારની કષ્ટ આપવાની તાકાત સાથે, અમારા આત્મબળનો તમારા શારીરિક બળ સાથે મુકાબલો કરે છે. અમે તમારો તિરસ્કાર નહિ કરીએ, પણ તમારો હુકમ નહીં માનીએ. તમે ગમે તે કરો, અમે અમારી સહનશક્તિથી તમને થકવી નાખીશું. અને આઝાદીની ચળવળ દરમ્યાન અમે તમારા હૃદય અને વિવેકબુદ્ધિ પર એવી અસર પાડીશું કે છેવટે અમે વિજયી થઈશું. અમારો વિજય બેવડો હશે—અમે અમારી આઝાદી તો મેળવીશું જ, પણ તેની સાથે અમે અમને બંધનમાં રાખનારાઓને પણ જીતી લઈશું."

૨. સાધ્યને માટેના સાધનની શુદ્ધિ. શુભ સાધ્ય અશુભ સાધનથી હરગિજ મેળવી ન શકાય. સાધન ખરાબ હશે તો સાધ્ય પણ ખરાબ હશે.

૩. પોતાના સિદ્ધાંતો માટે સહન કરવાનો ને મરી ફીટવાનો દૃઢ સંકલ્પ.

૪. પોતે ન અપનાવી શકે એવો કોઈ આદર્શ ન હોય.

૫. નૈતિક દુનિયા એક છે અને તેથી વ્યક્તિ હોય કે સમાજ હોય અથવા આખું રાષ્ટ્ર હોય સૌનાં આચરણ એક હોવાં જોઇએ.

તરંગ, વિચાર, આગ્રહ, અને સંકલ્પ

પ્રભુદાસ ગાંધી

સાબરમતી આશ્રમના વિદ્યાર્થીઓના કામ બાબત તથા એમની પ્રગતિ તથા ઊણપ બાબત એક વિદ્યાર્થી તરીકે મેં બાપુજીને એક વાર કેટલીક વિગતો લખીને આપી હતી. જેમાં ફરિયાદોયે હતી અને સૂચનો પણ હતાં. એના જવાબમાં બાપુજીએ મને ઠીક ઠીક સમજાવ્યો અને એક વાત ઉપર એમણે ખાસ ભાર મૂક્યો કે તરંગ એક વસ્તુ છે અને વિચાર બીજી વસ્તુ. બહુ તરંગ સારા નહીં. તરંગો કરવાથી ચિત્ત ડોળાઈ જાય છે. અને એનું ફળ ભાગ્યે જ મળે છે. એ અસ્થિર બુદ્ધિનું અપલક્ષણ છે.

વિચાર માણસને ચડાવનારી વસ્તુ છે. જે કામ, જે પરિસ્થિતિ આપણી સામે આવી પડે તેનું મનથી પૂરેપૂરું પરીક્ષણ કરવું અને સારાસાર સમજવો એનું નામ વિચાર. પ્રાર્થના કરતાં આડે આવે, ઊંઘ બગાડે, કામ કરવાની એકાગ્રતા ઢીલી કરે એ વિચાર નથી, તરંગ છે. અને તરંગમાં આપણે ઘણી વાર ખોટે રસ્તે ચડી જઇએ છીએ. જે કામ કરવાની આપણી શક્તિ ન હોય એની ચર્ચાઓ ઉખેળ્યા કરવી એ શક્તિનો બગાડો છે. જેનાથી આપણી શક્તિ વધે તે વિચાર કહેવાય અને ઘટે તે તરંગ કહેવાય.

એ જ પ્રમાણે બાપુજી આગ્રહ અને સંકલ્પમાં મોટો ભેદ પાડતા હતા. કોઈ કહે છે કે હું ચાર વાગે ઊઠવાનો આગ્રહ રાખીશ, મારાં કપડાં જાતે ધોવાનો આગ્રહ રાખીશ, મરી-મસાલા ન ખાવાનો આગ્રહ રાખીશ, તો બાપુજી કહેતા કે એ બધો મૂડી-વાદ છે. એ નિયમનું પાલન કરવા પહેલાં જ છટકબારીની ગોઠવણ એમાં રહેલી હોય છે. અને આગળ જતાં નિયમ પાળવામાં મન ચોંટે તેના કરતાં એ નિયમ આઘો હડસેલવાનાં બહાનાં મન ખોળવા લાગે છે. જ્યારે સંકલ્પમાં તો કોઈ પણ જાતની છટકબારીને અવકાશ હોતો નથી. મન મોળું પડે તો પણ સંકલ્પના જોર સામે એનું કંઈ ચાલતું નથી. સંકલ્પ લીધો એટલે એને પાર પાડવામાં માણસે પોતાની શક્તિનો અણુએ અણુ ખર્ચી નાખવાનો હોય છે.

વિચાર અને સંકલ્પની શક્તિ વધારવી એ જ સાચી કેળવણીનો આદર્શ ગણાય. અને જો એક વાર એવી કેળવણી ગ્રામ જનતાને મળે તો એના જીવનમાં બહુ ભારે પ્રગતિ થયા વિના રહે જ નહીં. અને આપણા સમાજમાં ખરેખરી ક્રાંતિ આપોઆપ થાય.

જેઓ ક્રાંતિ-ક્રાંતિના પોકારો કરે છે અને પછાડા મારીને ક્રાંતિ લાવવાના પ્રયાસો કરે છે, એ કાચા પ્રયાસ હોય છે. એમાં વિચારનું જોર નહીં, તરંગનો ઉછાળો હોય છે. સંકલ્પની સ્થિરતા અને સામર્થ્ય એના મૂળમાં નથી હોતાં. આગ્રહનાં કઢંગાં જાળાં ક્રાંતિના એવા તરંગો પાછળ ખડકાયેલાં હોય છે.

સાર એ કે જો માનવતાનો વિકાસ આપણે સાધવો હોય તો તરંગો અને આગ્રહો જતા કરી આપણે વિચાર અને સંકલ્પ તરફ વળવું જોશે. અને એમાં જ ચિત્ત પરોવવું જોશે.

મા અને બાપુ હજો પિતરો સમાં અમ અંતરે.

મુ૦ ૬૦

સર્વાંગી બાપુજી

પંડિત સુખલાલજી

આજે આપણને માર્ગદર્શન આપનાર કોઈ નથી એવું આપણને ભાસે છે. ચોમેરથી એક જ બૂમ આવે છે કે કોઈ દોરવણી આપનાર નથી. બાપુજી હતા ત્યારે તો સતત જાગ્રત રહીને આપણને દોરવણી આપતા; એટલે આજે બાપુજીની ખોટ સાલે છે. આપણા દેશમાં અનેક આર્થિક, રાજકીય અને સામાજિક પ્રશ્નો ઊભા થયા છે. તે વખતે બાપુજીની ગેરહાજરીને લીધે છાપાવાળા, વિદ્વાનો, રાજકારણી પુરુષો બધાયને ભારે મૂંઝવણ રહે છે.

બાપુના ગયા પછી કિશોરલાલભાઈ પાસેથી આપણને કંઇક હૂંફ મળતી. એમણે પોતાના સ્થાનમાં રહી ગાંધીજીના આચારવિચારને પોતાના જીવનમાં સાચી રીતે ઉતાર્યા. એથી જ આપણે માન્યું કે તેઓ ગાંધીજીને સાચી રીતે સમજતા હતા. માણસ જ્યારે કોઈ પણ સિદ્ધાંતને જીવનમાં આચરે છે, ત્યારે આપણે માનીએ છીએ કે તે સિદ્ધાંતમાં ચુસ્ત છે.

આજે માણસની સામે કોઈ ચોક્કસ નીતિ જ નથી. એટલે આપણે સૌ મૂંઝવણના વખતમાં બાપુને યાદ કરીએ છીએ, પણ તેઓ જ્યારે જીવતા હતા ત્યારે તેમને ઘણા ઓછા માણસો સમજી શક્યા હતા. આપણા દેશની આ પામરતા છે. અને તે આજે માણસને સાલે છે.

પણ બાપુ તો મહાન હતા. તેમનું જીવન એકાંગી નહોતું. તેમના વિચારો જીવનનાં બધાં પાસાંને સ્પર્શ કરતા હતા. એટલે આર્થિક, રાજકીય, સામાજિક, ધાર્મિક બધી બાબતોમાં તેમણે દુનિયાને દોરવણી આપી છે. જીવનનું કોઈ પાસું એવું નથી જેનો તેમણે આર્ષ દૃષ્ટિથી વિચાર ન કર્યો હોય. તેમની અસર જીવનનાં બધાં અંગો ઉપર જણાય છે. તેઓ યુગપુરુષ હતા.

ગાંધીજીનો માર્ગ સરળ છે, છતાં દુષ્કર છે. સાદાઈથી જીવવું, પોતાની ભૂલો નિખાલસ રીતે કબૂલ કરવી, અને સતત પરિશ્રમ એ બાપુજીના મહત્ત્વના સિદ્ધાન્તો છે. આજે તો ગાંધીજીનું નામ લેતા માણસો એવું કહેતા સંભળાય છે કે અમે જ ગાંધીજીને સમજીએ છીએ. આવું અભિમાન આપણામાં ન હોવું જોઇએ.

બાપુજીની દૃષ્ટિ સર્વાંગી હતી. તેમની વિચારસરણી આખા જીવનને આવરી લેતી હતી. તેમને મન આર્થિક અને ધાર્મિક જીવનના ટુકડા ન હતા. આખું જીવન એક હતું. આહાર–વિહાર, ધંધો–રોજગાર, સાહિત્ય–સંગીત, વાચન–લેખન, કુટુંબજીવન કે સમાજજીવન દરેકમાં એક જ વસ્તુ સત્ય અને અહિંસા નીતરવી જોઇએ, એમ તેઓ માનતા. તેમણે પોતાના જીવનમાં એ કરી બતાવ્યું અને જીવનના એકેએક પ્રશ્નને એમણે એ રીતે ઉકેલી બતાવ્યો.

બાપુજીની આ દૃષ્ટિ આપણે બરાબર સમજી લેવી જોઇએ.

હૃદયનો વ્યાપાર

ગુરુદેવ

મા પોતાના બાળકની સેવા કર્યા વિના રહે જ નહિ. પરંતુ તે ઉપરાંત પણ તેનો સ્નેહ આપમેળે જ વિના કારણ વ્યક્ત થાય છે. અને તે વેળા તે કેટલી રમતમાં, કેટલા આદરમાં, કેટલી ભાષામાં અંદરથી બહાર ઊછળી આવે છે! પોતાના બાળકને ભાત ભાતનાં વસ્ત્રો પહેરાવીને જાતજાતનાં ઘરેણાં ઘાલીને બિલકુલ પ્રયોજન વિના પોતામાં રહેલી સમૃદ્ધિને સમૃદ્ધિ દ્વારા, માધુર્યને સૌંદર્ય દ્વારા વ્યક્ત કર્યા વિના મા રહેતી નથી.

આ પરથી જણાય છે કે આપણા હૃદયનો ધર્મ જ પોતાના આવેગને બાહ્ય જગતની સાથે મેળવી દેવામાં રહેલો છે. તે પોતામાં જ પોતે પૂરો નથી. પોતાના આંતરિક સત્યને ગમે તેમ કરીને જ્યારે તે પ્રતિષ્ઠિત કરે છે, ત્યારે જ તે જંપે છે. જે ઘરમાં પોતે રહે છે, તેને તે માત્ર માટીચૂનાનું માનતો નથી, પરંતુ તેનું વાસ્તુ કરીને તેને પોતાના હૃદયનો પાસ લગાડે છે. જે દેશમાં હૃદય વસે છે, તે દેશ તેને માટે માત્ર માટી, જળ કે આકાશ રહેતો નથી, પરંતુ જ્યારે ઇશ્વરના જીવધાત્રીરૂપને જનનીભાવે પ્રકાશિત કરે છે, ત્યારે જ તે આનંદ પામે છે. તે સિવાય હૃદય પોતાને બહાર જોઈ શકતું નથી. આમ ન થાય તો હૃદય ઉદાસીન થઈ જાય છે અને ઔદાસીન્ય હૃદયને માટે મૃત્યુસમાન છે.

સત્યની સાથે હૃદય એ રીતે જ રસનો સંપર્ક સાધે છે. જ્યાં રસનો સંબંધ હોય છે, ત્યાં આદાનપ્રદાન ચાલે છે. એ વિશ્વરૂપી કુટુંબમાંથી આપણી હૃદયલક્ષ્મી જેવી ભેટ મેળવે છે, તેવી જ ભેટ પાછી ન વાળી શકે તો તેના ગૃહિણીપણામાં ક્ષતિ પહોંચે છે. પોતાનું સગપણ જણાવવા માટે જાતજાતના માલમશાલાથી, ભાષાથી, સ્વરથી, પીંછીથી, પથ્થરથી તે પોતાનું સર્જન કરે છે. આમ કરવા જતાં જો તેનું કાંઈ પ્રયોજન સર્યું તો ઠીક, નહિ તો ઘણી વાર તે પોતાનું પ્રયોજન નષ્ટ કરીને પણ માત્ર પોતાનો પ્રકાશ કરવાને વ્યગ્ર બને છે અને તે વેળા પોતે દેવાળિયા થઇને પણ તે પોતાની ઘોષણા કરે છે. માનવપ્રકૃતિમાં આ જે બહાર દેખાઇ આવવાનો વિભાગ છે, એ જ તેને ખોટે ખરચે ચડાવે છે; અને અહીંયાં જ બુદ્ધિરૂપી ખજાનચીને વારંવાર કપાળ કૂટવું પડે છે.

હૃદય કહે છે: ‘જેટલું હું અંતરમાં છું, તેટલું જ બહાર સત્ય શી રીતે થાઉં? એવી સામગ્રી, એવો સુયોગ બહાર ક્યાં છે?’ તે માત્ર ધૂંધવાયા કરે છે કે પોતાને તે બહાર પ્રતિષ્ઠિત કરી શકતું નથી! જ્યારે કોઈ ધનવાન માણસ પોતાના હૃદયમાં પોતાના ધનિકત્વનો અનુભવ કરે છે, ત્યારે ત પોતાના ધનિકત્વનો પ્રકાશ કરતી વેળા કુબેરના ધનને વિસાતમાં ગણતો નથી. જ્યારે કોઈ પ્રેમી પોતાના હૃદયમાં યથાર્થ પ્રેમને અનુભવે છે, ત્યારે તે પ્રેમને પ્રકટ કરવા માટે તે પોતાના ધન, માન, પ્રાણ સર્વને પળમાત્રમાં તીલાંજલિ આપે છે. આ પ્રમાણે બહારને અંતરની અને અંતરને બહારની સામગ્રી બનાવવાની હૃદયની પ્રબળ વ્યાકુળતા કશાથી મટતી નથી. બલરામદાસે એક પદમાં જણાવ્યું છે: ‘હૃદયના ઊંડાણમાંથી તને કોણ બહાર લાવ્યું?’

અર્થાત્ પ્રિય વસ્તુ જાણે કે હૃદયની અંતરની વસ્તુ છે. તેને કોણે બહાર આણી? વળી પાછી તેને અંતરમાં સ્થાપવા કેટલી આકાંક્ષા! આથી ઊલટું પણ જોવામાં આવે છે. જ્યારે હૃદય પોતાના અંતરની આકાંક્ષા અને આવેગને બહાર પ્રતિષ્ઠિત ક શકતું નથી, ત્યારે અંતે ઉપકરણ દ્વારા તે પોતાને જ હાથે પોતાની પ્રતિમૂર્તિ ઘડવાને તનતોડ પ્રયાસ કરે છે. આ પ્રમાણે જગતને પોતાનું અને પોતાને જગતનું કરવા માટે હૃદયની વ્યાકુળતા સતત ચાલુ હોય છે. પોતાને બહાર જણાવવું એ પણ આ કાર્યનું જ એક અંગ છે. આમ પ્રકટીકરણમાં હૃદય મનુષ્યનું સર્વસ્વ ખોવરાવવા છતાં તેને રાજી રાખે છે.

ધર્મશાસ્ત્રનું તાત્પર્ય

નરેન્દ્રભાઈ શં૦ જોશી

પ્રાચીન કાળની વાત છે. એક રાજા ઘોડા પર બેસી શિકારે જવાની તૈયારી કરી રહ્યો હતો. ત્યાં એક વિદ્વાન પંડિત પાંચસોએક પુસ્તકો ભરીને રાજા સમીપ આવી પહોંચ્યો.

રાજાએ આ જોઈ પંડિતજીને પૂછ્યું, “આ શું છે?”

પંડિતે જવાબ આપ્યો: “આ ધર્મશાસ્ત્રનાં પુસ્તકો છે. સાંભળવા જેવાં છે. આપની ઇચ્છા હોય તો હું આપને એ સંભળાવું.”

રાજાએ કહ્યું: “અત્યારે હુ બહાર જઈ રહ્યો છું. આટલાં પુસ્તકો સાંભળવાનો મને સમય નથી. માટે મને માફ કરો.”

પંડિતે કહ્યું: “બધાં ન સાંભળવા હોય તો થોડાંક સાંભળો. આપની ઇચ્છા હોય એટલા હું આપને વાંચી સંભળાવું.”

“માફ કરજો, અત્યારે તો બધી જ તૈયારીઓ થઈ ચૂકી છે અને મારે બહાર જવું જ જોઇએ. છતાં તમે જ્યારે આવ્યા જ છો ત્યારે કહું છું, હું ઘોડા પર બેસું તે સમયમાં જો કાંઈ સંભળાવી શકો તેમ હો તો ઠીક છે.”

પંડિતે કહ્યું: “જેવી આપની ઇચ્છા. શાસ્ત્રોમાં જે કહ્યું છે તેનું તાત્પર્ય આપને એક ક્ષણમાં જ સંભળાવું છું. જે વાત કોટી ગ્રંથોમાં કહેવામાં આવી છે તે જ વાત હું હમણાં અર્ધા શ્લોકમાં કહું છું અને તે એ છે કે, પરોપકાર એ પુણ્ય છે અને બીજાને પીડા કરવી એ પાપ છે.”

રાજાએ ઉપદેશ સાંભળ્યો અને પ્રસન્ન બની પંડિતને યોગ્ય દક્ષિણા આપવાનું કહી ઘોડા મારી મૂક્યો.

હજારો મણ કચરો ખૂબ પરિશ્રમ કરીને કાઢીએ ત્યારે કોઈ હીરો હાથ લાગે છે. આપણે એવો થોડો પણ પરિશ્રમ કચરારૂપી જૂઠ કાઢવાને અને હીરારૂપી સત્ય શોધવાને માટે કરીએ છીએ ખરા?

ગાંધીજી

ત્રિવેણી સંગમ

સંકલનકર્તા : મુ૦ ક૦

(૪૮)

બાપુ એક પાટલાનો તકિયો કરીને બેસતા. ઘણી વાર એ પાટલો દીવાલની સાથે સીધો અઢીંગીને રાખતા. ખૂણો કરીને નહીં. એક વખતે મહાદેવભાઈએ કહ્યું: "બાપુ, ખૂણો કરીને રાખ્યો હોત તો પડ્યા નહીં કરે અને જરા આરામ લાગે."

બાપુ કહે: "એ તો આરામ લાગે. પણ ખરી ખૂબી સીધો રાખવામાં જ છે. કેડ અને કરોડ તેથી સીધી રહે, નહીં તો વળી જાય. એવો નિયમ છે કે એક વસ્તુ સીધી રાખો એટલે એની મેળે બધીને સીધા થવું પડશે, અને એક બાબત વાંકી રાખી કે પછી અનેક વાંક ઘૂસવાના."

(૪૯)

એક વાર 'યેલ રિવ્યુ'માં લાસ્કીનો એક લેખ મહાદેવભાઈએ બાપુને વાંચી સંભળાવવામાં આવતાં બાપુ કહે: "સૅંકીનું પોલાપણું લાસ્કી સમજી ગયો લાગે છે. મને આનંદ થાય છે કે એની અને બીજાઓની આંખ ઉઘાડનાર હું જ હતો. કારણ સૅંકી વિષેનો મારો અભિપ્રાય મેં કદી ઢાંક્યો જ નથી."

મહાદેવભાઈએ પૂછ્યું: "બાપુ, સૅંકીના કાગળનો જવાબ હવે આવવો જોઈએ."

બાપુ: "કયો કાગળ?"

"એના લેખ વિષે આપે લખેલો તે."

"વળી એને કાગળ ક્યારે લખ્યો હતો?"

વલ્લભભાઈ: "અરે, બાપુ, આમ ભૂલી જશો તો કેમ ચાલશે? હજી આપણે સ્વરાજ લેવું છે ને!"

પછી મહાદેવભાઈએ કાગળની યાદ આપી. કેટલીક વિગત આપી ત્યારે બાપુ કહે: "હવે કંઈક ઝાંખું સ્મરણ થાય છે."

આવી વસ્તુ બાપુ ભૂલ્યાનો આ પહેલો દાખલો મહાદેવભાઈના જાણવામાં આવ્યો તેથી તેઓ નવાઈ પામ્યા. બીજી કેટલીક બાબતો સાવ ભૂલી ગયાના દાખલા તેઓ જાણતા હતા, પણ આને તેઓ મહત્ત્વનો ગણતા હતા. તેથી રાત્રે સૂતી વખતે મહાદેવભાઈએ બાપુને પૂછ્યું: "બાપુ, તમને નાની વસ્તુઓ એવી યાદ રહે છે કે મને ઘણી વાર આશ્ચર્ય થાય છે. ત્યારે આવી મોટી વાત, જે કાગળ આટલી ચર્ચા અને વિચાર પછી આપે લખેલો તે આપ કેમ ભૂલી જાઓ? આજે જ આપે કહ્યું દાઊદને કાગળ લખેલો તે ફલાણાના કાગળમાં બીડ્યો હતો. એ આપને યાદ રહે અને આ ભુલાય એ વિસ્મય પમાડે છે."

બાપુ: "એવું મારે વિષે બન્યું છે, એનું કારણ એ કે આ બન્ને નાનકડા કાગળોની મારી પાસે કિંમત જુદી જુદી હતી. જેમાં કોઈ માણસનું કલ્યાણ સમાયેલું હોય એ વળી હું કદી ન ભૂલું."

મહાદેવભાઈ: "હા, સ્મૃતિની વ્યાખ્યા તો એ જ ના કે જે યાદ રાખવાની જરૂર હોય તે યાદ રાખવાની અને બાકીનું ભૂલી જવાની શક્તિ."

બાપુ: "હા, સૅકીના કાગળને મેં એવી અગત્ય આપી જ નહોતી. એ લખાયો ને ભુલાયો. બાકી દાઊદનો કાગળ યાદ રહ્યો. કારણ એમાં એક મનુષ્યના ઊંડા હિતની વાત રહેલી. સૅકીને તો હું લખાવીને ભૂલી ગયો. સાચી વાત એ છે કે મોટી લાગતી ચીજો મને મોટી નથી લાગતી અને નાની મોટી થઇ જાય છે. મહાભારત લાગતાં કામો મને મહાભારત લાગ્યાં જ નથી. ચંપારણથી માંડીને તે આજ સુધી બધાં કામો હું શોધવા ન ગયેલો પણ મારા ખોળામાં આવી પડ્યાં જાણે. અને એમ જ ચાલ્યું જાય છે. ભગવાન નભાવ્યે જાય છે."

(૫૦)

બાપુની ડાબા હાથની કોણી દુખતી હતી તે ઉપર લાકડાનાં પાટિયાં બાંધવામાં આવ્યાં. ડૉકટર બિચારો ડઝન વાર બોલ્યો હશે, તમને તકલીફ થાય તો કહેજો હોં કે, પણ બાપુ શાના બોલે? બાપુ કહે: "આથી આરામ થવાનો છે એમ તો નહીં કહી શકું, પણ ડૉક્ટર કહે છે તો અખતરો કરી લેવો."

ડૉકટર વાતૂડિયો હતો. દેશના ભિખારીઓની વાત નીકળી. ડૉકટર કહે: "સશક્ત માણસોને ભીખ માગતા બંધ કરવા જોઈએ, એમ તમે પણ માનો છો ને ગાંધીજી?"

બાપુ કહે: "જરૂર."

ડૉકટર કહે: "કાયદો કરો ખરા?"

બાપુ: "લૉર્ડ રેડિંગનો અંદાજ છે કે આપણે રોજના ૧૬ લાખ રૂપિયા આ ભિખારી ઉપર ખર્ચીએ છીએ, એટલે દાનમાં આપીએ છીએ. એનો બીજો ઉપયોગ ન થાય?"

વલ્લભભાઈ: "હા, પણ એનાં કરતાંય વધારે ડેકોઇટો ઉપર ખર્ચીએ છીએ."

ડૉકટર: "હું સમજ્યો નહીં."

વલ્લભભાઇ: "અરે શું? મારા સાહેબ, વિલાયતથી આ બધા ધાડપાડુ જ આવેલા છે ને! એ કાંઈ ડેકૉઇટ કરતાં સારા કહેવાય?"

(૫૧)

એક દિવસે રેંટિયો ચલાવતાં પૈડું ફરે નહીં અને હાથ દુખતો હોવાથી ડૉકટરના કહેવાથી હાથ ન અડાડવાની પ્રતિજ્ઞા લીધી હતી. એટલે પગને અંગૂઠે જ એને હલાવવાનું. એક હાથમાં પૂણીનો તાર, એક પગ પગા ઉપર અને બીજો પગ ઊંચો કરીને એ ચક્ર ફેરવતા બાપુ જાણે નટરાજ લાગતા હતા.

વલ્લ૦ ભાઈ હસતા હસતા કહે: "મારી પાસે કૅમેરા હોય તો છબી પાડી લઉં!" [ચાલુ]

ઇંદ્રિયોનો સ્વભાવ

વિનોબાજી

ઇંદ્રિયોનો સ્વભાવ એવો છે કે, આ કરશો નહીં એમ તેને ફરમાવો એટલે અચૂક તે જ કરે. જાહેરખબરનો આપણને એવો અનભવ નથી કે? ઉપર લખે છે, "વાંચશો નહીં." એટલે વાંચક અચૂક મનમાં કહે છે, "આ શું વાંચવાનું નથી? તો એ જ પહેલું વાંચી લઈએ." પેલું "વાંચશો નહીં" છાપેલું હોય છે તે વાંચનાર નીચેનું વાંચે એ જ ઉદ્દેશથી છાપેલું હોય છે. માણસ જે ન વાંચવાનું કહ્યું હોય તે જ ખાસ કાળજીથી વાંચી જાય છે. નિર્ગુણ ભકિતમાં મન ભટકતું રહેશે. સગુણ ભકિતમાં એવું નથી. તેમાં આરતી છે, પૂજા છે, સેવા છે, ભૂતદયા છે, ઇંદ્રિયોને ત્યાં પૂરતું કામ મળી રહે છે. એ બધી ઇન્દ્રિયોને બરાબર કામે વળગાડી પછી મનને કહો, "હવે જા તારે જવું હોય ત્યાં." પણ પછી મન જતું નથી. તેમાં જ રમમાણ થઈ જશે, ખબર ન પડે તેમ એકાગ્ર થશે. પણ મનને ખાસ જાણીબૂજીને એક ઠેકાણે બેસાડવા જશો તો તે અચૂક ભટકવા નાસી જશે. જુદી જુદી ઇન્દ્રિયોને સારામાં સારા સુંદર વ્યવસાયોમાં રોકો ને પછી મનને કહો કે હવે ખુશીથી જયાં ભટકવું હોય ત્યાં જા. પણ તે નહીં જાય. જવાની સદર પરવાનગી મળશે ત્યારે તે કહેશે, "આ આપણે બેઠા, નથી જવું." "ચુપચુપ બેસ." એવો હુકમ તેને કરશો તો લાગલું તે કહેશે, "હું ઊઠી જઈશ."

'પ્યારાં બાપુ



બાપુજીની મીઠી વાતો - ૧૦

સાને ગુરુજી

ઘણાને એમ લાગે છે કે ગાંધીજી નીરસ મનુષ્ય હતા. તેમના જીવનમાં કલા નહોતી, ગમ્મત નહોતી. એવી ઘણાની માન્યતા છે. પરંતુ તે ખરેખર ભૂલભરેલી છે. કાઠિયાવાડમાં વસો નામે નાનકડું રાજ્ય છે. દરબાર ગોપાળદાસ એ રાજ્યના માલિક. ગાંધીજી આફ્રિકાથી આવ્યા પછી તેમના ઉપદેશનું પરિણામ દરબાર ગોપાળદાસ પર ઘણું થયું. તેમણે પોતાનું નાનકડું સંસ્થાન આદર્શ બનાવવાનું વિચાર્યું. ગામમાં સાક્ષરતા શરૂ થઈ ગઈ. સ્વચ્છતાનું કામ શરૂ થઇ ગયું. દરેક જણ પોતાનાં આંગણાં સામે સાથિયા પૂરવા લાગ્યાં. ગામમાં જનતાનું ન્યાય–મંદિર શરૂ થયું. ત્યાં રાજ્યની પ્રજા પર જ મુકદ્દમો ચલાવી શકાતો. ગામમાં જુદી જુદી કલાને પણ ઉત્તેજન આપવામાં આવ્યું. સામુદાયિક નૃત્ય—ગરબા એવા ઉત્સવો થવા લાગ્યા.

એકંદરે વસો ગોકુળ જેવું આનંદમય થઇ ગયું. એક વાર દરબાર ગોપાળદાસને મનમાં થયું કે આપણી ગ્રામ નૃત્યકલા શહેરવાસીઓને બતાવવી. તેમણે અમદાવાદ જવાનું ઠરાવ્યું. વસોની ગ્રામ કલાવાન મંડળી સાથે લઇને દરબાર ગોપાળદાસ અમદાવાદ આવ્યા. અમદાવાદ શહેરમાં ગ્રામ નૃત્યોનો, રાસ, ગરબાનો સુંદર કાર્યક્રમ થયો.

કાર્યક્રમ પછી દરબાર ગોપાળદાસ સાબરમતી આશ્રમમાં ગાંધીજીને મળવા ગયા. "બાપુ, ગ્રામ નૃત્યકલાનો ખેલ શહેરવાસીઓને ઘણો જ ગમી ગયો." તે બોલ્યા.

"પરંતુ તમે એ પ્રથમ શહેરમાં બતાવ્યો. મારા આશ્રમમાં ન બતાવ્યો." બાપુ બોલ્યા:

"આપના આશ્રમમાં બતાવું?"

"એમાં વિચારવાનું શું હોય? ગામડાની નિષ્પાપ કલાનો હું ભોક્તા છું."

બીજે દિવસે આશ્રમમાં એ ગ્રામ કલાકારોએ મહાત્માજી સામે અત્યંત સુંદર કાર્યક્રમ કર્યો. કાર્યક્રમ ચાલુ હતો. મહાત્માજી દરબાર સાહેબને કહેવા લાગ્યા: "વસોનો રાજા પોતાના ગામમાં આવા કાર્યક્રમમાં ભાગ લે છે એ હું જાણું છું. તો પછી અહીં શા માટે

ભાગ લેતા નથી.? ગોપાળકૃષ્ણ ગોપાળો સાથે ખેલવામાં લજ્જા પામશે ખરા કે?"

એ સાંભળતાં જ દરબાર ગોપાળદાસ પણ ઊઠ્યા. પેલા ગ્રામ કલાકારો સાથે જોડાઈ ગયા. નાચતાં નાચતાં તેઓ પોતાના શરીરનું ભાન પણ ભૂલી ગયા. તેમને અપાર આનંદ થયો. ગાંધીજી ખુશ ખુશ થઈ ગયા.

બીજે દિવસે આશ્રમમાં એ કલાવંતોને બાપુએ ખૂબ પ્રેમથી ભોજન આપ્યું અને પોતે જ તેઓને પીરસવા લાગ્યા. બાપુ આવા હતા.

ગ્રામ જીવનમાં આનંદ પ્રેરનારી અકૃતિમ અને નિષ્પાપ કલા બાપુને ઘણી જ પ્રીય હતી.

ઈસ્લામી પ્રાર્થના

ઈસ્માઈલભાઈ નાગોરી

મિસરના રૂપરાણી ઝુલેખા હ૦ યુસૂફની પાછળ ગાંડી થાય છે ને એકાંત મળતાં મર્યાદા ચૂકે છે. યુસુફ એ પ્રલોભન સ્થાન મૂકી ભાગે છે ત્યારે બોલી ઊઠે છે: "હું મારા ચિત્તને ચાંચલ્યમુક્ત નથી ગણતો—એ તો મને બૂરાઈ તરફ ધકેલવા કરે છે, પણ પ્રભુની દયા વારી લે છે. ખરેખર મારો જીવનાધાર રક્ષાનો કરનાર રહેમવાળો છે." આમ જિંદગીના પ્રસંગે પ્રસંગમાં ભક્તોનું અવલંબન એક ઇશ્વર ઉપર જ રહે છે. એને પોતાનું ગુમાન નથી હોતું.

અડગ નિષ્ઠાથી, સ્થિર પગલે, નિર્મલ ચિત્તે સતત જાગ્રત રહી ભાગ્યે જ આપણે દિનરાતનું જીવન-ચક્ર ચલાવતા હોઇએ છીએ. અનેકવિધ સ્થૂળ કે સૂક્ષ્મ લાલચો આપણને ઠગાવતી હોય છે ને વળી આપણે સંભાળી જઈ સમતુલા જાળવી લઇએ છીએ. તનમનની અધૂરી રહેલ કેળવણીથી વિકાસની ગતિ મંદ થઈ જતી હોય છે. આનો ઉલ્લેખ એક બીજી પ્રાર્થનામાં છે: "ઓ સ્વામી, અમે તને ભૂલીને ખત્તાં ખાઇએ તોય અમને એમાંથી છોડાવ. જેટલી શક્તિ અમારી પાસે નથી તેટલી કસોટી પર ન ચડાવ. અમને ક્ષમા કર, અમારી રક્ષા કર, અમારા પર કરુણા કર, તું અમારો નાથ છો."

"રામ નામશું તાળી રે લાગી" એ નરસિંહ મહેતાનું વર્ણન જેને લાગુ પડે તેવા માણસોનો એક વિશ્વાસ હોય છે કે "વ મંય્ યતવક્કલ્ અલલ્લાહ-ફહોવા હસ્બોહ." "જે બધું ભગવાન પર છોડે છે તેના માટે ભગવાન પૂરતો છે." અધ્યાત્મનિત્યા જેનું વર્ણન છે એવા ખુદાના બંદા—પ્રભુના દાસ કાયમ વાંછતા હોય છે કે, "જેનાથી આ પૃથ્વી અને બ્રહ્માંડો અસ્તિત્વમાં આવ્યાં છે એવા ભૂતભાવન ભૂતેશ તરફ હું સાચેસાચ અભિમુખ થાઉં છું."

હ૦ આદમના મોંમાં જે પ્રાર્થના મૂકવામાં આવી છે તે અર્થપૂર્ણ છે: 'રબ્બના, ઝલમ્ના અન્ફોસના વ ઈલ્લમ્ તગ્ફિર્લના વતર્હમ્ના લનકુનન્ના મિનલ્ ખાસિરીન." —"જીવનવિકાસના હે સૂત્રધાર, અમે જ જુલમ કરીએ છીએ, અંધકાર ઉપજાવીએ છીએ—તું અમને બધાને ક્ષમા નહીં આપે તો અમે ખોનારા થશું." સુખ કે સગવડ, દ્રવ્ય કે વૈભવ, કીર્તિ કે કામના, સ્ત્રી કે સંતાન ખાતર માણસ કંઈક 'મેળવવા' માટે જ સાચુંખોટું-સારુંનરસું—કાળુંધોળું કરતો હોય છે. કામક્રોધમદલોભમાં તણાઈ એ 'પ્રાપ્તિ' પાછળ જ આમ તે દોડતા હોય છે પણ પરિણામે એ 'ખોનારો' જ હોય છે એનો આમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. એવી જ રીતે વ્યક્તિ કે સમાજ, રાષ્ટ્ર કે મોટા માનવસમૂહો દૃષ્ટિહીન થતાં પોતાને હાથે પતન ને પીડા વહોરી લેતા હોય છે. કરવાનું નહીં કરીને, બોલવાનું નહીં બોલીને, ન કરવાનું કરીને ને નહીં બોલવાનું બોલીને, ટૂંકમાં જીવનનો સાચો પ્રતિકાર જતો કરી આપણે અંધારામાં અટવાઇએ છીએ. ને આપણે આપણા પોતાના શત્રુ બનીએ છીએ. (ચાલુ)

ભક્તરાજ [અનુસંધાન પૃષ્ઠ ૨૮૬ થી ચાલુ]

કહ્યું: "આ બધું માણસને એ બોધપાઠ આપે છે કે કોઇએ આંખ બંધ કરીને ખૂબ ઊંચે ને ઊંચે ચડવું ન જોઇએ તેમ જ ઊંચા પર્વતના છેડા સુધી એકદમ જવું ન જોઇએ, નહિ તો ઉપરથી ગબડી પડીને તેના આવા હાલ થાય! સૌએ પોતપોતાની મર્યાદા સમજવી જોઇએ." આ ટેકરીનું નામ છે 'શરતચૂક'."

પછી ભરવાડો તેઓને બીજી ટેકરી પર લઈ ગયા. તેનું નામ હતું 'સાવધાન'. ભરવાડોએ ભક્તરાજ અને તેના સાથીને દૂર દૂર સુધી જોવા કહ્યું.

તેઓએ બંનેએ દૂર નજર નાખી જોયું તો કેટલાક માણસો આમતેમ ભટકતા ફરતા હતા અને વારે વારે ઊંડા ખાડાઓમાં ગબડી પડતા હતા! તેઓને બતાવતાં ભરવાડે કહ્યું: "આ લોકો આંધળા છે. અને તેઓ આમ હમેશ ભટકયા કરે છે."

ભક્તરાજે પૂછ્યું: "પણ તેઓની આવી દશા થવાનું કારણ શું?"

ભરવાડે ઉત્તર આપતાં કહ્યું: "તમે એ તરફ ઘાસવાળી જગ્યા જુઓ છો કે?"

તેઓ બોલ્યા: "હા."

ભરવાડે કહ્યું: "એ ઘાસવાળી જગ્યા પાસેથી પસાર થતી કેડી દુ:ખાસુર નામના રાક્ષસના સ્થાન તરફ જાય છે. કેટલાક યાત્રિકો એ સુંદર અને સીધેસીધી પસાર થતી કેડીથી છેતરાઈ જઇને એ માર્ગે આગળ વધે છે અને રાક્ષસના પંજામાં સપડાઈ જાય છે. પછી એ દુષ્ટ રાક્ષસ તેઓને ખૂબ દુ:ખ દઈને આંધળા બનાવી આમ ભટકતા મૂકી દે છે!"

આ સાંભળીને ભક્તરાજ અને આશાપ્રસાદ એકબીજાની સામે જોવા લાગ્યા અને તેઓની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. તેઓને થયું કે જો ત્યાંથી છટકી ન ગયા હોત તો તેઓની પણ આવી જ દશા થાત!

પછી ભરવાડો તેઓને બીજે સ્થળે લઈ ગયા. ત્યાં ટેકરીની એક બાજુએ દરવાજો હતો. તેને ભરવાડે ઉઘાડી નાખ્યો અને ભક્તરાજ તેમ જ તેના સાથીને અંદર જોવા કહ્યું. તેથી તેઓએ અંદર જોયું તો ભયાનક અંધકાર બધે છવાયેલો હતો અને ધુમાડાના ગોટેગોટા પથરાયેલા દેખાયા! વળી તેઓને એવું સંભળાયું કે દૂર અંદરના ભાગમાં જાણે ભડભડ અગ્નિ સળગતો હોય અને તેના ત્રાસથી માણસો ચિચિયારી પાડતા હોય!

ભક્તરાજે પૂછ્યું: "આ બધું છે શું?"

ભરવાડે કહ્યું: "આ રસ્તો નરક ભણી જાય છે."

પછી ભરવાડો માંહોમાંહે કહેવા લાગ્યા, 'ચાલો, આ યાત્રિકોને સ્વર્ગધામ તરફનો દરવાજો બતાવીએ.'

પછી તેઓએ ભક્તરાજ અને આશાપ્રસાદને એક દૂરબીનમાંથી એક ઊંચી ટેકરીની ટોચે જોવા કહ્યું. તેઓ ખૂબ ખૂબ પ્રયત્ન કરીને જોવા લાગ્યા. પરંતુ એ પહેલાં જ તેઓએ નરકદ્વારનું ભયંકર દર્શન કરેલું હોવાથી તેઓ એવા તો કંપી ગયા હતા કે સ્થિરતાથી તેઓ દૂરબીનમાંથી જોઇ શકતા ન હતા! તોયે તેઓએ ઝાંખું ઝાંખું જે કંઈ દેખાતું હતું તે પરથી અટકળે કહ્યું કે કોઈ સુંદર સ્થળ પાસેનો દરવાજો દેખાતો હોય એમ લાગે છે.

પછી ભરવાડે કહ્યું: "એ જ પરમ ધામે તમારે જવાનું છે. આ નકશો સાથે રાખજો. વળી રસ્તામાં તમને શઠરાય મળશે. તેના કહેવા પર ભરોસો રાખી અવળે માર્ગે દોરાઈ ન જતા. હવે, તમે આગળ પ્રયાણ કરો. શિવાસ્તે પંથાન: સન્તુ।"

ભક્તરાજ અને આશાપ્રસાદ ભરવાડોને નમન કરી આગળ ચાલવા લાગ્યા. આગળ

જતાં રસ્તો બે માર્ગે ફંટાતો હતો. અહીં તેઓ મૂંઝાઈ ગયા અને કયે માર્ગે જવું એ તેઓને સૂઝ્યું નહિ! એવામાં ત્યાં એક માણસ આવી પહોંચ્યો. તેનો રંગ શ્યામ વર્ણનો હતો અને તેણે પાતળો લાંબો ધવલ ઝભ્ભો પહેર્યો હતો. તે આવીને પૂછવા લાગ્યો: "દોસ્તો, તમે યાત્રિક હોવ એમ લાગો છો. આ તરફ ક્યાં જવા નીકળ્યા?"

ભક્તરાજ—ભાઈ, અમે સ્વર્ગધામ ભણી જઈએ છીએ.

માણસ—વાહ વાહ! બહુ સરસ! આ તો એક કરતાં ત્રણ ભલા. હું પણ ત્યાં જ જાઉં છું. ચાલો, ચાલો, એમાં મૂંઝાઈ શું ગયા? બે રસ્તા જોઇને અકળાવાની શી જરૂર? ચાલો, મારી સાથે સાથે આગળ વધો.

ભકતરાજ અને આશાપ્રસાદ પેલા અજાણ્યા માણસની સાથે આગળ ચાલ્યા. પણ તેઓને એમ લાગવા માંડ્યું કે આ રસ્તો સ્વર્ગધામથી દૂર ને દૂર ફંટાતો જાય છે! તોયે તેઓ પેલા માણસની સાથે આગળ ચાલ્યા.

પણ થોડે દૂર જતાં ભક્તરાજ અને આશાપ્રસાદ જમીન પર પાથરેલી જાળમાં એકાએક સપડાઈ પડ્યા! તેઓ એવા તો જકડાઈ ગયા કે હવે શું કરવું એ પણ તેઓને સૂઝ્યું નહિ.

એવામાં પેલા માણસના શરીર પરથી ધવળ ઝભ્ભો નીચે સરી પડ્યો. અને ભક્તરાજ તેમ જ આશાપ્રસાદને ખાતરી થઈ કે, 'અરે, આ તો પેલો શઠરાય છે!' અને શઠરાય 'હા... હા....હા...હા....' કરતો જોરથી હસતો હસતો એ બંનેને જાળમાં સપડાયેલા મૂકીને ત્યાંથી આગળ ચાલતો થયો. (ચાલુ)

ચારિત્રહીન માનવી

મહાસતી ઉજજવળકુંવરજી

અમેરિકામાં જ્યારે ગુલામીની પ્રથા ચાલુ હતી ત્યારે ત્યાંના પ્રમુખ અબ્રાહમ લિંકન અને કેપ્ટન જોન બ્રાઉને આ પ્રથા દૂર કરવા માટે પ્રયત્ન કર્યો. જોન બ્રાઉને તો આ માટે એક સંઘ સ્થાપ્યો અને લોકોને કહ્યું, "હું મારા સંઘમાં કોલેરા, પ્લેગ અથવા ક્ષયના દર્દીઓને સહર્ષ સ્થાન આપીશ, પરંતુ ચારિત્ર્યહીન માનવીને મારા સંઘમાં કદી સ્થાન મળશે નહિ."

જેમ એક સડેલું પાન ટોપલીનાં બધાં પાનને બગાડે છે, તેવી જ રીતે ચારિત્રહીન માનવી આખા સંસારને બગાડી શકે છે. તમે કહેશો કે બિચારા એકલા માણસનું શું ગજું કે તે બધાને બગાડી શકે! પરંતુ આ વાત પર તમો ઊંડાણથી વિચાર કરશો તો તમો સહેલાઈથી તેની યથાર્થતા સમજી શકશો.

આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે એક તળાવમાં નાનો કાંકરો નાખવામાં આવે તો તેની અસર આખા તળાવમાં પહોંચે છે; તેવી જ રીતે મનુષ્યે ઉત્પન્ન કરેલ ઇર્ષા-દ્વેષનાં અશુભ પરમાણુઓ ધીમે ધીમે આખાયે વિશ્વમાં ફેલાઈ જાય છે.

તેથી ચારિત્રહીન માનવી પોતાને નુકસાન કરે છે, એટલું જ નહિ પરંતુ સાથે સાથે સારીયે દુનિયાને નુકસાન પહોંચાડે છે.

ગિરનારી વેલો

અનવર આગેવાન

કાળી કોયલ કલકલે, ભેરવ કરે ભભકાર,
નિત નગરાં ગાગડે, ગરનારી વેલનાથ.

સમાજના નીચલા થરમાંથી, ધરતીની ધૂળમાંથી આળોટીને આવેલો વેલો જાતે કોળી. ગિરનારી ભેરવનો ખેલનારો વેલો મૂળ ક્યાંનો? કોણ એનાં માવતર? તેમ જ તેના જીવન સંબંધી બધી વાતો રહસ્યગર્ભમાંથી વણપ્રસવી રહી છે. એના વિશે કેટલીક વાતો લોકહૈયાના વહેણે વહેતી જોવામાં આવે છે તેમાં મુખ્ય વાત આમ છે: જૂનાગઢ તાબાનું શેરગઢ નામે ગરાસિયાનું ગામડું. તેમાં જસમત પટેલ. સેજળીઆનું કુળનું ખોરડું. એને ત્યાં વેલો (ખેતરના) સાથી તરીકે હતો. એક વાર જસમતને કોઈએ કાન ભંભેરણી કરી કે, "વેલો તો તને દિવાળું દેવા બેઠો છે. એ કંઈ ખેતરે કામ કરતો નથી. ઈ તો ઝાડને ટાઢે છાંયે આખો દિ સૂતો રહે છે." આ વાત્ સાંભળી જસમત પટેલ તો વાડીએ ગયા; જ્યાં જઈને જુએ છે તો કોદાળી એની મેળે સાંઠીયું સૂડે છે! આ જોતાં એને અચંબો થાય છે. અને એ તો ભરઊંઘમાં પોઢેલા વેલાને ચરણે ઢળી પડે છે. બસ, એ જ ઘડીએ વેલાએ શેરગઢથી પ્રયાણ કર્યું. ઊતરી ગયો ગિરનારમાં જતાં જતાં વેલાએ જસમતને કોલ આપ્યો કે, "જા, મારા મરતુક પછી તારા કુળનો કોઈ જણ શિવરાતને દિ' મારી જગ્યાએ — સાત બરડીએ આવીને તંબૂરામાં ભજન બોલશે, એટલે હું પાણીના રૂપમાં આવીને દર્શન આપીશ."

આ પછી વેલાએ લગાતાર બાર બાર વર્ષનાં અઘોર તપ ગિરનારી ગેબી ગુફામાં કર્યાં કહેવાય છે. તપશ્ચર્યા પૂરી કર્યા પછી ભવેસરની તળેટીમાં દાતણ કર્યું અને એની ચીર રોપી. એમાંથી એક વડલો ફાલ્યો. જે આજ પણ વેલા-વડને નામે ઓળખાય છે.

આ બાર બાર વરસના ગેબી ગાળામાં શું શું બન્યું? ગુરુ કેવી રીતે ભેટ્યા. એ પહેલાં જસમત પટેલને ત્યાં સાથી હતો ત્યારે સિદ્ધિ ક્યાંથી વરી? એનો ઉલ્લેખ કશો જ નથી મળતો. પણ એમના ગુરુ કોઈ ગિરનારી યોગી વાઘનાથ નામના હતા એ એમનાં ભજન પરથી જણાય છે.

'વેલા'ના યોગ પંથના સિદ્ધ પુરુષો સાથે બેસણાં હતાં. આખરે એ એની જોગંદરી જમાતમાં ભળી ગયો ત્યારે 'વેલોનાથ' કહેવાયો. 'વેલા'ની સિદ્ધિ વર્ણવતું એના શિષ્ય રામૈયાનું પદ છે કે,

અઘોર નગારાં તારાં વાગે
ગરનારી વેલા!
અઘોર નગારાં તારાં વાગે!
મોય દશ વડલો બિરાજે — ગરનારી૦
ગોમુખી ગંગા ભીમકુંડ ભરિયા
પરચે પાણીડાં પોંચાડે — ગરનારી૦
ચોસઠ જોગણી બાવન વીર રે
હોકાર્યાં મોઢા આગળ હાલે — ગરનારી૦
વેલનાથ ચરણે બોલ્યા રામૈયો ધણી
ગરનારી ગવ્વે બિરાજે — ગરનારી૦

માનવ-કાયાને શહેરનું સ્વરૂપ નિરૂપીને વેલનાથે જીવનની સાચી પારસમણી એ કાયા નગરમાંથી શોધી લેવા યોગવાણીનાં જૂજવાં જૂજવાં રૂપકો દ્વારા સમજાવ્યું છે કે,

બાજી કેમ આવે હાથ
બાજી કેમ આવે હાથ રે
લાગી રે લડાયું કાયા શે'રમાં જી રે!
સમજે વાતું સમજાય

વેદે વાતું વહાય રે!
મૂરખ નરને કયાં જઈ કેવું રે — બાજી૦

હે વીરા!
સાચી વસત હે તારા શે'રમાં રે જી;
દુનિયા અંધી મ થાવ!
દુનિયા ભૂલી મ જાવ રે!
કરો દીપક ને ઘર ઢૂંઢીએ રે જી — બાજી૦

હે વીરા!
તરકસ તીરડાં ભાથે ભર્યાં રે જી;
થોથાં કાયકું ઉડાડ!
થોથાં કાયકું ઉડાડ રે!
મરઘો મરે છે તારા વનમાં રે જી — બાજી૦

હે વીરા!
તખત તરવેણીના તીરમાં રે જી,
ધમણ્યુ ધમે છે લુવાર
ધમણ્યું ધમે છે લુવાર રે!
નૂર ઝરે ધણીના, શૂરા પીવે રે જી — બાજી૦
હે વીરા!
સાતમે સૂન મારો શ્યામ વસે જી;
કસ્તૂરી છે ઘર માંય
કસ્તૂરી છે ઘરમાંય રે!
અકળ અવિનાશીનાં રાજ કરે છે રે જી — બાજી૦
હે વીરા!
વાઘનાથ ચરણે વેલો બોલિયા રે જી;
ગુરુ દરચુંનો દાતાર
ગુરુ મુગતીનો આધાર રે!
અધમ ઓધારણ ગુરુને ધારવા રે જી — બાજી૦

પહેલી કડીમાં કહ્યું છે કે, હે મનવા! આ કાયા રૂપી નગરમાં છ શત્રુઓનું તુમુલ જુદ્ધ જામ્યું છે. એમાં તું કેમ કરીને જીવતરની બાજી હાથ મેળવીશ? છતાંય જો તારામાં સમજ (આત્મ જ્ઞાન) હશે તો તને એ સમજાશે—મળશે. બાકી તો અજ્ઞાની જનને ક્યાં જઇ કે'વું? કેમ સમજાવવું?

હે ભાઈ!

સાચી વસ્તુ તો તારા [કાયા રૂપી] શહેરમાં છે. દુનિયામાં આંધળો થઈ ભટક મા! આ દુનિયાને તો તું ભૂલી જા! મતલબ કે, એનો બધો માયા-મોહ ત્યાગીને અંતરમાં સત્નો દીવડો પ્રગટાવીને એ શોધી લે!

હે ભાઈ!

તારા કાયારૂપી ખેતરમાં માયા-મરઘલો મરે છે અને તારે ભાથે [સત્નાં, ભક્તિનાં] તીર ભર્યાં છે ને તું થોથાં શા માટે છોડે છે?

હે ભાઈ!

ભ્રકુટીને તીર-બ્રહ્મરંધ્રમાં જ્યાં આ પ્રાણ-સંચાલનની ધમણ ધમાઈ રહી છે. જ્યાં અલખ ધણીનાં તેજ વીલસી રહ્યાં છે, ત્યાં શૂરા હોય તે જઇને પીએ. મતલબ કે, યોગના નિયમ પ્રમાણે બ્રહ્મરંધ્રમાં અમૃતની કૂંપી ભરી છે. તો ભક્તિ-શૂરો બની તું એને મેળવી લે.

હે ભાઈ!

સાતમા બ્રહ્મરંધ્રમાં તારો શ્યામ બિરાજે છે, જ્યાં અકળ અવિનાશીનાં રાજ છે. આમ તારી દુનિયામાં જ કુદરત રૂપી કસ્તુરી છે. હરણ કસ્તુરીની વાસે જંગલમાં દોડી દોડીને પોતાના પ્રાણ ગુમાવે છે. અને એ તો પોતાની ડૂંટીમાં હોય છે; તેમ માણસ પરમાત્માને મેળવવા જગતમાં ઘૂમે છે ત્યારે એ તો એના અંતરમાં જ વસેલો છે.

હે વીરા!

ગુરુ તો દરચુનો દાતાર-માર્ગદર્શક છે; મુક્તિનો આધાર છે. માટે એવા અધમના ઉદ્ધારક ગુરુને તું ધારણ કરજે એમ વાઘનાથ ચરણે રહી વેલો બોલે છે.

* * *

ગાંધીમાળા

મણકો ૩જો : અહિંસા

સંકલનકર્તા : : : ચંદુલાલ બ. પટેલ

હું માનું છું કે, પૂર્ણ અવર્ણનીય નિષ્પાપ અવસ્થા — જ્યાં માણસ પોતાના અંતરાત્મામાં બીજી સર્વ વસ્તુઓ અલોપ થઈ કેવળ ઇશ્વરની જ હાજરી અનુભવે છે, —એ પામવી હરેક મનુષ્યને સારુ શક્ય છે. હું કબૂલ કરું છું કે એ હજુ ઘણે આઘેની અવસ્થા છે અને તેથી સંપૂર્ણ અહિંસાનો વર્તનક્રમ પ્રજાને ઘડી આપવાનો આજે હું અધિકારી નથી.

× * ×

સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. આવા વ્યાપક સત્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શનને સારુ જીવમાત્રની પ્રત્યેક આત્મવત્ પ્રેમની પરમ આવશ્યક્તા છે. આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથી અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માનું દર્શન કરવા અસમર્થ છે. એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યક્તા છે. એ શુદ્ધિ સાધ્ય છે, કેમકે વ્યક્તિ અને સમષ્ટિની વચ્ચે એવો નિકટ સંબંધ છે કે એકની શુદ્ધિ અનેકની શુદ્ધિ બરાબર થઈ શકે છે. અને વ્યક્તિગત પ્રયત્ન કરવાની શક્તિ સત્યનારાયણે સહુને જન્મથી જ આપી છે. પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું. શુદ્ધ થવું એટલે મનથી, વચનથી ને કાયાથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિરહિત થવું. તેને સારુ શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિદ્ધ વાત છે.

× * ×

નમ્રતાને વ્રતોમાં નોખું સ્થાન નથી અને ન હોઈ શકે. અહિંસાનો એ એક અર્થ છે, અથવા કહો કે એના પેટમાં છે. પણ નમ્રતા કેળવવાથી આવતી નથી. તે સ્વભાવમાં આવી જવી જોઈએ. સત્ય કેળવાય, દયા કેળવાય, નમ્રતા કેળવવી એટલે દંભ કેળવવો એમ કહેવાય.

× * ×

નમ્રતા એટલે હુંપણાનો આત્યંતિક ક્ષય.

વિચાર કરતાં માલુમ પડી જાય એવું છે કે, આ જગતમાં જીવમાત્ર એક રજકરણુ કરતાં પણુ કંઈ નથી. આ જીવનને પાણીના પરપોટાની ઉપમા આપી છે એમાં હું મુદ્દલ અતિશયોક્તિ નથી જોતો. આવી નમ્રતા—શૂન્યતા કેળવવાથી કેમ આવી શકે? પણુ વ્રતોને ખરી રીતે સમજવાથી નમ્રતા પોતાની મેળે આવતી જાય છે.

× * ×

ખેતી ઇત્યાદિ આવશ્યક કર્મો શરીર વ્યાપારની જેમ અનિવાર્ય હિંસા છે. તે હિંસા નથી મટતી પણુ તે અનિવાર્ય હોય તેને દોષ ઓછો લાગે છે, ને મનુષ્ય જ્ઞાન ભક્તિ આદિ વડે આ અનિવાર્ય દોષથી છેવટે મોક્ષ મેળવી આ હિંસાથી પણુ મુક્ત થાય છે. તેથી જ શરીર એ મનુષ્યને સારુ જેમ બંધનનું દ્વાર છે તેમ મોક્ષનું પણુ દ્વાર છે. તે જ પ્રમાણે જે કરોડપતિ થવા ખાતર ખેતી કરે તેને ખેતી બંધનનું દ્વાર છે. જે કેવળ આજીવિકા અર્થે કરે તેને તે મુક્તિનું દ્વાર બની શકે છે.

× * ×

ચોમેર હિંસાથી ઘેરાયેલા અને બળતા આ જગતમાં વિચરનાર જે મહાપુરુષે અહિંસારૂપી ધર્મને પ્રગટાવ્યો તેને સાષ્ટાંગ નમસ્કાર હજો.

× * ×

કર્મમાત્ર, પ્રવૃત્તિમાત્ર, ધંધામાત્ર સદોષ છે. આવશ્યક ધંધામાત્રમાં સરખો દોષ છે. મોતીના ધંધામાં, રેશમના ધંધામાં, સોનીના ધંધામાં, ખેતીના કરતાં ઘણો વધારે દોષ છે. કેમકે તે ધંધા આવશ્યક નથી. તેમાં હિંસા તો પુષ્કળ થાય છે. (ચાલુ)

અનુક્રમણિકા .... ૩૦ ડીસેમ્બર ૧૯૫૨

પૃષ્ઠ
૧ ત્વમેકમ્ શરણ્યમ ... ... ગાંધીજી ૨૮૧
૨ ભેદ ન જાને કોઈ ... કબીરસાહેબ ૨૮૨
૩ જીવનોન્નતિનો માર્ગ ... કેદારનાથજી ૨૮૩
૪ ભકતરાજ ... ... મુકુલભાઈ ૨૮૫
૫ ધર્મનો વિવેક ... પદ્મનાભ શ્રી. જૈની ૨૮૭
૬ કલાકારનું જીવન ... કાકા કાલેલકર ૨૮૮
૭ આત્માની શકિત ગુરુદયાલ મલ્લિકજી ૨૮૯
૮ સરદારશ્રીની વાણી... ... મુ૦ ક૦ ૨૯૦
૯ અહિંસાની સમજ ... કિશોરલાલભાઈ ૨૯૧
૧૦ મોતનું કારણુ ... મુકુલભાઈ ૨૯૨
૧૧ બાપુના પત્રો... ... ... ૨૯૩
૧૨ બાપુની પાંચ ભેટ . બ્રજકૃષ્ણુ ચાંદીવાલા ૨૯૪

પૃષ્ઠ
૧૩ તરંગ, વિચાર... ... પ્રભુદાસ ગાંધી ૨૯૫
૧૪ સર્વાંગી બાપુજી... પંડિત સુખલાલજી ૨૯૬
૧૫ હૃદયનો વ્યાપાર ... ગુરુદેવ ૨૯૭
૧૬ ધર્મશાસ્ત્રનું તાત્પર્ય.. નરેન્દ્રભાઈ જોષી ૨૯૮
૧૭ ત્રિવેણી સંગમ ... ... મુ૦ ક૦ ૨૯૯
૧૮ ઇંદ્રિયોનો સ્વભાવ ... વિનોબાજી ૩૦૦
૧૯ બાપુજીની મીઠી વાતો... સાને ગુરુજી ૩૦૧
૨૦ ઇસ્લામી પ્રાર્થના.. ઇસ્માઇલભાઇ નાગોરી ૩૦૨
૨૧ ચારિત્ર્યહીન માનવી ઉજજવળકુંવરજી ૩૦૪
૨૨ ગિરનારી વેલો ... અનવર આગેવાન ૩૦૫
૨૩ ગાંધી માળા... ... ચંદુલાલ બ. પટેલ ૩૦૭
૨૪ ગ્રંથાવલોકન ... ... મુ૦ ક૦

ગ્રંથાવલોકન

સુસંવાદ (શ્રી કેદારનાથજી સાથેના કેટલાક વાર્તાલાપો):

સંગ્રાહક: નીલકંઠ ઈશ્વરદાસ મશરૂવાળા; પ્રકાશક: શ્રી. રમણીકલાલ મગનલાલ મોદી, શાંતિનગર નં. ૧૭, આશ્રમરોડ, અમદાવાદ ૧૩; કિં૦ પાંચ આના; પૃ૦ ૫૦.

પૂજ્યશ્રી કેદારનાથજી મહાન સાધક અને મૌલિક વિચારક છે. નવજીવન પ્રકાશન મંદિરે પ્રસિદ્ધ કરેલું એમનું પ્રેરણાદાયી પુસ્તક "વિવેક અને સાધના" જેઓએ વાંચ્યું હશે તેઓને પૂજ્યશ્રીનો પરિચય થયો હશે જ.

આ પ્રસ્તુત નાનકડી પુસ્તિકા 'સુસંવાદ'માં પૂ૦ કિશોરલાલભાઈના ભત્રીજા **શ્રી.** નીલકંઠભાઈ જ્યારે યુવાવસ્થામાંથી પસાર થતા હતા ત્યારે તેમના અંતરમાં ચાલતું આદર્શો વચ્ચેનું દ્વંદ્વ યુદ્ધ તેમને અકળાવી મૂકતું હતું તે સમયે પૂજ્યશ્રી નાથજી આગળ પોતાની મૂંઝવણ કહેતાં તેઓશ્રી તેનો જે ઉકેલ બતાવતા હતા એનો સંગ્રહ છે. એ વિચારો કોઈ પણ શ્રેયાર્થી યુવકને તેમ જ સાધકને અતીવ ઉપયોગી થઈ પડે એવા છે.

આ પુસ્તિકામાં ૧૯ પ્રકરણો છે અને દરેક પ્રકરણમાં ભિન્ન ભિન્ન વિષયો પર પૂજ્યશ્રીનું મન્તવ્ય વ્યક્ત થાય છે. 'વાળ અને વેષ', 'સંસાર અને સંન્યાસ', 'જ્ઞાની અને કોમળતા', 'કર્મરતપણું અને પ્રસન્નતા', 'વિદ્યાર્થીઓના ધર્મો', 'સંસાર અને જીવનને જોવાની યોગ્ય દૃષ્ટિ', 'કળા અને મનુષ્યત્વ', 'પ્રત્યક્ષ સેવા એ જ ધર્મ', 'જીવનનિર્વાહ અને ધર્મ', 'કળાના નિમિત્તે અપવ્યય', 'જ્ઞાનને નામે દંભ', 'જીવ-સિદ્ધિ', 'તીર્થો વિષે વિચાર', 'નિષ્ઠા અને ધૈર્ય', 'ચિત્તની સમતા', 'ચિત્ત સમતાનો ઉપાય', 'ક્ષમા અને શાંતિ', 'સાદાઈ અને ધર્માધર્મનો વિચાર', વગેરે વિવિધ જટીલ પ્રશ્નોને પૂજ્યશ્રી નાથજી કેવી સરળતાથી સમજાવે છે તેનો ખ્યાલ આ પુસ્તિકા પરથી સહેજે આવે એમ છે.

પૂ૦ કિશોરલાલભાઈએ પણ 'પ્રસ્તાવના'માં આ પુસ્તિકાની અગત્યતા દર્શાવી છે.

આ પુસ્તિકા સૌ કોઈ વાંચે અને તેમાંથી પ્રેરણા મેળવે તો આ પુસ્તિકા પાછળ લીધેલો શ્રમ સાર્થક થયેલો ગણાશે. —મુ૦ ક૦

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂ. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું. પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર-વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

'પ્યારાબાપુ' કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક: ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિવિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ.

ર્ફી૪૦ ન૦ ઓ૦ ૫૨૫૫



મારા બાપુ



સંપાદકઃ નવીન ગાંધી

સંપાદકીય

ચોથા વર્ષના પ્રભાતે

ઉદ્ધરેદાત્મનાત્માનમ્
રૂપાયતન

ઈશ્વરકૃપા, વડિલોના આશીર્વાદ અને સૌના સહકારથી 'પ્યારાબાપુ' આજે ત્રીજું વર્ષ પૂરું કરી ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. મિત્રો અને સાથીઓનો સહકાર ન મળ્યો હોત તો અમારું આ કાર્ય આટલું યશસ્વી ન બન્યું હોત એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

'પ્યારાબાપુ' શરૂ કર્યું ત્યારથી જ મનમાં ઘોળાયા કરતું હતું કે નકરા બાપુના સાહિત્યનો પ્રચાર જ કરીએ એ બરાબર નથી એ સાથે રચનાત્મક પ્રવૃત્તિઓ પણ ચાલે અને એમાં નવો પ્રાણ રેડી શકીએ તો જ આપણું આ કાર્ય વધુ જીવંત અને યશસ્વી બને. આ કાર્ય મુંબઈ જેવા શહેરમાં તો ન જ ચાલી શકે એટલે મિત્રોના આગ્રહથી અમે સૌરાષ્ટ્રમાં જગ્યા પસંદ કરી. અને કાર્યાલયને પણ અનેક મુશ્કેલીઓ હોવા છતાં જૂનાગઢમાં ખસેડ્યું. અમે પસંદ કરેલી જગ્યા તો સાવ એકાંતમાં શહેરથી ત્રણેક માઈલ દૂર છે. અમે ધારેલું કે જગ્યા તરત મળી જશે અને કાર્યની શરૂઆત પણ પહેલી તકે કરી શકશું પણ જગ્યાનો કબજો મળતાં હજી વિલંબ થશે એમ લાગે છે. મિત્રો રૂપાયતનની શરૂઆત કઈ રીતે થશે તેની પૂછપરછ કરી રહ્યા છે. દરેકને જુદો જવાબ આપવો તો શક્ય નથી એટલે આ નવા વર્ષની શરૂઆતમાં એ વિષે 'પ્યારાબાપુ'માં જ આછી રૂપરેખા આપવી ઉચિત લાગે છે. સહુ આમાં યથાશક્તિ પોતાનો ફાળો આપે એમ અમે ઇચ્છીએ છીએ.

બાપુજી અને ગુરુદેવ એ બંને મહાવિભૂતિઓ આપણી સમીપ ઉચ્ચ આદર્શ મૂકી ગયેલ છે. અમે માનીએ છીએ કે, બાપુજી અને ગુરુદેવના આદર્શોનો સુભગ સમન્વય કરી એમાંથી નિષ્પન્ન થતા રચનાત્મક માર્ગનું અનુસરણ કરવામાં વ્યક્તિનું તેમ જ સમષ્ટિનું સાચું કલ્યાણ રહેલું છે. આ બંને-મહાવિભૂતિઓના ઉન્નત જીવનાભિલાષોના સમન્વયથી જ આપણું ભાવિ ગૌરવશીલ બની શકશે, અને એમાં જ આપણું શ્રેય રહેલું છે. તેથી અમે આવા સમન્વયને મૂર્ત કરે એવો સંસ્થા જૂનાગઢમાં સ્થાપવા નિશ્ચય કર્યો છે.

બાપુજી અને ગુરુદેવના આદર્શોના સમન્વયનો હેતુ સત્યની ઝાંખી કરવાનો છે. પરંતુ સત્ય તો અનેક રૂપે વ્યક્ત થઈ રહ્યું છે. તેથી પ્રત્યેક વ્યક્તિ સત્યનું દર્શન પોતપોતાના સ્વભાવ અને પ્રજ્ઞા પ્રમાણે કરી શકે છે. ગુરુદેવ તો કવિ હતા, એટલે એમણે સત્યનું દર્શન સૌંદર્યમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા (Harmony) દ્વારા કરવા પ્રયત્ન કર્યો; જ્યારે બાપુજી તો હતા કર્મ-યોગી, એટલે તેઓ તપ- સંયમશીલ કર્મ-માંથી નિષ્પન્ન થતી સંવાદિતા દ્વારા સત્યનું દર્શન કરવા મથ્યા. આમ સત્યનાં બે મુખ્ય લક્ષણ સૌન્દર્ય અને તપ છે......

અનુ૦ ટાઇટલ પે. ૩જું.

આરાધન

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૪ ૨૮ ફેબ્રુઆરી-૧૯૫૧ અંક ૧

બા અને બાપુ

[પૂ૦ બાના અવસાનને તા. ૨૨મીએ સાત વર્ષ પૂરાં થયાં. એમના અવસાન પછી પાંચમે દિવસે (તા. ૨૬–૨–'૪૪) બા વિષે બાપુજીએ કાઢેલા ઉદ્ગારો સુશીલાબહેન નય્યરે બાપુના કારાવાસની કહાણીમાં નોંધ્યા છે તે વાંચવા જેવા છે.]

આજે સાંજે બાપુ કહેવા લાગ્યા, "મારું મન બા સિવાય બીજી કોઈ વાતનો વિચાર કરતું નથી...."

મેં બાપુને કહ્યું, "બાપુ! બા ગયાં તેની અસર આપના પર મહાદેવભાઈ ગયા તેના કરતાંયે વધારે થઈ છે." બાપુ બોલ્યા, "હા, એમ બને. મહાદેવ ક્ષણવારમાં ચાલ્યા ગયા, પણ બાએ અઠવાડિયાંઓ સુધી ખૂબ વેદના સહન કરી. એ દિવસો મારાથી ભૂલાતા નથી...."

જે મેજ પર બા માથું રાખીને સૂતાં બેસતાં હતાં તે બાપુની આજ્ઞાથી તેમની પાસે લાવવામાં આવ્યું. એના પર હવે તેમનો નાસ્તો મૂકવામાં આવશે. કહે છે, "મારે માટે આ મેજ બહુ કીમતી બન્યું છે. એના પર માથું મૂકીને બેઠેલી બાનું ચિત્ર મારી નજર આગળ હમેશાં રહે છે. બા મારા હાથોહાથ ગઈ એ વાતનો એક બાજુથી મને સંતોષ છે, અને બીજી બાજુ બાસઠ કરતાંયે વધારે વરસના સાથીને ખોઈ હું દિઙ્મૂઢ જેવો બની ગયો છું." સાંજે ફરતી વખતે પણ બાની જ વાત ચાલી.

અંતકાળની વાત કરતાં બાપુ બોલ્યા, "બાએ અંતકાળે મને બોલાવ્યો અને મારા ખોળામાં ચાલ્યાં ગયાં એ એક અદ્ભુત વાત છે."

મેં જવાબ આપ્યો, "બાપુ, એ ઉપરથી ચોખ્ખેચોખ્ખું જણાય છે કે, ઉપર ઉપરથી બા આપના પર ગમે એટલાં નારાજ રહ્યાં હશે પણ અંદરથી તેમને આપના પર ભારે શ્રદ્ધા હતી અને આપના પરનો તેમનો પ્રેમ અતૂટ હતો. પત્નીએ આ રીતે પોતાના પતિની ગોદમાં જ છેવટની નિદ્રા લીધી હોય એવો બીજો દાખલો મને મળતો નથી."

બાપુ બોલ્યા, "એ તો છે જ; મેં પોતે પણ એવો દાખલો જોયો નથી. આપણા લોકોમાં તો આવો પતિપત્ની સંબંધ સામાન્ય રીતે હોતો નથી."



શાંતિનિકેતનનાં ભજનો

ઓ રે નૂતન જુગેર ભોરે દિસ ને સમય કાટિયે વૃથા
સમય વિચાર કરે — ઓરે
કિ હોબે આર કિ હોબે ના કિ ર’બે આર કિ ર’બે ના
ઓ રે હિસાબી !
એ સંસારેર માઝે કિ તોર ભાવના મિશાબિ — ઓરે
જેમન કરે ઝરણા નામે દુર્ગમ પર્વતે
નિર્ભાવનાય ઝાંપ દિયે પડ્ અજાનितेर પથે
જાગબે તતઈ શક્તિ જતઈ હાનબે તોરે માના
અજાના કે વશ કરે તુઈ કરબિ આપન જાના
ચલાય ચલાય બાજબે જયેર ભેરી
પાયેર વેગે પથ કેટે જાય, કરિસ ને આર દેરી — ઓરે

અરે ભાઈ, આ નવીન યુગની સવારે તું માત્ર વિચાર કરીને સમય વૃથા વેડફી નાંખીશ નહિ.

“શું થશે ને શું નહિ થાય?” “શું રહેશે?” “શું રહેશે નહિ?” – અરે હિસાબી, આવા મિથ્યા હિસાબ શેના કરે છે? આ સંસાર જે ચાલ્યા જ કરે છે, તેમાં તારી ચિંતા ભેળવીને શું તું તેમાં ફેરફાર કરી શકવાનો છે?

એવા નકામા વિચારો છોડી દઇને, જેમ એક ઝરણું દુર્ગમ પર્વતમાં પડવાની બીક રાખ્યા વિના નીચે ઊતર્યે જાય છે, તેમ તું પણ ચિંતા માત્ર મૂકી દઇને અણજાણને પંથે ભૂસકો મારી દે.

જેમ જેમ તારું અભિમાન હણાશે તેમ તેમ તારામાં શક્તિ જાગતી જશે અને ‘અણજાણ’ને પણ તું વશ કરી દઇને તારું જાણીતું બનાવી દઈશ !

તે પછી તો ડગલે ડગલે વિજયની ભેટી વાગશે; પગના વેગથી રસ્તો પોતાની મેળે જ કપાઈ જશે!

માટે, ઊઠ, જરાયે વાર કર્યા વિના તારું પ્રયાણ આજે નવીન યુગના પ્રભાતે શરૂ જ કરી દે!

અનુ૦ કુરંગી દેસાઈ

જીવન-સાધના

મુકુલભાઈ

વરસો પહેલાં મગધ દેશમાં મહાતીર્થ નામે ગામ હતું એમાં એક ધનાઢ્ય બ્રાહ્મણ કુટુંબમાં મહાકાશ્યપનો જન્મ થયો. એનું નાનપણનું નામ પિપ્ફલિ હતું.

એ મોટો થયો એટલે એની મા એની આગળ દરરોજ પરણવાની વાત કરે. પણ મહાકાશ્યપે તો આજીવન બ્રહ્મચર્ય પાળવાનો નિશ્ચય કર્યો હતો. એક તરફ પોતાનો ઉચ્ચ નિશ્ચય અને બીજી તરફ માતાનું વાત્સલ્ય. હવે શું કરવું? મહાકાશ્યપતો ભારે ધર્મસંકટમાં મુકાયો છેવટે ખૂબ વિચાર કર્યા પછી એને એક માર્ગ સૂઝયો. તેણે એક સોનીને હજાર સોનામહોરો આપી અને કહ્યું, “ભાઈ, તું મને એક સોનાની સ્ત્રી–મૂર્તિ ઘડી આપ.”

સોનીએ એને એક સુંદર સ્ત્રીની ઉત્તમ મૂર્તિ ઘડી આપી એનું કદ પણ સ્ત્રી જેટલું જ. એને વસ્ત્રો, આભૂષણો અને પુષ્પોથી શણગારીને મહાકાશ્યપ એ મૂર્તિને એની માતા પાસે લઈ ગયો અને બોલ્યો, “હે જનની, જો આવી સુંદર સ્ત્રી મળે તો હું પરણું.”

મહાકાશ્યપને મન એમ કે એવી સુંદર સ્ત્રી ક્યાંય મળશે નહીં અને આપણે તો અવિવાહિત જ રહી શકીશું. પણ એની મા ઘણી ખટપટી હતી. એણે તો આઠ ચતુર બ્રાહ્મણોને બોલાવ્યા અને પેલી મૂર્તિ બતાવીને કહ્યું, “તમે દેશોદેશ ફરીને ક્યાંયથી પણ આવી સુંદર સ્ત્રી મારા પુત્ર મહાકાશ્યપ માટે શોધી લાવો.”

એ ચતુર બ્રાહ્મણોને થયું કે મદ્રદેશની સ્ત્રીઓ ખૂબ સૌન્દર્યવતી હોય છે. માટે ચાલો આપણે પહેલાં ત્યાં જ જઈએ.

મદ્રદેશના શાગલ નામે નગરમાં આ આઠ ચતુર બ્રાહ્મણો ગયા. નગર પાસે વહેતી નદીને તીરે તેઓએ પેલી સુવર્ણ–પ્રતિમા મૂકી અને એક બાજુએ જઈને તેઓ વિસામો લેવા બેઠા.

તે વખતે કૌશિક ગોત્રના એક બ્રાહ્મણની દાસી નહાવા આવી. તેણે દૂર આ સુવર્ણ–પ્રતિમા જોઇ. તેને થયું હમણાં તો હું મારા સ્વામીની બ્રાહ્મણકન્યા ભદ્રાને સ્નાન કરાવીને ઘેર સુધી પહોંચાડી આવી છું અને એ પાછી અહીં ક્યાંથી? એણે તો હાથ ઊંચો કરી સાદ પાડી કહ્યું, “અલી ભદ્રા, એકલી અહીં આવી બેસતાં તને શરમ નથી આવતી?”

બ્રાહ્મણોએ આ સાંભળ્યું એટલે તરત જ તેઓ એ દાસી પાસે દોડી ગયા અને પૂછવા લાગ્યા, “અરે બહેન, આવી સુંદર સ્ત્રી અહીં કોઈ છે ખરી?”

દાસી પેલી સુવર્ણ–મૂર્તિને જોઈને કહેવા લાગી, “ભાઈઓ, તમારી આ મૂર્તિ તો જડ છે. પરંતુ અમારી ભદ્રા તો સૌન્દર્યની જીવન્ત મૂર્તિ છે. આ મૂર્તિ સાથે એની શી રીતે તુલના થઈ શકે?”

પેલા બ્રાહ્મણો તરત જ કૌશિક બ્રાહ્મણને ત્યાં દાસી સાથે ગયા અને બોલ્યા, “અમે મહાકાશ્યપના પિતાશ્રી તરફથી એમના પુત્ર માટે કન્યા શોધવા નીકળ્યા છીએ. અને અમને ખાતરી છે કે તમારી પુત્રી મહાકાશ્યપને જરૂર પસંદ પડશે. માટે આપ અમારું માગું સ્વીકારો.”

મહાકાશ્યપનો પિતા કપિલ બ્રાહ્મણ ઘણો પ્રસિદ્ધ હતો. આ કુળવાન કુટુંબમાં પોતાની

પુત્રી જાય એ વાત કૌશિકને શા સારુ ન ગમે? તેણે બ્રાહ્મણોનું કહેવું સ્વીકાર્યું અને પછી તો બંને કુટુંબ વચ્ચે પત્રવ્યવહાર થઈ વિવાહ નક્કી થયો.

આ વખતે મહાકાશ્યપની ઉંમર વીસ વરસની હતી અને ભદ્રાની સોળ વરસની હતી. બંનેને વિવાહ નક્કી થયાની જાણ થઈ. બંનેને સંસારમાં રહેવાની ઇચ્છા ન હતી. લગ્નના પાશમાં બંધાઈને નકામો ત્રાસ વેઠવો એ બંનેને ગમતું ન હતું. તેથી બંને વચ્ચે એ બાબતનો પત્રવ્યવહાર થયો. પણ મહાકાશ્યપ અને ભદ્રાનાં માતાપિતાના હાથમાં એ કાગળો આવતાં તેઓએ વાંચીને ફાડી ફેંકી દીધા. તેઓને થયું, "બંને હજી કાચી ઉંમરનાં છે. એ લોકો હજી સારાનરસાનો વિવેક ક્યાંથી કરી શકે?"

છેવટે મહાકાશ્યપ અને ભદ્રાને ઇચ્છા ન હોવા છતાં પરણવું પડ્યું.

હવે એ વખતે એવો રિવાજ પ્રચલિત હતો કે લગ્ન પછી દંપતીએ એક જ શયનગૃહમાં અને એક જ પલંગ પર સૂવું. તેથી મહાકાશ્યપ અને ભદ્રાને એક જ શયનગૃહમાં અને એક જ પલંગ પર સૂવું પડતું. પરંતુ ભદ્રા બંને વચ્ચે બે ફૂલના હાર મૂકતી અને મહાકાશ્યપને કહેતી, "આ બે હાર આપણી વચ્ચે મૂકું છું. જેના તરફનો હાર કરમાઈ જાય તેના મનમાં કામવિકાર ઉત્પન્ન થયો, એમ સમજવું."

આમ બંને જણ સદા જાગ્રત રહીને સંયમીશીલ જીવન ગાળતાં હતાં. જ્યાં સુધી મહાકાશ્યપનાં માતાપિતા જીવન્ત હોય ત્યાં સુધી બંને ઘર છોડી શકે એમ ન હતું.

આમ ઘણાં વરસ બંને જણે પોતાનું જીવન અખંડ બ્રહ્મચર્ય પાળીને વ્યતીત કર્યું. આખરે મહાકાશ્યપનાં માતાપિતા મરણ પામ્યાં. પછી મહાકાશ્યપે ભદ્રાને કહ્યું, "તું તારે ઘેરથી જે દ્રવ્ય લઈ આવી છું અને આ ઘરમાં મારું જે કંઈ છે એ બધું હવે તારું જ છે."

"પણ આપ ક્યાં જાઓ છો?" નવાઈ પામી ભદ્રા બોલી.

"હવે તો હું પ્રવ્રજ્યા લેવાનો છું. માતાપિતા હતાં ત્યાં સુધી મારે અહીં રહ્યા વિના છૂટકો ન હતો." મહાકાશ્યપે ધીરગંભીર અવાજે કહ્યું.

"આપનો આ વિચાર મને પણ ઉચિત લાગે છે. હું પણ આપની પાછળ આવું છું. મને પણ એ જ માર્ગે લઈ જાઓ."

"ભદ્રા, તને જેમ ગમે તેમ કર."

મહાકાશ્યપ પરિવ્રાજકના વેષમાં ઘર બહાર નીકળી પડ્યો. ભદ્રા પણ એની પાછળ પાછળ પરિવ્રાજિકા બનીને નીકળી પડી.

ગામથી થોડે દૂર ગયા પછી મહાકાશ્યપે શાંત સ્વરે ભદ્રાને કહ્યું, "ભદ્રા, તું મારી પાછળ પાછળ આવે છે એ સારું તો ન જ કહેવાય. લોકો કહેશે કે આપણે પ્રવ્રજ્યા લીધી પણ આપણો લગ્નસંબંધ તો કાયમ જ રહ્યો છે. તેથી અહીં બે રસ્તા જુદા પડે છે. હું એક રસ્તે જાઉં અને તું બીજે રસ્તે જા."

ભદ્રાએ કહ્યું, "આપ કહો છો એ યોગ્ય જ છે. આપ મારાથી મોટા છો, માટે આપ જમણે રસ્તે જાઓ અને હુ ડાબે રસ્તે જઈશ." એમ કહી ભદ્રા મહાકાશ્યપને પગે પડી ડાબે રસ્તે ચાલી.

બંને પોતપોતાને માર્ગે પ્રયાણ કરવા લાગ્યાં અને દૂર દૂર ચાલ્યાં ગયાં.*

---

*એક બૌદ્ધ કથા પરથી

કસ્તુરબા

કાકા કાલેલકર

પ્રથમ દર્શન

બાને પહેલવહેલાં મેં ઈ. સ. ૧૯૧૫માં શાંતિનિકેતનમાં જોયાં હતાં. બાપુ તે વખતે જ દક્ષિણ આફ્રિકાથી હિંદ આવ્યા હતા. શાંતિનિકેતનમાં મને કેટલીક મહાન વ્યક્તિઓ – રવીન્દ્રનાથ ટાગોર, દીનબંધુ એન્ડ્રુઝ, મિ. પિયર્સન, બા, બાપુ, મગનલાલભાઈ–ને મળવાનું સદ્‌ભાગ્ય મળ્યું. તેથી મારે માટે શાંતિનિકેતન એક અત્યંત પુણ્ય–ભૂમિ બની ગઈ છે. જ્યારે બા અને બાપુ ત્યાં આવ્યાં ત્યારે હું ત્યાં જ રહેતો હતો. શાંતિનિકેતને મને હૃદયથી બંગાળી બનાવી દીધો હતો. બા–બાપુની સ્વાગત વ્યવસ્થામાં મને પૂરતી તક આપવામાં આવી હતી. બાનો સાક્ષાત્કાર થયો તે પહેલાં મેં તેમને વિષે ઘણું સાંભળ્યું હતું. મગનલાલભાઈ પાસે તેમનું વર્ણન સાંભળીને પહેલેથી જ તેમના પ્રત્યે મને પૂજ્યભાવ હતો. ભારતવાસીઓ સ્વભાવથી જ માતૃપૂજક છે. હું તો ભગવાનને માતાના રૂપમાં જ ઓળખવા ઇચ્છું છું. મારું માનસિક બંધારણ જ કંઈક એવી વૃત્તિથી થયું છે. અને એમાં મને કશું અનુચિત નથી લાગતું. માતા પાસેથી જ આપણને બધા સંસ્કારોનો પાયો મળ્યો છે. તેની પાસેથા મેળવેલાં જન્મ, બાળપણના સંસ્કાર તથા ચારિત્ર્યની છાપ છેવટ સુધી આપણા જીવન પર પોતાનો પ્રભાવ રાખે છે. માતા પાસેથી જે મળે છે તે અંત સુધી રહે છે.

બા–બાપુ

શાંતિનિકેતનમાં બા અને બાપુનાં મને જે દર્શન થયાં તેની મારા હૃદય પર ખૂબ અસર થઇ. બા અને બાપુ પતિ – પત્ની હોવા છતાં પણ ભાઈ–બહેનની જેમ રહેતાં હતાં. કોઈ કોઈ વાર તો બાપુ તદ્દન બાળક બનીને માની જેમ જોતા અને વ્યવહાર કરતા. પાછળથી ગાંધીજીએ સ્પષ્ટ કર્યું કે જ્યારે વિકાર દૂર થાય છે ત્યારે સ્રી – પુરુષનો સંબંધ અદ્વિતીય બની જાય છે. તેમાં પુત્રી, બહેન, મા, સખી, પત્ની સૌનો એક પવિત્ર સંયોગ થાય છે. બાપુ પોતાની પત્નીને ‘બા’ કહીને બોલાવતા અને કસ્તુરબા ગાંધીજીને ‘બાપુ’ કહીને બોલાવતાં. આ પવિત્ર ભાવના જોઇને

હું કૃતાર્થ થઈ ગયો. આ મહાન સાધનાને સફળ કરવામાં બાનો પણ પૂરો ફાળો હતો. શાંતિનિકેતનમાં પહેલી રાતની પ્રાર્થના પછી બા–બાપુ ખુલ્લા આકાશ નીચે સૂઈ ગયાં અને અમે તેમનાં બાળકોની જેમ તેમની ચારે બાજુ સૂતા. તે પવિત્ર રાત્રીએ હું એકી વખતે બન્નેનો થઈ ગયો.

સ્વાભાવિકતા

હું માતૃપૂજારી છું. અંધભક્ત થવું મને પસંદ નથી. પરંતુ ભાવના શૂન્ય તર્કસિદ્ધ થવા કરતાં હું માતૃભક્તિમાં અંધ બનવાનું વધારે પસંદ કરીશ. જે શિક્ષણ અને અનુભવ મેં મેળવ્યાં તેને કારણે હું અંધભક્ત ન બની શક્યો. મારામાં હંમેશાં ચિકિત્સકની દૃષ્ટિ રહી છે. જીવનભર શિક્ષકનું કામ કર્યા પછી આજે હું કહું છું કે ચારિત્ર્યનું શિક્ષણ જ મુખ્ય આધાર છે. નિશાળના શિક્ષણનું જીવનમાં બહુ ઓછું મહત્ત્વ છે. મને ચારિત્ર્યની જે સ્વાભાવિકતા અને સમૃદ્ધિ બાના જીવનમાં દેખાઈ તે અદ્ભુત હતી. આવી સ્વાભાવિકતા બાપુમાં પણ નહોતી. બાપુની સાથે બાળકો વીંટળાયેલાં રહેતાં. જ્યારે તેઓ એમને રમાડતા ત્યારે તેમને બીક રહેતી કે હું મારાં સંબંધીઓના મોહમાં તો ફસાઈ નથી રહ્યો! એક વાર બાપુ ભોજન કરી રહ્યા હતા. કુમારી મનુ, જે તે વખતે તદ્દન નાની હતી, રમતી રમતી ત્યાં આવી પહોંચી અને બાપુએ પોતાની થાળીમાંથી એક દ્રાક્ષ તેને ખવડાવી. પણ પછીથી તેઓ વિચારવા લાગ્યા કે મેં આ યોગ્ય કર્યું ? મારા પુત્રની દીકરી હોવાને કારણે તો મેં પક્ષપાત નથી કર્યો ? પણ બામાં આવી વસ્તુ નહોતી. તેઓ પોતાના વહેવારમાં તદ્દન સ્વાભાવિક સાદાઈથી વર્તતાં હતાં. તેઓ સમજતાં હતાં કે સૌનાં બાળકો પર પ્રેમ કરવો સ્વાભાવિક છે અને પોતાનાં બાળકો સામે પોતાની જાતને ભૂલી જવી એ પણ સ્વાભાવિક છે. પણ આ ભેદને માનતાં છતાં બીજાંનાં બાળકો પ્રત્યે તેમનો પ્રેમ અતૂટ અને અખંડ હતો. જે ભેદ હતો, તે સ્વાભાવિક હતો.

બાપુ તો નિયમોનું પાલન કરાવવામાં કઠોર હતા. તેઓ આશ્રમના નિયમોનું પાલન નાનાં બાળકો પાસે પણ કરાવતા અને જ્યારે બાળકો તે ન પાળી શકતાં ત્યારે તેઓ તેમને સમજાવતા. બાને આ બધું ગમતું નહિ. તેમનો વાત્સલ્યભાવ એનો વિરોધ કરતો હતો. એક દિવસ બા બાળકો માટે કંઇક સારું ખાવાનું બનાવી રહ્યાં હતાં. બાપુએ આ મોહનો વિરોધ કર્યો ત્યારે બા લડ્યાં. કહેવા લાગ્યાં, “ બાળકો પર તમારો કાંઈ અધિકાર નથી.” બાપુને તે દિવસોની યાદ દેવડાવી જ્યારે તેઓ પોતાના સ્વાદની વસ્તુઓ બનાવવા માટે બાને કહ્યા કરતા. અને બોલ્યા, “આ બાળકોનું દિલ પણ એવું જ છે જેવું તમારું હતું.” આવે પ્રસંગે બાપુની હાર જ થતી. બાનું માતૃહૃદય સભર રહેતું. તેની સામે બાપુને પરાસ્ત થવું પડતું. એક બાજુથી તો આ હાર હતી પણ બીજી બાજુ એ પૂજા હતી. બાપુ જાણતા હતા કે માતૃત્વના આ સ્રોતથી કોઇનું પણ નુકસાન થવાનું નથી. બાનો આ વાત્સલ્યભાવ બધાં પર હતો. નહેરુ, એન્ડ્રુઝ, શ્રીનિવાસ શાસ્ત્રી વગેરે પ્રત્યે પણ તેમનો એ જ ભાવ હતો. જ્યારે આ લોકો આશ્રમમાં આવતા અને કોઈ વાતમાં બાપુ તેમની કડક ટીકા કરતા ત્યારે બા કહેતાં, ‘My husband not good’ (મારા પતિ સારા નથી). આવા ભાંગ્યા તૂટ્યાં અંગ્રેજી શબ્દો દ્વારા પણ તેઓ પોતાની ભાવના ખૂબ પ્રગટ કરતાં. એન્ડ્રુઝ તો બા જોડે કલાકો સુધી વાતો કર્યા કરતા. વાતચીતમાં એન્ડ્રુઝ....

[અનુ૦ પૃ૦ ૨૩મે]

ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવના ગીતાંજલિના કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીના મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સોના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ' ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. સૌને માટે આ મનનીય થઈ પડશે.]

મારી ઇચ્છાનો નવ પાર,
વંચિત કરી રક્ષ્યો, કરી મુજ પે કૃપા કઠોર કૃપાળ.
વણ માગ્યે દીધાં જે દાનો,
ગગન, પ્રકાશ, તન, મન, પ્રાણો,
તેને યોગ્ય કરે તું મુજને દીધું જે દાન અપાર;
અતિ ઇચ્છાના સંકટમાંથી રાખી મુજને બ્હાર.
કો દિન ભૂલું, કો દિન ચાલું તવ મારગ લક્ષ ધરીને,
તું એવો નિષ્ઠુર કે જાતો દૃગથી સરી સરીને.
જાણું નાથ, કૃપા એ તારી,
લેવા માટે મૂકે છે કાઢી,
પૂર્ણ કરી લેશે આ જીવન, મિલન તણી છે વાર,
અર્ધી ઇચ્છાના સંકટથી રાખી મુજને બ્હાર.

[અનુ૦ નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું આ ૧૪મું કાવ્ય સમજાવતાં પૂ૦ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા:–

જ્યાં સુધી આપણે પ્રભુ સાથેનો આપણો સાચો સંબંધ સમજતા નથી હોતા ત્યાં સુધી ઘણી ઘણી ઇચ્છાઓ આપણે માટે સેવીએ છીએ અને પ્રભુ પાસે, આપણા પરમ પિતા પાસે એવી માગણી કરીએ છીએ, 'હે પ્રભુ, તું મારી આટલી ઇચ્છા પૂરી કરજે.' ખરી રીતે આમ માગીને આપણે પ્રભુ પ્રત્યેના આપણા પ્રેમનું અપમાન કરીએ છીએ. જ્યાં સાચો પ્રેમ હોય ત્યાં માગણી એ અંતરાયરૂપ છે; એ પ્રેમમાં કચાશ બતાવે છે. કારણ સાચા પ્રેમમાં તો એવી અદ્ભુત શક્તિ રહેલી છે કે એને તો આપણને શાની જરૂર છે એ પહેલાંથી જ જાણ હોય છે. અંગ્રેજીમાં યથાર્થ જ કહ્યું છે, 'Love anticipates.'

નાનું બાળક 'ઊંઆં' કરે એટલે મા તરત સમજી જાય છે કે તેને દૂધ પીવું છે. વળી એ પાછું 'ઊંઆં' કરે કે મા સમજી જાય કે એને પેશાબ કરવો છે. એમ માત્ર

એક શબ્દ 'ઊંઆં' જ બાળક ઉચ્ચારે છે પણ એની જુદી જુદી જરૂરિયાતો મા આ એક શબ્દ પરથી જ સમજી જાય છે. તેમ આપણને પણ ઈશ્વર પ્રત્યેના પ્રેમમાં સાચી નિષ્ઠા હોય તો આપણા પિતા સમાન ઈશ્વર આપણી બધી ઇચ્છાઓ, જરૂરિયાતો સમજતા હોય છે, અને આપણને શાની જરૂર છે, આપણું હિત શામાં રહેલું છે એ બધાંનો વિચાર કરીને આપણને તે આપે છે. પરંતુ આપણે એ સમજી શકતા નથી અને ખૂબ અધીરા બની જઈ આપણે જે ઇચ્છતા હોઈએ તે ન મળવાથી અકળાઈ જઈએ છીએ, અને પ્રભુને દોષ દઈએ છીએ, "હે પ્રભુ, તું બીજાને સુખ આપે છે, એ લોકોને જે જોઈએ છે તે આપે છે, અને મને જ કાં તું આમ નકારે છે? તું બહુ જ પક્ષપાતી છે' પરંતુ આ આપણી ભૂલ છે.

એક વાર મને ટાઈફોઈડ થયો હતો. એંશી દિવસે તાવ ઊતર્યો. દાક્તર મારાં માશીને કહે, "માંદગી ઘણા દિવસ લંબાયેલી છે. પેટમાં અન્ન ગયું નથી. હવે તાવ ઊતરી ગયો છે, માટે એને ભૂખ છૂટશે અને ખાવાનું માગશે. પણ તમારે એને કંઇ આપવું નહિ. જો કંઈ આપશો અને કંઈ થઈ જાય તો તમે જાણો. મને પૂછવા આવશો નહિ." મને તો તાવ ઊતરતાં ખૂબ ભૂખ લાગવા માંડી. હું માશીને કહું: "માશી, મારે ભજિયાં ખાવાં છે, 'માશી, મારે સેવ ખાવી છે.' પણ માશી તો કહે: 'ના, ના. તારાથી એવું ન ખવાય. દાક્તરે મને ના પાડી છે.' મને મનમાં તો થતું કે માશી બહુ ખરાબ છે. બીજાને જે જોઈએ તે ખાવા આપે છે, અને મને તો ના પાડે છે! પણ માશીના એ નકારમાં મારું કલ્યાણ રહેલું હતું એ મને તે વખતે સમજાતું ન હતું. જો માશી થોડા નરમ થઈને હું જે માગતો હતો તે આપત તો ફરીને તાવનો ઊથલો આવત અને મારી દશા બૂરી જ થાત. પણ મારું હિત શામાં રહેલું છે એનો વિચાર કરીને જ મને માશી તો ખાવાનું આપતાં, પછી ભલેને એ વસ્તુ મને ન ગમતી હોય.

એ રીતે આપણે પ્રભુ પાસે માગીએ છીએ ત્યારે પ્રભુ પણ આપણને જે જોઈએ તે આપતો નથી. જ્યારે આપણે કંઈક ઇચ્છતા હોઈએ છીએ ત્યારે એમાં માત્ર આપણા કલ્યાણનો કે લાભનો વિચાર હોય છે; પરંતુ પ્રભુ તો સર્વના કલ્યાણમાં આપણું પણ કલ્યાણ ભળી જાય એ રીતે જ આપણને આપતો હોય છે. આમ શ્રેયસ્ અને પ્રેયસ્‌ની વાત આવે છે. આપણે પ્રેયસ્‌ને ઇચ્છતા હોઈએ છીએ જ્યારે પ્રભુ શ્રેયસ્‌ને અનુલક્ષીને આપણી ઇચ્છા પૂર્ણ કરતો હોય છે.

પ્રભુ પાસે માગવું એ પ્રભુના પ્રેમનું અપમાન છે, અને પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાની પણ ઊણપ બતાવે છે. એ પ્રભુના સાચા ભક્તો બરાબર સમજે છે. તેથી એ લોકો કંઈ ઇચ્છા જ કરતા નથી. પ્રભુની ઇચ્છા હશે એમ થશે એવી શ્રદ્ધા એ લોકોમાં હોય છે. આમ સંતોમાં Desirelessness અનિચ્છા હોય છે. એ અનિચ્છા Asceticism — સંન્યાસમાં પરિણમે છે ખરી. પણ એમાં આત્યંતિકતા (Extremity) સુધી ન જવું જોઈએ. જેમ સિતારના તાર બહુ ઢીલા હશે તો એમાંથી સુર નીકળશે નહી. બહુ જ ખેંચવામાં આવશે તો તૂટી જશે. પણ તારને જરૂર જેટલા જ ચડાવવા જોઈએ. એ જ રીતે સંન્યાસનું પણ હોવું જોઈએ. વળી Desirelessness એ જડતાનું પરિણામ ન હોવું જોઈએ. 'મારા નસીબમાં જે થવાનું હશે તે થશે.' એવી Negative નકારાત્મક વૃત્તિ પણ ન

હોવી જોઈએ. આપણને જેવી આપણા માબાપમાં આસ્થા હોય છે, તેઓ જે કંઈ કરશે તે આપણા ભલા માટે કરશે એવી નિષ્ઠા હોય છે, એવી જ પ્રભુમાં નિષ્ઠા હોવી જોઈએ અને એમાંથી જ desirelessness અનિચ્છા ઉદ્‌ભવવી જોઈએ.

પ્રભુમાં આવી શ્રદ્ધા જ આપણને ઇચ્છાના વમળમાંથી બચાવી શકે છે. જેમ આપણે મોટા થતા જઈએ તેમ માબાપ આપણા ભવિષ્ય વિશે વિચાર કરી આપણે માટે વ્યવસ્થાના વિચાર કરતા હોય છે. છોકરી મોટી થઈ હોય તો એને વિશે વિચાર કરી માબાપ એને પોતે કેટલાં ઉપયોગી થઈ પડીએ તેનો પહેલાંથી વિચાર કરતાં હોય છે. એ જ રીતે ઈશ્વર પણ આપણને શાની જરૂર ક્યારે પડશે એનો વિચાર કરતો હોય છે. બાળક માના પેટમાં હોય છે ત્યારે એને ત્યાં ખોરાક વગેરે મળી રહે છે. પણ બાળક એમ વિચાર કરતું નથી કે હવે હું માના પેટમાંથી બહાર નીકળીશ ત્યારે આ અજાણ્યા પ્રદેશમાં મને કોણ ઓળખશે ? મારું શું થશે ? માટે હે પ્રભુ, મને એક એવી ભલામણ ચિઠ્ઠી લખી આપો કે જેથી મને કોઈ ત્યાં ઓળખી શકે. પરંતુ એ જેવું માના પેટમાંથી બહાર નીકળે છે કે એની માની આસપાસ નર્સ વગેરે હોય તોયે તે તરત જ પોતાની માને ઓળખી કાઢે છે. અને એને માટે દૂધની વ્યવસ્થા પણ હોય જ છે. આ જ પ્રમાણે આપણા જીવનનો વિચાર કરીએ તો અવશ્ય આપણી કેટલીયે તુચ્છ ઇચ્છાઓ વિગલિત થઈ જાય છે અને આપણું શ્રેય શામાં રહેલું છે એ આપણે સમજી શકીએ છીએ.

ઘણી વાર આપણને એવું થાય છે કે પાંચ વર્ષ પહેલાં હું જે ઇચ્છા કરતો હતો તે જો તે વખતે સફળ થઈ હોત તો ખરેખર આજે મારી અધોગતિ જ થઈ હોત, તેથી સારું થયું કે તે વખતે મારી ઇચ્છા પૂર્ણ ન થઈ. પ્રભુએ ખરેખર મારા ઉપર ઉપકાર જ કર્યો છે. આમ ઘણી વાર આપણે આપણું શ્રેય શામાં રહેલું છે એ અમુક સમય પછી જ સમજી શકીએ છીએ. પરંતુ આવી ધીરજ આપણામાં હોતી નથી અને આપણી ઇચ્છા પૂર્ણ ન થાય એટલે તરત જ આપણે પ્રભુને દોષ દેવા મંડી પડીએ છીએ.

કોઈ કોઈ વાર માણસને કેવી વિચિત્ર જાતની ઇચ્છા થાય છે એ પણ જાણીને આપણને આશ્ચર્ય જ થાય છે. પ્રથમ વિશ્વયુદ્ધ વખતની એ વાત છે. હું તે વખતે કોલેજના પહેલા વર્ષમાં હતો. જસ્ટીસ ચંદાવરકરે તે વખતે એવી અપીલ બહાર પાડી હતી કે લડાઈમાં ઘાયલ થઈને આવેલા સૈનિકો આગળ છાપુ વગેરે વાંચવા તેમ જ તેમની સાથે વિનોદ–વાતો કરવા કોલેજના વિદ્યાર્થીઓ પોતાનો થોડો ઘણો સમય આપે તો એ ઘાયલ સૈનિકોને બહુ જ સહાયરૂપ થઈ પડશે. મેં તો મારું નામ તરત જ એવા સ્વયંસેવક તરીકે નોંધાવ્યું અને હું નિયમિત હોસ્પિટલમાં જવા લાગ્યો. એક વાર હોસ્પિટલમાં એક સૈનિકને લાવવામાં આવ્યો. એના બન્ને પગ અને એક હાથ કપાઈ ગયાં હતાં. એ બિચારાને ખૂબ પીડા થતી હતી. એને જોઈને મને થતું કે એ બિચારો વધુ વાર જીવી શકે તેમ નથી. સાંજે હું એની પથારી પાસેથી જતો હતો. તેણે મને બોલાવ્યો. હું એની પથારી પાસે ધીમે ધીમે ગયો. તે ધીરે સાદે પરંતુ આર્ત અવાજે મને કહેવા લાગ્યો : "બાબુજી મુઝે તડબૂચ ખાના હૈ." હું તો એ સાંભળી ખમચાયો. આ માણસને કેટલી પીડા થઈ રહી છે. વળી એ મરણને આરે આવીને ઊભો છે, અને એને માત્ર

તરબૂચ ખાવાની જ ઇચ્છા રહી ગઈ છે. મે કહ્યું: “હું ડૉક્તરને પૂછી જોઉં. એ જો હા પાડે તો એક શું બે તરબૂચ લાવીને ખવડાવીશ.” મેં ડૉક્તરને પૂછ્યું. ડૉક્તર અને નર્સ મારા પર ચિડાઈ ગયાં અને કહેવા લાગ્યાં કે આવી સ્થિતિમાં તરબૂચ કંઈ અપાતું હશે? હું તો વીલે મોઢે પાછો ફર્યો.

બીજે દિવસે જોઉં તો એની પથારી ખાલી હતી. મને થયું કે એ તો રામશરણ થયો હશે. મેં બાજુમાં પડેલા સૈનિકને પૂછ્યું કે એનું શું થયું. તે કહેવા લાગ્યો: “એ તો ગઈ કાલે ગૂજરી ગયો. પણ મરતાં મરતાં બોલ્યો કે બાબુજીને કહેજો કે એણે મને તરબૂચ ન જ ખવડાવ્યું!” આ સાંભળીને મને ભારે આઘાત થયો. અરે, બિચારાની છેલ્લી ઇચ્છા પણ મેં પૂર્ણ ન કરી? છાનામાના એને તરબૂચ લાવીને ખવડાવ્યું હોત તો શું થાત? ડૉક્તર કે નર્સને પૂછવાની શી જરૂર હતી? આમ એ બિચારાની છેલ્લી ઇચ્છા મારે લીધે જ અપૂર્ણ રહી ગઈ! પરંતુ આમ વિચાર કરવો એ પણ ભૂલભરેલું છે. પ્રભુની શી ઇચ્છા હોય છે એ આપણે સમજી શકતા નથી. અને બધો ભાર આપણા માથા પર જ આપણે ઉપાડી લઈએ છીએ.

વળી જ્યારે આપણે આપણી ઇચ્છાને વધારે મહત્ત્વ આપીએ છીએ. ત્યારે જીવનમાં વિસંવાદિતા ઉત્પન્ન થવાનો ઘણો સંભવ રહે છે. સમૂહ સંગીત (orchestra) માં બધાં વાદ્યો એક સૂરે વાગે તો જ એમાંથી મધુર સંગીત ઉદ્ભવે અને સુસંવાદિતા (Symphony) બરાબર જળવાય. પરંતુ જો હું વાયોલિન વગાડતો હોઉં અને મને થાય કે મારી વાયોલિનનો અવાજ જ બધાં વાદ્યો કરતા મોટો આવવો જોઈએ અને મારી વાયોલિન વગાડવાની સિદ્ધિથી બધા શ્રોતાઓ મુગ્ધ થઈ વાહવાહ કરે તો કેવું સારું. અને ધારો કે મારી વાયોલિનના અવાજથી બધા મુગ્ધ થઈ જઈ મારાં વખાણ કરવા લાગે અને મને શાબાશી પણ આપે. પરંતુ એનાથી આખા સંગીતની સુસંવાદિતા (Symphony) તો તૂટી જ ગયેલી હોય છે. એ જ રીતે જગતમાં પણ બધું સુસંવાદિતા ઉપર નભેલું છે. જો હું મારી ઇચ્છાના સૂરને વધુ મહત્ત્વ આપવા મથું તો પછી સમગ્ર જીવનની સુસંવાદિતા જ નાશ પામે. તેથી જ પ્રભુ એ સુસંવાદિતામાં આપણો કેટલો હિસ્સો હોઇ શકે એ નક્કી કરીને જ આપણી ઇચ્છાઓને મૂર્ત કરવા દે છે. તો જ જગતનું સંગીત સુસંવાદી રહી શકે ને? આ વસ્તુ જો આપણને સમજાય તો જ ઈશ્વરનો ઉદ્દેશ સમજી શકાય અને અધીર ન બની ધીરજ ધરી આપણે સમગ્ર જીવનનું આયોજન સમજી શકીએ.

પરંતુ એવી ધીરજ કે પ્રભુમાં એવી શ્રદ્ધા આપણામાં કયે વખતે જાગી જાય એ આપણને સમજાતું નથી. આ વાત સૂફી ફકીરો અને બાઉલ સાધુઓ વગેરે બરાબર જાણતા હોય છે. હિંદુઓ પૂર્વાભિમુખ રહીને વંદન કરશે. મુસલમાનો મક્કા તરફ જોઈને નમાજ પઢશે. પરંતુ બાઉલ તો ચારે દિશામાં નમસ્કાર કરશે. એનું કારણ જો એને પૂછીએ તો એ કહેશે, “કોને ખબર છે કે મારો પ્રભુ કઈ દિશાએથી આવી પહોંચશે? માટે બધી જ દિશામાં નમસ્કાર કરીએ તો ક્યાંથી પણ તે આવશે તો દેખાશે.” એ જ રીતે આપણા જીવનમાં પણ ઈશ્વર પ્રત્યેની અડગ શ્રદ્ધાની વૃત્તિ ક્યારે જાગી ઊઠશે એ કહી શકાય એમ નથી.

— (ચાલુ)



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

[૧]

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. બાપુ સેવાગ્રામથી વર્ધા આવ્યા હતા. વળતી વખતે મહિલા આશ્રમને રસ્તે થઈ સેવાગ્રામ જવા નીકળ્યા. વચ્ચે આશ્રમનો એક દરવાજો આવ્યો. દરવાજો બંધ હતો. તેને તાળું વાસેલું હતું. બાપુને આશ્રમના દરવાજે ઊભા રહેલા જોઈ આશ્રમની બહેનો કૂંચી લેવા દોડી. અહીં બાપુની સાથે સેવાગ્રામ જવા નીકળેલી બહેનોને આગળ જવાની ઉતાવળ હતી. બાપુને પણ ઉતાવળ તો હતી જ. સેવાગ્રામ જનાર બહેનોમાં એક ડૉ. સુશીલાબહેન નય્યર પણ હતાં. આશ્રમના દરવાજાથી ચારે બાજુ કાંટાળા તારોની વાડ કરેલી હતી. સુશીલાબહેન આગળ વધ્યાં. કાંટાળા તારોને ઊંચે એંચ્યા અને પોતાનું શરીર સંકોચી તે બહાર નીકળી ગયાં. તેમને આ રીતે નીકળતાં જોઈ તેમની સાથેનાં બહેન પણ એ જ રીતે બહાર નીકળી ગયાં. એટલામાં આશ્રમની એક બહેન કૂંચી લઇને આવી પહોંચી, અને તેણે દરવાજો ઉઘાડી દીધો. બાપુ હજી દરવાજાની અંદરની બાજુએ જ ઊભા હતા. બે બહેનોને કાંટાળા તારોમાંથી બહાર નીકળેલી જોઇ બાપુ પણ તે તરફ ગયા. દરવાજો ઊઘડી ગયો હતો. બાપુને કાંટાળા તાર તરફ આગળ વધતા જોઈ અમારામાંથી કોઈ કે કહ્યું, “બાપુ, દરવાજો ઉઘાડી દીધો છે. આપ દરવાજાના રસ્તેથી બહાર જાઓને ?” બાપુ તે સાંભળી હસ્યા અને બોલ્યા, “શું હું મારા ઘડપણને લજવું ? મારી સાથેની છોકરીઓ કાંટાળા તાર વચ્ચેથી નીકળી જાય અને હું ઉઘાડા દરવાજાના રસ્તે થઈ જાઉં ?” સાંભળનારા સાંભળતા રહ્યા. જોનારાઓએ જોયું કે બાપુ કાંટાળા તારો પાસે પહોંચી ગયા છે ને પોતાના શરીરને વાંકું વાળી તથા સંકોચી હસતા હસતા બહારની બાજુ નીકળી ગયા છે!

આશ્રમની નાની નાની છોકરીઓએ બહુ જ કુતૂહલથી બાપુને કાંટાળા તારોમાંથી નીકળતા જોયા. બાપુ નીકળીને પેલી બાજુ પહોંચ્યા કે બધાંએ તાળી પાડી અને ખડ-

ખડાટ હસી પડ્યાં. બાપુ પણ હસ્યા અને બહેનો સાથે સેવાગ્રામને રસ્તે આગળ વધ્યા.

બિચારો દરવાજો ઉઘાડો જ રહી ગયો! કાંટાળા તાર પોતાના મહત્ ભાગ્યનું અભિમાન સેવવા લાગ્યા.

અમે બધા ઊભા ઊભા વિચારમાં ગરકાવ બની ગયા. વાત તો નાની છે, પણ બાપુએ તેને મહાન બનાવી દીધી. નાનાનું મન કેવી રીતે રાખી શકાય છે તે બાપુએ પોતાની અનોખી રીતથી બતાવી દીધું. મહાપુરુષો આ જ રીતે લોઢાને કંચન કરે છે.

બાપુ મહાન હતા. તેમનામાં લોઢાને સોનું કરવાનો ગુણ હતો. તેઓ આપણા દેશના જીવતા જાગતા પારસમણિ હતા. એમણે એવી જ રીતે માટીમાંથી માણસો બનાવ્યા હતા.

મહુવા અને કતપર ગામ વચ્ચે માલણ નામની નદી વહે છે. કતપર ગામના માણસો ધંધાર્થે અથવા હટાણાં માટે રોજ સવારે આવે, અને કામ ધંધો પરવારી સાંજે કતપર ભેળા થઈ જાય. એવી રીતે કતપર ગામની માછણો દરરોજ મહુવામાં ટોપલા ભરીને માછલાં વેચવા આવે, માછલાં વેચાઈ રહે એટલે સાંજ પડવા પહેલાં ત્યાંથી રવાના થઈ જાય.

એક દિવસ મહુવામાં ખૂબ વરસાદ પડ્યો, અને માલણ નદીમાં મોટું પૂર આવ્યું. માલણ મોટી નદી, અને ઉપરવાસ વરસાદ ખૂબ વધારે, તેથી પૂર ક્યારે ઊતરે તે કાંઇ કહેવાય નહિ. સાંજ પડી ગઈ અને રાત્રિ થવાની શરૂઆત થવા લાગી. અંધારી રાત હતી. માલણ ઊતરીને સામે કાંઠે જઈ શકાય તેવી સ્થિતિ નહોતી.

તે વખતે કતપરની ચાર માછણોને મહુવામાં ક્યાં રાત ગાળવી તેનો વિચાર થઈ પડ્યો. તેમાંથી એક માછણે કહ્યું, ‘આ ગામે સંતોક માલણી મારી બહેનપણી છે. તેનું પિયર જાફરાબાદ અને મારું પિયર પણ ત્યાં છે. અમે પાડોશમાં સાથે મોટાં થયેલાં, અને બંનેને બહેનપણા છે. તેથી આપણે સૌ ત્યાં રાત રહીએ, સંતોક બહુ હેતવાળી છે.’ આથી એ ચારેય માછણો સંતોક માલણીને ત્યાં ગઈ. સંતોકે તેની બહેનપણીને એને તેની સાથેની બીજી બહેનોને રૂડો આવકાર આપ્યો. વાળું કરાવ્યું. ઘરમાં માત્ર બે જ ઓરડા હતા અને વરસાદ ખૂબ પડતો હતો. તેથી ઓસરીમાં સૂવાય તેમ હતું નહિ. એક ઓરડો તેના પોતાના માટે સૂવાનો રાખી, બીજો ઓરડો જેમાં તેનાં ફૂલો વગેરે સામાન પડ્યો રહેતો તેમાં માછણોને સૂવા માટે પથારીઓ કરી આવી. ઘરનાં સૌ સૂઈ ગયાં. માત્ર પેલી ચારે માછણો જાગતી હતી. એક માછણ બોલી ઊઠી:

આ ઓરડામાં કોઇ રીતે ઊંઘ આવતી નથી. કારણ કે આ ઓરડામાં ફૂલોનાં ઢગલાં પડેલાં છે. આપણાથી તેની ગંધ ખમાતી નથી. બીજી માછણોએ પણ તે વાતમાં અનુમતિ આપી. શું કરવું તેની મૂંઝવણમાં સૌ પડી ગયાં. છેવટે એક ચતુર માછણને યુક્તિ સૂઝી. ફૂલોની સુગંધ અસહ્ય થતાં તેમાંથી બચવા સારુ ફળિયામાં ખાલી કરેલ માછલાં વાળા ચાર ટોપલા પડ્યા હતા, તે માછણ લઇ આવી. ચારે માછણોએ જ્યારે પોતાના ઉપર માછલાંની ગંધવાળા ટોપલાઓ ઓઢી લીધાં ત્યારે તેની સુગંધ (!)ના આસ્વાદથી તેમને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

‘શામ’



ચિ. નારાયણ, ૨૩-૧૦-૪૬

મધુસૂદનના વિચારનું
કામ મંદગતિથી ચાલવાનું
છે એ એકવાર નક્કી કરી.
કામ સારું છે. બીજાનાં
ને વખત ને આવ્યાં છે. આમાં
અધર્મને ધર્મનું સ્થાન આપ્યું
છે. આ સમજવાનાં ને સમજાવવાં
વખત આવ્યા. વળી ધર્મોમાં
સાચાપણું છે ને અધર્મો
એમ બતાવવા સારુ મહા-
રથ જોઈએ. એવું સ્થાપે
બતાવનાર ધર્મની મૂર્તિ
હોવા જોઈએ. તે આપણામાં



નથી. આપણામાં રાગ દ્વેષ છે, ભોગવૃત્તિ છે, દુષ્ટ પ્રત્યે પણ પ્રેમ નથી વીરતા નથી, સંયમ નથી. તેથી આપણું કોણ સાંભળે? આમાં બુદ્ધિબળનું કામ ઓછું છે. આત્મબળ જોઈએ. બીજા રચનાત્મક કાર્ય વિચારી જશો તો મેં બતાવેલો ભેદ સ્પષ્ટ થશે.

તમે ધીરજ રાખજો ને ઉપર બતાવેલા ગુણો ખૂબ કેળવજો

બાપુના આશીર્વાદ

અસ્પૃશ્યતા નિવારણને પોતાનું જીવનકાર્ય બનાવી એમાં જ મહેનત કરતા આશ્રમના એક જૂના અંતેવાસી ભાઈને બાપુએ ૧૯૪૬ની સાલમાં નીચે પ્રમાણે પત્ર લખ્યો :

ચિ૦ ભગવાનજી,

અસ્પૃશ્યતા નિવારણનું કામ મંદ ગતિથી કેમ ચાલે છે એ સવાલ તમે કર્યો છે. કારણ સ્પષ્ટ છે. બીજામાં જે નથી તે આમાં છે. આમાં અધર્મને ધર્મનું સ્થાન અપાયું છે. આ સમજતાં ને સમજાવતાં વખત જાય જ. વળી ધર્મને નામે ઓળખાય છે તે અધર્મ છે એમ બતાવવા સારુ મહા તપ જોઈએ. એવું સચોટ બતાવનાર ધર્મની મૂર્તિ હોવા જોઈએ. તે આપણે કોઈ નથી. આપણામાં રાગ દ્વેષ છે, ભોગવૃત્તિ છે, દુષ્ટ પ્રત્યે પણ પ્રેમ નથી, વીરતા નથી, સંયમ નથી. તેથી આપણું કોણ સાંભળે? આમાં બુદ્ધિબળનું કામ ઓછું છે, આત્મબળ જોઈએ. બીજા રચનાત્મક કાર્ય વિચારી જશો તો મેં બતાવેલો ભેદ સ્પષ્ટ થશે.

તમે ધીરજ રાખજો ને ઉપર બતાવેલા ગુણો ખૂબ કેળવજો.

બાપુના આશીર્વાદ

પ્યારા બાપુ

પ્રેમ

ઉજ્જવલ કુમારીજી

અહીં અત્તરની શીશી પડી હોય તો તે સૌને પોતાના તરફ આકર્ષે છે, પણ શીશીમાં અત્તરને બદલે પાણી ભર્યું હોય તો કોઈ તેની પાસે જવા ઇચ્છશે ? તેવી જ રીતે માણસના હૃદયમાં પણ સદ્‌ગુણરૂપી અત્તર ભરેલ હોય તો સૌ કોઈ તેની પાસે જાય છે, પરંતુ દુર્ગુણ ભરેલ હોય તો કોઈ જવા ઇચ્છશે નહીં.

દરેક મનુષ્ય સન્માન અને પ્રેમ ચાહે છે, પણ શરીર રૂપી શીશીમાં સદ્‌વ્યવહાર રૂપી અત્તર ન હોય તો તે બીજાનો પ્રેમ પાત્ર બની શકતો નથી; સદ્‌વ્યવહારનું અત્તર દરેકમાં હોવું જરૂરી છે.

જ્યાં સુધી માણસ પોતાનો સ્વાર્થ જ વિચાર્યા કરે ત્યાં સુધી કોઈ તેને ચાહતું નથી, પણ જ્યારે તે સ્વાર્થથી આગળ વધે અને પોતાના કુટુમ્બનું ભલું કરતા શીખે, ત્યારે તે કુટુમ્બી જનોના પ્રેમનો પાત્ર બને છે; તેથી પણ તે આગળ વધે અને સમાજ તેમજ રાષ્ટ્રનું ભલું વિચારે ત્યારે તે બધાના. પ્રેમને પાત્ર બને છે; પરંતુ જ્યારે તે સારીયે માનવ જાતનું ભલું ઇચ્છે છે ત્યારે તે ધર્માત્મા બને છે. સ્વાર્થ છોડીને પરમાર્થ કરવો એ ધર્મ ભાવના છે અને જીવન વિકાસનું એ સાધન પણ છે; તેથી આ ભાવનાનો વિકાસ જરૂરી છે. શરીરનો વિકાસ વ્યાયામથી થાય છે. હૃદયનો વિકાસ સાધવા બુધ્ધિની શુદ્ધિ અથવા નિર્મળતા રૂપી વ્યાયામની જરૂર છે. આખી દુનિયાને આપણે કુટુમ્બ સમજી શકીએ તેટલી આપણી બુધ્ધિ નિર્મળ હોવી જોઈએ. આપણું પોતાનું દુ:ખ ભૂલીને પણ વિશ્વસુખની ભાવના લાવવી તેમાં જ સ્વનું તેમ જ પરનું હિત સમાયેલું છે.

પરંતુ આજે સમાજની સ્થિતિ તદ્દન વિપરીત છે. આજે સમાજની દરેક વ્યક્તિ પોતાનું જ સુખ શોધવા ઇચ્છે છે. સ્વ શરીરનું પોષણ અને બીજાનું શોષણ એ જ માનવનો જીવનમંત્ર આજે બની ગયો છે. પણ આપણે જીવન સુગંધિત બનાવવું હોય તો આ ભાવના વડે જ ફક્ત ન બની શકે. જ્યારે આપણે આપણું શોષણ થવા દઈને પણ બીજાનું પોષણ કરશું ત્યારે જ આપણું જીવન સુગંધિત બનાવી શકીશું. આ જીવનમંત્ર જ આપણા જીવનમાં સુગંધનો સંચાર કરી શકશે. એક અંગ્રેજ લેખકે કહ્યું છે: "તું તારું સુખ પછી જો, પહેલાં બીજાનું સુખ વિચાર." જે વ્યક્તિ પોંતાને બદલે બીજાના સુખનો વિચાર કરે છે તે વ્યક્તિ જ વિકાસ સાધી શકે છે.

માનવ ચાહે તો બધું કરી શકે છે. તેને માટે કોઈ પણ કાર્ય અસંભવિત નથી. નેપોલિયને કહ્યું છે: "મારા શબ્દકોષમાં 'અસંભવ' શબ્દ છે જ નહીં." એટલે માનવ શું ન થઈ શકે ? તે ઇચ્છે તો સિદ્ધ પણ થઈ શકે છે. જૈન ધર્મના ત્રીજા તિર્થંકરનું નામ છે સંભવ. તેનો અર્થ એ છે કે અસંભવ જેવું કંઈ છે જ નહીં. મનુષ્ય ઇચ્છે તે કરી શકે છે, પણ તે માટે બે વસ્તુની આવશ્યકતા છે: એક છે આત્મબળ, બીજી છે નિર્મળ બુધ્ધિ.

ઇંગ્લંડમાં જ્યારે પહેલો વિલિયમ રાજ્ય કરતો હતો, ત્યારે મોટે ભાગે લાકડાના મકાન બનાવવામાં આવતા હતા. તે સમયે બાદશાહનો હુકમ હતો કે રાતના આઠ વાગ્યા પછી કોઈએ પોતાના ઘરમાં દીવો રાખવો નહીં. આ માટે એક ઘંટ રાખવામાં આવ્યો

હતો. જે બરાબર રાત્રે આઠ વાગ્યે વગાડવામાં આવતો હતો. આ ઘંટ સંભળાય કે તરત જ સૌ દીવા ઠારી નાખતા હતા. આ હુકમનું ઉલ્લંઘન કરનારને સજા કરવામાં આવતી હતી.

એક દિવસે એક લશ્કરી સિપાહીને કોઈ અપરાધ માટે મૃત્યુની સજા ફરમાવવામાં આવી. સિપાહીના લગ્ન છએક માસ પહેલાં જ થયા હતા. તેની પત્નીએ આ સાંભળ્યું ત્યારે તેને અપાર દુઃખ થયું. તેણે કોઈ પણ ઉપાયે પોતાના પતિનો જીવ બચાવવાનો વિચાર કર્યો. બાદશાહનો હુકમ થઈ ગયો હતો, પણ ફાંસી આપવાને હજી બાર કલાકની વાર હતી. તે દરમ્યાન તે પોતાના પતિને મળવા માટે ગઈ અને જેલરને કહ્યું, "મારા પતિને આજે રાત્રે આઠ વાગે ફાંસી આપવાની છે, તો આપ તેમને મળવા દેવાની પરવાનગી આપશો?" જેલરે કહ્યું, "તેમને કોઈને મળવા દેવાનો હુકમ નથી." સ્ત્રીએ બહુ આજીજી કરી, પણ તેનું હૃદય પીગળ્યું જ નહીં.

તે ગામમાં રોજ રાત્રે આઠ વાગે તમામ દીવા ઓલવી દેવાનો રાજાનો હુકમ હતો. તે માટે એક ઘંટ રાખવામાં આવ્યો હતો. રાત્રે આઠ વાગે તે વગાડવામાં આવતો કે તરત જ આખા ગામના દીવા ઓલવાઈ જતા. તે ઘંટ વાગે ત્યારે આ અપરાધીને ફાંસીએ લટકાવવો એવો રાજાનો હુકમ હતો. બાઇ તે ઘંટ વગાડનારને મળી. ભાગ્યવશાત્ તે ઘંટ વગાડનાર બહેરો હતો. તેની સાથે લખીને વાત થઈ શકતી હતી.

તે સ્ત્રીએ તેને લખીને આપ્યું, 'ભાઇ, મહેરબાની કરીને આજે તમે ઘંટ નહીં વગાડો તો હું તમને એક હજાર રૂપીઆ આપીશ.' તે માણસે લખીને જવાબ આપ્યો, 'બહેન, મારે કંઈ જોઈતું નથી. હું તો મારી ફરજ અદા કરવા ઇચ્છું છું.' તે સ્ત્રી વિચારમાં પડી ગઈ. તેની પાસે કોઇ ઉપાય રહ્યો ન હતો. છેવટે તે ઘંટ લટકી રહ્યો હતો ત્યાં ગઇ અને ઘંટને બંને હાથે મજબૂત પકડીને લટકી રહી. ઘંટ વગાડનારે યોગ્ય સમયે ઘંટનું દોરડું ખેંચ્યું, પણ ઘંટનો અવાજ થયો નહીં. બિચારો ઘંટ વગાડનાર તો બહેરો હતો. તેણે તો દોરડું ખેંચ્યું, એટલે થયું કે ઘંટ વાગી ગયો! પણ નવ થઈ ગયાં અને છતાં ઘંટ સંભળાયો નહીં ત્યારે સૌ વિચારમાં પડી ગયા. ફાંસી આપનારો તૈયાર થઇને ઊભો હતો. તે ઘંટ વાગવાની રાહ જોઇ રહ્યો હતો; પરંતુ ઘંઢ વાગ્યો નહિ, તેથી તે વિમાસણમાં પડી ગયો. જ્યારે ઘંટ વાગ્યો નહિ, ત્યારે બાદશાહ જાતે આવ્યા અને ઘંટ વગાડનારને કહ્યું, 'આજે તેં ઘંટ કેમ વગાડ્યો નહીં?' ઘંટ વગાડનારે ખુલાસો કરતાં કહ્યું, 'જહાંપનાહ! મેં તો યોગ્ય સમયે દોરડું ખેંચ્યું હતું, પણ ઘંટ કેમ ન વાગ્યો તેની કાંઈ ખબર પડી નહીં." બાદશાહે એક સિપાહીને ઘંટ જોવા મોકલ્યો. સિપાહી ગયો તો તેણે એક સ્ત્રીને ઘંટ પકડીને લટકેલી જોઇ. તેણે નીચે આવીને બાદશાહને વાત કરી. બાદશાહ જાતે ઉપર ગયા અને તે સ્ત્રીને પૂછ્યું, 'બહેન, તું કેમ ઘંટ સાથે લટકી રહી છો?' સ્ત્રીએ કહ્યું, 'પહેલાં આપ મને વચન આપો, પછી હું આપને મારી વાત કહું.' રાજાએ કહ્યું, 'બહેન, તમે તમારી વાત તો કરો?' સ્ત્રીએ બધી વાત કરી અને ઉમેર્યું, "આજે જે વ્યક્તિને ફાંસીએ લટકાવવાની છે તે મારો પતિ છે. તેને ફાંસી આપવામાં ન આવે અને તેનો અપરાધ માફ કરવામાં આવે એવી મારી વિનંતી છે.' તેની વાત સાંભળીને પથ્થર પણ પીગળી જાય તો માનવનું હૃદય કેમ ન પીગળે? બાદશાહે તેની

ફાંસી રોકી દીધી અને આ રીતે સિપાહી મૃત્યુના મોંમાંથી બચી ગયો.

જ્યારે એક સ્ત્રી પણ આ જાતનું સાહસનું કામ કરી શકે છે, ત્યારે મનુષ્ય માટે અસંભવ જેવું શું છે? એક અંગ્રેજે કહ્યું છે, "સારું કામ કરતાં માનવીએ કદી અચકાવું જોઈએ નહી. ભલે તે કાર્યની સિદ્ધિ થયેલી દેખાય નહિ, પણ કરેલ કાર્યનું ફળ તો અવશ્ય મળે છે જ."

માનવ સાધુના દર્શન માટે ઠેઠ સુધી ન પહોંચે તો પણ તે માટે તેણે એક પગલું પણ ભર્યું, એટલે તેનું ફળ મળવાનું જ. તેવી જ રીતે આપણે શક્તિ, સાહસ, પ્રેમ અને જ્ઞાનના વિકાસ પ્રતિ પગલું માંડશું તો આપણે આપણો વિકાસ સાધી શકીશું.

પ્રેમ એવી વસ્તુ છે જે દરેકના દિલમાં વસે છે. સિંહ ક્રૂર પ્રાણી ગણાય છે, છતાં તેના હૃદયમાં પણ પોતાના બચ્ચાંઓ પ્રતિ પ્રેમ હોય છે. પ્રેમનો વિકાસ કરવાથી જ વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે છે. આયુર્વેદ અનુસાર પ્રેમ કરનાર મનુષ્યના આયુષ્યમાં વૃદ્ધિ થાય છે. આયુર્વેદના ગ્રંથ ચરક સંહિતામાં લખ્યું છે, 'અહિંસક મનુષ્ય વિશેષ જીવે છે.' અહિંસક મનુષ્યનું હૃદય પ્રફુલ્લિત રહે છે જેને પરિણામે તેનું આયુષ્ય વધે છે. દ્વેષ હૃદયને સંકુચિત કરે છે, જ્યારે પ્રેમ હૃદયનો વિકાસ કરે છે.

એક જગ્યાએ લખ્યું છે, 'દ્વેષ મનનું પાગલપણું છે.' દ્વેષ, ઈર્ષા, વગેરે ખરેખર મનનું પાગલપણું જ છે. પાગલ મનુષ્ય જેમ કંઈ વિચારતો નથી, તેવું જ ક્રોધી મનુષ્યનું પણ છે, તેથી હૃદયનો વિકાસ કરવા માટે પ્રેમ અને મૈત્રી રાખવાની જરૂર છે. કુટુંબથી શરૂ કરીને માનવ સમાજ સુધી આ ભાવનાનો ક્રમશઃ વિકાસ થઈ શકે છે.

આપણામાં પ્રેમ અને મૈત્રીનો કેટલો વિકાસ થયેલો છે? આ પ્રશ્નનો જવાબ નિરાશામાં પરિણમશે. આજે ભાઈ-ભાઈમાં ઝઘડા માલૂમ પડે છે. એક ભાઈની દુકાને ચાર ગ્રાહક વધારે આવી જાય અને તે બે પૈસા વધારે કમાઈ જાય તો બીજાને તે ખટકશે. તેના પર ઈર્ષા પણ આવશે. આજે ભાઈ-ભાઈ વચ્ચે જ્યાં પ્રેમ સંબંધ જોવામાં આવતો નથી ત્યાં માનવ સમાજ સાથે પ્રેમ રાખવાનું શક્ય ક્યાંથી બને? આ દિશામાં માનવીને વિકાસ સાધવાની જરૂર છે.

શક્તિનો વિકાસ સાધવો પણ જરૂરી છે. શરીર-બળ વિના અન્ય કોઈ કામ થઈ શકતાં નથી. શક્તિ હોવા છતાં પણ જ્ઞાન, પ્રેમ અને મૈત્રી આ ત્રણ ગુણોની ખાસ જરૂર રહે છે. એકના અભાવમાં હિતને બદલે અહિત થવાની વિશેષ શક્યતા રહે છે. માતા પ્રેમમાં આવીને બાળકને ખવડાવે છે, પણ તેને જ્ઞાન નહીં હોય તો તે ગમે તે નુકસાનકારક વસ્તુ પણ ખવડાવી દેશે. આજકાલના વિજ્ઞાનનો દાખલો લઈએ, તેમાં જ્ઞાન છે, પણ પ્રેમ નથી; તેથી માણસે અણુબોમ્બ જેવી ભયંકર વસ્તુ પેદા કરી છે. તેથી જ આપણા જીવનમાં આ ત્રણે વસ્તુઓની આવશ્યકતા સામાન્ય રીતે સ્વીકારવામાં આવી છે. મગજમાં જ્ઞાન, હૃદયમાં પ્રેમ અને શરીરમાં શક્તિ હોય ત્યારે આપણે આપણો વિકાસ સાધી શકીએ અને જીવનને સફળ બનાવી શકીએ.

જીવન અને કળા

વિજયકુમાર મુનશી

એક સુસજ્જિત વિશાળ સ્થાનમાં વિભિન્ન કલાત્મક ચિત્રોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. રંગબેરંગી પુષ્પમાળાઓ અને જુદાં જુદાં રાષ્ટ્રોની ધજાઓ સ્થાનની સુન્દરતામાં વધારો કરતી હતી. વિશાળ સમુદાયમાં માણસો ચિત્રો જોઈ રહ્યા હતા.

સ્થાનની વચ્ચે એક સુપ્રસિદ્ધ શિલ્પીએ એક કિસાનની માટીની સુન્દર પ્રતિમા ઘડીને મૂકી હતી. તે પોતાના ખભા પર કોદાળી ઉપાડીને જતો દર્શાવવામાં આવ્યો હતો. એની નજર જમીન તરફ હતી અને એનો એક પગ આગળ હતો. જાણે એવું લાગતું હતું કે ભારતનો ભાગ્યવિધાતા પ્રગતિ-પથ પર આગળ ધપી રહ્યો છે! પ્રતિમા એટલી સજીવ હતી કે જાણે હમણાં બોલવા માંડશે!

જોનારાંની ભીડમાં ચીંથરાંમાં લપેટાયેલી એક સ્ત્રી હતી. તે આ પ્રતિમાને જોઇને બેભાન થઈને પડી! કલાકાર ચમક્યો. એ સ્ત્રીનો એક હાથ મૂર્તિના પગ પાસે હતો. થોડી વાર પછી તે સ્ત્રી ભાનમાં આવી. તે સ્વસ્થ બેઠી એટલે શિલ્પીએ એને પૂછ્યું, "તું મૂર્તિ પર શા માટે પડી? જો મૂર્તિ તૂટી જાત, તો કળાનું એક ભવ્ય સ્મારક નાશ પામ્યું હોત!"

પેલી સ્ત્રી રડી પડી અને મૂર્તિના સૌંદર્યને પીતી પીતી બોલી, "આ મારો પતિ છે. શું તમને યાદ નથી, કે એક દિવસે ખેતરે જતા મારા પતિને રોકીને તમે કેટલીક રેખાઓથી એમનું ચિત્ર દોર્યું હતું? જે મૂર્તિની કિમત દસ હજાર રૂપિયા છે અને જેને ખરીદવાને માટે કલાપારખુઓ ચડસાચડસી કરી રહ્યા છે, એ કલાનો મૂળભૂત આધાર આ માનવી, જે જીવનના બન્ધનથી વિમુક્ત એવી કલાનું ભવ્ય સ્મારક બન્યો છે, તે રોટીના બે ટુકડાને માટે ટળવળીને મરણ પામ્યો!"

કલાકાર ગહન વિચારોમાં ડૂબી ગયો. 'શું કળાએ, કળાના મૂળ આધાર માનવને ઉપર ઉઠાવવો ન જોઈએ?' તે નિશ્ચિત ન કરી શક્યો કે કળા મોટી કે માનવતાની સેવા મહાન! તેણે ચિત્રની કિંમત દસ હજાર રૂપિયા લઈ લીધા અને ગામડામાં જઇને કળાનો ભેખ જગાડવા લાગ્યો. કળામાં જીવનનું વ્યાપક તત્ત્વ નજરે પડવા લાગ્યું. કળા જીવનોન્મુખી બની. શિલ્પી જેટલું ધન કમાયો, તે તેણે ગ્રામ-જીવનના ઉત્થાનમાં વાપર્યું.

માનવ-જીવનનું ઉત્થાન એટલે માનવતાનો વિકાસ એ કળાની ઉન્નતિ કે એનો વિકાસ નથી શું?

કલાની સઘળી શાખાઓ જીવનના દિવ્ય સૌન્દર્યના, મનુષ્યે વ્યકત કરેલા આવિર્ભાવો છે. જ્યારે આપણે કલાકૃતિઓના આંતરમર્મનો સાક્ષાત્કાર કરી શકીશું, અને આપણા નિત્ય-જીવનના દરેક અભિનય, વચન અને કાર્યમાં એ દિવ્ય સૌન્દર્યને પ્રકટાવી શકશું, ત્યારે આપણે પરમ સૌન્દર્યમય સતની સમીપ જઈ શકશું, અને એની સાથે એક થઈ શકશું.

આશાબાપુ



બાપુનો પરિવાર

કર્મયોગી મોતીભાઈ

રામનારાયણ ના. પાઠક

'સત્ય તો મેં મોતીલાલની આંખમાં જ જોયું' બાપુ

મોતીભાઈ દરજી વઢવાણના રહીશ હતા. દરજી કામ કરીને તેઓ પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતા. રોજ પાંચ કલાક સંચો ચલાવવો એવો તેમણે નિયમ કર્યો હતો. લગ્નસરા અને તહેવારના દિવસોમાં બીજા દરજીઓ રાતદિવસ ગાંડા થઈને કામ કરતા. પરંતુ મોતીભાઈના સંચાનો એક પણ આંટો પાંચ કલાક પૂરા થયા પછી ન ફરતો. મોતીભાઈ આજીવિકા અર્થે ધંધો કરતા તેમાં પૂરા પ્રમાણિક હતા. તેમના ભાવ બાંધેલા હતા. સિલાઈ મજબૂત અને સફાઇદાર કરતા. તેમનાં ઘરાક લગભગ બાંધેલા હતાં.

દરજી કામ સિવાયનો બાકીનો બધો વખત મોતીભાઈ સેવાકાર્યમાં આપતા. પોતે બહુ ભણેલા ન હતા. પણ હાઈસ્કૂલ અને કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, વકીલો, દાક્તરો તેમના મિત્રો હતા. તેમની પાસેથી મોતીભાઈ સારાં સારાં પુસ્તકો એકઠાં કરતા. પોતાની હાટડીના એક કબાટમાં રાખતાં. કામ પૂરું કરીને તરત પુસ્તકો લઇ મોતીભાઈ શહેરમાં નીકળતા. માતાઓ સુધરશે તો બાળકો સુધરશે અને તેનાથી ભાવિ પ્રજા સુધરશે. આવો વિચાર કરીને મોતીભાઈ શેરીઓમાં જતા ત્યાં થોડું ભણેલી બહેનોને શોધી કાઢતા અને તેને એકાદ સારું પુસ્તક આપતા. એ બહેન પહેલાં પોતે વાંચી જતી. ત્યાર બાદ મોતીભાઈ તેને પૂછતા, "આમાં તમે શું સમજ્યાં?" મોતીભાઈ તેને પ્રથમ પુસ્તકનું રહસ્ય સમજાવે. પછી કહે, "હવે રોજ એક કલાક આ ચોપડી પાડોશની અભણ બહેનોને તમારે ઘરે કે આંગણે એકઠી કરી વાંચી સંભળાવજો." આમ શેરીઓમાં મોતીભાઈના સ્ત્રી – શિક્ષણ વર્ગો ચાલતા. મોતીભાઈનાં પત્ની સાવ અભણ હતાં. તેમને પોતે ખૂબ મહેનત લઈને વાંચતાં કર્યાં.

વિદ્યાર્થીઓનાં માયકાંગલાં શરીર જોઈ ને મોતીભાઈએ ભોગાવાને તીરે એક કસરતનો અખાડો શરૂ કર્યો. રોજ સાંજે વિદ્યાર્થીઓને ત્યાં ભેગા કરે, રમત રમાડે, કુસ્તીના દાવ કરાવે, દંડ બેઠક અને આસનો શીખવે. આ વ્યાયામશાળાને માટે મોતીભાઈએ રાજ્ય પાસેથી જમીન પણ મેળવી.

ઝાલાવાડમાં ઉનાળાના દિવસોમાં પાણીનું ભારે દુઃખ હોય છે. એક ગામથી બીજે ગામ જતાં રસ્તામાં શ્રીમંત લોકો પૈસા આપી

પરબ બેસાડતા. મોતીભાઈએ પોતાની કસરતબાજ ટોળીની સાથે વીરડા ગાળવાનું કામ ઉપાડયું. ઉનાળાની લાંબી રજાઓમાં ઘેર આવેલા મોટા વિદ્યાર્થીઓ અને શહેરના સેવાભાવી યુવાનો સાથે મોતીભાઈ ત્રિકમ, પાવડા અને તગારાં લઈ ને ઊપડતા. કેટલાય વીરડા મોતીભાઈએ આ રીતે તૈયાર કરી ત્યાં પરબ બાંધ્યાં.

જુવાનિયાઓને આમ મોતીભાઈની પાછળ ફરતા જોઈને જૂના વિચારના લોકો વ્યંગમાં બોલવા લાગ્યા: "આ ટેભાએ છોકરાઓ ઉપર જાદુ કર્યું છે."

અને ખરેખર પ્રેમ અને સેવાભાવનાથી મોતીભાઇએ યુવાનો ઉપર જાદુ કર્યું હતું. એથેન્સની શેરીઓમાં સોક્રેટીસ પાછળ ફરતા જુવાનોને જોઈને ઘરડેરા ચિડાતા તેમ વઢવાણની શેરીઓમાં અને પાદરમાં મોતીભાઇ ફરતાં વીંટળાયેલા જુવાનોને જોઈ ને જૂનવાણી વિચારતા લોકો ભારે ચિડાતા. પણ મોતીભાઈને કે યુવાનોને તેની પરવા ન હતી. તેઓ તો પોતાની સેવાની ધૂનમાં મચ્યા હતા.

મોતીભાઈ પાસે પુસ્તકો વધતાં ગયાં દુકાનમાં સમાયાં નહીં એટલે એક મેડી રાખી. તેમાં પુસ્તકાલય કર્યું. કોઈની પાસેથી કબાટો મેળવ્યા. નામ રાખ્યું "ધર્મ પુસ્તકાલય" પુસ્તકાલયમાં વાસીદું પાણી અને ગાર ગોરમટી મોતીભાઈ જાતે જ કરતા. પુસ્તકોની લેવડ દેવડનું, સાચવવાનું, ફાટી જાય તો સાંધવાનું, બધું કામ મોતીભાઈનું મંડળ જાતે જ કરતું. પૂ૦ બાપુજી વઢવાણ ગયેલા ત્યારે આ પુસ્તકાલય જોઈ ખૂબ રાજી થયેલા અને મુલાકાત પોથીમાં મોતીભાઈને માટે પ્રશંસાના ચાર શબ્દ લખેલા.

મોતીભાઈને પુસ્તકિયા ભણતર ગમતું ન હતું. એ ભણતર શરીર અને મનને નબળાં પાડે છે એમ તેઓ માનતા હતા. તેથી પોતાના દીકરાઓને નિશાળેથી ઉઠાડી લઇ ઘેર ભણાવવાનું શરૂ કર્યું.

ઘર આંગણે સૌએ ગાય પાળવી જોઈએ એમ મોતીભાઇને વિચાર કરતાં લાગ્યું. મન સાથે નિર્ણય થયો કે તરત સત્યનિષ્ઠ મોતીભાઇ ઉઘાડે પગે ને ઉઘાડે માથે ગાય લેવા નીકળી પડ્યા. ઘર આંગણે ગાય બંધાય પછી જ પગમાં પગરખાં અને માથે પાઘડી પહેરવી એવો નિશ્ચય કરીને ચાલી નીકળ્યા. કેટલાક દિવસો ગામડે ફરી, ગાય લઈ ને ઘેર આવ્યા. ત્યાર પછી જ જોડા પહેર્યાં અને માથે પાઘડી બાંધી. ગાય તો લાવ્યા પણ તેને માટે છાપરું ન હતું. શિયાળાના દિવસો હતા. રાતે ગાયને ઠંડી લાગતી હશે એવો વિચાર આવતાં પોતાનું ગોદડું ગાયને ઓઢાડ્યું અને ઠંડીથી બચવા માટે પોતે સવાર સુધી ભજન કરતા પથારીમાં બેસી રહ્યા. બીજે દિવસે ગાયને માટે કડબનું છાપરું બનાવી દીધું.

વીરમગામની લાઇનદોરીનો ત્રાસ એ જમાનામાં સૌરાષ્ટ્રવાસીઓને ભારે હતો. બાપુ ૧૯૧૭ની સાલમાં મુંબઈથી રાજકોટ જતાં વઢવાણથી પસાર થયા ત્યારે મોતીભાઈ પોતાની ટુકડી સાથે બાપુને મળવા વઢવાણ જંકશન પહોંચ્યા. અને લાઈનદોરી નાબૂદ કરાવવા વિનંતી કરી. બાપુએ પૂછ્યું, "તમે જરૂર પડયે જેલ જવા તૈયાર છો કે?" જવાબમાં મોતીભાઈએ હિંમતભેર કહ્યું, "અમે આ અન્યાય ટાળવા ફાંસીએ ચડવા પણ તૈયાર છીએ." પ્રથમ પરિચયે જ અભણ ગામડિયા જેવા લાગતા પણ ભણેલાઓને દોરનારા સૌરાષ્ટ્રના એ લોકનાયકની આંખમાં બાપુએ સાચને માટે મરી ફીટવાની તમન્ના જોઇ. બાપુ રાજી થયા. લાઈનદોરી નાબૂદ કરવા માટે બનતું કરવાનું વચન આપ્યું.

મોતીભાઇનું સેવાક્ષેત્ર ધીમે ધીમે વિસ્તરતું જતું હતું. વઢવાણના આશાસ્પદ યુવાનોના હૃદયમાં સેવાભાવનાનાં બીજ રોપાતાં હતાં. એવે સમયે સૌરાષ્ટ્રમાં પહેલવહેલી મરકી આવી. વઢવાણ ખાલી થવા લાગ્યું.

મરકીના નામથી લોકો ભડકીને ભાગવા લાગ્યા. મોતીભાઈએ “હિન્દ કેસરી મંડળ” નામની સેવામંડળી ઊભી કરી. માંદાઓની સારવાર કરવામાં સૌ લાગી ગયા. મરકીના ભયથી મરેલાને મસાણે પહોંચાડનાર કોઈ ન હતું. મોતીભાઈની સેવામંડળીએ એ કામ ઉપાડી લીધું. લોકોએ પોતાના જીવ વહાલા કર્યા હતા. ત્યારે મોતીભાઈ નિરાધારના આધાર બન્યા. એક વૃદ્ધ ડોશીમાને તાવ આવીને ગાંઠ નીકળેલી તેને દાક્તરે આશ્વાસન આપતાં કહ્યું, “માજી, ગભરાશો નહી” ડોશીમા કહે, “મારો મોતી પડખે ઊભો છે ને મને શી ફિકર હોય?”

પણ આ મરકીએ મોતીભાઈને પણ ન છોડ્યા. તેમને તાવ ચડ્યો. ગાંઠ નીકળી. મોતીભાઈ પથારીવશ બન્યા. મિત્રો ચિંતાતુર બની વીંટળાઈ વળ્યા. સૌને પોતાની આસપાસ ઊભેલા જોઈને મોતીભાઈએ કહ્યું, “મારા એકલાની સારવારમાં તમે આટલા બધા રોકાઓ તે બરાબર નથી. માત્ર એક જણ અહીં રહે. બાકીના બધા જેમને વધારે જરૂર છે તેવાં નિરાધારની સેવામાં પહોંચી જાઓ.

મોતીભાઈના ફરી ઊઠવાની આશા ઓછી થવા લાગી. મિત્રો, માતપિતા, પત્ની સૌ ભારે દુઃખ અનુભવવા લાગ્યાં. પણ મોતીભાઈએ એક સાચા યોગીની પેઠે છેલ્લી ઘડી સુધી હિંમતપૂર્વક હસતે મોંએ દુઃખ વેઠી લીધું. શાંતિથી રામનામનું રટણ કરતા વઢવાણના એ કર્મયોગી પરમશાંતિ પામ્યા. વઢવાણ તેમના વિના સૂનું પડયું. પણ મોતીભાઈનો સેવાનો વારસો શ્રી. ફુલચંદભાઈ શાહ અને શ્રી. ચમનભાઈ વૈષ્ણવ જેવા તપસ્વી સેવકોએ દીપાવ્યો. મોતીભાઈની પ્રેરણાથી વઢવાણમાં સેવકોનું એક મંડળ રચાયું. એ રીતે મોતીભાઈનું જીવન સફળ થયું.

મોતીભાઈની સંવત્સરી નિમિ-તે તેમના જ નામથી પ્રસિદ્ધ થયેલા વઢવાણના મોતીચોકમાં એક વાર સભા મળી. તેમાં ફુલચંદભાઈએ સ્વરચિત ગીત ગાયું:

“ધન્ય તારું જીવતર મોતી
હો લાખવાર ધન્ય તારું જીવતર મોતી.”

ગીતમાં મોતીભાઈનાં સેવાકાર્યોને અંજલિ આપતાં છેવટે કહ્યું :

“વઢવાણનો તું ત્યાગી તપસ્વી,
મહાત્માનું પારખેલ મોતી,
હો લાખવાર ધન્ય તારું જીવતર મોતી”

સેવાકાર્યમાં સદાય રત રહેલા અને સેવાકાર્ય કરતાં કરતાં મોતને ભેટી જીવન ધન્ય કરી ગયેલા મોતીભાઈ દરજી લોકસેવકોને માટે એક સુંદર આદર્શ મૂકી ગયા છે.

પૂ૦ બાપુએ ગીતાબોધમાં યજ્ઞકાર્ય અને યાજ્ઞિકની વ્યાખ્યા આપતાં મોતીભાઈનો દાખલો ટાંક્યો છે. એમાં મોતીભાઈની જીવનકલાને બાપુએ સરસ રીતે સમજાવી છે. દરેક સાધકને માટે એ ચિત્ર પ્રેરણાદાયી છે. મુમુક્ષુની શ્રદ્ધાને દૃઢ કરે તેવું છે:

“એવા દરજીને તો આપણે વઢવાણમાં જ જોયો....વિચાર કરતાં ને શોધતાં આપણને બધા ધંધામાં કેવળ યજ્ઞાર્થે જીવન ગાળતાં ને પોતાનો ધંધો ચલાવતાં માણસો નજરે પડશે. ખરું છે કે આવાં યાજ્ઞિકો પોતાનો ધંધો કરતાં આજીવિકા મેળવે છે પણ તેઓ ધંધો આજીવિકા ખાતર નથી કરતાં. આજીવિકા તેઓને સારુ તે ધંધાનું ગૌણ ફળ છે. મોતીલાલ પૂર્વે પણ દરજી હતો ને જ્ઞાન થયા પછી પણ દરજી રહ્યો. તેની ભાવના બદલાઈ એટલે તેનો ધંધો યજ્ઞરૂપ બન્યો. તેમાં પવિત્રતા દાખલ થઈને ધંધામાં બીજાના સુખનો વિચાર દાખલ થયો. તેના જીવનમાં ત્યારે જ કલાએ પ્રવેશ કર્યો. યજ્ઞમય જીવન કલાની પરાકાષ્ઠા છે. ખરો રસ જ તેમાં છે. કેમ કે તેમાંથી નિત્ય નવાં ઝરણાં ફૂટે છે. માણસ તે પીતાં થાકતો જ નથી. ઝરણાં કદી સૂકાતાં નથી. યજ્ઞ બોજારૂપ લાગે તે યજ્ઞ નથી. ખૂંચે તે ત્યાગ નથી. ભોગને અંતે નાશ છે. ત્યાગને અંતે અમરતા છે.”

મોતીભાઈ સદાય અમર છે.

ગાંધીજી બાપુ તરીકે

નિર્મળાબહેન શાહ

ગાંધીજીને આપણે પુત્ર, પતિ અને પિતાના સ્વરૂપમાં જોયા, પણ ગાંધીજીનું સાચું સ્વરૂપ તો બાપુના રૂપમાં જોવાનું મળે છે. સેવાગ્રામમાં મોટા મોટા પ્રશ્નો આવે, વાઈસરૉય સાથે પત્રવ્યવહાર ચાલે, કાર્યવાહક સભાની બેઠકો થાય, મોટા મોટા નેતાઓ આવે, મહાસભાવાદી અમલના સમયમાં પ્રધાનમંડળના લોકો સલાહ લેવા માટે આવે તો પણ અંતેવાસી લોકોને આની કંઈ પડી નહોતી. એમને રાજકારણમાં બહુ રસ નહોતો. એમને તો બાપુએ શું ખાધું, શું પીધું, ક્યારે ઊઠ્યા. અમુકને શું કહ્યું વગેરે વાતોમાં રસ હતો. અને ગાંધીજી પણ આશ્રમની નાની નાની બાબતોમાં જરૂર કરતાં વધારે રસ લેતા હતા.

કોઈ પણ પિતા પોતાના કુટુમ્બને માટે જે પ્રમાણે કાળજી રાખે છે અને દૂર રહેવાનું થાય તો અકળાઈ જાય છે તેમ ગાંધીજીને પણ આશ્રમથી દૂર રહેવાનું બનતું તો તેમને ગમતું નહીં. દૂર રહે તો પણ તેમનું મન તો આશ્રમમાં ને આશ્રમમાં જ રહેતું હતું.

એકવાર ગાંધીજી દિલ્હી આવ્યા હતા. પણ સેવાગ્રામ પાછા ફરવાની તેમને તાલાવેલી લાગી હતી. જ્યારે એમણે જોયું કે જલદી પાછા નહીં જવાય ત્યારે તેમણે મહાદેવભાઈને ઝટ સેવાગ્રામ પાછા ફરવા કહ્યું. કામ તો ખૂબ જ પડેલું હતું અને વિકટ પ્રશ્ન પણ સામે હતા, છતાંય તેઓ જવા માટે આટલી બધી ઉતાવળ શા માટે કરે છે એ શ્રી બિરલાજીને સમજાયું નહીં. તેમણે કહ્યું, "આટલું બધું કામ હોવા છતાં તમે મહાદેવભાઈને મોકલવાની ઉતાવળ કરો છો તે મને ગમતું નથી." ગાંધીજીએ કહ્યું, "પણ મારી જવાબદારીનો તો ખ્યાલ કરો! હું તો સેવાગ્રામમાં એક ટોળું લઈને બેઠો છું. ત્યાં દરદીઓ તો છે જ, પણ ગાંડપણેય છે. કોઈ કોઈ વાર તો મનમાં થાય છે કે બસ હવે બધાંને છોડી દઉં અને કેવળ મહાદેવને જ પાસે રાખું. બા ઇચ્છે તો તે પણ રહે. પણ જ્યાં સુધી આ ટોળાની જવાબદારી લઈને બેઠો છું ત્યાં સુધી તો મારે જવાબદારી નભાવવી જ જોઈએ. આથી જ મારું શરીર તો દિલ્હીમાં છે પણ મારું મન સેવાગ્રામમાં છે."

બાપુ તો આશ્રમના પ્રાણ હતા. બાપુજી વહાલસોયા પિતાની માફક બધા આશ્રમવાસીઓ તરફ પ્રેમ દાખવતા. આજે બાપુ સૂના આશ્રમવાસીઓનાં મુખમાંથી ઉદ્ગાર નીકળે છે કે બાપુને જેમ જગત મહાન યુગ પુરુષ માને છે તેમ અમે પણ માનીએ છીએ. બાપુ જ્યારે ટોળાંઓથી ઘેરાયેલા હોય અથવા કામ કરતા હોય ત્યારે અમને લાગતું કે બાપુ અમારાથી ઘણા દૂર છે, તેઓ મહાત્મા છે. બાપુ એવી ટોચ પર છે કે જ્યાં જવું અમારે માટે અશક્ય છે. જ્યારે અમારી બુદ્ધિ કામ ન કરતી ત્યારે અમે થાકીને શ્રદ્ધાથી તેમનાં ચરણોમાં બેસતાં અને જ્ઞાન શ્રવણ કરતાં. પણ જ્યારે બાપુ સૂવા જતા કે જમવા જતા અથવા તો એકલા હોય ત્યારે પાસે બેસતાં અને પગ દાબતાં, તે વખતે અમને લાગતું કે અમે

[અનુસંધાન પૃ૦ ૨૫મે]

કસ્તુરબા..........[અનુસંધાન પૃષ્ઠ ૬થી ચાલુ]

સરળમાં સરળ શબ્દોનો પ્રયોગ કરતા અને બા પોતાનો પૂરો અંગ્રેજી શબ્દ ભંડાર ઉપયોગમાં લેતાં. દીનબંધુ અને વિશ્વમાતાના વાર્તાલાપનું આ દૃશ્ય ખૂબ જ પવિત્રતાથી ભરેલું છે.

અભણ છતાં જ્ઞાની

બા સારી રીતે ભણ્યાં નહોતાં. મોટા મોટા અક્ષરોવાળું રામાયણ વાંચતાં. તેનોય પૂરો અર્થ સમજી શકતાં નહોતાં. મારી પાસે કેટલીય વાર ગીતા શરૂ કરાવરાવી હશે. તેમને અર્થ સાથે કામ નહોતું. તેઓ તો ભાવનાનાં ઉપાસક હતાં. પોતાની આંતરિક ભક્તિને કારણે ગીતા અને રામાયણથી તેમને પરમ આનંદ પ્રાપ્ત થતો. બા વર્તમાનપત્રો પણ વાંચતાં. તેમની જિજ્ઞાસા બાપુની ક્રિયાશીલતા સમજવાની હતી. વર્તમાનપત્રો દ્વારા તેઓ જાણી લેતાં કે બાપુનાં કાર્યોની ક્યાં કેવી અસર થઈ રહી છે. બા માટે એ જાણવું આવશ્યક હતું, કારણ કે બાપુ ક્યારે શું કરી બેસે તેનું થોડું ભાન તો તેમને થઇ જાય.

જ્યારે ૧૯૨૨-૨૩માં બાપુ પહેલી વાર જેલમાં ગયા ત્યારે બા બહાર હતાં. રાજકીય પરિષદોમાં કોઈ કોઈ વાર તેમને પ્રમુખ પદ માટે લઈ જવામાં આવતાં ત્યારે તેઓ તેનો સ્વીકાર કરી લેતાં. તેમનામાં આત્મવિશ્વાસ ઘણો હતો. શરૂઆતનું ભાષણ આપવું તે તેમનું કામ હતું. તેઓ મને કહેતાં, "તમે ભાષણ લખી નાખો." પણ હું એવું કરતો નહોતો. હું કહેતો, "બા, વિચાર તમારા, ભાષા મારી." તેઓ પોતાના મનમાં વિચારતાં અને બોલતાં. કઈ વાત કહેવી જરૂરી છે, શેના પર વધારે ભાર દેવા જેવો છે તે બધું વિચારતાં અને ધીરે ધીરે ભાષણ તૈયાર કરાવતાં. સત્યાગ્રહના સાચા સિદ્ધાંતોની બાને સ્વાભાવિક રીતે જ ખબર હતી. તેઓ જ તેમના ભાષણનો આત્મા બનતા. આ પરિષદો ત્રણ, ચાર દિવસો સુધી ચાલતી. છેવટે ફરી પ્રમુખનું સમાલોચનાત્મક ભાષણ થતું. એમાં હું તેમને કશી મદદ કરી શકતો નહોતો. આ ભાષણમાં ચાર દિવસની કાર્યવાહીનો બધો નિચોડ આવી જવો જોઇતો હતો. એમાં બાની સાચી પરીક્ષા થતી. પણ તેમાં તેઓ સફળ થતાં. બધી વાતોને યાદ કરી તેમાંથી તેઓ સાર કાઢી લેતાં અને સૌ સમક્ષ તે પોતાની ભોળી ભાષામાં મૂકી દેતાં. આવો અનુભવ મને ચાર વાર થયો—આણંદમાં, પુષ્કરમાં અને બે વાર દહેરાદૂનમાં.

બાના ગુણ

બાના મૃત્યુ પ્રસંગે શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્યે કહ્યું, "Ba was born to be a queen" (બાનો જન્મ રાણી બનવા માટે થયો હતો.) વસ્તુતઃ તેમનામાં રાણીના જેવું નિર્ભયપણું, આત્મસમ્માનની ભાવના અને બીજાંની દેખરેખ તથા આદર સત્કાર કરવાના ગુણ હતા. તેમનામાં મુખ્ય ગુણ એ હતો કે તેઓ કદી આળસ કરતાં નહિ. મેં ત્રીસ વરસ સુધી તેમને ધ્યાનથી જોયાં, પણ તેમનામાં આળસનું નામ ન જોયું. કામ વિના બેસી રહેવાનું તેમનાથી થઇ જ શકતું નહોતું. રસોડામાં તેમનું એક છત્રી રાજ્ય રહેતું. જેમણે તેમના હાથ તળે રસોઈનું કામ કર્યું છે તેઓ જાણે છે કે એ કામ કેટલું ભય ભરેલું હતું. સહેજ પણ ભૂલ થતાં સાંભળવું પડતું. અને તેમનું કામ બરાબર તેમની જ રીતે કરવું પડતું હતું. જેમ માલિક નોકર પાસેથી કામ લે છે તેવી જ રીતે તેઓ પોતાની ઇચ્છા મુજબ કામ કરાવતાં. અમારામાંથી કેટલાકને એનો સ્વાદ મળ્યો છે.

કેટલીક વાતોમાં બા અને બાપુમાં વિરોધ પડતો. એક વાર બા બોલ્યાં, "કાકા સાહેબ, તમે તો બાપુના પક્ષના છો." મેં કહ્યું, "બા ! બાપુ સામે મારું કશું ચાલતું નથી, પણ હૃદયથી તો હું તમારા પક્ષનો છું." બાપુ કોઈ પણ વ્યક્તિ પાસે તેમની શક્તિ બહારનું કામ લઈ લેતા હતા. તેઓ વ્યક્તિની અશક્તિનું માપ તેમના જ હાથમાં સોંપી દેતા અને પછી વીણાના તાર એટલા તંગ કરતા જતા કે ચઢાવતાં ચઢાવતાં તે તૂટી જ જતા. તેઓ કહેતા: "પોતાની મર્યાદા જાતે જ ઓળખી લો." જ્યાં સુધી તમે મને ના નથી પાડતા ત્યાં સુધી હું તો તમને આગળ વધારવાનો જ છું." બાની રીત બીજી હતી. તેઓ વ્યક્તિની શક્તિ–અશક્તિ ઓળખીને તે પ્રમાણે તેમને કામ દેતાં. આમાં મારી સમજ પ્રમાણે તેઓ બાપુ કરતાં વધારે સાચાં હતાં, કેટલીય વાતો બાપુ બા પાસેથી શીખ્યા. બાના મૃત્યુ પછી ઐતિહાસિક તેમ જ રાજનૈતિક દૃષ્ટિએ જે મહત્ત્વપૂર્ણ પત્રો બાપુએ વાઈસરૉયને લખ્યા હતા તેમાં તેમણે એ કબૂલ કર્યું છે કે મારું. સત્યાગ્રહનું શિક્ષણ મને મારી પત્ની પાસેથી મળ્યું છે. આવાં મહાન બાને અભણ હોવાને કારણે નીચાં માનવાં તે આપણા હૃદયનું ઓછાપણું છે.

કસ્તુરબા કેન્દ્રોમાં હું વારંવાર કહું છું કે અભણ હોવા છતાં પણ બા કેટલાં ચારિત્ર્યવાન હતાં, એમાંથી પાઠ લો. હિંસાના યુગમાં પુરુષનું નેતૃત્વ અપરિહાર્ય છે, પરંતુ અહિંસાના ક્ષેત્રમાં સ્ત્રી જ નેતૃત્વ કરશે. આત્મ–વિલોપન, આત્મ–બલિદાનનો ગુણ સ્ત્રીમાં છે. મેં એવી સ્ત્રીઓ જોઈ છે જેમણે પતિના ક્રોધાગ્નિને પોતાની શાન્તિ દ્વારા શાંત પાડ્યો છે. પરંતુ જગતનું નેતૃત્વ એક શિક્ષિત સ્ત્રી જ કરી શકશે. એકાંગિતા દૂર કરીને એવું સાચું શિક્ષણ મળવું જોઈએ, જેમાં ઉજ્જવળ ચારિત્ર્યનું નિર્માણ થાય.

કસ્તુરબાએ આપણી સંસ્કૃતિનો સાચો વારસો તેના મૂર્ત રૂપમાં પ્રગટ કર્યો, અને છેવટે તે આપણને સોંપીને ચાલ્યાં ગયાં. પાંજરાનાં પક્ષીની જેમ આગાખાન મહેલમાં તેઓ ઝૂરતાં રહ્યાં. માત્ર એક જ સંતોષ હતો કે બાપુ સાથે છે, પણ સ્વતંત્ર પક્ષી ચિંતામાં મરી ગયું. સારું થયું, બા વહેલાં ગયાં, નહિ તો બાપુના પ્રેમને કારણે તેઓ તેમનું બલિદાન ન સહી શકત. બાપુ કહેતા કે, "બામાં અદ્‌ભુત શક્તિ હતી." આપણે બાનું પવિત્ર સ્મરણ કરીએ અને તેઓ આપણાં હૃદયમાં વિરાજમાન થઈ આપણું જીવન કૃતાર્થ કરે.

એક વાર કવિવર રવીન્દ્રનાથ ટાગોર શ્રી અરવિંદના દર્શન કરવા આવ્યા. ગુરુદેવ અંદર ગયા ત્યારે હસતા હતા. બહાર આવ્યા ત્યારે તેમની આંખમાં આંસુ હતાં કોઇએ પૂછ્યું, "આમ કેમ ?" ગુરુદેવે જવાબ આપ્યો, "શ્રી અરવિંદ મારા મિત્ર હતા. બંગભંગની લડતમાં અમે સાથે કામ કર્યું હતું. એટલે અંદર જતી વખતે હું મિત્રને મળવાના આનંદમાં હતો. પણ અંદર જઈ મેં શ્રી અરવિંદનાં દર્શન કર્યાં, તેમના તપનું તેજ જોયું, લલાટ પર ભક્તિની ભવ્યતા જોઈ, તેમના શરીર ઉપર પ્રગટ થયેલી સુવર્ણમય દિવ્ય કાન્તિ જોઈ. મનુષ્ય પોતાનો આવો વિકાસ સાધી શકે છે એ જોઇ મારી આંખમાં આનંદનાં આંસુ આવી ગયાં."

ગાંધીજી બાપુ તરીકે [અનુ૦ પૃ૦ ૨૨થી ચાલુ]

અમારા બાપુ પાસે છીએ. અનેક મીઠી મશ્કરીઓ પણ કરતાં. આવે સમયે જ બાપુ પાસે રહેનારને બાપુનો મીઠો પ્રેમ મળતો. ગાંધીજીનાં બે રૂપ હતા. એક મહાત્મા ગાંધીનું અને બીજું અમારા વહાલસોયા બાપુનું.

મણિલાલ ગાંધીનાં પત્ની સુશીલા ગાંધી કહે છે, "બાપુનું પહેલું મીઠું સ્મરણ હું આશ્રમમાં નવી આવી ત્યારનું આજે પણ મારી આંખ સમક્ષ ખડું થાય છે. મને બાફેલી રસોઈ ભાવતી નહોતી. એ વસ્તુ બાપુએ જોઈ. તેમણે મને નજીક બોલાવી અને પ્રેમભરી વાણીમાં જણાવ્યું, 'સુશીલા હું તારો સસરો નથી. બાપુ જ છું. તારે મને વિના સંકોચે બધી વાતો જણાવવી જોઈએ.' મારા પતિને પણ બોલાવી મીઠો ઠપકો આપ્યો કે તારે સુશીલાની સંભાળ રાખવી જોઈએ. બાપુએ મને કહ્યું કે અહીં ખાનગી રસોડામાં તારી જમવાની વ્યવસ્થા કરી દઈશ. પણ મેં ના પાડી. આથી બાપુના ચહેરા ઉપર આનંદ ઝળહળી ઊઠ્યો. અને સંતોષ સાથે કહ્યું, 'મને એ વસ્તુ બહુ ગમી.' એ આનંદ અમને ઘણાં કામો કરવા પ્રેરતો. અને એ બાફેલી રસોઈ તો મિષ્ટાનથીયે વધારે મીઠી લાગવા માંડી."

બાપુજી જેટલો પ્રેમ પોતાના પુત્ર પર દાખવતા હતા તેટલો બીજા પર પણ દાખવતા હતા. ફિનિકસ આશ્રમનો આ પ્રસંગ છે. એક રવિવારે વાદળાં ઘેરાયેલાં હતાં. અને ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. આવે વખતે આશ્રમનાં નાનાં મોટાં સર્વે નાન્હા ધોધ જોવા નીકળ્યાં હતાં. બાપુજી ત્યાં નહોતા આવ્યા. ત્યાં એવો નિયમ હતો કે એક વાર નિશ્ચય કરે એટલે તેનો અમલ કરવો જ જોઈએ અને ન કરે તો બાયલા ગણાય. આથી વરસાદ હતો છતાંય ધોધ જોવા માટે સર્વે ગયાં. પહાડી રસ્તો હતો અને સાથે બોજો હતો તેથી નાનાં વિદ્યાર્થીઓને કેટલીક વાર ઊંચકી લેવા પડતા. પાછું આવતાં અંધારું થઈ ગયું તેથી બાપુજીને ચિંતા થઈ અને તેઓ શોધવા માટે નીકળ્યા. આશ્રમથી માઈલ દૂર અમારો ભેટો થઇ ગયો. છોકરાં બાપુને વળગી પડ્યાં. બે નાનાં વિદ્યાર્થીઓને તો બાપુએ તેડ્યા પણ ખરા. છોકરાઓએ ના પાડી પણ બાપુ શેના માને? અને માને તો બાપુ શેના?

બાપુજી ભલે મહાત્મા તરીકે કે પ્રખર રાજ્યકર્તા તરીકે વિખ્યાત હોય, પરંતુ તેઓ તો સૌના વહાલસોયા બાપુ બનવા જ ઈચ્છતા હતા. અને એ આપણા સૌના બાપુ બની પણ શક્યા ખરા. જુહુ તટ પરનો પ્રસંગ છે. શ્રીમતી કમળાદેવી ચટ્ટોપાધ્યાય પ્રાર્થના પૂરી થયા પછી બાપુની પાસે ગયાં. બાપુ એ વખતે બાળકોને ફળ વહેંચતા હતા.

વાર્તાલાપ પૂરો થયા પછી કમળાદેવીએ વંદન કર્યા. બાપુએ એના બદલામાં એમને એક ફૂલનો હાર ને કેરી આપી. કમળાદેવી હસતાં હસતાં ધીમે સાદે બોલ્યાં, "શું હું પણ નાની બાળક છું?" બાપુ બોલ્યા "આપ બચ્ચે નહીં, મગર બાપુ તો બાપુ હૈ!"

આમ બાપુજી તો સૌના બાપુ જ હતા. શ્રી જમનાલાલજી, મહાદેવભાઈ કિશોરલાલભાઇ વગેરેના ગાંધીજી બાપુ હતા. કિશોરલાલભાઈ પોતાના વિષે કહે છે, '૧૯૧૬માં મારા પિતાનું અવસાન થયું ત્યારે મને સૂનું સૂનું લાગતું હતું. તે વખતે ઈશ્વરકૃપાથી પરિસ્થિતિ એવી હતી કે કુટુંબની ચિંતા પહેલાં કરતાં ઘણી હળવી થઈ ગઇ હતી. અને મારા મનમાં એવા

વિચારો તો હતા કે, કાંઈ ને કાંઈ સેવાકાર્યમાં પડી શકાય તો સારું. પણ એ સેવાકાર્યમાં પડવાને માટે પાછા એક પિતા જોઇએ. એ પિતા મને ઓચિંતા ગાંધીજીની અંદર દેખાયા અને જેમ એક પુત્ર પિતાને જોઇ વળગી પડે તેમ હું ગાધીજીને વળગ્યો. ગાંધીજી સાથે મારે જો કોઇ સંબંધ રહ્યો હોય તો તે પિતા પુત્રનો જ રહ્યો હતો.

આમ બાપુનું સ્નેહાળ દર્શન કરતાં એમના તરફના ભાવને લીધે માથું નમે છે. આટલા મહાન બાપુજી આજે આપણી વચ્ચે નથી એથી ખરેખર એમની ખોટ સાલે છે. એમના પવિત્ર સ્મરણમાં હૈયું પુનિત બને છે અને નીચેના શબ્દો સહેજે મુખમાંથી સરી પડે છે :

"હે પિતા, તમારા વિનાના અમારા દુઃખના દિવસોમાં, દારુણ આપત્તિમાં, પરમ નિરાશ્રય અવસ્થામાં તમે આશ્વાસન આપો કે તમે અમારી પાસે જ છો. ગમે તેવો મોટો અપરાધ હોય તોય તમે અમારો ત્યાગ કરી શકવાના નથી. માંદગીને વખતે માંદા બાળકને માતપિતા જેમ વીંટળાઈને બેસી રહે છે, તેમ આજે અમારી મહાન આપત્તિને સમયે તમે વીંટળાઈને રહો. આ સમયે તમે અમારી પાસે રહેજો. તમે પાસે છો એવું ભાન અમને જાગો. આસુરી અને અધર્મ કામનાઓ સંયત થઇ જાય તો પણ અમારામાં દુર્બળતા ને કુટિલતા રહે તો એ દુઃખનો કોઇ આરો નથી.

અમારા આ ભારે અવસાદમાં, ભારે દુઃખમાં અમે તમને પ્રણામ કરીએ છીએ. 'મા હિંસી:।' આ દીનતા તમે દૂર કરો. હિંસા દ્વેષનો જે ભીષણ અગ્નિ પ્રગટ્યો છે તેમાં કેવી મહાન આહૂતિ આપી ! તે આહૂતિ આપ્યા છતાંય જો અગ્નિ બળતો જ રહે તો અમારું સમસ્ત કલ્યાણ તેમાં ભસ્મ ન થઈ જાય તો સારું. એમાંથી અકલ્યાણનો દાવાનળ ન ભભૂકે તો સારું."

"પિતા છો દિવ્ય ક્રાંતિના વિરાટ નવયુગના,
ને છો માતા અહિંસાની ગોદે જગ લપેટતા,
બંધુ છો સૌ ગુલામોના, દેવ છો દુખિયાતણા,
આશા છો વિશ્વ આખાની, છો સર્વસ્વ જ હિંદના.'
(ઉમાશંકર)

એક વખત ઈશુ ભગવાન દરિયા કિનારે ફરતા હતા. તે વખતે એક ભક્તે તેમની પાસે આવીને પ્રશ્ન પૂછ્યો, "ભગવાન, ઈશ્વરનાં દર્શન કેવી રીતે થાય ?" ઈશુ એકદમ તે માણસને લઇને સમુદ્રમાં પડ્યા અને તેને પાણીમાં ડૂબાડી રાખ્યો. થોડા વખત પછી તેનું માથું છોડી દઈ હાથ વડે ઉપર ખેંચી પૂછ્યું, "કેમ, કેવું લાગતું હતું ?" ભક્તે જવાબ આપ્યો, "મન તો એમ થતું હતું કે જાણે હમણાં પ્રાણ નીકળી જશે, મારી હાલત ગભરાવી મૂકે તેવી હતી." આ સાંભળી ઈશુએ કહ્યું, "હમણાં હવા માટે તું જેવો તરફડાટ કરતો હતો, તેવી રીતે જ્યારે તારું હૃદય પ્રભુને માટે તરવરાટ કરશે ત્યારે તને ચોક્કસ પ્રભુનાં દર્શન થશે."

બાળક જેમ મા પાસે રમકડાં, પૈસા અને ખાવાનું આપવા માગણી કરે છે, તેમ જ રડી રડી અને પજવીને તેને કાયર કરી મૂકે છે, તે જ રીતે નિર્દોષ બાળક પેઠે પ્રભુનો પોતાને એક આધાર ગણી જે તેને મેળવવા અંતઃકરણથી આતુર છે, અને તેના દર્શન માટે જેનું હૃદય વલોવાઇ જાય છે તેને અવશ્ય તેનાં દર્શન થાય છે. નમ્ર માગણી કરનાર ભક્તથી પ્રભુ લાંબો વખત અદૃશ્ય રહી શકતા નથી. — શ્રી રામકૃષ્ણ પરમહંસ

મણકો - ૩જો - અહિંસા

સંકલન કર્તા ::: શ્રી ચંદુલાલ બ. પટેલ

મારી અહિંસાભાવના તો મને સદાકાળ મારી એકે એક પ્રવૃત્તિમાંથી છૂટી જવા પ્રેરે છે, જ્યારે મારો આત્મા જ્યાં સુધી દુનિયામાં એક પણ અન્યાય કે એક પણ દુઃખના તેને અસહાય સાક્ષી થવું પડે છે ત્યાં સુધી સુખી થવાની ના પાડે છે.

અહિંસક વ્યક્તિને માટે અણીનો પ્રસંગ જ ન હોય. શાંતિપૂર્વક અને ગૌરવભેર મરણને ભેટવાની તૈયારી હોય. એટલે સ્ત્રી કે પુરુષને કોઈ જાતની સહાય મળવાનો સંભવ ન હોય, તોયે તે હસતે મોંએ મરણનો સામનો કરે; કેમ કે સાચી સહાય એક ઈશ્વર તરફથી જ મળે છે.

આજના અણુબોમ્બના જમાનામાં અહિંસક પ્રતિકાર અથવા સત્યાગ્રહના જેવું અન્યાય નિવારણને માટે બીજું એકે શસ્ત્ર નથી. અહિંસક પ્રતિકારની ભાવનાથી માણસો નામરદ બને છે એ વાત તદ્દન ખોટી છે. અરે, તે શસ્ત્ર તો અબળા નામે ઓળખાતી સ્ત્રીમાં પણ હિમ્મત પૂરે છે. હું અહિંસાની ભલામણ કરું છું તેનું કારણ એક જ છે; મને પ્રતીતિ થઈ છે કે તે સાચા શૂરાનું શસ્ત્ર છે.

યાદ કરો કે આપણા રાષ્ટ્રધ્વજની મધ્યમાં આપણે રેંટિયાને સ્થાપ્યો છે. આપણી કરોડોની વસ્તીની એકતા અને અહિંસક તાકાતનું તે પ્રતીક છે. ધ્વજના ત્રણ જુદા જુદા રંગો જેમના સૂચક છે તે સર્વને રેંટિયાથી કંતાયેલા કાચા સૂતરનો તાંતણો બાંધી રાખવાને સમર્થ છે. એ જ કારણે મેં પહેલાં કહ્યું હતું કે સ્વરાજની સમગ્ર રચનાનું આખું પોત હાથે કાંતેલ સૂતરના તાણાવાળાવાળું બનેલું છે અને રેંટિયો આપણું સૌથી સમર્થ શસ્ત્ર છે, આપણું સુદર્શન ચક્ર છે. એ મહા પ્રભાવશાળી સુદર્શનનું સ્થાન આજે ક્યાં છે ?

એશિયાના દેશોની પરિષદમાં મેં કહેલું કે હિંદની અહિંસાની ખુશબો દુનિયાભરમાં ફેલાશે. હવે મને ઘણી વાર થાય છે કે એ મનોરથ પાર પડ્યો ત્યારે ખરો !

ધારો કે બ્રિટન, અમેરિકા અને રશિયા ત્રણે પોતાના ભેગા સામર્થ્યથી તમને તાબે કરવા ઇચ્છે તો તેમના પ્રતિકાર કરવાને તમારી

હિંસાની કેવી ને કેટલી શક્તિ જોઈએ? આને અંગે હું તમને સૂચવું છું કે એ જબરજસ્તીની સામે કદાચ સમગ્ર એશિયાનો આધાર મળે તો તમે ટકી શકો અને તે છતાંયે યુરોપનાં શસ્ત્રાસ્ત્રો તમારાથી ચડિયાતાં હશે તો તમે તેમની સામે નહિ ફાવો. પરંતુ અહિંસાના સાધન વડે તમે એકલા એકલા પણ તે ત્રણેનો પ્રતિકાર કરી શકો. તમારો એકે એક આદમી ખપી જાય એમ બને પણ તમને જીતીને તાબે કરવાનું તો કોઈથી નહિ બને.

મારી પોતાની દૃઢ પ્રતીતિ છે કે, આપણી પ્રજાનો આખો સમુદાય હિંમત અને નીડરપણાની જે કક્ષાએ પહોંચ્યો છે તે ઊંચાઈએ સંપૂર્ણ અહિંસાના પ્રયોગ વિના કદી ન પહોંચી શકત.

સત્ય અને અહિંસા કરતાં મોટી શક્તિ જગતમાં નથી. એની આગળ અણુબૉમ્બ કશી વિસાતમાં નથી.

અણુબૉમ્બની આ અત્યંત કરુણ ઘટનાથી વાસ્તવિક રીતે જે બોધ તારવવાનો છે તે એ છે કે, હિંસાનો જેમ પ્રતિહિંસાથી નાશ ન થાય, તેમ એ બૉમ્બનો નાશ સામા બીજા વધારે વિનાશક બૉમ્બ બનાવવાથી થવાનો નથી. માણસ જાતને હિંસામાંથી ઊગરવું હોય, તો અહિંસા સિવાય બીજો એકે માર્ગ નથી. દ્વેષ માત્ર પ્રેમથી જીતી શકાય. સામો દ્વેષ કરવાથી મૂળ દ્વેષનાં વિસ્તાર અને ઊંડાણ જ વધે છે.

અહિંસા પરમ ધર્મ છે, તે શૂરનો છે, કાયરનો કદી નહિ. બીજા મારે ને આપણે માણીએ, ને તેને ધર્મપાલન માનીએ, એ કેવળ આત્મવંચના નહિ તો બીજું શું?

[પૃષ ૧૧, હિન્દી શિક્ષણ-પત્રિકામાંથી, ૧૮, જીવન સાહિત્યમાંથી]

અનુક્રમણિકા..૨૮ ફેબ્રુઆરી ૧૯૫૧

પૃષ
૧ બા અને બાપુ ... ... સુશીલા નય્યર ૧
૨ શાંતિનિકેતનનાં ભજનો...અનુ. કુરંગી દેસાઈ ૨
૩ જીવન સાધના ... ... મુકુલભાઇ ૩
૪ કસ્તુરબા ... ... કાકાસાહેબ ૫
૫ ગુરુદેવની ગીતાંજલિ... ગુરુદયાલ મલ્લિક ૭
૬ બાપુની અનોખી વાતો....કાશિનાથ ત્રિવેદી ૧૧
૭ આહાર તેવો ઓડકાર ... 'શામ' ૧૨

પૃષ
૮ બાપુના પત્રો ... ... ગાંધીજી ૧૩
૯ પ્રેમ ... ... ઉજ્જવલ કુમારીજી ૧૫
૧૦ જીવન અને કળા ... વિજયકુમાર મુનશી ૧૮
૧૧ કર્મયોગી મોતીભાઈ...રામનારાયણ પાઠક ૧૯
૧૨ ગાંધીજી બાપુ તરીકે... નિર્મળાબહેન શાહ ૨૨
૧૩ ગાંધી માળા ... ચંદુલાલ બ. પટેલ ૨૭
૧૪ આ માસની છબી ... નવીન ગાંધી ...

ગુરુદેવ તેમ જ બાપુજી વ્યક્તિગત આત્મશક્તિ વડે એ ભિન્ન ભિન્ન માર્ગે પણ સત્યનું દર્શન કરી શક્યા.

પરંતુ આપણે જો માત્ર જીવનમાં તપઃપરાયણ માર્ગે પ્રયાણ કરીએ તો જીવનમાં શુષ્કતા આવી જવાનો સંભવ રહે છે ખરો. એ જ પ્રમાણે આપણે સૌંદર્યને જ પ્રાધાન્ય આપીએ તો એમાં સ્વચ્છંદતા આવી જવાનો ભય રહે છે. તેથી એ બન્નેમાંથી બચવા માટે તપઃપરાયણ માર્ગનો સંયમ અને સૌંદર્યદર્શી માર્ગનો આનંદ એ બન્નેનો સમન્વય કરવામાં આવે તો એ નૂતન માર્ગ આપણા વિકાસને અવશ્ય સહાયરૂપ થઇ શકે.

આવા સમન્વયનું બીજ માનવીના અંતરમાં રહેલી સર્જનશીલ સંવેદનામાં રહેલું છે. આવી સંવેદનાની દૃષ્ટિએ બાપુજીની રચનાત્મક પ્રવૃતિઓનું તેમ જ ગુરુદેવની સૌન્દર્યદર્શી પ્રવૃત્તિઓનું મહત્ત્વ સરખું જ છે.

તેથી 'રૂપાયતન'નો મુખ્ય ઝોક આવી સર્જનાત્મક સંવેદનાને જાગ્રત કરી એને સર્વગ્રાહી અને સુસંવાદી કરવા પ્રત્યે જ રહેશે. અને એ જ રીતે સત્યના આનંદની તેમ જ સત્યની તપસ્યાની અનુભૂતિ કાર્ય દ્વારા કરીને માનવી સંપૂર્ણતાનો સ્પર્શ કરવાને શક્તિશાળી થાય અને એમાં જીવનનો પરમ આનંદ અનુભવી શકે તો 'રૂપાયતન'નો આદર્શ સફળ થાય.

ગ્રંથાવલોકન

પાયાની કેળવણી : લે૦ ગાંધીજી

પ્ર૦ નવજીવન કાર્યાલય, અમદાવાદ; : : : કિં. ૧-૪-૦; પૃ૦ ૧૫૧

બીજા અનેક ક્ષેત્રોની પેઠે બાપુજીએ કેળવણીના ક્ષેત્રમાં પણ અણીને ઘડીએ દીર્ઘદૃષ્ટિપૂર્વક રસ્તો બતાવ્યો છે. એમની પાયાની કેળવણીની યોજનાએ આખા જગતનું ધ્યાન ખેંચ્યું છે અને એનું ઊંચુ મૂલ્ય પણ સૌ સમજદાર અને કેળવણીકારોને દેખાયું છે.

આજ લગી એમનાં કેળવણી-વિષયક બે પુસ્તકો :–

(૧) ખરી કેળવણી
(૨) કેળવણીનો કોયડો

બહાર પડી ચૂક્યાં છે. વળી ૧૯૩૭ પછી શિક્ષણમાં બે મુખ્ય બાબતો તરફ બાપુજીને ખાસ ધ્યાન આપવાનું થયું–(૧) રાષ્ટ્રભાષાનો પ્રચાર, (૨) રાષ્ટ્રની સાર્વત્રિક કેળવણી. પહેલી બાબત અંગેનાં એમનાં લખાણોનો સંગ્રહ 'રાષ્ટ્રભાષા વિષે વિચાર' એ નામ રૂપે પ્રસિદ્ધ થયો છે. ત્યારપછી હવે બીજી બાબત અંગેનાં એમનાં લખાણોનો આ સંગ્રહ 'પાયાની કેળવણી' પ્રસિદ્ધ થતાં એમના વિચારોને ગ્રંથસ્થ રૂપે આપણને મળતાં આનંદ થાય છે.

આખા પુસ્તકને પાંચ ખંડમાં વહેંચી દીધું છે :

(૧) પુનર્ઘટનાનો સિદ્ધાંત
(૨) વર્ધા શિક્ષણ પરિષદ
(૩) વર્ધા શિક્ષણ યોજના
(૪) કેટલાંક નોંધપાત્ર પ્રયોગો
(૫) આગળનું કામ

આ પાંચે ખંડમાં એમના અગત્યના વિચારો આપણને જાણવા મળે છે. હવે આપણને આઝાદી મળી ગઈ છે. પણ જ્યાં સુધી કેળવણીના ક્ષેત્રમાં મૂળભૂત ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી આપણું કામ સંગીન થાય એમ નથી અને રાષ્ટ્રનું ભાવિ પણ જોખમમાં જ રહેશે. બાપુજી તો યુગદ્રષ્ટા હતા. એમણે કેળવણી વિશે જે ઊંડા વિચારો દર્શાવ્યા છે એ ખરેખર રાષ્ટ્રના ઘડતરમાં ખૂબ ઉપયોગી થઈ પડે એમ છે. એમના મનનીય વિચારોને સમજવા માટે સૌ કોઇએ એમનાં આ બધાં પુસ્તકો અવશ્ય વાંચવા જોઈએ. મુ૦ ક૦

REG. NO. B. 5255



પ્યારા બાપૂ



સંપાદક: નવીન ગાંધી

'રૂપાયતન'



બાપુજી અને ગુરુદેવ એ બંને મહાવિભૂતિઓ આપણી સમીપ ઉચ્ચ આદર્શ મૂકી ગયેલ છે. અમે માનીએ છીએ કે, બાપુજી અને ગુરુદેવના આદર્શોનો સુભગ સમન્વય કરી એમાંથી નિષ્પન્ન થતા રચનાત્મક માર્ગનું અનુસરણ કરવામાં વ્યક્તિનું તેમ જ સમષ્ટિનું સાચું કલ્યાણ રહેલું છે. આ બંને મહા – વિભૂતિઓના ઉન્નત જીવનાભિલાષોના સમન્વયથી જ આપણું ભાવિ ગૌરવશીલ બની શકશે, અને એમાં જ આપણું શ્રેય રહેલું છે. તેથી અમે આવા સમન્વયને મૂર્ત કરે એવી સંસ્થા જૂનાગઢમાં સ્થાપવા નિશ્ચય કર્યો છે.

બાપુજી અને ગુરુદેવના આદર્શોના સમન્વયનો હેતુ સત્યની ઝાંખી કરવાનો છે. પરંતુ સત્ય તો અનેક રૂપે વ્યક્ત થઈ રહ્યું છે. તેથી પ્રત્યેક વ્યક્તિ સત્યનું દર્શન પોતપોતાના સ્વભાવ અને પ્રજ્ઞા પ્રમાણે કરી શકે છે. ગુરુદેવ તો કવિ હતા, એટલે એમણે સત્યનું દર્શન સૌંદર્યમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા (Harmony) દ્વારા કરવા પ્રયત્ન કર્યો; જ્યારે બાપુજી તો હતા કર્મયોગી, એટલે તેઓ તપ – સંયમશીલ કર્મમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા દ્વારા સત્યનું દર્શન કરવા મથ્યા. આમ સત્યનાં બે મુખ્ય લક્ષણ સૌન્દર્ય અને તપ છે.

ગુરુદેવ તેમ જ બાપુજી વ્યક્તિગત આત્મશક્તિ વડે એ ભિન્ન ભિન્ન માર્ગે પણ સત્યનું દર્શન કરી શક્યા. પરંતુ આપણે જો માત્ર જીવનમાં તપઃપરાયણ માર્ગે પ્રયાણ કરીએ તો જીવનમાં શુષ્કતા આવી જવાનો સંભવ રહે છે ખરો. એ જ પ્રમાણે આપણે સૌંદર્યને જ પ્રાધાન્ય આપીએ તો એમાં સ્વચ્છંદતા આવી જવાનો ભય રહે છે. તેથી એ બન્નેમાંથી બચવા માટે તપઃપરાયણ માર્ગનો સંયમ અને સૌંદર્યદર્શી માર્ગનો આનંદ એ બન્નેનો સમન્વય કરવામાં આવે તો એ નૂતન માર્ગ આપણા વિકાસને અવશ્ય સહાયરૂપ થઇ શકે.

આવા સમન્વયનું બીજ માનવીના અંતરમાં રહેલી સર્જનશીલ સંવેદનામાં રહેલું છે. આવી સંવેદનાની દૃષ્ટિએ બાપુજીની રચનાત્મક પ્રવૃતિઓનું તેમ જ ગુરુદેવની સૌન્દર્યદર્શી પ્રવૃત્તિઓનું મહત્ત્વ સરખું જ છે.

તેથી 'રૂપાયતન'નો મુખ્ય ઝોક આવી સર્જનાત્મક સંવેદનાને જાગ્રત કરી એને સર્વગ્રાહી અને સુસંવાદી કરવા પ્રત્યે જ રહેશે. અને એ જ રીતે સત્યના આનંદની તેમ જ સત્યની તપસ્યાની અનુભૂતિ કાર્ય દ્વારા કરીને માનવી સંપૂર્ણતાનો સ્પર્શ કરવાને શક્તિશાળી થાય અને એમાં જીવનનો પરમ આનંદ અનુભવી શકે તો 'રૂપાયતન'નો આદર્શ સફળ થાય.

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી. રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર કૉલેજ રોડ, જૂનાગઢ.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૪ ૩૦ માર્ચ-૧૯૫૧ અંક ૨

ભક્તિધારા કેમ વહે?

ભક્તિધારા કલમમાંથી નથી વહી શકતી. એ બુદ્ધિની વાત જ નથી. એ ઝરણું તો હૃદયની ગુફામાંથી વહી શકે; અને જ્યારે વહેશે ત્યારે તેના પ્રવાહને કોઈ શક્તિ રોકી નહીં શકે. ગંગાના પ્રવાહને કોણ રોકી શકે છે?

એવી ભક્તિને માટે હું અવશ્ય પ્રયત્નશીલ છું, પણ એ પ્રયત્ન શબ્દાડંબરથી સિદ્ધ નહીં થઈ શકે. આને માટે કર્મયોગ જ એક માર્ગ છે. એ યોગમાં પૂરી નિષ્કામતાની આવશ્યકતા છે. નિષ્કામ કર્મનું બીજું નામ જ કર્મયોગ છે.

ભાગવત ધર્મપ્રેમીનો આશય હું સમજી ગયો છું. મારામાં એ ભક્તિ હશે તો અને જેટલે અંશે, તેટલે અંશે વિના પ્રયત્ને ભક્તિનો સ્પર્શ બીજાને થયા વિના નહીં રહે. કારણ હું માનું છું કે હૃદયપરિવર્તન ભાગવતધર્મથી જ થઈ શકે છે. ધર્મ ચેપી છે. એક વાર પ્રગટ થયો કે પછી કોઈને છોડતો નથી. જ્યારે આપણા કોઈમાં એ સાચેસાચ પ્રગટ થાય ત્યારે આપોઆપ જ એને હરિજન અને સનાતનીઓ પિછાનશે. કાંઈ નહીં તો મારે માટે હું એટલું કહી શકું છું ખરો કે મારાં બધાં કાર્ય-લખવું, બોલવું, ચાલવું-એ ભક્તિ મારામાં પેદા થાય એ હેતુથી થાય છે. મારો દૃઢ વિશ્વાસ છે કે જો હિંદુ ધર્મને બચાવવો હોય તો બીજો કોઈ જ માર્ગ નથી.

શુંડાબાજીથી અથવા પાખંડથી, વાક્ચાતુર્યથી અથવા સુંદર લેખોથી ધર્મની રક્ષા કદી નથી થઈ, નથી થવાની. ધર્મરક્ષા ધર્મીઓની શુદ્ધિથી, તપશ્ચર્યાથી જ થઈ શકે છે. અને ભાગવતકારે તો સ્પષ્ટ કહી દીધું છે કે આ યુગમાં ભગવદ્ભક્તિનો માર્ગ જ સુલભ છે, કદાચ એટલો એક જ માર્ગ હોય. ગાંધીજી



શાંતિનિકેતનનાં ભજનો

મન, જખન જાગલિ ના રે
ઓ, તોર મનેર માનુષ એલો દ્વારે........મન.
તાર ચલે જાબાર શબ્દ શુને ભાંગલો રે ઘૂમ
ઓ, તોર ભાંગલો રે ઘૂમ અંધકારે........મન.
માટીર પરે આંચલ પાતી
એકલા કાટે નિશીથ રાતી
તાર બાંશી બાજે આઁધાર માઝે
દેખિ ના જે ચોખે તારે..........................મન.
ઓરે, તુઈ જાહારે દિબિ ફાંકી
ખુંજે તારે પાઈ કિ આંખિ ?
એખોન પથે ફિરે પાબિ કિ રે ?
ઘરેર બાહિર કરલિ જારે....................મન.

હે મન, તું જ્યારે જાગ્યું નહોતું ત્યારે તારા મનનો પરમ પુરુષ બારણે આવ્યો. એના પાછા જવાનો અવાજ સાંભળીને તારી ઊંઘ ઊડી – પણ ઊંઘ ઊડતાં ઊડતાંમાં તો અંધકાર છવાઇ ગયો હતો !

હવે એ પરમ પુરુષ જમીન ઉપર ઉપરણો પાથરી આ માઝમ મધ્ય રાત્રિનો સમય તારા વિના એકલો જ ગાળે છે. અંધકારમાં તેની વાંસળી વાગે છે પણ તેને નજરે જોઈ શકાતો નથી.

અરે ભાઈ, એક વાર જેનાથી તું દૂર નાસી ગયું, તેને હવે શોધીશ તો પણ તને નજરે પડવાનો છે ? હવે એને પંથે પાછળ પાછળ રખડવાથી શું પામીશ ? એક વાર જેને ઘરની બહાર કાઢી મૂક્યો, તે હવે શો મળે ?

કુરંગી દેસાઈ

ડેમોકલીસની તલવાર

મુકુલભાઈ

અસલના વખતમાં ઈટાલી નજીક આવેલા સીસીલી ટાપુ પર ડાયોનિશિયસ નામે રાજા રાજ્ય કરતો હતો. તે સારો રાજા હતો, પણ નિયમપાલનમાં ખૂબ જ કડક હતો. જરા પણ ક્યાશ એ ચલાવી લેતો ન હતો. તેથી પ્રજાને તે ગમતો ન હતો. ઘણા લોકો એને ધીક્કારતા હતા. એ કારણે એની જિંદગી હંમેશાં જોખમમાં મુકાવાનો એને ભય રહેતો.

પરંતુ કેટલાક ઉમરાવો એનાં ખૂબ વખાણ કરતા. રાજા જે કંઈ કરે તેની વાહવાહ તેઓ કરતા અને એ રીતે રાજાની મહેરબાની મેળવવા મથતા. એ ઉમરાવોમાં ડેમોકલીસ નામે ઉમરાવ હંમેશાં રાજાનાં ખોટા વખાણ કર્યા કરતો.

તે વારે વારે કહેતો : "રાજા થવું એ કેટલી મહાન વસ્તુ છે! પણ નામવર, આપના જેવા રાજા થવું એ એથીયે મહાન વસ્તુ છે. આપ ખરેખર વિદ્વાન છો, ન્યાયી છો, મહાન છો અને સુખી પણ છો. આપના જેવો રાજા બીજો એકેય નથી. અને આપના જેવો સુખી માણસ પણ બીજો કોઈ નથી."

રાજા એનો આવો લવારો વારંવાર સાંભળીને કંટાળી ગયો. રાજાએ મનમાં વિચાર્યું: "આ માણસની મૂર્ખાઈભરી નકામી વાતો સાંભળીને હવે હું કંટાળી ગયો. એને એક પાઠ શીખવવો જોઈએ."

તેથી એક દિવસે જ્યારે ડેમોકલીસ રાજાનાં ભણગાં ફૂંકતો હતો, ત્યારે રાજાએ તેને કહ્યું: "તું હંમેશાં કહે છે કે રાજા થવું એ બહુ આનંદદાયક છે તો પછી તારે રાજા બનીને એનો અનુભવ લેવો જોઈએ. આવતી કાલે હું મારા બધા ઉમરાવોને મિજબાની આપવાનો છું. તે વખતે તું મારી જગ્યાએ બેસજે, મારો તાજ પહેરજે, અને મારે બદલે થોડા કલાક માટે તું રાજા બનજે."

ડેમોકલીસ આ સાંભળીને રાજી રાજી થઈ ગયો. તે બોલ્યો, "મહારાજ! આપ કેટલા બધા સારા છો! મારા પર આપે ખૂબ મહેરબાની કરી છે."

બીજે દિવસે ડેમોકલીસે રાજાનો પોશાક પહેર્યો. અને મિજબાનીમાં રાજાના સ્થાને પોતે જઇને તે બેઠો. બધા ઉમરાવો આવી આવીને એને નમન કરવા લાગ્યા. એ જોઇને એ ખૂબ ફુલાઈ ગયો. પોતે ખરેખર રાજા જ છે એવો એને અનુભવ થયો.

ડેમોકલીસ વિચારવા લાગ્યો: "ખરેખર, રાજા બનવું એ બહુ જ મહાન અને ગૌરવશાળી વાત છે. રાજવી પોશાક પહેરવો, ગાદી પર બેસવું, સારામાં સારી વાનીઓ એને સૌથી પહેલાં પીરસવામાં આવે, અને સૌ કરતાં ઊંચે સ્થાને એની ગણના થાય – આ કેટલું આનંદદાયક અને સુખમય છે!"

એવામાં તેની નજર માથા ઉપરની છત તરફ પડી. અને ત્યાં તેણે એવું કંઇક જોયું કે તેનું હૃદય ભયથી ધ્રૂજી ઊઠ્યું. એના માથાની બરોબર ઉપર જ એક તલવાર લટકતી હતી. એનો અણિયાળો છેડો નીચે હતો અને એને ઉપરથી એક જ વાળને આધારે લટકાવવામાં આવી હતી! ડેમોકલીસ એને તાકીને જોતો બેસી રહ્યો. કારણ કે તેને બીક લાગતી હતી કે કઈ ક્ષણે વાળ તૂટી પડે અને તલવાર

માથામાં ભોંકાઈ જાય એ કહી શકાય એમ ન હતું. તેને પોતાની જિંદગી ભયમાં આવી પડેલી લાગી.

તેનો બધો આનંદ જતો રહ્યો. તેને તો પેલી તલવારનો જ ભય પીડી રહ્યો હતો. તેને ખાવાનું કે પીવાનું ગમે નહિ. તેના મહેમાનો સાથે પણ તેને વાતો કરવાનું ગમે નહિ. તે પોતાના સ્થાનેથી ખસી શકે એમ પણ ન હતું. મિજબાની પૂરી થાય ત્યાં સુધી તેને ત્યાં જ બેસી રહેવાનું હતું.

મિજબાની પૂરી થઇ અને છૂટકારો અનુભવતો હોય એમ ડેમોકલીસ દીર્ઘ નિઃશ્વાસ નાખીને ઊઠ્યો. તે ખૂબ ગમગીન બની ગયો હતો.

રાજાએ હસતા હસતા એને પૂછ્યું: “કેમ, મિજબાનીમાં મજા પડી ને?”

ડેમોકલીસ બોલ્યો: “જો આવી રીતે જ રાજા બનીને બેસવાનું હોય તો ક્યાંથી મજા પડે?”

રાજાએ કહ્યું: “હવે પછી તું મૂર્ખાઈભરી રીતે મારાં ખોટાં વખાણ કરતો અટકશે. હવે તને સમજાયું હશે કે રાજા થવું એટલે હંમેશાં ભયમાં જ એની જિંદગી રહે. એને માથે ભય હંમેશાં ઝઝૂમતો જ હોય. મારી આવી દશા છે. અને એ મારે સહન કરવી જ રહી.

ડેમોકલીસ તો આ સાંભળીને અવાક જ બની ગયો. તેને પોતાની ભૂલ સમજાઈ.

તરતાં જાણો છો કે નહિ – એક નવશિક્ષિત શહેરી બાબુ નાવમાં બેસીને નદી પાર જઈ રહ્યો હતો. તેણે આકાશની તરફ જોઈને ખલાસીને કહ્યું, ‘ભાઇ, તમે નક્ષત્રવિદ્યા જાણો છો?’ ખલાસીએ હસીને કહ્યું, ‘બાબુજી, હું તો નામ પણ નથી જાણતો.’ ત્યારે બાબુએ હસીને કહ્યું, ‘ત્યારે તો તમારું ચોથા ભાગનું જીવન નકામું ગયું.’ થોડીક વાર પછી બાબુએ ફરીથી પૂછ્યું: ‘ભાઇ, તમે ગણિત ભણ્યા છો?’ ખલાસીએ કહ્યું: ‘બાબુજી, હું તો નથી ભણ્યો.’ બાબુએ કહ્યું, ‘ત્યારે તો તમારું અડધું જીવન મફતમાં ગયું.’ ખલાસી બિચારો ચુપ રહ્યો. થોડીક વાર પછી નદીની બન્ને બાજુએ ઝાડોની ઘટા જોઈને બાબુ બોલ્યા, ‘તો ભાઈ, તમે વૃક્ષવિજ્ઞાનશાસ્ત્ર તો જાણતા હશો?’ ખલાસી બોલ્યો: ‘બાબુજી, હું તો કોઈ શાસ્તર બાસ્તર નથી જાણતો. નાવ ચલાવીને ગમે તેમ પેટ ભરું છું.’ બાબુજીએ હસીને કહ્યું: ‘ત્યારે તો ભાઈ તમારા જીવનનો પોણો ભાગ નકામો વીત્યો.’ આ વાતચીત ચાલી રહી હતી એટલામાં અકસ્માત જોરથી આંધી આવી. નાવ ડગમગવા લાગી, જોતજોતામાં નાવમાં પાણી ભરાઈ ગયું. ખલાસીએ નદીમાં કૂદીને તરતાં તરતાં પૂછ્યું: ‘બાબુજી, તમે તરતાં જાણો છો કે નહીં?’ બાબુજીએ કહ્યું, ‘તરતાં જાણતો હોત તો હું પણ કૂદી ન પડત? ‘ભાઇ, બતાવ હવે શું થશે.’ ખલાસી બોલ્યો: ‘બાબુજી, હવે તો ડૂબવા સિવાય કોઇ ઉપાય નથી. તમે બધી વિદ્યાઓ ભણ્યા, પણ તરતાં ન જાણ્યું ત્યારે તો આખું જીવન વ્યર્થ છે. હવે તો ભગવાનને યાદ કરો!’ ભવસાગરથી તરવાની ભજનરૂપી વિદ્યા એ સાચી વિદ્યા છે. તેને ન ભણતાં જે કેવળ લૌકિક વિદ્યાઓનો પંડિત બનીને અભિમાન કરે છે તેને તો ડૂબવું જ પડે છે.



ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની 'ગીતાંજલિ'નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પ્રફુલ્લિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ'ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

સાંભળશો કે નહીં સાંભળ્યો કદીય તેનાં પગલાં?
તે આવે, આવે, આવે :
તે આવે, સદાય આવે!
યુગયુગ પલપલ દિનરજની નિત ગાજે તેનાં પગલાં :
તે આવે, આવે, આવે :
તે આવે, સદાય આવે!
જ્યારે મેં ગીતો જે ગાયાં મસ્ત બનીને મનમાં
સહુ સૂરોમાં ગાજી ઊઠ્યાં સદાય તેનાં પગલાં :
તે આવે, આવે, આવે :
તે આવે, સદાય આવે!
યુગો યુગોથી ફાગણ માસે વનના પથમાં :
તે આવે, આવે, આવે :
તે આવે, સદાય આવે!
શ્રાવણ માસે ઘન અંધારે ઘનના રથમાં :
તે આવે, આવે, આવે :
તે આવે, સદાય આવે!
દુઃખ ઉપર દુઃખો જ્યવ આવે અંતર બાજે પગલાં,
સુખમાં સ્પર્શ-મણિ ફેરવતાં, અણકળ એનાં પગલાં :
તે આવે, આવે, આવે : તે આવે, સદાય આવે!

[અનુ૰ નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું આ ૪૫મું કાવ્ય સમજાવતાં પૂ૰ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :

પ્રકૃતિ, શ્વાસ-સ્પંદન, (શ્વાસોચ્છવાસ) સર્જન-કલા, સુખ-દુઃખ વગેરેમાં પ્રભુનાં પગલાં સંભળાય છે. પણ આપણે સ્વાર્થમાં એટલા ડૂબી ગયેલા હોઇએ છીએ કે તેનાં પગલાંનો અવાજ સાંભળી શકતા નથી. સૌંદર્યને નિહાળવાની તેમ જ સંગીત સાંભળવાની તથા બીજાની વ્યથા સમજવાની શક્તિને આપણો સ્વાર્થ હરી લે છે. તેથી આંખો હોવા છતાં, કાન હોવા છતાં, હૃદય હોવા છતાં આપણે ન તો જોઈ શકીએ છીએ, ન તો સાંભળી શકીએ

છીએ, ન તો બીજાનાં દુઃખ અનુભવી શકીએ છીએ. પ્રભુનાં પગલાં આપણે સાંભળી શકતાં નથી તેનું કારણ આપણો સ્વાર્થ છે, પ્રભુ નથી. સ્વાર્થ એક નાનકડી આંગળી જેવો છે. આંખ પર આંગળી મૂકવાથી જે કાંઈ જીવનમાં વિરાટ છે, ભવ્ય છે, વિશાળ છે–આકાશ, સૂર્ય વગેરે–એને આપણે જોઈ શકતા નથી; તે આંગળી નીચે બધું ઢંકાઈ જાય છે.

વળી પ્રભુનાં પગલાંનો અવાજ નીરવ–'નિઃશબ્દ'– છે. તેથી પણ આપણે તે સાંભળી શકતા નથી. એક લેખકે કહ્યું છે: "પ્રભુ ઘંટ વગાડ્યા વિના આવે છે." તેની આ નિઃશબ્દતામાં પણ એક રહસ્ય છુપાયેલું છે. પ્રભુ માણસની હૃદય-ગુફામાં રહેલો છે. તેથી જ્યારે બહારની ગડબડ બંધ થાય ત્યારે જ તે હૃદયની ગુફાની નિઃશબ્દતામાં પ્રભુનો આપણને આભાસ થાય.

એવી નિઃશબ્દતા અનુભવવાની ઘડી દરેક વ્યક્તિના જીવનમાં આવે છે. પણ તે ઘડી કયારે આવશે એ કોઈ પહેલેથી કહી ન શકે. પરંતુ એમ તો લાગે છે કે, જ્યારે કોઈ એવું શુભ મુહૂર્ત આવે છે જેમાં માણસ જીવનની સમન્વયતા અનુભવે છે, ત્યારે તેને પ્રભુની વિભૂતિ, શક્તિ તેમ જ હસ્તીની ઝાંખી થાય જ છે.

એક નરોત્તમ નામે જાગીરદાર હતો. એના મનમાં કોઈક દિવસ અંદર અંદર એવો વિચાર જાગ્યો હશે કે પ્રભુનો આદેશ મને સંભળાય તો જીવન સુધન્ય બને અને સાથે સાથે સારી રીતે જાગીરદારી પણ કરી શકું. આ વિચાર બહુ સૂક્ષ્મ રીતે એનામાં કોઈક દિવસ જાગ્યો હશે.

એક વાર એ શિકાર કરવા ગયો. શિકારની પાછળ પડતાં પડતાં તે પોતાના સાથીઓથી વિખૂટો પડી ગયો. બપોરનો સમય થયો હતો. ધરતી બળુ બળુ થઈ રહી હતી. એ તો એક ઝાડ નીચે છાંયડામાં વિસામો લેવા બેઠો. એવામાં દૂરના ખેતરમાંથી એક ખેડૂત બીજા ખેડૂતને હાક પાડી બોલાવી રહ્યો હતો: "હે નરોત્તમ, હે નરોત્તમ." સંજોગવશાત્ પેલા ખેડૂતનું નામ પણ નરોત્તમ જ હતું. પરંતુ પેલા જાગીરદારના મનમાં આ દૂરથી આવતા અવાજે જૂદી જ અસર ઉત્પન્ન કરી. એને તો થઈ આવ્યું કે મારો પ્રભુ મને ક્યારનો નરોત્તમ, નરોત્તમ, કહીને બોલાવી રહ્યો છે, પણ હું તો આ બધી માયામાં ફસાઇ રહ્યો છું. તરત જ એને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એ તો બધું તજીને પ્રભુનો ભક્ત બની ગયો. આમ કોઈ બીજાના જ અવાજમાં એણે પ્રભુનો આદેશ સાંભળ્યો.

આવો જ એક બીજો સાચો પ્રસંગ મને યાદ આવે છે. એક પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ હતો. તે રોજ રાતે જુદે જુદે સ્થળે ચોકી કરતા સિપાઈઓની હાજરી લેવા સાઈકલ પર બેસી નીકળતો હતો. ચોકી કરતા સિપાઈ પાસે જઇ તે સાદ પાડતો: 'રામચંદ્ર!' તરત જ પેલો સિપાઇ જવાબ આપતો. "જી હાજર સા'બ!' પછી વળી આગળ જઈ તે સાદ પાડે: "મહાદેવ!' તરત જ બીજો સિપાઈ જવાબ આપે, "જી હાજર સા'બ!"

આમ એ દરરોજ તપાસ કરવા નીકળે. એક દિવસે એ એક સિપાઇ પાસે જઇને બોલ્યો: "બાલકૃષ્ણ!" પેલા સિપાઈએ જવાબ આપ્યો, "જી હાજર સા'બ" અને આવું તો એ દરરોજ સાંભળતો, પણ આજે કોણ જાણે કેમ આ સવાલ અને જવાબે એના ઉપર જાદુઈ અસર કરી. એ તો એકદમ વિચારમાં પડી ગયો. તેને થયું મારો .... [અનુસંધાન પરચે]



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

૧]

વરસાદના દિવસો હતા. ઑગસ્ટ મહિનો ચાલતો હતો. બાપુ સેવાગ્રામમાં રહેતા હતા. મહિલા-આશ્રમના આચાર્ય એક દિવસ અચાનક બીમાર પડી ગયા. ઝાડા ઊલટી થવા લાગી. દાક્તરોએ કહ્યું કે તેમને કોલેરા થયો છે. લોકો સાવધાન થઈ ગયા. કોલેરાના રોગીને અલગ લઈ જવામાં આવ્યો અને તેમની સારી વ્યવસ્થા કરી. આશ્રમનાં ભાઇ બહેનો વારંવાર પોતાના આચાર્યની સેવા ચાકરી કરવા જવા લાગ્યાં. દાકતરોએ પણ પોતાની બધી શક્તિ વાપરી તથા સેવકોએ જીવને જોખમે સેવા કરી. પરિણામે આચાર્ય ઘાતકી રોગથી બચી ગયા. પણ આશ્રમના કમભાગ્યે આચાર્ય એક રોગમાંથી છૂટ્યા કે બીજા રોગે તેમને પકડી લીધા. લોકોએ કેટલાય દિવસો સુધી રાતદિવસ જાગીને તેમની સતત સેવા ચાકરી કરી.

સંજોગવશાત્ એ જ સમયે વર્ધામાં પણ કેટલાક કાર્યકર્તાઓ એ જ રોગથી બીમાર પડ્યા. કેટલાક તેના ભોગ બની મરણ પામ્યા અને કેટલાક બચી ગયા. બાપુને તે બધાની ખૂબ ચિંતા થવા લાગી. તેઓ રોજ સવાર સાંજ બીમાર લોકોને જોવા આવવા લાગ્યા. ચાર માઈલ ચાલીને આવતા હતા. એ દિવસોમાં તેમણે ખુલ્લા પગે ચાલવાનો નિયમ લીધો હતો. વરસાદના દિવસો હતા એટલે રસ્તામાં કીચડ, કાંટા, કાંકરા બધું જ હતું. ઘણી વાર બાપુને કાંટા વાગ્યા, કાંકરા પેસી ગયા અને પગ લોહીલોહાણ થઇ ગયા છતાં એવી દશામાં પણ બાપુ રોગીઓને જોવા આવતા હતા.

એક દિવસની વાત છે. બાપુ સેવાગ્રામથી નીકળ્યા. રાત્રે વરસાદ વરસ્યો હતો. દિવસે વાદળ છવાયેલાં હતાં. બાપુ સેવાગ્રામમાંથી નીકળ્યા ત્યારે પણ આકાશ કાળાં વાદળોથી ઘેરાયેલું હતું. બાપુ છત્રી કે કામળ લીધા વિના ચાલી નીકળ્યા અને મહિલા-આશ્રમ પહોંચ્યા. વારંવાર વીજળી ચમકતી હતી, અને ભારે ગડગડાત અને ગર્જનાઓ થતી હતી. જાણે કે હમણાં વાદળાં વરસવા માંડશે અને મૂશળધાર વરસાદ તૂટી પડશે એવું લાગતું હતું.

બાપુએ આવીને મહિલા આશ્રમના આચાર્યની તબીયતના સમાચાર પૂછયા, મીઠી મશ્કરી કરી તથા હિંમત અને ધીરજની બે વાતો કહી. કરી પાળવાની સૂચના આપી તથા સેવકોને જાગ્રત કરી બીજા રોગીઓને જોવા ગયા. પાસે છત્રી ન હતી, પગમાં જોડા ન હતા અને એકલા ચાલ્યા જતા હતા! આકાશ ઉપરથી તૂટી પડે એવી સ્થિતિ હતી. વાદળ તૈયારી કરીને બેઠાં હતા. ચોતરફ વાદળાં ઘેરાયેલાં હતાં. વરસાદ પડે તો બાપુની દશા કફોડી થાય એવો ડર હતો.

મહિલા આશ્રમથી થોડેક દૂર નવભારત વિદ્યાલય હતું અને ત્યાંથી થોડેક દૂર હરિજન છાત્રાલય હતું. બાપુને છાત્રાલય સુધી જવું હતું. ત્યાં એક ભાઈ બીમાર હતા. કદાચ તે શ્રી કાકાસાહેબ કાલેલકર જ હતા. બાપુ તેમને જોવા જતા હતા. મોટર લાવવા કહ્યું હતું પણ તે વેળાસર ન આવવાથી બાપુ પગપાળા જ ચાલી નીકળ્યા હતા, નવભારત વિદ્યાલય સુધી ગયા એટલામાં સામેથી મોટર આવી બાપુએ મોટર જોઈ એટલે ઊભા રહ્યા. મોટર આવી અને બાપુ તેમાં બેઠા.

બાપુએ મોટરમાં પગ મૂકયો કે તરત જોરથી વરસાદ વરસવા લાગ્યો. એક ક્ષણ પણ મોટર મોડી આવત તો બાપુ પાણીથી તરબોળ થઈ જાત.

કોણ જાણે એ કેવો ચમત્કાર હતો! એ દિવસનું દૃશ્ય હું આજ પણ ભૂલી શકતો નથી. બાપુએ વાદળોને સાધી રાખ્યાં હતાં કે વાદળોએ બાપુને માટે પોતાને સાધી લીધાં હતાં એ કહી શકાય તેમ ન હતું.

પણ એક વાત તો સાચી છે: જે સૃષ્ટિના નિયમોનો આદર કરે છે અને પ્રકૃતિને અનુકૂળ બની પોતાનું જીવન વ્યતીત કરે છે તેની ચિંતા પ્રકૃતિ પણ કરે છે.

એ પ્રસંગે મને આ સત્યનાં દર્શન કરાવ્યાં. બાપુને ચરાચરની ચિંતા હતી તો ચરાચરને બાપુની પણ એટલી જ ચિંતા હતી. કહો બેમાંથી કોણ મોટું? બાપુ મોટા કે બાની માફક બાપુની ચિંતા રાખનાર પ્રકૃતિ મોટી?

આપણે કહીશું: બન્ને મોટાં.

સેવાની સુવાસ કયારે પ્રગટે?

પૈસો, બુધ્ધિ અને સત્તા એ જનસેવાનાં મુખ્ય સાધનો મનાય છે. તેથી ધન, બુધ્ધિ અને સત્તાવિહોણો માણસ સેવા શી રીતે કરી શકે? એવો પ્રશ્ન સામાન્ય રીતે ઊભો થાય છે. એ લોક પ્રશ્નનો ઉત્તર એક લોક કવિ સાદી ઉપમાથી સચોટ રીતે આપે છે:

> યદ્યપિ ચન્દન વિટપી વિધિના ફલકુસુમવર્જિતો વિહિત: ।
> નિજ વપુષૈવ પરેષાં સંતાપમપનયતિ ॥

જો કે ચંદનના વૃક્ષને કુદરતે ફળફૂલ વિહોણું બનાવ્યું છે છતાં, તે પોતાના શરીરથી જ બીજાના સંતાપને દૂર કરે છે.

જીવમાત્ર પ્રત્યે સમભાવથી દ્રવતા હૃદયે જાત ઘસીને કરેલી સેવા, સુખડના લેપની પેઠે હૈયાને ઠંડક આપે છે અને આત્માને પવિત્ર તથા સુવાસિત બનાવે છે. સેવાનો એ જ એક માર્ગ છે.

રામનારાયણ ના. પાઠક

બાપુનો પરિવાર

સંસ્કારપોષક કાકાસાહેબ

મુકુલભાઈ

"પ્રથમગ્રાસે નવનીતપ્રાપ્તિ:"

એવી સુભગ સુધન્યતા જ્યારે મારા વિદ્યાકાળ દરમિયાન કાકાસાહેબની 'સ્મરણ યાત્રા'માંથી "આક્કા" નામક પ્રકરણ અમારા પાઠ્યપુસ્તકમાં શીખવા મળ્યું ત્યારે મેં અનુભવી. એમાં કાકાસાહેબના બહેન વિષેના વિચારોએ તો મારા અંતરમાં કાકાસાહેબને સ્નેહાળ સ્થાને જ સ્થાપી દીધા. પોતાની સુશીલ બહેન વિશે લખતાં કાકાસાહેબ કહે છે :

" માણસની બધી શુભ વૃત્તિઓ કૌટુંબિક વાતાવરણમાં જ ખીલે છે. તેમાં પણ મા પછી જો ભારેમાં ભારે કોઇની અસર થતી હોય તો તે બહેનની છે.... જે સંબંધ સહેલાઈથી વ્યાપક થઈ શકે, આખી સ્ત્રીજાતિનો અંતર્ભાવ કરી શકે, એવો સંબંધ તો ભાઈ-બહેનનો જ. હું સમજણો થયો એના પહેલાં જ મારી બહેન ગુજરી ગઈ; તેથી જિંદગીનો મારો એ વિભાગ શૂન્યવત્ થઈ ગયો છે. સ્ત્રીઓને હું દૂરથી પૂજું છું, પણ તેમની સાથે સ્વાભાવિક રીતે સંબંધમાં આવતાં મને આવડતું જ નથી. ભગિની પ્રેમની ભૂખ રહી જ ગઈ છે. જેમ જેમ જીવનની વ્યાપકતા અને સર્વાંગસુંદરતાનો આદર્શ બંધાતો ગયો છે, તેમ તેમ મારે એક બહેન હોય તો કેવું સારું, એવો વિચાર મનમાં આવી મન ઝૂરે છે. એમાં પોતાને બહેન ન હોવાને કારણે નવી બહેન મેળવતાં ન આવડે એ મુશ્કેલી છે જ."

કાકાસાહેબના લખાણમાં બધે ભાવભીનું કાવ્ય જ વહે છે. એમની રગેરગમાં આર્ય-સંસ્કૃતિની ઉદાત્ત ભાવનાનાં સ્પંદનો જાગે છે. કાકાસાહેબ તો આર્યજીવનદર્શનની અદમ્ય ઝંખનાવાળા સૌન્દર્યાભિનિવિષ્ટ કવિ અને દ્રષ્ટા છે. કાકાસાહેબનાં લખાણમાં એવી સાત્ત્વિકતા અને હૃદયની સરળતા સભરભરેલી છે કે એનું અનુશીલન કરતાં આપણને ઉચ્ચતમ આનંદનો અનુભવ થાય છે, આપણામાં રહેલી બધી શુભ લાગણીઓને જગાડે છે અને અપરિકવ દશામાં રહેલા આપણા સંસ્કારોને પોષે છે. કાકાસાહેબ તો છે પ્રાણવાન સાહિત્યના સ્રષ્ટા. એમનાં વાક્યે વાક્યે જીવનાનુભવનો નિચોડ અને ઉપનિષદો, ગીતા, રામાયણ, મહાભારત ઇત્યાદિ પ્રાચીન ગ્રંથોનો તેમ જ તુકારામ જ્ઞાનેશ્વરાદિ મહારાષ્ટ્ર સાધુ-સંતોની કૃતિઓનો ઊંડો અને તલસ્પર્શી અભ્યાસ દૃષ્ટિએ પડે છે.

કાકાસાહેબની મહત્તા એ છે કે એમનાં લખાણો પ્રત્યે આપણો વિદ્યાર્થી વર્ગ સહજભાવે આકર્ષાય છે અને એમાંથી જીવનદાયી પ્રેરણાનું પાન કરે છે. એમનાં લખાણમાં રહેલી સાત્ત્વિકતા, હૃદયની સચ્ચાઈ અને જીવનપોષક સંસ્કારિતાને લીધે વિદ્યાર્થીઓ એનું નિર્ભયતાપૂર્વક અનુસરણ કરી શકે એટલી આસ્થા આપણને સહેજે મનમાં ઉદ્ભવે છે. બાપુજીએ આપણી આગળ ઉચ્ચ આદર્શ મૂક્યા છે. એ ઉચ્ચ આદર્શ પ્રત્યે દોરી જવાની શક્તિ કાકાસાહેબમાં અવશ્ય છે, અને સૌ વિદ્યાર્થીઓ સર્વદા એ આદર્શને સમજવા માટે કાકાસાહેબ તરફ મીટ માંડે છે અને એમની પાસેથી પોતાની એ તૃષા છિપાવી તેઓ કૃતકૃત્ય થાય છે. આનું કારણ એ જ છે કે કાકાસાહેબનું ખરું સ્વરૂપ શિક્ષકનું જ છે. બાપુજીએ કહ્યું છે, "લંકામાં બેઠેલો શિક્ષક પોતાના વર્તનથી પોતાના શિષ્યોના આત્માને હલાવી શકે." એવી જ કંઈક સ્થિતિ તરફ કાકાસાહેબનું પ્રયાણ છે. અહીં એક પ્રસંગનું સ્મરણ થાય છે:

૧૯૩૦ની લડત વખતે કાકાસાહેબ બોરસદમાં પકડાયા. આણંદમાં એમનો કેસ ચાલ્યો. કાકાસાહેબ એક ભાઈ સાથે એક લીમડા નીચે બેઠા હતા. તેવામાં પોલીસ અધિકારી લાહેરે ત્યાં આવીને કાકાસાહેબને પૂછ્યું, "મિ. કાલેલકર, તમારો ધંધો શો?"

કાકાસાહેબે સહજ ભાવે ઉત્તર આપ્યો, "શિક્ષક."

"પણ તમને જેલમાં કયો કલાસ આપવો તે માટે પૂછવામાં આવ્યું છે. 'જર્નાલિસ્ટ' લખાવું? 'એ' કલાસ તો જ મળશે!"

કાકાસાહેબે અનાયાસે, જરાયે વિચાર કર્યા વિના, થોભ્યા વગર, ગૂંચાયા વિના, કહ્યું, "ના, ના, બીજું કંઈ જ નહીં. હું શિક્ષક જ છું. કલાસ તો મને 'સી' જ આપજો."

આમ કાકાસાહેબ આપણી આગળ એક ઉચ્ચ આદર્શ રજૂ કરે છે અને સાચા શિક્ષક બની વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા સાધે છે.

એમના જીવનની સુવાસ તો એમના ઉચ્ચ ચારિત્ર્યને જ આભારી છે. બાપુજીએ 'જીવન'ને જ વધારે મહત્તા આપી છે. કહેવા કરતાં આચરવું એ જ બાપુજીનો જીવનમંત્ર હતો. તેથી આપણે આજે કોઈનો પણ વિચાર કરવા બેસીએ ત્યારે એના જીવન તરફ સ્વાભાવિક રીતે વળીએ છીએ. કાકાસાહેબ પણ જીવનમાં સદાચાર અને ચારિત્ર્યને જ વધુ મહત્ત્વ આપે છે. તેથી જ એમનાં એકેએક લખાણો જીવનને કેંદ્રમાં રાખીને લખાયેલાં હોય છે. એમનાં પુસ્તકોનાં નામ જ જુઓને! 'જીવનનો આનંદ,' 'જીવન વિકાસ,' 'જીવન સંસ્કૃતિ,' 'જીવન ભારતી.' વળી એમનાં અન્ય પુસ્તકોમાં પણ જીવનને જ પ્રાધાન્ય અપાયેલું છે. આ કારણને લીધે કાકાસાહેબ આપણા ચિત્તતંત્રને સ્પર્શે છે અને આપણી સાથે એકાત્મભાવ સાધે છે.

કાકાસાહેબનું લખાણ જીવનનાં સમગ્ર તત્ત્વોને આવરી લે છે. એમનો 'જીવનનો આનંદ' વિદ્યાર્થીઓને જીવનમાં આનંદ શોધવામાં અને તે આનંદ વ્યક્ત કરવાની ભાષા કેળવવામાં મદદરૂપ નીવડે છે. બ્રહ્માને થયું કે 'એકાકી ન રમતે।' આમ વિચાર કરી 'એકો અહમ્, બહુસ્યામ્।' એમ નિશ્ચય કરી તેમણે સૃષ્ટિ રચી. આનંદ કદી એકલપેટો રહી શકતો નથી. તેથી જ કાકાસાહેબે જીવનનો આનંદ વ્યક્ત કરવાની શરૂઆત કરી 'હિમાલયના પ્રવાસ' સાથે. એના જ અનુકરણમાં 'બ્રહ્મદેશનો પ્રવાસ લખાયો. સરકારે કાકાસાહેબને જેલમાં પૂર્યા [અનુ૰ પૃ૰ ૪૬ મે]



ચિ. શારદા,

કંઈ લખવાપણું ન હતું એ તો તેં ન માનવા જેવી વાત લખી. મને મન ગમતું કામ ન કરનાર ઘણાં બાળકો અને બાળા લખ્યા કરે છે.

તારી દલીલ તારા જેવીને શોભા નથી આપતી. નાજુક શરીર એટલે કમાઈનું સાધન બુદ્ધિબળ વધારી કરવાનું તું લખે છે. એ વધારતાં શરીર બગાડે છે એ તું નથી જોતી. કમાણી અર્થે જ્ઞાન મેળવવાનો વિચાર જ હીન છે તું જાણ



રૂપ થશે એમ વિચારવું પણ
ભૂલભરેલું છે ગમે તેટલું
જ્ઞાન મેળવ્યા છતાં જો તું
ખાટલાવશ થાય તો ભાર
રૂપ થવાની જ છો એ કેમ
નથી સમજતી? તું જ્ઞાન
મેળવે એ મને ગમે. બાળ
ની જેમ તું કોલેજમાં ભણી
મોટી પદવી મેળવે તેનો
મને દ્વેષ ન હોય. પણ
શરીર બગાડીને નહીં જ.
શરીર સુધાર તારૂં પ્રથમ
કર્તવ્ય છે. પણ આ તો
મારો મત. ખરૂં તો તને સુઝે

તે જ. હવે આરંભ કર્યો છે તો લખ્યા કરજે
સેગાંવ ૨૪-૬-૩૬ બાપુના આશીર્વાદ

ચિ૦ શારદા,

કંઈ લખવાપણું ન હતું એ તો તેં ન માનવા જેવી વાત લખી. મને મન ગમતું કામ ન કરનાર ઘણાં બાળકો અને બાળા લખ્યા કરે છે.

તારી દલીલ તો તારી બુદ્ધિને શોભા નથી આપતી. નાજુક શરીર એટલે કમાઈનું સાધન બુદ્ધિબળ વધારી કરવાનું તું લખે છે. એ વધારતાં શરીર બગડે છે એ તું નથી જોતી. કમાણી અર્થે જ્ઞાન મેળવવાનો વિચાર જ હીન છે. તું ભારરૂપ થશે એમ વિચારવું પણ ભૂલ ભરેલું છે. ગમે તેટલું જ્ઞાન મેળવ્યા છતાં જો તું ખાટલાવશ થાય તો ભાર રૂપ થવાની જ છો એ કેમ નથી સમજતી? તું જ્ઞાન મેળવે એ મને ગમે. બાળની જેમ તું કૉલેજમાં ભણી મોટી પદવી મેળવે તેનો મને દ્વેષ ન હોય. પણ શરીર બગાડીને નહીં જ. શરીર સુધાર તારું પ્રથમ કર્તવ્ય છે. પણ આ તો મારો મત. ખરું તો તને સૂઝે તે જ. હવે આરંભ કર્યો છે તો લખ્યા કરજે.

સેવાગ્રામ ૨૪-૬-૩૬ બાપુના આશીર્વાદ

પ્યારા બાપુ

સૂક્તિસુધા

મહારાષ્ટ્ર દેશમાં એક સંત થઈ ગયા. તેઓ મહાત્યાગી હતા. નદી કિનારે એક નિર્જન સ્થાનમાં તેઓ વાસ કરતા હતા. પાસેના ગામમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તે કથા વાર્તા કરી પોતાના કુટુંબનું ભરણપોષણ કરતો હતો. આ બ્રાહ્મણ ઘણો જ પવિત્ર હતો. સમય જતાં તે બહુ દરિદ્ર દશામાં આવી પડ્યો અને પોતાના કુટુંબનું ગુજરાન કેમ ચલાવવું તે બાબતની તેને બહુ ચિંતા થવા લાગી. પોતાની આ મૂંઝવણમાંથી સંત મહાત્મા કાંઈ માર્ગ બતાવશે એમ ધારી તે પેલા મહાત્મા પાસે ગયો અને પોતાની સ્થિતિ સંબંધી હકીકત તેને અથથી ઇતિ સુધી કહી સંભળાવી. પેલા સંતે જવાબ આપ્યો કે તમારી સ્થિતિની હકીકત સાંભળી બહુ દુઃખ થાય છે, પણ હું શું કરું ? તમને હું મદદ કરી શકું તેમ નથી, કારણ કે મારી પાસે ધન નથી મેં તો સંસારનો ત્યાગ કર્યો છે. આ સાંભળી પેલો બ્રાહ્મણ નિરાશ થઈ તે સંતને પગે લાગી ઘર તરફ જવા ઊઠ્યો. તે દસ પંદર પગલાં ગયો હશે તેટલામાં પેલા મહાત્માએ બૂમ મારી તેને પાછો બોલાવ્યો. તે સંતે કહ્યું, "હું ભૂલી ગયો હતો તે હવે મને યાદ આવે છે કે ઘણા માસ પહેલાં પ્રાતઃકાળમાં નદીમાં સ્નાન કરવા જતાં એક સ્પર્શમણિ જડ્યો હતો. મારે તેની જરૂર ન હતી, પણ કોઇ ગરીબને કોઇ દિવસ કામ લાગશે એમ ધારી મેં તેને એક વૃક્ષની બખોલમાં મૂકેલ છે. તમે મારી સાથે ચાલો, હું તમને તે સ્પર્શમણિ બતાવું. તેનાથી તમારું દરિદ્રતાનું દુઃખ ભાંગશે. તે મણિમાં એવી શક્તિ છે કે તેનો સ્પર્શ થતાં લોઢું સુવર્ણ બની જાય છે. પેલો ગરીબ બ્રાહ્મણ અને તે મહાત્મા બંને મૂંગે મોઢે તે વૃક્ષ આગળ ગયા. ત્યાં પેલી બખોલમાંથી સંતે એક મણિ કાઢ્યો અને પેલા બ્રાહ્મણને કહ્યું, "આ સ્પર્શમણિ તમારી પાસે રાખો તે તમારી ગરીબાઇનું દુઃખ દૂર કરશે." પેલો બ્રાહ્મણ આશ્ચર્યચકિત થઈ વિચારમાં પડ્યો, અને તે સ્પર્શમણિ તેમ જ તે મહાત્મા તરફ વારાફરતી જોવા લાગ્યો. છેવટે તે બોલી ઊઠ્યો, "હે મહાત્મા, હે દયાસાગર, આજે મારી આંખ ખૂલી ગઈ છે. આ સ્પર્શમણિ તો બહુ કીમતી વસ્તુ છે, પણ એવો તે કયો સુખનો ચિંતામણિ આપને પ્રાપ્ત થયો છે કે જેના સુખની આગળ આપને આ સ્પર્શમણિ એક ક્ષુદ્ર પથરા જેવો લાગે છે અને જેને આપે બેપરવાઇથી આ વૃક્ષની બખોલમાં નાખી રાખ્યો છે ? મારે આ સ્પર્શમણિનું હવે કામ નથી, આપ મને તે આપનો અદ્વિતીય સુખમણિ (આમતત્ત્વની પ્રાપ્તિ) આપો ! એમ કહી તેણે પોતાના હાથમાંનો મણિ પાસે વહેતી નદીના પાણીમાં ફેંકી દીધો અને પોતે પેલા મહાત્માના ચરણમાં પડ્યો.

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

કત આજાનારે જાનાઇલે તુમિ

જ્યારે આપણે જન્મ લઈએ છીએ ત્યારે જે કંઇ થોડી ઘણી ઓળખાણ આપણને થાય છે તે માતા સાથેજ થાય છે બાકીની બધી દુનિયા પારકી હોય એમ લાગે છે. આગળ જતાં ધીમે ધીમે કુટુંબનાં બધાં માણસો સાથે જેમ જેમ પરિચય વધતો જાય છે, તેમ તેમ એ બધાં પણ સ્વજનો જ છે એવો અનુભવ થવા લાગે છે. વાસ્તવિક રીતે તો એમનામાંથી કોઈ પરાયું ન હતું. પોતાના અજ્ઞાનને કારણે અથવા તો પ્રેમનો સાક્ષાત્કાર નહિ થવાથી તે પરાયાં જેવાં લાગતાં હતાં.

બાળક જરા મોટું થાય છે ત્યારે ઘરમાં આવનારાં ઇષ્ટ મિત્રો, મહેમાનો, સંબંધીઓ વગેરે માણસો તરફ તેનું ધ્યાન ખેંચાય છે. અને શરૂઆતમાં તેઓ તેને પરાયાં ભાસે છે. તેમને જોઇને બાળક ભડકે છે. પણ આગળ જતાં જ્યારે એ માણસોનો તે પ્રેમ સંપાદન કરે છે, ત્યારે તેને વિશ્વાસ આવે છે કે તેઓ પણ તેનાં જ સ્વજનો છે.

મોટો થતાં જ કુટુંબમાંથી બહાર નીકળી બાહ્ય સમાજમાં હળીમળીને રહેવાની તેની તૈયારી થાય છે. ત્યાં પણ તેને એવો જ અનુભવ થાય છે. જે પરાયાં મનાતાં હતાં તે ધીમે ધીમે પોતાનાં થતાં જાય છે. માણસની કુશળતા અને સેવાવૃત્તિ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ તેને દુનિયાના ભિન્ન ભિન્ન દેશ પોતાના બનતા જાય છે. પરમાત્માની આ કેટલી મોટી ભેટ છે!

શરૂશરૂમાં પોતાની જ જાતિના, પોતાના ધર્મના જે લોકો હોય તેટલા જ સ્વકીય છે એવી કલ્પના આવે છે. પણ મન જ્યારે ઉદાર બને છે, સુસંસ્કારી બને છે, ભિન્ન ભિન્ન દૃષ્ટિઓની ખૂબીઓ તથા સુંદરતાનું ભાન થતું જાય છે, ત્યારે બધા ધર્મો અને બધાં પંથો પોતાના જ હોય એમ લાગે છે. આ પણ એ પરમાત્માની જ ભેટ છે. એ ઈશ્વરનો પરિચય થયો એટલે બધી દુનિયા પરિચિત જેવી પ્રતીત થવા લાગી. સર્વ પ્રકારના સંબંધોના મૂળમાં એ ઈશ્વર જ પરમ આપ્તજન છે એટલું ઓળખતાં શીખીએ તો પછી કોઈ મુશ્કેલી રહેતી નથી.

રાજાને ત્યાં આપણે જો મહેમાન બનીને જઇએ તો દરેક ઋતુમાં તે જુદા જુદા અને નવા નવા મહેલોમાં આપણી મહેમાનગીરી કરશે. પરંતુ પ્રત્યેક મહેલમાં મહેમાનગીરી કરનાર તો રાજા જ છે. એ જાણ્યા પછી આપણે કશુંક ગુમાવ્યું છે એવું લાગશે નહિ. આ બધા મહેલોનો માલિક રાજા જ છે અને તેને કૃપાળુ બનીને હર જગાએ આપણને મહેમાનના સંબંધથી બોલાવ્યા છે. એટલું ભાન જો આપણને થાય તો આપણે અનિમંત્રિત આગંતુક છીએ એવું કદાપિ લાગશે નહીં.

જે અનુભવ આપણને ઠેઠ બાળપણથી આજ સુધી થતો આવ્યો છે અને જે ધીમે ધીમે વધતો જ જાય છે, તે અનુભવ મરણ આવતાં જ ખતમ થશે એ કેવી રીતે માની શકાય?

આશબાપુ

એક જન્મ પૂરો થયો તેનો અર્થ એ નથી કે પરમાત્માથી સંબંધ તૂટી ગયો. જન્મ ભલે બદલાય, પણ તેનો સંબંધ અટલ જ છે. તેથી આ દુનિયા છોડી પરલોક ગયા અથવા એક જન્મ પૂરો કરી નવો જન્મ લીધો ત્યારે 'અજાણી જગાએ મારું શું થશે' એવો ડર રાખી અધમુઆ થઈ જવું એ નર્યું ગાંડપણ જ છે. ભગવાનની લીલા જ એવી છે કે તે હંમેશાં નવા નવા પરિચય કરાવીને એવો અનુભવ કરાવે છે કે બધે ઠેકાણે નવામાં જૂનું જ ભરેલું છે. આપણે એક વાત બરાબર ધ્યાનમાં રાખવી જોઈએ કે આ જે અનંતનો વિસ્તાર આપણને નજરે પડે છે, જે વિવિધતાનો વિલાસ અનુભવીએ છીએ તેના મૂળમાં તે જ એક અદ્વિતીય છે. આ પ્રતીતિને ઢીલી થવા દેવી ન જોઈએ.

કત અજાનારે જાનાઇલે તુમિ, કત ઘરે દિલે ઠાઁઈ
દૂરકે કરિલે નિકટ બંધુ, પરકે કરિલે ભાઈ! – ધ્રુ.
પુરાણો આબાસ છેડે ચલિ જબે,
મને ભેબે મરિ, કિ જાનિ કિ હબે
નૂતનેર માઝે તુમ પુરાતન,
સે કથા ભુલિયા જાઈ!
જીવન મરણે નિખિલ ભુવને
જખનિ જેખાને લબે
ચિરજનમેર પરિચિત, ઓ હે!
તુમિઇ ચિનાબે સબે
તોમારે જાનિલે નાહિ કેહ પર,
નાહિ કોનો માના નાહિ કિછુ ડર
સબારે મિલાયે જાગિતેછો તુમિ,
દેખા જેનો સદા પાઈ.



હે ભગવાન! કેટલાય અપરિચિત લોકો સાથે તેં મારી ઓળખાણ કરાવી. કેટલાંયે ઘરોમાં મને પ્રેમનું સ્થાન આપ્યું. હે ચિર સખા, જે દૂર હતા તેમને નજીક લાવી દીધા, જેમને હું પરાયા સમજતો હતો તેમને મારા ભાઈ બનાવ્યા. કોઈ પુરાણું પરિચિત સ્થાન છોડવું પડે છે તો દિલમાં બીક લાગે છે. કારણ કે નવા સ્થળે કોઈનો પણ પરિચય નથી હોતો, ત્યાં મારું શું થશે? અમે ભૂલી ગયા હોઈએ છીએ કે નવામાં પણ પુરાતન તું જ છે; ઘર બદલીએ તોપણ ઘરનો માલિક તું પહેલાં હતો તે જ છે.

જીવનમાં કે મૃત્યુમાં આ અખિલ વિશ્વમાં જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે મને લઇને તું જાય છે ત્યારે અનંત જન્મોના પરિચિત સાથી જેવો તું જ હોય છે. સૌની સાથે મારો જે સંબંધ છે તે સમજાવનાર તું જ છે. તને ઓળખ્યો ત્યારે પછી કોઇને ઓળખવાનું બાકી રહેતું નથી, કોઇ પરાયું રહેતું નથી, કોઈ પ્રકારની મુશ્કેલી કે ડર રહેતો નથી. જેટલા લોકો સાથે તું સંબંધ બાંધે છે તેટલામાં તું જ પ્રગટ થાય છે. બધા લોકો સાથે ઓળખાણ કરાવવામાં તું તારી પોતાની જ ઓળખાણ કરાવે છે એટલું હું સમજી શકું તો બસ. આ વિવિધ જગતને આત્મીયતાથી જોતી વખતે હરેકમાં સ્વાભાવિક રીતે જ તારું દર્શન થાય છે તે સમજવાની મને શક્તિ આપ.

હે વિશ્વસખા! જે દૂર હતા તેમને તું નજીક લાવ્યો અને જે પરાયા હતા તેમને તેં આત્મીય બનાવ્યા તારી કૃપા અપાર છે.

સંસ્કાર પોષક કાકાસાહેબ [અનુ૦ પૃ૦ ૪૦થી]

ત્યારે પણ ચાર દીવાલની અંદર આનંદ–યાત્રા ચાલુ જ રહી. એમાંથી 'ઓતરાતી દીવાલો' ભાષાબદ્ધ થઈ. ભારત સંસ્કૃતિ જેવી અખંડ વહેતી ભારતની નદીઓ જોયા પછી એમને સ્મરણાંજલિ આપવી આવશ્યક હતી જ. એમાંથી 'લોકમાતા'નું સર્જન થયું. જીવનયાત્રાનાં થોડાંક સંસ્મરણો 'સ્મરણયાત્રા'માં જીવન્ત થયાં. કેળવણી દ્વારા જનતાની સેવા કરવાની સાધના દરમ્યાન જે કંઈ સાહિત્યનું મનન અને લેખન થઈ શક્યું તે 'જીવનભારતી' રૂપે ગુજરાતને ચરણે ધરાયું. કાકાસાહેબને પ્રતીતિ થઈ કે, "અગ્રેસર તેમ જ પછાત બધા જ સમાજોનો કૌટુંબિક ભાવથી વિચાર થવો જોઈએ... દૈવીસંપતના વિકાસને જોરે માણસમાંથી અહિંસાપરાયણ દેવોની સૃષ્ટિ થવી જોઈએ. એ બધું સિદ્ધ કરવા માટે પ્રથમ એક સમગ્ર આદર્શનું ધ્યાન ધરવું જોઈએ, એની સાથે એને માટે ઉગ્ર સાધના સાધવી જોઇએ. જ્ઞાનપ્રચાર અને સેવા દ્વારા એની ઝાંખી અખિલ માનવસમાજને કરાવવી જોઈએ. અને સર્વોચ્ચ આદર્શોને વ્યવહારમાં આણવાનું જે એકમાત્ર સાધન ગણાય એ બલિદાન માટે શ્રેષ્ઠ લોકોએ તૈયાર થવું જોઈએ." આવા સાધનાક્રમથી ધ્યાનમાં અને ચિંતનમાં, સેવાના પ્રયોગમાં અને કેળવણીના અખતરાઓમાં જે કંઇ દૃષ્ટિએ પડ્યું તેનો નિચોડ 'જીવનસંસ્કૃતિ'માં અપાયો છે. વળી કાકાસાહેબ 'જીવનવિકાસ'નું મહત્ત્વ સમજાવતા લખે છે: "મારું બીજું લખાણ વિનોદ રૂપે લખાયેલું છે. જ્યારે કેળવણી વિષેનું લખાણ જીવનનું એક મિશન સમજીને અને સામાજિક જીવનની મીમાંસાના એક મહત્ત્વના અંગ તરીકે લખાયેલું છે. ગુજરાતની પ્રજા મને ભૂલે નહિ ત્યાં સુધી મને સાહિત્યકાર તરીકે ન ઓળખે પણ કેળવણીકાર તરીકે ઓળખે એવી મારી આંતરિક ઇચ્છા છે." તેથી આ પુસ્તકમાં કાકાસાહેબનો ઉચ્ચાભિલાષ વ્યક્ત થયેલો દૃષ્ટિએ પડે છે. એ જ મુજબ એમનાં અન્ય લખાણો વિશે પણ કહી શકાય.

કાકાસાહેબના જીવનને સ્વામી વિવેકાનંદ, ગુરુદેવ અને બાપુજીનાં લખાણો અને જીવનથી નવીન બળ મળ્યું છે. તેમ જ સ્વ. રાનડે, શ્રી અરવિંદ, કુમારસ્વામી અને ભગિની નિવેદિતા, એઓની અસર પણ એમના પર અમુક અંશે થઈ છે. આ સૌ મહાપુરુષો અર્વાચીન હિંદના પ્રતિભાશાળી વિધાયકો છે અને એમની પાસેથી જે પોતાને પ્રાપ્ત થયું; તેને જીવનમાં ઉતારવા અને તે પ્રમાણે આચરવા અને હિંદવાસીઓને તેનો ઉપદેશ કરવા કાકાસાહેબે જાણે વ્રત લીધું હોય એમ એમનું જીવન જોતાં પ્રતીતિ થાય છે. એ સૌમાં સૌથી પ્રબળ અસર બાપુજીની જ એમના પર થઈ છે. લોકમાન્ય ઇત્યાદિ મહારાષ્ટ્રનાં નરરત્નોએ એમનામાં રાષ્ટ્રભાવનાનાં બી રોપ્યાં, વિવેકાનંદ ઇત્યાદિએ એમની એ લાગણીને બહુ તીવ્ર અને આવેશવાળી બનાવી. પછી તો ઋષિકુળ, હળદ્વાર, સિંધ, શાંતિનિકેતન અને બંગાળા–બ્રહ્મચર્યાશ્રમમાં કામ પણ તેમણે કરેલું અને વિખ્યાત પુરુષોનો સમાગમ શોધેલો. પણ એમના અંતરની તરસ તો મહાત્માજીએ જ તૃપ્ત કરી; ત્યારથી બાપુજીની શીળી છાયામાં તેઓ રહ્યા.

આજે બાપુજી વિનાનાં આપણને તેઓ એક આશ્વાસનરૂપ જ છે. બાપુજીના સાન્નિધ્યમાં રહી એમણે બાપુના જીવનની જે ઝાંખી કરી છે તે આપણને ખરેખર જીવન ઘડવાને માટે સહાયરૂપ બનશે જ. તેથી કાકાસાહેબ આપણી વચ્ચે રહી આપણા સંસ્કારોને સર્વદા પોષે એટલી ઇચ્છા ઊંડે ઊંડે રહ્યા જ કરે છે. અને જ્યાં સુધી આપણામાં ઉદાત્ત સંસ્કૃતિની ભૂખ હશે ત્યાં સુધી કાકાસાહેબ કદી ભુલાવાના નથી એ પણ એટલું જ નિશ્ચિત છે.

પ્યારા બા

માનવ-સેવા

ઉજ્જ્વલ કુમારીજી

ભૂગોળના એક વિદ્યાર્થીને નકશામાં 'ગંગાજી' ક્યાં છે? ક્યાંથી નીકળે છે? હિમાલય ક્યાં છે? વગેરે પૂછવામાં આવે તો તે પોતાની આંગળી વડે જલદી બતાવી આપશે; કેમ કે તે બાબતનું તેને જ્ઞાન આપવામાં આવે છે. પણ કોઈ તેને પૂછે કે તારા શિક્ષકનું ઘર ક્યાં છે? તો તે બતાવી શકશે નહિ. તે સિકન્દરની મૃત્યુ-તિથિ કહી શકશે, પણ પોતાના બાપદાદાની મરણતિથિ તેને યાદ નહિ હોય. આ ઉપરથી ખબર પડે છે કે બહારની દુનિયાનું તો તેને સારું જ્ઞાન હોય છે, પરન્તુ પોતાના ઘરની બાબતથી તે અજ્ઞાત રહે છે. આવી જ સ્થિતિ આજે આપણી છે.

આજનો માનવ બહારની દુનિયાનું જ્ઞાન તો પૂરેપૂરું રાખે છે, પણ તેને પોતાના કર્તવ્યનું-ધર્મનું જ્ઞાન હોતું નથી. તેથી સર્વ પ્રથમ માનવનું કર્તવ્ય શું છે? ધર્મ શું છે? તે સમજવાની જરૂર છે. માનવનો સૌથી પહેલો ધર્મ છે માનવ સાથે સમભાવ રાખવો. કોઈ મકાન બનાવે તો સૌથી પ્રથમ તેનો પાયો નાખવામાં આવશે, છાપરું નહિ બનાવવામાં આવે. છાપરાની જરૂર ખરી પણ પાયા વિના છાપરું કેવી રીતે બનાવાય? કદાચિત બનાવવામાં આવે તો પણ તેનું અસ્તિત્વ કેટલો સમય? ક્ષણિક જ. આજ રીતે આજે મનુષ્ય પણ પાયો નાખ્યા વિના છાપરું કરવાની તૈયારી કરી રહ્યા હોય છે! આજે કેટલાંયે માણસો લીલોતરી, વગેરેનો ત્યાગ કરી રહેલ છે, પણ આ ત્યાગ પાયા વિનાનો હોય છે. માનવ-દયા એ ધર્મનો પાયો છે જેને પ્રથમ સ્થાન માનવ હૃદયમાં મળવું જોઈએ. માનવ-દયા વિના એકેન્દ્રિય જીવોની દયા પાળવી, એ પાયા વિના છાપરું બનાવવા જેવું છે. ધર્મનો પાયો છે માનવ-દયા અને ત્યારબાદ જ પૃથ્વી, પાણી, વગેરે જીવોની દયા પળાવી જોઈએ. સૌથી પ્રથમ પાયો મજબૂત કરવાની જરૂર છે, ત્યાર બાદ જ દિવાલ છાપરું વગેરે બાંધવું જોઈએ.

એક ગામમાં હીરાભગત નામે એક શ્રદ્ધાળુ ખેડૂત રહેતો હતો. આજનો માનવ જેમ તર્ક-પ્રધાન હોય છે તેમ તે તર્ક પ્રધાન ન હતો. જ્યારે તે કંઈ પણ ધાર્મિક વાત સાંભળતો ત્યારે તેના પર તેને શ્રદ્ધા બેસી જતી. એક દિવસ તેના ગામમાં એક સાધુઓનું સંમેલન થયું. સાધુઓએ ધર્મનો ઉપદેશ આપતાં કહ્યું, "જે મનુષ્ય મોટા માણસની સેવા કરે છે તે જન્મ મરણના ફેરામાંથી મુક્ત બને છે." આ ઉપદેશ તે ખેડૂતના હૃદયમાં ઊતરી ગયો અને તે તો પોતાના ગામના પટેલની પાસે ગયો જે તે ગામનો મોટો માણસ ગણાતો હતો અને બોલ્યો, 'હું આપની સેવામાં રહેવા ઇચ્છું છું.' પટેલે આનાકાની કરી, પરંતુ હીરાભગત તો પરાણે તેની સેવા કરવા રહ્યો અને રાત-દિવસ સેવા કરવા લાગ્યો. એક દિવસ થાણદાર તે ગામમાં આવ્યો. પટેલે હીરાભગતને કહ્યું, "આજે જરા વહેલી રસોઈ તૈયાર કરી આપજે.' હીરાભગતે વહેલી રસોઇ કરવાનું કારણ પૂછતાં, પટેલે કહ્યું કે થાણદાર સા'બ આવ્યા છે. હીરાભગતે પૂછ્યું, 'શું

તે કોઈ મોટો માણસ છે?' પટેલે ખુલાસો કરતાં કહ્યું, 'તે અમારા ઉપરી અમલદાર છે.' હીરાભગતે કહ્યું, 'ત્યારે હવે આપની સેવા પૂરી થઈ હું તો મોટા માણસની સેવા કરું છું.' હીરાભગત તે જ ક્ષણે થાણદાર પાસે જઈને તેની સેવા કરવા લાગ્યો. એક દિવસે થાણદારને ત્યાં કોઈ બીજો મોટો અમલદાર આવ્યો, એટલે હીરોભગત તેની સેવામાં ચાલ્યો ગયો. ધીમે ધીમે તે રાજા પાસે પહોંચી ગયો. તે જ્યાં જ્યાં ગયો ત્યાં બધાને પ્રિય લાગવા માંડયો. હીરોભગત રાજાનો પણ માનીતો થઈ ગયો. એક દિવસ રાજા હીરાભગતને સાથે લઈને જંગલમાં શિકાર કરવા નીકળ્યો. બંને જતાં જતાં રસ્તામાં બહુ દૂર નીકળી ગયા. રાત પડી ગઈ. હીરોભગત સાથે હતો, એટલે રાજાને કોઈ ભય ન હતો, જંગલમાં જ રાત્રિ પસાર કરવાનું તેમણે વિચાર્યું. હીરાભગતના ખોળામાં માથું રાખીને રાજા તો સૂઈ ગયો. થોડી વારમાં એકાએક અવાજ આવ્યો અને રાજાની ઊંઘ ઊડી ગઈ. રાજાએ કહ્યું, 'હીરાભગત, આ તો ભૂતોનું ટોળું આવી રહ્યું છે, તેમાંથી બચવા માટે આપણે ઝાડ પર ચઢી જવું જોઈએ.' ખેડૂતે પૂછ્યું, 'આપ શા માટે ડરો છો? શું તે આપના કરતાં પણ મોટા છે?' રાજાએ કહ્યું, 'ભાઇ, તે મારાથી તો શું, પણ મારા બાપદાદા કરતાં પણ મોટા છે.' હીરાભગતે કહ્યું, 'ત્યારે હવે આપની સેવા પૂરી થઈ. હું તો મોટા માણસની ચાકરી કરું છું.' રાજાને બચાવી તે ભૈરવનાથ પાસે ગયો અને બોલ્યો, 'હું આપની સેવામાં રહેવા ઇચ્છું છું.' ભૈરવનાથે તેને પોતાની પાસે રાખી લીધો. આગળ જતાં એક મંદિર આવ્યું જેમાં વિષ્ણુની એક મૂર્તિ હતી. તે જોઈને ભૈરવનાથ ડરી ગયો. હીરાભગતે તેમને પૂછ્યું, 'શું તે તમારાથી મોટા છે?' ભૈરવનાથે કહ્યું, 'હા, તે અમારા કરતાં મોટા છે.' હીરાભગતે ભૈરવનાથને પણ 'રામ – રામ' કર્યા અને તે તો મંદિરમાં આવીને મૂર્તિ સામે બેસી ગયો. ભાગ્યવશાત્ એક માણસ ત્યાંથી નીકળ્યો. તેણે હીરાભગતને પૂછ્યું, 'અહીં કેમ બેઠો છે?' હીરાભગતે કહ્યું, 'મંદિરવાળા દેવની હું સેવા કરવા ઇચ્છું છું અને તેથી તેની રાહ જોઈને બેઠો છું.' તે માણસે કહ્યું, 'બે મહિના પછી અહીં એક મોટો મેળો ભરાશે જેમાં હજારો સ્ત્રી – પુરુષો એકઠાં થશે. તું તેમની સેવા કરીશ તો આ મંદિરમાં બેઠેલા દેવના દર્શન થશે.' હીરોભગત તો ત્યાં ઝૂંપડી બનાવીને રહ્યો, અને આવતા જતા માણસોની સેવા કરવા લાગ્યો. માણસોને આ પારથી પેલી પાર પણ લઈ જતો. મેળાનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ માણસો આવવા શરૂ થયા. હીરાભગત તે બધાને નદી ઊતરાવવાના કામમાં લાગ્યો. એક દિવસે રાત્રે કોઈએ તેની ઝૂંપડીનું બારણું ખખડાવ્યું. હીરાભગતે ઊભા થઈને જોયું તો નાનું બાળક ઊભું હતું. તેણે હીરાભગતને કહ્યું, 'મારા પિતાજી નદીની પેલી પાર ઊભા છે, મહેરબાની કરીને મને પણ ત્યાં પહોંચાડી આપો.' હીરાભગતે તે બાળકને પેલી પાર ઉતાર્યો ત્યારે તે દેવ સ્વરૂપે દેખાવા લાગ્યો. તેણે કહ્યું, 'હીરાભગત, તું મંદિરમાં રહેલ જે દેવની સેવા કરવા આતુર છો તે હું પોતે જ છું. તું મારી સેવા કરવા ઇચ્છતો હો તો માનવની સેવા કર. તેમની સેવામાં જ મારી સેવા સમાયેલી છે.' તે દિવસથી તે અંધશ્રદ્ધાળુ હીરોભગત મટીને ખરો હીરોભગત બની ગયો અને પોતાનું જીવન માનવસેવા કરવામાં જ વિતાવ્યું. માનવસેવા જ ધર્મનો પાયો છે. તે પાયો મજબૂત બનાવવાથી જ ધર્મરૂપી ઈમારત મજબૂત બને છે.

કર્મણ્યેવાધિકારસ્તે

બનારસીદાસ ચતુર્વેદી

વર્ધા

બાપુએ રાત્રે નવ વાગે અડધો કલાક મને વાતચીત માટે આપ્યો હતો. બાપુ ખૂબ હસ્યા અને હસાવતા ગયા. પછી ગંભીરતાથી તેમણે કહ્યું, "હવે સાડા નવ થઈ ગયા. હું રાતના દોઢ વાગ્યે ઊઠ્યો છું અને બપોરે માત્ર પચીસ મિનિટ આરામ લીધો છે." રાતના દોઢ વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી, પૂરા વીસ કલાક! હું ચકિત થઈ ગયો. મદ્રાસના ભાઈ હરિહર જેઓ તે વખતે ત્યાં હતા તેમને મેં પૂછ્યું, "બાપુ આટલી મહેનત શા માટે કરે છે?" તેમણે તરત જ જવાબ આપ્યો, "પ્રાયશ્ચિત કરવા. આપણે બધા આળસુ બની ગયા છીએ તેનું બાપુ પ્રાયશ્ચિત કરી રહ્યા છે!"

કાશી

બીજી ઑકટોબરનો દિવસ હતો. શ્રી પ્રકાશજીએ બાપુને કહ્યું, "મહાત્માજી, આજે તો તમે વળી વધારે કામ કર્યું!" બાપુએ ઉત્તરમાં કહ્યું, "ભાઈ, આજે મારી વર્ષગાંઠ છે ને?"

હરિજન આશ્રમ, દિલ્હી

શ્રી હરિજીએ બાપુને પૂછ્યું, "મહાત્માજી આપનું ઘડિયાળ બંધ પડી ગયું હતું? આપ તો રાતના અઢી વાગ્યાથી કામ કરી રહ્યા છો!" બાપુએ જવાબ આપ્યો, "મારું ઘડિયાળ તો બરાબર ચાલે છે. પણ ઊંઘ પૂરી થઈ એટલે ટપાલનું કામ પતાવવામાં લાગી ગયો. હવે સાડા પાંચ વાગ્યા છે."

વિશ્વવંદ્ય બાપુજીના જીવનના આવા સેંકડો પ્રસંગો લખી શકાય તેમ છે. તેઓ પોતાની હરેક ક્ષણનો હિસાબ રાખતા. તેમની તપશ્ચર્યા અદ્વિતીય હતી!

બાપુના જેવી જ સાધના બીજા એક તપસ્વીએ કરી હતી.

સન ૧૯૧૯ની વાત છે. મોસ્કોની રેલવે કેટલીયે જગાએ તૂટી ગઈ હતી. રશિયાના મજૂરોએ તે વખતે પોતાને શનિવારની કાયદા મુજબ મળતી રજા સ્વેચ્છાએ રાષ્ટ્રને અર્પણ કરી દીધી હતી. એટલે તે દિવસે પણ તેઓ કામે જતા. લેનિને એ વખતે કહ્યું હતું, "મજૂરોનો આ ત્યાગ ઇતિહાસના અનેક સામ્રાજ્યવાદી યુદ્ધો કરતાં વધારે ઉલ્લેખ યોગ્ય તથા મહત્ત્વપૂર્ણ ઘટના છે."

લેનિનના ગળામાં પીડા થઈ રહી હતી. એક દગાખોર સામ્યવાદી છોકરીએ તેના ઉપર છરાઓથી ભરેલી પિસ્તોલ ફોડી હતી. પરિણામે લેનિનના ગળામાં છરા પેસી ગયા હતા. હજુ પણ કેટલાક છરા ગળામાં રહી ગયા હતા, અને તેને ત્રાસ આપતા હતા. પણ નવયુવક સિપાઈઓને કામમાં મદદ કરવા લેનિન પોતે લોઢાના પાટા પોતાના ખભા ઉપર ઉપાડી ઉપાડીને સવારથી સાંજ સુધી કામ કરતા હતા. લોકો તેમને કોઈ હળવું કામ કરવા વિનંતી કરતા હતા પણ તે માનતા ન હતા. એક વર્ષ સુધી આ રીતે નિઃસ્વાર્થભાવે કામ કર્યા પછી એ યજ્ઞની વર્ષગાંઠ ઊજવી ત્યારે લેનિને કહ્યું હતું:

"સામ્યવાદીઓનો શ્રમ સમાજનું નિર્માણ કરવા માટે છે. તે કોઈ ઈનામ કે પુરસ્કાર માટે નથી પણ બહુજનહિતાય અર્પણ કરવામાં

આવે છે. સ્વસ્થ શરીર માટે શ્રમ એક અનિવાર્ય વસ્તુ છે.”

શ્રમનો મહિમા દર્શાવતાં ઉપરનાં બે દૃષ્ટાંતો આપણને પ્રેરણા આપવા પૂરતાં નથી? ૧૯૫ લોહીના દબાણમાં તડકામાં અડધો કલાક ચાલવું અને વીસ વીસ કલાક મહેનત કરવી તે હતી બાપુની સાધના, અને ગળામાં છરાઓ ભોકાયેલા હોવા છતાં સવારથી સાંજ સુધી સિપાઇઓ સાથે ખભા ઉપર લોઢાના પાટા ઉપાડવા તે હતું લેનિનનું તપ!

અને આપણે લોકો જેઓ પોતાને ગાંધીવાદી, સમાજવાદી અથવા સામ્યવાદી કહેવડાવીએ છીએ તેઓ જીવનના હજારો કલાક નકામી વાતોમાં ગુમાવીએ છીએ.

આપણે વિન્ધ્ય પ્રદેશની એક વાત લઈએ. એક સુપ્રસિદ્ધ કાર્યકર્તાએ લખ્યું છે, “મંત્રીમંડળનો વિરોધ કરવા સિવાય અહીં બીજું કામ રહ્યું જ નથી.” તે ભલા માણસને કોઈ પૂછે, ‘આ પ્રદેશમાં હજી થયું છે જ શું? અહીંના ૯૭ ટકા લોકો અભણ છે. તેમને માટે કાળો અક્ષર ભેંસ બરાબર છે. ગામડાના લોકોનાં દુઃખોનું તો પૂછવું જ શું! ટીકમગઢ જિલ્લાના એકવીસસો માઇલના ક્ષેત્રફળમાં ફક્ત એક જ ઇસ્પિતાલ છે. અને ત્રણ દવાખાનાં અને નવસો ગામ છે! ગામડાના લોકોને સ્વચ્છતા અને આરોગ્યનું કશું ભાન નથી. અને ગાયમાતાની સ્થિતિ તો એવી છે કે કોઈ પણ સહૃદય માણસને રડવું આવ્યા વિના ન રહે!

આપણા અનેક કાર્યકર્તાઓ પોતાનો સમય મંત્રીમંડળ બનાવવામાં અને તોડવામાં ગાળે છે. થોડા દિવસ પછી ધારાસભાની ચૂંટણીઓ શરૂ થશે! એક લાખની વસ્તી માટે એક પ્રતિનિધિ ચૂંટાશે તેમાં બાકીના ૯૯.૯૯૯ માણસો માટે કોઇ કાર્યક્રમ રાખ્યો છે કે નહિ તે પ્રશ્નને ફાલતુ ગણી કાઢવામાં આવે છે.

વાસ્તવિક રીતે જોઈએ તો રચનાત્મક કાર્યક્રમનું મૃત્યુ થયું છે. ચૂંટણી, સભ્યોની તોડફોડ અને ક્ષુદ્ર ષડ્યંત્રોમાં જ કાર્યકર્તાઓનો વખત ચાલ્યો જાય છે. જે લોકો પ્રધાન કે ધારાસભ્ય બનવાના છે તેમને આ પ્રકારની ભાંજગડમાં રસ પડે એ સ્વાભાવિક છે પણ બાકીના માણસો શા માટે આ ‘અવ્યાપારેષુ વ્યાપાર’માં લાગેલા છે તે અમારી સમજમાં આવતું નથી.

એક વખત ઓરિસામાં એવી જ નિરાશાજનક સ્થિતિ ઊભી થઇ હતી. કાર્યકર્તાઓ પરસ્પર લડી રહ્યા હતા. શ્રી ગોપબંધુદાસે બધી હકીકત બાપુને કહી સંભળાવી, અને કહ્યું, “મનમાં એવું થાય છે કે ક્યાંક એકાન્ત ગામમાં ચાલ્યો જાઉં અને ત્યા મારી જાતને દાટી દઉં!” બાપુએ કહ્યું, “હા, જરૂર. પણ જીવતા દટાઈ જાઓ. કામમાં લાગી જાઓ. એને ક્ષેત્રસંન્યાસ કહે છે. ભરતી આવે કે તોફાન આવે તમારી જગાએથી એક ઇંચ પણ ડગો નહિ. તમને જનક રાજાની એક વાત યાદ છે? તેમણે કહ્યું હતું કે મિથિલામાં આગ લાગે તો પણ હું મારી તપસ્યા છોડીશ નહિ. તમે પણ તમારે માટે કોઈ કામ પસંદ કરી લો. તમારી પરિમિત મર્યાદા જાણી લો અને પછી તમારા માર્ગથી જરાયે ડગશો નહિ.”

આ ઉપરના શબ્દોમાં આપણા બધા માટે એક અમર સંદેશો છે. બે હજાર વર્ષ પૂર્વે એક બીજા મહાત્માએ પોતાના નિર્વાણ સમયે આ જ વાત કહી હતી. “આળસ કર્યા વિના ધ્યેય પ્રાપ્તિ કરો.”

ઉદ્યોગ હંમેશાં શાસ્ત્રશુદ્ધ હોવો જોઈએ. નહીં તો તે માત્ર શ્રમ જ રહેશે. દા. ત. એક લુહાર હોય. તે લોઢું ટીપે, પણ તેમાં જરાય વિચાર ન કરે, તો તે જડ બની જાય છે અને સમાજમાં પાછળ રહી જાય કેમ કે તે શાસ્ત્ર અને સિદ્ધાન્તો નથી જાણતો. આપણે ત્યાં આવું જ થયું છે. જ્યારે પશ્ચિમના લોકોએ બુધ્ધિપૂર્વક કામ કરીને જૂની રીતોમાં અનેક ફેરફારો કર્યા છે. દા. ત. આપણે ત્યાંના લુહારની કાતર જુઓ અને બીજી ત્યાંની બનાવેલી કાતર જુઓ. કેટલો બધો તફાવત ! આપણે તો તેમાં બે આંગળી જાય તેટલું કાણું જ રાખ્યું, જ્યારે તેમણે અંગૂઠો બરાબર બેસે તેવું એક કાણું રાખ્યું અને એકમાં ચાર આંગળીઓ રહે તેવું રાખ્યું. આ રીતે તેમની કાતર આગળ વધી, જ્યારે આપણે ઠેરના ઠેર રહ્યા. જે વિચારક છે, તેની ક્રિયામાં તો રોજ રોજ કુશળતા આવવી જોઈએ.

એક ભંગી પણ જો તેના ધંધાનું શાસ્ત્ર જાણે, અને તે પ્રમાણે જ્ઞાનપૂર્વક વર્તે અને સહેજે એને એમ થાય કે હું શ્રેષ્ઠ છું, મારો ધંધો લોકોપયોગી છે, તો તેને હલકો કહેવાને કોઈ સમર્થ નથી. પણ આજે તો તે પેટ ભરવા ધંધા કરે છે. તે તેના ધંધાની ઉત્તમતા ન સમજ્યો, એટલે ત્યાંનો ત્યાં જ રહ્યો અને જડ મજૂરી કરીને પોતે પણ જડ બની ગયો.

શિક્ષકો પણ પોતાની શાળામાં ઉદ્યોગ દાખલ કરશે પણ તેઓ વિદ્યાર્થીઓને તેનું શાસ્ત્ર કે સિદ્ધાંત નહીં સમજાવે, તો તે જડ થઈ જશે, અને શીખવનાર શિક્ષક પણ જડ મજૂર જેવો થઈ જશે.

જેમ આજે શાસ્ત્રીઓ ભાગવતનો લીટે લીટો વાંચી જાય છે, પણ તેનું કશું રહસ્ય જાણતા નથી અને કશું જ નવું શોધી શકતા નથી, એવી દશા આપણી પણ થાય.

ક્રિયાનું અને એની પાછળનું રહસ્ય જે નથી જાણતો તે દરેક મજૂર છે.

જો આપણે પણ માત્ર ઉદ્યોગ કરાવીશું અને તેનું શાસ્ત્ર નહીં શીખવીએ, તો મજૂર બનીશું અને સામાના મન પર ઉદ્યોગ પ્રત્યે અશ્રદ્ધા પેદા કરીશું. માટે સૌ આ વસ્તુ સમજી તેનું ચિંતવન કરશો તો જ પચશે. જેમ ઢોર ખાધા પછી વાગોળે છે, તેમ આપણે પણ સાંભળીને ચિંતવન કરીએ. એકલું શ્રવણ તો આરપાર નીકળી જશે. એટલે જ કહ્યું કે શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ. આટલું થશે તો ગૃહઉદ્યોગ ફાયદાકારક નીવડશે અને દેશ ઊંચો આવશે. **રવિશંકર મહારાજ**

ગુરુદેવની ગીતાંજલિ...

[અનુસંધાન ૩૬થી ચાલુ]

પ્રભુ પણ મારું નામ લઈને સાદ પાડી મારી હાજરી લઈ રહ્યો છે, પણ હું તો કંઈ જવાબ જ આપતો નથી! બસ એને તો વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. એણે તો બીજે દિવસે રાજીનામું આપી દીધું. મોટા અમલદારો એને ખૂબ સમજાવવા લાગ્યા. વધારે મોટી પદવી આપવાની લાલચેય આપવા લાગ્યા, પણ પ્રભુના આદેશ આગળ આ બધું એને તુચ્છ લાગ્યું. અને એ બધાનો ત્યાગ કરીને પ્રભુને જવાબ આપવા નીકળી પડ્યો.

બીજો એક પ્રસંગ પણ સાથે સાથે કહી દઉં. એક માણસ હતો. તેને ઇશ્વરમાં શ્રદ્ધા ન હતી. ઇશ્વરના અસ્તિત્વમાં પણ એ માનતો ન હતો. એક દિવસે એને ઈશ્વર પર એવી તો ચીડ ચડી કે એણે પોતાના ઘરમાં મોટા અક્ષરે લખ્યું " God is nowhere"

પછી તો એ પરણ્યો. એને એક બાળક પણ થયું. છોકરો ધીમે ધીમે મોટો થવા લાગ્યો. એને નિશાળે મૂક્યો. ધીમે ધીમે એ વાંચતાં શીખ્યો. એને અક્ષરો વાંચતા આવડ્યું કે એના બાપુજી સાથે એ બહાર જાય, ત્યારે રસ્તા પર લગાડેલાં પાટિયાં પર લખેલા અક્ષરો વાંચી એ કહે, " બાપુ, આ 'B' છે, 'બાપુ આ 'M' છે!" આમ પોતાનું અક્ષરજ્ઞાન એ વ્યક્ત કરવા લાગ્યો. ઘેર પણ એ કહે, " બાપુ, આ 'G' છે," " આ 'O' છે," " બાપુ, આ 'D' છે."

પછી તો એ શબ્દો પણ વાંચતાં શીખ્યો. એક દિવસે એ એના બાપુ પાસે આવીને કહેવા લાગ્યો: "બાપુ, બાપુ, હવે તો મને વાંચતાં આવડી ગયું. આ સામે ભીંત પર શું લખ્યું છે એ વાંચું? " God is now here."

આ સાંભળીને પેલો માણસ એકદમ ચમકી ગયો. એના બાળકે ઉચ્ચારેલા શબ્દોમાં એણે નવો જ ધ્વનિ સાંભળ્યો. બાળકે ભૂલમાં 'Nowhere' એ શબ્દ એક સાથે વાંચવાને બદલે 'Now here' એમ ભિન્ન શબ્દો વાંચ્યા. અને આમ એક શબ્દને બે શબ્દોમાં વિભક્ત કરી વાંચવાથી આખા વાક્યનો અર્થ જ ફરી ગયો! 'God is now here' (ઈશ્વર હમણાં અહીં છે.) અને એ વાક્યે પેલા માણસના મનમાં નવો જ તણખો મૂક્યો. એ તો તરત જ પ્રભુને માનતો થઈ ગયો અને ખૂબ ભાવથી પ્રભુની ભક્તિ કરવા લાગ્યો.

આ જોઇને એનો સ્વભાવ જાણનારા પૂછવા લાગ્યા : " કયા ગુરુના પ્રતાપે તમારામાં આટલું પરિવર્તન આવ્યું ?" ત્યારે આંગળી ચીંધીને છોકરાને તે બતાવે અને જાણે કહેતો હોય : 'આ મારો છોકરો જ મારો ગુરુ છે!"

આમ ગુરુનાં દર્શન પણ ક્યારે થાય છે એ કંઈ કોઈને પહેલાંથી સમજાતું નથી. અંગ્રેજીમાં કહેવત જેવું છે : If the disciple is ready, the master is at hand." જો શિષ્ય તૈયાર હોય તો ગુરુ હાજરાહજુર જ છે. એને શોધવા આમતેમ જવાની જરૂર નથી. આપણે જો તૈયાર હોઇએ, આપણામાં એટલી તીવ્રતા હોય તો આપણને યોગ્ય માર્ગે દોરનાર ગુરુ મળી રહે છે. આપણામાં એવી તાલાવેલી તીવ્રપણે થતી હોવી જોઇએ, તો પ્રભુની આપણને ઝાંખી થાય, અને એના આદેશને પણ આપણે સમજી શકીએ.

મણકો - ૩જો - અહિંસા

સંકલન કર્તા ::: શ્રી અંબુલાલ બ. પટેલ

અહિંસા પ્રચંડ શસ્ત્ર છે. તેમાં પરમ પુરુષાર્થ છે. તે ભીરુથી દૂર દૂર ભાગે છે. તે વીર પુરુષની શોભા છે, તેનું સર્વસ્વ છે. એ શુષ્ક, નીરસ, જડ પદાર્થ નથી. એ ચેતનમય છે. એ આત્માનો વિશેષ ગુણ છે તેથી જ તેને પરમ ધર્મ રૂપે વર્ણવ્યો છે. તેથી કેળવણીમાં અહિંસાની દૃષ્ટિ એટલે કેળવણીના પ્રત્યેક અંગમાં નિત્ય નવો લાગતો ઊછળતો, ઊભરાતો, શુદ્ધતમ પ્રેમ. એ પ્રેમની સામે વેરભાવ ટકી જ ન શકે. અહિંસારૂપી પ્રેમ સૂર્ય છે, વેરભાવ ઘોર અંધારું છે. જો સૂર્ય છાબડે ઢાંકયો છાનો રહે તો કેળવણીમાં રહેલી અહિંસાદૃષ્ટિ છુપાવી શકાય. એવી અહિંસા જે વિદ્યાપીઠમાં પ્રગટશે ત્યાં અહિંસાના કોયડા પૂછવાપણું કોઈને હશે જ નહિ.

મારો દૃઢ વિશ્વાસ છે કે સત્ય અને અહિંસા એ જગતવ્યાપી ધર્મ છે. તેથી જ તેનો અર્થ શોધવામાં જીવનને ખપાવી દેતાં હું રસને લૂંટી રહ્યો છું. એ રસ લૂંટવા બીજાઓને આમંત્રણ દઈ રહ્યો છું.

જે માણસ અહિંસાવ્રત પાળવાનો દાવો કરે તેનાથી પોતાનું હિત કરનાર ઉપર પણ ગુસ્સે ન થવાય, તે તેનું બૂરું ન ઇચ્છે, ભલું ઈચ્છે; તેને ગાળ ન દે કે તેના ઉપર હાથ ન ઉપાડે. સામેનો માણસ જે કંઈ ઈજા કરે તે પોતે સહન કરે. આમ અહિંસાવ્રત પાળનાર તદ્દન નિર્દોષ રહે. કોઈ પણ સજીવ વસ્તુ પ્રત્યે વેર ન હોય તેનું નામ શુદ્ધ અહિંસા. આથી જીવજંતુ પશુ સુદ્ધાં પ્રાણીમાત્રને અભયદાન મળે છે. આપણી હિંસકવૃત્તિ તૃપ્ત કરવાને પ્રાણીઓને પેદા કરવામાં નથી આવ્યાં. જો આપણે ઈશ્વરની લીલા કળી શકતા હોઈએ તો તો આ સૃષ્ટિમાં તેઓનું સ્થાન કયાં છે એ ઘણુંયે સમજાય. પ્રાણીમાત્ર વિષે શુભેચ્છા રાખવી એ અહિંસાનું સક્રિય રૂપ છે. તે શુદ્ધ પ્રેમ છે. હિંદુધર્મશાસ્ત્રો, બાઈબલ કે કુરાન દરેકમાંથી મને એ જ મળે છે.

આપણાં શાસ્ત્રો એમ બોધ કરતાં જણાય છે કે, જે માણસ અહિંસાનું સંપૂર્ણતાથી ખરેખર પાલન કરે છે તેની આગળ દુનિયા પાણી ભરે છે. તે પોતાની આસપાસના વાતાવરણ ઉપર એટલી બધી અસર કરે છે કે સાપ અને બીજાં ઝેરી જંતુઓ પણ તેને હેરાન કરતાં નથી. એમ કહેવાય છે કે આસાઈના સેંટ ફ્રાંસિસનો આવો અનુભવ હતો.

નકારાત્મક રૂપમાં અહિંસાનો અર્થ કોઈ પણ જીવંત પ્રાણીને શરીર કે મનથી ઇજા ન કરવી એ છે. એટલે, અન્યાય કરનારના શરીરને નુકસાન ન પહોંચાડી શકાય, અથવા તેના પ્રતિ દ્વેષભાવ ન રાખી શકાય, અને તેમ કરીને તેને માનસિક વ્યથા પણ ન આપી શકાય.

ભાવાત્મક રૂપમાં અહિંસાનો અર્થ વિશ્વવ્યાપી પ્રેમ અને અનહદ ઔદાર્ય થાય છે. હું અહિંસાનો સેવક હોઉં, તો મારે મારા શત્રુ ઉપર પ્રેમ રાખવો જોઇએ. હું જે નિયમ મારા અન્યાય કરનાર પિતાને કે પુત્રને લગાડું તે જ નિયમ મારે અન્યાય કરનારને – પછી તે મારો શત્રુ હોય કે અજાણ્યો માણસ હોય – તેને લાગુ પાડવો જોઇએ. આ ક્રિયાત્મક અહિંસામાં સત્ય અને નિર્ભયતાનો અવશ્ય સમાવેશ થઈ જાય છે. માણસ પ્રેમપાત્ર વ્યક્તિને છેતરી શકતો નથી. તે તેનાથી બીતો નથી તેમ તેને બિવડાવતો નથી. (ચાલુ)

સાભાર - સ્વીકાર

એન. એમ. ત્રિપાઠી, મુંબઈ તરફથી :-

વ્યાજનો વારસ : લે૦ ચુનીલાલ મડિયા, કિં. ૪-૪-૦; **ઈંધણ ઓછાં પડ્યાં** : લે૦ ચુનીલાલ મડિયા, કિં. ૫-૮-૦; **ભોજ અને કાલિદાસ** : સંપાદક, લક્ષ્મીનારાયણ મો. પંડ્યા, કિં. ૪-૦-૦.

ભારતી સાહિત્ય સંઘ, ગાંધી રોડ, અમદાવાદ તરફથી:-

આસ્તિક : લે૦ સાને ગુરુજી, અનુ૦ જયન્ત પરમાર કિં. ૩-૦-૦; **ભક્ત સુદામા** : લે૦ રામનારાયણ ના. પાઠક, કિં. ૧-૪-૦; **પુનર્જન્મ** : લે. સાને ગુરુજી, અનુ૦ જયન્ત પરમાર, કિં. ૩-૦-૦; **દૃષ્ટાંત કથાઓ** : લે૦ નાનાભાઇ ભટ્ટ, કિં. ૧-૪-૦; **મનુબાપા** : લે૦ સાને ગુરુજી, અનુ૦ સુશીલાબહેન દેશપાંડે, કિં. ૧-૮-૦; **મિયાં ફુસકી**, પુ૦ ૧-૫ : જીવરામ જોષી. દરેક પુસ્તકની, કિં. ૦-૧૨-૦.

અન્ય પ્રકાશકો તરફથી :-

સાધુતાની પગદંડી : લે૦ નવલભાઈ શાહ, પ્રકા૦ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ, કિં. ૨-૦-૦; **સર્વોદયનો સિદ્ધાંત** : પ્રકા૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, કિં. ૦-૧૨-૦.

[પૃષ્ઠ ૪૪, 'મંગલ પ્રભાત' ૪૯, 'જીવન સાહિત્ય'માંથી]

અનુક્રમણિકા..૨૦ માર્ચ ૧૯૫૧

પૃષ્ઠ
૧ ભક્તિધારા કેમ વહે? ... ગાંધીજી ૩૧
૨ શાંતિનિકેતનનાં ભજનો... કુરંગી દેસાઈ ૩૨
૩ ડેમોક્લીસની તલવાર ... મુકુલભાઇ ૩૩
૪ ગુરુદેવની ગીતાંજલિ... ગુરુદયાલ મલ્લિક ૩૫
૫ બાપુની અનોખી વાતો... કાશિનાથ ત્રિવેદી ૩૭
૬ સેવાની સુવાસ ... રા. ના. પાઠક ૩૮
૭ સંસ્કારપોષક કાકાસાહેબ ... મુકુલભાઈ ૩૯
પૃષ્ઠ
૮ બાપુના પત્રો ... ... ગાંધીજી ૪૧
૯ સૂક્તિ સુધા ૪૩
૧૦ રવીન્દ્ર મનન ... ... કાકા કાલેલકર ૪૪
૧૧ માનવ-સેવા ... ઉજ્જવલ કુમારીજી ૪૭
૧૨ કર્મણ્યેવાધિકારસ્તે ... બનારસીદાસજી ૪૯
૧૩ સર્વોદય વાણી ... રવીશંકર મહારાજ ૫૧
૧૪ ગાંધી માળા ... ચંદુલાલ બ. પટેલ ૫૩

ગ્રંથાવલોકન

આસ્તિક .... લે૦ સાને ગુરુજી; અનુ૦ જયન્ત પરમાર; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦, અમદાવાદ; કિં. ૩-૦-૦; પૃ૦ ૧૯૨.

મહારાષ્ટ્રના સંત-લેખક સાને ગુરુજીની નવલકથાનો અનુવાદ શ્રી. જયન્ત પરમાર ગુજરાતને અર્પે છે એ આનંદની વાત છે. સ્વ. સાને ગુરુજી આ નવલકથાને પોતાની શ્રેષ્ઠ કૃતિ તરીકે ગણતા હતા એટલે સ્વાભાવિક રીતે એનું અનુશીલન કરવાનું આપણને મન થાય.

શ્રી ગુરુજી 'બે શબ્દ'માં કહે છે: "માણસની સદ્વૃત્તિ પર વિશ્વાસ રાખીને માનવજીવનનો સર્વાંગીણ વિકાસ કરવા માટે જે મથે છે એ જ સાચો આસ્તિક. આવા આસ્તિક જ માનવસમાજની આશા બને; આજ એવાની જરૂર છે." આ નવલકથાના આસ્તિક મહર્ષિ નાગ અને આર્યનું ઐક્ય સાધવા મથે છે અને સફળ થાય છે. એવું જ ઐક્ય આજે ભારત દેશમાં સ્થપાય તો આપણો દેશ એક વિશાળ એવી સંમિશ્ર અને મનોહર સંસ્કૃતિ સર્જશે એમ ગુરુજીની મહત્ત્વાકાંક્ષા હતી.

આમ તો ગુરુજી પાસે ઉચ્ચ વિચારો છે જ. પણ આખી નવલકથા વાંચતાં એવી પ્રતીતિ થાય છે કે એ ઉચ્ચ વિચારોને મૂર્ત કરી શકે એવી સર્જનશક્તિ ગુરુજીમાં નથી. માત્ર ભાવના ઉચ્ચ હોય એથી કંઈ શ્રેષ્ઠ નવલકથા સર્જાતી નથી. ગુરુજી એમની આ કૃતિને શ્રેષ્ઠ ગણતા હતા તે શું એમાં વ્યક્ત થયેલ ઉચ્ચ ભાવનાને જ આભારી હશે? ગુરુજી તો જાણે ભિન્ન પ્રજા વચ્ચે લગ્નસંબંધ સાધીને જ ઐક્ય સ્થાપવા મથે છે! કેટલીક વાર એવા પ્રસંગો કૃત્રિમ રીતે જ જાણે ઊભા કરતા હોય એમ લાગે છે. કાર્તિક અને કૃષ્ણીનો પ્રસંગ એવો ગણી શકાય.

વળી ગુરુજીના બધાં જ પાત્રો તત્ત્વવેત્તાની જેમ વાતો કરે છે. વાતવાતમાં ઉચ્ચ વિચારો વ્યક્ત કરવામાં આવે છે. તેથી પાત્રો વચ્ચેની વાતચીત એકધારી (Monotonous) બની જાય છે અને જાણે ગુરુજી જ એ પાત્રો દ્વારા બોલતા હોય એવું લાગે છે. અરે, નાનાં બાળકો પણ મોટેરાંની માફક વાતો કરે છે!

આથી આખી નવલકથા વાંચતાં એવું કહેવાનું મન થઈ જાય છે કે આ એક નવલકથા છે એટલી સભાનતા રાખ્યા વિના ગુરુજી જે કથનો કરે છે એને સમજવા પૂરતું જ આ કૃતિનું મહત્ત્વ છે. નવલકથા જેટલી સિદ્ધિ આ કૃતિમાં દેખાતી નથી. સાથે સાથે એવું પણ કહેવાનું મન થાય છે કે, ગુરુજીએ નવલકથા લખવાને બદલે એમના વિચારોને જ માત્ર જુદા તારવીને પુસ્તક રૂપે બહાર પાડ્યા હોત તો એ વિચારો વધારે અસરકારક બનત. નવલકથાના સામાન્ય વસ્તુમાં એ મોળા પડી જાય છે.

અનુવાદ વિશે એટલું કહેવું જોઈએ કે, અનુવાદક હજી અનુસ્વાર મૂકવામાં ગોથાં ખાય છે. વળી 'તેને' અને 'તેમને' એવાં સર્વનામો એક જ વ્યક્તિ માટે વાપરવામાં આવે છે, તેથી એકસૂત્રતા જળવાતી નથી. અનુવાદ જરા ઉતાવળથી થયો હોય એમ લાગે છે. શ્રી જયન્ત પરમાર મરાઠી અનુવાદમાં પ્રગતિ કરતા જાય છે એ વાત નિઃશંક છે. પણ હજી વધુ કાળજી તે લેશે તો એમને વધુ સફળતા—અવશ્ય પ્રાપ્ત થશે.

સ્વ. ગુરુજીના વિચારોના અભ્યાસીને આ પુસ્તક સહાયરૂપ થઇ પડશે.—મુ૦ ક૦

REG. NO. B. 5255



પ્યારા બાપુ



સંપાદક: નવીન ગાંધી

'રૂપાયતન'



બાપુજી અને ગુરુદેવ એ બંને મહાવિભૂતિઓ આપણી સમીપ ઉચ્ચ આદર્શ મૂકી ગયેલ છે. અમે માનીએ છીએ કે, બાપુજી અને ગુરુદેવના આદર્શોનો સુભગ સમન્વય કરી એમાંથી નિષ્પન્ન થતા રચનાત્મક માર્ગનું અનુસરણ કરવામાં વ્યક્તિનું તેમ જ સમષ્ટિનું સાચું કલ્યાણ રહેલું છે. આ બંને મહા – વિભૂતિઓના ઉન્નત જીવનાભિલાષોના સમન્વયથી જ આપણું ભાવિ ગૌરવશીલ બની શકશે, અને એમાં જ આપણું શ્રેય રહેલું છે. તેથી અમે આવા સમન્વયને મૂર્ત કરે એવી સંસ્થા જૂનાગઢમાં સ્થાપવા નિશ્ચય કર્યો છે.

બાપુજી અને ગુરુદેવના આદર્શોના સમન્વયનો હેતુ સત્યની ઝાંખી કરવાનો છે. પરંતુ સત્ય તો અનેક રૂપે વ્યક્ત થઈ રહ્યું છે તેથી પ્રત્યેક વ્યક્તિ સત્યનું દર્શન પોતપોતાના સ્વભાવ અને પ્રજ્ઞા પ્રમાણે કરી શકે છે. ગુરુદેવ તો કવિ હતા, એટલે એમણે સત્યનું દર્શન સૌંદર્યમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા (Harmony) દ્વારા કરવા પ્રયત્ન કર્યો; જ્યારે બાપુજી તો હતા કર્મયોગી, એટલે તેઓ તપ – સંયમશીલ કર્મ–માંથી નિષ્પન્ન થતી સંવાદિતા દ્વારા સત્યનું દર્શન કરવા મથ્યા. આમ સત્યનાં બે મુખ્ય લક્ષણ સૌન્દર્ય અને તપ છે.

ગુરુદેવ તેમ જ બાપુજી વ્યક્તિગત આત્મશક્તિ વડે એ ભિન્ન ભિન્ન માર્ગે પણ સત્યનું દર્શન કરી શક્યા. પરંતુ આપણે જો માત્ર જીવનમાં તપઃપરાયણ માર્ગે પ્રયાણ કરીએ તો જીવનમાં શુષ્કતા આવી જવાનો સંભવ રહે છે ખરો. એ જ પ્રમાણે આપણે સૌંદર્યને જ પ્રાધાન્ય આપીએ તો એમાં સ્વચ્છંદતા આવી જવાનો ભય રહે છે. તેથી એ બન્નેમાંથી બચવા માટે તપપરાયણ માર્ગનો સંયમ અને સૌંદર્યદર્શી માર્ગનો આનંદ એ બન્નેનો સમન્વય કરવામાં આવે તો એ નૂતન માર્ગ આપણા વિકાસને અવશ્ય સહાયરૂપ થઇ શકે.

આવા સમન્વયનું બીજ માનવીના અંતરમાં રહેલી સર્જનશીલ સંવેદનામાં રહેલું છે. આવી સંવેદનાની દૃષ્ટિએ બાપુજીની રચનાત્મક પ્રવૃતિઓનું તેમ જ ગુરુદેવની સૌન્દર્યદર્શી પ્રવૃત્તિઓનું મહત્ત્વ સરખું જ છે.

તેથી 'રૂપાયતન'નો મુખ્ય ઝોક આવી સર્જનાત્મક સંવેદનાને જાગ્રત કરી એને સર્વગ્રાહી અને સુસંવાદી કરવા પ્રત્યે જ રહેશે, અને એ જ રીતે સત્યના આનંદની તેમ જ સત્યની તપસ્યાની અનુભૂતિ કાર્ય દ્વારા કરીને માનવી સંપૂર્ણતાનો સ્પર્શ કરવાને શક્તિશાળી થાય અને એમાં જીવનનો પરમ આનંદ અનુભવી શકે તો 'રૂપાયતન'નો આદર્શ સફળ થાય.

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી. રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર કૉલેજ રોડ, જૂનાગઢ.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

સત્યાયતન
વિલેપારલે

વર્ષ ૪ ૩૦ એપ્રિલ-૧૯૫૨ અંક ૩

કર્મના ફળની આશા ન રાખવાનો અર્થ એ નથી કે ફળ મળવાનું નથી. આશા ન રાખવાનો અર્થ તો એ છે કે કોઈ કર્મ અફળ જતું નથી, ને જગતની વિચિત્ર ઘટનામાં એવી ગૂંથણી છે કે થડ કયું ને શાખા કઈ એની પણ ઓળખાણ નથી રહેતી તો પછી જે અનેક મનુષ્યોનાં અનેક કર્મના સમુદાયનું ફળ છે, તેમા એક વ્યક્તિના કર્મનું ફળ કયું એ કોણ જાણી શકે? એ જાણવાનો આપણને અધિકાર શો? એક રાજાના સિપાઈને પણ તેના કરેલા કર્મનું ફળ જાણવાનો અધિકાર નથી હોતો, તો પછી આપણે જેઓ આ જગતના સિપાઈ, તેને પોતપોતાનાં કર્મનાં ફળ જાણીને કરવું હતું શું? કર્મનું ફળ છે જ. એ જ્ઞાન શું બસ નથી?

પણ તમને તો નથી રામનામ વિષે શ્રદ્ધા, નથી ઈશ્વર વિષે શ્રદ્ધા. કરોડોના અનુભવો ઉપર શ્રદ્ધા રાખવાની હું તમને ભલામણ કરું છું. ઈશ્વરની હસ્તી ઉપર જગત નભે છે. રામનામ એ ઈશ્વરનામ છે. રામનામનો દ્વેષ હોય તો ભલે રામને ઈશ્વર નામે કે તમને રુચે તે નામે પૂજો. અજામિલનું દૃષ્ટાંત ગપ છે એમ માનવાનું કંઈ કારણ નથી. અજામિલ થઈ ગયો કે નહીં એ પ્રશ્ન નથી. પણ ઈશ્વરનામ લેતાં કોઇ તરી ગયો કે નહીં એ પ્રશ્ન છે. પુરાણીઓએ મનુષ્યજાતિના અનુભવો વર્ણવ્યા છે તેની અવગણના એ મનુષ્યજાતિના ઈતિહાસની અવગણના છે. માયાની સાથે યુદ્ધ તો છે જ. અજામિલ જેવાએ તે યુદ્ધ કરતાં નારાયણના નામનો જાપ જપ્યો. મીરાંબાઈ સૂતાં, બેસતાં, ખાતાં, પીતાં ગિરિધરનું નામ જપતી હતી. યુદ્ધની અવેજીમાં એ નામ નથી, પણ યુદ્ધ કરતાં એ નામ લઈને યુદ્ધને પવિત્ર મનાવવાની એ ક્રિયા છે. રામનામ લેનાર, દ્વાદશમંત્ર ભણનાર, માયાની સાથે યુદ્ધ કરતાં થાકતો નથી પણ માયાને થકવે છે. તેથી કવિએ કહ્યું કે:

માયા સહુને મોહ પમાડે.
હરિજનથી રહી હારી રે

રામરાવણનું દૃષ્ટાંત તો શાશ્વત છે. એ સંતોષ ન પમાડે એનો અર્થ એટલો જ કે અસંતુષ્ટ થનારે રામરાવણને ઐતિહાસિક પાત્રો માન્યાં. ઐતિહાસિક રામરાવણ તો ચાલ્યા જ ગયા. પણ માયાવી રાવણ આજે પડ્યા છે ને જેના હૃદયમાં રામ વસી રહ્યા છે એવા રામભક્તો રાવણને આજે પણ હણી રહ્યા છે.

–ગાંધીજી

सत्यमेव जयते



શાંતિનિકેતનનાં ભજનો

જીવને જત પૂજા હોલોના સારા
જાનિ હે જાનિ તા, હાય નિ હારા
જે ફુલના ફુટિ તે ઝરે છે ધરણિ તે
જે નદી મરુ પથે, હારાલો ધારા–જાનિ હે

જીવને આજ જાહા રહે છે પીછે
જાનિ હે જાનિ તા, હોય નિ મિછે
આમાર અનાગત અમાર અનાહત
તોમાર વીણા તારે બાજિ છે તારા–જાનિ હે

હું જાણું છું, નક્કી જાણું છું કે જે પૂજા આ જીવનમાં પૂરી નથી થઈ, તે સર્વાંશે ખોવાઈ ગઈ નથી.

જે ફૂલ ખીલવાને બદલે ધરતીમાં રોળાઈ ગયું છે, જે નદીનો પ્રવાહ સહારણમાં સુકાઇ ગયો છે, તે ફૂલ ને તે નદી વાતાવરણમાંથી સદાકાળ માટે ખોવાઈ ગયાં નથી એની મને ખાત્રી છે.

આજે જે મૃત્યુના આવરણને લીધે જીવન માટે પાછળ રહી ગયું છે, તે પણ મિથ્યા થયું નથી એ હું જાણું છું.

આ દરેક રોળાએલા, પાછળ રહેલા જીવનના સ્વરો, જે અમારે માટે અગમ્ય અને ન સંભળાય તેવા છે, તે હે પ્રભુ, તારી વીણાના તાર ઉપર તો વાગ્યા જ કરે છે!

અનુ૦ કુરંગી દેસાઈ



ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની 'ગીતાંજલિ'નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ'ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

મહીં મહીંથી કેટલીય વાર મને એમ થાય છે કે કામ વગર વખત નકામો ગયો, આજનો દિવસ બગડયો.

પણ હે પ્રભુ, એ વખત બગડયો નથી હોતો. હે અંતર્યામી દેવ, એ બધી ક્ષણો તો આપે પોતે લીધેલી હોય છે. પ્રત્યેક વસ્તુના અંતરમાં ગુપ્ત રહીને આપ અકળ રીતે બીજમાંથી અંકુર ઉગાડો છો, કળીમાંથી રંગીન ફૂલ બનાવો છો.

હું થાકયો પાકયો ઊંઘરેટો થઈને આળસમાં આળોટતો આળોટતો માનતો હોઉં છું કે બધાં કામ એમનાં એમ પડયાં છે.

પણ સવારમાં જાગીને આંખ ઉઘાડીને જોઉં છું તો મારો બાગ ભરપૂર ભર્યો હોય છે.

[અનુ૦ નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું આ ૮૧મું કાવ્ય સમજાવતાં પૂ૦ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :

પ્રભુના ભક્તો તેમ જ જેઓ જીવનની સમગ્રતાનું સત્ય સમજે છે તેઓ જાણે છે કે, પ્રભુના રાજ્યમાં નિરાશા અને દુઃખ જેવી કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવતી નથી. જેને આપણે નિરાશા અને દુઃખ કહીએ છીએ તેમાં પણ આશા અને આનંદ અંકુરરૂપે છુપાયેલાં હોય છે. માતાના ગર્ભમાં બાળક હોય છે પણ તે દેખાતું નથી; તેથી એમ ન કહી શકાય કે બાળકનું અસ્તિત્વ જ નથી. વસ્તુતાએ આપણે બાળકને ત્યારે જ જોઇ શકીએ છીએ જ્યારે તે માતાના ગર્ભમાંથી બહાર નીકળે છે. એવી જ રીતે નિરાશામાં આશા અને દુઃખમાં સુખ રહેલાં છે. તેથી જો નિરાશાને અ-જન્મેલી આશા કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી. એ કારણે તો આપણે પ્રભુને આનંદમય અને આશા પૂર્ણ કરનાર કહીએ છીએ.

એક બીજું પણ તત્ત્વ સમજી લઈએ. પ્રભુ પૂર્ણ છે, એટલે જીવનના પ્રત્યેક વિકાસમાં, એ વિકાસના પ્રત્યેક સ્તરમાં પૂર્ણતા રહેલી છે. તેથી જીવનના વિકાસના કોઈ સ્તર પર વિકાસ અમુક અંશે અપૂર્ણ રહ્યો છે એમ આપણે ન કહી શકીએ. ઉદાહરણ તરીકે, ફૂલ પહેલાં કળીના રૂપમાં દેખાય છે. કળી તરીકે કળીના વિકાસમાં પૂર્ણતા છે, જો કે સંપૂર્ણ ફૂલની દૃષ્ટિએ કળી આપણને અપૂર્ણ દેખાય છે.

એકવાર અમારા પડોશમાં એક બાઈ બેજીવે હતાં. એક દિવસે ત્યાંથી ઘરનો માણસ આવીને મને કહેવા લાગ્યો : "ભાઈ, મારી સ્ત્રીને ખૂબ પીડા થાય છે. જરા તમે જઈને દાકતરને બોલાવી લાવોને." હું તો તરતજ દાકતરને ત્યાં જઈ એમને લઇને આવ્યો. દાકતરે આવતાં પ્રશ્ન પૂછયો :

"Is Pain acute? (શું પીડા બહુ તીવ્ર છે?) પેલા ભાઇએ જવાબ આપ્યો, "Yes, doctor." ત્યારે દાકતરે કહ્યું, Then there is hope" (તો પછી આશા છે ખરી.)

આ વાતચીત તો સામાન્ય હતી પણ એમાંથી જ મને બોધ મળ્યો. જો પીડા તીવ્ર હોય તો બાળક જીવંત છે એવી આશા દાકતરે પ્રદર્શિત કરી. એ જ રીતે આપણામાં પણ ગુરુ મેળવવાની કે પ્રભુના આદેશને સમજવાની તીવ્રતા હોય તો જરૂર ત્યાં આશા છે, તે મહેચ્છા પૂર્ણ થવાનો સંભવ છે.

પરંતુ શરૂઆતમાં આપણી ઈચ્છા પૂર્ણ થતી નથી એટલે આપણે નિરાશ બની જઈએ છીએ પણ અંગ્રેજીમાં કહ્યું છે કે Man's disappointment is god's appointment." (માણસને મળતી નિરાશામાં જ દૈવી આશા રહેલી છે) આપણને મળતી નિરાશામાં જ આશાનું કિરણ છુપાયેલું છે. એમાં જ આપણું શ્રેય રહેલું હોય છે. અહીં મને એક પ્રસંગ યાદ આવે છે.

શાંતિનિકેતનમાં ઉત્સવ હોય ત્યારે આસપાસથી ઘણા લોકો શાંતિનિકેતન આવી ઉત્સવમાં ભાગ લેતા. પણ કોઈક વાર એમાં નાના બાળકોનું અપહરણ પણ થતું અને ચોરી પણ થતી. તેથી ગુરુદેવે એવું નક્કી કર્યું કે શાંતિનિકેતનના વિદ્યાર્થીઓ અને શિક્ષકો રાતે ચોકી કરે. એક વાર મારો અને નંદલાલબાબુનો વારો રાતે દોઢથી સવારે પાંચ સુધીનો હતો. એક તરફ હું અને બીજે છેડે નંદબાબુ ચોકી કરતા હતા. હું તો હાથમાં લાઠી લઈ મારા વિચારમાં મસ્ત બની અને અવારનવાર ગીતો લલકારતો ચોકી કરતો હતો. લગભગ ચારેકનો સમય થયો હશે ત્યાં તો પાસેના ઝાડ નીચે એક જણ એકદમ જાગી ઊઠી મોટેથી ગીત લલકારતો આનંદમાં આવી નાચવા લાગ્યો. હું તો આભો બની એ જોવા જ લાગ્યો શાંતિનિકેતનમાં હજી મને એકાદ વર્ષ થયું હતું. આ બાઉલ સાધુનું આ વર્તન મને નવાઇ પમાડતું હતું. મને આમ તો બંગાળી ભાષા સમજાતી તો હતી પણ બાઉલ જે Colloquial બંગાળીમાં ગીત ગાતો હતો તે બહુ સ્પષ્ટ સમજાતું ન હતું. તોયે એનો ભાવાર્થ પકડી શકાતો હતો. એવામાં સવાર થવા આવી. અને માણસો જાગવા લાગ્યા. એટલે પેલો બાઉલ પાછો શાંત થઈ ઝાડ નીચે સૂઈ ગયો.

મારા મનમાં તો બાઉલે આ પ્રમાણે શા માટે કર્યું, એ પૂછવાની ઉત્કંઠા જાગી હતી. એટલે જ્યારે એ નવેક વાગે જાગ્યો ત્યારે હું એની પાસે ગયો અને નમસ્કાર કર્યા.

બાઉલે મને કહ્યું, "માફ કરજો રાતે મેં તમને બધાંને ખલેલ પહોંચાડી હતી

ખરું ને ?" મેં નમ્રતાથી કહ્યું, "ના, ના. એવું કંઈ નથી પણ તમે જે ગીત ગાતા હતા એનો ભાવાર્થ મને બરાબર સમજાયો નથી. માટે કૃપા કરી મને સમજાવશો તો ઉપકાર થશે."

બાઉલ હસીને બોલ્યો, "અરે ભાઈ, અમે તો રહ્યા ધૂની માણસ. મનમાં જે કંઇ આવ્યું એ બબડ્યા કરીએ. હું તમને શી રીતે સમજાવી શકું ?" મેં કહ્યું, "તો પછી મને જે કંઈ ભાવાર્થ સમજાયો છે એ તમને કહી સંભળાવું. એ સાચો છે કે ખોટો એ મને પછી કહેજો." એણે હકારમાં માથું હલાવ્યું.

મેં કહ્યું, "તમારા ગીતનો ભાવાર્થ કંઈક આવો છે; હે પ્રભુ તારે આજે મને મારા એક પ્રશ્નનો જવાબ આપવોજ પડશે, આપવોજ પડશે.

આટલાં આટલાં વર્ષો મેં જે આંસુ વહાવ્યાં એ બધાં ક્યાં ગયાં ? શું એ એળે જ ગયાં ?

આજે આ પ્રશ્નનો જવાબ તારે આપવો જ પડશે.

ત્યાં તો પ્રભુ જવાબ આપે છે, "જ્યાં હું ઊભો છું ત્યાં તું પહેલાં આવ. મારી દૃષ્ટિથી તું તારાં આંસુઓને જો."

"હા, હા, હવે મને સમજાયું. જ્યારે હું તારા તરફ અભિમુખ થઈને જોવા લાગ્યો ત્યારે મને સમજાયું કે એ આંસુ તો તારાં ચરણ આગળ વહીને કમળરૂપે વીકસેલાં છે.

તારા તરફ અભિમુખ થઈને જોયું ત્યારે જ આ સમજાયું."

ગુરુદેવના કેટલાએક કાવ્યોમાંથી પણ આવો જ દ્વનિ નીકળે છે. પ્રભુ આપણી ઇચ્છાઓને નિષ્ઠુર બનીને પણ નકારે છે. એ નિષ્ઠુરતામાં જ એની કૃપા સમાયેલી હોય છે, ડાકતર દરદીના અંગ પર શસ્ત્રક્રિયા કરે છે એ ભલે બાહ્ય રીતે નિષ્ઠુર કૃત્ય દેખાતું હોય પણ એમાં જ દરદીનું ભલું સમાયેલું છે. એવું જ પ્રભુ વિશે પણ કહી શકાય. આટલું જો આપણે સમજીએ તો આપણી કેટલીયે વ્યથા, નિરાશા તેમ જ કેટલાંયે દુઃખોનો અંત આવે.

'સંતોના હૃદય દયાથી કેવાં ભરેલાં હતાં : નામદેવને ઝાડની છાલ ઉખાડતાં રડવું આવતું, કેમ કે એમને એવો ભાસ થતો જાણે પોતાની કુહાડીના ઘા વાગતાં ઝાડના થડમાંથી લોહી વહેવા લાગે છે. એટલે ઝાડને કેવી વેદના થતી હશે એનો અનુભવ લેવા તેમણે પોતાના શરીર પર કુહાડીનો ટચકો મારી જોયો. શેખ મહુમદને એમના પિતાએ કસાઇનો ધંધો કરવા મોકલ્યા. જાનવરને કેવું દુઃખ થતું હશે એ જોવા તેમણે પહેલાં છરા વડે પોતાની આંગળી કાપી જોઈ. તેમ કરવાથી જે દુઃખ થયું તે જોઈ તેમણે કસાઈનો ધંધો છોડી દીધો; અને જે સંસારમાં પેટ ભરવાને આવો ધંધો કરવો પડે છે તે સંસાર ઉપરથી મન ઊઠી જવાથી સંસારનો પણ ત્યાગ કર્યો. તુકારામ ખેતર સાચવવા ગયા ત્યાં એમના જતાંવેંત ચકલાં ઊડી ગયાં; એટલે એમને લાગ્યું કે હું એમને પજવવા નથી માગતો છતાં તે ઊડી ગયાં, માટે મારામાં કંઈક ખામી હોવી જોઈએ.'

સાચો

એક રાજા હતો. એને પુત્ર...ત્રણ છોકરા હતા. એક દિવસે રાજાએ પોતાના છોકરાઓને બોલાવીને કહ્યું: "હવે હું ઘરડો થયો છું. કોણ જાણે હું કેટલા દિવસ જીવીશ. પણ તમને એક સવાલ પૂછવાની મને ઇચ્છા થાય છે. બોલો, તમે મને કેટલો ચાહો છો?"

મોટા છોકરાએ કહ્યું, "બાબા, મારો પ્રેમ તમારા પર સમુદ્ર જેટલો અગાધ છે. હું તમને ખૂબ જ ચાહું છું." -

વચલો છોકરો કહે: "બાબા, મારા પ્રેમની તો કોઈ સાથે સરખામણી થઈ શકે એમ નથી."

સૌથી નાનો છોકરો બોલ્યો, "બાબાજાન, હું તો એટલું જ જાણું છું કે તમને મારા અબ્બાજાન તરીકે ચાહું છું."

પછી રાજાએ ત્રણે છોકરાઓને વિદાય કર્યા.

થોડા દિવસ પછી રાજાએ પોતાના પ્રધાનને બોલાવીને કહ્યું, "વજીરજી, હવે હું ઘરડો થયો. મારી ઇચ્છા મક્કાની હજ કરવાની છે. તેથી હું આવતી કાલે જઈશ. મારી ગેરહાજરીમાં તમે રાજકારભાર ચલાવજો. અને જો હું રસ્તામાં મરણ પામું તો મારું રાજ્ય ત્રણે ભાઈઓ સાથે મળીને ચલાવે એવો બંદોબસ્ત કરજો."

રાજા તો બીજે દિવસે હજ કરવા ગયો. બે એક મહિના પછી એવા સમાચાર આવ્યા કે રાજા રસ્તામાં મરણ પામ્યો છે. આ સમાચાર સાંભળીને આખા રાજ્યમાં શોક ફેલાઈ ગયો. અને વજીરે રાજાજીની ઇચ્છા પ્રમાણે રાજ્યની વ્યવસ્થા કરી.

નવા રાજાના રાજ્યના અમલને એક વર્ષ થયું છે. એક દિવસે એક વૃદ્ધ ફકીર રાજધાનીના દરવાજા આગળ આવીને બેઠો. એણે ત્યાં જોયું કે એક જુવાન માણસ ચીંથરેહાલ દશામાં ગમગીન બનીને થોડે દૂર બેઠો છે. ફકીર એની પાસે ગયો અને બોલ્યો, "અરે જુવાન, તું આમ ઉદાસીન શા માટે બેઠો છે? તારા પર એવું તે શું દુઃખ આવી પડ્યું છે?"

એ સાંભળીને જુવાનની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે ગદ્‌ગદ્ કંઠે બોલ્યો, "સાંઈબાબા, મારા અબ્બાજાન એક વર્ષ ઉપર મક્કાની હજ કરવા ગયેલા તે રસ્તામાં જ મરણ પામ્યા. અને એમના પર ખૂબ જ પ્રેમ હતો. એમની ગેરહાજરી મને સાલે છે. મારા બીજા ભાઈઓની માફક હું એમને ભૂલી શકતો નથી." એમ કહીને તે પાછો રડવા લાગ્યો.

પેલા ફકીરે પૂછ્યું, ત્યારે તારા બીજા ભાઈઓ શું કરે છે?"

પેલો જુવાન બોલ્યો, "સાંઈબાબા, મારાથી નાનો ભાઈ તો અબ્બાજાન ગયા પછી મોજશોખમાં પડી ગયો છે. બાબાએ ભેગી કરેલી મિલકતને વેડફી નાખે છે અને મન ફાવે તેમ વર્તે છે." ફકીરે પૂછ્યું, "ત્યારે રાજ્યનો બંદોબસ્ત કોણ સંભાળે છે?"

તેણે જવાબ આપ્યો: "મારો સૌથી નાનો ભાઈ એ બધું સંભાળે છે. અમારા અબ્બાજાનના મરણ પછી તે વધારે કાળજીવાળો બન્યો છે. અમારા અબ્બાજાનની માફક તે રાજ્યનો કારભાર ચલાવે છે. વળી એના કારભારથી મારા બાબાની આબરૂ પણ વધી છે અને રૈયત મારા બાબાને હમેશ યાદ કરે છે અને મારા એ સૌથી નાના ભાઈને બધા ખૂબ ચાહે છે. એ મારા બાબાની ખોટ કોઈને લાગવા દેતો નથી. બધાં એમ જ માને છે કે મારા બાબા જ જાણે રાજ્ય કરે છે." ફકીર પછી ત્યાંથી ઊઠીને સીધો રાજદરબારમાં ગયો. નવા રાજાએ ફકીરને માનથી બોલાવ્યો.

પરંતુ ફકીર તો પાસે જઈને એને એકદમ ભેટી પડ્યો અને બોલ્યો: "બેટા, તેં મારી મુરાદ પૂરી કરી! હું તારો બાબાજાન છું. તમારી કસોટી કરવા મેં ખોટા સમાચાર મોકલ્યા હતા. તું જ મારો સાચો પુત્ર છે અને તું જ મને સાચી રીતે ચાહે છે. જે પિતાનું અધૂરું રહેલું કામ ચાલુ રાખે છે અને એની આબરૂમાં વધારો કરે છે એ જ પુત્ર કહેવાને લાયક છે. આજથી તું જ આ રાજ્યનો સાચો રાજા છે." – મુકુલભાઈ

બાપુની ટપાલ

આચાર્ય નિત્યાનંદ સારસ્વત

આજ કાલ આપણા જીવનમાં પત્રો લખવાનું કામ પણ ખૂબ મહત્ત્વનું છે. ઘણાં ખરાં કામ પત્રોને લીધે જ સહેલાઈથી થઈ જાય છે. બાપુજીએ જેટલા પત્રો લખ્યા છે એટલા પત્રો લખનારા દુનિયામાં બહુ ઓછા હશે. એક નાની પોસ્ટ ઑફિસમાં જેટલી ટપાલ આવે છે તેટલી બાપુની આવતી હતી. દુનિયાના લગભગ બધા દેશો તેમની સાથે પત્રવ્યવહાર કરતા હતા. એવું અનુમાન કરવામાં આવે છે કે તેમના અત્યંત મહત્ત્વના પત્રો છપાવવામાં આવે તો તે હજારો પાનાં રોકે.



આટલા બધા પત્રો લખનાર બાપુ પાસે એ કામ માટે ખાસ કોઇ અલગ માણસ ન હતો. ઘણા મોટા પુરુષો પોતાની સાથે શોર્ટહેન્ડ જાણનાર સેક્રેટરી રાખે છે. તેથી મોઢે બોલેલા પત્રો શોર્ટહેન્ડ લખીને ટાઈપ થયા પછી કેવળ સહી કરવાનું કામ જ મોટા માણસોને માટે રહે છે. પરંતુ બાપુનું તો હરેક કાર્ય અનોખું હતું. તેઓ તો પરબીડિયાં તથા કાર્ડ પર સરનામાં પણ પોતે જ લખતા. કોઈ દિવસ ટપાલનું કામ વધી જતું ત્યારે બાપુ સવારમાં જલદી ઊઠતા. કોઇ કોઈ વાર તો રાતના બે વાગ્યા સુધી તેઓ લખવા વાંચવાનું કામ કરતા જણાતા હતા. લખતાં લખતાં જમણો હાથ થાકી જતો ત્યારે તેઓ ડાબા હાથે લખવા લાગી જતા. મહત્ત્વના બધા કાગળો તેઓ પોતે જ લખતા. ખુશી સમાચારના કાગળ હોય તો બીજાઓ પાસે લખાવી લેતા, પણ કોઈના દુઃખદ સમાચાર મળે ત્યારે તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાના હાથથી જ પત્ર લખતા હતા. એવા પત્રો ભારતમાં જ નહીં, દુનિયાના બીજા દેશોમાં પણ ઘણા લખ્યા છે. અને તે પત્રોને તેઓ અમુલ્ય સંપત્તિ ગણે છે.

આમ તો બાપુ પ્રત્યેક કાર્યમાં નિયમિતતાના આગ્રહી હતા પણ ટપાલ વખતસર રવાના કરવાની બાબતમાં તો ખૂબ જ આગ્રહ રાખતા. તેઓ યાત્રામાં જ્યાં રોકાતા ત્યાં ટપાલ કયારે જાય છે એ પહેલાં પૂછી લેતા. યાત્રામાં પણ તેમની ટપાલ નિયત સમયે પહોંચે એવી વ્યવસ્થા હતી. પ્રવાસમાં વિવિધ કામોમાં રોકાયેલા રહેતા, છતાં પત્રોના ઉત્તર સમયસર લખી દેતા. પત્રો લખ્યા પછી તે યોગ્ય સમયે પોસ્ટ ઑફિસમાં પહોંચી ગયા છે કે નહિ તેનું પણ ધ્યાન રાખતા.

જે દિવસે 'હરિજન' વગેરે છાપાંઓને છાપવાની સામગ્રી મોકલવામાં આવતી ત્યારે ટપાલનું સૌથી મનોરંજક દૃશ્ય જોવા મળતું હતું. એક બાજુ લેખોના હિંદી, અંગ્રેજી, ગુજરાતી, અને ઉર્દુમાં બીજી ભાષામાંથી અનુવાદ થતા તો બીજી તરફ ટાઈપ કરવાનું મશીન ઝડપી ગતિથી ચાલતું તથા પરબીડિયાં પર ટિકિટો લગાડવામાં આવતી. સામગ્રી ક્યાં સુધી તૈયાર થઈ છે તેની સૂચના બાપુને આપવામાં આવતી. સામગ્રી પૂરી નહીં થાય એવી શંકા પડતી તો બાપુ બીજાં કામો છોડીને પહેલાં તે કામ પૂરું કરવા લાગી જતા. બીજા માણસોએ લખેલા લેખો અને ટાઈપ કરેલા પત્રોને પણ પોતે જોઇ જતા. શ્રી. મહાદેવભાઈના લખેલા લેખો પણ તેમના હાથમાંથી પસાર થયા પછી જ પોસ્ટમાં જતા.

એ વખતે ટપાલ મોકલવાનો સમય થાય એ પહેલાં બધું તૈયાર થઈ જતું. આજે ટપાલ લઇને કોણ જશે તે પણ બાપુ ધ્યાન રાખતા. કોઈવાર પરબીડિયામાં કોઈ જરૂરી કાગળ બીડવાનું રહી જાય અને ટપાલનો સમય થઈ ગયો હોય તો તે કાગળ ભલે તારથી જાય કે કોઈ માણુસ લઈને જાય, પણ ટપાલ રોકાતી નહિ. આ કારણને લીધે જ બાપુની ગમે તેવી લાંબી યાત્રામાં પણ તેમનાં સાપ્તાહિક પત્રો કદાપિ મોડાં પડતાં નહોતાં.

તમે જોયું હશે કે સામાન્ય માણુસ પણ પત્ર લખવા માટે સારો અથવા આકર્ષક કાગળ વાપરે છે. પણ બાપુ તો લોકો તેમને જે કાગળ લખતા તે કાગળમાં જ જવાબ આપતા. જ્યારે આપણે બચેલો કાગળ ફાડી લેતા નથી. બાપુજી આવેલાં પરબીડિયાંને વ્યવસ્થિત કરી અથવા સરનામું રદ કરી નવી ટિકટ લગાવી તેમાં જ કાગળ રવાના કરતા. એક બાજુએ લખેલા કાગળોની પાછળ અને છાપાંઓ ઉપરની કોરી જગામાં તે પોતાના લેખ, ભાષણ અને પત્રો લખતા. આ રીતે નવા કાગળોનો ઉપયોગ બહુ ઓછો કરતા.

પોતાનાં પરબીડિયાં અને કાર્ડ છપાવીને તેમાં પત્રો લખવા એમાં મોટાઈ માનવામાં આવે છે. પણ બાપુ સાદાં પરબીડિયાં અને સાદાં પોસ્ટકાર્ડ જ વાપરતા. તે માનતા કે પોસ્ટ ઑફિસને પૂરા પૈસા આપવામાં આવે છે તો પછી ઘરનાં પરબીડિયાં અને કાર્ડ શા માટે વાપરવાં જોઈએ. તેથી પૈસાની બચત થતી. બચતના ખ્યાલથી તેઓ ઘણું ખરું કાર્ડ જ લખતા.

પોતાની પાસે આવેલાં કાર્ડ ઉપર પણ બાપુ ખૂબ ધ્યાન આપતા. કોઈ સારી વાત કાર્ડમાં આવતી તો તેના ઉપર તે સમાચાર તારથી આવે અને જેટલું ધ્યાન આપે તેટલું ધ્યાન આપતા. સાચી વાત તો એ છે કે આપણે ટપાલની બાબતમાં પણ બાપુનાં કામોથી ઘણું શીખી શકીએ છીએ.

હજારો માણસોમાંથી કોઇક જ સિદ્ધિ માટે યત્ન કરે છે
અને યત્ન કરનારા હજારોમાંથી કોઈક જ મને
પૂરી રીતે સમજી શકે છે.—ગીતાજી



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

[૩]

સન ૧૯૨૯ની વાત છે. એ દિવસોમાં બાપુ સાબરમતી આશ્રમમાં રહેતા હતા. આશ્રમની નજીકમાં બુધાભાઇનાં કેટલાંક મકાન હતાં. તે ભાડે રાખવામાં આવ્યાં હતાં. તે મકાનો પૈકી એકમાં શ્રી. ભણુસાળીભાઈ રહેતા હતા. સાથે તેમનાં વિધવા ભાભી અને તેમનાં બાળકો પણ હતાં. ભણુસાળીભાઈ અધ્યાપક થઈ ચૂકયા હતા, વિલાયત પણ ગયા હતા. ઑકસફર્ડની એમ. એ. પરીક્ષા અંગ્રેજીમાં ઘણા સારા ગુણ મેળવી પાસ કરી હતી. તેમણે બાપુના નવજીવન કાર્યાલયમાં પણ કામ કર્યું હતું, અને સાબરમતી આશ્રમમાં પણ રહ્યા હતા. સન ’૨૯માં તેમણે આશ્રમની બાજુના પોતાના–ઘરમાં ઉપવાસ શરૂ કર્યા. મનમાં વિચાર ઉદ્ભવ્યો, મંથન કર્યું, નિશ્ચય કર્યો અને ઉપવાસ શરૂ થઈ ગયા. એ દિવસોમાં બાપુ આશ્રમમાં નહોતા. તેઓ કયાંક પ્રવાસ કરી રહ્યા હતા. અહીં આશ્રમમાં ભણુસાળીભાઈના ઉપવાસ ચાલતા હતા. અઠવાડિયું થયું, બે અઠવાડિયાં થયાં, મહિનો થયો પણ ભણુસાળીભાઈના ઉપવાસ ન તૂટ્યા. આશ્રમમાં સૌ કોઈ એ કારણથી ચિંતાતુર હતાં. ભણુસાળીભાઈ એ વખતે આશ્રમવાસી ન હતા, પણ આશ્રમવાસી બધાં તેમને પોતાના સાથી અને ભાઈ ગણતાં હતાં. સવા મહિનો થયો, દોઢ મહિનો થવા આવ્યો, લોકો વ્યાકુળ થઈ ગયા. ભણુસાળીભાઈ પણ દિવસે દિવસે કમજોર થવા લાગ્યા. સમજાવનારા તેમને સમજાવતા પણ ભણુસાળીભાઈ ઉપવાસ છોડવા રાજી ન હતા. સૌ કોઈ કહેવા લાગ્યું કે હવે તો બાપુ આવીને સમજાવે ત્યારે જ ભણુસાળીભાઈ માનશે. સંજોગવશાત્ થોડા દિવસોમાં જ બાપુ પોતાનું એક ભ્રમણ પૂરું કરી સાબરમતી પાછા ફર્યા. ત્યાં સુધીમાં ભણુસાળીભાઇએ એકાવન દિવસના ઉપવાસ પૂરા કર્યા હતા. ખૂબ અશક્ત થઈ ગયા હતા. પણ મન સ્વસ્થ અને પ્રસન્ન હતું. બાપુને ખબર પડી કે તરત જ તેઓ તેમને મળવા ગયા, તેમણે ભણુસાળીજીને સમજાવ્યા, તેમની સાથે ચર્ચા કરી. ભણુસાળીભાઇને વાત ગળે ઊતરી અને

ઉપવાસ છોડવા તે તૈયાર થયા. બાવનમા દિવસે બાપુના હાથે ફળનો રસ લઇ પોતાના લાંબા ઉપવાસનાં પારણાં કર્યાં. સૌ ચિંતામુક્ત થયાં. અને મનથી ભગવાનનો આભાર માનવા લાગ્યા. તે દિવસે આશ્રમમાં બધાં ખુશ હતાં. પણ તે ખુશી વધુ સમય ન ટકી. બીજે જ દિવસે જાણુવા મળ્યું કે ભણુસાળીભાઈની તબિયત વધારે બગડી ગઈ છે, અને તઓ ઘડી બે ઘડીના જ મહેમાન છે. સદ્‌ભાગ્યે બાપુ આશ્રમમાં જ હતા. તેમણે તરત જ ભણુસાળીભાઇની સારવારની ઉત્તમ વ્યવસ્થા કરાવી. અમદાવાદના સારામાં સારા દાક્તરો બોલાવવામાં આવ્યા. તેમણે ખૂબ કાળજીપૂર્વક મહેનત કરી. બાપુએ પોતાની દેખરેખ નીચે બધી વ્યવસ્થા કરાવી. આશ્રમના કેટલાક સાથીઓ ભણુસાળીભાઈની સેવા–ચાકરી માટે ચોવીસે કલાક હાજર રહેવા લાગ્યા. સૌનાં મન ઉદાસ અને વ્યથિત હતાં. ભણુસાળીભાઈ આ બીમારીમાંથી જલદી સાજા થઈ જાય એમ બધાં ઇચ્છતાં હતાં. છેવટે ભગવાને કૃપા કરી અને ભણુસાળીભાઈ પોતાની માંદગી પર વિજય મેળવી ભયમુક્ત થયા. સૌના દિલમાં જીવ આવ્યો અન સૌએ ભગવાનનો આભાર માન્યો.

પણ હજી એક પરીક્ષા બાકી હતી. માંદગી ચાલી ગઈ. ભય પણ મટી ગયો. ભણુસાળીભાઈ સ્વસ્થ થવા લાગ્યા પણ તેમનામાં એક નવી વસ્તુ ઉત્પન્ન થઈ. તે જૂની બધી વસ્તુઓ ભૂલી ગયા. લખેલું, વાંચેલું, જાણેલું, ઓળખેલું બધું તેમના ધ્યાનમાંથી ચાલ્યું ગયું. મનમાં એક પ્રકારની શૂન્યતા પેદા થઈ ગઈ. આ નવી વસ્તુએ બધાંને ફરી પાછાં વ્યથામાં નાખ્યાં.

એટલામાં બાપુને પ્રવાસે જવાનો સમય આવી પહોંચ્યો. બાપુએ ભણુસાળીભાઈને ઉપવાસની જગાએથી આશ્રમમાં બોલાવી લીધા. ત્યાં તેમની સેવા – ચાકરીની સંપૂર્ણ વ્યવસ્થા કરી દીધી. આશ્રમમાં નીકળતી વખતે ભણુસાળીભાઈને મળવા અને તેમની વિદાય લેવા ગયા. બાપુએ તેમને હિંમત આપી અને કહ્યું, “હવે જલદી તબિયત સુધારી લો અને સાજા થઇ જાઓ. મન ઉપર કોઇ વાતનો બોજો ન રાખો. ખુશ રહો અને ભગવાનનું ભજન કરો.”

ભણુસાળીભાઈએ બાપુને પ્રણામ કર્યા. તેમનું ગળું રૂંધાઇ ગયું હતું. આંખોમાં આંસુ હતાં. તેમણે બાપુ પાસે એક ‘વરદાન’ માગી લીધું. તેઓ બોલ્યા, “આપ આ ભ્રમણમાં ગમે ત્યાં રહો, પણ મારા પર રોજ આપના હાથે લખેલો એક પત્ર જરૂર રવાના કરજો. તેથી મને ખૂબ શાંતિ મળશે.”

બાપુએ કહ્યું, “બસ, એટલી જ વાત! ઠીક ત્યારે, તમે કહો છો તે પ્રમાણે થશે.” અને બાપુ આશ્રમમાંથી સંયુક્ત પ્રાંતના પ્રવાસ માટે રવાના થયા.

સન ’૨૯ના ઑગસ્ટ – ડીસેમ્બરની આ વાત છે. એ દિવસોમાં બાપુ સંયુક્તપ્રાંતના જુદા જુદા જિલ્લાઓમાં સતત બે – અઢી મહિના ફર્યા હતા. આશ્રમમાં પાછા આવ્યા નહીં ત્યાં સુધી દરરોજ પોતાના હાથે લખેલો એક પત્ર ભણુસાળીભાઈ ઉપર લખી ટપાલમાં નાખતા રહ્યા. આ રીતે બાપુએ એ તોફાની ભ્રમણના દિવસોમાં પણ ભણુસાળીભાઈને સાઠથી વધારે પત્રો લખ્યા હતા. પત્રો બધા ગુજરાતીમાં હતા. કોઇ દિવસ બાપુ ખૂબ કામે લાગેલા હોય અથવા ખાસ કશું લખવાનું ન હોય તો ‘તમને યાદ કરું છું’ એટલું જ લખી પત્ર રવાના કરતા!

પોતાના સાથીનું દિલ રાખવા અને આપેલા વચનનું પાલન કરવા બાપુ કેટલી કાળજી રાખતા હતા, તેનો જીવતો જાગતો દાખલો આ પત્રવ્યવહાર છે.

બાપુ ધન્ય હતા, અને ધન્ય છે એ સાથીઓ જેઓ તેમનો પ્રેમ સંપાદન કરી શક્યા!

રાજમાતા

લે૦ રસિકલાલ છોટાલાલ પરીખ   નાટ્યરૂપાન્તર : ચુનીલાલ મડિયા

સ્થળ : શોણ નામે ઓળખાતો હિરણ્યવાહુ મહાનદનો કાઠો.

સમય : આથમતી સંધ્યાનો. નરસિંહગુપ્ત બાલાદિત્યની માતા અને અનુચરો નદીકાંઠે વિસામો ખાય છે.

રાજમાતા (અનુચરોને) : ગિરિવ્રજથી વિહાર કરતાં કરતાં આપણે કેટલો પંથ કાપ્યો?

અનુચર : આપણે લગભગ પાટલિપુત્ર નજીક આવી પહોંચ્યાં છીએ....

રાજમાતા : ઓહોહો! બહુ પંથ કાપી નાખ્યો!

અનુચર : જી હા! માતાજી

(રાજમાતાની બાજુમાં થઈને એક તીર સડસડાટ ચાલ્યું જાય છે.)

રાજમાતા (ચોંકી ઊઠતાં) : આ શર કોણે છોડયું?

અનુચર : એ તો નગરના પ્રાકાર (કિલ્લા) ઉપરના રક્ષકોએ આપણી તપાસ કરી. મેં એમને સંજ્ઞા કરી દીધી, એટલે હવે વધારે શર નહિ છોડે.

રાજમાતા : વાહ! શી મારી પ્રજાની સાવધાની છે!

અનુચર : સાવધાની તો રાખવી જ પડે ને? પેલો અનાર્ય હૂણ મિહિરકુલ શાકલમાં, બેઠો બેઠો આર્યોના લોહીની નદીઓ વહાવે છે.

રાજમાતા: હું આથમતી સંધ્યા જોઉં છું ને આર્યોનાં લોહી યાદ આવે છે. આજે આ શોણનાં પાણી પણ મને જાણે કે લાલ લાલ લાગે છે.

અનુચર : માતાજી, મિહિરકુલ ઘણો જ. ક્રૂર છે, ખરુ?

રાજમાતા : હા. એના સૈન્યમાં મરાતાં માનવોનું ભક્ષણ કરવા ઉત્સુક ગીધડાં અને કાગડા ઉડતા જોઇને મિહિરકુલ નજીકમાં છે એમ આપણા સેનાપતિઓ ગણતરી કરી શકે છે.

અનુચર : પૂરેપૂરો અનાર્ય!

રાજમાતા : હા; એની અનાર્યતાએ જ પુત્ર નરસિંહને પાટલિપુત્રમાંથી નસાડીને ગિરિવ્રજમાં પીછો પકડયો છે ને! (દૂર દેખાતા ભવનશિખરો તરફ નજર કરતાં) મારું પ્રિય પાટલિપુત્ર આજે સ્મશાન જેવું સૂનું લાગે છે.

(સામેથી એક ઊંચી, પાતળી આકૃતિ ચપળ પગલે આવીને ઊભી રહે છે. રાજમાતા હર્ષોલ્લાસમાં આવી જાય છે.)

ઓહોહો! કોણ? ભદન્ત આર્યસિંહ?

આર્યસિંહ : હા.

રાજમાતા : ભગવાન તથાગતના સ્થવિરને મારાં વંદન.

(આર્યસિંહના પગમાં પડી જાય છે.)

આર્યસિંહ : ઉપાસિકા! ઊઠો! એક સમાચાર આપું.

રાજમાતા (ગભરાતાં) : શા સમાચાર છે? અનાર્ય મિહિરકુલે બૌદ્ધ સાધુઓના એકાદ વધારે સંઘનો સંહાર કર્યો?

આર્યસિંહ : ના, ના, રાજમાતા! એથી ઊલટા જ સમાચાર છે. આપના પુત્ર નરસિંહગુપ્ત બાલાદિત્યનો વિજય થયો છે અને મિહિરકુલ કેદ પકડાયો છે.

રાજમાતા : વાહ ! ભગવાન તથાગતના સંઘનો નાશ થતો અટકયો. આર્યાવર્તનું એકીકરણ અને સંગઠન કરવા માટે મેં સ્થાપેલો રાજસંઘ સફળ થયો. હવે ભગવાન તથાગતનો સંઘ સુરક્ષિત થયો.

આર્યસિંહ : તથાગતનો સંઘ તો સુરક્ષિત થયો. પણ તથાગતના ધર્મનો લોપ થયો એનું શું ?

રાજમાતા (આશ્ચર્ય પામતાં) : શું બોલો છો, ભદન્ત ! આજે સમસ્ત બૌદ્ધ સંઘને મારા પુત્રે અભયદાન બક્ષ્યું છે. અનાર્ય હૂણ કેદ પકડાયો....

આર્યસિંહ : બૌદ્ધ સંઘ તો અભય થયો; પણ બૌદ્ધ ધર્મનો લોપ થયો. ક્ષમા, અ-વેર અને અહિંસાના મૂળભૂત સિધ્ધાંતનો ભંગ થયો. ધર્મના લોપ પછી સંઘનું શુષ્ક જીવન જગતને ભાર-રૂપ થશે.

રાજમાતા : કેવી વાત કરો છો, ભદન્ત ! આપ એક રકતપટ હોવા છતાં એ હકીકત નથી જાણતા કે દુષ્ટ મિહિરકુલે બૌદ્ધ ધર્મનાં તત્ત્વો જાણવા માટે એક સ્થવિરને પ્રવચન કરવા તેડાવેલા ત્યારે રકતપટ-ધારી એક વૃદ્ધ રાજસેવકને મોકલવામાં આવતાં, આ તુચ્છકારથી હૂણનો ક્રોધ ભભૂકી ઊઠ્યો અને તેણે આખા શ્રમણસંઘનો સંહાર કરવાનો સંકલ્પ કર્યો છે ? શાકલથી મિહિરકુલે આદેશ આપ્યો છે કે આ વર્ષે આર્ય રાજાઓએ ખંડણી પેટે બીજું કશું નહિ પણ બૌદ્ધ શ્રમણોનાં માથાં મોકલવાં એ તમે જાણો છો ?

આર્યસિંહ : હા, ઉપાસિકા ! સારી પેઠે જાણું છું. શાકલના દૂતનો સંદેશો તો એવો હતો કે, 'રકતપટોનાં રક્તસ્રવતાં મૂંડાનો ઉપહાર કરો !'

રાજમાતા : અને છતાં એ ધર્મસંહારક રાક્ષસના પરાજયથી તમને આનંદ નથી ઊપજતો, ભદન્ત ?

આર્યસિંહ : નહિ, જરાયે નહિ. ઊલટાનો શોક ઊપજે છે કે તથાગતના સંઘનું રક્ષણ કરવા જતાં તથાગતની જ આજ્ઞાનો ભંગ થયો-ભંગ કરવો પડ્યો.

રાજમાતા : શી આજ્ઞાનો ભંગ થયો ?

આર્યસિંહ : કાં ભૂલી જાઓ, ઉપાસિકા ?

નહીં વેરેણ વેરાણિ સમ્મન્તિ, કુદાચના।
અવેરેણ હિ સમ્માન્તિ, એસ ધમ્મો સનાતનો ॥

વેરથી વેર શમતું નથી. અ-વેરથી જ વેર શમે, ઉપાસિકા ! એ સનાતન ધર્મનો લોપ થાય પછી સંઘ જીવતો રહે તો પણ શો લાભ ? પછી તો સંઘ વિષયભોગનું એક નિમિત્ત જ બની જાય. ભગવાન તથાગતે જ એક પ્રવચનમાં શિષ્યોને કહ્યું હતું કે હે આયુષ્યમાનો ! તમે મારા ધર્મદાયાદ થાઓ, ધર્મના વારસદાર થાઓ, પણ આમીષનાભોગના દાયાદ ન થજો.

રાજમાતા (નિરાશાથી) : ખરું ભદન્ત !

આર્યસિંહ : અપ્રસન્ન ન થશો, ઉપાસિકા ! ભગવાનના સંઘના શ્રમણો તમને અને પુત્ર નરસિંહને ધન્યવાદ આપે છે ! પણ ઉપાસિકા, આજથી હવે નિશ્ચયપૂર્વક સમજી લ્યો કે સંઘ કરતાં ધર્મ વધારે શ્રેયસ્કર છે !

રાજમાતા : ભદન્ત, હજી હું સાવ સામાન્ય કોટીની જ ઉપાસિકા રહી છું. આપના જેવું કેમ નથી થવાતું ? કેમ કશું સૂઝતું નથી ? (ભગદન્તનાં ચરણોનું આલબન લેવા નજીક આવતાં) : ભગવંત, આલંબન આપો ! આપની સાથે એકતા પામવા દો !

આર્યસિંહ (શાન્ત, સ્વરે) : ભગવાન બુદ્ધને શરણે જાઓ, ઉપાસિકા ! નિર્વાણમાં સહુ એક થાય છે. માટે, નિર્વાણ સમાધિની આરાધના કરો.

રાજમાતા : પણ [અનુસંધાન પૃ૦ ૭૫મે]



ચિ. શારદા,
જે મનુષ્ય કાંતણ
પૂર્વક ખાદી પહેરે તે
તેની સાદાઈ વધે.
તેથી તેના આત્માને
સંયમની મદદ મળે,
તેની પવિત્રતાને
રક્ષણ મળે. આ કારણ
વિકારોને શાંત
કરનારું છે તેથી
કાંતણપૂર્વક વપરાતી
ખાદી બ્રહ્મચર્યની
પોષક છે એમ હું
કહું. સમજ્યા?

[illegible] બાપુ

ચિ૦ શારદા,

જે મનુષ્ય જ્ઞાનપૂર્વક ખાદી પહેરે તે તેની સાદાઈ સારુ, તેથી ભૂખે મરતાને મળતી મદદને સારુ, તેની પવિત્રતાને સારુ પહેરે. આ જ્ઞાન વિકારોને શાંત કરનારું છે તેથી જ્ઞાનપૂર્વક વપરાતી ખાદી બ્રહ્મચર્યની પોષક છે એમ હું કહું. સમજી ?

તા. ૨૨–૧–૩૩ બાપુના આશીર્વાદ

* * * * *

જે સત્યનું પાલન કરવા ઈચ્છે છે તેની પાસે છાનો રાખવા જેવો એક પણ વિચાર હોવો ન જોઈએ. કાલાઘેલા વિચારો પણ જગત જાણે તેની ફિકર નહીં હોવી જોઈએ. ફિકર તો પાપની હોવી જોઈએ. મારી રોજનીશી કોઈ જોઈ જશે તો, એ ભયના મૂળમાં પોતે હોઈએ તેના કરતાં સારા દેખાવાપણું છે. અને જે પુરુષ આખું જગત પોતાની ડાયરી જુએ તોય ફિકર ન કરે, તે પોતાની સ્ત્રી પાસે તો સંતાડે જ કેમ ?

* * * * *

જ્યાં લગી મિત્ર મિત્ર વચ્ચે પણ હું અને તું નો ભેદ છે, જે પતિપત્નીને વિષે રહ્યો જ છે, શરીરધારીને સારુ અનિવાર્ય છે, ત્યાં લગી એકબીજાની વસ્તુ તેની રજા વિના ન જ લે. પાછી તે જ જગ્યાએ મૂકી દેવાનો નિશ્ચય આમાં મદદગાર નથી; તેનું એક મહાકારણ તો એ કે નિશ્ચય કરનારને પોતાને ક્યાં ખબર છે કે બીજી ક્ષણે તે પોતે જીવતો હશે કે નહીં, અથવા તેના કબજામાં આવ્યા પછી તે વસ્તુ ઊપડી જશે કે નહીં. આ નિયમનું પાલન કરવામાં કોઈ વેદિયાપણાનો કે એથીયે વધારે બૂરો આરોપ મૂકે તો તે સહન કરવા યોગ્ય છે.

* * * * *

જે વિશ્વાસપાત્ર નથી તેનો વિશ્વાસ ન કરાય એ તારું લખવું બરોબર છે. મારા લખવાનો હેતુ એ હતો કે આપણે કોઈને વહેમની નજરે ન જોવા. જેમ આપણા વચન ઉપર જગત વિશ્વાસ રાખે એમ આપણે ઈચ્છીએ તેમ સામે નાના વચન ઉપર પણ વિશ્વાસ રાખીએ. તે વિશ્વાસપાત્ર ન નીવડે ત્યારે પસ્તાઈએ નહીં. વિશ્વાસ રાખનારે જગતમાં આજ લગી કંઈ જ ખોયું નથી, વિશ્વાસનો ઘાત કરનાર કરોડો મેળવવા જતાં ખુએ જ છે. આપણો આત્મા અભડાય ત્યારે આપણે ખોયું; ધન દોલત તો આવે છે ને જાય છે. તે જાય તેનો શોક ન જ કરીએ.

* * * * *

સરજનહાર વિષે તેં બહુ સારું લખ્યું છે. ભણવાનો અર્થ જ ખોટો છે. જે ગણી ન જાણે તે ભણ્યા નથી. જે ગણી શકે તે ભણ્યા છે. નિશાળમાં જ જાય તો જ ભણાય એ પણ વહેમ છે. જે ધર્મ આચરી શકે તે ભણ્યા કહેવાય. પછી અક્ષરજ્ઞાન હોય તો તે એક વધારે સાધન ગણાય ને અવસર મળ્યે તે લઈ લઈએ. આ સમય અનુભવરૂપી વધારે જ્ઞાન પામવાનો છે.

* * * * *

ચિ. ....

તમારો કાગળ મળ્યો. દુઃખદ કથા છે. જે સાચા છે તેને હું ત્યાગું એમ નથી. કેમ કે તેની આશા હું કદી છોડતો નથી. પાપ તો બધાથી થઈ જાય છે. પણ પાપની સાથે યુદ્ધ કરવામાં પુરુષાર્થ છે અને જે યુદ્ધ કરે છે તેને જય મળે જ છે. તમે એવો જય મેળવજો. કદી હારતા નહીં. હૃદય હળવું કર્યું છે એટલે હવે મને લખ્યા કરજો. બનતાં લગી શાહી વાપરજો. અક્ષર સારા કરજો. ઉકેલવામાં મને હરકત નથી આવતી પણ સારા અક્ષર કરવાનો મનુષ્યમાત્રનો ધર્મ છે. અક્ષર ગમે તેવા કરવામાં અવિચાર અને હિંસા છે. વળી પાપમાંથી છુટનારને પ્રત્યેક કામ સુઘડ કરવાથી પાપ મુક્તિમાં મદદ મળે છે.

તા.૧–૧–૩૧ બાપુના આશીર્વાદ

અનેક દેવદેવીઓ શા માટે?

જ્ઞાનયોગી ચંદુભાઈ

પ્રશ્ન: આપણા ધર્મમાં આટલા બધા દેવો ને દેવીઓ શા માટે? દરેક સંપ્રદાયવાળા પોતાના દેવને મોટો ગણે છે, દેવોની જાતજાતની મૂર્તિઓ બને છે, તેનાં મોટાં મોટાં મંદિરો બંધાય છે. આ બધી જંજાળ, આ બધી ઝંઝટ શા માટે? આપણે એક જ પરમાત્માની ઉપાસના કેમ ન કરીએ? કોઇક વળી મૂર્તિને જ ન માનો એમ કહે છે. કોઈ ચાર છ કલાક પૂજનમાં ગાળે છે, છતાં એમનું જીવન તો જોવું ન ગમે. દેવોના પૂજનથી કંઈ જ લાભ ન હોય તો પછી શા માટે એને વળગી રહેવું?

ઉત્તર: મહિમ્નઃસ્તોત્ર તો આવડે છે ને? એ પુષ્પદંતનું લખેલું છે. પરમાત્માની સ્તુતિનું એ ખૂબ સુંદર કાવ્ય છે. એમાં એક શ્લોક છે તેનો ભાવાર્થ આ છે.

“જગતમાં જેટલા મત–પંથો છે તે બધા એક જ પરમાત્માને પહોંચવાના રસ્તા છે. વેદ કે સાંખ્ય, શાસ્ત્ર કે યોગ, શંકર અથવા વૈષ્ણવ સંપ્રદાય, દરેક મત યા પંથથી તે એક જ પરમાત્માને પહોંચાય છે. દરેક માણસની રુચિ સરખી હોતી નથી. દેશકાળને અનુસરીને આ બધા પંથો યોજાયા છે. છતાં જેમ બધી નદીઓનાં પાણી ગમે તેમ વહીને છેવટે તો સમુદ્રને જ મળે છે તેમ આ બધાયે મતપંથોનું વિવેકપૂર્વક પાલન કરવામાં આવે તો અંતિમ ધ્યેયને પમાય છે. અત્યારે છે એથી સેંકડો ગણા મતપંથો વધી જાય તેથી ગભરાવાની જરૂર નથી. ખરું જોતાં જગતમાં જેટલા મનુષ્યો છે તેટલા પંથો છે. દરેક માણસને જુદુંજુદું શરીર છે, જુદુંજુદું મન છે, એટલે દરેક જુદી રીતે જ વિચાર કરશે. બે સગાભાઇઓના વિચાર પણ ભિન્ન ભિન્ન હોય છે તો સમાજના માણસોના વિચારો ભિન્નભિન્ન હોય તેથી ગભરાવાનું ન હોય. દરેક માણસ પોતપોતાની ભાવના પ્રમાણે પરમાત્માને કલ્પે છે. પરમાત્મા પણ એટલો દયાળુ છે કે તે માણસની ભાવના જ જુએ છે. આપણે આપણી ભાવના શુદ્ધ રાખીએ, આપણને જે દેવ, દેવી કે પરમાત્મા ઉપર વિશ્વાસ હોય તેનું ખરા દીલથી ભાવપૂર્વક સ્મરણ કરીએ તો આપણને આગળ શું કરવું તે સમજાયા કરે છે. જરૂર છે માત્ર હૃદયની શુદ્ધિની, અને સાચા હૃદયનો પ્રયત્ન હશે તો તે મનુષ્ય પરમાત્માને માર્ગે આગળ વધશે જ.

“લંડનમાં મેં જોયું છે કે પતિ પ્રોટેસ્ટંટ ધર્મ પાળતો હોય અને પત્ની રોમન કેથોલિક હોય. બંને ઘર આગળથી સાથે નીકળે છે, પતિ પોતાની પત્નીને એના દેવળમાં મૂકે છે અને પોતે પોતાના દેવળમાં જાય છે. બંને પોતપોતાની ઢબે પ્રાર્થના કરે છે. પાછા ફરતાં પતિ પત્નીને તેના દેવળમાંથી લેતો આવે છે. બંનેનો સંસાર સુખપૂર્વક ચાલે છે, આ પ્રમાણે થવું જોઇએ.

“આપણે ત્યાં પણ એવાં કુટુંબને જાણું છું જેમાં ઘરનો વડીલ એક સંપ્રદાયનો હોય, દીકરો બીજા પંથનો હોય, દીકરાની પત્ની ત્રીજામાં જ માનતી હોય અને માતા વળી ચોથું માનતી હોય છે. છતાં બધાનો વ્યવહાર રીતસર ચાલતો રહે છે. કુટુંબમાં એક જ દેવ મનાતો હોય તો શ્રદ્ધા–નિષ્ઠા વધારવા માટે એ સારું પડે છે એ મેં જોયું છે. છતાં સૌને પ્રમાણિકપણે લાગે કે મારે માટે તો અમુક દેવ સારો છે તો તે તેમ કરે.”

“હવે મૂર્તિપૂજા વિષે કહું. ખરું જોતાં આપણે મૂર્તિપૂજક જ નથી પણ મૂર્તિ દ્વારા પ્રભુપૂજક છીએ, શંકરના મંદિરમાં જઈને એક ભક્ત મહિમ્નસ્તોત્રનો પાઠ કરે છે. એમાં તે સત્-ચિ-આનંદ પરમાત્માની જ પ્રાર્થના કરે છે. એક શ્લોક તો ખૂબ સુંદર છેઃ

“મોટા હિમાલય પર્વત જેટલો શાહીનો ગઠ્ઠો લઈએ સમુદ્ર જેટલો ખડિયો લઇએ, કલ્પતરુ વૃક્ષની કલમ બનાવીએ અને પૃથ્વી જેટલો કાગળ લઇએ આટલું કરીન વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી શ્રી શારદા પોતે જ લખવા બેસે, અને એ શારદા દેવી હમેશાં લખ્યા જ કરે તોયે હે પરમાત્મા! તારા ગુણનો પાર નથી આવતો. આ એ શ્લોકનો ભાવ છે. આ શ્લોકથી એક ભક્ત પ્રાર્થના કરે તો એને મૂર્તિની પ્રાર્થના કરે છે એમ શી રીતે કહી શકાય? હા, તે જો એમ કહે કે, હે શંકરની મૂર્તિ! તને આબુના પર્વતમાથી ખોદીને આણી હતી, તને ખંભાતના ઘડનારે ઘડી, તને આગગાડીમાં મૂકીને અહીં આણી, ગામના બ્રાહ્મણોએ તારી પ્રતિષ્ઠા કરી, તારી આંખ સુંદર છે, નાક સુંદર છે, ઈત્યાદિ તો એ મૂર્તિની પ્રાર્થના થઈ ગણાય. પણ આમ કોઈ કરે છે ખરું કે? દરેકે દરેક દેવ યા દેવીના પ્રાર્થનામંત્રો જોઇ જાઓ. બધા મંત્રો એક જ પરમાત્માની પ્રાર્થના કરે છે.

“શ્રી રામકૃષ્ણ પરમહંસ કાળી માતાના ભક્ત હતા. તેમને કાળી માતા દ્વારા સત્ય સમજાયું. એમના જ શિષ્ય સ્વામી શ્રી વિવેકાનંદ થયા. તેમને ઉપનિષદો દ્વારા સત્ય સમજાયું. નિઃસ્વાર્થભાવે, શુદ્ધ હૃદયથી ગમે તે દેવદેવીનું પૂજન અથવા ભક્તિ કરવામાં આવે તો તે જરૂર માનસિક શાંતિ આપે છે. માનસિક શાંતિ આવે એટલે વિચારો શુદ્ધ થવા લાગે છે, વિવેકબુદ્ધિ ખીલે છે, અને આગળ શું કરવું એ સમજાયા કરે છે. પણ જુઓ, એક વાત કહી દઉં, આ દેવીદેવતાઓનું પૂજન કેવળ ભક્તિરસ જાગ્રત કરવા પૂરતું ઉપયોગી છે. ભક્તિરસ જાગ્રત થયા પછી પણ એને વળગી રહેવું અને એ છૂટી જશે તો કંઈ નુકસાન થઈ જશે એવા વિચાર રાખવા એ ઠીક ન ગણાય. બાળકે હંમેશાં બાળપોથી જ ગોખ્યા કરવાની નથી. બાળપોથી તો અક્ષરજ્ઞાન શીખવાની પ્રથમ પોથી છે. તેમ દેવદેવીઓની પૂજનવિધિ, એના પ્રાર્થનામન્ત્રો, એનો શણગાર બધું જ ભક્તિરસ જાગ્રત કરવા પૂરતું ઉપયોગી છે. ભક્તિરસ જાગ્રત થવો એટલે હૃદય કોમળ થવુ, દયાથી ભરાઇ આવવું, એક પ્રકારની નમ્રતા આવવી, એકાગ્રતા વધવી, બીજાનાં દુઃખને પોતાનું દુઃખ સમજવું સેવાવૃત્તિ જાગ્રત થવી—આ બધાં ભક્તિરસ જાગ્રત થવાનાં ચિહ્નો છે. આટલું થયું કે સાધકે આગળ વધવું જોઇએ. પ્રાર્થના હૃદયપૂર્વકની હોય તો તે આગળ વધે છે.

“ખરું કહું તો સત્યનાં દર્શન કરવાની આપણામા તીવ્ર ઇચ્છા નથી. આપણે તો કંઈને કંઈ સ્વાર્થ ખાતર જ દેવદેવીઓને પૂજીએ છીએ. દેવ અમને પૈસા આપે, સંતાન આપે, ઘર, જમીન આપે, અમારાં સગાં-સંબંધીને સારાં રાખે, ઇત્યાદિ આપણામાંના મોટા ભાગની ઇચ્છા હોય છે! પછી આપણને સત્ તત્ત્વ શી રીતે સમજાય? એક સામાન્ય સગાને મળવા માટે જેટલી તાલાવેલી થાય, તેના વિયોગથી જેટલું દુઃખ લાગે, તેટલું તેવું ઓછામાં ઓછું દુઃખ તો પરમાત્માના વિયોગથી થવું જોઈએ ને? એક સામાન્ય કામ કરવું હોય છે તોયે એકાગ્રતા એકનિષ્ઠા અને સતત મંડી રહેવાની વૃત્તિ જોઈએ તો આ તો અનેક જન્મોના સંસ્કાર ધોવાના રહ્યા. એટલે એમાં એથી કેટલાયે ગણી એકાગ્રતા, એકનિષ્ઠા અને સાવધાની પરમાત્માની પ્રાપ્તિ માટે જોઈએ. પરમાત્મા બુદ્ધિયોગ આપે છે એટલે ઉકેલબુદ્ધિ યા વિવેકબુદ્ધિ આપે છે. પણ તે બધાને નથી મળતી, જે પ્રેમપૂર્વક હમેશાં મંડેલો રહે તેને જ મળે, બીજાને નહિ. એ ગીતાનું વચન ભૂલશો નહિ. [અધ્યાત્મ વાર્તાલાપમાંથી]

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

"આમિ ચેયે આછિ તોમાદેર સબા પાને"

કીર્તનકારો અને કથાકારો કહે છે કે પરમાત્માને સકામ ભક્તિ કરનાર ભક્તો સરળ અને સુવિધાપૂર્ણ લાગે છે; કારણ કે તેમને સહેલાઈથી રીઝવી શકાય છે. જ્યાં સુધી માણસને ઐહિક ધનદોલત, સુખસાધન, માનપ્રતિષ્ઠા અને ઐશ્વર્યની લાલસા છે, ત્યાં સુધી તે ઈશ્વરની નજદીક પહોંચી શકતો જ નથી. આ પ્રકારનો માણસ સમાજનો ત્યાગ કરે, અને નિર્જન વનમાં જઈ ધ્યાન–ભજન કે કોઈ ઉગ્ર સાધના કરતો રહે તો ઈશ્વરની સમીપ જવું તેને માટે એથી પણ દુષ્કર બનશે. કારણ કે જે માણસ જીવન–વિમુખ થયો તે ઈશ્વર તરફ અભિમુખ થશે જ એ શંકાસ્પદ છે. અને તેને સન્મુખતા મળશે જ એમ પણ ન કહી શકાય. ઊલટું વનવાસ દ્વારા સાંસારિક દુઃખોમાંથી કંઈક અંશે મુક્તિ મળવાને કારણે તેનો પશ્ચાત્તાપ શિથિલ થવાનો ડર છે.

તેથી સાચી સાધના કરવી હોય તો તે લોકોની વચ્ચે રહીને જ કરવી જોઈએ. લોકોની વચ્ચે, તેઓ રહે તે રીતે રહીને, તેમની સેવા કરતાં કરતાં આપણે બિલકુલ નિઃસંગ અને અલિપ્ત રહી શકીએ, લોકોની વચ્ચે રહેવા છતાં કોઇ રીતનો પ્રપંચ પેદા ન થાય એવી કળા અને દૃઢતા આપણે સિદ્ધ કરીએ ત્યારે જ ઇશ્વર આપણી પાસે આવશે અને આપણે તેની કૃપાના અધિકારી બનીશું.

આ પ્રકારની સાધનાની સિદ્ધિ માટે જે રીતે ઇશ્વરકૃપા જોઈએ તે રીતે સમાજની અનુકૂળતા પણ ખૂબ આવશ્યક છે.

દરેક સાધકે એટલું તો જાણવું જ જોઈએ કે જનતાના અવિરોધથી કૃપા–આશીર્વાદથી જ તેની સાધના પૂર્ણ થવાની છે.

એટલા માટે ઈશ્વરને પ્રાર્થના કરવાને બદલે કવિએ જનતાને પ્રાર્થના કરી છે કે, 'કૃપા કરીને મને એવી રીતે ખુલ્લો અને નગ્ન બનાવી દો કે જેથી મારા માર્ગમાં કોઈ જાતનો અવરોધ પેદા ન થાય.' મોટા મોટા સિદ્ધ પુરુષો કહેતા આવ્યા છે કે, સમસ્ત પ્રાણિમાત્રમાં ઈશ્વરને જોવાની કળા હસ્તગત કરવી જોઈએ. એ ત્યારે જ બની શકે જ્યારે કોઈના પ્રત્યે આપણને આસક્તિ ન રહી હોય. જનતામાં વસતા જનાર્દનને ઓળખવો હોય, જનતાના સાચા સ્વરૂપને ઓળખવું હોય તો જનતા સાથે સંપર્ક રાખવા છતાં કોઈ એક વ્યક્તિ કે અમુક માણસો સાથે કોઈ ખાસ સંબંધ ન હોવો જોઇએ. જનતામાં પોતાને માટે પણ કોઈ વિશિષ્ટ સ્થાન ન હોવું જોઈએ. સાધનાની દૃષ્ટિએ આ ખૂબ જ જરૂરી છે. એ જ પ્રાર્થના કવિએ અહીં જનતાને કરી છે.

આમિ ચેયે આછિ તોમાદેર સબા પાને.
સ્થાન દાઓ મોરે સકલેર માઝખાને.
નીચે, સબ નીચે, એ ધૂલિર ધરણીતે
જેથા આસનેર મૂલ્ય ના હય દિતે,
જેથા રેખા દિયે ભાગ કરા નેઈ કિછુ,
જેથા ભેદ નાઈ માને આર અપમાને,
સ્થાન દાઓ સેથા સકલેર માઝખાને.

જેથા બાહિરેર આવરણ નાહિ રય,
જેથા આપનાર ઉલઙ્ગ પરિચય.
આમાર બલિયા કિછુ નાઅ એકેબારે,
એ સત્ય જેથા નાહિ ઢાકે આપનારે,
સે થાય દાંડાયે નિલાજ દૈન્ય મમ
ભરિયા લઈબો તાઁહાર પરમ દાને
સ્થાન દાઓ મોરે સકલેર માઝખાને.

હું આપ બધા લોકોની સામે (આશાથી) જોઈ રહ્યો છું. કૃપા કરીને બધા લોકોની વચ્ચે મને એક એવું સ્થાન આપો કે જ્યાં નીચે માટીથી ભરેલી જમીન ઉપર હું બેસી શકું. જ્યાં બેસવા માટે કંઈ મૂલ્ય આપવું પડતું નથી, જ્યાં જમીન ઉપર સીમા ચિહ્ન દોરીને આ મારી જમીન અને આ બીજાની એવો ભેદ કરવો ન પડે એવી જગાએ બધા લોકોની વચ્ચે મને સ્થાન આપો.

જ્યાં કોઈ પ્રકારનું બાહ્ય આવરણ ન હોય એવી જગાએ મને સ્થાન આપો. ત્યાં તમારા બધાનો મને સ્વચ્છ અને ખુલ્લો પરિચય થાઓ. 'આ મારું છે' એમ કહેવા જેવું કંઈ નથી. આ સત્ય જ્યાં પોતે પોતાને છુપાવીને રહી ન શકે એવી જગાએ મને સ્થાન આપો.

ત્યાં ઊભો રહીને, જેને કોઈ પણ પ્રકારની લાજ-શરમ રહી નથી એવી મારી દીનતાને હું એ પરમપિતાના પરમદાનથી ભરી દઈશ અને પછી ખરેખર ધન્યધન્ય થઈશ. જ્યારે અહીંનું કંઈપણ બાકી નહીં રહે ત્યારે ત્યાંનું દાન પ્રાપ્ત કરવાનો હું અધિકારી થઈશ. એટલા માટે કૃપા કરીને મને એવું સ્થાન આપો કે જ્યાં બધા લોકોની વચમાં, તેમની નીચે, તદ્દન ખુલ્લી જગામાં અકિંચન થઈને હું રહી શકું.

એક રાજધાનીમાં એક સંન્યાસી પધાર્યા હતા. તેઓ વિદ્વાન પણ હતા. ત્યાં ચાતુર્માસ રોકાયા હતા અને હંમેશા કથા વાર્તા કરી લોકોને ઉપદેશ કરતા હતા. ત્યાં રાજા પોતે પણ સત્સંગ કરવા જતા હતા. ચાતુર્માસ પૂરા થતાં તેમના પ્રયાણ વખતે રાજાએ તેમની પૂજા કરી કાંઈ પણ અર્પણ કરવા તેમના દીવાન પ્રત્યે ઈચ્છા દર્શાવી. દીવાને જણાવ્યું કે, સ્વામીશ્રી કાંઈ પણ દ્રવ્યાદિ વગેરે લેતા નથી. તેથી રાજાએ છેવટે વિચાર કર્યો કે, એક સારી શાલ અર્પણ કરવી. પછી રાજા, પ્રધાન, મંત્રી, અમલદારવર્ગ વગેરે સભા સહિત બધા સ્વામીશ્રી પાસે ગયા. અને પૂજા કરવાને બધી સામગ્રી આરતી વગેરે તૈયાર થયેલી જોઈ સ્વામીશ્રીએ કહ્યું કે, પૂજા વગેરે કરાવવાનો અમારો ધર્મ નથી. ત્યારે મહારાજાએ બહુ જ વિનતિ કરી તેથી માત્ર ચન્દન પુષ્પ જ ચડાવવા દીધાં. પછી રાજાએ એક જરીની ખૂબ કીમતી શાલ સ્વામીશ્રીને ઓઢાડી. તરત જ તેમણે કાઢી એક બાજુ મૂકી દીધી. ત્યારે રાજાએ કહ્યું કે, પૂજ્યશ્રી! આપ આટલું તો ગ્રહણ કરો! સ્વામીશ્રીએ કહ્યું, શાલ ઓઢવાનો શું અમારો ધર્મ છે? શાલ લાવવાની શી જરૂર હતી? ત્યારે રાજાએ કહ્યું, અમારો તો આપવાનો ધર્મ છે ને? સ્વામીશ્રીએ કહ્યું, એ બરાબર છે. આપનો આપવાનો ધર્મ છે પણ અમારો તે ફેંકી દેવાનો ધર્મ છે ને?

એક ઠાકોર હતા. એક વખત તેમની સાથે અફીણ સંબંધી વાતો થઈ. વળી મને ભાષણ કરવાની કુટેવ; એટલે મેં તેના પર થોડું ભાષણ કર્યું. તેમણે તે દહાડાથી અફીણ લેવાનું છોડી દીધું. પણ પંદર વીસ દહાડા થયા પછી તેમના તરફ ગયો, ત્યારે તેમણે કહ્યું, "બધાને આવો જ ઉપદેશ દેતા ફરજો. જોજો, હવેથી કોઈને ઉપદેશ દેતા! કોઈને મારી નાખશો!" એમણે આ બધું મને મિત્રભાવે કહ્યું હતું. મેં પૂછ્યું, "થયું શું?" ત્યારે તેમણે આપવીતી સંભળાવા માંડી:

"તમારા ગયા પછી મને તો ઝાડા થઈ ગયા. અને બોલવા ચાલવાના હોશ પણ રહ્યા નહીં. લગભગ બેભાન થઈ ગયો. પછી તો મેં ઈશારતો કરીને બૈરાંને બોલાવ્યાં. અને ઈશારાથી સમજાવ્યું કે મને અફીણ ખવડાવો જ્યારે મેં અફીણ ખાધું, ત્યારે માંડ જરા હોશ આવ્યા."

પણ પછી તો મેં પણ ઠાકોરને ઝાટકયા. મેં કહ્યું, "ભૂપતસિંહ ઠાકોર, અફીણ ખાધા વગર મરી ગયા હોત, તો દુનિયામાં તમારા વિના શું ખાટું મોળું થઈ જવાનું હતું? વળી ક્ષત્રિય બચ્ચા થઈને ટેક પણ ન પાળી શકયા, ત્યારે ક્ષત્રિય શાના? અને મરવાને વખતે બૈરાંના હાથે જીવતા રહ્યા. વળી, હવે તમારે અફીણ તો ખાવા જોઈશે અને કમાવા તો જતા નથી. એટલે પૈસા માટે તમારી પાસે જમીન છે, તે પણ ગુમાવવાના. એના કરતાં મરી ગયા હોત, તો આવાં બે વીઘાં જમીનમાં તમારાં બૈરાં નિરાંતે રોટલા તો ખાત! બોલો, તમે જીવીને શું વધારે સારું કર્યું? વળી તમે તમારી જાતને ક્ષત્રિય કહેવડાવો છો. એ તો ઠીક, પણ અફીણ જેવી ચીજ પણ તમને હરાવી ગઈ? તેના વિના તમે મરવા પડયા? અને આટલું બધું કરવું પડયું? એટલે તમે તો તમારું ક્ષત્રિયપણું પણ ગુમાવ્યું. ત્યારે હવે તમે જીવતા હો કે મરેલા—બંને સરખું જ છે. જો તમે વીર હોત તો જીતત; પણ તમે હાર્યા અને અફીણ જીત્યું." આટલું સાંભળતાં જ ઠાકોરને તો એટલું પાણી ચડયું કે અફીણનો દાબડો ફેંકી દીધો. અને થયું પણ એમ કે ન તો તેમને ઝાડા થયા કે ન બેભાન થઇ ગયા. કારણ આ વખતે તેમની પાસે સંકલ્પ બળ હતું. અમારા એક રાસવાળા ભાઈ છે. તે હજુય કહે છે કે, બીડીની ધૂણી આવે છે, ત્યાં તો બેસવાનું જ મન થાય છે. જાણે બીડી પીતા હોઈએ તેટલો રસ પડે છે. તેમણે પંદરેક વર્ષ થયાં બીડી છોડી છે, છતાં તેમને આમ થાય છે! જેલમાં કેટલાયને બીડી છૂટી ગઇ હતી. પણ જેલના દરવાજે આવીને ત બેસી જ રહી હતી. જે કોઈ કાચા પોચા નીકળે, તેને વળગી જ પડે. એટલે, તમે જે કંઈ છોડો, તે બધું જ્ઞાનપૂર્વક છોડજો. આર્થિક અને નૈતિક દૃષ્ટિએ પણ વ્યસન છોડવાં અગત્યનાં છે.—રવિશંકર મહારાજ

ગાંધીજીના માતુશ્રી

મુકુલભાઈ

મા એટલે સમગ્ર જગતની પવિત્રતા. માનવના હૃદયમાં માનું સ્થાન અણનમ અને અજોડ છે. એના હૃદયનું ઘડતર જ માના વાત્સલ્યથી થયેલું હોય છે. માતા એ જ માનવીની પ્રથમ ગુરુ છે. અણજાણ રીતે મા જ માનવીને સુમાર્ગે દોરનારી ધ્રુવતારલીસમી બની જાય છે. જગતમાં મા જ એક એવી છે જે સુખમાં કે દુ:ખમાં આપણી રહે છે. બહુ ઊંડા ઊતરીને વિચારીએ તો જણાય છે કે મનુષ્યના અંતરમાં ઈશ્વર પછી જો કોઈનું સ્થાન હોય તો માનું જ છે.

માની યાદ ભલભલા માણસને શાંતિરૂપ બને છે. માનું સ્મરણ થતાં જ દરેક માનવીનું હૃદય ઉચ્ચ ભાવોથી છલકાઈ જાય છે. થોડા દિવસ પર મારે સત્યાગ્રહાશ્રમ સાબરમતી જવાનું થયું હતું. ત્યાંની શાળાનાં એક શિક્ષિકાબહેને ધોરણ ત્રીજાના વિદ્યાર્થીઓને 'મારી બા' એ વિષય પર થોડું લખવા કહ્યું. નાનાં બાળકો તો બાને બહુ જ સારી રીતે ઓળખે. બાળકોનાં હૃદય એમનાં લખાણોમાં સાકાર પામ્યાં. એક બાળાએ તો જાણે સનાતન સત્યને જ પોતાના શબ્દોમાં વ્યક્ત કર્યું:

"બા મને ખૂબ વહાલ કરે છે....કોઈ કોઈ વાર મને મારી બા મારે પણ ખરી. મને બા વહાલ કરે છે એટલે મને એ ગમે છે."

આમ માનું સ્મરણ સૌ કોઈને–નાનાંને કે મોટાંને સ્ત્રીને કે પુરુષને–ઘેલાં બનાવી મૂકે છે. એનું નિર્મળ સ્મરણ એ જ જીવનનું અમૃત છે.

આપણા ગાંધીજીને પણ એમની માનું સ્મરણ એટલું જ જીવનપોષક બને છે. મા વિશે લખતાં તેઓ કહે છે:

"માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હમેશાં જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડયા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી. લીધેલાં વ્રત માંદી પડે તોપણ ન જ છોડે. એવો એક સમય મને યાદ છે કે જ્યારે તેણે ચાંદ્રાયણ વ્રત લીધેલું, તેમાં માંદી પડેલી પણ વ્રતને ન છોડેલું. ચાતુર્માસમાં એકટાણાં કરવાં એ તો તેને સામાન્ય વાત હતી. એટલેથી સંતોષ ન વાળતાં એક ચાતુર્માસમાં તેણે ધારણાંપારણાં કરેલાં. બે ત્રણ સામટા ઉપવાસ એ એને મન નજીવી વાત હતી. એક ચાતુર્માસમાં તેનું એવું વ્રત હતું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. આ ચોમાસે અમે છોકરા વાદળ સામું જોઇ રહીએ કે કયારે સૂર્ય દેખાય ને કયારે મા જમે. ચોમાસામાં ઘણી વેળા દર્શન દોહ્યલાં થાય એ તો સહુ જાણે છે. એવા દિવસો યાદ છે કે જ્યારે સૂર્યને અમે જોઇએ, 'બા, બા, સૂરજ દેખાયો' કહીએ ને બા ઉતાવળી ઉતાવળી આવે ત્યાં તો સૂરજ ભાગી જાય. 'કંઈ નહિ, આજે નસીબમાં ખાવાનું નહિ હોય' કહી પાછી જાય ને પોતાના કામમાં ગૂંથાઈ જાય."

માની આ અસર ગાંધીજીના જીવનમાં પણ ડગલે ને પગલે જણાઈ આવે છે. તેઓ પણ વ્રતપાલનમાં તેમ જ ઉપવાસાદિમાં એટલા જ દૃઢ સંકલ્પવાળા હતા.

એક વાર શ્રી. મહાદેવભાઈએ બાપુજીને કહ્યું, "તમારી માતાનાં કઠણ વ્રતોઃ એકાદશી, ચાતુર્માસ, ચાંદ્રાયણ વગેરેની વાત કરી છે, પણ આપે તો શબ્દ Saintliness (પવિત્રતા) વાપર્યો છે. અહીં પવિત્રતા કરતાં તપશ્ચર્યા આપ કહેવા નથી ઇચ્છતા? તો શબ્દ Austerity ન લખાય?"

બાપુએ કહ્યું: "ના, મેં પવિત્રતા હેતુપૂર્વક વાપર્યો છે. પણ પવિત્રતા એ તો આંતરગુણ છે. મારી માતાના આંતરજીવનનો પડઘો એની તપશ્ચર્યામાં પડતો. મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે મારા પિતાની નથી, પણ મારી માતાની છે. મારી માતા ચાલીસ વરસે ગુજરી ગયેલાં એટલે મેં એની ભરજુવાની જોઈ છે. પણ કદી એને ઉછાંછળી કે ટાપટીપવાળી કે કાંઈ પણ શોખ કે આડંબર કરનારી મેં જોઈ નથી. એની પવિત્રતાની જ છાપ હંમેશને માટે મારા ઉપર રહી ગઈ છે."

ખરેખર, મા તે મા જ છે.

મા જો પવિત્ર, સદ્‌ગુણી અને ઉચ્ચ ચારિત્ર્યશીલ હોય તો બાળકનું જીવન સુધન્ય બને. વંદે માતરમ્।

"જેની ઇચ્છાઓ તૃપ્ત થતી નથી તે ગરીબ છે"

એક સંન્યાસીએ પોતાનું ધન કોઈ ગરીબને દેવાને વિચાર્યું. આ સાંભળી ઘણા ગરીબ લોકો તેની પાસે આવ્યા. એકે કહ્યું: "મારી પાસે વસ્ત્ર નથી." બીજાએ કહ્યું: "મારી પાસે અનાજ નથી માટે મને તમારું ધન આપો." સંન્યાસીએ તે બધાને કહ્યું: "તમારા માટે આ ધન નથી, તમારાથી પણ વધુ ગરીબને આ દેવાનું છે.

એક દિવસે રાજાની સવારી ત્યાંથી નીકળી, તે સંન્યાસીએ પોતાનું બધું ધન રાજાને સોંપી દીધું. રાજાને આશ્ચર્ય થયું અને બોલ્યો: "મહારાજ, તમારું ધન મને કેમ આપો છો? કોઈ ગરીબને આપો તો કેમ?" સંન્યાસી શાંતિથી બોલ્યા: "રાજન, તમારી વાત બરાબર છે. ગરીબને જ મારું ધન આપવાની મારી ઇચ્છા હતી અને તેવા માણસની શોધ કરતો હતો; આપ સૌથી વધુ ગરીબ માલુમ પડયા તેથી તે ધન હું આપને આપી રહ્યો છું." રાજા વધુ આશ્ચર્ય પામ્યો અને બોલ્યો: "મહારાજ, હું તો રાજ્યનો માલિક છું, છતાં મને ગરીબમાં કેમ ગણો છો?" સંન્યાસીએ કહ્યું: "રાજન, જેની ઇચ્છાઓ તૃપ્ત થતી નથી તે મારી દૃષ્ટિમાં ગરીબ છે, તેથી આપ જ મારા ધનનો સ્વીકાર કરો."

પૈસા ઓછા હોવા છતાં પણ જે પોતાની ઈચ્છાઓ પર કાબુ મેળવી શકે છે તે શ્રીમન્ત છે. ધનનો ઢગલો હોવા છતાં પણ જે પોતાની ઇચ્છાઓ પોતાના કાબુમાં રાખી શકતો નથી, જે ઇચ્છાનો દાસ છે તે ધનવાન હોવા છતાં પણ ગરીબ છે. – ઉજ્જ્વલ કુમારીજી

સૂક્તિસુધા

બધા શિષ્યોને ગુરુ હમેશાં કહેતા કે મહાન દોષો કરતાં પણ નાના દોષો માણસ માટે વધારે ભયંકર નીવડે છે. નાનકડું કણું ચેન લેવા દેતું નથી. કૌટુંબિક નાનાં ઘર્ષણો જ મહાન આપત્તિ લાવે છે. માટે મોટા દોષો કરતાં પણ નાના દોષો વિષે વધારે સંભાળ લેવી જરૂરી છે. શિષ્યોને એ વાત કોઈ રીતે મનમાં ઉતરે નહિ. એને એમ થાય કે કોઈની જરાક અમસ્તી વાત કરી કે થોડીક આઘી પાછી કરી એ કાંઈ મહાન પાપ નથી બનતું, મહાન પાપ જુદાં હોય છે.

ગુરુને મોંએ બધા હા હા કરે. પણ એ બધાંમાંથી એક શિષ્યનું મન આ વાત માને નહિ. અને ગુરુ સાથે દલીલ કરે. ગુરુએ જાણ્યું કે અનુભવ વિના આ માને તેમ લાગતું નથી.

એણે એક મસક મંગાવી રાખી. શિષ્ય આવ્યો ત્યારે કહ્યું કે તારે સામે કાંઠે જવાનું છે ને નદી ઉતરીને એક કામ કરવાનું છે. આ મસક ભેગી રાખ, એના વડે નદી તરી જવાશે.

શિષ્યે તો મસક સાથે લીધી, ને પોતે સારો તરૈયો હતો એટલે તેણે હિંમતથી નદી ઉતરી જવાની તૈયારી કરી નાંખી.

નદી ઉતરવા મંડયો અને અર્ધેક રસ્તે ગયો હશે ત્યાં પેલી મસકમાં એક નાનકડું કાણું એણે જોયું. એમાંથી પાણી અંદર પેસે.

એના તો રામ રમી ગયા. એને લાગ્યું કે હવે જો થાક્યા તો આ મસક નકામી છે, એમાં નાનકડું તો નાનકડું પણ કાણું છે, એ ખરે વખતે શું કામ આપવાની હતી.?

તે દિવસે એ કામ તો પતાવીને પાછો આવી ગયો, પણ રાત્રે ગુરુ સાથે વાર્તાલાપ કરતો હતો ત્યારે એ બોલ્યો : 'મસક તો નકામી નીવડી. ગુરુદેવ! એમાં એક નાનકડું કણું હતું.!' ગુરુએ કહ્યું, 'એમાં તો શું વાંધો આવે? નાનકડું કાણું કાંઈ મસકને તદ્દન નકામી બનાવી દે?' શિષ્ય બોલ્યો, 'હોય કાંઈ? પાણી તો ઝપાટાબંધ માર્ગ શોધી કાઢે ને પછી તો ખરે વખતે એ શું કામ આપે?' ગુરુએ શાંતિથી કહ્યુ : 'ત્યારે મસકમાં એક નાનકડું કાણું હોય તો પણ એ નકામી કાં?' 'હા ગુરુદેવ!' 'સાવ નાનકડું હોય તો પણ?' 'હા ગુરુજી! નાનકડું તો વધારે ભયંકર! ખબર પણ ન પડવા દે.' ગુરુજી બોલ્યા, 'એમ?! ત્યારે મનમાં જરાક નાનકડો દોષ હોય તો એ ખરે વખતે દગો ન દઈ બેસે? વર્ષો સુધી શાંત જણાતા માણસો અચાનક કોઈ ભયંકર કામ કરી બેસે છે. એની પાછળ આવા નાના નાના દોષોનું લશ્કર કેમ બેઠું ન હોય?' શિષ્યની તો આંખ ઉઘડી ગઈ. વાત તદ્દન સાચી હતી. મન, એ કાંઈ રમવા માટેનું કોઈ મેદાન ન હતું; એ તો સંસ્કાર ઘડતરની ભુમિકા હતી. એમા એક પણ દોષને આવવા કેમ દેવાય? દોષને નાનો કે મોટો ગણવો એ જ મહાદોષ નથી? નાનો કે મોટો દોષ એ દોષ એમાં મોટો શું ને નાનો શું? પણ તે દિવસથી એ જાગ્રત બની ગયો.

રાજમાતા: [અનુસંધાન પૃ૦ ૬૪થી ચાલુ] પ્રભુ એ સ્થિતિની પ્રાપ્તિ શી રીતે કરવી?

આર્યસિંહ: તે સ્થિતિની પ્રાપ્તિ પહેલાં ચિત્તસરને શુદ્ધ કરવાની જરૂર રહે છે. જુઓ હમણે ઊગે એ પ્રભા! આ વહી જાય એ શોણ નદ, ને આ શોણ નદનું પુલિન! સાંભળો, સર્વત્ર કેવી નીરવતા છે! જુઓ, સર્વત્ર કેવી નિર્મળતા છે! શાન્ત શુકલનું ધ્યાન ધરો!

રાજમાતા: પણ ભદન્ત, મારું ચિત્ત તાજા પકડેલા પક્ષીની જેમ ફફડે છે. જડ પ્રકૃતિની નીરવતા મનને નિર્મળ નથી બનાવતી. શીલ, સમાધિ અને પ્રજ્ઞાની આરાધનામાં રત રહું છું, છતાં 'થેરી' થવાના કોડ તો હજી વણપૂર્યા જ રહ્યા. દીર્ઘકાળની સતત સમાધિ પછી ઉપશમનું સુખ તો પ્રાપ્ત કરી શકી છું. છતાં નિર્વાણપ્રાપ્તિ સુધી પહોચવાનું.....

આર્યસિંહ: ઉપાસિકા, આજની રાત તો શોણ-કાંઠે સમાધિમાં તેમ જ તથાગતના ઉપદેશના ચિન્તનમાં ગાળો. પ્રાઃતકાળે પાટલીપુત્રમાં ધર્મક્રિયા કરવા જઈશું.

દશ્ય બીજું

પાટલીપુત્રમાંનો નરસિંહગુપ્ત બાલાદિત્યનો ખાનગી દરબાર.

રાજમાતા: ભદન્ત, કેદ પકડાયેલા મિહિરકુલનું હવે શું કરવું એ પ્રશ્ન મને મૂંઝવે છે.

આર્યસિંહ: ઉપાસિકા તરીકે ઉપશમ પ્રાપ્ત કર્યા પછી પણ આવા પ્રશ્નો તમને મૂંઝવે છે એ તમારા ચિત્તની અસ્થિરતા સૂચવે છે.

રાજમાતા: એટલે જ, મિહિરકુલને શી સજા કરવી એનું સૂચન તમારી પાસેથી જ જાણવા માગું છું. પરાજિતને શો દંડ દેવો યોગ્ય છે?

આર્યસિંહ: ભગવાન તથાગતના માર્ગને અનુસરવાની તો એક જ રીત છેઃ વિજયનું ફળ પરાજિતને પાછું આપી દેવું એ!

રાજમાતા: પણ ભગવન્ત, સમસ્ત પ્રજા તો મિહિરકુલનો દેહાન્ત માગી રહી છે; પાટલીપુત્રના રાજમાર્ગો ઉપર ભિક્ષાર્થે વિહરી રહેલ શ્રમણોનાં ટોળાં પણ આજે શાસ્ત્રચર્ચા છોડીને, દેહાન્તદંડ પામ્યા પછી હત્યારો મિહિરકુલ કયા નરકમાં પડશે એની ચર્ચાઓ કરી રહ્યા છે.

આર્યસિંહ: એ જ બતાવે છે કે ખુદ શ્રમણોએ પણ ભગવાન તથાગતનો જીવન-સંદેશ હજી પચાવી જાણ્યો નથી. એઓ ભૂલી જાય છે કે નહીં વેરેણ વેરાણી સમ્મન્તિ કુદાચન......અવેરેણ હી સમ્મન્તિ એસ ધમ્મો સનાતનો!!

[નરસિંહગુપ્ત, અનુચરો અને મિહિરકુલ પ્રવેશે છે. મિહિરકુલે પોતાનું મોં ઢાંકી રાખ્યું છે.]

બાલાદીત્ય: માનતજી, મિહિરનો ન્યાય કરવા એને તમારી સમક્ષ લાવ્યો છું.

રાજમાતા: બહું સારું કર્યું, બેટા! મિહિરનું મોઢું જોવાનું મને બહુ મન છે. મારી સમક્ષ લાવ.

[મિહિર રાજમાતા સમીપ આવીને ઊભો રહે છે.]

બેટા, આમ આવ. અહીં મારી પાસે બેસ!

[શરૂમાં જરા અચકાતો, પણ પછી આજ્ઞાંકીત બાળકની જેમ એ રાજમાતાની પાસે બેસી જાય છે.]

બેટા, તારું મોં તો જોવા દે! તું બહું રૂપાળો છે એમ મેં સાંભળ્યું છે.

[મિહિરકુલ મોં ઉઘાડે છે; પણ માથું તો નીચુંજ રાખે છે.]

શરમાય છે શા માટે, બેટા? તને શાની શરમ આવે છે? આમ ઊંચે નજર કર. મને તારી માતા જ સમજ.

મિહિરકુલ : માજી, મને હારની શરમ આવે છે. પરાજય ડંખે છે. આ મિહિર આર્યાવર્તનો સમ્રાટ હતો, આજે એ જ મિહિર આપના પુત્ર નરસિંહગુપ્તનો ગુલામ છે.

રાજમાતા : બેટા, હારજીત એ શરમની વસ્તુ નથી. તથાગતનાં તત્ત્વો બરાબર સમજે તો તને જણાશે કે લાભાલાભ અને જયાજય બધું સરખું જ છે. તું શા માટે મુંઝાય છે?

મિહિરકુલ (રોષપૂર્વક) : બાલાદિત્ય માતા! હું કેદી છું માટે મારું અપમાન કરો છો? બૌદ્ધ સંઘમાં કોઈપણ લાયક માણસ નથી માટે તો તેનો ધ્વંસ કરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે.

[આર્યસિંહ ઊઠીને મિહિરની સમીપ આવી ઊભે છે. રકતપટને જોઈને મિહિર ઊભો થઈ જાય છે.]

રાજમાતા (મિહિરને પાછો બેસાડતાં): બેસ બેટા, નીચે બેસ; તારા ચિત્તસંસ્કારોને શાન્ત કર.

આર્યસિંહ (શાન્ત, સ્થિર મધુર સ્વરે) : આયુષ્યમાન મિહિરકુલ! બૌદ્ધસંઘ હીન હશે. પણ તથાગતનો ધર્મ તો તારા ચિન્તનને લાયક છે જ.

રાજમાતા : બેટા મિહિર, તારા શ્રવણ માટે હું ઉત્તમોત્તમ આચાર્યો લાવી આપીશ. અને ફરીથી આર્યાવર્તમાં કોઈ પણ જિજ્ઞાસુ ધર્મથી વંચિત ન રહે એ માટે હું મોટો વિહાર સ્થપાવીશ.

આર્યસિંહ : આયુષ્યમાન મિહિરકુલ! રાજમાતા ભલે મોટો વિહાર સ્થાપે પણ તારા ચિત્તસંસ્કારોની શુદ્ધિ તો તારે પોતાને હાથે જ કરવી પડશે.

રાજમાતા (મિહિરને વિચારમગ્ન દેખીને): શો વિચાર કરે છે, બેટા?

મિહિરકુલ : સ્થવિર આર્યસિંહ મારું અપમાન કરે છે, એનો વિચાર કરું છું. અહીં જ પ્રતિજ્ઞા કરું છું કે અહીંથી છૂટો થઈશ તો આ આર્યસિંહનો ઘાત કરીને આખા આર્યવર્તમાંથી બૌદ્ધસંઘને નામશેષ કરીશ.

આર્યસિંહ (મીઠું હાસ્ય વેરતાં) : આત્મ-સંસ્કારો શુદ્ધ કરવા માટે પણ અનેક ભવોની જરૂર પડે છે.

[કંચુકી પ્રવેશે છે.]

કંચુકી : માજી, આખા નગરનાં જનપદ દ્વાર ઉપર ભેગાં થયાં છે. અને મિહિરકુલને શો દંડ કરો છો તે જાણવા માટે ઉતાવળ કરી રહ્યાં છે.

[મિહિર ઓચિન્તો ઊભો થઇને સ્થવિર આર્યસિંહનાં પગમાં પડી જાય છે. રાજમાતા પ્રસન્ન ચિત્તે એ જોઈ રહે છે.]

રાજમાતા : બેટા નરસિંહગુપ્ત! આ મિહિરને હું મારો બીજો પુત્ર અને તારો બંધુ બનાવું છું; એ જ એનો દંડ! જાઓ, બહાર પ્રજાજનોને એ દંડની જાણ કરો!

[કંચુકી વિદાય થાય છે.]

રાજમાતા [થોડો સમય મુંગા રહ્યા બાદ]: ભદન્ત, અંતે મિહિરકુલનું હૃણ હૃદય આર્ય થયું ખરું! કેવળ પરાજય જ જેનામાં આટલી બધી લજ્જા ઉત્પન્ન કરતો હતો તેનામાં અધર્મ કૃત્યોની પણ વ્રીડા ઉત્પન્ન થઇ ખરી! ખરેખર, તથાગતનું વચન ભૂતાર્થ છેઃ વેરથી વેર શમતું નથી, અ–વેરથી જ વેર શમે છે.

આર્યસિંહ : તથાગતનાં વચનો તો સદૈવ ભૂતાર્થ જ છે. પણ એની સફળતા તો એ અંગેની ભાવના તમારા ચિત્તમાં કયા પ્રકારની છે, એ ઉપર અવલંબે છે.

રાજમાતા : (ખિન્ન થતાં) ભદન્તને મારી ભાવના અંગે હજી કાંઈ શંકા છે?

આર્યસિંહ : હા, મિહિર મારા પગમાં પડ્યો એ પછી જ તમે એને અભય આપ્યું!

રાજમાતા : ખોટી વાત ભદન્ત. મેં જ્યારે મિહિરને મારી સમક્ષ બોલાવ્યો ત્યારે જ એને બચાવી લેવાનો મનમાં સંકલ્પ કરી નાખ્યો હતો.

આર્યસિંહ : ઉપાસિકા, એ સત્ય હશે! પણ તમારા મનમાં એવી કપટયુક્તિ તો હતી કે મિહિર જીવવાની લાલચે બૌદ્ધ થાય. એ તમારી વાસના!

રાજમાતા : એ વાસનાની તો હું ના પાડી શકું એમ નથી. પણ ભદન્ત, મિહિરના મનમાં મારી મૈત્રીભાવનાનું કાંઈ પણ પરિણામ નહિ આવ્યું હોય?

આર્યસિંહ : પ્રથમ તો, ઉપાસિકા, તમારી મૈત્રી અકૃત્રિમ ન હતી. તેમાં મિહિરનું ધર્મપરિવર્તન કરવાની લાલસા હતી. બીજું–

રાજ (અધીરપથી) : બીજું શું ભદન્ત?

આર્યસિંહ : માણસને ધર્મસંસ્કાર પામવા માટે પણ કાળ જોઇએ છે – કદાપી અનેક ભવ પણ કરવા પડે. મિહિરકુલને તમારી લાલચોએ વધારે અનાર્ય અને ક્રૂર બનાવ્યો છે. આ રીતે તથાગતનો ધર્મ નહી ટકે. સંઘ ભલે લાંબો કાળ જીવે; પણ તે તો ધર્મહીન હશે. અને જરા સરખા ધક્કાથી પણ સંઘનો ગઢ તૂટી પડશે.

દૃશ્ય ત્રીજું

અશોકવૃક્ષ તળે રાજમાતા સમાધિમાં બેઠા છે. થોડીવારે બાલાદિત્ય અને વૃદ્ધ સચિવ પ્રવેશ કરે છે.

બાલાદિત્ય : માતાજી હજી સમાધિમાંથી પરવાર્યાં નથી.

રાજમાતા (આંખો ઉઘાડીને) : કોણ? બેટા નરસિંહ?....મારી સમાધિ તો કયારની પૂરી થઈ ગઇ છે. પણ ભદન્ત આર્યસિંહના આસનથી પવિત્ર થયેલ આ બેઠક અને આ વૃક્ષ એવાં તો શાતાદાયી છે કે નિર્વાણસુખનો અનુભવ થયા કરે છે. રાજસૂત્ર કેમ ચાલે છે બેટા?

બાલાદિત્ય : વસ્તુસ્થિતિ દિવસે દિવસે વણસતી જાય છે, માતાજી!

રાજમાતા : મારા મિહિરના શા સમાચાર છે?

બાલાદિત્ય : મિહિર અહીંથી શાકલ પાછો ગયો ત્યારે તેણે જોયું કે શાકલનું રાજ્ય પોતાનો નાનો ભાઈ પચાવી બેઠો છે. ત્યાંથી મિહિર કાશ્મીર ગયો. કાશ્મીરપતિએ મિહિરને એક નાના પ્રાંતનો રાજા બનાવ્યો; આ ભલમનસાઇનો બદલો મિહિરે કાશ્મીરપતિનું આખું રાજ્ય પડાવી લઈને આપ્યો.

રાજમાતા (દુઃખી થતાં) : અરેરે! એના ચિત્તસંસ્કારો હજી સુધર્યા નહીં. આપણે એને આપણા કુટુમ્બની કન્યા પરણાવી એ પ્રસંગની યાદમાં નાલંદામાં વિહાર પણ બંધાવ્યો, પણ એ તો હજી એવો જ અનાર્ય રહ્યો છે કે?

બાલાદિત્ય : હા, માતાજી! હજીય એ બૌધ્ધ રક્તપટોનાં રક્ત – ટપકતાં મૂંડાનો ઉપહાર માગે છે.

રાજમાતા [ધ્રુજી ઉઠતાં]: પ્રભુ, પ્રભુ! ચિત્તસંસ્કારોની શુદ્ધિ માટે અનેક ભવની જરૂર રહે છે એમ ભદન્ત કહેતા હતા. [થોડી વાર જાણે આત્મપરીક્ષણ કરીને]: કે પછી મારી મૈત્રીની ભાવના જ કપટી હતી, એમાં

નૈસર્ગિક અને નિખાલસ પ્રેમભાવના ન તી એનું આ પરિણામ હશે ?

સચિવ : પણ આનો ઉપાય શો એ બતાવશો ?

રાજમાતા (બે–તમાથી) : જેમ થાય તેમ થવા દો ! પદાર્થો પોતાના ધર્મને અનુસરે છે.

સચિવ (ક્ષોભ સાથે) : માતાજી, રાજકારણમાં બૌદ્ધધર્મની દૃષ્ટિ હાનીકારક છે, એવા મારા અભિપ્રાયને આપે ક્યારેય ધ્યાનમાં ન લીધો તેનું આ પરિણામ આવ્યું !

રાજમાતા - હં.......

સચિવ : આપે મિહિરકુલનો સત્કાર કર્યો ત્યારે માત્ર આર્યસિંહની સલાહને જ માન આપ્યું. અમારો તો મત પણ ન પૂછ્યો !

રાજમાતા (નિખાલસતાથી): આર્યસિંહની એમાં કાંઈ પણ સલાહ કે સૂચના ન હતી. મેં જ અહંકારથી મારો મહિમા વધારવા મિહિરનો સત્કાર કર્યો હતો.

સચિવ: લોકસંગ્રહની દૃષ્ટિએ, જેનો વધ કરવો ઘટે એનો વધ તો કરવો જ જોઈએ, એ ભગવદ્‌ગીતાના ઉપદેશને આપ ન અનુસર્યાં એનું આ ફળ આવ્યું. હવે ભારતવર્ષને કોણ બચાવશે ?

રાજમાતા : ધર્મ જ બચાવશે.

સચિવ (રોષથી) : એ તો ભારતવર્ષમાંથી બૌદ્ધ ધર્મનો નાશ થશે અને વૈદીક ધર્મ નિષ્કંટક શાસન ચલાવશે ત્યારે જ થઈ શકશે.

રાજમાતા (સમર્થન કરતાં) : મિહિરકુલ પણ એ જ મતનો છે!

બાલાદિત્ય : માતાજી, ધર્મ અને વ્યવહાર વચ્ચે ભેદ તો રહેવાનો જ. મિહિરનો વધ ન કરવામાં આપણી ભૂલ થઇ.

રાજમાતા : નહી બેટા, ધર્મ અને વ્યવહાર વચ્ચે કદી ભેદ ન હોઈ શકે. વેરથી વેર શમે નહીં, અવેરથી જ વેર શમે, એ ધર્મસિદ્ધાંત વ્યવહારમાં પણ સાચો છે. એટલે જ મિહિરનો વધ ન કરવામાં ભૂલ નથી થઈ, ભૂલ તો મેં કરેલા એના કૃત્રિમ, કપટયુક્ત સત્કારમાં થઈ છે. મારા સત્કારમાં સચ્ચાઈનો અભાવ હતો, મૈત્રીની ભાવના શુદ્ધ નહોતી. એ જ મોટી ભૂલ ! ત્યાં જ તથાગતના ધર્મનો લોપ!

બાલાદિત્ય : તો હવે બગડતું જતું રાજસુત્ર સુધારવું શી રીતે ?

રાજમાતા : રાજકારણમાં હવે પછી મારી સલાહ નિરર્થક છે....આર્યસિંહનો એ સૂત્રોચ્ચાર યાદ આવે છે....નહી વેરેણ....આ અશોક વૃક્ષમાંથી એ ગાથાના પડઘા ઉઠે છે.... એસ ધમ્મો સનાતનો !....

[એક શ્રમણ ઉતાવળે પ્રવેશ કરે છે.]

બાલાદિત્ય : પધારો ! ક્યાંથી વિહાર કરતા આવો છો ?

શ્રમણ : કાશ્મીરથી આવું છું. સ્થવિર આર્યસિંહે મને રાજમાતા પાસે મોકલ્યો છે.

રાજમાતા ; શી આજ્ઞા છે ભદન્તની ?

શ્રમણ : ભદન્તે કહેવડાવ્યું છે કે મારા વધના સમાચાર સાંભળીને મિહિરકુલ વિષે મૈત્રીની ભાવના કરશો તો તથાગતનો ધર્મ સચવાશે.

બાલાદિત્ય : રકતપટ આર્યસિંહનો વધ?

શ્રમણ : હા. અને આ એમનો અંતિમ સંદેશો છે ! મિહિરકુલે ત્રેવીસમા સ્થવિરની હત્યા કરી છે.

બાલાદિત્ય : માતાજી !....

સચિવ : માતાજી, કશું બોલતાં કેમ નથી? (ગભરાઈને નજીક જઇ જુએ છે) અરે ! માતાજીનું તો માથું ઢળી પડ્યું છે !

સચિવ : અરે, માતાજીનું મૃત્યુ ?! અને તે પણ જે જગ્યાએ આર્યસિંહજીનું આસન રહેતું તે જ સ્થળે ?!



મણકો - ૩જો - અહિંસા

સંકલન કર્તા ::: શ્રી ચંદુલાલ બ. પટેલ

અભયદાન સર્વ દાનોમાં શ્રેષ્ઠ છે. જે માણુસ ખરેખર તે આપે છે, તેની પાસે સર્વ વિરોધ શમી જાય છે. જે પોતે ભયગ્રસ્ત છે તે અભયદાન આપી શકતો નથી. માટે, તેણે પોતે જ નિર્ભય થવું જોઇએ. એટલે, અહિંસાનું સેવન અને ભીરુતા એક સાથે હોઈ શકતાં નથી. અહિંસાના પાલનને અત્યંત શૌર્યની અપેક્ષા છે.

અહિંસા સનિકના ગુણો કરતાં પણુ અનંત રીતે ચડિયાતી છે. જે સૈનિકને રક્ષણુ માટે એક લાકડીની પણુ જરૂર પડે છે, તે એટલે અશે સૈનિક ઓછો છે. સાચો સૈનિક તો તે છે કે, જે મરવું કેમ તે જાણે છે અને જે ગોળીઓના વરસાદમાં પણુ જરાયે ચસતો નથી. આવો એક અંબરીષ હતો. દુર્વાસાએ તેને બહુ પજવ્યો. છતાં તેણે આંગળી સરખી ઉગામી નહિ, પણુ પોતે મકકમ જ રહ્યો.

અહિંસા, મારા નમ્ર મત પ્રમાણે, રીતસર સમજવામાં આવે તો ઐહિક તેમ પારલૌકિક સર્વ દુ:ખોને મટાડવા માટે ચિંતામણિરૂપ છે. તેનું અતિશય સેવન કરવું શકય નથી. અત્યારે તો આપણે તેનું જરા પણુ સેવન કરતા નથી. અહિંસા બીજા ગુણોના સેવનની આડે નથી આવતી. પરંતુ અહિંસાનું પ્રાથમિકરૂપે પણુ સેવન થઇ શકે તે પૂર્વે બીજા ગુણોનું સેવન આવશ્યક છે. મહાવીર અને બુદ્ધ સૈનિકો હતા; તેમજ ટોલસ્ટોય પણુ હતા. તેઓને જ પોતાની પ્રવૃત્તિનું ગંભીર સ્વરૂપ યથાર્થ રીતે ખ્યાલમાં આવ્યું હતું. તેઓ જ યોગ્ય, સુખી, ઉદાત્ત અને દૈવી જીવનનું રહસ્ય મેળવી શકયા હતા. આપણે આ ઉપદેશકોના સહભાગી બનીશું, તો આપણો દેશ ફરીથી પાછો દેવોનું નિવાસ સ્થાન બનશે.

અહિંસા વિષેનું આ અમર સૂત્ર ઋષિએ પોતાના અનુભવમાંથી જ ઘડ્યું છે: 'અહિંસાની પ્રતિષ્ઠા થતાંની સાથે જ ઝેરવેર શમી જાય છે.' 'અહિંસા'નો વ્યક્ત અર્થ પ્રેમ છે; કેમ કે તેને આપણે પ્રેમ રૂપેજ વ્યક્ત કરી કે ઓળખી શકીએ. પ્રેમને વિષે બાઇબલમાં કેટલાંક સુંદર વચનો છે. તેમાં આવે છે કે: 'પ્રેમ પડોશીનું બૂરું ઇચ્છતો નથી; પ્રેમને સૌનો વિશ્વાસ છે; પ્રેમને સદા આશા રહે છે; પ્રેમ કદી નિષ્ફળ જતો નથી.'

જડ પદાર્થોમાં એક બીજાને વળગી

રહેવાની શક્તિ છે તેવી જ શક્તિ ચેતન પદાર્થમાં એટલે આપણામાં હોવી જોઇએ. આકર્ષણ શક્તિનું નામ પ્રેમ છે. એ પ્રેમ વિના જગત ન નભે. એવો પ્રેમ આપણે પિતા પુત્ર વચ્ચે, ભાઈ બહેન વચ્ચે, મિત્ર મિત્ર વચ્ચે તો અનુભવીએ છીએ. પણ આખા જગત પ્રત્યે રાખતાં શીખવું તેમાં ઇશ્વરની ઓળખ છે. જ્યાં પ્રેમ છે ત્યાં જ ક્ષેમ છે. પ્રેમ તો પારસમણિ છે. પ્રેમબાજનું ફળ અગણિત પ્રેમફળ જ હોય. એટલે મોટામાં મોટું આપણું કાર્ય પ્રેમનો વરસાદ વરસાવવાનું છે. પ્રેમ વરસાવવો એટલે ભળી જવું એમ નહિ. એ તો મોહ કહેવાય, એ તો સહિયારું ગણાય. આપણો વિરોધ કરતા હોય તેમની ઉપર પણ પ્રેમ રાખવો, તેમને મૂરખ ન માનવા, તેમની સેવા કરવી, એ પ્રેમ છે.

અહિંસા એટલે પ્રેમ એ જગતમાં સૌથી સફળમાં સફળ બળ છે. શામળ ભટ્ટ કહે છે: 'અવગુણ ઉપર ગુણ કરે તે જગમા જીત્યો સહી.' આમાં 'જીતવાની' વાત લખી છે તેનો અર્થ એ છે કે એ ખરો અહિંસક થયો. તિરસ્કાર ઉશ્કેરનારી વસ્તુઓ તો જ્યાં જોઇએ ત્યાં નજરે ચડ્યા જ કરે છે. પ્રાચીન ઋષિઓએ એ સત્યનું દર્શન કર્યું હતું કે, દ્વેષને પ્રેમથી જ જીતી શકાય, ક્રોધને અક્રોધથી જ જીતી શકાય. એટલે આ પ્રેમની શક્તિ પ્રગટ ત્યારે થઈ શકે છે કે જ્યારે તિરસ્કાર ઉત્પન્ન કરનારાં કારણો તેની સામે ઊભાં હોય. સાચી અહિંસા તિરસ્કારનાં કારણો આગળ આંખ નથી મીંચતી. પણ આંખ બરોબર ઉઘાડી રાખી એ કારણો નિપજાવનારા માણસ ઉપર અસર પાડવામાં એની ખૂબી રહેલી છે.

અહિંસાનો–દુષ્ટતાની સામે સાધુતા ધરવાનો, શત્રુને પણ પ્રેમથી વશ કરવાનો – કાયદો 'શત્રુ'નાં દૂષણનું જ્ઞાન સ્વીકારી લે છે. એટલે જ શાસ્ત્રો કહે છે કે: ક્ષમા વીરસ્ય ભૂષણમ્।

અહિંસા એ નિર્બળનું નહિ પણ બળવાનનું શસ્ત્ર છે. અહિંસા એટલે ઘાનો પ્રતિકાર નહિ પણ ક્ષમા. ક્ષમા એ વીરનું ભૂષણ છે. યુધિષ્ઠિરે જ્યારે વિરાટની અપાર પજવણી છતાં તેને ક્ષમા આપી એટલું જ નહિ, પણ મહારાજ યુધિષ્ઠિરનું અપમાન કરી તેમને ઈજા કરવા માટે વિરાટનો વધ કરવા તત્પર થયેલા અર્જુનના ક્રોધની સામે તેની રક્ષા કરી, ત્યારે તેમણે એ ક્ષમાવૃત્તિનું પ્રદર્શન કર્યું.

[પૃષ્ઠ, ૬૯ 'મંગલ પ્રભાત'માંથી]

અનુક્રમણિકા

૩૦ એપ્રિલ ૧૯૫૧

પૃષ્ઠ
૧ … … … ગાંધીજી ૫૫
૨ શાંતિનિકેતનનાં ભજનો… કુરંગી દેસાઈ ૫૬
૩ ગુરુદેવની ગીતાંજલિ.. ગુરુદયાલ મલ્લિક ૫૭
૪ સાચો પુત્ર … … મુકુલભાઇ ૬૦
૫ બાપુની ટપાલ … આ. નિત્યાનંદજી ૬૦અ
૬ બાપુની અનોખી વાતો…કાશિનાથ ત્રિવેદી ૬૧
૭ રાજમાતા … … ચુનીલાલ મડિયા ૬૩

પૃષ્ઠ
૮ બાપુના પત્રો … … ગાંધીજી ૬૫
૯ અનેક દેવદેવીઓ…જ્ઞાનયોગી ચંદુભાઇ ૬૭
૧૦ રવીન્દ્ર મનન … … કાકા કાલેલકર ૬૯
૧૧ સર્વોદય વાણી … રવિશંકર મહારાજ ૭૧
૧૨ ગાંધીજીના માતુશ્રી… … મુકુલભાઈ ૭૨
૧૩ સૂક્તિ સુધા … … … ૭૪
૧૪ ગાંધી માળા … ચંદુલાલ બ. પટેલ ૭૯

ગ્રંથાવલોકન

(૧) જ્ઞાનયોગી ચંદુભાઈ સાથેનો અધ્યાત્મ વાર્તાલાપ: સંગ્રાહક: શ્રી નારૂશંકર ભટ્ટ
સંપા૦ શ્રી વૈકુંઠલાલ ઠાકોર; કિં. ૩-૦-૦; પૃ૦ ૪૦૦.

(૨) જ્ઞાનયોગી ચંદુભાઈ સંપા૦ શ્રી વૈકુંઠલાલ ઠાકોર; કિં. ૩-૦-૦ પૃ૦ ૪૨૪.
બંનેના પ્રકાશક. શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ.

રાંદેર (સૂરત)ના સ્વ૦ શ્રી ચંદ્રશંકર ઉર્ફે ચંદુભાઈ એક શ્રેષ્ઠ સાધુપુરુષ હતા. તેઓ સંસારમાં રહીને પણ સંસારના સ્પર્શથી નિર્લિપ્ત રહ્યા. તેમની સાધનાનું તત્ત્વ એક જ હતું: આપણો આત્મા સર્વદા સાક્ષીરૂપે દરેક સ્થાને અને દરેક પ્રવૃત્તિમાં હાજર રહે છે. તેથી આત્મા શું છે, આ પ્રશ્નનો હંમેશ વિચાર કરવો. માણસને આત્માનો ફક્ત બુદ્ધિથી કાંઈક ખ્યાલ નથી આવી જતો પણ તેનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. દરેક વિચાર, વૃત્તિ, કૃતિ, અને આકૃતિમાં જો સાક્ષીભાવ કેળવાઈ જાય તો માણસને આત્માની સત્યતા અને સાચી આંતરિક શાંતિ અને શક્તિ તેમ જ સુંદરતાનો ભાસ થાય છે.

"આપણે જે જે ક્રિયા કરીએ (ચાહે શરીરદ્વારા, અંતઃકરણ કે પ્રાણદ્વારા) તેના સાક્ષી ચોવીસ કલાક એકસરખા છીએ એ જ ખરું ધ્યાન છે, એ જ ખરો યોગ છે, એ જ સાચી ભક્તિ છે અને ખરું કર્મ છે."

પહેલી ચોપડીમાં આ તત્ત્વ ઘણી સરળતાથી તેમ જ ઉદાહરણ, અનુભવ અને વાર્તાની મદદથી સમજાવવામાં આવ્યું છે. અને બીજી ચોપડી શ્રી ચંદુભાઇના પત્રોનો એક સંગ્રહ છે. એ પત્રો એમણે પોતાના અમુક મિત્રોને લખ્યા હતા. એ પત્રોમાં પણ "સાક્ષી-સાધના" પર જ વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે.

બંને પુસ્તકો દરેક જિજ્ઞાસુ અને સાધકને માટે ઘણાં ઉપયોગી છે.

શ્રી ચંદુભાઈને ગાંધીજીના આદર્શો અને તેમની પ્રવૃત્તિઓમાં ઘણો વિશ્વાસ હતો:

"અત્યારે તો શાંતિના દૂત મહાત્મા ગાંધીજી છે. એમની વિચારશ્રેણી હાલ ભલે ભૂલભરેલી લાગે, છતાં લોકોને એ માર્ગ રુચિકર થઈ પડવાનો છે." ગુ૦ મ૦

"પ્યારાબાપુ"

વ્યવસ્થા :—

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

વાર્ષિક લવાજમ રૂ. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.

પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે. લવાજમ મ. ઑ.થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

'પ્યારાબાપુ' કાર્યાલય જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

REG. NO. B. 5255



આરાબાપૂ



સંપાદક: નવીન ગાંધી

'રૂપાયતન'



બાપુજી અને ગુરુદેવ એ બંને મહાવિભૂતિઓ આપણી સમીપ ઉચ્ચ આદર્શ મૂકી ગયેલ છે. અમે માનીએ છીએ કે, બાપુજી અને ગુરુદેવના આદર્શોનો સુભગ સમન્વય કરી એમાંથી નિષ્પન્ન થતા રચનાત્મક માર્ગનું અનુસરણ કરવામાં વ્યક્તિનું તેમ જ સમષ્ટિનું સાચું કલ્યાણ રહેલું છે. આ બંને મહા – વિભૂતિઓના ઉન્નત જીવનાભિલાષોના સમન્વયથી જ આપણું ભાવિ ગૌરવશીલ બની શકશે, અને એમાં જ આપણું શ્રેય રહેલું છે. તેથી અમે આવા સમન્વયને મૂર્ત કરે એવી સંસ્થા જૂનાગઢમાં સ્થાપવા નિશ્ચય કર્યો છે.

બાપુજી અને ગુરુદેવના આદર્શોના સમન્વયનો હેતુ સત્યની ઝાંખી કરવાનો છે. પરંતુ સત્ય તો અનેક રૂપે વ્યક્ત થઈ રહ્યું છે. તેથી પ્રત્યેક વ્યક્તિ સત્યનું દર્શન પોતપોતાના સ્વભાવ અને પ્રજ્ઞા પ્રમાણે કરી શકે છે. ગુરુદેવ તો કવિ હતા, એટલે એમણે સત્યનું દર્શન સૌંદર્યમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા (Harmony) દ્વારા કરવા પ્રયત્ન કર્યો; જ્યારે બાપુજી તો હતા કર્મયોગી, એટલે તેઓ તપ – સંયમશીલ કર્મ–માંથી નિષ્પન્ન થતી સંવાદિતા દ્વારા સત્યનું દર્શન કરવા મથ્યા. આમ સત્યનાં બે મુખ્ય લક્ષણ સૌન્દર્ય અને તપ છે.

ગુરુદેવ તેમ જ બાપુજી વ્યક્તિગત આત્મશક્તિ વડે એ ભિન્ન ભિન્ન માર્ગે પણ સત્યનું દર્શન કરી શક્યા. પરંતુ આપણે જો માત્ર જીવનમાં તપઃપરાયણ માર્ગે પ્રયાણ કરીએ તો જીવનમાં શુષ્કતા આવી જવાનો સંભવ રહે છે ખરો. એ જ પ્રમાણે આપણે સૌંદર્યને જ પ્રાધાન્ય આપીએ તો એમાં સ્વચ્છંદતા આવી જવાનો ભય રહે છે. તેથી એ બન્નેમાંથી બચવા માટે તપઃપરાયણ માર્ગનો સંયમ અને સૌંદર્યદર્શી માર્ગનો આનંદ એ બન્નેનો સમન્વય કરવામાં આવે તો એ નૂતન માર્ગ આપણા વિકાસને અવશ્ય સહાયરૂપ થઇ શકે.

આવા સમન્વયનું બીજ માનવીના અંતરમાં રહેલી સર્જનશીલ સંવેદનામાં રહેલું છે. આવી સંવેદનાની દૃષ્ટિએ બાપુજીની રચનાત્મક પ્રવૃતિઓનું તેમ જ ગુરુદેવની સૌન્દર્યદર્શી પ્રવૃત્તિઓનું મહત્ત્વ સરખું જ છે.

તેથી 'રૂપાયતન'નો મુખ્ય ઝોક આવી સર્જનાત્મક સંવેદનાને જાગ્રત કરી એને સર્વગ્રાહી અને સુસંવાદી કરવા પ્રત્યે જ રહેશે. અને એ જ રીતે સત્યના આનંદની તેમ જ સત્યની તપસ્યાની અનુભૂતિ કાર્ય દ્વારા કરીને માનવી સંપૂર્ણતાનો સ્પર્શ કરવાને શક્તિશાળી થાય અને એમાં જીવનનો પરમ આનંદ અનુભવી શકે તો 'રૂપાયતન'નો આદર્શ સફળ થાય.

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી. રૂપાયતન મુદ્રણાલય, ગિરિવિહાર કૉલેજ રોડ, જૂનાગઢ.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૪ ૩૦ મે-૧૯૫૧ અંક ૪

ગોરક્ષા એ મનુષ્યના આખા વિકાસક્રમમાં મને સૌથી અલૌકિક વસ્તુરૂપે ભાસી છે. ગાયનો અર્થ હું માણસની નીચેની આખી મૂંગી દુનિયા એવો કરું છું. ગાયને બહાને એ તત્ત્વદ્વારા માણસને આખી ચેતનસૃષ્ટિ જોડે આત્મીયતાનો અનુભવ કરાવવાનો એમાં પ્રયત્ન છે. આવો દેવભાવ ગાયને જ કેમ આપવામાં આવ્યો હશે એ પણ મને તો સ્પષ્ટ છે. ગાય જ હિંદુસ્તાનમાં માણસનો સૌથી સાચો સાથી–સૌથી મોટો આધાર–હતી. એ જ એક હિન્દુસ્તાનની કામધેનુ હતી. તે માત્ર દૂધ જ આપનારી નહોતી; આખી ખેતીનો એ આધારસ્તંભ હતી.

ગાય એ દયાધર્મની મૂર્તિમંત કવિતા છે. આ ગરીબ અશરાફ પ્રાણીમાં આપણે કેવળ દયા જ ઊભરાતી જોઈએ છીએ. લાખો કરોડો હિંદીઓને ઉછેરનારી એ માતા છે. એ ગાયની રક્ષા તે ઈશ્વરની આખી મૂક સૃષ્ટિની રક્ષા છે. જે અજ્ઞાત ઋષિ કે દ્રષ્ટાએ આ ગોપૂજા ચલાવી તેણે ગાયથી શરૂઆત કરેલી. એથી નિરાળું બીજું કશું એનું ધ્યેય હોઈ જ ન શકે. આ પશુસૃષ્ટિની અરજ મૂગી છે તેથી વળી વધારે જ અસરકારક છે. ગોરક્ષા એ હિંદુ ધર્મે દુનિયાને આપેલી બક્ષિસ છે. અને હિંદુ ધર્મ પણ જ્યાં સુધી ગાયની રક્ષા કરનારા હિંદુઓ છે ત્યાં સુધી જ રહેશે.

એ ગાયની રક્ષા કઈ રીતે થાય? રસ્તો એ જ છે કે ગાયને બચાવવા જાતે મરવું. ગાયને બચાવવા ખાતર માણસને મારવા તૈયાર થવું એ તો હિંદુધર્મ તેમ જ અહિંસા ધર્મ બન્નેનો ઇનકાર કર્યા સમાન છે.

આ મૂંગા પશુઓ પર ઘાતકીપણાના પ્રત્યેક કર્મથી આપણે હિંદુધર્મનો અને ઈશ્વરનો ઇનકાર કરીએ છીએ. હું નથી માનતો કે દુનિયાના બીજા કોઈ પણ દેશમાં તેનાં ઢોરોની હાલત હિંદુસ્તાનના કરતાં ભૂંડી હોય. આમાં આપણી ગરીબી આપણે નહીં ગાઈ શકીએ. આપણાં ઢોરોની આ દુર્દશા આપણી ઘાતકી બેદરકારી સિવાય બીજા કશાની જ સૂચક નથી.

હિંદુઓની પરીક્ષા ટીલાં કર્યાથી, સ્વરશુદ્ધ મંત્રો ભણ્યાથી, તીરથજાત્રાઓ કર્યાથી કે ન્યાતફિરકાઓના ઝીણામાં ઝીણા નિયમો ચીવટથી પાળ્યાથીયે નહીં, પણ ગાયને બચાવવાની તેમની શક્તિથી જ થવાની છે. અત્યારે તો ગોરક્ષા ધર્મનો દાવો કરનારા આપણે ગાયને અને તેના વંશને ગુલામ બનાવી જાતે ગુલામ બન્યા છીએ. –ગાંધીજી



શાંતિનિકેતનનાં ભજનો

આકાશ જુડે શુનિનુ, ઓઇ બાજે, ઓઇ બાજે
તોમારિ નામ સકલ તારાર માઝે – ઓઇ બાજે
સેઇ નામખાનિ નેમે એલો ભૂંયે
કખન આમાર લલાટ દિલો છૂંયે?
શાંતિ ધારાય બેદન ગેલો ધૂયે
આપન આમાર આપનિ મરે લાજે – ઓઇ બાજે
મન મિલે જાય આજ ઓઇ નીરબ રાતે
તારાય ભગ ઓઈ ગગનેર સાથે
એમની કરે આમાર ઓઈ હૃદય
તોમાર નામે હોકના નામ મય
આંધારે મોર તોમાર આલોર જય
ગભીર હોયે થાક જીવનેર કાજે – ઓઈ બાજે

આકાશમાં લક્ષ રાખીને સાંભળ્યું તો તારું જ નામ એકેએક તારમાં ગુંજી રહ્યું છે–ઓ ગુંજે.

એ જ નામ ધ્વનિ તારાઓમાંથી નીચે ભૂમિ ઉપર ઊતરી આવ્યો ને કોણ જાણે ક્યારે મારે કપાળે સ્પર્શ કરી ગયો! એ સ્પર્શ થતાં જ મારી બધી વેદના શાંતિધારામાં ધોવાઈ ગઈ. એ નામની મહત્તા હું ન સમજ્યો તે વિચારથી મારો આત્મા અંદર ને અંદર શરમાઈ મરે છે.

હવે આજે મારું મન નીરવ રાત્રિમાં એ તારા ભર્યા આકાશ સાથે મળી જાય છે; તેવી જ રીતે મારું હૃદય એ તારાઓ પાછળ છૂપાયેલા તારા નામ સાથે નામમય થઈ જાય એ મારી અભિલાષા છે. મારા આ અંધાર ભર્યા માનવજીવનમા પણ તારો પ્રકાશ પ્રત્યેક જીવન કાર્યના ઊંડાણમાં વસવાટ કરતો બને, ને એ પ્રકાશનો સદાય જય થાય. [અનુ૦ કુરંગી દેસાઈ]

અહિંસાનો ઉદય

મુકુલભાઈ

અહિંસા એ ઉચ્ચ પ્રેમનું – સર્વવ્યાપી પ્રેમનું સ્વરૂપ છે. એનું સ્વરૂપ જેટલું વ્યાપક કરી શકાય એટલું ઓછું જ છે. એ ઉચ્ચ પ્રેમની દૃષ્ટિએ જોઈએ તો–

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી:
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ.'
(ઉમાશંકર જોષી)

પણ આ અહિંસા સત્યમાંથી જ પરિણમે. જ્યાં સત્ય છે ત્યાં હિંસાનો વિચાર જ ન સંભવે. જ્યારે સત્યને વીસરી જવામાં આવે છે અને અસત્યનું આચરણ કરવામાં આવે છે ત્યારે જ હિંસા થાય છે. તેથી હિંસાનું મૂળ અસત્ય છે. માનવી જ્યારે સત્યને સ્થાને અસત્યને પ્રાધાન્ય આપે છે, ત્યારે એની પ્રેમની ભાવના લુપ્ત થાય છે અને બીજાને મારીને એ પોતે જીવવા મથે છે.

પરંતુ આ કંઈ જીવનની પ્રકૃતિ નથી એ તો એની વિકૃતિ છે. એ કંઇ જીવનનું સત્ય નથી. તેથી એ સનાતન પણ નથી; એ ક્ષણિક છે, નાશવંત છે, દુઃખપ્રદ છે.

પણ માનવના અંતરના અંતરતમ ખૂણે સત્ય જ રહેલું છે. અને એ જ્યારે કાર્યમાં વ્યક્ત થાય છે ત્યારે જ માનવી માનવ બને છે. સત્યના આવિર્ભાવમાં જ માનવીની માનવતા રહેલી છે. જ્યારે માનવી સત્યને બાજુએ મૂકીને વર્તે છે, ત્યારે જીવનમાં પાશવતા જન્મે છે અને માનવી ભાન ભૂલી હિંસાને માર્ગે વળે છે. પરંતુ જ્યારે એનામાં રહેલું સત્ય પ્રગટ થાય છે ત્યારે એ ઉચ્ચ માનવતા દાખવે છે, અહિંસાને પ્રસ્થાપિત કરે છે.

વર્ષો પહેલાંની એક વાત છે. રશિયા અને જર્મની વચ્ચે ખૂનખાર યુદ્ધ ફાટી નીકળ્યું. બંને પક્ષોએ વહેલી સવારથી ઘોર સંગ્રામ ચલાવ્યો. કેટલાયે સૈનિકોનો સંહાર થયો. બધે હિંસાનું વિકરાળ સામ્રાજ્ય પ્રસરી ગયું. માનવી ભાન ભૂલી માનવીને જ ક્રૂરતાથી મારી રહ્યો હતો.

રાત પડી, એટલે લડાઈ બંધ થઇ. રણસંગ્રામ પર અસંખ્ય સૈનિકો ઘવાયેલા તેમ જ મરેલા પડ્યા હતા. બધે શાંતિ પ્રસરી ગઈ હતી. પણ વચ્ચે વચ્ચે કયાંક કયાંકથી ઘવાયેલા સૈનિકોની હૃદયદ્રાવક ચીસો સંભળાતી હતી અને તેથી શાંતિ વધારે ભયાનક લાગતી હતી.

શિયાળાના દિવસો હતા. રાતે ઠંડી સખત વાવા લાગી. બધે ઠંડો પવન સુસવાટાભેર ધસતો હતો.

એવામાં એક ઘવાયેલા રશિયન સૈનિકે પડખું ફેરવ્યું. તેણે જોયું તો એની બાજુમાં સામા પક્ષનો એક ફ્રેન્ચ સૈનિક ટાઢે ઠુંઠવાતો પડયો છે. રશિયન સૈનિકને થયું: "મને તો જીવલેણ ઘા વાગ્યો છે. સવાર સુધી જીવીશ કે કેમ એ જ નિશ્ચિત નથી. આ ફ્રેન્ચ સૈનિક જીવશે એવું લાગે છે. પણ એ બાપડો ટાઢથી થથરે છે. મારો આ હૂંફાળો, રુંવાટીવાળો કોટ મને શા ખપનો છે? લાવને એને જ ઓઢાડી દઉં!"

એમ વિચાર કરી તે પોતાની થોડીઘણી શક્તિ વડે ધીમે ધીમે ખસતો પેલા ફ્રેન્ચ સૈનિક પાસે ગયો. તેણે પોતાનો કોટ કાઢીને થથરતા ફ્રેન્ચ સૈનિકને ઓઢાડી દીધો.

[અનુસંધાન જુઓ પાનું ૧૦૮મું]

સ્વામી શિવાનંદજી ……●

સ્વામી શિવાનંદજીનાં મૃત્યુ વખતની છેલ્લી પળોએ તો યોગી અને તત્ત્વજ્ઞાનીઓને પણ ઝાંખા પાડી દીધા. રાત્રે ૧ાા વાગે આંતરડાંને વીંધતી ગોળી વાગે છે. તેમના મુખેથી "ૐ સચ્ચિદાનંદ"ની આછી ચીસ નીકળી. બાજુમાં સૂતેલા સાથી બાબુભાઈ જાગ્યા. પૂછ્યું, "શું થયું સ્વામીજી?" સ્વામી બોલ્યા, "જુઓ તો, કંઈક જીવડું કરડી ગયું લાગે છે." એટલામાં બીજા સાથીઓ પણ ઊઠ્યા. એક ભાઈ આયોડીન લાવ્યા. ફાનસ કરીને જોયું તો ચારે બાજુ લોહી વહેતું હતું. સ્વામીજીની પથારી લોહીથી તરબોળ હતી. બાબુભાઈએ ધ્રૂજતાં કહ્યું, "આ તો ગોળી વાગી છે." સ્વામીજી હસતા બોલ્યા, "વાહ સરસ મૃત્યુ!"

આશ્રમના અને ગામના લોકો સ્વામીજીને વીંટળાઈ વળ્યા. બધાની આંખો આંસુથી છલકાઈ. સ્વામીજી હિંમત આપતા બોલ્યા, "રડો છો શા માટે? એણે એનું કામ કર્યું આપણે આપણું કામ કરવાનું છે. હું તો આ કામ માટે ફરીથી જન્મ લેવાનો છું આથી રૂડું બીજું કયું મૃત્યુ?"

વેદના વધતી હતી. સુરેન્દ્રનગર આયરિશ મિશન હૉસ્પિટલમાં સવારના સાડા પાંચના સુમારે લઈ જવામાં આવ્યા. ગામડાના રસ્તા ખાડા ટેકરાવાળા તેથી મોટરનાં હડદોલા તેમને વધુ દર્દ આપી રહ્યા હતા. બાબુભાઈએ પૂછ્યું, "પીડા થાય છે નહિ?" ત્યારે હસતા હસતા સ્વામીજી જવાબ આપે છે, "એ તો ગોળી પેટમાં રમી રહી છે ને?"

સવારના દશ થયા. મૃત્યુ નજદિક આવી રહ્યું હતું તે વખતે તેમના એક જૂના સાથીદાર આવી પહોંચ્યા. તેમને જોતા જ સ્મિત કરતા સ્વામીજી બોલ્યા, "વાહ કેવું સરસ, ખાટલામાં પડીને મરવાનું ન આવ્યું અને આવું મૃત્યુ આવ્યું."

પ્યારા બાપુ

દાકતરોને સ્થિતિ હવે ગંભીર લાગવા માંડી. વીંટળાઇને ઊભેલાં બધાં બીજા ઓરડામાં ગયાં. ફક્ત પેલા સાથીદાર રહ્યા. સાથીદારે પૂછ્યું, "સ્વામીજી, આપણે જુદા પડવાનું નજીક આવ્યું હોય તેમ દેખાય છે. એટલે થોડી વાતો કરી લઈશું?"

"હા ભલે," સ્વામીજી સ્વસ્થતાથી બોલ્યા.

"તમારે કાંઈ કહેવાનું હોય તે કહો."

"મારે શું કહેવાનું હોય? જે કાંઈ કહેવાનું હતું તે કૂલપરમાં બાબુભાઈને લખાવી દીધું છે. હું તો આવી રીતે જવાનું મળ્યું છે એટલે લહેરમાં છું. લહેરથી જઇશ. ખાટલે પડી રહેવા કરતાં અંત આવી જાય તો ફરીથી જલદી જન્મ ધારણ કરું અને આજ કામમાં જલદી લાગું."

"તમે પુનર્જન્મમાં માનો છો?"

"હા."

"તો અહીં જ આવવાનો નિર્ધાર કર્યો છે?"

"મેં તો હંમેશાં એમજ માગ્યું છે."

"તો તમારી રાહ જોઉં ને?"

"હા જરૂર."

અને જીવન અને મૃત્યુ બંને વચ્ચેના અંતરને ભુંસી નાખતું મધુર સ્મિત તેમના મુખપર પથરાઈ ગયું. જાણે કે "આ....ગામ જાઉં છું, કાલે પાછો આવીશ અને બાકી રહેલું કામ પૂરું કરીશ." મૃત્યુનો આથી વિશેષ કાંઇ જ અર્થ એમને મન ન હતો.

આમ સ્વામીજી તો ચાલ્યા ગયા. પણ મૃત્યુ વખતની આટલી શાંતિ તેમણે કયા બળે મેળવી એ શોધવા માટે તેમની યુવાનીના દિવસો જોવા જોઈએ.

વઢવાણ શહેરના દરબારગઢ પાસે જ્યાં આજે હોટેલ છે ત્યાં છત્રીસ વર્ષ પહેલાં એક દરજી કપડાં શીવવાનો સંચો ફેરવી રહ્યો છે. તેની આસપાસ યુવાન વિદ્યાર્થીઓનું ટોળું વીંટળાએલું છે. કામ કરતાં કરતાં દરજીભાઈ મલક આખાની વાતું કરે છે. અને યુવાનોના હૃદયમાં દેશની ગુલામીનું ભાન કરાવે છે. તેમની નસોમાં આઝાદીના બી રોપે છે. બંગભંગની વાતો થાય છે. સુરેન્દ્રનાથ બેનરજીના ભાષણો વંચાય છે. અને ખુદીરામ બોઝનું નામ પડે છે ને યુવાનો થનગની ઊઠે છે. અને કંઈક કરી છૂટવાની તમન્ના જાગે છે.

આ દરજી કોણ? ગાંધીજીએ જ્યારે સહુથી પ્રથમ તેમને જોયા ત્યારે તેમણે આ દરજીમાં શું જોયું અને કહ્યું, "સત્ય તો મેં મોતીલાલની આંખમાં જ જોયું."

હવે આ મોતીભાઈના યુવાનોના પગના તાલે તાલે એક જ બોલ ગૂંજી ઊઠે છે.... 'કિસ્મત ક્યાંથી ભારત હિત કાયા હળે રે...'

પોષ માસની કડકડતી ઠંડી છે. વઢવાણ જંકશને પાલિતાણાના યાત્રાળુઓ આવ્યા છે. મજૂરો મળતા નથી. યુવાન ટુકડીમાંનો એક યુવાન "શિવો" સ્ટેશને પહોંચે છે. ઠારી નાંખે એવી ઠંડીમાં એક પહેરણ ભેર દોડી જાય છે યાત્રાળુઓના પોટલા ઊચકવા, તેમને હૂંફ આપવા.

મોતીભાઈ બોલી ઊઠે છે, "અરે શિવા કંઈક ઓઢીને કે બંડી પહેરીને તો આવ."

પણ શિવાને તો તૂટેલ બંડી પહેરવાનો પણ ક્યાં વખત છે! તેની સામે ધ્રૂજતા યાત્રાળુઓ દેખાય છે. દુઃખિયા યાત્રાળુઓની ઠંડી દૂર કરવી છે. તે પોતાને ભૂલી ગયો, તેને એક જ ધૂન છે. "કિસ્મત ક્યાંથી ભારત હિત કાયા હળે રે..."

ઉનાળો પોતાનું ખરું સ્વરૂપ બતાવી રહ્યો છે. બળબળતા વાયરા શરીરની ચામડીને

બાળી રહ્યા છે તેવે વખતે આ શિવો ઉઘાડે માથે, ઉઘાડા પગે, બાબરા ભૂતની માફક વઢવાણ જંકશનના સ્ટેશને યાત્રાળુઓના પોટલાં હડીસેર ઊંચકી રહ્યો છે. મોતીભાઇના હૃદયમાં આનંદ છે છતાં મમતા એવી છે કે કે તેનાથી આ જોયું નથી જતું. ઠપકાથી બોલ્યા, "શિવા! તું આવો ને આવો ક્યાં સુધી રહીશ?"

શિવાના મુખ પર રાહત આપ્યાની ટાઢક છે અને હસતો હસતો "કિસ્મત ક્યાંથી ભારત હિત કાયા ઢળે રે...." ગાય છે.

ઝાલાવાડની મરૂભૂમિમાં દર ઉનાળે પાણીનું દુઃખ. વઢવાણમાં પાણી માટે દેકારો બોલે છે. વીરડા ઊંડા ઉતરી ગયા છે. ગામની બહેનો પાણી માટે જ્યાં ત્યાં વલખાં મારી રહી છે.

આ વખતે મોતીભાઈને કંઈક સૂઝ્યું. તેમના મંડળે કોદાળી પાવડા લીધા. દરેકના હાથમાં કોદાળી પાવડા રમવા લાગ્યા. પણ આજે શિવાનું કંઈક જુદું જ સ્વરૂપ હતું. તેના મુખ પર કોઇ ઓર તાજગી હતી. આવા કામ માટે તેનું હૃદય અનેરી ભાવનાથી ભરાઈ જતું.

કાનેટીના કુવાના ઊંડાણમાં બધા યુવાનોના ઘા પડતા હતા. પણ શિવાના કોદાળીના ઘાથી તો કૂવો ગાજી ઊઠતો. તે આજે પોતાને ભૂલ્યો હતો. થાક તેની પાસે આવતા ડરતો હતો એમ લાગતું હતું. બીજા યુવાનો જરા લાંબા થઈને વચ્ચે વચ્ચે વિશ્રાંતિ લઈ લેતા પણ શિવો તો અવિરત પણે ઘા કર્યે જ જતો હતો. મોતીભાઈનું દિલ નાચી ઊઠ્યું અને "શા'બાશ શિવા" બોલી ઊઠ્યા. આ બોલના જવાબરૂપે શિવાની કોદાળીના ઘામાંથી સંગીત રચાતું, "કિસ્મત ક્યાંથી ભારત હિત કાયા ઢળે રે...."

સૂરજ આથમી રહ્યો છે. પણ કૂવામાંથી પાણીની સેર પણ ફૂટતી નથી. બધા યુવાનોના પરસેવાથી જમીન ભીની થઈ રહી. બધાના મુખ પર નિરાશાની છાયા પથરાઈ; પણ શિવો તો ફળની આશા રાખ્યા વગર કર્મયોગમાં ગરકાવ છે. સંધ્યાના ઓળા પથરાયા. પણ તેના હાથમાંથી કોદાળી છુટતી નથી. ઉલળી ઉલળીને ઘા ઝીંકયે જાય છે અને છેવટે પાણીની સેર છુટી. શિવો નાચી ઊઠ્યો.

કોદાળી પાવડાનું તાંડવ નૃત્ય ચાલ્યું. મોતીભાઈ બોલી ઊઠ્યા, "શિવા ઝટ કર, ઉપર આવ." પણ શિવો તો આજે દુનિયા ભૂલ્યો હતો. તેના નૃત્યમાં–તાલમાં–ગાનમાં–સૂરમાં "કિસ્મત ક્યાંથી ભારત હિત કાયા ઢળે રે...."નું નૃત્ય હતું.

આ વાતને કેટલાયે વર્ષો વીતી ગયા. કેટલીયવાર લડતોમાં ભાગ લઈ ને શિવાનંદજી જેલમાં ગયા. અને છેવટે દેશી રાજ્યોના વિલીનીકરણથી જે ખેડૂત ગરાસદારોના સવાલ ઉભા થયા હતા તેમાં ખેડૂતોના સાથી બનતાં તેમને ગોળી ઝીલવી પડી. તે ગોળી ઝીલતા પણ છેવટ સુધી આજ રટણ રહ્યું. "કિસ્મત ક્યાંથી ભારત હિત કાયા ઢળે રે...."

સૂર્યનો મહિમા તો સારાયે જગત માટે છે. પણ તેથી ઘરદીવડાનો મહિમા કદિયે ઓછો અંકાયો નથી ગુલામીના અંધકારથી ઘેરાયેલા ભારત માટે ગાંધીજી જો સૂર્ય હતા તો રાજાશાહીની બેવડી ગુલામીના અંધકારમાં ઘેરાએલાં સૌરાષ્ટ્ર માટે શિવાનંદજી ફક્ત કોડિયાં જેવા જ નહિ પણ એક મશાલ જેવા ઘરદીવડા અવશ્ય હતા. માનવીની મહત્તા સિદ્ધિઓમાં નહિ પણ સાધનામાં હોય તો શિવાનંદજી સૌરાષ્ટ્રની પ્રખર ગાંધી–છાયા હતા.

પ્યારા બાપુ

ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની 'ગીતાંજલિ'નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ'ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

જે બાળકને તું રાજાના જેવા વેશે શણગારે છે, અને જેને તું મણિ અને રત્નોના હાર પહેરાવે છે, તેનો રમતનો બધો આનંદ ઊડી જાય છે, તેને વસ્ત્રો અને આભૂષણો ભારે બોજારૂપ થઈ પડે છે.

રખેને આંચકો લાગે અને ફાટી જાય, ધૂળ લાગે અને ડાઘ પડી જાય, એ બીકે તે બધાંથી દૂરને દૂર રહે છે અને તેને ચાલતાં પણ વિચાર થઈ પડે છે.

મા, આવા રાજાના જેવા શણગાર શા કામના? આ મણિ અને રત્નોનો હાર શા કામનાં? તું જો બારણાં ખોલી દે તો હમણાં હું રસ્તામાં દોડી જાઉં અને તડકામાં ને પવનમાં, ધૂળમાં ને કાદવમાં રમવા મંડી પડું.

જે બાળકને તું રાજાના જેવા વેશે શણગારે છે, અને જેને તું મણિ અને રત્નોના હાર પહેરાવે છે, તે વિશ્વજનના મેળાની દિનભરની વિવિધ રમતોમાં અને ચોપાસ હજ્જારો સૂરે ગાજતા વિરાટ સંગીતમાં ભળવાનો અધિકાર ખોઈ બેસે છે.

[અનુ• નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું આ ૮મું કાવ્ય સમજાવતાં પૂ૰ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :

જીવન વસ્તુતાએ એક-રૂપ છે, જો કે એનો વિકાસ અનેક રૂપોમાં થાય છે. તેથી પ્રકૃતિ અને માનવસમાજમાં એકતા એ એક મહાન સત્ય છે. એ ઐક્યભાવનો જે કોઈ વ્યક્તિ, વસ્તુ અથવા જનસમૂહ વિરોધ કરે છે તે જીવનના વિકાસમાં એક બાધા નાખે છે.

માણુસો આત્મા જીવનની એકતાને પ્રજ્ઞા Intuition–દ્વારા સમજે છે અને અનુભવે છે. અને જ્યારે જ્યારે તેના આ ઐક્યના અનુભવમાં અથવા આ ઐક્યના સત્ય પર

પોતાના વ્યક્તિગત કે સામાજિક જીવનમાં કોઈ બાધા ઊભી થાય છે, ત્યારે તેનો આત્મા પોકારી ઊઠે છે: “મારે જીવનના પ્રવાહથી જુદું નથી રહેવું. મારે સૌની સાથે એ પ્રવાહમાં તણાઈ જવું છે. જુદાઈ તો એક ઝેર છે; તેથી મને જો મારી ધન કે જ્ઞાનની સત્તા, સામાજિક સ્થિતિ કે પદવી, મારી નાત-જાત, મારો પહેરવેશ કે મારા ખોરાકની પદ્ધતિ બીજાઓથી જુદી પડતી હોય તો મને આ બધું નહિ જોઈએ, નહિ જોઇએ. મારો સાચો આનંદ અને મારું સાચું કલ્યાણ સર્વની સાથે મળીને કામ કરવામાં અને રમવામાં જ છે.”

આ કાવ્યમાં પણ બાળક માને કહે છે કે “જો તું મને સારાં સારાં કપડાં પહેરાવીને મારા બીજા સાથીઓની સાથે રમતગમતમાં ભળતાં અટકાવતી હોય તો મને સારાં કપડાં નથી જોઈતાં.”

પરંતુ જો આત્માનું વલણ એકતા તરફ હમેશ રહે તો બુદ્ધિનું-મનનું-વલણ અનેકતા તરફ હમેશ રહે છે. બુદ્ધિ-મન-ને દરેક વસ્તુ અથવા વ્યક્તિને જુદા રાખવામાં જ મજા પડે છે. તેથી જ તો એક બૌદ્ધ શાસ્ત્રમાં લખ્યું છે: “Mind is the slayer ot the Real.” (મન તો જે સત્ય છે તેને હણનાર છે) અને એ જ શાસ્ત્રમાં “જુદાઈ સંબંધે એક જગાએ લખ્યું છે: જુદાઈ તો ‘The dire heresy of seperateness’ (ભેદભાવનું સખત કાફરપણું) છે.”

બાળકોમાં એકતા અનુભવવાની વૃત્તિ અને શક્તિ કુદરતી રીતે હોય છે. એનાં ઉદાહરણો આપણને ઘણે ઠેકાણે અને વારંવાર મળે છે. દૃષ્ટાંત તરીકે, દરિયા કિનારે જુદી જુદી જાતિઓ જુદા જુદા ધર્મો અને દેશોનાં નાનાં બાળકો સરળતા અને વિના સંકોચે એકબીજાં સાથે રમતાં દેખાય છે. એ બાળકો વચ્ચે કોઈ જાતનો ભેદભાવ દેખાતો નથી. એટલા માટે જ તેઓ સ્વર્ગના અધિકારી છે. કારણ કે સ્વર્ગ તો કેવળ માણસની માનસિક, બૌદ્ધિક, આત્મિક અવસ્થાનું જ નામ છે. એવી જ અવસ્થામાં બાળક હોય છે. એ વખતે તે જીવનમાં એક અનુભવતું હોય છે અને જીવનમાં ઉતારતું હોય છે.

ઈશુ ભગવાન પાસે એક યુવક આવ્યો અને બોલ્યો: “મને કોઇ એવો ઉપાય બતાવો કે જે વડે મારું કલ્યાણ થાય.”

ઈશુએ કહ્યું: “ભાઈ, તમે તમારા પાડોશી સાથે પ્રેમ કરો, ગરીબોની સેવા કરો અને દુ:ખીઓને સહાયતા કરો. આથી તમારું કલ્યાણ થશે.”

યુવકે કહ્યું: “આ બધું તો હું કરું છું. આ સિવાય બીજો કોઈ ઉપાય હોય તો બતાવો.”

ઈશુએ કહ્યું: “જો તમારે તમારું કલ્યાણ ખરેખર સાધવું હોય તો તમારી બધી સંપત્તિ સારા કાર્યોમાં દાન આપી દો.”

ભલા, ધનવાનને આવી વાત રુચે ખરી? તે યુવકને પણ આ વાત ન રુચી. તે તરત જ ઘેર પાછો ફર્યો, ત્યારે ઈશુએ પોતાના શિષ્યને ઉપદેશ આપતાં કહ્યું: “સોયના કાણાંમાંથી ઊંટને નીકળવું સહેલું છે પણ ધનવાનને માટે સ્વર્ગમાં દાખલ થવું મુશ્કેલ છે.”



બાપુનો પરિવાર

આશાદેવી ....●

અનસૂયા જ્યાનચંદ

આશાદેવી વિષે લખવાનું મેં ખૂબ ઉત્સુકતાથી કબૂલ્યું. છેલ્લાં ત્રીસ પાંત્રીસ વર્ષોનો અમારો પરિચય, એટલે મને થયું કે હું સહજ રીતે એમના વિશે લખી શકીશ. પરંતુ જ્યારે લખવા બેઠી ત્યારે જુદો જ અનુભવ થયો. શાળા કૉલેજનાં કેટલાંયે સંસ્મરણો જાગ્રત થયાં. કાંઈ પણ લખવા કરતાં આંખો મીંચીને એ સંસ્મરણોનાં ચિત્રો જોતાં બેસવામાં જ મને સમાધાન મળતું લાગ્યું. હું ચિત્રકાર કે કવયિત્રી હોત તો કદાચ જૂની સ્મૃતિ વ્યક્ત કરી શકી હોત, પણ ગદ્યમાં એને શી રીતે વ્યક્ત કરું? આશાદેવીનું જીવન એક સંગીત જ છે. તેનો અન્વય – અર્થ – કરવાનો મને ખ્યાલ સુદ્ધાં આવ્યો નથી સંગીતની પેઠે એમની પાસે એવું કંઈક મુગ્ધ કરનારું છે. એમનું જીવન જોવા જઈએ તો સાવ સરળ છે, પણ તેમાં કાવ્ય સભર ભરેલું છે; એમનામાં પ્રખર ધ્યેયનિષ્ઠા છે.

જન્મ અને બાળપણ

૧૯૦૨માં અધિકારી અટકવાળા એક બંગાળી કુટુંબમાં આશાદેવીનો જન્મ થયો હતો. એમના પિતા સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન વિષયોમાં પારંગત હતા. પં. માલવીયજીના કાશી વિશ્વવિદ્યાલયમાં પ્રાધ્યાપક તરીકે તે હતા. અંત સુધી તે ત્યાં રહ્યા હતા. આશાદેવી એમની સૌથી મોટી પુત્રી હતી. પાંચ વર્ષની હતી ત્યારથી જ એમના પિતાએ એમને અમરકોશ અને લઘુકૌમુદી શીખવવાની શરૂઆત કરી હતી. શાળામાં આશાદેવીનો વર્ગમાં હંમેશાં પહેલો નંબર રહેતો. મેટ્રીકની પરીક્ષામાં આશાદેવીનો સર્વ વિદ્યાર્થીઓમાં પહેલો નંબર આવ્યો હતો. એમ. એ.ની પરીક્ષા સુધી પહેલો વર્ગ લેવાની પોતાની પરંપરા એમણે ચાલુ રાખી હતી. એમની બુદ્ધિમતા ઊંચા દરજ્જાની તો ખરી જ પણ ગમ્મતની વાત તો એ છે કે તે એટલાં જ ભાવનાપ્રધાન પણ છે. ચાર બહેનો પછી ઘણાં વર્ષો પછી એમને એક ભાઈ થયો. પિતા આશાદેવીને 'બેટા' કહીને બોલાવતા. છોકરાની પેઠે જ આશાદેવીને શિક્ષણ આપવામાં આવતું હતું. એમના બાળપણની એક વાત મને હંમેશા યાદ આવે છે. એ વખતે તે ૧૦–૧૧ વર્ષનાં હશે. પરીક્ષાનું પરિણામ બહાર પડ્યું અને આશા-

દેવી રડતાં રડતાં ઘેર આવ્યાં. એમના પિતાએ એમને જોઈ એટલે તરત જ પાસે લીધી અને પૂછ્યું, “બેટા, શું થયું ?” આશાદેવીએ કહ્યું, “બાપુજી, મારી સહચરી પહેલી ન આવી અને બીજી આવી.” પિતાએ પૂછ્યું, “ત્યારે પહેલું કોણ આવ્યું ?” આશાદેવીએ રડતાં રડતાં જ જવાબ આપ્યો, “હું !”

એમ. એ.ની પરીક્ષા પસાર કર્યા પછી થોડા દિવસ તે અલ્લાહાબાદની કૉલેજમાં શીખવતાં હતાં. પછી બનારસ યુનિવર્સિટીમાં છોકરીઓની કૉલેજમાં મુખ્ય અધ્યાપિકા તરીકે એમની નિમણૂક થઈ. આટલી મોટી જગ્યા મળી, પગાર પણ નાનોસૂનો ન હતો, પરંતુ એમના ચિત્તને એ કામમાં સમાધાન મળે નહીં. પોતાનાં માતપિતાને તેમ જ અમને બધાંને એ બાબતની હંમેશાં વાત કરે, “મને બેચેની થાય છે. કંઈક નવું કરવું જોઈએ એમ મને થાય છે. નકકી કરેલાં પુસ્તકોથી લદાયેલું શિક્ષણ આપવાનું ગમતું નથી. દેશનું દારિદ્ર અને અજ્ઞાન દૂર કરે એ જ ખરી વિદ્યા.”

ગુરુદેવના શાંતિનિકેતનમાં

એમના પિતાનો ગુરુદેવ સાથે ઘણો જૂનો સ્નેહસંબંધ હતો. એમની સાથે આશાદેવી અને બીજી બહેનો હંમેશ શાંતિનિકેતન જતાં. એમની નાની બહેન પ્રીતિ તો શાંતિનિકેતનમાં ઉજવાતા ઉત્સવોમાં અચૂક ભાગ લેતી. ગુરુદેવની આ કુટુંબ પર કૃપાદૃષ્ટિ હતી. ગુરુદેવ જ્યારે યુરોપ–અમેરિકાના પ્રવાસે જવાના થયા ત્યારે તેમણે આશાદેવીને પૂછ્યું, “મારી ગેરહાજરીમાં મારા શિશુ–નિવાસની તું સંભાળ લેશે કે ?” આશાદેવીએ તરત જ જવાબ આપ્યો “ખૂબ જ ખુશીથી સંભાળીશ.” તેમણે બનારસના હિંદુ વિદ્યાલયની મોટા પગારની નોકરી છોડી દીધી અને તે શાંતિનિકેતન આવ્યાં. શાંતિનિકેતન જેવા કલા અને શિક્ષણના પરમધામમાં કામ કરવાની ગુરુદેવે પોતે જ એમને તક આપી એ માટે તેમણે ધન્યતા અનુભવી.

રાવણની મંદોદરી

શાંતિનિકેતનમાં શિશુનિવાસમાં કામ કરતાં હતાં ત્યારે એક મજાનો પ્રસંગ બન્યો. ત્યાંના છોકરાંઓએ દર વર્ષ પ્રમાણે એક નાટક ભજવવાનું વિચાર્યું. રામાયણનો એકાદ ભાગ નાટક માટે નક્કી કર્યો. રામ કરતાં રાવણની જ ભૂમિકા બાળકોને વધારે આકર્ષક લાગે તો એમાં નવાઈ જેવું નથી. બાળકોએ ઠરાવ્યું કે રાવણ બનવાનું માન આપણી શાળાના સૌને પ્રિય એવા આર્યનાયકમ્‌ને જ આપવું ઘટે. આર્યનાયકમ્ સીલોનના રહેવાસી, એટલે એ દૃષ્ટિએ પણ બાળકોને આ વાત ગમી હશે. આર્યનાયકમ્ અમેરિકાથી મોટી પદવી લઈને પાછા ફર્યા હતા. પણ મોટા પગારની સરકારી નોકરી કરવાને બદલે ગુરુદેવના મંત્રી બનીને શાંતિનિકેતનમાં રહ્યા. બાળકોએ રાવણની ભૂમિકા તો એમને આપી જ. પણ હવે મંદોદરી કોણ બને એ પ્રશ્ન નીકળ્યો ત્યારે એ કામ આશાદેવીએ કરવું એવો આગ્રહ બાળકોએ કર્યો. તે વખતે એમણે ના પાડી, પણ આખરે એમને જ મંદોદરી બનવું પડ્યું !

ગાંધીજીના સેવાગ્રામમાં

શાંતિનિકેતનની શાળામાં ખાસ કરીને મધ્યમ વર્ગનાં જ બાળકો આવતાં. હિંદનાં ગામડાંમાં પ્રસરેલાં દારિદ્ર અને અજ્ઞાન શી રીતે આ શિક્ષણથી દૂર થશે એ મૂળભૂત પ્રશ્ન તેમને ફરીને સતાવવા લાગ્યો. ગ્રામ જનતાના રોજબરોજના જીવન સાથે નિકટનો સંબંધ રાખ્યા સિવાય શિક્ષણ નિર્જીવ અને પુસ્તકિયું બની જાય છે એવી પ્રતીતિ એમને થઈ હતી.

સદ્‌ભાગ્યે ૧૯૩૯ના અરસામાં ગાંધીજીએ સેવાગ્રામમાં પાયાની કેળવણીની પ્રયોગશાળા શરૂ કરવાનું ઠરાવ્યું અને આશાદેવી તેમ જ આયનાયકમ્‌ એ બંને જણ સેવાગ્રામ જવા તૈયાર થયાં. સેવાગ્રામ જેવા ગામડામાં રહેવું અને ઝૂંપડામાં શાળા ચલાવવી એ કલ્પના સુંદર તો છે પરંતુ કષ્ટદાયક પણ છે, તેથી એમનાં માતાપિતાને તેમજ ઘરનાં બીજાં સ્વજનોને એમનું સેવાગ્રામ જવું પસંદ ન પડ્યું. પણ આશાદેવીએ ગાંધીજીનું નિમંત્રણ સ્વીકાર્યું. સેવાગ્રામમાં તે રહેવા ગયાં પછી બે વર્ષ બાદ હું તેમને મળવા ગઈ હતી, ત્યારે મને લાગ્યું કે જેની શોધમાં આશા અનેક વર્ષોથી હતી તે શોધ છેવટે સફળ થઈ. આશાને તેનું શ્રેય છેવટે સાંપડ્યું. તેની વૃત્તિમાં એક અપૂર્વ સમાધાન અને આનંદ દેખાવા લાગ્યાં.

સેવાગ્રામ શાળાનાં બાળકોની 'મા'

આશાદેવીની છોકરી 'મિ-તુ' નાની હતી ત્યારે તેમને કહેતી, "મને પહેલાં એવું લાગતું કે તું મારી એકલીની જ મા છે, પણ હું જોઉં છું કે તું તો ગામનાં બધાં બાળકોની મા છે."

સેવાગ્રામની શાળાનાં બધાં બાળકો તેમને 'મા' કહીને સંબોધે છે, અને આયનાયકમ્‌ને 'બાબા' કહે છે. પેટનાં બાળકોની માફક તેમને બધાં બાળકો પર અખૂટ પ્રેમ છે.

સેવાગ્રામમાં આ શાળામાં એકાદ દિવસ રહીએ તો ત્યાંનું વાતાવરણ, બાળકોનું વલણ અને બધાં કામો ખેલદીલીથી અને ઉત્સાહથી કરવાની આનંદી વૃત્તિ જોઈને આ શિક્ષણ-પદ્ધતિની શ્રેષ્ઠતાની આપણને પ્રતીતિ થયા વિના રહે નહિ. બાળકોની બાળસભા અને રોજની પ્રાર્થના તો મને ખૂબ જ ગમી ગઈ. આશાદેવીના સાન્નિધ્યમાં રહેતાં બાળકો સંસ્કારી થયાં વિના રહે ખરાં? આશાદેવી જેવાં શિક્ષક–શિક્ષિકાઓ જ આ શિક્ષણ-પદ્ધતિને યશસ્વી કરી શકશે.

ફરીદાબાદમાં નિર્વાસિતો વચ્ચે

દિલ્હી પાસે ફરીદાબાદમાં ચાળીસ હજાર નિર્વાસિતો માટે એક છાવણી તૈયાર થઈ, સહકારી પદ્ધતિ પ્રમાણે ખેતીના પ્રયોગો શરૂ થયા. પછી ત્યાંનાં બાળકોના શિક્ષણની વિકટ સમસ્યા ઊભી થઈ ત્યારે પંડિત નેહરુએ પોતે આશાદેવીને સેવાગ્રામથી દિલ્હી બોલાવ્યાં અને નિર્વાસિત બાળકોના શિક્ષણની જવાબદારી એમને સોંપી. મેં એમને પૂછ્યું, "સેવાગ્રામ છોડીને તમે અહીં શા માટે આવ્યાં?" ત્યારે એમણે જવાબ આપ્યો, "હું પંડિતજીના નિમંત્રણે અહીં આવી એ ખરું, પરંતુ આ છાવણી જોવા માટે ફરીદાબાદમાં હું પહેલાં બધે ફરી અને નિર્વાસિતોનાં બાળકોને માટીમાં, તાપમાં રમતાં મેં જોયાં. બાળપણમાં જ તેમનાં મુખ પર પથરાયેલું ગાંભીર્ય જોયું અને મારી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. નિર્વાસિત તરીકે આવેલાં ઘણાંખરાં સ્રી–પુરુષોનું જીવન નકામું જવાનું તો છે જ, પરંતુ એમની આવતી પેઢીને તો બચાવી લેવી જ જોઇએ એવું મને લાગ્યું અને મેં અહીં રહેવાનું નક્કી કર્યું."

સેવાગ્રામનાં બાળકો એમને છોડવા રાજી ન હતાં. આશાદેવીએ નિર્વાસિત બાળકોની કરુણ કથા પોતાનાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓને કહી સંભળાવી અને ફરીદાબાદ જવાની અનુમતિ એમની પાસેથી મેળવી. સાત વર્ષની પાયાની તાલીમ પૂરી કરવાથી વિદ્યાર્થીઓ કામમાં મદદ કરી શકે એવાં બને છે. ૧૪–૧૫ વર્ષનાં છોકરાંઓ વર્ગ ચલાવી શકે છે અને

બીજાં કામો પણ કરે છે. છોકરાંઓ પ્રમાણે વિધવા બહેનો માટે પણ કંઈ કરવું જોઈએ એમ એમને લાગવાથી હાલ એમણે એ કામ હાથ ધર્યું છે.

આશાદેવી હંમેશાં કામમાં પરોવાયેલાં હોય છે. સેવાગ્રામની સાદી રહેણીકરણી અને નિયમિતતા એમનાં અંગોમાં ઓતપ્રોત થઈ ગઇ છે. એમના એકેએક વર્તનમાં જ્ઞાનના તેજનો અને નિયમનો સુમેળ દેખાઈ આવે છે. નાનાં બાળકો હોય તો તે તેમની સાથે એકરૂપ બની જાય છે.

“અમે સર્વ તમારી જ સેના”

આપણા પ્રમુખ શ્રી રાજેન્દ્રપ્રસાદ ફરીદાબાદની છાવણીની મુલાકાતે આવ્યા હતા ત્યારે ત્યાં બનેલી એક વાત ઘણી આનંદદાયક છે. સરહદ પ્રાંતના છ સાત જિલ્લાઓમથી આવેલા કેટલાક ખુદાઈ ખિદમતગાર નિર્વાસિતો એક હારમાં ઊભા હતા. શ્રી રાજેન્દ્રબાબુથી દશેક ડગલાં આગળ આશાદેવી ચાલતાં હતાં. એમને જોઈને તરત જ તેઓ બોલ્યા, “માતાજી, તમે અમારી હારમાં પહેલાં ઊભાં રહો. અમે તમારી સેના છીએ.” ફરીદાબાદની છાવણીમાં નિર્વાસિતોનાં મન આશાદેવીએ કેવાં વશ કરેલાં છે તે એ ઉપરથી જણાઇ આવે છે.

દિલ્હીના પ્રખર તાપમાં, વરસાદમાં, કીચડમાં, વાવાઝોડાથી ઊડી જતા તંબૂઓમાં વસતાં લોકો સાથે આશાદેવી સુખ-સમાધાનથી રહે છે અને ત્યાંનાં નિર્વાસિત વિધવા બહેનો અને બાળકો સાથે દિનરાત મહેનત કરે છે. ફરીદાબાદમાં કંઈ પણ મુશ્કેલી આવે ત્યારે આબાલવૃદ્ધોનાં મુખમાં એક જ વાક્ય હોય: “એમને પૂછો એમની સલાહ લો.” આશાદેવીના અંતઃકરણમાં રહેલી સેવાવૃત્તિ વડે તેમણે સૌનાં મનને જીત્યાં છે.

બબડતાં ન બેસતાં, લોભ સંગ્રહમાં ન અથડાતાં, મહત્ત્વાકાંક્ષાના ફંદમાં ન ફસાતાં પ્રાપ્ત થયેલી પરિસ્થિતિમાં સહકારથી શ્રમ કરીને અડચણોનો સામનો કરવો એને જ ‘જીવન’ કહેવામાં આવે છે. એ માટે અંતઃકરણમાં સહાનુભૂતિ અને ઉત્સાહ હોવાં જોઈએ. નિર્લોભ સહકાર્ય એ જ જીવનસંગ્રામનું પ્રભાવી અસ્ત્ર છે. એ જીવનશિક્ષણ આપવાનો પાયાની કેળવણીમાં પ્રયત્ન છે. જીવનવીર નિર્માણ કરવો એ આ શિક્ષણનો હેતુ છે. આ આદર્શ જેના જીવનમાં સાકાર થયેલો છે એવો શિક્ષક જ આવું શિક્ષણ આપી શકે. શિક્ષકનું જીવન જ આ પદ્ધતિમાં અમોઘ પાઠ છે. આશાદેવીનું જીવન એટલું બોધદાયક છે તેથી જ તે યશસ્વી શિક્ષિકા બની શક્યાં છે.

ગુરુદેવ કહે છે: “સંયમથી વિકાસ થાય છે. ઝાડને મૂળોએ જમીન સાથે જકડી રાખ્યું છે, એટલે જ ઝાડ ઊંચે જાય છે અને ફળફૂલથી શોભાયમાન બને છે. ઝાડ જો કહેશે કે આ મૂળનાં બંધન શાને માટે? મને ઊંચે ઊડવા દો; તો શું એ ઝાડ ઘોર ગંભીર બનશે કે ભરાવદાર થશે? તે સૂકાઈ જશે. તે બાંધેલું છે એટલે જ ઊંચે વધે છે. નદીની બન્ને બાજૂ કિનારાનું બંધન છે એટલે જ તેને ગતિ છે, ઊંડાઈ છે. સિતારને તાર બાંધેલા છે એટલે જ તે તાર દિવ્ય સંગીત સુણાવે છે.” આવો આ સંયમનો મહિમા છે. સંયમ વિના સુસંસ્કૃતિ નથી, વિકાસ નથી.

પ્યારાબાપુ



એમ માનેલું તેમ આચરવું [illegible]
રૂપાળા [illegible] [illegible]
પણ [illegible] [illegible] [illegible]
ગણતા તે તેને અટકાવવા [illegible]
જોઈએ- [illegible] [illegible]
[illegible] [illegible]
ઉપરાંત [illegible] ધર્મ પાળતાં
[illegible] દોષ [illegible] તેના [illegible] તો
[illegible] નથી- પરદોષ [illegible]
[illegible] [illegible] સ્વભાવની-
સર્વ ધર્મ [illegible] [illegible]
[illegible] હું [illegible] [illegible]
[illegible] પણ [illegible]



વપરાય છે. બહેન પરણે
ત્યારે ભાઈની સાથે નથી
રહેતી 'ચારિણી'માં જીવન
પર્યંત સાથે રહેવાની ગંધ છે.
અને શબ્દનો એક અર્થ રૂઢ
થઈ ગયો છે એટલે બદલવું
મુશ્કેલ છે. જરૂર પણ નથી.
૨૪ ૬/૩૨ બાપુ

ચિ........

જેમ મોરનું તેમ આપણું જાણ. રૂપાળા લાગતાં સ્ત્રી પુરુષો પણ મૃત્યુ પછી જોવાં નથી ગમતા ને તેને ઝટ બાળી મૂકીએ છીએ. એથી જ શરીર ઉપર મોહ નથી રાખવો.

ઉપરી કહે તે ધર્મ પાળતાં કોઇના દોષ વિષે તેને કહેવું તેમાં દ્વેષ નથી. પણ દોષ કરનારને હેતપૂર્વક ચેતવણી આપવી.

સહધર્મચારિણીનો અર્થ સુજે તો તું કરે છે તે જ છે. પણ તહેવારમાં પત્નીને જ સારુ વપરાય છે. બહેન પરણે ત્યારે ભાઈની સાથે નથી રહેતી 'ચારિણી'માં જીવન પર્યંત સાથે રહેવાની ગંધ છે અને શબ્દનો એક અર્થ રૂઢ થઇ ગયો છે એટલે બદલવું મુશ્કેલ છે. જરૂર પણ નથી. ૨૪-૬-૩૨ બાપુ

એક યુવક યુવતી ભિન્ન વર્ણોનાં છે. સાથે ઊછરેલાં છે. સમાનશીલ વ્યસન છે. એકબીજા વચ્ચે શુદ્ધ પ્રેમ થયેલો માને છે. વિવાહ કેમ ન કરીએ? પણ વર્ણાન્તરનું બંધન નડે તેનું શું? વડીલોને કેમ સંતોષવા? અને ભાવી પ્રજાનું શું? અને આ સવાલનો નિકાલ બહુ લંબાય તો અધીરાઈથી અનાચાર થાય એવો ભય. એટલે ઉતાવળે નિકાલ જોઇએ છે! બાપુએ આ પ્રેમીઓની મૂંઝવણ ટાળતા લખ્યું:

ચિ........

"જ્યાં શુદ્ધ પ્રેમ હોય ત્યાં અધીરાઈને સ્થાન હોતું નથી. શુદ્ધ પ્રેમ દેહનો નહિ પણ આત્માનો જ સંભવે. દેહનો પ્રેમ તે વિષય છે. તેના કરતા વર્ણબંધન વિશેષ છે. આત્મપ્રેમને કશું બંધન નડે નહિ. પણ એ પ્રેમમાં તપશ્ચર્યા હોય. અને ધીરજ તો એટલી હોય કે મરણ સુધી વિયોગ રહે તોય શું? તમારું પ્રથમ કાર્ય તમારી મુશ્કેલી વડીલોની પાસે મૂકવાનું છે, અને તે જે કહે તે સાંભળવાનું અને વિચારવાનું છે. છેવટમાં યમનિયમાદિના પાલનથી તમારું અંતઃકરણ શુદ્ધ થાય અને તેમાંથી જે અવાજ નીકળે તેને માન આપવું એ ધર્મ.

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

અખૂટ લીલા

જીવન અને દોહનમાં એક પ્રકારનું સામ્ય છે. ગાય દોહવા બેઠા; જેટલું દૂધ દોહી શકાય તેટલું દોહી લીધું. મનમાં ખાતરી થઈ કે હવે એક ટીપું દૂધ પણ બાકી રહ્યું નહી હોય. ગાયને ચરવા છોડી મૂકી. સાંજે ગાય એની મેળે ઘેર આવી. જોયું તો તેનાં આંચળ પહેલાંની જેમ જ દૂધથી ભરપૂર, જાણે ફાટુ ફાટુ થઈ રહ્યાં ન હોય!

સુપુષ્પિત લતાનાં બધાં પુષ્પો ચૂંટી લીધાં, એક ફૂલ પણ બાકી ન રાખ્યું બીજે દિવસે જોયું તો લતા નવોઢાની જેમ ફૂલોથી સજેલી! બાર બાર કોસ જોડી સાંજ સુધી કૂવામાંથી પાણી બહાર કાઢયું. તળિયા સુધી ખોતરી ખોતરીને બધું પાણી કાઢી લીધું. સવારે ઊઠીને જોયું તો કૂવો જેવો ને તેવો પાણીથી છલોછલ ભરેલો!

અમારા હિમાલયના પ્રવાસમાં સવારે જ અમે એક ગગનચુંબી શિખરને સામે જોયું. જોતાં લાગ્યું કે એનાથી વધારે ઊંચુ બીજું કંઈ હોઇ જ ન શકે. છાતીમાં પ્રાણ ભરી આખો દિવસ ચાલ્યા કર્યું. અને સાંજે તે શિખર ઉપર પહોંચ્યા. રસ્તે ચાલતાં એ જ વિચાર કરતા હતા કે, એ શિખર ઉપર પહોંચ્યા પછી કાં તો ઉતાર હશે અથવા તો સપાટી હશે. પરંતુ શિખરની ટોચ ઉપર ચઢીને જોયું તો એ તો એક બીજા પ્રચંડ પહાડનું નાનું શિખર માત્ર હતું. પહેલો પર્વત બીજા પર્વતનાં ચરણોમાં હોવાથી જાણે કે છુપાઈને બેઠો હતો એટલું જ. થાકીને પથારીમાં પડ્યા. સવારે નવી તાજગી મેળવી નવો પર્વત ચઢવાનું શરૂ કર્યું, અને મનમાં ગાંઠ વાળી કે આજે તો અમને ખરેખરું શિખર મળશે જ. સાંજ પડી અને પાછી એ જ ઘટના! પહેલા બે દિવસ તો એટલોય વિશ્વાસ હતો કે સાંજ પડતાં અમારું ચઢવાનું પૂરું થઈ જશે. પણ ત્રીજે દિવસે તો તે વિશ્વાસ પણ ન રહ્યો. ભાગ્યમાં હશે તે થશે એમ વિચાર કરી ચાલ્યાં. ચઢવું તે અમારા લલાટનો લેખ છે, આજીવન ચાલતા રહેવું એ જ અમારું કામ છે. અરે, આને ગિરિ-આરોહણ કોણ કહેશે? આ તો છે સ્વર્ગારોહણ! મનમાં નક્કી કરી લીધું કે અહીં ચઢાણ વધતું જાય તો આશ્ચર્ય પામવા જેવું નથી, ઘટે તો ખરેખર આશ્ચર્ય! શરૂ શરૂમાં શિખરે પહોંચવાની ફળાશા પ્રેરક હતી. પછી તો ચઢવું, માર્ગ કાપવો, આગળ વધવું અથવા ચાલતા રહેવું-બસ, આ નિષ્કામ કર્મ જ અમને અખંડ પ્રેરણા આપવા લાગ્યું.

જીવન પણ એવું જ છે. એકવાર આપણે માની લઈએ કે નાટક પૂરું થયું, પણ ફરી પડદો ઊપડે છે, અને પછી ભાન થાય છે કે જેને આપણે સંપૂર્ણ નાટક માની બેઠા હતા તે તો માત્ર પહેલો અંક જ હતો. ખરું નાટક તો હવે પછી ભજવવાનું છે.

જ્ઞાનેશ્વર જેવા કવિ કોઈ સિદ્ધાંતને સ્પષ્ટ કરવા કોઈ સુંદર ઉપમા આપી તેનો

વિસ્તાર કરી બતાવે છે, ત્યારે એવી કંઈક તૃપ્તિ થાય છે કે જાણે એથી વધારે સુંદર રીતે બીજું કોણ બતાવી શકશે? તૃપ્તિનો આ આનંદ હૃદયમાં ડોલવા લાગે છે, એટલામાં તો જ્ઞાનદેવને વળી એથી વધુ સુંદર ઉપમા સૂઝે છે. જાણે આપણે આ દુનિયામાંથી કોઈ બીજી જ દુનિયામાં જઈ પહોંચ્યા ન હોઈએ! મન પોકારી ઊઠે છે–બસ, બસ, બસ, અહીં જ જ્ઞાનેશ્વરે કમાલ કરી! એટલામાં તો એથીયે ચઢિયાતું ત્રીજું રૂપક હાજર થાય છે! આ માધુર્યના નશામાં કલ્પના એવી મુર્છિત જેવી બની જાય છે કે, મન હારને કારણે થાકીને પોકારી ઊઠે છે કે, અહો! આ જ્ઞાનદેવને શું કહીએ!

જ્ઞાનેશ્વરની પ્રતિભાની આ દશા છે તો ભગવાનની પ્રતિભાને સીમા કયાંથી હોય!

આપણને ઘણી વાર લાગે છે કે બસ હવે આપણો જમાનો ચાલ્યો ગયો! જે કરવાનું હતું તે પૂરું કર્યું. આપણે હાથે જે થવાનું હતું તે થઈ ગયું, હવે આપણા જીવનનો ઢોલ વાગી ચૂકયો; માત્ર પોલ જ બાકી રહી ગયું છે. બધું પૂરું કરી દીધું! હવે તો એક ખૂણામાં બેસી મોતની રાહ જોતા રહેવાનું છે. આમ જીવનના આનંદને રાજીનામું આપી વિષાદનું પેન્શન મેળવવાની તૈયારી કરવા લાગ્યા એટલામાં તો નવું જ નિયુક્તિપત્ર હાથમાં મૂકવામાં આવે છે અને આપણા પર એક નવો પ્રદેશ કબજે કરવાની જવાબદારી આવી પડે છે! આપણે તો જાણતા હતા કે જીવન પૂરું થયું, પણ તે તો ભાવિ કર્તવ્યનો અરુણોદય નીકળ્યો! આજ સુધીની તે નોકરી ન હતી; પણ ઉમેદવારી હતી. ભગવાનને ત્યાં હંમેશાં આ જ ઘટમાળ ચાલ્યા કરે છે.

ભેબેછિનુ મને જા હબાર તારિ શેષે
જાત્રા આમાર બુઝિ થેમે ગેછે એસે.
નાઈ બુઝિ પથ, નાઈ બુઝિ આર કાજ,
પાથેય જા છિલ ફુરાયે છે બુઝિ આજ,
જેતે હબે સ'રે નીરબ અન્તરાલે
જીર્ણ જીવને છિન્ન મલિન બેશે.
કી નિરખિ આજિ, એ કી અફુરાન લીલા,.
એ કી નબીનતા બહે અન્ત:શીલા.
પુરાતન ભાષા મરે એલ જબે મુખે,
નબ-ગાન હયે ગુમરિ ઉઠિલ બુકે,
પ્રરાતન પથ શેષ હયે ગેલ જેથા
સેથાય આમારે આનિલે નૂતન દેશે.

કવિ કહે છે, મેં માન્યું હતું કે મારો કાર્ય-કાળ પૂરો થયો, મારા જીવનમાં જે કંઈ થવાનું હતું, જે કામ કરવા આવ્યો હતો તે હવે પૂરું થયું. હવે કોઈ પ્રકારનો ઉત્સાહ રહ્યો નથી. હવે અમારું મગજ કામ કરતું નથી, હાથપગની ગતિ મંદ પડી ગઈ છે–જાણે કે જીવનયાત્રા એની અંતિમ મંજિલે પહોંચી ગઇ છે. આગળનો રસ્તો દેખાતો નથી, નવું કોઇ કામ સૂઝતું નથી. પ્રવાસ માટે સાથે જે પાથેય બાંધી લાવ્યો હતો, તે પણ ખૂટી ગયેલું માલમ પડે છે. બસ, હવે વૃદ્ધાવસ્થાના જીર્ણ જીવનમાં જર્જરિત અને મેલાં વસ્ત્ર પહેરી, નીરવ શૂન્યતામાં પ્રવેશ કરીએ એટલું જ બાકી રહ્યું છે.

પણ આજે આ શું આશ્ચર્ય હું જોઈ રહ્યો છું! કેવી છે આ અખંડ અનંત લીલા! અચાનક મારા અંતરમાં આ નવીનતા કયાંથી ફૂટી નીકળી?

પુરાણી બોલી હોઠ પર સુકાઈ રહી છે એટલામાં હૃદયના અંતરતમ ભાગમાંથી ગીતની

એક નવી જ કળી ખીલી ઊઠે છે, એક નૂતન સંગીતનો ફુવારો ઊડી રહ્યો છે જે બહાર આવવા અધીર થઈ ગયો છે.

પુરાણો રસ્તો પૂરો થયો. મેં માની લીધું કે આગળ કશું નથી. પણ આશ્ચર્ય! સામે એક અદ્‌ભુત નવો પ્રદેશ દેખા દે છે. અને હું વિચારમાં પડી જાઉં છું કે જૂના માર્ગનો હેતુ મને આ નવા પ્રદેશની સીમા સુધી પહોંચાડવાનો તો નહીં હોય?

એ તદ્દન નવા અને અજાણ્યા પ્રદેશમાં મેં પ્રવેશ કર્યો. કેટલીયે જમીન મારા પગોથી અંકિત થવાને માટે પ્રત્યેક ક્ષણે મારી સામે આવીને પડેલી છે! ભગવાનની પ્રતિભા ખરેખર અનંત છે! જીવનેશ્વરે બક્ષેલું આ જીવન-દાન કદાપિ પૂરું થતું જ નથી. જેમ અંધકારમાં અરુણોદય ચમકી ઊઠે છે, વૃદ્ધાવસ્થામાં જેમ નવા બાળકને જન્મ આપવામાં આવે, તેમ એક જીવન-વિસ્તાર સુકાવા લાગે કે નૂતન જીવનનાં વસંતાંકુરો ફૂટતાં દેખાય છે. ધન્ય છે આ 'અકુરાન' લીલા.

શ્રી કૃષ્ણ ભગવાનને હમેશા અર્જુન પાસે જવાની ટેવ હતી, તે જોઈ રુકિમણીજીને ઘણું ખોટું લાગતું અને વારંવાર કહેતા કે હું આપની સેવામાં હાજરને હાજર રહું છું; છતા આપ અર્જુન પાસે હમેશા દોડો છો, તો એવું અર્જુનમાં શું છે? એક દિવસ ભગવાન હમેશના નિયમ મુજબ અર્જુન પાસે જવાની તૈયારી કરતા હતા, તે દિવસે યાદવોને તેમની હાજરીની ખાસ જરૂર હતી; એટલે રોકાવા માટે તેઓએ તેમને આગ્રહ કર્યો. રાણીઓને પણ તે દિવસે કંઈ ઉત્સવનો પ્રસંગ હતો, તેથી રુકિમણી વગેરે બધી પટ્ટરાણીઓએ પણ તેમને રોકાવા વિનંતી કરી; છતાં હમેશના રિવાજ પ્રમાણે શ્રીકૃષ્ણ તો અર્જુન પાસે ગયા જ. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે અર્જુન શિકારેથી થાકીને આવ્યા હતા. આથી સ્નાન કરી પાટ ઉપર સૂતા હતા અને દ્રૌપદી નીચે બેસી તેમના ભીનાં કેશ કોરાં કરતાં હતાં. તેમને આવેલા જોઈને દ્રૌપદી તરત જ તેમને માટે આસન લેવાં ગયાં. એટલે કૃષ્ણ દ્રૌપદીની જગ્યાએ બેસી અર્જુનના કેશ કોરાં કરવા લાગ્યા. આટલા અત્યાગ્રહ છતાં શ્રીકૃષ્ણ અર્જુન પાસે ગયા, તેથી રુકિમણીજી ગુસ્સામાં આવી જઈને શ્રીકૃષ્ણ ત્યાં જઈને શું કરે છે; તે જોવાના કુતૂહલથી તેમની પાછળ ગયાં. ત્યાં આવી પહોંચતાં શ્રીકૃષ્ણને અર્જુનના કેશ કોરાં કરતા જોઈ તેઓ વધારે ગુસ્સે થયાં. પણ અર્જુન નિદ્રાવશ હતા તેમાંથી જાગ્રત ન થાય તેવા આશયથી શ્રીકૃષ્ણે રુકિમણીજીને મૌન રહેવા સંજ્ઞા કરી અને તું પણ કેશ કોરાં કરવામાં મદદ કર એમ ઈશારાથી કહ્યું. આથી તે પણ અર્જુનના કેશ કોરાં કરવાં લાગ્યાં. શ્રીકૃષ્ણે રુકિમણીને ઈશારાથી સમજાવ્યું કે, કેશ કોરાં થાય છે કે નહિ તેની ખાતરી માટે ગાલે કેશ લગાડી જોજો. આ સાંભળતાં રુકિમણીજીનો ગુસ્સો ખબ વધતો ગયો, પણ શ્રીકૃષ્ણની આજ્ઞાને આધીન થઇ, કેશ કોરાં થયા કે નહિ તેની ખાતરી કરવા ગાલે કેશ લગાડતાં અર્જુનના દરેકે દરેક કેશમાંથી 'કૃષ્ણ' 'કૃષ્ણ' એવો સતત નાદ થતો રુકિમણીએ સાંભળ્યો. એટલે શ્રીકૃષ્ણ પરના પોતાના અતુલ પ્રેમનું અભિમાન ટળી ગયું અને અર્જુનનો શ્રીકૃષ્ણ પર કેવો અપૂર્વ પ્રેમ છે તે સમજાઈ ગયું અને શરમાઇ ગયાં.

હજારોમાંથી કોઈક જ સિદ્ધિને માટે યત્ન કરે છે……………………

ધીરેન ગાંધી

ગરીબ ઘરમાં તેનો જન્મ થયો. દુઃખના ઓછાયામાં રમતો રખડતો તે તેર વરસનો થયો. તેના ભણતર માટે બાપ પાસે પૈસા નથી. બાપ થોડું કમાય છે તેમાંથી રોટલાનાં બટકાં મળે છે. માબાપની ચિંતા ટાળવા, માબાપનાં દુઃખો દૂર કરવાના વિચારમાં તેને હવે રમત ગમતમાં રસ નથી પડતો.

એક દિવસે તે છોકરો નોકરીની શોધમાં નીકળી પડ્યો. એક છાપખાનાંમાં રહી ગયો. છોકરો ચતુર અને ચાલાક હતો. તેનામાં કંઈક કરી નાંખવાની વૃત્તિ હતી. છાપખાનાંમાં બીજા ઘણા માણસો કામ કરતા હતા. તે બધાંને જોઈને, તેઓના જીવન જોઇને તે વિચારમાં ગડથોલા ખાવા લાગ્યો. શા માટે આ મજૂરોની આવી જિંદગી છે? આમાં કોનો દોષ? તેઓની પાસે સારાં કપડાં, સારાં મકાનો વગેરે કેમ નથી? શું મારે પણ જિંદગી આમ પસાર કરવી પડશે? આમ જ જીવન આખું ઢસડવું પડશે? ના, ના, મજૂરી કરવા છતાં જો આમ જીવનનો પ્રવાહ વહે એ શા કામનો?

આમ એ રોજ વિચાર્યા કરે. વિચારે તેને શું ન સૂઝે? છોકરાને એક વાત સૂઝી. વિચાર આવતા જ તેણે અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો. બસ, એમ જ કરીશ. જરાય ડગીશ નહિ. અને તેના મોં પર સંતોષની છાયા પથરાઈ. તેને એક માયાળુ કાકી પણ હતા. કાકીને પત્ર લખ્યો. તેમાં લખ્યું કે, હું અહીં નોકરી કરું છું ત્યાં ઘણા મજૂરો કામ કરે છે. કોઈના શરીર પર પૂરતાં કપડાં નથી, કોઈને રહેવાના ઠેકાણાં નથી, તેઓ જેટલું કમાય છે તેટલું જેમ તેમ મોજ-શોખમાં ઉડાવી નાખે છે. બધાંને કંઇને કંઈ વ્યસન ચોંટયું છે. મેં સંકલ્પ કર્યો છે કે મારે જો આવા જીવનમાંથી મુક્ત થવું હોય તો મારે ખૂબ સાદાઈ અને સંયમથી રહેવું જોઈશે. કપડાં અને ખાવામાં જ પૈસા વાપરીશ. તેમાંય કરકસર કરીશ. તે સિવાય ખોટા ખર્ચમાં એક પાઈ પણ નહિ વાપરૂં. વ્યસનમાં તો હરગીઝ નહિ જ. આમ દર મહિને થોડા થોડા પૈસા બચાવીશ. બરાબર દસ વરસ પછી મારી પાસે અમૂક રકમ એકઠી થશે. તેમાંથી એક નાનકડું છાપખાનું લઈશ. અને છાપખાનાંનુ બધું કામ હું પોતે જ કરીશ. અને મારો વિકાસ કરીશ.

આ પત્ર વાંચીને કાકી અને ઘરનાં બધાં હસ્યાં. બધાંનાં મોંમાંથી શબ્દો સર્યા, કે ગાંડો છે ગાંડો. એવું તે કંઈ થઇ શકે?

દસ વરસ પસાર થયા. છોકરામાંથી તે તેવીસ વરસનો યુવાન બન્યો. તે પોતાની ટેકને બરોબર વળગી રહ્યો. ઘણા પ્રલોભનો આવ્યાં તેનો સામનો હસતા હસતા કર્યો. તેની ગણત્રી સાચી પડી. નાનકડાં છાપખાનાં માટે પૈસા ભેગા થઇ ગયા. તેણે છાપખાનું લીધું. બધું કામ હાથે જ કરે છે. દરેક કામમાં પોતાનો પ્રેમ રેડે છે. કામમાં પ્રાણ પૂરે છે. ઘરાકોને જરાય છેતરતો નથી. બધા ઘરાકો તેના કામથી સંતોષ પામે છે. આમ બધાંનો પ્રેમ જીતી લઇને તે મહાન બન્યો. આ છોકરો તે કોણ? આ છોકરો તે મિ૰ આર્થર કેપર. અમેરિકાનો રહીશ. આજે તેની પાસે કરોડો રૂપિયા છે. મોટાં મોટાં કેટલાંય છાપખાનાં ચલાવે છે. ટેક, મહેનત અને ખંતથી માણસ શું ન કરી શકે?

ગીતાના સાતમા અધ્યાયના ત્રીજા શ્લોકની પહેલી કડી આંખ સામે આ વખતે દોડતી આવે છે: મનુષ્યાણાં સહસ્ત્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે। "હજારો માણસોમાંથી કોઈક જ સિદ્ધિને માટે યત્ન કરે છે."

ધ્યા રાબા સુ



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

[૪]

ગાંધીજીનો આશ્રમ સાધુ સંતોનો નર્યો અખાડો નહોતો. તે સ્વરાજ્યના સાધકોનો આશ્રમ હતો. એ આશ્રમને પોતાનાં કેટલાક નિયમો અને વ્રતો હતાં. હરેક આશ્રમવાસીને અગિયાર વ્રતોનું પાલન કરવું જરૂરી હતું. એ વ્રતોમા એક વ્રત અપરિગ્રહનું પણ હતું. પરિગ્રહ એટલે સંચય. જરૂરી તેમ જ બિનજરૂરી ચીજોને આજુબાજુથી એકઠી કરી રાખવી તેને પરિગ્રહ કહેવાય છે. જેનું કામ બે ધોતી, બે ખમીસ અને બે ટોપીથી ચાલે તેમ હોય તે જ્યારે પોતાની પાસે ૧૦ ધોતી, ૧૦ ખમીસ અને ૧૦ ટોપી રાખે ત્યારે તે પરિગ્રહી કહેવાય. ગાંધીજીએ પોતાના આશ્રમમાં આ પ્રકારના બધા પરિગ્રહોની મનાઈ કરેલી હતી. કોઈપણ આશ્રમવાસી પોતાની રોજની જરૂરિયાત કરતાં કોઈ વસ્તુ વધારે રાખી શકતો ન હતો. પછી તે ચીજ ખાવાપીવાની હોય, પહેરવા-ઓઢવાની હોય કે કોઈ કામ-ધંધાની હોય. રૂપિયા, પૈસા, સોનું-ચાંદી, વિવિધ પ્રકારનાં ઘરેણાં એવી કોઈ વસ્તુ કોઈ રાખી શકતું જ નહીં. જેની પાસે એવી કોઈ વસ્તુ હોય તો તે તેને આશ્રમના કાર્યાલયમાં જમા કરાવવી પડતી. જૂના આશ્રમવાસીઓ પણ પોતાની પાસે પૈસા રાખી શકતા ન હતા. આશ્રમમાં સ્ત્રીઓ તથા બાળકોને સોના ચાંદીનાં ઘરેણાં પહેરવાની મનાઈ હતી પુરુષ તો કંઈ પણ પહેરી શકતો જ નહોતો. જેમની પાસે એવાં ઘરેણાં હોય તેમણે આશ્રમમાં દાખલ થતાં જ બધાં ઘરેણાં આશ્રમના કાર્યાલયમાં જમા કરાવવાનો નિયમ હતો.

સિદ્ધાન્ત અને આદર્શની ભાવના સાથે એ નિયમનો વ્યવહારિક ઉપયોગ પણ હતો. આશ્રમની ચારે બાજુ ખુલ્લી જગા હતી. એક તરફ જંગલ હતું. બીજી બાજુ નદી હતી. નજીકમાં એક સરકારી જેલખાનું હતું અને બીજી બાજુ સ્મશાન હતું. નજીકમાં બીજી કોઈ વસ્તી નહોતી. એટલે રાતના સમયે એકાન્તનો લાભ લઇ કેટલાક આજુબાજુના લોકો ચોરી કરવાના ઈરાદાથી અંદર

પેસી જતા અને લાગ ફાવે ત્યાંથી કોઈ પણ વસ્તુ ઉપાડી જતા. ચંપલ, જોડા, થાળી, વાટકો, લોટો, પ્યાલો, ફાનસ પહેરવા ઓઢવાના કપડાં, ખાવાપીવાની વસ્તુઓ તથા બાળવાનાં લાકડાં તથા કોલસા સુદ્ધાં તેઓ ચોરી જતા. કોઈ કોઇવાર આવા લોકો આશ્રમનાં ઘરોમાં ખાતર પાડીને ખાવાપીવાની વસ્તુઓ ચોરી જતા. તેથી આશ્રમમાં રોજ ચોકી પહેરાની જરૂર પડતી હતી.

આ રીતે રાત્રે થતી નાની મોટી ચોરીઓ સિવાય કોઈ કોઈવાર દિવસે પણ ચોરી થતી. આ ચોરીઓ લોકો મહોમાંહે જ કરતા હતા, તેથી તેની ભાળ કરવી મુશ્કેલ થઈ પડતી.

સને ’૨૯ના ઑક્ટોબર–નવેમ્બરની વાત છે. તેના થોડા મહિના પહેલાં જ જૂની પરંપરામાં ઊછરેલી ૧૪–૧૫ વર્ષની એક છોકરી આશ્રમમાં આવી હતી. તેનું લગ્ન થઈ ગયું હતું. તેના પતિ આશ્રમમા કામ કરતા હતા. પતિના આગ્રહથી જ તેને આશ્રમમાં આવવું પડયું હતું. આવી ત્યારે લાજ કાઢતી હતી, મિલનાં કપડાં પહેરતી હતી તથા શરીર પર સોનાં ચાંદીનાં કેટલાંક ઘરેણાં પણ પહેરતી હતી. આશ્રમમાં આવ્યા પછી તેણે લાજ કાઢવાનું છોડી દીધું. ખાદીનાં કપડાં પહેરવા લાગી તથા ઘરેણાં પણ ઘણાંખરાં ઉતારી દીધાં. આવી ત્યારે તેને લખતાં વાંચતાં આવડતું ન હતું. પણ આશ્રમના વાતાવરણની તેના પર અસર થઈ અને ધીમે ધીમે તેનામાં ફેરફાર થવા લાગ્યો. તેની હિંમત તથા જ્ઞાન વધ્યાં. પણ પોતાનાં ઘરેણાં પ્રત્યે તેને એટલી તો આસક્તિ હતી કે તેમને તે કાર્યાલયમાં જમા કરાવવા તૈયાર ન થઈ. પોતાની પેટીમાં બંધ કરીને રાખી મૂકયાં. આશ્રમમાં આવી તે પહેલાં ચાંદીનાં વજનદાર સાંકળાં પહેરતી હતી. આશ્રમમાં આવ્યા પછી તે પગમાંથી કાઢી પોતાની પેટીમાં મૂકયાં અને પેટીને તાળું વાસ્યું. મહિનાઓ સુધી તે સાંકળાં તેની પેટીમાં પડી રહ્યાં.

એક દિવસે સવારમાં તેની ચાવીઓનો ઝૂમખો ખોવાઇ ગયો. તે બેબાકળી બની ગઇ ને બધે શોધવા લાગી. આખો દિવસ શોધ કરી છતાં તે મળ્યો નહીં. આશ્રમમાં તેની સાથે રહેતી બીજી મોટી બહેનોએ પણ તેને શોધવામાં મદદ કરી પણ ઝૂમખો ન જ મળ્યો. છેવટે બધાંનાં અભિપ્રાયથી તે છોકરીની પેટીનું તાળું તોડવામાં આવ્યું. પેટી ઊઘડી અને છોકરીએ પોતાનો સામાન જોયો તો તેમાં તેને પોતાના ચાંદીનાં સાંકળાં ન દેખાયાં. તે રોવા લાગી. આશ્રમની મોટી બહેનોએ તેને આશ્વાસન આપ્યું. તેના પતિને ખબર આપવામાં આવી. પતિએ આવી તેને સમજાવી અને આશ્રમના કાર્યાલયમાં તેની ખબર આપી.

બાપુ એ દિવસોમાં સંયુક્ત પ્રાંતમાં ભ્રમણ કરી રહ્યા હતા. આશ્રમના મંત્રીએ તેમને આ ચોરીના સમાચાર પહોંચાડ્યા. તે છોકરીના પતિએ પણ બાપુને પત્ર લખ્યો. છોકરી પોતે પણ છેલ્લા કેટલાક મહિનાઓમાં થોડુંક લખતાં વાંચતાં શીખી ગઇ હતી. તેણે પણ પોતાની ભાંગી–તૂટી ભાષામાં બાપુને પોતાના નુકસાનની વાત લખી મોકલી.

આવા પ્રસંગો વખતે બાપુ પત્રોનો જવાબ તરત જ આપતા હતા. તેમણે અલીગઢથી પોતાના મૌનવાર (સોમવાર)ના દિવસે નીચે લખેલો પત્ર મોકલ્યો.

ચિ........

તારા ઘરેણાં ગયાં તે વાત દુઃખની નહીં પણ સુખની માનજે. તેં આશ્રમના નિયમનું ઉલ્લંઘન કર્યું તેની ઈશ્વરે તને શિક્ષા કરી છે. ઘરેણાં તને કાંઈપણ જરૂરનાં ન હતાં. હવે મારું કહેવું માનવું હોય તો જે ઘરેણાં તું પહેરે છે તે પણ ઉતારી નાખ.

પ્યારા બાપુ

તેને વેચી દે અને તેના પૈસા બેંકમાં મૂક. તારું મન પ્રસન્ન હશે. મને લખ્યા કરજે.

બાપુના આશીર્વાદ

બાપુના આ સુંદર પત્રથી છોકરી પોતાનું દુઃખ ભૂલી ગઇ. ઘરેણાંની ચોરીની તેના મન પર કંઇ અસર ન રહી. તેણે તરત બાપુને લખ્યું કે તેનું મન પ્રસન્ન છે અને તે ચોરીથી થયેલા દુઃખને ભૂલી ગઈ છે.

બાપુને તેનો પત્ર મળ્યો ત્યારે તેઓ પ્રવાસમાં ફરતા ફરતા કાલા કાંકર પહોચી ગયા હતા. ત્યાંથી તેમણે ૧૪-૧૧-'૨૯ના રોજ તે છોકરીને બીજો પત્ર લખ્યો.

ચિ........

તારો પત્ર મળ્યો છે. ઘરેણાં ગયાનું દુઃખ ભૂલી ગઈ તે સારું થયું. જો આપણે સારી રીતે વિચાર કરીએ તો આપણને લાગશે કે આ દુનિયામાં એક પણ વસ્તુ ખાસ એક વ્યક્તિની નથી. અમુક વસ્તુ આપણી માની ચાલીએ છીએ અને જ્યારે તે ખોવાઈ જાય છે કે નાશ પામે છે ત્યારે આપણને દુઃખ થાય છે. કોઇ ચીજને આપણી માનવાને બદલે તેને ઇશ્વરની માનીએ તો આપણું બધું દુઃખ નાશ પામે. ત્યારે પ્રશ્ન ઊઠે છે કે, કોઈ ચીજ કોઇની નથી તો તેનું રક્ષણ શા માટે અને કોણ કરે? તેનો જવાબ એ છે કે, તે ચીજના આપણે માલિક નથી પણ આપણી મહેનતથી જે ચીજ આપણા હાથમાં આવી અથવા કોઈ યોગ્ય સાધનથી આપણી પાસે આવી તો તેના ઈશ્વર તરફથી આપણે પ્રતિનિધિ અથવા રક્ષક છીએ. અને તેથી તેનું રક્ષણ કરવું એ આપણો ધર્મ થઈ પડે છે. અને આળસ કર્યા વગર તેનું રક્ષણ કરીએ, છતાં તે વસ્તુ નાશ પામે કે ગુમ થઈ જાય તો આપણે તેને માટે દુઃખી થવું જોઈએ નહીં.

બાપુના આશીર્વાદ

બાપુના આ બે પત્રોએ તે છોકરીને ઘરેણાં વિશે એવો સુંદર પાઠ શીખવી દીધો કે તે પછી તેણે ઘરેણાં પહેરવાની તથા નવાં બનાવવાની હઠ કરી નહીં. સાદા કપડાં અને સાદી સજાવટમાં તે પોતાના મનને સંતુષ્ટ રાખવા લાગી. પોતાની એ નાની ઉંમરમાં બાપુ પાસેથી અપરિગ્રહનો જે પાઠ તે શીખી તેને તે જીવનભર ભૂલી નહીં.

આ વાતને આજે ૨૧ વર્ષ થઈ ગયાં છે. તે છોકરી આજે પણ હયાત છે, પણ તેની સાદાઇ હતી તેની તે જ છે.

બાપુ કેવા મહાન અને સાચા શિક્ષક હતા, અને તેમનું શિક્ષણ કેટલું સફળ નીવડતું હતું તેનું આ એક જીવંત ઉદાહરણ છે.

આ રીતે બાપુએ કેટલાય લોકોને પોતાના જીવનનાં વ્રતોની દીક્ષા આપી હતી. દીક્ષા આપનાર અને દીક્ષા લેનાર આ રીતે ધન્ય થયાં!

* * *

જે જ્ઞાન અને અનુભવથી તૃપ્ત થયો છે, જે અવિચલ છે,
જે ઇંદ્રિયજિત્ છે અને જેને માટી, પથ્થર અને સુવર્ણ
સરખાં છે. એવો ઈશ્વરાપરાયણ મનુષ્ય
યોગી કહેવાય.—ગીતાજી

આજનો યુગધર્મ

મહાસતી ઉજ્જવલકુંવરજી

યુગ ધર્મ શબ્દ સાંભળતાં જ આપના મનમાં એ જિજ્ઞાસા ઉદ્ભવશે કે યુગ પરિવર્તનની સાથે ધર્મમાં પણ પરિવર્તન થઈ શકે છે કે શું? તેનો જવાબ 'હા' અને 'ના' બંનેમાં આપી શકાય છે.

પ્રત્યેક ધર્મશાસ્ત્રના ત્રણ ભાગ છે: સિદ્ધાન્ત વિભાગ, કથા–પુરાણ વિભાગ અને આચાર વિભાગ. અંગ્રેજીમાં તેને Principles, ritual Mythology કહે છે. જૈન શાસ્ત્રકારોએ દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણ કરણાનુયોગ–એમ ચાર વિભાગ પાડ્યા છે.

સિદ્ધાન્ત વિભાગ અર્થાત્ અહિંસા, સત્ય, અચૌર્ય અપરિગ્રહ. ક્ષમા, દયા અને દાનરૂપે ધર્મ તો બધા દેશોમાં, બધી જાતિઓમાં, બધા યુગોમાં અને બધા કાળમાં એક જ છે. સિદ્ધાન્ત વિભાગમાં કદી પરિવર્તન થતું નથી. આ દૃષ્ટિયે કહી શકાય કે યુગ પરિવર્તન થવા છતાં પણ ધર્મમાં પરિવર્તન થતું નથી.

હવે બીજી દ્રષ્ટિએ જોઈએ તો દેશ અને કાળ અનુસાર ધર્મશાસ્ત્રના બીજા બે વિભાગોમાં પરિવર્તન થાય છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે – Customs of one age, of one yuge have ont been customs of another. And as yuga comes after yuga, they will still have to change.

આ રીતે ધર્મ નહીં, પરન્તુ ધર્મના સાધનોમાં યુગ પરિવર્તન સાથે પરિવર્તન થતું રહે છે.

એક જમાનો ભક્તિયોગનો હતો; એક જમાનામાં જ્ઞાનયોગ અને રાજયોગની ધૂન લાગી હતી, ત્યારે આજનો યુગ કર્મયુગ છે. બીજા શબ્દોમાં કહીએ તો આજે સેવાધર્મનો જમાનો છે. ભક્તિયોગના યુગમાં કબીર અને મીરાંબાઈ જેવા ભક્તો થયાં; ભગવાન મહાવીર અને બુધ્ધ જેવા જ્ઞાનયોગી અને રાજયોગી થયા, પરંતુ આજના યુગને કર્મયોગીઓની આવશ્યકતા છે. મૂગાં સેવકોની જરૂર છે; વધેલી અસમાનતા અને વિષમતા દૂર કરવા માટે કર્મવીરોની જરૂર છે.

જ્યાં બધા સુખી હોય ત્યાં કર્મયોગને સ્થાન નથી; જ્યાં વિષમતાનું વિષ વિશેષ ફેલાઈ જાય છે ત્યાં તેને સમાવવાની આવશ્યકતા રહે છે; તેમ છતાં સામ્યવાદના પરિપૂર્ણ આદર્શ અપનાવવામાં પ્રજાકીય જીવનની વ્યવસ્થા રહી શકશે નહિ.

બુદ્ધિમાન અને મજૂર બંનેને કદાચિત સમાન પૈસા મળે તો બુદ્ધિવાન વિચારશે કે સાધારણ મજૂરીથી જ જો આટલા પૈસા મળતા હોય તો વ્યર્થ મગજમારી કરવાથી લાભ શો? શિક્ષક અને શોધક પણ એમ વિચારીને પોતાનું કાર્ય છોડી દેશે અને મજૂરી પસંદ કરશે. આમ થતાં અવ્યવસ્થા વધી જશે અને કોઈ પણ અધિક મગજમારીનું કાર્ય કરવાનું પસંદ નહી કરે. તે માટે બધામાં થોડો ઘણો તફાવત તો રાખવો જ પડશે.

જૈન દર્શનના કર્મના સિદ્ધાન્ત અનુસાર, પૂર્ણ સામ્યતા અસંભવિત છે; પ્રાણીમાત્રના ભિન્ન ભિન્ન કર્મ હોય છે અને કર્માનુસાર ફળ પણ ભિન્ન ભિન્ન મળે છે. આજે તો એટલું જ આપણું કર્તવ્ય છે કે અત્યંત વધેલી વિષમતાને પાછી હટાવવી.

એક વર્ગ વધુમાં વધુ શ્રમ કરે છે, જ્યારે બીજી બાજુ બીજો વર્ગ દિનભર

પ્યારાબાપુ

વિશ્રામ લે છે; શ્રમ અને વિશ્રામની આ અમર્યાદિત ક્રિયાઓ બંનેના સ્નાયુઓ નિર્બળ બનાવી દે છે. બંનેને નુકશાન થાય છે; બંને દુ:ખી થાય છે; બંને શરીર શક્તિ ગુમાવી દે છે; બંનેની વિષમતા દૂર કરીને બંનેને સુખી બનાવવા એ આજનો યુગધર્મ છે.

એક આદમી સત્તા અને શ્રીમંતાઈના મદમાં અક્કડ બનીને ચાલે છે, જ્યારે બીજો દીનતાથી ગરદન ઝુકાવીને ચાલે છે, બંને પાપનું સેવન કરે છે. કેમ કે દીનતા અને અભિમાન બંનેમાં સમાન જ પાપ છે. બંનેને પાપથી મૂક્ત કરવા, બંને ગૌરવપૂર્ણ સીધી ગરદને ચાલી શકે એવી વ્યવસ્થા કરવી એ આજના કર્મવીરનું કર્તવ્ય છે.

એક આદમી ગગનચુંબી હવેલીઓમાં રહે અને બીજાના નશીબમાં એક જીર્ણ ઝૂંપડી ન હોય; એકની પાસે એક કબાટ ભરીને વસ્ત્ર હોય અને બીજાઓની પાસે શરીર રક્ષા માટે ચીંથરા પણ ન હોય; એક અજીર્ણથી પીડાતો હોય અને બીજો ભૂખથી પીડાતો હોય; એક બાજુ સત્તાનો નશો હોય અને બીજી બાજુ ગુલામીની જંજીરો જકડાયેલી હોય—આ છે આજની ભયંકર વિષમતા.

આ વિષમતાને દૂર કરવાનું કાર્ય શ્રીમંતો માટે જેટલું સહેલું તેટલું સાધારણ વર્ગ માટે નહી. પરન્તુ મોટા ભાગના શ્રીમંતો પાંસે પૈસા આવ્યા તે સાથે જડવાદ લઇને આવ્યા. આજકાલ ગરીબોના હૃદયમાં કોમળતા દેખાય છે, પરન્તુ શ્રીમંતોના હૃદય તો પત્થર જેવા કઠણ જ દેખાય છે; તેથી જ ઇસુ ખ્રિસ્તે કહ્યું છે કે સોયના છિદ્રમાંથી ઉંટને નીકળવું સહેલું છે, પરન્તુ શ્રીમંતોને સ્વર્ગના દ્વારમાં પ્રવેશવું મુશ્કેલ છે. ભગવાન મહાવીરે તો મહા પરિગ્રહી માટે નરકની ગતિ બતાવી છે. આવા લોકો પોતાનો સ્વાર્થ સાધવામાં જ સંતોષ માને છે; તેથી જ કોઇએ કહ્યું છે કે—

ધારાબાપુ

Their kitchen is their Shrine, the cook their priest, the table their Alter and their belly their god.' અર્થાત્ શ્રીમંતોને મન રસોડું એ તેમનું તીર્થસ્થાન છે, રસોઈઓ એ ધર્મગુરુ છે, ભોજનશાળા એ તેમની યજ્ઞવેદી છે અને પેટ જ તેમને મન દેવતૂલ્ય છે. આ કારણે જ તેમનું પેટ એ રોગનું ઘર હોય છે. જેવી રીત વધુ અનાજ ભરેલું હોય ત્યાં વિશેષ ઉંદર હોય છે તેવી જ રીતે જે વધારે ખાય છે તે વિશેષ રોગી હોય છે. આથી શ્રીમંતોએ વિચારવું જોઇએ કે પોતાના તેમજ જનતાના હિત માટે તેઓ સમાનતાના પથ પર આવે.

એક માણસ કુવામાં પડેલો છે; તે રસ્તેથી એક વ્યક્તિ ચાલી આવે છે; કુવામાં પડેલો માણસ તેને બહાર કાઢવાની વિનતિ કરે છે; કાઢનારના થોડા કષ્ટથી, તેની સારી જિંદગી બચી જાય તેમ છે. કાઢનારના થોડા કષ્ટથી નિકળનારને કરોડગણું સુખ મળે તેમ છે. કાઢનાર પોતાને થોડી ઘણી મુશ્કેલી પડે તે માટે તેને ન કાઢે તો તે નિર્દયી કહેવાશે. તેવી જ રીતે જે લોકો સુખી છે તે પોતાના વિલાસની ચીજો, નાટક, સિનેમા વગેરેનો ત્યાગ કરીને હજારોની જિંદગી બચાવી શકશે. છતાં જો તે એટલું પણ ન કરી શકે તો તે કુવામાં પડેલને ન બચાવનાર મનુષ્યની જેમ નિર્દયી કહેવાશે.

તેવી જ રીતે દરિદ્રનારાયણની સેવા એ આજનો યુગ ધર્મ છે. એક વખતે એક પંજાબી ગૃહસ્થ, સ્વામી વિવેકાનંદ પાસે વેદાન્તની ચર્ચા કરવા આવ્યો. તે વખતે પંજાબમાં દુષ્કાળ પડ્યો હતો. સ્વામીજીએ દુષ્કાળ પીડિતોની હાલત પૂછી; તેની વ્યવસ્થા અંગે પણ પ્રશ્નો પૂછ્યા. પછી સમાજોન્નતિની કેટલીક વાતો કરી અને મૌન રહ્યા. તે ગૃહસ્થ જતી વખતે બોલ્યો કે, 'હું વેદાન્તની ચર્ચા માટે આવ્યો હતો. આજનો મારો દિવસ

નિષ્ફળ ગયો.' સ્વામીજીએ ગંભીરતાથી જવાબ આપ્યો, 'ભાઈ! જ્યાં સુધી મારા દેશનો એક કૂતરો પણ ભૂખ્યો રહે ત્યાં સુધી તેને ખવરાવવો અને તેની સંભાળ લેવી એ મારું પ્રથમ કર્તવ્ય છે. તે સિવાયનો બધો અધર્મ છે–જુઠો ધર્મ છે.' વિવેકાનંદજીનો આ ઉત્તર પણ દરિદ્રનારાયણની સેવાનો જ આજનો યુગધર્મ સાબિત કરે છે.

યુગ ચાર બનાવવામાં આવ્યા છે: સત્યયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કલિયુગ. આજનો યુગ કલિયુગ છે. કર્મયોગથી આ કલિયુગને પણ સત્યયુગ બનાવવો એ આજનો યુગધર્મ છે. કલિ અર્થાત્ કજીઆનો યુગ. આજે સંપત્તિ માટે અને સત્તા માટે ઝગડા થાય છે. ધન અને ધર્મ માટે ઝગડા થાય. પરંતુ જો ખરી સમજ આવે તો આ બધું દૂર કરી શકાય.

કોઈ આને કલયુગ પણ કહે છે. આ જમાનામાં માણસો વર્તમાનને ભૂલી જાય અને ગઇ કાલનો અફસોસ કરે અથવા આવતી કાલનો વિચાર કરે અને વર્તમાન કાળ નકામો ગુમાવી દે તેનું નામ કલયુગ છે. આજે તેવા જ હાલ છે. આજની વ્યક્તિ ભૂતકાળનો અફસોસ કરે છે. જેમાં કાંઈ પરિવર્તન થઈ શકે તેમ નથી; ભવિષ્યની કલ્પેલી મુશ્કેલીની ચિંતા કરે છે. જે કષ્ટો કદાચ આવે પણ નહિ; કદાચ આવે તો પણ પહેલાથી ચિંતા કરીને શા માટે બળી મરવું ? તેથી શું લાભ? તેથી જે ભવિષ્ય અને ભૂતકાળનો વિચાર છોડીને વર્તમાન સુધારી લે છે તે જ બાજી જીતી જાય છે અને તેના પૂરતો કલિયુગ સત્યયુગ બની જાય છે. કલિયુગનો માનવી આજનું કાર્ય કાલ પર છોડવાને ટેવાયેલો હોય છે. કાલ પર ન છોડતાં તે આજે જ તે કામ કરી લે તો તે કલિયુગને સત્યયુગ બનાવી શકશે.

'કલ'નો બીજો અર્થ મશીન – યંત્ર છે. તેમણે આજે દુઃખનો દાવાનળ સળગાવ્યો છે. ગામમાં એક લોટ દળવાની ઘંટી આવી અને સેંકડો વિધવા બહેનોની કમાણી પર લાત પડી. સેંકડો બહેનોની રોટી તે એકલી ખાઈ જાય છે. નળ આવતાં પાણી ભરનારની, સીવવાનું મશીન આવતાં હાથે શીવનારની, તેલની મીલ આવતાં ઘાણીવાળાની અને મીલ આવતાં હજારો વણાટકામ કરનારની આજીવિકાનો નાશ થયો. આ રીતે 'કલે' જ આજે આફત ઉભી કરી છે, મશીનને સ્થાને જો ગૃહઉદ્યોગ આવે તો સતયુગનું સુખ મળે.

પરન્તુ પ્રશ્ન એ છે કે આપને ગૃહ ઉદ્યોગની વસ્તુઓ સારી લાગે છે ખરી? પરદેશી લોકો આપણને શું કહે છે તે વિચારવાની જરૂર છે. તેમની નજરમાં આપણો દેશ Nation of Coolies અથવા કૂલીઓ-મજુરોનો દેશ ગણાય છે. કૂલીઓની માતા કહેવરાવવું એ હિંદમાતા માટે ઓછું શરમજનક છે? આફ્રિકામાં ઊંચામાં ઊંચા હિંદીને કૂલી માનવામાં આવે છે, આપણે આપણો બોજો આપણી જાતે ન ઉપાડ્યો તેના પરિણામે બીજાનો ભાર ઉપાડનાર કૂલી બન્યા. પોતાનો બોજો પોતાની મેળે ઉપાડનાર 'સ્વાધીન પુરુષ' કહેવાય છે. જે બીજાનો બોજો સ્વેચ્છાએ ઉપાડે છે તે પરોપકારી કહેવાય છે, પરંતુ જે બીજાનો બોજો પોતાની ઇચ્છા વિરૂદ્ધ, બીજાના કહેવાથી ઉપાડે છે તે 'કૂલી' કહેવાય છે.

આપણે પણ માનચેસ્ટરની મીલોનો ભાર ઉપાડીએ છીએ. જો ખરબચડી ખાદીનો બોજો આપણે સ્વેચ્છાએ ઉપાડવાનું પસંદ કરીએ તો આ ભૂમિ–Nation of coolies ને બદલે Nation of Soldiers વીરોની ભુમિ બની જાય. દેશ સુખી બને, દરિદ્રનારાયણોનો ઉદ્ધાર થાય અને વિષમતા દૂર થઈ જાય.

પ્યારા બાપુ

જીવન અને કળા

મુકુલભાઈ

એક વાર એક સાહિત્ય રસિક ભાઇ બોલ્યા, “બધાંને ગાંધીજીના ફોટાનો શો મોહ લાગ્યો છે? મને તો ગાંધીજીના ફોટામાં સમતા -Symmetry- દેખાતી નથી. એમના કાન જુઓ, એમનું નાક જુઓ....ક્યાંય સમત્વ દેખાય છે?”

ભાઈની વાત સાંભળીને મન જરા અસ્વસ્થ થઈ ગયું. કેટલીક વાર કોઇ કોઈ માણસોના ઘરમાં સિનેમાનાં નટ-નટીઓનાં ચિત્રો જોઈને થઈ આવે છે કે આ લોકોને આમાંથી શી પ્રેરણા મળતી હશે? માસિકો વગેરેમાં પણ નટી વિના જાણે અંધારું વ્યાપી જતું હોય એમ લાગે છે! માણસોની વૃત્તિ આવી કેવી? એવા કેટલાયે વિચારો ઊઠે છે. પણ આવા સાહિત્યરસિક ભાઇ જ આમ સ્થૂળતાને પ્રાધાન્ય આપતા હોય તો પછી એ ક્ષેત્રથી અજ્ઞાત એવા બીજા લોકોને કશું શી રીતે કહી શકાય?

આપણે ઘરમાં બાનો કે પિતાનો ફોટો રાખીએ છીએ. શા માટે? શું એ સુંદર આકૃતિ હોવાથી પ્રેરણાદાયા થઇ પડે એટલા સારુ રાખીએ છીએ? ખરી રીતે બાના કે આપણા કોઇ ગત સ્વજનના ફોટાની પાછળ આપણા હૃદયના જે ભાવ છે એ જ મુખ્ય છે. બાંહ્ય આકૃતિ એ તો માત્ર નિમિત્ત જ છે. સાચી વસ્તુ તો અતરની છે. એક રાજાએ એક વાર પોતાના સીદી નોકરને કહ્યું, “મારો કુંવર એકલો એકલો રમે છે. એને સંગાથ આપે એ માટે નગરમાંથી સારામાં સારો છોકરો શોધી લાવ.” સીદી નોકર સાંજે આવીને રાજાને કહે, “રાજાજી, હું આખા ગામમાં ભટક્યો, પણ એવો એકેય છોકરો જડ્યો નહિ, જે રાજકુંવરને ગમી જાય. મારો છોકરો મને એવો લાગ્યો જે રાજકુંવર સાથે રમી શકે. માટે હું એને લઈ આવ્યો છું.” આ વાત પરથી જણાય છે કે સીદી પિતાને તો પોતાના પુત્રમાં જ એનું દર્શન થયું. એની સૌન્દર્ય-દૃષ્ટિ પિતા-પ્રેમથી જ અંકિત થઈ હતી. સૌન્દર્ય એ તો અંતરની વસ્તુ છે, બહારની વસ્તુ નથી. એનો આસ્વાદ અંતરથી જ માણી શકાય.

જો આપણે આટલી વસ્તુ સમજીએ તો જીવન અને કળામાં જે સામંજસ્ય સ્થપાવું જોઈએ, એનો ખ્યાલ આવી શકે. કળાને પણ જીવન સાથે સંકલિત કરવી જોઈએ. સાચી કળા એ જીવનની જ કળા છે. સાચો કળાકાર એ જ હોઈ શકે જેનું જીવન ઉન્નત હોય, ચારિત્ર્યશીલ હોય, વિશુદ્ધ હોય. ટૉલ્સ્ટૉય પણ એ જ વિચાર જગત આગળ મૂકે છે. તેઓ તો ઈશુ ખ્રિસ્ત, બુદ્ધ, કોન્ફ્યુશયસ જેવા મહાત્માઓને સાચા કલાકાર માનતા, કારણ કે સાચી કળાનો હેતુ માનવકર્તવ્ય તથા માનવકલ્યાણને વ્યક્ત કરવું એ જ છે. અને આ મહાપુરુષોએ ત્યાગ અને કષ્ટ સહન કરીને, પોતાના જીવનને ઉન્નત કરી, પોતામાં રહેલી શક્તિનો બીજાના કલ્યાણને અર્થે ઉપયોગ કરવા માટે માનવધર્મ સ્વીકારી પોતાની અદમ્ય અનુભૂતિને જગત આગળ ધરી છે.

બાપુજી પણ એ જ માન્યતાએ વિચાર કરતા હતા. એ વિશે તેઓ કહે છે, “જીવન સર્વ કળા કરતાં ઊંચું છે, અને ઊંચું હોવું જોઈએ. હું તો એટલે સુધી આગળ જઈને કહું કે જે મનુષ્યનું જીવન સંપૂર્ણતાની સમીપ પહોંચ્યું છે, એ મોટામાં મોટો કળાકાર છે; કારણ કે ઉમદા ચારિત્ર્યના પાયા

વગરની કળા શા કામની?" તેથી જ્યાં જીવનનું સત્ય છે ત્યાં જ કળાનું સૌન્દર્ય મૂર્ત થાય છે. બાપુજી કહેતા, "સાચી રીતે સત્યથી ભિન્ન સૌન્દર્ય જેવી વસ્તુ જ નથી." તેઓ એના સમર્થનમાં સોક્રેટીસનું ઉદાહરણ આપી કહેતા, "સોક્રેટીસ તેના જમાનામાં કદરૂપામાં કદરૂપો માણસ ગણાતો, છતાં તેની સત્યશીલતા અને તેના અંતરની પવિત્રતાથી કેવળ બાહ્ય રૂપોમાં ખૂબ સૌન્દર્ય જોનાર ફિડિયાસ જેવો ચિતારો પણ એનું સૌન્દર્ય કબૂલ કરે છે." કારણ કે સોક્રેટીસે જીવનમાં સત્યનો આવિર્ભાવ કરવા અહર્નિશ અનિરુદ્ધ મંથન અનુભવ્યું હતું. તેથી જ એમનામાં આપણને સત્યમાંથી ઉદ્ભવતા સૌન્દર્યનું દર્શન થાય છે.

ટૉલ્સ્ટૉય પણ કહેતા, "અસત્યમાંથી કદી સત્ય ઉત્પન્ન થતું નથી." જીવનમાં સત્યની ઝાંખી કરવા મથનાર કલાકાર જ સુંદર કૃતિઓનું સર્જન કરી શકે છે. પરંતુ કોઇ કોઈ વાર એથી ઊલટું પણ આપણને દેખાય છે. તેથી એક જણે બાપુજીને એક વાર પૂછ્યું હતું; "બાપુ, જેમનાં ચારિત્ર્ય સદા સુંદર ન હતાં તેવાઓએ પણ સુંદરમાં સુંદર કૃતિઓ ઉત્પન્ન કરી છે તેનું શું કારણ?" ત્યારે બાપુજીએ કહ્યું, "તેમા શું? એનો અર્થ એટલો જ કે ઘણીવાર સત્ય અને અસત્ય ભેગાં મળી આવે છે; સારાની સાથે નરસું જોવાનું મળે છે. કળાકાર એક વખત સત્યને ઓળખે છે અને બીજી વખતે અસત્યના આવરણમાં આવી જાય છે. પણ સંપૂર્ણ સૌન્દર્યવાળો તો સત્યજ્ઞાની જ હોઈ શકે."

આ રીતે દુનિયાના દરેક મહાપુરુષોએ જીવનને મહત્ત્વ આપી પ્રત્યેક વિષયનો વિચાર કર્યો છે. સત્ય હકીકત તો એ જ છે કે આપણે જીવનને બાતલ કરીને કોઈનો પણ વિચાર કરી શકીએ એમ નથી. જે કલાકાર સત્યશોધક છે અને પોતાના જીવનને ઉન્નત કરવા તેમ જ બીજાના હિતને ખાતર ત્યાગ. આત્મવિસર્જન કરવા તત્પર થયા છે તે જ આત્માના ઊંડાણને વ્યક્ત કરી શક્યા છે, અને એ લોકો જ ભારે આદર પામે છે. બાપુજીનું જીવન પણ એ રીતે સાચા કલાકારનું જ દર્શન કરાવે છે. બાપુજીએ પોતાની આસપાસ દારિદ્ર, કંગાલિયત, દુઃખ અને પરાધીનતા નિહાળ્યાં. અને તેઓ બસ એક જ વસ્તુ ઝંખતા હતા:

'રાજ્ય માગૂં નહીં, સ્વર્ગ માગૂં નહીં,
મુક્તિ કી નીંદમે ક્યા મઝા હૈ?
દીન કે દુઃખ ભવ ભવ મિટાતા રહૂં-
દીનબંધો! યહી વર મુઝે દે.'

તેથી જ બાપુજી કહે છે: "મારી ચારે બાજુ જ્યારે લોકો ભૂખથી મરી રહ્યા હોય ત્યારે તેમને અન્ન ભેગા કરવા એ જ મારે માટે એક માત્ર ધંધો હોય. લોકો જ્યારે દુષ્કાળમાં રિબાતા હોય અને કામધંધા વિનાના બેઠા હોય ત્યારે તેમનો પરમેશ્વર કામ અને તેના પરિણામે મળતું અન્ન એ જ હોઈ શકે." વળી બાપુજીએ એક વાર કહ્યું હતું: "કબીરનું ભજન ગાઈને હું દુઃખથી પીડાતા દર્દીઓને શાંતિ નથી આપી શક્યો; દુઃખથી રિબાતાં હિંદના કરોડો બાળક એક જ કાવ્યની આશા રાખે છે: સત્વ આપનારા અનાજની!"

બાપુજીએ આ રીતે જીવન અને કળા વચ્ચે સંવાદિતા સાધવાનો વિચાર આપણામાં સ્પદિત કર્યો છે. એ માર્ગ ઉગ્ર સાધનાનો છે. એમાં અખૂટ ધીરજ અને ઈશ્વર પ્રત્યેની અચળ શ્રદ્ધાની આવશ્યકતા રહે છે. અને એ માર્ગે જતાં જતાં એક દિવસ આપણને જીવનનું સત્ય લાધશે અને આપણે બોલી ઊઠીશું:

'એષા અસ્માકમ્ પરમા સિદ્ધિ:।'

ગામડાંમાં જશો એટલે તમારી સામે એક વિરાટ દુનિયા ખુલ્લી થશે. અનેક સ્ત્રી પુરુષો જોડે તમારે સંબંધ થશે. તેમના સદ્ગુણો તરફ જ તમારી નજર જવી જોઇએ; દોષો તરફ જોવાની પ્રવૃત્તિ ન થવી જોઇએ. માણસના ચિત્તને હું ઘરની ઉપમા આપું છું. ઘરને ભીંતો હોય છે અને દરવાજા હોય છે. માણસના ગુણોને તેના ચિત્તના દરવાજા અને દોષોને ભીંતો કહીએ. ગરીબમાં ગરીબ માણસના ઘરને પણ ઓછામાં ઓછું એક બારણું હોય છે. તે જ પ્રમાણે તદ્દન ગુણહીન કહેવાતા માણસમાં પણ એકાદ ગુણ હોવાનો જ. એ ગુણ દ્વારા જ માણસના ચિત્તમાં પ્રવેશ કરવો જોઇએ. દરવાજામાંથી સહેલાઈથી દાખલ થઈ શકાય છે. ભીંતમાથી ઘૂસવાનો પ્રયત્ન કરીએ તો માથું ફૂટ્યા વિના ન રહે. દોષ વાટે માણસના ચિત્તમાં પ્રવેશ કરવા માગનારની એવી વલે થાય. એટલા માટે ગુણગ્રાહક વૃત્તિ જરૂરની છે. વાસ્તવિકપણે, બધાં સ્ત્રી પુરુષ આપણને ભગવાનની મૂર્તિઓ જેવાં દેખાવાં જોઇએ. એમ થાય તો આપણું કામ સહેલું થાય.

આપણે દુનિયામાં જાતજાતના વાદો સાંભળીએ છીએ, અનેક પક્ષો જોઈ એ છીએ. પણ સેવકોએ બધા વાદોથી અને પક્ષે થી દૂર રહેવું જોઈએ. આપણે માટે આખી દુનિયામાં બે જ પક્ષ છે : એક સેવક, અને બીજો સ્વામી. સેવક આપણે પોતે અને સ્વામી બાકીના બધા લોકો. સ્વામીની સેવા કરી છુટવું, એ સેવકનો ધર્મ છે. સેવકને પક્ષભેદ સાથે શી લેવાદેવા? ગામડાંમાં પક્ષો પાર વગરના હોય છે. તેમની પાછળ કોઈ તત્ત્વ હોય છે એવું પણ નથી. સામાન્યપણે દ્વેષ અને સ્વાર્થ હોય છે. આવા કોઈ પણ પક્ષમાં સેવકે સંડોવાવું ન જોઈએ. તેણે નિષ્પક્ષ રહી સેવા કરવી જોઈએ સેવા કરવી એટલું જ એનું કામ. આપણી સેવાથી કોણ રાજી થયો અને કોણ નારાજ થયો એ જોવાની શી જરૂર? અંતરમાં વસતો પરમાત્મા પ્રસન્ન રહે એટલે થયું.

— વિનોબાજી

એક દિવસે પવનારનો એક છોકરો મને રસ્તામાં મળ્યો. તેણે કહ્યું, "મને ફોલ્લા થયા છે, શું કરું?" એટલે તેને ટૂંકમાં એક મંત્ર આપી દીધો, "રોજ સવારે ગાયની તાજી છાશ પી, એટલે તારો રોગ જશે." ગામડાંના મારા બધાં અનુભવ પરથી હું એવા નિર્ણય પર આવ્યો છું કે, ગાયની તાજી છાશ ગામડાનું એક મોટું તારક તત્ત્વ છે. એને માટે મેં સંસ્કૃતમાં એક સૂત્ર રચ્યું છે: તક્રં તારકમ્।

— વિનોબાજી

અહિંસાનો ઉદય... (અનુસંધાન પૃષ્ઠ ૮૩થી ચાલુ)

સવાર પડી. ફ્રેન્ચ સૈનિકની આંખ ઊઘડી. ત્યારે એણે જોયું કે એના શરીર ઉપર રુંવાટીવાળો હૂંફાળો કોટ ઓઢાડીને એક રશિયન સૈનિક ચિરનિદ્રામાં પોઢેલો પડ્યો છે, અવસાન પામ્યો છે.

પેલા ફ્રેન્ચ સૈનિકની આંખમાંથી પ્રેમનાં અશ્રુ વહેવા લાગ્યાં અને તે રશિયન સૈનિકના ચરણે નમી પડ્યો.

આમ અસત્યનું તિમિર–આવરણ દૂર થતાં સત્યનું દિવ્ય તેજ બધે ઝળકી ઊઠ્યું. હિંસાનો નાશ થયો અને અહિંસાનો–પ્રેમનો–ઉદય થયો.

ખરેખર, સત્યમાં જ માનવીનો ઉત્કર્ષ રહેલો છે, એમાંથી જ અહિંસા–પ્રેમ–પ્રગટે છે. અને એની ઝાંખી થતાં આપણને થઈ આવે છે:–

‘નથી યુદ્ધમાં લોકકલ્યાણ કાંયે;
ટૂંકા સ્વાર્થ કાજે લડે ભાઈ ભાઈ,
નથી મારવામાં જરાયે ભલાઈ.
જગત્ના બધા કલેશને ટાળવાનો,
કરી ન્યાય, સ્વાતંત્ર્ય સંભાળવાનો,
ખરો માર્ગ ન્યાયાર્થ સૌ દુઃખ જાતે
સહી પ્રેમથી સત્યને રાખવું તે.’

(કિ૦ ધ૦ મ૦)

જે જે કર્મ હાથમાં લ્યો તેમાં હૃદય રેડો. આપણું હૃદય એ તો અમૃતનો ઘડો છે. હૃદયમાંના પ્રેમની ગુલાબદાનીમાંથી પાણી, પ્રત્યેક કર્મ ઉપર છાંટતા જાવ. તે કર્મ સતેજ બનશે, તાજગીવાળું બનશે. તે કર્મનો તમને ભાર લાગનાર નથી. તે ઉપરાંત એવાં સતેજ કર્મો સમાજને પણ તેજસ્વી બનાવ્યા સિવાય રહેનાર નથી.

સૂર્યને રવિવારની છૂટી નથી. નદીને ક્યારેય છૂટી નથી. તેમનાં કર્મ રાત ને દિવસ ચાલુ જ હોય છે. તે પ્રમાણે જે કોઈ પોતાના કર્મમાં અંતરાત્માને ભેળવશે, તેને થાક લાગનાર નથી, કંટાળો આવવાનો નથી. કર્મમાં જ તેનો આનંદ, કર્મમાં જ તેનો મોક્ષ.

[પૃષ્ઠ, ૯૫ ‘મંગલ પ્રભાત’માંથી]

અનુક્રમણિકા...... ૩૦ મે ૧૯૫૧

પૃષ્ઠ
૧ ગોરક્ષા ... ... ગાંધીજી ૮૧
૨ શાંતિનિકેતનનાં ભજનો... કુરંગી દેસાઈ ૮૨
૩ અહિંસાનો ઉદય ... મુકુલભાઇ ૮૩
૪ સ્વામી શિવાનંદજી ૮૪
૫ ગુરુદેવના ગીતાંજલિ ગુરુદયાલ મલ્લિક ૮૭
૬ આશાદેવી ... અનસૂયા આનચંદ ૮૯
૭ બાપુના પત્રો ... ... ગાંધીજી ૯૩

પૃષ્ઠ
૮ રવીન્દ્ર મનન ... ... કાકા કાલેલકર ૯૫
૯ હજારોમાંથી કોઇક જ ... ધીરેન ગાંધી ૯૮
૧૦ બાપુની અનોખી વાતો....કાશિનાથ ત્રિવેદી ૯૯
૧૧ યુગધર્મ ... ... ઉજ્જવલ કુંવરજી ૧૦૨
૧૨ જીવન અને કળા .. મુકુલભાઈ ૧૦૫
૧૩ સર્વોદય વાણી ... ... વિનોબાજી ૧૦૭
૧૪ ગ્રંથાવલોકન ... ...

ગ્રંથાવલોકન

[૧] **જીવન પગલે:** સં૦ **નંદલાલ ભોગીલાલ શાહ;** કિ.૦ **દસ આના;** પૃ૦ ૧૧૦,
[૨] **તુજ ચરણે:** સં૦ **નંદલાલ શાહ હેમન્તકુમાર નીલકંઠ;** કિં૦ **બે આના;** પૃ૦ ૩૮.
[૩] **મનને:** સં૦ **હેમન્તકુમાર નીલકંઠ** કિં૦ **ત્રણ આના;** પૃ૦ ૩૪.

પ્રાપ્તિસ્થાન: **સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ અને મુંબઈ.**

જીવન પગલે:– આ તેમ જ બીજાં પુસ્તકોના સુજ્ઞ લેખક પોતાનું નામ પ્રજા પાસે મૂકવા માગતા નથી. એમના પરિચયમાં આવનાર દરેકને એમનાં સરળતા અને સૌજન્યનો અનુભવ થાય છે. એમનું જીવન સાધનાશીલ છે. તેથી એમનાં સર્જનમાં એ ઉચ્ચતા દૃષ્ટિએ પડ્યા વિના રહેતી નથી.

આ સંગ્રહ જીવનપંથ ઉજાળનારો કાવ્યસંગ્રહ છે. લેખકે પોતાના અનુભવની વાનગીરૂપે સ્વજનોને, તેમની જીવન–સાધનામાં માર્ગદર્શક થઈ પડે એ હેતુથી છૂટક છૂટક લખેલાં કાવ્યોનો આમાં સમાવેશ થાય છે. એ કાવ્યો વાંચતાં લેખકનું હૃદય સ્વજનપ્રેમી પણ છે એનો ખ્યાલ સહેજે આવે છે. વળી લેખક સૌને નિત્યના જીવન–વ્યવહારમાં જ રહીને જીવનને ઉન્નત કરવાની સૂચનાઓ આપે છે, તેથી સાધકની તેમ જ ગૃહસ્થની ઉપયોગિતા પૂર્ણ કરી શકે એવાં કાવ્યો એમાં છે.

અવશ્ય એમનાં કાવ્યોમાં કાવ્યનાં ઉચ્ચ તત્ત્વો દેખાવાનો ઓછો સંભવ છે. તોયે એમનાં કાવ્યોથી આપણને ઉચ્ચ સંસ્કારનું જે થોડુંઘણું પાન કરવા મળે છે એ અગત્યનું છે.

(૨) **તુજ ચરણે:** આ એક સ્તવન પુસ્તિકા છે. પરમાત્માના ઉચ્ચ તત્ત્વને સમજવા મથતા અને તેનું શરણું લેતા ભક્તનું એમાં દર્શન થાય છે. લેખકનું હૃદય તો પોકારી ઊઠે છે:

"પાડ્યા કરીશ પ્રભુ, બૂમ તને હું નિત્યે,
ના આપશે જયહીં સુધી પ્રભુ માગું હું જે;"

એવી આર્દ્ર સ્તુતિ આ કાવ્યમાં વ્યક્ત થઈ છે.

(૩) **મનને:** આ નાનકડી પણ મનોનિગ્રહ માટેના જરૂરી અભ્યાસમાં ઉપયોગી થાય એવી માર્ગદર્શિકા છે. એમાં લેખકનું મનોમંથન વ્યક્ત થયું છે.

આમાં 'માને....' એ કાવ્યમાં મા પ્રત્યેના લેખકના ઉચ્ચ ભાવ વ્યક્ત થયા છે.

અંતે આ ત્રણે પુસ્તકો આત્માર્થીને સહાયરૂપ થાય એવાં છે. —મુ૦ ક૦

વ્યવસ્થા:

"પ્યારાબાપુ"

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

વાર્ષિક લવાજમ રૂ. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.

પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.

લવાજમ. મ. ઑ.થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

'પ્યારાબાપુ' કાર્યાલય જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

REG. NO. B. 5255



મારા બાપુ



સંપાદક: નવીન ગાંધી

'રૂપાયતન'



બાપુજી અને ગુરુદેવ એ બંને મહાવિભૂતિઓ આપણી સમીપ ઉચ્ચ આદર્શ મૂકી ગયેલ છે. અમે માનીએ છીએ કે, બાપુજી અને ગુરુદેવના આદર્શોનો સુભગ સમન્વય કરી એમાંથી નિષ્પન્ન થતા રચનાત્મક માર્ગનું અનુસરણ કરવામાં વ્યક્તિનું તેમ જ સમષ્ટિનું સાચું કલ્યાણ રહેલું છે. આ બંને મહા – વિભૂતિઓના ઉન્નત જીવનાભિલાષોના સમન્વયથી જ આપણું ભાવિ ગૌરવશીલ બની શકશે, અને એમાં જ આપણું શ્રેય રહેલું છે. તેથી અમે આવા સમન્વયને મૂર્ત કરે એવી સંસ્થા જૂનાગઢમાં સ્થાપવા નિશ્ચય કર્યો છે.

બાપુજી અને ગુરુદેવના આદર્શોના સમન્વયનો હેતુ સત્યની ઝાંખી કરવાનો છે. પરંતુ સત્ય તો અનેક રૂપે વ્યક્ત થઈ રહ્યું છે. તેથી પ્રત્યેક વ્યક્તિ સત્યનું દર્શન પોતપોતાના સ્વભાવ અને પ્રજ્ઞા પ્રમાણે કરી શકે છે. ગુરુદેવ તો કવિ હતા, એટલે એમણે સત્યનું દર્શન સૌંદર્યમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા (Harmony) દ્વારા કરવા પ્રયત્ન કર્યો; જ્યારે બાપુજી તો હતા કર્મયોગી, એટલે તેઓ તપ – સંયમશીલ કર્મમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા દ્વારા સત્યનું દર્શન કરવા મથ્યા. આમ સત્યનાં બે મુખ્ય લક્ષણ સૌન્દર્ય અને તપ છે.

ગુરુદેવ તેમ જ બાપુજી વ્યક્તિગત આત્મશક્તિ વડે એ ભિન્ન ભિન્ન માર્ગે પણ સત્યનું દર્શન કરી શક્યા. પરંતુ આપણે જો માત્ર જીવનમાં તપઃપરાયણ માર્ગે પ્રયાણ કરીએ તો જીવનમાં શુષ્કતા આવી જવાનો સંભવ રહે છે ખરો. એ જ પ્રમાણે આપણે સૌંદર્યને જ પ્રાધાન્ય આપીએ તો એમાં સ્વચ્છંદતા આવી જવાનો ભય રહે છે. તેથી એ બન્નેમાંથી બચવા માટે તપઃપરાયણ માર્ગનો સંયમ અને સૌંદર્યદર્શી માર્ગનો આનંદ એ બન્નેનો સમન્વય કરવામાં આવે તો એ નૂતન માર્ગ આપણા વિકાસને અવશ્ય સહાયરૂપ થઇ શકે.

આવા સમન્વયનું બીજ માનવીના અંતરમાં રહેલી સર્જનશીલ સંવેદનામાં રહેલું છે. આવી સંવેદનાની દૃષ્ટિએ બાપુજીની રચનાત્મક પ્રવૃતિઓનું તેમ જ ગુરુદેવની સૌન્દર્યદર્શી પ્રવૃત્તિઓનું મહત્ત્વ સરખું જ છે.

તેથી 'રૂપાયતન'નો મુખ્ય ઝોક આવી સર્જનાત્મક સંવેદનાને જાગ્રત કરી એને સર્વગ્રાહી અને સુસંવાદી કરવા પ્રત્યે જ રહેશે. અને એ જ રીતે સત્યના આનંદની તેમ જ સત્યની તપસ્યાની અનુભૂતિ કાર્ય દ્વારા કરીને માનવી સંપૂર્ણતાનો સ્પર્શ કરવાને શક્તિશાળી થાય અને એમાં જીવનનો પરમ આનંદ અનુભવી શકે તો 'રૂપાયતન'નો આદર્શ સફળ થાય.

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી. રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર કૉલેજ રોડ, જૂનાગઢ.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૪   ૩૦ જુન-૧૯૫૧   અંક ૫

આજે એક મને અદ્ભૂત લાગી એવી નિશાળની વાત લખું છું. એક બે ભાઇ અને એક બે બહેન મળીને સંભાળે છે. તેમની માન્યતા એવી છે કે મૂઢમાં મૂઢ બાળક પણ પ્રેમનાં કાયદાને વશ થાય છે. તેથી તેઓએ નાખી દેવાએલા એવા મા-બાપ વિનાના ને મૂઢ જેવા બની ગયેલા બાળકોને કેળવવાનું કામ હાથ ધર્યું છે. તેમના ગુરુએ પ્રેમના પ્રયોગોમાંથી કેટલાક નિયમો શોધી કાઢ્યા છે. તે પ્રમાણે આ નિશાળ ચાલે છે. આ બહેનો અને ભાઈઓએ પોતાનું બધું આ બાળકોને અર્પ્યું છે. બાળકો જાણતા નથી કે તે ભિખારી કે માબાપ વિનાનાં છે. તેઓને ખુલ્લી હવામાં, તડકામાં, વિશાળ ખુલ્લી જગ્યામાં મકાન બનાવી રાખવામાં આવ્યા છે. તેમને મુખ્યત્વે સંગીતથી સારા કરવામાં આવે છે. સંગીતની સાથે એ બાળકો કેટલીક ધીમી કળાઓ કરે છે. ને તેમાં તેઓ પરોવાય પણ રહે છે. શિક્ષિકાઓ બાળકોને પોતાનાં જ હોય એમ રાખે છે. તેઓની સાથે ખાય પીએ છે. ને તેઓને આખો વખત આનંદમાં, રમતગમતમાં રાખે છે. ને એમ કરતાં કરતાં તેઓને મૂઢતામાંથી ઉગારી લેય છે. આ પ્રયોગ આ પરોપકારી ભાઇબહેનો બેચાર વર્ષ થયાં જ કરી રહ્યા છે. જ્યાં મિ૦ હોરેસ ઍલેક્ઝાડર રહે છે ને તેની નજદિકમાં જ આ અદ્ભૂત નિશાળ છે. એ જોઈ મારું માથું નમ્યું ને મેં જોયું 'પ્રેમ શું ન કરે, મુંગાને બોલાવે, પંગુને પર્વત ચઢાવે.'

× × × ×

તમારા પુત્રને તમારી સાથે રાખી શીખવવો એ ઉત્તમ મોંટિસોરી છે. તેની પાછળ તમારે તમારું ચારિત્ર શુદ્ધ રાખવું જ રહે એટલે બેવડો લાભ થાય આમ કરો તો પુત્ર પ્રત્યેની ફરજ અદા કરી ગણાય.

× × × ×

માતા પોતાના બાળકને પોતાનું માની બગાડે છે. પોતાનું ન માનતાં ઈશ્વરે આપેલું સંપેતરું છે એમ સમજી તેને ઉછેરે તો એ તુરત ઠેકાણે આવી જાય છે.

—ગાંધીજી



શાંતિનિકેતનનાં ભજનો

તમારી આગળ મારું આ છેલ્લું નિવેદન છે :

અંતરના ઊંડાણમાં રહેલી મારી સકળ ક્ષીણતા દૃઢ બળથી છેદી નાંખો, મારા પ્રભુ.

સુખની સાથે મને એવું બળ આપો કે સુખને હું કઠણ કરી લઉં;

દુઃખમાં મને એવું બળ આપો કે દુઃખ પોતે જ સુખ પર શાંત સ્મિત ફરકાવીને પોતાની ઉપેક્ષા કરી શકે;

મારી ભક્તિને એવું બળ આપો જેથી તે કર્મમાં ફલિત થાય, પ્રીતિ અને સ્નેહ પુણ્યરૂપે પ્રફુલ્લે;

મને એવું બળ આપો જેથી ક્ષુદ્ર જનોને હું હીન ન સમજું–બળને ચરણે શિર ન ઝુકાવું;

મને એવું બળ આપો કે જેથી હું મારા ચિત્તને દૈનંદિન તુચ્છતાથી પર એકાકી રાખી શકું;

મને એવું બળ આપો કે જેથી તમારે ચરણે શિર ઢાળીને હું અહર્નિશ પોતાને સ્થિર રાખી શકું. —અનુ૦ નગીનદાસ પારેખ

સુવર્ણ જીવન

મહાસતી ઉજ્જ્વલકુંવરજી

આપણે બધા લાંબુ જીવન જીવવા ચાહીએ છીએ. કોઈ મનુષ્ય કોઈને કહે કે અમુક દિવસે તારું મૃત્યુ થવાનું છે તો તે સાંભળીને તે ગભરાઈ જાય છે અને તે મૃત્યુને ટાળવાનો પ્રયત્ન કરે છે. બુદ્ધિમાન પુરુષોએ કહ્યું છે કે માનવે લાંબુ જીવન જીવવાની ચિંતા કરવી ન જોઈએ; ભલે થોડું જીવાય પણ સારું જીવન કેમ જીવાય તે જ વિચારવું જોઈએ. ગજસુકુમાલ પોતાની નાની જિંદગીમાં કેવળ ૧૨ વર્ષની ઉમરમાં જ મોક્ષ પ્રાપ્ત કરી ગયા! આપણે ૧૦૦ વર્ષ જીવીને પણ દુનિયાના ભલા માટે કંઈ કરી શકતા નથી તો પછી આટલા લાંબા જીવનનો અર્થ શો? અંગ્રેજ મહાકવિ લોંગફેલોએ એક જગ્યાએ કહ્યું છે: "આપણે કેટલું લાંબુ જીવન જીવીએ તેને બદલે આપણે કેવી રીતે જીવન જીવીએ છીએ એ પ્રશ્ન મહત્વનો છે."

દુનિયામાં મુસાફરીના ત્રણ માર્ગ છે: આકાશમાર્ગ, જમીનમાર્ગ અને જળમાર્ગ. તેવી જ રીતે જીવનની મુસાફરીના પણ ત્રણ માર્ગ છે. આધિભૌતિક, આધિદૈવિક, અને આધ્યાત્મિક. આને આપણે જડવાદ, બુદ્ધિવાદ અને આત્મવાદના નામોથી પણ ઓળખી શકીએ છીએ. જડવાદ એટલે જમીન પર ચાલવું; બુદ્ધિવાદ એટલે પાણી પર ચાલવું; આત્મવાદ એટલે આકાશ પર ચાલવું.

હવે આ ત્રણ માર્ગમાંથી આપણે કયે માર્ગે ચાલવું, તેનો વિચાર કરવો જરૂરી છે. જડવાદના બળ પર ચાલનારનું જીવન, જમીન પર પેટ ઘસરડીને ચાલનાર કીડાઓના જેવું હોય છે. સંપત્તિ એકઠી કરવી અને તેનો ઉપભોગ કરવો એ જ તેનું ધ્યેય રહે છે. આજના ધનવાન લોકો બીજું શું કરે છે? તેઓ તેમાં જ સુખ સમજે છે પણ તેઓની આ માન્યતા ખોટી છે. રણમાં માણસો પાણીના ભ્રમથી ફર્યા કરે છે પણ પાણી મળતું નથી. જડવાદ પર ચાલનારની આવી જ દશા થાય છે. તે પૈસામાં સુખ સમજે છે પણ મૃગની જેમ તેને પણ સુખ મળતું નથી; સુખ તેનાથી દૂર ભાગે છે. આમ છતાં આજે જ્યાં જોઈએ ત્યાં આ જ વાદની પુષ્ટિ થઈ રહી છે. માનવ 'જડ'ની પાછળ દિવાનો બની રહ્યો છે. તેની રક્ષા માટે વિજ્ઞાને અણુબોમ્બની શોધ કરી છે પણ ચોક્કસ માનજો કે અણુબોમ્બ અથવા અણુબોમ્બનું વિરોધી શસ્ત્ર કાં ન શોધવામાં આવે, આથી માનવજાતને કદી શાંતિ વળવાની નથી.

વિજ્ઞાને આજે મનુષ્યત્વ છિનવી લીધું છે અને તેને સ્થળચર અને જલચર બનાવી દીધેલ છે, તેથી જડવાદ પર ચાલવું એ માણસનું કર્તવ્ય નથી. ઉપનિષદમાં કહ્યું છે: "સત્યનું મોઢું સુવર્ણના ઢાંકણથી ઢાંકવામાં આવેલ છે. સત્યના દર્શન માટે સાધક ઈશ્વર પાસે પ્રાર્થના કરે છે કે હે ઈશ્વર! તું આ સુવર્ણના પાત્રને ખેંચી લે અને મને સત્યનું દર્શન કરવા દે." જ્યાં સુધી આપણા હૃદય પર સુવર્ણનું ઢાંકણ હશે ત્યાં સુધી આપણે સત્યનું દર્શન નહીં કરી શકીએ.

એક ધર્મગુરુની પાસે એક માણસ આવ્યો અને બોલ્યો: "ઈશ્વર ક્યાં છે? મને તો દેખાતો નથી" ધર્મગુરુએ એક કાગળ પર 'ઈશ્વર' લખ્યું અને તેને પૂછ્યું: "આ શું

લખ્યું છે?" આવનારે વાંચ્યું, 'ઈશ્વર.' પછી ધર્મગુરુએ તેના પર એક સોનાની મહોર મૂકી અને પૂછ્યું, "આ શું છે? તે માણસે કહ્યું: 'સોનાની મહોર.' ધર્મગુરુએ તેને સમજાવતા કહ્યું: "ભાઈ, જેમ સોનાની મહોર નીચે ઇશ્વર દબાઈ ગયેલ છે અને જોવામાં નથી આવતો તેમ મનુષ્યની નજર જ્યાં સુધી જડ વસ્તુઓ તરફ જાય છે ત્યાં સુધી તે ઈશ્વરને જોઈ શકતો નથી. તે સમયે તેને પોતાની કે બીજાની ભલાઈ નથી દેખાતી. આ સ્થિતિમાં ઈશ્વરત્વનાં દર્શન કેમ થઈ શકે?"

જડવાદની વસ્તુઓ એકઠી કરવા માટે કેટલું પાપ કરવું પડે છે? જ્યાં સુધી માણસ બીજાની સંપત્તિ ન લૂંટે ત્યાં સુધી તેની પાસે પૈસો એકઠો થઈ શકતો નથી. આ જાણીતી વાત છે કે જેવી રીતે જુગારીની પાસે એક તરફ માટીનો ઢગલો હોય છે તો બીજી તરફ ખાડો. તેવી જ રીતે પૈસાદારોએ પણ એ સમજી લેવું જોઈએ કે તે ભલે એક બાજુ તિજોરી ભર્યા કરે, પણ બીજી બાજુ તિજોરી ખાલી પણ થાય છે.

આજે આપણું જીવન હિંસક પશુઓથી પણ ખરાબ થઈ ગયું છે. એક સમયની વાત છે: એક રાજકુમાર શિકાર ખેલવા ગયો. જંગલમાં જતાં તેણે એક હરણ જોયું અને તેની પાછળ પોતાનો ઘોડો દોડાવ્યા. હરણ આગળને આગળ ભાગતું હતું અને રાજકુમાર પણ તેની પાછળ પાછળ પોતાનો ઘોડો દોડાવી રહ્યો હતો. બહુ દૂર જતાં સામે એક ખાડી આવી જ્યાં હરણ રોકાઈ ગયું. હવે આગળ જવાનો કોઈ માર્ગ રહ્યો નહીં. રાજકુમાર ત્યાં આવી પહોંચ્યો. તેણે નિશાન તાકીને હરણનો શિકાર કર્યો.

રાજકુમારે શિકાર તો કર્યો પણ તે રસ્તો ભૂલ્યો. કોઈ વટેમાર્ગુની શોધમાં હતો ત્યાં એક સંન્યાસીને તેણે જોયો. જે બહુ મસ્ત દેખાતો હતો. રાજકુમારે હરણનો શિકાર કર્યો છે જાણી સંન્યાસી રાજી થયો અને પોતાના આશ્રમમાં તેને લઇ ગયો. રાજકુમાર માટે ભોજનની વ્યવસ્થા કરાવી પોતે સંગીતમાં તલ્લીન થઈ ગયો થોડી વારે સંગીત બંધ થયું ત્યારે રાજકુમાર સંન્યાસી પાસે ગયો અને બોલ્યો: "મહારાજ, આવું સંગીત તો મેં આજ સુધીમાં મારી જિંદગીમાં નથી સાંભળ્યું. એવી ઇચ્છા થાય છે કે જો મારો વિવાહ ન થયો હોત તો હું કદી આપને છોડત નહીં."

સંન્યાસીએ રાજકુમારને કહ્યું: "ભાઈ, રાત ઘણી ગઈ છે માટે તમે અહીં જ રહી જાઓ. મને પણ શિકારનો શોખ છે. આપણે બન્ને રાતના શિકાર કરવા નીકળીશું."

રાજકુમારના મનમાં અથડામણ તો થઈ પણ શિકાર માટે ત્યાં રોકાવાનું તેને મન થઈ ગયું. રાતના ૧૨ વાગ્યે બન્ને શિકારે ઉપડ્યા. ચાલતાં ચાલતાં બન્ને એક ઝાડ પાસે આવ્યા–જ્યાં કેટલાંક માણસો બેઠા હતા. તેમના તરફ ઈશારો કરી સંન્યાસીએ કહ્યું: 'રાજકુમાર, તું આનો શિકાર કર; આ ચોર લોકો છે જે ગરીબ માણસોને તંગ કરી ધન લૂંટી લે છે. હિંસક પશુઓ કરતાં પણ આ લોકો વધુ ભયંકર છે." રાજકુમારે પોતાની બંદુક ઉપાડી ત્યારે સંન્યાસીએ કહ્યું: "ઊભા રહો, આથી પણ સારો શિકાર આગળ મળશે." બંને આગળ વધ્યા. ચાલતાં ચાલતાં સંન્યાસીએ એક વૃક્ષ પર ચડીને રાજકુમારને કહ્યું: "જુઓ, આ મકાનમાં સફેદ વસ્ત્ર ધારણ કરેલ એક ઠગ બેઠેલો છે. જે સુંદર જુવાન રમણીઓ સાથે હાંસી-મશ્કરી કરી રહ્યો છે. આ દિવસનો મહન્ત અને રાતનો વિલાસી છે. તું આનો શિકાર કર." રાજકુમાર નિશાન

તાકે છે, પણ સંન્યાસીએ તેને અટકાવતા કહ્યું: "થોભો, આગળ આથી પણ સારો શિકાર મળનાર છે." બંને ત્યાંથી આગળ જતાં એક હાઈકોર્ટમાં પહોંચ્યા. જ્યાં માણસનો ઈન્સાફ થતો હતો. સંન્યાસીએ કહ્યું, "રાજકુમાર, અહીં દિવસના ન્યાય થાય છે પરંતુ રાત્રે તે પૈસાથી વેચવામાં આવે છે. જુઓ, ત્યાં શું અવાજ થઈ રહ્યો છે?" બન્ને ચૂપચાપ ઊભા થઈને સાંભળવા લાગ્યા. એક પૈસાદાર માણસ ન્યાયાધીશને કહી રહ્યો હતો: "સરકાર, આ દશ હજાર રૂપિયા લો અને મને બચાવી લો." રાજકુમારે આ જોઈ ગોળી ચલાવવા માંડી પણ સંન્યાસીએ કહ્યું, "હજુ થોભો, આથી પણ સારો શિકાર આગળ મળનાર છે" પછી તે વ્યાપારીઓ પાસે તેને લઈ ગયો અને બોલ્યો: 'તું આનો શિકાર કર, કેમ કે તે ગરીબોને લૂંટીને પોતાનું ઘર ભરે છે, કાળા બજાર કરે છે અને મોજમજા કરે છે." આ રીતે સંન્યાસી જ્યાં જ્યાં રાજકુમારને લઈ જાય છે ત્યાં ત્યાં તે ધર્મને સ્થાને અધર્મ અને સ્વાર્થનું પોષણ થતું જુએ છે. આખરે સંન્યાસી તેને બધે ફેરવીને પોતાના આશ્રમમાં લાવે છે અને આ રીતે દુનિયાનું ખરું દર્શન કરાવીને સૂર્યોદય થતાં વિદાય કરે છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જડવાદ તમામ અનિષ્ટોની જડ છે.

બીજો માર્ગ છે–બુદ્ધિવાદ અથવા જલમાર્ગ. કેટલાંક માણસો બુદ્ધિથી સિદ્ધ થાય તે જ વસ્તુ માને છે. તર્કથી સિદ્ધ થાય તેવી વાતો પર જ તે વિશ્વાસ રાખે છે પણ વિચારવાની વાત છે કે જે કામ હથોડાથી કરી શકાય તે કામ હાથથી નથી થતું અને કરવામાં આવે તો હાથ તૂટી જવાનો ભય રહે છે. તેવી જ રીતે જે વસ્તુ વિશ્વાસથી માનવાની હોય છે તે તર્કથી કેવી રીતે સમજી શકાય? કેમ કે તર્ક તો સત્ય વાતમાં પણ ચલાવી શકાય છે અને અસત્ય વાતમાં પણ તર્ક તો ચાલે છે.

હવે ત્રીજો માર્ગ છે આત્મવાદનો–આધ્યાત્મિક માર્ગ. આ માર્ગે આપણે ઊંચે ચડી શકીએ છીએ. આધ્યાત્મિક માર્ગનો અર્થ કોઈ સમજે કે આ માર્ગે ચાલનાર મનુષ્યે સંસારમાં ન રહેવું જોઈએ તો તે બરાબર નથી. સાધુ બની કે દુનિયા છોડીને જંગલમાં જઈએ પણ આપણે ઈર્ષા, દ્વેષ, છળ, કપટથી મુક્ત ન બનીએ તો તે પણ સંસાર જ છે. તેથી સંસારને છોડી સાધુ વેષધારી બનવાથી કંઈ લાભ નથી, પરંતુ સમજપૂર્વક ત્યાગ કરી આધ્યાત્મિક માર્ગ તરફ આગળ વધવામાં જ લાભ છે જે પુરુષના હૃદયમાં આત્મવિશ્વાસ હોય અને હંમેશાં પ્રસન્ન મુખે રહેતો હોય તે આધ્યાત્મિક માર્ગે ચાલી શકે છે અને તેને જ આધ્યાત્મિક માર્ગે ચાલનારો સમજવો જોઈએ.

અંગ્રેજીમાં કહ્યું છે કે તમે બધું ભૂલી જાઓ પણ બે વસ્તુ કદી ન ભૂલો–દાન દેવાનું અને ક્ષમા કરવાનું. આ બે વાતોને યાદ રાખવાથી જ તમારું જીવન સફળ થશે. તમારી પાસે જે કંઈ હોય તે ઉદાર હાથે આપી દો. અને કોઈ તમારું બૂરું ઇચ્છે તો તેને ક્ષમા આપી દો. આ બે જ વાતો તમારા માટે ઘણી છે જે તમને માણસમાંથી ભગવાન બનાવી દેશે.

જડ વસ્તુઓનો ત્યાગ આધ્યાત્મવાદ છે અને તેનો સંગ્રહ કરવો જડવાદ છે. ગુરુ ગોવિંદસિંહનો એક કિસ્સો છે. એક વાર જમુનાને તીરે બેઠા હતા ત્યારે તેમનો એક

શ્રીમંત શિષ્ય રઘુનાથદાસ ભેટ લઈને આવ્યો અને બોલ્યો : "આજે મારી આ ભેટ સ્વીકારો." ભેટમાં બે સોનાની બંગડીઓ હતી જેમાં કિમતી હીરા લગાડવામાં આવ્યા હતા. ગુરુજી આધ્યાત્મવાદી પુરુષ હતા. તેમની નજરમાં માટી અને સોનામાં કંઈ ફેર ન હતો. તેઓ તો બંગડાઓ લઈને પોતાની આંગળીમાં ફેરવવા લાગ્યા. ફેરવતાં ફેરવતાં એક બંગડી જમુનામાં પડી ગઈ. ભેટ આપનાર તરત જ જમુનામાં પડ્યો પણ તેને બંગડી મળી નહીં. હતાશ થઈને ખાલી હાથે તે પાછો ફર્યો ત્યારે ગુરુજીએ બીજી બંગડી જમુનામાં ફેંકતા કહ્યું : 'જો બંગડી ત્યાં પડી છે."

આ પ્રકારે જે માણસ સોના અને માટીને એક સરખાં સમજે છે તે માણસ આકાશગામી બની શકે છે અને પવિત્ર આધ્યાત્મિક જીવન જીવી શકે છે જ્યાં સુધી મનુષ્ય જડવાદ છોડીને આધ્યાત્મવાદ ગ્રહણ નહીં કરે ત્યાં સુધી તે સત્યના દર્શન નહીં કરી શકે ઉપનિષદમાં યથાર્થ કહ્યું છે : "સત્યના દર્શન કરવા માટે સોનાનું ઢાંકણ ઉઘાડીને ફેંકી દેવું જોઇએ." જો આપણે જીવન સુવર્ણ-ઉત્તમ બનાવવું હોય તો સત્ય પર છવાયેલું સોનાનું ઢાંકણ ઉઘાડીને દૂર કરી આધ્યાત્મિક માર્ગે વિકાસ સાધવો જોઇએ. આ માર્ગે વિકાસ કરતાં કરતાં 'દાન દેવું અને ક્ષમા બક્ષવી' એ જ આપણો જીવન-મંત્ર બને તો આપણુ જીવન શાંતિના માર્ગે આગળ વધી યશસ્વી બનશે.

ધર્મકથા

હ૦ ઉમર એકવાર રાતવેળાએ નગરચર્ચા સાંભળવા નીકળ્યા હતા. જુએ છે તો એક માણસ પોતાના તંબુની બહાર જમીન ઉપર બેઠો છે. એની આગળ પોતે બેઠા ને વાતો કરવા મંડ્યા ત્યા તંબુમાંથી રોવાનો અવાજ આવ્યો. ઉમરે પૂછ્યું, 'કોણ રુએ છે?' માણસ કહે, 'મારી બીબીને પ્રસવવેદના થાય છે.' એટલે ઉમર ઘેર આવીને પોતાની વહૂને તેડી ગયા, ને માણસની રજા લઈ ને એને તંબુમાં મોકલી. થોડી વારે બાળક અવતર્યું એટલે વહૂએ ઉમરને કહ્યું, 'અમીર-ઉલ-મોમિનીન, આપના મિત્ર આગળ હરખ કરો.' અમીર-ઉલ-મોમિનાનનો ઇલ્કાબ સાંભળીને માણસ ચમક્યો, પણ ઉમરે કહ્યું, 'મૂંઝાવાનું કાંઈ કારણ નથી. કાલ મારી આગળ આવજો, એટલે હું આ બાળકની જીવાઈ મુકરર કરી દઇશ.'

હ૦ ઉમર અબ્દુરરહેમાનને ઘેર રાતે ગયા, તો એણે પૂછ્યું, 'કેમ તસ્દી લીધી? મને બોલાવ્યો હોત તો?' ઉમરે કહ્યું, 'આ ઘડીએજ મને જાણ થઈ કે શહેરની બહાર એક કાફલો ઊતર્યો છે. લોકો થાક્યા પાક્યા હશે, એટલે ચાલો, આપણે જઈને પહેરો ભરિએ.' એટલે બેય જણ ગયા ને આખી રાત પહેરો ભર્યો.

એક વાર દુકાળ પડ્યો એટલે, દુષ્કાળ રહ્યો ત્યાં લગી હ૦ ઉમરે માંસ, ઘી, મચ્છી, ટૂંકામાં કોઇ સરસ વસ્તુ ન ખાધી.

એક માણસે પોતાનાં બાયડીછોકરાં સારુ કપડાં માગ્યાં, એટલે હ૦ ઉમરે ગુલામને કહ્યું, 'મારું પહેરણ એને દઈ દે. અટાણે એ વિના બીજું કાંઇ મારી આગળ નથી.'

[શિબ્લીના અલ્ફારૂક ઉપરથી]

દેસાઇ વાલજી ગોવિન્દજી

પ્યા રાબાપુ



ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની 'ગીતાંજલિ'નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ'ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

ક્ષણ ભર બેસું હું તવ પાસે,
કામ પડયાં છે બાકી જે તે પાછળથી થઈ જાશે.
નીરખ્યા વિણ તારા મુખ સામે,
અંતર મુજ આરામ ન માને,
કામ મહીં ભટકું ત્યમ ભાળું સાગર મુજ ચોપાસે.
વસંત મુજ બારીએ આવી નિઃશ્વસતી મર્મરતી,
અસલ ભ્રમરમાલા કુંજોમાં ગીતો ગુંજી ફરતી.
આજે કેવળ સ્થિર બેસીને,
તવ નયને નયનો રોપીને,
જીવન-અર્પણનાં ગાવાં છે ગીત અરવ અવકાશે.

[અનુ૦ નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું આ ૫મું કાવ્ય સમજાવતાં પૂ૦ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :

આપણી આધુનિક સભ્યતાના સિદ્ધાંતોમાં એક સિદ્ધાંત એવો પણ છે કે સવારથી સાંજ સુધી આપણે ક્ષણભર વિરામ અથવા અવકાશ વિના કામ કરતા રહીએ. તેથી જીવનનો સાચો આદર્શ, વિશેષ કરીને પશ્ચિમમાં, કર્મ-વ્યગ્રતામાં રહેલો છે એમ માણસો સમજે છે; To die in harness–કામ કરતા કરતા મરવામાં મહત્તા માનવામાં આવે છે.

પણ જો કર્મનો મર્મ આપણે સમજવો હોય તો અમુક સમય માટે આપણે નિયમિત કર્મમુક્ત થઈ અવકાશના આકાશની છાયામાં બેસીને શાંત રહેવાની ટેવ પાડવી જ પડશે. કારણ કે કર્મ પાછળ જે ભાવ – સમર્પણનો ભાવ–આપણે કેળવવો જોઈએ તે અવકાશ વિના અને શાંતિ વિના કદાપિ કેળવી શકીશું નહિ.

તેથી જ તો જીવનમાં પ્રકૃતિ અને પ્રાર્થના એ બંનેની જરૂર છે. પ્રકૃતિની વિવિધતા અને સુંદરતા આપણને કર્મથી થોડા વખત માટે દૂર લઈ જાય, એ પણ તેનો હેતુ હોય

છે. પ્રાર્થના આપણું મન ખાલી કરીને એક જાતનો આંતરિક અવકાશ અને આકાશ સર્જે છે. તે અવકાશ અને આકાશમાં આત્મા કર્મની કેદમાંથી નીકળીને ઊંચે ઊડે છે અને કર્મના જગતથી ઉપર એવું જે સૂક્ષ્મ અને અદૃશ્ય પણ સાચું જગત છે તે પ્રતીતિ આપણને કરાવે છે.

એ પ્રતીતિ–ખબર–કેવી ? આત્મા આપણને કહે છે: “કર્મ સુકર્મ ત્યારે બનશે જ્યારે તેને તે પરમાત્માને ચરણે સમર્પણ કરશો. તેથી પહેલાં પ્રભુને ચરણે શાંતિથી બેસો.–‘ઉપનિષદ્’નો અર્થ પણ ‘(પ્રભુની) પાસે બેસવુ” એવો થાય છે.–પ્રભુનું ઉજ્જવળ મુખ જુઓ અને વિચારો : ‘જે કર્મ હું કરી રહ્યો છું એ પ્રભુને પસંદ છે? જે રીતે હું કર્મ કર્મ કરી રહ્યો છું તેમાં એક સાચા કલાકારની પ્રવીણતા અને અહમ્‌થી મુક્ત એવો આનંદ છે કે?’

કર્મની પાછળ જે મતિ રહી છે અને એની જે ગતિ છે એ બંનેનો વિચાર વારંવાર કરવાથી જ કર્મને રજસ્‌ના તેમ જ રૂઢિના ફંદામાંથી મુક્તિ મળી શકે છે. કર્મમાં કેવળ પ્રવૃત્તિ જ અગત્યની નથી, પરંતુ એમાં સ્વાર્થથી નિવૃત્તિ પણ જોઈએ. ત્યારે જ કર્મનું સ્વરૂપ યોગમાં બદલાઈ જશે. કર્મ કરનાર એક યોગી બની જશે.

હાલના વખતમાં માણસ અવકાશની અગત્યતા ભૂલી ગયો છે. તેથી તેનું કામ ઘણીવાર રૂઢિવશ હોય છે. તેમાં ઝડપ હોય છે, પ્રવીણતા પણ હોય છે; પણ તેનું કામ તેના આત્માના વિકાસમાં મદદરૂપ નથી બનતું, ઉલટું તેના સ્વાર્થને એ પોષે છે.

જેમ કાવ્યમાં અથવા નૃત્યમાં વિરામની જરૂર છે, તેમ જીવન–કાવ્ય અથવા જીવન-નૃત્યમાં વિરામની અગત્યતા છે.

“જો સાધનોને ખૂબ સુંદર બનાવીએ તો જ સુંદર કામ કરી શકાય”

દુનિયા બધી સ્વાર્થી છે. આપણે પણ તેમાંના એક છીએ, કોઈ વધારે યા ઓછા પ્રમાણમાં સ્વાર્થી છે જ. દુનિયાનો વ્યવહાર સમજી આનંદ માણીએ જ્યારે આપણે વ્યવહારને સત્ય માની વર્તન કરીએ તો દુઃખ જ દેખાવાનું તેથી જ જ્ઞાનીઓએ આત્મદૃષ્ટિ રાખી વ્યવહાર કરવાનું લક્ષ્યબિંદુ રાખ્યું છે. આપણો (મનુષ્ય) જન્મ જ એ બધાથી પર થવા માટે છે; અને એ દૃષ્ટિએ જ ખરો આનંદ લૂંટી શકાય છે. જગત તો એવું ચાલ્યું જ આવ્યું છે. એને આપણે સુધારી શકીએ એમ નથી. અને તેથી જ ગીતાકારનો મહાન સિદ્ધાંત, “તને કર્મ કરવાનો અધિકાર છે પણ તેના ફળની આશા રાખવાની નથી.” ખૂબ અનુભવે લખાયો છે. હું આત્મા જ છું. શરીર, મન, વગેરે હું નથી પણ મારે કામ કરવાનાં એ સાધનો છે. જો સાધનો ખૂબ સુંદર બનાવીએ તો જ સુંદર કામ કરી શકાય. એ સાધનો સુંદર બનાવવાની ક્રિયા એ જ તપશ્ચર્યા. આપણે જાતે એને સુંદર બનાવીશું તો આનંદ રહેશે. બાકી કુદરત યા પરમાત્મા એને સુંદર બનાવ્યા સિવાય રહેશે નહીં. તેથી જ સમજીને આપણે પ્રયત્ન ચાલુ રાખીએ. એટલા માટે આપણી દરેક ક્રિયા પર આપણી ચોકી રહેવી જોઇએ. જેથી આપણે પોતે જ આપણા પોતાના સુધારક બનીએ. ડાયરી, રટણ વિ. નો આ જ હેતુ છે. એમાં પ્રમાદ ન રાખીએ. આત્મજાગ્રતિ રાખી ખૂબ આનંદ લૂંટો. શરૂઆતમાં કદાચ અઘરું લાગશે પણ જેમ જેમ આનંદ લૂંટશો તેમ તેમ શ્રદ્ધા વધતી જશે. –જ્ઞાનયોગી ચંદુભાઈ

પ્યારાબાપુ



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

[૫]

મધ્ય ભારતમાં નરસિંહગઢ નામે એક નગર છે. પહેલાં ત્યાં રાજાનું રાજ્ય હતું. હવે ત્યાં રાજા નથી અને રાજાનું રાજ્ય પણ નથી. ૨૦-૨૧ વર્ષ પહેલાં ત્યાંની એક હાયસ્કૂલમાં એક હેડમાસ્તર હતા. તેમને એક પુત્ર હતો. તે કાશી વિદ્યાપીઠનો સ્નાતક હતો. ૧૯૨૧માં તે છોકરો ગૂજરાત વિદ્યાપીઠમાં આવ્યો અને ત્યાં અધ્યાપકનું કામ કરવા લાગ્યો. એ છોકરાને એક પિતરાઈ બહેન હતી. તે બહેનના પિતા તેના લગ્ન કરવા માગતા હતા. બહેનની ઇચ્છા નાની ઉંમરમાં લગ્ન કરવાની ન હતી. જ્યારે બહેનને લાગ્યું કે તેના પિતા લગ્ન કરાવ્યા વિના રહેશે નહિ, ત્યારે તેણે ભાઇને લખ્યું અને તેની મદદ માગી. બહેન ઇચ્છતી હતી કે કોઈ પણ રીતે તેના લગ્ન થતાં અટકે અને તેને આગળ ભણવાનું મળે. તે એક સારી અને સમજદાર છોકરી હતી. તે પોતાના દેશની સેવા પણ કરવા ઇચ્છતી હતી. એના ભાઈને જેવી ખબર મળી કે તરત તે બહેનને લઈ આવવા માટે કાશી ગયો. બહેનનાં માતાપિતા કાશીમાં રહેતાં હતાં. તેઓએ બહેન પર સખત જાપ્તો રાખવો શરૂ કર્યો હતો તેઓ એવું ઇચ્છતાં ન હતાં કે તેમની છોકરી લગ્ન કર્યા વિના ક્યાંય બહાર જાય. તેથી ભાઈબહેને મળીને ઘરમાંથી નીકળી જવાની અને અમદાવાદ આવવાની તરકીબ વિચારી. કાશીના કેટલાક મિત્રોએ અને ગુરુજનોએ એમને આ કામમાં સંમતિ આપી. એક દિવસ ભાઈબહેન કાશીથી રવાના થયાં અને અમદાવાદ આવ્યાં. ભાઈએ બહેનને સત્યાગ્રહ આશ્રમમાં દાખલ કરાવી.

બાપુ તે ભાઇને પહેલેથી જાણતા હતા. બાપુની સલાહ લઈને જ તે પોતાની પિતરાઇ બહેનને લઈ આવવા માટે કાશી ગયો હતો. જ્યારે બહેન હિંમત કરીને પોતાની ભાઈની સાથે આશ્રમમાં આવી, ત્યારે બાપુએ તેનું પ્રેમથી સ્વાગત કર્યું. બાપુએ તેને કહી દીધું કે, “આજથી તું મારી દીકરી છે. આશ્રમમાં નિર્ભય અને નિશ્ચિંત બનીને રહે અને કામ શીખ. બહેન આશ્રમમાં રહેવા અને કામ શીખવા લાગી.

જ્યારે માબાપને ખબર પડી કે, બહેન તો ભાઈની સાથે ક્યાંક ચાલી ગઈ છે, ત્યારે તેમણે ચારે બાજુ તાર કર્યા. તેઓ બહુ ગભરાઇ ગયાં અને મનમાં ને મનમાં ભાઈ–બહેન પર નારાજ પણ થયાં. તેઓએ એક તાર બાપુના નામે પણ કર્યો તેઓને ખબર હતી કે તેમનો ભત્રીજો ગાંધીજીની જ સંસ્થામાં કામ કરે છે. તેથી તેમણે ગાંધીજીને સખત ઠપકાભર્યો તાર કર્યો અને લખ્યું કે તેઓ પોતાની છોકરીને લેવા આવી રહ્યાં છે. બાપુએ તેઓને આશ્રમમાં આવવાનું લખ્યું, અને બહુ મીઠો જવાબ લખ્યો.

એક દિવસ એ બહેનનાં માબાપ આવ્યાં અને બાપુને મળ્યાં. તેઓ મનમાં નારાજ તો હતાં જ. તેઓએ ધાર્યું હતું કે બાપુને મળીને ઝઘડો કરીશું અને એ રીતે માબાપની રજા વિના ઘર છોડીને આવેલી છોકરીને આશ્રમમાં આશરો આપવા માટે ઠપકો પણ આપીશું પણ જ્યારે તેઓ બાપુને મળ્યા, ત્યારે તેઓનો બધો ગુસ્સો ઊતરી ગયો. બાપુએ બહુ પ્રેમથી તેમની સામે તેમની દીકરીની વકીલાત કરી, અને તેમની પાસેથી છોકરીને દેશસેવા માટે માગી લીધી.

એ રીતે માબાપને નારાજ કરીને આવેલી છોકરી બાપુની પોતાની દીકરી બની ગઈ માબાપે પણ તેને બાપુની ગોદમાં સોંપીને શાંતિ અનુભવી. તે દિવસથી બાપુ તે છોકરીની પૂરેપૂરી સંભાળ લેવા લાગ્યા. તેઓ એમની મા બન્યા અને બાપ પણ બન્યા. તેમણે તેના અભ્યાસની વ્યવસ્થા કરી આપી. બાપુ તેને પોતાની સાથે રાખવા લાગ્યા અને તેને આશ્રમજીવનની તાલીમ આપવાનું તેમણે શરૂ કર્યું. તે છોકરી હોશીયાર અને બુદ્ધિશાળી તો હતી જ. તેણે થોડા જ સમયમાં બાપુનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો અને તે રાતદિવસ તેમના સાન્નિધ્યમાં રહીને તનમનથી શીખવા લાગી.

[૬]

૧૯૨૯–૩૦ની આ વાત છે. ’૩૦માં જ્યારે મીઠાના કાયદાનો ભંગ કરવાની ચળવળ શરૂ થઈ અને બાપુ દાંડી–યાત્રા માટે રવાના થયા, ત્યારે ૮૦ સત્યાગ્રહીઓની ટુકડીમાં પેલી છોકરીનો પેલો પિતરાઈ ભાઇ પણ હતો. એક તરફ ભાઈ કૂચ કરવા રવાના થયો, અને બીજી તરફ બહેન પોતાને સત્યાગ્રહ અને જેલજીવનને માટે તૈયાર કરવા લાગી.

કરાડીમાં બાપુની ધરપકડ થવાથી સાબરમતી આશ્રમમાંથી બહેનોની એક ટુકડી યાત્રાએ નીકળેલા સત્યાગ્રહીઓની સેવા માટે રવાના થઈ. તે ટુકડીએ ખેડા જિલ્લામાં બોચાસણ મુકામે પડાવ નાખ્યો, અને સત્યાગ્રહી ભાઈ–બહેનોમાં તે ટુકડી કામ કરવા લાગી ગઈ. શ્રીમતી ગંગાબહેન વૈદ્ય તે ટુકડીના સરદાર હતાં. એમની સરદારી નીચે આશ્રમની બહેનોએ કેટલાક મહિનાઓ સુધી બહુ સારું કામ કરી બતાવ્યું. એ બહેનોમાં પેલી બહેન પણ હતી. તેણે પણ ત્યાં પોતાના કામથી બધાંનાં મન જીતી લીધાં.

બાપુને યરોડા જેલમાં પૂર્યા હતા. તેઓ જેલને મહેલ અને મંદિર માનતા હતા, અને એ જ ભાવથી પોતાનું સમગ્ર જેલજીવન વિતાવતા હતા. તેઓ યરોડામંદિરથી દર અઠવાડિયે આશ્રમવાસી ભાઈ–બહેનોનાં નામે પચાસેક નાના–મોટા પત્રો લખતા હતા.

જેલમાં રહીને પણ બાપુ કાશીથી આવેલી પોતાની પેલી નવી દીકરીને ભૂલ્યા ન હતા. ત્યાંથી દર અઠવાડિયે તેઓ તેના નામે પત્ર મોકલતા અને તેને તેના જીવનકાર્યની દીક્ષા આપતા હતા. જેલમાં બેઠા બેઠા પણ બહેનના જીવનની બધી બાજુને સંમાર્જિત કરવા અને ઊંચે લાવવા તેઓ પ્રયત્ન કરતા હતા.

આખરે એક સમય એવો આવ્યો કે, બાપુને એ બહેનની શક્તિમાં ઘણો વિશ્વાસ બેસી ગયો. બાપુ માટીમાંથી મર્દ બનાવવાની કળા જાણતા હતા. મડદામાં પ્રાણ પૂરવાની શક્તિ એમનામાં હતી. તેથી પોતાના પત્રો દ્વારા તેઓ તે બહેનને ખૂબ કસતા રહ્યા અને ખૂબ ઉત્સાહ આપતા ગયા. એક દિવસ બાપુએ એને લખ્યું, ‘ મેં તારા માટે ખૂબ આશાઓ બાંધી છે. બધી આશાઓ સફળ કરવાની શક્તિ ઇશ્વર તને આપે.” અને વળી એક દિવસ એમ પણ લખ્યું કે, હું ચાહું છું કે શરીર અને શીલની દૃષ્ટિએ તું એટલી મજબૂત બની જાય કે તને કોઈથી ડરવાનું કારણ ન રહે.

બાપુ ચાહતા હતા કે અવસર આવ્યે આ બહેન જેવી બહેને પણ આખા રાષ્ટ્રનો ભાર ઉઠાવવાની શક્તિમાં પ્રાપ્ત કરવી જોઇએ.

એક દિવસ બાપુએ લખ્યું, “મને તારી બાબતમાં જરાયે ડર નથી. પરંતુ તને અપનાવીને મેં મોટી જુમ્મેદારી ઉઠાવી છે. તેં મોટી આશા બંધાવી છે. તેથી તને જાગ્રત રાખતો રહું છું. મને વિશ્વાસ ન હોત તો તને એકલી જવા દેવા તૈયાર ન થાત.......મને તારા ઉપર પૂરો વિશ્વાસ છે. પરમાત્મા પાસે એ જ માગું છું કે મારો વિશ્વાસ સફળ થાય.”

એક સાધારણ છોકરીને ઊંચે લાવવા માટે બાપુ કેટલો પ્રયત્ન કરતા હતા, એનું આ એક અનોખું ઉદાહરણ છે. બાપુએ આ રીતે દેશની આઝાદીની લડાઇને માટે સેંકડો-હજારો શહીદો અને સેવકો તયાર કર્યા હતા.

બાપુના આ સ્વરૂપને આપણે બધા સમજીએ અને આપણા જીવનમાં ઉતારીએ તો ઘણું.

પ્રાચીન જમાનામાં અતિથિઓને દેવતા સમાન ગણવામાં આવતા હતા, પણ આજે જ્યારે કોઇને ત્યાં મહેમાન આવે તો સૌથી પ્રથમ તેમને પૂછવામાં આવે છે: “આપ ક્યારે જવાના છો?” ‘અતિથિ દેવો ભવ’ એ એક પ્રાચીન વાકય છે તેથી અતિથિ બનીને કોઈનું આતિથ્ય સ્વીકારવું એ સાધારણ વાત નથી, તેમાં પણ ઘણી યોગ્યતા અને વિવેકની આવશ્યકતા છે. ગુજરાતનો એક કિસ્સો છે:

સગાળશા નામના એક શેઠ હતા જે કોઈ એક અતિથિને જમાડ્યા વિના ભોજન કરતા નહીં. આ તેમનો હંમેશનો નિયમ હતો. જે દિવસે કોઈ અતિથિ ન મળે તે દિવસે તે પણ ભૂખ્યા રહેતા. એ જમાનામાં આજની જેમ ભિક્ષુકોની ભરતી ન હતી. બહુ મુશ્કેલીથી ભિક્ષુક મળતા—જે કોઈનું આતિથ્ય સ્વીકારવા તૈયાર થાય. કેટલાય દિવસો વહી ગયા પરંતુ શેઠને કોઈ અતિથિ મળ્યો નહીં. નિયમાનુસાર તેને તેટલા દિવસના ઉપવાસ થયા. એક દિવસે અચાનક તેમને એક તપસ્વીનો ભેટો થયો. શેઠ રાજી થયા અને ભિક્ષુકને કહ્યું: “મહારાજ, હું કેટલાય દિવસનો ઉપવાસી છું, તેથી આપ આજે મારે ત્યાં પધારો અને જમો, જેથી મને પારણું કરવાની તક મળે.” તપસ્વીએ કહ્યું: “ભાઇ હું તો બીમાર સાધુ છું તેથી હું તારે ત્યાં કેવી રીતે જમી શકું?” શેઠે કહ્યું: “નહીં, મહારાજ! હું બધી જાતની આપને યોગ્ય વ્યવસ્થા કરી આપીશ, મહેરબાની કરી આપ મારું ઘર પાવન કરો. “ શેઠની ભક્તિ જોઇને સાધુ જવા તૈયાર થયા. બન્ને ચાલીને ઘેર આવ્યા. તપસ્વીએ શેઠની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. થોડીવાર પછી તેણે કહ્યું: ‘શેઠજી તું તારા પુત્રને ખાયણીમાં ખાંડીને મને ભિક્ષા આપીશ તો હું લઈશ, અન્યથા નહીં.” શેઠે તેમ કરવાની તૈયારી કરી ત્યારે સાધુને થયું કે આ શેઠ સાચો છે. સાધુએ તેનું ભોજન સ્વીકાર્યું અને શેઠે પણ પારણું કર્યું. ગુજરાતમાં આજે પણ સગાળશા શેઠનો કિસ્સો પ્રખ્યાત છે.

ત્યાગ અને ક્ષમા

યશપાલ જૈન

ઘણાં વર્ષ પહેલાંની વાત છે. હજરત મહમદના અવસાન પછી થોડાં વર્ષો બાદ આરબો અને રોમનો વચ્ચે ભારે લડાઈ થઈ. તે લડાઈમાં સેંકડો માણસો માર્યા ગયા. સેંકડો ઘાયલ થયા. આખો દિવસ લડાઈ ચાલતી હતી, અને સાંજે બંધ થતી હતી. એ જ રીતે એક દિવસ લડાઇ બંધ થઈ. એક લશ્કરી આરબ પોતાના કાકાના દીકરાને શોધવા નીકળ્યો. તેની એવી ઈચ્છા હતી કે ક્યાંય ઘાયલ થઈ પડ્યો હોય તો તેને મલમપટ્ટી કરું અને દુર્ભાગ્યે તેના પ્રાણ નીકળી ગયા હોય તો તેની સારી રીતે વિધિપૂર્વક દફનક્રિયા કરું.

ચાલતાં ચાલતાં તેને લાગ્યું કે કદાચ તે ઘાયલ થઈ તરસ્યો પડી પણ રહ્યો હોય, તેથી તેણે એક હાથમાં બત્તી અને બીજા હાથમાં પાણીનો લોટો લીધો અને તે ચાલ્યો. યુદ્ધભૂમિમાં મડદાં આમ તેમ પડ્યાં હતાં. કોઈ ચીર નિદ્રામાં લીન બની ગયા હતા તો કોઈ અંતિમ શ્વાસ લઈ રહ્યા હતા. કોઈ પીડાને કારણે બૂમો પાડતા હતા તો કોઇ પોતાની અસહ્ય વેદનાને પોતાના અંતરમાં છુપાવી મૃત્યુની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

આરબ તેમના પર દૃષ્ટિપાત કરતો કરતો આગળ વધી રહ્યો હતો. તેના મનમાં જાત જાતના વિચારો ઊઠતા હતા. થોડું ચાલ્યો ત્યાં તો તેને પોતાનો ભાઈ મળી ગયો. તેને સખત ઘા વાગ્યો હતો. તે લોહીથી તરબોળ બની ગયો હતો. તરસથી તેનો કંઠ સુકાઈ રહ્યો હતો અને અવાજ મુશ્કેલીથી બહાર નીકળી શકતો હતો. આરબે બત્તી ભાઈની પાસે મૂકી અને લોટો લઇ પાણી પીવા નમ્યો. ત્યાં તો ક્યાંકથી અવાજ આવ્યો. 'પાણી........પાણી!' તે અવાજમાં કારુણ્ય હતું.

પાણી પીવા માટે ઉઘાડેલું ભાઈનું મોં બંધ થઈ ગયું. તેણે ધીમેથી કહ્યું, 'જાઓ, પહેલાં તેને પાણી પાઈ આવો.'

જ્યાંથી અવાજ આવતો હતો તે દિશામાં આરબ લોટો લઈ આગળ વધ્યો. પાસે જઈ જુએ છે તો લશ્કરનો એક મોટો સરદાર તરસનો માર્યો તડફડતો હતો. આરબે લોટો તેના મોં તરફ ધર્યો. સરદારના હોઠ લોટાને અડકે એટલામાં તો તેણે અવાજ સાંભળ્યો. "પાણી....ઘૂંટડો પાણી!" સરદારે ઇશારો કરી આરબને કહ્યું, "પહેલાં પાણી ત્યાં પાઇ આવો."

આરબ ત્વરાથી ત્યાં ગયો. પણ તે ત્યાં પહોંચી પાણીની ધાર એ તૃષિતના મોંમાં રેડવા જાય છે એવામાં તો તેની આંખો હંમેશને માટે મીંચાઈ ગઈ!

આરબ ઝડપથી સરદારને પાણી પાવા વળ્યો પરંતુ તે પહોંચે એ પહેલાં સરદારના હૃદયના ધબકારા પણ બંધ પડી ગયા હતા.

તે ભાઇની તરફ દોડ્યો. પાસે ગયો ત્યાં સુધીમાં તેણે પણ અંતિમ શ્વાસ લઈ લીધો હતો.

ત્રણમાંથી ભલે કોઈને પાણી ન મળી શક્યું; પણ પહેલા બેનો ત્યાગ માનવતાના ઈતિહાસમાં યુગયુગાન્તરો સુધી સુવર્ણ અક્ષરોએ લખાયેલો રહેશે.

પ્યારા બાપુ



ચિ. [illegible],

[illegible]
હવે [illegible]
[illegible]
તેની નોંધ લઈ ને [illegible]
રહ્યું. તેના [illegible]
[illegible]
[illegible]
કે હું [illegible]
[illegible]
કે [illegible]
[illegible]
[illegible]
રહે. બાપુના આશીર્વાદ

[બાપુના આશ્રમમાં હિન્દના દરેક પ્રાન્તના લોકો હતા. શ્રી. કાશિનાથજી ત્રિવેદી પણ સાબરમતી આશ્રમમાં કુટુંબ સહિત રહેતાં હતાં. તેમની માતૃભાષા તો હિન્દી છે પણ ગુજરાતી ભાષા તેમણે શીખી લીધેલી એટલે બાપુ તેમને કોક કોક વાર ગુજરાતીમાં પણ પત્રો લખતા.

શ્રી. કાશિનાથજીના ટૂંકા લેખો 'પ્યારાબાપુ'માં 'બાપુની અનોખી વાતો' એ મથાળાથી દર મહિને પ્રગટ થાય છે. એટલે વાચકવર્ગ તેમની કલમથી તો પરિચિત છે જ. હાલમાં તેઓ ઇંદોરમાં રહે છે. બાળકોના શિક્ષણ વિષે તેઓ ઊંડું જ્ઞાન ધરાવે છે. હિન્દીમાં 'શિક્ષણ પત્રિકા' નામનું માસિક ચાલે છે તેના તેઓ સંપાદક છે.

નીચેનો પત્ર તેમના આભાર સાથે પ્રગટ કરીએ છીએ.]

ચિ૦ કાશિનાથ,

તમારી માનસિક ગ્લાની હવે દૂર થવી જોઈએ. નબળા વિચારો વિકારો વિ૦ આવે તેની નોંધ લઈ તેને દૂર કરતા રહેવું. તેનો વિચાર ન કર્યા કરવો. કેમ આવ્યા એ પણ મન સાથે ન ચર્ચવું પણ મનને સદ્‌વિચારમાં જ રોકી રાખવું. અને એનો સુવર્ણ ઉપાય એ છે કે જે બાહ્ય કામ કરીએ તેમાં જ મન પણ પરોવીએ એટલે બીજે મન ભમવાનો સમય જ ન રહે.

બાપુના આશીર્વાદ

"કેવળ રામનામ લઇને રાષ્ટ્રીય સેવા કર્યા વિના સ્ત્રીપુરુષ મોક્ષ મેળવી શકે ખરાં કે?" આ પ્રશ્નનો જવાબ બાપુએ નીચે પ્રમાણે આપ્યો:

"આ પ્રશ્ને સ્ત્રીઓને જ નહિ પણ ઘણા પુરુષોને પણ મૂંઝવ્યો છે. અને મને પણ એ પ્રશ્ન ઉકેલતાં બહુ મહેનત પડી છે. હું જાણું છું કે એક વિચારસંપ્રદાય એવો પડ્યો છે કે જે સંપૂર્ણ નિવૃત્તિનો અને પ્રવૃત્તિમાત્રની નિરર્થકતાનો ઉપદેશ કરે છે. એ ઉપદેશની કિંમત મને સમજાઈ નથી, જો કે એનો સ્થૂલ સ્વીકાર કરવો હોય તો એનો મારો પોતાનો અર્થ કરી હું સ્વીકારી શકું છું. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે, વિકાસને માટે પ્રવૃત્તિની જરૂર છે, અને તે પણ ફલાભિસન્ધિરહિત પ્રવૃત્તિની, રામનામ અથવા એવો જ કોઈ મંત્ર બોલવાની ખાતર બોલવાની જરૂર નથી, પણ આત્મશુદ્ધિની ખાતર બોલવાની જરૂર છે, – પ્રવૃત્તિને મદદ મળે તે માટે, ઇશ્વર સન્માર્ગે પ્રેરે તે માટે, જરૂર છે. જો પ્રવૃત્તિમાત્ર મિથ્યા હોય તો કુટુંબનો ભાર ઉપાડવાની અને કોક કોક વાર ગરીબને મદદ આપવાની પ્રવૃત્તિ પણ શા સારુ? આ પ્રવૃત્તિમાં જ રાષ્ટ્રીય સેવાનું બીજ રહેલું છે. અને બધી રાષ્ટ્રીય સેવામાં સમાજસેવા રહેલી છે, જેમ કુટુંબની નિઃસ્વાર્થ સેવાનો પણ એ જ અર્થ છે. રામનામથી માણસમાં નિર્મોહતા અને સમતા આવે છે, અને અણીને વખતે તે પાટા ઉપરથી ઊતરી પડતો નથી. મોક્ષ તો હું ગરીબમાં ગરીબની સેવા વિના અને તેમની સાથે તાદાત્મ્ય વિના અશક્ય સમજું છું."

બીજો પ્રશ્ન છે: 'પતિનો વિરોધ કરીને પણ પત્નીથી રાષ્ટ્રીય સેવા થાય કે? કે તેણે પતિ રજા આપે ત્યાં સુધી જ હામ ભીડવી?'

"મારા મત પ્રમાણે આદર્શ પત્ની સીતા છે અને આદર્શ પતિ રામ છે. પણ સીતાજી રામની દાસી નહોતાં. અથવા તો સીતા રામચંદ્રની દાસી હતાં, તો રામચંદ્રજી સીતાજીના દાસ હતા. રામે સીતાની સદા મરજી સાચવી છે. સાચો પ્રેમ હોય ત્યાં ઉપર આપેલો પ્રશ્ન ઊઠતો જ નથી. જ્યાં

[અનુસંધાન પૃ૦ ૧૨૪મે]

બાપુના જીવનની એક બાજુ

મુકુલભાઈ

મહાપુરુષોનાં મન આભ જેવાં અગાધ હોય છે. એમના હૃદયની વિશાળતા એમાં સૌને સમાવી દે છે. પોતાને જીવનમાં જે સત્ય લાધે છે તે તેઓ જગત આગળ મૂકે છે. પણ જગતે તેનો સ્વીકાર કરવો જ જોઈએ એવો આગ્રહ તેઓ કદી જ કરતા નથી. તેઓ તો કહે છે, આ સત્યની મને ઝાંખી થઈ છે, તમારું અંતઃકરણ એને સ્વીકારવા તૈયાર હોય તો એને સ્વીકારો. મહાપુરુષો પ્રત્યેના આદર અને પ્રેમને વશ થઈને નહિ, પરંતુ પોતાનો આત્મા એને અનુમતિ આપે અને પોતાની શુદ્ધ બુદ્ધિ પણ એને સ્વીકાર્ય ગણે તો જ એને માનવાની તેઓ પોતાના અનુયાયીઓને સલાહ આપતા. બુદ્ધ ભગવાન પણ કહેતા : 'તમે શ્રવણ કરેલું બધું સ્વીકારશો નહીં; પરંપરાથી ચાલ્યું આવ્યું છે માટે પણ તેનો સ્વીકાર ન કરો; ઉતાવળથી પણ એ સત્ય છે એમ માની ન લેશો; આપણાં શાસ્ત્રોમાં લખ્યું છે તેથી તે સ્વીકારશો નહીં; તમારા ગુરુએ કહ્યું છે તેથી તે સ્વીકારવું જ જોઈએ એમ માનશો નહીં. પરંતુ તમને એ લાભદાયી, શ્રેયસ્કર અને વિશુદ્ધ લાગે અને એના સ્વીકારથી તમને સુખ અને સંતોષ મળશે, તો જ એનો સ્વીકાર કરજો."

બાપુજી પણ કહેતા : "હું તમને જે વિચારો બતાવું તેમાં તમને જે પસંદ પડે તે જ અમલમા મૂકજો."

તેથી બાપુ પોતાના વિચારો સમજાવવા શક્ય એટલો પ્રયત્ન કરતા, પરંતુ સામી વ્યક્તિ એનો સ્વીકાર કરે એવો આગ્રહ રાખતા નહીં.

અહીં એક પ્રસંગ જોઈએ. શ્રી. હેનરી પોલાક ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકામાં કાર્ય કરતા હતા. તેમનાં પત્ની મીલી પોલાક પણ એમની સાથે રહેવા જોહાનીસબર્ગ આવ્યાં. તેમને એક નાનકડા ઘરમાં રહેવાનું હતું. તે ઘરમાં નહોતું કંઈ શોભા કે શણગારનું નામનિશાન. ભોંય પર જડેલાં દેવદારનાં ખુલ્લાં પાટિયાંને ઢાંકવા શેતરંજી કે ગલીચા નહોતા. બારીએ લટકાવવાના પડદા પણ નહોતા. પીળી રંગેલી ભીંતો પર એક પણ ચિત્ર નહોતું. માત્ર તે ઘરમાં સાદામાં સાદું અને જીવનને જરૂરી એવું રાચરચીલું જ હતું.

મીલી પોલાકને એમાં સુધારો કરવાનું મન થયું. તેમણે બાપુજીને કહ્યું : "મારે થોડાક પડદા, થોડીક જાજમ અને ગાલીચા, ને ઘરને 'ઘર' જેવું બનાવવાને બીજી થોડીક ચીજો જોઈએ છે."

બાપુજી નવાઈ પામી બોલ્યા, "પણ એ બધું શાને સારુ ? એ બધાંની જરૂર શી છે ? આ બારીઓમાંથી જે પ્રદેશ દેખાય છે તે કોઈ પણ ચિત્રના કરતાં સુંદર નથી શું ? તો પછી તેને પડદાથી ઢાંકી દઈ તે દેખાય જ નહીં એવું કરવાથી શો ફાયદો ? તમે તો કહેતાં હતાં કે તમને આકાશનાં દૃશ્યો અને સુંદર સૂર્યાસ્ત જોવાં ગમે છે. એ બધું તમારી સામે પડેલું જ છે. તેને તમે પડદાથી શા સારુ ઢાંકી દેવા માગો છો એ મને સમજાતું નથી."

મીલી પોલાક બોલ્યાં, "થોડાક લેસના પડદાથી કે ઝીણી મલમલથી એ દેખાવ ઢંકાઈ નહીં જાય. પડદા એવી રીતે બારીઓની બાજુમાં કોરે કોરે આવી રહેશે કે આ સસ્તું, ભમરાળું લાકડું જ માત્ર ઢંકાઈ જશે. અને હું કંઈ આખો દહાડો તો બારી બહાર જોયાં કરવાની નથીજ. વળી છ વાગ્યા પછી તરત અંધારું થઈ જાય છે, ને પછી તો

મારે ભીંતો તરફ જ જોઈ રહેવું પડે છે. ઘરમાં પોતાની કંઈ શોભા જેવું તો છે જ નહીં. જે કંઇ જુઓ તે સસ્તું અને કર્કશ છે; ને એ બધું ઉઘાડું જોતાં મને કંઈ ને કંઈ થઈ જાય છે. થોડા જ પૈસા ખરચીને, અને એક–બે ચિત્રો ટાંગીને પણ, હું અત્યારના કરતાં ઘણું સારું દેખાતું કરી શકું એમ છું. આ ભૂંડી ભૂખ જેવી દીવાલ મારે ઢાંકવી છે.”

બાપુજીએ કહ્યું, “પણ તમે અહીંયાંથી જે ચિતાર જોઇ શકો છો તેના કરતાં અધિક સુંદર ચિત્ર કોઇ તમને મળશે ખરું? જુઓ, તમારે જે સુંદરતા જોઇએ છે, એ તો અહીં તમારી આસપાસ પડેલી છે. ઈશ્વરે તમને સાચી સુંદરતા કુદરત દ્વારા આપી છે. પછી તમે માણસની બનાવેલી ચીજો માટે શા સારુ તલસો છો?”

મીલી પોલાક બોલ્યાં, “ઇશ્વર અને મનુષ્ય વચ્ચે તમારા જેટલી સહેલાઈથી હું ભેદ પાડી શકતી નથી. એમની વચ્ચે એવી રીતે ભેદની લીટી દોરતાં મને આવડતું નથી. મનુષ્ય સુંદર વસ્તુઓ સરજે, તો એની મારફતે ઈશ્વર જ બોલે છે એમ કહેવાય.”

બાપુજીએ કહ્યું, “પણ તમારી પાસે ઈશ્વર હોય તો પછી તમારે મનુષ્યને પૂજવાની જરૂર રહે ખરી?”

મીલી પોલાકે કહ્યું, “હું મનુષ્યદ્વારા ઈશ્વરને પૂજી શકું છું.”

બાપુ બોલ્યા, “ના, તમે મનુષ્યની પૂજા કરવા જતાં ઈશ્વરનું દર્શન ગુમાવો છો.”

મીલી પોલાકે કહ્યું, “હું તમારી સાથે એ વાતમાં સંમત નથી. મનુષ્યે રચેલી કોઈ સુદર વસ્તુ જોઈને હું પ્રેમના યા સૌન્દર્યના સાક્ષાત્કારની સમીપ પહોંચુ છું, એટલી મને ખબર છે. મનુષ્ય ઈશ્વરનો દુભાષિયો છે.”

બાપુજી થોડી વાર શાંત બેઠા. બધે શાંતિ પ્રસરી ગઈ. પછી બાપુ ધીમેથી બોલ્યા, “ભલે, તમારે પડદા ને ગાલીચા જોઇએ જ એમ તમને લાગતું હોય તો મંગાવી આપીશું.”

બાપુના જીવનમાં આવા કેટલાયે પ્રસંગો બન્યા છે. અને એમાં બાપુજીની મહત્તા એક યા બીજી રીતે દેખાઇ આવે છે ‘બહુ તાણવાથી તૂટી જાય’ એના કરતાં પાછળથી એને સત્ય સમજાય એટલી સ્વતંત્રતા આપવી, એમ કરવાથી જ મનુષ્યોનું જીવન સમાધાનપૂર્વક ગોઠવી શકાય અને એકબીજા વચ્ચે સુમેળ સધાય.

સુવર્ણ જીવન: (અનુસંધાન પૃ. ૧૨૨થી પ્રેમ નથી ત્યાં બંધન પણ નથી હોતું પણ આજનો હિંદુ ગૃહસંસાર એક સમસ્યા છે, કારણ પતિપત્ની જ્યારે પરણે છે ત્યારે એક બીજા વિષે કશું જાણતા નથી. ઘણુંખરાં હિંદુ ઘરોમાં ધર્મની અનુમતિ અને તેની સાથે રૂઢિનું અનુમોદન અને સંક્ષોભવિનાનું વિવાહિત જીવન શાંતિ જાળવે છે. પણ જ્યારે પત્ની કે પતિ અસાધારણ વિચાર ધરાવે છે ત્યારે ખળભળાટ થવાની ધાસ્તી રહે છે. પતિને તો કશી શરમ હોતી નથી. પોતાની સહચરીના વિચાર જાણવાની તે પોતાની ફરજ સમજતો નથી સ્ત્રીને તે પોતાની મિલકત સમજે છે. અને પતિનો દાવો કબૂલ રાખનારી બિચારી પત્ની ઘણીવાર પોતાનો ભોગ આપે છે. આમાંથી નીકળવાનો માર્ગ છે ખરો. મીરાંબાઈએ તે માર્ગ બતાવ્યો હતો. અને જ્યારે પોતાનો પક્ષ સત્ય લાગતો હોય ત્યારે, અને પોતાનો સત્યાગ્રહનો ઉચ્ચ ઉદ્દેશને માટે હોય ત્યારે, તેને મક્કમપણે પોતાના મતને વળગી રહેવાનો હક છે અને સત્યાગ્રહ કરતાં જે કષ્ટ ભોગવવું પડે તે તેણે વેઠી લેવું.

પ્યારા બાપુ

વિવાહિત યુગલને

ગાંધીજી

"ભોગ ભોગવવાને સારુ વિવાહ કરવા તે વિવાહ નહિ પણ વ્યભિચાર છે."

"તમારે જાણવું જોઈએ કે ધર્મ સમજાવે એવી વિધિઓ સિવાયની બધી વિધિઓને છોડીને હું ચાલવાવાળો છું. અને આજે આ બધી વિધિમાં મેં જાતે ભાગ લીધો કારણ કે દરેક મંત્રની અંદર રહસ્ય રહેલું છે. એટલા માટે બધા મંત્રોનો અર્થ તમને સમજાવવામાં આવે એવી વિનંતી મેં શાસ્ત્રીજીને કરી હતી. સંસ્કૃત મંત્રોનો તો એટલા જ માટે હું આગ્રહ રાખું છું કે સંસ્કૃત ભાષામાં જે શક્તિ છે તેની આપણા ઉપર અસર પડે. મંત્રોના ધ્વનિની પણ શ્રદ્ધાળુ ઉપર અસર પડે એમ અનુભવીઓનું કથન છે. હું એ માનું છું. એ ધ્વનિ તો તરજુમામાં ન જ ઊતરે.

"તમે જોયું કે 'તને બલવાન, વીર્યવાન આરોગ્યવાન પુત્ર થાઓ' એમ વરની પાસે કહેવડાવવામાં મને આઘાત નથી પહોંચ્યો. આનો અર્થ એ નથી કે પુત્રોત્પત્તિ એ આવશ્યક છે. પણ પુરુષસ્ત્રીનો સંબંધ ભોગ ભોગવવાને નથી પણ કેવળ સંતાનોત્પત્તિને અર્થે જ હોઈ શકે એમ કહેવાનો આશય છે. જેને સંતાનેચ્છા નથી તેને વિવાહની જરૂર નથી. ભોગ ભોગવવાને સારુ વિવાહ કરવા તે વિવાહ નહિ પણ વ્યભિચાર છે. ભોગ શબ્દ જ આ પવિત્ર સંસ્કાર વિષે લાગુ પાડવો મને ખૂંચે છે, એટલે હું તો સંગ શબ્દ વાપરું, અને તમને કહું કે જ્યારે તમને સંતાનેચ્છા ખરેખર થાય ત્યારે જ સંગ ધર્મ્ય છે. એ ઇચ્છા વિનાનો સંગ ભોગ છે, ને ભોગ ધર્માચરણીને ત્યાજ્ય બને છે. સંગ થવાનો હોય ત્યારે તમે ઈશ્વરનું નામ લઈને, શરીર, મન અને હૃદયને પવિત્ર કરી શુદ્ધ થઈને જ કરી શકો. આમ વર્તો તો તમારો એક જ સંગ સંતાનને માટે સંપૂર્ણ થવો જોઈએ. આરોગ્યવાન, સંયમી સ્ત્રી કે પુરુષનું વીર્ય નિષ્ફળ જતું જ નથી, એટલે સંપૂર્ણ સંયમથી સાચવેલું વીર્ય સંતાન ઉત્પન્ન કરે જ. એટલે સ્પષ્ટ છે કે જે સ્ત્રીપુરુષો મન અને શરીરનું આરોગ્ય ભોગવતા નથી તેમને માટે તો એ સંગ વર્જ્ય છે. એનો સંગ એ ભોગાર્થે જ હોય એટલે એ વ્યભિચાર છે. શુદ્ધ ધર્માચરણ કરનારને ભોગેચ્છા ન જ હોય. એટલે એને તો સંતાનોત્પત્તિને અર્થે કરેલા સંગમાં જ તૃપ્તિ છે, કેમ કે તેથી સંતાન થશે જ એવો વિશ્વાસ છે.

"આજ સુધી તમે સાંભળતાં આવ્યાં હશો કે વિકારતૃપ્તિને માટે વિવાહ કરવા એ વાત સાવ ખોટી છે. હું તો એ કહું કે અગ્નિની સાક્ષી રાખીને થયેલા આ સંસ્કાર વિકારોને ભસ્મ કરવાને માટે થાય છે. આજકાલ ત્યાગ અને સંયમ એ ધર્મ નથી મનાતો. વિકાર પોષવા ને ભોગ ભોગવવા એ ધર્મ મનાય છે. તમે તમારી નબળાઈ કે

ખારાબાપુ

અશક્તિને કદી ધર્મ ન માનશો. અશક્તિની ઘડીએ આ ભવ્ય પ્રસંગ યાદ કરજો, અને મારું કહેલું યાદ કરીને વિકાર શમાવી શકો તો શમાવજો. આટલું ન કરી શકો તો આ વિધિ નિરર્થક થાય. એ વિવાહ સંસ્કાર ન રહે પણ વિષયોપભોગના સાધનને માટે એક સગવડ બની રહે. 'સિવિલ મૅરેજ' એવી રીતે થાય છે; ત્યાં ધર્મસંસ્કારની વાત નથી હોતી.

"તમે બંને મિત્રો બનો છો, એક બીજાનાં સહાયક બનો છો. આ છોકરીઓ ઉપર તમારે વરોએ હુકમ ચલાવવાપણું નથી, કે નથી એ તમારી ગદ્ધામજૂરી કરવાને માટે તમારી સાથે જોડાઈ. તમે જોડાયાં છો તો એટલા માટે કે તમારું જીવન સંપૂર્ણ થાય, તમે એકબીજાને ધર્મ માર્ગે સહાય કરો, તમે સર્વ બાબતોમાં સમાનતા ભોગવો, તમારાં હૃદય, મન, આત્મા સમાન થાય, એક થાય. તમે યુવકો આ છોકરીઓના શિક્ષક અવશ્ય બની શકો છો. જો તમારામાં વધારે બુદ્ધિબળ હોય, વધારે હૃદયબળ હોય તો તમે અવશ્ય એ છોકરીઓને આપજો, તમે એકબીજાને પુષ્ટ કરજો, પણ કદી એકબીજાને પછાડશો નહીં

"મધુપર્કનો વિધિ તમે સમજ્યાં હશો. પૃથ્વીની બધી સમૃદ્ધિ મધુમય છે, સુખદુઃખ પણ મધુમય છે. એ સંસારનું મધુ તમે ત્યારે જ ભોગવી શકશો કે જ્યારે તમે બીજાઓનો હિસ્સો કાઢીને જ એ ભોગવશો. ત્યાગ કરીને ભોગવવાનું રહસ્ય એ વિધિમાં રહેલું છે.

"આ આદર્શ તમારી આગળ મેં મૂક્યો તેથી એમ નથી ઈચ્છતો કે તમે દંભી થાઓ, કે એનો અમલ કરવામાં તમે તમારાં શરીર ઘસી નાંખો. ખરી વાત તો એ છે કે જે માણસ સ્વાભાવિક સંયમ પાળે છે તે તો દિનપ્રતિદિન વધે છે, પ્રસન્ન રહે છે, તે કદી ઘસાતો નથી. એ સ્વાભાવિક સંયમને અર્થે તમારી પાસે કૂંચી મૂકું છું. તે એ કે તમે મનને પહેલું વાળજો. તમારી શક્તિ હોય ત્યાં સુધી જ તમે જજો, શક્તિ ઉપરાંત જશો નહીં. મેં તો તમારી પાસે કાટખૂણો મૂકી દીધો છે. તમે એ કાટખૂણાને પહોંચવાને અશક્ત હો તો તેમાં લજ્જા નથી. હું તમને દબાવવાની વાત જ નથી કરતો, તમને શુદ્ધ ધર્મ સમજાવી રહ્યો છું. આખો સંસ્કાર વિકાર શમાવવાને માટે છે. જેમ ઉપનયન તેમ જ વિવાહ બંને નવા જન્મ છે. વિચાર અને આચાર એક રાખશો તો તમે દંભી નથી થવાના. જાગૃત રહેજો; મૂઢ ન થશો. જેણે વિચારને સ્વચ્છ રાખ્યા છે તે કદી નબળો બની જ નથી શકતો. છાવણીમાં ખૂબ વરસાદ પડ્યો, રસ્તે વરસાદ પડતો હતો, ભીંજાતા ભીંજાતા આવતાં શરદી થશે, માંદા પડાશે એમ સૌ મને ડરાવતા હતા, પણ મને એ ડર હતો જ નહિ. એ નાની વાતમાં પણ વિચાર કામ કરી રહ્યો હતો, એમ જ મોટી વસ્તુઓમાં પણ વિચાર કામ કરે છે. વિચારની પાછળ શબ્દ ચાલે છે, શબ્દની પાછળ શરીર ચાલે છે. માણસ વિચારમય પ્રાણી છે અને આખી સૃષ્ટિ વિચારમાંથી ઉત્પન્ન થઇ છે. બુલંદ વિચારનું પરિણામ પણ બુલંદ આવે છે. તમે બુલંદ વિચાર લઈને અહીંથી જશો તો તમે તમારી આસપાસની નબળાઇઓને, નબળા બનાવનાર સંસારના વાતાવરણને વશ નહિ થાઓ. જ્યારે નબળા થવાનો પ્રસંગ આવે ત્યારે એકબીજાને મદદ કરવાનો પ્રયત્ન કરજો અને આ પ્રસંગ યાદ કરજો. એ સ્મરણ સાથે તમારી મૂર્છા ઊતરી જશે."

આ પછી ગાંધીજીએ યુગલોને કહ્યું કે, "કાંઈ પૂછવું હોય તો પૂછો."

"સંતતિની ઇચ્છા ન હોય તે માણસ

લગ્ન ન જ કરી શકે ?” એ પ્રશ્ન પૂછાયો.

એટલે ફરી ગાંધીજીએ વાક્પ્રવાહ શરૂ કર્યો: “ન જ કરી શકે. જેને વિકાર નથી અને જેને સંતતિની ઇચ્છા નથી તે શા સારુ વિવાહ કરે? ‘પ્લેટોનિક’ લગ્ન જેવી વસ્તુને હું માનતો નથી. હા; કેટલાંક લગ્નો સ્ત્રીની રક્ષા કરવાને માટે થયાં છે ખરાં, પણ તેમાં તો સ્ત્રીની સાથે શરીરસંબંધનો વિચાર સરખો નથી હોતો.

“વિકારરહિત સંગ શું છે એ તો મેં તમને કહ્યું. મારા લેખોમાં પણ એ તમે જોશો. મહાભારતમાં કેટલીક વસ્તુ એવી છે કે જેની ઉપર વિચાર કરતાં નિત્ય નવીન રહસ્ય ઊઘડે છે. વ્યાસે નિયોગ કર્યો એ ભોગેચ્છાએ કરેલો કે? એને તો સંતાનોત્પત્તિ માટે જ સંગની વિનંતી કરવામાં આવી હતી. એણે વિકરાળ રૂપ ધારણ કર્યું, આખે શરીરે ઘી ચોપડ્યું. એણે વિકારો ઉત્તેજે એવા હાવભાવ કરવાની આવશ્યકતા ન જોઈ. એને તો ધર્મકૃત્ય કરવું હતું. પૃથ્વીમાં બીજારોપણ કરવું હતું. તમારી પાસે ત્રણ ત્રણ વાર પ્રતિજ્ઞા કરાવે છે કે ‘નાતિચરિષ્યામિ, નાતિચરિષ્યામિ, નાતિચરિષ્યામિ.’ એ શું છે? કોઈ પણ પ્રસંગે તમે ધર્મનો–ઈશ્વરી કાનૂનનો અતિચાર–ભંગ ન કરશો એ એનો અર્થ છે.

“વિકાર પોષવો એ એક અતિચાર છે. બાળકની ઇચ્છા એ સ્વાભાવિક છે. માતા થવાની ઇચ્છા સ્ત્રીમાત્રમાં જોવામાં આવે છે. પણ એ માતા થવાની ઇચ્છા સંભોગેચ્છા નથી. જેને માતા થવું છે તે એક વાર સંગ કર્યા પછી સંગની ઇચ્છા જ ન રાખે. તે તો સંતાનનો જ વિચાર કરવાની છે; એ સંતાન હૃષ્ટપુષ્ટ જન્મે, નીરોગી જન્મે, ઉત્તમ સંસ્કારયુક્ત જન્મે એ માટે જ પેરવી કરવાની છે. આ સ્વાભાવિક નિયમ તો પશુઓમાં પણ પળાય છે. જગતમાં વ્યભિચાર વધતો જાય છે એનું કારણ એ છે કે આ જાતના વિવાહને કોઈ જાણતું નથી.

“આ શુદ્ધ ધર્મ કઠણ નથી. જેમ સૂકી રોટીમાં પણ ભૂખ્યે પેટે રસ આવે છે તેમ ધર્મપાલનમાં, સંયમમાં પણ રસ આવે છે. જે વીર્યસંગ્રહ કરી શકે છે તેને બધી ઇન્દ્રિયોનો વિકાસ સહજ થાય છે. મનુ ભગવાન તો કહે છે કે પ્રથમ પુત્ર જ ધર્મજ છે, બીજા બધા કામજ પુત્ર છે. આપણાં શાસ્ત્રો અનુભવથી લખાયાં છે. લખવાની ખાતર નથી લખાયાં. વિચારની શુદ્ધિ કરતા જઈએ અને તેનું પાલન કરતા જઈએ તો કઠણ લાગતા નિયમોનું પણ પાલન સહજ થાય.

“ઈશ્વર એટલે મહાનિયમ – કુદરતી અચલિત કાયદો. એ કાયદાનો ભંગ કરીશું તો સજા થવાની જ છે, પણ કાયદાનું પાલન કરીશું તો સ્ત્રીપુરુષોની એવી જાતિ પેદા થશે કે જે પોતાના પ્રભાવથી કઠણ કામો સાધી શકશે.

“તમારે જાણવું જોઇએ કે મેં તો ભોગ ભોગવવાની જ્યારે મારી ખરી ઉંમર હતી, શરીરસંપત્તિ હતી ત્યારે જ ભોગનો ત્યાગ કર્યો. મેં જોયું કે હું જન્મ્યો હતો એક કારણે (આપણે બધા એમ જન્મીએ છીએ) ને મારું લગ્ન બીજે કારણે થયું હતું. એટલે જે કારણ માટે હું જન્મ્યો હતો તે કારણનું સાધન લગ્નને બનાવવાનો નિશ્ચય કર્યો અને ભોગ છોડવાનો ધર્મ સમજ્યો. સ્ત્રી એ ભોગનું સાધન નથી પણ સહધર્મિણી છે એમ સમજ્યો ત્યારે જ અમારું વિવાહિત જીવન સુખમય ને જ્ઞાનમય બન્યું.

“એ સંયમધર્મ ત્યારે જ સધાય કે ભોગને પોષનારી બધી વસ્તુઓનો ત્યાગ કરીએ, એકશય્યાનો ત્યાગ, હાવભાવનો ત્યાગ કરીએ. હું જાગૃત થયો એટલે આ બધું

સમજ્યો. વિવાહ ભોગ માટે નહીં તો શા માટે? એ જનસેવા માટે છે એ હું સમજ્યો, અને બાને પણ સમજાવી શક્યો. નિરક્ષર છતાં એ મારાં બધાં કામોમાં સાથે ઊભતી થઈ, અને મારે લીધે જ નહીં પણ સ્વતંત્ર રીતે સ્તુતિપાત્ર બની. એ નિર્બળ ભલે લાગતી હોય, છતાં ઓગણોતેર વરસની ઉંમરે રાતદિન ઢસરડા ઢસડી શકે છે. પણ જો અમે ભોગ ભોગવતાં હોત તો અમારા શા હાલ થાત?

“આજે તો અમારી પાસે અનેક સુયોગો છે. મારી પાસે એક સુયોગ ન હતો. હા, મારી પાસે એક વસ્તુ હતી—સત્ય. એ સત્યે મને ઉગાર્યો. એ સત્યમાંથી જ બ્રહ્મચર્ય ઉત્પન્ન થયું, અહિંસા ઉત્પન્ન થઈ. એ સત્ય તમે સાધશો તો તમારો માર્ગ સુગમ છે. ગમે તે કરો પણ જગતને છેતરતા નહિ. વિકારી વિચારને પણ છૂપાવતા નહિ. વિકાર પ્રગટ કરવામાં જો શરમ હોય તો તે વિચાર કરવામાં વિશેષ શરમ છે, એ સમજશો તો તમને વિકાર પજવશે નહીં.”

ગાંધીજીવિરચિત ભોજનસૂત્ર

[ગાંધીજીએ જેલમાંથી આશ્રમ ઉપર લખેલા એક કાગળની સાઇક્લોસ્ટાઈલ ઉપર કરેલી નકલનું એક પાનું મારી આગળ રહી ગયું છે એમાંથી આ ઉતાર્યું છે. દે૦ વા૦]

તા. ૨૮-૧૧-૩૨. પત્ર ૩૯

....પણ મેં તો હમણાં ભોજનની સાદાઈ માગી છે....જે પ્રયોગ હું સૂચવું છું તે લેભાગુ નથી, શાસ્ત્રીય છે. ખરું જોતાં ગરીબો, કેદીઓ જે પામે છે તેનાથી વધારે જે લઈએ તે આવશ્યકતા સિદ્ધ થયે જ લેવાય....એક જ વખતે ઓછાં વાનાં ખાવાની કળા આપણે શીખવાની જરૂર છે. આરોગ્યને સારુ આમ કરવું જરૂરનું છે એમ પ્રયોગ કરી દાકતરોએ સિદ્ધ કર્યું છે. આખા દિવસમાં ભલે વધારે વાનાં લેવાયાં હોય; એક ટંકમાં બધાં ન ભેળવાય. રોટલી, દાળ, શાક, દૂધ, ભાત આ બધું એક જ ટંકે ન લેવાય. પણ એક ટંકે રોટલીદૂધ લેવાય, બીજે ટંકે શાકરોટલો લેવાય, શાકદૂધ લેવાય, રોટલોદાળ લેવાય. દાળદૂધ કદી ન લેવાય; ઘઉંબાજરો સાથે ન લેવાય. ભાતદાળ લેવાય, ભાતદૂધ લેવાય; ભાતશાક ન લેવાં સારું છે. આ તો મેં વાંચ્યું છે ને અમલમાં મૂક્યું છે તેમાંથી લખું છું. આમ કરતાં હોજરી ઉપર બોજો થોડો પડે છે, ને શરીર હલકું રહે છે. જેઓ સમજપૂર્વક આવા પ્રયોગ ન કરે તે જરૂર મૂંઝાય. આવા પ્રયોગમાં મન સાથે ન હોય તો તે ફોકટ જાય એમ બને. એ કરવામાં ત્યાગ પોષાય છે, ગરીબનો વિચાર થાય છે, પૈસો બચે છે ને આરોગ્ય વધે છે એમ મનમાં દૃઢ કરીને પ્રયોગ કરાય.

દૂધ, રોટી, શાક ને ફળ પૂર્ણ ખોરાક છે એમ હું અનુભવી રહ્યો છું. મારું વજન ૧૦૩ાા રતલ લગી ગયું છે. ફળ લીલાં. સાવ નોખાં લઉં છું. દૂધની સાથે ખજૂર અથવા શાક લઉં છું, અરધું દૂધ ખજૂરમાં લઉં છું ને અરધું પીઉં છું. આમ કરી શાથી ૨ાા રતલ દૂધ લઉં છું. પરોઢિયે મુસંબી નારંગી મળી ૪, સાત વાગ્યે દૂધખજૂર, બાર વાગ્યે નારંગીમુસંબી ૨, ચાર વાગ્યે શાક, દૂધ ને રોટીનો એક ટુકડો આમ મારો [અહિં પહેલું પાનું પૂરું થાય છે, ને બીજું મારી આગળ રહ્યું નથી. —દે૦ વા૦]

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

રત્ન-આભૂષણનું બન્ધન

સુરક્ષિત રહેવાને માટે, આપણે ચાર દીવાલોનુ ઘર બનાવીએ છીએ. ગરમી, હવા અને વરસાદથી બચવાને માટે આપણે ઉપર છાપરું બનાવીએ છીએ, અને ચોરોથી બચવાને સારુ દરવાજા બંધ કરીને અંદર સૂઈએ છીએ. આ રીતે આખા વિશ્વનો બહિષ્કાર કરીને આપણે એક પ્રકારની સલામતી પામીએ છીએ ખરા, પરંતુ સલામતીની સાથોસાથ વિફળતા પણ આપણા નસીબમાં લખાઈ જાય છે. આટલું વિશાળ વિશ્વ, અને એમાં પેલા દિવ્ય સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર અને તારા, આકાશનાં વાદળાં અને પંખી, વૃક્ષ-વનસ્પતિ, ફળફૂલ, એ બધું આપણે માટે પારકું બની જાય છે, અને આપણે જાણે કે આપણને એક સાંકડી ખાઈમાં બંધ કરી દઈએ છીએ.

સમાજમાં ઊંચનીચ ભાવ ઉત્પન્ન કરીને, આપણને ઉચ્ચ-વર્ણીય ઠરાવીને, અથવા કોઈ રાજા પાસેથી સરદારી પ્રાપ્ત કરીને આપણે આપણને સમાજથી અલગ પાડી દઈએ છીએ, લોકજીવનથી આપણને બહિષ્કૃત બનાવી દઈએ છીએ; અને અન્તમાં રત્ન-આભૂષણોની અને એશઆરામની વૃદ્ધિ કરીને આપણને જીવન-દરિદ્રી બનાવી દઈએ છીએ. આપણે કદી એ વિચારીએ છીએ ખરા કે આ બધો વ્યાપાર નફાનો છે કે નુકસાનનો?

રત્નહારનો ત્યાગ કરીને વનમાળા ધારણ કરનારા, અને રાજપુત્રોને છોડીને ગોવાળિયાને અપનાવનારા શ્રીકૃષ્ણ જીવનનું મૂલ્ય બરાબર સમજતા હતા. સ્યમંતક-મણિ યુદ્ધમાં પ્રાપ્ત થયો ત્યારે તે મણિને તેમણે પોતાના રાજાને આપી દીધો; અને પોતાના મુગટમાં રત્નોને બદલે મોરપીંછ જ શોભતા હતા; તેથી જ તે લોકોના હૃદય-મણિ થઈ શક્યા. અતિરથી, મહારથી બનીને લડવામાં જે આનંદ છે, તેથી કેટલીય અધિક જીવન-સમૃદ્ધિ ભક્તોના સારથી બનીને ઘોડા હાંકવામાં છે-એ વાત સમજવાની જીવન-પરાયણતા કૃષ્ણમાં હતી, તેથી તો તે નૃપતિ બનવાને બદલે લોકવલ્લભ બન્યા.

જો આપણે જરા વિચારીએ તો આપણે જોઈ શકીશું કે જે સંગ્રહિત સંપત્તિના આપણે આપણને માલિક માનીએ છીએ, તે છેવટે આપણી જ માલિક બની જાય છે. Our possessions possess us.

જો આપણે આત્મ-સમૃદ્ધિ વધારવા ઇચ્છતા હોઈએ, તો આપણે બાહ્ય-સમૃદ્ધિનો બોજો ઓછો કરવો જ પડશે. જેટલે અંશે આપણી બાહ્યસમૃદ્ધિ વધે છે, તેટલે અંશે આપણી વ્યક્તિ-સમૃદ્ધિ ઘટતી જાય છે; અને પરિગ્રહ ઓછો કર્યો એટલે આત્માનુભૂતિ સઘન થતી જાય છે. The less I have, the more I am.

તો પછી, પોતાના બાળકને આભૂષણોથી લાદીને, એને મજાનો પોઠિયો બનાવીને માએ એવું શું પ્રાપ્ત કર્યું? જમીન-પર આળોટવું, માટીમાં ખેલવું; ગરમી, હવા અને વરસાદના સહવાસમાં રહીને શરીરને હૃષ્ટપૃષ્ટ કરવો અને સમાન વયનાં બાળકો સાથે નાચી-કૂદીને મોટા થવું એ જ બાલ્યવયની ખરી

સફળતા છે. આ સર્વથી પોતાના બાળકને વંચિત રાખીને માતાએ જો એને પોતાના વૈભવ-ભારનું વાહનમાત્ર બનાવી મૂકે તો બાળકનો જીવન-રસ સુકાઈ જશે. અને એના આનંદને જાણે પાંડુ-રોગ લાગી જશે.

આ ચિંતાથી પ્રેરિત થઇને માતાને કવિ કહે છે:

રાજાર મતો બેસે તુમિ સાજાઓ જે શિશુરે
પરાઓ જારે મણિ રતન-હાર –
ખેલા-ધુલા આનન્દ તાર સકલિ જાય ધુરે,
બસન-ભૂષણ હય જે વિષમ ભાર।
છેંડે પાછે આઘાત લાગિ
પાછે ધુલાય હય સે દાગી,
આપનાકે તાઈ સરિયે રાખે સબાર હતે દૂરે,
ચલતે ગેલે ભાવના ધરે તા'ર,–
રાજાર મતો બેશે તુમિ સાજાઓ જે શિશુરે,
પરાઓ જારે મણિરતન-હાર।
કી હબે મા અમનતરો રાજાર મતો સાજે,
કી હબે એૈ મણિ-રતન હારે।
દ્વાર ખુલે દાઓ જદિ તો છુટિ પથેર માઝે
રૌદ્ર વાયુ ધુલા કાદાર પાડે।
જે થાય બિશ્વજનેર મેલા
સમસ્ત દિન નાનાન ખેલા,
ચારિદિકે બિરાટ ગાથા બાજે હાજાર સુરે,
સેથાય સે જે પાય ના અધિકાર,
રાજાર મતો બેશે તુમિ સાજાઓ જે શિશુરે,
પરાઓ જારે મણિરતન-હાર॥

ઓ મા! તું તારા બાળકને રાજકુમારોના જેવો પોશાક શા માટે પહેરાવે છે? તું શા માટે આ ભારે વસ્ત્રો અને મણિરત્નોનો બોજો એના પર લાદીને એના ખેલવા-કૂદવાના આનંદનો નાશ કરે છે?

તું શા માટે એને ચિંતામાં નાખે છે કે 'અરે, કંઈ લાગી જશે, મારાં કપડાં ફાટી જશે, ધૂળ ઊડશે, મારાં કપડાંને ડાઘ લાગશે!' તું જોતી નથી કે, આ ચિંતાથી તે પોતાને બીજાં બાળકોથી દૂર દૂર રાખે છે? ઓ મા! તું શા માટે તારા બાળકને રાજકુમારના જેવો સાજ સજાવે છે?

શો ફાયદો છે મા! આ રાજપુત્રોના જેવા પોશાકથી? શો ફાયદો છે મા! આ મણિરત્ન-હારોથી? ખોલી દે મા, ખોલી દે દરવાજા! જવા દે, જવા દે અમને તાપમાં તપવા, હવામાં ગેલ કરવા, માટીમાં આળોટવા, કાદવમાં ખેલવા!

મા, મા, જવા દે, જવા દે અમને ત્યાં, જ્યાં વિશ્વ-જનોનો મેળો ભરાયેલો છે. જ્યાં જાત જાતના ઉત્સવો અખંડ થઈ રહ્યા છે, જ્યાં ચારે બાજુ વિરાટ સંગીત હજારો સૂરોથી ગૂંજી રહ્યું છે! ઓ મા, તારા બાળકનો આ જીવનોત્સવમાં ભાગ લેવાનો અધિકાર તું છીનવી ન લે! ઓ મા! બાદશાહી પોશાક અને રત્નજડિત અલંકારોનો ભાર તારા બાળક પર તું ન લાદ!

પુરાણા જમાનામાં સમુદ્રને કિનારે રેતી નહોતી. બધી જગાએ લોટ જ પથરાયેલો હતો. જેને ભૂખ લાગતી તે સમુદ્રના કિનારે જઈને લોટ લઈ આવતા અને રોટલી બનાવીને ખાતા. પણ એ માટે આ એક નિયમ હતો. કે જેટલા લોટની જરૂર હોય એટલો જ લેવો જોઈએ. એક મુઠ્ઠીભર પણ વધારે નહીં લેવો જોઈએ. અને ઘરમાં લોટનો સંગ્રહ પણ બિલકુલ નહીં કરવો જોઈએ.

એક દિવસ એક સ્ત્રીએ વિચાર્યું કે આ રોજરોજની ઝંઝટ કોણ કરે! હું તો ચાર દિવસનો લોટ એક સાથે જ લઈને જઈશ. અને સાચે જ તે ઘણો લોટ પોતાની સાથે લઈ ગઈ. ચાર દિવસ પછી જ્યારે તેનો લોટ ખલાસ થયો ત્યારે તે સમુદ્રના કિનારે લોટ લેવા ગઈ તો શું જુવે છે કે આખો કિનારો લોટને બદલે રેતીથી પથરાય ગયો છે. તેની એકલીની લાલચને લીધે આખી દુનિયાને નુકશાન થઈ ગયું.

–શ્રીપાદ
પ્યારા બાપુ

યોગ્ય માગણી

મુકુલભાઈ

પાંડવો વનવાસમાં હતા એક દિવસે ભૂખ અને તરસથી પીડાયેલા તેઓ ગહન વનમાં એક વડની શીળી છાયા તળે બેઠા હતા. બધા તરસથી ખૂબ વ્યાકુળ થઈ ગયા હતા. તેથી યુધિષ્ઠિરે નકુલને કહ્યું, "હે નકુલ, ઝાડ પર ચડીને દશે દિશામાં જો. ક્યાંય જળાશય જેવું દેખાય છે?"

નકુલ તરત જ ઝાડ પર ચડ્યો અને તેણે આસપાસ બધે જોયું. તે બોલ્યો, "હા, દૂર એક જળાશય જેવું દેખાય છે. ત્યાં વૃક્ષો પણ ઊગેલાં છે અને સરસ પંખીઓનો કલરવ થતો હોય એમ સંભળાય છે."

તેથી યુધિષ્ઠિરે નકુલને બાણના ભાથામાં પાણી લઈ આવવા કહ્યું.

નકુલ જળાશય પાસે આવ્યો અને નિર્મળ પાણી જોઈને તે પીવા વાંકો વળ્યો ત્યાં તો તેણે અવાજ સાંભળ્યો: "હે ભાઈ, સાહસ કરીશ નહિ. મારો એવો નિયમ છે કે, જે કોઈ મારા પ્રશ્નોના જવાબ આપે તે જ આ જળાશયનું પાણી પી શકે.

પણ નકુલ તો તરસથી એટલો વ્યાકુળ થઈ ગયો હતો કે તેણે એ અવાજને ગણકાર્યો નહિ અને તે પાણી પીવા ઊતર્યો. તેણે પાણી પીધું એવામાં તે ધરણી પર ઢળી પડ્યો.

નકુલને આવતાં મોડું થયું, એટલે યુધિષ્ઠિરે સહદેવને મોકલ્યો. તેની પણ એવી જ દશા થઈ. અર્જુન ગયો; પછી ભીમ ગયો; એ બંને પણ એ જ સ્થિતિને પામ્યા!

ચારો ભાઈઓ હજી આવ્યા નહીં, એટલે યુધિષ્ઠિરને ખૂબ ચિંતા થઈ અને તે પોતે જ જળાશયે જવા ઊપડ્યા. જળાશય પાસે આવીને જોયું તો ચારે ભાઈઓ જમીન પર નિષ્પ્રાણ પડ્યા છે. આથી યુધિષ્ઠિરને ખૂબ દુઃખ થયું. એમને થયું. આ જળાશયનું પાણી ઝેરી તો નહીં હોય? અથવા એવી કઈ અદ્ભુત શક્તિએ મારા પરાક્રમી ભાઈઓને પરાસ્ત કર્યા? છેવટે થાકીને યુધિષ્ઠિર પાણી પીવા ઊતર્યો. એવામાં તેણે સાંભળ્યું: "હે રાજપુત્ર, મેં જ તારા ભાઈઓને મૃત્યુને અધીન કર્યા છે. હું તને જે પ્રશ્નો પૂછું તેમનો તું જો ઉત્તર આપશે નહિ, તો તું પણ આવી જ દશાને પામશે. માટે પાણી પીવાનું સાહસ ન કર. મારા પ્રશ્નોના ઉત્તર આપ્યા પછી જ પાણી પીજે."

જળાશયમાં ઊભેલા બગલાને આ રીતે બોલતો સાંભળીને યુધિષ્ઠિર નવાઈ પામ્યા અને બોલ્યા, "બગલો આમ બોલી શકે નહિ. જરૂર તું કોઈ અલૌકિક વ્યક્તિ હોવી જોઈએ. માટે પહેલાં તું કોણ છે, એ મને કહે. પછી જ હું તારા પ્રશ્નોના જવાબ આપીશ."

પક્ષીએ કહ્યું, " હું યક્ષ છું." એમ કહીને એણે પોતાનું ખરું સ્વરૂપ બતાવ્યું.

યુધિષ્ઠિરે કહ્યું: "હવે પ્રશ્નો ખુશીથી પૂછ."

યક્ષ: સ્વર્ગમાં જવાનો ઉત્તમ માર્ગ કયો?

યુધિષ્ઠિર: સદ્‌ગુણ.

યક્ષ: સૌથી મોટો સદ્‌ગુણ કયો?

યુધિષ્ઠિર: કોઈનો દ્વેષ નહિ કરવો.

યક્ષ: માણસનો સૌથી મોટો શત્રુ કોણ?

યુધિષ્ઠિર: ક્રોધ.

યક્ષ : કયો માણસ એકી સાથે શ્રીમંત અને ગરીબ કહેવાય ?

યુધિષ્ઠિર : જેની પાસે વધારે હોય, પણ કોઇને કંઈ આપે નહિ તે.

યક્ષ : ગરીબ માણસ શી રીતે શ્રીમંત બની શકે ?

યુધિષ્ઠિર : પોતાની પાસે જે હોય તેથી સંતોષ માનીને.

યક્ષ : જગત કરતાં શું ભારે છે અને વાદળાં કરતાં શુ ઊંચે છે ?

યુધિષ્ઠિર : માતપિતાનો પ્રેમ.

યક્ષ : સુખી થવાનો માર્ગ કયો ?

યુધિષ્ઠિર : સત્ય બોલવું અને દયા રાખવી.

યક્ષ : સૌથી મોટો માણસ કોણ ?

યુધિષ્ઠિર : સુખ કે દુઃખમાં સમતા જાળવે તે.

પછી યક્ષે યુધિષ્ઠિરને કહ્યું : “ હે રાજા, તારા ઉત્તરોથી મને ખૂબ સંતોષ થયો છે. હવે તું નિરાંતે પાણી પી. વળી તારે કંઈ માગવું હોય તો ખુશીથી માગ. તારા ભાઈઓમાંથી કોઈપણ એકને તું પાછો જીવતો કરવાનું માગી શકે. ”

યુધિષ્ઠિર બોલ્યા, “ હે યક્ષ, તમે જો ખરેખર મારા પર પ્રસન્ન થયા હોવ તો મારા ભાઈ નકુલને સજીવન કરો.”

યક્ષ હસીને બોલ્યો, “ અરે યુધિષ્ઠિર, નકુલ તો માદ્રીનો પુત્ર છે. એ તો તારો સાવકો ભાઇ થાય. તારા સહોદર અર્જુન કે ભીમને સજીવન કરવાનું માગ. શું તું તેઓને ચાહતો નથી ? ”

ધર્મરાજ બોલ્યા, “હું મારા બધા ભાઈઓને ચાહું છું. પણ નકુલ સજીવન થાય એ જ હું તો માગું છું.”

યક્ષે આશ્ચર્ય પામી પૂછ્યું, ‘શા માટે ?’

યુધિષ્ઠિર શાંત સ્વરે બોલ્યા, “હે યક્ષ હું કુંતીનો પુત્ર છું અને નકુલ માદ્રીનો પુત્ર છે. માદ્રીમાતા સતી થયાં એટલે કુંતીમાતાએ નકુલ સહદેવને પોતાના પુત્રો માન્યાં છે. પણ તેર વર્ષના વનવાસ પછી અમે પાછા ઘેર જઈશું. અને કુંતીમાતા અમને આવકારવા સામાં આવશે. ત્યારે અમારા પાંચ ભાઈઓમાંથી માત્ર બેને જ તેઓ સજીવન પાછા ફરેલા જોશે. અને તે વખતે કુંતીમાતા એમના બે સગા પુત્રોને જ જીવતા આવેલા જોઈને દુઃખ પામશે. કારણ કે કુંતીમાતા માદ્રીમાતાના પુત્રોને પણ પોતાના સગા પુત્રો જેટલાં જ ચાહે છે તેથી માદ્રીમાતાના એક પુત્રને સજીવન આવેલો મારી સાથે જોશે, તો કુંતીમાતાને એટલું દુઃખ થશે નહિ. માટે હે યક્ષરાજ, તમે નકુલને જ સજીવન કરો.”

યુધિષ્ઠિરનાં આ વચનો સાંભળીને યક્ષ પ્રસન્ન થયો અને બોલ્યો : “ હે ધર્મરાજ, ખરેખર, તમે મહાન છો. હું તમારા પર ખૂબ જં પ્રસન્ન થયો છું. તમે યોગ્ય જ માગણી કરી છે. તમારા બધા જ ભાઇઓ પાછા સજીવન થાઓ. ”

તતસ્તે યક્ષવચનાદુદતિષ્ઠંત પાંડવા: ।
ક્ષુત્પિપાસે ચ સર્વેષાં ક્ષણેન વ્યપગચ્છતામ્ ॥

(યક્ષના વચનથી તે પાંડવો સજીવન થઈને બેઠા થયા અને સૌની ભૂખતરસ તો એક ક્ષણમાં જ ચાલી ગઈ.)

આ જોઈ ધર્મરાજનું હૈયું આનંદથી ઊભરાઇ ગયું.

……

આથમતો સૂરજ કહે છે : કોણ ઉપાડી લેશે મારું કામ ?
સાંભળીને આખું જગત નિરુત્તર રહે છે.
માટીનું કોડિયું હતું તેણે જવાબ આપ્યો,
“મહારાજ ! મારા ગજા પ્રમાણે હું એ કામ કરીશ.”—ગુરુદેવ

એક ઘડી આધી ઘડી આધીમેં પુનિ આધ
લસી સંગત સંતકી કટે કોટિ અપરાધ.”

આમ તુલસીદાસે સત્સંગનો મહિમા ગાયો અને આપણાં શાસ્ત્રોએ તથા બીજા અનેક તોએ સત્સંગને ખૂબ અગત્ય આપી છે. પરંતુ મદાવાદ કે મુંબઇ જેવા શહેરમાં રહેતા પણા જેવા સંસારીને એવો સંતસમાગમ ો ક્યાંથી ? સંતની ઓળખાણ જ શી રીતે ? રાજકીય નેતાઓ માફક સંતો કાંઇ ાઓ ગજાવતા નથી હોતા કે સાક્ષરો માફક ો કે પુસ્તકો લખી પ્રકાશમાં નથી આવતા; ો ભજન મંડળીઓ સ્થાપી લોકપ્રિય બનતા. ું ખરું સંતો છૂપા રહેવાનું જ પસંદ કરે . એવા એક છૂપા સંતના સમાગમમાં વવાનું સદ્ભાગ્ય આ લેખકને સાંપડયું હતું.

એમનું નામ હતું પ્રેમરાય પંડિત પણ ે બધા એમને બાપુ કહેતા. તેઓ મૂળ જપીપળાના વતની હતા ને નોકરી અર્થે મદાવાદમાં આવી રહ્યા હતા. લગભગ લા પાંત્રીસેક વર્ષથી અમદાવાદમાં ગાંધી-ાર્ગ પર વેરાઇપાડામાં તેઓ રહેતા હતા. યત એકાંતપ્રિય હોવા છતાં એમની જીવન ંધ ધીમે ધીમે પસરતી જતી હતી અને મનું અવસાન થયું તા. ૧૧–૮–'૫૦. ત્યારે એ જીવન સૌરભથી આકર્ષાઇને ઘણાં સ્ત્રી ુષો એમને ત્યાં જતાં આવતાં થયાં હતાં. જે કોઇ એમને ત્યાં આવતું તે સદાને ટે એમનું ભક્ત બની જતું અને ઘણાં બાપુને ગુરુરૂપે જ માનતા હતા.

સંતપુરુષોનું સંતત્વ એમનાં ઝીણાં ઝીણાં ોમાં તથા ટેવોમાં પ્રગટ થાય છે એવું ટામાં નથી થતું; અથવા એમ કહો કે શાસુ સંતપુરુષમાં કંઇ અસામાન્ય તત્ત્વ (દાખલા તરીકે ચમત્કાર) શોધવા જશે તો છક્કડ ખાઈ જશે. બાપુમાં પણ મને તો એ જ જણાયું છે એમનામાં કોઈ ચમત્કારિક સિદ્ધિ હતી એવો અનુભવ મને નથી, ને એમનો દાવો પણ એવો નહોતો. એમની મોટામાં મોટી સિદ્ધિ હતી એમનો પ્રેમ. નાનાં મોટાં, મેલાં ઘેલાં, પાપી અપાપી, લુચ્ચાં ભોળાં, રંક રાય બધાંને માટે એમનો પ્રેમ સરખો હતો. મ્યુનિસિપાલીટીના ચીફ ઑફીસર હોય કે માધુબાગનો માળી હોય બંને બાપુ તરફથી સમાન પ્રેમ અને આદર મેળવતા. આ પ્રેમને લીધે બાપુ હંમેશ જાતે ઘસાવાનું પસંદ કરતા અને કદી બીજાને તસ્દી ન આપતા. એ હંમેશ ટાઢા પાણીએ નહાતા, પોતાની ચહા પોતે બનાવી લેતા, પોતાનાં કપડાં જાતે ધોઈ લેતા. કોઈ મિત્ર યાદ કરે છે એવું સાંભળે કે સંદેશો આવે તો જાતે ચાલીને એને ત્યાં જતા. પાછલાં વરસોમાં એમને ત્યાં આવનારાની સંખ્યા વધવાથી અને બધા પોતાને અનુકૂળ વખતે આવતા હોવાથી ઘણીવાર એવું બનતું કે બાપુને પોતાનાં લુગડાં ધોવાનો કે કદી જમવાનો પણ વખત મળતો નહિ. પરંતુ આગંતુકને એમણે કદી કહ્યું નથી કે “ભાઈ, બીજે વખતે આવજો.”

એમને હોમિયોપથિનો શોખ હતો અને હોમિયોપથિક દવાઓ મગાવી લોકોને આપતા પણ ખરા. પરંતુ તે માટે પણ પોતે સામા માણસને ધક્કો નહિ ખવડાવતા. એ મિત્ર બાગમાં આવતો હોય તો ખીસામાં ઘાલી દવા લઈ જતા ને પેલાને પહોંચાડતા. કદીક જાતે દરદીને ઘેર જઇ દવા આપી આવતા. એમની પાસેથી આવી રીતે દવા લેનાર કેટલાક દરદીઓનો અનુભવ એવો છે કે એક જ ડોઝ લેવાથી પોતાની તકલીફ મટી ગઈ હોય.

ારા બાપુ

એક પારસી બેનને તો બાર મહિનાનું સાંધાનું દરદ બાપુની એક જ પડીકીથી મટી ગયું હતું. એ બેન તથા એમનાં સગાં આને બાપુનો ચમત્કાર જ માને છે. પરંતુ બાપુને એવી વાતો પસંદ નહોતી, અને “સોરઠી સંતો”ની પ્રસ્તાવનામાં મેઘાણીએ “ચમત્કાર” પ્રત્યે જે નફરત બતાવી છે તેની બાપુ હંમેશ પ્રશંસા કરતા તે હું જાણું છું એટલે એવો ઉલ્લેખ કરતો નથી.

મનુષ્યની ખરી કસોટી માંદગી વખતે અને મરણ પ્રસંગે થાય છે. પોતાને કોઈ પણ શારીરિક તકલીફ હોય તો બાપુ કદી દવા કરતા નહિ. એમના ઘણા દાંત પડી ગયા હતા અને દરેક દાંત ખૂબ દર્દ કર્યા બાદ પડતો, પણ દાકતર પાસે બાપુ દાંત પડાવતા નહિ. દાંતમાં અસહ્ય દર્દ થતું હોય (એ દર્દની અસહ્યતા તો અનુભવી જ જાણે છે) માથું ઉંધું નાખીને બેઠા હોય, પણ આપણે જઇએ કે તરત ખીસામાંથી એલચી કાઢીને આપે ને વાતોએ વળગે—જાણે દરદ જ નથી! પાછળથી એમને જમણી આંખે ઝામરનું દરદ થયેલું. ઝામરનું દરદ પણ એવું અસહ્ય હોય છે કે સામાન્ય માણસ માથું પટકીને મરી જાય; પરંતુ બાર બાર મહિના સુધી બાપુએ એ દર્દ વેઠયું હતું. અને છેવટે અંધાપો આવ્યો ત્યારે જ એ આંખનો ડોળો કઢાવ્યો હતો. આ ઝામરના દર્દ દરમિયાન પણ જિજ્ઞાસુઓ તો એમને ત્યાં કાયમ આવતા, અને બાપુ પોતાના સત્સંગનો લાભ સૌને આપતા.

૧૯૩૮માં એમના એક કિશોર પુત્રનું એકાએક અવસાન થયું હતું. તે વખતે જે જે ભાઈ બહેનો હાજર હતાં તે બધાં હજી બાપુની સ્થિરતા તથા વિરકતતાને યાદ કરી આફરીન થઇ જાય છે. ત્યાર બાદ એમની ચારેક વર્ષની એક પુત્રી પણ એકાએક ગુજરી ગઈ. હું તે વખતે હાજર હતો. બાપુએ છેક સુધી એને માટે ઉપચાર કરવા દીધા પરંતુ એમની વાણીમાં કે એમના વર્તનમાં વિહ્વળતાનો અંશ પણ નહોતો. પોતાનાં સંતાનોને એમણે પોતાનાં માન્યાં જ નહોતાં. મિત્રો પ્રત્યે પણ હંમેશ એ આત્મભાવે જ જોતા. સહુમાં એક આત્માનું દર્શન કરતા.

આ આત્મા જ બાપુનો પ્રિય વિષય હતો. એમની પાસે જ્યારે જઇએ ત્યારે બાપુ આત્મા સંબંધી જ વાતો કરતા; કાયા કે માયાની નહિ. આપણે એવો કોઈ વિષય ઉપાડીએ તો જુદી વાત બાકી બાપુ સાંસારિક વાતો ભાગ્યે જ કરતા. મૂગા બેઠા હોય કે વાત કરતા હોય, બાપુ સતત આત્મનિષ્ઠ રહેતા. એમની વાતો સાંભળતાં સાંભળતાં આવનાર પણ સ્થળકાળ ભૂલી જતું અને પોતે માત્ર દેહ નથી પરંતુ કંઇક અન્ય છે એવો અનુભવ કરતું. ઘણાં સ્ત્રી પુરુષોને માટે બાપુની એ ત્રીજે માળની ઓરડી ‘શાંતિ-કુંજ’ હતી. આ ઓરડી ઉનાળામાં તો એવી તપતી કે આપણે સતત પંખો હલાવ્યા કરીએ ત્યારે જ આપણાથી બેસાય (બાપુ પોતે કદી પંખો વાપરતા નહિ,) છતાં બાપુની વાણી સાંભળવા ત્યાં અનેક જુદા જુદા લોકો આવતા. રેફ્રીજરેટરનું પાણી પીનારા અને સતત વીજળીના પંખા નીચે જ બેસી રહેનારા પણ ત્યાં આવતા—કોઈ કોઈ તો રોજ—અને કલાકો ગાળતા. આ સૌ માનસિક શાન્તિ માટે આવતાં, અને તે એમને અહીં મળતી.

‘શાન્તિ પમાડે તેને સંત કહીએ’ એવું એક ભજનમાં કહ્યું છે, અને બાપુના પ્રસંગમાં આવનાર ઘણાંએ તે અનુભવ્યું છે. આવા અનેક પ્રસંગોનો હું સાક્ષી હતો અને તેથી જ બાપુનો વિચાર કરું છું ત્યારે મને પ્રીતમની પેલી લીટીઓ યાદ આવે છે :—

“હરિજન તો હરિ સરખા હેલી,
મળીએ મન મરજાદા મેલી,
થાય અરસપરસ આનંદ હેલી.”



મણકો - ૩જો - અહિંસા

સંકલન કર્તા ::: શ્રી ચંદુલાલ બ. પટેલ

અહિંસા એ યાંત્રિક ક્રિયા નથી. તે હૃદયનો સુંદરમાં સુંદર ગુણ છે અને સાધનાથી આવે છે. જ્યારે આવે છે ત્યારે તે કુદરતી લાગે છે, કેમ કે તે કુદરતી છે; અને એ ગુણ ધરાવનારને એ ગુણની પ્રાપ્તિમાં જરાયે શ્રમ પડ્યો એ વાતનું આશ્ચર્ય થાય છે. આપણામાં રહેલો પશુ કહે છે, ઘા સામે ઘા કરવો એથી વધારે કુદરતી શું હોઈ શકે? આપણામાં રહેલો મનુષ્ય કહે છે, ઘાનો બદલો ક્ષમાથી વાળવો એના કરતાં વધારે કુદરતી અથવા વધારે માનુષી શુ હોઈ શકે?

અહિંસા તો સમાજના કલ્યાણને અર્થે ઈચ્છાપૂર્વક પાળવામાં આવતો ત્યાગ અથવા સંયમ છે. એટલે એ તો અતિશય સક્રિય, શુદ્ધિકારક આત્મબળ છે. ઘણી વાર તે અહિંસકના આર્થિક સ્વાર્થની વિરુદ્ધ હોય છે. કદાચ તેમાં તેને પારાવાર આર્થિક નુકસાન પણ હોય. એના મૂળમાં આત્મબળ છે, નબળાઈ નથી. એનો પ્રયોગ ઇચ્છાપૂર્વક થવો જોઈએ. એટલે શરીરબળ વાપરવાની શક્તિ હોવા છતાં તેનો પ્રયોગ ન કરતાં આત્મબળ વપરાયું છે એવી સ્થિતિ હોવી જોઈએ.

પૂર્ણ અવર્ણનીય નિષ્પાપ અવસ્થા-જ્યાં માણસ પોતાના અંતરાત્મામાં બીજી સર્વ વસ્તુઓ અલોપ થઈ કેવળ ઈશ્વરની જ હાજરી અનુભવે છે,-એ પામવી દરેક મનુષ્યને સારુ શક્ય છે. હું કબૂલ કરું છું કે એ હજુ ઘણે આઘેની અવસ્થા છે અને તેથી સંપૂર્ણ અહિંસાનો વર્તનક્રમ પ્રજાને ઘડી આપવાને આજે હું અધિકારી નથી. પરંતુ, મારી અંદર બળતી જ્યોતિ સ્પષ્ટ અને સ્થિર છે. સત્ય અને અહિંસા વિના આપણામાંનો કોઈનો ઉગારો નથી. અહિંસા અને સત્ય એજ આપણો જીવન-સિદ્ધાંત છે, નહિ હિંસા, નહિ અસત્ય.

મારો દૃઢ વિશ્વાસ છે કે સત્ય અને અહિંસા એ જગત્‌વ્યાપી ધર્મ છે. તેથી જ તેનો અર્થ શોધવામાં જીવનને ખપાવી દેતાં હું રસને લૂંટી રહ્યો છું. અને એ રસ લૂંટવા બીજાઓને આમંત્રણ દઈ રહ્યો છું.

સત્ય સાધ્ય, અહિંસા સાધન. પણ આવી વસ્તુઓમાં સાધ્ય અને સાધન એક જ છે. એટલે જ મેં લખ્યું છે કે એ સત્ય અને અહિંસા એક જ સિક્કાનાં બે પાસાં છે.

અહિંસા અને સત્ય મારા બે પ્રાણ

છે. તેના વિના હું ન જીવું એમ માનું છું. પણ અહિંસાની મહાન શક્તિ અને મનુષ્યનું પામરપણું હું ક્ષણે ક્ષણે વધારે સ્પષ્ટ રીતે જોતો આવું છું. દયાનો નિધિ વનવાસી મુનિ પણ કેવળ હિંસામુક્ત નથી થઈ શકતો. પ્રત્યેક શ્વાસ તેની પાસે હિંસા કરાવે છે. દેહ એટલે હિંસાસ્થાન. તેથી જ સર્વથા દેહમુક્તિમાં જ મોક્ષ અને પરમ આનંદ રહ્યા છે. તેથી જ મોક્ષના આનંદ સિવાયનો બધો આનંદ અસ્થિર છે, સદોષ છે. આમ હોઇને આપણે હિંસાના કેટલાયે કડવા ઘૂંટડા પીવા પડે છે.

પણ હિંસા કોને કહેવી, અહિંસા કોને કહેવી, એ નિશ્ચયપૂર્વક હંમેશાં કહી શકાતું નથી. કહેવું સહેલું હોત તો અહિંસામાં કંઈ કિંમત પણ ન હોત. એ રમણીય ક્ષેત્ર છે. કેમ કે તેનો છેડો નથી ને તેની શોધ કરતાં અસંખ્ય જીવો થાકયા છે, બીજા અસંખ્યે પોતાના પ્રાણની આહુતિ આપી છે, તેથી તેનો સદા જય છે.

હું શોધક છું, સાધક છું, સિદ્ધ નથી. તેથી ભૂલ અને ક્ષમાને પાત્ર છું. આ શોધ અને વિચારની આપલેના યુગમાં હું મારા વિચારો પ્રગટ કરું તો તેથી કોઇને હાનિ નહિ પહોંચે. મારી ભૂલ હશે તો હું સુધારીશ. મારી માન્યતામાં તથ્ય હશે તો જિજ્ઞાસુ લાભ મેળવશે.

જૈન ભાઇઓ અહિંસાને પોતાનો ઈજારો માને છે. તેથી જ્યારે જ્યારે હું તેમણે માનેલી અહિંસાની મર્યાદા બહાર જતો દેખાઉં છું, ને તે છતાં તેમાં અહિંસાનું આરોપણ કરું છું, ત્યારે કોઈ મૂંઝાય છે, કોઈ ખિજાય છે, કોઈ મારી દયા ખાય છે. મારે આ ત્રણે વર્ગને કહેવું જોઈએ કે, જો તેઓ ધીરજ રાખશે તો અહિંસાના કોકડાનો થોડોક ઉકેલ થઈ શકશે.

મારો નમ્ર અભિપ્રાય છે કે ખોરાકને વિષે જે પ્રચલિત જૈન માન્યતા છે તેમાં ભૂલ હોવાનો સંભવ છે. વનસ્પતિને મારીને ખાવામાં મને તો અહિંસાની દૃષ્ટિએ દોષ લાગે છે. જે વસ્તુ ખાદ્ય છે એ જેવી ઝાડ ઉપરથી ઊતરી તેવી જ ખાઈ શકાતી હોય તો ઓછામાં ઓછી હિંસા થાય છે. અગ્નિ પ્રગટાવવામાંયે હિંસા રહેલી છે. પછી તે અગ્નિમાં લીલી કે સૂકી વસ્તુને હોમવી એ વિશેષ હિંસા છે. આ વાત મને તો સ્વયંસિદ્ધ લાગે છે.

[પૃષ્ઠ ૧૨૦, 'જીવન સાહિત્ય'માંથી; ૧૨૫, 'હરિજન બંધુ'માંથી; ૧૨૯, ૧૩૦, 'મંગલ પ્રભાત'માંથી]

અનુક્રમણિકા

૩૦ જુન.૧૯૫૧

પૃષ્ઠ
૧ ... ... ગાંધીજી ૧૦૯
૨ શાંતિનિકેતનનાં ભજનો.નગીનદાસ પારેખ ૧૧૦
૩ સુવર્ણ જીવન ... ઉજજવલકુંવરજી ૧૧૧
૪ ધર્મકથા ... દેસાઇ વાલજી ગોવિંદજી ૧૧૪
૫ ગુરુદેવની ગીતાંજલિ ગુરુદયાલ મલ્લિક ૧૧૫
૬ બાપુની અનોખી વાતો કાશિનાથ ત્રિવેદી ૧૧૭
૭ ત્યાગ અને ક્ષમા ... યશપાલ જૈન ૧૨૦
૮ બાપુના પત્રો ... ગાંધીજી ૧૨૧

પૃષ્ઠ
૯ બાપુના જીવનની એક બાજુ . મુકુલભાઇ ૧૨૩
૧૦ વિવાહિત યુગલને ... ગાંધીજી ૧૨૫
૧૧ ગાંધીજીવિરચિત ભોજનસૂત્ર .. દે. વા. ૧૨૮
૧૨ રવિન્દ્ર મનન ... કાકા કાલેલકર ૧૨૯
૧૩ યોગ્ય માગણી ... .. મુકુલભાઈ ૧૩૧
૧૪ સ્વ. પ્રેમરાય પંડિત ... સત્સંગી ૧૩૩
૧૫ ગાંધી માળા ... ચંદુલાલ બ. પટેલ ૧૩૫
૧૬ ગ્રંથાવલોકન ... ... મુ૦ કે૦ ...

ગ્રંથાવલોકન

સર્વોદયનો સિદ્ધાંત: પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; કિં૦ **બાર આના;** પૃ૦ ૭૮

બાપુજીએ આપણી સમક્ષ સર્વોદયનો ઉચ્ચ આદર્શ મૂક્યો છે. એ આદર્શના સિદ્ધાંતોને બરોબર સમજી એને આત્મસાત્ કરીએ તો જ બાપુજીની વિચારસરણીનું આપણે અનુસરણ કરીએ છીએ એમ કહી શકાય. આપણા દેશની સંસ્કૃતિમાં એવું તત્ત્વ ઓતપ્રોત થયેલું છે કે, કોઈ મહાન પુરુષ અવતરે એટલે આપણે તેની પૂજા અને આદર કરવા મંડી પડીએ છીએ, પરંતુ જે ઉન્નત અને પ્રેરણાદાયી અનુભૂતિથી જીવનમાં મહત્તા અને ઉચ્ચતા પ્રાપ્ત કરીને તેઓ આપણી સમક્ષ જીવનપ્રેરક સિદ્ધાંતો કે ઉપદેશો ધરે છે તેમને તો ઘણું કરીને આપણે બાજુએ મૂકી દઈએ છીએ અને સમજવા પ્રયત્ન પણ કરતા નથી. દા. ત. આપણે કૃષ્ણનું નામ લઈએ છીએ, પણ ગીતામાં જે સારતત્ત્વ પડેલું છે એનો અભ્યાસ જ કરતા નથી. એ જ મુજબ બુદ્ધ, મહાવીર, ઇશુખ્રિસ્ત, મહંમદ પેગંબર સાહેબ વગેરે મહાવિભૂતિ માટે કહી શકાય.

એવી જ સ્થિતિ ગાંધીજી વિષે પણ પ્રવર્તતી હોય એમાં નવાઈ નથી. પરંતુ આપણે આ નબળાઇને તજવી જોઇએ અને દરેક મહાપુરુષના ઉચ્ચ આદર્શો અને સિદ્ધાંતોને સમજીને એમના જીવનમાંથી પ્રેરણા લેવા મથવું જોઇએ.

આ પુસ્તક આપણને ગાંધીજીના સર્વોદયના સિદ્ધાતને સમજવા સહાયરૂપ થાય એવું છે. વળી બાપુજીના અવસાન પછી વર્ધામાં સર્વોદય સમાજ નામનું એક મંડળ કાઢવામાં આવ્યું છે. સર્વોદય સમાજના સિદ્ધાંતો તથા તેના કાર્યક્રમને અંગે થતી પૂછપરછ સંતોષવાને માટે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યુ છે. અવશ્ય આ પુસ્તક સર્વોદય સંબંધી ગાંધીજીનાં લખાણોનો પરિપૂર્ણ સંગ્રહ નથી. પણ ભાવિમાં એવો સંગ્રહ બહાર પડે એના પગરણરૂપ અવશ્ય છે.

આ પુસ્તકમાં ગાંધીજી ઉપરાંત રાજેન્દ્રપ્રસાદ, જવાહરલાલ નહેરુ, વિનોબાજી, કિશોરલાલભાઈ તેમજ કાકાસાહેબના સર્વોદય સંબંધી લેખોનો પણ સમાવેશ કર્યો છે તે આવકાર્ય છે. આથી આપણને ગાંધીજીના વિચારોને બીજી વિચારવંત વ્યક્તિઓ શી રીતે સમજી શકી છે એનો ખ્યાલ આવી શકે છે.

ગાંધીજીના સિદ્ધાંતોને સમજવા ઇચ્છનાર દરેક અભ્યાસીને આ પુરતક અવશ્ય સહાયરૂપ થાય એમ છે.

મુ૦ ક૦

વ્યવસ્થા:

“પ્યારાબાપુ”

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.

પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.

લવાજમ. મ. ઑ થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

'પ્યારાબાપુ' કાર્યાલય જુનાગઢ (સૌરાષ્ટ્ર)

REG. NO. B. 5255


સત્ય
અહિંસા
અસ્તેય
અભય

મારા બાપુ



સંપાદક: નવીન ગાંધી

‘રૂપાયતન’



બાપુજી અને ગુરુદેવ એ બંને મહાવિભૂતિઓ આપણી સમીપ ઉચ્ચ આદર્શ મૂકી ગયેલ છે. અમે માનીએ છીએ કે, બાપુજી અને ગુરુદેવના આદર્શોનો સુભગ સમન્વય કરી એમાંથી નિષ્પન્ન થતા રચનાત્મક માર્ગનું અનુસરણ કરવામાં વ્યક્તિનું તેમ જ સમષ્ટિનું સાચું કલ્યાણ રહેલું છે. આ બંને મહા – વિભૂતિઓના ઉન્નત જીવનાભિલાષોના સમન્વયથી જ આપણું ભાવિ ગૌરવશીલ બની શકશે, અને એમાં જ આપણું શ્રેય રહેલું છે. તેથી અમે આવા સમન્વયને મૂર્ત કરે એવી સંસ્થા જૂનાગઢમાં સ્થાપવા નિશ્ચય કર્યો છે.

બાપુજી અને ગુરુદેવના આદર્શોના સમન્વયનો હેતુ સત્યની ઝાંખી કરવાનો છે. પરંતુ સત્ય તો અનેક રૂપે વ્યક્ત થઈ રહ્યું છે. તેથી પ્રત્યેક વ્યક્તિ સત્યનું દર્શન પોતપોતાના સ્વભાવ અને પ્રજ્ઞા પ્રમાણે કરી શકે છે. ગુરુદેવ તો કવિ હતા, એટલે એમણે સત્યનું દર્શન સૌંદર્યમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા (Harmony) દ્વારા કરવા પ્રયત્ન કર્યો; જ્યારે બાપુજી તો હતા કર્મયોગી, એટલે તેઓ તપ – સંયમશીલ કર્મમાંથી નિષ્પન્ન થતી સંવાદિતા દ્વારા સત્યનું દર્શન કરવા મથ્યા. આમ સત્યનાં બે મુખ્ય લક્ષણ સૌન્દર્ય અને તપ છે.

ગુરુદેવ તેમ જ બાપુજી વ્યક્તિગત આત્મશક્તિ વડે એ ભિન્ન ભિન્ન માર્ગે પણ સત્યનું દર્શન કરી શક્યા. પરંતુ આપણે જો માત્ર જીવનમાં તપઃપરાયણ માર્ગે પ્રયાણ કરીએ તો જીવનમાં શુષ્કતા આવી જવાનો સંભવ રહે છે ખરો. એ જ પ્રમાણે આપણે સૌંદર્યને જ પ્રાધાન્ય આપીએ તો એમાં સ્વચ્છંદતા આવી જવાનો ભય રહે છે. તેથી એ બન્નેમાંથી બચવા માટે તપઃપરાયણ માર્ગનો સંયમ અને સૌંદર્યદર્શી માર્ગનો આનંદ એ બન્નેનો સમન્વય કરવામાં આવે તો એ નૂતન માર્ગ આપણા વિકાસને અવશ્ય સહાયરૂપ થઇ શકે.

આવા સમન્વયનું બીજ માનવીના અંતરમાં રહેલી સર્જનશીલ સંવેદનામાં રહેલું છે. આવી સંવેદનાની દૃષ્ટિએ બાપુજીની રચનાત્મક પ્રવૃતિઓનું તેમ જ ગુરુદેવની સૌન્દર્યદર્શી પ્રવૃત્તિઓનું મહત્ત્વ સરખું જ છે.

તેથી ‘રૂપાયતન’નો મુખ્ય ઝોક આવી સર્જનાત્મક સંવેદનાને જાગ્રત કરી એને સર્વગ્રાહી અને સુસંવાદી કરવા પ્રત્યે જ રહેશે. અને એ જ રીતે સત્યના આનંદની તેમ જ સત્યની તપસ્યાની અનુભૂતિ કાર્ય દ્વારા કરીને માનવી સંપૂર્ણતાનો સ્પર્શ કરવાને શક્તિશાળી થાય અને એમાં જીવનનો પરમ આનંદ અનુભવી શકે તો ‘રૂપાયતન’નો આદર્શ સફળ થાય.

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી. રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર કૉલેજ રોડ, જૂનાગઢ.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

તપોવન
વિલેપારલે

વર્ષ ૪ ૩૦ જુલાઈ-૧૯૫૧ અંક ૬

ગીતા અને રામાયણ

ઘણા નવયુવકો પ્રયત્ન કરતાં છતાં પોતાના પાપમાંથી બચી નથી શકતા તેથી નિરુત્સાહ થાય છે, ને પછી પાપમાં ઊંડા ઊતરતા જાય છે. કેટલાક તો પછી પાપને પુણ્ય માનતા પણ થાય છે. આવાને ગીતાજી તથા રામાયણ ફરી ફરી વાંચવા વિચારવાની સલાહ હું ઘણી વેળા આપું છું. પણ તેમને તેમાં રસ નથી ઊપજતો. એવાના આશ્વાસન ખાતર એક નવજુવાનના કાગળમાંથી આ વિષયને લગતો થોડો ભાગ નીચે આપ્યો છે:

"મન સામાન્ય રીતે સ્વસ્થ છે. પણ જ્યારે થોડા દિવસ મન સાવ સ્વસ્થ રહ્યું ને તેની નોંધ પોતે લીધી કે બસ ઊથલો ખાઈ જ જવાય છે. વિકાર એટલા જોર કરી જાય છે કે એની સામે થવામાં ડહાપણ નથી એમ જ લાગે, પરંતુ પ્રાર્થના, ગીતાપાઠ અને તુલસીરામાયણ ખૂબ મદદ આપે છે. એક પારાયણ પૂરું કર્યું, બીજું સતીની કથા સુધી આવ્યું છે. આખા રામાયણ પર કંટાળો આવતો તેને બદલે પાને પાને રસ મળે છે. એનું એ પાનું પાંચ વખત વાંચતા નથી થાકતો. જે કાગભુશુંડજીની કથાએ મને તુલસીરામાયણ પર ઘૃણા પેદા કરેલી ને વેવલું લાગતું તે જ કથા મને સર્વોત્તમ લાગવા મંડી. એમાં મેં ગીતાના ૧૧મા અધ્યાય કરતાં વિશેષ કાવ્ય જોયું. અને બેચાર વરસે અધકચરી દાનતે સ્વચ્છતા ન મળતાં નિરાશા આવતી હતી તે ભાગી ગઈ, અને થયું કે અનંતકાળમાં જે વિકાસ થવાનો છે તે આજે જ મેળવવા જવાની હઠ કરવી એ કેટલી મૂર્ખાઈ છે! આખા દિવસમાં કાંતતી વખતે ને રામાયણના અભ્યાસ વખતે આરામ મળે છે."

આ લખનારને જેટલી નિરાશા ને અશ્રદ્ધા હતાં તેથી વધારે ભાગ્યે જ એવા જુવાનોને હોય. દોષ તેના શરીરમાં ઘર કરી ગયા હતા. એની આજની શ્રદ્ધા બધા જુવાનોને આશાજનક નીવડવી જોઈએ. જેઓ પોતાના વિષયોને જીતી શક્યા છે તેમના અનુભવ ઉપર વિશ્વાસ લાવીને ખંતથી રામાયણાદિનો અભ્યાસ કરનારનું હૃદય પીગળ્યા વિના રહેતું જ નથી. સામાન્ય વિષયોના અભ્યાસને સારુ પણ આપણને ઘણી વાર વરસો લગી મહેનત કરવી પડે છે, અનેક ઉપાયો રચવા પડે છે, તો જેમાં જીવનભરની ને ત્યાર પછીની પણ શાંતિનો પ્રશ્ન હોય તેના



सत्यमेव जयते

અભ્યાસને વિષે કેટલી ખંત જોઈએ ? છતાં ઓછામાં ઓછો વખત ને ધ્યાન આપીને રામાયણ, ગીતાને રસિક કરવાની આશા રાખનારને વિષે શું કહેવાય ?

મજકૂર કાગળમાં લખ્યું છે કે તેને સ્વસ્થ થવાનું ભાન થાય કે તુરત વિકારો ચડાઈ કરે છે. જેમ શરીરને વિષે તેમ મનને વિષે જેનું શરીર સાવ સારું છે તેને સારાપણાનું ભાન કદી થતું નથી, તે ભાનની જરૂર નથી; સારાપણું એ શરીરનો સ્વભાવ છે. તેમ જ મનનું સમજવું. તેની સ્વસ્થતાનું જ્યારે ભાન થાય તે જ દિવસે સમજવું કે વિકારો ડોકિયું કરી રહ્યા છે. તેથી મનને નિરંતર સ્વસ્થ રાખવાનો ઉપાય જ એ છે કે તેને નિરતર સારા વિચારમાં રોકાયેલું રાખવું. તેથી જ રામનામાદિના જપ શોધાયાને ગવાયા. જેના હૃદયમાં પ્રતિક્ષણ રામ વસે તેની ઉપર વિકારો હુમલો કરી ન જ શકે. ખરી વાત એ છે કે શુદ્ધ બુદ્ધિથી જે રામનામ જપે છે તેનો કાળાંતરે હૃદયપ્રવેશ થાય છે. હૃદય પ્રવેશ થયા પછી એ રામનામ અભેદ્ય કિલ્લો બની જાય છે. મલિનતાનો પ્રતિકાર મલિનતાનું ધ્યાન ધરવાથી નથી થતો પણ સ્વચ્છતાનું ધ્યાન ધરવાથી થાય છે. પણ ઘણીવાર સાચો દાનતથી ઉપાય ઊલટો રચાય છે. 'આ ક્યાંથી આવી' એમ વિચાર્યાં કરવામાં મલિનતાનું ધ્યાન ધરાય છે. એ હિંસક ઉપાયની સાથે સરખાવાય. જ્યારે સાચો ઉપાય અસહયોગ છે. મલિનતા ચડાઈ કરે ત્યારે તેને 'ભાગ' એમ કહેવાની જરૂર નથી. તે જાણે કે છે જ નહીં એમ સમજી સ્વચ્છતાનું જ સેવન કરવું જોઇએ. 'ભાગ' કહેવામાં ડરનો આભાસ છે, તેનો ખ્યાલ માત્ર પણ ન કરવામાં નીડરતા રહેલી છે. મલિનતા મારો સ્પર્શ સરખોયે નહી કરી શકે એવો વિશ્વાસ સેવવો જોઈએ. આ ક્રિયા અનુભવસિદ્ધ થાય એવી છે. —ગાંધીજી

આશ્રમનાં ભજનો ... [૧૩૯થી ચાલુ]

નામ એ પ્રભુનો પ્રત્યેક વ્યક્તિની સાથે અંતર્ગત અને વૈયક્તિક જે સંબંધ છે તેનું પ્રતીક છે. આમ તો પ્રભુ સર્વનો છે, પરંતુ મનુષ્યના અંતરમાં એવી એક અદમ્ય ઝંખના હંમેશાં થયા કરે છે કે પ્રભુની સાથે મારો જે વૈયક્તિક સંબંધ છે તે સાધવો જોઇએ. અને તે સાધવા માટે પ્રભુના ખાસ વિશિષ્ટ નામની તેને પ્રતીતિ થવી જોઈએ. ભક્તો એમ માને છે કે, દરેક વ્યક્તિનાં બે નામ છે. એક નામથી તેને જગત ઓળખે છે અને બીજા નામથી પ્રભુ. જે નામથી પ્રભુ આપણને ઓળખે છે તે જ નામમાં પ્રભુનો વ્યક્તિ સાથેનો સંબંધ પ્રતિબિંબિત થયેલો હોય છે. તેથી જ્યાં સુધી આપણને તે વિશિષ્ટ નામના સંબંધની ઓળખ થતી નથી ત્યાં સુધી બીજાં બધાં નામો સાચો આધાર બની શકતાં નથી. પ્રભુ સાથેનો એ વૈયક્તિક સંબંધ સમજવો સહેલો નથી. અને તેનો સાક્ષાત્કાર માણસને કઈ ઘડીએ થશે એ કહી શકાય એમ નથી. માણસને જ્યારે એ નામની પ્રતીતિ થાય છે ત્યારે એ નામ તેને માટે ખૂબજ વૈયક્તિક સંબંધવાળું બની જાય છે. જેમ હિંદુ સંસારમાં આપણે જોઈએ છીએ કે પતિપત્ની એક બીજાંને નામથી સંબોધતાં નથી. એ નામનું ઉચ્ચારણ એમના સંબંધમાં બાધારૂપ બની જાય છે. તે તો તેમના અંતરમાં રૂપ હતું હોય છે. એવોજ ભાવ આપણને જે નામ માટે ઉદ્ભવે તે જ આપણું સાચું ઠેકાણું બની જાય છે, અને ત્યારે જ આપણે પ્રભુને પોતાના ગણી તેની સાથે વૈયક્તિક સંબંધ બાંધી શકીએ છીએ.

—ગુ૦ મ૦

પ્યારા બાપુ



આશ્રમનાં ભજનો

રહના નહિ દેસ બિરાના હૈ ॥ ધ્રુ૦ ॥
યહ સંસાર કાગદકી પુડિયા બૂંદ પડે ઘુલ જાના હૈ ॥
યહ સંસાર કાંટેકી બાડી ઉલઝ ઉલઝ મરિ જાના હૈ ॥
યહ સંસાર ઝાડ ઔ' ઝાંખર આગ લગે બરિ જાના હૈ ॥
કહત કબીર સુનો ભાઈ સાધો સતગુરુ નામ ઠિકાના હૈ ॥

આ ભજનમાં કબીર સાહેબે નામનો મહિમા દર્શાવ્યો છે. શરૂઆતમાં એવો ભાવ બતાવ્યો છે કે આ સંસાર અનિત્ય છે. આ સંસાર તો પરાયો દેશ છે. અહીં રહેવું ઉચિત નથી. આ સંસાર તો કાગળના પડીકા જેવો છે; તેના પર પાણીનું ટીપું પડતાં જ તે ઓગળી જાય છે. આ સંસાર કાંટાની વાડી જેવો છે જેમાં ચાલવાથી ઘણી બેચેની થાય છે. માણસને આ સંસારમાં બધે ઝાડ-ઝાંખરાં જેવું છે અને તેમાં આગ લાગતાં–દાવાનળ સળગતાં–બધું ખાખ થઈ જાય છે.

પરંતુ આ ભજનમાં ભક્ત કબીર સાહેબે સંસારની અનીત્યતા જ બતાવી નથી, પણ સાથે સાથે નામ નિત્ય છે, સનાતન છે એ પણ દર્શાવ્યું છે. નામનું રહસ્ય બહુ જ ગહન છે. માણસને કયા નામમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થશે એની તો તેના અંતરને પણ જાણ હોતી નથી. જ્યાં સુધી તેને એ નામની અંતઃસ્ફૂરણા થતી નથી, ત્યાં સુધી માણસ આ સંસારને પરાયા દેશ જેવો માની એક ઠેકાણેથી બીજે ઠેકાણે ભટકયા કરે છે. ગુરુદેવે પણ એક કાવ્યમાં કહ્યું છે કે યાત્રિકને બધાં જ અણજાણ બારણાં ખખડાવવાં પડે છે અને એમ કરતાં કરતાં તે પોતાના–પ્રભુને બારણે–સાચા ઠેકાણે પહોંચે છે. સૂફી સાધુઓ પણ કહે છે: 'રહેના નહીં' હૈ યહાં, જાના હૈ વહાં.' એટલે કે આખરે માનવીનું નિત્ય સ્થાન તો ઈશ્વર સાથેનો નીકટનો સંબંધ સાધવાથી જ નિશ્ચિત થાય છે, અને તે સંબંધ–વૈયક્તિક અને અંતર્ગત સંબંધ–સ્થાપિત કરવા માટે નામ જ એક માત્ર આધાર છે.

[અનુસંધાન પૃષ્ઠ જુઓ ૧૩૮મે]

એટમબોમ્બ સામે શું ?……

[બાપુ સાથે મુલાકાત ૨૯–૧–૪૮]

બાપુને મેં પૂછયું: "અમેરિકાએ એટમબોંબ બનાવવાનું છોડી દેવું જોઇએ ?"

તરત જ વિના સંકોચે બાપુએ જવાબ આપ્યો: 'અલબત્ત, અમેરિકાએ એટમબોંબ બનાવવાનું બંધ કરવું જ જોઈએ.'

પછી મેં બાપુને પૂછયું–

"એટમબોંબનું નિવારણ શું અહિંસાથી કરી શકાશે ?"

"અહા!" બાપુએ રેંટિયો કાંતતાં જવાબ આપ્યો–"હું એટમબોંબની સામે શું જવાબ આપીશ ? એટમબોંબની સામે હું પ્રાર્થનામય બની રહીશ અને છતાં શાંત ન રહેતાં કંઈક કરતો જ હોઈશ."

મેં પૂછયું, "શું કરતા હશો ?"

બાપુ બોલ્યા: "હું ભોંયરામાં ભરાઈ નહિ જાઉં–હું કોઈક છાપરા હેઠળ રક્ષા લેવા નહિ ચાલ્યો જાઉં – હું તો બહાર ખુલ્લામાં આવીને ઊભો રહીશ. એટમબોંબ નાંખનારા વિમાનનો પાઈલેટ દૂરથી પણ જોઈ શકશે કે એ વખતે પણ એની સામે મારા હૃદયમાં કશો જ રોષ નહિ હોય."

બાપુનો રેંટિયો પાછો ચાલુ થયો અને તેઓ પાછા બોલ્યા:

"હું જાણું છું કે પાઈલેટ ખૂબ ઊંચેથી આપણાં મોઢાં નહિ જોઇ શકે. પરંતુ એને કશું પણ નુકસાન કરવાની સહેજ પણ લાગણી મારા હૃદયમાં નથી થતી. એ મારી ઝંખના જ દૂર ઊંચે સુધી પહોંચી જશે અને એની આંખ ઊઘડી જશે. હીરોશિમામાં હજારોએ એટમબોંબના કરુણ ભોગ થઈ પડ્યા હતા – જો એ હજારો આ પ્રાર્થનામય શાંત – વીરતાભર્યા – છતાં પ્રેમાળ થઈને સામી છાતીએ ઊભા રહ્યા હોત, મરતાં મરતાં પણ અંતરમાં કેવળ પાઇલેટના કલ્યાણની ઝંખના કરી હોત–તો તો યુદ્ધનો આવો શરમભરેલો અંત ન આવ્યો હોત. યુદ્ધના વિજેતાઓ કંઇ વિજેતાઓ જ રહ્યા છે?"

બાપુ ખૂબ જ ધીમે બોલવા લાગ્યા–

"વિજેતા નહિ–પરંતુ પોતાની જ વાસનાના શિકાર થઈ રહ્યા છે–કારણ કે વિશ્વમાં હજી શાંતિ કયાં આવી છે!"

આટલું બોલતાં તો બાપુનો અવાજ તરત જ ધીમો પડી ગયો–

"વિશ્વમાં શાંતિ તો નથી જ આવી–એથીયે ભયાનક વિશ્વ બનતું રહ્યું છે."

મારો સમય પૂરો થયો અને થોડા જ સમય પછી–બીજે જ દિવસે એટમબોંબનો પણ અહિંસાથી સામનો કરનારો એ નાનકડો માનવી રાઈફલની ગોળીથી વીંધાઇ ગયો!

અનુ૰ દિલખુશ બ. દિવાનજી

"ઈન્ટરવ્યુ વિથ ઇન્ડિયા" નામક પુસ્તકમાંથી.

જ્યારે આપણે કંઈ ચીજ સ્વાદને ખાતર લઇએ ત્યારે તેનો ભંગ થયો. શરીરને નિરોગી અને શક્તિવાળું રાખવા સારુ ખાદ્ય પદાર્થમાંથી તેટલા જ પૂરતું ખાવું તે અસ્વાદવ્રતનું પાલન. એ વ્રત પાળવાથી કાયા નિરોગી થાય અને રહે, બ્રહ્મચર્યનું પાલન સહેલું થાય, બીજી રીતે પણ મન ઉપર કાબુ આવે. — ગાંધીજી

ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની 'ગીતાંજલિ'નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ'ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું ૬૪મું કાવ્ય સમજાવતાં પૂ૰ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :

પ્રભુની પાસે માંગવું તે એવું માગવું જોઈએ કે જે આપણને પ્રભુને ચરણે લઈ જવામાં સહાયરૂપ થઈ પડે. દરેક માણસમાં માગવાની વૃત્તિ તો છે જ. આ વૃત્તિ સૂક્ષ્મ ભાવે આપણામાં રહેલો અહંભાવ સૂચવે છે. એ અહમ્ સાત્ત્વિક પણ હોઈ શકે, વળી તે તામસિક કે રાજસિક પણ હોઈ શકે. જો આપણા જીવનમાં સડો હોય, કંઇ બગાડ હોય, તો આપણો અહંભાવ સાત્ત્વિક ન રહી શકે.

માટે આપણે એવી રીતે જીવવું જોઈએ જેથી આપણો અહમ્ ધીમે ધીમે ઓછો થતો જાય. એ રીતે જીવવું એ કંઈ સહેલું નથી. રાવણને દશ માથાં હતાં તો અહમ્‌ને લાખો માથાં છે. એક જ જન્મમાં કોઈએ અહમ્‌ને જીત્યો છે એમ ન જ માની શકાય. એ વસ્તુ અશક્ય પણ છે. એ તો જન્મજન્માન્તરની તપસ્યાના ફળરૂપ છે. બુદ્ધ ભગવાને પણ જન્મજન્માન્તરની સાધના પછી જ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી હતી. એવું કૃષ્ણ, જરથુસ્ત્ર, ઈશુ ખ્રિસ્ત, મહંમદ પેગમ્બર વગેરે મહાત્માઓ વિશે કહી શકાય. એમને મળેલી સિદ્ધિ એ કંઈ એક જન્મનું ફળ નથી. જન્મજન્માન્તરની સાધનાનું એ ફળ છે.

ગુરુદેવ પચાસ સાઠ વર્ષની સાધનાથી કવિસમ્રાટ થઈ શકયા એવું કઈ નથી; એની પાછળ તો જન્મજન્માન્તરની પૂર્વસાધના રહેલી છે:

ત્યારે પ્રશ્ન એ થાય છે કે અહમ્‌ને શી રીતે ઓછો કરી શકાય? એનો એક માર્ગ છે–પ્રેમ. બીજાનું ભલું શામાં રહેલું છે એનો

વિચાર કરીને જીવન જીવવું જોઈએ. એને અંગ્રેજીમાં Other-ism કહેવામાં આવે છે. બીજાનું કલ્યાણ સાધતા રહીએ તો અહમ્ વિગલિત થતો જાય.

અહમ્‌ને ઓછો કરવાનો બીજો માર્ગ સેવાનો છે. ઇસ્પિતાલમાં જે સાચી નર્સ હોય છે તે નાતજાતનો ભેદ રાખ્યા વિના, આ ઊંચ છે અને આ નીચ છે, આ શ્રીમંત છે અને આ ગરીબ છે એવું માન્યા વિના એ તો બધા દર્દીની એકસરખી સેવા કરે છે. એને મન સેવા એ મુખ્ય વસ્તુ છે, પગાર ગૌણ છે. પોતાના ગુજરાન માટે પગાર તો જોઈએ જ, પણ એને એ ખૂબ મહત્ત્વ ન આપે. એને તો માનવજાતની સેવા કરવામાં જ સાચી મહત્તા દેખાય.

આપણે ઘેર નોકરને રાખવામાં આવે તો તે ઘડિયાળ સામું જોઈને જ કામ કરશે. ક્યારે વખત પૂરો થાય અને હું છૂટો થાઉં એની જ એ રાહ જોતો હોય છે. વળી તે દિવસો ગણતો રહે છે. ક્યારે મહિનો પૂરો થાય અને પગાર મળે એ જ એનું મુખ્ય લક્ષ્ય બની રહે છે. જ્યારે માતા એ રીતે વર્તતી નથી. એ કંઈ ઘડિયાળ સામે જોતી નથી કે દિવસ ગણતી નથી. સવારથી તે સાંજ સુધી એ તો કામ કર્યે જાય છે. એમાં જ એને આનંદ મળે છે. સાચી નર્સ પણ એવા જ ભાવે સેવા કરતી હોય છે. આ રીતે સેવાને માર્ગે આપણે આપણા અહમ્‌ને સાત્ત્વિક માર્ગે દોરી ઓછો કરી શકીએ.

હવે કાવ્ય લઈએ:–

સૂની નદીને તીરે કાશવનમાં મેં તેને બોલાવીને પૂછ્યું, ‘પાલવે દીવો ઢાંકીને તું એકલી ધીરે ધીરે ક્યાં જાય છે? મારા ઘરમાં દીવો સળગાવેલો નથી, તારો દીવો અહીં મૂકતી જા, બાલા.’

ગોધૂલિ સમયે બે કાળી આંખો ઊંચકીને તેણે ક્ષણભર મારા મોં તરફ જોયું અને કહ્યું, ‘સંધ્યા સમયે દીપદાન દેવા નદી કિનારે આવી છું.’ કાશવનમાં ઊભાં ઊભાં મેં દીવાને પ્રવાહમાં અકારણ તણાઈ જતો જોયો.

સાંજ ઘેરી બની અને અંધારું થયું. મેં તેને બોલાવીને પૂછ્યું, ‘તારા ઘરમાં તો બધા દીવા સળગાવ્યા છે; આ દીવો કોને આપવા જાય છે? મારા ઘરમાં દીવો સળગાવેલો નથી, તારો દીવો અહીં મૂકતી જા, બાલા.’

બે કાળી આંખો ક્ષણભર મારા મોં તરફ જોઈ રહી. તે બોલી, ‘મારા આ દીવાને તો મારે આકાશ-પ્રદીપ તરીકે આકાશમાં ધરવો છે.’ ત્યાં ઊભાં ઊભાં મેં દીવાને સૂના ગગનના ખૂણામાં અકારણ બળતો જોયો.

અમાવાસ્યાની અંધારી મધરાતે તેની પાસે જઈને પૂછ્યું, ‘અરે, હૈયા સરસો દીવો લઈને તું કેની શોધમાં નીકળી છે? મારા ઘરમાં દીવો સળગાવેલો નથી, તારો દીવો અહીં મૂકતી જા, બાલા.’

બે કાળી આંખો અંધકારમાં ક્ષણભર મને જોઈ રહી. ત્યાર પછી તે બોલી, ‘હું તો દીપાવલિમાં ગોઠવવા માટે આ દીવો લાવી છું.’ ત્યાં ઊભાં ઊભાં મેં લાખો દીવા ભેગો તેનો દીવો અકારણ બળતો જોયો.

[અનુ૰ નગીનદાસ પારેખ]

આ આખું કાવ્ય વાંચતાં કે સાંભળતાં આપણી આંખ સામે એક દૃશ્ય ખડું થાય છે.

સાંજનો સમય છે. એક બહેન હાથમાં દીવો લઈને અંધારામાં નદી તરફ જતી હોય છે. રસ્તામાં એક જણ પૂછે છે: ‘બહેન, ક્યાં જાઓ છો? અમારા ઘરમાં દીવો નથી. તમારો દીવો આપતાં જાઓ.’ બહેન જવાબ આપે છે: ‘આજે નહિ.’ આગળ જતાં બીજો માણસ મળે છે. એને પણ તે જવાબ આપે છે: ‘આજે નહિ.’ છેવટે તે નદી કાંઠે આવે છે અને તે દીવાને નદીમાં વહેતો મૂકી,

વિશાળ આકાશ તળે વહેતો મૂકી, નદીને અર્પણ કરે છે !

આ દૃશ્ય પાછળ અર્થ રહેલો છે. એમાં ઊંડું રહસ્ય સમાયેલું છે. આપણે માગતાં માગતાં થાકી જઈએ છીએ. એક દિવસે આપણને થાય છે કે હવે ઘણું થયું. આજે તું તારું મુખડું મને બતાવ. તો જ મને શાંતિ વળે. પ્રકૃતિ તો આપણને જે જોઈએ તે આપતી રહે છે, પણ હવે તો એ પ્રકૃતિના સ્વામીને જોવાનું મન થાય છે. માગવાની વાત તો બાજુએ રહી જાય છે અને અંતરમાં બીજા જ ભાવ જાગે છે. આપણને શાથી લાભ થાય છે એ વાત જતી રહે છે અને આપણા આત્માને શામાં આનંદ મળે છે એ મહત્ત્વનું થઈ પડે છે.

દુનિયા જેને વ્યર્થ માને છે, નકામું ગણે છે, મૂલ્ય વિનાનું માને છે એમાં આત્માને આનંદ થાય છે. એમાં સમર્પણનો ભાવ રહેલો છે. આપણો અહમ્ ઓછો થતો જાય તેમ એવી પ્રેરણા થતી જાય છે.

બાળક દરિયા કિનારે રેતીના ઢગલામાંથી મન ફાવે એવું બનાવે છે અને પાછું ભાંગી નાખે છે. આપણે ફેંકી દીધેલી ચીજોમાંથી એ પોતાની ગમતી ચીજ લઇ લે છે અને એમાંથી આનંદ લે છે. કાગળની હોડી બનાવી પાણીમાં તરતી મૂકી દે છે. દુનિયાની દૃષ્ટિએ આ બધી પ્રવૃત્તિનું કશું મૂલ્ય નથી. પણ બાળકનું મન એથી આનંદ પામે છે.

ગુરુદેવ યુરોપના પ્રવાસે નીકળ્યા હતા. એક વખતે તેઓ ફ્રાન્સથી જર્મની જતા હતા. સરહદ પર ચોકીદારોએ એમની પાસે પાસપોર્ટ માગ્યો. ગુરુદેવે એ બતાવ્યો. ત્યાંના રિવાજ મુજબ પ્રવાસીએ એક ફોર્મ ભરવાનું હોય છે. એમાં દશ – બાર પ્રશ્નોના જવાબ આપવાના હોય છે. એમાં એક પ્રશ્ન એવો હોય છે : 'તમારો ધંધો શો છે?' ગુરુદેવને એ પ્રશ્ન પૂછવામાં આવ્યો. ગુરુદેવે જવાબ આપ્યો : "I belong to the brotherhood of the useless." (હું તો નકામા માણસોમાંનો એક છું.) ચોકીદાર તો એમનો એ જવાબ સાંભળી નવાઈ પામ્યો. તે બોલ્યો : 'તમે એમ શા માટે કહેતા નથી કે તમે રખડપટ્ટી કરો છો ?'

ગુરુદેવની સાથે રહેતા મંત્રીએ એમને કહ્યું, 'ગુરુદેવ, તમે આટલું બધું કામ કરો છો તો પછી તમે નકામા છો એમ શા માટે કહો છો? તમે નાટક લખો છો, વાર્તા લખો છો, કાવ્યો રચો છો, એ શું બધું નકામું છે?' ગુરુદેવ કહે, 'મારા એકાદ ગીતને બજારમાં વેચવા તો જા. કોઈ એને વેચાતું લે છે ખરું ?' મંત્રીએ કહ્યું, 'ગુરુદેવ, તમારું ગીત સાંભળીને બધાને આનંદ થાય છે, ઉત્સાહ મળે છે, તો શું ગીતની કશી કીંમત જ નહિ?' ગુરુદેવ હસતા હસતા બોલ્યા, 'એ તો તું મારી સાથે રહે છે એટલે આમ બોલે છે. તું એ સમજી શકે. બધાં કંઇ ઓછું આમ સમજે છે ?'

દુનિયામાં તો દરેક વસ્તુનું મૂલ્યાંકન આર્થિક દૃષ્ટિએ થાય છે. ગાડીમાં તમે મુસાફરી કરતા હોવ તો તમને કોઈ પૂછશે, 'કેમ ભાઈ, ક્યાંથી આવ્યા? ક્યાં જાઓ છો? શો કામધંધો કરો છો ?' આપણે જો ઓછું કમાતા હોઈએ તો આપણી કદર થશે નહિ. આપણે પાંચસો રૂપિયા કમાતા હોઇએ તો એ આપણી ગણના કરશે અને માન-આદરથી વાતો કરશે. લગ્નનો સંબંધ કરવો હોય તો ત્યાં પણ 'શું આપશો?' એ જ મુખ્ય વાત હોય છે. ઘણી વાર મારે નિર્વાસિતોની

છાવણીમાં જવું પડે છે. એ લોકોનાં સુખ-દુઃખ જાણી આત્મસંતોષ અનુભવું છું. એક દિવસ ત્યાં લગ્નની વાત થતી હતી. એક જણે છોકરી વિષે જાણવા પૂછ્યું, "Look–Book–Cook (લુક–બુક–કુક) છે ને?" 'લુક' એટલે દેખાવ વિશે પૂછ્યું હશે. એ બાબતમાં એ છોકરી ઊતરે એવી ન હતી. 'બુક' એટલે ભણેલી છે કે નહિ એવું એમ માનવામાં આવ્યું. પણ 'બુક' એટલે ચેકબુક છે કે નહિ એવું પૂછવામાં આવ્યું હતું. મતલબ કે એની પાસે પૈસો છે કે નહિ એ જાણવું હતું. 'કુક' એટલે એને રાંધતાં આવડવું જોઇએ એવી પણ અપેક્ષા રખાતી હતી. આમ લગ્નમાં પણ જરૂરિયાતને જ વધારે મહત્ત્વ આવે છે.

જ્યારે ભગવાન તો બીજી જ વસ્તુમાં આનંદ લેતો હોય છે. એક ભક્ત ભગવાનને જાણે ઠપકો આપતો હોય એમ કહે છે: 'ભગવાન, તું બહુ જ ઉડાઉ છે! એક ચાંદાથી ચાલી શકે એમ છે તો પછી આટલા બધા તારા શા માટે બનાવ્યા? એક ચાંદો શું તને ઓછો પડ્યો?' ઈરાન દેશનો બીજો એક ભક્ત કહે છે: 'ભગવાન, તેં આટલી બધી જાતનાં ગુલાબ શા માટે બનાવ્યાં? એક જાતના ગુલાબથી શું તારું કામ ન થાત?' એમ કહેવાય છે કે ગુલાબની ૩૬૫ જાત છે.

પ્રભુ જે કાંઈ સર્જે છે તેની હદ હોતી નથી. તે તો નીતનવું સર્જતો જાય છે. બાળકને ચોપડી વાંચવામાં આનંદ પડે તો તે એકસામટા ચાર કલાક વાંચવા બેસે. પણ એને 'ક' 'ખ' ઘૂંટવા કે આંક મોઢે કરવા બેસાડશો તો એ થોડી વારમાં કંટાળી જશે. તેથી મુખ્ય વસ્તુ આનંદની છે. જો આનંદ પડતો હોય તો એ કામની હદ નથી રહેતી. તેથી જ સંસ્થાઓમાં પરીક્ષા હોતી નથી. 'શાંતિનિકેતન'માં પણ શરૂમાં એમ જ હતું.

જે વસ્તુનું મૂલ્ય નથી એમાં જ આનંદ રહેલો છે. જેમ તેમ કપડાં પહેરીએ તો ન ચાલે? માથું જેમ તેમ ઓળીએ તો ન ચાલે? તોયે આપણે કપડાંને વ્યવસ્થિત રીતે પહેરવામાં, માથું ઓળવામાં કેટલો વખત બગાડીએ છીએ? પણ એનું દુઃખ આપણને થતું નથી, કારણ કે એમાં આપણને આનંદ થાય છે. શિક્ષકોએ પણ આ વસ્તુ લક્ષમાં રાખવી જોઈએ. શિક્ષક જો આનંદથી શીખવતો હોય તો વિદ્યાર્થીઓ પણ આનંદથી ભણે. જો શિક્ષક ઘરની કે બીજી કોઈ જંજાળથી કંટાળીને નિશાળે આવે અને મોં બગાડીને શીખવવા માંડે તો વિદ્યાર્થીનો આનંદ માર્યો જાય છે. દાકતરો પણ દર્દી પાસે આનંદથી જ વાતો કરે છે. ભલે દરદ સારું થવાની આશા ન હોય તોયે તે દરદીને આશ્વાસન મળે એ રીતે જ આનંદથી વાતો કરે છે.

જૂના જમાનાની વાત છે. પ્રથમ ઉદ્યોગ હતો અને એમાંથી પછી કળા જન્મી. સુથાર દરરોજ જરૂરિયાતની વસ્તુ બનાવ્યા કરતો. જે નકામું લાકડું કે વહેર બાકી રહે તેને બાળવાના ઉપયોગમાં લેતો. તે પરણ્યો અને તેને દીકરો અવતર્યો. દીકરો ત્રણ ચાર વર્ષનો થયો, સુથારને થયું: લાવને આ નકામા લાકડામાંથી છોકરાને રમવા માટે કંઈક બનાવું. તેણે એક રમકડું બનાવ્યું. તે જોઈને તેનું મન આનંદ પામ્યું. તેને થયું: 'રોજ ચાર–પાંચ રૂપિયાનું કામ કરવાથી જે આનંદ થતો તેના કરતાં કેટલોય વધારે આનંદ આ રમકડું બનાવતાં થયો!'

આમ દુનિયા જેને નકામું ગણે છે એમાં જ આનંદ રહેલો છે. પેલી બહેને

[અનુસંધાન પૃષ્ઠ ૧૫૮મે પાને]



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

[૭]

સાબરમતી આશ્રમની વાત છે. સન ૧૯૨૯-૩૦નો એ જમાનો હતો. બાપુએ આશ્રમનું નામ બદલી નાખ્યું હતું. સાબરમતીનો 'સત્યાગ્રહ-આશ્રમ' હવે 'ઉદ્યોગ-આશ્રમ' કહેવાતો હતો. આશ્રમની પ્રાર્થના-ભૂમિમાં સત્યાગ્રહ આશ્રમને સીમિત કરી દેવામાં આવ્યો હતો. પ્રાર્થના-ભૂમિ સિવાય બાકીનો આખો આશ્રમ ઉદ્યોગ-આશ્રમ માનવામાં આવતો હતો.

આશ્રમનું બધું વાતાવરણ ઉદ્યોગમય હતું. વહેલી સવારે ચાર વાગ્યાથી માંડીને રાતના નવ વાગ્યા સુધી આશ્રમ મધમાખીના મધપૂડાની માફક ભિન્ન ભિન્ન પ્રકારના ઉદ્યોગોથી ગુંજ્યા કરતો હતો. કોઈ આશ્રમવાસી એવો ન હતો જે પોતાના કામમાં આળસ કરતો હોય અથવા તો નકામી વાતોમાં સમય ગાળતો હોય.

હરેક આશ્રમવાસીને સવારથી રાત સુધીના પોતાના કામની નોંધ રાખવી પડતી હતી, અને મિનિટે મિનિટનો હિસાબ આપવો પડતો હતો. બાપુ પોતે આ બાબતમાં બહુ જ જાગ્રત રહેતા હતા અને ઘણુંખરું આશ્રમના પોતાના બધા સાથીદારોની ડાયરીઓ પોતે જ તપાસતા હતા. નાના મોટા બધા જ આશ્રમવાસીઓ જાગ્રત ભાવથી પોતપોતાના કામમાં લાગ્યા રહેતા હતા; એની પાછળ એ પણ એક કારણ હતું.

આશ્રમના ઉદ્યોગોમાં ઝાડુ કાઢવું, જાજરૂ-સફાઈ કરવી, ઘંટીથી દળવું વગેરેથી માંડીને રસોઈ કરવી તથા વાસણ માંજવાં સુધીના કેટલાય નાના મોટા ઉદ્યોગો ચાલ્યા કરતા હતા. આ બધા ઉદ્યોગોનો રાજા હતો રેંટિયો. રેંટિયાની આસપાસ નાના મોટા બધા ઉદ્યોગો ગૂંથી લેવામાં આવ્યા હતા હરેક આશ્રમવાસીને રોજ કાંતવું પડતું હતું. હરેકે ઓછામાં ઓછા ૧૬૦ તાર તો રોજ કાંતવા જોઈએ એવો નિયમ હતો. નાનાં બાળકો અને બીમાર માણસો સિવાય કોઈ બીજા માટે અપવાદ ન હતો.

બાપુનું પોતાનું જીવન તો રેંટિયામય બની ગયું હતું. રેંટિયો એ એમના જીવનનું

એક સજીવ અંગ હતું. તેઓ તેને ભૂલી શકતા ન હતા. તેની ઉપેક્ષા કરવી એ તેમને માટે અશક્ય હતું. તેઓ રેંટિયાને ભારતની કામધેનુ કહેતા હતા. રેંટિયાની મદદથી તેમણે દેશને સ્વતંત્ર કરવાનું બીડું ઝડપ્યું હતું. રેંટિયાને તેમણે દેશના દરિદ્રનારાયણોનો મોટો આધાર માન્યો હતો. રેંટિયો તેમને માટે દેશની સ્વતંત્રતા, સ્વાવલંબન અને સ્વાભિમાનનું જીવતું-જાગતું પ્રતીક હતો. તેઓ ભગવાનને પ્રાર્થના કરતા હતા કે હે ભગવન્, જો મને આ દુનિયામાંથી કોઈ દિવસ ઉપાડી લે તો એવા સમયે ઉપાડી લે જે કે જ્યારે મારા એક હાથમાં રેંટિયાનો હાથો હોય અને બીજા હાથથી પૂણીમાંથી સૂતર કાઢી રહ્યો હોઉં! રેંટિયો બાપુને માટે આટલો મહાન બની ગયો હતો! એટલા જ માટે બાપુએ પોતાના જન્મ દિવસને રેંટિયાનો જન્મ દિવસ બનાવી દીધો હતો. એ જ કારણથી આખો દેશ ભાદરવા વદ ૧૨ને દિવસે રેંટિયાજયંતી ઉજવવા લાગ્યો અને રેંટિયા બારસનો દિવસ દેશને માટે એક પર્વનો દિવસ બની ગયો.

એ દિવસોમાં બાપુ સ્વ. મગનલાલભાઈ ગાંધીના ઘરમાં દિવસનો બધો વખત ગાળતા હતા. મગનલાલભાઈના મૃત્યુ પછી તેમની પત્ની અને બાળકોને આશ્વાસન આપવા માટે બાપુએ આ નવો નિશ્ચય કર્યો હતો. ઘરમાં તેઓ આખો દિવસ રહેતા, લખતા, વાંચતા, કામ કરતા, લોકોને મળતા, રેંટિયો કાંતતા અને આરામ કરતા હતા.

[૮]

એક દિવસની વાત છે. પોતાના નિયમ પ્રમાણે બાપુએ તે દિવસે રેંટિયા ઉપર સૂતર કાંતી લીધું હતું. તેઓ સૂતરના ફાળકા ઉપર ઉતારી રહ્યા હતા. એટલામાં તેમને કોઈ જરૂરી કામ અંગે બહાર જવાનું થયું. જતી વખતે તેમણે તેમના તે વખતના મંત્રી શ્રી. સુબૈયાને સૂતર ઉતારી લેવાનું અને તાર ગણી પ્રાથનાના વખત પહેલાં તેમને જણાવી દેવાનું કહ્યું. સુબૈયાએ "હા" કહી અને બાપુ ગયા.

એ પછી લોકોએ ભોજન કર્યું. પછી બધા સાંજે ફરવા નીકળ્યા. બાપુજી આશ્રમનાં બાળકો અને મોટેરાઓ સાથે રોજની જેમ ફરવા નીકળી પડ્યા. તે પછી પ્રાર્થનાનો ઘંટ વાગ્યો. અને બધા પ્રાર્થના ભૂમિ તરફ આવવા લાગ્યાં બાપુ પણ ઝડપથી બાળકો સાથે હસતા ખેલતા પ્રાર્થનાના સમય પહેલાં પ્રાર્થનાની જગાએ આવી પહોંચ્યા.

પ્રાર્થના પહેલાં બધાં આશ્રમવાસીઓની હાજરી લેવાનો નિયમ હતો. અને દરેક આશ્રમવાસી પોતાની હાજરીની સૂચના આપતાં "ૐ" કહેતો અને સાથે સાથે તે તે દિવસના પોતે કાંતેલા સૂતરના તારની સંખ્યા પણ બતાવતો.

આશ્રમવાસીઓના હાજરી પત્રકમાં પહેલું નામ બાપુનું હતું. એ દિવસે પ્રાર્થના પહેલાં બાપુનું નામ બોલવામાં આવ્યું ત્યારે તેઓ "ૐ" બોલ્યા અને સૂતરના તારની સંખ્યાને માટે પોતાના મંત્રી સુબૈયાની તરફ જોયું. સુબૈયા ચૂપ હતા. બાપુ પણ ચૂપ રહી ગયા.

હાજરી પૂરી થતાં જ પ્રાર્થના શરૂ થઈ. શાંત; પ્રસન્ન, ગંભીર અને સંગીતના સુંદર, સુરીલા વાતાવરણમાં પ્રાર્થના પૂરી થઈ. પ્રાર્થના પછી બાપુ હરરોજ આશ્રમવાસીઓ સાથે કંઈક વાતચીત કરતા. એ વાતચીત કોઈ કોઈ વાર કોઈ પ્રસંગ ઉપર પ્રવચનના રૂપમાં થતી, કોઈવાર ચર્ચાના રૂપમાં અને કોઈ વખતે સૂચના-સલાહ અથવા આદેશના રૂપમાં થતી.

આજે એ વાતચીતે પ્રવચનનું રૂપ લીધું. બાપુ બહુ જ ગંભીરતાપૂર્વક બોલ્યા. સત્યાગ્રહ આશ્રમનો એ અનન્ય સાધક આજે ઊંડી

વેદનાથી બોલતો હતો. પ્રાર્થના-ભૂમિ ઉપર બેઠા બેઠા બાપુએ પોતાનું ખૂબ મનોમંથન કર્યું. તેમણે લાગ્યું કે આજે તેમણે એક ગંભીર ભૂલ કરી છે. તેઓ કર્તવ્યથી પદચ્યુત થયા છે. જેટલી હદે તેમણે એક મોટી ભૂલ કરી છે તેટલી હદ સુધી સત્યની સાધનાનો તેમનો આગ્રહ શિથિલ થયો છે. તેમનું મન વ્યાકુળ થઈ ગયું. તેઓ દુઃખ સાથે આ પ્રમાણે કંઈક બોલ્યા, "મેં આજે ભાઈ સુબૈયાને કહ્યું હતું કે સૂતર ઉતારી લેજો અને મને તારની સંખ્યા જણાવી દેજો. એ વખતે હું એક મોહમાં ફસાઈ ગયો. મેં વિચાર કર્યો કે સુબૈયા મારું કામ કરી લેશે. પરંતુ આ મારી મોટી ભૂલ હતી. મારે મારું કામ જાતે જ કરવું જોઈતું હતું. સૂતર હું કાંતી રહ્યો હતો. તેને ફાળકા પર ઉતારવાનું કહી હું કામ માટે બહાર ચાલ્યો ગયો. જે કામ મારે પહેલું કરવાનું હતું તે મેં ન કર્યું. ભાઈ સુબૈયાનો તેમાં કંઈ દોષ નથી. દોષ મારો છે. મેં શા માટે મારું કામ તેમના વિશ્વાસ ઉપર છોડયું? મારાથી આ પ્રમાદ શા માટે થયો? સત્યના સાધકે આવા પ્રમાદથી બચવું જોઈએ. તેણે પોતાનું કામ કોઈ બીજાના ઉપર છોડવું જોઇએ નહીં. આજની આ ભૂલથી હું બહુ સારો પાઠ શીખ્યો છું. હવેથી હું એવી ભૂલ કદાપિ ન કરીશ."

બાપુ બોલી રહ્યા હતા. તેમનો એક એક શબ્દ હૃદયના ઊંડાણમાંથી ખૂબ વ્યથા સાથે નીકળતો હતો. શ્રોતાઓ સ્તબ્ધ બનીને સાંભળી રહ્યા હતા. સુબૈયાની દશા તો કાપીએ તો લોહી ન નીકળે એવી થઈ ગઈ હતી. કદાચ તે એમ વિચાર કરી રહ્યા હશે કે ધરતી માર્ગ આપે તો તેમાં સમાઈ જાઉં. સૌ અંતર્મુખ બન્યા ને ઊંડા વિચારમાં ગરકાવ બની પ્રાર્થના-ભૂમિમાંથી વિદાય થયાં.

આવા આપણા બાપુ હતા. બીજાની ભૂલને પોતાની ઉપર ઢાળી લઈ તેને માટે નાના મોટા સૌની સમક્ષ ખુલ્લા દિલે પશ્ચાત્તાપ કરનાર બાપુ હતા! બીજાની ઢાલ બનવા માટે પોતાની જાતને મિટાવી શકનારા બાપુ હતા. અને તેથી જ આપણી વચ્ચે બાપુ અજોડ હતા અને તેમની વાતો પણ અનોખી હતી.

"આપણા અને પરમાત્મા વચ્ચે આપણો અહંકાર એ અંતરાય છે."

આપણું બધું જ કામ પ્રભુ કરી રહ્યો છે અથવા આત્મતત્ત્વ કરી રહ્યું છે એ દિવ્ય શક્તિ સિવાય કોઈથી કશું જ થઈ શકતું નથી એવો દૃઢ નિશ્ચય થવો જોઇએ. એટલે આપણો ક્ષુલ્લક અહંભાવ આપોઆપ નિવૃત્ત થઈ જાય છે. આપણા અને પરમાત્મા વચ્ચે આપણો અહંકાર એ અંતરાય છે. એ અહંકારને લઇને જ આપણે સુખી દુઃખી થઈએ છીએ. એટલે સુખમાં છલકાટ ન આવે અને દુઃખમાં ગભરામણ ન થાય. એ બધો બોજો તે આત્મા-સાક્ષી-પ્રભુ ઉપર છે, મારી ઉપર કોઈ બોજો નથી. બોજાને બાજુ ઉપર રાખીએ, કે તે બોજો માથા ઉપર રાખીએ, તો પણ બોજો તો એની ઉપર જ છે. માટે નાહકનો બોજો પોતાના માથા ઉપર રાખી હેરાન શા માટે થવું? આટલો વિચાર કરે તો માણસ વ્યવહારમાં આનંદથી વિચરી શકે છે. આવા વિચારો પોતાની સન્મુખ રહેવા જોઇએ. લગાર વિહ્વળતા થાય કે સમજવું કે અહંકારે કયાંક પ્રવેશ કર્યો છે.

–જ્ઞાનયોગી ચંદુભાઈ

ખરું વાચન

પ્રભુદાસ ગાંધી

જેમને કંઈ પણ વાંચતાં નથી આવડતું એવાં ભાઇબહેનોની દશા આપણને દયામણી લાગે છે. પરંતુ ખરી દયા કોની ખાવી એ એક પ્રશ્ન જ છે. જેઓ કાગળ પરના કાળા અક્ષરો વાંચી નથી જાણતા અને અનેક માસિકો તથા પુસ્તકોમાંથી કંઈ પણ પ્રસાદી નથી મેળવતા એમની કે જેઓ ઈશ્વરનાં માસિકો, ગ્રંથો અને વર્તમાન પત્રો નથી ઉકેલી શકતા એમની ?

દયા કોની ખાવી ? જેઓ સાચી ખોટી વાર્તાઓ વાંચતાં વાંચતાં પોતાનાં આસન પર પડ્યાં પડ્યાં જ ધુબાકા નથી દેતા એમની કે ઈશ્વરના લેખો વાંચી વિરાટની કલ્પનામાં ઊડી નથી શકતા તથા પોતાના અંતરમાં ભક્તિના ઉમળકાઓ નથી અનુભવી શકતા એમની ?

પોતાની આસપાસ ચોપડીઓ અને માસિકોના ઊંચા ખડકલાઓ ખડકી એ વાંચવામાં જ જે મુંઝાઈ મરે છે એને ઈશ્વરે આપેલી અમૂલ્ય બક્ષિસ જે આંખો છે તેને ખોઈ નાંખે છે તેમનું વાચન એ કંઇ વાચન નથી. દર્શન કરવું, ઈશ્વરનાં પુસ્તકો વાંચવાં એ જ ખરું વાચન છે. માટે તો કબીર સાહેબે કહ્યું કે, 'નયન દિયે દરસન કરનેકો.' અને જો દુનિયાભરની માહિતી મેળવી જ્ઞાની–બહુશ્રુત થવું હોય તો 'શ્રવણ દિયે સુન જ્ઞાન રે।' નહીં કે 'આંખ દીની પઢ જ્ઞાન રે।'

પણ આ ઈશ્વરી લેખો કયા ?

પહેલું તો આ મોટું આકાશ. રોજના સૂર્યોદય અને સૂર્યાસ્તમાં નવો જ અગ્રલેખ વાંચવાનો મળે. એ એક જ મુદ્દા પર લખાય છતાં એક વાર લખાયેલો ફરી ન લખાય. ઋતુમાં જરા પણ ફેરફાર થાય કે આકાશમાં ખાસ અંક પ્રગટ થાય. વાદળાં વાંચો કે તમે ઋતુના બધા સમાચાર પામો. વરસાદ અને તડકાનો ન બને એવો યોગ થાય કે દિવાળીના ખાસ અંકની જેમ મેઘધનુષ બહાર પડે. એની આગળ દિવાળીના હજાર અંકો કૂચા જેવા ! અને એક સારામાં સારા માસિકમાં ન હોઇ શકે એટલી વિવિધતા અને પ્રતિભા શરદ્ અને વર્ષાના મેઘમા હોય છે. બાળપણમાં એ વાચન વાંચતાં આપણે ધરાતા ન હતા પણ હવે તો મોટા થયા ! વાંચવાનું શીખ્યા ! એટલે ખરું વાચન ભૂલ્યા.

રાતના તારાઓ તો એક મહાગ્રંથ જ છે. ઇતિહાસ, પુરાણ ભવિષ્ય બધું એમાં આપણા પૂર્વજોએ ગોઠવી રાખ્યું છે. આખો અગિયારમો અધ્યાય એમાં છે. પણ એ વાંચવા પાછળ આપણે રાતનો ઉજાગરો નથી કરતા. ભૂંડીભૂખ નવલકથા પાછળ રાતની રાત જાગીએ ખરા.

કોરા આકાશમાં આટલું બધું છે ત્યારે આ ચિકાર ભરેલી જમીન પર કેટલું બધું હશે ? ઝાડ, પાન, કીટ, આ જડ જણાતા પથરા અને પશુ આપણને કેટલીએ વાતો કરે. ફક્ત વાંચતાં આવડવું જોઇએ ખરું. અને આ લખાણોમાં કાવ્ય તો પંખીએ ઈજારે રાખ્યું છે. એ હજાર વાર વાંચો પણ રસ ન જ ખૂટે. લુચ્ચામાં લુચ્ચી કાગડીને પણ પારકાં ઇંડાં છેતરાઇને સેવવાં પડે છે. એમાં જગત ચિતરાયું છે એટલું કંઈ નવલકથામાં ચિતરાયું હશે ?

પ્યારા બાપુ



ચિ. [illegible],

તમારો કાગળ મળ્યો. [illegible]
ઉત્તર લખી મૂક્યો છું. [illegible]
[illegible] ઉપવાસ ચાલુ છે તે [illegible]
[illegible] — [illegible]
બંધ [illegible]
[illegible]
બંધ [illegible]
[illegible]
મેં [illegible]
[illegible]
[illegible]
બંધ [illegible] પણ [illegible]
[illegible]
[illegible]



આથી શક્તિ ટકતી લાગે છે. નિશ્ચય
પૂર્વક તો કંઈ જ નથી કહી શકતો.
એ ત્રણ માસ લગી ટકી રહે ત્યારે જ
કહી શકાય – આનું અનુકરણ સાવ
ચેતીથી જ થઈ શકે –
બાપુના
૨૪ ૧૨ ૩૦ ય. મં. આશીર્વાદ

ચિ૦ કાશીનાથ,

તમારો કાગળ મળ્યો. કલાવતીને ઉત્તર લખી ચુકયો છું. માતાજીને સારુ જે ઉપચાર થાય છે તે બરોબર જ લાગે છે. ઘણાં દરદોની ઉત્પત્તિ બંધકોષમાંથી જ થાય છે એમાં સંદેહ નથી. હમણાનો મારો પ્રયોગ બંધકોષ મટાડવા પૂરતો તો ફળ્યો છે એટલે જાણવા ખાતર લખું છું. મેં તો માત્ર ભાજી ઉકાળેલી બે ત્રણ દિવસ લીધી તેમાં ટમાટાં પણ ઉકાળ્યાં હતાં, કાચાં હતાં. તેથી જ બંધકોષ ટળ્યો. પછી ધીમે વધતાં ત્રણ તોલા વાટેલી બદામ વધારી ને હવે બાજરી જારની થોડીક ભાખરી. આથી શક્તિ ટકતી લાગે છે. નિશ્ચય પૂર્વક તો કંઈ જ નથી કહી શકતો. એ ત્રણ માસ લગી ટકી રહે ત્યારે જ કહી શકાય. આનું અનુકરણ સાવચેતીથી જ થઈ શકે.

૧૪-૧૨-૩૦ ય. મં. બાપુના આશીર્વાદ

ચિ........

ખરજવાનો ઉપચાર આ છે. પેટ સાફ રાખવું. ખોરાકમાં લીંબુ હોવા જ જોઈએ. પાકેલાં પણ વગર રાંધેલાં ટમાટાં હોવા જોઈએ. દાળનો ત્યાગ. રોજ ખરજવાવાળા ભાગને આઠથી નવ વાગાનાં સૂર્યનાં કીરણની ઉઘાડો મુકવો ત્યારબાદ પરમેંગેનેટનાં ગરમ પાણીથી ધોવો ને સાફ માટીની લોપરી લગાડવી. પગે હોય તો પગને થોડો વખત ઉંચે રાખવો. આમ કરવાથી ખરજવું મટવું જોઈએ.

ચિ........

ખોરાકને વિષે કંઈ હઠ તો હવે નથી ના? દૂધની સાથે ફળની આવશ્યકતા છે. તેમાંયે તે તાજું હોય તો સારું. થોડા પ્રમાણમાં કાચી ભાજી પણ જોઈએ. ટમાટાં ને લેટિસ નામનાં પાંદડાં સારાં ગણાય છે. ખોરાકનું પણ શાસ્ત્ર તો છે જ તેનો અનાદર ન કરવો ઘટે. ખોરાક સાત્વિક હોવો જોઈએ એ આપણે જાણીએ છીએ. કયો સાત્વિક કહેવાય એ અનુભવે જાણવું રહ્યું. ગીતાનાં વિશેષણો બધાં લાગુ પડવા જ જોઈએ એવું કંઈ નથી. આપણે અનુભવે જોઈ શકીએ છીએ કે અગ્નિની ઓછામાં ઓછી જરૂર છે. મારો આત્મા તો કહે છે કે ખોરાકને સૂર્ય પકાવે છે એ જ બસ છે. તમને તો મારે આટલું જ સમજાવવું છે કે શરીર માગે તે વસ્તુ આપણને ખપતી ચીજોમાંથી આપવી.

બાપુના આશીર્વાદ
૧૩-૨-૩૨ ય. મં.

આદર્શ ગ્રામસેવક

મુકુલભાઈ

ભગવાન બોધિસત્ત્વના જીવનની આ વાત છે. ભગવાન બોધિસત્ત્વ હજારો વર્ષ પહેલાં મગધ દેશના એક ગામમાં એક ખેડૂતને ત્યાં જન્મ્યા. માતા-પિતાએ એમનું નામ મઘ પાડ્યું.

મઘ મોટો થયો ત્યારે ગામમાં બધે ગંદકી વગેરે જોઈને એને દુ:ખ થતું. તેથી તેણે ગામના રસ્તા સાફ કરવા માંડ્યા; ગંદવાડ બધો એકઠો કરી ગામ બહાર ઉકરડામાં તે નાખવા લાગ્યો; કૂવા આગળ પણ ગંદકી હતી, તેથી કૂવામાં આસપાસનું ગંદું પાણી ન જાય એ માટે કૂવાને પાળ બાંધવાનું તેણે શરૂ કર્યું. એમ અનેક કામો તે એકલો કરવા લાગ્યો.

ગામલોકો આ બધું જોઈ તેને હસતા. સ્ત્રીઓ ઘર આગળ જ કચરો નાખવા લાગી. તેમને મન એમ કે પેલો મઘ આવીને બધું સાફ કરી જશે. પરંતુ મઘ ગામલોકોને કંઈ કહેતો નહિ. પોતાના ઘરનું બધું કામકાજ આટોપી લઈ બાકીનો સમય તે ગામની સફાઈ કરવામાં ગાળતો.

પણ એની અસર કોઈકના ઉપર થયા વિના રહે ખરી? એક દિવસ કેટલાક જુવાનો ભેગા મળી વિચારવા લાગ્યા. એક જુવાન બોલ્યો: "ગામના લોકો મઘની નકામી નિંદા કરે છે. મને તો મઘ જેવો સારો માણસ આપણા ગામમાં બીજો દેખાતો નથી. ગામના લોકો ફુરસદના સમયમાં ચોટે બેસી ગપ્પાં મારે છે, દારૂતાડી પીવા પીઠે જાય છે, મારામારી અને ટંટાફિસાદ કરે છે. જ્યારે મઘને મેં કદી દારૂને પીઠે જોયો નથી કે બીજી રીતે પોતાના વખતનો અપવ્યય કરતો દીઠો નથી. માટે ચાલો આપણે એની પાસે જઈએ અને વનમાં જઈ ગુરુને શોધવાને બદલે મઘને જ આપણે આપણા ગુરુ બનાવીએ."

પછી જુવાનો મઘ પાસે ગયા. તે વખતે મઘ ગામ બહાર ઉકરડા પર કામ કરી રહ્યો હતો. જુવાનોએ મઘને પોતાનો નિશ્ચય કહી સંભળાવ્યો.

એ સાંભળી મઘ બોલ્યો: "ભાઈઓ, સારાં કાર્યોમાં તમે જોડાવા માગો છો એ જાણી મને આનંદ થાય છે. પણ મારા જેવા નાશવંત પ્રાણીનું શિષ્યત્વ લેવાને બદલે તમે ધર્મનું શિષ્યત્વ લેશો તો તમને વધારે શ્રેયસ્કર નીવડશે."

એક જુવાન બોલ્યો, "પરંતુ તમે જ અમને ધર્મ શું છે એ સમજાવો એટલે અમને કંઈ સમજ પડે."

મઘ બોલ્યો, "ભાઈઓ ધર્મનું તત્ત્વ સમજવું બહુ મુશ્કેલ છે. પણ હું તો એટલું જાણું છું કે ધર્મની સ્થાપના શીલના પાયા પર થયેલી છે."

જુવાનોએ પૂછ્યું: "શીલ એટલે શું?"

મઘ બોલ્યો: "કુમાર્ગથી નિવૃત્તિ અને સત્કર્મમાં પ્રવૃત્તિ એને 'શીલ' કહેવામાં આવે છે. એ માટે માણસે પાંચ નિયમોનું શ્રદ્ધાપૂર્વક પાલન કરવું જોઈએ: (૧) પ્રાણીનો ઘાત કદી ન કરવો, (૨) ચોરી ન કરવી, (૩) વ્યભિચાર ન કરવો, (૪) અસત્ય બોલવું નહિ, અને (૫) કેફી પદાર્થોનું સેવન કરવું નહિ."

જુવાનોએ એ પાંચ નિયમોનું પાલન કરવાનું વચન આપ્યું અને કહ્યું: "આજથી અમે ઘરકામમાંથી બચેલો સમય સત્કર્મમાં ગાળીશું."

આમ ધીમે ધીમે મઘની સાથે ઘણા માણસો કામ કરવા લાગ્યા. સૌએ ભેગા મળીને ગામમાં ધર્મશાળા બાંધી, આસપાસનાં ગામોના

ખારાબાપુ

રસ્તા સમાર્યા અને સાફ કર્યા, નદી-નાળાં પર પુલો બાંધ્યા, તળાવ ખોદ્યાં, અને એવાં બીજાં લોકોપયોગી કામો તેઓ કરવા લાગ્યા. ગામના લોકો પણ સુધરવા લાગ્યા. દારૂતાડીની દુકાનો બંધ થવા લાગી, ઝઘડા-ટંટા થતા અટકી ગયા, બધાં સલાહસંપથી રહેવા લાગ્યાં.

આ વાત ગામના સુખીને ન ગમી. તેની પાસે હવે ગામ લોકો ઝઘડાનો નિકાલ કરવા જતા નહિ, કારણ કે ઝઘડા જેવું કંઈ હવે ગામમાં થતું જ નહિ. સુખી તો મઘ પર ચિડાયો. તે તો મગધના રાજા પાસે ફરિયાદ કરવા ગયો. રાજા વ્યસની અને દુરાચારી હતો. સુખીએ રાજાને મઘની વિરુદ્ધમાં ખોટી ફરિયાદ કરી. રાજાએ હુકમ કર્યો, "આજે ને આજે એ બધા તોફાનીઓને પકડી લાવો અને તેમના શરીર પરથી હાથી ચલાવો."

રાજાના સૈનિકો મઘ અને તેના સાથીદારોને મુસ્કેટાટ બાંધીને નગરમાં લઈ આવ્યા અને મદોન્મત્ત હાથીને તેમના શરીર પરથી ચલાવવા માટે હસ્તીશાળામાંથી છોડવા તૈયાર થયા. આ જોઈને મઘના સાથીદારો મનમાં અકળાવા લાગ્યા. પરંતુ મઘે તેમને કહ્યું, "ભાઈઓ, તમે દુઃખી થશો નહિ. તમને એમ થતું હશે કે સારું કાર્ય કરીએ તો સુખી થવાને બદલે દુઃખી થવું પડે છે. પણ એવો નબળો વિચાર મનમાં ન લાવશો. આપણે સાચે માર્ગે છીએ, કોઈનું બૂરું કરતા નથી એ જ મોટામાં મોટું સુખ છે. આપણાં સારાં કામો આપણને જે સુખ આપે છે તે બીજું કોઈ આપી શકે એમ નથી. આપણે તો આવા વખતે સૌ પર પ્રેમ જ રાખવો. સુખી તરફ, રાજા તરફ કે હાથી તરફ પ્રેમની લાગણી જ રાખો. ભલે આ નાશવંત દેહનો નાશ થાય, પણ આત્માનાં ઉચ્ચ તત્ત્વોને છોડી ન દેવાં જોઈએ. અંત સુધી સત્કર્મનું ચિંતન કરો અને આપણા વિરોધીઓનું પણ ભલું ચાહો અને તેમના પર પ્રેમ રાખો."

થોડીવારમાં મસ્ત હાથીને એક પછી એક છોડી મૂક્યા. પણ હાથીઓએ મઘને તેમ જ તેના સાથીદારોને જરાયે ઈજા ન કરી. આ જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. રાજાને થયું કે, હાથીઓને વશ કરવાનો મંત્ર અવશ્ય પાસે હોવો જોઈએ. તેથી તેણે મઘને બોલાવ્યો અને એ વિશે પૂછ્યું. એટલે મઘ બોલ્યો: "મહારાજ, અમારી પાસે એવો કોઈ મંત્ર નથી. પરંતુ એટલી વાત તો સાચી છે કે, અમે એકનિષ્ઠાથી શીલનું પાલન કરીએ છીએ અને લોકોપયોગી કામો કરવામાં અમારો સમય ગાળીએ છીએ. અમે કોઈનું બૂરું કરતા નથી અને બૂરું ચાહતા નથી. જ્યારે હાથીને અમારા પર છોડવામાં આવ્યા ત્યારે મેં મારા સાથીઓને કહ્યું હતું, 'આપણને પકડાવનાર સુખી પર, મારવાનો હુકમ કરનાર રાજા પર અને મારવા આવનાર હાથી પર પ્રેમભાવ રાખજો. મનમાં જરાયે દ્વેષભાવ લાવશો નહિ.' મહારાજ, અમારી આવી વૃત્તિને મંત્ર માનવો હોય તો માની શકાય. શીલ અને પ્રેમભાવ એ જ અમારો મંત્ર છે."

રાજાએ મઘની વાત સાંભળીને દૂતોને ગામમાં મોકલી બધી તપાસ કરાવી, તો તેને જણાયું કે મઘ અને તેના સાથીદારોએ ગામને ખૂબ જ સુધાર્યું હતું અને આબાદ બનાવ્યું હતું. તેથી તે મઘ પર પ્રસન્ન થયો. અને પેલા સુખીને ફાંસીએ ચડાવવાની તેણે આજ્ઞા કરી. પરંતુ મઘે કહ્યું, "મહારાજ, સુખીને પ્રતાપે જ અમને આપનાં દર્શન થયાં અને અમારા શીલની પણ કસોટી થઈ. માટે એને જીવતદાન આપવા કૃપા કરશો." તેથી રાજાએ સુખીને છૂટો કર્યો અને પછી બધા પોતાને ગામ પાછા ફર્યા.

પ્યારાબા પ્ર

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

"નકામી દોડધામ શા માટે કરે છે? બધું અહીં છોડીને જ જવું પડશે; સાથે કાંઈ આવવાનું નથી. કુટુંબકબીલો અહીં રહી જશે. ધન-સંપત્તિ છોડતી વખતે તું માથું કૂટીને રોઇશ, તોપણ તે સાથે લઈ જઈ શકીશ નહીં. માટે છોડી દે આ બધી માયા! દરેક વસ્તુની આસક્તિ છોડી દે, અને પરલોકની તૈયારી કર!"— આજ સુધી આપણે આ જ ઉપદેશ સાંભળતા આવ્યા છીએ. આ ઉપદેશ મનમાં ઠસે એ દરમ્યાન કોઇ કોઇ વખત એ પણ વિચાર આવે છે કે આપણે આ દુનિયામાં આવ્યા એ જ એક મોટી ભૂલ કરી! અરે, આવ્યા તો આવ્યા, પણ તેમાં ફસાઈ પણ ગયા! હવે સાચો અને બુદ્ધિનો સવાલ કેવળ એ જ છે કે, 'આ માયામાંથી છૂટવું કેવી રીતે?' હરેક પ્રકારે ઉદાસીન રહીએ, અલિપ્ત રહીએ અને છૂટી જઇએ! મનને વારંવાર એમ લાગવા માંડ્યું કે આ જ સાચી સાધના છે.

પણ કોઈ જાણે કેમ એ ભાવના મનમાં દૃઢ થતી નથી. આજ લગી તો આપણે એમ માનતા આવ્યા કે એનું કારણ મોહ-માયાની અદમ્ય શક્તિ છે. પરંતુ જે વૈરાગ્ય-ભાવનાને આપણે આજ સુધી સાધના માનતા આવ્યા છીએ તેના મૂળમાં તો કંઈ દોષ નથી? સંસાર વ્યર્થ છે, એ સિદ્ધાંત ભલે સાચો હોય, પરંતુ વૈરાગ્ય યા જીવનની શૂન્યતા તો જીવનનું સાચું રહસ્ય અવશ્ય ન જ હોઈ શકે. આપણે વિશ્વાસપૂર્વક એમ કેવી રીતે કહી શકીએ કે વૈરાગ્યનો સિદ્ધાંત જ વ્યર્થ નથી? સંસાર પોકળ હશે, પણ વૈરાગ્ય પોકળ નથી એની સાબિતી શી? વૈરાગ્ય મનમાં વારંવાર ઠસાવ્યા છતાં દૃઢ રૂપે ટકતો નથી એનું કારણ એની પોકળતા હોય એ સંભવિત છે.

આપણે આ જગતમાં આવ્યા છીએ. જીવનભર કંઇ ને કંઈ પ્રાપ્ત કરતા રહીએ છીએ. આપણે શા માટે વિચાર કરીએ કે આ બધું ભૂલભરેલું છે? એના કરતાં 'આ બધાનો સદુપયોગ કરવા છતાં હજુ સુધી અમે કંઈ શીખ્યા નથી.' એ રીતે વિચાર કરવો એ વધારે સારું નથી? આપણે જૂનો રસ્તો છોડી નવીન વિચારધારા પ્રમાણે જીવન અને મરણ પર વિચાર કેમ ન કરીએ?

મરણ પછી બધું પાછળ મૂકીને જ જવું પડશે-શું આ માન્યતા જીવનને શુદ્ધ અને સમૃદ્ધ કરવાને સમર્થ બની છે? એનાથી જીવન કૃતાર્થ થાય છે? જો એમ ન થાય અને એનાથી જીવનમાં કેવળ નિષ્ફળતા જ મળતી હોય તો પછી આપણે આપણી શોધનો માર્ગ બદલવો જ જોઇએ.

જન્મથી મરણ સુધી આપણે જે કાંઈ એકઠું કરીએ છીએ તે બધું આપણા ઉપર જ લદાવાનું છે. તેનું એક તણખલું પણ આપણાથી જુદું પડવાનું નથી—આ નિશ્ચય માણસના મનમાં જાગૃત થાય તો તે સંગ્રહ કરતી વખતે ખૂબ સારી રીતે વિચાર કરશે. પ્રવાસી પોતાની પગપાળા યાત્રામાં જેમ

હલકો રહેવાની જ ઇચ્છા રાખે છે, નકામી વસ્તુ પાસે રાખતો નથી; એ જ રીતે જીવનયાત્રામાં પણ કચરા-સંગ્રહનો કચરો ભેગો કરવો એ ડહાપણનું કામ નથી. આપણે તે જ સાથે રાખવું જોઈએ, જે સારભૂત હોય, રહસ્યમય હોય, અને જેનાથી આત્મવૈભવ વધી શકે તેમ હોય–વિશ્વસ્વામીના આ વિશાળ ભંડારમાં આવીને રખે આપણે કંગાળના કંગાળ ન રહી જઇએ, જતી વખતે ભરેલે હાથે જઇએ! અહીંથી તો જે લેશે તે મળશે. જેવી આપણી પરખ હશે તેવાં જ રત્ન આપણે પસંદ કરી શકીશું. આ વિશ્વભંડારમાંથી આપણે કાચ પણ એકઠા કરી શકીશું અને હીરા પણ એકઠા કરી શકીશું. અહીં તો ઝાડ ઉપરથી પડેલાં પાંદડાંના ઢગ પણ છે, અને ફૂલોનો બાગ પણ છે. જે પસંદ પડે તે લઈ લો. અગર ભૂલથી ખોટી વસ્તુ લઈ લીધી તો બુદ્ધિપૂર્વક અહીંની ચીજ અહીં જ છોડતા જાઓ. આ વિશ્વભંડારમાંથી–Universal storesમાંથી જે કંઈ આપણે લઈશું તે આપણા પોતાના પર લાદીને જ આપણે અંતિમ લક્ષ્યસ્થાને જવું પડશે. તેથી પસંદ કરેલો અને ઉમદા માલ જ સાથે લેવાની ખાસ તકેદારી રાખવી જોઇએ. ત્યારે જ આ દુનિયામાં આવ્યું સફળ અને સાર્થક થયું મનાશે. સાથે સાથે અમે જે કંઈ ભેગું કર્યું તે બધું ભેગું કરવાને લાયક હતું એ સમાધાનને પણ સાથે લેતા જાઓ. જીવનયાત્રા સફળ કરવી હોય તો આ નવી સાધના કબૂલ કરવી જ પડશે.

ગીતાંજલિ–૧૧૨

કે બલે સબ ફેલે જાબિ
મરણ હાતે ધરબે જબે।
જીબને તુઈ જા નિયેછિસ
મરણે સબ નિતે હબે।
એઇ ભરા ભાણ્ડારે એસે
શૂન્ય કિ તુઈ જાબિ શેષે।
નેબાર મતો જા આછે તોર
ભાલો કરે ને તુઈ તબે।
આબર્જનાર અનેક બોઝા
જમિયેછિસ જે નિરબધિ,
બેંચે જાબિ બાજાર બેલા
ક્ષય કરે સબ જાસ રે જદિ
એસેછિ એઈ પૃથિબીતે,
હે થાય હબે સેજે નિતે-
રાજાર બેશે ચલ રે હેસે
મૃત્યુપારેર સે ઉત્સબે।

તને કોણે કહ્યું કે જ્યારે મરણ તને પકડીને લઈ જશે ત્યારે તારે સર્વસ્વ છોડીને જવું પડશે? જીવનભર તું જે કંઈ જમા કરતો રહ્યો છે, તે તારે સાથે લઈ જવું પડશે.

અરે, આ ભરેલા ભંડારમાં આવીને શું તું ખાલી હાથે, શૂન્ય બનીને જઈશ?

જે કંઈ સાથે લેવા યોગ્ય હોય તેને બરાબર સાથે બાંધી લઈને જ યાત્રા માટે તૈયાર થઈ જા.

જો બચવું હોય તો આજીવન હજારો પ્રયત્નોથી એકઠા કરેલા કચરાની એક પ્રચંડ હોળી બનાવી તેને બાળી મૂક. નહીં તો તું તેના ભાર તળે કચડાઈ મરીશ. આ વિશાળ પૃથ્વી પર તું આવ્યો છે તો ભિખારીની જેમ જે કંઈ જુએ તે ઝડપી ન લે. અહીંથી તો એક સમ્રાટની માફક ઉત્તમોત્તમ સામગ્રી પ્રાપ્ત કરીને ખૂબ ઠાઠમાઠથી જવાનું છે. આ રીતે તું સજ્જ થા અને મૃત્યુની પેલી પાર જે મહોત્સવ તારી પ્રતિક્ષા કરી રહ્યો છે તેમાં હાસ્યવદને દાખલ થા! પાગલ બનીશ નહીં. તું એ ન માનતો કે તારે અહીંથી નાગાબાવા જેવા બનીને જવાનું છે.

પ્યારાબાપુ

નૂતન ચીનનું ઘડતર

મૂ૦

[ચીન અત્યારે જે ઝડપથી પોતાનો વિકાસ કરી રહ્યું છે તે આપણા દેશ માટે એક ઉદાહરણરૂપ છે. શિક્ષણક્ષેત્રમાં તેઓએ નવી દૃષ્ટિથી પ્રયોગો શરૂ કર્યા છે તેની થોડીક ઝાંખી આ નીચેના લેખમાંથી મળશે. આ લેખ જેક એલ્ડન નામના અમેરિકન લેખકના 'ચીન દુનિયાને હચમચાવી નાખે છે' નામના પુસ્તકમાંથી તૈયાર કર્યો છે.]

માથે મુંડો, દાએલે અવાજે બોલવાની રીત, જરાક શરમાળ પ્રકૃતિ, દૂબળો દેહ, થાકેલ હોય એવો ચહેરો: આવો એક આદમી એ નવીન ઘડાઈ રહેલ ચીનના સરહદી વિસ્તારનો કેળવણીખાતાનો વડો હતો. એનું નામ યાદ નથી. આપણે તેને વાંગ ભાભા કહેશું.

જાપાન સાથેનું યુદ્ધ ચાલતું હતું ત્યારે આ વાંગ ચીન જમીનદારનાં છોકરાંઓને ભણાવતો હતો. આ પૈસાદારોના પ્રપંચી જીવનથી કંટાળીને તેણે આ નોકરી છોડી દીધી અને એક ગેરીલા ટુકડી સાથે ભળી ગયો. તે ખેડૂત કુટુમ્બમાં જન્મેલો ને તેનાં માબાપને એકનો એક હતો. માબાપે પેટે પાટા બાંધીને તેને માધ્યમિક શિક્ષણ સુધી પહોંચાડ્યો. છોકરે આગળ કોલેજમાં ભણવા જવા માટે બાપાની રજા માગી એટલે બાપાએ ખાલી કોથળી બતાવી. વાંગ પોતાના એક પૈસાદાર પાડોશી પાસે ગયો. આ પાડોશીને વાંગના કુટુંબ સાથે બહુ સારો નાતો હતો. તેની પાસે પૈસાની લોન માગી.

"પૈસા આપવામાં વાંધો નથી પણ તારા કુટુંબની શાખ કેવી? તું કાંઈ એમાંથી પાઈયે પાછી આપી શકવાનો છું? મારે તો પૈસા ફૂટી જ પડ્યા એમ સમજવું ને?" પૈસાદાર પાડોશીએ સ્પષ્ટ સંભળાવી દીધું.

પોતાના કુટુમ્બ સાથે આવો ગાઢ સંબંધ રાખનાર માણસ ખરે વખતે જાણે ઓળખાણ ન હોય એવો થઈ જાય એ વાતની વાંગ ઉપર બહુ કઠોર છાપ પડી. વાંગ ઘર છોડીને ભાગી ગયો. અને અનેક મુશ્કેલીઓ વેઠીને તેણે ભણતર ચાલુ રાખ્યું ને અંતે શિક્ષક થયો. એમાંથી એક અધ્યાપન વર્ગનો આચાર્ય પણ થયો.

જાપાન સામેની લડાઈ ફાટી નીકળી ત્યારે વાંગે પોતાના વિદ્યાર્થીઓને આ જાપાનીઝ આક્રમણ સામે થવાની હાકલ કરી. જમીનદારોના છોકરાઓએ આ નાદાનીભરી લડતમાં ઊતરવાની ના પાડી. ગરીબોના છોકરાઓ તેમાં કૂદી પડ્યા. કેટલાય જણાઓએ પોતાની જીન્દગી તેમા હોમી દીધી.

વાંગને હવે પોતાનો ભવિષ્યનો માર્ગ વધુ ને વધુ સ્પષ્ટ થવા લાગ્યો. તેને ખાતરી થઈ કે પૈસાદાર વર્ગને રાષ્ટ્ર એટલે શુ તેની કલ્પના જ નથી. ગરીબો હમેશાં રાષ્ટ્રની પડખે ઉભા રહેશે. આ જમીનદારોના છોકરાંઓને ભણાવ્યા કરીશ તો જીવનમાં કંઈ ભલીવાર રહેશે નહિ તે ધંધો છોડીને એક ગેરીલા ટુકડીમાં ભળી ગયો ને એક સ્થાનિક રાષ્ટ્રીય મુક્તિદળનો પ્રમુખ બન્યો.

આ ગેરીલા દળની સાથે તેમના પ્રદેશમાં તેણે શિક્ષણનું કામ ચાલુ જ રાખ્યું. ખાસ કરીને બાળકોના પ્રાથમિક શિક્ષણને તેણે વધુમાં વધુ મહત્ત્વ આપ્યું. ભાવિ ચીનની આશા આ બાળકોમાં રહેલી છે તેવી તેને શ્રદ્ધા હતી. જાપાનીઝ આક્રમણકારોના હાથમાં આ બાળકો કોઈ રીતે ન પડે, તે માટે તે

સતત જાગ્રત રહેતો. શાળા માટેનાં મકાનો નહોતાં ઝાડ નીચે મંદિરોમાં વર્ગો ચાલતા હતા. બાળકો ઘૂંટણીએ પાટી ટેકાવીને નીચે માથું ઘાલીને લખતાં હોય ત્યારે આ વાંગ ક્યાંય જાપાનીઝ આક્રમણકારો દેખાય છે, તેની સતત ચોકી કર્યા કરતો અને આવો ભય દેખાય કે તરત જ બાળકોને સંતાડી દેતો.

એમાં એક વાર તે જરાક મોડો પડ્યો ને જાપાનીઝોના હાથમાં પકડાઇ ગયો. તેને ખૂબ માર માર્યો, રિબાવ્યો ને પછી જાપાનના તાબાના એક શહેરની જેલમાં પૂર્યો. તેના એક વૃદ્ધ ચિત્રકાર મિત્રે તેને જેલમાંથી છોડાવવાને માટે મહેનત કરી પણ જાપાનીઓએ ચાર હજાર ડોલર દંડ પેટે માગ્યા. આટલી મોટી રકમ ક્યાંથી કાઢવી? કેટલાય ખેડૂતોએ આ માટે ફાળો કર્યો. તેઓ માંડ માંડ બે હજાર ડોલર ઉઘરાવી શકયા તે તેમણે જાપાનીઓને મોકલ્યા. ચાર હજારથી ઓછે એ જાપાનીઓ માને એમ ન હતા. વાંગે પોતાના એક વૃદ્ધ ચિત્રકાર મિત્ર મારફતે તેના એક વિદ્યાર્થીના જમીનદાર બાપાને કહેવરાવ્યું. જમીનદારે કહેવરાવ્યું 'કહો તો દશ ડોલરની રકમ આપું; એથી વધારે ક્યાંથી આપવા?'

વાંગ નિરાશ થઈ ગયો. જેલની મારફૂટ ને સતામણી તેનાથી સહી જતી નહોતી. તે માંદો પડ્યો. એવામાં એકાએક અણધારી જગ્યાએથી તેને મદદ મળી, એક જૂનો જાણીતો લૂંટારો કોણ જાણે ક્યાંથી જેલમાં તેની પાસે આવ્યો ને તેણે એક હજાર ડોલર મેળવી આપવાનું વચન આપ્યું. તેણે થોડા જ દિવસમાં એટલો ફાળો કરી નાખ્યો. ખેડૂતોના બે હજાર ડોલર તેમાં ભેળવીને એણે વાંગને મુક્તિ અપાવી.

વાંગ પાછો પોતાની મૂળ જગ્યાએ પહોંચી ગયો. તે હજુ માંદો જ હતો. માંદગીની પથારીએ પડ્યા પડ્યા તેણે પોતાના અનુભવો પર ચિંતન કર્યું. તેણે જોયું કે પૈસાદારનો પ્રેમ પૈસા પર જ હોય છે. માણસ પર નહિ. ગરીબ વર્ગ જ માણસ પર પ્રેમ કરે છે. તેણે પોતાની કેળવણીના સિદ્ધાંતો આ પાયા ઉપર ઘડ્યા.

એક વાર અમે (આ લેખનો મૂળ લેખક) બેઠા હતા અને તેના કેળવણીના સિદ્ધાંતાની ચર્ચા કરતા હતા. તે સિદ્ધાંતો ઘણે અંશે માર્કસવાદી હતા. તેણે કહ્યું કેળવણી એ કોઈ ખાસ પ્રકારનો જીવનધર્મ નથી; તે એક સાધન છે, આ સાધનનો ઉપયોગ કોઈપણ કરી શકે છે.

મેં જોયું છે કે ચાંગ–કાઈ–શેકના શાસન નીચેના પ્રદેશમાં આ સાધનનો ઉપયોગ ચાંગ–કાઈ–શેકના ગુલામોને સર્જવામાં જ થાય છે. અમે આ મુક્ત પ્રદેશોમાં એ જ સાધનનો ઉપયોગ કેળવાયેલ વર્ગને આમજનતાના સેવકો બનાવવામાં કરીએ છીએ. એક બીજી પણ વાત છે. કેળવણીને જીવનથી વિખૂટી પાડી ન જ શકાય. જ્હાન ડયુઈ કહે કે 'કેળવણી એ જીવન છે, અને શાળા એ સમાજ છે.' પણ અમે કહીએ છીએ કે જીવન એ જ કેળવણી છે ને સમાજ એ જ શાળા છે. એથી જ અમે અમારી આસપાસ પડેલ આ જીવંત સરંજામ માનવસમાજ તેને જ અમારી કેળવણીનું વાહન બનાવીએ છીએ. અમારી કેળવણી એ અજ્ઞાન ખેડૂત તથા તેની નજીકના એવા મધ્યમ વર્ગને લક્ષમાં રાખીને અપાય છે. એટલે કે નેવું ટકા વર્ગને ધ્યાનમાં લઇને, નહી કે લોકોની અલ્પ એવી – સંખ્યા જમીનદાર વર્ગને–'

વાંગના આ કેળવણી વિષયક સિદ્ધાંતોને વ્યવહારમાં કઈ રીતે મૂકવામાં આવે છે, એ જોઈએ એ પહેલાં ચીનના આ પ્રદેશમાં કેળવણી આપવાનું કામ કેટલું મુશ્કેલ છે. તેનો ખ્યાલ મેળવવો જરૂરી છે. અલબત્ત ચીનના વિશાળ મેદાન પ્રદેશોમાં પણ ૯૦ ટકા નિરીક્ષરતા છે. પણ ત્યાં ભૂતકાલીન ચીનની સંસ્કૃતિનો વારસો લોકોને મળેલો

સ્યા રાખાપુ

છે. જ્યારે આ પહાડી પ્રદેશના લોકો લગભગ પશુ તુલ્ય હાલતમાં છે. તેઓ ભૂત, પ્રેત, પિશાચ વગેરેમાં તો માને છે પણ ગામના ભૂવાજતિઓની પકડ પણ તેમના ઉપર પૂરેપૂરી છે. આ લોકોને સ્વચ્છતાનું તો ભાન જ નથી. દાતણ કરવું, હાથમોં ધોવાં, નખ કે વાળ કાપવા, એ તો તમને ખબર જ નથી. સ્ત્રીઓને વાળ ઓળવાની ખબર નથી. પગને હજુ નાનપણથી જ બાંધી રાખવામાં આવે છે.

અભણ, વહેમી અને બહારની દુનિયાથી ભડકતા આ લોકોને કોઈ નવા વિચારમાં દુનિયામાં, સંસ્કૃતિમાં શેમાંય રસ નથી તેને કેવળ પોતાની જાતમાં અને પોતાની ચાર પીંઢારીયા દીવાલની વચ્ચેની દુનિયામાં રસ છે.

આ પશુ જીવન જીવતા લોકોને કેમ ભણાવવું ? દાખલા તરીકે દુનિયામાં સૌથી વધારે અટપટી એવી ચીની લિપિજ તેને કેમ શીખવવી! આજ અટપટી લિપિના શબ્દથી થોડાએક ભણેલા અને પૈસાદાર લોકોએ સૈકાઓ સુધી આમજનતાને વશ રાખી સામ્રાજ્યને સાચવી રાખ્યું હતું. હવે આ અટપટી લિપિ આ ખાતરના જીવ જેવા ભૂતપ્રેતના ઉપાસકોને શીખવા માટે કેમ તૈયાર કરવા! આ લોકોને આ બધું શીખવાની બિલકુલ પડી નથી. તેના વગર એમની પેઢીની જિંદગી નીકળી ગઇ છે.

આ પ્રશ્ન ચાંગ-કાઇ શેકના શાસનમાં પણ ઊભો થયો હતો અને મોટા મોટા કેળવણીકારો, અમેરિકાની તાલીમ લીધેલ અધ્યાપકો પણ ઉકેલી શકતા ન હતા. જેમ્સ એન નામના એક અમેરિકાની તાલીમ લીધેલ વિદ્યાર્થીએ એક નમુનેદાર પ્રૌઢ શિક્ષણનું કેન્દ્ર ઊભું કર્યું હતું. પણ જ્યાં કરોડોને ભણાવવાનો સવાલ હોય ત્યાં આવા એકાદ નમૂનાથી શું વળે ?

આ સામ્યવાદી શિક્ષકોએ આ પ્રશ્નનો સાવ સાદો અને ભાત પડે તેવો ઉપાય શોધી કાઢ્યો. ખેડૂતોને નિશાળમાં બોલાવીને ગોખાવવા કરતાં તેમના જ જીવનમાં જડાયેલાં સાધનો અને ધંધાઓનાં નામોને જ લખીને તેમની આંખ સામે રહ્યાં કરે એમ રજૂ કરવા માંડ્યા. દાખલા તરીકે ભરવાડ હોય તો તેને ઘેટાં, કૂતરો. ડાંગ, ખંડ ઈ૦ શબ્દો જ વાંચતાં શીખવી દે. એ જ પ્રમાણે ખેડૂતને શીખવવાની રીત પણ મૌલિક જ હતી, અને ભારે ગમ્મત આવે એવી હતી. એક શાળાનો એક વિદ્યાર્થી બપોરની રજામાં ગામમાં જાય ને બે ચાર ઘરોમાં જઈને ચૂલા ઉપર ખાટલા ઉપર હાંડલા પાસે એમ જુદી જુદી જગ્યાએ તે તે સાધનનાં નામોનો કાગળ ચોડી દે. ઘરમાં કામ કરતી સ્ત્રી હરતાં ફરતાં તે ચીજ પાસે આવે ને તેનું નામ લખેલ વાંચે ને એ રીતે એ લિપિ શીખે. બીજે દિવસે વળી પેલો છોકરો બીજાં બેત્રણ નામોના કાગળો ચોડી જાય.

એક ખેડૂતે પોતાના ખેતરને બે છેડે બે શબ્દો ચોડેલા. તે હળથી ખેડતો જાય ને છેડે ચોડેલા શબ્દોને જોતો જાય ને ખેડતો ખેડતો યાદ કરતો જાય. એમ આખા દિવસમાં આ સાવ પ્રાથમિક દશાના મગજમાં પણ આ શબ્દ અથડાતો-કુટાતો પેસી જાય.

એક પછી એક ગામે ફરતાં ફરતાં આ ધરતીનાં છૈયાંઓને આવી રીતે ભણતાં, શિયાળામાં નિશાળોમાં જતાં, ખળાઓમાં ગ્રામનાટક મંડળીઓ તરફથી ભજવાતાં નાટકો જોતાં અને જુવાનિયાઓ મોટાં ભૂંગળાં રાખીને મોટેથી ભાષણો કરતા હોય તે સાંભળતાં અને મોટા મોટા શબ્દોમાં લખાયેલાં ભીંતપત્રોને ઉકેલવા મથતાં જોયાં.

પણ આ પ્રૌઢશિક્ષણના પ્રયોગ કરતાં પણ નાનાં બાળકોના શિક્ષણના તેમના પ્રયોગો વળી ઓર છે.

ગીતાંજલિ :....[અનુસંધાન પૃષ્ઠ ૧૪૪થી ચાલુ]

દીવો નદી પર તરતો મૂક્યો એ જોઈને કોઈ કહેશે, 'અરે આમ કરવાથી દીવો, તેલ, દીવેટ એ બધું વ્યર્થ ગયું !" પણ એ વ્યર્થતામાં જ આત્માનો ઉચ્ચ આનંદ રહેલો છે એ સત્ય લોકો ક્યાંથી સમજી શકે? એ સત્યનો આનંદ તો અનુભવી જાણનાર જ માણી શકે.

એક સંગીતકાર મધુર સ્વરે વીણા વગાડી રહ્યો હતો. માણસો એની વીણા સાંભળીને મુગ્ધ થઈ ગયા. સંગીતકારે વીણા વગાડવાનું બંધ કર્યું એટલે બધા પ્રેક્ષકો એની પ્રશંસા કરતા કરતા વિખેરાઈ ગયા. પણ ત્યાં ઊભેલી એક ડોશીમા કહે: 'આ માણસે નકામું તુંબડું બગાડયું. એનો શાક તરીકે ઉપયોગ કરત તો ખાવા કામ આવત !'

આપણે શાલીગ્રામના પથ્થરને પૂજીએ છીએ એમાં આપણને એક પ્રકારનો આનંદ મળે છે. એ શાલીગ્રામના પથ્થરનો ઉપયોગ મસાલો વાટવામાં નહીં કરીએ.

અમુક વસ્તુ એવી હોય છે કે જેની કદર પ્રેમ, લાગણી કે આનંદથી થઈ શકે છે, પૈસાથી કે ઉપયોગથી નહિ.

ઘર રહેવાના ઉપયોગમાં આવે છે. પણ ફક્ત દીવાલો જ ચારે બાજુ હોત તો આપણે અકળાઈ જાત. એટલે આપણે બારીબારણાં કર્યાં. બારી બહાર જોઈએ એટલે ઘરની સીમિતતામાંથી આપણે અનંતતા, મહાનતાનું દર્શન કરી શકીએ છીએ.

મદ્ય સુગનું એક કાવ્ય છે:

'હે પંખી, તું તારો હુંફાળો માળો છોડીને, ખોરાક છોડીને આમ ઊંચા આકાશમાં શા માટે નકામું ઊડ્યા કરે છે?'

પંખી કહે: 'હું જ્યારે મારા માળાની હદમાં પુરાઈ રહું છું ત્યારે મને બધું સુખ મળે છે ખરું, પરંતુ જ્યારે હદની બહાર આમ ઊંચે અનંત આકાશમાં ઊડું છું ત્યારે મારા આત્માને આનંદ થાય છે; ત્યારે મારા આત્માને હું પામું છું.'

ગુરુદેવ પણ કહે છે: 'જ્યારે હું ગાઉં છું ત્યારે હું જગતનો અર્થ સમજી શકું છું. ગીતરૂપી પાંખો વડે ઊંચે ઊડીને હું તારો સ્પર્શ પામું છું.'

આમ આનંદ દ્વારા જ આપણે આત્માનો આવિષ્કાર કરી શકીએ છીએ. અને એ આનંદ અહંભાવ ભૂલીને જ કરી શકાય છે. ગાંધીજી શ્રી. મહાદેવભાઈ વિશે કહેતા: 'He reduced himself to zero" (મહાદેવમાં શૂન્યવત્ થઈ જવાની શક્તિ હતી.) ખરેખર, મહાદેવભાઈએ પોતાની હસ્તી જ ગુમાવી દીધી હતી. તેઓ બાપુમાં જ સમાઇ ગયા હતા.

એ જ રીતે આપણે પણ આપણા અહમ્‌ને ભૂલીને સાચો આનંદ અનુભવવો જોઈએ. આનંદ તો આત્માનો ખોરાક છે. દુનિયા ભલે એવા આનંદને વ્યર્થ ગણે પણ એ આનંદ વગર આત્મા જીવી જ શકતો નથી.

યુરોપમાં 'નિંદા–નિષેધક' (પેડલૉક સોસાયટી) નામની એક મંડળી છે. તેના જે સભ્ય થાય છે તે બીજા કોઇની નિંદા કરતા નથી. તેની નજરમાં બીજાની નિંદા કરવામાં જેટલું પાપ છે તેટલું જ પાપ બીજાની નિંદા સાંભળવામાં પણ છે. આ સોસાયટીનો નિયમ છે કે, તેનો જે સભ્ય બને છે તે સભ્ય બનતી વખતે ત્રણ વાર તાળું ખોલીને બંધ કરે છે. આનો એ અર્થ છે કે હવેથી હું કોઈની પણ મન, વચન અને કાયાથી નિંદા નહીં કરું. શું આપણે ત્યાં પણ આવી કોઈ મંડળી છે? જો હોય તો આપણે તેના સભ્ય થવા તૈયાર થઈશું?

પ્યારા બાપુ

પ્રાર્થના પછી

બબલભાઈ મહેતા

[ગયા મે માસમાં બીડજમાં કાયદા શિબિર વખતે પ્રાર્થના પછી પ્રવચનો થતાં હતાં. એ પ્રવચનોમાં સર્વોદયની દૃષ્ટિને વિશદ રીતે સમજાવવામાં આવી છે. બાપુજીના વિચારોને સમજવા તેમ જ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર પ્રત્યેકને એ અતીવ ઉપયોગી થઇ પડે એમ છે. 'પ્યારાબાપુ'માં ક્રમેક્રમે તે પ્રગટ થશે.]

(૧)

પ્રાર્થનામાં બેસવાનો રિવાજ નવો છે. પહેલાં લોકો રાત્રે ભેગા થતા અને ભજન-કીર્તન કરતા. એ રીતે ભગવાનનું નામ લઈ કૃતાર્થ થતા. પ્રભુને યાદ કરવો છે એવા ભાવોથી ભજનો ગવાતાં મીરાં, નરસિંહ, સુરદાસે દિલ હાલી ઊઠે એવી રીતે ગીતો ગાયાં છે. ગાંધીજીએ એવા જ ભક્તોની માફક પ્રાર્થનાને નવુ સ્વરૂપ આપ્યું. ગાંધીજીએ આશ્રમ સસ્થા સ્થાપી. આશ્રમો વિશે રામાયણ મહાભારતમાં ઘણું વાંચ્યું છે. એ આશ્રમ શબ્દ ગાંધીજીએ ઉપાડ્યો અને તેમાં નવાં તત્ત્વો ઉમેર્યાં. પ્રાચીન કાળના આશ્રમોમાં ઋષિ-મુનિઓ રહેતા. અમુક વિશિષ્ટ સમાજના જ વિદ્યાર્થીઓને જ્ઞાન માટે આશ્રમમાં દાખલ કરતા. જ્ઞાનની તૃષાવાળા ઉપલા વર્ગના વિદ્યાર્થીઓ ત્યાં રહેતા, સાથે શ્રમ કરતા. અને ભિક્ષા માગી લાવતા. ગાધીજીએ આશ્રમમા નવો સમાજ રચવાનો વિચાર કર્યો. ગાંધીજીએ બધા વર્ગના લોકોને અંદર દાખલ કર્યા. એક બંધન હતું તે એ કે બધા શરીરશ્રમ કરનાર હોય અને પ્રમાણિકતા ને સાદાઈથી જીવન જીવવા માગતા હોય. તે અંગે કેટલાક નિયમો કર્યા. તેમાં સામુદાયિક પ્રાર્થનાનો પણ સમાવેશ કર્યો. એ પ્રાર્થના દશ, પંદર કે વીસ મિનિટ ચાલે પછી આખો દિવસ આશ્રમ અંગેનાં કામો કરવાનાં હોય છે. એ બધાં કાર્યો અનાસક્તિપૂર્વક ઈશ્વર પ્રીત્યર્થે કરવાં જોઇએ. જેમ માળામાં સૂત્ર મણકાને સાથે રાખે તેમ પ્રાર્થના આપણા જીવનમાં કેન્દ્ર સ્થાને હોય. રામનામ લેવું એ ઠીક છે. પણ રામમય આપણું જીવન બનવું જોઇએ. દરેક કાર્ય રામ માટે કરું છું એ ભાવે તે કરવું. તેથી તે સારામાં સારી રીતે કરવું જોઈએ. પ્રાર્થના આખા દિવસનું બળ આપે છે. પ્રાર્થના એ આપણો આધ્યાત્મિક ખોરાક બની રહે. સામાન્ય રીતે પ્રાર્થનામાં સુખી કરજે એવો ભાવ હોય છે, કે ઈશ્વરની ગુણસ્તુતિ હોય છે. પણ ગાંધીજીએ જે પ્રાથના તૈયાર કરી તેમાં માનવી કેવો બનવા માગે છે તે આદર્શ મૂકેલો છે. સાંજની પ્રાર્થનામા સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ગણાવેલાં છે. આદર્શ વ્યક્તિ કેવી હોય તેનું તેમાં ચિત્ર છે. આદર્શ જીવન સમક્ષ રાખીને તેની પ્રાપ્તિ માટે મથવાનું હોય છે. આ આદર્શની દિન-



પ્રતિદિન નજીક જવું એ પ્રાર્થના રાખવાનો હેતુ છે. પ્રાર્થના ગમે તેટલી મિનિટની કરો પણ તેમાં તદ્દાકાર થઇ જાઓ. એવી પ્રાર્થના જીવનમાં આપણુને વધુ બળ આપે છે. ગાંધીજી કહેતા કે ખોરાક વિના હું દિવસો સુધી ચલાવી શકું, પણ પ્રાર્થના વિના તો હું એક દિવસમાં મરી જાઉં. તે કહેતા કે નિરાશામાં પ્રાર્થના જ બળ આપે છે. આવું આપણા જીવનમાં થાય તો પ્રાર્થના પારસમણિરૂપ થઈ જાય.

માણસનું જીવન સમજથી, પ્રેમથી ફરે છે. ગામડાંમાં બેસી કામ કરવું કપરું છે. કેટલીક વાર કામ ધોવાઈ જતું લાગે. ધારેલું પરિણામ ન આવે તો ઈશ્વરનિષ્ઠ માણસ જ ત્યારે ટકી શકે. મીર આલમે જેમ ગાંધીજીની કસોટી કરી અને તે છેવટે મિત્ર બન્યો તેમ ઇશ્વરમાં શ્રદ્ધા હોય તે જ આકરી કસોટીમાંથી પસાર થાય છે. આવે પ્રસંગે પ્રાર્થના માનવીને બળ આપે છે. દુઃખમાં કોઈ પણ માણસ દુઃખીને મદદ કરી શકતો નથી. સાચી મદદ ઇશ્વરની જ હોય છે. ઈશ્વર વિષે પણ બાપુજીએ આપણુને સાચો ખ્યાલ આપ્યો છે. ઈશ્વર એટલે શંખચક્ર–પદ્મધારી વ્યક્તિ નહિ; રામ એટલે દશરથપુત્ર રામ નહિ; ઈશ્વર એટલે મહાન શક્તિ, જે આખા વિશ્વનું તંત્ર ચલાવે છે. તે શક્તિ સત્ય છે. સત્ય એ જ ઈશ્વર છે. ઈશ્વરને ભજવો એટલે સત્યના નિયમ સાથે જીવન જોડાઈ જાય એવું કરવું તે. આ જાતનો ક્રાંતિકારી વિચાર તેમણે આપણી સમક્ષ મૂકેલો છે.

ગાંધીજીના પ્રાર્થના, રામનામ, ભક્તિ વિષેના ખ્યાલો જુદા છે. આચાર વિચારનો મેળ હોવો જોઇએ એમ તે ભારપૂર્વક કહેતા. 'હજાર મણ તર્ક કરતાં અધોળ આચરણ ચડે.' આમ ગાંધીજીએ આપણુને પ્રાર્થનાની નવી દૃષ્ટિ આપી છે. તે પકડીએ તો પ્રાર્થના આપણુને નિત્ય નવીન બળ આપશે.

ગુરુ ગૌતમ

[એક નવજાત શિશુ પ્રતિ]

ગુ૦ મ૦

ઘોર અંધકારમાંથી
બે આંખો ચમકી ઊઠી !
તેમાંથી જ્યોતિ ઝબકી.
પણ આ જ્યોતિ ક્યાંથી પ્રગટી ?
મેં મારા મનને પૂછ્યું.
શું તારા જગતની આ જ્યોતિ ?
ના; તો શું સૂર્યની ?
ના ના, આ તો સૂર્યોના પણ
સૂર્ય–પ્રાણેશ્વરની.
અને બે આંખોએ મારા પર મીટ માંડી.
કેટલી કરુણાથી !
જાણે ના તરતી હોય મારી આંખ સામે
જગતમાતાની મૂર્તિ ?

ત્યાં તો એક ચમત્કાર થયો.
હું પોતે જ એક શિશુ બની ગયો.
ને હું સ્વર્ગનો એક રહેવાસી બન્યો.
તે વખતે આકાશમાં સ્વરો ગૂંજ્યા.
"શિશુ – જગત એટલે જ સ્વર્ગ."

પ્યારા બાપુ

બાપુનો ક્ષમાભાવ

મુકુલભાઈ

બાપુજીએ અહિંસક રીને સત્યના પ્રયોગો કર્યા હતા. અહિંસા એટલે સર્વવ્યાપી પ્રેમ. શત્રુ ઉપર પણ પ્રેમ રાખવો, ક્ષમાભાવ દર્શાવવો. વિરોધી પર પણ સમતાની દૃષ્ટિ રાખવી, ધીરજથી દુઃખ સહન કરી લેવું અને સત્યને માર્ગે આગળ પ્રયાણ કરતા રહેવું એ બધું બાપુજીએ પોતાના જીવનમાં ઉતારીને આપણને બતાવ્યું છે.

આફ્રિકામાં બાપુજી હતા ત્યારની વાત છે. આફ્રિકામાં કાળાગોરાનો ભેદ બહુ ઊંડો હતો. કાળા લોકોને તેમ જ હિંદીઓને ફૂટપાથ પર ચાલવાની પણ મનાઈ હતી. રાત્રે પણ અમુક સમય બાદ કોઈથી ઘરની બહાર ન નીકળાય. બાપુજીને ફરવા જવાની ટેવ હતી. દિવસે વખત ન મળે તો રાતે પણ તેઓ ફરવા નીકળે. એ મુજબ એક દિવસ બાપુજી ફરવા નીકળ્યા. તેઓ ફૂટપાથ પર ચાલતા હતા. તેવામાં એક સંત્રાએ આવીને બાપુજીને ધક્કો મારી ફૂટપાથ પરથી નીચે પાડી નાખ્યા અને જોરથી એક લાત મારી. બાપુજીએ એ બધું શાંતિથી મૂગે મોઢે સહન કર્યું. તેઓ જરાયે ગુસ્સે થયા નહીં. એ જ વખતે બાપુજીનો એક ગોરો મિત્ર ત્યાંથી પસાર થતો હતો. તેણે આ બધું જોયું અને તરત જ ત્યાં દોડી આવીને પેલા સંત્રી પર ક્રોધે ભરાઇને બાપુજીને કહ્યું, "ગાંધી, મેં આ બધું નજરોનજર જોયું છે. તમે આ સિપાઈ પર કેસ કરો. હું સાક્ષી આપીશ. તમારી ઉપર આવી રીતે હુમલો થયો એ જોઈ મને બહુ દિલગીરી થાય છે."

પરંતુ બાપુજી બોલ્યા, "તેમાં દિલગીરીનું કંઇ કારણ નથી. એ સિપાઈ બિચારો શું જાણે ? તેને મન કાળા એટલા કાળા જ. તે હબસીઓને ફૂટપાથ પરથી આમ જ ઉતારતો હશે એટલે તેણે મને પણ ધક્કો મારી નીચે ગબડાવી પાડ્યો. મેં તો હવે એવો નિશ્ચય જ કર્યો છે કે, મારી જાત પર ગમે તે વીતે તેને સારુ મારે અદાલતે ન જ ચડવું. એટલે મારે કેસ નથી કરવો."

બાપુજીના આ ક્ષમાભર્યા ઉદ્‌ગારોની અસર પેલા સંત્રી પર ઊંડી પડી. તેણે બાપુજીની માફી માગી અને પછી તે પોતાને કામે ગયો.

બાપુજીનાં જીવનનો એક બીજો પ્રસંગ યાદ આવે છે : દક્ષિણ આફ્રિકામાં બાપુજી હતા ત્યારે એવો કાયદો સરકારે પસાર કર્યો હતો કે હિંદી લોકોએ ત્યાં રહેવા માટે પરવાના કઢાવવા અને તે પર દસ આંગળાંની છાપ આપવી. તે પરવાનાને સૌએ પોતાની સાથે રાખવો અને જેની પાસે એ ન હોય તેને સજા કરવામાં આવશે. આ કાયદો ખરેખર આપણે માટે અપમાનજનક હતો. બાપુએ તે સામે સત્યાગ્રહ આદર્યો. છેવટે સરકારે સમાધાન કર્યું કે, જેની ખુશી હોય તે પરવાના કઢાવે; જેની ઇચ્છા ન હોય તે ન કાઢે તો ચાલે.

બાપુએ હિંદીઓને એ સુલેહ સમજાવવા સભા ભરી. પણ તેમણે સભામાં એમ જાહેર કર્યું કે, હું તો સૌથી પહેલો પરવાનો કઢાવીશ અને દશ આંગળાંની છાપ આપીશ.

આ વાત મીર આલમ નામના બાપુના એક ઓળખીતા પઠાણને ન ગમી. તેણે તો બાપુને ચોખ્ખેચોખ્ખું કહી દીધું: "હું ખુદાના કસમ ખાઈને કહું છું જે કોઈ પરવાનો કઢાવવા પહેલો જશે તેને હું ઠાર મારીશ."

પરંતુ બીજે દિવસે બાપુ અને કેટલાક આગેવાનો પરવાનો કઢાવવા ગયા. રસ્તામાં મીર આલમ અને બીજા કેટલાક એના સાથીદારો એમની રાહ જોઈ ઊભા હતા. મીર આલમે બાપુને પૂછયું એટલે બાપુએ કહ્યું, "હું તો પરવાનો કઢાવવા જાઉં છું."

એટલામાં તો બાપુના માથા ઉપર પાછળથી ડંડાનો સજ્જડ ફટકો પડ્યો. તે ખોપરી પર વાગ્યો અને બાપુજી બેભાન થઈ જમીન પર ઢળી પડ્યા. પછી તો તેઓને લાકડીઓ અને પાટુઓનો માર માર્યો.

મારીને નાસવા જતા રસ્તા પરના લોકોએ તેમને પકડ્યા અને પોલીસને હવાલે કર્યા.

થોડી વાર પછી બાપુજી સાવધ થયા. તેમનો હોઠ ચિરાઈ ગયો હતો, આગલા દાંતને પણ ઈજા થઈ હતી. બાપુજીએ તરત પૂછયું: "મીર આલમ કયાં છે?"

લોકોએ કહ્યું કે તે સૌને પોલીસને સોંપવામાં આવ્યા છે. એ સાંભળી બાપુને દુઃખ થયું. તેમણે તરત જ પોલીસના વડાને પત્ર લખી તેઓને છોડી દેવા ભલામણ કરી. પોલીસે મીર આલમને તેમજ તેના સાથીઓને છોડી દીધા. પણ કેટલાક ગોરાઓએ એ સામે વાંધો લીધો એટલે તેમને છ માસની સજા થઈ.

થોડા માસ પછી બાપુજીએ જોયું કે સરકાર પોતાનું વચન પાળવા તૈયાર નથી. તેથી બાપુએ ફરીને સત્યાગ્રહ શરૂ કર્યો. પરવાના બાળીને હોળી કરવાનો દિવસ નક્કી થયો. બધા પોતપોતાના પરવાના આપી રહ્યા હતા. એવામાં મીર આલમ બાપુજી આગળ આવી પરવાનો આપતો બોલ્યો, "લો; મારો પરવાનો પણ બાળી મૂકો. મારા ગુના માટે મને માફ કરજો. મેં તમને ઓળખ્યા નહોતા."

તે વખતથી મીર આલમ બાપુજીના અનુયાયી જેવો બની ગયો અને બાપુજીની સંભાળ લેવા સદા તત્પર રહેતો.

બાપુના જીવનના આવો પ્રસંગો આપણને પ્રેરણાદાયી થઇ પડે એમ છે. આગ જેમ આગને બુઝાવી શકતી નથી, પણ તેનાથી વિભિન્ન એવા તત્ત્વની જરૂર રહે છે; તેમ કોઈ આપણા તરફ બૂરાઈ કરે તો તેના તરફ બૂરાઈને બદલે તે ભલાઈથી વર્તવામાં જ માણસાઇ રહેલી છે. અને એ રીતે જ આપણે બૂરાઈને વધતી અટકાવી શકીએ છીએ. આપણી સામે વિરુદ્ધ વર્તન બતાવનારની સાથે જો આપણે પ્રેમથી વર્તીએ તો જરૂર તેને આપણે મિત્ર બનાવી શકીએ. એ સારુ સૌને માટે પ્રેમ હોવો જોઇએ અને ક્ષમાભાવથી આર્દ્ર એવું હૃદય હોવું જોઇએ.

સત્યની આરાધનાને ખાતર જ આપણી હસ્તી. તેને જ કારણે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ. તેને જ કારણે આપણે પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસ લઈએ. આમ કરતાં શીખીએ તો આપણને બીજા બધા નિયમો સહેજે હાથ આવે, ને તેમનું પાલન પણ સહેલું થઈ પડે. સત્ય વિના કોઈ પણ નિયમોનું શુદ્ધ પાલન અશક્ય છે.

—ગાંધીજી

મણકો - ૩જો - અહિંસા

સંકલન કર્તા ::: શ્રી ચંદુલાલ બ. પટેલ

મારો અનુભવ ને જેમણે પ્રયોગો કર્યા છે તેમનો અનુભવ એમ સૂચવે છે કે, વનપક્વ તાજી વનસ્પતિથી શરીરને જે શાંતિ મળે છે તેટલી શાંતિ કદી અગ્નિમાં પકવેલી વસ્તુથી નથી મળતી. અગ્નિથી પકવેલી વસ્તુમાં માદકતા પેદા થાય છે તેથી તે વહેલા વિકારો પેદા કરે છે.

મધને વિષે મારી પાસે બચાવ નથી. મધ ન ખવાય તો સારું એમ હું માનું છું. આરોગ્યવાનને મધ ખાવાની હું ભલામણ કરતો નથી. ખાંડ સાકર કરતાં મધને હું નિર્દોષ માનું છું. શારીરિક દૃષ્ટિએ સાકર ખાંડ કરતાં મધ વધારે સારું છે આવો ડાકતર વૈદ્યનો અભિપ્રાય છે. સુધરેલી રીતે મધ કાઢવાથી એક પણ માખીને ઇજા નથી પહોંચતી, પણ મધ ખાવામાં આ બચાવ નથી.

આરોગ્ય અહિંસા, અને અર્થની વચ્ચે હું ભેદ નથી કરતો. જે આરોગ્યવર્ધક છે તે અહિંસાનું પોષક હોવું જોઇએ, અર્થનું વિરોધી ન હોવું જોઇએ. અહીં શુદ્ધ અને સાચા આરોગ્યની વાત છે.

હું પોતે કેવળ શરીરનો વિચાર કરીને આ પ્રયોગ ન કરી શકું. જે હું ધર્મવિરુદ્ધ માનું તે કરીને જીવવા નથી માગતો. ધર્મ અને અર્થ, સત્ય અને સ્વરાજ્ય, સ્વરાજ્ય અને સર્વરાજ્ય, દેશહિત અને સર્વહિતનો મેળ મેળવવામાં હું પુરુષાર્થ માનું છું. તે જ મોક્ષમાર્ગ છે, તેમાં જ મને રસ છે. એ રસ જેને લૂંટવો હોય તે લૂંટે. એથી કોઈ ભિન્ન દૃષ્ટિથી મારી એકે ક્રિયા નથી ચાલતી.

મારા અભિપ્રાયની તુલના સ્વતંત્ર રીતે થવી જોઈએ. તે પશ્ચિમમાંથી આવી હો કે પૂર્વમાંથી–તેની જડ સત્ય છે કે અસત્ય, અહિંસા છે કે હિંસા એ જ વિચારવું યોગ્ય હોય. મારો દૃઢ વિશ્વાસ છે કે સત્ય અને અહિંસા તેની જડ છે.

એટલે હિંદની સેવા કરવામાં પ્રથમ તો તો પોતાનું આંગણું સાફ કરો, અને અહિંસા પાળો અહિંસા એટલે જીવદયા. જીવદયા એટલે શું ? માંકડ, કીડી કે કોઈપણ જંતુને ન મારવાં–દુઃખ ન દેવું એ ? એ યથાર્થ છે, પણ એટલામાં જ તેની પરિસમાપ્તિ નથી થતી. અને જીવદયા એટલી જ હોય તો તે અહિંસા નથી.

ગ્રંથાવલોકન

સાધુતાની પગદંડી: લે૦ શ્રી નવલભાઈ શાહ; મહાવીર પ્રકાશન મંદિર, અમદાવાદ;
કિં૰ બે રૂપિયા; પૃ૦ ૨૦-૧૯૦.

'પાથેય' પછી વિશ્વવાત્સલ્યના ભેટ પુસ્તક તરીકે શ્રી. નવલભાઈ સાધુતાની પગદંડી' ધરે છે, એ આનંદપ્રદ પ્રસંગ છે. મુનિશ્રી સંતબાલજીના તપઃપૂત સાધુચરિત જીવનના પ્રેરક પ્રસંગોને શ્રી. નવલભાઈએ સુંદર રીતે આલેખ્યા છે. એમાં મુનિશ્રી પ્રત્યેનો એમનો પ્રેમ અને આદર દૃષ્ટિએ પડ્યા વિના શી રીતે રહે? સાચી લાગણી કદીય છાની ન રહી શકે.

આ પુસ્તકમાં ૨૩ પ્રકરણો છે. એમાં મુનિશ્રીના ઉચ્ચ આદર્શને પોષક તેમ જ પ્રેરક એવા પ્રસંગો આલેખેલા છે 'આધ્યાત્મિક સૈનિક,' 'સત્ય સંકલ્પ', 'મૌનના અનુભવો,' 'ગુરુ – શિષ્ય,' 'ધર્મદૃષ્ટિએ સમાજરચના,' 'બે સંત', 'કોર્ટના પિંજરામાં' તેમ જ લગભગ બધાં જ પ્રકરણો વાચકના આત્માને સંતોષ આપે એવાં છે. જેણે પોતાના જીવનને સેવાને માર્ગે દોરવું છે, આધ્યાત્મિક વિકાસ સાથે માનવતાને આત્મસાત્ કરી જનસેવા એ જ પ્રભુસેવા એ વસ્તુની અનુભૂતિ કરવી હોય, ધર્મને પરંપરાની શૃંખલામાં આબદ્ધ કરી સંકુચિત ન કરતાં એને જીવનવ્યાપી કરવો હોય તો તેણે અવશ્ય આવાં પુસ્તકો વાંચવાં જોઈએ. આજના ધમાલિયા યંત્ર-યુગમાં કોઈ કોઈને કામ વિના મળી શકતું જ નથી. એવે વખતે આવા આદર્શશીલ સત્પુરુષોના જીવન-પ્રસંગો તેમ જ એમના વિશેનાં લખાણો જ આપણને આપણી આધ્યાત્મિક ભીડ ભાગવા સહાયરૂપ થાય એમ છે.

[અનુસંધાન સામે જુઓ]

[પૃષ્ઠ ૧૫૩, 'મંગલ પ્રભાત' ૧૫૫, કોડિયું'માંથી.]

અનુક્રમણિકા

૩૦ જુલાઈ ૧૯૫૧

પૃષ્ઠ
૧ ગીતા અને રામાયણ … ગાંધીજી ૧૩૭
૨ આશ્રમનાં ભજનો … … ગુ૦ મ૦ ૧૩૯
૩ એટમબોંબ … દિલખુશ બ૦ દિવાનજી ૧૪૦
૪ ગુરુદેવની ગીતાંજલિ ગુરુદયાલ મલ્લિક ૧૪૧
૫ બાપુની અનોખી વાતો કાશિનાથ ત્રિવેદી ૧૪૫
૬ ખરું વાચન … પ્રભુદાસ ગાંધી ૧૪૮
૭ બાપુના પત્રો … ગાંધીજી ૧૪૯

પૃષ્ઠ
૮ આદર્શ ગ્રામસેવક … મુકુલભાઈ ૧૫૧
૯ રવિન્દ્ર મનન … કાકા કાલેલકર ૧૫૩
૧૦ નૂતન ચીનનું ઘડતર … … મૂ૦ ૧૫૫
૧૧ પ્રાર્થના પછી … બબલભાઈ મહેતા ૧૫૯
૧૨ બાપુનો ક્ષમાભાવ … મુકુલભાઈ ૧૬૧
૧૩ ગાંધી માળા … ચંદુલાલ બ. પટેલ ૧૬૩
૧૪ ગ્રંથાવલોકન … … મુ૦ કે૦ ૧૬૪

આ પુસ્તકના પ્રારંભમાં મુનિશ્રી સંતબાલજીએ 'પ્રયોગની ભૂમિકા' લખી છે, એ અવશ્ય આ પુસ્તકને સમજવા મદદરૂપ થઈ પડશે. એમાં મુનિશ્રીએ આપણને અનુસરવા યોગ્ય રાજકીય, સામાજિક તેમ જ ધાર્મિક દૃષ્ટિ દર્શાવી છે તેનું અનુશીલન કરવું ઉચિત છે.

છેવટે, શ્રી. નવલભાઈએ પુસ્તકના પ્રારંભમાં લખેલ 'પગદંડી અંગે' લેખમાં દર્શાવેલા એક બે મુદ્દા અંગે થોડું કહેવાનું મન થાય છે. તેમણે મુનિશ્રી વિશે લખતાં કહ્યું છે: "ખાસ કરીને મને ગાંધી–વિચારસરણી વધુ ગમે છે. એ કસોટીએ કેટલીય બાબતોમાં મહારાજશ્રી પોતે સાધુ હોવાને કારણે તેમના જીવનને અનેક મર્યાદાઓ એમના જીવનવ્યવહારના અનુભવોને મર્યાદિત બનાવે છે એમ મને લાગે છે. પણ મને પૂરી શ્રદ્ધા છે કે એક દિવસ એ મર્યાદાઓ આપોઆપ છૂટી જવાની છે. કારણ કે તે સાધુતાની કલ્પનામાંથી ઊભી થયેલી છે. સાધુતા અમુક વેશ કે અમુક જ પ્રકારના આચારમાં જ નથી. એ તો જીવનમાં પ્રાણની જેમ વણાયેલી છે." એમના આ વિચારો બહુ સ્પષ્ટ નથી. તેઓ 'સાધુતા'ની શી વ્યાખ્યા કરે છે? એવી મર્યાદિત અથવા સ્થૂળ વ્યાખ્યાથી મુનિશ્રીની સાધુતાને જોવી ઉચિત છે? ખરી રીત જોતાં સંતબાલજી મુનિશ્રી હોવાને લીધે એમનો જે પ્રભાવ જનતા પર પડે છે એવો પ્રભાવ અન્ય રીતે પડવો શક્ય નથી. સંતબાલજી એમની સાધુતાને લીધે જ કેટલાંયનાં જીવનમાં ઉચ્ચ સ્થાન પામી શક્યા છે મને તો એમ લાગે છે કે એ સાધુતામાં જ એમનો મહિમા છે. શ્રી. નવલભાઈએ પછીના ફકરામાં પણ એવી જ અસ્પષ્ટતા ઊભી કરે છે. ગાંધી વિચારસરણીને સંપૂર્ણ રીતે સમજવાની કચાશમાંથી જ આવી વિસંવાદિતા ઉદ્‌ભવે છે. એમનું આ ટૂંકું નિવેદન અને એમને આલેખેલા મુનિશ્રીના જીવનપ્રસંગો એ બેમાં કેટલો ભેદ પડે છે! એ પ્રસંગો જ જો શ્રી. નવલભાઈ બરાબર સમજે અને તે પર વિચાર કરે તો મુનિશ્રી સંતબાલજીની મહત્તા સમજી શકે એમ છે. અને એમ જો તે કરત તો આવી રીતે સંતબાલજીને સમજવામાં દ્વૈત ઉત્પન્ન ન થાત. અસ્તુ.

'સાધુતાની પગદંડી' એ પુસ્તક મુનિશ્રીની વિચારસરણીને સમજવા સહાયરૂપ થાય એવું છે. સૌ કોઈ એ વાંચે અને એમાંથી પ્રેરણા પામે એવી આશા વ્યક્ત કરવાનું યથાર્થ માનું છું.

મુ૦ ક૦

વ્યવસ્થા:

"પ્યારાબાપુ"

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

વાર્ષિક લવાજમ રૂ. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.

પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.

લવાજમ. મ. ઑ થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

'પ્યારાબાપુ' કાર્યાલય જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

REG. NO. B. 5255



પ્યારા બાપુ



સંપાદક: નવીન ગાંધી

(૭)

આશ્રમમેં તોતેકો કોઇ પિંજરમેં નહિ રખ સકતે હૈં. યદિ કોઇ પૂરે તો મંત્રી ઉસે છોડ દેગા. તોતાકો યદિ મૌકા મિલા તબ તો વહ ઉડ હી જાયગા. ય. મં., ૩-૨-૩૨

(૮)

દાંતમાંથી કે પેઢાંમાંથી લોહી નીકળે તો મીઠાના ત્રણચાર વાર કોગળા કરવા, નર્યું વાટેલું સાફ મીઠું સવારના આંગળી વતી ઘસવું ને લાળ પાડવી. સાથે મીઠું કે કોપરાનું તેલ પણ લેવાય. લાલ પાણી [પોટેશિયમ પરમેંગનેટ]ના કોગળા કરવા. આથી લોહી ન શમે તો દાકતરને પેઢાં બતાવવાં જોઇએ. ઘણી વાર બદહજમીથી પણ આમ થાય છે. થોડી કાચી લીલોતરી—લીલી ભાજી—ખાવાની જરૂર છે. ય. મં., ૨-૯-૩૦

(૯)

જેને સળખમ રહ્યા કરે એણે સોડા અને શુદ્ધ મીઠું ગરમ પાણી નાખી પીવાં અને તે નાકે ચડાવીને નાક સાફ કરવું. પેટની ખરાબીને લીધે હોવાનો સંભવ છે તેથી ઉપવાસ કરવા. વર્ધા, ૧૩-૪-૩૫

(૧૦)

હિસ્ટીરિયા અને બરોળને સારૂ મારી પાસે એક જ ઇલાજ છે. ઓછામાં ઓછી સ્ટાર્ચ, એટલે ઘઉંનો આટો ચાર આઉંસથી વધારે નહીં; ઘી મુદ્દલ નહીં : દૂધ અથવા દહીં ગાયનું, ભેંસનું નહીં જ; બકરીનું લેવાય; રસદાર ફળ કોથળી અને ઇચ્છા પ્રમાણે; મેથી, રાઈ, પાલક કે લૂણીની ભાજીનાં પાતરાં પાંચ રૂપિયાભાર લગી ચાવવાં. નિત્ય ફરવાની કસરત; મોઢા ઉપર ઢાંકયા વિના પણ હોઠ બરોબર બંધ કરીને ઉઘાડામાં સૂવું; નિત્ય સવારના ભૂખે પેટે શ્વાસોચ્છ્વાસ ધીમેથી ઘૂંટીને લેવા; દસથી વધીને સો વાર લેવાય.... અઠવાડિયામાં બે વાર સ્ટીમબાથ લેવા, મોઢું બહાર રાખીને....કઠોળનો ત્યાગ અત્યાવશ્યક છે. ૪-૧-૩૫

(૧૧)

બરોળ થાય તેને ઓછામાં ઓછું દૂધ અને રસદાર ફળો આપવાથી શમી જાય છે. ૨૮-૧-૩૫

(૧૨)

આંખે વગર ગરમ કરેલા* દૂધનાં પોતાં રાતે મૂકીને સૂશો? અજમાવી જુઓ. ખોવાનું કંઈ નથી. ૭-૧-૩૫ દિલ્લી

---

*બકરીનું દૂધ આ માટે ઉત્તમ છે. મ. દે.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

રુપાયતન
વિલેપારલે

વર્ષ ૪ ૩૦ ઑગસ્ટ-૧૯૫૧ અંક ૭

ઊઠો, જાગો!

ઊઠો, જાગો! સવારમાં ઈશ્વરનો પ્રકાશ આવીને આપણી ઊંઘ ઉડાડી દે છે, આખી રાત્રિની ઘસઘસાટ ઊંઘ એક પળમાં ચાલી જાય છે. પરંતુ સંધ્યા વેળાનો પેલો મોહ કોણ ભાંગશે? આખા દિવસના વિચારો અને કર્મોથી આપણી ચારે બાજુ જે એક પ્રકારનું ધૂમસ છવાઇ જાય છે, તેમાંથી ચિત્તને નિર્મળ ઉદાર શાંતિમાં કેવી રીતે સ્થાપીશું? આવડો મોટો દિવસ એક કરોળિયાની માફક પોતાની જાળ વિસ્તારતો આપણને ચારેબાજુથી ફસાવી રહ્યો છે; ચિરંતનને, ભૂમાને પોતાની ઓથે આવરી રહ્યો છે! આ બધી જાળને ભાંગી તોડીને આપણી ચેતનાને અનંતમાં સજાગ કરવી જોઈશે. બધાંને ઊઠવાનો, જાગવાનો સમય થયો છે!

જ્યારે દિવસ અનેકવિધ કર્મો, અનેકવિધ વિચારણાઓ અને અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા આપણને ચાકે ચડાવી રહ્યો હોય છે, જ્યારે અખિલ વિશ્વ અને આપણા આત્માની વચ્ચે તે એક પ્રકારનું આવરણ ખડું કરી દે છે, ત્યારે જો વારંવાર આપણે આપણી ચેતનાને 'ઉત્તિષ્ઠત જાગ્રત' કહીને ઉદ્બોધિત ન કરીએ, જો આ જાગરણનો મંત્ર હર પળે વ્યવહારિક કાર્યોની વચ્ચે રહ્યાં છતાં આપણા અંતરાત્માંથી ધ્વનિત ન થાય તો એક પછી બીજા ચકરાવામાં, એક પછી બીજી જાળમાં આપણે ફસાઇ જ જવાના અને ત્યાર પછી એ તમસમાંથી, એ જડતામાંથી બહાર નીકળી જવાની આપણને ઇચ્છા સરખીયે નહિ થાય.

પરિણામે આસપાસની પરિસ્થિતિને આપણે અત્યંત સત્ય રૂપે માની લઈએ, તેથી યે પર જે ઉન્મુક્ત વિશુદ્ધ શાશ્વત સત્ય રહેલું છે તે પર આપણો વિશ્વાસ ન રહે, અને સૌથી વિચિત્ર તો એ થાય કે તે સત્ય તરફ સંશય અનુભવવા પૂરતી સજાગતા પણ આપણામાંથી ઓસરી જાય! માટે જ્યારે આખા દિવસનાં અનેક વિધ કર્મોનો કોલાહલ મચી રહ્યો હોય, ત્યારે આપણા મનની ગંભીરતામાં 'ઊઠો, જાગો'નો ધ્વનિ અસ્ખલિત રૂપે ઊઠ્યા કરો!

सत्यमेव जयते

રવીન્દ્રનાથ ઠાકુર



શાંતિનિકેતનનાં ભજનો

તારી ઝાંખી ન પામું રે, પ્રભુ! જો આ જીવનમાં,
તો હું તુજને ન પામ્યો રે, રહે યાદ એ મનમાં:
નવ ભૂલું ને અંતર રે, સદા મારું દાઝયા કરે,
સદા શયને સ્વપનમાં રે, કે શલ્ય એ સાલ્યા કરે.

આ સંસારને હાટે રે, દિનો મારા જેમ જતા,
મારા હાથમાં ધનના રે, કે ઢગલા તેમ થતા;
તોય કાંઈ ન પામ્યો રે, રહે મને યાદ સદા:
નવ ભૂલું ને અંતર રે, સદા મારું દાઝયા કરે,
સદા શયને સ્વપનમાં રે, કે શલ્ય એ સાલ્યા કરે.

કદી આળસ ભારે રે, બેસી પડું માર્ગ પરે,
કદી ધૂળમાં પથારી રે, સજાવું હું હોંસ ભરે;
આખો મારગ બાકી રે, રહે મને યાદ સદા:
નવ ભૂલું ને અંતર રે, સદા મારું દાઝયા કરે,
સદા શયને સ્વપનમાં રે, કે શલ્ય એ સાલ્યા કરે.

ઊઠે હાસ્યની છોળો રે, ઘરે વાજે વાંસલડી,
આખા ઘરને સજાવ્યું રે, જોતાં ઠરે આંખલડી;
તને ઘરમાં ન આણ્યો રે, રહે મને યાદ સદા:
નવ ભૂલું ને અંતર રે, સદા મારું દાઝયા કરે,
સદા શયને સ્વપનમાં રે, કે શલ્ય એ સાલ્યા કરે.

— અનુ૦ નગીનદાસ પારેખ

બૌદ્ધ ધર્મની કથાઓ

(૧)

પદ્મનાભ શ્રી. જૈન

એક વખતે ભગવાન બુદ્ધ કોશામ્બીના ઘોશિતારામમાં વિહાર કરતા હતા. ત્યારે કોઈ એક બહુશ્રુત, વિનયશીલ, ધર્મધર પંડિત અને આસ્થાવાન ભિક્ષુ કોઈ દોષથી દૂષિત થયો. તેથી કેટલાક ભિક્ષુઓ તેને કહેવા લાગ્યા :

‘આયુષ્મન્, તમે જે દોષ કર્યો છે તે જુઓ છો ખરા?’ પેલા ભિક્ષુએ કહ્યું, ના આયુષ્મન્, મેં ક્યાં કોઈ દોષ કર્યો છે?’

આથી તે ભિક્ષુઓએ તેને સંઘમાંથી કાઢી મૂકવાનો નિર્ણય કર્યો અને તે વાતનો અમલ પણ કર્યો. પેલો દૂષિત ભિક્ષુએ તેથી મહુારગામના ભિક્ષુઓ પાસે જઈ પોતાનો જુદો પક્ષ ઊભો કર્યો. એ રીતે બૌદ્ધ સંઘમાં બે મોટા પક્ષો નિર્માણ થયા, એમનામાં કલહો વધ્યા, પરસ્પર આક્ષેપો થવા લાગ્યા . અને સંઘભેદ ઉત્પન્ન થયો.

આ વાતની જાણ ભગવાન બુદ્ધને થઈ. તેથી ભગવાન આક્ષેપક પક્ષ પાસે ગયા અને બોલ્યા : “ભિક્ષુઓ, અમે જ બધું જાણીએ છીએ, અમે જ સાચા છીએ, એમ માનીને કોઈને સંઘમાંથી કાઢી ન મૂકતા. કોઈ ભિક્ષુએ દોષ કર્યો હોય તોયે સંઘમાં ઝઘડો, કલહ, વિગ્રહ, વિવાદ અને ફાટફૂટ ન થાય એ રીત સંઘના ઐક્યને વધારે મહત્ત્વનું માનીને, તમારે એવા અપરાધી પ્રત્યે વર્તવું જોઈએ.”

પછી ભગવાન આરોપિત ભિક્ષુના પક્ષમાં આવ્યા અને બોલ્યા :

“હે ભિક્ષુઓ, અપરાધ કર્યા પછી ‘અમે અપરાધ કર્યો નથી, અમે સાવ નિરપરાધ છીએ,’ એમ તમે ન માનતા. બીજા ઉપર વિશ્વાસ રાખીને, પોતાના કલ્યાણ માટે અને સંઘમા વિવાદ ન થાય, વિગ્રહ અને ફાટફૂટ ન થાય એ માટે આરોપક ભિક્ષુઓ પાસે તમારે ક્ષમા-યાચના કરવી જોઈએ.”

પરંતુ બંને પક્ષના ભિક્ષુઓએ ભગવાનનાં વચનોની કદર કરી નહીં. એમનો કલહ વધતો ગયો. અનુચિત આચરણ અને અયોગ્ય શબ્દોથી બંને પક્ષો પરસ્પરની નિંદા કરવા લાગ્યા. આમ બૌદ્ધ સંઘમાં મોટો વિદ્વેષ પ્રસરી ગયો.

ભિક્ષુસંઘના આ વિગ્રહથી સમાજમાં અસંતોષ ફેલાયો. શાકયપુત્ર જેવા શ્રમણ, કલ્યાણમૂર્તિ બુદ્ધ ભગવાનના શિષ્યોના આ વિવાદોથી પ્રજાને ભારે દુઃખ થયું, તો પછી ભગવાનને કેટલું દુઃખ થયું હશે? છેવટે કોઈ વૃદ્ધ ભિક્ષુ ભગવાનની પાસે આવ્યો અને બોલ્યો: 'ભગવન્, સંઘમાં ભિક્ષુઓનો ઝઘડો ચાલે છે. એને કોઈ શાંત નથી કરી શકતું. આપ ત્યાં કૃપા કરી આવો તો ઘણું સારુ થાય.'

ભગવાન આ સાંભળી મૌન રહ્યા. અને જ્યાં બધા ભિક્ષુઓ ભેગા થયા હતા ત્યાં જઈને બોલ્યા:

"ભિક્ષુઓ, ભૂતકાળમાં બનારસમાં બ્રહ્મદત્ત નામે રાજા મોટો ધનાઢ્ય, વૈભવશાળી અને બળવાન હતો. ત્યારે કોસલ રાષ્ટ્રમાં દીધિતિ નામે રાજા રાજ્ય કરતો હતો. તે ઓછો શ્રીમંત, અલ્પ વૈભવવાળો અને શક્તિહીન હતો. એક વાર બ્રહ્મદત્તે દીધિતાના રાજ્ય પર ચડાઈ કરી. તેથી દીધિતિ રાજા પોતે નિર્બળ હોવાથી પોતાની ગર્ભવતી રાણીને લઇને છાનોમાનો નાસી ગયો અને બનારસમાં આવી એક કુંભારને ઘેર રહેવા લાગ્યો. રાણીને તે સ્થળે એક પુત્ર અવતર્યો. તેનું નામ દીર્ઘાયુ પાડવામાં આવ્યું. બ્રહ્મદત્ત રાજાના હાથમાંથી રાજકુમારને રક્ષવા ખાતર દીધિતિ રાજાએ તેને નગર બહાર રાખ્યો, અને ત્યાં રહી તે બધી કળા શીખતો હતો.

એ સમયે દીધિતિનો હજામ બ્રહ્મદત્તને ત્યાં રહેતો, તેણે દીધિતિ રાજાને અને રાણીને કુંભારના ઘરમાં જોયાં. તેણે બ્રહ્મદત્તને એ વાતની ખબર આપી. બ્રહ્મદત્તે, હે ભિક્ષુઓ! તરત જ હુકમ કર્યો કે, તેમને પકડી લાવી, માથાં મુંડાવી, આખા નગરમાં ફેરવીને તેમનો શિરચ્છેદ કરો.

રાજાની આજ્ઞા પ્રમાણે કોસલ રાજાનું મૃત્યુ સરઘસ શહેરના રસ્તા પરથી પસાર થતું, ત્યારે દીર્ઘાયુ પણ માતપિતાનાં છેલ્લાં દર્શન કરવા ત્યાં ગયો. દીર્ઘાયુને દૂરથી આવતો જોઈને રાજા બોલ્યો, 'તાત દીર્ઘાયુ! તું મોટું કે નાનું એમ જોતો નહિ. બેટા દીર્ઘાયુ, વેરથી વેર શાંત થતું નથી; અવેરથી જ વેર શાંત થાય છે.'

વખત જતાં દીર્ઘાયુકુમાર બનારસના રાજાને ત્યાં જ હાસ્તવિદ્યા શીખવા રહ્યો. દીર્ઘાયુ વીણાવાદન સારી રીતે જાણતો હતો. બનારસના રાજા બ્રહ્મદત્તે સાંભળ્યું તેથી તેણે દીર્ઘાયુને બોલાવ્યો અને તેની સાથે રહેવા કહ્યું.

એક દિવસે બ્રહ્મદત્ત દીર્ઘાયુ સાથે શિકારે જવા નીકળ્યો. દીર્ઘાયુ રથ હાંકતો હતો. તેણે રથ એવી રીતે હાંકયો કે સેના કરતાં તે ખૂબ જ નીકળી ગયો. બ્રહ્મદત્તને ખૂબ થાક ચડ્યો એટલે તે બોલ્યો: કુમાર, રથ ઊભો રાખ. હું થાકી ગયો છું. જરા આરામ કરીએ.'

દીર્ઘાયુએ એ પ્રમાણે કર્યું અને રાજા દીર્ઘાયુના ખોળામાં માથું મૂકી સૂઇ ગયો. ત્યારે હે ભિક્ષુઓ! દીર્ઘાયુકુમારને થયું-'આ કાશિરાજ બ્રહ્મદત્તે અમને ખૂબ જ દુઃખ દીધું છે. એણે મારાં માતાપિતાનો વધ કર્યો છે, અમારું રાજ્ય જીતી લીધું છે અને અમારી સેના, સંપત્તિ વગેરેનો નાશ કર્યો છે. હવે મને એ તક મળી છે કે, હું તેનો બદલો લઉં.' એમ વિચારી કુમારે મ્યાનમાંથી તલવાર કાઢી. તે વખતે કુમારને યાદ આવ્યું કે, 'મરતી વેળાએ મારા પિતાશ્રીએ મને કહ્યું હતું-'તાત દીર્ઘાયુ, વેરથી વેર શાંત નથી થતું. અવેરથી વેર શાંત થાય છે.' તો શું મારે પિતાશ્રીના એ વચનનું ઉલ્લંઘન

કર્યું ?" કુમારે તરત જ તલવાર મ્યાન કરી.

તે જ વખતે હે ભિક્ષુઓ ! બ્રહ્મદત્ત રાજા ભયભીત, ઉદ્વિગ્ન, શંકાગ્રસ્ત થઈને એકદમ જાગી ગયો. કુમારે પૂછ્યું : 'દેવ, તમે કેમ ભયભીત થઇ ગયા ?' રાજાએ કહ્યું : 'કુમાર, મેં સ્વપ્નમાં જોયું કે કોસલરાજાનો પુત્ર તલવારથી મારી હત્યા કરવા તૈયાર થયો છે. એટલે હું ભય પામ્યો હતો.'

દીર્ઘાયુને તરત જ પાછું વેર યાદ આવી ગયું. તેણે એકદમ રાજાનું માથું પકડી તલવાર મ્યાનમાંથી બહાર કાઢી રાજાને સંબોધીને કહ્યું, 'દેવ, હું જ કોસલરાજા દીધિતિનો પુત્ર દીર્ઘાયુકુમાર છું. તમે મારાં માતાપિતાનો વધ કર્યો છે. આજે વેર માર્યો લેવાનો સમય છે. તૈયાર થઈ જાઓ.'

આ સાંભળીને કાશિરાજા દીર્ઘાયુને પગે પડી વિનવવા લાગ્યો : 'કુમાર, મને જીવતદાન આપ. તાત દીર્ઘાયુ, મને જીવનની ભિક્ષા આપ !'

રાજાને આમ અસહાય બની પ્રાણદાન યાચતો જોઈ ને કુમારને દુઃખ થયું. તે બોલ્યો, 'અરે, હું કોણ તમને જીવતદાન આપનારો ? મહારાજ, તમે જ મને જીવનનું દાન આપનાર છો !'

રાજા આ સાંભળીને બોલ્યો : 'કુમાર, તું મને જીવનની ભિક્ષા આપ, હું તને જીવન આપીશ.' આમ બંને જણ મિત્ર બની કાશી નગરીમાં પાછા ફર્યા.

રાજાએ બીજે દિવસે દરબાર ભરી પોતાના અમાત્યોને કહ્યું : 'મંત્રીઓ, જો કોસલ રાજાને પુત્રને જો કોઈ પકડી લાવે તે તેને શી શિક્ષા કરશો ?'

એકે કહ્યું, 'મહારાજ, અમે એના હાથ કાપી નાંખીશું.' બીજો કહે, 'અમે એની આંખ કાઢી નાખીએ.' ત્રીજો કહે, 'અમે એનો શિરચ્છેદ કરીએ.' આમ દરેક જણ કહેવા લાગ્યા. ત્યારે રાજા બોલ્યો, 'એમાંનું એકેય કાર્ય ઉચિત નથી. આ રહ્યો દીર્ઘાયુકુમાર. એ મારો મિત્ર છે. તેણે મને જીવતદાન આપ્યું છે. મેં તેને અભયદાન આપ્યું છે."

આટલું કહ્યા પછી ભગવાન બુદ્ધ બોલ્યા : "હે ભિક્ષુઓ, જે લોકોએ હિંસાનો કે શસ્ત્રનો સંપૂર્ણ ત્યાગ કર્યો નથી તેવા યુદ્ધ-પરાયણ ક્ષત્રિય રાજાઓમાં પણ આટલી ક્ષમા, શાંતિ, તિતિક્ષા અને પરસ્પર શ્રદ્ધા હોય, તો પછી શું તમને આ શોભાસ્પદ છે કે, તમે પવિત્ર જીવનના ધર્મ-વિનય માટે પ્રવ્રજ્યા લઇને આવી રીતે પરસ્પર વિગ્રહ કરો, વિવાદ કરો અને પરસ્પર અવિશ્વાસ લાવો ? ભિક્ષુઓ, આ ઝઘડાઓ, આ કલહો, આ વિગ્રહો, આ વિવાદ હવે બસ થયા ! આથી વેર વધે છે, ધર્મ વધતો નથી. અવિનય વધે છે, વિનય વધતો નથી."

"નહિ વેરેન વેરાનિ સમ્મન્તીધ કુદાચનં ।
અવેરેન ચ સમ્માન્ત એસ ધમ્મો સનાતન ॥

રૂપાયતનનો સંકલ્પ-વિધિ

‘પ્યારાબાપુ’ના વાંચકો જાણે છે કે રૂપાયતનનો મુખ્ય હેતુ બાપુ અને ગુરુદેવના આદર્શોનો સુભગ સમન્વય કરી એમાંથી નિષ્પન્ન થતા રચનાત્મક માર્ગનું અનુસરણ કરવાનો છે. આ કાર્ય માટે કુદરતના સહવાસમાં આવી શકાય એવું વાતાવરણ હોય તો જ આ સમન્વય શક્ય બને. અમને જણાવતા હર્ષ થાય છે કે સોરઠમાં નરસિંહ મહેતાની પવિત્ર ભૂમિમાં ગિરનારની તળેટી પાસે અમારા એ આદર્શને મૂર્ત સ્વરૂપ આપવા જમીન મળી છે.

ગઈ તા. ૨૯મી જુલાઈએ એ સ્થાને મિત્રો અને શુભચિંતકોની હાજરીમાં ‘રૂપાયતન’નો સંકલ્પ-વિધિ કરવામાં આવ્યો હતો. એ મંગળ પ્રસંગે સૌએ ભેગા મળીને નીચે મુજબ પ્રાર્થના કરી હતી :

ઉદ્ધરેદાત્મનાऽऽત્માનં નાત્માનમવસાદયેત્ ।
આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મન: ॥૧॥

આત્મા વડે મનુષ્ય આત્માનો ઉદ્ધાર કરે; તેની અધોગતિ ન કરે. આત્મા જ આત્માનો બંધુ છે: અને આત્મા જ આત્માનો શત્રુ છે.

નાऽનાશ્રાંતાય શ્રીરસ્તિ । પાપો નૃષદ્વરો જન
ઈન્દ્ર ઈચ્ચરત: સખા । ચરૈવેતિ ચરૈવેતિ ॥૨॥

શ્રમ કર્યા વિના શ્રીની પ્રાપ્તિ થઈ શકે નહીં. સુસ્ત મનુષ્યની ગણના પાપીમાં થાય છે. પુરુષાર્થીનો મિત્ર ઈશ્વર છે. માટે શ્રમ કરો, પુરુષાર્થ કરો.

પુષ્પિણ્યૌ ચરતો જંઘે ભૂષ્ણુરાત્મા ફલગ્રહિ: ।
શેરે અસ્ય સર્વે પાપ્માન: શ્રમેણ પ્રપથે હતા: ॥
ચરૈવેતિ ચરૈવેતિ ॥૩॥

જે મનુષ્ય ચાલે છે તેની જાંઘો હૃષ્ટપુષ્ટ હોય છે. ફળ પ્રાપ્તિ સુધી પ્રયત્ન કરવાવાળો આત્મા પ્રભાવશાળી હોય છે. પ્રયત્ન કરનારના માર્ગમાંથી પાપયુક્ત ભાવો નષ્ટ પામે છે માટે શ્રમ કરો, પુરુષાર્થ કરો.

આસ્તે ભગ આસીનસ્યોર્ધ્વસ્તિષ્ઠતિ તિષ્ઠત: ।
શેતે નિષદ્યમાનસ્ય ચરાતિ ચરતો ભગ: ॥
ચરૈવેતિ ચરૈવેતિ ॥૪॥

જે બેસે છે તેનું નસીબ બેસે છે; જે ઊભો થાય છે તેનું નસીબ ઊભું થાય છે. જે સૂએ છે તેનું નસીબ પણ સૂઈ જાય છે; અને જે ચાલે છે તેનું નસીબ પણ ચાલે છે. માટે શ્રમ કરો, પુરુષાર્થ કરો.

કલિ: શયાનો ભવતિ સંજિહાનસ્તુ દ્વાપર: ।
ઉત્તિષ્ઠંસ્ત્રેતા ભવતિ કૃતં સંપદ્યતે ચરન્ ॥
ચરૈવેતિ ચરૈવેતિ ॥૫॥

સૂતેલા માટે કલિયુગ છે; બેઠેલા માટે દ્વાપરયુગ છે; ઊભેલા માટે ત્રેતાયુગ છે અને પુરુષાર્થી માટે કૃતયુગ છે. માટે શ્રમ કરો, પુરુષાર્થ કરો.

ચરન્વૈ મધુ વિંદતિ ચરન્સ્વાદુમુદુંબરમ્ ।
સૂર્યસ્ય પશ્ય શ્રેમાણં યો ન તંદ્રયતે ચરન્ ॥
ચરૈવેતિ ચરૈવેતિ ॥૬॥

મધમાખી ફરી ફરીને મધ મેળવે છે, પક્ષી ભ્રમણ કરીને મીઠા ફળ પ્રાપ્ત કરે છે, સૂર્યની શોભા તેના સતત પરિભ્રમણને કારણે જ છે; માટે શ્રમ કરો, પુરુષાર્થ કરો.

ત્યાર પછી પ્રભુને ચરણે એ શુભ સંકલ્પ સમર્પણ કરતાં પૂજ્ય મલ્લિકજી બોલ્યા:

“આ શુભ પ્રસંગ છે કારણ કે એક શુભ સંકલ્પને પ્રભુને ચરણે અર્પવા માટે આપણે સર્વ એકઠા થયા છીએ. આ સંકલ્પ

રૂપાયતનના ભાઈઓ પોતાની ચેતનામાં ઘણા સમયથી પોષતા આવ્યા છે. અને આજે પ્રભુની કૃપાથી, સૌરાષ્ટ્ર સરકારની અને શ્રી. નારણદાસકાકા તથા બીજા મિત્રોની શુભેચ્છાથી તેમના આ સંકલ્પને મૂર્ત કરવાની તક મળી છે. આ સંકલ્પ ફક્ત કલાકારોનો સંકલ્પ નથી પણ તપસ્વીનો સંકલ્પ છે. કલાને, ઉદ્યોગને અને શિક્ષણને તેઓ સાધનાના રૂપમાં જુએ છે. પ્રભુની કૃપાથી તેમની એ સાધના સફળ થાય એમ આપણે ઇચ્છીએ. વળી એ સંકલ્પમાં ભારતવર્ષના બે મહાન વિભુતિઓનો ફાળો અત્યંત મહત્ત્વનો છે. બાપુ અને ગુરુદેવ એ બન્ને વ્યક્તિઓએ આ આદર્શ ઘડવામાં મોટો ફાળો આપ્યો છે. અને એ આદર્શના ફળ સ્વરૂપ આ રૂપાયતન સંસ્થાની સ્થાપના છે. તેમાં બાપુ અને ગુરુદેવના આદર્શોનો સંગમ કરવાનો સંકલ્પ છે. આ સંગમ પૂર્ણ સ્વરૂપે જ્યારે રૂપાયતનમાં થશે ત્યારે જૂનાગઢની આ પુણ્યભૂમિ પર કરેલો શુભ સંકલ્પ સાર્થક થશે. આ સામેના પહાડોમાં સેંકડો વર્ષોથી તપસ્વીઓ તપ કરતા આવ્યા છે. કોઈ સંજોગોમાં રૂપાયતનના ભાઈઓ તેમના આદર્શમાં ઢીલા થાય—પ્રભુ કરે એવું ન થાય—ત્યારે સેંકડો વર્ષોના તપથી પવિત્ર બનેલો આ ગિરનાર અને તેના તપસ્વીઓ તેમને બળ આપે એવું આપણે પ્રાર્થીએ. ગુરુદેવ અને બાપુ બન્ને આપણને શીખવી ગયા છે કે જે કોઈ સાધના આપણે જીવનમાં કરીએ તેનું ફળ જો દરિદ્રનારાયણને ચરણે ન મૂકી શકીએ તો તે સાધનામાં ખામી છે. પ્રભુ કરે રૂપાયતનના ભાઈઓની તપસ્યા તથા તેનું ફળ દરિદ્રનારાયણનું જીવન ઉન્નત બનાવવામાં તથા આનંદમય બનાવવામાં રહો. જો આમ થશે તો તેઓ ધન્ય થશે, તેમની સાધના ધન્ય થશે, પ્રભુ પ્રસન્ન થશે.

કલાકાર કલામાં જ લીન થઈને જીવનથી અલગ બની જાય તો તે કલાનું જ અપમાન છે. કલા એ તો પૂલ છે—આપણી અને પ્રભુની વચ્ચે, આપણી અને સમાજની વચ્ચે અને આપણી અને દરિદ્રનારાયણની વચ્ચે. પ્રભુનું જે સુંદર સ્વરૂપ છે તે તો રૂપાયતનમાં હોય જ, પણ તે સાથે તેનું જે સત્યમ્ અને શિવમ્‌નું સ્વરૂપ છે એ પણ સાથે હોવું જોઈએ. પ્રભુના આવા સ્વરૂપનું દર્શન રૂપાયતન કરાવી શકે તો એ સુધન્ય બને.

આપણે હવે શાંતિમાં બેસીને પ્રભુને ચરણે પ્રાર્થના કરીએ કે આ શુભ સંકલ્પ સફળ થાય. પ્રભુ તે માટે બુદ્ધિ ઉત્સાહ અને ઉમંગ આપે.

આ મંગળ પ્રસંગે શ્રી. નંદલાલ બોઝ, શ્રી. કાકાસાહેબ કાલેલકર, શ્રી. નારણદાસ ગાંધી, શ્રી. બિરલા અને તેમના ભાઈઓ, શ્રીમતી આશાદેવી, શ્રી. આર્યનાયકમ્, શ્રી. ભાગીરથજી કનોડિયા, શ્રી. રવિશંકર રાવળ, શ્રી. વસંતકુમાર ઇત્યાદિ શુભચિંતકોએ 'રૂપાયતન'ના સંકલ્પની સિદ્ધિ અર્થે આશીર્વાદ મોકલ્યા હતા.

હવે જે જમીન અમને મળી છે, તેના પર કામ શરૂ કરી દેવાની વ્યવસ્થા થઈ રહી છે. અને આશા છે કે આવતી ૧૦મી માર્ચે—જે શુભ દિને ૧૯૧૫માં પૂજ્ય બાપુજી અને પૂજ્ય ગુરુદેવ એકબીજાને પ્રથમ મળ્યા હતા—'રૂપાયતન'નો ઉદ્‌ઘાટન-વિધિ કરવામાં આવશે. ત્યાં સુધીમાં થોડા ઉદ્યોગો અને ઇતર પ્રવૃત્તિઓનો પણ આરંભ કરી દેવામાં આવશે.

મહાદેવભાઈની સાધના

મુકુલભાઈ

શ્રી મહાદેવભાઈના સાધનાશીલ જીવનનું સ્મરણ આપણા જીવનને પણ પ્રેરણાદાયી થઈ પડે છે. બાપુજી પાસે પચીસ વર્ષ સતત રહીને જીવનોત્કર્ષ સાધવો એ કંઈ નાનીસૂની વાત નથી. બાપુજી વિશે એક અંગ્રેજે યથાર્થ જ કહ્યું છે કે, 'Gandhiji is a combination of ferocious tiger and a sacred cow.' (ગાંધીજીમાં ભયંકર વાઘ અને પાવનકારી ગાયનો સમન્વય જોવામાં આવે છે.) તેથી બાપુજીની પાસે રહી સાધના કરવી એ ભારે કસોટીરૂપ હતું. મહાદેવભાઈએ પણ એક વાર કહ્યું હતું :

'રહેવું સોહ્યલું રે, સંતની સાથે સ્વર્ગે જઇને,
જીવવું દોહ્યલું રે, સંત નિકટ પૃથ્વી પર રહીને.'

પરંતુ મહાદેવભાઈ તો આ આકરી કસોટીમાંથી પસાર થઈને પોતાના જીવનને સુધન્ય કરી ગયા અને તેની સૌરભ બધે પ્રસારતા ગયા.

૧૯૧૮ની વાત છે. બાપુજી રંગરૂટની ભરતીનું કામ ખેડા જિલ્લામાં કરી રહ્યા હતા. અત્યંત પરિશ્રમને લીધે તેમની તબિયત લથડી અને તેમને મરડો થયો. બાપુજીને વારંવાર દિશાએ જવું પડે અને અશક્તિ તો વધ્યે જતી હતી. તેથી મહાદેવભાઇએ નરહરિભાઈને પત્ર લખ્યો અને સત્યાગ્રહાશ્રમમાંથી જાજરૂપેટી લઈને નડિયાદ આવવા કહ્યું. નરહરિભાઈ તરત જ જાજરૂપેટી લઇને નડિયાદ આવ્યા. તેમને અચાનક આવેલા જોઈને બાપુએ પૂછ્યું : 'કેમ, તમારે એકાએક આવવું પડયું ?' નરહરિભાઇએ બધી વાત કહી. આ સાંભળી બાપુજી ગુસ્સે થઈ ગયા અને મહાદેવભાઇને કહેવા લાગ્યા : 'મહાદેવ, તમે આ શું કર્યું ? તમે શા માટે આશ્રમમાંથી જાજરૂપેટી મગાવી ? ત્યાંની પેટી અહીં લવાય જ કેમ ? ત્યાં આટલા બધા માણસો છે તેમના ઉપયોગ માટે તે ત્યાં જોઇએ. મારા ઉપયોગ માટે તમારાથી એ પેટી અહીં ન મંગાવાય.'

મહાદેવભાઈને તો આ પહેલો અનુભવ હતો. તે ધીમેથી બોલ્યા : 'બાપુજી, પણ પેટી તો ત્યાં નકામી જ પડી હતી. કોઈ વાપરતું નહોતું. અહીં આપને જાજરૂ જવાની બહુ જ તકલીફ પડતી હતી એટલે મેં મગાવી.'

આ સાંભળીને બાપુ વધારે ગુસ્સે થયા અને કહેવા લાગ્યા : 'મહાદેવ, તમે શું કહો છો ? મને તકલીફ પડે છે તે માટે તમે આશ્રમના આટલા બધા લોકો માટે રાખેલી પેટી મારે માટે મગાવી ? મારા પ્રત્યેનો તમારો કેટલો મોહ ? ત્યાં એટલા બધા છે તેમની ચિંતા નહિ, અને તેમને અવગણીને મારી ચિંતા ! આ તમારું કેટલું અજ્ઞાન ! અને ત્યાં ઉપયોગ સિવાય પડી રહ્યું હતું તેથી તમે મંગાવ્યું એ તો સાવ બુદ્ધિ વગરની દલીલ. સ્ટેશનો ઉપર 'ફાયર બકેટ' તમે કોઈ દિવસ જોઈ છે ? તેના ઉપયોગ વિના વરસોનાં વરસો સુધી તે એક જ સ્થળે રાખી મૂકવામાં આવે છે. કોઈ તેનો બીજો ઉપયોગ ન કરી શકે. તમારા જેવી દલીલ કરી સ્ટેશનનો મજૂર પણ તેને નહિ ઉપાડે. તમારું એ ભાન ક્યાં ગયું ? તમે તો ગજબ કર્યો. આશ્રમમાંથી ત્યાંના માણસો માટે રાખેલ પેટી તમે અહીં મગાવી એ ભારે દોષ કર્યો.'

હૃદયની યાતના અનુભવતા બાપુના એ શબ્દો સાંભળી મહાદેવભાઇની આંખમાં આંસુ આવી ગયાં.

૧૯૨૫નો પ્રસંગ છે મીરાંબહેન પોતાનું વતન, માતાપિતા, વગેરે છોડી હિંદની સેવા અર્થે બાપુજી પાસે આવીને રહ્યાં હતાં. મહાદેવભાઈને થયું કે, મીરાંબહેન પાસે ફ્રેંચ શીખી લઉં. તેમણે તો ફ્રેંચ શીખવાનું શરૂ પણ કર્યું. બીજે દિવસે તેમણે મીરાંબહેનને પૂછ્યું: 'મેં ફ્રેંચ શરૂ કર્યું છે એ બાપુ જાણે છે?' મીરાંબહેને જવાબ આપ્યો: 'હા. તમે ફ્રેંચ શીખો છો એ સાંભળીને તેમને હસવુંયે આવ્યું અને આશ્ચર્ય પણ થયું.'

આ સાંભળીને મહાદેવભાઈને થયું કે, બાપુ જરૂર એમને બોલાવશે અને પૂછપરછ કરશે. તેવામાં એક ભાઈએ આવીને કહ્યું, 'બાપુ તમને બોલાવે છે.'

મહાદેવભાઈ તો હવે શું થશે એનો વિચાર કરતા બાપુજી પાસે ગયા. થોડી વાતચીત પછી બાપુજી હસતા હસતા બોલ્યા: 'મહાદેવ, ફ્રેંચ શીખવા માંડ્યું છે?' મહાદેવભાઈએ ધીમેથી કહ્યું, 'હા. મેં મિસ સ્લેડને પૂછ્યું હતું કે બાપુ આ વિષે જાણે છે? તેમણે મને કહ્યું કે, આપને હસવું આવ્યું અને આશ્ચર્ય થયું એમ આપે કહેલું.'

બાપુ બોલ્યા, "એથી વધારે કહેલું. ગઈ કાલે તમે જ્યારે એને કહેતા હતા કે ચાર વાગે હું તમારે ત્યાં આવીશ, ત્યારે મને થયું હતું કે, તમે એને કાંઈ શીખવવા જવાના હશો. પણ આજે જ સવારે મેં એની પાસે કાલની રોજનીશી માગી તેમાં એણે કહ્યું—એક કલાક તમને ફ્રેંચ શીખવવામાં આપ્યો. મને આશ્ચર્ય થયું અને મેં કહ્યું, 'બહુ કુહાકડા મારે તે પડવાને સારુ.'" બાપુનો હસતો ચહેરો ગંભીર બનતો જતો હતો. તેમણે પૂછ્યું, 'શા સારુ ફ્રેંચ શરૂ કર્યું? રોમેરોલા ફ્રેંચમાં વાંચવા માટે કે મિસ સ્લેડ અહીં આવ્યાં છે તેથી એકાએક ઊમળકો થઈ આવ્યો?'

મહાદેવભાઈએ ધ્રૂજતાં જવાબ આપ્યો, 'ના, જાણવાની ઇચ્છા તો પહેલેથી જ હતી.'

બાપુજીએ પૂછ્યું, 'શા સારુ? તમે જાણો તો છો કે, ઘણા અંગ્રેજો ફ્રેંચ નથી જાણતા? અને ઘણાખરા અંગ્રેજ વિદ્વાનો પણ ફ્રેંચ સાહિત્યગ્રંથો કેવળ અંગ્રેજીમાં જ વાંચીને સંતોષ માને છે તે જાણો છો? અને ઘણુંખરું ફ્રેંચ સાહિત્ય તો બહાર પડે છે કે અંગ્રેજીમાં તેનું ભાષાંતર થાય છે!' થોડી વાર થોભીને પછી બાપુ બોલ્યા, 'અને તમને એ શીખતાં કેટલો સમય લાગશે તેનો વિચાર કર્યો?'

મહાદેવભાઈએ કહ્યું, 'છ મહિના!'

'રોજ કેટલો સમય?'

'એક કલાક.'

'વારુ, તમને એટલો સમય મળશે કે?'

'અહીં છું ત્યારે મેળવી લઉં. અને ટ્રેનમાં કંઈક મળે.'

'હંમેશાં એક કલાક મળે એવો તમારો અનુભવ ખરો કે?'

મહાદેવભાઈ મૂગા જ રહ્યા. બાપુએ આગળ કહેવા માંડ્યું, 'એટલે એનો અર્થ એ કે, છ મહિના સુધી મારે ગમે તે કામ હોય છતાં તમને તો દિવસમાં એક કલાક મારે છૂટા રાખવા જ જોઈએ; તમે ફ્રેંચ વાંચતા હો ત્યારે મારાથી તમને ન બોલાવી શકાય, ખરું ના?'

મહાદેવભાઈ બોલ્યા, 'એમ નથી. હું સમય કોઈક રીતે મેળવી લઉં.'

બાપુ કડક અવાજે બોલ્યા, 'અરે, મેળવી શેના લો? ચોરી લો એમ કહો તો ભલે.'

આ શબ્દોએ મહાદેવભાઇને એકદમ ચેતવી દીધા. બાપુ ધીમેથી બોલ્યા, 'આપણો બધો સમય એક જ વસ્તુને અપાયેલો છે, ત્યાં આપણે આવી વસ્તુ. જેનો સ્વરાજને માટે કશો ખપ નથી, તેમાં શેના પડીએ? આપણો બધો સમય આપણા કાર્યને માટે અપાવો જોઇએ, તેમ.થી આ તો ચોરી થઈ.'

મહાદેવભાઇએ કહ્યું, 'બાપુજી, આજથી ફ્રેંચ શીખવાનું બંધ કરીશ. ગમે તેમ એ સમય કાંતવામાં તો આપી શકાય.'

પણ બાપુ બોલ્યા, 'બીજાં ઘણાં કામો છે. પણ તમારી સામેનો આરોપ હજી પૂરો નથી થયો. મિસ સ્લેડ એ કોણ છે? એનો ત્યાગ તો અસાધારણ છે. આપણે કોઈ એની બરોબરી કરી શકીએ એમ નથી. એણે પોતાનું સર્વસ્વ હોમ્યું છે. એને પોતાનાં દેશ કે ઘરની સાથે કશી મમતા નથી રહી. ઘેર ગમે તે થઇ જાય તોયે તે અડગ અહીં જ કામ કર્યા કરવાની ટેક લઈને આવેલાં છે. આપણા કાર્યને માટે એનો બધો સમય અર્પણ થયેલો છે. એને તો આપણને ઘણું આપવાનું મન થાય, પણ આપણાથી એની પાસેથી લેવાય જ કેમ? એને તો ઘણુંયે જાણવું છે-શીખવું છે, હિંદુસ્તાની જાણવું છે, સંસ્કૃત જાણવું છે. એ બધું આપણે એને આપી દેવું રહ્યું. જો આપણો સમય આપણો નહિ, તો એનો સમય તો આપણો શેનો જ? આપણો સમય જો કાર્યપ્રીત્યર્થ હોય, તો એનો વધારે કાર્યપ્રીત્યર્થ છે.'

બાપુજીનાં મર્મભેદી વચનોમાં પણ કેટલું ઊંડું સત્ય રહેલું છે એનું દર્શન થતાં મહાદેવભાઈ શાંત થઈ ગયા અને તેમનાથી એક શબ્દ પણ ઉચ્ચારી શકાયો નહિ. પરંતુ બાપુ પ્રેમાળતાથી બોલ્યા, "મહાદેવ, જાઓ હવે. પાછા આવતી કાલે એ જ સમયે એની પાસે જજો, તમારી ભૂલની એની આગળ વાત કરજો, અને ફ્રેંચ શીખવાને બદલે એને આપણી 'ભજનાવલિ'માંથી ભજનો વ.ચીને સમજાવજો."

આમ પદે પદે બાપુજી મહાદેવભાઇને કસોટીએ કસતા હતા. બાપુજી જ્યારે દક્ષિણ હિંદમાં પ્રવાસ કરતા હતા. ત્યારનો એક પ્રસંગ મનનીય છે. બાપુજી સાથે આવેલા કેટલાક સાથીઓને ગેરસપ્પાનો ધોધ જોવાનું મન થયું. મહાદેવભાઈ જો સાથે આવે તો પ્રકૃતિ-સૌન્દર્યનો લહાવો લૂંટવાની ઓર મજા આવે. તેથી રાજાજીએ સાથીઓ વતી બાપુજી પાસે પાસે મહાદેવભાઈને ગેરસપ્પાની ધોધ જોવા જવાની રજા માગી.

તે દિવસે બાપુનું મૌન હતું. એટલે બાપુજીએ કાગળ ઉપર બે જ વાકયો લખ્યાઃ "મહાદેવ નહિ આવે. હું એનો ગેરસપ્પા ધોધ છું."

આ વાતની જ્યારે મહાદેવભાઈને જાણ થઈ ત્યારે તેમણે લખ્યું હતું, "એ વાત સાચી છે. પણ એની સાથે એક કડવું રહસ્ય ભરેલું છે. ગાંધીજી મારે માટે ગેરસપ્પાના ધોધ છે. પરંતુ એ ધોધને કોણ ઝીલી શક્યું છે કે હું ઝીલી શકું? નળનું કે નાના ઝરણાનું પાણી માંડ ઝીલી શકાય, પણ ગેરસપ્પાની નીચે તો ભૂકેભૂકા થઇને ધોવાઈ જઇએ. આજે ગાંધીજી જાણે પોકારીને કહી રહ્યા છે: 'ઝીલો અથવા તો ચૂરેચૂરા થઇ જાઓ.' એ બેમાંથી એક કરવાની ઈશ્વર મને શક્તિ આપો, દેશને શક્તિ આપો!"

૧૯૩૩નો પ્રસંગ છે. બાપુજી વગેરે યરવડા જેલમાં હતા. ત્યાં એક અમેરીકન બાપુને મળવા આવ્યા હતા. એ વાર્તાલાપનો સાર મહાદેવભાઈએ 'હરિજન' માટે તૈયાર ....

[અનુસંધાન પૃષ્ઠ ૧૮૪મે પાને]

આશાબાપ



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

[૮]

વર્ધાની વાત છે. મહિલા–આશ્રમમાં શ્રી. નરહર લક્ષ્મણ આઠવલે આચાર્ય તરીકે કામ કરતા હતા. તેઓ પૂનાના રહેવાસી હતા. માનો એકનો એક પુત્ર. માને તે પોતાનું સર્વસ્વ સમજતા હતા. તેમના પિતાશ્રી તેમને બહુ નાની ઉંમરના મૂકીને ગુજરી ગયા હતા. માતાએ ખૂબ મહેનત મજૂરી કરીને તેમનું પાલનપોષણ કર્યું. પોતાની માના તે એકમાત્ર આધાર હતા. સને ૧૯૩૮નાં જુલાઈ માસની ૩૧મી તારીખ હતી. તે દિવસે અચાનક વર્ધાના ચાર–પાંચ રાષ્ટ્રીય કાર્યકર્તાઓ કાલેરાના સકંજામાં સપડાઈ ગયા. બે ત્રણ તો થોડા જ સમયમાં ખલાસ થઈ ગયા. તે દિવસે આચાર્ય આઠવલે પણ આશ્રમમાં માંદા પડ્યા કૉલેરાની માંદગી હતી. આશ્રમવાસીઓએ પોતાની બધી શક્તિ વાપરીને તેમની દવા કરી, સેવા–ચાકરી કરી. સેવકો રાત દિવસ ખડે પગે સેવાના કાર્યમાં મંડ્યા રહ્યા. દાકતરો અને સેવકોએ આખરે રોગ પર વિજય મેળવ્યો. સૌને લાગ્યું કે હવે આચાર્ય આઠવલે બચી જશે પણ ભગવાનની મરજી કંઈ જુદી જ હતી. આચાર્ય એક માંદગીમાંથી છૂટ્યા ત્યાં તો બીજીએ તેમને પકડી લીધા. હૃદય નબળું પડી ગયું હતું. તેથી તે કૉલેરાની ઘાતક માંદગીના શ્રમને સહન ન કરી શક્યું. દાકતરોએ ઘણાયે ઇલાજ કર્યા પણ સફળતા ન મળી.

સેવાગ્રામથી બાપુ લગભગ હમેશાં આશ્રમમાં આચાર્યને જોવા આવવા લાગ્યા. પરિસ્થિતિ ગંભીર છે એવા સમાચાર જાણી તેઓ જલદી પગપાળા આવી પહોંચ્યા. એ દિવસોમાં બાપુએ ખુલ્લા પગે ચાલવાનો નિયમ કર્યો હતો. ગરમી, વરસાદ, રાત, દિવસ ગમે તે સમયે ઉઘાડા પગે જ બધે જતા આવતા હતા. મહિલા આશ્રમના આચાર્યને બાપુ ખૂબ માનની દૃષ્ટિથી જોતા હતા. એ આદરને પાત્ર પણ હતા. બાળબ્રહ્મચારી, વિદ્વાન, નિષ્ઠાવાન, સદાચારી, એકાગ્રભાવથી, સતત પોતાના કામમાં તલ્લીન

રહેનારા, સારા લેખક, સારા વિચારક, જન્મજાત શિક્ષક, માનસશાસ્ત્રી અને મિત્ર વગેરે અનેક સ્વરૂપે આચાર્ય આઠવલે પોતાના ક્ષેત્રમાં ખૂબજ લોકપ્રિય બની ગયા હતા. ઘરમાં માતાજી તેમને પ્યારથી 'નાના' કહીને બોલાવતાં હતાં. આશ્રમમાં પણ અમે તેમને ઘણુંખરું તે જ નામથી ઓળખતા અને બોલાવતા હતા. જ્યારે નાનાની માંદગી ટળે એવું ન જણાયું, અને દાકતરોને પણ લાગ્યું કે, હવે તેમને બચાવવા મુશ્કેલ છે, એટલે તરત પૂના તાર કરીને તેમની માતાને વર્ધા બોલાવવામાં આવ્યાં.

માતાજી આવ્યાં. આવતાં જ તેઓ પુત્રની સારવારમાં લાગી ગયાં. પુત્ર માતૃભક્ત હતા તો માતા પુત્રભક્ત હતાં. બન્નેને એક બીજા પર અત્યંત પ્રેમ, અનન્ય શ્રદ્ધા, અનન્ય ભક્તિ અને અનન્ય માન હતાં. બધું જ અલૌકિક હતું. નાનાની માતાજીને જોઇને આશ્રમવાસીઓ દંગ થઈ ગયા. એકના એક પુત્રની ઘાતક અને ભયંકર માંદગીમાં પણ એક ક્ષણને માટે પણ તેમણે ધીરજ ન ગુમાવી. ચૂપચાપ ભગવાનના નામનું રટણ કરતાં કરતાં મોતના મુખમાં પડેલા પુત્રની અટલ પ્રેમથી સેવા કરી રહ્યાં હતાં.

૧૯૩૮ના ઑગસ્ટની ૧૧મી તારીખે સવારે ખબર પડી કે, નાનાની તબિયત ગંભીર છે. બાપુને તરત ખબર આપવામાં આવી. બાપુ બધાં કામ પડતાં મૂકીને આવી પહોંચ્યા. આવતાં જ સીધા નાનાના ઓરડામાં ગયા. રોગીની પાસે જઈ જોયું, તેમને બોલાવ્યા. માથા ઉપર હાથ ફેરવ્યો. પોતે ભાનમાં આવે, જુએ, વાતો કરે, એ માટે પ્રયત્ન કર્યા, પણ નાનામાં હવે એટલું ચેતન રહ્યું ન હતું. બાપુ તેમના પલંગ પર બેઠા. રોગીના શરીર પર હાથ ફેરવવા લાગ્યા. નાનાની માતા ત્યાં જ બેઠાં હતાં. ગંભીર હાલત હતી. બાપુ નાનાની માને હિમ્મત આપવા લાગ્યા, પણ માને તેની જરૂર ન હતી. માતાનું તત્ત્વજ્ઞાન અનોખું હતું. બાપુની આશ્વાસન આપનારી વાતો સાંભળી માતાએ સહજ ભાવે કહ્યું, “બાપુજી, નાનો હવે ભગવાનને ત્યાં જઇ રહ્યો છે. એક માતા તરીકે મને તેનું દુઃખ થાય એ સ્વાભાવિક છે. પણ નાનાએ તો પોતાનું જીવન આપના કામ માટે અર્પણ કર્યું હતું. ભરયૌવનમાં તેણે દેશને સ્વરાજ ન મળે ત્યાં સુધી અપરણિત રહેવાની પ્રતિજ્ઞા કરી હતી. આ વાત પંજાબમાં જલિયાનવાલા બાગના હત્યાકાંડ વખતની છે. તે વખતથી ૧૯ વર્ષ સુધી નાનાએ એકનિષ્ઠાથી સ્વરાજ માટે પોતાની જાતને ઘસી છે. મને આનંદ થાય છે કે, હવે તે ભગવાન પાસેથી નવું સશક્ત શરીર મેળવશે અને ફરીથી જન્મ લઇને આપના જ કામમાં બમણી શક્તિથી લાગી જશે. ભગવાનનું ધન હતું ભગવાન પાસે જાય છે. બાપુ, હું કઈ વાતનો શોક કરું?”

નાનાની માતાજીના આ શબ્દો સાંભળ્યા તે સૌનું હૃદય ગદ્ગદ્ થઇ ગયું. એકના એક પુત્રની મૃત્યુ-શય્યા પર દુનિયાના એક મહાન પુરુષને જે વૃદ્ધ, નિરાધાર અને લગભગ નિરક્ષર માતાએ આ વાત કહી તેના અનુપમ ધૈર્ય ઊંચા તત્ત્વજ્ઞાનને ભલા કોણ પામી શકે તેમ છે?

માતાના એ શબ્દોએ સર્વને આશ્ચર્યચકિત કરી મૂક્યા. બાપુ પણ ખૂબ પ્રભાવિત થયા. દિલાસો આપવા ગયા હતા પણ પોતે જ મોટો દિલાસો પામીને ઊઠ્યા. માતાના શબ્દોએ નાનાના જીવનની મહત્તાને વધારી દીધી. [અનુસંધાન પૃષ્ઠ ૧૮૩મે પાને]

આરાબાપુ





ચિ. કુસુમ,

તારો કાગળ મળ્યો. તારા
[illegible]
[illegible] ને હું શું
કરીશ? તારે કામની [illegible]
કામ હોય. તું દવાઓની [illegible]
ભૂલી ગઈ એટલે મને [illegible].
કોઈ હોય તો [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

નાગપુર ૮-૧૧-૩૩ બાપુના આશીર્વાદ

ચિ૦ કુસુમ,

તારો કાગળ મળ્યો. તારા શોખ વિષે એ ઠેકાણેથી રાવ આવી. નામ જાણીને તું શું કરીશ? તારે કામની સાથે કામ હોય. તું સોનાની બંગડીનું ભૂલી ગઈ એટલે મને બસ છે. કોઈ દિવસ તને કંઈ મન ન થાય એ કેમ કહી શકાય? તારી ઉમ્મરે પ્રભુ જાણે મને કેટલીયે ઇચ્છા થતી હશે. ઇચ્છાને મારી શકીએ એટલે સંતોષ.

નાગપુર ૯-૧૦-૩૩ બાપુના આશીર્વાદ

……સંયુક્ત પ્રાંતની મુસાફરીમાં ગરીબ અને ધનિક બહેનોનાં ઘરેણાં જોઈ હું બહુ અકળાઈ રહ્યો હતો. તેવામા બ્રેનસાહેબનું મેં પુસ્તક વાંચ્યું. તેમાં તેમણે ઘરેણાં વિષે કરેલી ટીકા મને મુખ્યત્વે ગળે ઊતરી. તેમણે પુરુષોને પણ આ ઘરેણાંના શોખને સારુ જવાબદાર ગણ્યા છે. હું માનું છું કે પુરુષની જવાબદારી છે અથવા પૂર્વે હતી, આજે તે મોળી પડી હશે; પણ સ્ત્રીઓની પોતાની જવાબદારી ઓછી નથી. ઘરેણાંનો ત્યાગ કરવાનું હું ઘણી બહેનોને સમજાવી નહોતો શક્યો.

આ શોખ ક્યાંથી ને કેમ આવ્યો હશે? મને આ ઇતિહાસની ખબર નથી. તેથી મેં તો કેટલાંક અનુમાનો જ કાઢ્યાં છે. હાથેપગે જે ઘરેણાં સ્ત્રીઓ પહેરે છે એ તેમની કેદની નિશાની છે. પગનાં કેટલાંક ઘરેણાં એવાં વજનદાર હોય છે કે સ્ત્રી તે પહેરીને તીવ્ર ગતિથી ચાલી જ નહીં શકે ને દોડી તો ન જ શકે. હાથનાં ઘરેણાં કેટલીક એવાં પહેરે છે કે જે પહેરીને હાથનો પૂરો ઉપયોગ ન આપી શકે. એથી એ ઘરેણાંને હું તો હાથપગની બેડી જ સમજું છું. કાન નાક વીંધી જે ઘરેણાં પહેરવામાં આવે છે તેમનો ઉપયોગ તો, સ્ત્રીને પુરુષ જેમ દોરવા ઇચ્છે તેમ દોરવામાં મદદ હોવા પૂરતો મેં તો ભાળ્યો. એક બાળક પણ મજબૂત સ્ત્રીના નાકનું કે કાનનું ઘરેણું પકડે તો તેને પરાધીન કરી મૂકે. એટલે મેં તો આ મુખ્ય ઘરેણાંને કેવળ ગુલામીની નિશાની તરીકે ઓળખ્યાં છે.

આ બધાં પુરાણાં ઘરેણાંનો ઘાટ પણ મને તો ખરાબ જ જણાયો છે, મારી આંખે તેમાં કળા મુદ્દલ નથી જોઈ. તેમને મેલનાં સ્થાન તરીકે મેં ઓળખ્યાં ને જોયાં છે. હાથ, પગ, કાન, નાક અને વાળમાં પુરાણાં ઘરેણાંથી લદાયેલી સ્ત્રી તે તે ભાગો સાફ રાખી નથી શકતી. તે તે જગ્યાએ મેલના જામેલા થર મેં ભાળ્યા છે. તેમાંનાં ઘણાં તો રોજ ઉતારી શકાય તેવાં પણ નથી હોતાં. કેટલીક બહેનોએ મને પગના તોડા ને હાથની બંગડીઓ આપ્યાં હતાં તે કાઢવાને સારુ સોની બોલાવવા પડ્યા હતા. એ કાઢ્યાં ત્યારે હાથપગમાં મેલના ખાસા કંદોરા હતા ને ઘરેણાંની કારીગરીમાં તો મેલના થર જામેલા હતા જ. તે બહેનોને પણ ઘણાં વર્ષોનો ભાર ઊતર્યો લાગ્યો.

આધુનિક સ્ત્રી ઘરેણાંની આ ઉત્પત્તિ ભૂલી જઈ તેમને પોતાના શણગાર માને છે, અને તેથી તેમને નાજુક બનાવે છે ઝટ પહેરી ઉતારી શકાય તેવાં તે બનાવે છે, અને બહુ પૈસા હોય તો સોનારૂપાનાંને બદલે હીરામોતીનાં બનાવરાવે છે. આમાં મેલ ભલે ઓછો જામતો હોય, તેમાં ભલે કંઈ કળા ગણાતી હોય, પણ તેમાં ઉપયોગિતા નથી, શોભા કાલ્પનિક છે. જે ઘરેણાં આપણી સ્ત્રીઓ પહેરે છે તે બીજા દેશોની સ્ત્રીઓ નહીં પહેરે. તેમની શોભાની કલ્પના જુદી હોય છે. દેશ

દેશની શોભાની, કળાની કલ્પના બદલાય છે. તેથી આપણે જાણી શકીએ છીએ કે આવી બાબતોમાં કળાનું કે શોભાનું આપણી પાસે સ્વતંત્ર કે સર્વમાન્ય પ્રમાણ નથી.

ત્યારે ઘણી સમજુ, ભણેલીગણેલી સ્ત્રીઓ પણ ઘરેણાંનો શોખ કેમ રાખે છે? વિચાર કરતાં એમ લાગે છે કે, જેમ બીજી બાબતોમાં તેમ અહીં પણ રૂઢિનું સામ્રાજ્ય વર્તે છે. આપણે આપણી દરેક ક્રિયાને સારુ કારણ જોતા નથી, તેની યોગ્યતાઅયોગ્યતાનો વિચાર નથી કરતા. રૂઢિ છે એટલે કરીએ છીએ, ને પછી તે સ્વતંત્ર રીતે આપણને ગમે છે. આનું નામ વિચારશૂન્ય જીવન.

પણ જે સ્ત્રીઓમાં જાગૃતિ આવી છે, જે પોતે સ્વતંત્ર વિચાર કરતી થઈ ગઈ છે, જેને દેશસેવા કરવી છે, જે સ્વરાજયજ્ઞમાં ભાગ લઈ રહી છે અથવા લેવા ઇચ્છે છે, તે ઘરેણાં વગેરેને વિષે પોતાની વિવેકબુદ્ધિ કેમ ન વાપરે?

ઘરેણાંની ઉત્પત્તિ મેં કલ્પી છે તેવી હોય તો, તેમને ગમે તેવાં હળવાં કે શોભીતાં કરો તોયે, તે ત્યાજ્ય છે. સોનાની કે હીરામોતીથી જડેલી બેડી પણ બેડી જ છે. અંધારી કોટડીમાં પૂરો કે મહેલમાં પૂરો, બન્નેમાં પુરાયેલ સ્ત્રીપુરુષ કેદી જ ગણાશે.

વળી શોભા શામાં છે? તેનાં ઘરેણાંમાં, તેના હાવભાવમાં, તેના નિત્યનવા પોશાકમાં, કે તેના હૃદયમાં, તેના આચારવિચારમાં? મણિધર સર્પના મુખમાં હલાહલ છે, તેથી તે મણિનો મુગટ પહેરે છે છતાં દર્શન કરવા કે ભેટવા યોગ્ય નથી ગણાતો.

જે 'કળા' અસંખ્ય પુરુષોનું પતન કરે છે એમ જે સ્ત્રી સમજે છે તે સમજ્યા પછી ઘરેણાંમાં ગમે તેટલી કળા છુપાયેલી હોય તોપણ તે કેમ તેમને સંઘરે? એ વ્યક્તિસ્વાતંત્ર્ય નથી, એ વ્યક્તિગત અધિકારની વાત નથી; એ નર્યો સ્વચ્છંદ છે ને ત્યાજ્ય છે, કેમ કે તેમાં નિર્દયતા છે. પોતાના કાર્યની અસર બીજા ઉપર કેવી પડે છે તે જોવાનો; ને બીજી રીતે તેની ઉપયોગિતા સિદ્ધ ન થતી હોય તો ને અસર ખરાબ થતી હોય તો, તે ન કરવાનો પ્રત્યેક વિચારશીલ દયાળુ સ્ત્રીપુરુષનો ધર્મ છે.

છેવટે, આ કંગાળ મુલકમાં, જ્યાં સરેરાશે જણ દીઠ આપણે સાત પૈસા કે બહુ તો આઠ પૈસા રોજ કમાઈએ છીએ, ત્યાં કોને એક વાલની વીંટી સરખી પણ પહેરવાનો અધિકાર છે? વિચારવતી સ્ત્રી, વળી જે દેશની સેવા કરવા ઇચ્છે છે તે તો, કદી ઘરેણાંને ન અડકી શકે. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં ઘરેણાંમાં જેટલું સોનુંરૂપું આપણે રોકીએ છીએ તે ત્રેવડું નુકસાનકર્તા છે. એક નુકસાન એ કે જ્યાં ખાવાની તંગી છે ત્યાં આપણે ઘરેણાં પહેરી વધારે તંગી કરીએ છીએ. યાદ રાખવું ઘટે છે કે આપણી રોજની કમાણી સરેરાશે સાત કે આઠ પૈસા છે. એટલે જેની રોજની કમાણી એક હજાર રૂપિયા છે તે પણ આ ગણતરીમાં આવી ગયા. એટલે કે, તવંગરને બાદ કરતાં કેવળ ગરીબ વર્ગને લઈએ તો તેની કમાણી એકબે પૈસા થવા જશે. એટલે જેટલો પૈસો ઘરેણાંમાં વાપર્યો એટલું આપણે ગરીબના પેટમાંથી કાઢ્યું. બીજું, આ ઘરેણાં વ્યાજ નથી આપતાં. એટલે દેશની મિલકતમાં તેટલો વધારો થતો આપણે અટકાવ્યો. ત્રીજું, આ ઘરેણાંનો ઘણો ભાગ છેવટે ઘસાય છે, એટલે કે, એટલા ધનનો સર્વથા નાશ થાય છે. જેમ કોઈ પોતાની પાસે રહેલી સોનાની પાટો દરિયામાં ફેંકી દે તો તેટલી તેની દોલત ઘટી ગણાય, લગભગ તેમ જે સ્ત્રી ઘરેણામાં પૈસા નાંખે છે

તેને વિષે કહી શકાય. હું 'લગભગ' શબ્દનો ઉપયોગ કરું છું, કેમ કે કેટલાંક ઘરેણાં આપત્તિકાળે વેચાય છે, એટલે તે ઘરેણાંનો કંઈક ઉપયોગ થયો ગણાય. વેચતાં પહેલાં ઘસારાથી જેટલો નાશ થયો તેટલો થયો જ. અને ઘરેણાં ખરીદનારને તે ફરી વેચતાં કદી ઘરેણાંનું મૂળ દામ ઊપજતું નથી, તેથી તેમાં જે નુકસાન થાય તે તો છે જ. એટલે જે સ્ત્રી ઘરેણાંને સ્ત્રીધન તરીકે કે આપદ્ધન તરીકે રાખવા ઇચ્છે તેણે તો રોકડા પૈસા જ પોતાને નામે મૂકવા જોઈએ, અને માબાપોએ કે સાસરાપક્ષે બૅન્કમાં ખાતું પડાવી જમાચિઠ્ઠી જ આપવી ઘટે. આ સમય ભલે દૂર હોય. જો સમજુ બહેનો, જે સેવિકાનું કામ કરવા ઇચ્છે છે તે, પોતાનાં ઘરેણાંનો મોહ છોડે તો આ લેખનો અર્થ અત્યારે તો પૂરો સર્યો ગણું.

સ્વતંત્રતાની સરવાણી

સ્વતંત્રતા એ દિવ્યાત્માની સેવિકા અને સુપુત્રી છે, સ્વચ્છંદતા એ સેતાનની દાસી અને અનુચારિકા છે.

સ્વતંત્રતા એ સંપૂર્ણતાના સ્વર્ગની કેડી છે, સ્વચ્છંદતા એ અપૂર્ણતાની અધોભૂમિ ભણી ઘસડી જનારી કર્દમભૂમિ છે.

સ્વતંત્રતા એ સત્ય માટેની અનુરુદ્ધ તૃષ્ણાની પ્રેરણાદાયિની છે. સ્વચ્છંદતા એ અવિરત વાસનાને ઉદ્દીપન કરનારી છે.

સ્વતંત્રતા એ દેવી છે, સ્વચ્છંદતા એ નારકી માયા છે.

સ્વતંત્રતા એ ફૂલ–મહેકતી વાડી છે, સ્વચ્છંદતા એ ભયાનક સ્મશાનભૂમિ છે.

સ્વતંત્રતા એ પ્રેમની દીવાદાંડી છે, સ્વચ્છંદતા એ વિકારનું ઝાંખું અજવાળું છે.

સ્વતંત્રતા એ વરદાન છે. સ્વચ્છંદતા એ અભિશાપ છે.

સ્વતંત્રતા એ વિચારોને આત્માના સાધનમાં ફેરવી દેનારી છે, સ્વચ્છંદતા એ ઇન્દ્રિયોપભોગના ઊંડા ગર્તમા મનને ધકેલી દે છે.

સ્વતંત્રતા એ દિવ્ય સવિતા છે, સ્વચ્છંદતા એ આગિયાની ક્ષણજીવી ચમક છે.

સ્વતંત્રતા એ હૃદયનો ધર્મ છે, સ્વચ્છંદતા એ જીવનને વિચ્છિન્ન કરનારા ઝેરની પ્યાલી છે.

સ્વતંત્રતા એ ચેતનાની ધ્રુવતારલી છે, સ્વચ્છંદતા એ પશુતાની ક્ષણિક આતશબાજી છે.

સ્વતંત્રતાની સંવાદિતા સંયમ છે, સ્વચ્છંદતાની તાલબદ્ધતા 'અહંભાવ' છે.

સ્વતંત્રતા એ મહાપુરુષોનું ઉપદેશામૃત છે, સ્વચ્છંદતા એ અજ્ઞાનાંધકારનો મિથ્યા બકવાદ છે.

સ્વતંત્રતાનો શિરતાજ કરુણા છે, સ્વચ્છંદતાનો ભભકભર્યો મુગટ વાસના છે.

સ્વતંત્રતા એ આંતરિક સુન્દરતાની પ્રફુલ્લિતતા છે, સ્વચ્છંદતા એ બાહ્ય ઠઠારાની લિપ્સસ્ટીક (ઓષ્ઠરંગિની) છે.

સ્વતંત્રતા એ આત્માની દીપમાલિકા છે, સ્વચ્છંદતા એ વિલાસિતાની બંસરી છે.

સ્વતંત્રતા વ્યક્તિનો નહીં પણ સમષ્ટિનો સમાવેશ કરી વિચારે છે અને વર્તે છે, સ્વચ્છંદતા હમેશાં 'અહમ્'ની દાંભિક વાણીમાં પોતાને કેન્દ્રિત કરે છે.

સ્વતંત્રતા એ સામંજસ્યની જનની છે, સ્વચ્છંદતા એ વિસંવાદિતાની ધાત્રી છે.

સ્વતંત્રતાની પતાકા પર 'શાંતિ'ની મૂર્તિ અંકિત છે, સ્વચ્છંદતાની ધજા પર 'યુદ્ધ'ની ઘોષણા સ્થાપિત છે.

સ્વતંત્રતા એ સજ્જનની પ્રેમળ વાણી છે, સ્વચ્છંદતા એ જક્કી બાળકનું કંટાળાભર્યું ક્રંદન છે.

સ્વતંત્રતા એ સન્માનિત પરોણો છે, સ્વચ્છંદતા એ નિર્લજ્જ માગણહાર છે.—ગુ૦ મ૦

પ્યારાબાપુ



બાપુનો પરિવાર

સ્વ. શ્રી મથુરાદાસ

ડૉ. જીવરાજ મહેતા

સ્વ. મથુરાદાસ એમના મામા પૂ૦ ગાંધીજીની અનુકૃતિ જેવા હતા. એમણે પૂ૦ ગાંધીજીના જીવનને આદર્શ તરીકે રાખી પોતાનું જીવન ઘડયું હતું. આમ છતાં તેઓ પૂ૦ ગાંધીજીના અંધ અનુયાયી ન હતા. એમને પોતાને ઇચ્છા શક્તિ અને પોતાના આગલાં દૃષ્ટિબિન્દુઓ હતાં અને જ્યારે જ્યારે તેઓને પૂ૦ ગાંધીજી સાથે મતભેદ થતો ત્યારે તેઓ પોતાનું મંતવ્ય રજૂ કરતાં જરા પણ ખચકાતા નહીં. કેટલીવાર તો ગાંધીજી તેમના ભાણેજના દ્રષ્ટિબિન્દુને સ્વીકારતા પણ ખરા અને પોતાના કાર્યની દિશામાં એ અનુસાર ફેરફાર પણ કરતા. આમ છતાં શ્રી. મથુરાદાસ શિસ્તના ચુસ્ત હિમાયતી હોય નિર્ણય લેતી વખતે એ નિર્ણય પોતાના ઇચ્છા કે મંતવ્યને અનુરૂપ ન હોય તો પણ પૂ૦ ગાંધીજીના મંતવ્યમાં પોતાના મંતવ્યનો લોપ થવા દેતા.

શ્રી મથુરાદાસ ૧૯૧૪માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ઈતિહાસ અને અર્થશાસ્ત્રનો વિષય લઈ સ્નાતક થયા. ૧૯૧૫ની શરૂઆતમાં જ્યારે મહાત્માજી દક્ષિણ આફ્રિકાથી હિન્દમાં આવ્યા ત્યારે શ્રી. મથુરાદાસ તેમની દોરવણી હેઠળ સામાજિક સેવાના કાર્યમાં જોડાયા. રોલેટ ખરડાઓનો પ્રતિકાર કરવા માટે સ્થાપવામાં આવેલી સત્યાગ્રહ કચેરીમાં તેઓ જોડાયા. ત્યાર બાદ તેઓ મુંબઈ પ્રાંતિક કોંગ્રેસ સમિતિના કોષાધ્યક્ષ અને મંત્રી બન્યા અને કોંગ્રેસના રચનાત્મક કાર્યક્રમ માટે નાણાં ઊભા કરવા લોકમાન્ય તિલકના સ્મરણમાં શરૂ કરવામાં આવેલા તિલક સ્વરાજ ભંડોળના ટ્રસ્ટી તરીકે નીમાયા. ૧૯૨૩માં તેઓ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સાથે મુંબઈ સુધરાઈ કોર્પોરેશનમાં પ્રવેશ્યા અને મુંબઈ સુધરાઇ કોંગ્રેસ પક્ષની રચનામાં અગ્ર ભાગ ભજવ્યો.

શ્રી મથુરાદાસે ૧૯૩૦ અને ૩૨ની સત્યાગ્રહની ચળવળમાં ભાગ લીધો અને તેમને બે વાર જેલની સજા થઈ. ૧૯૩૪માં મુંબઈમાં કોંગ્રેસનું વાર્ષિક અધિવેશન યોજવાનો નિર્ણય થતાં તેઓ હૃદયપૂર્વક એ કાર્યમાં મંડી ગયા. ૧૯૩૫માં તેઓ બીજી વાર મુંબઇ સુધરાઈ કોર્પોરેશનમાં ચૂંટાઈ આવ્યા અને પોતાની પ્રમાણિકતા, મક્કમતા અને વફાદારી માટે માન પામવા લાગ્યા.

શ્રી. મથુરાદાસને ૧૯૩૯માં મુંબઈ કૉંગ્રેસ સુધરાઈ પક્ષના નેતા તરીકે ચૂંટનારાં તેમના સાથીદારોએ કોર્પોરેશનમાંના તેમના કાર્યની ભારે પ્રશંસા કરી અને ૧૯૪૦-૪૧ના વર્ષ માટે તેમને મુંબઈના નગરપતિ બનવવામાં આવ્યા. આ પદને માટે તેઓ સર્વથા યોગ્ય હતા. તેમણે નગરપતિના કાર્યને જ પોતાનું કાર્ય ગણ્યું અને નાગરિકોના હિતનું હોય એવું કોઈ પણ કામ પછી તે મુંબઈ સુધરાઈ કોર્પોરેશન ધારાની મર્યાદામાં આવતું હોય કે ન હોય તો પણ ઉપાડી લીધું.

૧૯૪૧ના માર્ચમાં સખત પરિશ્રમને લીધે શ્રી. મથુરાદાસનું સ્વાસ્થ્ય કથળ્યું અને તેની અસરમાંથી તેઓ કદી પણ મુક્ત થઈ શકયા નહીં. આને પરિણામે કૉંગ્રેસની પ્રવૃત્તિમાં તેઓ જોઈએ તેટલો ફાળો આપી શકયા નહીં. શ્રી મથુરાદાસના હૃદયમાં નબળા અને દલિત માનવીઓ પ્રત્યે અનુકંપા હતી. પૂ૦ ગાંધીજીની પ્રેરણા હેઠળ તેમણે હરિજનોમાં સામાજિક સેવા કરવાનો આરંભ કર્યો હતો. તેઓ હિન્દુ સમાજની સુધારણાની અને ખાસ કરીને સ્ત્રીઓના કલ્યાણની પ્રવૃત્તિઓના ટેકદાર હતા. આદર્શવાદી હોવા છતાં તેઓ એટલા જ વાસ્તવવાદી પણ હતા. આપણી આઝાદી લડતના પ્રારંભના દિવસોમાં સરદાર પટેલ અને રાજાજી જેવા નેતાઓ પણ એમની સલાહ લેતા. ૧૯૨૫માં તેઓ ગંભીર બીમારીમાં પટકાયા અને પાંચ વર્ષ સુધી રાજકારણમાં સક્રીય ભાગ લઈ શકયા નહીં. ૧૯૩૦-૩૨માં તેઓની તબિયત સુધરતાં સેવા માટે ફરી મોખરે આવ્યા. પાછા ૧૯૪૧માં માંદા પડ્યા. આમ દશ વર્ષ સુધી તેઓ સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ ન લઇ શકયા હોવાને લીધે સુવાન કાર્યકરોને તેઓ અજાણ્યા રહ્યા. જો કે તેમના જીવનના અંતિમ દિવસ સુધી તેમણે બધા જ પ્રશ્નોમાં પોતાનો રસ જાળવી રાખ્યો હતો. માંદગીના સમયમાં તેમણે ક્ષયના દર્દીઓને માર્ગદર્શક થઈ પડે એવું 'મરુકુંજ' લખ્યું અને મહાત્માજીની આત્મકથાની સંક્ષિપ્ત આવૃત્તિ પ્રગટ કરી.

શ્રી. મથુરાદાસની છેલ્લી માંદગી એટલી ગંભીર હતી કે બીજો કોઈ સાધારણ માણસ તો બે કે ત્રણ વર્ષમાં અવસાન પામે, પરંતુ શ્રી મથુરાદાસના નિશ્ચયબલ, આત્મસંયમ અને રોગના પ્રકારની સમજને લીધે તેઓ ઠીક ઠીક સમય સુધી રોગ પર જીત મેળવતા રહ્યા. તબીબી વિજ્ઞાન પ્રત્યેના તેમના ઋણનો તેમને ખ્યાલ આવ્યો અને તેમની અનોખી રીતે તેમણે તબીબી શાસ્ત્ર અને કલા પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરવાનો નિર્ણય કર્યો. પોતાનું સ્વાસ્થ્ય હવે કથળી રહ્યું છે એમ લાગતાં તેમણે ૧૭મી જૂન ૧૯૫૧ના રોજ ડૉ. ગિલ્ડર પર એક પત્ર પાઠવ્યો. એ પત્રમાં તેઓ લખે છે: “પૂ૦ બાપુને લીધે આપણે એકબીજાના સંપર્કમાં આવ્યા અને એ સંપર્ક ચિરમૈત્રીમાં પરિણમ્યો. તમે મારા માંદગીના સમયમાં મારી ખાસ કાળજી લીધી અને સારવાર કરી. જે મને એક 'ટૉનિક' જેવી થઈ પડી. તબીબી સેના અને તબીબોની મૈત્રીએ મારે માટે ઘણું કર્યું છે એટલે હું એવી ઉત્કટ ઇચ્છા વ્યક્ત કરું છું, કે મારા મૃત્યુ પછી મારા મૃતદેહનો વાઢકાપ માટે ઉપયોગ કરવામાં આવે. મારાં ફેફસાં-હૃદય વગેરેની તપાસ કરવામાં આવે અને શકય હોય તો તેને અભ્યાસ અને પ્રદર્શન માટે રાખવામાં આવે અને તે પણ જી. એસ. મેડિકલ કૉલેજ કે કે. ઈ. એમ. હૉસ્પિટલમાં. મને આશા છે

કે તમે મારી આ છેલ્લી વિનંતી અમલમાં મૂકતાં અચકાશો નહીં.”

શ્રી મથુરાદાસને લાગ્યું હતું કે, તબીબી વિજ્ઞાનમાં થયેલી પ્રગતિને લીધે જ તેમનું આયુષ્ય આટલું ટકી શક્યુ અને બદલામાં તેમણે વિજ્ઞાન અને માનવતાની યથાશક્તિ સેવા કરવાનો સંકલ્પ કર્યો. આથી જ શ્રી. મથુરાદાસે સ્વેચ્છાથી પોતાના મૃતદેહનું પોસ્ટ મોર્ટેમ કરવાનું જણાવ્યું અને કે. ઇ. એમ. હૉસ્પિટલ તેમજ શેઠ જી. એસ. મેડીકલ કૉલેજના ડીન ડૉ. ધાયગુડે અને તેમના સહકાર્યકરોએ પોસ્ટ મોર્ટેમ કર્યું અને આને પરિણામે શ્રી. મથુરાદાસ દસ વર્ષના લાંબા ગાળા સુધી રોગ સામે કેવી રીતે ટકી રહ્યા તે વિષેની અમૂલ્ય માહિતી મળી. એમનો નિર્ણય તેમની આત્મશ્રદ્ધાનો નિર્દેશક છે.

આવા ઉમદા આત્મબલિદાનને સફળ બનાવવા દેવા માટે તબીબો તરફથી ડૉ. ગિલ્ડર અને હું શ્રી. મથુરાદાસના કુટુંબના સભ્યો કે જેમણે ખુશીથી અને સત્વર તેમની અંતિમ ઇચ્છાનો અમલ થવા દેવામાં સંમતિ આપી તેમનો આભાર માનીએ છીએ. અમે આશા રાખીએ છીએ શ્રી. કે. મથુરાદાસ અને તેમનાં કુટુંબીજનોના ઉમદા સેવાકાર્યની સાચી ભાવના બીજાઓ પણ સમજશે. આવી ત્યાગભાવના જ રાષ્ટ્રમાં પ્રગતિની ભાવના જાગ્રત કરે છે અને રાષ્ટ્ર માટે ગૌરવરૂપ બને છે. શ્રી મથુરાદાસે આપણને તબીબી શાસ્ત્ર અને માનવતાના હિતાર્થે અનુસરવા માટેનો બોધપાઠ આપ્યો છે.

બાપુની અનોખી વાતો: [અનુ૦ ૧૭૬થી ચાલુ]

માતા અને પુત્રનું એક નવું પુણ્ય અને પાવનરૂપ સૌની સમક્ષ ખડું થયુ બધાંએ પોતાનાં મસ્તક ઝુકાવ્યાં અને ધન્ય ધન્ય કહેવા લાગ્યાં.

જ્યારે નાનાએ દેહ છોડ્યો, પંખી ઊડી ગયું ને પિંજર ખાલી રહ્યું, ત્યારે આગળની બધી વ્યવસ્થા કરાવીને બાપુ સેવાગ્રામ પાછા ફર્યા. આશ્રમની બહેનો અને શિક્ષકોને કહેતા ગયા, “ભીડ ન કરો, પોતપોતાનું કામ કરો, સમય ન ગુમાવો. નાના મરી ગયા નથી, મરીને જીવી ગયા. તેમના જેવું જીવન બનાવવાનો પ્રયત્ન કરો.”

સેવાગ્રામ પહોંચીને એ જ દિવસે બાપુએ નાનાની માતાજી ઉપર ગુજરાતીમાં ટૂંકો મર્મયુક્ત પત્ર લખ્યો. નાનાનો જન્મ કાઠિયાવાડમાં થયો હતો. તેથી નાનાએ બાળપણમાં જ ગુજરાતી ભાષા શીખી હતી. નાનાની મા પણ ગુજરાતી સારી રીતે બોલતાં અને સમજતાં હતાં. તેથી બાપુએ નીચે પ્રમાણે પત્ર લખી મોકલ્યો:

પ્રિય ભગિની,

નાના ગયા એનો શોચ તમે નહીં જ કરતાં હો. તમારું ધૈર્ય જોઈ હું તો મુગ્ધ થયો છું. નાનાના ત્યાગ અને સંયમને તમને જોઈ વધારે સમજી શક્યો છું. નાનાનું શરીર પડ્યું એનો આત્મા તો સદાય મહિલા-આશ્રમમાં રહેશે અને અનેક બહેનોને પ્રેરણારૂપ થશે.

સેવાગ્રામ, ૧૧-૮-૧૯૩૮ મો. ક. ગાંધીના
વંદેમાતરમ

બાપુએ પોતાના જીવન, પોતાના કાર્ય અને પોતાની પ્રેરણાથી લોકોને કેવી રીતે ઊંચે આણ્યા અને શહીદ બનાવ્યા તેનું એક અનોખું ઉદાહરણ નાના અને તેમની માતાનું આ ઉદાત્ત સ્વરૂપ છે.

જય નાના! જય નાનાની મા!! જય બાપુ!!!

મહાદેવભાઈની સાધના : [અનુ૦ ૧૭૪થી ચાલુ]

કરીને બાપુને બતાવ્યો. બાપુને એ સારમાં કેટલાંક ગેરસમજૂતીભર્યાં વાકયો જણાયાં અને તેઓ તરત જ ગુસ્સે થઈ ગયાં. મહાદેવભાઈની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. મહાદેવભાઈએ ફરીને તે સાર લખ્યો અને બાપુજીને બતાવ્યો. તે વાંચીને બાપુ પ્રસન્ન થયા અને 'હરિજન'માં છાપવાની તેમણે મંજૂરી આપી.

આમ મહાદેવભાઈને ખૂબ જ જાગ્રત રહેવું પડતું. વળી મહાદેવભાઈ બાપુજીની સેવા પણ તનમનથી કરતા. સોળ કલાક કામ કરવું એ તો એમને મન સ્વાભાવિક હતું. એ બધા વચ્ચે નિયમિત કાંતવાનું અને ગમે તેટલા મોડા સૂતાં હોય તોએ સવારની વહેલી પ્રાર્થનામાં હાજર રહેવાનું કદી ચૂકતા નહિ. બાપુજીનું એકેએક કામ તેઓ ખૂબ પ્રેમથી કરતા. ૧૯૪૨માં જેલમાં ગયા ત્યારે તેમની તબિયત સારી ન હતી. જેલમાં ગયા પહેલાંની વાત છે. જેઠ મહિનાની બપોર હતી. ગાંધીજીની સાથે સખત તાપમાં ચાલતાં ચાલતાં મહાદેવભાઈ બેશુદ્ધ બની ગયા. આ વાતની શ્રી. ઘનશ્યામદાસ બિરલાને જાણ થઈ. ત્યારે તેઓ મહાદેવભાઈને કહેવા લાગ્યા, 'મહાદેવભાઈ, વૃદ્ધ બાપુ તડકામાં ચાલી શકે અને તમે બેશુદ્ધ બની જાઓ એ શરમાવા જેવી વાત છે. થોડા દિવસ મારી સાથે રહી આરામ લો અને સાજા થઈ જાઓ.'

મહાદેવભાઈ બોલ્યા: '....હું કયાં લાંબુ જીવી શકવાનો હતો? હું તો કામ કરતાં કરતાં બાપુને ખોળે માથું મૂકી મરી શકું તોય સારું.'

આમ ભવિષ્યકાળની આગાહી જાણે મહાદેવભાઈને પહેલેથી થવા લાગી હતી.

મહાદેવભાઈના અવસાનના એક અઠવાડિયા પહેલાં રાતે સભામાંથી પાછા આવ્યા પછી નારાયણ દેસાઈ તેમ જ કનુ ગાંધી મહાદેવભાઈ સાથે ટોળ કરતા હતા. નારાયણ દેસાઈએ કહ્યું, 'કાકા, હવે અમે આઝાદ બાપુજીએ કહી દીધું કે, હવે સૌ આઝાદ છે. એટલે અમે હવે તમારું પણ નહીં માનીએ.' મહાદેવભાઈ હસીને બોલ્યા, 'પણ તારે મારું ક્યારે માનવું પડે છે. તારે તારી બાની વાત માનવી પડે છે.' અને ખરેખર, થોડા જ વખત પછી એ જ સત્ય ઠર્યું!

આમ તો ૧૯૪૨ની જેલ દરમિયાન મહાદેવભાઈની તબિયત સારી ન હતી. પણ તેમને તો બાપુની ચિંતા ખૂબ હતી: તેમણે ૧૨મી ઑગસ્ટે સુશીલાબહેનને કહ્યું હતું, '....આ વખતે મને કશું કરવાનું મન થતું નથી. બાપુના ઉપવાસની તરવાર માથા પર લટકે છે ત્યાં સુધી હું કશું કરી નથી શકતો....'

છેવટે મહાદેવભાઈ કશું કરી જ ન શકયાં. તા. ૧૫મી એ તો તેઓ પોતે જ ચાલ્યા ગયા. બાપુની ચિંતામાં તેમણે પોતાના શરીરનો ખ્યાલ ન કર્યો શ્રી. સરોજિની નાયડુ તે વખતે બાપુ સાથે જ હતાં. તેમણે કહ્યું હતું: 'ક્યારેય કોઈએ બીજાને માટે જીવન આપ્યું હોય તો તે મહાદેવે આપ્યું. ઈશુ ભગવાનની પેઠે તે બાપુ જીવી શકે એટલા માટે મર્યા. માણસ બીજાને માટે પોતાના પ્રાણ અર્પણ કરે તેના કરતાં એક માણસ બીજાની શી સેવા કરે?'

મહાદેવભાઈનું આવું સાધનાશીલ જીવનનું સ્મરણ થતાં માથું આદરથી નમી પડે છે. મહાદેવભાઈની સેવા પરાયણતાનો એકાદ અંશ પણ જીવનમાં ઉતારવા પામીએ તો ઘણું.

વ્હાલા બાપુ

વિદાય વેળાએ……

ગુ૦ મ૦



આશરે ત્રીસેક વર્ષ પહેલાં ચિરકાળની પ્રાર્થનાના ફળ રૂપે હું પ્રથમ વાર ગુરુદેવને શાંતિનિકેતનની વૃક્ષાચ્છાદિત ભૂમિ પર મળ્યો, અને તેમનામાં રહેલા પિતૃદત્ત સંસ્કારે મારા અંતરમાં માનવસુલભ દિવ્યતાની અનુભૂતિ જગાડી. એ જ ક્ષણમાં-જાણે મારામાં રહેલી જાતિ–કુળની ભાવના વિગલિત થઈ ગઈ. આ રીતે હું દ્વિજ બન્યો, ગુરુદેવે કહેલી ઉપમા વાપરીને કહું તો, જેમ પંખી ઈંડાના કોચલાને તોડીને બહાર નીકળી અનંત આકાશમાં વિહરવા નવો અવતાર પામે છે, તેમ મારી પણ સ્થિતિ થઈ. આમ કવિવર મારા અધ્યાત્મિક ગુરુ બન્યા. ત્યારથી હું તેમના પ્રેમના પ્રકાશમાં અને અનંત પ્રકાશના પ્રેમમાં વૃદ્ધિ પામતો ગયો અને એ દ્વારા પ્રભુની ઝાંખી કરવા પામ્યો. તેથી એમનું મારા પર અપાર ઋણ છે અને તે એવું છે કે, હું તેમાંથી કદી છટકી શકું એમ નથી.

૧૯૧૯ની સાલ દરમિયાન પણ શાંતિનિકેતન પ્રાચીન વન–સંસ્કૃતિને અનુરૂપ જીવનની સુવાસથી સભર ભરેલું હતું. સકળ સૃષ્ટિ જે બંધુતાના સંગીતથી ધબકી રહી છે તેની આકૃતિ રૂપ શાંતિનિકેતન હતું માનવી અને કુદરત એ બંને પરમ સર્જનહારની હાજરીનું આપણને ભાન કરાવતાં હતાં

ત્યાર પછી ભારે પરિવર્તન થયું. આદર્શસમી શાળા ધીમે ધીમે યુનિવર્સિટીનું રૂપ ધારણ કરવા લાગી. સાદાઈભર્યું ગામડું શહેરની ભભકથી રાચવા લાગ્યું. ધર્મની દૃષ્ટિએ કહીએ તો એ આશ્રમ હિંદનું નાનકડું સ્વરૂપ છે; સંસ્કારની દૃષ્ટિએ, તે નાનું એશિયા છે; સાધનાની દૃષ્ટિએ પૂર્વ અને પશ્ચિમના સંગમ રૂપ છે; અને આર્થિક દૃષ્ટિએ તે મોટી વેપારી પેઢી બનતું જાય છે. ધીમે ધીમે શાંતિનિકેતન એક વિશાળ સંસ્થાનું રૂપ ધારણ કરતું જાય છે, અને ત્યાં મધમાખની પેઠે કામની ધમાલ મચી રહી છે. હવે ત્યાંના કાર્યકરોને નવા ખીલતા ફૂલને જોવાની કે વાદળાંની ઘટાને નિહાળવાની અથવા સૂર્ય–પ્રકાશમાં પતંગિયાની પેઠે પડી રહેવાની લગારે ફુરસદ નથી. પહેલાંનું વાતાવરણ, જેમાં અંતપ્રજ્ઞાને જાગ્રત થવાનો અવકાશ હતો, તેમ જ આપણા અંતરાત્મા સાથે એકરૂપતા સધાતી હતી, તે આજે ધીમે ધીમે અદૃશ્ય થતું જાય છે અને રોજબરોજનાં કામો જ વાતાવરણ પર વર્ચસ્વ જમાવતાં જાય છે. આ રીતે તો પ્રકૃતિની સાથે સહકારની ભાવનાથી પ્રગટ થતી પવિત્રતા સાધવા માટે કરવામાં આવતો માનવ–પુરુષાર્થ હવે માત્ર ભૂતકાળનું અમૂલ્ય સંસ્મરણ તરીકે રહેશે એવો ભય ઉપસ્થિત થાય છે. અને ખરેખર, આજે શાંતિનિકેતનનું

દર્શન કરતાં અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થના દુઃખભર્યા શબ્દો યાદ આવે છે: 'જગતની જંજાળ આપણને વધુ ને વધુ વળગતી જાય છે!'

વનમાં સ્થપાતા આશ્રમને લક્ષમાં રાખીને જગવિખ્યાત મહાપુરુષે સ્થાપેલ શાંતનિકેતન ભલે સમયને અનુસરીને ફેરફાર પામતું હોય, તોયે તે આધુનિક યુગને બંધબેસતું આવે એમ નથી. વળી સાથે સાથે એમ તો ન જ કહી શકાય કે, કવિવર એવી શકયતા ઊભી ન કરી શકત. કદાચ આજનું કાર્ય–તંત્ર તેમ જ આદર્શના પ્રણેતાઓ એ સ્વપ્નને કાર્યમાં પરિણિત કરવા કે દર્શનને મૂર્ત સ્વરૂપ આપવા જેટલી આસ્થા ધરાવતાં નથી.

છતાં પણ, ઝડપભેર વિકાસ પામતી આ સંસ્થાના સંચાલન દ્વારા પરસ્પર સહકારની સુસંવાદિતા જાળવી શકાય ખરી. પરંતુ દુઃખની વાત એ છે કે, ત્યાં તો એવી સંકુચિતતાનું વાતાવરણ પ્રસરી ગયું છે કે, પ્રત્યેક વિભાગ એકબીજાથી વિભિન્ન થતા જાય છે, સૌ પોતપોતાના ચોકા જમાવી બેઠા છે. આ પ્રમાણેની વિભિન્નતા સામે ગુરુદેવ હંમેશાં ઝૂઝતા હતા, કારણ કે, આવી વિભક્તતા આશીર્વાદરૂપ નથી, પરંતુ શાપરૂપ છે. તેથી શાંતિનિકેતનમાં આજે એવું થઈ રહ્યું છે કે જેથી માનવ કરતાં યંત્રનું મહત્ત્વ વધી જશે!

વળી, વિશ્વભારતીના પ્રત્યેક વિભાગના આદર્શો પહેલાંના જેવા જ છે, પરંતુ તેઓનું સ્થૂળ સાન્નિધ્ય જ જળવાતું હોવા છતાં એમાં આપણને દિવ્યતાની પ્રતીતિ થતી નથી. કારણ કે, પહેલાંના સમયની પેઠે આજે ત્યાંનું વાતાવરણ અનંતતાના ધબકારની અનુભૂતિ કરાવે એવું રહ્યું નથી, જેથી તેમાં બધાં વિસંવાદો વિગલિત થઈ જાય, આધ્યાત્મિક એકતા સધાય અને વ્યક્તિતાનો વિકાસ થાય.

આજે શાંતિનિકેતન સરકારની સહાયથી ચાલતી યુનિવર્સિટી બની ગયું છે. પરંતુ સમય જ નક્કી કરી શકશે કે, શાંતિનિકેતને મૃગજળ સમાન ભૌતિક તેમ જ બૌદ્ધિક વિકાસ સાધવો જોઇએ કે તેના પ્રસ્થાપકને પગલે પ્રયાણ કરવું જોઈએ. ગુરુદેવ તો કહેતા કે, આશ્રમનું ધ્યેય માનવીને ઈશ્વરાભિમુખ કરવાનું છે, તેમ જ મહર્ષિ દેવેન્દ્રનાથની ભાવના અનુસાર કહીએ તો, આધુનિક યુગના ભભકભર્યા ઠાઠમાઠથી ન આકર્ષાતાં આત્માની સત્યતાની પ્રતીતિ કરાવવાનું છે. કારણ, કેટલાક સમય પહેલાં શાંતિનિકેતનનો મૂળ આદર્શ 'ગૃહ અને મંદિર' સ્થાપવાનો હતો જે આજે ભુલાઈ જવાયો છે. આજે તો ઘરને બદલે છાત્રાલય ઊભું થયું છે, મંદિરનો તો ત્યાગ કરવામાં આવ્યો છે અને મહેમાનગૃહ યજમાનના ભાવભીના સત્કાર વિહોણું બની ગયું છે! વળી ત્યાં ખેડૂતના હળને કે રેંટિયાને પણ સ્થાન નથી.

આજે વિશ્વભારતીની શક્તિ છૂટા છોડી મૂકેલા નળ વાટે જેમ પાણી નકામું વહી જાય છે, એમ નિષ્કારણ વેડફાતી જાય છે!

વળી જે શતીમ વૃક્ષ તળે શાંત ચિત્તે બેસીને મહર્ષિએ ઘણાં વર્ષો સુધી સાધના કરી હતી અને જેના ફળરૂપે શાંતિનિકેતનનો ઉદ્ભવ થયો હતો, તે સ્થાનથી શાંતિનિકેતન દૂરને દૂર સરતું જાય છે, એટલે કે, શાંતિનિકેતનના ઉપવનનો આદર્શ ધીમે ધીમે નષ્ટ પામતો જાય છે અને ઑફિસ-વૃત્તિ વધતી જાય છે, ચોપડાનો ઢગ ખડકાતો જાય છે; આધ્યાત્મિકતા આથી વધારે ને વધારે અદૃશ્ય થવા લાગી છે અને અનંત અવકાશને રૂંધી નાંખે એવાં જંગી મકાન ઊભાં થતાં જાય

આશાબાપુ



આપણે ઘણાં વર્ષોથી ઇચ્છતા હતા એ આઝાદી આપણને મળી. આજે એ મળ્યે ચાર વર્ષ થયા. એટલે આપણે તેની ઊજવણી કરીએ છીએ. જ્યાં સુધી સમજુ માણસો રહેશે ત્યાં સુધી આ દિવસ ઊજવાશે.

ત્રીસ વર્ષ સુધી હિંદના મહાપુરુષોએ આ વસ્તુની માગણી કર્યે રાખી હતી. અને એ મેળવવા માટે સતત અથાગ પુરુષાર્થ કર્યો હતો. તેઓ એમ માનતા કે પાંચ હજાર માઈલ દૂરથી અહીં આવીને આપણા ઉપર અંગ્રેજો રાજ્ય કરે એ ઠીક નથી, એટલે એમને કાઢવા માટે એમણે પ્રયત્નો કર્યા.

આજે આપણે જેને સ્વરાજ્ય કહીએ છીએ એને માટે ભેખ ધરનારા, દિનરાત એનું રટણ કરનારા, ખાતાં પીતાં, ઊંઘતાં, એને જ સંભાળનારા, એના સિવાય બીજું કશું જ નહીં ઇચ્છનારા એવા બે મહાપુરુષો થયા: તિલક મહારાજ અને ગાંધીજી. એ બંને પુરુષોએ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધની જેમ પોતાનાં કાર્યો કર્યાં. બંનેની કામ કરવાની રીત જુદી હતી, છતાં એકબીજાની પૂરક હતી; જેમ એક દળે અને બીજો રોટલો ઘડે – એ બંને ક્રિયા જુદી જુદી હોવા છતાં એકબીજાંની પૂરક છે તેમ.

તિલક મહારાજે 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે.' એ શીખવવાનું કામ કર્યું. એ હક્ક સાબિત કરવા માટે એમણે પોતાની વાણી અને કલમનો ઉપયોગ કર્યો. એમણે એ શિક્ષણ આપી આપીને, એ માટે ઘણું ઘણું સહીને દેશમાં સ્વરાજ્ય માટેની તમન્ના જગાડીને દેશને તૈયાર કર્યો.

સ્વરાજ લેવાનું કામ ગાંધીજીને ભાગે

છે–અને એ રીતે અનંતતાના ઉરધબકની, અસીમના સૌન્દર્યની અનુભૂતિ ક્યાંથી થઈ શકે?

શાંતિનિકેતનથી વિદાય લેતી વેળાએ ગુરુદેવના ઉચ્ચ આદર્શથી પ્લાવિત એવા મારા હૃદયમાંથી આવા ઉદ્ગારો સરી પડે છે. પરંતુ ઊંડે ઊંડે મારા અંતરાત્મામાં એક અદમ્ય આશા જાગે છે કે, શાંતિનિકેતન એ જ ઉચ્ચ આદર્શ માટે અસ્તિત્વ ધરાવે છે અને એ પુનિત ભૂમિમાં મહર્ષિના અને ગુરુદેવના આત્માનું ગુંજન સનાતન કાળ સુધી સ્પંદતું રહેશે અને ફરીને એ સાધનાશીલ ભૂમિમાં જ આ આદર્શ પુનર્જન્મ પામશે. અને આજે હું એ જ ઉન્નત અને મંગળ આશા સેવીને ગુરુદેવની એ તપોભૂમિ તરફ મીટ માંડીને નીરખી રહ્યો છું.

આવ્યું. ગાંધીજીએ જોયું કે દેશવાસીઓનું પતન થઈ રહ્યું છે. અને એમાંથી એમને ઊંચે લાવવાના કાર્યની આડે અંગ્રેજ સરકાર આવે છે; માટે એ સરકારને કાઢવી જોઈએ. એનો આશ્રય છોડવો જોઈએ, એનો સંગ છાંડવો જોઈએ. એ માટે તેમણે અસહકારનું શસ્ત્ર પ્રયોજ્યું.

એક માણસ ચાલતો હોય અને વચ્ચે આડું ઝરડું આવે તો એ એને સાચવીને કોરે મૂકે. બીજો એને બાળી પણ મૂકે, પણ એ બાળવામાં શક્તિ વધારે ખરચાય. ગાંધીજીએ કહ્યું કે આપણે આપણો વિકાસ કરવો છે, એમાં અંગ્રેજ સરકાર ઝરડાની જેમ રુકાવટ કરે છે, માટે એને કોરે મૂકો. આપણે વિકાસ સામે નજર રાખીને ચાલવું જોઈએ, એ દૃષ્ટિ ગાંધીજી આખા દેશમાં લાવવા માગતા હતા.

અંગ્રેજ સરકારે અદાલતો કરી હતી, એને લીધે કજિયા ઘટવાને બદલે વધ્યા, અને આપણામાં કુસંપ પેદા થયો. એ સરકાર આપણા ઉદ્યોગધંધાનો વિકાસ રોકતી હતી. આપણે આપણાં બાળકોને માણસ બનાવવાની કેળવણી આપવી હતી, તેમાં પણ સરકાર રુકાવટ કરતી હતી. આપણે આપણું બળ એ રુકાવટ દૂર કરવામાં વાપરવુ જોઈએ એમ ગાંધીજીએ કહ્યું. તેમનું મુખ વિકાસ તરફ હતું એટલે જે જે વસ્તુ એની આડે આવી, તેને દૂર કરવા પ્રયત્ન કર્યા. પછી એ રુકાવટ ધર્મની હોય, રૂઢિની હોય, સમાજની હોય કે સરકારની હોય. રસ્તામાં જતાં થોરની વાડ આવે ત્યારે જો એમ લાગે કે ચોરિયો પહોળો કર્યે જવાય તેમ નથી, તો તેને ઉખેડી નાખવો જોઇએ; તેવી રીતે અદાલતો વગેરે રાજની બધી પ્રવૃત્તિઓ થોરની જેમ રુકાવટ કરનારી લાગી એટલે એને પાછી ફેંકવા ગાંધીજીએ અસહકારનો માર્ગ લીધો. અને તેમાં સામેલ થવા કેવળ બુદ્ધિશાળીઓને જ નહીં પણ આમજનતાને પણ હાકલ કરી. અદાલતો છોડીને લવાદ મારફત કુસંપ દૂર કરવા કહ્યું. અર્થહીન કેળવણી છોડીને દેશને ઉપયોગી કેળવણી લેવા કહ્યું. આ કામ માટે ઘરબાર અને મિલકતનો મોહ છોડનાર જુવાનોને આમંત્ર્યા, આને આપણે 'રચનાત્મક કાર્યક્રમ' એવું નામ આપ્યું.

વિકાસ તરફ મોં રાખીએ પછી ક્રોધ કે હિંસાને તો સ્થાન જ ક્યાંથી હોય? આપણી જ ભૂલો હોય એટલે ક્રોધ કોના પર કરવાનો હોય? આપણા જ આંગણામાં ઘાસ ઊગ્યું હોય ત્યાં બીજાને શું કહેવું? તે ઘાસને આપણે ઉખેડી નાખવું જોઇએ. આપણે આપણી ભૂલો દૂર કરવી જોઈએ. ગાંધીજીએ સરકારનો સામનો કર્યો પણ તે વિકાસ સામે મોં રાખીને. મેળામાં હીંડતા માણસનું ધ્યાન માર્ગ કાઢીને મંદિરે પહોંચવા તરફ હોય છે, ધક્કા મારવા તરફ નથી હોતું. તેવે વખતે આપણે બીજાને હઠાવીએ છીએ તે એ તરફ પહોંચવાનો માર્ગ કાઢવા માટે. એમાં જે આડે આવે તેને આગળ હાથ રાખીને દૂર કરીએ છીએ. એ વખતે આપણને કોઈ પર ક્રોધ નથી હોતો. તેમાં મિત્ર પણ આવી જાય અને અજાણ્યો પણ આવી જાય. રુકાવટ કરનારને કેવી રીતે દૂર કરવો એ ગાંધીજીએ રચનાત્મક કામ દ્વારા બતાવ્યું.

પણ આપણે ભૂલમાં પડી ગયા. આપણે માર્ગ કાઢવા તરફ મોં રાખવાને બદલે દૂર કરવાની–ધક્કાની મઝામાં પડી ગયા. એટલે કે વિકાસ તરફ મોં રાખવાને બદલે કેવળ અંગ્રેજોને કાઢવા તરફ મોં રાખ્યું. એને

[illegible]

પરિણામે દેશને ભયંકર નુકશાન થયું છે. આજે આપણે પચીસ વર્ષ પહેલાં જ્યાં હતા ત્યાંના ત્યાં જ રહ્યા છીએ. અંગ્રેજો તો ગયા. પણ આપણો ધક્કા મારવાનો રસ હજુ નથી ગયો. એટલે હવે આપણે અંદર અંદર ધક્કા મારવા લાગ્યા છીએ. આપણું મોં વિકાસ તરફ નહોતું એટલે જ આપણે ત્યાં કાળાં બજાર અને સત્તાની હોંસાતૂંસી ચાલે છે.

હવે આપણું મોં વિકાસ તરફ ફેરવીએ. આપણો કુસંપ કાઢીએ. આપણા જ ભાઈઓને દબાવવાનો મદ કાઢીએ. બધા ભેગા થઈને સાથે રહીને વિકાસ તરફ મોં રાખીને દોડીએ, તો જ સાચું સ્વરાજ આવશે.

ગાંધીજીએ આપણને ક્રિયા મારફત જ્ઞાન તરફ વાળ્યા પણ આપણી વર્ષોની નબળાઈ અને મેલથી બહુ અજવાળું આવ્યું નહીં. ડાઘા પડી ગયેલાં જૂનાં વાસણોની જેમ ગાંધીજીએ આપણને પચીસ પચાસ વર્ષો સુધી ખટવીને ઘસ્યા તોય ડાઘા ગયા નહીં.

અંગ્રેજો ગયા તેથી સ્વરાજ આવી ગયું એમ આપણે સમજીએ છીએ. પણ એક અંતરમાં ઉતારવા જેવી વસ્તુ તરફ આપણું જોઈએ તેટલું ધ્યાન ગયું નથી, તે એ કે સ્વરાજ એ સાધન છે – સાધ્ય નહીં. એ જ વાત અનેક વખત ગાંધીજીએ ઠોકી ઠોકીને કહી છે. સ્વરાજ્ય તો સાધન છે; ને સાધ્ય તો છે આત્મવિકાસ અને સામાજિક પ્રેમ. એટલે અંગ્રેજો ગયા તેટલામાં બધું આવી ગયું એમ માનવાનું નથી. મુસાફરીમાં આવતા અંતરાયને દૂર કરવો એ જ ફક્ત મુસાફરીનું ધ્યેય હોતું નથી. તેનું ધ્યેય તો નક્કી કરેલા સ્થાને પહોંચવાનું હોય છે. તેવી જ રીતે અંગ્રેજી તંત્ર સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક ઉન્નતિમાં અંતરાયરૂપ હતું તે હવે દૂર થયું છે. એટલે હવે આપણો, ઉપર જણાવેલ ત્રિવિધ ઉન્નતિ કરવાનો, પુરુષાર્થ કરવા માટેનો માર્ગ સરળ થયો છે. જેટલા પ્રમાણમાં તે પુરુષાર્થ કરીશું તેટલા પ્રમાણમાં સાચું સ્વરાજ્ય પ્રાપ્ત કરી શકીશું.–રવિશંકર મહારાજ

એક દિવસે એક રાજાએ એક માણસને કેદ કર્યો અને કહ્યું: “તું મને બે હાથ જોડીને નમસ્કાર કર.” માણસ બોલ્યો: હું તમને હાથ નહીં જોડું.” “રાજા ખૂબ જ નારાજ થયો અને બોલ્યો! “હું તને મારી નખાવીશ.” માણસે જરા પણ ડર્યા વગર કહ્યું: “તમે ભલે મને મારીન ખાવો, પરંતુ મારા આત્માને તો મારી નહીં શકો. ગીતાજીમાં કહ્યું છે:

નૈનં છિંદન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવક: તમે શરીરને સળગાવી શકો છો કાપી શકો પરંતુ આત્માને કોઈ મારી શકતું નથી.

અમેરિકાના પ્રમુખ અબ્રાહિમ લિંકન એક દિવસે પાર્લામેન્ટમાં જઈ રહ્યા હતા. રસ્તામાં તેમણે એક સૂવરને કીચડમાં ખૂંચેલું જોયું, પ્રયત્ન કરવા છતાં તે નીકળી શકતું ન હતું. પ્રમુખે પોતાની મોટર ઊભી રખાવી અને જાતે જઈને તે સૂવરને કીચડમાંથી બહાર કાઢયું. કીચડમાં જવાથી તેમના કપડાં પર છાંટા ઊડ્યા હતા, પણ તેઓ તો તે જ કપડે પાર્લામેન્ટમાં ગયા. બધા સભ્યો પ્રમુખના આવા કપડા જોઈ આશ્ચર્યમાં પડી ગયા. છેવટે જ્યારે મોટર હાંકનારે તેમને બધી વાત કહી ત્યારે તે લોકો તેમની પ્રશંસા કરવા લાગ્યા. આ સાંભળી પ્રમુખ બોલ્યા: મેં કંઈ તે સૂવરનું દુઃખ ઓછું નથી કર્યું પરંતુ તેને જોઇને મને દુઃખ થયું તે જ મેં દૂર કર્યું છે, અર્થાત્ મેં મારું જ દુઃખ દૂર કર્યું છે।”

પ્રાર્થના પછી

[ગયા મે માસમાં બીડજમાં કાયદા શિબિર વખતે પ્રાર્થના પછી પ્રવચનો થતાં હતાં. એ પ્રવચનોમાં સર્વોદયની દૃષ્ટિને વિશદ રીતે સમજાવવામાં આવી છે. બાપુજીના વિચારોને સમજવા તેમ જ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર પ્રત્યેકને એ અતીવ ઉપયોગી થઈ પડે એમ છે. 'પ્યારાબાપુ'માં ક્રમે ક્રમે તે પ્રગટ થશે.]

(૨)

ગ્રામસેવકે પોતાની દૃષ્ટિ ભૂલવી ન જોઈએ. લોકો કહે તે રીતે તેણે ન કરવું પણ પોતાના રસ્તે જ ચાલ્યા જવું. લોકો પોતાની સાથે ન આવે તેની ચિન્તા નહિ પણ પોતાના પંથે તેણે ચાલ્યા કરવું જોઈએ. તે લોકો માટે છે પણ લોકો ઇચ્છે તે રીતે કાર્ય કરવા માટે નથી. તેને સાચું લાગે તે ઢબે લોકોની સેવા કરે. આમ કરવામાં તેને મુશ્કેલીઓમાં મુકાવાનો સંભવ છે. બધી વાર ફૂલો ન મળે. કોઈ વાર પથ્થર મળે તો તે સહન કરવાની તેને તક મળશે.

આપણી પાસે કઈ મૂડી હોય ? નીતિની મૂડી આપણી પાસે હોવી જોઈએ. તે વધારવાને માટે સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ. પૈસાની મૂડી તે જે દિવસે વધારવા બેઠો તે દિવસથી સેવક મટી ગયો. તેથી આપણી જાતને તપાસતા રહેવું કે દૃષ્ટિ પ્રમાણે કાર્ય થાય છે ? આપણી નબળાઈ ખંખેરીને આત્મ પરીક્ષણ કરતા રહેવું.

પોતાની જાતને તે પ્રમાણિક છે ? એ સવાલ આપણને પ્રતિદિન ઊઠવો જોઈએ. ગામડાંમાં જતી વેળા નવા રોગો લઈને ન જઈએ. પણ નવી હવા લઈને જઈએ. આપણે નવું ન આપીએ તો વાંધો નહિ, પણ છે તે બગાડવું નહિ. લોકો ચતુર હોય છે. તે સેવકને ઓળખી કાઢે છે. માટે સો ગળણીમાંથી પસાર થાય તે માટે પ્રયત્નશીલ રહેવું.

આપણા પોતાના જીવનને માપવા માટે લાંબો અને ઊંચો ગજ રાખવો. લોકોને માપવા માટે નાનો ગજ ચાલશે. પોતાના દોષ પ્રત્યે વધુ કડક થવું, પણ પારકાના દોષને ઉદાર દૃષ્ટિએ જોઈએ.

એ દૃષ્ટિ રાખી સેવક કાર્ય કરશે તો ગામનો અને પોતાનો વિકાસ કરી શકશે.

— શિવાભાઈ પટેલ

(૩)

રચનાત્મક કાર્ય હવે સહેલું સાદું રહ્યું નથી. એ બહુવિધ થયું છે. પહેલાં જેવું તે રહ્યું નથી. તે વેળા અંગ્રેજો સામે લડવાનું હતું. હવે એ કાર્ય અઘરું થયું છે. બુદ્ધિ ચલાવીને જીવનનાં બધાં અંગો આવરી લેવાનાં છે. પહેલાં આપણે રેંટિયો ચલાવતા પણ હવે રેંટિયો એટલો સાદો રહ્યો નથી. ગાંધીજીએ છેવટના ભાગમાં કેવળ રેંટિયાના સેવનથી અસંતોષ બતાવ્યો. કાંતવામાં રેંટિયો શીખ્યા પણ પીંજણ વણાટ શીખ્યા નહિ એને બાપુજીએ રેંટિયો કબૂલ કર્યો નહિ તેથી જતા જતા રેંટિયા પર નવો પ્રકાશ ફેંકતા ગયા. કાંતવું એટલે સમજીને કાંતવું. સમજીને કાંતવું

એટલે રેંટિયો અહિંસાનું પ્રતીક છે એમ સમજીને કાંતવું. કાંતવું એટલે કપાસિયા કાઢવાની ક્રિયાથી માંડીને ખાદી વણાયા સુધીની બધી ક્રિયા કરવી તે. બાપુજી જીવતા હોત તો એથી આગળ જઇને કહેત કે, કપાસ ઉગાડી લો, ત્યાંથી માંડીને વણવા સુધીની બધી ક્રિયા કરે ત્યારે કાંત્યુ કહેવાય. હજી ઘણાં એ દિશામાં પાછળ છે.

સ્વરાજ પૂર્વેના જમાનામાં હિંદનું સ્વરાજ મેંચેસ્ટરની મિલોથી નાશ પામ્યું. એ માલ અહીં ન આવે તેવું કરવુ જોઈએ. ગાંધીજીને આ વાતની સમજ પડી હતી. તેથી તે માલનો બહિષ્કાર કરાવ્યો. પણ ગાંધીજીએ આગળ વધીને કહ્યું કે, બીજા દેશનો માલ નહિ વાપરવો એ પૂરતું નથી; કંઈક રચનાત્મક કાર્ય થવું જોઇએ. વસ્ત્રમાં સ્વાવલંબી બનો. એ મંત્ર તેમણે દેશને આપ્યો. આ વાત સ્વરાજ પહેલાંના જમાનાની થઈ.

આજે આપણે અનાજની બાબતમાં પરાવલંબી બની ગયા છીએ.

ચારે બાજુથી અનાજ માટે ભિક્ષા માંગવી પડે છે. હવે રેંટિયાએ અનાજનું રૂપ ધારણ કર્યું છે. રેંટિયાનું આજ સુધી સૂતરનું રૂપ હતું, તે હવે અન્ન રૂપ થયું છે. જે ધાર્મિક બુદ્ધિથી સૂતર વધાર્યું, તે જ ધાર્મિક વૃત્તિથી હવે અન્ન વધારો. અન્ન કે વસ્ત્રની બાબતમાં પ્રજાને કહો તે પહેલાં જાતે કરો. તેથી જ વિનોબાજી જેવાએ ખેતી કરીને રેંટિયાનો અર્થ વિકસાવવા માંડ્યો છે. પોતાનું પકવેલું પોતે ખાય એ પંથ પર જવાની જરૂર છે. “વધુ અનાજ વાવો”ના સૂત્રોથી અનાજ ઊગવાનું નથી. છાપાં વગેરેથી અનાજ નહિ ઊગે. ટ્રેકટરો લાવવાથી પણ અનાજમાં વધારો થવાનો નથી. ટ્રેકટરોમાંથી આજે કેટલાં ચાલે છે ને કેટલાં બધ છે તેની કોણ તપાસ કરે છે? આ બધા બાહ્ય ઉપાયો છે. સાચો ઉપાય તો એ છે કે, એને માટે આખી પ્રજામાં ઊર્મિ થવી જોઈએ. “ભીખ નહિ માંગીએ.” “અનાજ ઉગાડીશુ.” એ ભાવના સાથે સેવકોએ તેની શરૂઆત કરી દેવી જોઇએ. લોકોને મહેનત કરવાનો પદાર્થપાઠ આપો. સાચી મહેનત કરીશું, તો કંઈ પાકશે જ. શાકભાજી કરીશુ. પોતાની જમીન નહિ હોય, તો કોઇની જમીનમાં જઈને કામ કરીશું. કૂંડાં બનાવીને કંઈક કરીશું પણ ઉત્પન્ન કરીશું. રેંટિયાનું આ નવું સ્વરૂપ તમે સૌ સમજો એવી આશા રાખું છું. —જુગતરામ દવે

ઍડ્મિરલ હાર્ટની પ્રાર્થના

પ્રિય પ્રભો, જેને ફેરવી શકાય નહિ તે વસ્તુઓ શાન્તિપૂર્વક સ્વીકારવાની શક્તિ તું અમને દે. જે ફેરવી શકાય તથા ફેરવવી જોઇએ તે વસ્તુઓ ફેરવવાની વીરતા અમને દે. અને પહેલી તથા બીજીનો વિવેક કરવાની બુદ્ધિ અમને દે.

[વિટલ્સીપ્રકાશિત પેરી તથા લેઇટનના ગ્રન્થ ઉપરથી]

પ્રાર્થનામાં શું માગશો ?

પુરુષ થઈને દેવો આગળ શોકમુક્ત જીવન કદાપિ ન માગતો, પણ જાત જાતના ભાર ખમવાનું શૂરાતન માગજે.

મેનાન્દેર [ફ્રૅગ્મેંટ્સ, ૫૪૯]

મિત્ર મોટો કે ધર્મ ?

અમેરિકાના એક પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા, વિલિયમ નેપિયરે એક દિવસ કોઈ છોકરીને રસ્તા પર રોતી સાંભળીને તેની પાસે ગયો અને રોવાનું કારણ પૂછ્યું; છોકરીએ કહ્યું, ‘મારો ઘડો ફૂટી ગયો છે, હવે હું ઘેર જઈશ તો મારી મા મને મારશે; તેથી જો આપને સાંધતા આવડતો હોય તો મહેરબાની કરીને સાંધી દો’ ઇતિહાસવેત્તાએ કહ્યું, ઘડો સાંધતા તો નથી આવડતો, પણ હું તને પૈસા આપું છું; તે વડે તું નવો ઘડો ખરીદીને ઘેર જઈશ તો તારી મા નહીં મારે !’ એમ કહીને તેમણે પોતાના બટવામાં હાથ નાખ્યો તો બટવો ખાલી હતો. તેણે છોકરીને કહ્યું, ‘અત્યારે મારી પાસે પૈસા નથી, જો તું કાલે મને આ સમયે અહીં મળીશ તો હું તને જરૂર પૈસા આપીશ. આજે તારી માને કહી દેજે કે ઘડો કાલે લાવીશ.’ છોકરી તેની વાત પર વિશ્વાસ રાખીને ઘેર ચાલી ગઈ. ઇતિહાસવેત્તા જ્યારે ઘરે ગયો ત્યારે તેમને તેના મિત્રનો એક તાર મળ્યો – જેમાં લખ્યું હતું કે કાલે સ્ટેશન પર મને જરૂર મળજે. છોકરીને મળવાનો તેણે જે સમય આપ્યો હતો તે જ સમય સ્ટેશને જવાનો હતો. તેથી તે વિચારમાં પડી ગયો. તેણે વિચાર્યું, ‘મિત્ર મોટો કે ધર્મ? મિત્ર તો આજ દુનિયાનો છે, જ્યારે ધર્મ તો પર લોકનો પણ મિત્ર છે;’ તેથી તેણે ધર્મ બજાવવાનો નિર્ણય કર્યો. સ્ટેશન પર તેમણે પોતાના નોકરને મોકલ્યો અને આવનાર મિવ પર તેમણે એક ચિઠ્ઠિ લખી મોકલાવી’ ‘મને અનિવાર્ય કામ આવી પડવાથી હું આવી શક્યો નથી; તે માટે મને ક્ષમા કરજે.’ તેણે ધાર્યું હોત તો નોકરને પૈસા આપીને તે છોકરી પાસે મોકલી શકત, પરન્તુ તેણે પોતાનું વચન પાળવા માટે તેમ કર્યું નહીં. આપણી વાણીમાં પણ આવી દ્રઢતા જોઇએ. સત્યનું પાલન કરવા માટે આવી દ્રઢતા કેળવવાની જરૂર છે. પૈસાનું નુકસાન સહન કરીને પણ સત્યની હાનિ ન થાય તે માટે કાળજી રાખવી જોઈએ; પૈસાનું નુકસાન બહુ બહુ તો ભૂખે મારે, પરન્તુ સત્યની હાની જન્મ-જન્માંતરમાં દુઃખનાં કારણ રૂપ બને છે; તેથી વચનની દ્રઢતા અવશ્ય રાખવી જોઇએ.

[પૃષ્ઠ ૧૮૧, ‘હિન્દુસ્થાન’ ૧૮૭, પર્વમહિમા’માંથી.]

અનુક્રમણિકા .... ૩૦ ઑગસ્ટ ૧૯૫૧

પૃષ્ઠ
૧ ઊઠો, જાગો ! ... રવીન્દ્રનાથ ઠાકુર ૧૬૫
૨ શાંતિનિકેતનનાં ભજનો...નગીનદાસ પારેખ ૧૬૬
૩ બૌદ્ધધર્મની કથાઓ... પ્રદ્યુમનાભ શ્રી જૈન ૧૬૭
૪ રૂપાયતનનો સંકલ્પ–વિધિ ૧૭૦
૫ મહાદેવભાઈની સાધના ... મુકુલભાઈ ૧૭૨
૬ બાપુની અનોખી વાતો કાશિનાથ ત્રિવેદી ૧૭૫
૭ બાપુના પત્રો ... ગાંધીજી ૧૭૭

પૃષ્ઠ
૮ સ્વતંત્રતાની સરવાણી ... ગુ૦ મ૦ ૧૮૦
૯ બાપુનો પરિવાર ...ડૉ. જીવરાજ મહેતા ૧૮૧
૧૦ વિદાય વેળાએ ... ... ગુ૦ મ૦ ૧૮૫
૧૧ સર્વોદયવાણી ... રવિશંકર મહારાજ ૧૮૭
૧૨ પ્રાર્થના પછી ... જુગતરામ દવે ૧૯૦
૧૩ ગ્રંથાવલોકન ... ... મુ૦ ક૦ ૧૯૩
૧૪ પત્રપ્રસાદ ... ... દ૦ વા૦ ...

ગ્રંથાવલોકન

અલંકારિકા : લે૦ નિર્મળા ચંપકલાલ શાહ; પ્ર૦ એન. એમ. ત્રિપાઠી,
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨; કિં૦ ૪-૮-૦ પૃ૦ ૬૪.

આ પુસ્તકમાં નિર્મળાબહેને ગૃહ-શૃંગારના એક વિશિષ્ટ અંગરૂપ રંગોળીની કલાકૃતિઓને રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. એમાં રંગોળી માટે જ છે. પરંતુ એ આકૃતિઓ આરીભરત, સાદા ભરત વગેરેમાં કામ આવે એવી છે. પુસ્તકના પ્રારંભમાં તેમણે ઘરના અગણાના શણગાર સાથે અંદરની શોભા અને સજાવટનો પણ ખ્યાલ આપ્યો છે. પરંતુ એ સર્વ વાંચતાં કહેવાનું મન થાય છે કે એમની દૃષ્ટિ સામે આગળ પડતો મધ્યમ વર્ગ તેમ જ શ્રીમંત વર્ગ જ છે. સામાન્ય ઘરને કે ગામડાના ઘરને જે સાદાઈ અને સુઘડતાથી શણગારવામાં આવે છે અને ત્યાં બેસતાં જે મનને શાંતિ મળે છે એનો ખ્યાલ એમને રહ્યો નથી. એટલે આખા પુસ્તકમાં દર્શાવેલી અલંકારિકાની માહિતીઓ એકપક્ષી બની જાય છે અને અમુક ખાસ વર્ગને જ ઉપયોગી નીવડે એવી થઈ છે. તેથી નિર્મળાબહેને સમસ્ત સ્ત્રીવર્ગને લક્ષમાં રાખી એનો ખ્યાલ આપ્યો હોત તો આ પુસ્તક સૌને ઉપયોગી નીવડત.

એમાં આપેલી ૧૪૬ આકૃતિઓમાં ખાસ મૌલિકતા જેવું નથી. મહારાષ્ટ્રમાં જે આકૃતિઓ પ્રચલિત છે તેનું અનુકરણ હોય એમ લાગે છે. તેમણે ૨૦ રંગીન આકૃતિઓ આપી છે. તેમાં પણ ખાસ વિશિષ્ટતા જણાતી નથી. આટલી મોંઘી કિંમતે બહાર પડતા પુસ્તક નિર્મળાબહેને હજી વધુ મહેનત લઈ તેમ જ રંગોળીની આકૃતિઓનો ઊંડો અભ્યાસ કરી અનુકરણીય આકૃતિઓના નમૂના આપ્યા હોત તો વધુ આવકાર્ય બનત. નિર્મળાબહેનમાં એ શક્તિ છે જ; એનો ખ્યાલ પ્રારંભમાં આપેલી માહિતી પરથી સહેજે આવે એમ છે. તેથી ભવિષ્યમ નિર્મળાબહેન ઉપર દર્શાવેલી સૂચનાઓ લક્ષમાં રાખી ગુજરાતના સમગ્ર સ્ત્રીસમાજને માર્ગદર્શક બને એવું પુસ્તક આપશે એવી આશા વ્યક્ત કરીએ છીએ.

—મુ૦ ક૦

"પ્યારાબાપુ"

વ્યવસ્થા:

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થીમોકલવું.

પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે. લવાજમ. મ. ઑ થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

'પ્યારાબાપુ' કાર્યાલય જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી. રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર કૉલેજ રોડ, જૂનાગઢ.

REG. NO. B. 5255

મારા બાપુ



સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

પૂર્વ આફ્રિકામાં : શ્રી. કાકા કાલેલકર; પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ;
કિં૦ ૩-૦-૦ પૃ૦ ૨૯૬.

કાકાસાહેબ કાલેલકર તો રહ્યા પ્રવાસી. 'હિમાલયનો પ્રવાસ' આપણને આપીને આપણા પ્રવાસ–સાહિત્યને તેમણે સમૃદ્ધ કર્યું છે. 'બ્રહ્મદેશનો પ્રવાસ' પણ એટલો જ મહત્ત્વનો છે. વળી પ્રવાસી કાકાસાહેબને જ્યારે બિમાર પડી પથારીમાં પડી રહેવું પડ્યું, ત્યારે તેમણે પથારીમાં પડ્યા પડ્યા 'સ્મરણ યાત્રા' કરી.

કાકાસાહેબ પૂર્વ આફ્રિકામાં ગયા, એટલે મનમાં થયા કરતું હતું કે, કાકાસાહેબ પૂર્વ આફ્રિકાના પ્રવાસ વિશે લખે તો જરૂર આપણને પૂર્વ આફ્રિકા નિહાળવાની નવી દૃષ્ટિ મળે. અને આ પુસ્તક વાચતાં એ ઇચ્છા તૃપ્ત થાય છે ખરી. પ્રવાસવર્ણન વાંચતાં આપણને થઈ આવે છે: ખરેખર, પૂર્વ આફ્રિકાનો પ્રવાસ કરવો તો જોઇએ જ.

કાકાસાહેબ આ પુસ્તકમાં નવી દૃષ્ટિ રજૂ કરે છે. તેઓ કહે છે: 'હિંદુ સંસ્કૃતિનું રહસ્ય ધ્યાનમાં આવ્યા પછી અને બધા ધર્મો પ્રત્યે સમભાવ અને આદરભાવ કેળવ્યા પછી જેમ મને બધા જ ધર્મો સાચા, સારા અને મારા લાગે છે, તે જ પ્રમાણે દુનિયાના તમામ દેશો મને ભારતભૂમિ જેટલા જ પવિત્ર અને પૂજ્ય લાગે છે. તેથી જે ભક્તિભાવથી હું આસેતુહિમાચલ યાત્રા કરી શક્યો એ જ ભક્તિભાવથી આફ્રિકા જોવાનું મને મન થયું....' ખરેખર, આપણે પણ આવી ઉચ્ચ દૃષ્ટિ રાખી પ્રવાસ કરીએ તો જરૂર તે દેશોનું હાર્દ પામી શકીએ અને એનું સાચું દર્શન કરી શકીએ.

આખું પુસ્તક રસપ્રદ અને ભાવનાપૂર્ણ છે. કાકાસાહેબની પરિપકવ દૃષ્ટિનો નિચોડ એમાં દેખાઈ આવે છે. 'હિમાલયનો પ્રવાસ' અને ત્યાર પછીના ગાળામાં કાકાસાહેબે સાધેલી પ્રગતિ અને ત્યારબાદ હવે પ્રવાસી કાકાસાહેબ પોતાની દૃષ્ટિને વધુ વ્યાપક કરી યાત્રા કરે છે, એનો ખ્યાલ આ પુસ્તક પરથી સહેજે આવે છે.

આ પુસ્તક સૌને માટે વાચવા યોગ્ય છે. પરંતુ માત્ર અહીં થોડું કહેવું પડે છે. આ પુસ્તકનું મૂલ્ય 'હિમાલયનો પ્રવાસ'ની સાથે સરખાવતાં ઘણું વધારે છે. એમાં ચિત્રો આપ્યાં છે, એથી કિંમત વધે એમ છે ખરી. પરંતુ જો સૌ કોઈ એનો આસ્વાદ લઈ શકે એમ કરવું હોય, તો કિંમતનો વિચાર કરવો યોગ્ય છે. મુ૦ ક૦

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ. ઑ. થી મોકલવું. પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે. લવાજમ. મ. ઑ. થી મોકલતાં મ. ઑ. ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું. એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

'પ્યારાબાપુ' કાર્યાલય જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ-વિહાર કૉલેજ રોડ, જૂનાગઢ

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

રૂપાયતન
વિલેપારલે

વર્ષ ૪ ૩૦ સપ્ટેમ્બર-૧૯૫૧ અંક ૮

ઈશ્વરને કેમ ભજવો?

એક પારસી ભાઈએ ઈરાનથી પત્ર લખી બાપુને નીચેના પ્રશ્નો પૂછ્યા:

"૧. ઈશ્વરની ઉપર મારી પુરણ શ્રદ્ધા છે.. મારી માન્યતા છે ઈશ્વર સર્વે દુનિયા ચલાવે છે, સર્વ બૂરાં અથવા ભલાં કામો જેવાં કે લડાઈ, ગરીબી, ધરતીકંપ, કીડીઓનું આપણા પગ તળે કચરાવું, વગેરે દરેક દરેક બનાવ ઈશ્વરની મરજીથી બને છે, અને આપણી ઓછી સમજશકિતને લીધે ઈશ્વરનાં કામ સમજી શકતાં નથી.

"૨. મારા મનની મૂંઝવણ એ છે જે જ્યારે સર્વે ચીજો ઈશ્વર કરે છે અથવા ઈશ્વરની મરજીથી બને ત્યારે મારા જેવો નજીવો માનવી ખુદાની કેવી રીતે સેવા કરી શકે? જ્યારે ગરીબી-દુ:ખ-ખુદાની મરજીથી જ આદમ ઉપર આવી પડે છે ત્યારે મોટી મોટી સંસ્થાઓ, ઈસ્પિતાલો, સદાવ્રતો ચલાવીને ઈશ્વરને કેવી રીતે મદદ કરી શકાય? શું ઈશ્વરને મારા જેવાની મદદની જરૂર છે? તે સર્વે કરી શકે છે-ગરીબી-દુ:ખ વગેરે એક પલકારામાં કાઢી નાખી શકે. પણ તે રહેવા દીધાં છે.

"૩. મને જણાવો કે ઈશ્વરની કઈ રીતે સેવા કરવી. જો હું ગરીબોને સારી સમજણ આપવા જાઉં છું-તેઓનાં દુ:ખ કમતી કરવા જાઉં છું, તો મને વિચાર આવે છે કે ઈશ્વરના કામમાં હું માથું મારું છું, અને તેમ નહીં કરવું જોઇએ. ત્યારે,

"૪. ઈશ્વરને કેવી રીતે આપણે આપણી ટૂંક જિંદગીમાં ભજવો, અને આપણી આ દુનિયામાં જીવવાનો હેતુ શું છે? મારું મન ઘણું ગૂંચવાઇ ગયું છે અને શું ખરો રસ્તો છે તે જણાતો નથી."

આ પ્રશ્નોના જવાબ આપતા બાપુએ નીચે પ્રમાણે એ પારસી મિત્રને લખ્યું:

"ઈશ્વરની મરજી વિના એક પાંદડું પણ હાલતું નથી તો પછી મનુષ્યે કરવાનું શું રહ્યું? એ સવાલ અનાદિ છે ને તે પુછાયા જ કરશે. પણ તેનો જવાબ એ સવાલમાં જ સમાયેલો છે, કેમ કે સવાલ પૂછવાની શક્તિ પણ તે જ ઈશ્વરે આપેલી છે. જેમ આપણે બધા કાયદાને વશ વર્તીએ છીએ તેમજ ઈશ્વરનું છે. આપણા કાયદા ને આપણું જ્ઞાન અપૂર્ણ હોઈ આપણે કાયદાનો સવિનય ને અવિનય ભંગ પણ કરીએ છીએ. ઈશ્વર સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોઈ પોતાના કાયદાનો

सत्यमेव जयते

ભંગ જ નથી કરતો. તેના કાયદામાં સુધારો વધારો પણ નથી થતો. તેના કાયદા અવિચળ છે. અનેક રૂપે આપણને વિચાર કરવાની, અને પસંદ કરવાની, સારું માઠું સમજવાની શક્તિ આપી છે તેમાં જ આપણી સ્વતંત્રતા સમાયેલી છે. એ સ્વતંત્રતા ઘણી ઓછી છે. એટલી ઓછી છે કે. એક જ્ઞાનીએ કહ્યું છે કે, એક વહાણવટીને વહાણની ડેક પર ફરવાની છૂટ હોય છે તેનાં કરતાં પણ થોડી જ. પણ ગમે તેટલી તોયે છૂટ તો છે જ, અને તે થોડી છતાં એટલી છે કે, તેના વતી માણસ મુક્તિ મેળવી શકે છે. દૈવ અને પુરુષાર્થની જોડી સાથે સાથે ચાલ્યાં જ કરે છે. પણ મુક્તિના પંથ પર ચાલનારને દૈવ આડે આવતું જ નથી.

એટલે હવે આપણે ઈશ્વરને કેમ સેવવો–ભજવો – એ જ વિચારવું રહે છે. ઈશ્વરની સેવા એક જ રીતે થાય. ગરીબોની સેવા તે ઇશ્વરની છે. એક કીડીની સેવા કરી તે ઈશ્વરની છે. પણ કીડિયારાં પૂરીને કીડીની સેવા ન થાય. કીડીને કણ અને હાથીને હારો ઈશ્વર આપે છે. કીડીને પણ જે ઇરાદાપૂર્વક કચરે નહીં તે તેની સેવા કરે છે, અને કીડીને એમ જ્ઞાનપૂર્વક ન દૂભવનાર અન્ય પ્રાણીને કે પોતાની જ જાતિને – મનુષ્ય પ્રાણીને– નહીં દૂભવે. દરેક સ્થળે દરેક વખતે સેવાની ભાત બદલે છે; વૃત્તિ એક જ હોય છે. દુઃખીની સેવા કરવામાં ઈશ્વરની સેવા થાય છે. એ સેવામાં વિવેક હોવો જોઈએ. ભૂખ્યાને અનાજ આપવામાં સેવા જ થાય છે એમ માનવાનું કારણ નથી. આળસુ મનુષ્ય બીજાને આશરે બેસી રહે ને અન્નની આશા રાખે તેને અન્ન આપવામાં પાપ છે. તેને કામ આપવામાં પુણ્ય છે, ને કામ કરવા તૈયાર ન જ થાય તો તેને ભૂખે રહેવા દેવામાં તેની સેવા છે. ઈશ્વરનું નામ જપવું, પૂજાપાઠ કરવા એ આવશ્યક છે, કેમ કે તેથી આત્મશુદ્ધિ થાય છે ને આત્મશુદ્ધ મનુષ્ય પોતાનો માર્ગ જોઈ શકે છે. પણ પૂજાપાઠ જ કંઈ ઇશ્વરસેવા નથી, એ સેવાનું સાધન છે. તેથી જ નરસિંહે ગાયું છે:

'શું થયું સ્નાન સેવા ને પૂજા થકી,
શું થયું માળ ગ્રહી નામ લીધે?'

અને આ જવાબમાંથી ત્રીજા પ્રશ્નનો જવાબ મળી રહે છે. ત્રીજો પ્રશ્ન આ છે: જીવવાનો હેતુ? જીવવાનો હેતુ પોતાને ઓળખવો. નરસિંહની ભાષામાં:

'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'

અને આત્મતત્ત્વ – આત્મજ્ઞાન – જીવમાત્રની સાથે એટલે ઈશ્વરની સાથે ઐક્ય–તન્મયતા–સાધવાથી જ થાય. જીવનમાત્રની સાથે ઐક્ય સાધવું એટલે તેને દુઃખે જ્ઞાનપૂર્વક દુઃખી થવું, તેના દુઃખનું નિવારણ કરવું."

ગાંધીજી

કોઈ ચોર એક અંધારા ઓરડામાં પેસે છે, અને તેની અંદરની જુદી જુદી વસ્તુઓને સ્પર્શ કરતો જાય છે. તેનો હાથ મેજ પર પડે છે, અને તે કહે છે, "આ નહિ." એમ બોલી વળી તે આગળ ચાલે છે. તે પછી વળી તે કોઈ બીજી ચીજને અડકે છે, ખુરશીને–અને ફરી કહે છે, "આ નહી." તથા એમ બોલી પોતાની શોધ ચાલુ રાખે છે. એમ કરતાં કરતાં હીરા મોતીના દાગીનાઓથી ભરેલી પેટી પર તેનો હાથ પડે છે. પછી તે બોલી ઊઠે છે, "બસ આ જ." અને આમ તેની શોધનો અંત આવે છે. બ્રહ્મની શોધનું પણ આવું જ સમજવું.

આશાબાપુ

બૌદ્ધધર્મની કથાઓ

(૨)

પદ્મનાભ શ્રી. જૈન

પ્રાચીન સમયમાં બનારસમાં એક નગરશેઠ રહેતો હતો. તેના પુત્રનું નામ હતું ગંધકુમાર. જ્યારે તે નગરશેઠનું અવસાન થયું, ત્યારે બનારસના રાજાએ ગંધકુમારને બોલાવીને તેનો સત્કાર કરી નગરશેઠ તરીકે તેને નિયુક્ત કર્યો. ત્યારથી કુમાર પોતાને ગંધશ્રેષ્ઠી તરીકે ઓળખાવતો.

એક દિવસે તેના મુનીમે તિજોરી ઉઘાડીને કહ્યું, “સ્વામી. આટલું તમારું પિતૃધન, આટલું તમારું માતૃધન અને આટલું પિતામહ તરફથી મળેલું ધન. હવે આપ તેનું રક્ષણ કરજો.”

આટલું અખૂટ ધન જોઈને ગંધશ્રેષ્ઠી બોલ્યો, “તો શું મારા પિતાશ્રી આ બધું ધન સાથે ન લઈ ગયા?”

મુનીમે કહ્યું, “ના, સ્વામી. અત્યાર સુધી કોઈ પણ પોતાનું ધન સાથે લઈ જઈ શક્યું નથી. પોતપોતાનાં કુશળ અને અકુશળ કર્મનાં ફળ માત્ર લઈને જીવ અહીંથી જાય છે; અને એમાં આપ પણ અપવાદરૂપ થવાના નથી જ.”

આ સાંભળીને ગંધશ્રેષ્ઠી વિચારવા લાગ્યો: “એ બધા મૂર્ખ હતા, એટલે જ કમાવેલું ધન અહીં જ મૂકીને ગયા. હું તો બધું જ સાથે લઈને જઈશ.” પરંતુ ગંધશ્રેષ્ઠીએ દાન કરવાનો કે સત્પુરુષોનો સત્કાર કરવાનો વિચાર ન કરતાં ‘એ બધું ધન હું જ ભોગવીશ.’ એવો નિશ્ચય કર્યો. એ ધનના ઢગલામાંથી દસ હજાર રૂપિયા આપીને તેણે એક સ્નાનગૃહ બંધાવ્યું, બીજા દસ હજાર આપી એક સુવર્ણમંડિત પાટલો બનાવરાવ્યો, વળી બીજા દસ હજાર આપી ખાવા માટે સુવર્ણની થાળી બનાવી; અને એ રીતે હજારો રૂપિયાનો ખર્ચ કરી સિંહાસન, શય્યા વગેરે ઉપભોગની વસ્તુઓ તૈયાર કરાવી. વળી સવારના ભોજન માટે હજાર અને સાંજના ભોજન માટે પણ હજાર તેમ જ પૂર્ણિમાના દિવસે મિષ્ટાન્ન વગેરે માટે દસ હજાર રૂપિયા એ પ્રમાણે તે ખર્ચ કરવા લાગ્યો. એ રીતે પોતાનો વૈભવ બધાં લોકો જુએ એમ તે ઠાઠમાઠથી રહેવા લાગ્યો.

એક વખત પૂર્ણિમાને દિવસે તેણે લોકોને

પોતાનો વૈભવ જોવા આમંત્રણ આપ્યું. ગામનાં બધાં લોકો જોવા ભેગાં થયાં. ગંધશ્રેષ્ઠી દસ હજાર રૂપિયા ખર્ચીને બાંધેલા સ્નાનગૃહમાં એટલા જ રૂપિયા ખર્ચીને બનાવેલા પાટલા ઉપર બેસીને સોળ સુગંધોથી ભરેલા કુમ્ભો વડે સ્નાન કરી ઊઠ્યો. પછી તે સુવર્ણમંડિત સિંહાસન ઉપર બેસી સુવર્ણની થાળીમાં અખૂટ વૈભવશાળી ભોજનનો આસ્વાદ લેવા લાગ્યો.

તે વખતે ગામડાનો એક ગરીબ કઠિયારો પેટ ભરવા માટે જંગલમાંથી લાકડાં કાપીને ગાડામાં ભરી બનારસમાં વેચવા સારુ આવ્યો હતો. પેલા કઠિયારાને તેના મિત્રે કહ્યું, "તેં કદી ગંધશ્રેષ્ઠીનો ધનવૈભવ જોયો છે? જોવો હોય તો મારી સાથે ચાલ." પછી બંને જણ ત્યાં ગયા.

ગંધશ્રેષ્ઠીનો ભોજનવૈભવ જોઇને પેલો કઠિયારો પોતાના મિત્રને કહેવા લાગ્યો, "હું તો ભોજનની સુગન્ધથી ગાંડો થઇ ગયો છું. આ થાળીની ચીજો ઉપર મારું મન ચોંટી ગયું છે." મિત્રે કહ્યું, "ભાઈ, એ વિચાર જવા દે. તને એ ચીજ કદી મળશે નહીં." કઠિયારો બોલ્યો, "મને જો એ ન મળે તો હું જીવવાનો નથી. ગમે તે ભોગે પણ એ ચીજનો હું સ્વાદ લઈશ જ."

પેલો મિત્ર નિરુપાય બન્યો. ગંધશ્રેષ્ઠીનું ભોજન પૂરું થવા આવ્યું એટલે તેણે મોટેથી કહ્યું, "સ્વામી, આ એક ગામડાનો માણસ તમારી થાળીમાંની ચીજો જોઈને તેના પર આસક્ત થયો છે. તેને એમાંથી એકાદ ચીજ અપાવો."



આ સાંભળીને શ્રેષ્ઠી ક્રોધે ભરાઈને બોલ્યો: "અરે, આવી ધૃષ્ટતા તને ક્યાંથી સૂઝી? એમાંનું કંઇ પણ મળશે નહીં."

મિત્રે કઠિયારાને કહ્યું, "કેમ સાંભળ્યું કે?" કઠિયારો બોલ્યો, "મેં સાંભળ્યું છે ખરું. પણ એ ચીજનો સ્વાદ લીધા વિના હું જીવી શકીશ નહીં." તેથી પેલા મિત્રે ફરીને સાદ કર્યો, "સ્વામી, આ માણસ મરવા પડ્યો છે. તેને જીવતદાન આપવા ખાતર પણ એક કોળિયો આપો." શ્રેષ્ઠીએ ઘડીક વિચાર કરીને કહ્યું, "આપવાનું તો ન જ બને. જો એ વિના તે જીવી શકતો ન હોય તો ત્રણ વરસ સુધી મારે ત્યાં નોકરી કરે અને ત્રણ વરસને અંતે તેના પગાર તરીકે તેને એક વાર મારી થાળીમાં જમાડીશ."

કઠિયારાએ તે વાત કબૂલ કરી અને પોતાના કુટુંબને છોડી ત્રણ વરસ માટે નોકરી કરવાની પ્રતિજ્ઞા લઈ શ્રેષ્ઠીને ઘેર રહેવા લાગ્યો. માણસ હતો ગામડાનો, પણ કામમાં ખૂબ જ હોશિયાર. શ્રેષ્ઠીની રસોઇ પણ તે કરવા લાગ્યો અને થોડા વખતમાં 'શ્રેષ્ઠીના રસોઇયા' તરીકે બધે જાણીતો થઇ ગયો.

એમ કરતાં ત્રણ વરસ પૂરાં થયાં. તેણે પોતાના કામથી શ્રેષ્ઠીનો પ્રેમ જીતી લીધો હતો. શ્રેષ્ઠીએ ઘરના નોકરોને કહ્યું, "મારો જે રીતે તમે સત્કાર કરો છો તે જ પ્રમાણે આજે આ કઠિયારાનો કરજો. આજે આ ઘરનો સ્વામી હું નથી, પણ આ કઠિયારો છે, એમ માનીને તમે વર્તજો.'

એમ કહીને તે શ્રેષ્ઠી પોતાની પત્નીને લઈ એક દિવસ માટે ઘર છોડી બહાર ચાલ્યો

પ્યારા બાપુ

ગયો. જતાં જતાં તેણે નગરના લોકોને કહ્યું, 'આજે મારે બદલે કઠિયારો શ્રેષ્ઠી છે.'

'એક દિનના શ્રેષ્ઠી'ને જોવા આખું નગર ભેગું થયું. ત્રણ વરસ નોકરી કરીને એક વખતનું ભોજન-સન્માન મેળવનાર માણસને જોવા બધાં ઉત્સુક થઇ ગયાં હતાં. દિવ્ય સંગીત અને દિવ્ય નૃત્ય થઈ રહ્યાં હતાં. અને સુવર્ણની થાળીમાં અમૃત જેવી રસોઈ પીરસવામાં આવી.

તે જ વખતે નજીકના ગંધમાદન પર્વત ઉપર એક બૌદ્ધ ભિક્ષુ સાત દિવસની સમાધિમાંથી ઊઠી પારણાં કરવા નીકળ્યો. પોતાના જ્ઞાન વડે તેણે ત્રણ વર્ષની ચાકરી કરીને આજે શ્રેષ્ઠી બનેલા પેલા રસોઇયાને જોયો અને એની શ્રદ્ધા કેવી છે તેની પરીક્ષા કરવા પોતાનું ભિક્ષા-પાત્ર લઈ તે ભિક્ષુ શ્રેષ્ઠીના ઘરને આંગણે આવીને ઊભો રહ્યો.



ત્રણ વર્ષની નોકરીને અંતે પ્રાપ્ત થયેલા વૈભવને ભોગવવા તૈયાર થયેલા રસોઇયાએ ભિક્ષુને પોતાને આંગણે આવેલો જોઈને વિચાર્યું: 'મેં પૂર્વકાળમાં કશું પણ આપ્યું નથી. અને તેથી જ એક દિવસના ભોજન માટે શ્રેષ્ઠીને ઘેર ત્રણ વરસ માટે નોકરી કરવી પડી. આજનું આ ભોજન મને એક દિવસ માટે પૂરતું છે અને થોડી ક્ષણ સુખ આપનારું છે. પરંતુ જો એ ભોજનનું દાન આ ભિક્ષુને હું કરું, તો એ સમાધાન મને આ જન્મમાં તેમ જ પરજન્મમાં પણ સુખ આપનારું નીવડશે.' એમ વિચાર કરી તે ત્રણ વરસની મહેનત પછી પ્રાપ્ત કરેલા ભોજનમાંથી એક પણ કોળિયો લીધા વિના રાજીખુશીથી પેલા ભિક્ષુને બધું ભોજન દાનમાં આપવા તૈયાર થયો. ભિક્ષુનું નાનું પાત્ર ભરાઈ ગયું, એટલે ભિક્ષુએ વધુ લેવાની ના પાડી. એટલે કઠિયારો બોલ્યો, 'ભગવન્, એક થાળીના ભોજનના બે ભાગ ન થાય. એ એક માણસનું ભોજન મેં તમને અર્પણ કર્યું છે. એ બધું જ તમે લો અને મારા પર કૃપા કરો. હું મારી ઇચ્છાથી બધું તમને અર્પણ કરું છું. એમાં મારે ભાગીદાર થવું નથી.' એમ કહી આખી થાળી ખાલી કરી નાખી. બૌદ્ધ ભિક્ષુ આશીર્વાદ આપી તે ભોજન લઇને પોતાના સ્થાને ગયો અને બધા ભિક્ષુઓને એ ભિક્ષા તેણે વહેંચી દીધી.

આ અપૂર્વ પ્રસંગ જોઈને આખા નગરમાં બધે હર્ષ વ્યાપી ગયો. "વૈભવશાળી માણસ તો આવો જ હોવો જોઈએ." એમ બધાં કહેવા લાગ્યાં. આ સ્તુતિ જ્યારે ગંધશ્રેષ્ઠીએ સાંભળી ત્યારે તેને પોતાનાં ભોગ-ઐશ્વર્યની ખૂબ જ શરમ આવી. પોતાના વૈભવમાંથી થોડું પણ દાનમાં આપવાની પોતાને ઇચ્છા ન થઈ; જ્યારે આ રસોઇયાએ ત્રણ વરસ નોકરી કરીને જે ચીજને મેળવવાની ઝંખના સેવી હતી, તે ચીજને પરમ સમાધાનપૂર્વક સત્પાત્રને દાનમાં આપી દીધી, એ જોઇ તે રસોઇયા પ્રત્યે તેને માન ઊપજ્યું અને તેનું ગૌરવ સમજી પોતાના વૈભવમાંથી

અડધો ભાગ રસોઇયાને આપ્યો અને તેનો ખૂબ સત્કાર કરી પોતાની સાથે રાખ્યો. બનારસના રાજાએ પણ રસોઇયાના આ સદ્‌ગુણ પર મુગ્ધ થઇ તેને નગરશ્રેષ્ઠી બનાવ્યો. અને તે વખતથી જે ઘરમાં ભોગવિલાસનો પાર ન હતો તે જ ઘર દાનશાળા બની ગઈ.

> "સબ્બ રસં ધમ્મરસો જિનાતિ।
> સબ્બ દાનં ધમ્મદાનં જિનાતિ ॥"
> (સર્વ રસોમાં ધર્મરસ શ્રેષ્ઠ છે;
> સર્વ દાનોમાં ધર્મદાન શ્રેષ્ઠ છે.)
>
> —ધમ્મપદ અટ્ઠકથા

અમદાવાદમાં શ્રી. હરિલાલ સેતલવાડ નામે એક સરકારી અમલદાર થઈ ગયા. એક દિવસ એક માણસ પોતાના લાભના કામમાં તેમની મદદ લેવા તેમને લાંચ આપવા આવ્યો.

થોડી વાર વાતો કર્યા પછી પેલો માણસ બોલ્યો: "સાહેબ, આપ મોટા સરકારી અમલદાર છો. આપ જો મને મારા લાભમાં આટલું કામ કરી આપશો, તો આપનો આભાર હું કદી ભૂલીશ નહીં. વળી તે કામના બદલામાં આપને આપવા માટે ગાડું ભરીને રૂપિયા પણ લાવ્યો છું."

શ્રી. હરિલાલ સેતલવાડે જવાબ આપ્યો: "ના ભાઈ, મારાથી એવું ન થાય. જેની વાત સાચી હશે તેની તરફેણમાં જ મારે કહેવું પડશે. માટે તમે તમારા રૂપિયા પાછા લઈ જાઓ."

પેલો માણસ કહે: "સાહેબ, સમજી જાઓ. આ કંઈ થોડા રૂપિયા નથી; ગાડું ભરીને રૂપિયા છે. આવો લાભ નકામો જવા ન દો."

શ્રી. હરિલાલ સેતલવાડ બોલ્યા, "ભલેને એવાં પચીસ ગાડાં ભરીને કોઈ રૂપિયા આપવા આવે; પરંતુ મારે આમ લાંચ લઇ અપ્રામાણિક કામ કદી કરવું નથી."

એ સાંભળીને પેલો માણસ ગુસ્સે થઇને બોલ્યો: "ઠીક ત્યારે. પણ યાદ રાખજો, આવડી મોટી રકમ આપનાર તમને બીજો કોઇ નહીં મળે!"

શ્રી. હરિલાલ સેતલવાડ શાંત અવાજે બોલ્યા: "ભાઈ, આટલી રકમ આપનાર કોઇક તો હશે જ. પણ એ લેવાની ના પાડનાર મળવો મુશ્કેલ છે!"

મુ૦ ક૦

× × × × ×

કપડાં બદલે તેટલી આસાનીથી ધર્મ બદલનારા લોકોની મારે મન કશી કિંમત નથી. ગાંધીજી

કોનો મહિમા ?

મુકુલભાઈ



ગુરુદેવે બાપુજી વિશે કહ્યું હતું: “યુગે યુગે દેવયોગે આ સંસારમાં મહાપુરુષનું આગમન થાય છે. તેમનાં દર્શન સર્વદા થતાં નથી. દર્શન થાય તો આપણું સદ્‌ભાગ્ય. આજના જમાનામાં દુઃખોનો પાર નથી; કેવા કેવા જુલ્મો, કેવી દીનતા, કેટકેટલા રોગ, શોક અને તાપ પણ આપણે નિત્ય ભોગવી રહ્યાં છીએ; દુઃખના ડુંગર માથે ડુંગર ચડ્યા જ કરે છે....જે ધરતી પર આપણે જીવીએ છીએ, હરીએ-ફરીએ છીએ, તે જ ધરતી પર એક મહાપુરુષે– જેમનો જોટો નથી તેવા મહાપુરુષે– ભારતવર્ષમાં અવતાર લીધો છે.” પરંતુ આજે તો આ પ્રમાણે બોલનાર ગુરુદેવ નથી અને બાપુજી પણ નથી! અને આજે લગભગ એવી કરુણ સ્થિતિ આવતી જાય છે કે, બાપુનું જાણે વિસ્મરણ થઈ રહ્યું છે. કારણ કે, ગુરુદેવે કહ્યું હતું એમ, ‘મહાપુરુષ અવતરે છે, ત્યારે આપણે તેમને સારી પેઠે ઓળખી પણ શકતા નથી. આપણાં મન ડરપોક અને મેલાં, આપણો સ્વભાવ શિથિલ, અને આપણી ટેવો હઠીલી બની ગયેલી હોય છે. મહત્‌ને પૂરેપૂરું ઓળખવાની આપણામાં સહજ શક્તિ જ હોતી નથી.’ તેથી જો આપણે આપણા અહંકારને વિગલિત કરી દઈએ અને આપણા મનને નિર્મળ કરીએ, તો આપણને બાપુજીના મહિમાની ઝાંખી થઈ શકે. જગતમાં ખૂણે ખૂણે એવા વિમળ મનના માણસો પડેલા છે– જેમને જગત ઓળખતું યે ન હોય– તેઓ આવી મહાવિભૂતિઓને તરત પારખી લે છે અને એમને ચરણે પોતાનું સર્વસ્વ સમર્પી દે છે.

એક વાર બાપુજી દિલ્હીમાં હતા. એક વૃદ્ધ માણસ મહાદેવભાઈ પાસે આવીને બોલ્યો: “ભાઇ, હું ક્યારનો અહીં મહાત્માજીનાં દર્શન માટે ઊભો છું. મારે મહાત્માજીને મળવું છે. હવે બપોરે આવું તો મહાત્માજી એક બે મિનિટ દર્શન ન આપે? મહાત્માજીને ચરણે હજાર રૂપિયા ધરવા છે ને તેમના આશીર્વાદ માગવા છે.”

મહાદેવભાઇને આ વૃદ્ધ ગ્રામવાસીની વાત સાંભળીને નવાઇ લાગી. તેમણે પૂછ્યું: “તમારે રૂપિયા મોકલવાના છે કે સાથે લઈ આવ્યા છો?”

વૃદ્ધે કહ્યું, “સાથે જ લઇ આવ્યો છું.”

ગાંધીજી તે વખતે અગાસી ઉપર બેસીને લખી રહ્યા હતા. થોડી વાર પછી મહાદેવભાઈ પેલા વૃદ્ધ ગ્રામવાસીને બાપુજી પાસે લઈ

ગયા. તેણે તરત જ પોતાની ખાદીની રૂદાર બંડીમાંથી નોટોની દસ થોકડીઓ કાઢી ગાંધીજીની સામે મૂકી દીધી. પછી તેણે કહ્યું :

“મહાત્માજી, આ ગરીબમાં ગરીબ અને સુપાત્ર હોય એવાને માટે મારી અલ્પ ભેટ છે. એવા લોકોને બીજા કોઇના કરતાં આપ જ વધારે સારી રીતે ઓળખો છો.”

ગાંધીજી આ જોઈને બોલ્યા : “એ તો બહુ સારું પણ આ તમારી કેટલાં વરસની બચત છે ?”

વૃદ્ધે કહ્યું : “ઘણાં વરસની. પણ મેં ધરતીકપ માટે સો રૂપિયા મોકલેલા; અને ચાર વરસ પર અલાહાબાદમાં પાંચસો રૂપિયા ખેડૂતોને માટે આપેલા.”

ગાંધીજીને આ સાંભળીને આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા : “એમ કે? તમને પગાર કેટલો મળતો ? ને હવે પેનશન કેટલું મળે છે ? તમે શું કામ કરતા ?”

વૃદ્ધે જવાબ આપ્યો : “હું નિશાળમાં શિક્ષક હતો. ઘણાં વરસ નોકરી કર્યા પછી જ્યારે હું નિવૃત્ત થયો, ત્યારે મને મહિને બાવન રૂપિયા પગાર મળતો હતો. મને પેનશન તો ન મળ્યું, પણ રૂા. ૨૭૦૦ની ઉચ્ચક રકમ આપવામાં આવી.”

બાપુએ પૂછ્યું : “તમને નિવૃત્ત થયે કેટલાં વરસ થયાં.”

“પાંચ વરસ.”

“તમે તમારા ગુજરાન માટે કેટલું ખરચ કરો છો ?”

વૃદ્ધે કહ્યું, “મારા ગુજરાન માટે ? ઝાઝું નથી કરતો.”

“તોયે માણસને જીવ્યા વિના કંઇ ચાલે છે? તમારી જરૂરિયાત કેટલી છે?”

વૃદ્ધ બોલ્યો : “થોડી દાળરોટીને માટે કંઈ બહુ પૈસા ન જોઇએ. મને તો મહિને દસ રૂપિયાથી પણ ચાલે. મારે બૈરી છોકરાં કાંઇ નથી. મારા ભત્રીજા હતા, તેમને ભણાવીને ઠેકાણે પાડ્યા. એટલે હવે એકલો જ છું. એક સંસ્કૃત પાઠશાળા છે ત્યાં ભણાવવામાં ઘણો વખત આપું છું. એ નિશાળમાં મફત શિક્ષણ અપાય છે.”

બાપુએ કહ્યું, “ત્યારે તો તમે નાના પગારમાંથી થોડાક હજાર રૂપિયા બચાવ્યા, ને તે ગરીબની સેવામાં ખરચો દો! બહુ ભારે કહેવાય. એ કળા તમારી પાસેથી બધા શીખી શકે તો કેવું સારું!”

વૃધ્ધ ગ્રામવાસી બોલ્યો, “હા, મહાત્માજી, મેં જાત માટે બહુ ઓછું ખરચ કર્યું છે. અને ઘણી વાર મારી પાસે હતું તે બધું મેં ગરીબને આપી દીધું છે.”

પછી વૃદ્ધની રૂદાર બંડી જોઇને બાપુએ પૂછ્યું : “અને તમે આ ખાદી કયાંથી લાવ્યા ?”

વૃદ્ધે કહ્યું : “એ ખાદી તો ઘેર બનાવેલી છે “થોડી વાર પછી તે બોલ્યો : “મહાત્માજી, હજી મારી પાસે થોડાક પૈસા બચાવેલા પડ્યા છે. એ હું ફરી કોઈ વાર લાવીશ. પૈસા કયાં આપવા એની મને ખબર નથી. હું તો આપને ઓળખું. ને આપ સુપાત્ર ગરીબોને ઓળખો છો. મને આજે બહુ તૃપ્તિ થઈ ગઇ. હું કૃતાર્થ થયો.’

આમ કહી તે વૃદ્ધ ગ્રામવાસીએ બાપુજીનો ચરણસ્પર્શ કર્યો અને પછી તે ધીમે ધીમે ચાલ્યો ગયો.

આ આખો પ્રસંગ આપણા જીવનને પ્રેરણા આપે એવો છે. અને આપણા મનમાં પ્રશ્ન ઊઠે છે :

આ પ્રસંગ કોનો મહિમા વધારનાર છે: ત્યાગી વૃદ્ધ પુરુષનો કે વૃદ્ધ પુરુષને પોતાની થાપણ સોંપવા યોગ્ય જણાયેલા એવા બાપુજીનો ?

આશાબાપુ



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

[૯]

૧૯૩૦માં આશ્રમની બે કન્યાઓ અને એક કુમારના નામે મોકલેલા બાપુના કેટલાક પત્રો આપ્યા છે. મીઠાના સત્યાગ્રહની બાબતમાં સરકારે બાપુને પકડ્યા અને પૂનાની યરવડા જેલમાં પૂરી દીધા. આ પત્રો ત્યાંથી જ લખેલા હતા. બાપુ જેલને 'મહેલ' અને 'મંદિર' માનતા હતા. તેથી તેઓ તેમના દરેક પત્રને અંતે તારીખની સાથે સાથે સંક્ષેપમાં ય૦ મં૦ લખતા હતા. તેનું પૂરું નામ યરવડા મહેલ યા મંદિર. બાપુ યરવડા મંદિરમાંથી દર અઠવાડિયે ઢગલાબંધ કાગળો સાબરમતી આશ્રમનાં પોતાના સાથીઓ અને તેમનાં બાળકો ઉપર લખતા હતા. એક પહાડી કુટુંબનાં ત્રણ બાળકોને અવાર નવાર લખેલા એવા કેટલાક પત્રોના નમૂના નીચે આપવામાં આવ્યા છે. જે બાળકો ઉપર આ પત્રો લખવામાં આવ્યા છે તે પોતાની મા સાથે આશ્રમમાં રહેતાં હતાં. તેમના પિતા મૃત્યુ પામ્યા હતા. ત્રણ બહેનો હતી અને બે ભાઈ હતા. જ્યારથી એ આશ્રમમાં આવ્યાં ત્યારથી બાપુ જ તેમના પિતા અને સંરક્ષક બન્યા હતા. બાપુ આશ્રમમાં હોય કે આશ્રમ બહાર, જેલમાં બંધ હોય કે દેશમાં ભ્રમણ કરી રહ્યા હોય, તોયે તેમને પોતાના સાથીદારનાં બાળકોનું હંમેશાં ધ્યાન રહેતું હતું. તેમનાં જીવનને યોગ્ય દિશાએ વાળવા બાપુ કેટલા સજાગ હતા તે આ પત્રોના એકેક શબ્દ અને વાકયથી સ્પષ્ટ થાય છે. એમાં શું નથી? હાસ્ય, વિનોદ, મમતા, વાત્સલ્ય, પ્રોત્સાહન, ઉપદેશ બધું ગાગરમાં સાગરની જેમ મોજૂદ છે. માતાની મમતા, પિતાનું શાસન અને ગુરુની સાવધાની, આ પત્રોમાં જાણે ઊભરાઈ રહ્યાં છે. આ જ બાપુની વિશેષતા હતી. જેલમાં બેઠા બેઠા એક બાજુ તેઓ દેશની સ્વતંત્રતા માટે દુનિયાના મહાનમાં મહાન સામ્રાજ્ય સાથે ટક્કર ઝીલી રહ્યા હતા અને બીજી બાજુ પોતાના આશ્રમવાસીઓ, સાથીદારો અને તેમનાં બાળકોની ચિંતામાં મા જેટલી કાળજી રાખતા. આ જ

[અનુસંધાન પૃષ્ઠ ૨૧૭મે પાને]

મીરાંની સાધના

રામનારાયણ ના. પાઠક

માનવજીવનમાં બાહ્ય તેમ જ આંતરિક યુદ્ધો નિરંતર ચાલ્યા કરે છે. નજરે દેખી શકાય તેવી આપણી હથિયારથી લડવાની લડાઇઓની નોબત વાગે છે, તેવા જ જે લડવૈયા હોય છે તે થનગની ઊઠે છે, અને વખત આવ્યે તેમાં કૂદી પડે છે. સામાન્ય માનવી એ લડાઈ જોયા કરે છે. પોતાના રોજિંદા ધંધારોજગાર કરતો લડાઈની વાતો સાંભળ્યા કરે છે, એમાંથી એક પક્ષને પોતાનો માને છે અને તેને જીતતાં જોઈ મનમાં રાજી થાય છે. અગર પોતાના માનેલા પક્ષને હારતો જોઈ મનથી દુઃખી થાય છે.

પણ જે ખરો ક્ષત્રિય છે એનાથી યુદ્ધનાં નગારાં સાંભળીને બેસી રહી શકાતું નથી. ‘ રાડ પડયે રજપૂત છિપે નહીં ’ એ ઉક્તિ મુજબ જે સાચો લડવૈયો છે એ સર્વસ્વ છોડીને ચાલી નીકળે છે, તે જ પ્રમાણે જેને અંદરથી આત્માનો અવાજ ઊઠે છે, જેને અંતરની રાડ સંભળાય છે, એ પછી દુનિયાના સુખ ભોગમાં, એશઆરામમાં રચ્યોપચ્યો રહી શકતો જ નથી. ગઈ કાલનાં સુખ એને દુઃખરૂપ લાગે છે. જગતભરનાં લગભગ તમામ સંતોનાં જીવનનો આ અનુભવ છે. ભક્તકવિ મીરાંબાઈ એમાંનાં એક છે.

મેવાડની મહારાણીને જ્યારે અંતરનો અવાજ ઉઠ્યો ત્યારે એને રાજપાટ, ધનસંપત્તિ અને મહારાણામાંથી પણ મન ઊઠી ગયું. એ અંદરથી ખળભળી ઊઠયાં. દુન્યવી વહેવારો તરફ એમને સ્વાભાવિક રીતે જ અણગમો પેદા થયો. આંતરિક યુદ્ધ શરૂ થયું. ઉગ્રમંથનને પરિણામે પોતે મનનું સમાધાન પ્રાપ્ત કરવા લાગ્યાં. લોકો આવે પ્રસંગે બન્ને બાજુની વાતો કરે છે. આંતરપીડ નહીં જાણનાર લોકો ભક્તની મનોદશા સમજી શકતા નથી. પણ ભક્તને એનો હરખશોક હોતો નથી.

મીરાંબાઈ પોતે જ એનું પૃથક્કરણ કરે છે:

“ માઇ મૈંને ગોવિંદ લીનો મોલ...
કોઈ કહે સસ્તા, કોઈ કહે મહઁગા,
લીનો તરાજૂ તોલ........માઇ૦ ”

મીરાં કહે છે! મેં તો મારો ગોવિંદ (નિજાનંદ) વેચાતો લીધો છે. કોઇ કહે છે મને સસ્તામાં મળી ગયો. કોઈ કહે છે મને એ મોંઘો પડી ગયો, પણ મેં તો બરાબર ત્રાજવે તોળીને લીધો છે,’ સસ્તામાં મળ્યો કહેનારા માને છે: મીરાંને હવે રાજકુટુંબનો મલાજો રાખવાની પંચાત મટી ગઈ, મરજી પડયે ત્યારે સાધુબાવા ભેગા બેસી નાચવુંકૂદવું. ‘જેણે મૂકી લાજ એને નવ રાજ.’ એ પ્રમાણે એને હવે કશી ઉપાધિ રહી નથી.’ તો બીજા કહે છે. ‘ભાઈ, મીરાં મેવાડની મોટી મહારાણી, રાજમહેલનાં સુખ છોડી, સામાન્ય માણસની જેમ રહે છે. છત્રીપલંગ મૂકી ભોંયપથારી કરે છે, મિષ્ટાન્ન

[illegible]

મેવા મૂકી સાદું ભોજન કરે છે, રાજકુટુંબ છોડી સાધુને સંગે વસે છે, આવું કષ્ટ કોણ ઉઠાવી શકે? આવી ભક્તિ તો મોંઘી પડી જાય.’ પણ એ તમામને મીરાંબાઈ સીધો ને સટ જવાબ વાળે છે: “ભાઈ, મને મારો ગોવિંદ, મારા જીવનનો ખરો આનંદ, મોંઘો પણ નથી પડ્યો ને સસ્તો પણ નથી મળ્યો. મનુષ્ય જીવનમાં જેટલો ત્યાગ એટલો જ સામો આનંદ પ્રાપ્ત થાય છે. માણસના જીવનમાં જેટલો સમજ પૂર્વકનો વૈરાગ્ય એટલો જ ત્યાગ થઈ શકે છે. અને તેટલું જ મનનું સમાધાન મળે છે. વળી મીરાં કહે છે:

‘કોઈ કહે ઘરમેં, કોઈ કહે બનમેં,
રાધાકે સંગ ખિલોલ......માઈ૦

કોઈ કહે છે, ‘આવો આત્માનંદ ઘરમાં મળે છે, કોઈ કહે છે સંસાર છોડી વનમાં જવાથી મળે છે. પણ મીરાંબાઈ એ સૌને સ્વાનુભવનો ઉત્તર આપે છે: “માણસ ઘરમાં રહ્યો ગૃહસ્થ ધર્મ બજાવે કે વનમાં જઈ તપ કરે, જેના હૃદયમાં પ્રભુ પ્રત્યે ખરો પ્રેમ પ્રગટ્યો છે, જગતના પ્રાણી માત્રમાં જે એ પ્રેમના દર્શન કરે છે, ભૂત માત્ર પ્રત્યે પોતાનું અનુસંધાન સાધી શકે છે, રાધા જેવી ગોવાલણની સાથે રાસ રમતા શ્રીકૃષ્ણને સૌમાં સમાન રીતે વસેલો નીરખી શકે છે, એ જ એ પરમાત્માને પ્રેમને તાંતણે બાંધી શકે છે, આવો અદ્ભુત પ્રેમ મીરાંના હૃદયમાં પ્રગટ થયો અને એના દુન્યવી વ્યવહારો આપમેળે છૂટવા લાગ્યા. મહારાણીના કુટુંબીજનોને આ વસ્તુ અકારી થઈ પડી. મીરાંને પોતાને પણ આ જાતનું જીવન વસમું લાગવા માંડ્યું. આવી ઉગ્ર સાધનાની પળે મહામંથન સમયે કહે છે કે મીરાંબાઈએ પોતાના સમકાલીન સંત ગોસ્વામી તુલસીદાસજીની સલાહ પૂછી, આ બાબતમાં તેમનો મત માગ્યો કે ‘મારે હવે શું કરવું?’

ભક્ત કવિ તુલસીદાસજીએ પ્રત્યુત્તર પાઠવ્યો:

જાકે પ્રિય ન રામ બૈદેહી।
સો છાઁડ઼િયે કોટિ બૈરી સમ,
જદ્યપિ પરમ સનેહી॥

તુલસીદાસજી મીરાંબાઈને જવાબ આપે છે કે જેને રામ અને સીતા એટલે કે સત્ય અને નીતિ વહાલાં નથી, એવાની સાથે રહેવું શા કામનું? એને તો અંતરના પ્રણામ કરી અળગા રહેવું એમાં જ શ્રેય છે; પછી ભલે એ વ્યક્તિ, પરમસ્નેહી હોય એની સાથે તો પ્રેમ ભર્યો અસહકાર કર્યે જ છૂટકો.

પરમ સ્નેહી કોને કહેવો? સામાન્ય મૈત્રી, સામાન્ય સ્નેહ એ તો સહેજે છૂટી શકે. પણ પિતા–પુત્ર, ભાઈ–ભાઈ, માતા–પુત્ર, ગુરુ–શિષ્ય અને પતિ–પત્ની આવા પરમ સ્નેહીને સત્યને ખાતર તજ્યાંના દાખલા આપતા સંત તુલસીદાસજી લખે છે:

તજ્યો પિતા પ્રહલાદ,
વિભીષણ બન્ધુ, ભરત મહતારી।
બલિ ગુરુ તજ્યો, કંત વ્રજવનિતની,
ભયે મુદમંગલકારી॥

પ્રહ્લાદે હિરણ્યકશિપુ જેવા મહાન રાજવી પિતાને સાચને માટે તજ્યો. વિભીષણે રાવણ જેવા ભાઈને અને ભરતે કૈકેયી જેવી માતાને તજી. બલી રાજાએ શુક્રાચાર્ય જેવા સંજીવની વિદ્યા જાણનાર સમર્થ ગુરુને તજ્યા; પણ પત્નીએ પતિને તજ્યાનાં પૂરાવા છે? તો કહે વ્રજની ગોપીઓએ પ્રાણ પ્યારા પતિઓને છોડીને આત્માનંદમાં મસ્ત બની, માટે તુલસીદાસજી કહે છે:

નાતે નેહ રામકે મનિયત સુહૃદ સુસેવ્ય જહાંલૌં।
અંજન કહા આઁખિ જેહિ ફૂટૈ બહુતક કહૌં કહાઁ લૌં।

સાચો સ્નેહ તો રામનો જ માનવો. બીજા બધા દુન્યવી સંબંધો ક્ષણિક છે. દુઃખરૂપ છે. કવિ તુલસીદાસજી આ વસ્તુ સુંદર ઉપમા આપીને સમજાવે છે. આંખનું આંજણ ઠંડક આપવા માટે છે; નિરોગી અને તેજસ્વી બનાવવા માટે છે. પણ જે આંજણથી આંખ જ ફૂટી જાય તે અંજન શા કામનું? જે સુખ દુઃખનું મૂળ છે તે છોડવું જ રહ્યું. જે સંબંધો ભક્તિની આડે આવે તે છોડવા રહ્યા. અથવા કહો કે જેની આંખ ફૂટી છે તેને આંજણથી શો લાભ!

જે સ્નેહી સંબંધીની સાચા સુખ તરફની દૃષ્ટિ જ નષ્ટ થઇ છે. તેને તમે શી રીતે સાચો માર્ગ બતાવી શકશો? તેથી

“તુલસી સો સબ ભાઁતિ પરમહિત
પૂજ્ય પ્રાણ તે પ્યારો,
જાસોં હોય સનેહ રામપદ,
એતો મતો હમારો.”

જેમને સર્વ રીતે રામજી તરફ પ્રેમ નથી, તેમને છોડીને શાંતિ પૂર્વક પ્રભુપદમાં ભક્તિ દૃઢ કરવી, અને કુટુંબ તરફના સ્નેહને પરમાત્મા તરફ વાળવો એવો અમારો દૃઢ અભિપ્રાય છે.

તુલસીદાસજીનો આ અભિપ્રાય મળ્યા પછી, કહેવાય છે કે મીરાંબાઈ મેવાડ છોડી દ્વારિકા તરફ ચાલી નીકળ્યાં અને ત્યાં જ પ્રભુ ભક્તિમાં લીન બની પરમપદને પામ્યાં.

× × × × ×

માણસનો સર્વોત્તમ પુરુષાર્થ ઈશ્વરની શોધની કોશિશમાં મંડ્યા રહેવામાં છે. માણસે બાંધેલાં મંદિરો કે તેણે ઘડેલી મૂર્તિઓ અથવા યાત્રાનાં ધામોમાં તે મળતો નથી અથવા જપતપ કર્યે પણ તેનો ભેટો થતો નથી. ઈશ્વર કેવળ દુન્યવી નહીં પણ દૈવી પ્રેમથી જ મળે છે. મીરાંબાઈ એ જ પ્રેમને આધારે જીવતી હતી અને સર્વ સ્થળે અને સર્વ વસ્તુમાં પ્રેમસ્વરૂપ ઈશ્વરને જોતી હતી. ઈશ્વર જ તેનું સર્વસ્વ હતું.

ગાંધીજી

× × × × ×

મનુષ્યને જ્યાં સુધી પોતાની વસ્તુનો મોહ હોય છે ત્યાં સુધી તેનો સ્વભાવ નિર્મળ બની શકતો નથી. પુરાણા સમયની એક વાત છે: કાશીના એક શ્રીમંત બ્રાહ્મણનો પુત્ર તક્ષશિલામાં વિદ્યાભ્યાસ કરવા માટે ગયો. આજે જેમ કાશી શિક્ષણનું કેન્દ્રસ્થાન માનવામાં આવે છે તેવી રીતે તે સમયે તક્ષશિલા અને નાલંદાના વિદ્યાલયો વિશ્વમાં પ્રખ્યાત હતા. કેટલાક સમય બાદ જ્યારે બ્રાહ્મણનો પુત્ર તક્ષશિલામાં ભણીને ઘેર આવ્યો ત્યારે તેનો પિતા મરણ પામેલો હતો. તેણે વિચાર્યું, “જ્યારે મારા પિતા આ બધું ધન અહીં છોડીને જ જતા રહ્યા છે, ત્યારે હું શું તે સાથે લઈ જઈ શકીશ?” એમ વિચારીને તેણે બધું ધન ગરીબોને વહેંચી દીધું. મનુષ્ય જ્યારે અપરિગ્રહી બને છે ત્યારે વિકાસ સાધે છે.

ભાશબાપુ



ચિ. કાન્ત વતી,
બહોત દિનોં કે
બાદ તુમારા ખત
મિલા. હમારે રોજની
આદત રખની ચાહિયે
જિસને અચ્છા બુરા
ન જાના. કર્તવ્યકે
કારણ કહીં ભી
રહના પડે અચ્છા
હિ માનના. સિખલાઓ
સેવાદિ આતી હૈ
ઉરદૂ કો? તો અચ્છા
ક્યા બુરા ક્યા?
ખોફ ચમાં સે ડરના
ન હો. અપને નિશ્ચય
પર કાયમ રહો.
ધર્મ પાલન વહી



સ્ત્રી કરતી હૈ જો
ફાંસી પર ભી અપના
નિશ્ચય કો ન તોડે
મુઝકો લિખા કરો
૨૯-૨-૦ બાપુકે આશીર્વાદ
[illegible]

ચિ૦ કલાવતી,

બહોત દિનોંકે બાદ તુમારા ખત મિલા. હમારે એસી આદત રખની ચાહિયે જિસે અચ્છા બુરા ન લગે. કર્તવ્ય કે કારણ કહીંભી રહના પડે અચ્છા હિ માનના. જિસકો સેવા હિ કરની હૈ ઉસકો અચ્છા ક્યા બુરા ક્યા? લોકચર્ચાસે ડરના નહિ. અપને નિશ્ચય પર કાયમ રહેના. ધર્મ પાલન વહી સ્ત્રી કરતી હૈ જો ફાંસી પર ભી અપના નિશ્ચય કો ન તોડે. મુઝકો લિખા કરો. — બાપુકે આશીર્વાદ

× × × × ×

જહાઁતક તેરા હૃદય દોષ ન માને વહાઁતક દોષ નહીં સમઝના. અંતમેં હમારે પાસ દૂસરા કોઈ નાપ નહીં હૈ. ઇસીલિયે હમ હૃદયકો સ્વચ્છ રખનેકી કોશિશ કરતે હૈં. પાપી મનુષ્ય પાપકો હી પુણ્ય માન લેતા હૈ, ક્યોંકિ ઉસકા હૃદય મલિન હૈ. કુછ ભી હો, જબતક ઉસે જ્ઞાન નહીં હુઆ તબતક પાપકો હી પુણ્ય સમઝકર ચલતા રહેગા. ઇસલિયે તેરે લિયે અચ્છા કયા હૈ, વહ ઔર કોઈ નહીં બતા સકતા હૈ. મૈં તો ઇતના હી બતા સકતા હૂઁ કિ હમારે સત્ય ઔર અહિંસાકે પથ પર ચલના હૈ. ઔર ઐસા કરનેકે લિયે યમ-નિયમાદિકા પાલન આવશ્યક હૈ.

× × × × ×

દરિદ્ર વહ હૈ જિસમેં શુદ્ધ પ્રેમકી બુંદ તક નહીં હૈ. ધનવાન વહ જિસકે પ્રેમમેં જંતુસે લેકર મસ્ત હાથી સમા સકતા હૈ. નાસ્તિક વહ જો શરીરકે બાહર વિશ્વવ્યાપી આત્માકો નહીં પહચાનતા. આસ્તિક વહ જો હર જગહ આત્માકે સિવા ઔર કુછ દેખતા નહીં.

ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની 'ગીતાંજલિ'નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ'ને સમજવા માટે આપણુને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

તું જ્યારે ગાવાને કહે છે,
અંતર ગર્વ થકી ફૂલી,
નેનો અશ્રુ ભરી તુજને નીરખે છે.
જે કટુ, કઠોર જે મુજ પ્રાણે,
પીગળી જાય અમૃતમય ગાને,
સહુ સાધન આરાધન મારાં
ઊડવા પંખી સમાં તલખે છે.
તૃપ્ત થતો મુજ ગીતે રાગે,
ગીત તને વા'લાં મુજ લાગે,
જાણું તુજ પાસે જઈ બેસું
એ બળ તો મુજ ગીત તણું છે.
મનથી જ્યાં પહોંચી નવ શકતો,
ગીત વડે ચરણો તે અડતો,
સુરની ધૂન મહીં ભૂલીને
બંધુ કહી સંબોધું પ્રભુને.
અનુ૦ [નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું ૭૮ મું કાવ્ય સમજાવતાં પૂ૦ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :

આપણે જોઈ ગયા કે માણસે જીવનની સફળતા માટે આનંદને ખાતર દરરોજ કંઈક કામ કરવું જોઈએ. બીજાના સ્વાર્થ માટે કે કોઈ કરવા કહે એ સારુ નહિ, પણ આનંદને ખાતર જ. આનંદ પાછળ શાંતિ રહેલી છે અને શાંતિ પાછળ આનંદ રહેલો છે. શાંતિ અને આનંદ એ બંને અભિન્ન છે.

કલાકાર કે સાહિત્યકાર જ્યારે કંઈ સર્જે છે ત્યારે તે પ્રભુમાં લીન થઈ જાય છે. પ્રભુમાં મગ્ન બની જાય છે. પ્રભુ વ્યક્તિ નથી પણ વિરાટ સ્વરૂપ છે. પ્રભુ તો પ્રત્યેકને પોતપોતાની ભાવના અનુસાર આવિર્ભાવ પામે છે. જે માનવી પોતાના નિજત્વને, સ્વત્વને,

પોતાના અહમ્‌ને વીસરી જાય છે, ત્યારે જ તે પ્રભુનો સ્પર્શ અનુભવી શકે છે. તે પોતાના સંકુચિત અહમ્‌માંથી વિરાટ ચેતનામાં પ્રવેશે છે. તેને એવી અનુભૂતિ થાય છે કે પ્રભુ તેના માથા પર હાથ ફેરવી ગયો, મારી પાસે બેસીને ગયો. જગતનું એ આશ્ચર્ય જ છે કે પ્રભુ આપણા અંતરમાં જ રહેલો છે તોયે એને આપણે બહાર શોધીએ છીએ! પણ જે પ્રભુના સાચા ભક્ત છે તે તો પ્રભુને પોતાના મનના ભાવ પ્રમાણે માને છે. અર્જુન શ્રીકૃષ્ણને સખા કહીને બોલાવતા હતા. પણ જ્યારે ભગવાને એમને વિરાટ-દર્શન કરાવ્યું ત્યારે જ પ્રભુની મહાનતાનો એને ખ્યાલ આવ્યો. પણ એ પહેલાં તો ભગવાન એને 'સખા' રૂપે જ હતા.

મને અહીં મધ્યયુગની એક વાત યાદ આવે છે: રજપૂતાનાના એક ગામમાં એક દિવસે પ્રભુના એક ભક્તને થયું કે આજે સવારે જે પહેલાં પાંચ જણ અહીંથી પસાર થાય એમને પૂછું કે, તારો પ્રભુ કેવો છે.

પહેલો ત્યાંથી એક ભંગી પસાર થયો. ભકતે પૂછયું, "ભાઈ, પ્રભુ છે કે?" તે કહે, "હા છે." ભકતે પૂછયું, "તને એનામાં શ્રદ્ધા છે ખરી?" ભંગીએ જવાબ આપ્યો: "હા જી." ભક્તે પૂછયું, "તારો પ્રભુ કેવો છે?" પેલો ભંગી સહજભાવે બોલ્યો: "મારો પ્રભુ તો બહુ મોટો ભંગી છે!"

બીજો આવ્યો ધોબી. તેણે જવાબ આપ્યો: "મારો પ્રભુ તો બહુ મોટો ધોબી છે!"

ત્રીજો વણકર આવ્યો. તે કહે: "મારો પ્રભુ તો મોટો વણકર છે!"

ચોથો માણુસ હાથમાં ત્રાજવું લઇને આવ્યો. તેણે જવાબ આપ્યો: મારો પ્રભુ તો બરાબર તોલ કરે છે!"

છેલ્લો માણુસ તંબૂર વગાડતો વગાડતો આવ્યો, તેણે કહ્યું. "મારો પ્રભુ તો રાતદિવસ ગાયા જ કરે છે!"

એ જ રીતે આપણને પણ આપણા વિચાર પ્રમાણે, આદર્શ પ્રમાણે પ્રભુની પ્રતીતિ થશે. આપણે જે કંઈ વાંચેલુ, વિચારેલું કે કલ્પેલું હશે તેવો પ્રભુ આપણને દેખાશે.

હજારો વર્ષ પહેલાં માણસે પ્રભુની કલ્પના એક 'ન્યાયાધીશ' તરીકે કરી હતી. તેના હાથમાં એક ચાબુક હતી. ચાબુકને જોરે તે બધા ઉપર શાસન કરતો હતો. ત્યાર પછી કેટલાંયે વર્ષો વીતી ગયાં. ત્યાર બાદ પ્રભુને 'રાજા' રૂપે માણસો માનવા લાગ્યા. ત્યાર પછી પિતા રૂપે સમજવા લાગ્યા. ઈરાનનો એક ભક્ત તો પ્રભુને 'મિત્ર' કહેતો. થોડાં વર્ષો ઉપર એક ભક્ત પ્રભુને 'ભાઈ' કહીને સંબોધતો હતો.

ગુરુદેવને મન જગત કવિતા રૂપ છે. તેથી ગુરુદેવ કહે છે કે, પ્રભુને હું મનથી પહોંચી શકતો નથી, પણ મારાં ગાતો વડે પ્રભુના ચરણનો સ્પર્શ કરી શકું છું. અહીં મને એક વાત યાદ આવે છે: જર્મનીના એક ગણિત શાસ્ત્રીએ એવું વિધાન કર્યું હતું: "God is a Mathematician," પ્રભુ તો મોટો ગણિત શાસ્ત્રી છે, એક કલાકારે કહ્યું હતું "God is an Artist." પ્રભુ તો કલાકાર છે. વળી એક નૃત્યકારે કહ્યુ હતું: 'God is a Dancer" પ્રભુ તો નૃત્યકાર છે. એવી જ રીતે ગુરુદેવ કહે છે પ્રભુ મહાન સંગીતકાર છે અને એ ગાયક સાથે સંબંધ તો ગીત દ્વારા જ થઈ શકે. જે ધોબી સાચો ધોબી છે તે પ્રભુને ધોબી જ માને છે અને પછી તે પોતાનું કામ ખૂબ ચીવટથી કરશે. એમાં જ એને પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. મને સાંઘમાં એવા એક ભંગીનાં દર્શન થયાં હતાં. તેને

આશાબાપુ

સાચો અધિકાર

મુકુલભાઈ

આપણા દેશમાં હવે આપણું રાજ છે, પ્રજાનું રાજ છે. આપણે જો પ્રજાનું મન જીતીએ તો આપણે અધિકારને લાયક બનીએ અને પ્રજા પણ આપણને માન આપે તેમ જ આપણું સાંભળે. પરંતુ લોકશાહીમાં કેટલીક વાર અપાત્ર માણસો પણ કુનેહથી કે 'યેનકેતઉપાયેન' અધિકાર પર આવી જાય છે અને પછી લોકશાહીને તેમ જ દેશને જોખમમાં મૂકી દે છે. તેથી અધિકારીના સાચા ધર્મને સૌએ સમજવો જરૂરી છે.

ચીનમાં કોન્ફ્યુશિયસ નામે મહાન ફિલસૂફ થઇ ગયા. તેમણે પોતાના સદુપદેશથી ચીનના લોકોનાં મન પર ઊંડું વર્ચસ્વ સ્થાપ્યું છે અને તેમનો એ ઉપદેશ એટલો જ જીવનવ્યાપી પણ છે. એક દિવસે કોઈએ તેમને પૂછયું :

'સત્તા ધારણ કરનારા અધિકારીએ શી રીતે વર્તવું જોઇએ જેથી રાજ્યનું શાસન સારી રીતે ચાલી શકે?'

મહાત્મા કોન્ફ્યુશિયસ બોલ્યા: 'તેણે પાંચ ઉત્તમ વસ્તુઓને ગ્રહણ કરવી જોઈએ; અને ચાર ખરાબ વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રમાણે કરે તો તે સારી રીતે શાસન ચલાવી શકે.'

'એ પાંચ ઉત્તમ વસ્તુઓ કઈ છે?' કોન્ફ્યુશિયસ બોલ્યા: 'ખોટો અને ઉડાઉ ખર્ચ કર્યા વિના લોકસંગ્રહનું–લોકકલ્યાણનું કામ થઈ શકે એવી સાદી અને સરળ યોજનાઓ અધિકારીઓ ઘડી કાઢે, ત્યારે એક ઉત્તમ વસ્તુ થઈ કહેવાય. લોકોને ભારરૂપ ન થાય એ રીતે કર લેવાની યોજનાઓ અધિકારીઓ યોજી શકે તો તેમણે બીજી ઉત્તમ વસ્તુ સાધેલી કહેવાય.' 'આ બે વસ્તુઓ થઈ. હવે ત્રીજી ઉત્તમ વસ્તુ કઈ?'

'જ્યારે પોતે જે વસ્તુને લોકના હિત માટે જરૂરી અને ઉપયોગી માનતો હોય, પરંતુ ખોટો હઠાગ્રહ ન સેવે અને જરૂર પડયે એ છોડી દેવા જરાયે આનાકાની ન કરે, તો તે અધિકારી ત્રીજી વસ્તુ સમજી શકયો છે એમ કહેવાય. કારણ કે કોઈ વસ્તુ ઉત્તમમાં ઉત્તમ હોય, પરંતુ લોકોની વૃત્તિ એનાથી વિરુધ્ધ હોય; તોયે તેને અમલમાં લાવવાનો આગ્રહ રાખવામાં આવે તો તે સત્તાઘેલછા જ કહેવાય. લોકો ધીમે ધીમે એ ઉત્તમ વસ્તુને સમજતા થાય, અને પોતાની ભૂલ સુધારતા થાય, એ પણ સારા શાસનની કસોટી છે.'

ભાગે બે રસ્તા સાફ કરવાના હતા. જ્યારે જ્યારે તેને વખત મળે ત્યારે ત્યારે તે ત્યાં પડેલો કચરો સાફ કરી આવતો. એ વિના એને ચેન પડે નહિ. રાતે પણ સૂતાં પહેલાં તે ત્યાં જઈ આવે અને કચરો પડેલો હોય તે ઉપાડે મેં એમને પૂછયું: "અરે, તમે સવારે સફાઈ માટે જવાના તો છો જ, પછી રાતે જવાની શી જરૂર?" તે કહે, "મારું દિલ માનતું નથી. મારી તો એ જ પૂજા છે, સાધના છે." આમ ભક્ત પોતાની અને પ્રભુની વચ્ચે પુલ બાંધે છે. પ્રભુને ગાયક સમજીને ગુરુદેવ ગીત દ્વારા પુલ બાંધે છે, એ દ્વારા પ્રભુની નીકટતા અનુભવે છે. પ્રભુની અને આપણી વચ્ચે ભલે કેટલુંયે અંતર હોય, એની અને આપણી શક્તિ વચ્ચે ભલે કેટલોયે તફાવત હોય, પણ જો મન શાંત હોય, બુદ્ધિ શાંત હોય, ચિત્ત એકાગ્રતા પામતું હોય અને નિજત્વનું વિસ્મરણ થતું હોય તો એવી ક્ષણ આવે જ છે જ્યારે પ્રભુ અને આપણી વચ્ચે ઐકય સધાય છે.

થી

ા

ાસન

જે શાસન

..સન કરી શકે

ા જ સુશાસનની

'

પાંચમી ઉત્તમ વસ્તુ કઈ?'

રહેલી શક્તિ કોઇને કોઈ પ્રકા-

તાનું પ્રતીક છે. એ ભવ્યતા કદી

બનતી નથી. કદી ક્ષુદ્ર હોતી નથી;

કદાપિ મિથ્યા ક્રોધમાં માનતી નથી.

આ પાંચ વસ્તુ જે બરાબર સમજે છે તે સારી રીતે પોતાનો અધિકાર ચલાવી શકે છે, સારું શાસન સ્થાપી શકે છે.'

'તમે આ પાંચ ઉત્તમ વસ્તુઓ સમજાવી. પરંતુ વ્યવહારમાં એ શી રીતે ચાલી શકે? ખર્ચ અને કોઈ કોઈ વાર ઉડાઉ દેખાય એવા ખર્ચ કર્યા વિના લોકકલ્યાણ શી રીતે સાધી શકાય? પૈસાની ડગલે ને પગલે જરૂર પડે!'

કોન્ફ્યુશિયસ બોલ્યા: 'લોકકલ્યાણની કઈ વસ્તુ લોક પાસેથી સહજ રીતે કરાવી શકાય એમ છે તે જાણવા માટે બુધ્ધિની કસોટી તો કરવી જ રહી. એમ કરીએ તો શું ઓછા ખરચે વધારે કામ ન થઈ શકે? એ જ રીતે બીજી ઉત્તમ વસ્તુઓ વિષે પણ સમજવું. એક બીજું ઉદાહરણ લઈએ: 'ભવ્યતા કદી તુચ્છ હોતી નથી.' એનો શો અર્થ સમજવો? એનો અર્થ એ છે કે, જેને સત્તાનો શોખ નથી, પરંતુ પોતાના ઉપર આવી પડેલા એક ધર્મ તરીકે તેનો જેણે સ્વીકાર કર્યો છે, તે માણસ ગમે તેવા અલ્પ, ક્ષુલ્લક દેખાવો સામે પણ કદી પોતે તેવો બનતો નથી. તે પોતાની ભવ્યતા ત્યારે જ જાળવી શકશે જ્યારે તેની પાસે માણસની મોટામાં મોટી મૂડી-ચારિત્ર્ય હશે. નહિ તો તે પોતાના અધિકારપદેથી રાક્ષસના જેવા બરાડા પાડશે અને એ બરાડા જ એની વધારે ને વધારે નબળાઈ ઉઘાડી પાડશે. ભવ્યતા કંઈ નકામા દેખાવો કરવાથી ઊભી થતી નથી. એ તો માણસમાં જ હોય તો કામની.'

'એ વાત તો સાચી છે. હવે તમે જે ચાર વસ્તુનો ત્યાગ કરવાનો કહ્યો તે કઈ?'

'લોકોની વૃત્તિઓને પૂરેપૂરી સંસ્કારી કર્યા વિના તેમ જ ભવિષ્યમા કેવું પરિણામ આવવાનું છે તેની જાણ કરાવ્યા વિના, તેમના ઉપર કોઈ વસ્તુ લાદવામાં આવે, તો એ એક પ્રકારની ક્રૂરતા જ છે. સારા શાસને વ્યવસ્થા સ્થાપવાની છે, ક્રૂરતા બતાવવાની નથી. લોકોને તૈયાર કર્યા વિના તેમના ઉપર ધૂંસરી લાદવામાં આવે તે સારા શાસનની નિશાની નથી.

'પૂરેપૂરો વિચાર કર્યા વિના કાયદાઓ ઘડવા અને હુકમો કાઢવા, અને પછી તેનું બધા બરોબર પાલન કરે એ માટે નિર્દયતાથી કામ લેવું એ પણ સારું શાસન ન જ કહેવાય. વળી આપણા હાથ નીચેના માણસો પાસે કામ લેવું અને તેની યોગ્ય કદર ન કરવી એ પણ ત્યાજ્ય વસ્તુ છે, સારા અધિકારીને તે શોભાસ્પદ નથી.'

છેવટે કોન્ફ્યુશિયસ બોલ્યા: 'આ બધી વસ્તુ ધ્યાનમાં રાખવી. પરંતુ લોકો ઉપર શાસન કરવાનો અધિકાર પ્રાપ્ત થવો એ ઇશ્વરી પ્રસાદ છે. આ વસ્તુ જે સમજતો નથી તે કોઈ દિવસ સારો અધિકારી ન થઈ શકે. અધિકારવાળા માણસે યોગ્યાયોગ્યતાનો વિવેક જાણવો જોઇએ; પોતાના શબ્દોની કિંમત સમજવી જોઈએ, મન ફાવે તેમ બોલવું ન જોઇએ. એ પ્રમાણે જે વર્તે છે, તે જ સાચો અધિકારી બની શકે છે.'

પ્યારાબાપુ

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

એક પ્રાચીન બ્રાહ્મણે પોતાનો જીવન સિદ્ધાંત અડધા શ્લોકમાં વ્યક્ત કર્યો છે:

અસમ્માનાત્ તપો-વૃદ્ધિઃ
સમ્માનાચ્ચ તપઃ ક્ષયઃ ॥

આપણામાં કોઈ પ્રકારનો દોષ ન હોય, સદાચારમાં પણ જરાયે ખામી ન હોય, તેમ છતાં જગત આપણું અપમાન કરે તો આપણું તપ વધારે બળવાન બને છે અને આપણું ચારિત્ર્ય વધારે ઉજ્જવળ થાય છે. એને બદલે આપણું સત્કૃત્ય જોઇને લોકો આપણો જય જયકાર કરવા લાગે તો આપણું તપ ક્ષીણ થઇ જાય છે અને આપણું પતન થવાનો ભય વધી જાય છે.

વ્યવહારિક જીવનમાં દરેક માણસ મારાં કામ દુનિયાને કેવાં લાગશે તેને ડગલે ને પગલે વિચાર કરતો રહે છે. હરકોઈ પોતાને કોઈ હીન કે કાયર ન માને એની ચિંતામાં રહે છે. આને ઇજ્જત આબરુની પરવા કહે છે. ઘણી વખત માણસ કેવળ આ ઈજ્જત આબરુની પરવાથી જ ભલાઈ કરે છે. પણ છૂપી રીતે દુનિયાની નજર તેના ઉપર ન હોય, ત્યારે હલકું કામ પણ તે કરી બેસે છે, અને કોઈ તેની અધમતા જાણતું નથી; એટલે તે માની લે છે કે, મારી આબરુ જેવી ને તેવી નિષ્કલંક રહી છે!

સાચી વાત તો એ છે કે, જે ઘડીએ માણસ પોતાની નીતિ છોડે છે, તે જ ઘડીએ તે પોતાની પહેલાંની ઇજ્જત આબરુ પણ ખોઇ બેસે છે. લોકો શું કહેશે, લોકોને કેવું લાગશે તેના કરતાં અધિક મહત્ત્વનો વિચાર એ છે કે, 'હું મારા અંતરાત્માને શું કહીશ, અથવા મારા મનને એ કેવું લાગશે.' એ વાત સાચી છે કે, દુનિયામાં ઇજ્જત આબરુથી રહેવું જોઈએ. પરંતુ પોતાની પાસે પોતાની આબરુ ટકી રહે તેનો આગ્રહ વધુ રાખવો જોઇએ.

અંગ્રેજીમાં તેને Self-respect કહે છે. તેનો સાચો અર્થ એ જ છે કે, આપણી પાસે આપણી આબરુ ટકી રહે. પણ સામાન્ય રીતે લોકો જ્યારે Self-respectની વાત કરે છે તો તેનો સાચો અર્થ Social respect સામાજીક પ્રતિષ્ઠા કરે છે.

ખરા સત્‌પુરુષો સામાજીક-પ્રતિષ્ઠાને જરાયે મહત્ત્વ આપતા નથી. તેમને તો આત્મપ્રતિષ્ઠાની જ પડી હોય છે.

આપણા પૂર્વજ ઋષિઓ આપણને શીખવતા ગયા છે કે, જેનાથી આપણો અંતરાત્મા લજ્જા પામે તેનાથી દૂર રહીએ. વ્યવહાર ઊંડાણમાં ઊતરતો નથી. તે તો કહે છે કે, જે વસ્તુ લોકોને ખટકે અને જેનાથી તમારી બદનામી થાય એવું ન કરો. તેથી જ ચિડાઇને તુકારામ કહે છે:

'લોક જૈસા ઓક(ઊલટી) ધરિતાં ધરવેના' લોક તો ઊલટી સમાન છે. રોકયા રોકાતા નથી) તુકારામ કહે છે કે, 'મારી યોગ્યતા સાચી ઠરી તો શું તમારા આ 'લોકો' મને સ્વર્ગે જતો રોકી શકશે? અને જો હું અંદરથી દંભી રહીશ તો તેમના જયજયકાર

મારે માટે સ્વર્ગનું વિમાન થોડું જ લાવવાના હતા ? મને લોકમતની શી પડી છે ?'

સત્ય અસત્યાશીં મન કેલેં ગ્વાહી,
માનિયલેં નાહીં બહુમતા ॥'

(મેં તો સત્ય અસત્યની બાબતમાં મારા મનને જ સાક્ષી રાખ્યું છે. મેં કદાપિ બહુમતને માન્યો નથી.)

'બરેં દેવા કુનબી કેલોં
નાતરી દંભે અસતોં મેલોં'

(સારું કર્યું ભગવાન, કે મને શુદ્ર બનાવ્યો ! નહીં તો દંભથી જ હું મરી ગયો હોત.)

હીનતા, વિપત્તિ, દુઃખ અને અપમાનથી તેજસ્વી પુરુષની બધી શક્તિઓ જાગ્રત થાય છે. એક મહાત્માની જ્યારે વિના કારણ નિંદા થવા લાગી, ત્યારે તેમણે પોતાના એક વ્યવહારી સલાહકારને કહ્યું, 'લોકોની પાસે હું કંઈ સન્માન માગવા ગયો નહોતો. અને મારાથી ખિજાઈને મારી કીર્તિ મને છોડી ચાલી ગઈ તો હું તેને રોકનાર નથી. માન-સન્માનથી મારી દોલત કંઈ વધી નથી અને તેમના જવાથી મારું કંઈ નુકસાન પણ થવાનું નથી લોકોની ઈજ્જત મારે માટે ભારરૂપ થઈ પડી હતી લોકો સાથેની મમતા છૂટી તો હલકો થઈને વધારે સરળતાથી ભગવાન તરફ આગળ વધી શકીશ. મારા અંતરાત્માને લજાવે એવું કોઈ કામ મારાથી ન થઈ જાય એટલું બસ છે. ગીતાંજલિ-૧૨૬

નિન્દા દુઃખે અપમાને
જત આઘાત ખાઈ
તબુ જાનિ, કિછુઇ સેથા
હારાબાર તો નાઈ।

થાકિ જખન ધુલાર પરે
ભાબતે ના હય આસનતરે,
દૈન્યમાઝે અસંકોચે
પ્રસાદ તબ ચાઈ।
લોકે જખન ભાલો બલે,
જખન સુખે થાકિ,
જાનি મને, તાહાર માઝે
અનેક આછે ફાઁકિ।
સેઇ ફાઁકિરે સાજિયે લયે
ઘુરે બેડાઈ માથાય બયે,
તોમાર કાછે જાબો એમન
સમય નાહિ પાઈ।

જેમ જેમ હું નિંદા, દુઃખ અને માનના ધક્કા સહન કરતો જાઉં છું, તેમ મને સમજ પડે છે કે, એનાથી કંઈ નુકસાન થતું નથી. જમીન પર બેસ થયું તો પૂરતી જગા મળશે કે નહીં ચિંતાની ગુંજાશ રહેતી નથી, પણ ઉપર બેસવાનું થયું, તો તે લાંબું પડે છે કે નહીં તેનો વિચાર કરવો પડે હીનતામાં કોઇનો પણ સંકોચ રહેતો હોવાથી ઇશ્વર-પ્રસાદીની તમન્ના વધતી જાય છે.

જ્યારે જ્યારે દુનિયા મને સારો છે, મારી સ્તુતિ કરે છે; જ્યારે જ્યારે સુખચેનમાં હોઉં છું, ત્યારે ત્યારે અંતરાત્મા મને કહે છે, 'અહીં ફસાવ ભય છે-સાવધાન !' કારણ કે તેની પા દંભ લાગેલો જ છે. એ ગલપટ્ટાને અલ માનીને માથા ઉપર ચડાવી ફરવા લાગ તો પ્રભો, તારી પાસે આવવાની ફુરસદ ક્યાંથી મળશે ?

* * *

પ્રાર્થના પછી

બબલભાઈ મહેતા

[ગયા મે માસમાં બીડજમાં કાયદા શિબિર વખતે પ્રાર્થના પછી પ્રવચનો થતાં હતાં. એ પ્રવચનોમાં સર્વોદયની દૃષ્ટિને વિશદ રીતે સમજાવવામાં આવી છે. બાપુજીના વિચારોને સમજવા તેમ જ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર પ્રત્યેકને એ અતીવ ઉપયોગી થઈ પડે એમ છે. 'પ્યારાબાપુ'માં ક્રમે ક્રમે તે પ્રગટ થશે.]

(૪)

ગાંધીજીનું જીવન સમજવાનાં બે પાસાં છે. એક બાહ્ય અને બીજું આંતરિક. તેમનાં આંતરિક પાસામાં જીવનના વ્રતો આવે છે. અને બાહ્ય પાસામાં તેમના બધાં રચનાત્મક કાર્યો આવે છે. એ જો અમલમાં આવે તો નવી સમાજ રચના ઊભી થાય.

એમના તત્ત્વજ્ઞાનમાં સાધન શુદ્ધિ એ અતિ મહત્ત્વનું અંગ છે. હેતુ કે સાધ્ય પાર પડયું એટલે પત્યું એમ માનનારાઓથી ગાંધીજી જુદા પડે છે. ઊંચી સિદ્ધિ ખોટા સાધનથી મળે તોયે તેમને ન ખપે. સ્વરાજ હિંદની પ્રજાને માટે અતિ મહત્ત્વની ચીજ છે. એ સ્વરાજ દગા ફટકાથી કે જૂઠાણાંથી આવે તો ન જોઇએ એવું ગાંધીજી કહેતા. સાધનના નજીવા દોષો આવે તો હિમાલય જેવી ભૂલ થઈ એમ કહીને મોટી હિલચાલ થંભાવી દે છે એ ઘણા ઓછા લોકો ધ્યાનમાં રાખે છે. સિદ્ધિ લલચાવનારી ચીજ છે. તે લલચાવીને ટૂંકે માર્ગે વાળી જાય છે. અને ટૂંકો માર્ગ છેવટે લાંબો બની જાય છે. ખરેખરો માર્ગ સાધન શુદ્ધિનો છે. 'વાવે તેવું લણે' એવી કહેવત આપણે ત્યાં પ્રચલિત છે. બાવટો વાવો તો ઘઉં ન મળે. પણ ખરેખર આચરણ કરવાનું આવે છે અને નજર સામે ફળ દેખાય છે ત્યારે શુદ્ધ માર્ગ છોડી દેવાનું મન થાય છે. બાળકને વહેલો શીખવવાની દૃષ્ટિએ શિક્ષક મારે છે. પણ મારથી તેની બુદ્ધિનું ઢાંકણું બંધ થઈ જાય છે. માર મારવો એ બુદ્ધિ ખીલવવાનો રસ્તો નથી. આવું જ જીવનમાં અનેક વાર બનતું હોય છે. જે રસ્તે જવું છે તેની શરૂઆત સાધન છે. રસ્તાનો છેડો ધ્યેય છે. સાધન અને ધ્યેય જુદાં નથી. ધ્યેય સત્ય છે. સાધન અહિંસા છે, પ્રેમ છે. સત્ય અને અહિંસા એ એક સિક્કાનાં બે પાસાં છે. એને જુદાં કેમ પડાય? અહિંસા હોય તો સત્યનાં દર્શન થાય. સર્વોદયમાં માનવાવાળાએ આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ ઘણાં વાદો આપણી સમક્ષ આવે છે ત્યારે આપણે ધ્યેય સમજી લેવું જોઈએ. ગરીબોનું કલ્યાણ, સામ્યવાદ, ગાંધીવાદ, સમાજવાદ કે બીજા કોઈ વાદ આવે એમાંથી કયે માર્ગે સારું થાય? ગાંધીવાદ કેમ સારો, બીજા વાદો કેમ સારા નથી, એના સૂક્ષ્મ ભેદો અને સાધન શુદ્ધિના આંકો પણ સમજી લેવા જોઈએ. આપણો કસોટી-

કાળ આવે ત્યારે સાધન શુદ્ધિ જે માર્ગમાં દેખાય તે માર્ગ અપનાવવો.

જો અશુદ્ધ સાધનો હશે તો તે જ આપણને ગબડાવી દેશે. હિંસાનો માર્ગ સાચો નથી. દુનિયા એ માર્ગે જઈ રહી છે. એ માર્ગમાંથી હઠવું હોય તો આખી સમાજ–રચના બદલવી પડે. શરૂઆત એક દેશથી થાય તો વિશ્વમાં એ ફેલાશે. જ્યાં પ્રારંભ થાય ત્યાં ખુવારી થવાનો પણ સંભવ છે. પણ પ્રજા સાચેસાચ અહિંસક હોય તો અંતે તેનો વિજય છે. ગાંધીજીએ માર ખાધો પણ તેમનું તેજ અહિંસક હતું એટલે વિજય થયો. આપણી પ્રજામાં એ તેજ નથી તેથી આપણે ત્યાં લશ્કર છે.

તેથી જેટલી સાધન શુદ્ધિ રાખીશું તેટલો સર્વોદયનો પંથ આગળ વધશે.

જે સાધનો વડે ક્રિયા કરવાની છે તે જેટલાં શુદ્ધ તેટલું કામ પાકા પાયાનું થશે. ગાંધીજી આવાં કાર્યો સિદ્ધ કરી શકયા કારણ કે તેમનાં સાધનો શુદ્ધ હતાં. માણસના જીવનમાં પોતે જેટલી તૈયારી કરે તેટલે અંશે તે સફળ થાય. એ દૃષ્ટિએ જોતાં જે આદર્શ મન સમક્ષ રાખીએ તે પાર પાડવા માટે મન બુદ્ધિ આત્મા શરીર વિકસી શકે એવો આપણો પ્રયત્ન હોવો જોઇએ. જે માણસ પોતાનું મન બુદ્ધિ શરીર બગાડી મૂકે તે પોતાના આત્માનો પણ નાશ કરે છે.

'વિષયોનું ધરે ધ્યાન તેમાં આશક્તિ ઊપજે,
જન્મે આશક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે;
ક્રોધથી મૂઢતા આવે મૂઢતા સ્મૃતિને હણે,
સ્મૃતિલોપે બુદ્ધિ નાશ, બુદ્ધિ નાશે વિનાશ છે.'

માનવીના વિનાશના આ પગથિયાં છે. મન કયાં લઈ જાય તેનું આ એક ચિત્ર છે. આદર્શ જો ઊંચો ન હોય તો ઊતરતા ઢાળ પર બેસતાં જ તે નીચે ગબડી જાય છે. ડુંગર પર ચડવું અઘરું છે પણ પડવું સહેલું છે. એક બોલ ને શત વિનિપાત. જીવનમાં ઊંચી જગ્યાએ જવાનું ધ્યેય નથી હોતું તો ગમે ત્યાં અથડાઈએ છીએ. જે પોતાના જીવનને ઉન્નત કરવા માગે છે તેની સમક્ષ કોઈ ઊંચો આદર્શ હોવો જ જોઇએ. મનુષ્ય-દેહ ઉત્તમ છે. તે દ્વારા નરનો નારાયણ થાય છે. ગાંધીજી જેવાએ પોતાના જીવનમાં એ કરી બતાવ્યું. વ્યક્તિ ધારે તેવી થઇ શકે છે. જેનું જીવન – ધ્યેય સ્પષ્ટ છે તે ગમે ત્યાં ગબડી ન પડે. તેથી જીવનમાં ઉચ્ચ ધ્યેયની જરૂર છે. તે ધ્યેયની પ્રાપ્તિ માટે તે આપણે નાનાં નાનાં પગથિયાં બનાવીએ. જે ધ્યેય ગાંધીજીનું તે જ આપણું ધ્યેય. તે એક સામટાં ચાર પગથિયાં કૂદ્યાં તો આપણે એકએક કૂદીશું. પણ ધ્યેય તેમના જેવું ઉચ્ચ રાખીશું મોટી ઉમર સુધી જે જીવન ધ્યેય નક્કી કરતો નથી તે પસ્તાય છે. જો જીવનમાં ધ્યેય હશે તો નાનાં કામથી તેને સંતોષ મળશે. નહિ તો મોટાં કામો પણ તેના મનનું સમાધાન ન કરી શકે.

સામે ધ્યેય હશે તો તેનો પ્રયત્ન સફળ થાય કે નહિ પણ તે પુરુષાર્થી રહેશે જ. જેમ પેલા ભરવાડે મુખીના સેવાના પ્રારંભથી ભગવાનને શોધ્યા તેમ ઉચ્ચ ધ્યેય માટે આપણામાં પુરુષાર્થ માટે તાલાવેલી જોઈએ. માટે ધ્યેય નક્કી કરો. અને તેની પ્રાપ્તિ માટે શુદ્ધ પગથિયાં ભરો.

સંત કવિ

કનકદાસ

સંત કવિ કનકદાસ મૂળ ધારવાડ તરફના બાડ ગામના રહીશ. એમનું અસલ નામ વીરનાયક. જાત અંત્યજની. ધંધો શિકારીનો. અચૂક બાણ મારી લક્ષ વેધવામાં એમની તોલે આવે એવો એમના વખતમાં બીજો ન હતો. ચિત્રકલદુર્ગ (હાલનું ચિતલદુર્ગ)ના રાજાની નોકરીમાં એ સેનાપતિના હોદ્દા સુધી ચડ્યા. પૈસા અને પ્રતિષ્ઠાના સ્વામી બન્યા. પણ એક વખતે એક લડાઈમાં એમને ઉપરતિ થઈ. અંદરના અવાજે પડકાર કર્યો કે "બાપ! આ બધી દુનિયાની માયા છોડી દે, અને એકતારી ને ભિક્ષાપાત્ર હાથમાં લઈને દાસ થા. વીરનાયકે ગૃહસંસાર છોડ્યો, ને યાત્રાએ ઉપડ્યા. તિરુપતિ, કાંચી, કલહટ્ટી વગેરે ફરી વિજયનગર ગયા. એ વખતે મહાન કૃષ્ણ દેવરાય રાજ્ય કરતા હતા. અહીં વીરનાયકને એમનાં ગુરુ મળ્યા. એમણે માધ્વ સંપ્રદાયની દીક્ષા લીધી, અને ફરી યાત્રાએ ઊપડ્યા.

ચિદંબરમ, શ્રીરંગમ, મદુરા, રામેશ્વર, અનન્તશયન, કન્યાકુમારી, ગોકર્ણ વગેરે યાત્રાઓ કરી અનેક જાતનાં કષ્ટ વેઠી કનકદાસ (વીરનાયક) ઉડપી આવી પહોંચ્યા. ઉડપી એટલે ચુસ્ત સનાતનીઓનું થાણું. કનક જેવા અન્ત્યજને ઊભા રહેવા કોણ દે? પછી ભિક્ષા મળવી તો દૂર જ રહી. અનેક સાંસા પડ્યા પછી વાદિરાજ સ્વામીનું ધ્યાન એમના તરફ ગયું. ઉડપીના મન્દિરની વ્યવસ્થા જુદા જુદા આઠ મઠના સ્વામીઓ પાસે છે. એમાંના સોડે મઠના મુખ્ય તે વાદિરાજ સ્વામી. અસાધારણ વિદ્વાન અને ધર્મશીલ તરીકે તેમની ખ્યાતિ હતી. તેમણે જોઈ લીધું કે કનકદાસ તો પોતાના કરતાં પણું ચડે એવો છે. મન્દિરની પૂજા થયા પછી વાદિરાજ સ્વામી રિવાજ પ્રમાણે હસ્તોદક આપે, અને પછી જ બધા બ્રાહ્મણો જમવા બેસે. આ હસ્તોદક તો પ્રતિષ્ઠાના ક્રમ પ્રમાણે જ અપાય. કનકની યોગ્યતા જાણ્યા પછી, વાદિરાજ મન્દિરમાંથી નીકળે કે પ્રથમ કનક પાસે જાય; એમને હસ્તોદક આપે ત્યાર પછી જ બીજા બ્રાહ્મણોને તે મળે. બ્રાહ્મણો આથી ખૂબ ચિડાયા. વાદિરાજે કહ્યું: "અરે, કનકદાસ મારા કરતાંયે મોટો છે. એને ચરણામૃત પ્રથમ ન આપું તો અધર્મ થાય." બ્રાહ્મણોએ પ્રમાણ માગ્યું. વાદિરાજ મન્દિરમાં ગયા, અને જમણા હાથની મૂઠી વાળી બહાર આવી બ્રાહ્મણોને પૂછ્યું: "બ્રાહ્મણો! મારા હાથમાં શું છે તે કહો." દરેકે જુદો જુદો જવાબ આપ્યો. છેવટે કનકનો વારો આવ્યો. એ તો ભક્તિમાં મગ્ન જ થઈ ગયા. એમના કંઠમાંથી ગાન સ્ફુર્યું: "એ તો વાસુદેવ પરમાત્મા જ છે." જેમ જેમ ગાન વધ્યું તેમ તેમ વાદિરાજના હાથનો બોજો વધવા લાગ્યો. તેઓ તે ખમી ન શક્યા. તેમણે મૂઠી ઉઘાડી તો તેમાં શું હતું? એક શાલિગ્રામ અને તુલસીપત્ર.

"વાદિરાજ સ્વામી એક દિવસ બ્રાહ્મણોને અક્કેક કેળું આપ્યું અને કહ્યું: "આજે એકાદશી છે. કોઈ જુએ નહી એવે ઠેકાણે જઈને આ ખાજો." બેશક કનકને પણ એક કેળું આપ્યું હતું. સાંજે બધા ભેગા થયા. પોતાની આજ્ઞાનું પાલન કેવું થયું છે એ જોવા વાદિરાજે દરેક જણને પૂછ્યું. દરેક જણે ક્યાં ક્યા એકાંત શોધ્યું તે કહ્યું. એકલા કનકદાસના હાથમાં કેળું એમ ને એમ રહ્યું હતું. એમણે કહ્યું: "જ્યાં જાઉં ત્યાં વાસુદેવ

છે જ. એકાંત મળે ક્યાં? એટલે હું કેળું એમ ને એમ લઈને બેઠો છું."

એક દિવસ કનકદાસને મન્દિરના તળાવમાં નાહી દર્શન કરવાનું મન થઈ આવ્યું. વાદિરાજ ઉડપીમાં ન હતા. કનકના કોડ પૂરા કરે એવું બીજું કોઈ ઉડપીમાં ન હતું. જેટલી વાર દર્શન કરવા જાય તેટલી વાર બ્રાહ્મણો એમને કાઢી મૂકે. આખરે નિરાશ થઈને કનકદાસ મન્દિરની પાછળ ગયા ને ગાવા લાગ્યા. કરુણામાં એમણે પોતાનું આખું હૃદય ઠાલવી દીધું. પરમાત્માથી એ સહેવાયું નહીં. મૂર્તિ એકાએક પેલા કર્મકાંડી બ્રાહ્મણોથી વિમુખ થઈ પાછલી બાજુએ મોં ફેરવી ઊભી!

આ થયું શું? કોઇને સૂઝે નહીં. વાદિરાજ આવ્યા. એમણે બનેલી બીના જાણતાંવેંત કહ્યું: "અરે, તમે કનકદાસનો કંઈક ગુનો કર્યો છે, તેથી જ વાસુદેવે આપણા આચારધર્મ તરફ પૂંઠ ફેરવી છે." આખરે એમણે મન્દિરની પાછલી દીવાલમાં પથરાની જાળી કોરાવી, અને કનકને દર્શન થયાં! આજે પણ એ બારી કનકની બારીને નામે ઓળખાય છે. એ બારી પાસે જ કનકની કુટિ છે. આજે ત્યાં એક સંસ્કૃત વર્ગ ચાલે છે.

એક રથયાત્રાને પ્રસંગે કોણ જાણે શાથી પણ રથ કેમે કર્યો ખસે નહીં. આખરે વાદિરાજે કહ્યું: "એમ જ દેખાય છે કે કનકના સ્પર્શ વગર રથ ચાલવા દેવાની પરમાત્માની મરજી નથી."

ધન્ય છે વાદિરાજ સ્વામીને! જેમણે જોઈ લીધું કે અન્ત્યજોના સ્પર્શ વગર સમાજનું ગાડું ચાલવાનું નથી. આજે કર્ણાટકમાં ચુસ્તમાં ચુસ્ત મરજાદી વૈષ્ણવ બ્રાહ્મણો કનકનાં રચેલાં ભજનો ગાઈને ભક્તિરસ કેળવે છે; એમને સંત તરીકે સ્વીકારી એમનું ચરિતામૃત ગાવામાં પોતાને પાવન થયા માને છે; અને છતાં એ જ કનકદાસના જાતભાઇઓને હડધૂત હડધૂત જ રાખે છે.

અસ્પૃશ્ય કોણ ગણાય એ વિષે કનકદાસનું રચેલું એક કાનડી કાવ્ય છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે:

'ઓ મૂરખ, અસ્પૃશ્યને શોધવા ગામ બહાર ઢેડવાડામાં શા સારુ જાય છે? આંખ ઉઘાડીને શું તું એટલું જોઈ શકતો નથી કે એ તો અહીં ગામમાં જ છે? જે માણસની પાસે ઘણું ધન છે પણ જે બહુ જ ઓછું દાન કરે છે, તે અસ્પૃશ્ય છે; જે માણસ પોતાને બીજાના કરતાં સારો માને છે તે અસ્પૃશ્ય છે; જે માણસ અસત્ય બોલે છે કે બૂરી વાણીને ઝાઝી છૂટ આપે છે તે અસ્પૃશ્ય છે; અને જે અસુર બીજાનો જીવ લે છે તે ઘણો બૂરો અસ્પૃશ્ય છે.

'ત્યારે તું અસ્પૃશ્યને ખોળવા ઢેડવાડે શા સારુ જાય છે? એ શું ગામની અંદર બીજે ઠેકાણે મળતો નથી? જે માણસ પૈસા ઉછીના લઈ જાણે છે પણ તે પાછા આપી જાણતો નથી તે અસ્પૃશ્ય છે; જે રાંક થઈ ને વિષયોનો દાસ બને છે તે અસ્પૃશ્ય છે; જેનું લૂણ ખાધું હોય તેનું બૂરું કરનાર અસ્પૃશ્ય છે.

'ગામમાં નજર નાખી જો. ત્યાં ગમે તે જગાએ તને અસ્પૃશ્ય મળી આવશે. એને ખોળવા તું ઢેડવાડે શા સારુ જાય છે? જે વચન આપીને તોડે છે તે અસ્પૃશ્ય છે; જેનામાં મનની ઉદારતા નથી ને જે બધાં કામમાં પોતાના સ્વાર્થ સાધવાનો જ પ્રયત્ન કરે છે તે અસ્પૃશ્ય છે; જે પોતાની જાણમાં થયેલો અન્યાય ઉઘાડો પાડતો નથી તે અસ્પૃશ્ય છે; જે પાપી પોતાના સ્વામી ને સરજનહારની સેવા કરવાનું ભૂલી જાય છે તે અસ્પૃશ્ય છે. અસ્પૃશ્ય કંઈ ઢેડભંગીના ઘરમાં જન્મતો નથી; એ તો ગામમાં ઠેર ઠેર જોવા મળે છે.'

પ્યારાબાપુ

બાપુની અનોખી વાતો : અનુ૦ ૨૦૧થી ચાલુ]

બાપુના જીવનની અનુપમતા હતી વજ્રથી પણ કઠોર, પુષ્પથી પણ કોમળ! લોકોત્તર પુરુષનું આ જ લક્ષણ કહેવામાં આવ્યું છે ને? આ રહ્યા એ પહાડી બાળકો ઉપર લખેલા પત્રો :–

ચિ૦ દુર્ગા,

તારો સરસ અક્ષરે લખાયેલો સરસ કાગળ મળ્યો છે.

મહાવીર વિષે તું લખે છે એ બરોબર છે. બધાંને એકસરખાં ગણતાં આવડે તે જીતે છે. કાકાનો શંકર પણ આ કાફલામાં આવી ગયો છે. તું બરોબર સેવાકામમાં ગુંથાઈ જજે. કોઈ પણ કામમાં આળસ ન કરજે. અમે તો બધા મજામાં છીએ.

બાપુના આશીર્વાદ

—ને કહેજે કે તે આળસ મુદ્દલ ન કરે. હાથ લાલ પાણીમાં બોળે છે કે? ખાવામાં મર્યાદા રાખે.

ચિ૦ દુર્ગા,

તારો સરસ કાગળ મળ્યો. હજુ ચડજે. ખૂબ કામ કરજે. સવારમાં ઊઠવાનું ન જ છોડવું ને ઊઠીને પ્રાર્થનામાં બરોબર જાગૃત રહેવું.

મૌનવાર. ય. મં. બાપુના આશીર્વાદ

ચિ૦ દુર્ગા,

તું રિસાઈ ગઈ છે કેમ? કાગળ તું ન લખે ને રિસાય પણ તું એ કેનો ન્યાય? આશ્રમનો કે પહાડનો? કે રિસાવાનું બહાનું કરીને લખવાનું આળસ કરે છે? તું રોજ કેટલું કાંતે છે? બીજું શું કરે છે? નિયમસર સવારે ઊઠે છે? કયા અધ્યાય મોઢે કર્યા છે?

૧-૯-૩૦ બાપુના આશીર્વાદ

ચિ૦ દુર્ગા,

તારો કાગળ સારો છે. અક્ષર પણ સારા છે. સીવણકામમાં તમે બધા મારી પરીક્ષા લેશો કે મને દેશો? તમે બધી છોકરીઓ તો વેતરતાં પણ શીખો છો. અહીં મને એ બધું કોણ શીખવે? પણ જોઈશું. મારી લાકડીઓ ચઢે છે કે હું? તારા અક્ષર મેં વખાણ્યા છે તે એવી આશાએ કે હજુ વધારે સારા કરશે. રાધાબહેનનો નમૂનો તો તમ બધી છોકરીઓ પાસે છે જ. લખેલો કાગળ ફરી વાંચી જવો જેથી સરતચૂકથી રહેલી ભૂલ સુધારાય.

૧૩-૭-૩૦ બાપુના આશીર્વાદ

ચિ૦ દુર્ગા,

આ વખતનો તારો કાગળ સરસ ગણું છું. ભાષાની ભૂલો તો છે, પણ તેની હરકત નહિ લખેલા કાગળ ફરી વાંચી જવાની ટેવ પાડવી. એટલે કેટલીક ભૂલો સુધારી શકાય. દાતણ પ્રાર્થના પહેલાં થાય તો વધારે સરસ. સીવણમાં શું કામ કરે છે? કલાકના રેંટિયા પર ને તકલી પર કેટલું ને કયા આંકનું કાંતી શકે છે? એ લખજે. જો ગતિ ન કાઢી હોય તો કાઢીને લખજે. આંક કાઢતાં આવડે છે ના? પથારીમાં પડતાં રામનામ લે છે એ બહુ જ સારી ટેવ છે.

૩-૧૧-૩૦ બાપુના આશીર્વાદ

ચિ૦ દુર્ગા,

તારો કાગળ મળ્યો. હું મુદ્દલ મોડો જવાબ મોકલતો નથી. પણ તું ન લખે તેથી મારો કાગળ મોડો આવ્યો ગણે છે. તારા કાગળ નીચેના અક્ષર સત્યદેવીના જ હોય તો તારા જેવા તો છે જ. એટલે હવે તારાથી થોડા દિવસમાં ચડવી જોઈએ.

૧૨-૧૦-૩૦ બાપુના આશીર્વાદ

ચિ૦ દુર્ગા,

તારા કાગળથી હજી મને સંતોષ થાય એમ નથી. રોજનો કાર્યક્રમ દેજે. બરોબર લખતી થઈ જશે, પછી નવું વિશેષણ મળશે. આ વખતે અક્ષર ઠીક કર્યા છે. મૈત્રીના અક્ષર તારા કાગળ નીચે જોઈ રાજી થયો. તેના વિગતવાર કાગળની રાહ જોઈશ.

૧૭-૧૦-૩૦ બાપુના આશીર્વાદ

ચિ૦ દુર્ગા,

હવે વધુ શું લખું? એમ શું લખે છે? એક અઠવાડિયામાં તો ઘણું બન્યું હોય તેનું વર્ણન કરવાની શક્તિ આવવી જોઈએ. તારી ઉમરની બાળાને તો સેંકડો વિચારો આવતા હોય એ વિચારોનું પણ લખાય. હા, એક શરત છે. લખવાની હોંશ જોઈએ. તેમાં મન પરોવાવું જોઈએ. તું રોજનીશી લખતી હોય તેમાં બધું લખતી હોય તો તેમાંથી પણ લખવાના વિષયો મળી રહે.

૨૮-૧૦-૩૦ બાપુના આશીર્વાદ

ચિ૦ સત્યદેવી,

તારો કાગળ મળ્યો. તારે તારું ગુજરાતી કોઈની પાસે સુધરાવી લેવું જોઈએ. ચિત્રનો મહાવરો રાખ્યો છે? વખતોવખત તેમાં સુધારો થતો નથી જોતો.

ધર્મકુમાર મસ્તી કરે છે કે?

૨૧-૯-૩૦ બાપુના આશીર્વાદ

ચિ૦ સત્યદેવી,

હું જેને કાગળ ન લખું તેને ભૂલી ગયો છું એમ તમે કોઈ માનો તો મારા તો બાર જ વાગે ના? એટલા મોટા કુટુંબમાં બધાને લખાય કે? પણ તમે બધી તો જરૂર લખી શકો.

તારા અક્ષર સુંદર છે. અને કૂંડું ને તેમાંનાં ફૂલમાંથી તો સુવાસ પણ આવે એવું તે ચિત્ર લાગે છે. બધું ધ્યાન દઈને કરે છે ને? ધર્મ હજુ મસ્તી કરે છે?

મૌનવાર

બાપુના આશીર્વાદ

ચિ૦ સત્યદેવી,

હું તારા કાગળ ભૂલચૂક સુધારીને વાંચું તેના કરતાં તું જ ત્યાંથી સુધરાવીને કાગળ લખે તો બેવડો લાભ થાય. તને તારી ભૂલની ખબર પડે ને મારે કંઈ સુધારવું ન પડે. એ કેવું સરસ?

માતાજીને કહેજે મને લખે ને જણાવે હમણાં શું શું કરે છે?

૨૨-૮-૩૦ બાપુના આશીર્વાદ

ચિ૦ સત્યદેવી,

તારો કાગળ મળ્યો. તેં ચિત્રો ઠીક કાઢ્યાં છે. હવે તારે જીવતાં ઝાડ જોઈને તેની સાથે તારાં ચિત્રો સરખાવવાં જોઈએ.

તારું ચિત્ર જોયું. અસલ છોડ જોશે નજરે આવે! અક્ષરને વળાંક બરાબર આપવા પહેલાં અક્ષર સાચો કાઢવાનું પાકું કરી લેવું જોઈએ. તને સારુ શીખવાની હોંશ છે એટલે કહું છું કે તારી જોડણી અત્યારથી જ સાચી કરી મૂક. કાંતવામાં આળસ ન કરતી.

બાપુના આશીર્વાદ

૯-૮-૩૦

ચિ૦ ધર્મકુમાર,

તારો કાગળ મળ્યો. શાહીથી લખવાની ટેવ પાડવી. છાપેલા જેવા અક્ષર લાવવા. તોફાન કરે છે કે?

બાપુના આશીર્વાદ

મૌનવાર

પ્યારા બાપુ

મણકો ૩જો - અહિંસા

સંકલન કર્તા ::: શ્રી ચંદુલાલ બ. પટેલ

અહિંસા તમારો ધર્મ છે--તમારું કર્તવ્ય છે. તે મોક્ષનું દ્વાર છે. મુસલમાનને દૂભવીને હું સુખી થવા ઇચ્છું તો અધર્મ છે. અહિંસા પાળનાર, મુસલમાનને હિંદુને એકસમાન ગણે. અહિંસાના એજ સૂત્રે મને શીખવ્યું કે અંત્યજ મારો ભાઇ છે. અંત્યજ ભાઇને ખવડાવીને આપણે ખાઇએ, પિવડાવીને આપણે પીએ.

હવે આપણે અહિંસાનું મૂળ તપાસીએ. તેના મૂળમાં નિઃસ્વાર્થતા રહેલી છે. નિઃસ્વાર્થતા એટલે દેહાભિમાનનો સર્વથા અભાવ. દેહાભિમાન–દેહાધ્યાસ–ને લઈ ને જ્યારે મનુષ્યને અનેક નાના મોટા દેહોનો નાશ કરતો કોઈ ઋષિમુનિએ જોયો, ત્યારે તેના ગાઢ અજ્ઞાન વિષે ઋષિને કંપારી છૂટી ને તેણે જોયું કે, દેહના આવરણે મનુષ્ય પોતામાં રહેલા અમર આત્માને ભૂલી જાય ને આત્માનું શુભ સાધવાને બદલે પોતાના ક્ષણિક દેહનું કામ સાધે છે. તેથી તે ઋષિએ સર્વસ્વના સંપૂર્ણ ત્યાગની આવશ્યકતા જોઈ. તેણે જોયું કે, જો મનુષ્ય આત્માને એટલે સત્યને જોવા ઇચ્છે તો તેને સારૂ માર્ગ કેવળ પોતાના દેહને જતો કરવાનો છે; એટલે કે બીજા દેહોને અભયદાન આપવાનો. આ અહિંસાનો માર્ગ.

જે માણસ અહિંસાવ્રત પાળવાનો દાવો કરે તેનાથી પોતાનું અહિત કરનાર ઉપર પણ ગુસ્સે ન થવાય, તે તેનું બૂરું ન ઇચ્છે, તેને ગાળ ન દે કે તેના ઉપર હાથ ન ઉપાડે. સામેનો માણસ જે કંઈ ઈજા કરે તે પોતે સહન કરે. આમ અહિંસાવ્રત પાળનાર તદ્દન નિર્દોષ રહે. કોઈ પણ સજીવ વસ્તુ પ્રત્યે વેર ન હોય તેનું નામ શુદ્ધ અહિંસા. આથી જીવજંતુ પશુ સુદ્ધાં પ્રાણીમાત્રને અભયદાન મળે છે. આપણી હિંસક વૃત્તિને તૃપ્ત કરવાને પ્રાણીઓને પેદા કરવામાં નથી આવ્યાં. જો આપણે ઇશ્વરની લીલા કળી શકતા હોઈએ તો તો આ સૃષ્ટિમાં તેઓનું સ્થાન ક્યાં છે તે ઘણુંયે સમજાય. પ્રાણીમાત્ર વિષે શુભેચ્છા રાખવી એ અહિંસાનું સક્રિય રૂપ છે. તે શુદ્ધ પ્રેમ છે. હિંદુ ધર્મ–શાસ્ત્રો, બાઈબલ કે કુરાન દરેકમાંથી મને એ જ મળે છે.

અહિંસા એ સંપૂર્ણ દશા છે. જાણ્યે અજાણ્યે પણ મનુષ્ય માત્ર સ્વભાવતઃ આ

દિશામાં જ જાય છે. માણસ જ્યારે નિર્દોષની મૂર્તિરૂપ બને છે ત્યારે તે દેવ નથી થઈ જતો. ત્યારે જ તે ખરો મનુષ્ય બને છે. ચાલુ સામાન્ય દશામાં આપણે નરપશુ છીએ.

ઢીકા સામે ઘોલ મારવી તેને આપણે અજ્ઞાનમાં અને ઘણી વાર તો અહંકારથી મનુષ્ય જાતિનો ધર્મ ગણીએ છીએ અને તેને માટે ગુસ્સાને પોષીએ છીએ. ધર્મ તો સંયમ પાળવાનો—સબરનો—કહ્યો છે. વેર વાળવું એ તો સ્વચ્છંદ છે, તેથી તેને માટે ઘણા પ્રતિબંધની જરૂર ગણાઈ છે. અંતિમ સંયમ સિવાય સંપૂર્ણતા અપ્રાપ્ય છે, એટલે સહનશીલતા—સબર—માણસ જાતિનો ધર્મ છે.

આપણું ધ્યેય તો હમેશ આપણાથી દૂરને દૂર ખસતું જાય છે. જેમ જેમ આપણે આગળ વધતા જઈએ છીએ તેમ તેમ આપણી ત્રુટીઓનું આપણને વિશેષ ભાન થતું જાય છે. પુરુષાર્થમાં જ આનંદ છે, પ્રાપ્તિમાં નથી, પૂર્ણ પુરુષાર્થ એ પૂરો વિજય છે.

એટલે અહિંસાની પરિપૂર્ણ દશાથી હું કેટલો વેગળો છું એનો મને દીવા જેવો ખ્યાલ છે. છતાં મારા જીવનનું સાર્થક હું પ્રેમમય થવામાં ગણું છું અને પાછો પડીશ તેમ તેમ ઊલટો વધારે બળપૂર્વક પ્રયત્ન કરીશ.

× × × × ×

નવું જન્મેલું વાછરડું કેવું આનન્દી, કેવું ચપળ હોય છે! માનું દૂધ ધાવવા આવે તે સિવાય બધો વખત કેવું નાચે છે, કૂદે છે, દોડાદોડ કરે છે! પણ જેવું ગળાની આસપાસ દોરડું વીંટાયું કે તે ધીરે ધીરે સુકાવા માંડે છે અને આનન્દીને બદલે ઉદાસ દેખાય છે. તેવી જ રીતે બાલ્યાવસ્થામાં જ્યાં સુધી બાળક ખૂબ જ આનન્દમાં અને ખુશ મિજાજમાં હોય છે, પરંતુ જેવો સંસારમાં જકડાયો, લગ્નની બેડી પગમાં પડી, કુટુંબની જવાબદારી શિર પર આવી, કે તરત બધાં સુખનાં સુવર્ણ સ્વપ્નાં દેખાતાં બંધ પડી જાય છે! મોં પરથી નૂર ઊડી જાય છે; બસ ચિન્તા, ઉદાસીનતા, ગમગીની, બીજું કાંઈ નહીં! સારુયે જીવન જે બાલ્યાવસ્થાની તાજગી અનુભવે છે, પ્રભાતના પવન જેવો મુક્ત, નવવિકસિત પુષ્પ જેવો સુકોમળ અને ઝાકળબિન્દુ સમાન પવિત્ર રહે છે, તેને ધન્ય છે, ધન્ય છે!

[પૃષ્ઠ ૧૯૩, 'નવજીવન' ૨૧૧, મંગળ પ્રભાત'માંથી.]

અનુક્રમણિકા …………………………………… ૩૦ સપ્ટેમ્બર ૧૯૫૧

પૃષ્ઠ
૧ ઈશ્વરને કેમ ભજવો? … ગાંધીજી ૧૯૩
૨ બૌદ્ધધર્મના કથાઓ…પદ્મનાભ શ્રી. જૈન ૧૯૫
૩ કોનો મહિમા? … મુકુલભાઈ ૧૯૯
૪ બાપુની અનોખી વાતો.. કાશિનાથ ત્રિવેદી ૨૦૧
૫ મીરાંની સાધના … રા. ના. પાઠક ૨૦૨
૬ બાપુના પત્રો … … ગાંધીજી ૨૦૫
પૃષ્ઠ
૭ ગુરુદેવની ગીતાંજલિ … ગુ૦ મ૦ ૨૦૭
૮ સાચો અધિકાર … … મુકુલભાઈ ૨૦૯
૯ રવીન્દ્ર મનન … … કાકાસાહેબ ૨૧૧
૧૦ પ્રાર્થના પછી … બબલભાઈ મહેતા ૨૧૩
૧૧ સંત કવિ કનકદાસ … … ૨૧૫
૧૨ ગાંધી માળા … ચંદુલાલ બ. પટેલ ૨૧૬

ધ્યા રા આ પુ

મેલેરિયા

આપણા દેશમાં મેલેરિયાનો ફેલાવો બહોળા પ્રમાણમાં છે અને તમને જાણીને નવાઈ લાગશે કે આ રોગમાં દર વર્ષે અડધોથી એક કરોડ જેટલા મનુષ્યો સપડાય છે અને તેમાંથી લગભગ ૧૫ લાખ જેટલા મૃત્યુ પામે છે.

આવા એ ભયંકર રોગના ફેલાવાનુ કારણ મચ્છર છે. મચ્છરમાં પણ બે જાત છે. એક 'ક્યુલેક્સ' અને બીજી 'એનોફિલિસ.' 'ક્યુલેક્સ' મચ્છર આ રોગ ફેલાવી શકતા નથી. એનોફિલિસ મચ્છરની માદા જ આ રોગના ફેલાવાનું કારણ છે. મચ્છર વિના આ રોગનો ફેલાવો શક્ય નથી. એનોફિલિસ મચ્છરની માદા પાણીથી ભરાયેલા ખાડા કે તળાવ વગેરેમા પોતાનાં ઇંડાં મૂકે છે. આ ઈંડાં લાખોની સંખ્યામાં મળી આવે છે. ઈંડાં પરિપક્વ થતાં તેમાંથી મચ્છરની ઇયળ નીકળે છે. આ ઇયળ શ્વાસોચ્છ્વાસ માટે પાણીની સપાટીની પાસે જ રહે છે. થોડા વખત પછી આ ઈયળમાંથી પૂર્ણ એવો મચ્છર પેદા થાય છે અને પોતાની પાંખ ફફડાવી ઊડી જાય છે. આમ તળાવમાં જ્યાં સુંદર કમળ ઊગતાં હોય છે ત્યાં સાક્ષાત્ મોત પણ છુપાયેલું હોય છે.

આ એનોફિલિસ મચ્છર ઊડતો ઊડતો મેલેરિયાથી પીડાતા રોગી પાસે જઈ ચડે છે અને તેના શરીરમાં પોતાની સૂંઢ ભોંકી લોહી ખેંચી લે છે. આ લોહી સાથે મેલેરિયાના જંતુઓ પણ આવે છે. ત્યારબાદ એ જ મચ્છર, તંદુરસ્ત મનુષ્યના શરીરમાં ડંખ મારીને આ જંતુઓ દાખલ કરે છે. જંતુઓ શરીરમાં દાખલ થયા પછી થોડા જ વખતમાં બેથી ત્રણ ગણાં થઈ જાય છે. અને તંદુરસ્ત મનુષ્યને પોતાનો પરચો બતાવે છે. આમ એ રોગનો દૂર દૂર ફેલાવો થતો જ જાય છે.

આવા એ રોગનો ફેલાવો આપણે અટકાવી ન શકીએ? જરૂર અટકાવી શકીએ. ગામમાં પાણીથી ભરાયેલા ખાડાઓ વગેરે માટીથી પૂરી નાખવા કે જેથી મચ્છરનાં ઉત્પત્તિસ્થાન જ જતાં રહે. તળાવ વગેરેના પાણીમાં ડી. ડી. ટી. નો છંટકાવ કરવો, અને પીવાના પાણીમાં માછલીઓ નાખવી જેથી મચ્છરનાં ઈંડાંમાંથી ઉત્પન્ન થતી ઈયળનો નાશ થાય. હવામાં રહેલા મચ્છર સામે જલદ પગલાં ભરવા માટે ડી ડી. ટી.નો હવામાં છંટકાવ કરવો કે જેથી તેની અસર ઝડપથી થાય અને તેની અસર લાંબા વખત સુધી કાયમ રાખવા જમીન પર છંટકાવ કરવો.

ધૂપ, મચ્છરદાની વગેરેનો ઉપયોગ કરીને પણ મચ્છરને આવતા અટકાવી શકાય છે. શરીરના ખુલ્લા ભાગ ઉપર મચ્છરને ન ગમતી વાસવાળાં તેલ લગાડવાં (દા. ત. ઘાસતેલ) કે જેથી મચ્છર પાસે નહિ આવે. ઘરની ભીંતો પર બદામી રંગ લગાડવાથી પણ મચ્છર આવતા અટકશે. ઘરનાં બારી બારણું જાળીબાળાં અને બહાર ઉઘડતાં રાખવાં.

દિલ્હીમાં સ્થાયેલી 'મૅલેરિયા નિવારણ સમિતિ'એ આ બાબતમાં સક્રિય પગલાં લીધા છે અને આસામમાંથા મૅલેરિયાને નાબૂદ કરવાનો જબરો પ્રયત્ન કર્યો છે, આપણી ફરજ છે કે આપણે આ સમિતિને સક્રિય મદદ આપી તેને મૅલેરિયા સામે લડવાને શક્તિમાન કરીએ.

ગિરીશ દેસાઇ

REG. NO. B. 5255



પ્યારાબાપુ



સંપાદક: નવીન ગાંધી

પ્રાર્થના પછી

બબલભાઈ મહેતા

[ગયા મે માસમાં બીડજમાં કાયદા શિબિર વખતે પ્રાર્થના પછી પ્રવચનો થતાં હતાં. એ પ્રવચનોમાં સર્વોદયની દૃષ્ટિને વિશદ રીતે સમજાવવામાં આવી છે. બાપુજીના વિચારોને સમજવા તેમ જ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર પ્રત્યેકને એ અતીવ ઉપયોગી થઈ પડે એમ છે. 'પ્યારાબાપુ'માં ક્રમે ક્રમે તે પ્રગટ થશે.]

આજે તમને બધાને ખબર હશે કે, એક માણસ રાત્રે આમ તેમ ફરતો હતો. કંઈ કંઈ બોલતો હતો. અને આપણામાંના કેટલાકને એ જગાડીને પૂછતો હતો. એનાં મગજનું કંઈ ઠેકાણું ન હતું. એને ચિત્તભ્રમ થયો છે. ચિત્તભ્રમનો અર્થ એ કે, વિવેક શક્તિ ઝાંખી પડી જાય. એ અર્થમાં આ દુનિયામાં ૯૯॥ ટકા લોકો ચિત્તભ્રમથી પીડાય છે. દુનિયામાં જેને વ્યવહાર કુશળ કહેવામાં આવે છે તે પોતાની વિવેકશક્તિ સૂક્ષ્મ રીતે વાપરે છે. વિવેકશક્તિની સાથે જીવનના આદર્શો અને ધ્યેયનો મેળ મેળવવાનો હોય છે. સમાજની વિવિધ લાલચોમાંથી પસાર થવાનું હોય છે. છતાં જે પોતાનો માર્ગ કાઢે તે વ્યવહાર કુશળ છે. જે ઘણી ભૂલો કરે છે, સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરતો નથી તેને આપણે કહીએ છીએ કે, એનું 'ચક્કર' ખસી ગયું છે. વિવેકશક્તિ એ જ મનુષ્યની વિશિષ્ટતા છે. પશુ કરતાં માનવી ચડે છે, કારણ કે તેનામાં વિવેકશક્તિ છે. એ ખૂએ એટલે માનવી પશુતુલ્ય બની જાય છે. ગીતાજી આપણને જ્ઞાની થવાનું, સ્થિતપ્રજ્ઞ થવાનું. ભક્ત બનવાનું, ગુણાગીત થવાનું અને દૈવીસંપત્તિ પ્રાપ્ત કરવાનું કહે છે. આ બધા જુદા જુદા આદર્શો છે. છેવટે માણસે વિવેક બુદ્ધિવાળા થવું પડે છે અને આ બધાનો સૂક્ષ્મભેદ કરતાં આવડે તેની વિવેક–બુદ્ધિ ખીલેલી છે વિવેક બુદ્ધિ વધારી શકાય છે અને ઘટાડી પણ શકાય છે. આ પ્રયત્નથી એ વધે છે.

પોતાના જીવનની દૃષ્ટિએ અને સમાજના વિકાસ અને કલ્યાણની દૃષ્ટિએ જે પગલું ભરે તે ડાહ્યો ગણાય છે. સત્ય બોલવાવાળો પણ કોઇ વાર ગાંડામાં ખપી જાય છે. સત્ય જેવી મોટી ચીજ કોઈ નથી. સત્ય પાલન, સત્યનો સાક્ષાત્કાર એ બાપુજીનો આદર્શ હતો. પણ એ સત્યના આગ્રહની મર્યાદા છે. એનો અતિરેક થાય તો સત્ય તે સત્ય મટી જાય છે. સત્યની શોધમાં વિવેક એ આપણને માર્ગ બતાવે છે. એ મોટી બક્ષીસ માનવ જાતને મળેલી છે. એ વધારવા માટેનો ઈલાજ બુદ્ધિનો સૂક્ષ્મ રીતે વિકાસ કરવો એ છે. વિવેક ચોપડી વાંચવાથી કે તર્ક કરવાથી આવતો નથી. બહુ ચોપડીના વાંચનથી માહિતી વધે. પણ વિવેક-શક્તિ હંમેશાં ખીલે જ એવું નથી હોતું. આ વિવેક-શક્તિ જેટલી વધુ કેળવાય તેટલો આપણો વધુ વિકાસ થયો સમજવો. અને જીવનની સફળતા પણ એના પર અવલંબે છે.

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૪ ૩૦ ઑક્ટોબર-૧૯૫૧ અંક ૯

સરદારશ્રીની વાણી

[બાપુજીના સાન્નિધ્યમાં રહીને સરદારશ્રીની આધ્યાત્મિક બાજુ પણ વિકાસ પામી હતી. તેથી સરદારશ્રીની વાણીમાં આપણને જીવનનાં સત્યોનો પણ અનુભવ થાય છે. સરદારશ્રીનાં ભાષણોમાંથી એવાં વિચાર-રત્નો સંકલિત કરી અહીં આપવા પ્રયાસ કર્યો છે.]

દુઃખ વિના સુખ નથી. સમજીને દુઃખ વેઠવું એ સારામાં સારો રસ્તો છે.

*

કઠોરમાં કઠોર હૃદયને પણ પ્રેમથી વશ કરી શકાય છે. અને સામાની કઠોરતાના પ્રમાણમાં આપણો પ્રેમ તેટલો જ સબળ હોય તો જરૂર આપણે જીતી શકીએ.

*

સત્તાધીશોની સત્તા તેમના મૃત્યુ સાથે જ સમાપ્ત થાય છે, જ્યારે મહાન દેશભક્તોની સત્તા તેમના મૃત્યુ પછીથી જ ખરો અમલ ચલાવે છે.

*

કોઈ માણસ પથ્થરને હીરો માની લાંબા કાળ સુધી સાચવી રાખી ભીડને પ્રસંગે વટાવવા જાય અને પસ્તાય તેમાં પથ્થરનો શો દોષ?

મલિન રાજનીતિ ચલાવનાર સરકારને ઉચ્ચ ચારિત્ર્યવાન પુરુષનો હમેશાં ભય રહે છે; પણ શુદ્ધ રાજનીતિવાળા રાજ્યના તો એવા જ પુરુષો સ્તંભરૂપ છે.

*

પ્રજાની ઉન્નતિનો આધાર તેની હિંમત, તેના ચારિત્ર્ય અને તેની ભોગ આપવાની શક્તિ ઉપર રહેલો છે.

*

આપણે ન્યાય મેળવવો હોય ને સ્વતંત્રતા પ્રાપ્ત કરવી હોય તો, આપણા પોતાના દોષ જોતાં અને સુધારતાં, સહનશીલતા, આત્મશ્રદ્ધા અને ધૈર્ય રાખતાં, ભોગ આપતાં, ટૂંકામાં જેમની પાસેથી આપણે ન્યાય લેવો છે તેમના દોષો જોવા કરતાં તેમનામાં રહેલા ગુણો અને ચારિત્ર્યનું અનુકરણ કરતાં શીખવું જોઈએ.

सत्यमेव जयते

જેનામાં માણુસાઈ હોય તે માણુસથી ડરતો નથી.

*

એકજ વાત ધ્યાનમાં રાખવાની છે. કે મરવાનું એક જ વખત છે. દરેકને માટે કાથી અને વાંસ સિવાય બીજું છે જ નહિ.

*

ગામની શોભા ગામના વકીલો કે ડૉક્ટરો ઉપર નથી, પણ ગામે કેટલા સેવકો પેદા કર્યા તે ઉપર છે.

*

આપણે ડર કાઢી બીજાને ડરાવીએ તેના જેવું એકે બીજું પાપ નથી; માટે તમે ઈશ્વરનો ડર રાખો.

*

આપણી દુઃખ સહન કરવાની શક્તિ ઉપર જેટલો જીતનો આધાર છે, તેના કરતાં આપણી શાંતિ જાળવવાની શક્તિ ઉપર જીતનો વધારે આધાર છે.

*

અસહકારનો પ્રાણુ જ અહિંસા છે; હિંસા એનું મૃત્યુ છે.

*

પશુબળ વાપરવાના પરિણામે આપણને જ વધારે સોસવાનું રહે છે અને આપણે ઊંચે નથી ચડતા પણ નીચે ને નીચે પડતા જઈએ છીએ.

*

બે જાતની માખી હોય છે : એક માખી દૂર જંગલમાં જઈ ફૂલોમાંથી રસ લઇ મધ બનાવે છે. બીજી માખી ગંદા ઉપર જ બેસે છે, અને ગંદકી ફેલાવે છે. એક માખી જગતને મધ આપે છે, ત્યારે બીજી ચેપ ફેલાવે છે. એ માખીને તમારી પાસે આવવા દેશો જ નહિ. ગંદકી અને મેલ જ તમારામાં ન રાખશો કે તમારી પાસે એ માખીઓ આવે. (ક્રમશઃ)

સંકલનકર્તા : મુ૦ ક૦

કોઈ જગાએ આપણું કશું છે નહીં. આપણે ભગવાનને ખોળે બેઠેલા છીએ. આપણા જેવા કોઈ સુખી નથી. જેણે કોઈનું પડાવ્યું નથી એને દુઃખ નથી આવતું. આપણું ઈશ્વર સિવાય કોઈ છે નહીં. રાજ જશે તો લૂગડાં ખંખેરી નાખીશું. આપણું શું જવાનું ? પણ આપણે એક વસ્તુ સમજી લેવાની છે કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા થાય તો કૂતરાં-બિલાડાંને મોતે નથી મરવું. ગાંધીજી પાસેથી એક વસ્તુ શીખવાની છે: નિર્ભયતા. આ જિંદગીમાં તમારી સામે જે અવસર આવ્યો છે એવો કોઈ ભવમાં નહીં આવે.

× × × ×

આ શરીર પંચમહાભૂતનું બનેલું છે. માટી થોડી ઘરડી થાય છે; પણ અંદરની ચિણગારી તેજ રહેવી જોઈએ ગાંધીજીનું શરીર કમજોર હતું પણ તેઓ દુનિયાભરમાં સૌથી વધારે તાકાતવાળા હતા. આપણે ઉંમરનો નહીં પણ કામનો વિચાર કરવો જોઈએ.

મજૂરોનો, શ્રમજીવીઓનો જમાનો છે. તેમનો ઉદય થઈ રહ્યો છે. રશિયામાં ધનિકોને ખતમ કર્યા. ગાંધીવાદમાં અને એમાં એટલો જ ફરક છે કે એક પ્રેમથી કામ લે છે, બીજો તલવારથી લે છે.

દુનિયામાં સૌથી મહાન વ્યક્તિ મહાત્મા ગાંધી સલાહ આપે છે કે તલવારનો રસ્તો જાનવરનો છે, મનુષ્યનો નથી. તેઓ કહે છે કે કોઈને મારવો પીટવો નહીં કોઇ મારે તો શાંતિથી સહન કરી લેવું. આ હિન્દુસ્તાનની સભ્યતા છે, સંસ્કૃતિ છે, પણ એમનો અવાજ ક્યાં સુધી પહોંચે છે એ વિચારવાની વાત છે. તલવારનો ખેલ ખેલનારાઓ કરતાં આ ખેલ વધારે બહાદુરી ભરેલો છે. મહાત્મા ગાંધીને ઉમેદ છે કે હિન્દુસ્તાનમાં આ શક્તિ પડેલી છે. પણ આપણને એ જણાતી નથી.

ખારાબાપુ

બે દીવાલોની કરુણ કથા!

શ્રીમન્નારાયણ અગ્રવાલ

કબીરની પુણ્ય ભૂમિ

કેટલાક મહિના પહેલાં હું ગોરખપુરનું આરોગ્યમંદિર જોવા ગયો હતો. શ્રી. મહાવીર પ્રસાદજી પોદ્દારની પ્રેરણાથી ત્યાં લગભગ બે અઠવાડિયાં રહ્યો. ગોરખપુરની આજુબાજુ ભગવાન બુદ્ધના જીવન-સંબંધી કેટલાંય પ્રાચીન સ્થાનકો છે એ હું જાણતો હતો. પરંતુ મહાત્મા કબીરની પુણ્યભૂમિ પણ ગોરખપુરથી આશરે ૧૫ માઈલ જ દૂર છે એ જાણીને મને ખૂબ આનંદ થયો. તે સ્થાનનું નામ મગહર છે. તે ઓ. ટી. રેલવેનું એક નાનું સ્ટેશન પણ છે. કબીરની સમાધિ સ્ટેશનેથી અડધોએક માઈલ છેટે છે. ત્યાંનાં સફેદ મકાનો ગાડીમાં આવતા જતા મુસાફરો સ્પષ્ટ રીતે જોઈ શકે છે. નજીકમાં જ મગહર ગામ છે જ્યાં વણાટનું કામ જૂના વખતથી હજી ચાલ્યા કરે છે.

ચેતનના જડ અવશેષ

કબીરના વ્યક્તિત્વને માટે મારા મનમાં ખૂબ આદર અને પ્રેમ છે. તેમનાં ભજન સરળ છતાં અત્યંત માર્મિક છે. તેઓ એક પહોંચેલા સંત તો હતા જ; પરંતુ એમણે આ દેશમાં હિંદુઓ અને મુસલમાનોમાં પરસ્પર પ્રેમ પ્રસ્થાપિત કરવા પોતાની બધી શક્તિનો ઉપયોગ કર્યો અને બન્ને જાતિઓને ધર્મઝનૂનથી બચાવવાનો પ્રયત્ન કર્યો.

"અલ્લા ગૈલ સકલ ઘટ ભીતર,
હિરદૈ લેહુ બિચારી ।

હિન્દૂ-તુરક દુહૂં મહઁ એકૈ,
કહે 'કબીર' પુકારી ।"

તેથી મગહરમાં તેમની સમાધિ જોવાની મને સહજ ઇચ્છા થઈ આવી. અને એક દિવસે હું ત્યાં ગયો. એમ કહેવાય છે કે, જ્યારે કબીરનો દેહાન્ત થયો ત્યારે હિંદુ અને મુસલમાન કબીરના શરીરના અંતિમ સંસ્કાર કરવાની બાબતમાં પરસ્પર લડવા લાગ્યા. મુસલમાનો તેમના શરીરને દફનાવવા માગતા હતા, અને હિંદુઓ તેને બાળવા ઇચ્છતા હતા. છેવટે જ્યારે ચાદર ઉપાડીને જોયું તો કબીરના મૃત-દેહની જગાએ કેવળ બે ફૂલ પડ્યાં હતાં. એક ફૂલ હિંદુઓએ લઈ લીધું અને બીજું મુસલમાનો લઇ ગયા. બન્નેએ પોતપોતાના ધર્મ પ્રમાણે કબીરની સમાધિઓ બનાવી. આજે પણ એ બંને સમાધિઓ—મંદિર અને મસ્જિદ—હયાત છે અને બન્નેમાં ભજનકીર્તન થાય છે.

દિલના બે ટુકડાની વાત

પહેલાં હું હિંદુઓના મંદિરમાં ગયો. ત્યાં બે કબીરપંથી પરસ્પર ચર્ચા કરતા હતા. ત્યાં ગયા પછી ખબર પડી કે, રોજ સાંજે ત્યાં કબીર-વાણી ગાવામાં આવે છે. દર વર્ષે આસો સુદ પૂનમને દિવસે બનારસના મહંત શ્રી. રામવિલાસદાસજી મગહરમાં પધારે છે, અને તે દિવસે મોટો ઉત્સવ ઉજવવામાં આવે છે. તે ઉત્સવને ભંડારો કહે છે. થોડો વખત બેઠા પછી મેં મુસલમાનોની મસ્જિદમાં જવાની ઇચ્છા કરી.

"અહી તો રસ્તો નથી, સાહેબ!" જવાબ મળ્યો.

"કેમ?" મેં આશ્ચર્ય સાથે પૂછ્યું.

"વચ્ચે દીવાલ છે."

"બન્નેની વચ્ચે દીવાલ શા માટે?"

"એ ન પૂછો સાહેબ! એ તો ઘણા વખતથી છે."

"શું અહીંથી ત્યાં જવા માટે દીવાલમાં એક નાનો સરખો દરવાજો પણ નથી?" મેં પૂછ્યું.

"જી, ના. દરવાજો રાખવાનું પ્રયોજન શું? અમારું ત્યા આવવા જવાનું જ બંધ છે!"

આ શબ્દો સાંભળી મને ખૂબ દુઃખ થયું. હિંદુ અને મુસલમાન બન્ને કબીરપંથી છે. કબીરે બંને જાતિઓ વચ્ચે એકતા પ્રસ્થાપિત કરવા અકથ્ય પ્રયત્નો કર્યાં; તો પણ બન્ને વચ્ચે એકતા ન થઈ શકી. બન્નેની વચ્ચે આંધ દીવાલ ઊભેલી છે.

આ પણ કબીરના નામ પર!

મંદિરની બહાર જઇને પછી હું મસ્જિદ તરફ ગયો. અંદર જઈને મેં એક મુસલમાન કબીર પંથી સાથે વાતો કરી. તે ઉપરથી જાણવા મળ્યું કે, ત્યાં પણ વર્ષમા એક વાર મોટો ભંડારો થાય છે.

"ભંડારા વખતે આપ બધા–હિંદુ અને મુસલમાન–એક સાથે ખાઓ પીઓ છો ને?" મેં સહજ ભાવે પૂછ્યું :

"ના સાહેબ, અમે લોકો આટો, દાળ, ચોખા, ખાંડ વગેરે મંદિરમાં મોકલીએ છીએ અને ભોજન ત્યાં તૈયાર થાય છે."

"અને હિંદુ ભાઇઓ આપ લોકોને માટે ભોજન–સામગ્રી મોકલે છે!"

"ના જી. ત્યાંથી તૈયાર ભોજન આવે છે!"

"એમ શા માટે! હિંદુ ભાઈઓ આપનું તૈયાર કરેલું ભોજન કેમ નથી ખાતા? આપ બંને કબીરપંથી છો ને?"

"જી હા, અમે બધા કબીરપંથી છીએ. કોઈ માંસ ખાતું નથી. પણ હિંદુઓ અમારા હાથનું તૈયાર ભોજન નથી ખાતા! અમે તો તેમનું બનાવેલું ભોજન ખાઈ લઇએ છીએ."

૮૦ વર્ષ પહેલાંનો સંકેત!

છેવટે કબીરપંથીઓએ પણ સ્પૃશ્યાસ્પૃશ્યને કાયમ રાખી! આ જાણીને મને બહુ દુઃખ થયું. હિંદુ અને મુસલમાનો વચ્ચેની આ સ્પૃશ્યાસ્પૃશ્યની ખાઈએ જ અંતે ભારતના બે ટુકડા કર્યા; બે વચ્ચે એક દીવાલ ઊભી કરી, અને ભાઈ ભાઈ વચ્ચે વિદ્વેષની જવાળા સળગાવી!

"આ દીવાલ શું, શરૂઆતથી જ હતી?" મેં જાણવા ખાતર પૂછ્યું.

"જી, ના પહેલાં નહોતી. પણ હિંદુ મુસલમાનોના વચ્ચે ઝઘડા ચાલુ રહ્યા; તેથી લગભગ એંશી વરસ પર એક અંગ્રેજ અમલદારે બે વચ્ચે એક દીવાલ ઊભી કરી દીધી!

પાકિસ્તાનના મૂળનાં ભયાનક દર્શન!

એક અંગ્રેજ અમલદારે મગહરમાં હિંદુ-મુસલમાન કબીરપંથીઓ વચ્ચે દીવાલ ઊભી કરાવી! અને એંશી વરસ પછી એક અંગ્રેજ ગવર્નર–જનરલે દેશના હિંદુ અને મુસલમાનોની વચ્ચે રાજનૈતિક ભીંત ઊભી કરી! દેશના બે ટુકડા થઈ ગયા. વચ્ચે એક દરવાજો પણ જોવા નથી મળતો! કેટલો કરુણાજનક આ ઇતિહાસ છે! પાકિસ્તાનની ઉત્પત્તિના મૂળનાં દર્શન મને એંશી વર્ષ પૂર્વે બનેલી મગહરની આ દીવાલમાં થયાં! તે દર્શન કેટલું ભયાનક હતું!

આશાબાપુ



બાપુની અનોખી વાતો

કાશિનાથ ત્રિવેદી

[૧૦]

તે દિવસોમાં બાપુજી સેવાગ્રામ-આશ્રમમાં રહેતા હતા. ૧૯૩૯નો જમાનો હતો. મહારાષ્ટ્રમાં બાપુનો વિરોધ કરવાનું એક તોફાની મોજું ફરી વળ્યું હતું. મરાઠી ભાષાનાં અનેક સમાચાર-પત્રો, સાપ્તાહિકો અને પત્ર-પત્રિકાઓમાં બાપુના વિરોધમાં સારું-નરસું ખૂબ ખૂબ લખાવા લાગ્યું હતું. બાપુને જનતાની નજરમાં નીચા પાડવા માટે બધી રીતની કોશિશ કરવામાં આવતી હતી. તેમના પર જાતજાતના આરોપ અને આક્ષેપો કરવામાં આવતા હતા. એવું લખવામાં અને કહેવામાં આવતું હતું કે, તેમના જેવો સ્વાર્થી, અપ્રામાણિક, ઢોંગી અને ચારિત્રહીન માણસ બીજો કોઈ છે જ નહિ. મનુષ્યના દુર્ગુણોને કલમની મદદથી જેટલા કાળામાં કાળા ચીતરી શકાય તેટલા ચીતરવામાં કેટલાક લેખકો, પ્રચારકો, વિદ્વાનો અને વિચારકો કહેવાતા લોકો પ્રયત્ન કરી રહ્યા હતા.

તે વખતે સંજોગો પણ એવા ઊભા થયા કે, મધ્યપ્રાંતના કૉંગ્રેસી મંત્રી મંડળમાંથી ડૉ૦ ખરેને ખસી જવું પડ્યું હતું. તે દિવસોમાં તે મધ્યપ્રાંતની સરકારના પ્રધાનમંત્રી હતા. તે પ્રધાનમંત્રી પદેથી છૂટા થયા એટલે મહારાષ્ટ્રના ગાંધી-વિરોધી મિત્રોને બાપુની વિરુદ્ધ પ્રચાર કરવાનું એક મોટું સાધન મળી ગયું. તેઓએ આ ઘટના ઉપરથી એવું સિદ્ધ કરવાની કોશિશ કરી કે, ગાંધી મહારાષ્ટ્રનો અને મહારાષ્ટ્રીઓનો દુશ્મન છે.

તે જ દિવસોમાં વર્ધામાં કેટલાક લોકો એકાએક બીમાર પડ્યા. જે દિવસે આ લોકો બીમાર પડ્યા, તે દિવસે એમાંના ઘણાખરાએ ખજૂરીનો તાજો રસ નીરો પીધો હતો. દારૂબંદીના આંદોલન વખતે બાપુએ નીરા-પાનના પ્રચારને ઉત્તેજન આપ્યું હતું. સંજોગવશાત્ તે દિવસે વર્ધામાં જે લોકોએ નીરો પીધો હતો તેમાંના ઘણાખરા મહારાષ્ટ્રીઓ હતા. જે લોકો બીમાર પડ્યા હતા, તેમાંના બે ત્રણ તો થોડા કલાકમાં કૉલેરાના શિકાર થઈ ગયા. તેઓને મોતના મુખમાંથી પાછા

લાવવા માટે ડાક્તરો અને નર્સોને દિવસ-રાત ખૂબ મહેનત કરવી પડી. મહારાષ્ટ્રના ગાંધી-વિરોધી મિત્રોએ આ આકસ્મિક દુર્ઘટનામાં પણ બાપુના મહારાષ્ટ્ર દ્વેષનાં દર્શન કર્યાં, અને માની લીધું કે, નીરો પાઈને કેટલાક સારા, શક્તિશાળી મહારાષ્ટ્રીય જુવાનોને અને વિદ્વાન સેવકોને મોતને રસ્તે લઈ જવાનું એક ભયાનક ષડયંત્ર રચવામાં આવ્યું હતુ !

તે જ દિવસોમાં પૂનાથી 'પ્રસાદ દીક્ષા' નામનું એક મરાઠી પુસ્તક પ્રકાશિત થયું. તે પુસ્તકમાં જે પત્રો બાપુએ સાબરમતી આશ્રમની પોતાની એક મરાઠી શિષ્યાને અવારનવાર લખ્યા હતા, એ પત્રોનો મરાઠી અનુવાદ આપવામાં આવ્યો હતો. બાપુનું જીવન જેટલું બહારથી નિર્મળ હતું, તેટલું જ અંદરથી પણ નિર્મળ રાખવાની તેઓ પોતાના તરફથી પૂરેપૂરી કોશિશ કરતા હતા. બાપુએ પોતાની આ મહારાષ્ટ્રીય શિષ્યાને જે પત્રો લખ્યા હતા, તેમાં તેમણે પોતાનું દિલ ખોલીને વ્યક્ત કર્યું હતું. મનમાં ચોરી રાખીને તો કદી કોઈ વાત તેઓ કહેતા કે લખતા નહિ. આ પત્રોમાં તેમણે સ્ત્રી-પુરુષોના વૈવાહિક જીવનની બાબતમાં પણ પોતાના અનુભવની કેટલીક વાતો નિઃસંકોચ ભાવે લખી હતી. મહારાષ્ટ્રના ગાંધી-વિરોધી મિત્રોએ તેનો ખૂબ વિરોધ કર્યો, અને તે પત્રોનો ઉપયોગ કરીને બાપુને જેટલા બદનામ કરી શકાય એમ હતું, તેટલા બદનામ કરવામાં તેઓએ જરા પણ કસર રહેવા ન દીધી.

આ રીતે મહારાષ્ટ્રના ગાંધી-વિરોધી મિત્રોને બાપુની વિરુદ્ધ ઝેરીલો પ્રચાર કરવાની જે સંધિ આ ત્રણ ઘટનાઓએ આપી, તે કારણે મહારાષ્ટ્રનાં કેટલાંયે સુશીલ, સુવિચારી અને સુસંસ્કૃત ભાઈબહેનોનાં મન બહુ જ વ્યથિત થયાં. તેઓ સારી રીતે જાણતાં હતાં કે, તેમના પ્રાંતમાં કેટલાક લોકો દ્વારા બાપુને વિશે જે પ્રચાર કરવામાં આવે છે, તે બિલકુલ જૂઠો, ઘૃણિત અને રાગદ્વેષથી પ્રેરિત છે. પણ તેઓને સમજાતું ન હતું કે, તેઓ આ બધા ઝેરીલા પ્રચારને રોકવાને સારુ શું કરે?

આવા લોકોમાં મુંબઈનાં શ્રીમતી અવન્તિકાબાઇ ગોખલે પણ હતાં. તે બાપુને દક્ષિણ આફ્રિકાના સમયથી ઓળખતાં હતાં. બાપુની સાથે તે રહ્યાં પણ હતાં, અને તેમને સોંપેલું કામ કરતાં હતાં. બાપુ પ્રત્યે તેમની ભક્તિ ખૂબ ઊંડી હતી. એમનો નિયમ હતો કે, દર વરસે બાપુના જન્મદિને તેમની સેવામાં પોતાને હાથે કાંતેલા સૂતરની ધોતી બાપુને માટે મોકલવી, અને તેમની પાસે આશીર્વાદ માગવા. ૧૯૩૯ના ઑક્ટોબર મહિનામાં બાપુનો જન્મદિન આવ્યો. શ્રીમતી અવન્તિકાબાઈ ગોખલેએ દર સાલની માફક આ વરસે પણ પોતાને હાથે કાંતેલા સૂતરની ધોતી બાપુને માટે મોકલી, અને સાથે પત્રમાં પોતાના દિલની ઊંડી વ્યથા પ્રકટ કરીને બાપુનું ધ્યાન મહારાષ્ટ્રમાં ચાલતા ગાંધી વિરોધી પ્રચારની તરફ ખેંચ્યું. તેમણે લખ્યું હતું : "આપની વિરુદ્ધમાં મરાઠી જંગતનાં પત્ર-પત્રિકાઓમાં અહીં જેવો ઝેરીલો પ્રચાર થઈ રહ્યો છે, તેને સહન કરવાની શક્તિ મારામાં રહી નથી. મન અત્યંત દુઃખી છે. આપ બિલકુલ મૌન છો. ન કંઈ લખો છો, ન કંઈ બોલો છો. અમને કંઈ રસ્તો સૂઝતો નથી. કોઈ એવો ઉપાય લેવો જોઈએ, જેથી આ ઝેર વધારે ફેલાય નહિ."

બાપુએ શ્રીમતી અવન્તિકાબહેનના આ વ્યથાભર્યા પત્રનો જે ઉત્તર લખ્યો, તેમાં બાપુના જીવનની સાચી મહાનતા પ્રકટ થઈ. તેમણે

[અનુસંધાન પૃષ્ઠ ૨૪૪મે પાને]

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

એક અન્યોક્તિમાં ભર્તૃહરિએ કહ્યું છે: "હે મેઘ, કોણ નથી જાણતું કે ચાતકનો એક માત્ર આધાર તું જ છે? તો પછી ચાતકના મુખે યાચનાની રાહ તું શા માટે જુએ છે?" તે કંઈ માગે એ પહેલાં જ તું તેના મુખ સુધી અમૃત પહોંચાડી દે; તેમાં જ તારું ગૌરવ છે.

કુલીન માણસને મુસીબતની ઘડીએ કોઈની સામે હાથ લંબાવવો પડે તો મરવા જેવું લાગે છે. જે સજ્જન છે તે આ વાત સમજતો હોવાથી જાતે જ – તે ન માગે તોયે, અને કોઇ કોઈ વાર તેને ખબર ન પડે એ રીતે તેને મદદ પહોંચાડે છે. આવી મદદને ગુપ્તદાન કહેવામાં આવે છે.

બાળક થાકી જાય તો મા – બાપ એવી રાહ નથી જોતાં કે તે મોઢેથી કહે કે, 'હવે મારાથી વધારે કામ થશે નહીં.' તેઓ તો પહેલાંથી જ કહે છે, 'હવે તું જરા બેસી જા. થોડો આરામ લે. કંઈ ખાઈ લે, પી લે, અને પાછો તાજોમાજો થઈ જા. કામ તો પછી કરવાનુ જ છે ને! ઉતાવળ શી છે? થોડો વખત દમ તો ખા.'

રોજ સાંજે પ્રકૃતિમાતા પણ પ્રાણીમાત્રને કહે છે, "દિવસભર ખૂબ શ્રમ કર્યો. હવે શ્રમથી કંટાળી જાઓ એ પહેલાં મેં મોકલેલી નિદ્રાને આધીન થઈ જાઓ જેથી તમારો બધો થાક ઊતરી જાય અને નવી તાકાત તેમ જ નવો ઉત્સાહ લઈને નવા દિવસ માટે તૈયાર થઈ શકો.' દર વરસે વૃક્ષોમાં પ્રકૃતિમાતા નગ્ન ડાળીઓને તેમ જ જર્જરિત વૃક્ષોને સુવાડી દે છે; અને પછી તેને વસંતઋતુ ફરીને નૂતનદાન કરે છે. સાપ પણ ઘરડી થઈ ગયેલી સૂકી કાંચળી ઉતારીને ફરીથી તારુણ્યની નવી તાજી કાંચળી ધારણ કરે છે.

ભગવાનના ઘરનું મૃત્યુ પણ આવા પ્રયોજનથી પોતાનું કામ કર્યે જાય છે. એટલે જ પુરાણકારોએ મૃત્યુને "મહાનિદ્રા"ની ઉપમા આપી છે. આપણે જો વસંતઋતુના આગમનને અને સૃષ્ટિ નવપલ્લવિત થાય છે તેને એક મહોત્સવ માનતા હોઈએ, તો પછી આપણને મૃત્યુ પછીના પુનર્જન્મનો ઉલ્લાસ શા માટે ન થાય? વળી જો આપણને પુનર્જન્મમાં વિશ્વાસ હોય અને તે ઇષ્ટ લાગતું હોય, તો પછી મૃત્યુથી ભડકવાનું શું કારણ છે? આપણે શું પ્રાર્થના નથી કરતા કે, "ભગવાન, હું થાકી ગયો છું, હવે મને નિદ્રા આપ!"? એ જ રીતે આપણે કરુણાધન પાસે યાચના શા માટે ન કરીએ કે, "જિંદગીમાં હવે કંઇ સાર રહ્યો નથી: તું મને નિઃસત્ત્વ જીવન વિતાવવા કરતાં તેમાંથી છુટકારો આપ. મારી ફજેતી ન થવા દે. મારી લાજ જશે તો તારી પણ લાજ જશે. માટે મને જલદી મૃત્યુ આપ; જેથી હું જરા થાક ખાઈને તાજો-માજો થઈ નવી જીવનયાત્રા ફરીને શરૂ કરી શકું."? મનુષ્ય – જીવન અને

પ્રાકૃતિક જીવનના આ [illegible] [illegible] તેમ જ સ્વીકારીને જ કવિ આ પ્રાર્થના કરે છે:

દિવસ જદિ સાંગ હલ, ના જદિ ગાહે પાખિ,
કલાન્ત બાયુ ના જદિ આર ચલે,
એબાર તબે ગભીર કરે ફેલો ગો મોરે ઢાકિ
અતિ નિબિડ ઘન તિમિર તલે–
સ્વપન દિયે ગોપને ધીરે ધીરે
જેમન કરે ઢેકેછ ધરણી રે,
જેમન કરે ઢેકેછ તુમિ મુદિયા પડા આઁખિ,
ઢેકેછ તુમિ રાતેર શતદલે।
પાથેય જાર ફુરાયે આસે પથેર માઝખાને,
ક્ષતિર રેખા ઉઠેછે જાર ફુટે,
બસનભૂષા મલિન હલ ધુલાય અપમાને,
શક્તિ જાર પડિતે ચાય ટુટે—
ઢાકિયા દિક તાહાર ક્ષતવ્યથા
કરુણાઘન ગંભીર ગોપનતા,
ધુચાયે લાજ ફુટાઓ તારે નબીન ઉષા-પાને
જુડાયે તારે આધાર સુધા જલે।

જ્યારે દિવસ પૂરો થશે, પંખીઓનો કલરવ શાંત પડશે, થાકેલો વાયુ પણ વાતો બંધ થશે, ત્યારે હે ભગવાન, તારા હાથ લંબાવીને તું મને ઢાંકી દેજે. મને તારામાં સમાવી લેજે, ઘોર અંધકારરૂપી તારી ગોદમાં મને છુપાવી દેજે.

જે પ્રમાણે આ પૃથ્વીને તું નિદ્રાના અંધકારમાં સહજ રીતે ઢાંકી દે છે, થાકેલાં નયનો પર તું નિદ્રાનું આવરણ નાખી દે છે; અને શતદલ કમલોની આંખ મિંચાતાં જ તેના ઉપર પણ રજનીનો અંચળો ઓઢાડી દે છે, એ જ રીતે મને પણ તારી ગોદમાં સમાવી લેજે.

જ્યારે યાત્રા પૂરી થતાં પહેલાં જ પથિકનું ભાથું ખૂટી ગયું હોય, તેના ચહેરા ઉપર અતિશ્રમની રેખા અંકાવા લાગી હોય, તેનાં કપડાં મેલાં અને જર્જરિત બનીને તેને લજાવી રહ્યાં હોય, અને તેના હાથપગમાં શક્તિ જરાયે રહી ન હોય, તે વખતે તેની આ દુનિયામાં ફજેતી થવા ન દેતો! તેને નિરાધાર ન છોડી મૂકતો! હે કરુણામય, તારી દયાર્દ્ર અને ગભીર ગોપનતા ફેલાવી દે અને તેની લાજ રાખ! તેને નિદ્રાનો, વિસ્મૃતિનો આશ્રય આપ અને રાત્રીરૂપી સુધા-જળથી તૃપ્ત કર અને પ્રભાતનું ઉષ:પાન કરાવીને તેને ફરીને તાજગીવાળો બનાવી દે.

ગુરુદેવનો સંદેશો

ભાઈઓ! હૃદયધર્મ સાથે, માનવતાના ધર્મ સાથે, બેઈમાની ન કરો. ચારિત્ર્યને નષ્ટભ્રષ્ટ કરીને ભારતમાતાની સેવાનો પ્રયાસ કરવો એ ભારતમાતાનું અપમાન કરવા સમાન છે. બીજાનો દ્વેષ કરીને આપણે સ્વજનોની સેવા કરી શકવાના નથી. હિંદુસ્તાનનો ઇતિહાસ તેમ જ તેનું ભાવિ-બંને કહે છે કે, અહીં જે કોઈ આવ્યા તે પાછા ફરવા આવ્યા નથી. જે જબરદસ્તી કરવા આવશે તેમનો અહંકાર ઓગળી જશે અને હિંદુ, મુસલમાન, પારસી, ઈસાઈ, યહૂદી, નાસ્તિક તેમ જ આસ્તિક-બધા આ મહા-માનવસાગર-તીરે એકઠાં મળીને જગન્માતાની સેવા અને અર્ચના કરશે. બ્રાહ્મણ! તું તારો અહંકાર છોડીને તારું હૃદય પવિત્ર બનાવ. હરિજનોને ભાઈ કહીને ગળે લગાડ. બધા એક થાઓ અને માતાની સેવામાં લાગી જાઓ!”



ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની 'ગીતાંજલિ'નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ'ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

તવ સિંહાસનના આસનથી આવ્યો તું ઊતરીને,
મુજ આ વિજન ભવનને દ્વારે ઊભો તું થંભીને.
એકલ બેસી હું મુજ મનમાં ગાતી'તી કંઈ ગીતો,
તારે કાન સ્વરો તે પહોંચ્યા, આવ્યો તું ઊતરીને;
મુજ આ વિજન ભવનને દ્વારે ઊભો તું થંભીને.
તવ દરબાર વિષે કંઈ ગીતો કંઈક ગુણીજન ગાતા,
પણ ગુણહીન તણે ગીત તારો પ્રેમ ઊઠ્યો જાગીને
વિશ્વ તણા સંગીત વિષે એક કરુણ સુર ભળિયો,
વરણમાળ લઈને તુજ હાથે આવ્યો તું ઊતરીને;
મુજ આ વિજન ભવનને દ્વારે ઊભો તું થંભીને.

અનુ૦ [નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું ૪૯મું કાવ્ય સમજાવતાં પૂ૦ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :–

ભગવાનના દરબારમાં તો ઘણા ગુણીજનો ગાનારા છે. ત્યાં ગુરુદેવની શી ગણના ? ઉસ્તાદોનો જલસો હોય ત્યાં આપણા ગીતની શી કદર થાય ? એ જ રીતે પ્રભુના દરબારમાં ગાતાં સંકોચ થાય જ. પરંતુ ગુરુદેવ કહે છે કે જો આપણે અંતરની પ્રેરણાથી ગીત ગાઈએ તો એને સાંભળવા પ્રભુ ઉત્સુક છે જ. પ્રભુના ભક્તો પાસેથી એવું સાંભળ્યું છે કે હિમાલય પર્વત પર અમુક એવા મહાપુરુષો વસે છે તેઓ ત્યાં રહીને જ જગતમાં કોઈએ શુદ્ધ કામ કર્યું હોય, શુભ ભાવના સેવી હોય તો એની તેઓને તરત જ જાણ થાય છે. અને તેઓ ત્યાં રહીને તે શુભ કાર્ય કે ભાવનાને ઉત્તેજન આપે છે. એ જ પ્રમાણે ભગવાન પણ સાચા ભક્તના અંતરના અવાજને સાંભળે જ છે અને તે સાંભળવા ઉત્સુક રહે છે. આપણે રેડિયો વગેરે દ્વારા સારું સંગીત સાંભળી મુગ્ધ થઈએ

છીએ. પણ જો આપણું પાંચ વર્ષનું નાનું બાળક ગીત ગાવા લાગે તો આપણે એથીય વધારે આનંદ પામીએ છીએ. તે વખતે આપણે કંઈ એના ગીતને ઉસ્તાદોની સાથે સરખાવવા બેસતા નથી. બાળકના ગીતની મધુરતા કંઈ ઓર જ હોય છે. એ જ રીતે આપણું જેવું તેવું ગીત સાંભળવા પ્રભુ આવે જ છે. આવા સાચા ભક્તો પોતાનાં સાદાં, સરળ ગીત દ્વારા પણ પ્રભુ સાથે આત્મૈક્યતા સાધે છે અને પ્રભુને 'બંધુ' ગણી સંબોધે છે. આવી બંધુતા સર્જન દ્વારા, કલા દ્વાશ સાધી શકાય. એ પોતાની જ સૃષ્ટિ સર્જી દે છે. આ બધું સહજ ભાવે બને છે.

જગતમાં ઘણી વાર એવા અનુભવ થાય છે કે સહજ વસ્તુમાંથી જ ઊંડું દર્શન પામી શકાય છે. ગીતની એકાદ લીંટી સાંભળીને કોઈને થઇ આવે છે કે, જેની શોધમાં હું આજ લગી હતો તે મને આ એક જ પંક્તિ દ્વારા મળી ગયું. આપણે વર્ષો સુધી પ્રયત્ન કરીએ, તેથી કંઈ વળતું નથી. પણ પ્રભુ કોઇ વાર આપણને એવી અજબ રીતે દોરે છે કે જે અપ્રાપ્ય છે એ સુપ્રાપ્ય બની જાય છે. કાબૂલમાં એક સાહિત્યકાર હતો. એંસી વર્ષની એની ઉમર હતી. પચીસેક પુસ્તકો એણે લખ્યાં હતાં. ત દરરોજ ખરા દિલથી કુરાને શરીફનો પાડ કરતો અને તે મુજબ વર્તવા પ્રયત્ન કરતો હતો. આમ એ પચાસ વર્ષથી કરી રહ્યો હતો. પણ એનો આત્મા સંતોષ પામતો ન હતો. દરરોજ એને થાય કે, અરર, આજેય પ્રભુનાં દર્શન ન થયાં! એક વખતે તેને સ્વપ્નમાં સંભળાય છે કે, 'અમુક વ્યક્તિને ઘેર તું જા, ત્યાં તને મારાં દર્શન થશે.' પણ એ માણસ એનો હરીફ હતો. એને ઘેર શી રીતે જવાય? તેને થયું કે આ પ્રભુનો નહિ પણ સેતાનનો અવાજ હશે. આમ એને બીજી વાર અને ત્રીજી વાર સ્વપ્નું આવ્યું. અને એ જ આદેશ થયો. તે તો પેલા હરીફને ઘેર ગયો. પેલા ભાઇને પણ એને જોઇને ખૂબ નવાઇ લાગી. બંને ભાવપૂર્વક મળ્યા અને પેલા સાહિત્યકારની અંદરની બધી ગ્રંથીઓ ખુલી ગઈ અને એને પ્રભુના ચરણનો જાણે સ્પર્શ થયો હોય એવો આનંદ થયો.

આમ આપણા અંતરમાં જ્યાં સુધી ભેદભાવ છે, દ્વેષભાવ છે, ત્યાં સુધી પ્રભુનાં દર્શન થવાં અશક્ય છે. એક વખતે એક ભક્તરાજ મંદિરને દ્વારે ઊભો હતો. એવામાં એક માણસ ઉતાવળે આવીને મંદિરમાં દાખલ થતો હતો. તેને ભક્તરાજે અટકાવ્યો અને કહ્યું, "તમે મંદિરમાં જશો નહિ. તમને પ્રભુનાં દર્શન ન થાય." થોડી વાર પછી પેલા માણસનો નાનો ભાઈ મંદિરમાં પ્રવેશવા આવ્યો. તેને પણ ભક્તરાજે અટકાવ્યો. જ્યારે બંને ભાઈઓએ ભક્તરાજને એનું કારણ પૂછ્યું ત્યારે તે બોલ્યા: "તમારાં બંનેમાં હમણા ક્રોધ ભરાયેલો છે. તમે એક બીજા પર ગુસ્સે થયા છો. માટે તમે બંને જણ ગુસ્સાને મનમાંથી કાઢીને સદ્ભાવ હૃદયમાં લાવશો તો તમે પ્રભુનાં દર્શનના અધિકારી થશો."

તેથી આપણે જો એ બધા વિઘ્ન રૂપ ભાવોને મનમાંથી કાઢી નાખી ઇશ્વરના આદેશને અનુસરીએ તો અવશ્ય આપણે પ્રભુનાં દર્શનના પાત્ર બની શકીએ અને પ્રભુ પણ આપણું ગીત સાંભળવા સદા ઉત્સુક જ રહે.

મને ગુરુદેવના જીવનનો પ્રસંગ યાદ આવે છે. ગુરુદેવ સાત વર્ષના હતા ત્યારથી કવિતા લખતા હતા. ગુરુદેવનો અવાજ પણ ખૂબ મધુર હતો. એમણે પહેલી કવિતા મહર્ષિની પાસે ગાઈ સંભળાવી. મહર્ષિ

[અનુસંધાન પૃષ્ઠ ૨૪૦મે]

બાપુનો પરિવાર

શ્રી. મનોહરજી દિવાણ

અને મહારોગી-સેવા

લે૦ યદુનાથ થત્તે

તુકારામે ગાયું છે: 'જે કા રંજલે ગાંજલે, ત્યાંસીં મ્હણે જો આપુલે' આ વાકયમાં મહાત્મા ગાંધીજીની આધ્યાત્મિકતાનું સાર સર્વસ્વ આવી જાય છે ગાંધીજીની આધ્યાત્મિકતા કે ધર્મભાવના મૂર્તિપૂજામાં અથવા અંધશ્રદ્ધાના એવા જ બીજા કોઇ પ્રકારમાં કદી વ્યક્ત થઈ નથી. તેમની ભાવના અખંડ સેવાને તેમ જ કર્મને પ્રેરણા આપનારી હતી. આજે આપણા સમાજમાં રૂઢ થયેલી ધર્મભાવના જડ, શુષ્ક, બાલિશ અને સ્વાર્થી જણાય છે. ગાંધીજીની ભાવના જીવંત, સમાજ-સેવામાં પરિણમતી અને ચૈતન્યદાયી હતી.

દુનિયામાં બધે સ્થળે, મનુષ્યમાત્ર સાથે એકરૂપ થવાની તેમની આકાંક્ષા હતી. માનવ માનવ વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદભાવ તેઓ સહન કરતા ન હતા. માનવજાત બધી રીતે એકરૂપ છે એવી તેમને શ્રદ્ધા હતી. તેથી આ જ શ્રદ્ધા સેવતા મોટા સેવકો તેમની આસપાસ એકત્ર થયા હતા.

આદિવાસીઓ માટે રાતદિવસ મહેનત ઉઠાવનારા ઠક્કરબાપા કઇ ભાવનાથી અસ્વસ્થ બન્યા હતા? સ્ત્રીઓના શીલનું રક્ષણ કરવા સારુ પોતાના પ્રાણને હોડમાં મૂકવા તૈયાર થનારા આચાર્ય ભણસાળીજીની પ્રેરણા શી હતી? ચોર લૂંટારાઓને પણ પોતાનું જીવન બદલાવવા માટે સતત મથનારા રવિશંકર મહારાજને સ્ફૂર્તિ કયાંથી મળતી હતી? હરિજનો માટે પંઢરપુરના વિઠોબા-મંદિરનાં દ્વારની સાથે હૃદય-મંદિર પણ ઊઘડવાં જોઇએ એ હેતુ સારુ પોતાના પ્રાણની પણ ગણના ન કરનારા સાને ગુરુજીના જીવનના સૂર્ય કોણ હતા? તુકડોજી મહારાજ જેવા ઈશ્વર ભજનમાં હંમેશાં મગ્ન રહેનારા સંતને સામાજિક ક્ષેત્રમાં ક્રાંતિ કરવી એ જ ઈશ્વરીય કાર્ય છે, સમાજ – માનસ બદલવું એ જ ભક્તિયોગ છે, એવો બોધપાઠ કયાંથી મળ્યો હતો? પોતાના વ્યક્તિગત જીવનને શુદ્ધ કરનારા સંતો ઘણા છે. પરંતુ સમાજનાં દલિત પીડિતોની સેવા કરીને તેઓને ઉન્નત કરવાનાં કાર્યોમાં જ ખરી ઈશ્વર-સેવા છે, એ ભાવનાને વ્યાપક રીતે ફેલાવનાર ગાંધીજી જ હતા. આત્મૌપમ્ય ભાવનાને ગાંધીજી કયાંય પણ મર્યાદિત કરતા ન હતા. ગાંધીજીના આત્મૌપમ્યની ખરી કસોટી મહારોગીઓને રક્તપીતિયાઓને – પોતાના માનવામાં હતી,

મહારોગીઓની સેવા કરવામાં હતી. 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' એ ભજન ગાવું સહજ છે, પરંતુ જીવનમાં ઉતારવું અઘરું છે. ગાંધીજીનો હરિભજનનો માર્ગ કંઈ પૂજાઅર્ચનનો માર્ગ ન હતો, પરંતુ તે તો નિર્ભયતા ઉપર અવલંબતો શૂરવીરનો માર્ગ હતો. ત્યાં શરીર–પરાયણતા ન હતી. શરીર એ સાધન હતું. મહારોગીઓની સેવા તેમણે એજ ભાવનાથી કરી. પરચુરે શાસ્ત્રીજી જેવા સત્પ્રવૃત્ત માણસને મહારોગને લીધે સમાજે દૂર કર્યા. પરંતુ ગાંધીજીએ તેમને આશ્રમમાં લાવીને તેમની પોતાને હાથે સેવા કરી.

ગાંધીજીની પાસે રહેનારા લોકોમાં પણ એ પ્રેરણા દેખાઈ આવતી. આ પ્રેરણાને જીવનમાં અનુભવવા માટે ઉત્સુક એવા લોકો તેમની પાસે રહેતા હતા. સર્વભૂતોમાં–સૌ પ્રાણીઓમાં–ભગવાનને જોવા માટે આ લોકો મથતા હતા. ગીતાનો સંદેશ આ જ છે એવી ગાંધીજીની શિખામણ હતી.

૧૯૨૦–૨૨ની ચળવળ વખતે જે અનેક જુવાનો ગાંધીજી તરફ આકર્ષાયા હતા તેમાં મનોહરજી દિવાણ પણ એક હતા. ૧૯૨૦ના અસહકારમાં બહિષ્કારની રચનાત્મક બાજુ તરીકે બધે રાષ્ટ્રીયશાળા શરૂ થવા લાગી. ખામગાંવ નામે ગામમાં રાષ્ટ્રીયશાળાના સંસ્થાપકોમાંના મનોહરજી એક હતા. પછી લગભગ ૧૨ વર્ષ તે વિનોબાજીના સાન્નિધ્યમાં રહ્યા હતા. વિનોબાજી તો ગીતાના બોલતા–ચાલતા ભાષ્ય જેવા છે. વિનોબાજી અને ગાંધીજીના રંગે રંગાએલા મનોહરજી પણ સર્વભૂતોમાં ભગવાનને જોવા માગતા હતા. તેમની આ વૃત્તિની કસોટી કરનારો પ્રસંગ તરત જ તેમના જીવનમાં આવ્યો. એક દિવસ તે બજારમાં ગયા હતા ત્યાં તેમની નજર એક મહારોગી પર પડી. તેમને તે મહારોગી ભગવાન તો નહિ જ, પણ માણસ પણ ન લાગ્યો! મહારોગી એટલે ભૂત એમ તેમને લાગ્યું. કેટલો ભયંકર, કેટલું કદરૂપું એનું રૂપ! હાથનાં આંગળાં વિનાનો, પગની આંગળીઓ સૂજેલો, ચહેરો એકદમ કદરૂપો બનેલો, પાસે ઊભું રહેવું પણ અશક્ય થઈ પડે એટલો ગંધાતો મહારોગી અને તેમાં વળી ભગવાનનાં દર્શન કરવાં! છિ, છિ! એ તો અશક્ય જ છે. સમાજના સામાન્ય લોકોમાં સહજ રીતે ઉત્પન્ન થનારી આ ભાવના મનોહરજીના મનમાં આવી. પરંતુ તે મહારોગીના દર્શનથી તેમના મનમાં તોફાન જાગ્યું! જ્યાં સુધી મહારોગીમાં પણ ઈશ્વર દર્શન કરવાની પાત્રતા આપણામાં આવે નહિ, ત્યાં સુધી આપણી સાધના અપૂર્ણ છે, એમ તેમને લાગતું હતું. હંમેશ મુજબ પોતાની સાધના માટે બળ મેળવવાના હેતુથી મનોહરજી દેવની મૂર્તિ સામે જઇને ઊભા રહ્યા. પણ ત્યાં તે મૂર્તિમાં તેમને મહારોગી જ દેખાવા લાગ્યા. માણસે માણસનો શા માટે તિરસ્કાર કરવો જોઇએ? આવો તિરસ્કાર કરવો એ અધ્યાત્મને જ નહિ પણ માનવતાને પણ શોભાસ્પદ નથી એવા કેટલાયે વિચારો તેમના મગજમાં પ્રવેશ કરવા લાગ્યા.

એક વાર મનોહરજી ગોબરા હૉસ્પટલમાં ગયા હતા. ત્યાં એક કદરૂપો બની ગયેલો યુરોપિયન મહારોગી હતો. આંખની ભમરોના વાળ ખરી પડેલા, નાકની જગ્યાએ બે કાણાં, પાસે જતાં દુર્ગંધ આવે અને હાથપગનાં આંગળાંનો પત્તો ન મળે એવી સ્થિતિમાં તે યુરોપિયન મુકાયેલો હોવાથી તે ખૂબ જ ચીડિયો બની ગયો હતો, તેથી એની પાસે કોઇ જતું ન હતું અને તેની સાથે વાતચીત પણ કરતું ન હતું. જ્યારે મનોહરજી એ મહારોગીની પાસે ગયા કે તરત જ તેણે [અનુસંધાન પૃષ્ઠ ૨૩૮મે પાને]



ચિ. કાશીનાથ,

તમારો કાગળ મળ્યો. [illegible]

[illegible] [illegible] [illegible] ગૂઢ

[illegible] નથી. [illegible] [illegible] [illegible]

[illegible], [illegible] મૃત્યુ [illegible] [illegible]

છે! અને ઈશ્વરનો [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] મૃત્યુ

[illegible] [illegible]. [illegible] [illegible] [illegible]

[illegible] ગયાં અને આપણા મૃત્યુનો

[illegible] છે! આપણને મૃત્યુનું દુઃખ

[illegible] [illegible] [illegible] [illegible]

થાય છે. આપણા ધર્મનું પાલન

[illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] મૃત્યુ આપણને

[illegible]. — બાપુના આશીર્વાદ

ચિ૦ કાશીનાથ,

તમારો કાગળ મળ્યો. મિત્રોના દેહાંતથી વ્યગ્રચિત્ત થવાનું મુદ્દલ કારણ નથી. વણમોતે કોઈ મરતું નથી, અકાળ મૃત્યુ મિથ્યા ભ્રમણા છે. એક દિવસનો શ્વાસ લઈને મરનાર બાળક પણ અકાળ મૃત્યુ નથી પામતો. તે દેહનાં તેનાં કર્મ ભરાઈ ગયાં એ એના મૃત્યુનો અર્થ છે. આપણને મૃત્યુનું દુઃખ માત્ર અજ્ઞાન અને સ્વાર્થને લીધે થાય છે. આત્માના ધર્મોનું અજ્ઞાન ને આપણે પોતે મરવા નથી ઇચ્છતા તેથી મિત્રાદિનાં મૃત્યુ આપણને અકળાવે છે. બાપુના આશીર્વાદ

× × × × ×

તમારો કાગળ મળ્યો. નેપાલ છૂટયો જ છે. તેની વહુ કઠોર હૃદયની અનુભવી છે. મરણથી આપણે આપણું કર્તવ્ય વિચારવાનું છે ને શરીર પર લગભગ તિરસ્કાર ઉપજાવવાનો છે. પણ મરણથી ભય પામવાની જરૂર નથી. માણસ બળીને મરે છે ત્યારે પણ અતિ દુઃખ નથી વેઠતો એમ જણાય છે. ઘણું દુઃખ પડયે મૂર્છિત થાય છે. દેહને વધારે વળગનારા વધારે પીડાય છે. આત્મતત્ત્વ જાણનાર માણસ મોતથી નહીં ગભરાય. નેપાલની જેમ હજારો માણસો, હજારો જીવો અત્યારે દરેક પળે બળી મરે છે. બ્રહ્માંડમાં નેપાલ એ કીડી કરતાં પણ સૂક્ષ્મ જંતુ છે. આપણે પોતે જાણેઅજાણે દેવતા સળગાવવામાં, રાતની બત્તી વાપરવામાં, નેપાલ કરતાં પ્રમાણમાં મોટા એવા કેટલા જંતુને સળગાવતાં હઈશું! બ્રહ્માના જેવો કોઈ મહાજીવ કલ્પો. તેને મન આપણે કીડીનાં કરતાં સૂક્ષ્મ હોવા જોઇએ. તેની આંખનો પરિઘ જ એટલો મોટો કે આપણે ચાંચડવત્ જણાઈએ. તેણે નેપાલને બાળ્યો હશે તો શું? અને તેણે એમ પણ માન્યું હશે કે તેના મહાજીવના સુખને અર્થે નેપાલ સમાન જંતુને જીવતા બાળવા જોઈએ. આપણે મન તો નેપાલ આપણા જેવડો જંતુ એટલે આપણા એવા હાલ થાય તે ભયથી દયા છૂટે છે. પણ જે દલીલ આપણે કીડી, માંકડ, ચાંચડ ને બીજાં અસંખ્ય જંતુઓ, જેને આપણે નરી આંખે નથી જોઈ શકતા, તેને વિષે ડહાપણપૂર્વક લગાડીએ છીએ, તે જ દલીલ વિશેષ ડહાપણવાળો બ્રહ્મા આપણે વિષે લગાડી વાપરતો હોવો જોઇએ. આ જો આપણને સમજાય તો નેપાલાદિના કિસ્સામાંથી આપણે આટલું શીખી શકીએ:

"૧. આપણી પોતાની ઉપર કરુણા લાવી સર્વ જીવને સમાન માની તેની ઉપર કરુણા કરીએ ને આપણા કોઈ પણ સુખને સારુ જીવહાનિ કરતાં ચોંકીએ.

"૨. દેહને વિષે મૂર્છા ન રાખી મરણનો જરા પણ ભય ન કરીએ.

"૩. દેહ અત્યંત દગાખોર છે એમ જાણી, આ ક્ષણે મોક્ષની સામગ્રી તૈયાર કરીએ.

"આ ત્રણે સૂત્રો કહી જવાં સહેલાં છે, પણ તેને વિચારવાં કઠણ છે. ને બિચાર્યા પછી તે પ્રમાણે વર્તન કરવું તે તો ખાંડાની ધારે ચાલવા જેવું છે.

"અત્યારે સવાર છે. વિચારનો પ્રવાહ એ જ દશામાં ચાલ્યો જાય છે. કેમ કે બા પાછી પીડાય છે ને તેને મરણના ડરમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરું છું."

સાચું શિક્ષણ

ગુરુદયાલ મલ્લિક

શિક્ષણ સંસ્થાઓ અનંત ધર્માલય હોવી જોઇએ. શિક્ષણ દ્વારા, શિક્ષકના જીવન દ્વારા જે શિક્ષણ અનંત તરફ જાગ્રત ન કરે તેને હું તો અધૂરું, અપૂર્ણ ગણું.

માત્ર પુસ્તકોથી જ અનંત તરફ જવાનો ઉત્સાહ જાગ્રત થવાનો સંભવ બહુ ઓછો છે. શિક્ષકો દ્વારા જ એ કામ થઇ શકશે. સંસ્થા સારી બનાવવાનો આધાર શિક્ષકો પર છે. શિક્ષક પંડિતાઇમાં પૂરેપૂરો હોય પણ એના પોતાના જીવનમાં શુષ્કતા ભરી હોય અને જીવનનું રહસ્ય સમજવા માટે પોતે સાધના ન કરતો હોય તો તેનાથી અપાતું શિક્ષણ પાંડિત્ય ભર્યું, ચાતુર્યભર્યું હશે તોયે તેમાં ઘણી ખામી રહી ગઈ હશે.

ગુરુદેવ જ્યારે શિક્ષકોને રાખતા ત્યારે તેમની ડીગ્રીને મહત્ત્વ નહિ આપતા, પણ શિક્ષકોની રહેણીકરણી જોતા, તેઓ વિદ્યાર્થીઓના દિલને જીતવામાં કેટલા હોશિયાર છે તે જોતા અને ત્યારબાદ પસંદગી કરતા. પછી ભલેને તે શિક્ષક મૅટ્રિક પાસ પણ ન હોય. શિક્ષણના ક્ષેત્રમાં અમુક મર્યાદામાં પણ જો વિદ્યાર્થીઓને સત્યમ્ શિવમ્ સુંદરમ્ માટે જાગ્રત કરી દઈએ તો તે વિદ્યાર્થીઓ, તે શિક્ષણ અને તે સંસ્થા સુધન્ય છે.

ગ્રીક ભાષામાં સ્કૂલનો અર્થ પ્લે–ગ્રાઉન્ડ એટલે કે ક્રીડા-ક્ષેત્ર થાય છે. ગુરુદેવે એ વિચારને અપનાવ્યો હતો. અને શાંતિનિકેતનની સ્થાપના કરી હતી. પણ એમનો આદર્શ હતો: "આત્માનું ક્રીડા ક્ષેત્ર" (Play ground of the soul) – જ્યાં આત્માનો વિકાસ થાય.

આજની સ્કૂલ કૉલેજોની સ્થિતિ જોતાં મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, તે લગભગ 'ઇંદ્રિયોનું ક્રીડા – ક્ષેત્ર' (Playground of the senses) થઈ ગઈ છે. ઇંદ્રિયોની શક્તિઓના વિકાસ માટે જ ભાર દેવાય છે. સૌથી મહાન ઇંદ્રિય તો આપણો અહમ્ છે. આજની આપણી સ્કૂલ કૉલેજો તો આપણા અહંકારને જ પોષે છે. ભણવાથી સારી લાયકાત (Position) મળશે; ધન, માન, કીર્તિ વગેરે મળશે એ જ હેતુથી આપણે ભણતા હોઈએ છીએ. આમાં આત્માનો વિકાસ નથી. શિક્ષણ અને શિક્ષણ સંસ્થાઓ દેશની સંસ્કૃતિ અને સમાજનો ખ્યાલ રાખીને જ ચાલવાં જોઇએ. દેશનો આત્મા દેશની સંસ્કૃતિમાં પ્રતિબિંબિત થાય છે. જે શિક્ષણ દેશની સંસ્કૃતિને પોષે નહિ, તે શિક્ષણ અપૂર્ણ છે. શિક્ષણે દેશની સંસ્કૃતિને સમાજમાં ફેલાવી દેવી જોઈએ.

વ્યક્તિગત રીતે આપણે લાગણીહીન (Insensitive) બની ગયા છીએ જ્યાં કંઈ સુંદર હોય, સારું હોય તેને અનુભવવાની શક્તિ આપણે ખોઈ બેઠા છીએ.

શિક્ષણની એવી પદ્ધતિ રચાવી જોઇએ કે,

(૧) જ્યાં આત્માનો વિકાસ થાય,

(૨) જ્યાં દેશની સંસ્કૃતિ અને સમાજના આદર્શો પોષાય.

શિક્ષકોનો કૉલેજો, સ્કૂલો, તેમજ શિક્ષણ દ્વારા સમાજને ઊંચા આદર્શ તરફ લઈ જવાનો ધ્યેય હોવો જોઇએ. જે સાંસ્કૃતિક ધન આપણને મળ્યું છે તેને યોગ્ય બનવાનો અને તેમાં કાંઈક ઉમેરો કરવાનો શિક્ષણ

સંસ્થાઓએ દૃઢ નિશ્ચય કરવો જોઇએ.

શાંતિનિકેતન, સેવાગ્રામ, હરદ્વાર ગુરુકુલ વગેરે સંસ્થાઓ જોતાં એમ લાગે છે કે, શિક્ષણમાં એવું કાંઈક હોવું જોઇએ જેનાથી વિદ્યાર્થીઓની જે કાંઈ શક્તિઓ છે તેને એકરૂપતા મળે. અત્યાર સુધી ચાલતા શિક્ષણે જે કાંઇ શીખવ્યું છે તેનાથી મગજ બુદ્ધિ ખીલ્યાં છે. પણ એમ. એ. થયેલાને ચોપડીઓનું સારું પેકેટ બાંધતા નહિ આવડે. વળી પ્રકૃતિમાં, માનવજીવનમાં, સાહિત્યમાં સારા જગતમાં જે કાંઇ સુંદર હોય, નવાઈ ઉપજાવે તેવું હોય તેની કદર કરવાનું (Appreciate) આપણે ખોઈ બેઠા છીએ. મુગ્ધતાની લાગણી (Sense of Wonder) પણ આપણે ખોઈ બેઠા છીએ. આશ્ચર્યભાવ તેમ જ જીજ્ઞાસાભાવમાંથી જ સાચી વિદ્વત્તા (Wisdom) સ્ફૂરે છે. જ્યારે જ્યાં કાંઈ પણ સત્ય, શિવ, સુંદર જણાય ત્યાં તેની કદર કરવાની બુદ્ધિ અને શક્તિ કેળવવી જોઇએ.

આપણે બધા કોલેજમાં જઈ શિક્ષિત થઈએ છીએ પણ આપણે ભણેલા પણ ગણેલા નથી હોતા. આપણામાંથી કેટલા સૂર્યોદય અને સૂર્યાસ્તનું આકર્ષણ અનુભવી નિયમિત રીતે તેનું દર્શન કરવા જતા હશે? પણ બંગાળના સાંથાલ લોકો કોઈ દિવસ સૂર્યોદય સમયે પગે લાગવાનું નથી ચૂકતા. રૂઢિને વશ થઇને જ સૂર્યોદય સમયે પગે લાગે છે એવું નથી. તેઓ પોતાની ઝૂંપડી પણ એવી જગ્યાએ બાંધવાનું પસંદ કરે છે, જ્યાંથી પ્રકૃતિનું દૃશ્ય બરાબર જોવા મળે. મેં એવું સાંભળ્યું છે કે, ગ્રીસમાં નાનકડું ગામ છે; ત્યાંના બધા લોકો સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે પાંચેક મિનિટ દર્શન કરવામાં ગાળે છે. તે ઉપરાંત પૂર્ણિમા, વસંતઋતુ વગેરે પ્રસંગ ઉત્સવ પણ કરે છે. પ્રકૃતિ સાથે એકરસ થવાથી એક જાતની શાંતિ અનુભવાય છે. પ્રકૃતિને સમજવી, એની અસરને અનુભવવી એ પ્રભુને ઓળખવા સમાન છે. કારણ કે પ્રકૃતિ પ્રભુનું હસ્તલિખિત પુસ્તક (Manuscript of God) છે.

વસંતઋતુ આવે કે ચમેલીને પહેલું ફૂલ આવે કે કમળને ફૂલ આવે તેમાં જીવંત રસ લેવો જોઈએ. ગુરુદેવ ૮૦ વર્ષના થયા ત્યાં સુધી સૂર્યોદય જોવાનું કદી ભૂલતા ન હતા. આ પ્રમાણે પ્રવૃત્તિમાં જીવંત રસ લેવા માટે સતત જાગ્રતિ અને સાધકપણું રાખવુ જોઇએ.

એક વાર, વરસો પહેલાં મને કોઇએ કહ્યું હતું કે, જાપાનમાં એક જાતનું ફૂલ થાય છે; તેને જે જુએ અને ખબર આપે એ વ્યક્તિને ઈનામ મળતું. બધા લોકો તે દિવસે મેળામાં જતા હોય એમ તે ફૂલના દર્શન કરવા જતા. ઑફિસો બંધ, નિશાળો બંધ, બધા જ ફૂલ જોવા, પ્રકૃતિનાં દર્શન કરવા જતા. એમની કલાકૃતિઓ પણ આ રીતે પ્રકૃતિનાં દર્શનથી ભરેલી હોય છે. જાપાનમાં કોઈ પક્ષી ઉપર કે કૂતરા ઉપર કોઈને પથરો મારતો તમે કદી નહિ જુઓ. માથા ઉપર વજન લઈને જતો હમાલ જો રસ્તામાં ફૂલ હશે તો તે કચરશે નહિ જરા દૂરને રસ્તેથી જશે એટલું જ નહિં પણ વજન નીચે મૂકીને ફૂલોને બાજુએં મૂકીને પછી આગળ જશે. આને તમે મૂર્તિ પૂજા કહી શકો છો. પણ મૂર્તિ પૂજા તો વિચારની, આદર્શની પણ ક્યાં નથી હોતી?

સંસ્કૃતિનું અંદરનું રહસ્ય કેવળ ધ્યાન દ્વારા નહિ પણ સૌન્દર્ય દ્વારા, સાધના દ્વારા મળે છે.

જીવનની આખર સુધી નવીનતાનો ભાવ (Sense of Wonder) રાખવાની જરૂર છે.

ગુરુદેવને એમનાં ૮૦ વર્ષ પૂરાં થતાં એક ભાઈ મળવા આવ્યા અને બોલ્યા : " ટાગોર, તમે એંસી વર્ષના વૃદ્ધ થયા." (Tagor, you are eighty years old) પણ ગુરુદેવે કહ્યું, "મને 'વૃદ્ધ' ન કહો. એંસી વર્ષનો 'જુવાન' કહો." (Do not say 'old,' but say 'eighty years young') માંદગીને બિછાને હતા ખૂબ પીડિત હતા તો પણ વિદ્યાર્થીઓના રસોડામાં બનાવેલા એક શાક વિષેની એક બહેનની વાતમાં તેમણે જે રીતે રસ લીધો તે આશ્ચર્યમુગ્ધ કરે છે. આવો રસ મનુષ્યને આનંદ તરફ લઈ જાય છે. આ દૃષ્ટિએ બધી કલાઓનું સ્થાન છે.

ગુરુદેવે શરૂઆતથી જ કલાઓને સ્થાન આપ્યું છે. ગુરુદેવે જ્યારે શાંતિનિકેતનની સ્થાપના કરી ત્યારે શિક્ષણ સંસ્થાઓમાં ત્રણ આર (Three R's)નું ચલણ મુખ્યપણે હતું (Reading, writing (A) Rithmatic) માર મારીને પણ આ બધું શીખવવામાં આવતું. એક વાર અંગ્રેજીમાં તો કહેવત પ્રચલિત હતી કે, 'બાળકને, સ્ત્રીને અને અખરોટના ઝાડને જેટલું વધારે ફટકારીએ તેટલું વધારે સારું થાય.' જો કે ત્યાં પણ ગુરુદેવની માફક સૌંદર્ય દૃષ્ટિ અને કલાની રુચિ સાથે શિક્ષણક્ષેત્રમાં કામ કરનારા કોઈ કોઈ હતા તો ખરા. પણ મુખ્યપણે તો રૂઢિ પ્રમાણે જ કામ ચાલ્યા કરતું.

હાથ, બુદ્ધિ અને હૃદયના ઐક્ય (Harmy of hand, head and heart) દ્વારા જ વિદ્યાર્થીને શિક્ષણ પૂરા સ્વરૂપમાં આપી શકાશે. માત્ર ઉદ્યોગમાં જ નિષ્ણાત થાય કે માત્ર માનસિક શક્તિઓ વિકસે તે પૂરતું નથી. ત્રણે ચીજો સાથે સાથે થવી જોઈએ. શિક્ષણના ક્ષેત્રમાં આ જ અગત્યનું છે.

આપણામાં એક ખામી એ પણ છે કે, સાથે મળીને રહેવાનું અને કામ કરવાનું આપણે શીખતા નથી. આપણા વિષે પરદેશી માણસનો એક અભિપ્રાય જાણવા જેવો છે:

"Indians should cultivate team spirit. They should learn to laugh a little more" (હિંદીઓએ સહકારમાં રહેતાં શીખવું જોઈએ અને વધારે આનંદી રહેતાં જાણવું જોઈએ.) આપણે ત્યાં ઘણી સંસ્થાઓ છે. દરેક સંસ્થા પોતપોતાની રીતે પ્રયોગ કરી રહી છે, તે સારું છે. લોકોને ગુજરાન માટે ભલે ઉદ્યોગ શીખવવામાં આવે, પણ સાથે સાથે કેવી રીતે જીવન જીવવું તે શીખવવું પણ જરૂરી છે.

કુશળ શબ્દની ઉત્પત્તિ 'કુશ'માંથી થઈ છે. પહેલાંના જમાનામાં દાભ (કુશ)ની સળીનાં આસન બનાવતા. વિદ્યાર્થીઓ ગુરુને ઘેર ભણવા જાય, ત્યારે તે આસન બનાવવા માટે કુશ લાવતા. તે જરા અણીદાર હોય છે. તેમાં જો જરા પણ બેદરકાર રહે, તો આંગળી કાપે. એટલે આંગળી કાપે નહીં અને જોઇએ તેટલો દર્ભ-કુશ લઈ આવે તે કુશળ-કુશ લાવનારો ગણાતો.

ગૂંગણા અવાજે મનોહરજી સાથે વાતો કરવા માંડી. મનોહરજીના મુખ પર તિરસ્કારની એકેય રેખા અંકાઈ નહિ તેમ જ અંતરમાં પણ ઘૃણાસ્પદ વિચાર ન જાગ્યો. તે ખૂબ જ સહજ ભાવે તેની સાથે વાતો કરવા ઊભા રહ્યા. તેની પાસે ઊભા રહેવાથી અને તેની બે-ચાર વાતો સાંભળવાથી તેના અંતરને સમાધાન મળતું હોય તો શા માટે એમ ન કરવું જોઈએ? આવો વિચાર કરી મનોહરજી તેની સાથે વાતો કરતા ઊભા રહ્યા. તે યુરોપિયન આનંદ પામ્યો અને લાંબા વખત સુધી સમાધાનકારક વાતો કર્યા પછી આંગળાં ખરી પડેલો પોતાનો હાથ આગળ કરીને તે બોલ્યો: "After many long years I am shaking hands with a brother" (કેટલાંયે વર્ષો પછી આજે હું એક ભાઈ સાથે હસ્તધૂનન કરું છું.) મનોહરજીના આત્મૌપમ્યની, સર્વભૂતોમાં ભગવાનને જોવાની વૃત્તિની આ બીજી અને વધારે કપરી કસોટી આ હતી. મનોહરજીએ હાથ આગળ કર્યો. પેલા ઠૂંઠા હાથ સાથે હાથ મિલાવ્યો. આત્મિક સમાધાનની એક રેખા તે મહારોગીના અને મનોહરજીના પણ મુખ ઉપર ઝળકી ઊઠી.

મહારોગની ખરી ભીષણતા મહારોગીના હાથપગ સડી જાય છે, મુખ કદરૂપ બની જાય છે એમાં રહેલી નથી, પરંતુ મહારોગની ખરી ભીષણતા મહારોગીને શરીર હોવા છતાંયે જે સામાજિક મૃત્યુ (Social death) સહન કરવું પડે છે તેમાં રહેલી છે. મહારોગથી માત્ર શરીર અપંગ બની બેહાલ દશા થતી હોત તો પ્રશ્ન ન હતો. મહારોગીને જે અસીમ માનસિક વેદના સોસવી પડે છે, તેમાંથી તેનો છૂટકારો કરવો એ જ ખરો મહારોગી-સેવાનો પ્રશ્ન છે. મહારોગી-સેવાનો પ્રશ્ન એ રીતે માનવતાનો પ્રશ્ન છે. મહારોગી-સેવાનું આ સ્વરૂપ મનોહરજીના ધ્યાનમાં આવ્યું. તેમણે મહારોગીઓનો અને સમાજનો બારિકાઈથી અભ્યાસ કરવા માંડ્યો. સમાજને મહારોગના સંસર્ગથી બચાવવો હોય તો સમાજને મહારોગ સંબંધી જ્ઞાન આપવું જરૂરી છે અને મહારોગીનું માનસિક મૃત્યુ થવા દેવું ઉચિત નથી, એમ બે પ્રકારની મહારોગી-સેવા થવી જોઈએ. મહારોગીઓ પ્રત્યે સમાજ જે અમાનુષ વર્તન બતાવે છે, તેથી જેને મહારોગ થયો હોય તે માણસ પોતાનો એ રોગ છુપાવવા મથે છે. સમાજ એ કારણે તેની સાથે સંસર્ગમાં આવે છે અને મહારોગનો ફેલાવો થાય છે. આ સ્થિતિમાંથી બચવું હોય તો મહારોગ સંબંધી સમાજમાં જે સાર્વત્રિક અજ્ઞાન છે તે દૂર કરવું જોઈએ. લોકોએ મહારોગીઓનો તિરસ્કાર ન કરવો જોઈએ, એમ તેઓને શીખવવું જોઈએ. અને સાથે સાથે મહારોગીઓની માવજત પણ કરતા રહેવું જોઈએ. આ દૃષ્ટિએ મનોહરજીના પ્રયત્નો શરૂ થયા. તેમણે મિશનરીઓ સાથે દોસ્તી કરી. મિશનરી કઈ રીતે કામ કરે છે તે તેમણે જોયું અને મહારોગી ભાઈઓની સારવાર કરવા માટે વર્ધા ગામમાં એક કેન્દ્ર શરૂ કર્યું. ત્યાં તે પોતે જઈને માવજત કરતા. પરંતુ આટલાથી મહારોગીઓના પ્રશ્નનો થોડો પણ નિકાલ લાવી શકાય એમ નથી, એ જોઈને તેમણે ૧૯૩૬માં વર્ધા શહેર પાસે દત્તપૂર નામે સ્થળે પહેલી મહારોગી વસાહત શરૂ કરી. ૧૯૩૬ની સાલમાં શ્રી રાજેન્દ્રબાબુએ એ વસાહતનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મનોહરજી દિવાણ એ આદ્ય ભારતીય મહારોગી સેવક છે. એ પહેલાં કેવળ મિશનરીઓ જ આ કામ કરતા હતા.

સૂક્તિસુધા

એક વેપારી હતો. તે દરરોજ એક મહાત્માનો સત્સંગ કરતો અને તેમની સેવા કરતો, તેથી મહાત્માએ પ્રસન્ન થઈને તેને એક પારસમણિ આપ્યો અને કહ્યું: "આ પારસમણિના સ્પર્શથી લોઢું હશે તે સોનું થઇ જશે. પણ સાત દિવસ પછી એ તારે મને પાછો સોંપવો પડશે; એમાં ઘડીનો પણ વિલંબ ચાલશે નહિ." વેપારીએ એ શરત કબૂલ કરી એટલે મહાત્માએ તેને પેલો મણિ આપ્યો. વેપારી તો ખુશ ખુશ થઈ ગયો. ઘેર જઈને તેણે તે મણિ સાચવીને રાખી મૂક્યો. સાત દિવસમાં તો હું કેટલાય લોઢાનું સોનું બનાવી દઈશ અને પછી તો બેડો પાર. એક સુંદર મહેલ બંધાવીશ, નોકર-ચાકરો રાખીશ, ગાડી ઘોડા અને મોટરમાં ફરીશ, સારું સારું ખાઇપીને લહેર કરીશ, ધમધોકાર વેપાર ચલાવીશ અને યથાશક્તિ ધર્માદા પણ કરીશ. ક્યાંથી લોઢું ખરીદવું તેને માટે કોને મોકલવા ક્યા મોકલવા તથા ક્યારે મોકલવા એ સંબંધી યોજનાઓ ઘડવામાં તેનો કેટલોય વખત વીતી ગયો. મહાત્માને પણ તે ભૂલી ગયો. હજી ઘણોય વખત છે. એટલામાં તો હું કંઈ કંઈ કરી નાખીશ એમ વિચાર કરતો ભવિષ્યમાં થનાર લાભથી ફુલાઇ જઈને તે એશઆરામમાં પડી ગયો. એમ કરતાં ચારેક દિવસ વીતી ગયા એટલે બહુ જ ગભરાઈ ગયો. પછી લોઢું ખરીદવા તેણે દોડધામ કરી મૂકી. કોઈને આમ મોકલ્યા. કોઈને તેમ મોકલ્યા અને તે પોતે પણ બહારગામ ઊપડ્યો. તે ખરીદી કરીને આવ્યો એટલામાં તો મુદત પૂરી થઈ ગઈ અને મહાત્મા આવીને ઊભા રહ્યા. પછી વગર વિલંબે તેને પારસમણિ આપી દેવો પડ્યો. તેથી તેના પસ્તાવાનો પાર રહ્યો નહિ અને તેના મનના મનોરથ મનમાં જ રહી ગયા.

મનુષ્ય–દેહ એક પારસમણિ છે. તે કેટલાંય શુભ કર્મને પરિણામે ઇશ્વરની કૃપાથી આપણને મળ્યો છે તે અમુક મુદત સુધી જ રહેવાનો છે. એની અવધિ આવી રહેશે એટલે યમના દૂતો આવીને ઊભા રહેશે અને ક્ષણના પણ વિલંબ વગર તે લઈ જવાના છે. તે વખતે આપણું કંઇ પણ ચાલવાનું નથી. માટે આ દેહ છે ત્યાં સુધીમાં કંઈ ને કંઈ સાધન કરી લેવું; નહિ તો પાછળથી પસ્તાવું પડશે. મનુષ્ય જાણે છે કે આ દેહ અમૂલ્ય છે અને દેવોને પણ દુર્લભ છે. વળી તે ફરીફરીને મળવાનો પણ નથી છતાં તે તેનો સદુપયોગ કરી લેતો નથી. મોજશોખ માણવામાં અને વિષયસુખ ભોગવવામાં તેનો બધોય વખત વીતી જાય છે અને અંત સુધી ઈશ્વરનું ભજન થતું નથી આથી જ્યારે એકાએક યમનું તેડું આવે છે ત્યારે તેને ખૂબ પસ્તાવો થાય છે.

પણ આ બધું તો રાંડ્યા પછીના ડહાપણ જેવું છે. જ્યાં સુધી આ દેહમાં પ્રાણ હતા ત્યાં સુધી તો સંસાર વ્યવહારમાં રચ્યોપચ્યો રહ્યો અને કંઇ ઇશ્વરભજન કર્યું નહિ. "હજી ઘણો વખત છે, ઘડપણમાં ઈશ્વરને સંભારીશું અને આ દેહનું સાર્થક કરી લઈશું," એવા વિચારમાં ને વિચારમાં આયુષ્ય પૂરું થઈ જાય છે અને ઇશ્વરનું ભજન, કીર્તન, સ્મરણ વગેરે કંઈ જ થતું નથી. આવી રીતે આ ઉત્તમ મનુષ્ય-દેહ એળે જાય છે તેથી છેવટે પસ્તાવાનો પાર રહેતો નથી. આ દેહ ક્ષણભંગુર છે, તે ક્યારે નાશ પામશે તે આપણે જાણતા નથી માટે પહેલેથી જ તેનો સદુપયોગ કરી લેવો કે જેથી પાછળથી પસ્તાવું પડે નહિ. જે મનુષ્ય જીવનનો સુવર્ણ સમય યુવાની-એશઆરામમાં ગુમાવી દે છે અને પાપ કરતાં પાછું વાળીને જોતો નથી. તેને અંત સમયે પસ્તાવું પડે છે. એ વખતે પુણ્યદાન અને ઈશ્વરભજન કરવા ગમે તેટલી દોડધામ કરવામાં આવે તો પણ વ્યર્થ જાય છે. માટે આ મોંઘેરો મનુષ્ય-દેહ મળ્યો છે તેનો પહેલેથી જ સદુપયોગ કરી જન્મમરણના ફેરામાંથી છૂટી જવા દરેક મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ.

ગુરુદેવની ગીતાંજલિ: [અનુ૦ પૃ૦ ૨૩૦થી ચાલુ] ખૂબ આનંદ પામ્યા અને બોલ્યા: "રવિ, હું, તને ઉપનિષદના કેટલાક શ્લોકો સમજાવીશ. એ પરથી તું કવિતા રચજે. પછી એ કવિતા રવિવારે બ્રહ્મોસમાજમાં ગાજે." ગુરુદેવ તો હોંશે હોંશે કવિતા રચે અને સૌની વચ્ચે રવિવારે ગાઇ સંભળાવે. બધા એનાં ખૂબ વખાણ કરે તેથી ગુરુદેવને આનંદ થતો. પણ ધીમે ધીમે એમનો આનંદ ઓસરતો ગયો. તેઓ તેર વર્ષના થયા ત્યારે એક વાર એકાંતમાં બેઠા હતા, એવામાં તેમને અંતરમાંથી અવાજ સંભળાયો: "રવિ, તું બધા માટે કવિતા રચે છે, પણ મને ક્યારે તારું ગીત સંભળાવશે?" ગુરુદેવે એ પ્રભુનો અવાજ ઓળખ્યો અને ત્યારથી એમણે નિર્ણય કર્યો કે અંદરની પ્રેરણા સિવાય કદી સર્જન કરવું નહિ. તેથી જ ગુરુદેવના જીવનમાં આપણે જોઈએ છીએ કે કેટલોક સમય એવો આવે છે જ્યારે ગુરુદેવ થોકબંધ કાવ્યો લખતાં હોય અને વચ્ચે વચ્ચે એવા ગાળા આવી જતા જ્યારે એકાદ પણ કાવ્ય ગુરુદેવ લખતા ન હોય.

આવું જ ભક્તોના જીવનમાં પણ બને છે તેઓ નિજત્વને, અહમને ભૂલી જઈને પ્રભુના આદેશને ઝીલવા સદા તત્પર રહે છે અને પ્રભુ પણ એમને પ્રેરણા આપી એમના દ્વારા જીવન-સંગીતને વહેતું મૂકે છે.

બૌદ્ધધર્મની કથાઓ

(૩)

પદ્મનાભ શ્રી. જૈની

વૈશાલી નગરી પાસે કલન્દગ્રામમાં સુદિન્ન નામનો શ્રેષ્ઠીપુત્ર રહેતો હતો. તે વખતે ભગવાન બુદ્ધ વૈશાલીમાં મહાન પરિષદમાં ભિક્ષુઓને ધર્મોપદેશ આપતા હતા. સુદિન્ન એક દિવસ ભગવાનનો ધર્મોપદેશ સાંભળીને પ્રભાવિત થયો અને જ્યારે પરિષદ વિખેરાઇ ત્યારે તે ભગવાન પાસે આવી નમન કરી બોલ્યો, "ભન્તે! જેમ જેમ હું ધર્મોપદેશ સાંભળતો જાઉં છું, તેમ તેમ મને લાગે છે કે ઘરમાં રહીને પરિપૂર્ણ અને અત્યંત પરિશુદ્ધ બ્રહ્મચર્યવાસ અસંભવિત છે. મારી ઇચ્છા છે કે, હું પણ ઘરથી છૂટો થઈ, કાષાયવસ્ત્ર પહેરી ભિક્ષુસંઘમાં જોડાઈ જાઉં. ભગવાન, આપ કરુણામય છો. તો કૃપા કરીને મારી પ્રવ્રજ્યાનો સ્વીકાર કરજો." "પણ સુદિન્ન, તેં માતપિતા પાસેથી અનુજ્ઞા લીધી છે?"

"ના ભન્તે!"

"માતાપિતાથી અનુજ્ઞાત વ્યક્તિઓની પ્રવ્રજ્યા તથાગત સ્વીકારતા નથી."

"ત્યારે ભગવન્! હું એમ કરીશ જેથી મારાં માતાપિતા મને પ્રવ્રજ્યા લેવા માટે અનુમતિ આપશે."

એમ કહી સુદિન્ન માતાપિતા પાસે આવ્યો અને બોલ્યો: "અમ્મ! તાત! જેમ જેમ હું ભગવાનના ધર્મનું શ્રવણ કરું છું, તેમ તેમ મને લાગે છે કે, ઘરમાં રહી પરિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન ન થાય. આપ કૃપા કરી મને પ્રવ્રજ્યા લેવા અનુજ્ઞા આપો.

એ સાંભળીને માતપિતા બોલ્યાં: "તાત સુદિન્ન! તું અમારો એકનો એક પુત્ર છે; અમને સૌથી પ્રિય, અમારા રખનું એક જ સ્થાન, અમારો એક જ આધાર છે. વત્સ સુદિન્ન! તું દુઃખને જાણતો નથી, તારા વિના અમે જીવી ન શકીએ. તો પછી શું અમે જીવતાં જીવત તને પ્રવ્રજ્યા લેવા અનુમતિ આપીએ?"

સુદિન્ને માતાપિતાને ખૂબ સમજાવ્યા, પણ તેનું કશું ચાલ્યું નહિ. એટલે તેણે ઘરને આંગણે બેસીને ઉપવાસ આદર્યા. તેણે નિશ્ચય કર્યો હતો: "કાં તો મારી પ્રવ્રજ્યાનો સ્વીકાર થાય, કાં તો આ જગ્યાએ જ મારું મરણ થાય!"

એક, બે એમ કરતાં સાત દિવસ પસાર થઈ ગયા. એનાં માતાપિતાએ ખૂબ આગ્રહ કર્યો: "તાત સુદિન્ન! તું અમારો એકનો એક પુત્ર છે, ઊઠ, ભોજન કર. આ નોકરો છે તેની સેવા લે, અમારી સેવા કર. ભોગ ભોગવીને પણ પુણ્ય કરી શકાય છે. પુણ્ય વગેરે કરીને આપણે સૌ ધર્મસાધના કરીશું. પણ પ્રવ્રજ્યા માટે તું હઠ ન કર." પરન્તુ સુદિન્ન અડગ રહ્યો. તેના મિત્રોએ તેને ખૂબ સમજાવ્યો. પણ તે અચળ રહ્યો. ત્યારે તેના મિત્રોએ તેનાં માબાપને કહ્યું: "અમ્મ! તાત! આ સુદિન્ન ઉપવાસ પર ઊતર્યો છે. જો તમે હવે એને અનુમતિ ન આપશો, તો અહીં જ એનું મરણ નીપજશે. તે ગૃહત્યાગ કરે તેથી તમને દુઃખ થાય એ વાત સાચી છે, પણ એમ કરતાં તે જીવશે તો ખરો ને! જીવતો રહેશે તો એનું મોં જોવા તો મળશે. માટે એને અનુમતિ આપો." છેવટે માતપિતાએ ખૂબ જ દુઃખી હૃદયે સુદિન્નને અનુમતિ આપી. એટલે સુદિન્ન કાષય વસ્ત્ર ધારણ કરી ભિક્ષુનો વેશ લઈ ભગવાન પાસે ગયો અને એમને શરણે ગયો. સુદિન્નની સાધના વધતી ગઈ અને ઉજ્જવળ બની. એની તપસ્યા કઠોર હતી; એનું ચારિત્ર્ય નિષ્કલંક હતું. ક્રમે ક્રમે વિહાર કરતો સુદિન્ન વજ્જીગ્રામમાં આવીને રહ્યો.

તે વખતે વજ્જીગ્રામમાં મોટો દુકાળ પડ્યો. ઘણા દિવસ ત્યાં રહ્યા પછી સુદિન્ન પાછો વૈશાલી આવ્યો. એક દિવસ સુદિન્નના પૂર્વાશ્રમની વૃદ્ધ દાસી વાસી અન્ન ફેંકી દેવા બહાર આવી હતી. ભિક્ષુ સુદિન્નને તેને કહ્યું, "ભગિનિ! જો એ અન્ન ફેંકી દેવાનું હોય તો મારા પાત્રમાં નાંખજો. એ મારું ભિક્ષાન્ન થશે." દાસીએ એના ભિક્ષાપાત્રમાં અન્ન નાંખ્યું, ત્યારે તેની નજર તેના મુખ પર પડી. તેણે સુદિન્નને તરત જ ઓળખ્યો. એટલે તેણે એ વાત સુદિન્નની માને કહી. તે જ વખતે તેના પિતા પણ બહારથી આવતો હતો. સુદિન્નને માર્ગના એક ખૂણામાં બેસીને અન્ન ખાતો જોઈને તેને ખૂબ દુઃખ થયું. તેણે સુદિન્નને ઘેર આવીને જમવાનો આગ્રહ કર્યો. એટલે ભિક્ષુ સુદિન્ને કહ્યું, "ગૃહપતિ, મેં જમી લીધું છે. હું હવે જઈશ." તેના પિતાએ કહ્યું, "ત્યારે મારું આવતી કાલનું આમંત્રણ સ્વીકારો." ભિક્ષુ સુદિન્ને મૌનથી સમ્મતિ આપી અને તે વિહારમાં પાછો ફર્યો.

બીજે દિવસે સુદિન્નનાં માતપિતાએ ઘરની બધી સંપત્તિ એક સ્થળે ભેગી કરી અને ચાદરથી ઢાંકી દીધી. જ્યારે ભિક્ષુ સુદિન્ન ભિક્ષા માટે આવ્યો, ત્યારે તેને એ અખૂટ સંપત્તિ બતાવીને પિતાએ કહ્યું, "તાત સુદિન્ન! આ તારી પૈતૃક સંપત્તિ, આ માતા તરફથી, આટલું પત્ની તરફથી-એ બધું તારું જ છે. હીનપણે વર્તન કર્યા વગર પણ ભોગ ભોગવી શકાય છે અને પુણ્ય કરી શકાય છે." પણ સુદિન્ન સ્તબ્ધ રહ્યો. બે ત્રણ વાર જ્યારે તેનાં માતપિતાએ આગ્રહ કર્યો, ત્યારે તે બોલ્યો: "ગૃહપતિ! જો તમને ખોટું ન લાગે તો હું એક વાત કહું? મોટા થેલાઓમાં આ ધનને ભરીને ગાડીમાં લઈ જઈ ગંગા નદીના સ્રોતમાં એને પધરાવી દો. ગંગાનાં પાત્રથી યોગ્ય બીજું પાત્ર કયું હોય? કારણ કે, આ ધનને લીધે હે ગૃહપતિ! તમને જે દુઃખ, જે ચિંતા, જે વ્યસન અને જે ભય થાય છે તે ફરીથી થશે નહિ!"

એ સાંભળી સુદિન્નનાં માતપિતાને ખૂબ દુઃખ થયું: અમારો પ્રિય પુત્ર આવું શી રીતે બોલી શકે? તેથી સુદિન્નના પિતાએ સુદિન્નની પત્નીને કહ્યું, "વધૂ, તું યાચના

કરી જો. બનવા જોગ છે ને તારા વચનથી એનામાં દયા ઊપજે.” ત્યારે સુદિન્નની બાળપત્નીએ એનાં ચરણ પકડીને આજીજી કરી: “આર્યપુત્ર! એ અપ્સરા કેવી હોય છે કે જેને માટે આપ મારો ત્યાગ કરીને કઠોર બ્રહ્મચર્યની સાધના કરો છો?”

“ભગિનિ! હું અપ્સરાઓ માટે બ્રહ્મચર્યની સાધના કરતો નથી!”

‘ભગિનિ’ એ સંબોધન સાંભળીને સુદિન્નની પત્ની મૂર્છિત થઈ ગઈ. એ બધું જોઈને સુદિન્ન બહુ જ ખિન્ન થયો. તેણે કહ્યું, “ગૃહપતિ! તમારે ભિક્ષા આપવી હોય તો આપો.”

સુદિન્નના પિતાએ તેને જમાડી તેનો સત્કાર કર્યો. ભોજનના અંતે સુદિન્નની માતાએ ગદ્‌ગદ સ્વરથી પુત્રની અભ્યર્થના કરી: ‘તાત સુદિન્ન! આટલો કુળવાન, શ્રીમાન, ખાનદાન અને કીર્તિવૈભવવાળો તું અમારો એકનો એક પુત્ર છે. તારા જવાથી અમે નિર્વંશ થઈશું. આ કુલપરંપરા નાશ પામશે. આ બધું ધન અમારા પછી રાજાઓ હરણ કરી જશે. તાત સુદિન્ન! તું અમને એક ધર્મપુત્ર આપ! એક સંતતિ આપ. આ તારું માતપિતા પ્રત્યે કર્તવ્ય છે.” માતાનાં આ દીન વચન સાંભળીને ભિક્ષુ સુદિન્નનું મન વિચલિત થયું. તેણે એ વાત સ્વીકારી!

એ રીતે ભિક્ષુ સુદિન્નનું પતન થયું. એનો આત્મા હણાઇ ગયો. એણે મૂગું રુદન કર્યું! ભૂમિ પરની સર્વ દેવતાઓએ બૂમ પાડી– ‘ભિક્ષુસંઘ આજ સુધી નિષ્કલંક હતો, નિર્દોષ હતો, પવિત્ર હતો. સુદિન્ન ભિક્ષુએ આજે એને કલંક લગાડયું, સંઘની હત્યા કરી, ધર્મની હત્યા કરી, પોતાની હત્યા કરી!” એનો પ્રતિધ્વની આકાશના ખૂણેખૂણેથી થવા લાગ્યો. વૃક્ષની દેવતાઓએ, આકાશની દેવતાઓએ, અનંત તારકાઓએ, દસ દિક્પાલોએ, તુષિત સ્વર્ગના દેવોએ, ઇન્દ્રલોકના દેવોએ, બ્રહ્મલોકના દેવોએ, પાતાળના નાગોએ, સમુદ્રની દેવતાઓએ, પર્વતના યક્ષોએ એક જ આર્ત અવાજથી રોદન કર્યું: “ભગવાનના પુણ્યસ્વરૂપ, નિષ્કલંક, નિર્દોષ, પવિત્ર સંઘનો, ધર્મનો, વિનયનો સુદિન્ને નાશ કર્યો!”

આયુષ્યમાન સુદિન્નના આત્મા પર અંધકારના પડળ ફરી વળ્યાં. એને પશ્ચાત્તાપ થયો. એને પોતાના ઉપર ભયંકર જુગુપ્સા થઈ આવી: “અરેરે! મને લાભ નથી થયો, અલાભ થયો! મારો વિનાશ થયો, સંરક્ષણ નથી થયું! આ સુઆખ્યાત ધર્મવિનયમાં પ્રવ્રજ્યા લઇને આજીવન પરિપૂર્ણ, શંખ સમાન ધવલ અને વિશુદ્ધ બ્રહ્મચર્યનું મારાથી પાલન થયું નહીં!”

પશ્ચાત્તાપથી, સ્વનિંદાથી સુદિન્ન કૃશ થયો, રૂક્ષ થયો; એનો આત્મા વિહ્વળ થયો; એનું તેજ નષ્ટ થયું; દુર્મન, દુર્મુખ અને દુઃખી સુદિન્ન ચિંતામાં બળવા લાગ્યો! આ જોઇને એના સહવાસી બીજા ભિક્ષુએ તેનું કારણ પૂછ્યું. પશ્ચાત્તાપથી દગ્ધ સુદિન્ને સાચી વાત કહી દીધી અને છેવટે ભગવાનનાં ચરણ પાસે જઈને નમી પડ્યો!

ભગવાન બુદ્ધ બોલ્યા: “સુદિન્ન! શું આ વાત સાચી છે કે, તેં તારી પૂર્વાશ્રમની પત્ની સાથે સહવાસ કર્યો?”

“સત્ય છે ભન્તે!” સુદિન્ને ખિન્ન અવાજે જવાબ આપ્યો.

થોડી વાર ભગવાન શાંત રહ્યા અને પછી બોલ્યા: “રે, તેં આ શું કર્યું? એ

શ્રમણધર્મને શોભા આપનારું નથી. આવા વિશુદ્ધ ધર્મવિનયમાં પ્રવ્રજ્યા લઈને તું પતિત થયો ? અરે, મેં અનેક પ્રકારે ધર્મોપદેશ કર્યો તે વિરાગ થવા માટે, નહીં કે સરાગ થવા માટે; વિસંયોગ માટે, નહી કે સંયોગ થવા માટે; નિર્મોહી થવા માટે નહીં કે મોહી થવા માટે; નિર્વિષયી થવા માટે, નહીં કે ભોગોલોલુપ થવા માટે. આમ છતાં હું વિરાગ માટે ધર્મોપદેશ આપું છું છતાં તું સરાગી થયો, મોહિત થયો, ભોગોલોલુપ થયો, કામાસક્ત થયો, અસંયમી થયો! રાગવિરાગ માટે, દ્વેષવિરાગ માટે, મદનો નિર્મંદ કરવા માટે, તૃષ્ણાનો ઉચ્છેદ કરવા, સંસારનો છેદ કરવા, વાસનાનો વિરોધ કરવા, નિર્વાણ માટે, આત્મરક્ષણ માટે હું ઉપદેશ આપું છું. તેમ છતાં અરે, તું પતિત થયો! ભિક્ષુઓ, અપ્રસન્નોને પ્રસન્ન કરવાનો, અશ્રદ્ધાળુમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવાનો, પ્રસન્નોની પ્રસન્નતા સુધારવાનો, શ્રદ્ધાવંતોની શ્રદ્ધા વધારવાનો આ માર્ગ નથી. સંયમથી, વિવેકથી, શ્રદ્ધાથી, નિશ્ચયથી, સંકલ્પથી, અપ્રમાદથી પોતાનું રક્ષણ કરો, વિનયનું રક્ષણ કરો, ધર્મનું રક્ષણ કરો!"

"અપ્પમાદો અમતપદં । પમાદો મચ્ચુનો પદં ॥"

(અપ્રમાદ અમૃતનો માર્ગ છે; પ્રમાદ મૃત્યુનો માર્ગ છે.)

બાપુની અનોખી વાતો: [અનુ૦ ૨૨૬થી ચાલુ] પોતાના પત્રમાં જે લખ્યું હતું, તેનો સારાંશ આ મુજબ હતો :–

"આપનો પત્ર મળ્યો. વસ્ત્રની ભેટ પણ મળી. મહારાષ્ટ્રમાં ત્યાંના કેટલાક મિત્રો દ્વારા જે વિરોધી પ્રચાર થઈ રહ્યો છે, તે મારા ધ્યાનની બહાર નથી. પણ હું શું કરું ? જે રીતે મહારાષ્ટ્રના કેટલાક મિત્રો મારી ઘોરમાં ઘોર નિંદા કરવામાં રસ લઈ રહ્યા છે, તે જ રીતે આ દેશમાં કેટલાક મિત્રો એવા પણ છે જેઓ મારી ઘણી વધારે પડતી પ્રશંસા કરે છે. નિંદા કરનારાઓની નિંદાથી હું શા માટે અકળાઈ જાઉં, પ્રશંસા કરનારાઓની પ્રશંસાથી હું શા માટે ફુલાઈ જાઉં ? હું તો એમ માનું છું કે, નિંદાથી હું હલકો થતો નથી અને પ્રશંસાથી મોટો થતો નથી. જેવો હું છું, તેવો જ છું. ન રજભર નાનો કે ન રજભર મોટો. આપણા સરજનહારની સામે માણસ સાચો રહે, તો પછી તેને કોઇ જાતની ક્યાંય પણ હરકત નથી."

બાપુના આ પત્રમાં માનવ–સમાજના સેવકો માટે અનન્ત પ્રેરણા ભરેલી છે. માનવ-જીવનની એક ઊંચામાં ઊંચી ભૂમિકાનું દર્શન આપણને એમાં થાય છે. બાપુની મોટાઈ અહીં તેના ખરા સ્વરૂપમાં પ્રગટ થઈ છે. બાપુ પોતાનાં જીવનમાં નીલકંઠ બનીને વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના જીવનમાંથી નીકળતા હળાહળ ઝેરને પી જવામાં અને પચાવવામાં શી રીતે અને કયા કારણે સફળ થયા, તેનો સાચો ઉકેલ આપણને બાપુના આ પત્રમાંથી મળી રહે છે. બાપુના જીવનનું આ અનોખાપણું એ એમની પોતાની જ એક વિભૂતિ હતી.

કર્મનું ફળ

એક શેઠ હતા, કરોડાધિપતિ, તો પણ તેની તૃષ્ણા મટતી ન હતી. તેનો પૈસો દીનદુઃખીની સેવામાં કે પરોપકારમાં જરા પણ ન વપરાતો. તેની પેઢીનો જે મુખ્ય મુનીમ હતો તે ઘણો વિદ્વાન માણસ હતો. શેઠ તેની સલાહ લઈને જ કાર્ય કરતા. મુનીમને વિચાર થયો કે, શેઠની અવસ્થા થવા આવી છે, તેમનો પૈસો ધર્મકામમાં નથી વપરાતો. શેઠ જો પોતાને હાથે કંઈ પણ નહિ કરી જાય તો આ કમાણી ધૂળધાણી થઈ જશે.

એક દિવસ મુનીમે શેઠને પ્રસન્ન વદને બેઠેલા જોઈ કહ્યું, "શેઠજી, તમારે ધન છે, પુત્ર પુત્રીઓ છે, આલીશાન મકાન છે, આ બધું હોવા છતાં ઘણા શેઠિયા જે કીર્તિને પામ્યા છે તેવી કીર્તિ તમારી નથી, તમારી એવી કીર્તિ થાય એમ હું ઇચ્છું છું." શેઠ કીર્તિ માટે તલસતા હતા એટલે તેને મુનીમની વાત ગમી. તેણે પૂછ્યું, "શું કરું તો મારી કીર્તિ વધે?" મુનીમે કહ્યું, "સપ્તાહ કરો, ગામે ગામ કંકોત્રી મોકલાવો, અને ગરીબ તવંગર સૌને સરખા ગણી ભોજન કરાવો" ખર્ચની વા થી શેઠ અકળાઇ ગયા પણ કીર્તિના લોભે તેને મુનીમની વાત મંજૂર રાખી. ગામેગામ કંકોત્રી મોકલાઈ ગઈ. સરસ મજાનો મંડપ રચાયો, બ્રાહ્મણોએ ભાગવતનું સ્થાપન કર્યું મુનીમે આની સાથે એવી ગોઠવણ કરી હતી કે શેઠની છબીઓ છાપામાં આવે, તેના વખાણો છપાય અને એક ધર્મ ધ્વજી તરીકે શેઠ પંકાય. આ બધું જોતાં શેઠનો હર્ષ ક્યાંય નહોતો સમાતો. આ બધું કરવામાં મુનીમની ઈચ્છા એ હતી કે શેઠ ભાગવત સાંભળે, પણ શેઠે તો કહી દીધું, મને સાંભળવા માટે વખત નહિ રહે. મુનીમ ચાલાક હતા તેણે કહ્યું, "શેઠ, ભાગવત ન સાંભળો તો કંઈ નહિ, પણ તમારા જેવા શેઠિયાઓને આમંત્રણ આપ્યું છે તો તેમને આવકારવા માટે અને તેમની સાથે બેસવા માટે તો તમારે ગમે તે ભોગે વખત મેળવવો જોઇએ."

આ વાત તો શેઠને માનવી પડી અને દરરોજ તેનો ઘણો ખરો વખત શેઠિયાઓની સાથે બેસીને ભાગવત સાંભળવામાં ગયો. તેને મને કમને પણ બેસવું પડતું. લગભગ સપ્તાહની પૂર્ણાહુતિને આગલે દિવસે શેઠ, બેઠા બેઠા સાંભળે છે, બ્રાહ્મણ એક રસિક દૃષ્ટાંત દઈ રહ્યા છે. શેઠને તે સાંભળવામાં મજા પડી છે, ત્યાં તો બ્રાહ્મણ ઉપસંહાર કરે છે કે જે કાર્ય સકામ એટલે ફળની આશાથી થાય છે તેને કદાચ લક્ષ્મી મળે પણ એને અંતરની શાંતિ મળતી નથી. પરંતુ જે નિષ્કામ કર્મ કરે છે તેની અંતર શુદ્ધિ થાય છે અને તે ઇશ્વરનો પરમભક્ત બને છે. શેઠને આટલા જ ફટકાની જરૂર હતી, પોતે સકામકર્મ કર્યું અને કીર્તિ માટે મર્યો માટે તેને પસ્તાવો થવા લાગ્યો. અને મુનીમ પાસે બેઠા હતા તેને કહ્યું "તમે મારી પાસે જ આવું સકામકર્મ કેમ કરાવ્યું. નિષ્કામ કેમ નહિ?" ત્યારે મુનીમે ચાલાકીભર્યો જવાબ આપ્યો, "શેઠજી, સકામ કર્મ વગર નિષ્કામ કર્મ તરફ કોઈ ન પ્રેરાય, આ બધું તમે સકામ એટલે કીર્તિના લોભે કર્યું તો તમને આજ ખબર પડી કે, નિષ્કામ કર્મ સકામથી ઉત્તમ છે, નહિ તો તમે તમારા કાર્યમાં જ રચ્યાપચ્યા રહેત. માટે દરેક મનુષ્ય કર્મ કરે, બની શકે તો નિષ્કામ. પણ નિષ્કામ ન બને તો સકામ તો કરે જ. સકામ કર્મ કરતો પણ માણસ કોઈક દિવસ નિષ્કામ-કર્મી બને ખરો!" શેઠનો હૃદયપલટો થયો અને તેઓ નિષ્કામ કર્મી બન્યા. બાકીની જિંદગી તેમણે દીનદુઃખીની સેવામાં ગાળી.

અહંકાર

મુકુલભાઈ

માનવીના વિકાસને રોકનાર જો કોઈ હોય તો તે આપણો અહંકાર છે. અહંકાર આપણા જીવનને રૂંધી નાખે છે. હું જે કરું છું એ જ ખરું છે, હું કહું છું એ જ સાચું છે, હું જે જીવન જીવી રહ્યો છું એ જ ઉત્તમ છે, એનાં કરતાં બીજું કંઈ સારું છે જ નહિ; એવી એવી સંકુચિત ભાવનાઓ આપણા મનમાં અહંકાર જગાડે છે. તેથી આપણામાં કંઈ ખામી હોય તે આપણે જોઈ શકતા નથી તેમ જ બીજામાં કંઈ સારું હોય એની કદર કરી શકતા નથી કે આપણા જીવનમાં એને ઉતારતા નથી.

એક વાર એક જૈન મુનિજીએ એક વાર્તા કહી હતી તે ખરેખર સમજવા જેવી છે. ફૂલના એક પતંગિયાને નરકના કીડા સાથે ભાઇબંધી થઇ. સુગંધી ફૂલો પર બેસનારું, રહેનારું પતંગિયું કીડાને આવા ગંધાતા નરકમાં રહેતો જોઈને ખેદ પામવા લાગ્યું. તે કીડાને કહે, "કીડાભાઈ, તું આવી ગંદકીમાં શા માટે પડી રહ્યો છે? એક વાર મારી સાથે મારા ફૂલ-ઘેર તો આવ! ત્યાંની સુગંધી હવા તું એક વાર ચાખ તો ખરો. પછી તને અહીં નહિ ગમે."

પણ કીડાભાઇ તો દરરોજ કંઈક બહાનું કાઢે. એને મનમાં થાય: "ત્યાં વળી એવું તે શું હશે કે મારી અહીંની તાજગીભરી હવા કરતાં સારું હોય? અહીં રહેવાનો આનંદ એ પતંગિયાને ક્યાંથી ખબર? પતંગિયું નકામું બડાઈ મારે છે. અહીં મને જે સુખ અને આનંદ મળે છે એવું ત્યાં ક્યાંથી હોય?"

પરંતુ પતંગિયું તો દરરોજ તેને પોતાને ઘેર આવવાનું કહે. છેવટ કંટાળીને કીડાભાઇ બોલ્યા: "ઠીક ત્યારે તારો ખૂબ જ આગ્રહ છે, તો ના શી રીતે પડાય? ખરી રીતે મને તો અહીંથી ક્યાંય બીજે જવાનું જરાયે ગમતું નથી. પણ આજે તો આવી શકાય એમ નથી. આવતી કાલે સવારે આવજે. હું તારી સાથે જરૂર આવીશ."

બીજે દિવસે સવારે કીડાભાઈ વિચાર કરવા લાગ્યા: 'મને તો અહીંથી ક્યાંય જવાનું ગમતું નથી. પતંગિયાને ઘેર જઇશ તો હું ભૂખે જ મરી જઇશ. ત્યાંની હવાથી હું ગૂંગળાઈ મરીશ અને મારી તબિયત પણ બગડશે. કંઈ નહિ. એક કામ કરું.' એમ વિચારીને તેણે નરકની બે ગોળી બનાવી અને નાકમાં ખોસી દીધી!

થોડી વાર પછી પતંગિયું આવ્યું અને કીડાને લઈ તે પોતાને ઘેર ગયું. ત્યાં કીડાને તે જાતજાતનાં અને રંગબેરંગી સુગંધી ફૂલો પર ફેરવવા લાગ્યું અને વારે વારે તે પૂછતું જાય, "કેમ ભાઈ, અહીંની હવા તારા કરતાં કેવી છે? અહીં આવીને રહેવાનું મન થાય છે કે? ત્યાં નરકમાં પડી રહેવા કરતાં અહીંથી તું સુખેથી રહેજે. મને પણ ખૂબ ગમશે."

પણ કીડાભાઈ તો માથું ધુણાવીને કહે, "મને તો અહીં કંઇ જ ફરક લાગતો નથી! જેવી હવા મારે ત્યાં છે તેવી અહીં છે. તું જ મારે ત્યાં રહેવા ચાલને!"

પતંગિયું તો બાપડું નવાઇ પામ્યું! તેણે ધારી ધારીને કીડાને તપાસવા માંડ્યો; અને જુએ છે તો કીડાભાઈના નાકમાં નરકની ગોળી!

એવું જ આપણા જીવનનુંયે સમજવું. જ્યાં સુધી આપણામાં અહંકારરૂપી નરક ભરેલું છે, ત્યાં સુધી બીજે બધે સુવાસ હોય એનો આપણને ક્યાંથી ખ્યાલ આવે?

મણકો ૩જો - અહિંસા

સંકલન કર્તા ::: શ્રી ચંદુલાલ બ. પટેલ

સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારુ અહિંસા એ જ એક માર્ગ છે. સત્યનું સંપૂર્ણ દર્શન સંપૂર્ણ અહિંસા વિના અશક્ય છે.

આવા વ્યાપક સત્યનારાયણના દર્શનને સારુ જીવમાત્રની પ્રત્યે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે. આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે.

અશુદ્ધાત્મા પરમાત્માના દર્શન કરવા અસમર્થ છે—એટલે જીવનમાર્ગના બધા ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે.

શુદ્ધ થવું એટલે મનથી, વચનથી ને કાયાથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિ રહિત થવું. પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે. તેને સારુ મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સૌથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ ત્યાં નથી.

અહિંસા એ નમ્રતાની પરાકાષ્ટા છે. અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી.

નમ્રતા એટલે હુંપણાનો આત્યંતિક ક્ષય. આ જગતમાં જીવમાત્ર એક રજકણ કરતાં પણ કંઇ નથી. શરીરરૂપે ક્ષણજીવી છીએ.

કાળના અનંત ચક્રમાં સો વર્ષનું પ્રમાણ કાઢી જ ન શકાય. કંઇ થવું એટલે ઇશ્વરથી—પરમાત્માથી, સત્યથી વિખૂટા થવું. કંઈ ટળી જવું એટલે પરમાત્મામાં ગળી જવું.

સમુદ્રમાં રહેલું બિન્દુ સમુદ્રની મહત્તા ભોગવે છે, પણ તેનું તેને જ્ઞાન નથી.

સમુદ્રથી વેગળું થયું ને પોતાનો દાવો કરવા બેઠું એટલે તે જ ક્ષણે સુકાયું.

આ જીવનને પાણીના પરપોટાની ઉપમા આપી છે એમાં હું મુદ્દલ અતિશયોક્તિ જોતો નથી.

આવી નમ્રતા—શૂન્યતા—અહિંસા—કેળવવાથી કેમ આવી શકે? વ્રતને ખરી રીતે સમજવાથી નમ્રતા પોતાની મેળે આવી જાય છે. આ નમ્રતા એટલે પુરુષરહિતતા ન હોય!

ખરું જોતાં નમ્રતા—અહિંસા—એટલે તીવ્રતમ પુરુષાર્થ છે, એ તો બધો પરમાર્થને કારણે હોય.

અહિંસા તો સમજના કલ્યાણને અર્થે ઇચ્છાપૂર્વક પાળવામાં આવતો ત્યાગ અથવા સંયમ છે. એટલે એ તો અતિશય સક્રિય, શુદ્ધિકારક આત્મબળ છે.

અહિંસાવૃત્તિ કેળવવી એ તો આત્મત્યાગની લાંબી તાલીમનું અને આત્માની ગુપ્ત શક્તિઓના ભાનનું પરિણામ છે. એ વૃત્તિ આવતાંની સાથે જીવન પ્રતિ દૃષ્ટિ જ ફરી જાય છે. એ વૃત્તિથી વસ્તુનું મહત્ત્વ બદલાઈ જાય છે અને કરેલી ગણુતરીઓ ઊંધી વળે છે. અને એક વાર તેનો પ્રયોગ શરૂ થયો કે, તે ઊંડા પ્રમાણમાં હોય તો, તે આખા વિશ્વને વ્યાપી શકે છે. એ મોટામાં મોટું બળ છે, કારણ આત્માનું એ ઉત્તમોત્તમ પ્રગટ સ્વરૂપ છે.

અહિંસાપ્રતિષ્ઠાયાં તત્સન્નિધૌ વૈરત્યાગઃ એટલે કે અહિંસાની પ્રતિષ્ઠા થતાંની સાથે જ ઝેરવેર શમી જાય છે. અહિંસા વિષેનું આ અમર સૂત્ર ઋષિએ પોતાના અનુભવમાંથી જ ઘડ્યું છે. અહિંસાનો વ્યક્ત અર્થ પ્રેમ છે; કેમ કે તેને આપણે પ્રેમ રૂપે જ વ્યક્ત કરી કે ઓળખી શકીએ છીએ. પ્રેમને વિષે બાઇબલમાં કેટલાંક સુંદર વચનો છે. તેમાં આવે છે:

> "પ્રેમ પડોશીનું ભૂરું ઇચ્છતો નથી;
> પ્રેમને સૌનો વિશ્વાસ છે;
> પ્રેમને સદા આશા રહે છે;
> પ્રેમ કદી નિષ્ફળ જતો નથી."

અહિંસા એટલે પ્રેમ એ જગતમાં સૌથી સફળમાં સફળ બળ છે. શામળભટ્ટ કહે છે:

"અવગણ ઉપર ગુણ કરે તે જગમાં જીત્યો સહી." આમાં 'જીતવાની' વાત લખી છે તેનો અર્થ એ છે કે એ ખરો અહિંસક થયો. તિરસ્કાર ઉશ્કેરનારી વસ્તુઓ તો જ્યાં જોઇએ ત્યાં નજરે ચડ્યા જ કરે છે. પ્રાચીન ઋષિઓએ એ સત્યનું દર્શન કર્યું હતું કે, દ્વેષને પ્રેમથી જ જીતી શકાય, ક્રોધને અક્રોધથી જ જીતી શકાય. એટલે આ પ્રેમની શક્તિ પ્રગટ ત્યારે થઈ શકે છે કે જ્યારે તિરસ્કાર ઉત્પન્ન કરનારાં કારણો તેની સામે ઊભાં હોય.

[પૃષ્ઠ ૨૨૩, 'સર્વોદય' ૨૨૭, 'મંગળ પ્રભાત'માંથી.]

અનુક્રમણિકા……30 ઑક્ટોબર ૧૯૫૧

પૃષ્ઠ
૧ સરદારશ્રીની વાણી … મુ૦ ક૦ ૨૨૧
૨ બે દિવાલની કરુણકથા … શ્રી. અગ્રવાલ ૨૨૩
૩ બાપુની અનોખી વાતો…કાશિનાથ ત્રિવેદી ૨૨૫
૪ રવીન્દ્ર મનન … કાકાસાહેબ ૨૨૭
૫ ગુરુદેવની ગીતાંજલિ … ગુ૦ મ૦ ૨૨૯
૬ બાપુનો પરિવાર … યદુનાથ થત્તે ૨૩૧
૭ બાપુના પત્રો … ગાંધીજી ૨૩૩

પૃષ્ઠ
૮ સાચું શિક્ષણ … ગુરુદયાલ મલ્લિક ૨૩૫
૯ સૂક્તિ સુધા … … … ૨૩૯
૧૦ બૌદ્ધધર્મના કથાઓ પદ્મનાભશ્રી. જૈની ૨૪૧
૧૧ કર્મનું ફળ … … … ૨૪૫
૧૨ અહંકાર … … મુકુલભાઈ ૨૪૬
૧૩ ગાંધી માળા … ચંદુલાલ બ. પટેલ ૨૪૭
૧૪ પ્રાર્થના પછી … બબલભાઈ મહેતા …

ગ્રંથાવલોકન

ગાંધીજી અને સામ્યવાદ: લે૦ શ્રી. કિશોરલાલ ઘ૦ મશરૂવાળા; પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, **અમદાવાદ**; કિં૦ ૧-૪-૦ પૃ૦ ૧૨૪.

સામ્યવાદે આખી દુનિયાને વિચાર કરતી કરી મૂકી છે. સામ્યવાદથી વિરુદ્ધ વિચાર દર્શાવનારા લોકો સામ્યવાદને તેજાબ માની એનાથી ભડકીને દૂર ભાગતા ફરે છે. આ સ્થિતિ પોતાના વિચારોમાં રહેલી કચાશ જ દર્શાવે છે. જો આપણા વિચારો લોકકલ્યાણને અર્થે હોય, પ્રેયસ્‌ને બદલે શ્રેયસ્‌ને સ્થાપવા સારુ હોય અને તેની પાછળ મંગળ ભાવના હોય તો આમ ભડકવાની કે ડરવાની લગારે જરૂર નથી. અંગ્રેજ કવિ મિલ્ટને 'કોમસ' નામે કાવ્ય લખ્યું છે; તેમાં બે ભાઈઓની બહેન જંગલમાં ભૂલી પડે છે. નાનો ભાઈ વ્યવહારુ છે. તે બહેનની ચિંતા કરે છે અને કહે છે કે, આ વનમાં કોમસ નામે સેતાન રહે છે તે બહેનને ભ્રષ્ટ તો નહિ કરે? ત્યારે મોટો ભાઈ કહે છે:

It is chastity, my brother, chastity, she that has that, is clad in complete steel."

(અરે ભાઈ, બહેન પાસે તો શીલ છે; તેથી તે તો બખ્તરમાં સુસજ્જિત છે – એનો વાંકો વાળ કોઈ કરી શકે એમ નથી.)

એજ પ્રમાણે આપણી પણ સ્થિતિ હોવી જોઇએ. ગાંધીજીની વિચારસરણી પ્રમાણે વિચાર કરનારે સામ્યવાદને પણ સમભાવપૂર્વક સમજવો જોઈએ અને ગાંધીજી તેમ જ માર્કસ એ મહાપુરુષોના વિચારોમાં ક્યાં સમાનતા આવે છે તેનો સ્પષ્ટ ખ્યાલ હોવો તેને માટે જરૂરી છે.

શ્રી. કિશોરલાલભાઈનું આ પુસ્તક આપણને એ બે મહાપુરુષોની વિચારસરણી સમજવા સહાયરૂપ થાય એવું છે અને સુનિશ્ચિત ભૂમિકાનું પણ દર્શન કરાવે છે. વળી આ પુસ્તક સાથે શ્રી. વિનોબાજીએ 'ભૂમિકા' લખી છે. એ પણ આ પુસ્તકને વધુ ઉપયોગી અને સમૃદ્ધ બનાવે છે.

આ પુસ્તક અભ્યાસ કરવા યોગ્ય છે, અને સૌ કોઈ એ વાંચે અને એની પાછળ રહેલા ઉચ્ચ આશય અનુસાર આ બંને મહાપુરુષોની વિચારસરણીને સમજવા શક્તિમાન થાય એવી શુભ આશા વ્યક્ત કરવાનું ઉચિત સમજું છું.

મુ૦ ક૦

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું. પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે. લવાજમ. મ. ઑ. થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

'પ્યારાબાપુ' કાર્યાલય જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર કૉલેજ રોડ, જૂનાગઢ.

REG. NO. B. 5255



પ્યારા બાપૂ



સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

શ્રી રમણચરિતામૃત : સં૦ બે રમણભક્તો; પ્ર૦ શ્રી નિરંજનાનંદ સ્વામી,
શ્રી રમણાશ્રમ, તિરુવણ્ણામલૈ, દક્ષિણ ભારત; કિં૦ ૨–૮–૦; પૃ૦ ૨૮૬.

આપણા સદ્‌ભાગ્યે ભારતદેશમાં એક જ યુગમાં ગાંધીજી, ગુરુદેવ, શ્રી અરવિંદ અને શ્રી રમણમહર્ષિ જેવા મહાપુરુષો અવતર્યા. ચારેય મહાપુરુષોએ પોતપોતાની જીવનદૃષ્ટિ અનુસાર જીવનવિકાસનો આદર્શ આપણી સમીપ રજૂ કર્યો છે. આપણે જો આદર અને પ્રેમથી એ ચાર મહાપુરુષોનાં જીવન અને સર્જનનું અનુશીલન કરીએ તો આપણા જીવનપંથને ઉજાળી શકીએ.

આ પુસ્તકમાં શ્રી રમણમહર્ષિના જીવનને મૂર્ત કરવાનો બે રમણભક્તોએ યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. આ જીવનચરિત કોઈ સાહિત્યકારે કે જીવનચરિત્ર-લેખકે નહિ, પરંતુ શ્રી રમણમહર્ષિ પ્રત્યે ભક્તિભાવ રાખનારા ભક્તોએ લખ્યું છે. તેથી એમાં જીવનચરિતને સાહિત્યિક સ્થાન આપે એવી શક્તિના દર્શનને બદલે ભક્તહૃદયે દોરેલા પ્રેમચિત્રનું દર્શન થશે. એ કારણે આ જીવનચરિતનો આસ્વાદ લેવો હોય તો શ્રી રમણમહર્ષિ પ્રત્યે એવા જ પ્રેમભાવની આવશ્યકતા રહે છે. જો બુદ્ધિ અને હૃદય બંનેનો સમન્વય કરીને આ પુસ્તક વાંચીએ તો શ્રી રમણમહર્ષિના જીવનદર્શનની ઝાંખી આપણને થાય અને એમની ફિલસૂફીને સમજવા આપણને સહાય મળી રહે.

આખા પુસ્તકને ત્રણ ખંડમાં વહેંચી નાખ્યું છે. પ્રથમ ખંડમાં શ્રી રમણમહર્ષિના જીવનને આલેખવામાં આવ્યું છે. બીજા ખંડના પ્રથમ ભાગમાં શ્રી રમણમહર્ષિ અરુણાચળમાં સ્થિર થયા તે પછીના કાળનું આલેખન થયું છે; અને બીજા ભાગમાં આશ્રમની સ્થાપના, ત્યાંની પ્રવૃત્તિ, મહર્ષિના હિંદી અને પરદેશી ભક્તો, પોલ બ્રંટન તેમ જ મહર્ષિના મહાનિર્વાણનું નિરૂપણ છે. ત્રીજા ખંડમાં મહર્ષિની નિત્યચર્યા, ઉપદેશ, મહિમા વગેરેની માહિતી છે.

આ પુસ્તક શ્રી રમણમહર્ષિના જીવન વિશે જાણવા માગનાર જિજ્ઞાસુને ગમી જાય એવું છે.

ધરતીનું સંગીત અને બીજાં કાવ્યો : લે૦ રવીન્દ્ર ઠાકોર;
પ્રાપ્તિસ્થાન : **એલીટ બૂક સર્વિસ**, અમદાવાદ; કિં૦ ૧–૪–૦; પૃ૦ ૫૮.

શ્રી. રવીન્દ્ર ઠાકોરનાં પાંચ રેડિયો–રૂપકોનો આ સંગ્રહ છે. આ રૂપકોની રજૂઆત અમદાવાદ રેડિયો પરથી થઈ છે. ‘ધરતીનું સંગીત’ એ રૂપક ખરેખર હૃદયંગમ છે. ધરતીના સંગીતમાં દેવોને જે અપૂર્વ માધુર્યનો અનુભવ થાય છે તેનું કારણ છે ધરતીની ભીતરમાં વ્યાપેલી ઊંડી વ્યથા. એક અંગ્રેજ કવિનું કથન અહીં યાદ આવે છે: ‘Our sweetest songs are those that tell the saddest thought.’ (‘આપણાં મધુરતમ ગીતો તો તે જ છે જે દુઃખદમાં દુઃખદ વિચારોને વ્યક્ત કરે છે.) ‘હિમાલય’, ‘દાનનું પર્વ’, ‘પથ દીપિકા’ અને ‘કર્ણ–કુંતી’ એ રૂપકો પણ સુયોજિત છે. રેડિયો-રૂપકોના આ નાનકડા સંગ્રહને ગૂજરાત જરૂર આવકારશે.

[અનુસંધાન કવરપેજ પાનું ૩જું]

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૪ 30 નવેમ્બર – ૧૯૫૧ અંક ૧૦

સેવા વિ૦ મહત્ત્વાકાંક્ષા

આ બધી જગ્યાએ (એસેંબ્લી, કાઉન્સિલ, લોકલ-બોર્ડ કે મ્યુનિસિપાલિટી) જઇને માણસ સેવા કરી શકે એમાં શંકા નથી– કેટલીક જગ્યાએ કામ કરવાથી તો સેવાની શક્તિ વધે પણ છે. જો એ ભાવનાથી એ પદો કે હોદ્દા લેવાની ઇચ્છા રાખવામાં આવતી હોય તો ઠીક. પણ એ ઇચ્છા પાછળ સેવાભાવનું જોર રહેલું છે કે પોતાની અંગત મહત્ત્વાકાંક્ષાનું, એ કોણ કહી શકે? એ તો કદાચ માણસનું પોતાનું હૃદય પણ બરાબર ન કહી શકે. કારણ કે આવી બાબતોમાં ઘણી વાર એ આપણને છેતરે છે અને એ રીતે માણસ પોતાના મનને મનાવી લે છે કે, એ પોતે મહત્ત્વાકાંક્ષાથી નથી ખેંચાતો પણ સેવા કરવા માગે છે.

પણ આજકાલની તો રીત જ એ થઈ પડી છે કે, પોતાનાં વાજાં પોતે જ વગાડવા બેસી જવું પડે છે. આપણા સ્વભાવ ઉપર આપણી મહાત્ત્વાકાંક્ષા ચડી બેસે છે. આ બધાં સ્થાનોને આપણે આપણા જીવનને સારુ ઉન્નતિનાં અને દુનિયાની હરીફાઈમાં આપણને આગળ લઈ જનારાં સાધનો માનીએ છીએ. આપણી પોતાની સંસ્કૃતિથી અને સભ્યતાથી આ બધું ઊલટું છે; પણ આજકાલના પશ્ચિમના વિચારોને અનુકૂળ છે. એનાથી બચવાનું આજે મુશ્કેલ બની ગયું છે. આપણે જોઈએ છીએ કે, આજે તો, કોઈએ ચૂંટણીને સારુ આપમેળે ઊભા જ ન થવું જોઈએ; ચૂંટણી કરવાનો જેમને અધિકાર છે એમની ઉપર જ યોગ્ય માણસ ખોળી કાઢવાનો ભાર નાખવો જોઈએ; તથા એમની નજર જો આપણા ઉપર પડે ને તેઓ આપણને ચૂંટી કાઢે તો એમની એ આજ્ઞા માનીને આપણી શક્તિ પ્રમાણે અને એ સ્થાનેથી શક્ય હોય તેટલી તેમની સેવા કરવી જોઈએ, એવો આદર્શ આપણી આગળ મૂકતાં પણ સંકોચ થાય છે! જ્યાં લગી આવી કોઈક રીતનો અમલ કરવામાં નહીં આવે ત્યાં લગી દુનિયામાં સાચી લોકશાહી વ્યવસ્થા નહી સ્થાપી શકાય.

એટલા માટે ત્યાગની ભાવના દૃઢ થવી જોઈએ, ભોગની ભાવના ઘસાતી જવી જોઈએ અને આપણું ધ્યેય સેવાનું હોવું જોઈએ; પ્રતિષ્ઠા મેળવવાનું કે બીજા સ્વાર્થ સાધવાનું નહીં.

— શ્રી. રાજેન્દ્રપ્રસાદ



આશ્રમનાં ભજનો

ઐસી મૂઢતા યા મન કી.

પરિહરિ રામભક્તિ–સુરસરિતા
આસ કરત ઓસકન કી.

ધૂમ–સમૂહ નિરખિ ચાતક જ્યોં
તૃષિત જાનિ મતિ ઘન કી.

નહિં તહુઁ સીતલતા, ન બારિ,
પુનિ હાનિ હોતિ લોચન કી.

જ્યોં ગચ કાઁચ વિલોકી સેન જડ
છાઁહ આપને તન કી.

ટૂટત અતિ આતુર અહારબસ,
છતિ બિસારિ આનન કી.

કહુઁ લૌં કહૌં કુચાલ કૃપાનિધિ,
જાનત હૌ ગતિ જન કી.

તુલસીદાસ પ્રભુ! હરહુ દુસહ દુખ
કરહુ લાજ નિજપન કી.

પ્રાર્થના પછી ....

[ગયા મે માસમાં બીડજમાં કાયદા શિબિર વખતે પ્રાર્થના પછી પ્રવચનો થતાં હતાં. એ પ્રવચનોમાં સર્વોદયની દૃષ્ટિને વિશદ રીતે સમજાવવામાં આવી છે. બાપુજીના વિચારોને સમજવા તેમ જ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર પ્રત્યેકને એ અતીવ ઉપયોગી થઈ પડે એમ છે. 'પ્યારાબાપુ'માં તે ક્રમે ક્રમે પ્રગટ થાય છે.]

આજે આપણે પ્રાર્થનામાં જે ભજન ગાયું તે તુલસીદાસજીનું બનાવેલું છે. તુલસીદાસના મનમાં જે મંથન – અથડામણ ચાલી રહ્યાં છે તે આ ભજનમાં વ્યક્ત થયાં છે. આવી અથડામણો પ્રત્યેક માનવીના મનમાં ચાલી રહી હોય છે. તુલસીદાસજી પોતે ભક્ત-કવિ હોવાથી એ અથડામણના ભાવો કાવ્યરૂપે વહાવે છે. મનના સ્વરૂપ વિષે બોલતાં એ કહે છે કે, આ મનની મૂઢતા કેવી છે? રામભક્તિરૂપી આકાશ-ગંગાને છોડી દઈ હું ઝાકળબિંદુની પાછળ પડું છું. વિશ્વમાં જે શાશ્વત છે તેને છોડી દઈ ક્ષણજીવી વસ્તુઓની પાછળ આ મારું મન ભમે છે. ચાતકપક્ષી આકાશ સામે જોઈ રહ્યું હોય છે, પણ વરસાદ આવતો નથી ત્યાં ધુમાડાનો ગોટો જોઈ દોડે છે. અને પાણી ન મળવાથી હેરાન થાય છે. વધારામાં ધુમાડાથી આંખો બળે છે. આ મન પણ ચાતકની જેમ અંધકારમાં અટવાય છે. સાચી વસ્તુની તેને પિછાન થતી નથી! શકરો જેમ ફરસબંધીમાં પોતાનો પડછાયો જોઈ પક્ષી છે એમ માની ખાવાની લાલચે નીચે તૂટી પડે છે અને ચાંચ તૂટી જાય ત્યાં સુધી પડછાયામાં દેખાતા પક્ષી પર પ્રહારો કર્યે જ જાય છે, તેમ માણસનું મન પણ અવાસ્તવિક વસ્તુ પર ચોંટી રહે છે. તેથી કૃપાનિધિને એ પ્રાર્થના કરે છે કે, હે પ્રભુ! હું પણ આ અજ્ઞાન ચાતક કે શકરા જેવો જ છું. મનુષ્યની ગતિ તું જાણે છે. અમારો તું જ આધાર છે. માટે આવું અમારું અસહ્ય દુઃખ – સાચી વસ્તુને અમે પિછાની શકતા નથી તે – તું દૂર કર. તારા ભક્તોની તું લાજ રાખે છે, તો અમારી લાજ રાખ અને અમને સદ્બુદ્ધિ આપ.

દરેક માનવીમાં સુમતિ અને કુમતિ બેઠેલી હોય છે. જ્યાં સુમતિ છે ત્યાં સંપત્તિ છે. જ્યાં કુમતિ છે ત્યાં વિઘ્નો પડેલાં છે. આવું માનવી જાણતો હોવા છતાં તેનું મન કુમતિ તરફ જ વળે છે બીજી રીતે કહીએ તો શ્રેય અને પ્રેયનું દ્વંદ્વ-યુદ્ધ માનવીના હૃદયમાં અખંડ ચાલી રહ્યું હોય છે. આર. એલ. સ્ટીવન્સનની ભાષામાં કહું તો, દરેક માણસમાં જેકિલ અને હાઈડ પડ્યો હોય છે. એક બાજુથી માણસ ડાહ્યો-ડમરો દેખાય છે. બીજી બાજુથી તે કાળો કદરૂપો દેખાય છે. માણસનાં બે સ્વરૂપો કેવાં એકબીજા સાથે આથડે છે તેનો સુંદર ચિતાર 'જેકિલ અને હાઈડ' નામના પુસ્તકમાં જોવા મળે છે. જેની સુમતિ બરાબર ખીલી છે તે વિપરીત વાતાવરણમાં પણ ટકી રહે છે. પણ બીજાઓ માટે તેમ નથી. વિપરીત પરિસ્થતિમાં તે ટકી શકતા નથી. તેથી પ્રત્યેક ક્ષણે દરેક માનવીને જાગ્રત રહેવું જોઈએ. આ સાચું, પેલું મિથ્યા એનું તેને ભાન થાય ત્યારે તે પુરુષાર્થી બને છે. જેમ આપણી દૃષ્ટિ વધુ સાફ તેમ આપણે વધુ પુરુષાર્થી બની શકીએ. આપણા જીવનમાં આવું તુલસીદાસજીના જેવું મંથન ચાલતું હોય તો થોડી આશા રહે છે. તેથી માણસે દરેક પળે જાગ્રત રહીને શ્રેય માટે પુરુષાર્થ કરવો જોઈએ.

—બબલભાઈ મહેતા

બૌદ્ધધર્મની કથાઓ

(૪)

પદ્મનાભ શ્રી. જૈની

અતીત કાળમાં એક વખતે ભગવાન બુદ્ધ ભિક્ષુસંઘના મોટા પરિવાર સાથે વિહાર કરતા બનારસ આવ્યા. ત્યાંના ઉપાસક પોતાની શક્તિ અનુસાર ભિક્ષુઓને દાન આપતા. એક દિવસે ભગવાન બુદ્ધે આહાર પછી ઉપાસકોને સંબોધીને કહ્યું: "ઉપાસકો! ચાર પ્રકારના ઉપાસકો હોય છે. એક તો જે કંઈ પોતાની પાસે હોય તે જ આપવું; બીજાની પાસેથી અપાવવામાં શું ફળ, એમ માની પોતે જ દાન આપે છે, પણ બીજાને પ્રેરણા આપતો નથી. એને જ્યાં ઇચ્છે ત્યાં ભોગ-સંપદા મળે છે, પણ પરિવાર-સંપદા મળતી નથી. બીજો ઉપાસક એવો હોય છે કે, બીજા પાસે જ દાન અપાવે, પણ પોતે કશું આપે નહિ; એને પરિવાર-સંપદા મળે, પણ ભોગ-સંપદા મળતી નથી. ત્રીજો ઉપાસક એવો હોય છે કે, જે બંનેય કરે અને એને ભોગ-સંપદા તેમ જ પરિવાર-સંપદા બંને મળે. વળી ચોથો ઉપાસક એવો હોય છે કે, જે બંનેય ન કરવાથી હંમેશાં દરિદ્રી રહે—મનથી, મિત્રોથી, ભોગથી."

આ ઉપદેશ સાંભળીને ત્યાં બેઠેલા એક પંડિતને થયું કે, 'હું હવે એવું કરીશ કે, હું પોતે પણ ત્યાગ કરું અને બીજાને પણ આવા પુણ્ય કાર્યમાં પ્રેરણા આપું.' તેણે ભગવાનને પ્રણામ કરી કહ્યું: "ભગવન્, આવતી કાલે મારે ત્યાં ભિક્ષા લેજો."

"કેટલા ભિક્ષુઓની તને જરૂર છે?"

"ભન્તે! આપનો પરિવાર કેટલો છે?"

"હે ઉપાસક, મારા સંઘમાં ૨૦૦૦૦ ભિક્ષુઓ છે."

"ત્યારે ભન્તે! આપ સૌને મારું નિમંત્રણ છે!"

ભગવાન બુદ્ધે તેના નિમંત્રણનો સ્વીકાર કર્યો, એટલે તે ગામમાં ઘેરેઘેર જઈ કહેવા લાગ્યો: "અમ્મ! તાત! આજે મેં વીસ હજાર જેટલા ભિક્ષુઓને ભિક્ષા માટે નિમંત્રણ આપ્યું છે. તમારે જેટલા ભિક્ષુઓની વ્યવસ્થા કરવી હોય તેટલી કરો." આ સાંભળીને કોઇએ પાંચ, કોઈએ દસ, કોઈએ વીસ-પચાસ-સો ભિક્ષુઓને ભિક્ષા આપવાનું સ્વીકાર્યું. તે પંડિતે બધાની નોંધ

એક કાગળ પર લખી નાખી.

તે વખતે બનારસમાં મહાદુર્ગત નામે એક ઘણો ગરીબ માણસ રહેતો હતો. એને જોઇને પંડિતે કહ્યું: "સૌમ્ય! આવતી કાલે મેં વીસ હજાર જેટલા ભિક્ષુઓને આપણા નગર તરફથી ભોજન માટે નિમંત્રણ આપ્યું છે. બધા નગરવાસીઓ પોતપોતાની શક્તિ અનુસાર ભિક્ષા આપશે. બોલ તું કેટલા ભિક્ષુઓને ભિક્ષા આપીશ?"

મહાદુર્ગતે કહ્યું: "સૌમ્ય! મારે ભિક્ષુઓ સાથે શા લેવા દેવા? એ તો પૈસાવાળા લોકો ભિક્ષા આપી શકે. મારે ત્યાં તો કાલે જમવાનું શું એ જ મોટો સવાલ છે!" એ સાંભળી પંડિતે કહ્યું: "સૌમ્ય! જો, તેં આજ સુધી કોઇને કશું આપ્યું નથી. એટલે જ તને આટલું દારિદ્ર્ય છે, એ તું નથી જાણતો? જે કશું આપે જ નહીં તેને ક્યાંથી મળે?" મહાદુર્ગત બોલ્યો: "સૌમ્ય, એ હું જાણું છું. પણ મને તો રોજની મજૂરી કરીનેય પેટ પૂરતું નથી મળતું." પંડિતે કહ્યું: "તારી વાત સાચી છે. પણ તું જુવાન છો. તારામાં કામ કરવાની તાકાત છે. જરા વધારે મંજૂરી કરજે અને તારાથી જેટલું બને એટલું આપજે. શું તારાથી એટલુંય ન બને?" એ સાંભળી મહાદુર્ગતે ખેદપૂર્વક તેને સંમતિ આપી અને કહ્યું: "સારું ત્યારે હું પણ એક ભિક્ષુને દાન આપીશ. મારું નામ કાગળ પર નોંધી લે. હું આજે વધારે કામ કરીશ અને ભિક્ષા માટે મેળવી લઈશ." પણ પંડિતને થયું કે, એક ભિક્ષુ માટે શું લખવાનું હોય? તેથી તેણે તેનું નામ નોંધ્યું નહિ.

મહાદુર્ગત ઘેર ગયો અને તેણે પત્નીને બધી વાત કહી. એ સાંભળી 'આપણે તો દરિદ્ર લોકો! શા માટે તમે આવું વચન આપ્યું?' એમ કહેવાને બદલે એની પત્નીએ કહ્યું: "સ્વામી! એ તમે બહુ જ સારું કર્યું. આપણે આજ લગી કોઈનેયે ભોજન આપ્યું નથી, એટલે જ આપણે દરિદ્ર છોએ. આજે હું પણ બહાર કાંઈક કામ કરી વધારાની કમાણી કરીશ, જેથી કાલે આપણે ભિક્ષુને સારી રીતે જમાડી શકીશું." એમ કહી બંને જણ કામ માટે શેઠને ત્યાં ગયાં.

શેઠે કહ્યું: "મહાદુર્ગત, આવતી કાલે મારે ત્યાં બસો-ત્રણસો જેટલા ભિક્ષુઓ જમવા આવશે. તેથી રસોઇ માટે તું લાકડાં ફાડીને આપજે." એમ કહી મહાદુર્ગતને કુહાડી આપી. મહાદુર્ગત ખૂબ ઉત્સાહથી એ કામ કરવા લાગ્યો. એ જોઇને શેઠે પૂછ્યું: "કેમ, આજે તું બહુ પ્રસન્ન થઇને કામ કરે છે?" મહાદુર્ગત બોલ્યો: "સ્વામી, આવતી કાલે મારે ત્યાં એક ભિક્ષુને જમાડવાના છે, તેથી મારે વધારે મહેનત કરવાની જરૂર છે." ત્યારે શેઠને થયું, 'આ સેવક કેટલો ભાગ્યશાળી છે! મને કહ્યા વિના, એક ભિક્ષુને જમાડવા ખાતર તે કેટલો પરિશ્રમ કરી રહ્યો છે. એના જેવો ત્યાગ બીજો કયો હોય? ધન્ય છે એને!'

મહાદુર્ગતની પત્ની શેઠાણી પાસે ગઈ અને ત્યાં ધાન્ય ખાંડવાનું કામ કરવા લાગી. એનું પણ ચિત્ત ખૂબ પ્રસન્ન હતું. ધાન્ય ખાંડતી વખતે હાથમાં સાંબેલું લઈને જાણે તે નાચતી ન હોય! શેઠાણીએ એ જોઈને એનું કારણ જાણી લીધું. અને એક ભિક્ષુને જમાડવા માટે આ પરિશ્રમ થઈ રહ્યો છે એ જાણીને આનંદ પામી, શેઠ અને શેઠાણીએ એ લોકોને તેમનું મહેનતાણું ઉપરાંત પ્રેમથી વધારાનું અનાજ પણ આપ્યું.

મહાદુર્ગત અને તેની પત્ની ઘેર આવ્યાં. બીજે દિવસે ભિક્ષુને જમાડવા માટે તેમને ત્યાં થાળી ન હતી. તેથી મહાદુર્ગત પતરાળી બનાવવા માટે પાંદડાં લેવા નદી તીરે ગયો અને ભિક્ષુને જમાડવાનું આજે ભાગ્ય મળશે એના આનંદમાં પાંદડાં તોડવા લાગ્યો.

મહાદુર્ગત પતરાળી બનાવી ઘણા ઉલ્લાસમાં ઘેર પાછો આવ્યો. તેટલામાં તેની પત્નીએ સરસ રસોઇ તૈયાર કરી દીધી અને ભિક્ષુને તેડી લાવવા મહાદુર્ગતને મોકલ્યો.

નગરના બધા લોકો પોતે સ્વીકારેલી સંખ્યામાં ભિક્ષુઓને પોતપોતાને ઘેર લઈ જતા હતા. મહાદુર્ગત પેલા પંડિત પાસે ગયો અને પોતાનો ભિક્ષુ કયો તે પૂછવા લાગ્યો. ત્યારે પંડિતને યાદ આવ્યું કે, અરે આનું નામ તો લખવાનું રહી ગયું હતું! બધા ભિક્ષુઓની વ્યવસ્થા થઈ ગઇ હતી. તેથી તેણે ખેદથી કહ્યું : “સૌમ્ય મહાદુર્ગત! ક્ષમા કરજે. તારું નામ લખવાનું હું ભૂલી ગયો હતો. હવે બીજા કોઈના ઘરમાં આવેલા ભિક્ષુઓને બીજાને ત્યાં મોકલવા કોણ તૈયાર થાય?”

આ સાંભળીને મહાદુર્ગતનું હૃદય દ્રવી ઊઠ્યું; તેને ખૂબ દુઃખ થયું. પહેલી વાર જ આવો મહાન પ્રસંગ એના જીવનમાં આવે અને તે આ રીતે નિષ્ફળ જાય! તે દુઃખી અવાજે બોલ્યો: “સૌમ્ય! મારો તું નાશ ન કર! જોને, મેં અને મારી પત્નીએ ગઈ કાલે સખત મજૂરી કરી, ઘરમાં રસોઈ તૈયાર કરી રાખી છે. મને એક ભિક્ષુ આપ!” એમ કહી તે રડવા લાગ્યો. પંડિત બોલ્યો : “સૌમ્ય! મારી ભારે ભૂલ થઈ ગઈ છે. હું હવે ક્યાંથી ભિક્ષુને લઈ આવું? પણ તને એક ઉપાય બતાવું. ભગવાન બુદ્ધ હમણાં જ સ્નાન કરીને વિહારમાં બેઠા છે. ઘણા મોટા મોટા લોકો અને નગરના રાજા પોતે પણ ભગવાનનું પાત્ર લઈ તેમને ઘેર તેડી જવા માટે ક્યારના ત્યાં ઊભા છે. તું ત્યાં જઈને ભગવાનને વિનંતી કર કે, ‘ભગવન્! હું ગરીબ છું. આપ મારો સંગ્રહ કરો.’ ભગવાન તને ના ન પાડે. તું ત્યાં જા.”

મહાદુર્ગત ધૈર્યથી અને વિશ્વાસપૂર્વક વિહારમાં આવ્યો. વિહારની બહાર આંગણામાં રાજા, રાજપુત્ર અને બીજા મોટા પુરુષો ભગવાનને પોતાને ત્યાં લઈ જવા ઊભા હતા. તેઓએ મહાદુર્ગતને કહ્યું : “મહાદુર્ગત, તું આ વખતે અહીં ક્યાં આવ્યો? હજી ભગવાન આહાર કરવાના છે. પછી કાંઇ જોઇતુ હોય તો ઘેર આવજે. અહીંયાં શું છે?” મહાદુર્ગતે કહ્યું : “હું એ જાણું છું. હું તો કેવળ ભગવાનના દર્શન કરવા આવ્યો છું.” એમ કહી વિહારની બહાર રહીને જ જમીન પર માથું મૂકી ભગવાનને ઉદ્દેશીને તે મોટેથી બોલ્યો :” ભન્તે! આ નગરીમાં મારા કરતાં વધારે ગરીબ દરિદ્રી માણસ બીજો કોઈ નથી! આજ આપ મારો સત્કાર સ્વીકારજો. મારો સંગ્રહ કરીને ભન્તે! મને કૃતાર્થ કરો.”

ભગવાને તેના શબ્દો સાંભળ્યા. બારણાં ખોલી ભગવાન બહાર આવ્યા અને મહાદુર્ગત પાસે આવીને તેના હાથમાં પોતાનું પાત્ર ભગવાને મૂક્યું. ભગવાનનું ભિક્ષાપાત્ર મળતાં મહાદુર્ગતને અપૂર્વ આનંદ થયો. રાજા, રાજપુત્ર અને મોટા મોટા લોકો તો એકબીજાનાં મોઢાં જોવા લાગ્યા. ભગવાને પોતે જ જેના હાથમાં પાત્ર મૂક્યું, પછી તે લેવાની કોની તાકાત ચાલે? તેઓ મહાદુર્ગતને કહેવા લાગ્યા: “મહાદુર્ગત! ભગવાનનું ભિક્ષાપાત્ર અમને આપ. તને અમે ઘણું ધન આપીશું. તું દરિદ્ર છે. તેથી ધન લે. અને આ ભિક્ષાપાત્ર તને શા ખપનું છે?”

[અનુસંધાન પૃ૦ ૨૫૮ મે પાને]



ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની ‘ગીતાંજલિ’નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી ‘ગીતાંજલિ’ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

હું ભિક્ષા માગી ફરતો'તો ગામ તણા પથ પથમાં,
ત્યાં તો તું ચાલ્યો જાતો'તો તારા સુવર્ણ રથમાં

એક અપૂરવ સ્વપ્ના જેવું
મુજ આંખોને લાગ્યું એવું,

શોભા તારી અદ્‌ભુત કેવી!
અદ્‌ભુત શો તવ સાજ!

હું તો મનમાં વિચારતો'તો
આ કો છે મહારાજ.

સૂરજ આજ ઊગ્યો સોનાનો—
વિચાર મનમાં આવે,

આજે મારે દ્વારે દ્વારે
ફરવા વારો ના'વે.

ઘરની બહાર નીકળતાં સાથે,
મુજને કોણ મળ્યો આ વાટે,

ચાલુ રથ ધન ધાન્ય ઊડવશે
બે બાજુ બે હાથે,

ખોબે ખોબે ભરી પોટલું
લઈશ ઉપાડી માથે.

ત્યાં તો મુજ પાસે આવીને
રથ એ થંભી જાતો,

મુજ મુખ સામે આંખો માંડી
તું ઊતર્યો મલકાતો.

પ્રસન્નતા તુજ મુખની જોઈ
વ્યથા સકલ ઉરની મેં ખોઈ,

એવામાં તેં. હું નવ જાણું શાથી એકાએક
‘મુજને આપ કશું’’ બોલીને હાથ પસાર્યો છેક.

અહા! રાજ, શી વાણી તારી,
‘મુજને આપ કશું તું’

સુણી પલક હું સ્થિર થઇ ઊભો
કરીને માથું નીચું.
તારે ખોટ પડી શી એવી
મુજ ભિક્ષુકને ભીખવા જેવી,
આ કેવળ કૌતુક વશ થઈને
તું મુજને છેતરતો;
ઝોળીમાંથી લઇ કણ નાનો,
દાન તને હું કરતો.
જ્યારે પાત્ર ઘરે લઈ જઈને
ઊંધું પાડી દેખું,
આ શું! ભીખ મહીં સોનાનો
કણ નાનો શે પેખું!
રોજ ભિખારીને જે આપ્યો,
સોનું થઈ તે આવ્યો પાછો,
ત્યારે નયન ભરી જલથી
હું રોવા લાગ્યો ભારે,
તુજને કયમ ઝોળી આખી
નવ ઠાલવી દીધી ત્યારે?

અનુ૦ [નગીનદાસ પારેખ]

અંગ્રેજી 'ગીતાંજલિ'નું ૫૦મું કાવ્ય સમજાવતાં પૂ૦ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :–

જીવનમાં ધર્મ અને કર્મ, શાંતિ અને શ્રમ સાથે સાથે જાય છે. એ બધું રસપૂર્ણ હોવું તો જોઈએ જ. જો રસ ન પડતો હોય તો કોઈ પણ કામ સારું નહિ થાય. જો રસોઈ નીરસતાથી, આનંદ વિના કરવામાં આવે તો તે ખોરાક પુષ્ટિકારક ન બને. એ જ રીતે શાળામાં વિદ્યાર્થીઓ ત્યારે જ બરોબર શિક્ષણ પામી શકે, જ્યારે શિક્ષક પોતાની શીખવવાની પદ્ધતિ રસપૂર્ણ બનાવે. આમ ત્યારે જ થઈ શકે, જ્યારે શિક્ષક સાધના કરીને આત્માનો અનુભવ, અંતરનો રસ પોતાની શિક્ષણ-પદ્ધતિમાં ઉમેરે.

ગુરુદેવ જીવનની સંપૂર્ણતાના આદર્શમાં માનતા હતા, અને ધર્મ તેમ જ કર્મને એક સાથે સંલગ્ન થયેલા ગણતા હતા. આ વસ્તુ બીજી ભાષામાં કહીએ તો: લેવું અને દેવું. આપણો આખો જન્મારો લેવાની વૃત્તિમાં જ પસાર થઈ જાય છે. 'મને આપો, મને આપો,' 'આ મારું છે, આ મારું છે,' એવી જ આપણી વૃત્તિ હંમેશાં રહે છે. દેવાની વૃત્તિ જ આપણને થતી નથી. પરંતુ જ્યાં સુધી દેવાની વૃત્તિ આપણે કેળવીએ નહિ ત્યાં સુધી આપણે પ્રભુની સાચી મિત્રતા પ્રાપ્ત કરી શકીએ નહિ.

દેવાની આ વૃત્તિ વેળાએ કોઈ પ્રકારનો ભેદભાવ ન હોવો જોઈએ. ઊંચનીચનો, પંડિત-મૂર્ખનો એવો કશો ય ભેદભાવ ન રાખી સૌ સરખાં ગણવાં જોઇએ. કારણ કે પ્રભુ આપણને પ્રેમ કરે છે ત્યારે આવો ભેદભાવ કદી કરતો નથી. આ પ્રમાણે સૌના ઉપર એક સરખો પ્રેમ કરવો એનો અર્થ જ દેવું. ઘરમાં કોઇ કમાનારું હશે અને કોઈ અપંગ હશે. બા તો બન્નેને સરખો જ પ્રેમ કરશે; કદાચ અપંગને વધારે કરશે. કારણ કે એવું કરવામાં પોતે વધારે ધર્મ પાળી રહી છે, એમ તે માનશે.

હવે પ્રશ્ન એ થાય છે કે, દરેક માણસ આપી શકે ખરો? અને આપવું પણ શું? તો તેનો જવાબ એ છે કે, કોઈ વ્યક્તિ એવી નથી જે કાંઈ ને કાંઇ ન આપી શકે.

સ્વર્ગમાં એક વખત એક મજૂર ગયો. ભગવાને પૂછ્યું : "પચાસ વર્ષ દુનિયામાં રહીને તેં શું કર્યું?" પેલો મજૂર બોલ્યો : "હું તે શું આપી શકું, પ્રભુ? હું તો રોજ બે ચાર આના કમાવાવાળો ગરીબ મજૂર! પણ બહાર જતો ત્યારે હંમેશાં હસતો રહેતો. હસીને મારાં કામ કરતો." પ્રભુની નજરમાં આવી વૃત્તિની ઘણી કિંમત છે.

બીજાને પ્રેમથી, આનંદથી, સહાનુભૂતિથી જોવા તે લાખો રૂપિયાના દાન કરતાં પણ વધારે કીમતી છે.

બીજો એક માણસ હતો. તેણે ધર્મશાળા બંધાવી, વિધવાઓને સહાય કરી, મંદિરો બંધાવ્યાં, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપી વગેરે ઘણાં ધર્માદાનાં કામો કર્યાં. તે માણસને ભગવાને પૂછયું: "આ બધું તેં કર્યું તો ખરું; પરંતુ એ તો તેં તારા અહંકારને પોષવા, તૃપ્ત કરવા કર્યું. આમાં તેં તારુ પોતાનું તો કંઈ આપ્યું જ નહિ."

દાન તો પોતાની વસ્તુનું હોઈ શકે. ભગવાનની સામે ફળ, ફૂલ ધરીએ છીએ તે તો ભગવાને જ આપણને આપેલાં હોય છે! આપણે આપણું પોતાનું શું આપીએ છીએ? મંદિરમાં જઇએ છીએ ત્યારે આપણને માથું નમાવવું પડે છે. એનો અર્થ એ થાય કે, આપણે ભગવાનને માથું અર્પણ કરીએ છીએ. માથું અર્પણ કરવું એટલે આપણો અહંકાર, આપણું અભિમાન આપણે પ્રભુને અર્પણ કરીએ છીએ. આપણી પોતાની આ જ વસ્તુ પ્રભુને અર્પવાની છે.

ગુરુદેવના આ કાવ્યમાં એક માણસ રોજ ઘેર ઘેર ભિક્ષા માગીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસ તે રસ્તાની બાજુએ ઊભો હતો, ત્યારે સોનાના રથમાં બેસીને કોઈ મહારાજાધિરાજ તેની તરફ આવતો દેખાયો. પેલા ભિખારીને થયું કે, બસ આ જ તો મારું ભાગ્ય ફળશે. મહારાજાધિરાજ આવે છે, પછી મળવામાં શું બાકી રહે? એવામાં રથ આવીને તેની પાસે ઊભો રહ્યો. ભિખારીના આશ્ચર્યની વચ્ચે રાજાએ પોતે જ રથમાંથી ઊતરીને ભિખારી સામે યાચક બનીને હાથ લાંબો કર્યો! પેલો ભિખારી તો વિચારમાં પડી ગયો. શું આપું? શું આપું? એમ એને થાય છે. લોભ આવીને એને લલચાવે છે. આપવાનું મન થતું નથી. પણ રાજા હાથ પાછો ખેંચતો જ નથી. પેલો ભિખારી છેવટે પોતાની ઝોળીમાંથી એક દાણો કાઢીને રાજાના હાથમાં મૂકે છે. રાજા તો દાણો લઇને ચાલ્યો જાય છે. ભિખારી વિચારવા લાગ્યો કે, વાહ, રાજા, વાહ! મારી ખીચડીમાંથી એક દાણો તેં ઓછો કર્યો! દુઃખ સાથે તે ઘેર ગયો. અને ઝોળી ખાલી કરી તો તેમાં એક સોનાનો દાણો દેખાયો! તેની આખમાં આંસુ ભરાઈ આવે છે અને તેને થાય છે: અરેરે, મેં મારી આખી ઝોળી શા માટે તારી આગળ ઠાલવી ન દીધી?

આપણી પણ છેવટે આવી જ દશા થાય છે. આપવાના શુભ વખતે આપણે કંઈ આપતા જ નથી. અને જ્યારે વખત વહી જાય છે ત્યારે પસ્તાવો કરીએ છીએ. એનું કારણ એ છે કે, જે આવે તે સઘળું ભેગું કરવાની વૃત્તિ જ આપણામાં વધારે હોય છે. પરંતુ જો શરીર એવો નિયમ કરે કે, જે કંઈ ખાઈએ તે ભેગું જ કરવું, તો તેની શી દશા થાય? નદી પણ પાણીને વહેવા ન દે અને બંધનમાં રાખે તો પાણી ગંધાઈ ઊઠે. પ્રકૃતિ પણ આપણને આપવાનું જ શીખવે છે. સૂર્ય, ચંદ્ર, તારાઓ રોજ આપણને તેજ, પ્રકાશ, શીતળતા આપ્યા જ કરે છે. પણ ફક્ત માણસ જ એક એવું પ્રાણી છે જે માગ માગ કર્યા કરે છે! કોઈ વખતે એમ થાય છે ખરું કે, અમુક પ્રાપ્તિ થઈ જાય પછી આપણે કંઈ વધારે મેળવવાની ઇચ્છા કરીશું નહિ. પરંતુ એ વિચાર યોગ્ય નથી. ઇચ્છાઓનો તો આરો જ નથી. એકમાંથી બીજી એમ ઇચ્છાઓ વધતી જ જાય.

વળી આપવાની બાબતમાં પ્રમાણ—આપણે કેટલું આપીએ છીએ—એ મહત્ત્વની વસ્તુ નથી. સાચા દિલથી આપણે આપીએ છીએ કે નહિ, એ મહત્ત્વનું છે. એક મંદિર બાંધવા માટે ફાળો ઊઘરાવતાં અનેક નાનાં મોટાં દાનો આવી પડ્યાં. પરંતુ તે બધાંય કરતાં એક ડોશીમાએ પોતાની પાસેના બે પૈસા જે તેનું સર્વસ્વ હતું તે અર્પણ કર્યા. તેનું દાન જ મહત્ત્વનું ગણાયું. તેની કિંમત બધાં કરતાં વધી ગઈ શ્રીકૃષ્ણ ભગવાનને ભૂખ લાગતાં સોનારૂપાનાં કીમતી વાસણોમાં બધાં દૂધ, દહીં વગેરે લઈ આવ્યાં. પરંતુ ભગવાને તો એક ડોશીમાના ભાંગેલા માટીના વાસણમાંની ખાટી છાશ જ સ્વીકારી. કારણ કે એ છાશ ડોશીમાનું સર્વસ્વ હતું.

મુખ્ય વસ્તુ તો એ જ છે કે, આપવાની વૃત્તિ કેળવવી. બીજું કાંઈ આપવા જેવી સ્થિતિ ન હોય તો પ્રેમથી કોઈની સારવાર કરવી, માથું દાબવું, પગ દાબવા એટલું તો થઈ શકે એમ છે. છેવટે કંઈ નહિ તો બીજાના ભલા ખાતર પ્રાર્થના કરી શકાય. આમ કરવાથી મન મોટું થાય છે અને સાચો આનંદ અનુભવાય છે. બુદ્ધ ભગવાન પણ કહેતા કે, કંઈ ન થઈ શકે તો સવાર સાંજ થોડી ક્ષણ માંદાઓ માટે, પાડોશીઓ માટે શાંતિ અને સુખની કલ્પના કરો; તેમની સાથે મૈત્રીભાવ કેળવો.

આપણું શરીર પણ આપણને એકઠું કરવાનું શીખવતું નથી. પેટનો કચરો બહાર કાઢી નાખીએ તો શરીર સાજું રહે અને આપણને પણ શાંતિ મળે. તેવી જ રીતે માણસ જ્યારે દેવાની વૃત્તિ, અર્પણ કરવાનો ભાવ કેળવે છે, ત્યારે જ તેને ખરી શાંતિ પ્રાપ્ત થાય છે. ભગવાન અને કુદરત બંને આપણને અર્પણ કરવાનું જ શીખવે છે. ભગવાનની અર્પણ કરવાની રીત આપણે સમજી શકતા ન હોઈએ તો આપણે આપણી બાનું નિરીક્ષણ કરવું. બા કેવી પોતાનાં બાળકો માટે આપ્યા જ કરે છે! અને તે પણ કશો ભેદભાવ વિના. બાનું હૈયું તો સારા તેમ જ ખરાબ દીકરા માટે હમેશ ખુલ્લું જ હોય. તે પોતાનું વહાલ બધા દીકરા પર સરખું જ વરસાવે. એવી જ ભાવનાથી, એવી જ મનોવૃત્તિથી આપણે અર્પણ કરવાની વૃત્તિ કેળવવી જોઈએ.

બૌદ્ધધર્મની કથાઓ : [અનુ૦ પૃ૦ ૨૫૪થી ચાલુ]

મહાદુર્ગતે તે લોકોને કંઈ પણ જવાબ ન આપ્યો અને તે કૃતાર્થ થઈ ભગવાનને પોતાને ઘેર લઈ આવ્યો. બધા ઘેર ચાલ્યા ગયા. પણ રાજાને થયું કે, કદાચ આજે ભગવાન ભૂખ્યા રહેશે. એના દરિદ્ર ઘરમાં ભગવાનને સંતોષ નહિ થાય તો એમને મારે ઘેર લઈ જઈ સંતોષ આપીશ.' એમ વિચારી તે ભગવાનની પાછળ પાછળ ગયો. મહાદુર્ગતે અને તેની પત્નીએ ભક્તિભાવથી પોતાના દરિદ્ર ઘરમાં પાંદડાંની થાળીમાં ભગવાનને સંતોષ થાય એમ જમાડ્યા. ભોજન પછી પોતાના જીવનમાં આવી સુધન્ય ઘડી પ્રાપ્ત થઈ તેથી દિવ્ય આનંદ અનુભવી મહાદુર્ગત ભગવાનનાં ચરણમાં માથું મૂકી ભાવપૂર્વક બોલ્યો :—

નમો તસ્સ ભગવતો અરહતો સમ્માસમ્બુદ્ધસ્સ।

શ્રમ-યજ્ઞની પ્રતિષ્ઠા

મુકુલભાઈ

'સ્વાન્ત સુખાય' – પોતાના સુખને માટે તેમ જ 'જગત: હિતાય' – જગતના કલ્યાણને અર્થે શ્રમનો મહિમા મનુષ્યોએ સ્વીકાર્યો છે. 'સહ વીર્યં કરવાવહૈ' – સૌ ભેગાં મળીને શ્રમ કરીએ, એમ આપણા ઋષિઓ પણ કહેતા. પરંતુ જીવનમાં આળસ વ્યાપી જવાથી, મહાત્મા ટૉલ્સ્ટૉય કહે છે એમ, બીજાની ખાંધ પર બેસીને જરાયે શ્રમ કર્યા વિના મોજીલું જીવન જીવવાની આપણને ટેવ પડી જવાથી તેમ જ ભદ્ર સંસ્કૃતિના નવા ખ્યાલો ઉપજાવીને આપણે શ્રમની પ્રતિષ્ઠાનો વિનાશ કર્યો. શ્રમ કરવો એ હલકું કામ છે, એવી ભૂલ ભરેલી અને જીવનને રૂધી નાખનારી માન્યતા આપણે ઊભી કરી. આ આત્મઘાતી માર્ગમાંથી આપણને બચાવવા આજ લગી અવતરેલા સૌ મહાપુરુષોએ પ્રયત્નો કર્યા છે અને આપણને શ્રમનો મહિમા સમજાવ્યો છે.

વળી આપણી સંસ્કૃતિ આપણને શીખવે છે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની જગતવ્યાપી ભાવના. પરંતુ વિ વન કુટુંબ માનીને જીવવાની એ ઉચ્ચ ભાવના આપણે જીવનમાં મૂર્ત કરી શક્યા નહિ! અરે, આપણા જ દેશના આપણા પાડોશીનાં સુખ:દુખને સમજવા જેટલું હૃદયનું ઔદાર્ય પણ આપણે ગુમાવી બેઠા છીએ! 'સ્વ-અર્થ' સિવાય આપણને કંઈ સૂઝતું જ નથી!

જ્યારે જડવાદ તરફ ઘસડાતા યુરોપ દેશમાં એ વિશ્વવ્યાપી ભાવના કેટલાક વિશાળ હૃદયના તેમ જ શાંતિપ્રિય લોકોમાં મૂર્ત સ્વરૂપે દૃષ્ટિએ પડતી જોઈને આશ્ચર્ય થયા વિના રહેતું નથી. આપણા ગૂજરાતમાં અમદાવાદમાં કલ્યાણ મિલથી વીસેક મિનિટને અંતરે એકાંત સ્થળમાં યુરોપમાથી કેટલાંક ભાઈ-બહેનો આવીને આપણને શ્રમ-યજ્ઞનો જીવન્ત પાઠ આપી રહ્યાં છે. પારકા પ્રદેશમાથી આપણે આંગણે આવેલા એ મહેમાનો આપણી સમીપ ચાલતા જન-હિતકારી કામમાં આપણને આકર્ષે છે, એ કંઈ નાની સૂની વાત ન કહેવાય. આજે હરિજન વગેરે નિર્વાસિતો માટે બંધાતું એ 'ઠક્કરબાપા નગર' શ્રમ-યજ્ઞની પવિત્ર ભૂમિ સમાન બની ગયું છે. એ યુરોપિયન ભાઈબહેનો આપણાં વિદ્યાર્થી ભાઈ-બહેનો સાથે ભળી જઈને એકરાગતાથી શ્રમ કરી રહ્યાં છે. એનું દર્શન કરવું અને તેમની સાથે કામ કરવું એ જીવનની ધન્યતા જ છે.

૧૯૨૦માં હોલેન્ડમાં મિ. પીએરી સેરેસોલે 'ઈન્ટર નેશનલ ફેલોશપ ઑફ રિકન્સલીએશન' પરિષદમાંથી 'ઇન્ટર-નેશનલ વોલંટરી સર્વિસ ઑફ પીસ'ની સ્થાપના કરી. એના સભ્યોએ યુદ્ધ દરમિયાન ફ્રાન્સનાં નાશ પામેલાં ગામડાંનાં મકાનોની મરામત કરી હતી. સમય જતાં સ્વિટ્ઝર્લૅન્ડમાં 'સર્વિસ સિવિલ ઇન્ટરનેશનલ'– S. C. I. – નો જન્મ થયો. સ્વિટ્ઝર્લૅન્ડ અને ફ્રાન્સમાં પૂર, ધરતીકંપ વગેરે કુદરતી આફતો જે સ્થળોમાં આવી પડતી ત્યાં સ્થાનિક સત્તાવાળાઓ પહોચી શકતા ન હોય તે વખતે S. C. I. ના સભ્યોએ સેવા બજાવી હતી. ૧૯૨૦થી ૧૯૩૩ સુધીમાં યુરોપના ઘણા ભાગોમાં આ ટુકડીએ સેવાકાર્ય કર્યું હતું. એમાં યુરોપના બાવીસ જેટલા દેશોના સભ્યો હતા.

૧૯૩૪માં બિહારના ભૂકંપ અને જળ-પ્રલય વખતે આ સંસ્થાના સ્થાપક મિ. પીએરી સેરેસોલ પોતાની સાથે બે મદદનીશોને લઈને હિંદ આવ્યા અને તેમણે કૅાંગ્રેસ તેમ જ સરકારના સહકારથી જળ-પ્રલયથી નાશ પામેલાં ગામડાં ફરીથી બાંધવામાં સહાય કરી. 'શાંતિપુર' નામનું ગામ તેમની સેવાનું જીવન્ત પ્રતીકસમું રહેશે. ૧૯૪૫ની પાનખર ઋતુમાં મિ. પીએરીનું અવસાન થયું. તેમના અવસાનથી યુરોપે તેમ જ સૌ દેશોએ એક મહાન શાંતિચાહક અને શાંતિસર્જક ગુમાવ્યો! મિ. પીએરી અને ગાંધીજી વચ્ચે ઘણા વખત સુધી પત્રવ્યવહાર ચાલ્યો હતો. ૧૯૩૨માં તે ગાંધીજીને મળ્યા પણ હતા.

આસામના ધરતીકંપ પછી રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના નિમંત્રણને માન આપીને મિ. ઑપ્લીગરની નેતાગીરી હેઠળ ૧૪ જેટલા યુરોપવાસીઓ જાન્યુઆરી ૧૯૫૧માં હિંદ આવ્યા. એમાંથી આઠ જણ હિંદમાં રહ્યા અને છ પાકિસ્તાન ગયા.

પ્રથમ આ ટુકડીને હિંદમાં શું કામ કરવું એ નિશ્ચિત ન હતું. પણ તેમના આવ્યા બાદ ઉત્તર લખીયપુરામાં તેમણે સુરીઆગુરીમાં નિશાળના બાંધકામનું કાર્ય શરૂ કર્યું. શિક્ષકો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓએ તેમને સહકાર આપ્યો. એપ્રીલ માસમાં તેમણે તે કામ પૂરું કર્યું.

ત્યાર પછી ફરીદાબાદમાં પણ તેમણે રાહતનું આદર્શ કાર્ય કર્યું. બાળકોને સ્વચ્છ રાખવાં, બળિયા ટાંકવા, બાળકોને રમકડાં બનાવતાં શિખવાડવા તેમ જ તેઓને ઉપયોગી માહિતી આપવી વગેરે તેમણે અનેક કાર્યો કર્યાં. એ ઉપરાંત તેમણે સબ-પાવર-સ્ટેશન પણ બાંધ્યું હતું.

હવે તેમણે અમદાવાદમાં કલ્યાણ મિલ પાસે હરિજન વગેરે નિર્વાસિતો માટે બંધાતા 'ઠક્કરબાપા નગર'માં ખાસ કરીને શાળા અને દવાખાનાનાં મકાન બાંધવાનું કામ હાથમાં લીધું છે. એ ઉપરાંત જાહેર ઉપયોગ માટે પાણીની ટાંકી, ચૂનાની ઘંટી વગેરે બાંધવામાં તેમ જ દૂરથી માટી લાવી પાયા પૂરવામાં તથા બીજા કામમાં પણ સહકાર આપી રહ્યા છે. હાલ ત્યાં મિ. ઑપ્લીગર, મિ. જુસી, મિ. બૅન્ટ અને મિસ જોન રહે છે. મિ. ઑપ્લીગર (Pierre Oppliger) સ્વીટ્ઝર્લૅન્ડના વતની છે. તે સારું જ્ઞાન ધરાવતા શિક્ષક છે. તેમની વય આશરે ચુમાલીસ વર્ષની છે. તેમની દોરવણી નીચે Work camp—શ્રમ-યજ્ઞનું કામ થાય છે. મિ. જુસી (Jussi Keinanen) ફિન્લૅન્ડના છે. તે ત્યાંના ખેડૂત છે. તેમની વય પચીસં વર્ષની છે. ખૂબ જ ઉત્સાહી યુવક છે. મિ. બેન્ટ (Bent Thygesen) ડેન્માર્કના છે. ચાર વર્ષ વહાણના બાંધકામ અંગેનું શિક્ષણ લીધું હતું. તેમની ઉમર પણ આશરે પચીસ વર્ષની છે. ખૂબ ઉત્સાહી અને આનંદી યુવાન છે. હાલ તેમની તબિયત સારી ન હોવાથી હોસ્પિટલમાં છે. મિસ જોન (Joan Alsford) ઇંગ્લૅન્ડનાં છે. બૉટની અને ઝૂઓલૉજીનાં સ્નાતિકા છે અને શિક્ષિકા તરીકે કામ કરતાં હતાં. તેમની વય આશરે ત્રીસેક વર્ષની છે. રસોડાની તેમ જ ઘરકામની બીજી બધી વ્યવસ્થા એ બહેન સંભાળે છે.

આ Work-camp – શ્રમ યજ્ઞમાં અમદાવાદના વિદ્યાર્થી મંડળ તરફથી વિદ્યાર્થીઓની ટુકડી એક અઠવાડિયા માટે મોકલવામાં આવે છે. શાળા – મહાશાળાનાં તેમ જ વિદ્યાપીઠ વગેરે સંસ્થાનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ખૂબ ઉત્સાહથી તેમના કાર્યમાં સાથ [અનુસંધાન પૃ૦ ૨૬૫ મે પાને]



ભાઈશ્રી

[illegible] મારફતે તમારો કાગળ મને [illegible] [illegible], મોડો મળ્યો છે.

ગ્રામઉદ્યોગ [illegible] દરેક [illegible] [illegible] ગામડાંમાં [illegible] નથી. અત્યારે તમારા ૨-૪ પ્રશ્નોનો નાનો જવાબ આપવા ઘણું નથી રહ્યું. બધાં જેને ફાવે ત્યાં કામ કરે. કોઈ [illegible] [illegible] નરહરિ કે ચરખાસંઘ [illegible] તો તે છોડી બીજું ગામ શોધે.

આમ સ્વેચ્છાએ ગામડાંમાં સેવાવૃત્તિથી જાય

એની કલ્પના છે: સેવા
પુરતું શરીર નભાવવાનો
તેનો ધર્મ છે એટલે
તેટલી સગવડો
મેળવી લેવાનો તેનો
અધિકાર રહે. આમ
કરતાં ગામડાંના
છૂટ ગરીબ અને
સેવકના [illegible]
માં અંતર ન હોઈ શકે
પણ મારા [illegible]
[illegible] ગામવાસી
બધા સેવકનો દ્વેષ
ન કરતા. આવું
યાદ રાખવાની
જરૂર છે સેવક
સ્વાર્થત્યાગી હોય,
સ્વાદનો સ્વચ્છંદ
ન માણે, શરીરનો
સ્વચ્છંદ ન માણે કે
જેથી એની સેવામાં

વગાડ્યા કરે. આની
રહુ ધિ હવા છતાં
કાંઈ અવાજની ટકા
ખાય તો તરસ હળ
કરવા લાયક છે. તો
વહુઅવહારો ખાતર
ગામડાંમાં ~~વરહૂંઠ~~ પવિત્ર વસ્તુ
મેવો ઘરે શાકાય. શાક,
ફળ ને ફૂલ ગામડાંમાં
પેદા થતી શાકભાજી.
આંબે, કરમદાં, રાયણ,
મહુડાં ફૂલમાં ગળપણ,
ખેતરમાં ઉગતી મગફ
માળુમાં પાકંથી
ખાવા ખાતર હોય છે
તો એ હાલત સમજાવે
ને વીગતવાર આપશે
આ પણ ભૂગોળ નથી?
હું પોતે એવી બાળુ
જતભાડે ખાળ રહ્યો છું.
ગામડાંમાં ગાયન અણ

રીતે ખપાવે કે તે
પોતાનું ખર્ચ ઉપાડી
લેય. આ પ્રયોગોમાં
સિદ્ધ નથી થયો. મારી
આશા પણ છોડી નથી કે
જો ગ્રામવાસીઓ
પ્રયત્ન કરે તો બે
આના રોજ મેળવે
ને તેઓ પણ ખાઈ
શકે. મન લાગે તો
ઉપર તમારે બધા
અનુભવોનો લાભ આપીજો

વર્ધા ૨૫ ૬/૩૪ મો. ક. ગાંધી

[૧૯૩૦ના સત્યાગ્રહ સંગ્રામની રણભેરી સાંભળીને શાળા છોડી સત્યાગ્રહમાં જોડાયેલા સૌરાષ્ટ્રના જુવાનો પૈકી થોડા ભાઈઓ ૧૯૩૫માં સત્યાગ્રહ સંગ્રામ મોકુફ રહ્યા પછી એ વખતના કાઠિયાવાડના એક દેશી રાજ્યના ગામડામાં ગ્રામસેવા કરવા બેસી ગયા.

સત્યાગ્રહ સંગ્રામમાં ચાર વરસ સુધી આ જુવાનોના મનમાં તો એક જ વિચાર ઘોળાયા કર્યો હતો અને એ અંગ્રેજોને આ દેશમાંથી હટાવી સ્વરાજની સ્થાપના કરવાનો. દેશી રાજ્યના ગામડામાં રચનાત્મક કામ કરતાં કરતાં આ જુવાનોના મનમાં એક પ્રશ્ન ઊભો થયો. દેશી રાજ્યોમાં રચનાત્મક કામ કરવાથી લોકોમાં શકિત પ્રગટે, તોપણ એ શકિત અંગ્રેજી અમલનો અંત આણવામાં શું ખપ આવી શકે?

ગામડામાં રહેવાનું શરૂ કર્યા પછી સહેજે એમને બીજો એક અનુભવ થયો. એમણે જોયું કે સેવાભાવથી ગામડામાં ગયા હોવા છતાં એમની અને ગ્રામવાસીઓની રહેણીકરણીમાં ઘણું મોટું અંતર હતું. જીવનની આવશ્યક જરૂરિયાતો પણ ગામડાની ગરીબીમાં વૈભવ લેખાતી હતી. એટલે એમના મનમાં બીજો પ્રશ્ન એ ઊભો થયો કે, ગ્રામસેવકે ગામડામાં ગામની સેવા માટે રહેવું હોય તો કઇ રીતે રહેવું? એની રહેણીકરણી કેવી હોવી જોઈએ? એનું જીવન ધોરણ કઈ જાતનું હોવું જોઈએ?

આ પ્રશ્નોનો સંતોષકારક ઉત્તર મેળવવા માટે આ જુવાનો પૈકી એક ભાઈએ પૂ૦ રવિશંકર મહારાજને એક પત્ર લખ્યો. પૂ૦ રવિશંકર મહારાજે એ પત્ર પૂ૦ સરદાર સાહેબને મોકલ્યો. પૂ૦ સરદાર સાહેબે એ પત્ર ઉત્તર માટે પૂ૦ બાપુને મોકલ્યો. બાપુએ એ પ્રશ્નોનો આ પ્રમાણે ઉત્તર આપ્યો.]

ભાઈશ્રી,

સરદાર સાહેબે તમારો કાગળ મને જવાબ સારુ મોકલ્યો છે.

ગ્રામઉદ્યોગને સારુ દેશી કે બ્રિટિશ ગામડામાં ભેદ નથી. એટલે તમારા ૨–૫ પ્રશ્નોનો નોખો જવાબ આપવાપણું નથી રહેતું. જ્યાં જેને ફાવે ત્યાં કામ કરે. કોઈ જગ્યાએ સત્તા તરફથી કંઇ અટકાયત થાય તો તે છોડી બીજું ગામ શોધે.

ગ્રામ-સેવક ગામડામાં સેવાવૃત્તિથી જાય એવી કલ્પના છે. સેવા પૂરતું શરીર જાળવવાનો તેનો ધર્મ છે. એટલે તેટલી સગવડો મેળવી લેવાનો તેનો અધિકાર છે. આમ કરતાં ગામડાના છેક ગરીબ અને સેવકના રહનસહનમાં અંતર તો હશે જ. પણ મારો અનુભવ એવો છે કે, ગામવાસી ખરા સેવકનો દ્વેષ નથી કરતા. આટલું યાદ રાખવાની જરૂર છે કે, સેવક સાચો ત્યાગી હોય, સ્વાદને સારુ કંઈ ન ખાય, શોખને સારુ કંઈ ન ખરીદે કે લેય અને સેવામાં તન્મય રહે. આવી શુદ્ધિ હોવા છતાં કોઈ સેવકની ટીકા થાય તો તે સહન કરવા યોગ્ય છે. મે સૂચવેલો ખોરાક ગામડામાં પરિશ્રમથી મેળવી શકાય. શાક, ફળ ને દૂધ ગામડામાં પેદા કરી શકાય છે. બોર, કરમદાં, રાયણ, મહુડાં ફળમાં ગણાય. ઘાસમાં ઊગતી અનેક ભાજીઓ કાચી ખાવા લાયક હોય છે, તે જ્ઞાનને અભાવે ને વીણવાને આળસે આપણે મેળવતા નથી. હું પોતે એવી ભાજી અત્યારે ખાઈ રહ્યો છું. ગામડામાં ગાય એવી રીતે પળાય કે તે પોતાનું ખર્ચ ઉપાડી લેય. આ પ્રયોગ મેં સિદ્ધ નથી કર્યો. મારો એવો પણ અભિપ્રાય છે કે, ગ્રામવાસીઓ પ્રયત્ન કરે તો જે ખોરાક સેવક ખાય તે તેઓ પણ ખાઇ શકે. મને લાગે છે કે, ઉપર તમારા બધા સવાલોના જવાબ આવી જાય છે.

વર્ધા, ૧૬–૮–૩૫ મો. ક. ગાંધી

શ્રમ-યજ્ઞની પ્રતિષ્ઠા [અનુ૰ પૃ૰ ૨૬૦થી ચાલુ]

આપી રહ્યાં છે. ખૂબીની વાત તો એ છે કે, આ યુરોપવાસી મહેમાનો આપણી રસોઈ જમે છે. મિસ જોન સિસ્ટર આપણી રીત પ્રમાણે જ રસોઈ બનાવે છે અને આપણી રસોઈ શીખવા તેમ જ સાથે સાથે હિંદુસ્તાની ભાષા શીખવા ખૂબ ઉત્સાહ દાખવે છે.

એ સૌ અહીંના કામમાં ખૂબ જ એકરૂપ બની ગયાં છે. એ વિશેનું એક ઉદાહરણ બસ થશે. મિ. ઓપ્લીગરની તબિયત સારી ન હતી. સખત તાપમાં આખો દિવસ કામ કરતા હોવાથી માથું સખત દુખતું હતું. સવારે જઈને મેં પૂછ્યું: “મિ. ઓપ્લીગર, રાત્રે ઊંઘ આવી હતી કે?” ઓપ્લીગર બોલ્યા: “અસ્ખલિત ઊંઘ આવી ન હતી. સ્વપ્નાં જ વારે વારે આવતાં હતાં અને આખો વખત હું ખોદ, ખોદ, ખોદ કર્યા કરતો હતા. all the while I was digging, digging, digging.”

આ સાંભળીને મને તુકારામના એક અભંગનું સ્મરણ થયું:

‘જાગૃતીં સ્વપ્નીં પાંડુરંગ.’

એ સૌના સમાગમથી આપણને શ્રમની અનેરી પ્રેરણા મળે છે અને શ્રમ કરીને સૌ લોકો એક જ પિતાનાં સંતાન છે, કોઇ ઊંચ નથી કે કોઈ નીચ નથી, કાળાગોરાનો ભેદ નથી એવી ઉચ્ચ ભાવનાનું આપણને દર્શન થાય છે અને તેમની સાથે ભળતાં આપણને થઈ આવે છે કે, ખરેખર ‘અત્રૈવ વિશ્વં ભવત્યેકનીડમ્’ અહીં આખું વિશ્વ એક માળો જ બની રહે છે અને આપણું મન ગાઈ ઊઠે છે:

‘એક જ માળાનાં પંખી અમે સૌ,
એક જ માળાનાં પંખી!’

ચિત્તની સમતા

શ્રી કેદારનાથજી

માણસે સમય જોઈને વર્તવું જોઈએ. તે માટે આપણામાં વિવેક, સમયસૂચકતા, તારતમ્ય, પ્રસંગાવધાન, સંયમ, સહનશીલતા વગેરે અનેક સદ્‌ગુણોની જરૂર છે.

એ બધા હોઈનેયે આપણે સમજી રાખવું જોઈએ કે, આપણે કેટલાયે સંભાળીને અને નિયમિતપણે વર્તીએ અને આપણામાં પ્રેમ, ઉદારતા વગેરે સદ્‌વૃત્તિઓ કેટલાંયે પ્રમાણમાં હોય, તોપણ આપણને દુઃખના પ્રસંગો આવવાનો સંભવ છે. કારણ કે સુખદુઃખ એ કેટલીયે વાર કેવળ પરિસ્થિતિનું અને સંયોગોનું પરિણામ હોય છે. આપણા એકલાના વર્તન સાથે તેનો કદી કદી કશો સંબંધ જ નથી હોતો. આપણા વર્તનનું તે પરિણામ હોતુ નથી, તો પણ આપણે તે પરિણામ સહન કરવું પડે છે.

એ વખતે આપણે વિવેકથી અને તારતમ્યથી વર્તવું જોઇએ અને સહનશીલ થઇને દુઃખની તીવ્રતા ઓછી કરી ચિત્તની સમતા રાખવી જોઇએ. તે પ્રમાણે કોઈ કોઇ વાર આપણો કાંઈ પ્રયત્ન ન હોય અને આપણી પાત્રતા ન હોય, છતાંયે સુખના પ્રસંગો પણ આવે છે. તે વખતે આપણે સાવધપણે વિચારપૂર્વક વર્તવું જોઈએ. દુઃખના પ્રસંગે ઉદ્વેગ ન પામતાં અને સુખના પ્રસંગે હર્ષમગ્ન ન થતાં આપણને આપણું ચિત્ત વિવેકથી સમ રાખતાં આવડવું જોઈએ.

જીવન હંમેશ એકસરખું કદાપિ નહીં હોવાનું. પરિસ્થિતિ, સંયોગ, કાર્યની વિવિધતા, કર્તવ્યના વધતા ઓછા વિકટ પ્રસંગો, તે જ પ્રમાણે આપણી અને બીજાની જરા, વ્યાધિ, મૃત્યુ એ અવસ્થાઓ, ઘરની અને બહારની અડચણો, તો કદી જન્મ-લગ્ન જેવા આપણા કુટુંબના આનંદ-ઉત્સવના પ્રસંગો, કદી કઠણ પ્રવાસ તો કદી માન-અપમાનના સાર્વજનિક પ્રસંગો, કદી સજજન સાથે તો કદી દુર્જન સાથે યોગ, કદી બીજાના તો કદી પોતાના મનની કમજોરી, કદી વસ્તુઓની વિપુલતા તો કદી દુર્મિલતા, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, મોટું પૂર, રોગચાળો, સુકાળ, દુકાળ, ભૂકંપ, હુલ્લડો એવા આસમાની-સુલતાનીના પ્રસંગો, સારાંશ, કદી કાંઈ તો કદી કાંઈ જેવા સુખદુઃખનો યોગ માનવીજીવનમાં ચાલુ હોવાનો જ. આ બધામાં પોતાનું ચિત્ત સમ રાખવાનું સાધી શકાય તો જીવનમાં બધું જ સાધ્યુ એમ સમજવું.

હિંદુ ધર્મ એટલે શું?

એક ભાઇએ વિનોબાજીને પૂછયું:
"હિંદુ ધર્મની વ્યાખ્યા શી?"
વિનોબાજીએ પંચસૂત્રી વ્યાખ્યા કરી:—

૧. જાતમહેનતથી તમારો રોટલો કમાઓ; કદી જૂઠું બોલશો નહીં.
૨. પાડોશીની સેવા કરો.
૩. ગોસેવા કરો.
૪. ઊઠતાં અને સૂતાં પહેલાં ઈશ્વરનું સ્મરણ કરો અને રામનામ લો.
૫. કોઇની સાથે વેર કરો નહીં.

વીર શહીદ જોજી રિજલ

મુકુલભાઈ

એશિયા ખંડમાં દક્ષિણ ચીન સમુદ્રમાં ફિલિપાઇન નામના ટાપુઓ છે. એક વખત એ ટાપુઓ સ્પેન દેશના તાબામાં હતા. તેથી ત્યાંના લોકોને પોતાની માતૃભાષા, પોતાનો ધર્મ અને પોતાની રહેણીકરણી છોડી દઇને સ્પેન દેશની ભાષા, ધર્મ અને રહેણીકરણીનો સ્વીકાર કરવો પડયો. ફિલિપાઈનના લોકોને પરદેશી આપખુદ અમલ જરાયે ગમતો ન હતો. તેથી લોકોએ આઝાદી મેળવવા પ્રચંડ ચળવળ શરૂ કરી.

તે વખતે જોજી રિજલ નામે એક મોટો ક્રાંતિકારી માણસ ત્યાં થઈ ગયો. જોજી રિજલને પોતાના દેશબાંધવોની દુર્દશા જોઇને ખૂબ જ દુઃખ થતું. કેટલાયે નિર્દોષ માણસોની હત્યા, બહેનોનું અપમાન અને અનીતિભર્યો વર્તાવ આ બધું જોઇને તેની આંખમાં આંસુ ભરાઈ આવતાં અને આ દુઃખ તેને અસહ્ય થઈ પડતું. તેથી જોજી રિજલે યુવાનોનું સંગઠન કરવા સંસ્થા સ્થાપી, સમાચારપત્રો પણ કાઢ્યાં અને તે ઠેર ઠેર ભાષણો કરી લોકોને જાગ્રત કરવા લાગ્યો.

સ્પેનના સત્તાધીશોને આ વાત કયાંથી ગમે? એ લોકોએ જોજી રિજલને પકડવાનો વિચાર કર્યો. એ વાતની રિજલને જાણ થતાં તે છાનોમાનો ફ્રાંસ ચાલ્યો ગયો. અને ત્યાં કાયદાનો અભ્યાસ કરવા લાગ્યો. વળી ત્યાં રહીને તેણે એક નવલકથા લખી. તેમાં તેણે સ્પેન સરકારના અત્યાચારોનું સાચું નિરુપણ કર્યું. આ પુસ્તક ફિલિપાઈનમાં ઘેર ઘેર વંચાવા લાગ્યું અને લોકો વધારે જાગ્રત થવા લાગ્યા. સ્પેન સરકારે તેના પર પ્રતિબંધ મૂકયો, પણ લોકો તે વાંચ્યા વિના રહે ખરા

આ પુસ્તકના પ્રચારથી જોજી રિજલને વધુ પ્રોત્સાહન મળ્યું. તેણે બીજી નવલકથા લખી અને તે પહેલી કરતાં વધારે ઉત્તમ બની. તે પુસ્તકે તો લોકોમાં સ્પેન લોકોનાં અન્યાયી કૃત્યો તરફ તિરસ્કારની લાગણી જગાડી. સ્પેનના સત્તાવાળાઓ જોજી રિજલને પકડવા ઊંચાનીચા થતા હતા.

ફ્રાન્સના કાયદાનો અભ્યાસ પૂરો થતાં તે નીડરતાથી પોતાના દેશમાં પાછો ફર્યો. પણ સરકાર તેને છૂટો શી રીતે રાખે? આખા દેશમાં તે આગ જ ફેલાવી દેને? એટલે જોજી રિજલે જેવો ફિલિપાઈનની ભૂમિ પર પગ મૂકયો કે તરત જ ત્યાંની સ્પેન સરકારે તેને કેદ કર્યો અને તેના પર નામનું કામ ચલાવી તેને ફાંસીની સજા ફરમાવી!

સ્પેનના લશ્કરે તેને આખા શહેરમાં ફેરવ્યો અને પછી કિલ્લાની સામેના મેદાનમાં તેને ખડો કરવામાં આવ્યો. કપ્તાને તેને કહ્યું, "તમને ગોળીથી ઠાર કરવાનો મને હુકમ મળ્યો છે. તમે સામેથી ગોળી ખાવાનું પસંદ કરો છો કે પાછળથી?"

જોજી રિજલે મક્કમપણે જવાબ આપ્યો: "સામેથી."

પણ કપ્તાન બોલ્યો: "હું દિલગીર છું! મને તો તમને પાછળથી ગોળી મારવાનો હુકમ મળ્યો છે."

જોજી રિજલે કહ્યું: "તો પછી તમને જે પ્રમાણે હુકમ મળ્યો છે એ રીતે જ કરો."

કપ્તાન ભલો માણસ હતો. તેણે ધીમેથી પ્રેમાળ અવાજે જોજી રિજલને પૂછ્યું, "રિજલ, જો તમારે કોઈને તમારો અંતિમ સંદેશો કહેવાનો હોય, તો મને કહો. હું તે જરૂર પહોંચાડીશ."

જોજી રિજલે તેનો આભાર માનીને કહ્યું, "ભાઈ, મારા દેશબાંધવોને મારો આટલો અંતિમ સંદેશો કહેજો કે, 'જરૂરિયાતના કદી ગુલામ ન બનશો.' બસ એટલું જ. હવે તમે ખુશીથી તમારું કામ કરો."

થોડી વારમાં બંદૂકમાંથી ગોળી છૂટવા લાગી અને જોજી રોજિલ હસતે મુખે ગોળીઓ ઝીલતો દેશને ખાતર પ્રાણ અર્પતો આ દુનિયા છોડીને ચાલ્યો ગયો!

મનનો નિગ્રહ!

મલેક દિનાર નામે એક સંત હતા. ઘણાં વર્ષો સુધી તેમણે મિષ્ટાન્નનો ત્યાગ કર્યો હતો. તે રોજ સાંજે રોટી વેચનારની દુકાને જતા અને એકલી રોટી ખરીદી લાવતા. પછી રોટી બને પાણી લઈને પોતાનું ગુજરાન ચલાવતા. આ રીતે તે સાદાઈભર્યું જીવન પસાર કરતા હતા અને તેમને સુખ અને આનંદ પણ એમાંથી મળી રહેતાં હતાં.

એક વાર તે બીમાર પડ્યા. માંદગીમાં તેમને એક નબળો વિચાર આવ્યો: "મિષ્ટાન્ન ખાવા મળે તો કેવું સારું?" પણ બીજી જ ક્ષણે તે સાવધ થઈ ગયા. પરંતુ મન તો એવું ચંચળ અને હઠીલું છે કે, જે વસ્તુનો આપણે ત્યાગ કરવા માગીએ તે જ આપણને વધારે ને વધારે આકર્ષક લાગે છે! ગીતાજીમાં સાચું જ કહ્યું છે:

"મન ચંચળ તો, સાચે, રોકવું કપરું અતિ."

એવી જ સ્થિતિ મલેક દિનારની પણ થઈ. ઘણા દિવસ ધીરજ રાખી, મનને ખૂબ સમજાવ્યું. પણ મિષ્ટાનની લાલચને તે રોકી શક્યા નહિ.

તેથી એક દિવસ બજારમાં જઈને મીઠાઈ ખરીદી તે ઘર તરફ જવા લાગ્યા. થોડેક દૂર ગયા પછી મલેક દિનારે પેલી મીઠાઈ પડીકામાંથી બહાર કાઢીને ત્રણ વાર સૂંઘી જોઈ. પછી ઊંડો નિસાસો નાખી તે બોલ્યા: "અરે મનડા! તારે માટે આટલો જ ભોગ બસ છે!" એમ કહીને તે મીઠાઈ એક ભિખારીને આપી દીધી.

રસ્તે જતાં ગંભીરતાથી તે બોલ્યા: "અરે મહા દુર્બળ મન! તને નિયમમાં રાખીને હું તને જે ક્લેશ આપી રહ્યો છું. તે તારા તરફ મને વેરભાવ છે, એમ તું માનતો ના. પરંતુ એ હું મિત્રભાવે જ કરું છું. હજુ તારે ધીરજ ધરવી રહી અને સાચા મારગને તું સમજ. મને પૂરેપૂરી ખાતરી છે કે, એક દિવસ તું જરૂર સાચી વસ્તુ સમજી શકશે અને અવિનાશી સુખને પામીશ."

આ પ્રમાણે મનનો નિગ્રહ કરવો એ સંતપુરુષો માટે પણ ખૂબ જ આકરી કસોટી છે. કબીરજીએ પણ કહ્યું છે: "મન! તોહે કેહિ વિધ કર સમઝાઉં!" વળી નિષ્કુળાનંદજીએ પણ યથાર્થ જ ગાયું છે:

"ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરીએ કોટી ઉપાયજી;
અંતર ઊંડી ઇચ્છા રહે, તે કેમ કરીને તજાયજી?"



જનસેવામાં પામીશું પ્યારા રામ રામ રામ!

પરમેશ્વર એવા લોકોથી નારાજ રહે છે જે તેનું નામ તો લે છે પણ કામ નથી કરતા. તેનું કામ શું છે? તેને કામની જરૂર શા માટે છે? તે તો પૂરી રીતે બેદરકાર છે. પણ જે લોકો તેનાં બાળકોની સેવા કરે છે તો પરમેશ્વર તેની સેવા કરે છે. જે લોકો એવું નથી કરતા, દિલમાં દયા નથી ધરાવતા તેનાથી પરમેશ્વર સાચે જ નાખુશ રહે છે. જો કોઈ તેનું નામ પણ ન લેતું હોય–નાનાં બાળકો માનું નામ ક્યાં લઈ શકે છે?–પણ તેનું કામ કરે છે, તો તે ખુશ થાય છે. અને તે ખુશ થાય છે તો તેની ઓળખાણ પણ થાય છે અને આપણા દિલમાં શાંતિ થાય છે. જાતપાતનો ભેદ રાખ્યા વગર જ્યાં આવી સેવાનું કામ થાય છે ત્યાં જ સાચું મંદિર અથવા મસ્જિદ છે. પરમેશ્વરના નિવાસનું એ જ સ્થાન છે.

પરમેશ્વરનું ન તો રૂપ છે ન નામ! પણ આપણે આપણા સંતોષને માટે નામ–રૂપ આપીએ છીએ એમ વિચારીએ તો દુનિયામાં બધાં નામ–રૂપ તેનાં જ છે અથવા તેનાં કોઇ નામ–રૂપ નથી. મનુષ્ય એનો જ આશરો લઇ પોતાના જીવનને શુદ્ધ અને પવિત્ર બનાવે છે. મુસલમાનોમાં પરમેશ્વરને હંમેશાં રહેમાન અને રહીમ કહે છે તે દયાળુ છે, કૃપાળુ છે. પરમેશ્વરનાં અગણિત નામોમાંથી કયાં કયાં નામોનો જપ કરવો? પણ દયાળુ અને કૃપાળુ આવાં નામ સહેજમાં સૂઝે છે.

કુરાનમાં એક જગ્યાએ આવ્યું છે કે, 'તું, કયારેક અલ્લાનું તો કયારેક રહેમાનનું નામ લે છે, તો શું એ બંને જુદા જુદા છે?' ત્યારે મહમદે સમજાવ્યું કે, અલ્લા અને રહેમાન બંને નામ એક જ પરમેશ્વરનાં છે; જે પૂર્ણ દયાળુ છે તે જ પરમેશ્વર છે; જે પરમેશ્વર છે તે જ પૂર્ણ દયાળુ છે. જો આપણે આપણી દયાને વધારતા જઇએ, કાલથી આજે વધારે, આજથી કાલે એથી વધારે, એ રીતે જો આપણી દયા વધતી જાય ત્યારે એક દિવસ એવો આવશે જ્યારે આ શરીર કદાચ ન ટકી શકે અને આપણે પરમેશ્વરની એકદમ પાસે પહોંચી જઇએ. પૂરી દયાનું નામ જ પરમેશ્વર છે.

ખાસ કરીને આપણે જો આપણું દિલ તપાસીશું તો દેખાશે કે તે ઘણું સખત છે. આપણે ઘણાઓનો ઉપકાર લીધો છે. નાની ઉંમરમાં કેટલાઓએ આપણી ઉપર ઉપકાર કર્યો છે, કેટલું ભરીભરીને મેળવ્યું

છે. જેણે આપણને આટલી બધી જીવન ઉપયોગી વસ્તુ બક્ષી છે અને આપ્યે જાય છે તે પરમેશ્વર કેટલો અપાર દયાળુ છે. છતાં પણ આપણું દિલ નરમ નથી બનતું. આપણે પથ્થર સમાન રહીએ છીએ.

માટે સેવાનાં કામ આપણે કરતાં રહેવું જોઈએ અને પથ્થર સમાન દિલને દિવસે દિવસે નમ્ર બનાવતાં રહેવું જોઈએ, તેને કોમળ બનાવતા રહેવું જોઈએ. જ્યાં તે કોમળ બન્યું કે ત્યાં પરમેશ્વર વસી જશે. અને પછી જો આપણા અંતઃકરણમાં આપણે જોઈશું તો તેની છબી દેખાશે. ત્યાર પછી આપણું શરીર તે આપણું નહીં રહે, તે દયા અને રહેમથી રોશન બનશે. આપણા હાથ, આપણું મન બધુંય દયાથી પરિપૂર્ણ રહેશે. આપણા મોઢેથી જે કોઈ શબ્દ નીકળશે તે બધાંને સુખ આપનાર, કોઈના દિલને ન ખટકનાર અને દરેકના હૃદયને પોતાની તરફ ખેંચી લેનાર જ નીકળશે. સુખથી નીકળનાર શબ્દ, શબ્દ નહીં હોય, અમૃતબિંદુ હશે.

આ બધો અનુભવ ત્યારે આવી શકે છે જ્યારે આપણે સેવાનું કામ કરતા જઇએ છીએ અને એમાં પોતાની જાતને ભૂલી જઈએ છીએ.

સરદારશ્રીની વાણી

સ્વરાજ્ય ઇચ્છનાર પ્રજા પ્રજામતના કોઈ પણ પક્ષનો અનાદર કરી શકતી નથી.

વિરુદ્ધ વિચારનો પક્ષ જેમ નાનો હોય તેમ તે પક્ષને વધારે વિનયથી સાંભળવાની અને તેના ઉપર વધારે શાંતિથી વિચાર કરવાની જરૂર છે.

× ×

આપણે એકબીજાનું કાપવામાં આપણી શક્તિ અને બુદ્ધિનો ઉપયોગ કરીએ છીએ, મતભેદ સહન કરી શકતા નથી, તેમાં પ્રામાણિકતા જોઈ શકતા નથી. એકબીજાના ઉપર આક્ષેપો મૂકી વિખવાદ વધારીએ છીએ. આ સ્થિતિમાં બિચારી ભોળી પ્રજા મૂંઝાય છે અને સાચો માર્ગ જોઈ શકતી નથી.

× ×

હિંદુસ્તાનની અધોગતિ થવા દેવી કે આ સમયે કમર કસીને તેને પડખે ઊભા રહેવું તે આગેવાનોના હાથમાં છે.

× ×

ગટરમાં ગંગાજળના ચાર છાંટા નાખવાથી ગટર થોડી જ પવિત્ર થવાની હતી?

× ×

માણસ હોઈ હું પણ ભૂલથી ભરેલો છું.

× ×

આપણા છોકરાઓને આપણી પર જુલમ કરવા નહીં, પણ પ્રજાની સેવા કરવા લાયક થાય તેવું શિક્ષણ આપો.

× ×

ધર્મ માત્ર મંદિરમાં જવામાં જ નથી, પરવડીમાં કબૂતરને દાણા નાખવામાં કે કીડીને લોટ નાંખવામાં જ સમાઈ જતો નથી. લાંખો માણસો કપડાં વિના દુઃખી થાય છે, તો આપણો ધર્મ પહેલો તો એ છે કે ઘેર ઘેર રેંટિયા ચાલુ કરવા જોઈએ.

× ×

દુઃખનો ઇલાજ હાથમાં આવ્યા પછી દુઃખનાં રોદણાં રડવા ભેગા થવું એથી તો દુઃખ નાશ થવામાં વિલંબ જ થાય.

× ×

સારાસારનો વિવેક

મહાસતી ઉજ્જવળકુંવરજી

એક માણુસ ઝવેરાતનો વેપાર કરતો હતો. કોઈ દિવસ મનુષ્યની સ્થિતિ સારી હોય છે તો કોઈ દિવસ ખરાબ પણ થઈ જાય છે. રાત્રિ પછી દિવસ અને દિવસ પછી રાત્રિ આવ્યા જ કરે છે. તેથી મનુષ્યે દુઃખથી ગભરાવું ન જોઇએ અને સુખથી પ્રસન્ન થવું ન જોઈએ. બંને અવસ્થામાં સમભાવ રાખવો જોઇએ. ગીતાજીમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ દર્શાવતાં કહ્યું છે:

'દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ।
વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥'

દુઃખમાં જેનું મન ઉદ્વેગ નથી પામતું અને સુખમાં મોહ નથી પામતું, જેના મનમાંથી રાગદ્વેષ જતા રહ્યા છે તેને જ સાચો મુનિ કહેવો જોઇએ.

તેથી મનુષ્યના જીવનમાં કઠણમાં કઠણ સમય ભલેને આવે, તોપણ તેણે એને ક્ષણિક સમજી, એનાથી જરા પણ ગભરાવું ન જોઈએ. સારામાં સારી સ્થિતિને પણ તેણે ક્ષણિક સમજીને, તેનો વધુમાં વધુ લાભ ઉઠાવવો જોઇએ; ટૂકામાં, મનુષ્યે સુખમાં છકી જવું નહિ અને દુઃખમાં ડરી જવું નહિ.

તે માણસનો ધંધો પણ સારો ચાલતો હતો. પરંતુ દુર્ભાગ્યે તેનો પણ ખરાબ વખત આવ્યો અને એક દિવસે તેને બહુ નુકસાન સહન કરવું પડયું શેઠના ઘરમાં તેની પત્ની અને નરેન નામે પુત્ર હતો. વેપારમાં ખોટ આવવાથી શેઠના મનને આઘાત લાગ્યો. પછી તો હૃદય બંધ પડી ગયું!

પરંતુ મરતાં પહેલાં શેઠે પોતાની પત્નીને એક નીલમ આપતાં કહ્યું: "આ નીલમ છે. સંભાળીને રાખજે અને જરૂર પડે તો તેનો ઉપયોગ કરજે."

શેઠના મરણ પછી ઘરનું ખર્ચ ચલાવવું મુશ્કેલ થઈ પડયું. એટલે શેઠાણીએ પોતાના પુત્ર નરેનને નીલમ આપતાં કહ્યું: "દીકરા, આ લઈને તું આપણી જૂની પેઢી પર જા અને આપણા મુનીમ પ્રેમચંદજીને કહેજે કે, મારી માએ આ નીલમ વેચવા કહ્યું છે."

નરેન મુનીમ પાસે ગયો. નીલમ તેને આપીને તેણે બધી વાત કહી.

મુનીમ તો નીલમ દેખીને વિચારમાં પડી ગયો. થોડી વાર પછી તે બોલ્યો: "બજારમાં અત્યારે મંદી ચાલે છે. તેથી નીલમ અત્યારે વેચવું વ્યાજબી નથી. આ તું લઈ જા અને તારાં માતુશ્રીને પાછું આપી દે."

નરેને કહ્યું, "કાકા, ઘરમાં ખાવાનું નથી અને તેથી જે ભાવમાં વેચાય તે ભાવે વેચી નાખો."

મુનીમ—એમ હોય તો દુકાનમાંથી પાંચસો રૂપિયા લઈ જા અને ઘરનું ખર્ચ ચલાવો. પરંતુ કાલથી તું રોજ દુકાને આવતો જજે અને દુકાન પર બેસજે.

નરેન—પણ કાકા, હું તો કંઈ વેપારમાં સમજતો નથી! પછી નકામો આવીને કરું શું?

મુનીમ—હું પણ જ્યારે આવ્યો, ત્યારે તારી માફક કંઈ સમજતો ન હતો. પરંતુ તારા પિતાશ્રીની મહેરબાનીથી હવે કંઈ સમજવા લાગ્યો છું. આ દુકાન તું તારી જ છે એમ માનજે અને રોજ આવતો રહેજે.

ત્યાર પછી નરેન રોજ દુકાને બેસવા આવવા લાગ્યો. ધીમે ધીમે તે સમજતો થયો અને એક દિવસે તે ભલા મુનીમે દુકાનની બધી વ્યવસ્થા તેને સોંપી દીધી.

નરેન હવે ઝવેરાતને બરાબર પારખતાં શીખી ગયો હતો. એક દિવસે મુનીમે નરેનને કહ્યું "નરેન, આજકાલ બજારભાવ કંઈક ઠીક છે. એટલે પેલું નીલમ તું લાવ્યો હતો તે વેચવું હોય તો સારી કિંમત ઊપજશે."

નરેને તે નીલમ ઘેરથી મંગાવ્યું અને મુનીમના હાથમાં પડીકું મૂક્યું. મુનીમે નીલમ કાઢીને તપાસ્યું અને નરેનને તે આપતાં કહ્યું: "નરેન, હવે ઘરડે ઘડપણ આંખે અંધારાં આવે છે. તું જ આ નીલમ તપાસી જો અને તેનો ભાવ કાઢ."

નરેને નીલમ હાથમાં લીધું અને તરત જ જમીન પર ફેંકી દઈ તે બોલી ઊઠયો "કાકા, આ તો કાચનો કકડો છે!"

મુનીમે કહ્યું : "બેટા, હવે તને સમજ પડી ખરી! તે જ દિવસે મને એ કાચનો કકડો લાગ્યો હતો. પરંતુ જો હું તે જ દિવસે તને કહેત કે, આ તો કાચ છે તો તને મારા પર વિશ્વાસ ન આવત. આજે તું ઝવેરી બન્યો છે, એટલે નીલમ અને કાચને ઓળખી શકે છે."

મનુષ્યના જીવનમાં પણ એમ જ બને છે. મનુષ્ય પોતાની ક્ષણિક–અસ્થિર–વસ્તુઓના મોહમાં પડી જઇ નીલમની જેમ તેને કીમતી સમજે છે. પરંતુ જ્યારે તેને લાગે છે કે, આ તો કાચ જેવી તુચ્છ વસ્તુ છે ત્યારે તેને તે ફેંકી દે છે.

એક વખત એક મેળાવડામાં એક સંગીતશાસ્ત્રીએ મધુર સંગીત બજાવવા માંડ્યું. રાતનો સમય હતો. એકાદ કલાક બાદ એક પછી એક માણસ ઊઠીને જવા લાગ્યા. પણ સંગીતકાર તો પોતાના સંગીતમાં મસ્ત હતો.

બેએક કલાક પછી મેળાવડો બોલાવનાર યજમાન જ એકલો ત્યાં બાકી રહ્યો અને તે પણ છેવટે ઝોકાં ખાવા લાગ્યો. રાત્રે બેના ટકોરા થયા. યજમાને હિંમત ભેગી કરીને સંગીતકારને પૂછ્યું : 'આપ થાકી તો ગયા નથી ને?'

સંગીતકારે કહ્યું : "બિલકુલ નહીં!" એમ કહી તેણે ફરીને સંગીત આરંભ્યું. સંગીતમાં મસ્ત બની ગયેલા સંગીતકારને ખબર ન પડે એમ યજમાન છેવટે ઊઠીને ચાલ્યો ગયો. પણ સંગીતકાર તો પોતાના સંગીતના સૂર સાથે એકરૂપ બની ગયો હતો.

સવાર થઈ ત્યારે સંગીતકારે સંગીત બંધ કર્યું અને ખાલી ખુરશીઓને નમન કરી તે પોતાને ઘેર ગયો.

એ સંગીતકારનું સંગીત કીર્તિ માટે ન હતું, ઇનામ માટે ન હતું, બીજાને ખુશ કરવા ન હતું; તે તો સંગીતને માટે જ સંગીત હતું. તેથી જ કલાકોના કલાકો સુધી તેણે ખાલી ખુરશીઓ સમક્ષ સંગીતની રમઝટ ચાલુ રાખી હતી.

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

થોડી ગરમી લાગતાં જ મીણનું પૂતળું પીગળવા લાગે છે. થોડીક આંચ લાગતાં જ છાણનું પૂતળું બળવા માંડે છે, અને પછી ફક્ત રાખ જ બાકી રહી જાય છે. પરંતુ સારી માટીનું પૂતળું બનાવ્યું હોય, તો લોઢાને પણ પીગાળનારી તેજ ભઠ્ઠીમાં તે વજ્રની પેઠે કઠણ બની જાય છે, અને રત્નની જેમ ચમકવા લાગે છે. ઉષ્ણતા, તાપ તથા પીડા સહન કરવાની શક્તિ હોય તો માટીમાં વજ્ર બનવાની પાત્રતા આવી શકે છે. તેથી જ તો ઈશ્વરના સાન્નિધ્યની, સારૂપ્યની તથા સાયુજ્યની મહત્ત્વાકાંક્ષા રાખનાર ભક્ત ભગવાન પાસે આરામ નહીં માગે. તેને સુખનું નાજુક જીવન રિઝાવી નહીં શકે. તે તો ભગવાનને યાચના કરતો હોય છે કે, 'હે ભગવન્, મને તાપ આપ, પીડા આપ, યંત્રણા આપ! અને શક્તિ આપ કે એ સૌને સાધના માનીને હું તેઓનો સહર્ષ સ્વીકાર કરું!' સાચું છે કે, આપણે માટીના બનેલા છીએ. પરંતુ એટલું જ એ પણ સાચું છેં કે, આપણે કોરી માટી નથી રહેવાના. માટીમાં 'જીવન' (પાણી) નું મળી જવું; માટીનું ગૂંદાઈ–ગૂંદાઈને, ટીપાઈ–ટીપાઈને મજબૂત બનવું, પછી કોતરાઈ–કોતરાઈને મૂર્તિરૂપ ધારણ કરવું અને છેવટે ભઠ્ઠીમાં જવું; લાંબા વખત સુધી ધુમાડાથી ભરેલી ભઠ્ઠીમાં અથવા પ્રલયાગ્નિ સમાન ભભૂકતી ભઠ્ઠીમાં સેકાઈ–સેકાઈને આખરે બહાર નીકળવું; આ બધી ક્રિયાઓ પછી જ આપણામાં કડકપણું અને ચમક આવી શકે છે. ભક્ત આ વાતને બરાબર જાણે છે. તે ભગવાનને શી રીતે કહી શકે કે, 'મને ભઠ્ઠીમાં ન નાખો'? તે તો એમ જ કહી શકે કે, મને શક્તિ આપો જેથી હું ભઠ્ઠીની આગ આનંદથી સહન કરી શકું.

આપણે ઠંડીમાં તાપનું સેવન કરીએ છીએ. ગરમીમાં ઠંડા પાણીએ સ્નાન કરીએ છીએ. તે વખતે જેવું સુખ મળે છે, તેવું જ સુખ, ભગવન્! ભઠ્ઠીની આગમાં મને મળે એવી ચિત્ત-વિભૂતિ અને જીવન-વિભૂતિ મને આપો. ભક્તની આ જ માગણી હોઈ શકે.

જીવનનો સાક્ષાત્કાર કરવો હોય. હૃદયમાં પ્રાણ ભરી લેવો હોય, તો મૃત્યુનો દરવાજો પાર કરવો જ પડશે. જો ચિરશાંતિની તમન્ના હોય તો તેને સ્મશાનમાં ન શોધો. તેનો અનુભવ તો પ્રલયકાળની આંધીઓમાં અને મુસળધાર વરસાદમાં થઈ શકે છે; સાત લોક અને ચૌદ ભુવનનો નાશ કરનારા તાંડવમાં જ ચિરશાંતિ રહેલી છે.

બજે તોમાર બાજે બાঁશિ,
સે કિ સહજ ગાન।

સેઈ સૂરેતે જાગબ આમિ
દાઓ મોરે સેઇ કાન।

ભૂલ બના આર સહજેતે,
સેઇ પ્રાણે મન উઠબે মেতে

મૃત્યু માઝે ઢાકા આછે
જે અન્તહીન પ્રાણ।

સે ઝડ જેન સઇ આનન્દે
ચિત્તબીણાર તારે
સપ્તસિન્ધુ દશદિગન્ત
નાચાઓ જે ઝંકારે ।
આરામ હતે છિન્ન કં’રે
સેઇ ગભીરે લઓ ગો મોરે
અશાન્તિર અન્તરે જેથાય
શાન્તિ સુમહાન ।

મેઘાચ્છાદિત આકાશમાં વીજળીના કડાકાઓની જે ગર્જના થાય છે તેમાં તારી વાંસળી વાગી રહી છે. આ કંઈ મામૂલી નાદ છે? હે પ્રભુ, મને એવા કાન આપ જેથી હું તારી આ વજ્ર ગર્જનાના સૂરોને સાંભળી શકું અને હું જાગ્રત થઈ જાઉં; અને પછી એ સંગીતને કદી ભૂલી ન શકું. મૃત્યુમાં જે અંતહીન પ્રાણ છુપાયેલો છે તે પ્રાણ આ સંગીતથી જાગી જાય, અને હું ન ભૂલું કે, એક દિવસ મારું મન એ સંગીતને સાંભળીને ઉન્મત્ત થવાનું છે.

તારા એ વજ્ર–સંગીતની પ્રથમ ઝંકારથી જ સપ્ત-સિંધુ અને દશે દિશાઓ નાચવા લાગે છે. તે પ્રથમ ઝંકાર મારી ચિત્ત-વીણાના તાર સહર્ષ ઝીલી શકે, તેને વ્યક્ત કરી શકે એ માટે મને મારા ક્ષુદ્ર આરામમાંથી બહાર કાઢ, અને એવા ગાંભીર્યમાં લઈ જા જ્યાં અશાંતિના કોલાહલની વચ્ચોવચ્ચ સુમહાન શાંતિ સદા વિરાજમાન રહેલી છે.

આપણે ક્રોધથી ભરેલાં માનવીઓ જો મૌનની ઉપયોગિતા સમજીએ તો જગતની લગભગ અડધી આપત્તિ ઓછી થઈ જાય. આધુનિક સુધારો આવી પડ્યો તે પહેલાં ચોવીસ કલાકમાંથી પાંચ–છ કલાક તો શાંતિના આપણને મળતા જ હતા. આધુનિક સુધારાએ આપણને રાતનો દિવસ કરતાં ને સુવર્ણસમ શાંતિને બદલે પાર વિનાનાં હોહા ને શોરબકોર કરતાં શીખવ્યું. આપણે આપણા પ્રવૃત્તિમય જીવનમાં દિવસમાં ઓછામાં ઓછા બે કલાક પણ એકાંતમાં ગાળી શકીએ અને એ પરમ મૌનનો અવાજ સાંભળી શકીએ તો કેવું સારું ! એ ઈશ્વરી રેડિયો તો હંમેશાં વાગી જ રહ્યો છે, માત્ર એ સાંભળવા માટે આપણાં કાન ને મન તૈયાર કરવાં રહે છે. પણ એ રેડિયો મૌન વિના સંભળાય એવો નથી.

× × ×

સર્જનમાં એક પ્રકારનો દૈવી આનંદ છે. પણ જ્યાં સુધી સર્જક પોતાના સર્જન વાટે કેળવણી ન લે ત્યાં સુધી એ આનંદનો અનુભવ ન થઈ શકે. ઉદ્યોગ દ્વારા શિક્ષણ આપવાની વર્ધાની શિક્ષણની યોજનામાં બાળકોને નીરસ વૈતરું કરવું પડશે એવી બીક જેઓ રાખે છે તેમને ખબર નથી કે ઉદ્યોગને લગતી ક્રિયાઓની બુદ્ધિપૂર્વક સમજમાંથી ને પોતે પેદા કરેલી ચીજમાંથી બાળકોને જે આનંદ મળી રહેશે તે આજની નીરસ વૈતરારૂપ કેળવણીને બદલીને નિરંતર રસ આપનારી બનાવી દેશે.

× × ×

આઝાદી તો સ્વચ્છ ને પવિત્ર છે અને તે સરકારી નોકરીના રૂપમાં ભવિષ્યમાં મળનાર લાભની લાલસાથી કરેલો નહિ પણ નિષ્કલંક ને પવિત્ર આત્મભોગ માગે છે.

— મહાદેવભાઈ



મણકો ૩ જો - અહિંસા

સંકલન કર્તા ::: ચંદુલાલ બ. પટેલ

અહિંસાનો – દુષ્ટતાની સામે સાધુતા ધરવાનો, શત્રુને પણ પ્રેમથી વશ કરવાનો– કાયદો 'શત્રુ'ના દૂષણનું જ્ઞાન સ્વીકારી લે છે. એટલે જ શાસ્ત્રો કહે છે કે: ક્ષમા વીરસ્ય ભૂષણમ્.

વેર લેવું કે કરવું એ મનુષ્યનું કર્તવ્ય નથી. પણ ક્ષમા એ તેનું કર્તવ્ય છે.

ક્ષમા એ વીરતાનો ગુણ છે.

તમે વેરભાવને ન પોષો પણ ક્ષમાભાવનું સિંચન કરો. તમે તિરસ્કારરૂપી અંધારામાં ન ભટકો પણ પ્રેમીરૂપી અજવાળામાં આવી જઈ ઈશ્વરી માર્ગ જુઓ એવી મારી તમને પ્રાર્થના છે.

આપણાં શાસ્ત્રો એમ બોધ કરતાં જણાય છે કે, 'જે માણસ અહિંસાનું સંપૂર્ણતાથી ખરેખર પાલન કરે છે તેની આગળ દુનિયા પાણી ભરે છે. તે પોતાની આસપાસના વાતાવરણ ઉપર એટલી બધી અસર કરે છે કે સાપ અને બીજાં ઝેરી જંતુઓ પણ તેને હેરાન કરતાં નથી. એમ કહેવાય છે કે, આસાઈના સેંટ ફ્રાંસિસનો આવો અનુભવ હતો.

ભાવાત્મક (Positive) રૂપમાં, અહિંસાનો અર્થ વિશ્વવ્યાપી પ્રેમ અને અનહદ ઔદાર્ય થાય છે. હું અહિંસાનો સેવક હોઉં, તો મારા શત્રુ ઉપર પ્રેમ રાખવો જોઈએ. હું જે નિયમ મારા અન્યાય કરનાર પિતાને કે પુત્રને લગાડું તે જ મારે અન્ય અન્યાય કરનારને–પછી તે મારો શત્રુ હોય કે અજાણ્યો માણસ હોય–તેને લાગુ પાડવો જોઈએ. આ ક્રિયાત્મક (Active) અહિંસામાં સત્ય અને નિર્ભયતાનો અવશ્ય સમાવેશ થઈ જાય છે. માણસ પ્રેમપાત્ર વ્યક્તિને છેતરી શકતો નથી. તે તેનાથી બીતો નથી, તેમ તેને બિવડાવતો નથી. અભયદાન સર્વ દાનોમાં શ્રેષ્ઠ છે. જે માણસ ખરેખર તે આપે છે, તેની પાસે સર્વ વિરોધ શમી જાય છે. જે ભયગ્રસ્ત છે તે અભયદાન આપી શકતો નથી. માટે, તેણે પોતે જ નિર્ભય થવું જોઈએ. એટલે, અહિંસાનું સેવન અને ભીરુતા એક સાથે હોઈ શકતાં નથી. અહિંસાના પાલનને અત્યંત શૌર્યની અપેક્ષા છે.

નકારાત્મક (Negative) રૂપમાં અહિંસાનો અર્થ કોઈ પણ જીવંત પ્રાણીને શરીર કે

મનથી ઇજા ન કરવી એ છે. એટલે, અન્યાય કરનારના શરીરને નુકસાન ન પહોંચાડી શકાય, અથવા તેના પ્રતિ દ્વેષભાવ ન રાખી શકાય, અને તેમ કરીને તેને માનસિક વ્યથા પણ ન આપી શકાય.

નિર્દોષનો દ્વેષ ન કરવો એ અદ્વેષતાનો ગુણ સૂચવતું નથી. દોષિતનો પણ દ્વેષ ન કરે, તે જ અદ્વેષતાનો ગુણ શોભાવે છે.

અસભ્યતા એક પ્રકારની હિંસા છે. અને અહિંસાવ્રતના પાલનનો દાવો કરનાર આપણે જ્યાં સુધી એ વ્રતથી બંધાયેલા છીએ ત્યાં સુધી ભલે આપણે હિંદુ હોઈએ કે મુસલમાન પણ આપણે સભ્યતાનું પાલન કરવા બંધાયેલા જ છીએ.

આ અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઈએ છીએ, તે જ નથી. કોઈને ન જ મારવું એ તો છે જ. કુવિચાર માત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઈનું બૂરું ઇચ્છવું હિંસા છે. જે જગતને જોઇએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે. પણ આપણે ખાઈએ છીએ તે જગતને જોઈએ છે, જ્યાં ઊભા છીએ ત્યાં સેંકડો સૂક્ષ્મ જીવો પડ્યા છે તે કોચવાય છે; એ જગ્યા તેમની છે. ત્યારે શું આત્મહત્યા કરીએ? તોયે આરો નથી. વિચારમાં દેહનું વળગણ માત્ર છોડીએ તો છેવટે દેહ આપણને છોડશે. આ અમૂર્છિત સ્વરૂપ તે સત્યનારાયણ.

અહિંસાને વિષે શાસ્ત્રોની શિક્ષા તો આ છે કે, તેના સાન્નિધ્યમાં ચોર ચોરી છોડશે, હિંસક મનુષ્ય કે બીજાં પ્રાણી હિંસા છોડશે, જુલમગાર જુલમ છોડશે. આ શિક્ષણનું સત્ય યત્કિંચિત્ પાલનથી પણ હું અનુભવી શક્યો છું.

મારો દૃઢ વિશ્વાસ છે કે, સત્ય અને અહિંસા એ જગત્વ્યાપી ધર્મ છે. તેથી જ તેનો અર્થ શોધવામાં જીવનને ખપાવી દેતાં હું રસને લૂંટી રહ્યો છું. અને એ રસ લૂંટવા બીજાઓને આમંત્રણ દઇ રહ્યો છું.

હું હિંદુધર્મ સમજું છું તે પ્રમાણે હિંદુએ તલવાર વિના જ લડવું જોઈએ, બીજાનું માથું કાપવા કરતાં પોતાનું જ ફગાવી દેવું જોઈએ.

[છબી : ધનુભાઈ મહેતા. ★ પૃષ્ઠ ૨૭૩, 'મંગળ પ્રભાત'માંથી.]

અનુક્રમણિકા .... ૩૦ નવેમ્બર ૧૯૫૧

પૃષ્ઠ
૧ સેવા વિ૦ મહત્ત્વાકાંક્ષા ...શ્રી. રાજેન્દ્રપ્રસાદ ૨૪૯
૨ આશ્રમનાં ભજનો ... ૨૫૦
૩ પ્રાર્થના પછી ...બબલભાઈ મહેતા ૨૫૧
૪ બૌદ્ધધર્મની કથાઓ પદ્મનાભ શ્રી. જૈની ૨૫૨
૫ ગુરુદેવની ગીતાંજલિ ... ગુ૦ મ૦ ૨૫૫
૬ શ્રમ-યજ્ઞની પ્રતિષ્ઠા ... મુકુલભાઈ ૨૫૯
૭ બાપુના પત્રો ૨૬૧

પૃષ્ઠ
૮ ચિત્તની સમતા ... શ્રી. કેદારનાથજી ૨૬૬
૯ જોજી રિજલ ... મુકુલભાઈ ૨૬૭
૧૦ સર્વોદયવાણી ... વિનોબાજી ૨૬૯
૧૧ સરદારશ્રીની વાણી... મુ૦ ક૦ ૨૭૦
૧૨ સારાસારનો વિવેક ઉજ્જવળ કુંવરજી ૨૭૧
૧૩ રવીન્દ્ર મનન ... કાકાસાહેબ ૨૭૩
૧૪ ગાંધી માળા ... ચંદુલાલ બ. પટેલ ૨૭૫

વાર્ષિક વ્યાખ્યાનો—૨ (૧૯૨૯-૧૯૩૯) પ્ર૦ ગુજરાત વિદ્યાસભા: અમદાવાદ;
કિં૦ સભ્યો માટે રૂા. ૧-૦-૦ અન્ય માટે રૂા. ૨-૦-૦ પૃ૦ ૨૪૮.

અમદાવાદની ગુજરાત વિદ્યાસભા તરફથી ભાષા અને સાહિત્યના અભ્યાસકોનો સંપર્ક જનતા સાધી શકે અને એ રીતે ભાષા અને સાહિત્યનો વિકાસ થાય એવા હેતુથી ૧૯૨૯થી વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. તેમાં ભિન્ન ભિન્ન દિશામાં જેમણે અભ્યાસ કરી, ચિંતન-મનન દ્વારા ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને જેમના મત નિષ્ણાતની કક્ષાએ બહુમાન્ય ગણાયા છે એવા પ્રખર વિદ્વાનોએ વ્યાખ્યાનો આપ્યાં છે. ૧૯૪૯ સુધીમાં કુલ ૨૩ વ્યાખ્યાનો અપાયાં છે. પ્રસ્તુત પુસ્તકમાં તેમાંનાં આઠ વ્યાખ્યાનોનો સમાવેશ થાય છે. ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યાસીઓને આ વ્યાખ્યાનો ખૂબ ઉપયોગી થઈ પડે એવાં છે. ગુજરાત વિદ્યાસભા ક્રમે ક્રમે બીજાં વ્યાખ્યાનોને પણ પુસ્તકાકારે પ્રસિધ્ધ કરતી રહેશે તો ગુજરાતની તે કીમતી સેવા બજાવશે.

મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું જીવનચરિત્ર: લે૦ શ્રી. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી;
પ્ર૦ ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ; કિં૦ સભ્યો માટે રૂા. ૧-૦-૦, અન્ય માટે રૂા. ૨-૦-૦; પૃ૦ ૨૦૮.

ગુજરાત વિદ્યાસભા તરફથી સૌ. કંકુબાઈ સ્મારક ગ્રંથમાળાનું આ સત્તરમું પ્રકાશન પ્રસિદ્ધ થાય છે. શ્રી. મણિલાલ નભુભાઈ દ્વિવેદી આપણા ગુજરાતી સાહિત્યના પંડિતયુગના પ્રખર વિદ્વાન અને વિચારક છે. એમના વિચારોએ આપણા સાહિત્યને સમૃદ્ધ કર્યું છે અને એમની અસર પણ આપણા સાહિત્ય પર ઊંડી પડી છે. શ્રી. અંબાલાલભાઈએ પરિશ્રમ્ ઉઠાવીને બધી માહિતી એકઠી કરીને એમનું જીવનચરિત્ર ગુજરાતને ચરણે ધર્યું છે એ ખરેખર એમણે ગુજરાતની કીમતી સેવા કરી છે. એ બદલ તેઓ અભિનંદનને પાત્ર છે. ગૂજરાતી સાહિત્યના અભ્યાસીને આ પુસ્તક ખબ ઉપયોગી થઈ પડે એવું છે. આ જ પ્રમાણે વિદ્યાસભા આપણા અન્ય સાહિત્ય-ઉપાસકોનાં જીવનચરિત્રો પ્રસિધ્ધ કરતી રહે એવી આશા વ્યક્ત કરીએ છીએ.

— મુ૦ ક૦

“પ્યારાબાપુ”

વાર્ષિક લવાજમ રૂા. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.

પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે. લવાજમ. મ. ઑ થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.

એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.

આ માસિક દર મહિનાની ૩૦મી તારીખે પ્રસિદ્ધ થાય છે. એટલે તે મહિનાનો અંક ચાલુ મહિનાની પહેલી અથવા બીજી તારીખે મળશે.

પ્રગટ તારીખ પછી દસ દિવસમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું. ગ્રાહકોએ પત્ર-વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

'પ્યારાબાપુ' કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક, ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર કૉલેજ રોડ, જૂનાગઢ.

REG. NO. B. 5255



આરાબાપુ



સંપાદક: નવીન ગાંધી

ગ્રંથાવલોકન

મારું હિંદનું દર્શન : લે૦ જવાહરલાલ નેહરુ; અનુ૦ **મણિભાઈ ભ૦ દેસાઈ;** પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; કિં૦ રૂ. ૯-૦-૦; પૃ૦ ૭૮૮.

જવાહરલાલજીનાં પુસ્તકોના ગુજરાતી અનુવાદ નવજીવન પ્રકાશન તરફથી પ્રગટ થાય છે એ આનંદની વાત છે. શ્રી. મણિભાઈએ જવાહરલાલજીના 'જગતના ઇતિહાસનું રેખાદર્શન'ના અનુવાદને ગુજરાતને ચરણે ધરી પોતાની અનુવાદ-શક્તિનો આપણને સારો પરિચય કરાવ્યો છે. પ્રસ્તુત પુસ્તકનો પણ એમણે અનુવાદ કર્યો છે, એથી તેઓ અભિનંદનને પાત્ર છે.

જવાહરલાલજી જગતના પ્રથમ પંક્તિના લેખક અને વિચારક તરીકે ખ્યાતિ પામ્યા છે. એમનાં લખાણોમાં એમના ભગીરથ પુરુષાર્થ, ઊંડા આત્મમંથન, તલસ્પર્શી ચિંતન, સુવિશાળ દૃષ્ટિ, મનની ઉદાત્તતા તેમ જ ઔદાર્યપૂર્ણ જીવનદર્શનની ઝાંખી થાય છે. એમનું જીવનદર્શન એક રીતે કહીએ તો બાપુજીના જીવનદર્શનના સુભગ પાસથી સારી પેઠે રંગાયેલું છે. પંડિતજી શુષ્ક વિચારક જેવા નથી, પરંતુ દુનિયાને એટલા જ પ્રેમથી નિહાળીને, એના ઇતિહાસની સર્વ બાજુઓનો તલસ્પર્શી અભ્યાસ કરીને એમાંથી જીવનપોષક પ્રેરણા પ્રાપ્ત કરી તેનો આસ્વાદ પોતે અનુભવી આપણ સૌને પણ તેમાં સહભાગી બનાવે છે.

આ પુસ્તકમાં જવાહરલાલજીએ કરેલું હિંદનું દર્શન આપણને પ્રેરણાદાયી થઈ પડે એવું છે. આ પુસ્તકમાં જવાહરના જીવનની પ્રેમાળ બાજુનું પણ દર્શન થાય છે. શ્રી. કમલાદેવી નેહરુ વિષેનાં પ્રકરણો ખરેખર હૃદયસ્પર્શી છે.

આ પુસ્તકમાં જવાહરલાલજી અનેક પ્રશ્નોને આવરી લે છે. પોતાના જીવનની ફિલસૂફી, કમલા સાથેનું પોતાનું લગ્નજીવન, હિંદને ઓળખવાનો પ્રયાસ અને તેમાંથી થતું દર્શન, હિંદના ધર્મો, ઉપનિષદો, પુરાણો, મહાકાવ્યો, સંતપુરુષો, મહાન સમ્રાટો ઇત્યાદિ સંસ્કૃતિ-સર્જક બાજુઓનું વિશ્લેષણ, પ્રાચીન તેમ જ મધ્યકાલીન સમયમાં હિંદનો અન્ય દેશો સાથેનો સંબંધ અને હિંદનું એમાં સ્થાન, આધુનિક સમયમાં હિંદનું જગતમાં સ્થાન, રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદનું અવલોકન, હિંદની કટોકટીની ઘડી વગેરે કેટલાય પ્રશ્નોને પંડિતજીએ આ પુસ્તકમાં છણ્યા છે.

૧૯૪૪માં અહમદનગરના કિલ્લાના કારાગારમાં જવાહરલાલજી હતા ત્યારે, આપણો દેશ આકરી કસોટીમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે આખા વાતાવરણથી વિક્ષોભ પામવાને બદલે સ્વસ્થતા જાળવી તેમણે હિંદનું સર્વાંગી દર્શન કર્યું એ ખરેખર તેમના આત્માની ઉચ્ચતા જ પ્રદર્શિત કરે છે. આ પુસ્તક સૌને ઉદાત્ત ભારતદર્શન કરાવે એવું છે.

આરોગ્યરક્ષા : પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ; કિં૦ રૂ. ૦-૧૨-૦; પૃ૦ ૧૨૮.

તંદુરસ્તી શી રીતે જળવાય એને લગતા આચાર-વિચાર, દિનચર્યા, આહાર-

-[અનુસંધાન કવરપેજ ત્રીજું]

આરાધના

ઉદ્ધરેદાત્મનાત્માનમ્

[ગાંધીજી અને ગુરુદેવની જીવનસાધનાનું અનુશીલન કરતું માસિક]

વર્ષ ૪ — ૩૦ ડિસેમ્બર-૧૯૫૧ — અંક ૧૧

સાચો મારગ

મારી તમને સૌને આજીજી છે કે તમારા પાગલપણાનાં કામો એકદમ બંધ કરો. સચ્ચાઈથી ને નીડરતાથી જીવો અને છતાં કોઈને વિષે મનમાં ઈર્ષા કે દ્વેષ ન રાખો, ક્ષણિક આવેશના ક્રોધના પાગલપણામાં ઉતાવળે અવિચારી કામ કરી બેસી મોંઘું મૂલ આપીને મેળવેલા આઝાદીના મીઠા ફળને ફેંકી ન દેશો. આપણી ભાવી પેઢીને એમ કહેવાનો વારો ન આવે કે અમારા વડવાઓ આઝાદીની સીધી રોટી પચાવી ન શક્યા, તેથી તેમણે તે બરબાદ કરી! યાદ રાખો કે તમે આ પાગલપણું બંધ નહીં કરો તો દુનિયાની નજરમાં તમારું નામ ધૂળમાં રગદોળાશે.

•ભારે દુઃખમાં આવી પડેલાં સ્ત્રીપુરુષોને એકત્ર થયેલાં જોઈને મને ઊંડું દુઃખ થયું. હવે રડવાથી મરેલાં પ્રિયજનો પાછાં આવવાનાં નથી. પરંતુ જે લોકો ઈશ્વરનું શરણ લે છે તે પોતાને માથે આવી પડતી હરકોઈ આફતનો પોતાના કલ્યાણને માટે ઉપયોગ કરી શકે છે. આજે આ મહાન દેશને ભૂંડા ભાવીમાંથી ઉગારી લેવાની આપણી ફરજ છે. આપણે આપણને મળેલી સ્વતંત્રતાને લાયક બની તેને પચાવવી હોય તો આપણને થઈ આવતી વિરોધ અથવા રોષની લાગણી આપણે સમાવી લેતાં શીખવું જોઈએ.

લોકો આજે એક બીજાના દુશ્મન કેમ બન્યા તે વિચારતાં મારી મતિ મૂંઝાઈ જાય છે. સૌને પોતાના દિલમાં હરિ વસેલા નહીં જણાય અને સૌ અંદર અંદરના નજીવા મતભેદ વીસરી નહીં જાય તો કશો અર્થ સરવાનો નથી. આપણી ભૂમિમાં શાંતિ અને શુભેચ્છાનું સામ્રાજ્ય સ્થાપવાને પોતપોતાના હૃદયમાંથી વેર અને વહેમની લાગણી નાબૂદ કરવાની સૌની ફરજ છે. ભલાઈમાંથી જ ભલાઈ પેદા થાય છે. પ્રેમથી જ પ્રેમ પ્રગટે છે ને વધે છે. વેર લેવાનું કામ માણસે ઈશ્વરને સોંપી દેવું જોઈએ. માણસ જેવા માણસને એ જ રીતે વર્તવું છાજે. મને પોતાને તો બીજો કોઈ રસ્તો હોય એમ લાગતું નથી. – ગાંધીજી



આશ્રમનાં ભજનો

રામ કહો રહમાન કહો કોઉ, કા'ન કહો મહાદેવ રી
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી ॥રામ૦॥૧॥

ભાજનભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપ રી
તૈસે ખંડ કલ્પનારોપિત, આપ અખંડ સરૂપ રી ॥રામ૦॥૨॥

નિજપદ રમે રામ સો કહિયે, રહિમ કરે રહિમાન રી
કર્ષે કરમ કા'ન સો કહિયે, મહાદેવ નિર્વાણ રી ॥રામ૦॥૩॥

પરસે રૂપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મ રી
ઈહ વિધિ સાધો આપ આનન્દઘન, ચેતનમય નિકર્મ રી ॥રામ૦॥૪॥

પરમાત્મા તો એક જ છે. પરંતુ માનવીઓ એને જુદે જુદે રૂપે અને નામે ભજે છે. જેમ માટીના જુદા જુદા આકારો બનાવવાથી તે જુદા જુદા નામે ઓળખાય છે; પરંતુ છેવટે તે માટી જ છે, તેમ ભગવાનને પણ જુદે જુદે રૂપે અને નામે ભજવામાં આવતો હોય, પરંતુ છેવટે પરમાત્મા તો એકરૂપ જ છે. નરસિંહ મહેતાએ પણ પોતાના પદમાં કહ્યું છે:

'ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે.'

આટલું જો આપણે સમજીએ તો જુદા જુદા ધર્મો અને સંપ્રદાયો વચ્ચે જે ખેંચાખેંચી અને વૈમનસ્ય જોવામાં આવે છે તે દૂર થઈ જાય અને આપણે પરમાત્માને શુદ્ધ સ્વરૂપે ભજી શકીએ.

પ્રાર્થના પછી

બબલભાઈ મહેતા

આજે આપણે ગોવિંદ ગોપાળની ધૂન ગાઈ. પણ એનો અર્થ શું છે તેનું ચિન્તન કરીએ. ગો એટલે ઇન્દ્રિય અને ગો એટલે ભાષા–વાણી. જેણે પોતાની વાચા અને ઇન્દ્રિયને વશ કરી છે તે ગોવિંદ. ભાષાને, વાચાને વશ કરવી એ એક મોટી ચીજ છે. ગુજરાતી ભાષામાં એક પુસ્તક છે જેનું નામ 'બ્રાહ્મણની ગાય' છે. તેમાં બ્રાહ્મણની વાણી કેવી હોય તેનું વર્ણન છે. તેમાં જણાવ્યું છે કે, બ્રાહ્મણની વાણીમાં એટલાં તપ, સંયમ અને તાકાત હોવાં જોઈએ કે, તે જે બોલે તે વૃથા ન જાય. તેમાં એટલું તેજ હોય કે તે જે બોલે તે ફળે.

એક વાર ગાંધીજીને કોઈકે પૂછ્યું, ''સરદાર સાહિત્યકાર નથી. આટલાં વર્ષો સુધી મ્યુનિસિપાલિટીમાં બેસી મૂગા મૂગા કામ કર્યું. કોઈ દિવસ બોલ્યા નથી. તો પછી તેમની વાણીમાં બારડોલી સંગ્રામ વેળા તેજના તણખા ક્યાંથી ઝરવા લાગ્યા? આટલી બધી એમની વાણીમાં અસર કેમ છે?'' ગાંધીજીએ જવાબ આપ્યો કે, 'સરદારે વાણીનું બ્રહ્મચર્ય પાળ્યું હતું.'

શરીરનું બ્રહ્મચર્ય પાળવાથી શરીરની તાકાત વધે તેમ વાણીનો સંયમ પાળવાથી વાણીની તાકાત વધે છે. બ્રહ્મચર્યનો સ્થૂળ અર્થ કેવળ વીર્ય-રક્ષા છે. પણ જેની જીભ, આંખ, કાન વગેરે ઇન્દ્રિયોમાં સંયમ ન હોય તો તે માણસ બ્રહ્મચર્યની સાચી સાધના કરી શકતો નથી. બધી ઇન્દ્રિયો એક બીજી સાથે એવી રીતે સંકળાયેલી છે કે, એકને નિરંકુશ રાખો અને બીજીને સંયમમાં રાખવાનો પ્રયત્ન કરો એ બની શકતું નથી. બ્રહ્મચર્ય એટલે પરમાત્મા તરફ ચાલવું. એ સિવાય કોઈ પણ પ્રવૃત્તિ ન કરવી જોઈએ. આપણી દરેક પ્રવૃત્તિ ઈશ્વર તરફ લઈ જનારી હોય. આપણે ખાઈએ છીએ તે શું ઈશ્વર તરફ જવા માટે ખાઈએ છીએ? હા. ઈશ્વર પ્રાપ્તિ માટે આ જીવન ટકાવવાનું છે અને તે માટે ખોરાક આવશ્યક છે. એ દૃષ્ટિએ, એ ભાવથી આપણી ખાવાની પ્રવૃત્તિ થવી જોઈએ. તેવી જ રીતે આપણાં શરીર, મન, બુદ્ધિ એવી રીતે વિકસાવવાં કે જેથી આપણે ઈશ્વરને રસ્તે જઈ શકીએ.

આ જ નિયમ દરેક પ્રવૃત્તિને લાગુ પાડવો. આપણી વાણી એક તાકાતવાળી ચીજ છે. સમાજમાં જે અનેક અનિષ્ટો પેદા થાય છે તેમાં મોટો ભાગ આપણી વાણી ભજવતી હોય છે. છાપાં એ પણ વાણી છે. ગાંધીજીની વાણીમાં કેવી તાકાત હતી તેનો આપણને અનુભવ છે. જ્યાં બીજાં ન જઈ શકે ત્યાં વિનોબાજી હૈદરાબાદમાં ગયા અને હિંસક પ્રવૃત્તિ કરનારને સમજાવવા લાગ્યા. લોકો તેમને જમીન આપે છે. તે જમીન ગરીબોને તેઓ વહેંચી દે છે. આ પણ વાણીનો પ્રતાપ છે. વાણીમાં જે ભાવો નીકળે છે તે અંદર પડેલાં તત્ત્વોનું પ્રતિબિંબ છે. વાણીમાં કડવાશ કે મીઠાશ હોય તે પણ અંદરનું પ્રતિબિંબ છે. થોડા સમય માટે કોઈ વ્યક્તિ વાણી દ્વારા કદાચ અંદરનાં તત્ત્વો દબાવી શકે પણ હંમેશ માટે તે તેમ કરી શકતો નથી. તે જ્યારે સહજ રીતે બોલતો હોય છે ત્યારે તેની વાણી દ્વારા તેનું અંતર પરખાઈ જાય છે. માનવીના અંતરમાં જે બળ, તેજ હોય તે તેની વાણીમાં

આવે જ છે. ગાંધીજી મોટા વક્તા ન હતા. પણ તેમની વાણી દ્વારા તેઓ લાખો પર પ્રભાવ પાડી શકતા. કારણ કે એ વાણીનો પ્રભાવ તેમના હૃદયનાં બળ અને તેજ દ્વારા વ્યક્ત થતો હતો. આપણી વાણી એ એક પ્રબળ સાધન છે. તેની સાથે રમત ન રમીએ. આ દુનિયામાં અનેક વાર ઝેર વાણીથી પેદા થયાં છે. તેનામાં તોપ અને તલવારથી પણ વધુ તાકાત પડેલી છે. આજ કાલ વાણીનું યુદ્ધ ચાલે છે. 'તેને Battle of Nerves' કહે છે. તેથી જ્ઞાનતંતુ હાલી ઊઠે છે અને તેમાંથી તોફાનો થાય છે. આમ યુદ્ધમાં અને શાંતિમાં એનો ઉપયોગ થાય છે. તેથી આપણે ગાંધીજીમાં શ્રદ્ધા રાખનારાઓએ સતત જાગ્રત રહેવું જોઈએ કે, આપણી વાણીમાં મીઠાશ હોય, સુંદરતા હોય. જ્યાં નિરાશા હોય ત્યાં આશા ફેલાય એવી આપણી વાણીમાં તાકાત હોય. તેથી આપણી વાણી ક્યાં લઈ જાય છે તે વિષે સદૈવ જાગ્રત રહી તેની સાધના કરીએ તો જ ગોવિંદ શબ્દના અર્થનું રહસ્ય આપણને સમજાશે.

આટલું.... તો કરજો........

ગ્રાહક બંધુઓને આ અંક સાથેની પત્રિકા પરથી ખ્યાલ આવ્યો હશે કે આવતા અંક પછી 'પ્યારાબાપુ'નું પાંચમું વર્ષ શરૂ થશે. ચાર વર્ષ સુધી આપે જે સહકાર આપ્યો છે એ માટે અમે સૌ આપના આભારી છીએ. આવતે વર્ષે પણ એવો જ સહકાર આપ આપશો એવી આશા રાખીએ છીએ.

સાથે સાથે ગ્રાહક બંધુઓના ધ્યાન પર એક વસ્તુ લાવવા ઇચ્છીએ છીએ. દિવસે દિવસે કાગળ તેમ જ છાપકામનાં અન્ય સાધનોની કિંમત વધતી જાય છે. મોંઘવારીને પહોંચી વળવા માટે લગભગ બધાં જ માસિકોને પોતાનું લવાજમ વધારવા નાછૂટકે ફરજ પડી છે. પરંતુ અમે એવો નિશ્ચય કર્યો છે કે શક્ય હોય ત્યાં સુધી 'પ્યારાબાપુ'ના લવાજમમાં વધારો કરવો નહિ. વળી અમને આજ લગી એક સ્નેહી મિત્ર તરફથી સસ્તા ભાવે કાગળો મળતાં હતાં. તેથી અમને કાગળની મોંઘવારીનો પ્રશ્ન મૂંઝવતો ન હતો. પરંતુ આ વર્ષે એવી સહાયની શક્યતા જણાતી નથી. તેથી અમારા પર એ નિશ્ચયને કાયમ રાખવાની જવાબદારી આવી પડી છે. અમારી આ મુશ્કેલીને પહોંચી વળવા માટે જો ગ્રાહકો આવતે વર્ષે પોતાનું નામ ગ્રાહક તરીકે ચાલુ રાખે તેમ જ પોતાનાં મિત્ર-સંબંધી વગેરેમાં 'પ્યારાબાપુ'નો પ્રચાર કરે અને ગ્રાહકોની સંખ્યામાં વધારો કરે એ જ એક માર્ગ હવે તો રહ્યો છે. જો કોઈ ગ્રાહક પ્રતિકૂળ સંજોગને લીધે આવતે વર્ષે ગ્રાહક થવા ઇચ્છતા ન હોય તો તેમને અમે વિનંતી કરીએ છીએ કે તેઓ બીજાઓને ગ્રાહક બનાવીને અમને સહાય કરે. વળી જો ગ્રાહકો પોતાના ગામના સાર્વજનિક વાચનાલયમાં કે ગામની શાળા ઇત્યાદિ જાહેર સંસ્થાઓમાં 'પ્યારાબાપુ'નો પ્રચાર કરે તો અમારી આર્થિક મુશ્કેલી હળવી થઈ શકે.

ગ્રાહક બંધુઓ, ગાંધીજી તેમ જ ગુરુદેવના આદર્શોનો સમન્વય કરી એમાંથી નવનિર્માણ કરવાના અમારા હેતુને સાર્થક કરવા તેમ જ બાપુજી અને ગુરુદેવની વિચારધારાને ગુજરાતભરમાં વહેતી મૂકવાના અમારા પ્રયત્નને સહાય કરવા માટે અમે દર્શાવેલી યોજના અનુસાર યથાશક્તિ જરૂર કંઈક કરજો એવી આપ સૌને અમારી વિનંતી છે.

ચારિત્રશીલ જીવન

મહાસતી ઉજ્જવળકુંવરજી

ચારિત્ર જીવનનો પાયો છે. બુદ્ધિ હોય, સંપત્તિ હોય, પરંતુ ચારિત્ર ન હોય તો તો બધું મિથ્યા છે. ચારિત્ર વિનાનું જીવન મરણતુલ્ય છે.

એક વખતે શાલિવાહન રાજાએ ભરસભામાં પ્રશ્ન પૂછ્યો: "જીવતું કોણ છે?"

બધા વિચારમાં પડી ગયા કે, મહારાજને આજે શું થઈ ગયું છે? જે ચાલે છે, હરેફરે છે તે જીવતા છે; આ સાવ સાદી વાત છે, છતાં મહારાજ શા માટે પૂછે છે કે, 'જીવતું કોણ છે?'

આખી સભા શાંત થઈ ગઈ. તે સમયે કાલિકાચાર્યે ઉત્તર આપતાં કહ્યું: "મહારાજ! જેમણે તપ કરેલ હોય, જે ચારિત્રશીલ હોય, જે બીમારની સેવા કરતો હોય, દુ:ખીઓને સાન્ત્વન આપતો હોય, ગરીબોનો આધાર હોય, ભોગ આપીને માનવસમાજનું શ્રેય કરતો હોય, જે મનુષ્યમાં મંગળ શ્રદ્ધા પેદા કરતો હોય તે માનવી જીવતો છે. જેનામાં ત્યાગ, તપ કે પરોપકારી વૃત્તિ ન હોય, ચારિત્ર્ય ન હોય તે જીવતા છતાં મરેલો જ છે."

આખી સભા સ્તબ્ધ થઈ ગઈ! શાલિવાહને વિનયપૂર્વક કાલિકાચાર્યને પૂછ્યું: "આચાર્યશ્રી! આ વાત પર જરા પ્રકાશ પાડશો?'

એટલે કાલિકાચાર્ય બોલ્યા: "રાજન્! હું વનમાં હતો ત્યારે મેં મારા શિષ્યોને ઉપદેશ આપતાં એક દિવસે કહ્યું કે, 'નિર્ગુણ, સ્વાર્થી અને ચારિત્રહીન માનવી પશુ સમાન છે.' આ સાંભળીને બધાં પશુઓ આવીને ફરિયાદ કરવા લાગ્યાં, 'અમે તો મનુષ્યોને ઘણાં કામમાં આવીએ છીએ. અમારા મરણ પછી પણ અમારાં અંગો મનુષ્યના ઉપયોગમાં આવે છે: મૃગચર્મ યોગીનું આસન બને છે; હાથીદાંતની અનેક વસ્તુઓ બને છે; ઢોરનું ચામડું મનુષ્યના પગનું રક્ષણ કરે છે, તડકા અને કાંટાથી બચાવે છે. પરંતુ સ્વાર્થી અને ચારિત્રહીન માણસ કોઈના ઉપયોગમાં આવતો નથી. મરણ બાદ પણ તેના શરીરને બાળવા કે દાટવા સિવાય કોઈ આરો રહેતો નથી. આવા ભારરૂપ મનુષ્યને અમારી ઉપમા આપવી યોગ્ય નથી. એમાં અમારું અપમાન રહેલું છે.'

"પશુઓની આવી ફરિયાદ આવવાથી હે રાજન્! મેં એવા મનુષ્યને વૃક્ષની ઉપમા આપી. પણ ત્યાં તો વૃક્ષ બોલી ઊઠ્યું, 'વૃક્ષ છાંયો, ફળ, ફૂલ આપે છે; પક્ષીને આશ્રય આપે છે; રોગીને ઔષધિ આપે છે. તો પછી એવા મનુષ્યને વૃક્ષની ઉપમા આપવી તમને શોભે ખરી?'

"એટલે મેં કૂતરાની ઉપમા આપી. કૂતરો તરત જ નાખુશ થઈ બોલી ઊઠ્યો, 'ઋષિજી, હું નિમકહલાલ પ્રાણી છું. ચારિત્રહીન માણસની માફક હું કોઈને દગો દેતો નથી.'

"એ સૌની વાત મને યથાર્થ લાગી. નિર્ગુણી અને ચારિત્રહીન મનુષ્ય કોઈ ઉપમાને લાયક જ નથી. તેવો માણસ જીવતો હોવા છતાં મરેલો જ છે."

ચારિત્ર જ મનુષ્યનું જીવન છે. ચારિત્ર જે ખોઈ બેસે છે તે બધું જ ખોઈ બેસે છે. અંગ્રેજીમાં એક કહેવત છે:-

‘If wealth is lost,
nothing is lost;
If health is lost,
something is lost;
If character is lost,
everything is lost’.

મનુષ્ય ધન ગુમાવી બેસે, તો તેણે ખાસ કંઈ ગુમાવ્યું નથી; કેમકે પૈસો તો જાય છે ને આવે છે. મનુષ્ય આરોગ્ય ગુમાવે તો તેણે કંઈક ગુમાવ્યું છે એમ કહી શકાય. પરંતુ જે મનુષ્ય ચારિત્ર ગુમાવી દે છે તેણે બધું જ ગુમાવી દીધા બરોબર છે. ચારિત્રશીલ વ્યક્તિ જ સાચું જીવન જીવી જાણે છે. ભોગી, સ્વાર્થી અને વિષયલંપટ માણસનું જીવન નિરર્થક છે.

‘ચરાતિ ચરતો ભગ:।’

એક હતો કઠિયારો. તે એક દિવસ જંગલમાં લાકડાં કાપતો હતો, ત્યારે એક સાધુ ત્યાં આવી ચડ્યો. તે સાધુએ કઠિયારાને કહ્યું : “અરે એ, જરા આગળ જા !” એમ કહીને તે સાધુ પોતાને રસ્તે ચાલ્યો ગયો. કઠિયારો તો વિચારમાં પડી ગયો. સાધુના કહેવાનો મર્મ તે સમજી શક્યો નહિ.

થોડા દિવસો પસાર થઈ ગયા. એક દિવસ તે કઠિયારો થાક ખાવા બેઠો હતો ત્યારે તેને પેલા સાધુનું વાક્ય યાદ આવ્યું. તેને થયું કે, ‘લાવ, જરા આગળ જઈને જોઉં તો ખરો કેવાં લાકડાં મળે છે?’ આગળ જઈને જુએ છે તો ત્યાં અસંખ્ય ચંદનનાં ઝાડ! કઠિયારો તો રાજી રાજી થઈ ગયો. તે રોજ ચંદનનાં લાકડાં કાપી બજારમાં સારા ભાવે વેચવા લાગ્યો.

એમ કરતાં કરતાં થોડા દહાડા પસાર થઈ ગયા. ફરીને તેને સાધુનું વાક્ય યાદ આવ્યું અને તે વધારે આગળ ગયો. ત્યાં જઈને જોયું તો નદી ખળખળ વહે છે અને નદીને કાંઠે રૂપાની ખાણ! તે તો ખૂબ આનંદ પામ્યો. પછી તે ખાણમાંથી રૂપું લઈ જવા લાગ્યો અને થોડા વખતમાં પૈસાદાર થઈ ગયો.

થોડા દિવસો પછી ફરીને તેણે સાધુનું વચન યાદ કર્યું. તેને થયું, ‘અહીં જ ખોદ ખોદ કરવા કરતાં લાવને જરા દૂર જઈને જોઉં, સાધુના બોલમાં કંઈક તથ્ય હોવું જોઈએ.’ નદી ઓળંગીને પેલે પાર જુએ તો ત્યાં સોનાની ખાણ!

થોડા દિવસ પછી વળી તે આગળ ને આગળ ગયો અને ત્યાં તેણે હીરા-માણેકના ઢગલા દીઠા!

આ કઠિયારાની પેઠે આપણા જીવનનું પણ છે. જો આપણે દરરોજ પ્રગતિ કરતા રહીએ અને વિકાસને માર્ગે આગળ ને આગળ વધતા રહીએ તો આપણા જીવનને સમૃદ્ધ કરે એવી સ્થિતિ આપણે પામી શકીએ. જો એક જ વિચારના વમળમાં અટવાયા કરીએ તો આપણી સ્થિતિ કૂપ-મંડૂકની પેઠે મર્યાદિત રહે અને આપણી દૃષ્ટિ વિશાળ ન બને. તેથી આપણા ઋષિઓ પણ યથાર્થ જ કહેતા હતા :–

“આસ્તે ભગ આસીનસ્ય ઊર્ધ્વ: તિષ્ઠતિ તિષ્ઠત: ।
શેતે નિપદ્યમાનસ્ય ચરાતિ ચરતો ભગ: ॥

(બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું; સૂતેલાનું રહે સૂતું, ચાલે ભાગ્ય ચલંતનું.)

શ્રી. અવનીન્દ્રનાથ ઠાકુર

મુકુલભાઈ

ભારતના એક મહાન કલાકાર શ્રી. અવનીન્દ્રનાથનું તા. ૫મી ડીસેંબરની રાતે સાડાદશ વાગે અવસાન થવાથી આપણા દેશને એક ભારે ખોટ ગઈ છે. તેઓ ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરના ભત્રીજા હતા અને ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનના એક અગ્રણી તેમજ ભારતની આધુનિક કળાના પિતામહ સમાન હતા.

ભારતીય કળાનું નામ સુદ્ધાં કોઈ લેતું ન હતું એ વખતે લગભગ પચાસ કરતાં વધારે વર્ષ પહેલાં અવનીબાબુએ કલા-સંસ્કૃતિને પુનરેકદા ગૌરવાન્વિત કરવા માટેનો યજ્ઞ આરંભી દીધો હતો. એમણે પોતાની સાધનાશીલ કળા દ્વારા સમસ્ત દેશમાં ભારતની કળા તરફ અભિરુચિ જાગ્રત કરી અને લોકોમાં કળા વિશે જિજ્ઞાસા ઉત્પન્ન કરી. અઢાર વર્ષની વયથી તેમણે કલાની સાધના શરૂ કરી હતી. એમણે જ પશ્ચિમાભિમુખ થતી જતી કલાને ભારતીય રંગે રંગી અને આપણી કલા-સંસ્કૃતિનો ઉદ્ધાર કરવા અથાક પરિશ્રમ ઉઠાવ્યો.

અવનીબાબુ એક મહાન સર્જક હતા. કલા વિશે એમની પાસે ઉદાત્ત દૃષ્ટિ હતી. સર્જન વિશે તેઓ કહેતા કે, સર્જકને કોઈ પણ પ્રકારની દુઃખની કે સુખની અનુભૂતિ થાય તો એ અનુભૂતિને જ્યાં સુધી તે મૂર્ત સ્વરૂપ આપી ન શકે ત્યાં સુધીનો એ આખો ગાળો–Gap–ખૂબ જ વેદનાશીલ હોય છે; એ વેદના પ્રસવ-વેદના જેટલી જ ઉત્કટ હોય છે. જ્યારે એ અનુભૂતિ સર્જનમાં પરિણમે છે ત્યારે જ તેને શાંતિ વળે છે અને હૃદયનો આનંદ તે અનુભવે છે. ખરી રીતે એ વેદનાનો ગાળો–Gap–જેમ વધારે લાંબો કાળ ટકે તેમ એનું સર્જન વધારે આનંદદાયી, ઉદાત્ત અને આત્મીય બને.

અવનીબાબુનું કલાકાર તરીકેનું જીવન જોતાં આપણને દુઃખ થઈ આવે છે કે, કેટલીય વાર સંજોગવશાત્ તેમને પોતાનાં સંતાનસમાં ચિત્રોને લોહીની પેઠે વેચવાની ફરજ પડી હતી, સાચા કલાકારનું જીવન કેવી યાતના અને કેટલી મુશ્કેલીથી ભરેલું હોય છે એનો ખ્યાલ એમના જીવન પરથી સહેજે આવી શકે એમ છે. એ માટે એકજ દૃષ્ટાંત પૂરતું ગણાશે. એક વાર બે ભાઈઓ શાંતિનિકેતનમાં કલાનો અભ્યાસ પૂરો કર્યા પછી અવનીબાબુને મળવા ગયા. અવનીબાબુએ ખૂબ જ પ્રેમથી તેઓને પોતાની કલાકૃતિઓ વગેરે બતાવી અને એમની કળાની પૂરેપૂરી સમજ આપી. બધું બતાવવામાં બે–અઢી કલાક પસાર થઈ ગયા. ત્યાર પછી છૂટા પડતી વખતે એમના મુખ પર વિષાદની ઘેરી છાયા પ્રસરી ગઈ અને જાણે હૃદયના ઊંડાણમાંથી કહેતા હોય એમ તે બોલ્યા : ઠીક ત્યારે આવજો ! પણ જો તમારે સાચા કલાકાર તરીકે જ જીવન વ્યતીત કરવું હોય તો માર્ગમાં

આવતી બધી મુશ્કેલી અને વિટંબણાઓને સહન કરવાની શક્તિ કેળવવી પડશે, ગરીબાઈને અપનાવવી પડશે.”

અને સાચે જ અવનીબાબુના એ ઉદ્દગારોમાં ઊંડું સત્ય રહેલું છે. સાચા કલાકારની મનોસૃષ્ટિ નિરાળી જ હોય છે અને તેની સાચી કદર થતી નથી. એને લઈને કલાકારના જીવનમાં જે ગ્લાનિ પ્રસરી જાય છે તે એના જીવનને ધીમે ધીમે મંદ-વિષ–Slow poision–ની પેઠે કોરી નાખે છે! એ સૌ આઘાતોને સહન કરવાની જેનામાં શક્તિ હોય તે જ એની સામે ટકી શકે છે. પરંતુ છેવટે કલાકાર પણ માનવી જ છે ને! અંગ્રેજીમાં એક ઉક્તિ પ્રચલિત છે કે, ‘Man lives by Hope, Love and Admiration (માનવી આશા, પ્રેમ અને કદર એ ત્રણને લીધે જીવી શકે છે.) એ ઉક્તિ અનુસાર જો કલાકારની પણ યોગ્ય કદર કરવામાં ન આવે તો એ કયા આધારે જીવતો હોય?

આજે તો અવનીબાબુ આપણી વચ્ચેથી હંમેશને માટે ચાલ્યા ગયા છે! આપણા ઉપર એમનું ઋણ કંઈ જેવું તેવું તો નથી જ. જો આપણે એ ઋણમાંથી મુક્ત થવું હોય તો એમનાં કેટલાંય ચિરંજીવી અને ગૌરવાન્વિત ઉત્તમ ચિત્રો ખાનગી સંગ્રહોમાં પુરાયેલાં છે; એ સૌનો સંગ્રહ કરી રાષ્ટ્રીય સ્મારક તરીકે તેઓને જાળવવાં જોઈએ. નહિ તો અવનીબાબુ જેવા કલાકાર આપણા દેશમાં થઈ ગયા એ માત્ર નામશેષ રહી જશે.

કલા જ આપણને જીવનના સાચા સર્જક બનાવે છે. જ્યાં સુધી આપણા જીવનમાં કલાનાં પગલાં પડતાં નથી, ત્યાં સુધી આપણે કુદરતનાં બળોનાં, દૈવનાં કે કોઈ સત્તાનાં રમકડાં જ રહીએ છીએ. જ્યારે મનુષ્યને કલાની ભવ્ય વસ્તુઓનું ભાન થાય છે, ત્યારે તે વર્તમાન સમયમાં જ નહિ પણ સનાતનતામાં રહેવા લાગે છે, અને મૃત્યુ તો એને મન માત્ર એક અસ્પષ્ટ, આછો ખ્યાલ જ બની જાય છે.

કલાકારના જીવનની એક કરુણતા એ છે કે, એ કદી પોતાના પરિશ્રમનું ફળ ભોગવી શકતો નથી. ભવિષ્યની પ્રજા જ એનો સંદેશો સમજી શકે છે. એથી જ એના જીવનમાં કંઇક કરુણતા આવે છે.

કલાકારના માર્ગમાં ત્યાગના અનેક પ્રસંગો આવવાનો સંભવ હોય છે; અબુધ જનસમાજ એની કૃતિની કદર નહિ કરી શકે. એવા દુઃખદ પ્રસંગને માટે એણે સર્વસ્વના સમર્પણનું પોલાદી બખ્તર પહેરવું પડશે. ભવિષ્યમાં હજારો મનુષ્યોને લાભ થવાનો હોય, તો કલાકારને પોતાને એ જોવાનું સદ્ભાગ્ય ન મળે, તોયે શું? એ કંઇ ઓછી ભવ્યતાવાળી વસ્તુ છે?

— જિનરાજદાસ

બૌદ્ધધર્મની કથાઓ

(૫)

પદ્મનાભ શ્રી. જૈની

એક વખતે ભગવાન બુદ્ધ રાજગૃહ નગરીમાં ગૃધ્રકૂટ પર્વત ઉપર વિહાર કરતા હતા. તે વખતે ઘણા ભિક્ષુઓ ઋષિગૃદ્ધ પર્વતની પાસે તૃણકુટિકા બનાવીને વનવાસ કરતા હતા. આયુષ્માન ધનિય કુમ્ભકારપુત્ર પણ એક તૃણકુટિકા બનાવીને ત્યાં જ ચોમાસા માટે રોકાયો. ચોમાસું વીતી ગયા પછી બધા ભિક્ષુઓ તૃણકુટિકા તોડી નાખી નગરોમાં રહેવા ગયા. પણ આયુષ્માન ધનિય ત્યાં જ રહ્યો. એ રીતે તેણે હેમંત અને ગ્રીષ્મ ઋતુ પણ ત્યાં જ પસાર કરી.

એક દિવસે તે ભિક્ષા માટે ગામમાં ગયો હતો. ત્યારે કઠિયારાઓ તેની ઝૂંપડીનાં લાકડાં અને ઘાસ ઉપાડી ગયા. પરંતુ આયુષ્માને ધનિયે ફરીથી તૃણકુટિકા બનાવી. તેને પણ કઠિયારાઓએ તોડી નાખી અને ઘાસ અને લાકડાં તેઓ લઈ ગયા. ત્રીજી વાર પણ એમ જ થયું.

આ જોઈને આયુષ્માન ધનિય કુમ્ભકારપુત્રને થયું: "ત્રણેય વખત હું ગામમાં ભિક્ષા માટે ગયો ત્યારે કઠિયારાઓ મારી તૃણકુટિકા તોડી નાખીને ઘાસ અને લાકડાં લઈ ચાલ્યા ગયા! હવે મારે શું કરવું? હું કુંભારના ઘરમાં જન્મ્યો છું, કુંભારના જ ઘરમાં ઊછર્યો છું, કુંભાર આચાર્ય પાસે કુંભારકામનું સારું શિક્ષણ પણ લીધું છે. તો પછી હું માટી અને કાદવને સારી પેઠે મેળવીને માટીનું જ ઘર કેમ ન બનાવું? વળી એ ટકશે પણ સારું."

એમ વિચાર કરી તેણે માટીનું નાનકડું ઘર બાંધ્યું, ઘાસથી એનું છાપરું બનાવ્યું અને છાણથી એને લીંપીગૂંપી સ્વચ્છ કર્યું. માટીની એ કુટિકા અત્યંત સુંદર, પ્રાસાદિક, દર્શનીય અને ઇંદ્રગોપકની પેઠે લખલખતી થઈ ગઈ. અને દૂરથી જોનારની નજર એના પર સહેજે ઠરતી.

એક દિવસે ભગવાન બુદ્ધ અનેક ભિક્ષુઓની સાથે ગૃધ્રકૂટ પર્વત પરથી નીચે ઊતર્યા, ત્યારે એ અત્યંત અભિરામ અને પ્રાસાદિક બંગલા જેવી કુટિકા જોઈને તેમણે ભિક્ષુઓને પૂછ્યું: "ભિક્ષુઓ! આ ઇન્દ્રગોપક જેવું લખલખતું અહીં શું દેખાય છે?" એટલે ભિક્ષુઓએ ભગવાનને ધનિય કુમ્ભકારપુત્રની બધી વાત કહી. એ સાંભળીને ભગવાન બોલ્યા: "ભિક્ષુઓ! આ ધનિય

કુમ્ભકારપુત્રે બહુ જ ખોટું કર્યું છે. શ્રમણને ન શોભે એવો પરિગ્રહ એણે કર્યો. ભિક્ષુને ન છાજે એવી આ કુટિકા છે. પોતાને માટે માટીનું ઘર બનાવીને એ ભિક્ષુએ ભિક્ષુધર્મનો અનાદર કર્યો છે. ભિક્ષુઓ! તમે આ કુટિકાને તોડી નાખો. જેથી ભવિષ્યમાં કોઈ ભિક્ષુ આવો પરિગ્રહ કરવા ન લલચાય. અને ભિક્ષુઓ! તમે પણ કદી માટીની કુટિકા ન બનાવતા. જે બનાવશે તે દુષ્કૃતનો અપરાધી થશે.

ભગવાનનું વચન સાંભળીને ભિક્ષુઓએ એ કુટિકા તોડી નાખી. એવામાં ધનિય કુમ્ભકારપુત્ર ત્યાં આવી પહોંચ્યો અને ભિક્ષુઓને એનું કારણ પૂછવા લાગ્યો. ભિક્ષુઓએ કહ્યું : "આયુષ્માન! ભગવાને પોતે જ અમને કુટિકા તોડવાની આજ્ઞા આપી છે." એટલે તે બોલ્યો : "ભગવાન પોતે જ કહે છે તો ભલે તમે એનો નાશ કરો. હું પણ એમાં મદદ કરીશ." એ રીતે આયુષ્માન ધનિયની એ કુટિકાનો પણ નાશ થયો.

હવે ધનિય કુમ્ભકારપુત્રને થયું–"મારી ત્રણ તૃણકુટિકાનો કઠિયારાઓએ નાશ કર્યો અને મારી આ માટીની બનાવેલી કુટિકાનો નાશ કરવા ભગવાને આજ્ઞા આપી. હવે મારે શું કરવું? અહીં લાકડાં મળી જાય તો એક સરસ કુટિકા બાંધી શકું." એમ વિચાર કરી તે દારુગૃહમાં ગયો અને ત્યાંના મુનીમને કહેવા લાગ્યો : "ભાઈ, મને કુટિકા બનાવવા માટે જરૂર જેટલાં લાકડાં આપ."

મુનીમે કહ્યું : "ભન્તે! આપને આપવા માટે અહીં લાકડાં નથી. નગરમાં કોઈ વાર આપત્તિ આવી પડે તો તેને પહોંચી વળવા માટે અહીં લાકડાં ભેગાં કરવામાં આવે છે અને રાજાની ખાસ આજ્ઞા વિના કોઇને આપવાની અમને સખત મનાઈ છે. જો આપ રાજાની આજ્ઞા મેળવશો તો ભન્તે! આપને જોઈએ એટલાં લાકડાં હું ખુશીથી આપીશ."

ધનિય બોલ્યો : "ગણક! રાજાએ અમને આજ્ઞા આપી છે."

એ સાંભળીને મુનીમને થયું : 'આ શાકયપુત્રીય શ્રમણ ધર્મચારી, બ્રહ્મચારી અને સત્યવાદી હોય છે. રાજા પણ એમનો આદર કરે છે. ન આપેલી વસ્તુને સ્પર્શ પણ ન કરે એવા આ ભિક્ષુના વચન પર વિશ્વાસ રાખી એને જોઇતાં લાકડાં આપું એ જ યોગ્ય છે.' એમ વિચાર કરી તેણે ભિક્ષુને લાકડાં આપ્યાં. ભિક્ષુએ તે લાકડાંની એક સરસ કુટિકા બનાવી.

હવે એક દિવસે મગધ રાજાનો મહામાત્ર વર્ષકાર બ્રાહ્મણ રાજ્યની વ્યવસ્થા જોવા નીકળ્યો. દારુગૃહમાં લાકડાંના જથ્થાની તે તપાસ કરવા આવ્યો. મુનીમે ધનિયને આપેલાં લાકડાંની વાત કરી અને કહ્યું કે, રાજાજ્ઞાથી લાકડાં આપ્યાં છે. એ સાંભળી મહામાત્રને ખૂબ દુ:ખ થયું. તે બોલ્યો : "રાજા શ્રેણિક બિંબિસાર નગરના આપત્કાળ માટે રાખેલાં લાકડાં શી રીતે ભિક્ષુને આપી શકે?" મહામાત્ર તરત જ રાજા બિંબિસાર પાસે ગયો અને બોલ્યો : "દેવ! આપે નગરના આપત્કાળ માટે ભેગાં કરેલાં લાકડાંમાંથી આયુષ્માન ધનિયને લાકડાં આપ્યા, એ વાત સત્ય છે?"

રાજાએ કહ્યું : "એમ કોણે કહ્યું?"

મહામાત્રે જવાબ આપ્યો : "દારુગૃહનો કર્મચારી એ પ્રમાણે કહે છે."

રાજાએ તરત જ મુનીમને પકડી લાવવા આજ્ઞા કરી. મહામાત્રે મુનીમને પકડી લાવવા માણસો મોકલ્યા.

મુનીમને પકડીને લઈ જતાં જોઈ આયુષ્માન ધનિયે તેને પૂછયું : "ભાઈ, તમને શા માટે પકડી જાય છે?" મુનીમે

[અનુ૦ ૨૯૬મે પાને]



ગુરુદેવની ગીતાંજલિ

[ગુરુદેવની 'ગીતાંજલિ'નાં કાવ્યોનું અનુશીલન પૂજ્ય મલ્લિકજીને મુખેથી કરવું એ ખરેખર જીવનનો સુધન્ય લહાવો છે. એમની સ્નેહ નીતરતી આંખો, આપણાં હૈયાંને પુલકિત કરે એવો ધીર, ગંભીર, પ્રશાંત અવાજ, ગુરુદેવ પ્રત્યેના પૂજ્યભાવથી પ્લાવિત એમનું પ્રેમાળ હૃદય અને સ્વજનસમો સંપર્ક એ સૌના સુભગ સુમેળ વચ્ચે એમના મુખે ગુરુદેવનાં કાવ્યો વિશે સાંભળવાથી 'ગીતાંજલિ'ને સમજવા માટે આપણને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ લેખમાળા સૌને મનનીય થઈ પડશે.]

માગી લઈશ હતી મન ઇચ્છા, પણ હિંમત નવ ચાલી,
સંધ્યા સમયે જે માળા તેં હતી ગળામાં ઘાલી;
પણ હિંમત નવ મુજ ચાલી.

ધાર્યું'તું કે સવાર થાતાં,
તું આ પારે ચાલ્યો જાતાં,

છિન્ન પડેલી મળશે માળા તવ શય્યાની પાસે,
હું કંગાળ સમી આવી'તી પ્રભાતમાં એ આશે;
પણ હિંમત નવ મુજ ચાલી.
આ તો માળા નથી, અરે, આ છે તલવાર તમારી,
અગ્નિ શી બળબળતી જાણે વજ્ર સમી એ ભારી;
આ છે તલવાર તમારી.

તરુણ અરુણનો પ્રકાશ આવ્યો,
તારા શયન પરે પથરાયો,
પ્રભાત પંખી ગાતાં પૂછે, 'શું પામી તું નારી?'
માળ નથી એ, થાળ નથી એ, નથી ગંધની ઝારી!
ભીષણ તલવાર તમારી.

બેઠી બેઠી મન વિચારુ, દાન તમારું કેવું?
એને ક્યાંક છુપાવી રાખું સ્થાન મળે નવ એવું!
દાન તમારું કેવું?

શક્તિહીન મરું હું લાજે,
આ ભૂષણ મુજને શું છાજે?

હૈયા સરસું ધરવા જાતાં ઘવાય હૈયું કેવું,
આમ છતાં, અંતર ધરી રાખું માન વેદના કેરું—
દાન તમારું લેવું.

આજ થકી આ જગમાં હું તો છોડીશ સઘળો ભય,
આજ થકી સઘળાં મુજ કાર્યે, થાશે તારો જય,
હું છોડીશ સઘળો ભય.

મરણ તણો નીરમીને સાથી,
મુજ ઘર વિશે ગયો તું રાખી,

હું તો તેને વરણ કરીને રાખીશ જીવિતમય.
તવ તલવાર કરી દેશે મુજ સૌ બંધનનો ક્ષય;
હું છોડીશ સઘળો ભય.

તારે કાજે અંગ ભરીને ધરવા નવ અવ સાજ,
ભલે તમે પાછા નવ આવો હૃદય તણા મમ રાજ–
મારે ધરવા નવ અવ સાજ.

ધૂળ વિષે બેસી તુજ માટે,
રોવું નહીં હવે એકાંતે,

તુજ કારણ ઘરમાં કે પરમાં, માનું નવ અવ લાજ,
તવ તલવાર મને તેં જાતે બાંધી દીધી આજ,
મારે નવ ધરવા અવ સાજ.

અનુ૦ નગીનદાસ પારેખ

અંગ્રેજી 'ગીતાંજલિ'નું પરમું કાવ્ય સમજાવતાં પૂ૦ મલ્લિકજી નીચે પ્રમાણે બોલ્યા :

ગુરુદેવનો જીવન વિષેનો આદર્શ છે જીવનની સંપૂર્ણતા. જીવનને ઢાલરૂપે ગણીએ તો તેને બે પાસાં છે. એક પાસામાં ધર્મ અને બીજા પાસામાં કર્મ. ધર્મ અને કર્મ સાથે સાથે જ ચાલશે. ધર્મ અને કર્મને બદલે લેવું અને દેવું એ શબ્દો પણ પર્યાયરૂપે લઈએ તો ચાલે. જ્યાં સુધી જીવનમાં માત્ર લેવાનો જ આદર્શ રાખીશું, ત્યાં સુધી જીવનમાં ક્યાંય પ્રકાશ દેખાશે નહિ, વિકાસ સંભવશે નહિ. પરંતુ જ્યારે આપણે દેવાનું શીખીશું ત્યારે જ જીવનની સફળતા પ્રાપ્ત થશે. દીવો જો તેલનો સંગ્રહ કરવાની વૃત્તિ ધારણ કરીને બેસે તો બધે અંધારું રહેશે, ક્યાંય પ્રકાશ પડશે નહિ. પરંતુ જ્યારે તે તેલ આપવા માંડશે, દિવેટ દ્વારા બળવા માંડશે ત્યારે

[અનુસંધાન પૃ૦ ૨૯૨ મે પાને]





ભાઈ હરિભાઉ

તમને ઈશ્વરે
સસ્તું સાદું પવિત્ર
[illegible] [illegible] [illegible]
[illegible] [illegible] ને
[illegible] સસ્તું સાહિત્ય
[illegible] પ્રાપ્તિની
[illegible] [illegible] [illegible]
કરવી છે

સેગાંવ બાપુના
વર્ધા આશીર્વાદ
૨૫-૧૧-૩૬

બાપુના દર્શને

ડૉ. હરિભાઈ અડાલજા

૧૯૩૯ની સાલમાં પૂ૦ બાપુજી તેમના કાકા ખુશાલભાઈ ગાંધી બીમાર હતા. તેથી તેમની ખબર કાઢવા રાજકોટ આવ્યા હતા. તેમના દર્શન માટે હું જેતપુરથી મોટર ભાડે કરી ઊપડ્યો. પરંતુ રસ્તામાં રાતે સાડા આઠ વાગે મોટર ઝાડ સાથે અથડાઈ અને ઊંધી વળી ગઈ!

હું ભાનમાં આવ્યો ત્યારે મોટર નીચે જ પડ્યો હતો. મોઢા ઉપર કાચ વાગવાથી જખમો થયા હતા અને બંને પગ ખોટા થઈ ગયા હતા. ડ્રાઈવર તો મારો જાન ગયો છે એમ સમજી ગભરાઈને ઊઠવાની પણ હિંમત કરી શક્યો ન હતો. મને મોટર નીચેથી બહાર નીકળતો જોઈ ડ્રાઈવર એકદમ બેઠો થઈ મારી પાસે દોડી આવ્યો.

એવામાં રાજકોટ જતા એક વેપારીએ અમારી આ સ્થિતિ જોઈ મોટર ઊભી રાખી. તેમને મેં રાજકોટમાં મારા ભાઈ વકીલ જમનાદાસને ખબર આપવા કહ્યું.

રાતે લગભગ અગિયાર વાગે મારા ભાઈ અને સગાંવહાલાં બે મોટર લઇને આવી પહોંચ્યાં. મને ઉપાડીને મોટરની પાછલી બેઠકમાં સુવાડ્યો. કમરનું હાડકું અને હાંસડી ભાંગી ગયાં હતાં. તેથી મોટર ધીરે ચલાવીને રાજકોટ છેક બે વાગે પહોંચ્યાં.

રાતભર શેક ચાલુ હતો. સવારે ઊઠીને જોઉં તો પગ હજી ખોટા જ હતા. મેં મારા ભાઈ ત્રિભુવનભાઈને સવારે જ બાપુજી પાસે મોકલ્યા અને મારી સ્થિતિથી તેમને વાકેફ કરી ઘેર પધારી મને દર્શન દેવા વિનંતી કરી.

મારા ભાઈ ત્રિભુવનભાઈ એ બાપુજીના નાના ભાઈ કરસનદાસ ગાંધીના જમાઈ થાય. તેથી પહેલાં તો બાપુજીએ હસીને કહ્યું: "હું આવીશ." અને પછી ગમ્મત કરતા બાપુ બોલ્યા: "જો અમો ન આવીએ તો તમો જમાઈ લોકો અમારી દીકરીને હેરાન કરો!"

બપોરે બે વાગે બાપુને યાદ આપવા સંદેશો મોકલ્યો અને તેઓ ક્યારે પધારશે તે જણાવવા વિનંતી કરી. બાપુને ખૂબ જ કામ હતું, એટલે તેમણે જણાવ્યું કે, ઈશ્વરની ઇચ્છા હશે તો આવી શકાશે.

ફરી સાંજે પાંચેક વાગે તપાસ કરાવી. ત્યારે બાપુજીએ કહ્યું કે, 'હું નથી માનતો કે હું આવી શકું. કારણ કે મારે બહુ જ કામ છે.' નિરાશ થઈને મારા ભાઈએ આ સમાચાર મને આપ્યા અને કહ્યું કે, 'રાતે સાડા આઠની ગાડીમાં તો બાપુજી મુંબઈ તરફ જવાના છે.' પરંતુ મારા મનમાં શ્રદ્ધા હતી કે, મને બાપુજીનાં દર્શન જરૂર થશે!

રાતે બરાબર પોણા આઠ થયા. ત્યાં તો બાપુજી તેમના બે સાથીદારો સાથે ઘેર પાસે આવી પહોંચ્યા અને મોટેથી પૂછવા લાગ્યા કે, આટલામાં કોઇ દાક્તરને મોટરમાં માર વાગ્યો છે તે ક્યાં રહે છે? મેં અવાજ સાંભળ્યો અને ખૂબ જોરથી હું બોલ્યો: "બાપુજી! પધારો! હું આપની રાહ જોઉં છું!" તરત જ મારા ભાઈઓ દોડીને બાપુજીને મારા ઓરડામાં લઈ આવ્યા. મને બાપુનાં દર્શન થયાં! હું ખૂબ આનંદમાં આવી ગયો અને ભગવાન જાણે કેમ કરીને હું બેઠો થઈ ગયો અને બાપુજીને પગે પડીને કોઈની પણ મદદ વિના પથારીમાં પાછો સૂઈ ગયો!

બાપુજીએ મને સાંત્વન આપતાં કહ્યું: "ગભરાશો મા; પ્રભુભજન કરતા રહેશો. જરૂર સારું થઈ જશે. અને સારું થાય એટલે મને ખબર આપશો."

થોડી વાર પછી મેં બાપુજીને કહ્યું: "બાપુજી, હવે આપ સુખેથી પધારો. આપે 'નહિ આવી શકું' એમ કહેવરાવ્યું હતું છતાં મને તો ખાતરી જ હતી કે, આપ જરૂર પધારશો."

બાપુજીએ કહ્યું: "તમારી શ્રદ્ધા જ મને અહીં લઈ આવી છે; કારણ, મને જરા પણ વખત નહોતો." ત્યાર પછી બાપુજી સીધા સ્ટેશને ગયા.

પછી જેતપુર આવીને મેં બાપુજીને લખ્યું કે, પ્રભુકૃપાથી અને આપના આશીર્વાદથી હવે મને સારું છે; તો પરમાત્માને મેળવવાનું સહેલામાં સહેલું સાધન શું તે જણાવવા પ્રાર્થના છે.

બાપુએ જવાબમાં લખ્યું:

ભાઈ હરિલાલ,

તમને હવે તો સારું થઈ ગયું હશે. પ્રભુ મેળવવાનું સારામાં સારું અને સાદામાં સાદું સાધન પ્રભુનાં પ્રાણીની અનન્યભાવે સેવા કરવી છે.

સેગાંવ વર્ધા ૨૬-૧૧-૩૬ બાપુના આશીર્વાદ

આ પછી ૧૯૪૭માં અરુણાચલ ભગવાન શ્રી રમણ મહર્ષિનાં દર્શને હું ગયો હતો. સામાન્ય રીતે મહર્ષિ ઓછું બોલતા. પરંતુ ગાંધીજીના આ પત્ર વિશે વાત નીકળતાં મહર્ષિએ એ પત્રનો પહેલાં અંગ્રેજીમાં સારાંશ આપી મૂળ ગુજરાતીમાં તે વાંચવા મને કહ્યું. એમણે બાપુજીએ વાપરેલા 'અનન્ય ભાવ' શબ્દ તરફ ત્યાં બેઠેલા ભાવિકોનું ધ્યાન ખેંચ્યું અને કહ્યું, "જોયું, ગાંધીજી પણ 'અનન્યભાવ' શબ્દ વાપરે છે ને?" આમ કહીને ગાંધીજીના હૃદયમાં કોઈને માટે પણ અન્યભાવ નહોતો અને ઈશ્વરરૂપી ઉત્તમ સત્ દ્વારા સૌ પ્રાણી એકબીજા સાથે જોડાયેલાં હોવાથી એમની વચ્ચે પરાયાપણું ન હોવું જોઈએ, એમ ગાંધીજીની દૃષ્ટિનું સંમતિપૂર્વક વિવરણ કર્યું.

આ શબ્દો સાંભળીને હું કૃતકૃત્ય થયો અને મારા મનમાં બાપુજીનું વાક્ય ગુંજવા લાગ્યું:

"પ્રભુ મેળવવાનું સારામાં સારું અને સાદામાં સાદું સાધન પ્રભુનાં પ્રાણીની અનન્યભાવે સેવા કરવી છે."

શુદ્ધિનો માર્ગ

જમીનમાલિકોનો હૃદયપલટો થઈ રહ્યો છે. ક્રાંતિનાં બીજ જેમાં રહ્યાં છે એ ભૂદાન યજ્ઞની બરોબરી કરી શકે એવો કાર્યક્રમ કોઈ પક્ષ કે વ્યક્તિ પાસે નથી. જવાહરલાલજી કોંગ્રેસની શુદ્ધિ કરવા ચાહે છે. કૃપાલાનીજી પણ શુદ્ધિ ઇચ્છે છે અને તેથી નવા પક્ષની રચના કરી છે. પરંતુ ત્યાગના કાર્યક્રમ વિના શુદ્ધિ સંભવે નહીં. જો ગાંધીજી હયાત હોત અને જો તેઓ પણ ત્યાગનો કોઈ કાર્યક્રમ આપી શક્યા ન હોત, તો તેમનાથીયે શુદ્ધિ થઈ શકત નહીં. પરંતુ ગાંધીજીની એ ખૂબી હતી કે, તેઓ હંમેશાં જે કોઈ કાર્યક્રમ મૂકતાં એમાં ત્યાગની વાત પહેલી જ હોય. આ ભૂદાન યજ્ઞનો કાયક્રમ નિશ્ચિત ત્યાગ માગે છે, એ ક્રાંતિ પેદા કરશે અને સમગ્ર જગતનું ધ્યાન ખેંચશે.

—વિનોબાજી

ગુરુદેવની ગીતાંજલિ

[અનુ૦ પૃ૦ ૨૮૮થી ચાલુ]

બધે પ્રકાશ ફેલાઈ જશે. અને સંગ્રહરૂપે પડી રહેલા તેલને તે જ વખતે પોતાની સાર્થકતા સમજાશે અને તે ધન્યતા અનુભવશે.

પ્રેમ અને સેવા એ પણ દેવાનું જ એક સ્વરૂપ છે.

ઉપનિષદમાં 'દા, દા, દા' – આપો, આપો, આપો–એમ ત્રણ વાર ઉચ્ચારવામાં આવ્યું છે. પહેલા 'દા'નો અર્થ છે: પોતાના અહંકારનો બીજાની સેવા કરવામાં નાશ કરો. બીજા 'દા'નો અર્થ થાય છે: દયા કરો; કારણ કે 'દયા ધર્મ કા મૂલ હૈ.' ત્રીજા 'દા'નો અર્થ છે: દાન કરો. આપણી પાસે ભલે જે કંઈ હોય તેનું દાન કરો.

કુદરત, સમાજ, કુટુંબ એ સર્વ પુકારીને કહે છે કે, જે કાંઈ આપી શકો તે આપો. છેવટે બીજું કાંઈ જ ન આપી શકાય તો બીજાના ગુણ જોવાની શક્તિ કેળવજો. એ પણ એક આપવાનો જ પ્રકાર છે. એક વાર એક મહાત્મા પોતાના શિષ્યો સાથે રસ્તા ઉપરથી પસાર થતા હતા. રસ્તા ઉપર એક કૂતરું મરેલું પડ્યું હતું. શિષ્યો તો કૂતરાની નિંદા કરવા લાગ્યા. કોઈએ દુર્ગંધની વાત કરી, તો કોઇએ કાનની, તો કોઇએ આંખની. ત્યારે મહાપુરુષે કહ્યું કે, એ બધું તો ઠીક, પણ કૂતરાના દાંત કેટલા સરસ છે તે તો જરા જુઓ! અને સાચેસાચ કૂતરાના દાંત સ્વચ્છ અને શોભા આપે એવા હતા. એ જ પ્રમાણે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જે કાંઈ સારું જોવા મળે તેની આપણે પ્રશંસા કરતા શીખીશું તો એક સારો ગુણ કેળવાશે. એને ખુશામત ન કહેવી જોઈએ. એ તો આપવાની એક પદ્ધતિ છે.

હવે આપણે કવિતાના અર્થ ઉપર આવીએ: પ્રીતમ આવ્યો છે, રાતનો સમય થયો છે. તેના ગળામાં ફૂલનો હાર છે. જન્મજન્માન્તરની આશા પૂરી થવાનો વખત આવી પહોંચ્યો છે. પ્રીતમની પાસેથી પ્રસાદીરૂપે ફૂલનો હાર નહિ તોયે એકાદ ફૂલ તો સવાર થતાં જરૂર મળશે જ, એવી આશા છે. પણ સવાર થતાં પ્રીતમ ચાલ્યો ગયો અને મારે માટે ફૂલની એક પાંખડી સુદ્ધાં મૂકતો ન ગયો! ફૂલના હારને બદલે ત્યાં એક તલવાર મૂકતો ગયો છે! માગ્યો હતો આરામ ને એ તો મૂકી ગયો તલવાર! આવું પ્રીતમે–પ્રભુએ શા માટે કર્યું હશે? એ લીલા તો પ્રભુ પોતે જ જાણે.

ભગવાન પાસે માગીએ છીએ આરામ અને સુખ. પણ ભગવાન દરેક વખતે એવું માગેલું આપતા નથી. કેટલીક વખત આપણા શ્રેયસ્‌ને માટે આપણને પ્રેયસ્ હોય એવું તે ન પણ આપે. અને આપણે પણ કેવા સ્વાર્થી છીએ! પ્રભુ આપણને કેટલીયે વાર આપ્યા જ કરે છે અને એકાદ વખત ન આપે ત્યારે આપણે કેવા ચીડાઈ જઈએ છીએ!. પરંતુ ભગવાન તો આપણું શ્રેયસ્–કલ્યાણ વિચારીને જ બધું કરતો હોય છે. જે પ્રભુને ચરણે લઈ જવામાં સહાયરૂપ બને તે શ્રેયસ્. એક રાજાએ એવું માગ્યું કે, 'જેને હું હાથ અડાડું તે સોનું થઈ જાય.' રાજા જમવા બેઠો; ભોજનને હાથ અડાડ્યો, ત્યાં તો સોનું! સોનું તે કંઈ ખવાય ખરું? માણસમાં માગવાની વૃત્તિ તો આખર સુધી રહેશે જ. પણ શું માગવું તેનો વિવેક રાખવો પડશે.

૧૫મી ઑગસ્ટને દિવસે સ્વરાજ મળ્યું. તે દિવસે ગાંધીજીનો ઉપવાસ હતો. તે વખતે સાડા બાર વાગે મને આ જ કવિતા યાદ આવી હતી. બધાને લાગતું હતું કે, સ્વરાજ મળશે તો બધું જ મળી જશે. પણ

જવાબદારી કેટલી બધી વધી ગઈ! ફૂલની પાંખડી નહિ પણ પ્રભુએ તો જાણે તલવાર જ આપી. ગાંધીજીની તપસ્યાથી જે સ્વરાજ મળ્યું છે તેને તલવાર માનીને પૂરેપૂરી જાગ્રતિથી તેને સાચવવું પડશે. બંધન કાપી નાખે એવી એ તલવાર છે.

Right desire–સાચી સાત્ત્વિક ઇચ્છા–પણ સાધનાનું એક અંગ છે. પરંતુ સાત્ત્વિકતાનું માપ એ છે કે, તેમાં માત્ર વ્યક્તિગત સ્વાર્થ ન હોય એટલું બસ નથી, પણ કુટુંબ, સમાજ, સંસ્થા એ સૌનું શ્રેય હોય. એવી ઉચ્ચ ઇચ્છા રાખનાર માનવી સુખની આશા શી રીતે રાખી શકે? તેણે જે કષ્ટ કે મુશ્કેલી આવી પડે તે સહન કરવી જોઈએ અને દુઃખમાં જ સુખનો તેમ જ પ્રભુના પ્રેમનો અનુભવ કરવો જોઈએ. પણ આ માર્ગ કંઇ સહેલો નથી. તેથી જ આપણા ઋષિઓ કહેતા હતા:

'ક્ષુરસ્ય ધારા નિશિતા દુરત્યયા,
દુર્ગં પથસ્તત્કવયો વદન્તિ ।'

(ડાહ્યા પુરુષો કહે છે કે, અસ્ત્રાની તીક્ષ્ણ ધાર ઉપરથી જવું જેવું મુશ્કેલ છે તેવું જ આ વિકટ માર્ગે જવું કઠણ છે.)

દાનત તેવી બરકત

એક દયાળુ શેઠને એક દિવસે ખબર પડી કે, તેનો એક જૂનો ઓળખીતો કંટ્રાક્ટર ધંધાની મંદીને લીધે ખૂબ મુશ્કેલીમાં આવી પડ્યો છે. તેથી તેણે કંટ્રાક્ટરને બોલાવીને કહ્યું: "મારે એક મકાન બાંધવું છે. એ બાંધવાનું કામ તને સોંપું છું. થોડા વખત માટે હું કામ અંગે પરદેશ જઈશ. ત્યાંથી આવું એટલે મકાન તૈયાર થઈ જવું જોઈએ."

કંટ્રાક્ટરે તો બીજે દિવસે કામ શરૂ કરી દીધું. પણ તેને મનમાં થયું કે, 'જો હું મોંઘી વસ્તુઓ વાપરવાને બદલે સસ્તી વસ્તુઓ વાપરું તો શેઠ ક્યાં જોવા આવવાનો છે? શેઠ તો ઘર તૂટી પડશે તો બીજું બાંધશે.' એમ વિચાર કરી તેણે સસ્તો અને રદ્દી માલ છૂટથી વાપર્યો. બહારથી તો ઘર ખૂબ સુંદર દેખાતું હતું. પણ લાંબો વખત ટકે એવું એનું અંદરથી બાંધકામ ન હતું. પરંતુ તે કોઈની નજરે ચડે એમ હતું નહીં.

થોડા વખત પછી શેઠ પરદેશથી આવ્યો. મકાનની સુંદર બાંધણી જોઈને એ ખુશ થયો અને બોલ્યો: 'તારા પિતાશ્રી એ મારા પિતાશ્રીના બાળપણના સાથી હતા. મારા પિતાશ્રીએ એક વાર મને કહ્યું હતું કે, તમને રહેવા થાય એવું એક મકાન બાંધી આપજે. તેથી આ જ મકાન હું તમને ભેટ આપું છું. આજે જ તમે કુટુંબ સહિત એમાં રહેવા આવી જાઓ."

એ સાંભળીને બિચારો કંટ્રાક્ટર તો આભો જ બની ગયો!

સરદારશ્રીની વાણી

સંકલનકર્તા : મુ૦ ક૦

એકલી શ્રદ્ધાથી શું થાય ? શક્તિ વિનાની શ્રદ્ધા નકામી. કોઈ પણ મહાન કાર્ય પાર પાડવામાં શ્રદ્ધા અને શક્તિ બન્નેની આવશ્યકતા છે.

* * *

પક્ષ એકબીજાના કાર્યને તોડી પાડવામાં પોતાની બુદ્ધિ ને શક્તિનો ઉપયોગ કરે તો દેશનાં કમભાગ્ય જ ગણાય.

* * *

નેતાપણું સેવામાં રહેલું છે.

* * *

હું કાંઈ આગેવાન નથી; હું તો એક સિપાઈ છું.

* * *

દુરાગ્રહીના મતને લાચારીથી કબૂલ કરી લેવો એમાં પ્રજા ચડવાની નથી, પણ જરૂર પછડાવાની છે.

* * *

રાષ્ટ્ર-સ્વમાન જાળવવા માટે અને રાષ્ટ્રીય હકનું રક્ષણ કરવા માટે શાંત અને શાંતિપ્રિય મનુષ્યને ન છાજે એવું આપણે કશું જ નહીં કરીએ.

* * *

પશ્ચિમનો સુધારો હિંદુસ્તાનમાં દાખલ કરવાનું ઇચ્છનારાઓની પાસે તે સુધારાને પચાવવાની શી સામગ્રી છે? હિંદુસ્તાન એ સુધારાની પાછળ દોડતાં હંમેશાં પાછળ જ રહેવાનું. તે આ ભૂમિને અનુકૂળ જ નથી. આત્મબળને પૂજનાર હિંદુસ્તાન એ શેતાનના તેજમાં કોઈ દિવસ તણાવાનું નથી.

* * *

એક ઇમારત ચણનાર કડિયો જેમ તેના પ્લાન રચનાર ઇજનેરના જેટલી શક્તિ હોવાનો દાવો કરતો નથી, છતાં તે પ્લાન પ્રમાણે ઇમારત પૂરી કરવામાં મુશ્કેલી જોતો નથી; તેમ ગાંધીજીના અનુયાયીઓ જો તેમનો ઘડેલો સ્વરાજની ઇમારતનો પ્લાન બરાબર સમજી ગયા હશે તો તે મુજબ ઇમારતનું કામ આગળ ચલાવતાં મૂંઝાશે નહીં.

* * *

માત્ર ભરોસાથી જ ભારે જોખમભરેલી પ્રવૃત્તિ ઉપાડવી એમાં અવિચારીપણું હોય એવો ભાસ આવે છે.

* * *

પ્રજામતને રૂંધી નાખવામાં મદદ કરવી એમાં હું કાયરતા સિવાય બીજું કાંઈ જોતો નથી.

* * *

થોડાક હઠીલાઓને – પછી તે ભલેને દેશના મહા આગેવાન હોય – પોતાનું ધાર્યું કરવા દેવાની સગવડ કરી આપી, શાંત પાડવા ખાતર જેઓ પોતાના નિશ્ચયને છોડી દે છે, અને બીજા પાસે છોડાવવાનો આગ્રહ કરે છે, તેઓને પોતાના કૃત્યથી દેશને થતા પારાવાર નુકસાનનો ખ્યાલ નથી.

લોકોનું પાગલપણું

દેસાઈભાઈ પટેલ

ઈશુ સૂબાની સમક્ષ ઊભો, અને સૂબાએ તેને પૂછ્યું; 'તું યહૂદીઓનો રાજા છે?'

ઈશુએ તેને કહ્યું: 'તમે (એમ) કહો છો.' જ્યારે યાજકો અને પટેલિયાઓએ તેની ઉપર આરોપ મૂક્યો, ત્યારે તેણે કશો ઉત્તર આપ્યો નહિ.

ત્યારે પિલાતે તેને કહ્યું: 'તારી સામે તેઓ કેટલી બધી વાતો રજૂ કરે છે તે તું સાંભળતો નથી?' પણ તેણે એક શબ્દેય કહ્યો નહિ. એ એટલે સુધી શાન્ત રહ્યો કે સૂબાને આશ્ચર્ય થયું.

હવે પાસ્ખાના પર્વ પર લોકો જે એક કેદી છોડવાની માગણી કરે તેને સૂબો છોડતો (છોડવાનો રિવાજ હતો); અને તે વખતે બારાબાસ નામે એક વિખ્યાત ડાકૂ કેદી હતો. તેથી જ્યારે તેઓ ભેગા થયા ત્યારે પિલાતે તેઓને પૂછ્યું: 'હું કોને છોડું એમ તને ઇચ્છો છો? બારાબાસને છોડું કે જે ખ્રિસ્ત કહેવાય છે તે ઈશુને છોડું? (તેને ખબર હતી કે તેઓએ ઈશુની સુપરત તેને કરી હતી તે માત્ર દ્વેષથી જ કરી હતી).'



જ્યારે તે ન્યાય કરવા બેઠો ત્યારે તેની સ્ત્રીએ તેને બોલાવીને કહ્યું: 'એ સત્યનિષ્ઠ માણસની બાબતમાં કંઈ કરતા ના, કારણ કે એની બાબતના સ્વપ્નમાં મને ઘણું દુઃખ થયું છે.' પણ યાજકો અને પટેલિયાઓએ લોકોને સમજાવ્યા કે તમે બારાબાસની માગણી કરો અને ઈશુનો નાશ થવા દો.

સૂબાએ તેમને ફરી પૂછ્યું: 'બોલો, કોને છોડી મૂકું એમ તમે ઇચ્છો છો?'

તેમણે કહ્યું: 'બારાબાસને.'

પિલાતે તેમને ફરી પૂછ્યું: 'ત્યારે જે ખ્રિસ્તને નામે ઓળખાય છે તે ઈશુને હું શું કરું?'

તે બધાએ (એકે અવાજે) તેને કહ્યું: 'તેને વધસ્તંભ પર ચડવા દો.'

એટલે સૂબાએ પૂછ્યું: 'શા માટે? એણે શું પાપ કર્યું છે?' પણ એ સાંભળીને તો લોકો વધારે જોરથી બોલી ઊઠ્યા:–

'એને વધસ્તંભ પર ચડવા દો.'

જ્યારે પિલાતે જોયું કે મારું કંઈ ચાલતું નથી પણ ગરબડ મચી ગઈ છે, ત્યારે તેણે પાણી લીધું અને લોકોના ટોળા સમક્ષ હાથ ધોઈ નાંખ્યા, અને કહ્યું: 'આ સત્યશીલ પુરુષનું લોહી રેડવાની બાબતમાં હું નિર્દોષ છું. તમે તમારે જોઈ લો (કરવું હોય તે કરો).'

ત્યારે બધા બોલી ઊઠ્યા: 'એનું લોહી અમારે માથે અને અમારાં છોકરાંને માથે.' એટલે બારાબાસને છોડ્યો; અને તેણે ભગવાન ઈશુને વધસ્તંભ પર ચડાવવા માટે લોકોને સોંપી દીધો.

બૌદ્ધધર્મની કથાઓ : [અનુ૦ પૃ૦ ૨૮૬થી ચાલુ]

કહ્યું : "ભન્તે! મેં આપને લાકડાં આપ્યાં તેનું આ ફળ છે!" ભિક્ષુ બોલ્યો : "ભાઈ, તું હમણાં જા. હું પણ ત્યાં થોડી વારમાં આવું છું." મુનીમ બોલ્યો : "ભન્તે! મને કંઈ સજા થાય એ પહેલાં આવી પહોંચજો."

આયુષ્માન ધનિય કુમ્ભકારપુત્ર રાજા શ્રેણિક બિંબિસારના દરબારમાં આવ્યો. રાજાએ એનો યોગ્ય આદર કર્યો અને પછી પૂછયું : "ભન્તે! નગરના આપત્કાળ માટે રખાયેલાં લાકડાં લઈ જવાની મેં આપને રજા આપી હતી એ વાત સત્ય છે?"

ધનિયે કહ્યું : "હા, મહારાજ."

રાજા બોલ્યો : "ભન્તે! રાજા તરીકે અમને ઘણાં કામો કરવાનાં હોય છે, એટલે ઘણી વાત ભૂલી પણ જઈએ છીએ. તો ભન્તે! આપ મને આ વાતનું સ્મરણ કરાવવા કૃપા કરશો તો મને બરાબર સમજ પડે."

ધનિય બોલ્યો : "મહારાજ! તારો જ્યારે રાજ્યાભિષેક થયો ત્યારે તેં જે કહ્યું હતું એનું તને સ્મરણ છે ખરું? તેં કહ્યું હતું કે, શ્રમણ અને બ્રાહ્મણ માટે તૃણ, કાષ્ઠ અને પાણી આપી દીધાં છે."

રાજાએ કહ્યું : "ભન્તે! મને એનું બરાબર સ્મરણ છે. પણ ભન્તે! શ્રમણ અને બ્રાહ્મણ ઘણું કરીને વનોમાં રહે છે, વિવેકી અને વ્રતધારી હોય છે, નાની નાની બાબતોમાં પણ તેમને ઘણી વાર મુશ્કેલી અનુભવવી પડે છે. એટલે એ વાત લક્ષમાં રાખીને મેં એમ કહ્યું હતું. અરણ્યનાં તૃણ, લાકડાં, પાણી વગેરેનો સ્વામી રાજા જ હોય છે એટલે મેં એ આજ્ઞા આપી હતી. એ વચનનો આવો દુરુપયોગ કરી નગરના આપત્કાળ માટે રાખેલાં લાકડાં આપ લઈ જાઓ, એ ખરેખર ખેદજનક છે! મારે તો ન્યાય કરવો જ રહ્યો. પણ હું તો ગૃહસ્થ છું; આપ જેવા શ્રમણ કે બ્રાહ્મણોને હું શી રીતે સજા કરી શકું? આપને હું મુક્ત કરું છું, પણ ફરીથી આવું ન થાય એ જોજો."

રાજગૃહના નગરજનોમાં આ વાતની ભારે ચર્ચા થવા લાગી : "આ શાક્યપુત્રીય શ્રમણ બેશરમ છે. પોતાને ધર્મચારી, બ્રહ્મચારી, સત્યવાદી, કલ્યાણમિત્ર કહેવડાવે છે અને આવું અયોગ્ય કામ કરે છે! બળ્યું એમનું શ્રામણ્ય અને ધિક્ એમનું બ્રાહ્મણ્ય! રાજા જેવા રાજાને છેતરે તો પછી આપણને છેતરતાં કેટલી વાર?"

બધા ભિક્ષુઓએ આ વાત ભગવાન બુદ્ધને કહી. ભગવાનને એ સાંભળીને ખેદ થયો. આયુષ્માન ધનિયને બોલાવી ભગવાન બોલ્યા : "ભિક્ષુઓ! આવા કૃત્યથી મનુષ્ય હણાય છે. એનું શ્રામણ્ય ભ્રષ્ટ થાય છે. અપ્રસન્નોને પ્રસન્ન કરવામાં અને પ્રસન્નોની શ્રદ્ધા વધારવામાં એ નિષ્ફળ જાય છે. આજથી ભિક્ષુઓ! હું આ નિયમ કરું છું :–

'જો કોઈ ભિક્ષુ ગામમાં કે અરણ્યમાં ન આપેલી વસ્તુનો સંગ્રહ કરે એ અચૌર્યવ્રતથી ભ્રષ્ટ થયો, શ્રમણ જીવનથી પરાજિત થયો; એ ભિક્ષુસંગમાં ન રહે.'"

"સંયતસ્સ ચ ધમ્મજીવિતો
અપ્પમત્તસ્સ યસોભિવડ્ઢતિ ॥"

— વિનય પારાણિક

(સંયત, ધર્મજીવી અને અપ્રમત્ત માણસના યશમાં વૃદ્ધિ થાય છે.)

રવીન્દ્ર મનન

કાકા કાલેલકર

પ્રાચીન આર્યોએ બાહ્ય જગતનું નિરીક્ષણ કરીને બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો અને હૃદયમાં ઉતારીને આત્મ-તત્ત્વને ઓળખ્યું. બાહ્ય જગતનું નિરીક્ષણ અને અંતરાત્માનું ધ્યાન કરીને જ્યારે તેઓ સમજી ગયા કે, બંનેનું પરમ તત્ત્વ એક જ છે, ત્યારે તેઓના આનંદને કોઈ સીમા ન રહી. આત્મા અને બ્રહ્મ એક જ છે; બાહ્ય જગત અને આંતર જગતમાં કોઈ પ્રકારનો દ્વૈતભાવ નથી; બધે એકનું એક જ ભરેલું છે, આ વાત જ્યારે તેઓ સમજી ગયા, ત્યારે તેમની બધી હૃદય-ગ્રંથિઓ તૂટી ગઈ અને તેઓ નિર્ભય બની ગયા.

આર્ય જાતિને આ જે પરમ સાક્ષાત્કાર થયો. તે હરેક વ્યક્તિએ પોતપોતાની ભિન્ન ભિન્ન સાધનાઓ દ્વારા પોતાના જીવનમાં ઉતારવો જોઈએ. જેને સાચો આનંદ પ્રાપ્ત થયો તેણે એને કોઈને કોઈ રૂપમાં વ્યક્ત કર્યો જ છે. જે સંગીત આ જગતમાં ભરેલું છે તે જ મારા હૃદયમાં ગુંજી રહ્યું છે. વિશ્વ-સંગીત અને હૃદય-સંગીત વસ્તુતઃ એક જ છે. આ વાત જે દિવસે હૃદયમાં ઊતરે છે, તે દિવસથી આ જગતમાં ક્યાંય પણ પરાયાપણું રહેતું નથી.

પૃથ્વી પર રહેનારા માનવીને તરલ જળ, ચંચળ પવન, પ્રજ્વલિત તેજ અને વિશ્વ-વ્યાપી આકાશ વ્યાપકતાની દીક્ષા આપે છે. જ્યારે 'સર્વ મહાભૂતોમાં પોતાની જ વિભૂતિ વ્યક્ત થાય છે,' ત્યારે અંદરથી જે સહજ અદ્વૈતાનન્દ સ્ફુરવા લાગે છે તે પંચપ્રાણોને ઉલ્લસિત કરે છે: અને આખા વિશ્વ સાથે પોતાનો સંબંધ મીઠો કરી મૂકે છે. ઈશ્વર સર્વત્ર છે, તેની સહજ જાગ્રતિ સ્થિર થાય છે. અને પોતાનાં બધાં કર્મોમાં એક ઈશ્વરનો જ જયજયકાર થતો રહે છે.

આ અનુભૂતિની ભૂખ-તરસ નીચેના ગીતમાં વ્યક્ત થઈ છે:-

જગત જુડે ઉદાર સુરે આનંદ-ગાન બાજે-
સે ગાન કબે ગભીર રબે બાજિબે હિયા માઝે!

બાતાસ, જલ, આકાશ, આલો,
સબારે કબે બાસિસ ભાલો;

હૃદય-સભા જુડિયા તારા,
બસિબે નાના સાજે!

નયન દુટિ મેલિલે કબે પરાણ હબે ખુસિ,
જે પથ દિયા ચલિયા જાબો સબારે જાબો તુષિ;

રયે છો તુમિ, એ કથા કબે
જીવન માઝે સહજ હબે,

આપનિ કબે તોમારી નામ
ધ્વનિબે સબ કાજે!

જે આનન્દગાન ઉદાર સ્વરથી આ જગતને ભરીને ગુંજે છે, તે ગાન ગંભીર સ્વરોમાં મારા હૃદયમાં ક્યારે ગુંજવા લાગશે? પવન, પાણી, આકાશ, પ્રકાશ એ સૌની તરફ મને ક્યારે પ્રેમ થશે? અને એ બધાં ભિન્ન ભિન્ન રૂપોમાં સુસજ્જિત થઈને મારી હૃદય-સભામાં ક્યારે વિરાજશે? બંને આંખોએ

આ બધી શોભા જોઈને મારા પ્રાણ ક્યારે પ્રસન્ન થશે?

આ પ્રકારનો સાક્ષાત્કાર જ્યારે થશે ત્યારે હું જે રસ્તે પ્રસંગવશાત્ જઈશ તે રસ્તા પર મળનારાં સૌને સંતુષ્ટ કરતો જ જઈશ.

સર્વત્ર, સર્વદા, અખંડ તું છે, એ વસ્તુ મારા જીવનમાં બિલકુલ સ્વાભાવિક ક્યારે થશે? અને મારાં બધાં કામોમાં તારું નામ પોતાની મેળે જ ક્યારે ગુંજવા લાગશે?

હે પ્રભુ, આ પ્રકારનો આંતર-બાહ્ય સાક્ષાત્કાર ક્યારે થશે?

ક્ષમા અને શાંતિ

મતભેદ કે એકાદી સામાન્ય ઘટનાને પ્રસંગે અશાંત બની પોતાનું ચિત્ત બગાડવું અને સામાનાયે ચિત્તને વિક્ષેપ કરવો તે તદ્દન અવિચારીપણું છે. અને તેમાં તત્ત્વ શું તો કેવળ એ જ ને કે આપણો આગ્રહ બીજાએ કબૂલ રાખવો? આપણી હઠ કે આગ્રહી બુદ્ધિથી આપણે જ બધું બગાડીએ છીએ. હું તો કહું છું કે પોતા વિષે માણસે જોઈએ તો અતિ-આગ્રહી અને નિષ્ઠુર બનવું, પરંતુ સામાનો ગમે તેવો ભારે દોષ હોય તોપણ તેને વિષે આપણે શક્ય તેટલી શાંતિ અને ક્ષમાવૃત્તિ ધારણ કરવી. આપણે હંમેશાં આથી ઊલટા વર્તીએ છીએ. બીજાના નાના દોષને આપણે ઘણો મોટો સમજીએ છીએ અને પોતાના ગમે તેટલા મોટા દોષને આપણે અલ્પ સમજીને વર્તીએ છીએ. આપણી એકાદ વાત સાચી હોય તોયે આપણે તે એ રીતે આગ્રહથી કહેવી જોઈએ એવું નથી. એ રીતે તે કહેવાઈ ન હોય તો તેને લઇને શું મોટું નુકસાન થઈ જવાનું હતું? આવી ક્ષુદ્ર બાબતો ઉઘાડી ન પડે તોયે કોઇનુંયે કશું જ નુકસાન થવાનું નથી. માટે બધી નાની મોટી બાબતો ખુલ્લી કરવી જ જોઇએ એમ કદી સમજવું નહીં અને તે માટે આગ્રહ પણ રાખવો નહીં. જેથી ખરેખર કોઈનું કશુંયે નુકસાન થતું ન હોય-થવાનો સંભવ ન હોય એવા પ્રસંગે બીજાનું કહેવું શાંતિપૂર્વક સાંભળી લેવું જોઇએ. આવે વખતે ક્ષમા કે ઉપેક્ષાવૃત્તિ રાખવી જોઈએ. કયે વખતે કયા પ્રકારનું આચરણ કરવું એ જો તે પ્રસંગે જ સમજાય નહીં અને આચરણ કરતાં આવડે નહીં તો સારા વાચનનો અને સાંભળવાનો શો ઉપયોગ?

— શ્રી કેદારનાથજી



બાપુનો પરિવાર

દરબારશ્રી ગોપાળદાસભાઈ

મુકુલભાઈ

દરબારશ્રીનું સ્મરણ કરતાં રઘુકુળ માટે 'રઘુવંશ'માં કવિકુલગુરુ કાલિદાસે ઉચ્ચારેલી 'ત્યાગાય સંભૃથાનામ્'-ત્યાગ માટે જ જેઓ સંગ્રહ કરતા-એ ઉક્તિ યાદ આવે છે. જે સમયે બીજા રાજવીઓ મદાંધ બની પ્રજાને કચડી નાખવામાં અને અંગ્રેજી સલ્તનતને કદમબોસી કરવામાં જીવનની ધન્યતા માનતા હતા, તે સમયે ઢસા-રાઈસાંકળીની જાગીરીની ત્રીસ હજાર ઉપરાંતની વાર્ષિક આવકનો ધર્મને ખાતર ત્યાગ કરી દરબારશ્રીએ અજોડ હિંમત દર્શાવી અને દેશની સેવા ખાતર ફકીરી ધારણ કરી.

છેલ્લાં પંદર વર્ષથી સૌરાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખપદેથી સૌરાષ્ટ્રની સતત સેવા કરનાર દરબારશ્રીનો હૃદય બંધ પડી જવાથી થયેલા અણધાર્યા, અવસાનથી સૌરાષ્ટ્ર–ગુજરાતભરમાં શોકની ઘેરી છાયા પ્રસરી ગઈ. તા. ૫મી ડીસેંબરે વહેલી સવારે શ્રી. ઢેબરભાઈ જામનગરથી આવી સીધા જ તેમને મળવા આવ્યા હતા. થોડી વાર પછી ભક્તિબાએ દરબારશ્રીને કહ્યું : "ઢેબરભાઈને કાં વધુ ઉજાગરો કરાવો છો?" એ સાંભળી દરબારશ્રી હસતાં હસતાં બોલ્યા : "સાચી વાત. તમે આખી રાત ઉજાગરો કર્યો છે. ઘેર જઈને થોડો આરામ કરો." ઢેબરભાઈ ગયા અને દરબારશ્રી ભક્તિબાને કહે : 'મને જરા મૂંઝારો થાય છે!' પછી તરત બોલ્યા : 'હવે મને સારું છે.' એમ કહીને ખૂબ શાંતિથી સૂતા અને પછી જાગ્યા જ નહિ!

શ્રી. ગોપાળદાસભાઈનો સંબંધ સરદાર વલ્લભભાઈ સાથે ખૂબ નિકટનો હતો. સરદારશ્રી જેવા અણનમ અને લોખંડી પુરુષને બાપુજીનું શિષ્યત્વ સ્વીકારી તેમને દૃઢતાથી અનુસરતા જોઈને દરબારશ્રી પણ બાપુજી તરફ આકર્ષાતા હતા. છેવટે જ્યારે બાપુજી વઢવાણ આવ્યા ત્યારે ગોપાળદાસભાઈ તેમની મુલાકાતે ગયા અને ગાંધીજીના રંગે પૂરેપૂરા રંગાઈ ગયા. બાપુજીએ પણ તેમને સાબરમતી આશ્રમમાં આવવા નિમંત્રણ આપ્યું.

એવામાં ખેડા જિલ્લામાં સત્યાગ્રહની લડત શરૂ થઈ. ગોપાળદાસભાઈ પૂજ્ય અબ્બાસ સાહેબની સરદારી નીચે એક સૈનિક તરીકે જોડાયા. તે જ વખતે મુંબઈના ગવર્નર કાઠિયાવાડની મુલાકાતે આવવાના હતા. દરબાર સાહેબને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટે ગવર્નરને સત્કારવા બોલાવ્યા. પરંતુ સાચા

112373

સૈનિકથી સત્યાગ્રહની લડત છોડીને શી રીતે જવાય ? જાય તો પોતાનો ધર્મ ચૂકે. પરિણામે સરકારે તેમની જાગીરીની જપ્તી કરી.

આમ દરબારશ્રી નાનકડી જાગીરીના રાજવી મટી ગયા, પણ તેમણે સૌરાષ્ટ્ર–ગુજરાતનાં લોકોનાં મનને જીતી લીધાં. બાપુજીનાં રચનાત્મક કાર્યોમાં તેમણે યથાશક્તિ ફાળો આપ્યો.

દરબારશ્રીમાં સાચા સૈનિકના જેવી ઋજુતા હતી. સરદારશ્રી જે કહે તે માનવા તેઓ તત્પર જ રહેતા. હરિપુરા કૉંગ્રેસ વેળાનો પ્રસંગ છે. દરબારશ્રી હરિપુરા કૉંગ્રેસના સ્વાગત પ્રમુખ હતા. છેલ્લાં પચાસ વર્ષમાં દરેક સ્વાગત પ્રમુખેં લાંબાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. પરંતુ દરબારશ્રીએ તો પંદરેક લીંટીનું જ નાનકડું વ્યાખ્યાન આપ્યું. તેઓ શરૂઆતમાં બોલ્યા : "મારે કશું જ નથી બોલવું. એટલું જ કે હું સરદારનો સૈનિક છું અને એમનો હુકમ ઉઠાવવા આ કૉંગ્રેસનો સ્વાગત પ્રમુખ થયો છું".

દરબારશ્રી સ્ત્રી-કેળવણીમાં ખૂબ જ રસ લેતા. સાંકળી જેવા નાના ગામમાં તેમણે કન્યાશાળા શરૂ કરવાની પહેલ કરી હતી. પણ તે જમાનામાં કન્યાઓને શાળાએ મોકલવા કોઈ તૈયાર ન થાય. કન્યાઓની સંખ્યા ખૂબ જ ઓછી રહેવા લાગી. એટલે દરબારશ્રીએ ઉપવાસ આદર્યા અને ત્રીજે દિવસે તો કન્યાઓની સંખ્યા ખૂબ વધી ગઈ. આમ દરબારશ્રીને સ્ત્રી-કેળવણી માટે ખૂબ જ પ્રેમ હતો. તેમના રાજ્યની સ્ત્રીઓ પણ દરબારશ્રીને પોતાના વડીલ જેવા ગણતી. જ્યારે દરબારશ્રી બાપુજી પાસે રહેવા જવા લાગ્યા ત્યારે એમની બધી પ્રજા એમને જવા દેવા તૈયાર ન હતી. ઢસાની સ્ત્રીઓ તો પોકેપોક રડી હતી ! દરબારશ્રી સ્ત્રીઓના રાસ માટે ખૂબ ગૌરવ લેતા. એક વાર અમે દરબારશ્રીને મળવા ગયા હતા, ત્યારે દરબારશ્રી વાત નીકળતાં કહે, "સૌરાષ્ટ્રમાં આવ્યા છો તો અહીંના રાસ બરાબર જોજો અને તેનો અભ્યાસ કરજો. અહીંની બહેનોનો બુલંદ અને મધુર અવાજ તેમજ પગના થડકાર ગુજરાતમાં ક્યાંય જોવા ન મળે." આમ સ્ત્રી-પ્રવૃત્તિનાં સાંસ્કૃતિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રોમાં દરબારશ્રી માર્ગદર્શકરૂપ હતા.

બાપુજીના રંગે રંગાયેલા દરબારશ્રી હરિજન-પ્રવૃત્તિમાં પણ ખૂબ રસ લેતા. સૌરાષ્ટ્રનાં હરિજનોની બીજી પરિષદ તેમણે ઢસામાં ભરી હતી. અને એક વખત તો દરબારશ્રીએ પોતાનાં ગળાનાં ઘરેણાં પણ હરિજનો માટે ઉતારી આપેલાં.

દરબારશ્રીના સહકારથી સૌરાષ્ટ્રનું જાહેર જીવન સમૃદ્ધ બન્યું હતું. દરબારશ્રીની ખોટ સૌરાષ્ટ્રના સેવકોને વસમી ગણાય. રાજકોટનું એમનું નિવાસસ્થાન સૌ સેવકોને આશ્વાસનના ધામસમું હતું. દરબારશ્રી અને ભક્તિબા એ બંનેની જોડી જ્યાં આવીને હાજર થાય ત્યાં બધે મંગળતા પ્રસરી જતી અને સૌ કોઈ એમની શીળી છાયા તળે છુટકારાનો દમ અનુભવતા. આજે દરબારશ્રી વિનાનાં ભક્તિબાનો વિચાર કરતાં હૃદય દ્રવી ઊઠે છે ! જે દિવસે દરબારશ્રી ગયા ત્યારે સૌને મુખેથી એક જ વાત નીકળતી : "ભક્તિબા આજે એકલાં પડી ગયાં!"

ખરેખર, ભક્તિબાએ દરબારશ્રીના જીવનને ખૂબ જ ઉન્નત કર્યું હતું. ભક્તિબા અને દરબારશ્રી જેવું ત્યાગી, સેવાભાવી, ભક્તિપ્રદ અને મંગળમય દાંપત્ય જીવન વિરલ જ હોય. સુસંસ્કારી ભક્તિબાએ દરબારશ્રીના જીવનમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. દરબારશ્રીને સુપથે દોરવા ભક્તિબા પ્રેમભર્યો માર્ગ જ....

[અનુસંધાન પૃ૦ ૩૦૨]

પંજાબના સંતકવિ

ગુરુદયાલ મલ્લિકજી

ભાઇ વીર સિંગ ગઇ તા. ૫મી ડિસેમ્બરે ૯૦મા વર્ષમાં પ્રવેશ્યા. તે આધુનિક પંજાબી કવિતા-સાહિત્યના નામાંકિત અને આદરપાત્ર પિતા ગણાય છે. તેમણે છેલ્લી અડધી સદી દરમિયાન પંજાબના સાહિત્યને ખૂબ સમૃદ્ધ બનાવ્યું છે. કારણ કે, પંજાબના લોકો—ખાસ કરીને શીખો—ઉપર તેમનો ભારે પ્રભાવ પડ્યો છે અને તેઓમાં તેમણે પ્રેરણા અને ચેતનાનું સિંચન કર્યું છે.

ભાઇ સાહિબ વીર સિંગના વંશજો તેઓની સાધુતા તેમ જ વિદ્વત્તા માટે ઊંચું સ્થાન પામ્યા છે અને તેઓએ લોકોનો પ્રેમ પણ સંપાદન કર્યો છે. તેથી વંશાનુસાર ભાઈ સાહિબ પ્રથમ સંત અને પછી કવિ કહી શકાય. એમની જીવન-ફિલસૂફી પ્રભુના અસ્તિત્વમાં સંપૂર્ણ અને પર્યાપ્ત શ્રદ્ધા તેમ જ પ્રભુના સતત અને હાર્દિક નામસ્મરણમાં પરિણમે છે :–

“પ્રભુના વિચારો મારામાં સર્વત્ર વ્યાપેલા છે, અને એનું નામ ઊર્મિના સેંકડો તરંગોરૂપી જીભ પર રમી રહ્યું છે. એના નામને હું સર્વદા અનુસરીશ. જે હાથે મને ઉપરથી આ ભૂમિ પર અવતાર્યો છે, તે જ હાથમાં માર્ગદર્શક પ્રકાશની દોરી પણ છે. એ હાથ તો મારા પ્રભુનો છે. આજે હું કમલપત્ર પર રમી રહ્યો છું; આવતી કાલે હું એની સાથે હોઈશ.-કમલપત્ર પર ઝાકળબિંદુની માફક મને તે નીચે અવતારે છે અને તે જ મને પોતાની પાસે ઉપાડી લે છે.

“તારા પ્રેમના સૌન્દર્યના શાશ્વત આનંદને તારે અનુભવવો હોય તો જે સત્ય છે તેને લે; પડછાયાની પાછળ ન પડ.”

ભાઇ સાહિબે અમૃતસર મુકામેથી ૧૮૯૧માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી હતી. (અમૃતસરમાં જ તેમનો જન્મ ૧૮૭૨માં થયો હતો.) ૧૯૦૦માં તેમણે પોતાની કવિતા પ્રસિદ્ધ કરવા માંડી. તેમનાં પ્રારંભનાં કાવ્યો ગુરુઓ પ્રત્યે પ્રેમ અને ભક્તિ દર્શાવતાં ઊર્મિ-ગીતો છે. ૧૯૦૫માં તેમણે ‘રાણા સુરત સિંગ’ નામનું લાંબું કાવ્ય પ્રસિદ્ધ કર્યું. તે ૧૪૦૦૦ લીંટીનું રહસ્યપૂર્ણ કાવ્ય છે અને પરમાત્માની ખોજ માટે આત્માના પુરુષાર્થને તે વ્યક્ત કરે છે. એમને મન કુદરત એ ‘દિવ્ય તત્ત્વનું બાહ્ય સ્વરૂપ’ સમાન છે. ‘ટુપ્કે’ (ઝાકળબિંદુ) નામના કાવ્યસંગ્રહમાં તેમણે ફારસી ‘રૂબાઈ’ને મળતી આવતી ‘તુરાઇ’ કાવ્યરચનામાં ટૂંકાં કાવ્યો છે. એમનાં લાંબાં કાવ્યોમાં ‘પ્રેમ અને વિદ્વતા’ એ કાવ્ય જાણીતું છે. એમાં બુલબુલ અને યાત્રિક વચ્ચે સંવાદ યોજ્યો છે અને એ દ્વારા કવિએ સ્વતંત્રતાની પોતાની ભાવના વ્યક્ત કરી છે. ‘પ્રીત વીણા’ નામના કાવ્યમાં પરમાત્મા સાથે આત્માના મિલનનું વસ્તુ લેવામાં આવ્યું છે.

આ સંત-કવિએ ઉચ્ચ પ્રકારનું ગદ્ય-સાહિત્ય પણ આપ્યું છે. ‘બાબા નઉધ સિંગ’માં જગતના ઘોંઘાટભર્યા ધમાલિયા વાતાવરણથી અલિપ્ત અને પ્રકૃતિની સાથે સામંજસ્ય સ્થાપે એવા ગ્રામ-જીવનનું વર્ણન છે. ‘સુંદરી’, ‘સંતવંત કુંવર,’ ‘વિજય સિંગ’માં પણ નૈસર્ગિક ગ્રામ-જીવનનું નિરૂપણ છે. ‘કલથીધર ચમત્કાર’ અને ‘ગુરુ નાનક ચમત્કાર’ એ શીખ ગુરુઓનાં ગણનાપાત્ર ચરિત્રો છે. ‘ગુરુ પ્રતાપ સુરજ ગ્રંથ’ એ શીખ ગુરુઓનો

ઉત્તમ ઇતિહાસ છે. એમનાં આ સર્વ સર્જનોને લીધે પંજાબી ભાષા જે આજ લગી ફારસી આલંકારિક ભાષામાં આબદ્ધ હતી તે મુક્ત થઈ શકી.

ભાઈ વીર સિંગે 'મુખ્ય ખાલસા દીવાન' નામે ઓળખાતા શીખોના સંઘમાં સારું કામ કર્યું છે. અમૃતસરમાં આવેલ ખાલસા કૉલેજ, સેંટ્રલ શીખ અશક્તાશ્રમ, અંધ-શાળા, હોમિયોપેથિક હોસ્પિટલ વગેરે સંસ્થાઓના સંચાલનમાં પોતાની સેવા આપી છે. અસ્પૃશ્યતાનિવારણની ચળવળ તેમ જ 'શીખ ગુરુદ્વારા સુધારા બીલ' એમનાં લખાણોને આભારી છે.

આમ, ભાઈ સાહિબે આત્માના જખમોને રુઝાવનારાં એમનાં ગીતોના ગાનથી પ્રભુની ભક્તિ કરી છે અને શારીરિક તેમ જ માનસિક યાતના પામનાર મનુષ્યોનાં દુઃખોને તેઓની સેવા કરીને હળવાં કર્યાં છે.

તેમનો સ્વભાવ ખૂબ જ વિનમ્ર છે. પરંતુ એમની દિવ્ય પ્રેમની કાંતિ એમને પ્રતિભા અર્પે છે.

સ્વ. પ્રો. પુરણ સિંગે એમના વિશે યોગ્ય જ કહ્યું છે કેઃ—

"ભાઈ વીર સિંગ એ યુગ-પ્રવર્તક સંતપુરુષ છે. એમને હાથે આધુનિક પંજાબી ભાષાનું ઘડતર થયું છે. તેમણે નવી શૈલી, નવા છંદો અને નવું રચનાકૌશલ આપ્યાં...એમનાં ગીતો હૃદયસ્પર્શી છે અને એમનાં કાવ્યોમાં તેમણે પોતાના આત્માનો આનંદ રેડ્યો છે.... તેઓ એક સાચા પ્રતિભાશીલ સર્જક છે."

પંજાબના એ અગ્રગણ્ય બુઝર્ગ સંત-કવિને આપણાં વન્દન હજો.

બાપુનો પરિવાર (અનુ૦ પૃ૦ ૩૦૦થી ચાલુ)

લેતાં. દરબારશ્રીને પહેલાં દારૂ પીવાની ટેવ હતી. ભક્તિબાને એની જાણ થઈ. તેથી તેમને ખૂબ દુઃખ થયું. પરંતુ ભક્તિબાએ દરબારશ્રીને કહ્યું: "તમારે દારૂ જ પીવો હોય તો પછી હું જ તમને મારે હાથે પાઈશ." ચુસ્ત સ્વામીનારાયણ પંથનાં ભક્તિબાને હાથે દારૂ પીતાં દરબારશ્રી અકળાઈ ગયા અને ભાગ્યવશાત્ એક વાર તેમના ગુરુવર્ય શ્રી. મોતીભાઈ અમીન એમને ત્યાં આવ્યા. મોતીભાઈના જાણમાં આ વાત આવી. તેમણે દરબારશ્રીને પૂછ્યું: "તમે કોઈ બૂરી લતે તો નથી ચડી ગયા ને?" દરબાર સાહેબ મૂંઝાયા. ગુરુ આગળ અસત્ય શી રીતે બોલાય? તેમણે સાચી વાત કહી દીધી. આમ ભક્તિબા અને મોતીભાઇના પ્રયત્ને દરબારશ્રી દારૂની બદીમાંથી છૂટ્યા. સાથે [illegible]રશ્રીના જીવનમાં ભક્તિબા[illegible] 'પ્રેમળ જ્યોતિ' સમ ગણી શકાય.

પરંતુ દરબારશ્રીના એકેએક સેવા-કાર્યમાં સહધર્મચારિણી ભક્તિબાની સ્થિતિ દરબારશ્રી જતાં આજે કેવી થઈ હશે એ તો 'રામબાણ વાગ્યાં હોય તે જાણે!'

ખરેખર, દુઃખદ પ્રસંગનું ગાંભીર્ય, મૌનમાં જ પરિણમે. ઊંડા દુઃખને હૃદયના ભીતરમાં જ સ્થાન મળે. દરબારશ્રી જતાં સૌ સ્નેહીજનોએ પોતપોતાની રીતે પોતાના મનની લાગણી વ્યક્ત કરી. પરંતુ ભક્તિબા કશું બોલ્યાં? એમની ભાષા તો મૌન જ હોય.

આજે બાપુજીને માર્ગે ચાલનારા અને સૌને દોરનારા વડીલજનોમાંથી એક સેવાભાવી ત્યાગવીર આપણને છોડીને ચાલ્યા ગયા! આ દુઃખદ પ્રસંગે સરદારશ્રીના શબ્દો આશ્વાસનરૂપ થઈ પડે છે:

"ભાઈ ગોપાળદાસનો ત્યાગ ગુજરાતના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાશે. હજારો યુવકે[illegible]ના જીવન પર તેમના ત્યાગની છાપ પડશે."

112.3.73

મણકો ૩ જો – અહિંસા

સંકલન કર્તા ::: ચંદુલાલ બ. પટેલ

આપણે અહિંસાબળ કેળવવા ઇચ્છીએ તો તેને સારુ ધીરજ જોઈશે, અને વખત પણ જોઈશે. એટલે જો આપણે પોતાનું ખરેખર રક્ષણ કરવું હોય, અને જગતની પ્રવૃત્તિમાં પોતાનો ફાળો આપવો હોય, તો તેને સારુ તલવારત્યાગ–પશુબળત્યાગ–વિના બીજો કોઈ રસ્તો નથી.

જેટલે અંશે એક પ્રજા બીજીને મારે છે તેટલે અંશે કળા નથી વિકસતી, પણ પાખંડ વિકસે છે. જેટલે અંશે એક પ્રજા દુઃખ સહન કરે છે, મરે છે તેટલે જ અંશે કળાનો વિકાસ થાય છે.

મારવાની હિંમત કરતાં મરવાની હિંમત વધારે સારી છે ને તેને આખું જગત વખાણે છે. દેશને ખાતર માર્યા વિના મરવાની હિંમતની તમારે વિષે હું આશા રાખું છું.

જો આપણે કોઈને મારવાના નથી પણ જાતે જ મરતાં શીખવું છે તો આપણને તલવાર શાને જોઈએ? તે શાની નિશાની છે? તલવારબળ એ પશુબળ છે.

પશ્ચિમનો પશુન્યાય હિંદુસ્તાનને નહિ ફાવે–નહિ સદે. છતાં ધારો કે હિંદુસ્તાને તે ગ્રહણ કર્યો તો પછી હિંદુસ્તાનમાં મારું રહેવું હું નિરર્થક સમજું છું. તે વેળાએ હિમાલયનો એકાંતવાસ મને સ્વર્ગીય લાગે. પશુબળનો પ્રયોગ કરવામાં હિંદુસ્તાનને મારો ઉપયોગ નિરર્થક થાય. હિંદુસ્તાન પણ તેવે સમયે મને આશીર્વાદ આપીને હિમાલય તરફ વળાવે.

હિંદુસ્તાનને મારો મુલક ગણી હું અભિમાન ધરાવું છું; કેમકે હું માનું છું કે હિંદુસ્તાન આત્મબળની સર્વોત્તમતા જગતને બતાવવાની શક્તિ ધરાવે છે. જ્યારે પશુબળની સર્વોત્તમતાનો સ્વીકાર હિંદુસ્તાન કરશે ત્યારે તેને મારી માતૃભૂમિ કહેવામાં મને હર્ષ ન રહેવો જોઈએ. મારા ધર્મને ક્ષેત્રની, ભૂગોળની મર્યાદા નથી એમ મારું માનવું છે. દેહરખો કે ક્ષેત્રરખો ધર્મ હું નથી માનતો એમ સિદ્ધ કરવાની મારી શક્તિ હો એવી મારી પ્રભુ પાસે પ્રાર્થના છે.

હું મારો નિશ્ચિત અભિપ્રાય ફરી પ્રગટ કરું છું કે બીજા દેશો વિષે ગમે તે વાત સાચી હોય, હિંદુસ્તાનમાં તો રાજદ્વારી ખૂનથી દેશને કેવળ હાનિ જ થાય એમ છે. સર્વાંશે શાંતિમય માર્ગે સ્વાતંત્ર્ય મેળવ-

વાનો જગતે કદી ન જાણેલા એવા મોટા પ્રમાણવાળો પ્રયોગ જ્યારે ચાલી રહ્યો છે ત્યારે તો આ વાત અનેક ગણી વધારે સાચી છે. સૌ કોઈ જોઈ શકે છે કે એ પ્રયોગે પોતાની યોગ્યતા કદી નહિ ધારેલી એટલી પુરવાર કરી આપી છે, અને તે લગભગ સફળતાની અણી પર આવી પહોંચ્યો છે. હું હિમ્મતભેર કહું છું કે, જો રાજદ્વારી ખૂનો, અને વિચારની હિંસા તથા એથી ઓછી વાણીની અને એથીયે ઓછી વર્તનની હિંસા એ પ્રયોગની આડે ન આવ્યાં હોત, તો હિંદુસ્તાન અત્યાર સુધીમાં સ્વતંત્ર થઈ ગયું હોત.

અહિંસા એ નિર્બળનું નહિ પણ બળવાનનું શસ્ત્ર છે. અહિંસા એટલે ઘાનો પ્રતિકાર નહિ પણ ક્ષમા. ક્ષમા વીરસ્ય ભૂષણમ્. યુધિષ્ઠિરે જ્યારે વિરાટની અપાર પજવણી છતાં તેને ક્ષમા આપી એટલું જ નહિ, પણ મહારાજ યુધિષ્ઠિરનું અપમાન કરી તેમને ઇજા કરવા માટે વિરાટનો વધ કરવા તત્પર થયેલા અર્જુનના ક્રોધની સામે તેની રક્ષા કરી, ત્યારે તેમણે એ ક્ષમા-મૂર્તિનું પ્રદર્શન કર્યું.

અહિંસા એ યાંત્રિક ક્રિયા નથી. તે હૃદયનો સુંદરમાં સુંદર ગુણ છે અને સાધનાથી આવે છે. જ્યારે આવે છે ત્યારે તે કુદરતી લાગે છે, કેમકે તે કુદરતી છે; અને એ ગુણ ધરાવનારને એ ગુણની પ્રાપ્તિમાં જરાયે શ્રમ પડ્યો એ વાતનું આશ્ચર્ય થાય છે. આપણામાં રહેલો પશુ કહે છે, ઘા સામે ઘા કરવો એથી વધારે કુદરતી શું હોઈ શકે? આપણામાં રહેલો મનુષ્ય કહે છે, ઘાનો બદલો ક્ષમાથી વાળવો એના કરતાં વધારે કુદરતી વધારે માનુષી શું હોઈ શકે?

હિંદુસ્તાનનું ભાવી પશ્ચિમના રક્તમલિન પંથે નથી—પશ્ચિમ જ એથી કંટાળ્યું છે—પણ સાદા અને પવિત્ર જીવનથી જે શાંતિ મળે છે તે શાંતિવાળા રક્તરહિત પંથે છે.

[હસ્તાક્ષર અને અવનીબાબુના બ્લૉક 'ફૂલછાબ'ના સૌજન્યથી]

અનુક્રમણિકા...... ૩૦ ડિસેમ્બર ૧૯૫૧

પૃષ્ઠ
૧ સાચો મારગ ... ... ગાંધીજી ૨૭૭
૨ આશ્રમનાં ભજનો ... ૨૭૮
૩ પ્રાર્થના પછી .. બબલભાઈ મહેતા ૨૭૯
૪ ચારિત્રશીલ જીવન ... ઉજ્જવળ કુંવરજી ૨૮૧
૫ શ્રી. અવનીન્દ્રનાથ ઠાકુર ... મુકુલભાઈ ૨૮૩
૬ બૌદ્ધધર્મના કથાઓ પદ્મનાભ શ્રી. જૈની ૨૮૫
૭ ગુરુદેવની ગીતાંજલિ ... ગુ૦ મ૦ ૨૮૭
૮ બાપુના પત્રો ૨૮૯

પૃષ્ઠ
૯ બાપુના દર્શને... ડૉ. હરિભાઈ અડાલજા ૨૯૦
૧૦ સરદારશ્રીની વાણી ... મુ૦ કુ૦ ૨૯૪
૧૧ લોકોનું પાગલપણું ... દેસાઈભાઈ પટેલ ૨૯૫
૧૨ રવીન્દ્ર મનન ... કાકાસાહેબ ૨૯૭
૧૩ ક્ષમા અને શાંતિ ... શ્રી. કેદારનાથજી ૨૯૮
૧૪ બાપુનો પરિવાર ... મુકુલભાઈ ૨૯૯
૧૫ પંજાબના સંતકવિ .....ગુરુદયાલ મલ્લિક ૩૦૧
૧૬ ગાંધી માળા ... અંબુલાલ બ. પટેલ ૩૦૩

ગ્રંથાવલોકન [અનુસંધાન કવર પેજ બીજાથી ચાલુ]

વિહાર તેમ જ દરરોજ ઉપયોગમાં લેવાતા પદાર્થોના ગુણદોષની એમાં સરળ શૈલીમાં સમજ આપી છે. આજકાલની પરિસ્થિતિમાં આરોગ્યની શી રીતે રક્ષા થઈ શકે એનો ખ્યાલ આપણને હોય તો આપણા જીવન-વ્યવહારમાં સુગમતા આવે છે અને મુશ્કેલીઓનો સામનો કરવાની પણ શક્તિ આપણામાં આવે છે.

વિશ્વજ્યોતિ: (આમશ્રેણી) પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કિં૦ રૂ. ૦-૪-૦; પૃ૦ ૪૮.

બાપુજીના પવિત્ર અને પ્રેરણાત્મક જીવન-પ્રસંગોનું એમાં સરળ કવિતામાં આલેખન કરવામાં આવ્યું છે. કાકાસાહેબે આ પુસ્તિકાનો આમુખ લખ્યો છે.

ભક્ત પ્રહ્‌લાદ: (આમશ્રેણી) પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય; કિં૦ રૂ. ૦-૪-૦; પૃ૦ ૬૪.

ભક્ત પ્રહ્‌લાદના નીડર, સત્યશીલ અને ભક્તિમય ચરિત્રનું આ પુસ્તિકામાં સામાન્ય જનસમાજ સમજી શકે એવી સરળ ભાષામાં આલેખન કર્યું છે.

બાળકોનો આનંદ: પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય; કિં૦ રૂ. ૦-૩-૦; પૃ૦ ૪૦.

બાળકોને આનંદ પડે એવી રીતે રમૂજ સાથે શિસ્ત અને સંસ્કારી વાચન પૂરું પાડે એવી અ નાનકડી પુસ્તિકા દરેક બાળકની-પાસે હોવી જ જોઈએ.

કામજન્ય દર્દો: લે૦ ડૉ. હર્ષદરાય ઈશ્વરલાલ ઝાલા; પ્ર૦ ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ; કિં૦ રૂ. ૦-૮-૦; પૃ૦ ૪૨.

અખિલ હિંદ તબીબી સંઘની મધ્યસ્થ કારીબારીના ઠરાવ મુજબ ગુજરાત તેમ જ સૌરાષ્ટ્ર પ્રાંતિક શાખાની વિજ્ઞાન પ્રચારક સમિતિ તરફથી જાહેર જનતામાં જાગૃતિ ફેલાવવા સામાજિક અને જાહેર તંદુરસ્તી સુધારવાની દૃષ્ટિથી આ નિબંધ સંયોજ્યો છે. કામજન્ય દર્દોની વ્યવસ્થા અને અટકાયતની આવશ્યકતા વિશે ડૉ. હર્ષદરાયભાઈએ અન્ય દેશોનો તલસ્પર્શી અભ્યાસ કરીને આંકડા સહિત જે વિગતવાર માહિતી આ નાનકડી પુસ્તિકામાં આપી છે એ બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે. આપણા દેશમાં એ દર્દો ફેલાવવા માટે સામાજિક સડો તેમ જ જનતાની નીતિ-શિથિલતા કેટલો ભયાનક ફાળો આપે છે એનું એમાં તાદૃશ આલેખન કરવામાં આવ્યું છે. જાહેર જીવનમાં સ્વાસ્થ્ય અને નીતિનું ધોરણ સ્થાપવા આ પુસ્તિકા ખૂબ ઉપયોગી થઈ પડે એવી છે. જનતાની જાહેર સેવા કરનારી દરેક વ્યક્તિએ આ પુસ્તિકા અવશ્ય વાંચવી જોઈએ અને જનતાને એ દર્દોને અટકાવવાનો અને એમાંથી બચવાનો માર્ગ બતાવવો જોઈએ.

—મુ૦ ક૦

……

"પ્યારાબાપુ"

વાર્ષિક લવાજમ રૂ. ૬) છે. પરદેશ માટે શિલિંગ ૧૨) છે. તે કાર્યાલયને સરનામે મ.ઑ.થી મોકલવું.
પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે. જ્યાં સુધી સિલકમાં હશે ત્યાં સુધી પાછલા અંકો મળશે.
લવાજમ. મ. ઑ થી મોકલતાં મ. ઑ.ની કુપન પર પૂરું ઠેકાણું વગેરે સ્પષ્ટ લખવું.
એક અંકના બાર આના મળેથી નમૂનાનો અંક મોકલી અપાશે.
'પ્યારાબાપુ' કાર્યાલય, જૂનાગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશક અને મુદ્રક: ધીરેન ગાંધી, રૂપાયતન મુદ્રણાલય, ગિરિ વિહાર, કૉલેજ રોડ, જૂનાગઢ

REG. NO. B. 5285

COMPILED